# પર્વ મહિમા દર્શન

• પર્યુષણા અષ્ટાહ્નિકા • આષાઢી ચાતુર્માસી • અક્ષય તૃતીયા • મહાવીર જન્મકલ્યાણક • પોષી દશમી • મૌન એકાદશી • કાર્તિકી પૂર્ણિમા • કાર્તિકી ચાતુર્માસી • જ્ઞાન પંચમી • દિવાળી પર્વ •

આગમોદ્ધારક

નિત્ય દર્શન

પ્રવચનકાર

આગમોદ્ધારક આચાર્ય ભગવંત
શ્રી આનંદ સાગર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક: શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ-મુંબઈ.

# પર્વ મહિમા દર્શન

પર્યુષણા અષ્ટાહ્નિકા • આષાઢી ચાતુર્માસી • અક્ષય તૃતીયા • મહાવીર જન્મકલ્યાણક • પોષી દશમી • મૌન એકાદશી • કાર્તિકી પૂર્ણિમા • કાર્તિકી ચાતુર્માસી • જ્ઞાન પંચમી • દિવાળી પર્વ

આગમોદ્ધારક
નિત્ય
દર્શન

આયંબિલ ઓળી

પ્રવચનકાર

આગમોદ્ધારક આચાર્ય ભગવંત
શ્રી આનંદ સાગર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક: શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ-મુંબઈ.

# પર્વ મહિમા દર્શન

## સંયુકત સંસ્કરણ પ્રથમ

નકલ ૧૦૦૦
અષાઢ, ૨૦૩૭
જુલાઈ ૧૯૮૧

કિંમત : રૂ. ૨૫-૦૦

સંકલન અને વ્યવસ્થા
લાલચંદ ખેતશીભાઈ શાહ (વણોદવાળા)
બી. એ. (ઓનર્સ), બી. ટી., એસ.ટી. સી.
૧૬, શત્રુંજય સોસાયટી
શાંતિવન બસ સ્ટેન્ડ પાસે, નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

# પર્વ મહિમા દર્શન

પ્રવચનકાર

પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશ
શ્રી આનન્દસાગર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશન પ્રેરણાદાતા
પ. પૂ. પ્રશાન્ત તપોમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રી દર્શનસાગર સૂરીશ્વરજી મહારાજ

સંપાદક
પ. પૂ. સંગઠન પ્રેમી ગણિવર્ય
શ્રી નિત્યોદય સાગરજી મહારાજ

પ્રકાશક
શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ
C/o શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૭/એ, વાલકેશ્વર રોડ, મુંબઈ–૬

# પ્રાપ્તિ સ્થાન

૧. શેઠ શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૭/એ, વાલકેશ્વર–મુંબઈ–૬

૨. શ્રી આગમોદ્ધારક સંસ્થા
ગોપીપુરા, આગમમંદિર રોડ સૂરત

૩. શ્રી સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૪. શ્રી સેવંતીલાલ જૈન
મહાજનગલી, ઝવેરી બજાર મુંબઈ–૨

૫. સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના – રતનપોળ, અમદાવાદ–૧

૬. શ્રી પાર્શ્વ પ્રકાશન
નીશાપોળ – બીજે માળ
ઝવેરીવાડ, રીલીફરોડ અમદાવાદ–૧


મુદ્રક

રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ
મામુનાયકની પોળ, ગાંધીરોડ.
અમદાવાદ–૧

શ્રી જગદીશભાઈ શાહ
પલક ટાઇપ સેન્ટર
નગરશેઠના વંડામાં
ઘીકાંટા રોડ, અમદાવાદ–૧

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય
ભગવંત શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબ



જેઓશ્રી આ રીતે ધ્યાનસ્થ અવસ્થામાં પંદર દિવસ રહી સંવત
૨૦૦૬ના વૈશાખ વદ પાંચમના રોજ બપોરે ૪–૩૨ કલાકે
સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

સ્થળ : લીમડાનો ઉપાશ્રય, ગોપીપુરા સૂરત



આચાર્ય ભગવંત
શ્રી દર્શનસાગર સૂરીશ્વરજી
મહારાજ સાહેબ

# પર્વ મહિમા દર્શન

## પર્વ પ્રકાશ પંથ


| | પૃષ્ઠ |
|---|---|
| પ્રકાશકીય નિવેદન | ૮ |
| સંપાદકીય નિવેદન | ૧૦ |
| સમસ્ત જૈન સંઘને વિનંતી | ૧૨ |
| સહાયક મહાનુભાવોનાં નામ | ૧૯ |
| પર્વનો પવિત્ર અને પ્રેરક પ્રકાશ | ૧૭ |


## વિભાગ–૧


| | |
|---|---|
| ઉપક્રમ | ૧ |
| પ્રવચનકાર મહર્ષિનો ટૂંક પરિચય ...... | ૪ |
| અષાઢ ચાતુર્માસિક વ્યાખ્યાન ...... | ૧ |
| શ્રી અષાઢ ચાતુર્માસિક વ્યાખ્યાન ...... | ૨૨ |
| અષ્ટાહ્નિકા વ્યાખ્યાન—૧ ...... | ૪૩ |
| અષ્ટાહ્નિકા વ્યાખ્યાન—૨ ...... | ૬૫ |
| અટ્ઠાઈ વ્યાખ્યાન—૩ ...... | ૮૩ |
| અષ્ટાહ્નિકા માહાત્મ્ય—૧ ...... | ૯૮ |
| અટ્ઠાઈ વ્યાખ્યાન—૨ ...... | ૧૩૫ |
| અષ્ટાહ્નિકા પ્રવચન—૩ ...... | ૧૫૩ |

પૃષ્ઠ

| | | |
|---|---|---|
| દિવાળી પર્વ વ્યાખ્યાન—૧ | …… | ૧૭૪ |
| દિવાળી પર્વ વ્યાખ્યાન—૨ | …… | ૧૮૮ |
| દિવાળી પર્વ વ્યાખ્યાન—૩ | …… | ૧૯૬ |
| અંતિમ દેશના—૧ | …… | ૨૦૪ |
| અંતિમ દેશના—૨ | …… | ૨૧૨ |
| દિવાળી માહાત્મ્ય અને સ્વપ્નોનો ફળાદેશ | …… | ૨૨૨ |
| દિપાવલિકા પર્વનો દિવ્ય મહિમા | …… | ૨૫૯ |
| ભગવાન ગૌતમસ્વામીજીનું કેવલજ્ઞાન | …… | ૨૬૨ |


## વિભાગ—૨

પૃષ્ઠ

| | | |
|---|---|---|
| જ્ઞાન પંચમી વ્યાખ્યાન—૧ | …… | ૩ |
| જ્ઞાન પંચમી વ્યાખ્યાન—૨ | …… | ૧૭ |
| જ્ઞાન પંચમી વ્યાખ્યાન—૩ | …… | ૩૦ |
| જ્ઞાન પંચમી દેશના | …… | ૪૦ |
| ભાદરવા શુદી પાંચમનું પર્વતિથિપણું | …… | ૮૫ |
| ચાતુર્માસ પરિવર્તન વ્યાખ્યાન | …… | ૧૦૯ |
| શ્રી સિદ્ધગિરિનો મહિમા અને કાર્તિકી પૂર્ણિમા | …… | ૧૧૫ |
| ચાતુર્માસ પરિવર્તન વ્યાખ્યાન (સાધર્મિક ભક્તિ) | …… | ૧૨૦ |
| કાર્તિકી પૂર્ણિમા દેશના | …… | ૧૩૧ |
| એકાદશી પર્વ દેશના | …… | ૧૪૪ |
| મૌન એકાદશી | …… | ૧૫૫ |
| ચરમ શાસનપતિ મહાવીર દેવ | …… | [illegible] |
| મહાવીર-જન્મ કલ્યાણક | …… | ૧૮૪ |
| અક્ષય તૃતીયા પર્વ માહાત્મ્ય | …… | ૧૯૧ |
| શ્રી સિદ્ધક્ષેત્રની મહત્તા | …… | ૨૦૨ |

# નવપદ વિભાગ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| શ્રી સિદ્ધચક્ર અંગે કંઈક ઉપયોગી | ...... | ૩ |
| શ્રી સિદ્ધચક્રનાં વ્યાખ્યાનો—૧ | ...... | ૫ |
| શ્રી અરિહંત પદ-વ્યાખ્યાન—૨ | ...... | ૧૧ |
| શ્રી સિદ્ધ પદ વ્યાખ્યાન | ...... | ૧૯ |
| શ્રી આચાર્ય પદ વ્યાખ્યાન | ...... | ૨૫ |
| શ્રી ઉપાધ્યાય પદ વ્યાખ્યાન | ...... | ૩૧ |
| શ્રી સાધુ પદ વ્યાખ્યાન | ...... | ૩૮ |
| શ્રી દર્શન પદ વ્યાખ્યાન | ...... | ૪૫ |
| શ્રી જ્ઞાન પદ વ્યાખ્યાન | ...... | ૫૨ |
| શ્રી ચારિત્ર પદ વ્યાખ્યાન | ...... | ૫૯ |
| શ્રી તપ પદ વ્યાખ્યાન | ...... | ૬૮ |


હે પ્રભુ! આપ સિવાય બીજો કોઈ મારું દુઃખ જાણતો નથી, પરંતુ તમે તો જાણતા છતાં પણ ઉપેક્ષા કરો છો. તેથી હવે હું ક્યાં જઈને બૂમ પાડું? માટે જો મારું દુઃખ રહેશે તો હે નાથ! જગત્ પ્રભુ! એ તમારી જ હાનિ છે.

# 卐 પ્રકાશકીય નિવેદન 卐

"સુરતના સાગરજી" આવા હુલામણા નામથી જૈન જગતમાં સુપ્રસિદ્ધ થયેલ જીવન પર્યંત એકલે હાથે આગમોને મુદ્રિત કરાવી શીલા અને તામ્રપત્ર ઉપર આગમો ઉત્કીર્ણ કરાવી આગમોને સુરક્ષિતતા આપનાર આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.ના તાત્ત્વિક, માર્મિક અને મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનોની તેમના વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યોએ નોંધ કરી અનેક પુસ્તકો તથા સિદ્ધચક્ર પત્ર દ્વારા તત્ત્વજ્ઞોની તૃષાને દૂર કરી હતી.

પરંતુ તેમનાં ઘણાં પુસ્તકો અત્યારે અપ્રાપ્ય હોવાથી અનેક સંઘો, સદ્‌ગૃહસ્થો ને શ્રમણભગવંતો અવારનવાર પત્ર દ્વારા અમોને પ્રેરણા આપતા.

સોનામાં સુગંધની જેમ ચાલુ વર્ષે અમારા પ્રબલ પુણ્યોદયે શેઠ શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રયમાં પ્રશાન્તતપોમૂર્તિ પરમ પૂ. આચાર્ય દેવેશ શ્રી દર્શન સાગરસૂરીશ્વરજી મ. તથા તેઓશ્રીના શિષ્ય સંગઠનપ્રેમી ગણિવર્ય શ્રી નિત્યોદયસાગરજી મહારાજનું અમારે ત્યાં ચાતુર્માસ થયું અને બાલમુમુક્ષુ દિપકકુમારની દિક્ષા પણ થઇ.

ત્યાર બાદ આગમ મંદિરના ટ્રસ્ટી ગણ તથા પૂ. ગુરુદેવ શ્રીના ભક્તવર્ગને જણાયું કે પૂ. આચાર્યદેવ શ્રીના પ્રવચનના પુસ્તકોની જૈનસમાજમાં અત્યંત માંગ છે.

તો તેને પરિપૂર્ણ કરવા યોગ્ય નિર્ણય લેવાની વાત કરી. પૂ. આચાર્યદેવ શ્રીની પ્રેરણાથી અને શાસનપક્ષના અનેક આચાર્ય ભગવંતશ્રીઓના શુભ આશીર્વાદથી "શુભસ્ય શીઘ્રમ્" ન્યાયે તાત્કાલિક નિર્ણય લઇને 'આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ'ની સ્થાપના

કરી અને તે માટે પ્રભાવતીબેન છગનલાલ સરકારનો સુંદર સહકાર પ્રાપ્ત થયો ને તેમણે સંસ્થાના સ્થંભ બનવાનું સ્વીકાર્યું. અનેક સંઘો, સંસ્થાઓ તેમજ ભાવિકો તરફથી આર્થિક સહકાર પ્રાપ્ત થયો.

શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી તથા શ્રી નિરંજનભાઈ ચોકસીના સતત પ્રયત્નથી અમો આ કાર્ય કરવા ઉત્સાહિત થયા. અને પ્રતિકૂળતા હોવા છતાં શ્રી લાલચંદભાઇ કે. શાહે મુદ્રણ અંગેની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી.

પ્રસ્તુત પ્રકાશન તથા મુદ્રણમાં પૂ. શ્રી આચાર્ય ભગવંત તથા તેઓના શિષ્યોનો તથા આર્થિક રીતે સહાય આપનાર સંઘોનો તથા આ ગ્રન્થના કાર્યમાં જે કોઈપણરૂપે સહયોગ આપનાર મહાનુભાવો પ્રત્યે જેટલી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ તેટલી ઓછી છે. અત્યંત કાળજી રાખવા છતાં મુદ્રણદોષ કે દ્રષ્ટિ દોષ રહી ગયેલ અશુદ્ધિનું સંશોધન કરી સુધારી વાંચવા વિનવું છું.

લી. સંઘસેવક
અમરચંદ રતનચંદ ઝવેરી.
૭૭એ, વાલકેશ્વર રોડ મુંબઈ ૬
ફોન નં. ૨૭૦૭૧૨ ઓફીસ નં. ૮૧૬૮૬૮ ઘર

## સંપાદકીય નિવેદન

સંસ્કૃતિના વિકાસમાં સાહિત્યનું અનોખું સ્થાન છે. સાહિત્ય દ્વારા વિચારોનો પ્રવાહ જગતમાં ફેલાય છે. મારી તથા મારા પૂ. ગુરુદેવશ્રીની એવી ભાવના હતી કે જે મહાપુરુષે સંપૂર્ણ જીવન આગમ સાહિત્યની સેવામાં સમર્પિત કર્યું અને આગમોની ચાવીઓ સમાન તત્ત્વથી યુક્ત પ્રવચનો દ્વારા સમાજ ઉપર અનેકાનેક ઉપકારો કર્યા, તે મહાપુરુષોના પ્રવચનોના પુસ્તકો તેઓશ્રીના વિદ્વાન, શિષ્ય-પ્રશિષ્યોએ અનેક સંસ્થાઓ ને સંઘો દ્વારા બહાર પડાવી સમાજ ઉપર અનેક ઉપકાર કરેલ છે. પરંતુ તેમાંના ઘણાખરા અત્યારે અલભ્ય છે અને કેટલાક અમુદ્રિત પણ છે તેથી તત્ત્વજિજ્ઞાસુઓ નિરાશા અનુભવી રહ્યા છે.

તે નિરાશા દૂર કરી એક સંસ્થાની સ્થાપના કરી, ક્રમસર મુદ્રિત–અમુદ્રિત તમામ પ્રવચનોને પુનઃ મુદ્રણ કરાવવાના વિચારો હતા.

"યાદશી ભાવના સિદ્ધિર્ભવતિ તાદશી"

માનસશાસ્ત્રના નિયમ મુજબ એ આંદોલને જ જાણે અસર ન કરી હોય તેમ આગમમંદિરના કાર્ય અંગે પૂ. આગમોદ્ધારકશ્રીના ભક્તવર્ગ ને ટ્રસ્ટીગણની વાલકેશ્વર શ્રી અમરચંદ રતનચંદ ઝવેરીને ત્યાં મીટીંગ થઈ. તે મીટીંગમાં આગમોદ્ધારક શ્રીનાં પ્રવચન પ્રકાશન કરવા માટે મેં પ્રેરણા કરી અનેત્યાં "આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ" સ્થાપન કરવાનો નિર્ણય થયો.

વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્યદેવશ્રી દેવેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ. સા. અને પૂ. આચાર્ય કૈલાસસાગર સૂરીશ્વરજી મ. સા.ના આશીર્વાદ પ્રાપ્ત થયા અને પૂ. આ. શ્રી. કંચનસાગર સૂરીશ્વરજી મ. સા. નું માર્ગદર્શન પણ પ્રાપ્ત

થયું. ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલ શાસનની અનેકવિધ સેવાઓ કરવાપૂર્વક અનેક સંસ્થાઓનું સુચારૂ સંચાલન કરનાર, વર્ષો સુધી આગમોદ્ધારકશ્રીની વાણીનું પાન કરનાર અને આગમોદ્ધારકશ્રીની અનેક સંસ્થાઓમાં અગ્રગણ્ય સેવા આપનાર શ્રી અનુભાઈ ચીમનલાલ, શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, શ્રી શાન્તિચંદ છગનભાઈ ઝવેરી, શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી, શ્રી નિરંજન ગુલાબચંદ ચોકસી, શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત, શ્રી ફુલચંદ જે. વખારીયા જેવા સુવિખ્યાત ઉત્સાહી કર્મઠ કાર્યકર્તાઓ પણ આ સંસ્થાને પ્રાપ્ત થયા.

એટલું જ નહિ પણ અનેક સંઘો, સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી પણ આર્થિક સહકાર પ્રાપ્ત થયો. આ રીતે અમારી ઇચ્છાને તાત્કાલિક ન્યાય મળ્યો જેથી આ કાર્ય આગળ વધ્યું.

"પર્વવ્યાખ્યાન", "પર્વદેશના", પર્વમાહાત્મ્ય આ ત્રણે પુસ્તકોનું આ નવું સંસ્કરણ "પર્વ મહિમા દર્શન" છે.

બીજાં પર્વ સંબંધી વ્યાખ્યાનો જે સિદ્ધચક્ર માસિકમાં છપાયેલ તેમાંથી પણ આ પુસ્તકમાં સમાવેશ થયો છે.

અનેકવિધ પ્રતિકૂળતાઓ હોવા છતાં મુદ્રણ અંગેની સંપૂર્ણ જવાબદારી શ્રી લાલચંદભાઈ કે. શાહે સંભાળી લીધી છે, જેથી આ કાર્યને સારો વેગ મળેલ છે.

મારા દરેક કાર્યોમાં સંપૂર્ણ સહાયક બનનાર ગણિશ્રી નરદેવ-સાગરજી મ. સા., ગણિશ્રી અશોક સાગરજી મ. સા., મુનિરાજશ્રી ચંદ્રાનન સાગરજી મ. સા., મુનિરાજશ્રી કલ્પવર્ધન સાગરજી મ. સા. તેમ જ બાલમુનિરાજશ્રી દિવ્યાનંદ સાગરજીનો પૂર્ણ સહકાર પણ નોંધપાત્ર છે.

વાલકેશ્વર મુંબઈ

લી.

નિત્યોદય સાગર ગણિ.

—: પ. પૂ. આ. :—

: શ્રી આનન્દસાગરસૂરીશ્વરેભ્યો નમ :

# શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ

*: ની સમસ્ત જૈન સંઘને નમ્ર વિનંતી :*

આગમશાસ્ત્ર જૈનસાહિત્યનો મૂળભૂત ખજાનો છે. સર્વ પ્રમાણોમાં "આગમપ્રમાણ" પણ મહત્ત્વનું પ્રમાણ છે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ અર્થથી આપેલી દેશનાને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરીને ગૂંથી છે. સચરાચર જગતના સર્વ દ્રવ્ય ગુણ પર્યાયોથી સભર જ્ઞાનના ખજાના સમા આગમો વિક્રમની પાંચમી શતાબ્દિમાં વલ્લભીપુરમાં શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણની નિશ્રામાં પુસ્તકારૂઢ થયા. અનેક બહુશ્રુતજ્ઞાની ગીતાર્થોએ ચૂર્ણી, ટીકાઓ વગેરે લખીને આગમિક અભ્યાસમાં વૃદ્ધિ કરી.

આ આગમિક મહાપુરુષોની પરંપરામાં વીસમી સદીમાં આગમોદ્ધારક પરમશ્રદ્ધેય પૂ. આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજનું નામ ખૂબજ મહત્ત્વનું રહ્યું છે. પૂજ્યશ્રીએ જીવનભર સતત સખત પરિશ્રમ લઈ ને આગમોનું સંશોધન કરીને પુનર્મુદ્રણ કરાવ્યું. એટલું જ નહીં, કિંતુ પોતાના અગાધ ઊંડા અભ્યાસથી આગમો ઉપર પ્રવચનો આપીને અનેક આત્માઓને તાર્યા છે. આવા આગમિક તાત્ત્વિક પૂજ્યશ્રીનાં પ્રવચનો તેઓશ્રીના શિષ્યો–પ્રશિષ્યોએ લખીને, સંકલન કરીને સંઘના લાભાર્થે પુસ્તકોરુપે પ્રકાશિત પણ કર્યાં હતાં. પરંતુ આજે તેમાંના ઘણા મળતાં નથી. તેથી નિરાશા અનુભવીને આગમિક, તાત્ત્વિક બોધથી સમાજ વંચિત રહે છે.

તત્ત્વગવેષણા માટે આગમિક અભ્યાસ તથા સાહિત્ય સામગ્રી પણ એટલી જ જ જરૂરી છે.

પૂ. આગમોદ્ધારકશ્રીના પ્રવચનોએ સંઘ ઉપર મહાન ઉપકાર કર્યો છે, અનેક જિજ્ઞાસુઓની જિજ્ઞાસા સંતોષી છે. પરંતુ આજે પૂજ્યશ્રીનું આગમિક પ્રવચન સાહિત્ય ઉપલબ્ધ ન હોવાથી અને સાધુ–સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓમાં આગમોદ્ધારકશ્રીના પ્રવચનની માંગ અધિક હોવાથી પ. પૂ. પ્રશાન્ત તપોમૂર્તિ આ.-શ્રી દર્શનસાગરસૂરિ મ. તથા તેઓના શિષ્ય સંગઠનપ્રેમી નિત્યોદયસાગરજી ગણિએ અમારું ધ્યાન દોર્યું અને તેઓશ્રીની પ્રેરણાથી પૂજ્યશ્રીના પ્રગટ–અપ્રગટ સર્વ પ્રવચન-સાહિત્યને પુનર્મુદ્રણ કરીને ક્રમસર પ્રકાશમાં લાવવાનો નિર્ણય કર્યો છે અને પ્રવચન સાહિત્યને પુનર્મુદ્રણ કરાવવા માટે આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિની સ્થાપના કરવામાં આવી છે અને સર્વ શ્રેયસ્કારી આવી આગમિક સેવાનો લાભ લેવા માટે નીચેની યોજનાઓ મુકવામાં આવે છે.

રૂ. ૫૦૦૧) પાંચ હજાર એક આપનાર શ્રુતસમુદ્ધારક કહેવાશે ને તેમનો ફોટો પુસ્તકોમાં છાપવામાં આવશે. સંસ્થાનાં સર્વ તેમને પ્રકાશનો મળશે.

રૂ. ૧૦૦૧) એક હજાર એક આપનાર સંસ્થાના આજીવન સભ્ય કહેવાશે અને સંસ્થા તરફથી બહાર પાડેલ પુસ્તકો ભેટ મળશે.

રૂ. ૫૦૧) પાંચસો એક આપનાર દાતાનું નામ, પુસ્તકમાં છાપવામાં આવશે અને સંસ્થા તરફથી બહાર પડેલ પુસ્તક ભેટ મળશે.

આ મહાન કાર્ય શ્રી સંઘો તથા દાનવીરોની સહાયથી જ થઈ શકે, તેથી આપના, તથા શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી બને તેટલી વધુમાં વધુ રકમ મોકલી લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી. આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ ટ્રસ્ટી ગણ

(ડ્રાફ્ટ અથવા ચેકથી નીચેના સ્થળે રકમ મોકલી શકાશે )

(૧) શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૦૭, સ્ટોક એક્ષચેંજ, ટાવર શેરબજાર,
દલાલ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૨૩.
ફોન : ૨૭૦૭૧૨

卐

(૨) શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી
C/o ભાવના ફેબ્રીક્ષ, ૩૩૬, કાલબાદેવી રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
ફોન : ૩૧૯૭૨૯

(૩) શ્રી શાન્તિચંદ છગનભાઈ ઝવેરી
C/o. આગમોદ્ધારક સંસ્થા
ગોપીપુરા, આગમ મંદિર રોડ, સુરત–૨
ફોન : ૨૮૧૪૯

卐

(૪) શ્રી અનુભાઈ ચીમનલાલ એન્ડ બ્રધર્સ
ઠે. ૫૦૩/૩, પાંચકુવા, અમદાવાદ ૩૮૦ ૦૦૨.
ફોન : ૩૮૮૦૯૫

### ટ્રસ્ટી ગણ


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અમરચંદ | રતનચંદ ઝવેરી | – મુંબઈ |
| ૨ | શ્રી પુષ્પસેન | પાનાચંદ ઝવેરી | – મુંબઈ |
| ૩ | શ્રી નિરંજન | ગુલાબચંદ ચોકસી | – મુંબઈ |
| ૪ | શ્રી શાન્તિચંદ | છગનભાઈ ઝવેરી | – સુરત |
| ૫ | શ્રી ફુલચંદ | જે. વખારીઆ | – સુરત |
| ૬ | શ્રી અનુભાઈ | ચીમનલાલ શાહ | – અમદાવાદ |
| ૭ | શ્રી મફતલાલ | ઝવેરચંદ પંડિત | – અમદાવાદ |

# શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ
## સહાયક મહાનુભાવોનાં નામ
### શ્રુતસમુદ્ધારક

- શ્રી. પ્રભાવતીબેન છગનલાલ સરકાર — મુંબઈ-૬
- શેઠશ્રી મોતીશાહ શ્રી આદીશ્વરજી જૈન ટેમ્પલ — ભાયખલા
- શેઠશ્રી મોતીશાહ અમીચંદ સાકેરચંદ ચેરીટેબલ ટ્રસ્ટ-પાલીતાણા
- શ્રી વિજયદેવસૂર સંઘનીપેઢી-ગોડીજી મહારાજ જૈન દેરાસર ધર્માદાખાતાઓ — મુંબઈ
- વાલકેશ્વર સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય — મુંબઈ
- શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય મુંબઈ-વાલકેશ્વર
- શ્રી મોતી ધરમકાંટા ઝવેરીભાઈઓ — મુંબઈ
- શ્રી ભવાનીપુર જૈન શ્વે૦ મૂ. સંઘ — કલકત્તા
- શેઠશ્રી રતનચંદ ગુલાબચંદ જૈન ધર્મશાળા નાગજી ભૂદરની પોળ — અમદાવાદ
- શેઠશ્રી ફૂલચંદ જે. વખારીયા. — સુરત

### શ્રુતરક્ષક

- શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈનસંઘ ચોપાટી- — મુંબઈ
- શ્રી સાંતાક્રુઝ જૈન સંઘ એન્ડ્રુઝ રોડ- — મુંબઈ
- શ્રી મુલુન્ડ જૈન સંઘની પેઢી. — મુલુન્ડ
- શ્રી પાટણમંડલ જૈન સંઘ મરીનડ્રાઇવ- — મુંબઈ
- શ્રી શામળાની પોળ જૈન સંઘ- — અમદાવાદ

### શ્રુતસહાયક

- શ્રી પરમ આનંદ જૈનસંઘ (પ-પૂ. આ. શ્રી કંચનસાગર સૂરિની પ્રેરણાથી) — અમદાવાદ.
- શ્રી મીઠાભાઈ કલ્યાણચંદ ધર્મફંડ (ગણિ શ્રી નરદેવસાગરજીની પ્રેરણાથી) — કપડવંજ

- શ્રી આદરીયાણા વીશાશ્રીમાલી જૈનસંઘ–આદરીયાણા.
- શ્રી ખાનપુર જૈનસંઘ અમદાવાદ. (ગણિશ્રી મહાયશસાગરજીની પ્રેરણાથી)
- શ્રી તીર્થંરંજનવિહાર. ખાનપુર–અમદાવાદ (સાધ્વીજી મ. શ્રી ગુણોદયાશ્રીજીની પ્રેરણાથી
- શ્રી બોમ્બે મેટલ એન્ડ એન્જી-ટુલ્સ કંપની — મુંબઈ
- શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ લુહારચાલ જૈનસંઘ– — મુંબઈ
- શ્રી ભાન્ડુપ જૈનસંઘ (ગણિશ્રી જીતેન્દ્રસાગરજી મ.ની પ્રેરણાથી)
- શ્રી રાજસ્થાન જૈનસંઘ–ડુંગરી– — મુંબઈ
- શ્રી તપાગચ્છ જૈનસંઘની પેઢી– — જયપુર (રાજસ્થાન)
- શ્રી કાન્તિલાલ કાલીદાસ–શામળાની પોળ– — અમદાવાદ
- શ્રી બીજોવા જૈનસંઘ (પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ઇન્દ્રદિન્ન સૂરીશ્વરજીની પ્રેરણાથી)
- શ્રી સોજત જૈનસંઘ-(શ્રી રત્નત્રયાશ્રીની પ્રેરણાથી)
- શ્રી નવરંગપુરા જૈનસંઘ અમદાવાદ (શ્રી પ્રવિણાશ્રીની પ્રેરણાથી)
- શ્રી લીંબડી જૈનસંઘ (મુનિશ્રી ન્યાયવર્ધનસાગરની પ્રેરણાથી)
- શ્રી જૈન શ્વે. મૂ. તપગચ્છસંઘ (ગણિ શ્રી નરદેવસાગરજીની પ્રેરણાથી.)

જે મહાન પુરુષો છે તે મોટા દાનોને દેવાવાળા હોય છે, જ્યારે હે પ્રભુ ! તમે મોટા છો તેથી તમારી પાસે મારે બીજું કંઈ માગવાની ઈચ્છા નથી માટે હે શ્રેષ્ઠ કૃપાનિધિ ! તેમ એવું કરો કે હું મહામોહને જીતવા માટે સમર્થ થાઉં.

## પર્વનો પવિત્ર ને પ્રેરક પ્રકાશ

દરેક ધર્મમાં પર્વો ને તહેવારો હોય છે. રાષ્ટ્રમાં રાષ્ટ્રીય તહેવારો, સમાજ માટે સામાજિક ને ધર્મ માટે ધાર્મિક તહેવારો હોય છે.

જૈન ધર્મના પર્વો લોકોત્તર છે, જ્યારે અન્ય ધર્મના પર્વો લૌકિક છે. જૈન ધર્મના પર્વનું મુખ્ય લક્ષ્ય ત્યાગ, તપ અને સંયમ ને મોક્ષ પ્રાપ્તિ છે. અન્ય ધર્મનું મુખ્ય લક્ષ્ય ભોગ ને સ્વર્ગ પ્રાપ્તિનું હોય છે. જૈન ધર્મના પર્વોમાં દેહદમન, આત્મ શુદ્ધિ, વિચાર શુદ્ધિ પર ભાર મૂકાયેલ છે. અન્ય ધર્મના પર્વોમાં દેહના લાલનપાલન પર ભાર મૂકાયેલો છે.

જૈન ધર્મના પર્વોમાં પ્રતિકૂળતાને સુખ માનેલ છે, જ્યારે અન્ય ધર્મોમાં પ્રતિકૂળતાને દુઃખ માને છે.

જૈન ધર્મમાં દુઃખનો પ્રતિકાર નથી કરવામાં આવતો, તેનો સહર્ષ સ્વીકાર–સન્માન થાય છે તે નિર્જરા રૂપે સ્વીકારાય છે. દુઃખમાં સહનશીલતા તે સિદ્ધિનું સોપાન છે. સહનશીલતા–સમતા–શાંતિએ અનેક આત્માઓને સિદ્ધિપદ અપાવેલ છે.

દરેક પર્વનું, તહેવારનું, અનુષ્ઠાનનું, ક્રિયાનું એક જ લક્ષ્ય બિંદુ સિદ્ધપદ–અનાહારી પદ–પરમ ઉચ્ચ પદ હોય છે. અન્ય ધર્મમાં આવી આગવી ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા ભાગ્યે જ પ્રાપ્ત કરાયેલ હોય છે.

આવાં પર્વો જૈન શાસનની પ્રભાવના અર્થે છે. તેનું વિશદ, વિસ્તૃત ને વિમલ દિગ્દર્શન પ. પૂ આગમોદ્ધારક આચાર્ય ભગવંતે સમયોચિત વ્યાખ્યાન દ્વારા કરાવેલ છે તે ભૂતકાળમાં છપાયેલ છે. તેવાં ત્રણ પુસ્તકોનાં વ્યાખ્યાનોનું સંકલન અહીં આ પર્વ મહિમા દર્શન” માં કરવામાં આવ્યું છે.

આના પ્રેરણાદાતા છે પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી દર્શન સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ. આના સંપાદક છે પ. પૂ. સંગઠન પ્રેમી ગણિવર્ય શ્રી નિત્યોદય સાગરજી મહારાજ તથા તેમના સદુપદેશ–પ્રેરણા–પ્રોત્સાહન અને પુરુષાર્થથી શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું સર્જન થયું. તેમાં પ્રમુખશ્રી તથા અન્ય-સભ્યોએ અંગત ને આત્મીય રસ દર્શાવ્યો છે.

ત્રણ પુસ્તકોમાં રહેલ વ્યાખ્યાનોનું સંકલન કરવાનો પવિત્ર કાર્યનો લાભ પ. પૂ. આચાર્ય ભગવંતની અસીમ કૃપાથી મને મળ્યો. તેને યથાર્થ સ્વરૂપે નિરૂપવા મેં પ્રયત્ન કર્યો છે.

એક પર્વ પર બે બે-ત્રણ ત્રણ વ્યાખ્યાનો છે. જરૂર ક્યાંક પુનરાવર્તન થશે. તે પુનરાવર્તન શેરડીના ચૂસવા જેવું મિષ્ટ ને મધુર બનશે. પુનરાવર્તન વિચારને પુષ્ટ કરે છે, પ્રસંગો પર વિવિધ પ્રકાશ પાથરે છે. દૃષ્ટાંતો વિવિધ દૃષ્ટિકોણથી જોવા-જાણવા મળે છે.

પ. પૂ. આગમોદ્ધારકની વિવેચન-પ્રવચન શૈલી અનેરી મેઘ-ધનુષની જેવી ભાત પાડે છે. સામાન્ય જીવનને સ્પર્શી જાય તેવાં ઉદાહરણો વચનો, કહેવતો વાચનને સમૃદ્ધ બનાવે છે.

આ "પર્વ મહિમા દર્શન"નું મુખપૃષ્ઠ પ. પૂ. આગમોદ્ધારકના વિચારનું પ્રત્યક્ષ સર્જન છે. આગમોદ્ધારકે જ્ઞાન-દીપકો પ્રગટાવ્યા નિત્યદર્શન માટે-નિત્ય જીવન પ્રકાશિત કરવા માટે.

જ્ઞાન એ પ્રકાશ છે, તે પ્રકાશ જીવનમાં અનેરા માર્ગદર્શન તરીકે બની રહે છે.

જરૂર મુદ્રણ દોષનો સંભવ છે. પણ છતાંય સુજ્ઞ શ્રદ્ધાળુ તેને ક્ષંતવ્ય ગણી છાશમાંથી નવનીત પ્રાપ્ત કરશે ને જીવનને નવજીવન બનાવશે.

આ 'પર્વ મહિમા દર્શન' જોયા-જાણ્યા-અનુભવ્યા બાદ વાંચકના આત્માને અનેરો આંતરિક આનંદ પ્રાપ્ત થશે. જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટે પર્વ છે. પર્વની મહત્તા ને મિષ્ટતા જીવનને મોક્ષ પંથે જરૂર વાળશે, અનેકના આત્માને સર્વ વિરતિના પંથે લઈ જશે, જીવનને ધન્ય બનાવવાનો સોનેરી રાજ માર્ગ દર્શાવશે.

આમાં જે કાંઈ ક્ષતિ હશે તે મારા છદ્મસ્થપણાને કારણે છે. તો તે માટે સર્વ સહૃદયી સમક્ષ મિચ્છામિ દુક્કડં પ્રાર્થું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે માટે ક્ષમા યાચું છું.

૧૬, શત્રુંજય સોસાયટી — લાલચંદ કે. શાહ (વણોદવાળા)
પાલડી, અમદાવાદ-૭ — બી. એ. (ઓનર્સ), બી. ટી., એસ. ટી. સી.
૧-૭-૮૧

# પર્વ મહિમા દર્શન

વિભાગ-૧

પ્રવચનકાર

પ. પૂ. આચાર્ય દેવેશ
શ્રી આનંદ સાગરસૂરીશ્વરજી
મહારાજ

પ્રકાશન પ્રેરણાદાતા
પ. પૂ. શાંતિમૂર્તિ તપોનિધિ
આચાર્ય દેવેશ શ્રી દર્શન સાગરસૂરીશ્વરજી
મહારાજ

સંપાદક
પૂ. સંગઠન પ્રેમી ગણિવર્ય
શ્રી નિત્યોદય સાગરજી મહારાજ

# પર્વ મહિમા દર્શન

પર્વોનો પ્રકાશ

- આષાઢી ચાતુર્માસી
- અષ્ટાહ્નિકા (પર્યુષણ પર્વ)
- દિપાવલી પર્વ

પ્રકાશક :-
શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ-મુંબઈ
૭૭/એ, વાલકેશ્વર
મુંબઈ-૬

# ઉ પ ક્ર મ

(પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

અર્થ—સંસ્કૃતમાં 'પર્વન્' શબ્દ છે. એને ગુજરાતીમાં 'પર્વ' કહે છે. આના પાંચ અર્થ છે: (૧) ગ્રન્થનો ભાગ, (૨) આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એ પૈકી એક તિથિ, (૩) પવિત્ર દિવસ, (૪) તહેવાર અને (૫) સાંઠાનો એક ગાંઠાથી બીજા ગાંઠા સુધીનો ભાગ. આ પાંચ અર્થોમાંથી ત્રીજો અને ચોથો અર્થ અને ખાસ કરીને ચોથો અર્થ અને અમુક અપેક્ષાએ બીજો અર્થ આ પુસ્તકના 'પર્વ-મહિમા દર્શન' નામમાં રહેલા 'પર્વ'નું દ્યોતન કરે છે.

અહીં હું જૈન પર્વોની એક કામચલાઉ સૂચિ રજૂ કરું છું:—

કાર્તિક સુદ પડવો, જ્ઞાનપંચમી, કાર્તિક સુદ ચૌદશ (ચોમાસી ચૌદશ), કાર્તિકી પૂનમ, મૌન-એકાદશી, પોષદશમી, મેરુત્રયોદશી, ફાગણ સુદ ચૌદશ (ચોમાસી ચૌદશ), ચૈત્રી ઓળી, ચૈત્ર સુદ તેરશ, ચૈત્રી પૂનમ, અખાત્રીજ, અષાડ સુદ ચૌદશ (ચોમાસી ચૌદશ), પર્યુષણ, આસોની ઓળી અને દીવાળી.

વર્ગીકરણ—જૈનોનાં કેટલાંક પર્વો વાર્ષિક છે તો કેટલાક માસિક છે. ઉપર ગણાવાયેલાં તમામ પર્વો એ વાર્ષિક પર્વ છે. આઠમ, ચૌદશ વગેરે તિથિઓ માસિક પર્વ છે.

જૈન ગણના—જૈન શાસ્ત્રકારે કાળનો વ્યવહાર-એની યોજના શિયાળો, ઉનાળો અને ચોમાસું એમ ત્રણ ચોમાસી દ્વારા કરેલ છે.

આર્ય પર્વોનો મોટો-મહત્ત્વનો ભાગ વર્ષાઋતુમાં આવે છે. પ્રસ્તુત ગ્રન્થની યોજનામાં પર્વોનો ક્રમ આષાઢી ચતુર્દશીથી શરૂ કરાયો છે અને ધીરે ધીરે અખાત્રીજ સુધી લંબાવાયો છે.

તહેવાર અને પર્વમાં તફાવત—આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ પર્વ અને તહેવારનાં લક્ષણો આપી એ બે વચ્ચે તફાવત દર્શાવ્યો છે. એમનું કહેવું એ છે કે કોઈ એક વસ્તુનું મહત્ત્વ સૂચવવા જે ઉત્સવ જોડાય તે 'તહેવાર' દા. ત. મહાવીરસ્વામીના નિર્વાણના દિવસરૂપ દીવાળી. જે દર મહિને કે વર્ષે નિયમિતપણે સમુદાયની અપેક્ષાએ આરાધાય તે 'પર્વ'. જેમકે જ્ઞાનપંચમી.

જૈન પર્વનો ઉદ્દેશ—જૈન ધર્મ એ નિવૃત્તિને પ્રાધાન્ય અર્પે છે. ત્યાગ એ એનો પ્રાણવાયુ છે. જૈનોનાં પર્વ એટલે ત્યાગ કેળવવાના

અમૂલ્ય અવસરો. એમાં માલમલિદા ઉડાવવાની, ધીંગામસ્તી કરવાની, રંગરાગને પોષવાની, વિષયોને બહેલાવવાની વાત નથી અને હોઈ પણ ન શકે. પૌદ્‌ગલિક સુખની જેમને લત લાગી હોય તેમને તેનાથી વિરક્ત કરવાં એ જ ગીતાર્થના ઉપદેશનો ઉદ્દેશ છે. આત્મિક–સાચા, સ્વતંત્ર અને સનાતન સુખના ભોક્તા બનવાનો માર્ગ બતાવવો અને પાંચે ઈન્દ્રિયોના વિષયોની લોલુપતાનો આત્યંતિક નાશ કરાવવો એ જ સાચા ઉપદેશનું ધ્યેય છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે જેટલો પ્રયાસ કરાય તેટલી પર્વની આરાધના કરેલી ગણાય. જૈનોનાં અને અજૈનોનાં પર્વોમાં ભિન્નતા છે: એકમાં ખાનપાન, રંગરાગ વગેરેનો ત્યાગ છે તો બીજામાં એને પોષવાની–અમનચમન કરવાની–મોજમજા કરવાની ભાવના છે.

પંચમી–માહાત્મ્યમાં જ્યેષ્ઠ–પંચમી અને લઘુપંચમી એમ બે તિથિઓ–રીતિઓ જ્ઞાનપંચમીની આરાધના તરીકે દર્શાવાઈ છે. આ આરાધનાનો સમય, પંચમીનું વ્રત ગ્રહણ કરવાની વિધિ, વ્રત પૂર્ણ થયા પછી કરવાનું ઉદ્યાપન અને જ્ઞાનપંચમી આરાધવાથી જયસેનથી માંડીને ભવિષ્યદત્ત એમ દસ વ્યક્તિઓને સૌભાગ્ય ઈત્યાદિ દસ પ્રકારનાં ફળ પ્રાપ્ત થયાં એને અંગે દસ કથાઓ એમ વિવિધ બાબતો અપાઈ છે.

દેવવંદન–ત્રણે ચોમાસી, દીવાળી, જ્ઞાનપંચમી, મૌનએકાદશી અને ચૈત્રી પૂનમ એ પર્વને અંગે સંઘ સમક્ષ દેવવંદન કરાય છે.

ગુણણાં* ઈત્યાદિ–પર્વની આરાધના કેમ કરવી તે જાણવું જરૂરી છે. જૈન સમાજને એ કહેવું પડે તેમ નથી કે આરાધના એટલે જપ અને તપ. વિસ્તારથી કહું તો કાઉસ્સગ્ગ (કાયોત્સર્ગ), ખમાસમણાં (ક્ષમા–શ્રમણ), પ્રદક્ષિણા, સાથિયા, ગુણણાં (ગણણાં) ઈત્યાદિ પર્વ સાથે સંકળાયેલાં છે.

કેટલાંક પર્વને અંગે ગણણાં ગણવાની પ્રથા જોવાય છે. આ પર્વો પૈકી અહીં દીવાળી, જ્ઞાન–પંચમી, મૌન–એકાદશી, પોષ–દશમી અને ચૈત્ર શુક્લ ત્રયોદશી એ પાંચનો જ વિચાર કરાય છે.

દરેક ગણણાં માટે વીસ નવકારવાળી ગણવાની હોય છે એટલે કે સામાન્ય રીતે જોતાં એકનું એક પદ બે હજાર વાર ગણવાનું હોય છે.

દીવાળી–સાંજ પછી અને મધ્યરાત્રિ પહેલાં श्रीमहावीरस्वामिसर्वज्ञाय नमः,

---

* મૂલ સંસ્કૃત શબ્દ 'ગુણન' છે. गुणनकम् गुणणउ ગુણણું ગણણું 'ગણણું'ને બદલે કેટલાક ગયણું તેમજ ગરણું પણ બોલે છે

દીવાળી–મધ્યરાત્રિની પછી ને સવારના ચારેક વાગ્યા પહેલાં શ્રીમહાવીરસ્વામિપારગતાય નમઃ, અને કાર્તિક સુદ એકમને સવારે (પ્હો ફૂટતાં પહેલાં–સૂર્યોદય પહેલાં)

શ્રી ગૌતમસ્વામિસર્વજ્ઞાય નમઃ એમ ત્રણ પ્રકારે ગણણાં ગણાય છે.

જ્ઞાન–પંચમી–ૐ હ્રીં નમો નાણસ્સ આ પદ બે હજાર વાર ગણવાનું હોવાથી એ પદની વીસ નવકારવાળી ગણાય છે.

મૌન–એકાદશી–મનુષ્યલોકમાં મહાવિદેહ ક્ષેત્ર છોડીને કર્મભૂમિરૂપ પાંચ ભરત ક્ષેત્રમાં અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળમાં જે ચોવીસ ચોવીસ તીર્થંકરો થયા તે પૈકી નેવું તીર્થંકરનાં બધાં મળીને દોઢસો કલ્યાણકો મૌનએકાદશીને દિવસે થયાં છે. આ ચોવીસીમાં આપણાં ભરત ક્ષેત્રમાં ત્રણ તીર્થંકરનાં પાંચ કલ્યાણક થયાં છે: જેમકે અરનાથની દીક્ષા, મલ્લિનાથનાં જન્મ, દીક્ષા ને કેવલજ્ઞાન, અને નમિનાથનું કેવલજ્ઞાન.

પોષ દશમી–ૐ હ્રીં પાર્શ્વનાથાર્હતે નમઃ એમ ગણણું ગણાય છે.

ચૈત્ર શુકલ ત્રયોદશી–ૐ હ્રીં મહાવીરસ્વામી અર્હતે નમઃ પદની વીસ નોકારવાળી ગણવી એ આ પર્વને અંગેનું ગણણું છે.

જ્ઞાનાદિની તિથિઓ–અજવાળિયા અને અંધારિયા એ બંને પખવાડિયાની બીજ, પાંચમ અને અગિયારસ એ છ તિથિઓ જ્ઞાન–તિથિ ગણાય છે. એવી રીતે બે આઠમ, બે ચૌદશ, પૂનમ અને અમાસ એ છ ચારિત્ર–તિથિ ગણાય છે. બાકીની બધી તિથિઓ 'દર્શન તિથિ' કહેવાય છે.

શ્રીઆનંદસાગરસૂરિજીને જૈન દર્શનનાં તત્ત્વો એટલા બધા સ્પષ્ટ પણે અને યથાર્થ સ્વરૂપમાં સમજાયાં છે કે એઓ એનાં તારેતાર છૂટા પાડીને એ સમજાવી શકે છે અને વળી તેમ કરતી વેળા પરિભાષાની જટિલ ગૂંથણીનો આશ્રય ન લેતાં એઓ સાદી અને સીધી, પરંતુ સાથે સાથે સચોટ ભાષામાં એ રજૂ કરે છે.

# પ્રવચનકાર મહર્ષિનો ટુંક પરિચય

ભગવાન શ્રી મહાવીરની વિમળ, પ્રેરક અને બોધક વાણી જેમાં શબ્દસ્થ થઈ છે તેવા આગમોના ઈતિહાસ સાથે દિવંગત પૂજ્ય આચાર્ય-શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનું નામ અવિભાજ્ય રીતે સંકળાયેલું છે. વર્તમાનમાં મુદ્રિત પુસ્તક આકારે આપણને જે આગમો ઉપલબ્ધ છે, તે ઉપલબ્ધિ પૂજ્યશ્રીની જીવનભરની અથાક અને અખંડ સાધનાની મઘમઘતી સુગંધ છે.

સ્મૃતિમાંથી વિસરાઈ જતાં આગમોને તાડપત્રો પર અંકિત કરાવવાનું સર્વપ્રથમ શકવર્તી કાર્ય મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યું. તાડપત્રો પર ગ્રંથસ્થ થયેલ આગમોને, જિર્ણતા અને ઉધઈ વગેરેથી નષ્ટ થતું બચાવી લેવાનું સર્વ પ્રથમ કાર્ય પૂજ્યપાદ શ્રી સાગરાનંદસૂરિજી મહારાજે કર્યું. મહર્ષિ ક્ષમાશ્રમણે અધિકારી વિદ્વાનો અને શ્રમણ ભગવંતોને યોગ્ય આગમો ઉપલબ્ધ કરાવ્યા. પૂજ્યશ્રીએ એ જ આગમોને ઘરમાં વસાવી શકાય તેવાં સુલભ બનાવ્યાં, એટલું જ નહિ પણ આગમોને (ભગવાનની અમૃતવાણીને)પવિત્ર મંદિરની મેરુટોચે, બિરાજિત કર્યાં. કાગળો પર તો આગમોને મુદ્રિત કરાવ્યા જ, સાથો સાથ તે બધાંને તાંબાના પતરાં અને આરસના પથ્થર પર પણ કંડારાવ્યા. આમ પૂજ્યશ્રીએ આગમોને નવજીવન અને અજરામરત્વ બંને બક્ષ્યાં. આવું ભગીરથ કાર્ય તેઓશ્રીએ માત્ર સાડા પાંચ દાયકાની અવધિ માત્રમાં જ કર્યું!

આજથી એક સદી પહેલાં તેવા મહાપુરુષે આ ધરતી પર પોતાની આંખ ખોલી. જન્મ સ્થળ: કપડવંજ (જિ. ખેડા. ગુજરાત) પિતાનું નામ: શ્રી મગનભાઈ, માતાનું નામ: યમુનાબેન, સંવત ૧૯૩૧ ના દિવાસાના (અષાઢ વદ અમાસ) મંગળ દિવસે તેમનો જન્મ થયો. તેમનું નામ: હેમુ–હેમચન્દ્ર.

તે જમાનો બાળલગ્નની બોલબાલાનો હતો. માતાપિતાએ હેમુને બાર વરસની વયે માણેક નામની સુશીલ કન્યા સાથે પરણાવી દીધો. પોતાના લગ્ન માટે માતાપિતા દોડધામ કરી રહ્યા છે તે જાણીને હેમુનું હૈયું ખિન્ન અને ખારું થઈ ગયું. વિનયથી પણ પૂરી મક્કમતાથી તેણે વડીલોને કહ્યું: 'તમે બધાં મને લગ્નના બંધનમાં બાંધશો નહિ. મારે તો દીક્ષા જ લેવી છે.'

પણ હેમુનું કહ્યું કોઈએ કાને ધર્યું નહિ. કોડભરી માણેક પરણીને સાસરે આવી. તેણે જોયું કે જેને પોતે પરણી છે તે આ લોકનો માણસ નથી. તેની આંખોમાં ભોગની જવાલા નહિ, પણ વૈરાગ્યની શીતળ દીપશિખા ઝળહળે છે. તેના રોમેરોમમાં અને જીવનના દરેક વ્યવહારમાં આત્માની અનુગૂંજ ગૂંજે છે, આનો જન્મ વાસનાપૂર્તિ માટે નહિ, પણ આત્માની ઉપાસના માટે થયો છે.

હેમુ સંસારી હતો, પતિ હતો, છતાંય તે ન સંસારી હતો, ન પતિ હતો. સ્રીસંગમાં ય નિઃસંગ હતો. સંસારમાં ય તે સાધુ-સાધક હતો. અને એક દિવસ પોતાના મોટાભાઈ સાથે હેમુ અમદાવાદ પહોંચ્યો. બંને બાંધવ બેલડીએ ગુરુદેવને વંદન કરી, પોતાને દીક્ષા આપવાની પ્રાર્થના કરી, અગમપારખુ, ગુરુદેવ પૂજ્ય શ્રી ઝવેરસાગરજી મહારાજે મણીલાલને દીક્ષા આપી. હેમુને ઘરે જવા કહ્યું. ગયો ઘેર કપડવંજ.

થોડા સમય બાદ અંધારી રાતે હેમુએ ફરી ઘર છોડ્યું. ગુરુદેવ પાસે પહોંચી જઈને દીક્ષા લીધી. સ્વજનોને જાણ થઈ. સાસરા પક્ષે અદાલતનાં બારણાં ખટખટાવ્યાં. કાયદાએ કાયદાનું કામ કર્યું. હેમુને પાછા સંસારમાં આવવું પડ્યું. આવ્યો, પણ રહ્યો સાધુના વેષમાં જ!

ત્યારબાદ પિતા-પુત્ર બંનેને અમદાવાદ જવાનું થયું. ત્યાં હેમુ ગુરુદેવને ફરી મળ્યો. દીક્ષા આપવા અતિ આગ્રહ કર્યો અને ૧૬-૧૭ વરસની વયે હેમુ, સંવત ૧૯૪૭ ના મહા સુદ પાંચમના દિવસે વંદનીય મુનિ આનંદસાગર બન્યો. આ સમયે પણ ધમાલ તો થઈ જ. પણ હેમુની જિત થઈ. પછી તો પિતાએ પણ પુત્રના પગલે દીક્ષા લીધી.

એક સદી પહેલાંનું જૈનશાસન એટલે જ્ઞાનાભ્યાસ માટેની અપૂરતી સગવડો, યતિઓનું એકચક્રી સામ્રાજય, સંવેગી સાધુઓની સંખ્યા ગણીગાંઠી જ. પૂજયશ્રીએ 'સિદ્ધાંત રત્નિકા વ્યાકરણ' ભણવા માટેની શોધખોળ કરી. એક ભંડારમાંથી તેની ફાટેલી-તૂટેલી જેવી એક પ્રત મળી. ગુરુદેવ પાસે માત્ર ત્રણ જ માસમાં એ વ્યાકરણને કંઠસ્થ કરી લીધું!

ગુરુદેવની બસ આટલી જ મહત્ત્વની યાદ રહી. એક વરસમાં જ સં. ૧૯૪૮ માગસર વદ ૧૧ ના રોજ તેમનો ચિરવિયોગ થયો. માત્ર ૧૦ાા માસ જ ગુરુવાસ રહ્યો.

હવે કોણ ભણાવે? કોની પાસે ભણવું? મુનિ આનંદસાગરના હૈયે આ ચિંતા કોરી ખાવા લાગી. આ ચિંતાની એક રાતે તેમણે સ્વપ્ન

જોયું. સ્વપ્નમાં હતા એક પ્રતાપીપ્રભાવી જ્ઞાની ગુરુ તેમણે પૂછ્યું: 'બાલમુનિ! શેની ચિંતા કરો છો?'

'મારે આગમ ભણવા છે. તે મને કોણ ભણાવે? તેની ચિંતા કરું છું.'

'ચિંતા ન કરો. પૂર્વજન્મના સંસ્કારથી તારા હૈયે શ્રુતજ્ઞાન વસેલું છે. પ્રયત્ન કર. તારે જે આગમ ભણવું હોય, તેની ઉપાસના કરીને ભણવાનું શરૂ કર. જે ભણવું હોય તેને ઊંચે આસને સ્થાપી ગુરુવત્, વંદનવિધિ કરવો અને વાચનાનો આદેશ લઈને ભણવું. એમ કરીશ, તો તું અજોડ જ્ઞાની બની શકીશ...'

આ દિવ્ય સ્વપ્ન બીજા દિવસથી જ સત્ય બન્યું. પૂજ્યશ્રીએ સર્વ પ્રથમ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની વૃત્તિવાળી શ્રી દશવૈકાલિક સૂત્રની પ્રતનું વિધિપૂર્વક વાચન શરૂ કર્યું.

પૂજ્યશ્રીની જ્ઞાનપિપાસા સહરાના રણ જેવી તીવ્ર અને અખૂટ હતી. રોજના લગભગ પાંચસો શ્લોક વાંચતા. આરામના સમયે બપોરના ચર્ચાત્મક ગ્રન્થો વાંચતા. છાણીમાં એક શાસ્ત્રી પાસે ન્યાયશાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું.

એકથી વધુ વાર તેઓશ્રીએ સ્થાનકવાસી તેમજ અન્ય દર્શનીઓ સાથે સફળ શાસ્ત્રાર્થ કર્યો હતો. પ્રખર પ્રજ્ઞા સાથે તેઓશ્રી મધુર વક્તા પણ હતા. લેખક, સંશોધક અને પત્રકાર ત્રણેયનો તેમના વ્યક્તિત્વમાં સમન્વય થયો હતો. ૨૦ વર્ષ સુધી 'સિદ્ધચક્ર' નામનું પત્ર તેઓશ્રીએ ચલાવ્યું. અર્ધો લાખથી વધુ ગંભીર-ગહન શ્લોકોનું સર્જન કર્યું છે.

પૂજ્યશ્રીના હૈયે એક જ ચિંતા અને લગન હતી કે આગમોનો ઉદ્ધાર થાય. ટ્રસ્ટીઓની બેદરકારીથી મૂલ્યવાન તાડપત્રો ખવાતાં હતાં, ચોરાતાં હતાં. વેચાઈ જતાં હતાં. તાડપત્રો પરના આગમો ટકી ટકીને કેટલો કાળ ટકે? તે બધાંને તો સુલભ થાય જ નહિ ને? આવી આગમ-ચિંતાથી તે સતત એક જ પ્રાર્થના કરતા:

'હે શાસનદેવ! વીતરાગ પ્રભુનો સિદ્ધાંત છિન્નભિન્ન થાય છે. આગમ વિના ધર્મ કેમ જળવાશે? આગમના ઉદ્ધાર માટે મને સહાય કરો.'

અને આ ગુપ્ત પ્રાર્થના એક સખી ગૃહસ્થે સાંભળી. આજથી

સાત દાયકા ઉપર શ્રી ગુલાબચંદભાઈ ઝવેરીએ પોતાની વડીલોની સ્મૃતિમાં રૂપિયા એક લાખની જંગી રકમનું સહર્ષ દાન કર્યું. પરિણામે જૈનશાસનને, આગમો પ્રકાશન કરનાર સર્વ પ્રથમ 'શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ' નામની સંસ્થાની મૂલ્યવાન ભેટ મળી.

આગમોને મુદ્રિત કરવાનું કાર્ય સામા, તોફાની ધોડાપૂર પ્રવાહમાં તરવા જેવું હતું. આગમો છપાય જ નહિ, એવી ત્યારે દૃઢ અને કંઈક અંશે ઝનૂની માન્યતા હતી. પૂજ્યશ્રીએ એ વિરોધવંટોળ વચ્ચે પોતાનું જીવન કાર્ય (મિશન) શરૂ કર્યું. ગામેગામથી જ્યાંથી મળે ત્યાંથી શાસ્ત્રોની પ્રતિઓ મંગાવી. મળેલી પ્રતોને અન્યોન્ય મેળવી જોઈ. શુદ્ધિઓ, પાઠભેદ વગેરે તપાસ્યા અને એકલા હાથે, એક પૈસાના ય ખર્ચ વિના પૂજ્યશ્રીએ અઠીસો પ્રતોનું હજારો શ્લોક પ્રમાણે લખાણ પુનરુદ્ધાર માટે જાતે લખીને પ્રેસ કોપી તૈયાર કરી! પ્રૂફો પણ લગભગ જાતે જ વાંચતા. તેમના આ જ્ઞાનયજ્ઞનું સુપરિણામ એ આવ્યું કે માત્ર ભંડારોમાં જ જોવા મળતાં આગમ ગ્રંથો ઘરના પુસ્તકાલયમાં પ્રાપ્ત થવા લાગ્યા.

મુદ્રિત આગમોનું જ તેમનું લક્ષ્ય ન હતું. આગમો અજરામર બને તે જ તેમની આત્મતમન્ના હતી. આથી તેઓશ્રીએ આગમોને સંગેમરમરમાં કંડારવાનું બીજું ભવ્ય વિરાટ કાર્ય આરંભ્યું. જાણીને આશ્ચર્ય થાય છે કે આ કાર્ય તેઓશ્રીએ માત્ર પાંચેક વરસના અલ્પ સમયમાં જ પૂરું કર્યું! સં. ૧૯૯૪માં તેનો શુભારંભ કર્યો અને સં. ૧૯૯૯માં મંગળ પૂર્ણાહુતિ કરી. આરસની શિલાઓ પર શુદ્ધપણે કોતરાયેલ આગમોનું એક નયનરમ્ય આગમ મંદિર પણ તેઓશ્રીની પ્રેરણાથી નિર્માણ થયું.

જિનમંદિર તો ભરત ચક્રવર્તીથી માંડીને આજ સુધીના ભાવિકોએ અનેક બંધાવ્યાં છે. પરંતુ જૈન દર્શનના ઇતિહાસમાં આગમ મંદિર નિર્માણ કરાવવાનું સર્વ પ્રથમ શ્રેય પૂજ્યશ્રી સાગરાનંદસૂરિજીના ફાળે જ જાય છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતળ છાયામાં હાલ ઊભેલું 'શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર' એ પૂજ્યશ્રીની જીવનભરની ખંત, ધીરજ, સાધના અને તપની નિરંતર ગૌરવ ગાથા ગાય છે. પાલિતાણા જાય અને 'આગમ મંદિર'ના દર્શન ન કરે તેનો ફેરો એળે ગયો સમજવો. એવું એ બેનમૂન મંદિર છે. તે ઉપરાંત તેઓશ્રીની પ્રેરણાથી સુરતમાં પણ આવું એક આગમ મંદિર ઊભું થયું. ત્યાં તામ્રપત્ર પર આગમો કંડારાયેલાં છે.

આગમઉદ્ધારની સાથોસાથ પૂજ્યશ્રીએ વિવિધ સમુદાય અને ગચ્છના સાધુઓને પણ મોકળા મને આગમોની વાચના પણ આપી હતી.

આગમસેવા ઉપરાંત તીર્થસેવા પણ તેઓશ્રીની એટલી જ રોમહર્ષક છે. અંતરિક્ષજી તીર્થયાત્રા સંઘ સમયે દિગમ્બરોએ કાયદો હાથમાં લીધો હતો. 'આ તીર્થ અમારું છે. તમારું નથી' એમ કહીને લોહિયાળ મારામારી કરી હતી. પૂજ્યશ્રીને પણ માર પડયો હતો. કોર્ટમાં કેસ ગયો. ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે:

"શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુ મુનિરાજ શ્રી આનંદસાગરજીએ ધર્મની રક્ષા કરવા યોગ્ય કર્યું છે. ન્યાય અને કાનુનની દૃષ્ટિએ કાર્ય અયોગ્ય નથી. દિગમ્બર સંપ્રદાયે કરેલ કાર્ય અયોગ્ય છે. મહાત્માશ્રીએ સત્ય હકીકત જણાવી છે. મહાત્માશ્રી પરિપૂર્ણપણે નિર્દોષ છે. તેમની જ સત્યનિર્ભર જુબાની પર કેસનો નિર્ણય આપું છું.'

અંતરિક્ષજી તીર્થની જેમ શ્રી કેશરિયાજી તીર્થમાં પણ પૂજ્યશ્રીએ ધ્વજા દંડ ચડાવવામાં ભવ્ય સફળતા મેળવી હતી. ત્યારે શ્રી શત્રુંજય તીર્થની સ્થિતિ કંઈક જુદી હતી. પાલિતાણાનરેશ બ્રિટિશ રાજાના ખંડિયા હતા. તેણે યાત્રિકો પર કર નાંખ્યો! જીજીયા વેરા નામે આ કાળો કર ઈતિહાસમાં કાળા અક્ષરે નોંધાયો. શ્રી સંઘે કાયદાનો આશરો લીધો. ચૂકાદો ન આવે ત્યાં સુધી સ્વેચ્છાએ તીર્થયાત્રા બંધ જાહેર થઈ. ન્યાયની માંગણી થતાં દર વર્ષે રૂા. ૬૦ હજાર તીર્થરક્ષણ તરીકે આપવાનું નક્કી થયું.

પૂજ્યશ્રીએ આ વાર્ષિક વેરા માટે રૂા. ૧૨ લાખની ટહેલ નાંખી જેથી તેના વ્યાજમાંથી વેરો ચૂકવી શકાય. અને તેઓશ્રીના ઉપદેશથી એ જંગી રકમ પણ સ્થાયી ભંડોળ તરીકે થઈ ગઈ. અને પુન: યાત્રિકો ભાવ વિભોર હૈયે દાદાને ભેટ્યા!

શ્રી સમેતશિખરજી તીર્થના ઈતિહાસમાં પણ પૂજ્યશ્રીનાં સોનેરી હસ્તાક્ષર થયાં છે, ત્યારે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી હસ્તક શત્રુંજય અને ગિરનાર તીર્થના વહીવટ હતા. બ્રિટિશરો સમેતશિખરને પોતાને તાબે કરવા ખટપટ કરતા હતા. મોતને મૂઠીમાં લઈને પૂજ્યશ્રીએ હાકલ કરી: 'સમેતશિખરજી પહાડ જૈનોનો છે! તેઓશ્રીએ આ સાથે જ ગામોગામના શ્રી સંઘો પાસે સમેતશિખરનો પહાડ વેચાતો લઈ લેવાનો અનુરોધ કરતાં તારો પેઢી પર કરાવ્યા. પેઢીએ એ પહાડ વેચાતો લઈ લીધો!

श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः
अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणधराय नमः

# પર્વ મહિમા દર્શન

પ્રવચનકાર

**આગમોદ્ધારક. પૂ. આ. ભ. શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ**

## અષાઢ ચાતુર્માસિક વ્યાખ્યાન

सामायिकावश्यकपौषधानि, देवार्चनस्नात्रविलेपनानि ।
ब्रह्मक्रियादानतपोमुखानि, भव्याश्चतुर्मासिकमण्डनानि ॥१॥

### ચોમાસાની વિશિષ્ટતા

### ધર્માદિવર્ગોની સ્પષ્ટતા

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારાર્થે **ઉપદેશપ્રાસાદ** નામના ગ્રન્થની રચના કરતાં શ્રાવકધર્મને જણાવી ગયા છે. તેમાં આપણે એ મહાત્માનું તે સૂચન જોઈ ગયા કે આ જગતમાં જીવો અનેક પ્રકારની ઈચ્છા-ધારણા-રુચિ કે મનોરથોવાળા છે. યદ્યપિ જગતમાં દરેક જીવની ઇચ્છા ભિન્નભિન્ન હોવાથી તમામ જીવોની ઇચ્છા, ધારણા, રૂચિ, મનોરથો જુદા જુદા હોય છે. તથાપિ જેમ રંગના દેખાવને અંગે અનેક પ્રકારના રંગો છતાં, તેનું વર્ગીકરણ કરીને જગતે કહ્યું કે રંગો પાંચ પ્રકારના છે, તેમ આ ભિન્નભિન્ન ઈચ્છાઆદિના પણ વર્ગીકરણથી ચાર વર્ગ બને છે. ચાર વર્ગમાં તમામ પ્રકારની ઇચ્છા, ધારણા વગેરેનો સમાવેશ થઈ જાય છે. એ ચારવર્ગનાં નામ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ઇચ્છાઓ ગમે તેટલા પ્રકારે ભિન્ન હોય છતાં તે તમામ ઇચ્છાઓ આ ચાર વર્ગમાં સમાઈ જાય છે. કેટલીક ઇચ્છાઓ ધર્મવર્ગમાં, કેટલીક ઇચ્છાઓ અર્થવર્ગમાં, કેટલીક ઇચ્છાઓ કામવર્ગમાં, અને કેટલીક ઇચ્છાઓ મોક્ષવર્ગમાં સમાઈ જાય છે.

અહીં પ્રશ્ન થશે કે પુરુષથી કરાતા છતાં આ ચારને પુરુષાર્થ નહિ કહેતાં શાસ્ત્રકારો, વર્ગ' શબ્દથી કેમ ઓળખાવ્યા? કલિકાલસર્વજ્ઞ,

ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા યોગશાસ્ત્રમાં 'चतुर्वर्गेऽग्रणीर्मोक्षो० (योग० श्लो० १५)' કહી, આ ચારને પુરુષાર્થ તરીકે નહિ પણ વર્ગ તરીકે ગણાવે છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ધર્માદિ ચારને તે ચાર પ્રયત્નથી થનારા છે. એટલા પૂરતા જ પુરુષાર્થ તરીકે માને છે, છતાં અહીં વર્ગમાં ગણાવે છે, કારણ તેમાં એ છે કે તે ચારેને સાધ્ય તરીકે તેઓ માનતા નથી.

જ્યાં સુધી વિવેકની ખામી હોય, માયાજાળનું બંધન હોય, આત્મતત્ત્વ ઓળખ્યું ન હોય, કર્મની કે મોહની પ્રબલતા હોય ત્યાં સુધી અર્થ તથા કામ સાધ્ય લાગે છે, પરન્તુ તાત્ત્વિક દૃષ્ટિ ધરનાર આત્મા માટે તો તે હંમેશ માટે ઈચ્છવા લાયક નથી, છોડવા લાયક છે, તેથી તો શાસ્ત્રકાર મહારાજાએ એ 'सव्वाओ परिग्गहाओ वेरमणं सव्वाओ मेहुणाओ वेरमणं' (द. अ. ४) એવા શબ્દો જણાવી યોજનાપૂર્વક મહાવ્રતો રાખ્યા છે.

## પરિગ્રહ અને મૈથુનથી વિરમવાનું હોય.

અર્થ, કામ વર્તમાનમાં ભલે ઈષ્ટ લાગે છે તોપણ તેનું પરિણામ અનિષ્ટ હોવાથી વિરમવાનું કહ્યું છે. વિવેકીઓ માટે અર્થ' કામ સંસર્ગ કરવા લાયક જ નથી. અમુક કર્મોદયે કે પુણ્યોદયે અર્થકામની પ્રાપ્તિ થાય, ભોગવટો સાંપડે અને ઈષ્ટ લાગે, કિન્તુ વિવેકી આત્મા માટે તો તે ઉપાદેય નથી. કારણકે તેનું પરિણામ અતિકટુ છે. પરિગ્રહ વિરમણથી અર્થને તથા 'મેહુણાઓ વિરમણ' એટલે પરિગ્રહ અને મૈથુનથી વિરમવાનું કહ્યું છે. પરિગ્રહ અને કામને અનર્થકર કહ્યો. જેનાથી વિરમવું તે આત્માથી પર છે, અને તેવાથી વિરમવું તે આત્માનો સ્વભાવ છે.

## કષાયની ચોકડીના પરાક્રમ—

અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાન વરણીય તથા સંજ્વલન એ રીતે ચાર કષાયની ચોકડીઓ માનવામાં આવી છે. શાસ્ત્રકારે શું આ ચોકડી મનસ્વીપણે કહી ? નહિ ! ખ્યાલ કરવામાં આવે તો સ્વરૂપ સમજાય તેમ છે.

માન્યતાને શુદ્ધ કરે તેવા આત્માના પરિણામ આવવા દે, જેને જૈનોની પારિભાષિક ભાષામાં સમ્યક્ત્વ કહેવામાં આવે છે, અનંતાનુબંધી નામની કષાયની પહેલી ચોકડી સમ્યક્ત્વને આવવા નથી દેતી, આ પહેલી ચોકડીનું પરાક્રમ છે.

જ્યારે જીવાજીવાદિ તત્ત્વોની શ્રદ્ધા થાય, શુદ્ધ મન્તવ્ય પ્રાપ્ત થાય, ત્યારે માનવું કે અનંતાનુબંધી ચોકડી તમે ઓળંગી. એ ચોકડીનું ઉલ્લંઘન થાય એટલે આ આત્મા અપ્રત્યાખ્યાનીય બીજી ચોકડીમાં પ્રવેશ્યો, અહીં જિનમાર્ગની શુદ્ધ માન્યતા સાંપડે, અહીં એક વાત ખ્યાલમાં રાખજો કે આ વાત વકીલ તરીકેની નથી. જિનેશ્વરદેવે આ રીતે જીવાજીવાદિ તત્ત્વો કહ્યાં છે, શાસ્ત્રકારના વકીલ તરીકે આ કથન નથી, પણ જોખમદારી અને જવાબદારીના સ્વીકાર-પૂર્વકનું આ કથન છે.

દુનિયાદારીની કોર્ટમાં કેસને અંગે જોખમદાર કે જવાબદાર વકીલ કે અસીલ?, કહો કે અસીલ. હુકમનામાનો માલિક પણ અસીલ, અને દંડ કે સજાનો ભોક્તા પણ અસીલ, વકીલને કાંઇએ લેવા દેવા નથી. અહીં પણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ તેના પ્રકારો સાથે બોલી જવામાં આવે, પણ આત્માને તેની અસર ન થાય, તો તે બોલવું વકીલ તરીકે છે, પણ કર્મને આવવાનાં કારણો સમજાય, તેની ભયંકરતાનો ખ્યાલ આવે ત્યારે માનવું કે એ માન્યતા અસીલ તરીકેની છે. બોલનારની આથી હું કિંમત ઘટાડું છું એમ ન માનતા. પણ આત્માને આશ્રવના ભયંકરપણાનો ખ્યાલ આવવો જોઈએ, એ તમને કહેવા ઇચ્છું છું. મિથ્યાત્વ–ઇંદ્રિયો–વિષયો–કષાયો–અવ્રત તથા યોગદ્વારા કર્મનું વળગણ વળગે છે. એ સમજાય, એની ભયંકર સ્થિતિ ખ્યાલમાં આવે, ત્યારે શ્રદ્ધા સમ્યક્ત્વની પ્રાપ્તિ મનાય.

## કથન, નિરૂપણ અને શ્રદ્ધા વચ્ચે ફેરક.

કથન, નિરૂપણ અને શ્રદ્ધા આ ત્રણમાં શું ફેરક છે તે ખ્યાલમાં લેવા જેવો છે. કથન–નિરૂપણ તો અભવ્ય પણ કરે. પરંતુ પૂજાવાની ઇચ્છાએ, મનાવાના મનોરથે કીર્તિની કામનાએ, દેવલોક કે રાજા

મહારાજાપણું કે ચક્રવર્તીપણું પ્રાપ્ત કરવાની ઈચ્છાએ અભવ્ય પણ શાસ્ત્રાનુસારી ઉપદેશ આપે. જેવું કથન તથા નિરૂપણ ભવ્ય કરે, તેવું જ અભવ્ય પણ કરે. ભવ્ય કે અભવ્યના મોક્ષમાર્ગ કથન-નિરૂપણમાં ફરક હોય નહિ. ધર્મનું જેવું ભવ્ય નિરૂપણ કરે તેવું અભવ્ય પણ નિરૂપણ કરે.

**પ્રભુશાસન એક અક્ષરની પણ ફેરફારી સહન કરે તેમ નથી.**

તમને પ્રશ્ન થશે કે અભવ્ય છેલ્લા એક જ મોક્ષતત્ત્વને માનતો નથી. છતાં મોક્ષની પ્રરૂપણા શા માટે કરે?

ઉ૦ કર્મક્ષય માટે પ્રબલ એવું આ જૈનશાસન એવું કોમળ છે, કે તે ઘટાડા વધારાના અંગે, ફેરફારીના અંગે, અભિપ્રાય ઉલટાવવાના અંગે, તેમજ એક અક્ષરની પણ ફેરફારી સહન કરવા તૈયાર નથી.

જમાલિનું દષ્ટાંત વિચારશો તો આ મુદ્દો તમને બરાબર સમજાશે. એક દષ્ટિએ જોઈએ તો જમાલિ ભગવાન મહાવીર મહારાજાથી ચઢિઆતા ગણાય.

તમે પૂછી શકો છો કે તે શી રીતે?

ભગવાને તો એકાકીપણે દીક્ષા લીધી હતી, ત્યારે જમાલિએ તો પાંચસે રાજકુમારો સાથે દીક્ષા લીધી હતી. જમાલિ કોણ? ભગવાનનો ભાણેજ અને પાછો જમાઈ. જમાલિની સ્ત્રીએ (ભગવાનની પુત્રીએ) હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી હતી. વિચારો કે આ રીતિએ દીક્ષિત થનારની છાયા કેવી પડે? પણ એક જ અભિપ્રાયમાં જુદો પડતાં જૈનશાસને તેને ખસેડી દીધા.

'कडेमाणे कडे' (कज्जमाणे कडे भग० सू० ३८६) તથા 'कडे कडे' ફક્ત **આટલા ફરકમાં શાસન બહાર.** ભગવાનનું મન્તવ્ય 'कडेमाणे कडे' અર્થાત્ જે કરવા માંડયું તે થઈ ગયું, જમાલિએ તે નહિ માનતાં નવું નિરૂપણ કર્યું કે 'कडे कडे' કહ્યું, અર્થાત્ કરાયા બાદ જ કર્યું કહેવાય. દુનિયાદારીની દષ્ટિએ કે ઉપલક દષ્ટિએ જોશો તો જમાલિનો નિર્ણય સાચો લાગશે, કેમકે કરવા માંડેલું તે વખતે સ્ખલના પણ પામે, ન પણ થાય, છતાં જરા ઊંડા ઉતરશો તો

તમને ભગવાનના મન્તવ્ય 'कडेमाणे कडे' સૂત્રની વાસ્તવિકતા સમજાશે, અને જમાલિનું માનવું મિથ્યા મનાશે

જે સમયમાં કેવળજ્ઞાનવરણીય કર્મોનો ક્ષય થાય તે જ સમયે કેવળજ્ઞાન માનો છો ને? શી રીતે? કયા સૂત્રે? સમયના કાળમાં ક્રિયાકાળ તથા નિષ્ઠાકાળ જુદા શી રીતે પડે?

વ્યવહારની અપેક્ષાએ શુભ પરિણામ થાય ત્યારે સંવર, નિર્જરા અને પુણ્યની પ્રાપ્તિ, તથા અશુભ પરિણામ થાય ત્યારે પાપબંધની પ્રાપ્તિ થાય છે. પરિણામની સાથે ક્રિયા પહેલાં જ પુણ્ય તથા પાપનો બંધ થાય છે ને?

ક્રિયાકાળ તથા નિષ્ઠાકાળ સમયની અપેક્ષાએ સાથે માનીએ તો જ તે ઘટી શકે. તેથી તો શ્રી ધર્મદાસગણિએ ઉપદેશમાળામાં કહ્યું છે કે.

'जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समये, सुहासुहं बंधए कम्मं ' ॥ गा० २४॥

જે સમયે જીવ શુભ કે અશુભ પરિણામમાં પ્રવેશ કરે તે જ સમયે તે પુણ્ય, પાપનો બંધ કરે છે. અર્થાત્ શુભ, અશુભ કર્મ બાંધે છે. જો ક્રિયાકાળ તથા નિષ્ઠાકાળ સાથે ન મનાય તો બંધ, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરેની વ્યવસ્થા પડી ભાંગશે. આથી સિદ્ધ છે કે જે સમયમાં કારણ તે જ સમયમાં કાર્ય. ભગવાને તેથી જ 'कडेमाणे कडे' કહ્યું.

જમાલિએ જરાક ફેરફાર કરી કહ્યું 'कडे कडे' બસ, આટલા જ ફરક માટે ભગવાનનો ભાણેજ અને જમાઈ છતાં, પાંચસે રાજપુત્રો સાથે દીક્ષિત થવા છતાં, જેની સ્ત્રી હજાર સ્ત્રીઓ સાથે દીક્ષિત થઈ હોવા છતાં પણ તેવાને ય આ શાસને બહાર ધકેલી દીધો. એક વચન પલટાવનારને પણ આ શાસનમાં સ્થાન નથી. તમે તો કહો છો ને કે 'એમાં શું?' પણ આ શાસનમાં 'એવું એમાં શું થઈ ગયું?' એ ચાલતું નથી.

અભવ્ય પ્રરૂપણા સાચી શાથી કરે છે? ભવ્યના જેવી પ્રરૂપણા શાથી કરે છે? તે તમને સમજાશે. અવળી પ્રરૂપણા કરનારને આ શાસન સંઘરતું નથી. શાસનની એવી જબ્બર નીતિ છે માટે. અભવ્ય

ભલે અંતરથી સંયમને, મોક્ષને ન માને, છતાંય તેને પ્રરૂપણા તો માર્ગની જ કરવી પડે. પ્રરૂપણામાં ભેદ પાડવાથી તેને જૈનશાસનમાં સ્થાન ન રહે, તેને સ્થાનભ્રષ્ટ થવું પડતું હોવાથી, અભવ્યને પણ પ્રરૂપણા પોતે ન માને છતાંયે નવે તત્ત્વોની કરવી પડે. ભવ્યની જેમ અક્ષરશઃ નિરૂપણ કરે છે.

અલબત્ત, અભવ્ય નિરૂપણ વકીલ તરીકે કરે છે, શાસ્ત્રકાર 'આ રીતે મોક્ષ વગેરે કહે છે' એમ અભવ્ય કહે છે ખરો, પણ એના પોતાના આત્માને એમાં લેવા દેવા લેશ પણ નથી.

**મોક્ષ એટલે શું ?**

આત્માની ઊંચામાં ઊંચી સ્થિતિ, આત્માની શાશ્વત્ સ્થિતિ, આત્માનો છેલ્લો વિસામો, જ્યાં હંમેશની સ્વતંત્રતા છે તેવું સ્થાન, કર્મની ડખલગિરિ તથા પુદ્ગલની દરમ્યાનગિરિ આપણને જે અત્યારે છે તે કદી જ્યાં ન હોય તેવું સ્થાન એક મોક્ષ જ છે.

કેટલાકો કહે છે કે મોક્ષમાં છે શું ? નહિ ખાવું, નહિ પીવું, નહિ પહેરવું ઓઢવું, ત્યાં સુખ કયું ? ભલા આદમી ! જરા વિચાર કે ખાવું પીવું વગેરે તો કર્મ તથા પુદ્ગલના કારાગારમાં જ છે. મોક્ષ એટલે તો ન તો કર્મની ડખલગિરિ કે ન તો પુદ્ગલની દરમ્યાનગિરિ.

**આ જીવની હાલત કઈ છે ?**

છ ખંડ, નવનિધાન, ચૌદરત્નના માલિક ચક્રવર્તીને ભાજી લાવવા માટે, પાઈ માટે કોઈની પળશી કરવી પડે એ દશા કેવી ગણાય ? તે જ રીતે આ આત્મા કેવો છે ? લોકાલોકના, સર્વકાળના, સર્વક્ષેત્રના, સર્વદ્રવ્યોના સર્વભાવને જાણવાનું સામર્થ્ય ધરાવનારો છે, પણ હાલ કઇ દશામાં છે ?

જીવ સંબંધી વિચારો તો જીવને કોણ નથી માનતું ? માત્ર જૈનો જ માને છે, અને બીજા નથી માનતા ? શૈવો, વૈષ્ણવો, મુસ્લિમો, ક્રીશ્ચિયનો જીવને માને છે. છતાં જૈનો શ્રદ્ધાવાળા, અને બીજાઓ શ્રદ્ધાવાળા નહિ તેનું કારણ ?

જૈનોની જેમ જીવને કેવલજ્ઞાનસ્વરૂપ કોઇ પણ ઈતરો માનતા નથી. કેવળજ્ઞાનાવરણીય કર્મોથી પોતાનું જ્ઞાન દબાયેલું છે, અને તેની

નિર્જરાથી કેવલજ્ઞાનમય આ જીવ થાય છે. તે રૂપે જૈનો વિના કોઈ પણ ઈતર દર્શનકારો માનતા નથી. સમ્યગ્દૃષ્ટિ આત્મા જીવને કેવલજ્ઞાન સ્વરૂપ માને છે, કેવલજ્ઞાન સ્વરૂપ એવો જીવ આજે કઈ દશામાં છે, તે જરા તપાસો. ઇંદ્રિયવિષયક જ્ઞાન તો કેવલજ્ઞાનના હિસાબે કેટલામા ભાગે ? અનંતમાભાગે છે. તેટલું જ્ઞાન પણ સીધું છે ? નહિ. સ્પર્શનું જ્ઞાન સ્પર્શનેંદ્રિય દ્વારા થાય છે, ગંધનું જ્ઞાન નાસિકા દ્વારા થાય છે, શબ્દનું જ્ઞાન કાન દ્વારા થાય છે, રસનું જ્ઞાન જીભ દ્વારા થાય છે, અને વર્ણનું જ્ઞાન નેત્ર દ્વારા થાય છે. કેવલજ્ઞાન સ્વરૂપ એવો આ જીવ આટલા જ્ઞાનનો કંઇ સીધો માલિક છે ? કહો ત્યારે તો જેમ ચક્રવર્તીને ભાજી સારૂ જોઇતી પાઈ માટે બીજાની પળશી કરવી પડે, એવું નહિ તો બીજું શું ? અહીં જ્ઞાનનો માલિક જીવ, ભોગવવાનો હક્ક પોતાનો છતાં ઇંદ્રિયો અને પુદ્ગલ મેનેજર અને રીસીવર છે. એ અનુકૂળ હોય તો જ આ જીવ ભોગવટો કરી શકે છે. આવું મોક્ષમાં નથી. ત્યાં કેવલજ્ઞાનનો ભોગવટો સીધો છે. ત્યાં કેવલજ્ઞાન કાયમ એક સરખું છે, ફેરફાર વગરનું, ન્યૂનતા વગરનું અને ન પલટાય તેવું છે. તેવુ જ ત્યાં કેવલદર્શન, વીતરાગપણું તથા અવ્યાબાધસુખ છે. મોક્ષમાં શું છે ? મોક્ષમાં અનંતુજ્ઞાન–દર્શન અવ્યાબાધ સુખ છે. મોક્ષનું સ્વરૂપ આ છે.

અભવ્ય પોતે મોક્ષ માનતો નથી, છતાં પ્રરૂપણા તો મોક્ષ માર્ગની–મોક્ષના સ્વરૂપની કરે છે માન્યતા ને પ્રરૂપણામાં ફરક છે તે સમજો. માન્યતા પોતાના જોખમે છે, જ્યારે પ્રરૂપણા તો શાસ્ત્રકારના નામે હોય છે.

## શ્રદ્ધાની નિશાની

આશ્રવ ભયંકર છે અને સંવર સુંદર છે; બંધ દુઃખદ છે અને નિર્જરા સુખદ છે; પુણ્ય સુખ આપે છે, સદ્ગતિમાં લઈ જાય છે, પાપ દુઃખ આપે છે દુર્ગતિમાં લઇ જાય છે, અને નિર્જરા–કર્મરહિત કરે છે. મોક્ષમાં શાશ્વતું સુખ છે, મોક્ષ જ આત્માનું સ્થિર સ્થાન છે. આ તમામ જ્યારે આ આત્મામાં પરિણમે ત્યારે શ્રદ્ધા થઈ–સમ્યક્ત્વ સાંપડયું એમ સમજવું. અને ત્યારે માનવું કે તમારી અનંતાનુબંધીની ચોકડી ગઈ–ખતમ થઈ.

**બાકીની ત્રણ ચોકડી ક્યારે જાય?**

આશ્રવને રોકવા યોગ્ય ગણી અંશે પણ રોકવા તૈયાર થાઓ ત્યારે માનવું કે અપ્રત્યાખ્યાનીય કષાયની બીજી ચોકડી ખસી. એ બીજી ચોકડી ખસે ત્યારે એવી બુદ્ધિ જાગે. સર્વ આશ્રવોને રોકવા તૈયાર થશો ત્યારે માનવું કે પ્રત્યાખ્યાનાવરણીય કષાયની ચોકડી નાઠી, અને જ્યારે પરિણામ મેરુ જેવા અવિચળ બને. ગમે તેવા પરિસહ કે ઉપસર્ગમાં, ગમે તેવા હર્ષમાં કે શોકમાં, મનથી લેશ પણ અર્થાત્ રૂંવાડે પણ તેની અસર થાય નહિ, ત્યારે માનો કે સંજ્વલન નામની ચોકડી દૂર થઈ. પ્રથમ અનંતાનુબંધીની ચોકડી માટે તો પ્રથમ જ જોઈ ગયા કે તે શુદ્ધ મન્તવ્યને–સમ્યક્ત્વને રોકે છે. સમ્યક્ત્વ, શ્રદ્ધા, શુદ્ધ મન્તવ્ય પ્રાપ્ત થાય, એટલે માનો કે અનંતાનુબંધીની ચોકડી ગઈ.

**સરહદો ઓળંગવાથી થતા લાભો**

મોક્ષમાર્ગમાં જતાં આ ચાર કષાયો સરહદ રૂપ ખીલા છે. આ ખીલાઓ પરિસ્થિતિની માહિતગારી આપે છે.

(૧) અનંતાનુબંધી ચોકડીના ખીલાની સરહદનું ઉલ્લંઘન કરો એટલે શુદ્ધ માન્યતામાં પ્રવેશ કર્યો એમ મનાય.

(૨) અપ્રત્યાખ્યાની ચોકડીના ખીલાની સરહદનું ઉલ્લંઘન કરો એટલે દેશવિરતિની પ્રાપ્તિ થાય.

(૩) પ્રત્યાખ્યાનાવરણીય ચોકડીના ખીલાની હદનું ઉલ્લંઘન કરો એટલે સર્વવિરતિની પ્રાપ્તિ થાય.

(૪) સંજ્વલન ચોકડીના ખીલાની હદનું ઉલ્લંઘન કરો એટલે પરિણામ મેરુ જેવા અડગ બને અને વીતરાગપણું પ્રાપ્ત થાય.

આ ખીલાઓ તે સરહદઉલ્લંઘનની પરિસ્થિતિને જાહેર કરે છે.

હવે મૂળ વિષય પર આવો. સર્વથા વિષયોનો ત્યાગ કરવા પરિગ્રહ ત્યાગ કરવા આત્મા તૈયાર થાય, ત્યારે પચ્ચક્ખાણ પ્રાપ્ત થાય. પ્રત્યાખ્યાનાવરણીય કષાય જાય ત્યારે તેનો લાભ થાય. કારણ કાર્ય સંબંધ સમજી લ્યો.

**સંવત્સરીઆદિ પર્વનો હેતુ તથા પર્વ સામુદાયિક શા માટે?**

હવે ચોકડીની ઓળખાણ સ્થિતિથી સમજો. અનંતાનુબંધી

કષાય યાવજ્જીવ રહે, પણ જો એ ચોકડી ખસી હોય તો તે થયેલો કષાય વર્ષથી વધારે ટકે નહિ. હવે સાંવત્સરિક પ્રતિક્રમણનો હેતુ સમજાશે. અનંતાનુબંધીમાં ન જવાય માટે આ પ્રતિક્રમણ છે. પ્રશ્ન થશે કે તો પછી બધાને માટે એક જ દિવસ નક્કી કેમ રાખ્યો? દરેક મનુષ્ય જેમ પોતપોતાની જન્મગાંઠ જુદે જુદે દિવસે ઉજવે છે, તેમ પ્રતિક્રમણમાં કેમ ન રાખ્યું? સમાધાન એ જ છે કે વ્યક્તિગત દિવસ જુદો જુદો રહી શકે, પણ સમુદાય માટે તો એક જ દિવસ હોય. ત્યાં સુધી કહેવામાં આવેલું છે કે જો આ દિવસે સંવત્સરી ન કરે તો તેને કોહેલા પાનની જેમ સમુદાયથી કાઢી મૂકવો. માનો કે સંઘે સજાનો દિવસ નક્કી કર્યો છે. 'अज्जेव कक्खडे०' (कल्प० सामा० सू० ૬૧)

પર્યુષણાથી, બાર મહિના આગળના જૂના કલેશો-કષાયો તે દિવસે ખસેડવા માટેની મર્યાદાનો છેલ્લો સામુદાયિક દિવસ સંવત્સરી નક્કી કરવામાં આવ્યો. અનંતાનુબંધી ચોકડીથી બચવા માટે સંવત્સરી પર્વ છે.

સંવત્સરી પર્વ માત્ર કષાયની શાંતિ માટે જ છે એમ નહિ, પરંતુ તદુપરાંત અઠ્ઠમતપ, કલ્પસૂત્ર શ્રવણ, ચૈત્યપરિપાટી, ખામણા વગેરે આવશ્યકો પણ તેમાં કરવાનાં છે તે સામુદાયિક જ સુંદર બને, કે એકાકી તે સમજી શકાય તેમ છે.

### ચોમાસી પખ્ખી પર્વનો હેતુ

એ જ રીતિએ હવે ચોમાસીપર્વ માટે પણ સમજવું. ચાર મહિનાથી વધારે કષાયો ન ટકે. એ સ્થિતિ અપ્રત્યાખ્યાનીય ચોકડી ગયાથી થાય ફરી તેમાં ન પેસાય માટે ચાતુર્માસિક પ્રતિક્રમણમાં ખમાવવું વગેરે છે.

### પર્વ આરાધના ન કરનારને શિક્ષા

નક્કી કરાયેલી રીતિએ તે દિવસે પર્વારાધન નહિ કરનારા પ્રાયશ્ચિત્તને પાત્ર છે, દુનિયામાં જેને દંડ કે શિક્ષા કહેવામાં આવે છે. શાસ્ત્રકારે, ગુરુએ પ્રાયશ્ચિત્ત દેવાનું અને ધર્મીએ તે આચરવાનું.

ચોમાસી ત્રણ છેઃ કાર્તિકી, ફાલ્ગુની, તથા અષાઢી. ત્રણેય

ચાતુર્માસિક પર્વ આત્માને અપ્રત્યાખ્યાની કષાયથી રોકવા માટે છે. પ્રત્યાખ્યાની કષાયથી રોકવા પક્ખી પ્રતિક્રમણની યોજના તથા સંજ્વલનથી રોકવા દૈવસિક–રાઇ પ્રતિક્રમણની યોજના સમજી લેવી.

**આષાઢી ચાતુર્માસિક પર્વમાં વિશેષતા કઇ?**

જ્યારે કાર્તિકી, ફાલ્ગુની તથા આષાઢી ત્રણેય ચોમાસી પર્વ, એક જ હેતુ એટલે કે અપ્રત્યાખ્યાનીય ચોકડીથી બચાવવા માટે છે, આષાઢી ચોમાસીનું મહત્ત્વ વધારે કર્યું તે સમજો. જૈનશાસ્ત્રકારોએ કાળનો વ્યવહાર ચોમાસીથી જ રાખ્યો છે. એ તો પ્રતિવર્ષ કલ્પસૂત્ર શ્રવણ કરનારના ખ્યાલમાં હશે જ.

એમ તો ઋતુ છ છે. અયન બે છે. શાસ્ત્રકારે વાર્ષિક–સાંવત્સરિક પ્રતિક્રમણ પછી આયનિક–ષાણ્માસિક પછી છ ઋતુના હિસાબે ઋતુ સંબંધી દ્વિમાસિક, એમ પ્રતિક્રમણ ન રાખતાં ચાતુર્માસિક પ્રતિક્રમણ કેમ રાખ્યાં? કારણ કે શિયાળો, ઉનાળો, ચોમાસું એવા ત્રણ વિભાગની જ શાસ્ત્રકારની યોજના છે. સંવત્સરી પર્વ પ્રસંગે જેમ તપમાં અટ્ઠમનું વિધાન છે, તેમ જ ચાતુર્માસિક પ્રસંગે છટ્ઠનું વિધાન છે. અને તે ન કરે તેને માટે પ્રાયશ્ચિત્ત છે.

આષાઢી ચોમાસીનું મહત્ત્વ શાથી એ વિચારીએ. જૈનો હંમેશાં વિરાધનાથી ડરે, સમ્યક્ત્વ પામ્યો કે એ આત્મા પ્રથમ જ વિરાધનાથી ડરતો થાય. જીવની હિંસાથી, જીવની વિરાધનાથી ડરવું એ જ સમકિતીનું–જૈનનું લક્ષણ.

મહાવ્રતો તો પાંચેય સરખા છે છતાં પ્રથમ મહાવ્રત **અહિંસાનું** છે. **धम्मो मंगलमुक्किट्ठ** (दशवैका० गा० १)ની ગાથામાં પણ **दयाणि संजमो तवो** ન કહેતાં **अहिंसा संजमो तवो** કહ્યું છે. પક્ખીસૂત્ર વિષે ધર્મના લક્ષણમાં **અહિંસાને** જણાવી. સમ્યક્ત્વના લક્ષણમાં અનુકંપા છે. આથી સમજાશે કે જૈનોનું ધ્યેય જ **અહિંસા** છે. જીવની વિરાધનાનો ડર એ જ જૈનોને પ્રથમ ધર્મસ્થાન છે. જીવવિરાધનાનો ત્યાગ મુખ્ય છે. એ જીવવિરાધના આષાઢી ચોમાસામાં કેવી અને કેટલા પ્રમાણમાં સાચવવી મુશ્કેલ થાય તે સમજાય તેમ છે. અન્ય ઋતુમાં પણ સામયિક બે ઘડીનું અને આ ઋતુમાં પણ બે ઘડીનું, તે જ રીતે પૌષધાદિ

છે. તેમાં સમય મર્યાદામાં ફરક નથી, પણ એટલા જ સમયમાં– કાળમાં ચોમાસા વિષે કેટલી વિરાધનાથી બચાય તે પોતે જ વિચારી લ્યો. જ્યાં જોશો ત્યાં લીલ–ફુલ–અનંતકાય–અનંતી જીવાત. આ બધાની વિરાધનાથી આ પર્વમાં વધારે બચવા યોગ્ય કાળ છે. અને અન્ય ચોમાસી પર્વની ક્રિયા, એય ધર્મક્રિયા હોવા છતાં આષાઢી ચોમાસામાં તે ધર્મક્રિયા વિરાધનાથી વધારે પ્રમાણમાં બચાવે છે.

કર્મોદયે જો વ્રત ન લઇ શકો તોપણ વિરાધનાથી તો ડરો. જીવવિરાધનાથી ન ડરે તે જૈન શાનો? અને ચોમાસામાં તો વિરાધના પાર વિનાની થાય તેમ છે, માટે આષાઢી ચોમાસી પર્વની મહત્તા વધારે વિરાધનાથી બચાવવામાં છે,

## દેવ પોઢયાની વ્યાખ્યા

શ્રીકૃષ્ણજી માટે જૈનદર્શન શું કહે છે? એ વાસુદેવ હતા, અવિરતિ, અપચ્ચખ્ખાણી હતા. એમને જેઓ પરમાત્મા માને છે, તેવા ઇતરો શું કહે છે તે સમજો. એટલે આ ચોમાસી પર્વનું ધ્યેય આપોઆપ સમજાશે, ઇતરોમાં કોઈએ કૃષ્ણજીને અવિરતિ વગેરે તરીકે ઓળખાવ્યા નથી. વિરતિ, અવિરતિ, અપચ્ચખ્ખાણી વગેરે શબ્દો તો જૈનોની પરિભાષાના છે. ઇતરો કૃષ્ણજીને લીલાવાળા માને છે, મનાવે છે. લીલામાં જ લીન ગણાવે છે. કોઇ ગોસાઈજી કાળ કરે તો તેઓ શું કહે છે? ત્યાગ વિસ્તારી ગયા કહે છે? ના, ત્યાગ હોય તો કહે ને, ત્યારે કહે છે શું? 'લીલા વિસ્તારી ગયા' આષાઢ શુદિ અગિયારસને દેવપોઢી એકાદશી કહે છે, તેનું રહસ્ય સમજો.

ભલે શ્રીકૃષ્ણજી અવિરતિ હતા, અપચ્ચખ્ખાણી હતા, છતાં પણ વિરાધનાથી ડરનારા તો હતા જ, તેથી આ ચોમાસાના ચાર માસ માટે તેમણે એક નિયમ રાખેલો કે 'દરબાર ભરવો નહિ.' 'ઓલામાં પગ અને ચૂલામાં માથાવાળી' આજની વ્યક્તિ પોતાની ઉપાધિને પારાવાર ગણાવે છે, તો ત્રણ ખંડના સ્વામી સોળ હજાર મુકુટબદ્ધ રાજાના અધિપતિને ઉપાધિનો પાર હશે? છતાં આ ચોમાસામાં થતી વિરાધનાની પરાકાષ્ઠાથી બચવા દરબાર ભરવાનો પ્રતિબંધ મૂકયો. આ વાતને આડકતરી રીતે ઇતરોએ કબૂલ કરી છે કે "દેવ પોઢી ગયા."

શું દેવને ચાર માસ સુધી પોઢવાનું ઉંઘવાનું હોય? પણ 'લીલા' માનનારથી બીજું બોલાય તેમ નથી એટલે 'દેવ પોઢયા' કહી દીધું. જેઓને રાજસ્થાનનો પરિચય હશે તેઓને માલૂમ હશે કે, રાત્રે ભરાયેલા દરબારમાં દશ વાગે નિયમિત સમયે રાજા રાણીવાસમાં જાય, એટલે દરબાર પોઢી ગયા એમ કહેવાય છે. ભાષાનો પ્રયોગ આવો થાય છે. આથી દરબાર કાંઈ તરત સૂતેલા કે ઉંઘેલા હોતા નથી. દરબાર ભલે રાત્રિના બે વાગ્યા પર્યંત જાગતા હોય, પણ દરબારમાંથી ઉઠીને રાણીવાસમાં એટલે કે જનાનામાં પેઠા કે 'દરબાર પોઢયા' એમ જ કહેવાય છે. અને ઉઠવાના ટાઈમે ભલે ન પણ ઉઠયા હોય તોયે, 'ઉઠયા' કહેવાય છે, સવારે ચોઘડીઆ વાગે એટલે 'ઉઠયા'. કૃષ્ણજી માટે પણ એ જ રીતિએ અષાડ શુદિ ૧૧ ના દિવસે 'દેવ પોઢી ગયા' કહેવામાં આવે છે અને કારતક શુદિ ૧૧ ના દિવસે 'દેવ ઉઠયા' કહેવામાં આવે છે. વિચારશો તો સમજાશે કે વિરાધનાના ડરથી શ્રી કૃષ્ણજીએ દરબાર પર મૂકેલો પ્રતિબંધ, ચાતુર્માસિક પ્રતિબંધને આડકતરી રીતિએ ઇતરોએ પણ કબુલ્યો છે.

## ચૌદશને બદલે અગિયારશ કેમ?

આપણે જોઈ ગયા કે શ્રી કૃષ્ણજી અવિરતિ, અપચ્ચખ્ખાણી હતા. નિયમ ન હતો છતાં પણ વિરાધનાનો ડર હતો. ત્રણ દિવસ પહેલાં વિરાધના વર્જવાનો હેતુ તેમ યાત્રાગમન શાસનપ્રભાવનાદિ કાર્યમાં પ્રવૃત્તિ આદિનો હેતુ પણ એમાં હોય.

આપણો મુદ્દો એ છે કે શ્રી કૃષ્ણજી વાસુદેવ હતા, પારાવાર ઉપાધિથી યુક્ત હતા. અવિરતિ, અપચ્ચખ્ખાણી હતા. છતાં વિરાધનાના ડરથી જરૂર ડરતા. આ ચોમાસામાં અનિવાર્ય પારાવાર વિરાધનાથી બચવા માટે ચારે માસ દરબાર ભરવાનું એમણે મોકૂફ રાખ્યું હતું, આમ આપણે પણ કરી શકીએ તેમ હોવા છતાં વ્રતપચ્ચકખાણ ન કરીએ, નિયત કાર્યો ન કરીએ, વિરાધનાથી ન અટકીએ તો આપણી સ્થિતિ કઈ?

## અષાઢી ચોમાસીનો મુખ્ય હેતુ 'વિરાધનાનો પરિહાર.'

'वासावासाणं०' (कल्प० सामा० सू० १) વગેરે કહીને શાસ્ત્રકારોએ

આષાઢી ચતુર્દશીને મહત્ત્વ આપ્યું છે, સાધુઓને શાસ્ત્રકારે માસકલ્પ, અપ્રતિબદ્ધ વિહારી કહ્યા છે, છતાં પણ આષાઢી ચૌદશ પછી તેમને માટે પણ ચાર માસ ઉપવાસાદિતયુક્ત રહીને એક જ સ્થળે રહેવાનો નિયમ કેવળ વિરાધનાના પરિહાર માટે છે. સાધુઓ તો જેમ વિહાર કરે તેમ તેમ અધિક ધર્મોદ્યોત થાય તેના ભોગે પણ માસકલ્પ છોડી ચાર માસ એક જ સ્થળે નિયત રહે. એમાં મુખ્ય હેતુ વિરાધનાના પરિહારનો જ છે. જ્યારે સાધુ માટે આ નિયમ તો તમારે માટે શું? તમારે અધર્મને છોડવા તૈયાર થવું છે કે નહિ? વિરાધનાના પરિહાર માટે જ આ આષાઢી ચાતુર્માસિક પર્વનું મહત્ત્વ વિશેષથી છે.

સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, શ્રી જિનેશ્વરદેવનું નિત્ય પૂજન વિલેપન. બ્રહ્મચર્ય, દાન, શીલ, તપ વગેરે ધાર્મિક ક્રિયાઓ ચાતુર્માસમાં કરવાથી વિરાધનાથી થતા બચાવના પ્રમાણમાં અધિક લાભ આપે છે. એ જ રીતિએ વિષયકષાયનો ત્યાગ એ પણ કર્ત્તવ્ય છે. અપ્રત્યાખ્યાની ચોકડીમાંથી બચવા માટે ચાતુર્માસિક પર્વની આરાધના છે અને તેમાં વિશેષતઃ વિરાધનાથી બચવા માટે આષાઢી ચાતુર્માસિક પર્વની આરાધના છે.

## અર્થ કામ ત્યાજ્ય, મોક્ષ સાધ્યધર્મ કે સાધન?

આત્મા જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણીય ચોકડીના ઉદયવાળો છે, ત્યાંસુધી અર્થ, કામની જપમાળા જપ્યા જ કરે છે. દુન્યવી બોલીમાં કહીએ તો રમા, રામાનો જ જાપ જપ્યા કરે છે. એ ચોકડી ખસે એટલે અપ્રત્યાખ્યાનાવરણીય ખસે, પછી એ જાપ ન હોય.

જ્યાં સુધી રમા રામાને માને ત્યાં સુધી તે મેળવવા, તેની વૃદ્ધિ કરવા પુરુષાર્થ કરે, માટે દુનિયાદારીને માનનારાઓ તેને પુરુષાર્થ કહે છે.

અર્થ, કામ, ધર્મ અને મોક્ષને કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પુરુષાર્થ નહિ ગણાવતાં વર્ગમાં ગણાવે છે. તે આપણે જોઈ ગયા. અર્થ કામ કર્મવિકારના ઘરના છે. આ વિભાવ દશા છે. અને ધર્મ અને મોક્ષ આત્માના છે. આ સ્વભાવ દશાના છે. તેથી ધર્મ, મોક્ષ તે જ ઉપાદેય છે. વિવેકીએ કદી નહિ તજવા યોગ્ય છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાને યોગશાસ્ત્રમાં **चतुर्वर्ग** કહ્યું છે. પણ **चतुरर्थ** નથી કહ્યું. આ ચાર વર્ગમાં સાધ્ય મોક્ષ છે. પ્રશ્ન થશે કે 'ધર્મ' સાધ્ય કેમ નહિ? 'અર્થ' તથા 'કામ' તો કર્મના વિપાકને આપનાર હોય, વિભાવ દશારૂપે હોઈ સાધ્ય નહિ, તે તો બરાબર, પણ 'ધર્મ' કેમ સાધ્ય નહિ? આગળ, સભામાં કહેવામાં આવ્યું છે કે–ધર્મ ત્રણ પ્રકારે છે: ૧. સ્વરૂપ ધર્મ ૨. અનુષ્ઠાન ધર્મ ૩. વિચાર ધર્મ. અનુષ્ઠાનધર્મ તથા વિચાર ધર્મ સાધન રૂપે છે. હોડી, નાવડી, ગાડીનો ખપ ક્યાં સુધી? ગામ કે ધારેલા સ્થળે પહોંચાય ત્યાં સુધી. ત્યાં પહોંચ્યા પછી હોડી, નાવડી કે ગાડીને કોઈ ખભે વળગાડે ખરો? નહિ જ. ત્યારે તે સાધન છે પણ સાધ્ય મોક્ષ, માટે અનુષ્ઠાન ધર્મ તથા વિચારધર્મ એ મોક્ષ પામવા માટે સાધન છે. ચાર વર્ગમાં સાધ્ય વર્ગ માત્ર મોક્ષ જ છે. સ્વરૂપ ધર્મ તો ઉપાદન છે. ઘડામાં, મુકુટમાં સુવર્ણ એક જ સ્વરૂપવાળું છે. સ્વરૂપ ધર્મ એટલે આત્માની નિર્મલતા.

**શ્રી ઉમાસ્વાતિ વાચકજી કહે છે કે—**

**सम्यग्दर्शनज्ञानचरित्राणि मोक्षमार्गः (तत्त्वा० सू० १)**

મોક્ષમાર્ગના સાધન તરીકે, મોક્ષે જવાના માર્ગ તરીકે, સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર ને સાધાન જણાવ્યાં છે.

**ધર્મની બુદ્ધિ છતાં, આચરવામાં આવતો ધર્મ સમ્યગ્ ધર્મ ન હોય તો વિઘાતક છે.**

કોઈ દર્શન એવું નથી, કોઇ મત એવો નથી, કોઈ શાસન એવું નથી, કોઈ ધર્મ એવો નથી, કે જેમાં અનુષ્ઠાન ધર્મ તથા વિચાર ધર્મ ન હોય–તેને સ્થાન ન હોય. અહીં આ દર્શનમાં તો એ જ વાત મુખ્ય છે કે–

'मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखित' (योग० शा० प्र: ४, ११८) કોઈ જીવ પાપ ન કરો! સર્વ જીવ મોક્ષ પામો. તાત્પર્ય કે અનુષ્ઠાનધર્મ તથા વિચારધર્મ તો તમામ મતોમાં છે તે વિના તો મત કે સંપ્રદાય ચાલે શી રીતે? શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા ફરમાવે છે કે–

**सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिः नरैः ।**
**अन्यथा धर्मबुद्ध्यैव तद्विघातः प्रसज्यते ॥** (अष्ट, २१ श्लोक, १)

બુદ્ધિ ધર્મની હોવા માત્રથી ધર્મ થતો નથી. બુદ્ધિ ધર્મની છતાં, તે ધર્મ ન પણ હોય, અધર્મ હોય તેને માની આચરણ થાય તો તે ધર્મવિઘાતક છે. એ વસ્તુ સમજાવવા નીચેનું દૃષ્ટાંત ઉપયોગી છે:–

એક રાજા જંગલમાં ફરવા ગયો છે. ત્યાં તેણે એક ભૂલા પડેલા અંધ મુસાફરને કુવામાં પડેલો જોયો. આ મુસાફર ભૂખ તથા તરસથી પીડાતો હતો. રાજાએ ઉપકાર કરવા માટે તેને કૂવામાંથી બહાર કાઢયો, તે, ભૂખ્યો હોવાથી તેને ખાવા આપ્યું, તે તરસ્યો હોવાથી તેને જલ આપ્યું, ઔષધિના યોગે તેને દેખતો કર્યો, અને માર્ગ પણ બતાવ્યો. પેલો મુસાફર મનમાં વિચારે છે કે લેશ પણ ઓળખાણ વગર આ રાજાએ મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે, તેનો બદલો ન વાળું તો હું મનુષ્ય શી રીતે ગણાઉં ? જૈનમાં અને જૈનેતરમાં એક બીજો ફરક પણ સમજવા જેવો છે. જૈનેતરો વાતવાતમાં ભગવાનના ઘેર ધામા નાખે છે, દુઃખ આવે તોયે કહે: "ભગવાને આપ્યું" કાંઈ ઇચ્છા હોય તોય "હે ભગવાન ! તું આપ!" જૈનો એ રીતિએ ભગવાનને વળગતા નથી. જૈનો તો ભગવાનને મોક્ષ માટે માને છે. સુખદુઃખની પ્રાપ્તિમાં તો કારણભૂત કર્મ જ માને છે. પેલા અંધ મુસાફરે પણ આ ન્યાયે ભગવાનને પ્રાર્થના કરી કે "હે ભગવાન! મારે ઉપકારનો બદલો વાળવાનો છે. માટે એ રાજાને તું અંધ બનાવ, ભૂલો પાડ, કૂવામાં પાડ, ભૂખ્યો અને તરસ્યો રાખ, અને પછી મને ત્યાં પહોંચાડ એટલે હું ત્યાં પહોંચી ઉપકારનો બદલો વાળું. અને તેને દેખતો બનાવી શકું, તેને અન્ન, જલ આપી શકું તથા માર્ગે ચઢાવી શકું, એવી સ્થિતિવાળો હે ભગવાન! મને બનાવી દે." વિચારો કે આ મુસાફરની બુદ્ધિ ઉપકારની જ છે પણ પરિણામ કયું ? **अंगेष्वेव जरा यातु०** (अष्टक० २१)

કોઈ વૃદ્ધ, યુવાને કરેલા ઉપકારનો બદલો વાળવા એમ ઇચ્છે કે–"તું વૃદ્ધ થા, નબળો થા. તો મને તારા ઉપકારનો બદલો વાળવાની તક મળે." ઉપકારની આવી ભાવનાનું પરિણામ કયું ?

એ જ રીતે બુદ્ધિ ધર્મની હોય, કરાતા આચરણમાં બુદ્ધિ ધર્મની હોય, એટલે કે અનુષ્ઠાન ધર્મ તથા વિચાર ધર્મ હોય પણ તેમાં જો સ્વરુપે ધર્મ ન હોય તો તે ધર્મવિઘાતક છે. બુદ્ધિ તો ધર્મની જ હોવા છતાં ત્યાં ધર્મનો નાશ થાય છે. જ્યાં મોક્ષ મનાય નહિ ત્યાં અનુષ્ઠાન, વિચારાદિ ધ્યેય અલગ હોઈ ખોટા છે, ઘાતક છે માટે ધર્મની વિચારણામાં સાવચેતીની આવશ્યકતા છે.

**આર્ય-અનાર્યનું સામાન્ય લક્ષણ:**

જગતમાં 'ધર્મ' એક એવો શબ્દ છે કે જેને તમામ આર્ય પ્રજા ઈચ્છે છે. આર્ય ગણાતી તમામ પ્રજા ધર્મને જ ઈષ્ટ ગણે છે. આર્ય પ્રજાને 'ધર્મ કરવા લાયક છે' એ માટે ઉપદેશની જરૂર હોતી નથી. આ વ્યવહારને ઉદ્દેશીને તો શ્રી નિર્યુકિતકારે અનાર્યનું લક્ષણ જણાવતાં કહ્યું કે જેને સ્વપ્ને પણ 'ધર્મ' એવો અક્ષર કાને પડયો ન હોય તે અનાર્ય. પન્નવણાજીમાં, અને તત્ત્વાર્થમાં આર્ય-અનાર્યનું લક્ષણ ક્ષેત્રની, કુલની, શિલ્પની, ભાષાની, જ્ઞાનદર્શનચારિત્રની, શાસ્ત્રીય આચાર વિચારની અપેક્ષાએ કહ્યાં, પણ નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ તો ઉપરોક્ત વ્યવહારને અનુલક્ષીને અનાર્યનું લક્ષણ જણાવી દીધું કે-'જેને સ્વપ્ને પણ 'ધર્મ' એવો અક્ષર કાને પડયો ન હોય તે અનાર્ય.' આર્ય પણું ધર્મને અંગે છે, અને અનાર્યપણું ધર્મના અભાવને અંગે છે. પ્રસંગે આટલું કહ્યા પછી મૂળ મૂદ્દે આવો. માત્ર 'आ' એમ ટૂંકે ન પતાવી 'आर्य' કેમ કહ્યું ? શ્રી હરિભદ્રસૂરીશ્વરજીમહારાજા ફરમાવે છે કે नामानिमित्तं तत्त्वं० (ષોડ૦ ૧૨ શ્લો૦ ૮ મનુષ્યો વિચારપૂર્વક જે નામ સ્થાપે તેમાં નામ નિમિત્ત તત્ત્વ છે.

## શ્રાવક એટલે ? શ્રવણનો સદુપયોગ કરે તો ફળે. દુરુપયોગ કરે તો દુર્ગતિ મળે !

શાસ્ત્રકારે જ પ્રશ્ન કર્યો છે કે શ્રાવક એટલે ? અને તેમણે જ સ્વયં ઉત્તર આપ્યો કે 'शृणोतीति श्रावकः' સાંભળે-શ્રવણ કરે તે શ્રાવક. આ અર્થ વ્યુત્પત્ત્યર્થ છે. નિર્યુક્તિકારે તો શ્રદ્ધા, વિવેક અને ક્રિયાવાળો હોય તે શ્રાવક. વ્યુત્પત્તિ અર્થ-'સાંભળે તે શ્રાવક.' આવું કહ્યું છે. ત્યારે શું સાધુઓ બહેરા છે ? તેઓ સાંભળતા નથી ? ઢોર

ઢાંખર, અન્ય પંચેંદ્રિય પ્રાણીઓ સાંભળતા નથી? જેને જેને કાન હોય તે બધાય સાંભળે છે, તો એના ખુલાસામાં જણાવાયું કે–

**'परलोयहियं सम्मं जो जिणवयणं सुणेइ उवउत्तो ।**
**अइतिव्वकम्मविगमा सुक्कोसो सावगो एत्थ' ॥ पंचाशक गा. २ ॥**

માત્ર સાંભળે તે શ્રાવક એમ નહિ, પણ શ્રીજિનેશ્વરદેવના વચનને ઉપયોગપૂર્વક સાંભળે–શ્રવણ કરે તે શ્રાવક. શ્રવણ કરનારના પણ પ્રકાર હોય છે, અનેક પ્રકારે શ્રવણ થાય. શ્રોતા અનેક પ્રકારના હોય છે. કયો શ્રોતા લાભ મેળવે એ દર્શાવનાર બે મિત્રોનું એક દૃષ્ટાંત........

કેવલી મહારાજા પાસે બે મિત્રો આવ્યા. બે ય ધર્મી હતા. જે કોઈ સામાન્ય ધર્મી હોય તે એટલું તો સમજે કે જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ એ તમામ જ્યાં ન હોય એવું સ્થાન ચૌદરાજલોકમાં એક જ છે. અને તે માત્ર મોક્ષ જ. તેથી સમકિતીમાત્રનું સાધ્ય શું હોય? મોક્ષ જ.
દર્શન સૂત્રકારે કહ્યું मोक्खं (विं० विं० ५, गा ११)

મોક્ષ વિના બીજા કશા માટે સમકિતીની પ્રાર્થના ન હોય. કેમકે બીજે તો સર્વત્ર જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, ઉપાધિ, હર્ષ, શોક, રોગ, બધું છે જ. એટલે સમકિતીની પ્રાર્થના મોક્ષની જ હોય કેમકે તેનું મન મોક્ષમાં જ રમતું હોય.

દુનિયામાં કહેવત છે કે–'સુથારનું મન બાવળીએ' સુથાર રસ્તે ચાલ્યો જતો હોય, તે વૃક્ષ જોઈ તરત ચિંતવે કે 'આનો પાટડો સારો થાય, આનો થાંભલો સારો થાય' વગેરે. યદ્યપિ તેને ખેતરના કે વૃક્ષના કે કાષ્ઠના માલિકની પડી નથી, તથાપિ તેની ચિંતવના તેના મનમાં રમી રહેલી વસ્તુના આધારે જ છે. પેલા વૃક્ષનું શું થશે? ખેતરનો માલિક શું કરશે, તે ન ચિંતવે પણ સુથાર તો એ જ ચિંતવે. તેમ મોક્ષ યદ્યપિ દૂર છે,તથાપિ સમકિતીનો મનોરથ મોક્ષ સિવાય બીજો કયો હોય?

આ બેય મિત્રો હતા, સમકિતી હતા, ધર્મી હતા એટલે એમનો પ્રશ્ન પણ બીજો કયો હોય? 'અમે મોક્ષે ક્યારે જઈશું' બેય મિત્રોનો આ એક જ પ્રશ્ન હતો. અતીંદ્રિય જ્ઞાની પુરુષ પાસે અન્ય પ્રશ્ન કયો હોય? મેળવવાનું અતીંદ્રિયજ્ઞાન અર્થાત્ મોક્ષ મેળવવા વિષયક જ્ઞાન હતું, માટે આ પ્રશ્ન કર્યો કે–"અમારી મુક્તિ ક્યારે થશે?" કેવલી

ભગવાને અ ને કહ્યું કે–'તારો મોક્ષ સાતમાભવે થશે' આ ને કહ્યું 'તારો મોક્ષ અસંખ્યાતભવે થશે. બન્ને ઘેર ગયા.

હવે બરાબર લક્ષ દઈ સાંભળો, અને તત્ત્વ વિચારો. પેલા સાત ભવવાળાએ વિચાર્યું કે–"યદ્યપિ મેરૂગિરિ ચલાયમાન થાય, સૂર્ય પશ્ચિમે ઉગે, ચંદ્રમાંથી અગ્નિ ઝરે, આ બધું ન બનવાનું કદાચ બને, તથાપિ કેવળીભગવાનના વચનો પલટાતાં નથી, માટે હવે મારા કાંઈ સાત ભવના આઠ ભવ થવાના નથી, તેમ છ પણ થવાના નથી, હું ભલેને ગમે તેવું પાપ કરૂં તોયે ભવ તો સાત જ છે. ગમે તેવો ધર્મ કરૂં તોયે ભવ તો સાત જ ને. તો પછી શું કામ ભોગવટો ન કરવો? પેલો ધર્મી શ્રવણના આવા ઉપયોગથી પતન પામ્યો. રસ્તે ચાલતાં પડે તેનો પગ છોલાય કે મચકોડાય પણ મેડેથી પડે તેનું તો માથું ફૂટે. એ રીતે ધર્મી જ્યારે પતિત થાય ત્યારે અધર્મીને પણ વટલાવે તેવો થાય, સામાન્ય માણસ સામાન્ય પ્રકારે પતિત થાય. તે તો એવો પડ્યો, તેણે એવી તો પ્રવૃત્તિ કરી કે સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. મરીને સાતમી નરકે ગયો. સાતમીનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું? ૩૩ સાગરોપમનું. કેવલીભગવાનનાં વચન સાંભળવા છતાં તેનો દુરૂપયોગ કરવાનું ફળ આ. એને જેવું કેવલીએ 'સાત જ ભવ કહ્યા છે' એમ વિચાર્યું, તેમ ધર્મથી જ 'સુખ, કલ્યાણ, સુગતિ છે' એ પણ કેવલીનાંજ વચન છે એ ન વિચાર્યું.

પેલા આ એ વિચાર્યું કે, 'મેરૂ ચલે, સૂર્ય પશ્ચિમે ઉગે, ચંદ્ર અગ્નિ વરસાવે, તો પણ કેવલીનાં વચન અન્યથા ન થાય' માટે મારા અસંખ્યતાભવ થવાના એ તો નક્કી, પણ સાથે તેણે એ પણ વિચાર્યું કે–"ધર્મથી સુખ, કલ્યાણ, સુગતિ, અધર્મથી દુઃખ દુર્ગતિ' એ પણ કેવલીમહારાજનાં જ વચન છે અને તે પણ અન્યથા નથી જ. પેલા સાતભવવાળા અ એ આ વિચાર ન કર્યો. ધર્મની દૃષ્ટિ સીધી જોઈએ. આ તો બારવ્રતધારી બન્યો, સંલેખણા કરી, છેલ્લે અનશન લીધું. છેવટે બન્યું શું? ખૂબ તરસ લાગી તે વખતે આંગણામાં ઉગેલી બોરડીના વૃક્ષની ડાળી પરનાં પાકાં લાલચોળ બોર પર નજર ગઈ. દુનિયામાં ઘરના આંગણે કુતરાના કરડવાની શંકાએ તથા ચોર ગણાઈ મરવાની શંકાએ બોરડી વાવવાની મનાઈ છે. બોરડીમાં પાઘડી ભરાય

એ દશ્યથી શ્વાન ભસે કે કરડે. લોકો ચોર માની મારે તેથી બોરડી આંગણે વાવવી નહિ, એવી વાત જગતમાં પ્રચલિત છે. એ જ બોરડી અહીં પેલા અનશનધારીને પણ નડી. તૃષાથી પીડાતા તેને એમ થયું કે-"આ બોર જો કોઈ મારા મોંમાં મૂકે તો, એવું સરસ છે કે તરસ છીપે." આ ભાવના સાથે મૃત્યુ પામીને, મરીને તરત તે આ નો જીવ બારવ્રતધારી છતાં, સંલેખણાધારી છતાં, અનશન આદરેલું છતાં તે જ બોરમાં કીડો થયો.

કહ્યું છે કે 'अंते या मतिः सा गतिः' જેવી મતિ તેવી ગતિ. એ કીડો થયો, ત્યાંથી ગબડયો, એકેંદ્રિય થયો, નિગોદમાં ગયો.

મેં એક વખત જણાવ્યું તે ધ્યાનમાં રાખો. સન્નિપાત સમયે વિદ્વાન્ અને મૂર્ખ બન્ને સરખા, કિન્તુ સન્નિપાત ખસ્યો એટલે વિદ્વાન્ તે વિદ્વાન્ અને મૂર્ખ તે મૂર્ખ. તે જ રીતે ધર્મ પામ્યા વગરનો જીવ નિગોદમાં હોય તે તથા ધર્મ પામીને પતિત થઈ નિગોદે ગયેલો જીવ બન્ને નિગોદમાં સરખા, પણ બહાર નીકળ્યા પછી ધર્મ પામીને પતિત થઈ નિગોદીઓ થયેલો જીવ નીકળીને તરત ધર્મ પામે, જ્યારે પેલાને ધર્મ પામવામાં મુશ્કેલી.

પેલો આ નિગોદમાંથી નીકળી, ધર્મ પામી, ચારિત્ર લઈ, કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયો. અસંખ્યાતા ભવ વટાવી લીધા. જ્યારે પેલો અ તો હજુ તે દરમ્યાન સાત ભવમાંનો પહેલો ભવ સાતમી નારકીના ૩૩ સાગરોપમનો; તે આયુષ્યમાંના પહેલા સાગરોપમમાંનું પહેલું પલ્યોપમ હજી પૂરૂં થયું નથી.

આથી માત્ર સાંભળે તે શ્રાવક એમ નહિ, જિનવચન સાંભળે તે શ્રાવક, પણ આગળ વધીને કહ્યું કે **परलोयहिय०** પરલોકના હિતની બુદ્ધિએ શ્રીજિનેશ્વરદેવનું વચન સાંભળે તે શ્રાવક. ફરી પ્રશ્ન થશે કે સાધુઓ પણ પરલોકહિતની બુદ્ધિએ જ શ્રાવણ કરે છે. ચૂર્ણિકાર ભગવાને તેનું પણ સમાધાન કર્યું છે કે સાધુમાં શ્રોતૃત્વની સાથે વક્તૃત્વ પણ છે. શ્રાવકને શ્રમણોપાસક કહ્યા છે. શું સાધુઓ સાધુની (શ્રમણની) સેવા-ઉપાસના નથી કરતા? કરે છે, પણ સાધુ ઉપાસ્ય તથા ઉપાસક બન્ને છે. સાધુમાં ઉપાસકપણું તથા ઉપાસ્યપણું ઉભય રહ્યું છે. તેથી સાધુમાં શ્રમણોપાસક શબ્દનો કે શ્રાવકશબ્દનો વ્યપદેશ થઈ શકે

નહિ. નામનિમિત્ત તત્ત્વ એટલે જે નામ તથા પ્રકારની બુદ્ધિથી સ્થપાયું છે, તે નામ તત્ત્વરૂપ જાણવું.

**આર્ય એટલે શું ?**

લાજ ડોળથી આડંબરથી નથી હોતી? હોય છે. શું ઓછી લાજ કાઢનારી સ્ત્રી કરતાં વધુ લાજ કાઢનારી સ્ત્રીઓ વધુ લાજવાળી, વધુ લજ્જાળુ માનવી? કુળની મર્યાદાની લાજ અને સ્વરૂપે લાજમાં ફેરક છે. એ જ રીતિએ आर्य શબ્દ માટે પણ સમજવું.

'आराद् हेयधर्मेभ्यो याताः-प्राप्ता उपादेयधर्मैरित्यार्याः' (प्रज्ञा० ટી૦ પૃ૦ ૫૫) ત્યાજ્ય ધર્મોથી, રીતરિવાજોથી, રૂઢીથી, સર્વથા દૂર રહે તે આર્ય: તેવા રીતરિવાજ કે રૂઢીની છાયા પણ આર્ય લે નહિ. શાસ્ત્રકારે આથી આર્ય તથા અનાર્યનું લક્ષણ આ રીતે બાંધ્યું. અનાર્યને સ્વપ્ને પણ ધર્મ શબ્દ હોય નહિ 'धम्मोत्ति अक्खराइं जेसु ण णज्जंति सुविणेऽवि (सूर्य अ० ५ उ० १, टी० पृ० १२३) આર્યને ધર્મ પર પ્રીતિ રહેલી જ છે માટે અભિધેય ધર્મનું જ રાખ્યું. આર્યને ધર્મનું પ્રયોજન જાણવાનું રહેતું નથી કેમકે તે ધર્મને ઈષ્ટ જ ગણે છે.

જેમ લગ્ન વખતે મંડપ સુંદર તૈયાર કરે, આભૂષણો અને વસ્ત્રો સુંદર પહેરે આ બધું શોભા કરનાર છે, તેમ ચાતુર્માસની અંદર સામાયિક, પૌષધ વગેરે કાર્યો ચોમાસાનાં આભૂષણો છે. સામાયિક—બે ઘડી સમતાપૂર્વક સામાયિક કરનાર દેવલોકનું ૯૨૫૯૨૫૯૨૫૩થી વધારે દેવલોકનું આયુષ્ય બાંધે છે. બે હજાર ક્રોડ ખાંડી સુવર્ણનું દાન આપવા કરતાં પણ બેઘડીના સામાયિકનું ફળ ચડી જાય છે. મન વચન કાયાની અશુભ પ્રવૃત્તિનો ત્યાગ કર્યા વગર સામાયિક થતું નથી. આવશ્યક સૂત્રમાં પણ સામાયિક અધિકારમાં કહ્યું છે કે **'सामाइयं नाम सावज्जजोगपरिवज्जणं निरवज्ज जोगं पडिसेवणं च,'** સામાયિક—પાપવ્યાપારનું પરિવર્જન અને નિષ્પાપ વ્યાપારનું પ્રતિસેવન. શ્રાવકપણામાં પણ તેટલો સમય સાધુ જેવો બની જાય છે. માટે સામાયિકરૂપી આભૂષણો ચોમાસામાં જરૂર ધારણ કરવાં જોઈએ. જેમ મકાનમાંથી દરરોજ કચરો કાઢી મકાનને સ્વચ્છ—સાફ બનાવીએ છીએ અને મલિન થયેલું વસ્ત્ર પણ સાબુથી ધોઈ સાફ કરીએ છીએ, તેમ જ સવારમાં મુખશુદ્ધિ કરીએ છીએ તેમ આખા દિવસ—રાત્રિના પાપોની શુદ્ધિ કરવા માટે આવશ્યક એટલે પ્રતિક્રમણ બંને વખત

ચોમાસામાં શ્રાવકોએ અવશ્ય કરવું જ જોઇએ. એવી જ રીતે **ચોમાસીનું ત્રીજું ભૂષણ** પ્રભુની પૂજા ત્રણે ટંક કરવી. શ્રેણિક મહારાજા અવિરતિ હતા. જેઓ એક નવકારશી જેટલું પણ પચ્ચક્ખાણ કરી શકતા ન હતા. નવકારશી પચ્ચક્ખાણ પણ ન કરી શકનાર તે શ્રેણિક રાજા પ્રભુની ત્રિકાળપૂજા સોનાના અક્ષતનો સાથિયો કરીને પણ સમ્યક્ત્વનો મુખ્ય આચાર પ્રભુ પૂજા તો હંમેશ કરતા હતા. તેવી જ રીતે સ્નાત્ર મહોત્સવ અને ચંદન આદિ ઉત્તમ દ્રવ્યોથી પ્રભુ પૂજા-વિલેપન વગેરે પણ કરતા હતા. તે પ્રમાણે ઉત્તમ દ્રવ્યોથી પ્રભુપૂજા કરવી જોઈએ.

સર્વ વ્રતોમાં ચઢિયાતું, બ્રહ્મચર્ય વ્રત છે. દેવતાઓ પણ સભામાં દાખલ થતાં જે બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનારને,-વિરતિવાળાને પ્રથમ નમસ્કાર કરી, પછી પોતાના સિંહાસન પર બિરાજમાન થાય છે દેવને પણ દુર્લભ એવા બ્રહ્મચર્યના પ્રભાવથી ચાહે તેવાં વિઘ્નો ચાલ્યાં જાય છે, તેવું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારને વિરતિવાળાને પ્રથમ નમસ્કાર કરી સિહાસન પર બિરાજમાન થાય છે. તો તે બ્રહ્મચર્ય વ્રત સર્વથા ન બની શકે તો ચોમાસામાં દરેક શ્રાવકોએ તે ધારણ કરવું જોઈએ. ગૃહસ્થપણાના આંશિક બ્રહ્મચર્યથી સીતા, સુભદ્રા, સુદર્શન શેઠ, વિજયા શેઠાણીના દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. વળી ગૃહસ્થને કરી શકાય તેવો સહેલો ધર્મ હોય તો મુખ્ય દાન ધર્મ છે. તો ઉત્તમ પાત્રનો યોગ મળે ત્યારે સમયના સાધનરૂપ આહાર, પાણી ઔષધ-વસ્ત્ર-કંબલ-પાત્ર-પુસ્તક વગેરે સમયમાં ઉપકારી વસ્તુ સ્વ-કલ્યાણ માટે દાન કરવું, તેમ જ ચોમાસામાં વિશેષ પ્રકારે તપસ્યા, વ્રત, પચ્ચક્ખાણ અને અભિગ્રહ કરવા અને આરંભની પ્રવૃત્તિ ઓછી કરવી. દુશ્મનોના સામના વખતે જેમ કિલ્લો રક્ષણ કરે છે, તે જ પ્રમાણે અભિગ્રહો પણ વિરાધનાથી બચવા માટે કિલ્લેબંધી રૂપ છે. પાપથી બચવા માટે જરૂર અભિગ્રહો ગ્રહણ કરવા જોઇએ. અવરતિમાં આ જીવ અનાદિકાળથી રખડી રહ્યો છે. મનુષ્યપણામાં જ માત્ર વ્રત પચ્ચક્ખાણ, તપસ્યા વગેરે બની શકે છે તો ચોમાસામાં ઉપર જણાવેલાં આભૂષણોરૂપ ધર્મ કાર્યો દરેક ભવ્યાત્માએ અવશ્ય કરવાં અને ચોમાસું દીપાવવું.

# શ્રી અષાડ ચાતુર્માસિક વ્યાખ્યાન.

(સંવત. ૧૯૮૭ અષાઢ સુદિ ૧૪, વિદ્યાશાળા અમદાવાદ.)

प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरास्थितिः ॥

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય ઉપાધ્યાજી શ્રી યશોવિજયજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ૨૩મા લોકસંજ્ઞા ત્યાગ નામના અષ્ટકમાં સમજાવી ગયા કે અનાદિથી આ જીવ આહારાદિ સંજ્ઞાવાળો છે. સંજ્ઞીપણામાં આવ્યો ત્યાં પણ લોકસંજ્ઞા હોવાથી કલ્યાણના માર્ગે આવ્યો નથી. છઠ્ઠું ગુણઠાણું સર્વ વિરતિ–સાધુપણું પામે ત્યારે જ કલ્યાણનો રસ્તો શરૂ થાય, ચોથું ગુણસ્થાનક જો કે શ્રદ્ધામય છે, પરંતુ તે ગુણઠાણે ૧૦૦ વાર ગજથી માપે, પણ તસુ પણ ફાડે નહિ તેવી સ્થિતિ છે. જાણવા–માનવા છતાં વિરતિમાં આગળ વધી શકતો નથી. દરિદ્રના મનોરથ મનમાં જ રહે, કુવાની છાયા કુવામાં રહે, તેમ ચોથા ગુણઠાણાવાળાના મનોરથો ઉત્તમ હોય છતાં વર્તનમાં મૂકી શકતો નથી. પાંચમે દેશવિરતિ ગુણઠાણે જો કે થોડાં વ્રત પચ્ચખ્ખાણ હોય છે, છતાં સગવડ પ્રમાણે દુનિયાદારીમાં હરકત ન આવે તે પ્રમાણે ધર્મ કરે છે.

ચોમાસામાં મોટા શહેરમાં જ્યાં ભાવિક શ્રાવક સમુદાય વસતો હોય, ત્યાં આગેવાન શ્રાવકો મુનિમહારાજાઓને આગ્રહપૂર્વક ચાતુર્માસ સ્થિરતા કરવા વિનંતિ કરી પધરામણી કરાવે છે. ચાર મહિના સુધી ગુરુમહારાજ ચાતુર્માસમાં વ્યખ્યાન શ્રવણ કરાવે છે; તદુપરાંત વ્રત–પચ્ચખ્ખાણ–તપસ્યામાં પ્રેરણા કરી સામુદાયિક ધર્માનુષ્ઠાનો કરાવે છે. આસન્ન મુક્તિગામી આત્માઓ સાધુ સમાગમનો સારો લાભ લે છે. ચિંતામણિરત્નાધિક દુર્લભ મનુષ્યભવમાં એક વખતનો સાધુસમાગમ કલ્યાણ કરનારો થાય, તો પછી નિરંતર સતત ચાર ચાર મહિના સુધી સાધુ–સેવા–ભક્તિ કરનારને જે આત્મિક લાભ થાય છે તે અવર્ણનીય કેમ ન હોય; ધર્મ કરવાની મોસમ હોય તો આષાઢી ચાતુર્માસ છે.

સીઝનમાં જો વેપારી આળસ કરે તો બાર મહિનાની કમાણી ગૂમાવે. તેમ શ્રાવકને ચોમાસામાં ધન કમાવા માટે સીઝન મંદી હોય,

પણ ધર્મધન કમાવા માટે તેજીવાળો સમય છે. બીજા કાળ કરતાં ચોમાસામાં કરેલો ધર્મ અધિક ફળ આપે છે. જેટલો સમય ધર્મમાં જાય તેટલો સમય છ કાયની વિરાધનાથી બચે છે. પ્રથમ આ જ મોટો લાભ.

શ્રાવકોએ મુખ્યતાએ ચોમાસાના ચાર મહિના માટે મુસાફરી ન કરવી. ચોમાસામાં અનેક જીવજંતુની ઉત્પત્તિ હોય. જ્યાં ચલે, પગ મૂકે ત્યાં જીવવિરાધના થાય. શ્રાવકને શાસ્ત્રમાં તપેલા લોઢાના ગોળાની ઉપમા આપી છે. તપેલો લોઢાનો ગોળો જ્યાં ગબડે ત્યાં બાળે, તેમ શ્રાવક જ્યાં પગ મૂકે કે સાંસારિક કાર્ય કરે ત્યાં છ કાયની વિરાધના થયા સિવાય રહે નહિ, માટે ચોમાસામાં ખાસ કેટલાક વધારે અભિગ્રહો ધારણ કરવા. અછતી વસ્તુના ત્યાગમાં પણ મોટો લાભ થાય છે. નહીંતર અવિરતિ પશુ માફક વિરતિના લાભથી ચૂકી જાય છે.

એક વખત ભોજન કરનાર પચ્ચક્ખાણ ન લે તો એકાસણાનો લાભ ન મેળવે. ગુરૂએ આપેલા એક સામાન્ય નિયમથી વંકચૂલને કેટલો લાભ તે જ ભવમાં થયો? અજાણ્યું ફળ ન ખાવું. કોઈના ઉપર હથિયાર ઉગામતાં પહેલાં સાત ડગલાં પાછા જવું. રાજાની રાણી ન ભોગવવી. કાગડાનું માંસ ન ખાવું. આવા અપ્રાસંગિક નિયમ લીધા તેનાં પ્રત્યક્ષ ફળ અનુભવ્યાં, આપણે વ્રત-અભિગ્રહના લાભ સમજવા-વાળાએ વિશેષ નિયમો ચાતુર્માસમાં કરવા જોઈએ.

લૌકિકધર્મોમાં પણ ચોમાસામાં કેટલાંક કાર્યો કરવાનો નિષેધ છે. ચોમાસામાં બે ત્રણ વખત પાણી ગાળીને જ વાપરવું. કોલસા-લાકડા વગેરે બહુ જ બારીકીથી નજર કરી, પુંજણીથી પ્રમાર્જના કરી અગર જે પ્રકારે કોઈ પણ ત્રસ કુંથુંઆદિક જીવો મરી ન જાય તેની જયણા રાખી પછી જ ઉપયોગ કરવો. જૈનોએ સાવરણી પણ કોમળ અને સુંવાળી વાપરવી જોઈએ. ઘી-તેલ-પાણી-આદિનાં ભાજનો ખૂલ્લાં ન રાખવાં, કારણ કે અંદર ઉડતા ત્રસ જીવો પડે તો તે મરી જાય. સુકવણી શાકમાં ઝીણાં ન દેખાય તેવા કુંથુજીવો થાય છે. તો ચાલે ત્યાં સુધી સુકવણીનો ઉપયોગ ન કરવો, અને કરવાની જરૂર પડે તો બરાબર નજર કરી જીવવિરાધના ન થાય તે પૂરેપૂરૂં લક્ષ રાખવું. વડી, પાપડ કે તેવી કોમળ વસ્તુમાં ચોમાસામાં હવા લાગવાથી અનંત-

કાય–સફેદ ફૂગ થઈ આવે છે, તો તેને હવા ન લાગે તેવી રીતે જાળવી રાખવા. નહીંતર અનંતકાયની વિરાધનાનો પ્રસંગ આવી જાય.

શ્રાવકે કોઈ સંયોગમાં રાત્રિભોજન કરવાનું હોય જ નહિ, કારણકે રાત્રે એવાં સૂક્ષ્મ અદૃશ્ય જંતુઓ ઉડે છે કે દેખી પણ શકવાં મુશ્કેલ પડે. ચોમાસાના કાળમાં તો ઉડતા જંતુનો પાર જ નથી, જેથી ચોમાસામાં તો કદાપિ રાત્રિભોજન ન કરવું. તેનો અભિગ્રહ ગુરુમહારાજ પાસે કરી લેવો. રાત્રિભોજન કરનાર ઘણે ભાગે હલકી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે. ઘુવડ, કાગડા, ગીરોલી, બિલાડી, સમડી એવી તુચ્છ અને નિંદનીય ગતિમાં ઉત્પન્ન થઈ ત્યાં પણ વળી ઘણા જ હિંસાદિક પાપ કરી નરકાદિક દુર્ગતિમાં ભવપરંપરા કરે છે. અલ્પપ્રમાદથી જીવો નિરર્થક કેટલા દુર્ગતિના દુઃખો ઊભાં કરે છે, અભક્ષ્ય, અનંતકાય કંદમૂળ, બટાટા, આદુ, સૂરણ, કાંદા, ગાજર, રતાળુ વગેરેમાં સોયની અણી ઉપર રહે તેટલા માત્ર કંદમૂળના અંશમાં એક શરીરમાં અનંતાનંત જીવો કેવલજ્ઞાની ભગવંતોએ દેખ્યા–જાણ્યા–પ્રરૂપ્યા છે. તો શ્રદ્ધાળુ કોઈ પણ જૈને ક્ષણવારના સ્વાદ ખાતર તેટલા જીવોની વિરાધનાનું પાપ ન વહોરવું.

જીવને પાપકર્મ કરતી વખતે ખ્યાલ નથી આવતો, પણ બીજા જીવના પ્રાણો લઈએ તો આપણને એ હિંસાનું કર્મ ગમે ત્યારે પણ ઉદય આવવાનું છે. દરેક પાપકર્મનો જઘન્યથી દસ ગુણો વિપાકફળ તો ભોગવવો પડે. તેમાં જો ખાવાપીવામાં કે ભોગવવામાં આસક્તિ–અનુમોદના–વખાણ કર્યા તો તેના ફળનો હિસાબ જ નથી. કોઈ પણ પાપકાર્ય કરીને કદાપિ પણ વખાણવું નહિ. પાપનાં વખાણ કરવાથી નિકાચિત પાપકર્મ બંધાઈ જાય. ભોજન કરતાં જરૂર પૂરતું જ થાળીમાં લેવું. એંઠું ન છાંડવું જોઈએ. મનુષ્યના એંઠા પાણી અને વધેલા ભોજનમાં પંચેન્દ્રિય સંમૂર્છિમ આપણા જેવા જ માત્ર આંખથી ન દેખી શકાય તેવા જીવો ઉત્પન્ન થાય છે. તેના વધનું પાપ આપણને લાગે, માટે શ્રાવકે પોતાના કુટુંબમાં પાણી એંઠું ન થાય તેવા સંસ્કાર પાડવા. પાણી પીધા પછી તે જ પ્યાલો ફરી ગોળીમાં ન બોળાય, તેની કાળજી રાખવા બાળકોને સંસ્કાર પાડવા.

એંઠા હાથથી બીજી રસોઈ કે ખાવાની વસ્તુને ન અડકવું. ૧૪ સ્થાનકે સંમૂચ્છિંમ મનુષ્યો-(માતાપિતાના સંયોગ વગર જે ઉત્પન્ન થાય તે સંમૂચ્છિંમ પંચેન્દ્રિય મનુષ્યો) ઉત્પન્ન થાય છે.

સંમૂચ્છિંમ મનુષ્યને ઉપજવાનાં ચૌદ સ્થાનકઃ ૧ વડીનિતિ (ઝાડા)માં, ૨ લઘુનિતિ (પીસાબમાં), ૩ નાકના શ્લેષ્મમાં ૪ શરીરના મેલમાં, ૫ કાનના મેલમાં, ૬ ઉલટીમાં ૭ પિત્તમાં ૮ પરૂમાં, ૯ લોહીમાં, ૧૦ શુક્ર-વીર્યમાં ૧૧ મરેલા કલેવરમાં, ૧૨ સ્ત્રી પુરૂષના મૈથુનમાં. ૧૩ નગરની ખાળમાં, ૧૪ સર્વ અશુચિ સ્થાનમાં એટલે એંઠું પાણી-ભોજન, બળખા, થૂંક, આંખનો મેલ વગેરે વિવેકપૂર્વક કાળજી રાખવામાં આવે તો સંમૂચ્છિંમ જીવોની વિરાધનાથી બચી શકે છે.

કાચા દૂધ કે દહીં સાથે કઠોળ ભેગું કરી ન ખાવાં કે વાપરવાં તેમાં બેઇન્દ્રિયાદિક જીવો તરત જ ઉત્પન્ન થાય છે. માટે જિનેશ્વર-પ્રભુના વચનમાં શ્રદ્ધાળુ એવા શ્રાવકવર્ગે જણાવેલા તેમજ ગુરુમહારાજ જે નિયમો લેવા માટે ઉપદેશ આપે તે જરૂરી નિયમો-અભિગ્રહો-વ્રત-પચ્ચખ્ખાણનો વિરતિનો સ્વીકાર કરે. વિરતિ કરવાથી મહાલાભ થાય છે.

અવિરતિથી પાપ ન કરવા છતાં પણ પાપકર્મ બંધાય છે. એકેન્દ્રિયાદિ જીવોને તેવાં પાપ ન કરવા છતાં અવિરતિ હોવાથી પાપકર્મ બંધાયા કરે છે. મન-વચન-કાયાથી અવિરતિનું પાપ તમને વધારે બંધાય, દાન-શીલ-તપસ્યા ઓછાવત્તા પ્રમાણમાં બને, તે કદાચ પરાધીન વસ્તુ છે, પણ આ પાપો-જીવ વિરાધનાના-ટાળવા તે તો સ્વાધીનતાની વાત છે. ચોમાસાના કાળમાં જો આ લક્ષ્ય રાખવામાં આવે તો બીજા કાળ કરતાં આ અષાઢ ચોમાસાના કાળમાં વધારે લાભ થાય.

## અષાઢ ચાતુર્માસી પર્વની મહત્તાનાં કારણો.

જગતમાં સામાન્ય રીતે સર્વ આર્યલોકો કાર્તિકી, ફાલ્ગુની અને આષાઢી-એમ ત્રણ ચોમાસીઓ માને જ છે, અને જૈનજનતામાં પણ જે શાસ્ત્રો મનાએલાં છે, તેમાં પણ અસલથી કાર્તિકી વગેરે ત્રણ ચોમાસીઓ મનાએલી છે, છતાં પણ સર્વ આર્યપ્રજા અને સામાન્ય રીતે જૈનજનતા કાર્તિકથી અને ફાલ્ગુનથી જ શરૂ થતા ચોમાસાને ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તથા જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ ચોમાસાં માને છે,

છતાં તે કાર્તિક મહિને અને ફાલ્ગુન મહિને 'ચોમાસાં બેઠાં' એમ બોલવાનો વ્યવહાર કરતા નથી, પણ આષાઢ મહિનાની ચોમાસાની વખતે વરસાદની શરુઆત થાય ત્યારે જ સર્વ આર્યલોક અને સામાન્ય જૈનજનતા 'ચોમાસું બેઠું' એમ વ્યવહાર કરે છે.

જો કે ચોમાસા શબ્દના અર્થથી વિચારીએ તો ચાર માસના સમૂહને ચોમાસી કહેવાય અને તેથી કાર્તિક અને ફાલ્ગુનને પણ 'ચોમાસું બેઠું' એમ કહેવામાં ચોમાસી શબ્દના અર્થની કોઈ પ્રકારે સ્ખલના થતી નથી. છતાં આષાઢ મહિને 'ચોમાસું બેઠું,' એમ જે વ્યવહાર પ્રવર્તેલો છે, તે ચોમાસી શબ્દના અર્થની અપેક્ષાએ નથી, પણ ત્રણે ચોમાસામાં આષાઢ ચોમાસું જ દુનિયાદારી અને ધાર્મિક દૃષ્ટિએ તત્ત્વરૂપ હોઈ અષાઢ માસમાં જ ચોમાસાનો વ્યવહાર કરવામાં આવે છે. કોઈ પણ જિજ્ઞાસુ કોઈ પણ મુનિમહારાજ વગેરેને પ્રશ્ન કરે છે ત્યારે પણ એમ જ કહે છે કે 'આપ ચોમાસું ક્યાં કરવાનાં છો ? અથવા ગયે વર્ષે ક્યાં ચોમાસું કર્યું હતું ?' અને વિનંતિ કરવા તરીકે પણ જ્યારે 'અમારે ત્યાં ચોમાસું પધારો, એમ કહે છે ત્યારે તે સર્વમાં અષાઢી ચોમાસીનું જ લક્ષ્ય હોય છે, અને ઉત્તર દેનાર મુનિ મહારાજ પણ તે અષાઢના ચોમાસાના વર્ષથી જ તેના ઉત્તરો અને વિનંતિનો સ્વીકાર કરે છે.

આ બધી વસ્તુને વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે આવા અષાઢના ચોમાસાને જ 'ચોમાસી' કહેવાના વ્યવહારમાં તે અષાઢ ચોમાસીના તાત્ત્વિકપણાની લૌકિક અને લોકોત્તર દૃષ્ટિએ છાયા છે. તેમાં લૌકિકદૃષ્ટિએ કાર્તિકી અને ફાલ્ગુની ચોમાસાની અંદર જીવનનાં સાધનો અને અન્નપાણીની જરૂરિયાત પૂરી પાડનાર જો કોઈ પણ ચોમાસું હોય તો તે અષાઢ ચોમાસું જ છે.

આ વાતને સમજવા માટે પાદશાહે બીરબલને સત્તાવીસમાંથી નવ જાય તો કેટલા રહે ? એવા પૂછેલા ઉત્તરમાં બીરબલે કાંઇ પણ ન રહે એમ કહ્યું હતું અર્થાત્ બારે મહિનાના સત્તાવીસ નક્ષત્રોમાં નવ નક્ષત્રો વરસાદ પડવાના ગણાય છે, અને તે નવ નક્ષત્રોમાં જો વરસાદ ન આવે તો અઢાર નક્ષત્રો બાકીનાં રહ્યાં, છતાં પણ કાંઇ પણ ન રહ્યું એમ સ્પષ્ટ કર્યું. તેવી રીતે અષાઢ ચોમાસીમાં જો અન્ન અને જલનો

યથાયોગ્ય સંભવ ન થાય તો કાર્તિક અને ફાલ્ગુનના ચોમાસાં વ્યર્થ જ જાય, અને તેથી આષાઢની ચોમાસીને જ લોકોએ 'ચોમાસા' તરીકે ગણી, અને તે જ કારણથી લૌકિકદૃષ્ટિની પ્રધાનતાએ વ્યવહાર કરવાવાળા લોકોમાં આષાઢ મહિનાનો પણ ચોમાસું બેસવાનો નિયમ ન રાખતાં જેઠ મહિને પણ વરસાદની શરૂઆત થાય તો ચોમાસું બેઠું, એમ વરસાદની અપેક્ષાએ કહે છે, પણ લોકોત્તરદષ્ટિની અપેક્ષાએ વિચાર કરીએ તો કાર્તિક મહિનાથી માંડીને આષાઢ મહિના સુધીના આઠ મહિના સમયમાં મુનિઓને એકેક મહિનો રહેવાનું હોય છે.

સાધુ મહાત્માઓને મહિનાથી અધિક રહેવાનો એ કોઈ પણ વખત હોય અને તેને લીધે શ્રમણોપાસક વર્ગને ગુરુમહારાજની લાગલાગટ ચાર માસ સુધી પર્યુપાસના સેવા કરવાનું અને જિનેશ્વર મહારાજના વચનરૂપી અમૃતનું લાગલગાટ ચાર માસ સુધી પાન કરવાનું બની શકતું હોય તો તે ફક્ત આષાઢ ચોમાસીમાં જ બની શકે છે, કેમકે શાસ્ત્રકારે કાર્તિક વગેરે આઠ મહિનામાં વગર કારણે મહિનાથી અધિક રહેવાની મનાઈ કરી છે, પણ આષાઢ ચોમાસીના ચાર માસમાં વગર કારણે વિહારની જ મનાઈ કરેલી છે.

આ ઉપરથી લોકોત્તરદષ્ટિને ધારવાવાળા જૈનો આષાઢ મહિનાથી શરૂ થતા ચોમાસાને 'ચોમાસા' તરીકે વ્યવહાર કરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી, પણ આ ઉપરથી અષાઢ ચાતુર્માસ કરનારા સાધુમહાત્માઓએ તે તે આષાઢ ચોમાસાના ક્ષેત્રોમાં વસ્ત્ર, પાત્ર, કંબલ પુસ્તક, પંડિત વગેરેના ખર્ચોથી ક્ષેત્રને નીચોવવા જેવું નહિ કરતાં ખરેખર ચોમાસાના લાગલાગટ ચાર માસ સુધી શ્રોતા અને શ્રદ્ધાળુ શ્રમણોપાસક વર્ગને ત્રિલોકનાથ તીર્થંકરપ્રભુના વચનામૃતનું પાન અખંડ રીતે કરાવવું જોઈએ.

ધ્યાન રાખવાની જરૂર છે કે આષાઢ ચાતુર્માસ સિવાયના વખતમાં સાધુમહાત્માનો લાંબો સમાગમ ન હોવાથી જ તે શ્રદ્ધાળુ શ્રોતા એવા શ્રમણોપાસક–શ્રાવક વર્ગને પ્રકરણોના અભ્યાસનું અને સૂત્રોના રહસ્યને સાંભળવાનું બરાબર મળી શકે નહિ, તેમ બની પણ શકે નહિ, પણ ચોમાસાના લાંબા ટાઈમમાં શ્રદ્ધાળુ અને શ્રોતા એવા શ્રમણોપાસક વર્ગને મોક્ષના મુખ્યસાધનભૂત સામાયિક, પ્રતિક્રમણ પૌષધની ક્રિયામાં જોડવા

સાથે પ્રકરણોના રહસ્ય સાથે અભ્યાસ કરાવવો અને ત્રિલોકનાથ તીર્થંકરના વચનામૃતનું પાન કરાવવું, અને જે શ્રમણોપાસક વર્ગ શ્રદ્ધાળુપણાની ખામીવાળો હોય તેને મધુર, શાંત અને શાસ્ત્રાનુસારી વચનોથી યથાસ્થિત તત્ત્વ સમજાવી શ્રદ્ધાળુ શ્રોતા બનાવવા જોઈએ.

મુનિમહારાજના સમાગમમાં એક દિવસ અને એક વખત પણ આવવાવાળો ભવ્યજીવ ભવોદધિના ઉદ્ધારનાં સાધનો મેળવી શકે છે એવાં અનેક શાસ્ત્રીય દૃષ્ટાંતો અને અનુભવથી પણ કાંઈક અંશે સિદ્ધ થએલું છે, તોપછી ચાર મહિના જેવા લાંબા ટાઈમની સ્થિરતા છતાં શ્રમણોપાસક વર્ગમાંથી એક પણ શ્રદ્ધાળુ વ્યક્તિ અને શ્રોતાપણાથી બેનસીબ રહે તો તે સાધુમહાત્મા અને શ્રમણોપાસક વર્ગ બંનેને વિચારવા જેવું છે. જો કે શ્રમણોપાસક વર્ગે સાધુ મહાત્માઓના જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં આરાધન અને વિકાસને માટે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ઔષધ, વસ્ત્ર, કંબલ, પુસ્તક, પંડિત, ઉપાશ્રયઆદિની સગવડ કરવી તે તેમની ફરજ છે, પણ ચોમાસું રહેનાર સાધુ મહાત્માઓએ જેમ બને તેમ તે શ્રમણોપાસક વર્ગના ભાવોનો ઉલ્લાસ રહે તેમ વર્તવું જોઈએ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે આષાઢ ચોમાસીના વખતમાં વરસાદના સંજોગને અંગે ઉપાશ્રયના ચોકમાં, માત્રા કે સ્થંડિલની જગ્યામાં લીલોતરી અને લીલફૂલ થવાનો ઘણો સંભવ હોય છે, અને તેમાં જો શ્રમણોપાસક વર્ગ વરસાદની શરૂઆત થવા પહેલાં જો તે લીલોતરી અને લીલફૂલ થાય નહિ, તેવો ઉપયોગ કરી લે તો શ્રમણ અને શ્રમણોપાસકના બંને વર્ગો જીવોની વિરાધનાથી બચી જાય છે.

શ્રમણોપાસક અને શ્રમણવર્ગે લીલફૂલના એક સોય જેટલા ભાગમાં પણ અનંત જીવો સ્પષ્ટપણે માનેલા જ છે, તોપછી તેવી લીલફૂલ થવાના સ્થાનકે રાખ, ચૂનો, કાંકરી કે એવી ચીજનો ઉપયોગ પહેલેથી જ કરી લીધો હોય તો લીલફૂલની વિરાધના થતી બચી જાય. શ્રમણોપાસક વર્ગ અનંતજીવની વિરાધનાના ભયે કંદમૂળને છોડવાવાળો હોય છે, છતાં ચિકટાં ભાજનો અને સ્થાનોને માટે ચૂના વગેરેનો ઉપયોગ ન કરવાથી અનંતકાયની સજ્જડ વિરાધના કરવાવાળો થાય

છે, માટે તે બાબતનો શ્રમણ અને શ્રમણોપાસક વર્ગે ખ્યાલ રાખી વિરાધનાથી બચવાની જરૂર છે.

આવી રીતે વિરાધનાનો પ્રસંગ અને વિરાધનાથી બચવાના પ્રયત્નનું સ્થાન આ આષાઢ ચાતુર્માસી હોવાથી અને ઉપર જણાવેલાં કારણોથી લોકોત્તરદૃષ્ટિએ આષાઢથી શરૂ થતી ચોમાસીને 'ચોમાસી' કહેવામાં આવે છે, અને તેમાં ધર્મ કરવાની વધારે સગવડ મળી શકે છે.

## દેશવિરતિ ગુણઠાણું એટલે સગવડિયો ધર્મ.

'મને કોઈ પણ પ્રકારના શરીરની, ધનની, કુટુંબની, અગવડ પડવી ન જોઈએ.' એટલે પાંચમા ગુણઠાણામાં હિંસાનો ત્યાગ કર્યો પણ તે કેટલો?' સ્થાવરની હિંસા મારાથી છોડાય નહીં.' 'મારે દુનિયાદારી ચલાવવી છે, તે ચલાવતાં જે કંઈ પણ ધર્મ થઈ શકે તે મારે કરવો' આટલો જ ધર્મ છે. પાંચે પૃથ્વીઆદિ સ્થાવરમાં જીવ માને છે, છ કાયની શ્રદ્ધા છે, સમક્તિ થઈ ગયું છે. છએ કાયાના જીવો તો માનવ છે, ત્યારે પૃથ્વીકાયને જીવ માનવાનો કે નહીં? જીવ માને તો માટી ઉપર કોદાળો શી રીતે ઉપાડે છે? તમે જીવતત્ત્વ એકલા ત્રસકાયમાં વર્તન અપેક્ષાએ માન્યું. બાકીના પાંચ સ્થાવરમાં શું જીવ નથી એમ કહી શકો છો? છ કાયની શ્રદ્ધા કેવી રીતે કરી, જ્યારે હિંસામાં પાપ માનો છો તો પાપથી ડરો છો કે નહીં? જો ડરો છો તોપછી માટી ઉપર કોદાળો કેમ ઉપાડો છો? ઘર કેમ બંધાવો છો?

તો કે પાપ તો માનીએ છીએ.

પાપ માનો તો પાપ–ભીરૂ કયાં રહ્યા?

એમ તો પાપમાં ભીરૂ છીએ પણ અમારી સગવડતામાં ખામી ન આવે તેવી રીતે વિરતિ કરીએ છીએ. અમે પાપથી ડરવાવાળા તો છીએ, સમ્યક્ત્વવાળાને દર્શન મોહનીય ખસ્યું છે, તેથી તત્ત્વની પ્રતીતિ–શ્રદ્ધા થઈ છે. જો કે અપ્રત્યાખ્યાનવરણીયનો ઉદય હોવાથી 'મારી સાંસારિક સગવડ સાચવીને ધર્મ કરવો પણ મારે અગવડતા વેઠીને ધર્મ કરવો નથી.' 'સ્થાવર જીવોની દયાના તો પચ્ચક્ખાણ નહીં કરૂં, હાલતાં ચાલતાં ત્રસ જીવની દયા કરૂં છું.' 'કામ કરતાં મરી

જાય તોપણ તે કામ છોડવું નથી, ત્રસની દયા પણ ત્યાં રહેતી નથી.' અગ્નિ સળગાવ્યા વગર મારે ચાલે નહીં, પચ્ચકખાણ તો એવું જોઇએ કે ચાલી શકે. કોઇ મારવા આવ્યો તો મારાથી સહન થાય તેમ નથી. અપરાધી ન હોય તો ન મારૂં, પણ મારી દુનિયાની સ્થિતિ અખંડિત રહેવી જોઇએ, મારા મનના આશયો પણ અખંડિત રહેવા જોઇએ. એ બધી મારે છૂટ, તેનાં પચ્ચકખાણ નહીં, અપરાધીને મારવાના પચ્ચકખાણ નહીં કરીશ, જેમાં હું ટકી શકું એવાં મારે પચ્ચકખાણ કરવાં છે. કહો, કેટલી અગવડતા જોઇએ છે? જેમ શરીરને આમવાયુ હેરાન કરે છે, તેમ આ આત્માને પણ આમવાયુ થાય છે, ત્યારે નિર-પેક્ષનાં પચ્ચકખાણ અને સાપેક્ષની છૂટ રાખવી છે. 'નિરપરાધીને જાણી જોઇને મારવાનો પ્રસંગ આવે તો ન મારૂં,' સગવડતાની કેટલી સીડીઓ ગોઠવી? આવી રીતે ધર્મના રસ્તે ચડવાનું પરમ ધ્યેય કયું?

દુનિયા જાળવીને ધર્મ કરવો તે દુનિયાદારીએ પ્રથમ ધ્યેય થયું. બીજા અણુવ્રતમાં જૂઠને પાપ માનવું છે. એક પણ જૂઠ નાનું કે મોટું પાપ વગરનું નથી એમ માનવું છે. સમ્યક્ત્વ થયું એટલે માનવું તો બરાબર પડશે. અંતઃકરણથી પાપ માન્યું છતાં મારે જૂઠ વગર ચાલે કેમ? એ વારંવાર લક્ષ્ય દેવાય શી રીતે? મોટા પાપના કારણ જૂઠ તેને છોડીએ, નાના જૂઠની છૂટી એટલે શું થાય? સગવડ પ્રમાણે ધર્મ કરવાનો, ચોરી, જૂઠ, બ્રહ્મચર્ય પરિગ્રહના પચ્ચક્ખાણમાં પોતાની સગવડ કરી લીધી; સર્વથા જૂઠ ન છોડાય માટે મોટાં જૂઠ પણ કાં ન છોડો?

## પાપ ભીરૂતા જાગી નથી.

પરણેલી સ્ત્રીને અંગે પાપ નથી માનતા? માનો છો, પણ સગવડ પૂરતી જ. પરણેલી ત્યાગ કરવી છે. લેપાયા એટલા લેપાયા, પણ હવે અધિક ન લેપાઇએ. જેને બારબાર ક્રોડ સોનૈયા હતા, તેઓએ છ ક્રોડ ઉપર કોડી રાખવી નહીં. આવા પ્રકારનાં પચ્ચક્ખાણ કર્યાં, નવું ઉપાર્જન ન કરવું. બાકીની બધી રિદ્ધિ વોસિરાવી દીધી.

કેટલાક મહાનુભાવ શ્રાવકો કહે છે કે 'ખેતર રાખે તેમાં અડચણ શી? આણંદ શ્રાવકને કેટલી બધી જમીન હતી? એ જમીન જે

વખતે સમ્યક્ત્વ પામ્યા ન હતા. મહાવીર પ્રભુની દેશના સાંભળી ન હતી, તે વખતની વાતને ધર્મી થયા પછી લાવીને ગોઠવી દીધી. અજ્ઞાનપણામાં બનેલા વૃત્તાંતો એ કોઈ દિવસ પણ આલંબનલાયક હોતાં નથી. ચાર ક્રોડનો માલિક તેનાથી અધિકના પચ્ચક્ખાણ કરે એ કઈ સ્થિતિએ વિરતિ કરે ? એ વિચાર પરિગ્રહધારીએ કરવો. આરંભમાં શૂરાઓને કદી પચ્ચક્ખાણ કરવાનો વિચાર થતો નથી.

પરિગ્રહનું પાપ પણ હજુ રૂંવાડે રૂંવાડે લાગ્યું નથી. કારણ કે અધિકનું માર્જન કેમ રખાય ? પાસે પાંચ રૂપિયા હોય ત્યારે ક્રોડનો અભિગ્રહ કરે તેમાં પાપભીરૂપણું ક્યાં રહ્યું ? ખરેખર હજુ પણ પરિગ્રહથી જીવડો ડર્યો જ નથી. આ જીવને વિદ્યમાન પરિગ્રહ શલ્ય માફક પીડા કરે, તો પછી નવો પરિગ્રહ આવે એ ગમે કેમ ? આપણે સગવડપંથી ધર્મી છીએ, આ કોને માટે કહું છું ? જે લોકો પરિગ્રહનું પરિણામ બિલકુલ કરતા નથી, તેનાથી તો આ સારા છે. જેઓ પચ્ચક્ખાણ નથી કરતા તેઓની તો વાત છોડો. '**असमर्थो गृहारंभे समर्थो गृहभंजने**' મારે પચ્ચક્ખાણ કરવું નથી અને બીજા કરે છે, તેને તોડવા છે, વાંદરાપણું કરવા માગે છે. જેવી રીતે વાંદરો ઘર કે માળો કરે નહીં અને બીજાએ માળા-ઘર કર્યાં હોય તેને ભાંગી નાખે, તેવી રીતે વ્રતધારી કોઈ અજ્ઞાની કદાપિ કોઈ દોષ સેવે તેને ઉતારી પાડે છે. પણ તું તો જ્ઞાની છે, અને કેમ બિલકુલ કાંઈ પણ વ્રત નથી કરતો ?

બોલવાનો અધિકાર તેને છે કે જેઓ પોતે કાંઇ પણ સારૂં વ્રત પચ્ચક્ખાણ કરી બતાવે, સુગરીપક્ષીને ઠપકારવી હતી. કંઈ કરવું હતું નહિ? કરવું નહિ અને શિખામણ દેનારને ઠપકારવા જાય તે કઈ ગણતરીમાં ? વાંદરાની ગણતરીમાં. પોતે કરીને પછી જ સૂચના. કરો તો બોલવું શોભે. થોડું પણ તમારું ધર્માચરણ નાશ કરવું છે. માટે તેઓથી દૂર રહેજો ? જેઓ પોતે ધર્માચરણ કરવાવાળા નથી. માત્ર ધર્મ કરનારની ટીકા કરવી છે. તમો કલ્યાણને માટે કરો છો, તે બરાબર કરશો તો કલ્યાણ જ થશે.

## થોડી મમતાનું મહા પરિણામ.

ગચ્છના ધોરી, શ્રુતના પારગામી, ઘણા શિષ્યોના ગુરુ આચાર્ય

છતાં પણ આસન સારું જોઇએ. શાતાગારવમાં ઉતરી ગયા. આવી સ્થિતિમાં આટલી નજીવી કુટેવથી બીજા ભવમાં અનાર્ય દેશમાં ઉત્પન્ન થયા. અને હાથ પગ લંબાઈ ગયા. ચાલી શકાતું નથી. પૂર્વભવના અવધિજ્ઞાનવાળા, છ મહિના ઉપવાસ કરવાની તાકાતવાળા એમના ચેલા અનાર્ય દેશમાં જઇને પ્રતિબોધ કરી અહીં યુક્તિથી લાવ્યા, આર્ય જેવાની પણ શાતાગારવની કુટેવ આ દશા કરે, તો આપણી શું દશા? વિધિવાળાએ ધ્યાન રાખવાની જરૂર છે. મૂળવિધિએ વર્તમાન પરિગ્રહથી વધારે કંઈ પણ પરિગ્રહ રાખવો ન જોઇએ. એ પણ સગવડિયો પંથ છે. હજારો માણસો પાસે લહેણી છે, તે કેમ છોડી દઉં? મારી પાસે છે, એમાંથી પૈસા ખસેડવા ન પડે, એવો સગવડિયો પંથ જોઈએ છે.

ચોમાસાનો ટાઇમ છે; જે તે જગ્યાએ લીલફૂલ–વનસ્પતિ સંમૂચ્છિંમ ત્રસજીવો ઉત્પન્ન થઇ જવાના, તેનો ઉપાય કર્યો? ચાર પૈસાનો ચૂનો લગાવી દીધો હોત તો લીલફૂગ ન લાગત. ઉપયોગની ખામી તેથી લીલફૂગ થઈ, ચીકટવાળા–થાંભલા–ઠામ–ભીંત–ઉપર ચૂનો લગાડ્યો? ખરચ હિસાબમાં નથી, મહેનત હિસાબમાં નથી, પણ આ જીવમાં તે સમજણ આવી નથી. શું તમારી જિંદગીમાં પહેલું ચોમાસું છે? વરસો વરસ લીલ અનંતકાયને દેખો છો; અનંતકાય ભક્ષણના પચ્ચક્ખાણ પણ કરો છો, શા માટે? કંદમૂળ કડવાં લાગે છે તે માટે કરો છો? અનંતા જીવોની, વિરાધના થાય તેથી દુર્ગતિ થાય તેથી બચવા માટે. ચોમાસામાં પાપડ વગેરેમાં લીલફૂલ થાય પછી તેને લુંછી નાંખો છો. તેનું કારણ શું? તમારા ઘરમાં ઘી, તેલની બરણીઓ ઉપર અનંતકાય મરે તેની વિરાધના ટાળી? પછી સગવડિયા પંથ સિવાય બીજું કયું નામ દેવું? આમાં સગવડતામાં ખામી આવતી નથીને? પોતાના ઘર આગળ લીલફૂલ થાય છે.

વાત એક જ, ચોમાસું આવ્યું એનો અર્થ એ જ કરે કે આ સાધુઓ ચાર મહિના સુધી સ્થિર રહેશે, બીજું કંઈ નહિ, અષાડ ચોમાસામાં મારે શું કરવાનું છે, એવું જે લક્ષ્ય પહોંચવું જોઇએ તે તો પહોંચ્યું જ નથી; ચોમાસાના અંગે ખાંડવું–દળવું–ધોવું–પીસવું

–લીંપવું વગેરે આરંભ કાર્યો બંધ કરવાં જોઈ એ. ઉપાશ્રયમાં કે દહેરાસરમાં જઈએ ત્યારે કંઈક ધર્મ કરવાનું મન થાય છે.

**દહેરાસર–ઉપાશ્રયના ધર્મી.**

આપણે દહેરાસર–ઉપાશ્રયે જઇએ એટલે ધર્મની બુદ્ધિ થાય અને ત્યાંથી નીકળ્યા એટલે ખંખેરી નાંખીએ. આ આત્મા જો ધર્મમાં રંગાયેલો હોય તો ચાહે દહેરાસરે કે ઉપાશ્રયે કે ઘેર હોય તો ધર્મની લેશ્યા કેમ ન આવે? કેવળ ઉપાશ્રયના જ આપણે ધર્મી છીએ. બહાર માટે હતા એવાને એવા જ. નિશાળમાં છોકરો જવાબ આપે અને ઘેર ઉત્તર ન આપે. એ છોકરાને આપણે ભણેલો ગણવો કે ઠોઠ ગણવો? તેવી રીતે આ આત્મા પણ ઉપાશ્રયમાં ધર્મ કરે અને બહાર નીકળે એટલે કાંઈ પણ ધર્મની લેશ્યા નહિ; ચાર મહિના ચોમાસામાં 'ભાગતા ચોરની લંગોટી', એવી રીતે તમો સાધુપણામાં ન આવો, દેશવિરતિમાં પણ ન આવો તો કંઈક ચોમાસામાં તો આરંભ પરિગ્રહ ઓછો કરો!

કૃષ્ણ મહારાજા ચોથે ગુણઠાણે છે. એ ભલે કર્મવશતઃ પચ્ચક્ખાણ ન કરી શકયા, પણ દયા કેટલી પરિણમી હશે તે વિચારો. જેઓએ એટલી ઋદ્ધિસમૃદ્ધિમાં, એટલા બધા રાજ્યના આડંબરમાં, પોતે અગિયારસથી રાજ્યનો દરબાર ભરતા નહિ. ત્રણ ખંડના માલિકને ચોમાસામાં રાજ્યદરબાર ભરવો જીવવિરાધના થવાથી કેટલો આકરો પડયો હશે? કહો, કેવી દયાની પરિણતિ હશે? દરબાર ભરવો બંધ એટલે રાજ્યની આખી વ્યવસ્થા બંધ. જેને દયાની ખાતર રાજ્યદરબાર ચારે મહિના બંધ કર્યો, તેથી દુનિયામાં દેવપોઢી અગિયારસ કહેવાય છે.

સામાન્ય રાજાના બે નિયમ: કાંતો જનાનામાં પોઢવાનો, ને કાંતો દરબારમાં બેસવું, એટલે દરબાર બંધ થયો. દુનિયા ' પોઢી ગયા ' એમ કહેવા લાગી. ધ્યાન રાખજો! તેથી મિથ્યાત્વીની સ્થિતિ પણ આ જગ્યાએ સમજી શકો છો. એ લોકો શું એમ માને છે કે દેવ સૂઈ ગયા? ત્યારે તેમના દેવ કુંભકરણના ભાઈ હતા? ત્યારે આવા દેવને તમે દેવ માનો છો? કૃષ્ણજી કાંઈ ઊંઘી ગયા નથી. આ સાચું તત્ત્વ એ લોકોથી બોલ્યું જાય નહીં, કારણ કે એ લોકો પાણીના કીડા છે. ના'વું, ધોવું એમાં જ ધર્મ માને છે. હિંસાને લીધે દરબાર બંધ રાખ્યો એમ માને તો કેટલું બધું શોધવું પડે! ——

**જૈનોની દયા નીંદનારા જૂઠા છે.**

તમો ઘણી વખત સાંભળી ચૂકયા છો કે જૈનોની દયાએ હિન્દુસ્તાન ગૂમાવ્યું છે. હવે આ જ એક વાત ધ્યાનમાં લેજો ! લુચ્ચા છોકરાઓ જ્યારે એક ચીજ ફોડી નાખે, ત્યારે તે છોકરાઓ બીજાનું નામ દઈ દે. આ લુચ્ચા છોકરાને શોભેજ પણ મોટાઓને ન શોભે. મોટાઓ સાવચેતીથી જ ચાલે, કદાચ ભૂલ થઇ જાય તો, પહેલેથી જ કહી દે કે 'મારાથી આ ભૂલ થઈ ગઈ છે.' દુર્જન ગૂનાથી ડરે નહીં, અને ગૂનો કરે તોપણ બીજાના ઉપર ઢોળે.

મહાવીર મહારાજાના સમયમાં શ્રેણિક કોણિક બીજે નંબરે, સંપ્રત્તિ મહારાજા ત્રીજે નંબરે, કુમારપાળ ચોથે નંબરે. જૈન ધર્મના રાજાઓ થઇ ગયા. એ વખતે રાજ્ય વધ્યું છે કે ઘટયું છે ? શ્રેણિક અને કોણિકના વખતમાં આખો આંધ્રદેશ-માલવા-સિંધ વગેરે દેશો તાબામાં લેવાયા હતા. મહારાજા કુમારપાળ વખતે કુરૂદેશ, મુલતાન વગેરે તાબામાં લેવામાં આવ્યા હતા. જૈનના કયા વખતમાં મ્લેચ્છનું આવવાનું થયું ? પૃથ્વીરાજ ચૌહાણ અને જયચંદ રાઠોડના વખતમાં જ મ્લેચ્છોનું આવવાનું થયું. પૃથ્વીરાજ અને જયચંદ રાઠોડના હાથમાંથી હિન્દનું રાજ્ય ગયું. શું પૃથ્વીરાજ અને જયચંદ રાઠોડ જૈન હતા ? તેનાથી રાજ્ય ગયું તો પછી જૈનનાં નામો ખોટી રીતે વગોવવા છે. તે સિવાય બીજું શું ? જયચંદ રાઠોડ અને પૃથ્વીરાજ ચૌહાણનું એ વખતે રાજ્ય કયા નિમિત્તે ગયું ? વિષયઅભિલાષા માટે ગયું છે.

**સગવડિયા પંથમાં પણ રહેતા નથી**

વિષયને તોડનાર જૈન ધર્મ છે, અને તમારો જ ધર્મ વિષયાનંદી છે, પરમાનંદ વિષયમાં મનાય છે. જૈનધર્મની વિરૂદ્ધ એવી રાજ્ય નીતિ છે એના ખોતાણે જૈનોની હલકાશ કરે છે. રાજ્ય રહેવું અગર તો જવું અગર નાશ પામવું, એને શ્રેયસ્કર ગણ્યું કોણે ? આરંભ પરિગ્રહમાં લીન હોય એણે જ ! આ બધી વિચારણા કોને હોય ? જેઓ આત્માને સમજનારા હોય એને.

જૈનધર્મમાં પરિગ્રહ બાબતની અભિલાષા હોતી નથી, કૃષ્ણને આપણે અવતી માનીએ છીએ, એ મહાપુરુષ ચોમાસાના ચારે મહિના દરબાર બંધ રાખે તો આપણે શું કર્યું ? તમે ચોમાસામાં પણ સાવચેત

થાવ અને દયા તરફ લક્ષ્ય રાખો. જૂઠું ન બોલો. પાંચે અણુવ્રતો, બારે વ્રતો વધારે ન બને તો ચોમાસા પૂરતા પણ સ્વીકારો. ચક્રવર્તીને ધર્મનું બંધન પાલવે, વાસુદેવને બંધન પાલવે, પણ તમારા આત્માને વિરતિનું બંધન પાલવતું નથી. ચોમાસુ બેઠું છતાં કાંઈ પણ બંધણીમાં આવ્યા? 'અમે તો સાંભળવા માટે આવ્યા છીએ, ઘેરથી ટ્રસ્ટ–નિશ્ચય કરીને આવ્યા છીએ, ઘેરથી વખાણુ સાંભળવા માટે નક્કી કરીને આવ્યા છીએ, અમે અમલ કરવાની વાત રાખી જ નથી. છતાં કરીએ તો અમારું બંધારણ ખોટું ઠરે!'

આવી ધારણા ન હોય તો, ત્રણ ખંડનો માલિક દરબાર બંધ કરે અને તમો આરંભ બંધ ન કરો તો સગવડિયા પંથમાંથી નીચે ઉતર્યા, ચાર મહિના બંધ કરવું એમાં કઈ અગવડ આવે છે? સગવડ માટે ધર્મને ધક્કો નથી માર્યો? સંસારની સગવડ માટે ધર્મને ધક્કો માર્યો જ છે. સગવડ રાખીને પણ ચોમાસામાં ધર્મ કરી શકો છો, તે પણ તમારે કરવો નથી, રવિવારે રજા મળે છે, તે દિવસે પૌષધ કરો તે પણ સગવડ છે, છતાં ધર્મ કરવો નથી. પાંચમા ગુણઠાણામાં માત્ર સગવડિયો પંથ પકડયો છે. પણ અંદર ધર્મ પરિણમ્યો નથી. જ્યાં સુધી છઠ્ઠું ગુણઠાણું આવ્યું નથી, ત્યાં સુધી સગવડિયા પંથમાં જ રહેવાનું છે.

કલ્યાણના રસ્તાની સડક ત્યારે જ કહેવાય કે તમે એ દશામાં જ્યારે આવો કે 'મારૂં પરમ ધ્યેય આત્મકલ્યાણ.' આત્મકલ્યાણને પરમ ધ્યેય ગણીને જ્યારે તમો ચાલવા માંડશો ત્યારથી જ સડક શરૂ થશે. કલ્યાણની પાછળ ગાંડા થશો તો જ કલ્યાણ થશે. હું તો કલ્યાણની પાછળ છું. દુનિયા બધી સુખસગવડ પાછળ ગાંડી છે. જેમ પર્યુષણમાં સાંભળો છો કે વીરાશાલવીએ પોતાની સ્ત્રીની પાછળ વનમાળામય જગત બનાવ્યું હતું, તેમ આત્માને કલ્યાણમય બનાવીશ ત્યારે જ કલ્યાણને રસ્તે ચઢીશ. હવે એ કયારે બનવાનું છે?

## ધર્મઘેલા કહેનાર ધર્મ વિમુખ છે.

ધર્મવિમુખ લોકો કહે છે કે 'ધર્મઘેલા,' તો તેમને કહેજો કે ધનભાગ્ય, ભાઈ! એટલું સારૂં છે કે અમે પાપઘેલા થયા નથી. ઇચ્છીએ છીએ કે ધર્મઘેલા થઈએ. પણ હજુ ધર્મ સિવાય બીજી બધી વસ્તુને ઠોકરે મારીએ એવી રીતે અમે ધર્મઘેલા થયા નથી.

ઘેલાઓમાં જે વાતનું રટણ થઈ જાય તે વાત સિવાય તે બીજામાં લક્ષ રાખતો નથી એવું અમે ઇચ્છીએ છીએ.

એ તમને ધર્મઘેલા ક્યારે કહે છે ?

એ પાપઘેલા થયા છે ત્યારે.

તમે અકલ્યાણના માર્ગથી ખસો, વિષયોથી ખસો, અને કલ્યાણ માર્ગ પકડો ત્યારે તમે 'કલ્યાણઘેલા કહેવાઓ !' એ તો ધર્મિષ્ટોને અવળે રસ્તે ઉતારવાને માટે શબ્દ ગોઠવેલો છે. કાઠિયાવાડના છોકરાએ પોતાના હાથે ફેંટો ફાડયો, તેમ તમે ન ફાડશો. ધર્મઘેલા શબ્દ સાંભળી તમે ધર્મ ન છોડશો. જિનેશ્વર મહારાજનું પવિત્ર શાસન પામ્યા છો. તે દુર્જનો તમારા ધર્મને છોડાવશે, માર્ગે ચઢેલાને પાડશે અને તમે પડશો એટલે તાળીઓ પાડશે. હાડકાં સુધી ધર્મપ્રેમથી રંગાઈ ગયા હોય એ સમ્યક્ત્વનું ધર્મનું લક્ષણ છે.

**કોઈ પણ પ્રકારે પાંચ આશ્રવનો ત્યાગ કરવા લાયક.**

કોઈ પણ ઇચ્છાએ પાંચ આશ્રવનો ત્યાગ કરનારો થાય તો તે પૂજ્ય પદવીમાં છે. કોઈ પણ કારણથી ખૂન કરનારો ખૂન કરતો રોકાઈ ગયો તો ફાંસીથી બચ્યો. કોઈ પણ પ્રકારે આશ્રવથી હઠી ગયો તો ઉત્તમ મતિવાળો એ તો ચોક્કસ. આ જીવ રાજ્યની ઇચ્છાએ સ્ત્રી-દેવવિમાન-ઋદ્ધિ-સમૃદ્ધિ કોઈ પણ ઇચ્છાએ સાધુ થયો તેનું ફળ પણ મળ્યું તો પણ તે સારૂં છે. તાપસો પણ સદ્ગતિ પામી ગયા છે. ગુણસેન રાજાના પંજામાંથી છૂટવા માટે અગ્નિશર્મા તાપસ થયો. આવી રીતે દેવલોક મળવાની ઇચ્છાથી થએલો તાપસ પાંચમા દેવલોક સુધી જાય છે, તો પછી જૈનક્રિયા કરનારા કેમ ચઢિયાતી સ્થિતિ ન પામે ?

તમારા છોકરાને દવા શી રીતે પીવડાવો છો ? તે પીધેલી દવા શરીરને ફાયદો કરે છે, તો આ આત્માનો કર્મરોગ મટાડનાર ફાયદો કરનાર માર્ગ વિરતિ મને ફાયદો કેમ નહિ કરે? સમ્યક્ત્વ બે ઘડી આવે અને હંમેશાં મિથ્યાત્વ રહે. એ બેમાં કાંઈ ફરક દેખો છો ? અખંડ ચારિત્રની ભાવનાવાળા ઉત્તમ છે, પણ ઉપલા બેમાં કહો કે અંતરમુહૂર્ત સમ્યક્ત્વ પામ્યો, જાવજ્જીવ કેવલીએ કહેલો ધર્મ માન્યો છતાં કર્મયોગે કરેલી પ્રતિજ્ઞા કદાચ તૂટી જાય, પણ પ્રતિજ્ઞા નહિ કરવાવાળા કરતાં ઘણા સારા છે. પ્રતિજ્ઞા તૂટવાને અંગે જે બળાપો-

પસ્તાવો કરે છે, તેની આલોયણા લે છે. આ અર્ધ પુદ્દગલ પરાવર્તનમાં જરૂર મોક્ષે જશે! એનો એકડો લખાઈ ગયો, પણ પેલાના મીંડાનો હજુ એકડો થયો નથી. મીંડું કાયમ રહ્યું છે.

**પતિતાત્માએ ત્રણ સ્થાન છોડી દેવાં.**

કાયાથી પ્રતિજ્ઞા સાચવે, તોપછી મન ઠેકાણે આવી જાય, તેને પુરૂષોત્તમ કહેવાય. આ વાત ઊંડી શાસ્ત્રમાં લેવા જવાની નથી. ચતુર્થવ્રતધારી, સચિત્તત્યાગી શ્રાવકને દશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયન ભણવાની છૂટ છે. રહનેમિ રાજીમતીને દેખી પોતે મનથી–પરિણામથી પડ્યા હતા, અને રાજીમતીને પાડવા તૈયાર થયા હતા. પ્રથમ મનુષ્ય પડવાથી શરમાતો હોય તો બીજાને પાડવા તૈયાર ન થાય; પછાડીયું ખાતાં આવડવું જોઈએ, નહીં તો રાંડના અવતારથી પણ ભૂંડા! જેને પછાડ્યું ખાતાં ન આવડે, તેનાં હાડકાં ભાંગી જાય. પતિત થતાં આવડવું જોઇએ, પતિતનો પણ વિધિ છે, શાસ્ત્રકાર કહે કે પહેલાં પોતાની પ્રતિજ્ઞાના પરિણામ સાચવવા વિહાર કરવો, વિગઇ ત્યાગ-કરવી, તપસ્યા કરવી, છતાં પતિત જ થવાનું હોય તો તેણે ત્રણ જગા છોડી દેવી. ભૂતકાળની વિહાર ભૂમિ, જન્મ અને દીક્ષાનું સ્થાન, આ જગ્યા છોડીને રહે.

**ક્ષમાના પાંચ પ્રકાર.**

જગતમાં થતાં દુઃખો કયા કારણથી થયાં, એ કોઈ દહાડો વિચારતા નથી. શાસ્ત્રકારો કહે છે કે વિપાકક્ષમા એ મિથ્યાત્વીને પણ હોય, ક્ષમાના પાંચ પ્રકાર–ઉપકાર, અપકાર, વિપાક, આજ્ઞા અને ધર્મક્ષમા. **'खंतिमद्दव'०** દસ પ્રકારના શ્રમણધર્મમાં પહેલી ક્ષમા કેમ? ચાર કષાયોમાં પહેલો ક્રોધ ગણ્યો છે. ક્રોધની શાન્તિનું કારણ ક્ષાંતિ–ક્ષમા છે. તેથી પહેલી ક્ષમા કહી.

સર્વે કષાયોમાં આગેવાન લોભ ગણાય છે, લોભ આધીન આત્મા ક્ષણવાર સુખ પામતો નથી. અભિમાનથી એક વિનયગુણ નાશ પામે છે. **सर्वगुणविनाशीलोभ**:' પણ લોભથી સર્વગુણો નાશ પામે છે. શ્રેણીએ ચઢે તે વખતે આત્મા પહેલો ક્ષય ક્રોધનો કરે, પછી માન, પછી માયા અને પછી લોભનો ક્ષય કરે. શ્રેણીમાં જે પ્રમાણે ક્ષય થાય છે તે અનુક્રમ અહીં લીધો છે. અનુભવની રીતિમાં ક્રોધ લગીર

વાતમાં ઉત્પન્ન થવાનો, માન બીજાના કારણથી થાય. માયા ત્રીજાના કારણથી થાય, બીજા મનુષ્યની ચીજ ઉઠાવી લેવાનો લોભ થાય ત્યારે પારકી વસ્તુ ઉઠાવી લેવાની ઇચ્છા થાય. ત્રીજો મનુષ્ય અને ત્રીજી વસ્તુ માયા–પ્રપંચનું સ્થાન છે. લોભ એ પણ ત્રીજી વસ્તુના અંગે થાય છે.

ક્રોધ સિવાય બાકીના કષાયો વધારે સાધનની અપેક્ષા રાખે છે. પણ ક્રોધ સાધનની અપેક્ષા રાખતો નથી, બચપણથી મોટા થયા. પહેલી ઉત્પત્તિ કોની થાય? નાના છોકરાને અભિમાન ન થાય, મન માયા ન થાય, પણ ચૂંટી ભરીએ તો ક્રોધ સહેજે થઈ જાય છે. આ કારણથી પહેલા ક્ષાન્તિ કહેવી પડે, ક્ષમાના પાંચ પ્રકારમાં પહેલી ઉપકારક્ષમા. આપણા શેઠ છે, ધનથી, કુટુંબથી શરીરથી ફાયદો–હિત કરનારા છે, તેને કંઇ પણ વચન કઠવું ન કહેવાય. એક વખત ક્રોધ આવ્યો હોય પણ મુખની બહાર ક્રોધના શબ્દો ન આવવા દેવા. આનું નામ ઉપકારક્ષમા. ક્રોધ આવ્યા છતાં ક્રોધનું ફળ ન બેઠું, તે ક્રોધ ન થયા જેવો જ ગણવો.

જૈનશાસન એકલા મનને, એકલા વચનને કે એકલી કાયાને કર્મનું કારણ માનતું નથી. જો એકલું મન જ કર્મનું કારણ છે, તો પચ્ચક્ખાણના ૪૯ ભાંગાની જરૂર નથી. પચ્ચક્ખાણ કોનાં કરવાં? કર્મબંધના કારણનાં કે કર્મ રોકવાનાં કારણનાં પચ્ચક્ખાણ કરવા? સંવરનિષેધના પચ્ચક્ખાણ ન હોય પણ પચ્ચક્ખાણ આશ્રવના હોય. કર્મબંધનાં કારણનાં પચ્ચક્ખાણો હોય તો પછી મન, વચન, કાયા ત્રણથી પચ્ચક્ખાણની જરૂર શી? જો એકલા મનથી કર્મબંધ હોય તો ત્રણ પદ કેમ બોલો છો? 'मणेणं वायाएकाएणं' શા માટે? જેઓ એકલા મન ઉપર જવાવાળા છે, તેઓને ત્રણ જોગ માનવાની જરૂર નથી, કારણ કે કાયા એ મનને આધીન છે, વચન પણ મનને આધીન છે. આવું જૈનશાસ્ત્ર માનનારો કહી નહીં શકે. સજ્જડ પાપનું કારણ હોય તો કાયા કહેવાય છે. મનને તમો કાયા કેમ કહો છો? ઊંડા ઉતરશો તો તમને માલમ પડશે. મન પેદા કરે છે કોણ? કાયા મનને પેદા કરનારી ચીજ કે મન કાયને કરનારી ચીજ? આ બેમાં કોણ કોને કરે છે, કહો કે કાયા મનને કરે છે.

પર્યાપ્તિની અપેક્ષામાં કાયપર્યાપ્તિ પછી મનઃપર્યાપ્તિ. કાય-

પર્યાપ્તિવાળા મનઃપર્યાપ્તિ વગરના પણ છે. પણ મનઃપર્યાપ્તિવાળા કાયપર્યાપ્તિ વગરના કોઇ જીવ છે? મનોજોગ ન હોય અને કાયજોગ હોય એવા અનંતા છે. આ ઉપરથી નક્કી થયું કે કાયજોગ હોય એને જ મનજોગ હોય. જીવકાયાએ ગ્રહણ કરેલા મનના પુદ્ગલોને મનપણે પરિણમાવે છે. સડેલા બીજમાંથી ઝાડ ઉત્પન્ન ન થાય. એવી રીતે કાયા બગડેલી હોય તો મન કોઈ દિવસ પવિત્ર નહીં બને. સંકલ્પો કઈ ચીજના આવે? દેવલોકની દેવાંગનાઓ, નંદનવન, મેરુ પર્વત વગેરે સાંભળ્યા છે, એમાંથી રત્ન, ફળ ફૂલ લાવવાને માટે મન કોઈ દિવસ થાય છે? કહો કે નંદનવન સંસર્ગમાં આવેલું નથી.

આ પરથી માનવું પડશે કે કાયાના સંસ્કાર પછી જ મનનો સંસ્કાર છે. ધર્માસ્તિકાય વગેરે કાયાના સ્પષ્ટ સંસર્ગમાં આવેલા નથી, તેથી સ્વપ્નમાં પણ તે દેખાતા નથી. જે પ્રકારે કાયા ક્રિયા કરે છે, તે પ્રમાણે જ મન પરિણમે છે. એ વાત અનુભવથી જોઈ લો. મન વશ ન પણ થાય, વચન વશ ન પણ થાય, તોપણ કાયાને વશ રાખો, ત્યાં સુધી મન વચન અંકુશમાં છે.

## પાપી-મહાપાપીપણું ગણાવનાર 'શીંગડે ખાંડા ને પૂંછડે ખાંડા' બળદ જેવા છે.

પચ્ચક્ખાણ લેવું એ પણ પાપ, અને પચ્ચક્ખાણ લઈને ન પાળવું એ મહાપાપ, આવું માનનારાએ સમજવાનું કે, જો એવી રીતે મહાપાપ થઈ જતું હોય તો મનનું ચંચળપણું હોય ત્યાં સામાયિક લેવાનું શાસ્ત્રકારો રાખત નહીં. સામાયિકના અતિચારો તમે જાણો છો. મન. વચન, કાયા એ ત્રણને અંગે અતિચાર છે. દુષ્પ્રણિધાન એટલે ત્રણેયની ખરાબ એકાગ્રતા એ અતિચારો કહ્યા. એને ભંગાભંગ રૂપ સામાયિક કહ્યું. બે માણસ બેઠા હતા, એમાં એક સામાયિકમાં અને એક છૂટો હતો. એવામાં એક કૂતરૂં આવ્યું, એટલે સામાયિકવાળાએ ઉંઉં કર્યું. છૂટાએ કૂતરાને મારીને કાઢયું. ઉંઉં કર્યું એટલે કૂતરાને માર્યું ને? હા. ત્યારે! એવી રીતે સામાયિકવાળાની મન, વચન અને કાયાથી પાપ કરીશ નહીં, આ પરિણતિ ચોક્કસ હતી. સંયોગ આવે ત્યારે પરિણતિ ફરી જાય, પણ આશ્રવ કારણ કેટલામાં પલટાયું? તો કે તેટલામાં.

વ્રત લઈને ભાંગવાનો વખત આવે ત્યારે મહાપાપ વિચારવાનું. વ્રત નહીં લેનારને મહાપાપ બોલવાનો હક્ક નથી. ત્યારે બોલવાનું કયાં? વ્રત લીધું, કેટલુંક પાળ્યું અને ભંગનો વખત આવ્યો ત્યારે મહાપાપી એમ વિચારવાનું. શાસ્ત્રકારો આ વાકયથી વ્રત ભંગ ન થાય, અને તેનાથી બચાય તે માટે કહે છે? કે વ્રત લઈને ભાંગવા માટે કહે છે? શાસ્ત્ર અને શસ્ત્ર–આમાં માત્ર 'આ' કારનો જ ફરક છે. એવી રીતે જે 'આ' કારે શાસ્ત્રકારોએ જે વાકય કહ્યું હોય તે 'આ' કારને બદલી નાખીએ તો શાસ્ત્રનો શસ્ત્ર થઈ જાય. જે વાકય વ્રતભંગથી બચવા માટે કહ્યું, ત્યારે તે તમે વ્રત આવતું અટકાવવા માટે વાપર્યું.

શાસ્ત્રકારો જાણે છે કે વ્રત લેનારા અતિચારમાં આવશે, ભંગમાં આવશે, એને શુદ્ધિના સ્થાનની જરૂર છે. પણ શીંગડે ખાંડો અને પૂંછડે બાંડો હોય તે બળદને પકડવો કયાંથી? તેવી રીતે આપણે વ્રત ન લેવું તેમાં પાપ અને લઈને ભાંગવું એમાં તો મહાપાપ, આવો ખાંડો અને બાંડો તેને પકડવો કયાંથી? તમારી શિખામણે છોકરાઓ નિશાળે ન જાય તો તેને શું કહો? કલમ ન પકડે તે મૂર્ખો, ભણીને ભૂલે તો કમઅક્કલ – બેભાન વગેરે કહો છો તો છોકરાએ સમજવું જોઈએ કે ભણશું તો વળી વધારે સાંભળવી પડશે, અને નહીં ભણીએ તો માત્ર 'મૂર્ખો' સાંભળીશું માટે ભણવું જ નહીં એમ છોકરો વિચારે તો? મહાપાપીએ વ્રત ભાંગતી વખતે વિચારવાનું, વ્રત લેતાં પહેલાં ન વિચારવાનું. ભણીશ તો મોટી ગાળ સાંભળીશ અને નહીં ભણીશ તો એક જ ગાળ સાંભળીશ. આવું છોકરાને સમજાવો છો? એ સાંભળવાનું કોને? ભણેલાને, નહીં ભણનારને નહીં સાંભળવાનું. પ્રતિજ્ઞા ભંગ કરનારને ખરાબ થયું એમ મનમાં આવ્યું. કેમ આવ્યું? તો કે તેને પચ્ચક્ખાણની જડ હતી તેથી.

**ઉપકારક્ષમા**

એવી રીતે મનથી ક્ષમા રાખી માત્ર મુખથી સામે વચન બોલ્યા નથી તેને આગળ કશું નહીં બોલવાનું. આટલી જ ક્ષમા રાખે છે. જો શેઠ ન હોત અને આ જગ્યાએ બીજો હોત તો સાંભળું ખરો કે? કંઈ કંઈ કરી નાખત! આને ક્ષમા કેમ કહી છે? આમાં ક્રોધની શાંતિ છે. અંદર ક્રોધ તો છૂપાઈને બેઠો છે, છતાં એને ઉપકાર-

ક્ષમા કરે છે. સળગેલું ઘર બચી જાય. સળગેલું ઘર ક્યારે બચે? મનથી, પાછળ વચન નથી, કાયાની ચેષ્ટા નથી. ખામોશ પકડી લીધી એ જ ક્ષમા. આવેશ રોક્યો એ જ ઉપકારક્ષમા. જેને ભૂતકાળના ઉપકારનો વિચાર તે જ ઉપકાર ક્ષમા. કૂતરા સરખું જાનવર પોળના છોકરા તેનું પૂંછડું પકડે છતાં કાંઈ કરડતું નથી. કેમ? એક રોટલાના ટૂકડાની ખાતર કૂતરૂં પણ ઉપકારક્ષમા રાખે છે.

**અપકારક્ષમા**

અપકાર ક્ષમા, ભવિષ્યના વિચારથી બને છે. ફોજદારની ભૂલથી આપણને ધક્કો વાગ્યો. જો કાંઈ તેને બોલીશ તો વધારે નુકશાન કરશે. આમ હેરાન કરશે, તેમ નુકશાન કરશે તેથી આવેશને કાબુમાં રાખે તેનું નામ પણ ક્ષમા કહે છે. અપકાર નુકશાન કરશે એટલા વિચારોથી જે ક્રોધના આવેશને દાબી દેવો તે અપકારક્ષમા. આ બે ક્ષમા મનુષ્યને અને જનાવરને પણ હોય છે. આ ઉપરથી આપણે મનુષ્ય થવા છતાં અપકાર ક્ષમામાં ન ઉતરીએ તો આપણે કઈ સ્થિતિમાં? મનુષ્યપણાની કુટેવ શી? ઉપકાર ખાઈ જવાની 'नमो अरिहंताणं' નું પદ કોણે શીખવ્યું? કક્કો શીખવનાર મહેતાજી કયો?

જ્યાં ઉપકાર જ ધ્યાનમાં નથી લેવો તો ઉપકારી ધ્યાનમાં ક્યાંથી આવે? તો પછી ઉપકારક્ષમા ધ્યાનમાં ક્યાંથી આવે? ઉપકાર કોઈનો પણ ન માનવો—આ દશામાં આપણે છીએ. અપકારક્ષમા દુર્જનથી ડરવા માટે કરવા તૈયાર છીએ, સજ્જનને અપકાર કરીએ તેની અડચણ નહીં. સજ્જન કાંઈ પણ શિક્ષા કરવાનો નથી, તેથી તેનો ડર નથી. દિલ્હીના રાજ્યાભિષેક વખતે દેશી રજવાડાઓથી પૂંઠ થતી ન હતી. શહેનશાહથી રાજા મહારાજાઓ ડરે. ત્રણ લોકની આગળથી પૂંઠ કરીને નીકળે છે. તીર્થંકર પરમાત્માની પૂંઠ કરવાથી આશાતના થાય છે તેનો ખ્યાલ રાખો છો? દેરાસરમાંથી નીકળતી વખતે ભગવાનને પૂંઠ થવી ન જોઈએ. અહીં પોલિસ કે સિપાઈ બેસાડે અને પૂંઠ કરે તો બે ધોલ ઠોકે તો ક્ષમા રાખશો!

**વિપાકક્ષમા.**

રોગ થયો હોય તે વખતે ચરી પાળવાની સાવચેતી રહે છે. તેવી જ સાવચેતી વ્રત-પ્રતિજ્ઞા માટે પણ રાખવી જોઈએ. અહીં વ્રતમાં

દૂષણ લગાડીશ તો તેનાં માઠાં ફળો ભવાંતરમાં ભોગવવાં પડશે. વ્રત વિરાધનાનું, ક્રોધ કરવાનું ફળ ચંડકૌશિકને ભોગવવું પડ્યું હતું. તેમ જો હું વ્રતખંડન કરીશ તો દુર્ગતિ થશે. ક્રોધ કરીશ તો મારે પણ સર્પ-વીંછી જેવી ક્રૂરજાતિમાં જન્મ લેવો પડશે, એમ ધારી દુર્ગતિના દુઃખના ભયથી ક્રોધ ઉપર કાબુ રાખે, ક્ષમા રાખે તો તે ક્ષમાનું નામ વિપાક ક્ષમા. આ ત્રણ ક્ષમા તિર્યંચગતિમાં અને મિથ્યાત્વી મનુષ્યને પણ હોય.

**આજ્ઞા ક્ષમા-વચન ક્ષમા.**

તીર્થંકર પરમાત્માની આજ્ઞા છે કે ક્રોધ ન કરવો. ચાહે તેવો સામો નિષ્કારણ ક્રોધ કરે, અપશબ્દ સંભળાવે, મારે, લોહીલુહાણ કરે, છેદનભેદન કરે, બાળે યાવત્ ગજસુકુમાળ માફક માથે ધગધગતા અંગારા મૂકે તોપણ પ્રભુવચન યાદ કરી, આજ્ઞા સંભાળી, ક્રોધ નહિ પણ ક્ષમા રાખે. એમ વિચારે કે ભલે ગાળ દે છે પણ મારતો તો નથી ને? મારે છે પણ પ્રાણ તો લેતો નથી ને? પ્રાણ લેતો હોય તોપણ વિચારે કે પ્રાણ લે છે પણ મારા ભાવપ્રાણ રૂપ ધર્મથી ચૂકવતો નથી ને? સામાની ભાવદયા વિચારે કે બિચારો અજ્ઞાનતાથી પોતાના આત્માને પાપથી ભારે કરે છે, તે દુર્ગતિએ જશે. મારા તો કર્મ ખપાવવામાં તે સહાયભૂત થાય છે આથી તે મારો ઉપકારી છે, તેમ વિચારે પણ લગીર પણ તીર્થંકર ભગવાનનું વચન યાદ કરી ક્રોધ ન કરે, તેનું નામ આજ્ઞા-વચનક્ષમા. આવી ક્ષમા હોય ત્યારે સમજવું કે સમ્યક્ત્વ આવ્યું છે.

**ધર્મક્ષમા**

ધર્મક્ષમા એટલે હવે આજ્ઞા ઉપર તત્ત્વ ન રાખતાં આત્માનો સ્વાભાવિક ધર્મ ક્ષમાનો છે: આજ્ઞા વિપાક. અપકાર ઉપકાર કોઈ પણ ખ્યાલ રાખ્યા વગર ક્ષમા સ્વરૂપ આત્મા છે. ચાહે તેવા નિમિત્ત મળે તોપણ તેને ક્રોધ થાય જ નહિ. આવી સ્થિતિમાં જે ક્ષમા તે ધર્મક્ષમા.

આ પ્રમાણે પાંચ પ્રકારની ક્ષમા પ્રસંગોપાત સમજવી.

ત્રણ ક્ષમા મિથ્યાત્વી આત્મમાં પણ સંભવે, તમો શ્રાવક એટલે પાંચમે ગુણઠાણે છો. આથી વચનક્ષમા સમકિતમાં હોવી જ જોઈએ. ચાલુ વિષયમાં ઘણા આગળ વધી ગયા છીએ. વ્રતભંગના ભયથી આપણે અભિગ્રહો નથી લેતા પરંતુ ન ભાંગે તેવી સાવચેતી રાખવાની

ખરી, પરંતુ વ્રત લેતાં, ન અટકવું. શ્રાવકપણાના નાના વ્રતોથી રાજ્ય ઋદ્ધિ દેવઋદ્ધિ મળ્યાનાં ઘણાં દૃષ્ટાંત છે. તો ચોમાસીની અંદર જરૂર સામાયિક–પૌષધ–પ્રતિક્રમણ–પ્રભુપૂજા–સ્નાત્રમહોત્સવ–બ્રહ્મચર્ય–દાન–તપસ્યાદિક કરવાનાં, ઉત્તમ અભિગ્રહો ધારણ કરવા.

શ્રાવકપણામાં સગવડિયો ધર્મ માત્ર બની શકે છે. હજુ ધર્મ આત્મામાં પરિણમ્યો નથી. ધન–કુટુંબ–શરીર વગેરેમાં ખામી ન આવે તે પ્રમાણે, સગવડ પ્રમાણે ધર્મ આચરે છે, ત્યાં સુધી હજુ છઠ્ઠું ગુણઠાણું આવ્યું નથી, જ્યાંસુધી લોકસંજ્ઞા છૂટતી નથી ત્યાંસુધી મોક્ષના માર્ગમાં આવેલો ન ગણાય. ભવરૂપી ભયંકર પર્વતને ઉલ્લંઘન કરવા માટે જો કોઈ પણ સમર્થ પદાર્થ હોય તો છઠ્ઠું. સર્વવિરતિ–સાધુપણાનું ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર એવા લોકોત્તર સ્થિતિવાળા મુનિવરો જ છે, કે જેઓ લોકસંજ્ઞાથી સર્વથા દૂર છે. આવું સમજી જે આત્માઓ ચાતુર્માસની કહેલી વિધિ મુજબ આરાધના કરશે તેઓ આ ભવ પરભવ કલ્યાણમાંગલિકમાળા પહેરી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

# અષ્ટાહ્નિકા વ્યાખ્યાન

## પ્રથમ દિવસ

જામનગર (સૌરાષ્ટ્ર)

વિક્રમ સં. ૧૯૯૨ પ્ર. ભાદ્રપદ વ. ૧૩ રવી

अथ सामायिक प्रमुखशिक्षाव्रतभृद्भिर्नूनं षडष्टाह्निकपर्वाण्यासेव्यानीत्याह—

**અઠ્ઠાઇપર્વોનું જરૂર આરાધન કરવું જોઈએ.**

**अष्टाह्निकाः षडेवोक्ताः, स्याद्वादमयदर्शनैः ।**
**तत्स्वरूपं समाकर्ण्य, ह्यासेव्याः परमार्हतैः ॥ १ ॥**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન વિજય લક્ષ્મીસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર અર્થે અષ્ટાહ્નિકાના વ્યાખ્યાનને જણાવતાં ૨૪ સ્તંભમાં પ્રથમ બાર વ્રતોનો અધિકાર કહ્યો છે. તેમાં ૫ અણુવ્રતો, ૩ ગુણવ્રતો,

જણાવ્યા બાદ ૪ શિક્ષાવ્રતો જણાવી ગયા છે સામાયિક, દેશાવગાસિક, પૌષધ, અને અતિથિસંવિભાગ. આ ચારે શિક્ષાવ્રતો આ આત્માને દોરવા માટે છે. આમાં સામાયિકમાં બે ઘડીનો સાવદ્યત્યાગ. દેશાવગાસિકમાં દશ સામાયિક જેટલો સાવદ્યત્યાગ કેળવ્યો છે, અહીં ભાવિકો જેમ બે ઘડીથી પહોર આદિમાં આવ્યા, તેમાંથી વળી આઠ પહોર રૂપ પૌષધમાં આવ્યા. અહોરાત્રથી વધારે આત્માને કેળવવા માટે અષ્ટાહ્નિકા પર્વો છે.

આઠ દિવસ લાગલાગટ સાધુપણાનો અભ્યાસ કેળવવા માટે ચાર શિક્ષાવ્રતો રાખવામાં આવ્યા છે. શિક્ષાવ્રતો ધારણ કરનારે અવશ્ય અઠ્ઠાઈની આરાધના કરવી જોઈએ.

કયી જાતનો નિયમ કરવાનો હોય, તે ન સમજે, તે ઉલટા પ્રકારના નિયમ કરી બેસે, માટે નિયમ કરવાનું જ્ઞાન જાણી લેવું જોઈએ. શિક્ષાવ્રતવાળાએ જરૂર અઠ્ઠાઇના પર્વો આરાધવા જોઈએ, સામાયિક આદિ કરનારાઓથી અઠ્ઠાઈની આરાધના તરફ દુર્લક્ષ કરાય નહીં. અઠ્ઠાઇની આરાધનામાં ઉત્સાહ આવવો જોઈએ. એક દિવસ કરેલી આરાધના કેટલો લાભ આપે છે તે તમો જાણો છો, તો આઠ દિવસની સામટી આરાધનામાં કેટલો લાભ મળે ?

## કુળાચારે પણ આરાધના કયારે થાય ?

અઠ્ઠાઈમાં રસ ન આવે તેવાઓ સામાયિક આદિથી આરાધના કુળાચારે પણ કરે છે. આટલુંય કરવાનું કોને મલે છે ? કુળાચારે શરમથી, લાજથી–રૂઢીથી. શરમ લાજ રૂઢીથી પણ જિનેશ્વરપ્રભુના શાસનની ક્રિયા કોને મળે ? મોહનીય કર્મની ૭૦ કોડાકોડીની સ્થિતિમાંથી ૬૯ કોડાકોડીની સ્થિતિ ઉડાવી દીધી હોય તેવાને દ્રવ્યથી પણ જિનેશ્વરપ્રભુના શાસનની ધર્મક્રિયા મળે છે, આગળ વધુ ઉડાવી ન હોય તો જુદી વાત છે, આવી રીતે પણ અહીં ફાયદો છે. શાસ્ત્રકારો ધર્મક્રિયાના નિષેધવાળા નથી, તમને પાછા હઠાવવાનો મુદ્દો નથી. અઠ્ઠાઈ આરાધી ન શકે તેઓએ રસપૂર્વક સામાયિક આદિ આરાધ્યા નથી, તે કહેવાનો મુદ્દો છે. શિક્ષાવ્રત આરાધનારાઓએ અઠ્ઠાઈની આરાધના જરૂર કરવી જોઈએ, 'સામાયિકવાળાએ જરૂર અઠ્ઠાઈની આરાધના કરવી' એ નિયમ વિધિનો છે પણ નિષેધનો નથી.

### અઠ્ઠાઈઓના કહેનારા કોણ?

અઠ્ઠાઈઓ કેટલી અને કોણે કહી છે? અઠ્ઠાઈઓ છ કહી છે. કોણે કહી? અમુક તિથિએ અમુક જ ધર્મઆરાધન ફાયદો કરી શકે એ કોણ જાણી શકે? અમુક દવા અમુક ફાયદો કરશે એ વૈદ્ય-ડોકટર જાણે છે, તેવી રીતે ધર્મકાળના સ્વભાવને જાણે એવો મનુષ્ય અઠ્ઠાઈ કહેનારા હોય તો અઠ્ઠાઈ પર્વની આરાધના કરવા દરેક તૈયાર થાય, આથી અત્ર ખુલાસો કરે છે કે સ્યાદ્વાદ અને અભયને દેનાર ઉત્તમ પુરુષોએ આ કહેલું છે.

### સ્યાદ્વાદનું રહસ્ય

**स्याद्वादाभयदोत्तमैः**—સ્યાદ્વાદ એટલે શું? 'જેની ના તેની હા' 'હા તેની ના' એનું નામ સ્યાદ્વાદ નથી. એક દૃષ્ટિએ ન દેખતાં ચારે બાજુ દૃષ્ટિથી દેખો. બાપ દીકરાને દીકરા તરીકે, સાસરો જમાઇ તરીકે, મા પુત્ર તરીકે, સ્ત્રી પતિ તરીકે દેખે છે. છોકરામાં પતિપણાનો ધર્મ, જમાઇપણાનો ધર્મ, પુત્રપણાનો ધર્મ, આ બધું અપેક્ષાએ દેખીએ છીએ. તેવી રીતે અપેક્ષાએ જોઈએ તો બધી વસ્તુ માલુમ પડે. **'અપેક્ષાએ કથન કરવું તેનું નામ સ્યાદ્વાદ.'** આવા સ્યાદ્વાદની નીતિએ કહેનારા ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાન છે. એકલી વાતો કરનારા નથી, અભયદાન દેવાવાળા સાધુ, ઉપાધ્યાય, આચાર્ય બધાયે છે. પણ તેઓમાં અભયદાનની ઉત્પત્તિ પહેલવહેલી કરનાર તીર્થંકર ભગવાન છે. સ્વાર્થ બધાને વહાલો છે. જન્મથી માંડી મરણ સુધીની સાંસારિક દશા દેખીએ તો મારું, મારા કુટુંબનું કરું. આ જ ભાવના આ જગતમાં છે, કિન્તુ મારું થાય કે ન થાય તેની મને દરકાર નથી, પણ આખા જગતના જીવોનું હિત થવું જોઇએ. 'મારું અને મારા આશ્રિતોનું કરું" આ દશા ઉડી જવી, અને 'આખા જગતનું થવું જોઈએ'—આ દશા પ્રાપ્ત થવી—આવવી મુશ્કેલ છે. અરે! આવી કલ્પના આવવી તે પણ મુશ્કેલ છે. તો પછી તેવી પ્રવૃત્તિ ક્યાં? પહેલવહેલી કલ્પના પહેલવહેલી પ્રવૃત્તિ આ મહાપુરુષે કરી છે, તેથી તેઓને તે અંગે જ તીર્થંકર કહીએ છીએ. મારા તરફથી કોઇને અંશપણ—જરા-પણ ડર ન થાય, તેવી નિર્ભય સ્થિતિ જન્મમરણના ઉપદ્રવથી, પીડાઓથી બચે તેવું મારે કોઇ પણ ભોગે કરવું. આવી મનોદશાએ

જો કોઇ પણ પ્રવૃત્તિ કરનાર થયા હોય તો ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાન, અપેક્ષામાર્ગ કહેવામાં પ્રથમ નંબરે તીર્થંકર ભગવાન છે. તેઓએ આ અઠ્ઠાઈઓ કહી છે.

## અઠ્ઠાઇની આરાધના દેવો પણ કરે છે

દેવતાઓ અવિરતિ છે, વિષયોમાં રાચેલા માચેલા છે, તે પણ અસંખ્યાત ક્રોડાક્રોડ જોજનથી નંદીશ્વર દ્વીપે આવે છે, અને ઓચ્છવ મહોત્સવથી અઠ્ઠાઈપર્વની આરાધના કરે છે. આથી જ કહ્યું છે કે છએ અઠ્ઠાઈઓનું સ્વરૂપ સાવધાન થઈ ધ્યાન દઈને સાંભળવું જોઈએ.

## છએ અઠ્ઠાઇઓ વારંવાર આરાધવી જોઇએ

જાણવામાં બાહ્ય જગતના પદાર્થો તો પોતાની મેળે જણાય છે. કિન્તુ આત્મિક–ધાર્મિક પદાર્થો સ્વયં જાણવાનું બનતું નથી, કારણ કે તે જ્ઞાની મહાત્માના વચનથી જ જણાય છે, સાંભળીને એક કાને આવ્યું અને બીજા કાને ગયું તેમ કરવાનું નથી. સાંભળવાની જરૂર, જાણવાની જરૂર, ફળમાં તો આદરવા પર આધાર છે. અજ્ઞાની દયાને પાત્ર છે, જાણ્યા પછી ન કરે તો ઠપકાને પાત્ર. આંધળો ખાડામાં પડે તો બિચારો કહી બીજા ઊભો કરે, પણ દેખતો પડે તો 'જોતો નથી, આંધળો થઇ ચાલે છે.' આવી રીતે બીજાઓ ઓળંભો આપે છે. તેવી રીતે જે જાણતો નથી તે ન કરે તે તો દયાપાત્ર છે, પણ જાણતા છતાંયે ન કરે તે તો ઓળંભાપાત્ર છે. 'દીવો લઈને કૂવામાં પડ્યો' આ કહેવતમાં તત્ત્વ શું? હાથમાં દીવો ન હોય અને પડી જાય તો તે સ્વાભાવિક ગણાય. જે જાણ્યું તેનું અરિહંત પ્રભુને માનનારાઓએ 'आसेव्यं' આરાધન કરવું જોઈએ, વારંવાર પ્રવૃત્તિ હોય તેનું નામ આસેવન, એક વખત આરાધે, પ્રવૃત્તિ કરે તો તેનું નામ સેવન. દરેક અઠ્ઠાઈઓની આરાધના દર વર્ષે પ્રવર્ત્તવી જોઈએ, આરાધના કરવી જોઈએ.

## છ અઠ્ઠાઈઓનું નિયતપણું અને અનિયતપણું

**नवरं अष्टाह्निका षट् ताश्चेमा:–एका चैत्रमाससत्का, द्वितीया आषाढमासोद्भवा तृतीया पर्युषणावासरजा, चतुर्थी आश्विनमासजाता, पञ्चमी कार्तिकमासप्रसूता, षष्ठी फाल्गुनमाससम्बन्धिनी।** અઠ્ઠાઈઓ છ છે: તે આ પ્રમાણે : ૧ ચૈત્રી ઓળીની, ૨ અષાઢ ચોમાસાની, ૩

પર્યુષણપર્વના દિવસોની, ૪ આસો મહિનામાં ઓળીની, ૫ કાર્તિક ચોમાસાની, ૬ ફાગણ ચોમાસાની.

અહીં પ્રશ્ન થશે કે ત્રણ ચોમાસાની અઠ્ઠાઈ અને એક પર્યુષણની અઠ્ઠાઈ આ કુલ ચાર અઠ્ઠાઈઓ બાવીસ તીર્થંકરના શાસનમાં હતી નહીં, પ્રથમ અને ચરમ તીર્થંકર પ્રભુના શાસનમાં છ અઠ્ઠાઈઓ છે તેનું કારણ? બાવીસ તીર્થંકરના શાસનમાં ચોમાસાઓ અને સંવત્સરી નિયમિત નથી.

પ્રશ્ન–બાવીસ તીર્થંકરોના શાસનમાં આ ચાર અઠ્ઠાઈઓ નિયમિત નથી, તેવીરીતે આસો, ચૈત્રમાં પણ અનિયમિત હશે?

ઉત્તર–ના, છ અઠ્ઠાઈઓમાં બે શાશ્વત્ છે. આથી તે બે બાવીસ તીર્થંકરોના શાસનમાં નિયમિત છે. ઉત્તરાધ્યયન બૃહદ્‌વૃત્તિમાં આ માટે જણાવ્યું છે કે—

'दो सासयजत्ताओ, तत्थेगा होइ चित्तमासंमि ।
अट्ठाइआइमहिमा, बीआ पुण अस्सिणे मासे' ॥ १ ॥

બે શાશ્વતયાત્રાઓ છે, તેમાં એક ચૈત્ર માસમાં અને બીજી આસો માસમાં છે. આ બે શાશ્વતી અઠ્ઠાઈઓમાં દેવો યાત્રા કરે છે, દેવતાઓને અસંખ્યાત ક્રોડાક્રોડ જોજનથી આવવું પડે છે, તેમાં આઠે દિવસ જિનચૈત્યમાં મહોત્સવ કરી પ્રભુભક્તિ કરે છે.

**બે શાશ્વતી અઠ્ઠાઈઓ કોણ ક્યાં કરે છે?**

'एआओ दोन्नि सासयजत्ताओ करेंति सव्वदेवावि ।
नंदीसरंमि खयरा, नरा य नियएसु ठाणेसु' ॥ २ ॥

આ બે શાશ્વતી જાત્રાઓ સર્વ દેવતાઓ, ખેચરો, વિદ્યાધરો અને સામાન્ય મનુષ્યો કરે છે. અઠ્ઠાઈઓ ક્યાં આરાધે છે? ચોમાસામાં નીકળી પડે? કૃષ્ણ સરખા અવિરતિએ ચોમાસામાં બહાર નીકળવાનું બંધ રાખ્યું, રાજદરબાર બંધ રાખ્યો. કુમારપાળ મહારાજા ચોમાસામાં લડવા નીકળતા નથી. આવી રીતે ચોમાસામાં આરાધના કરે છે.

**ગિરિરાજની ચોમાસામાં યાત્રા કેમ નહીં?**

ચોમાસામાં બધા યાત્રા ન કરે, તોપણ મારે તો કરવી છે. ભાગ્યશાળીઓ, કોઈને તીર્થંકર ભગવાનની ભક્તિ અળખામણી નથી

લાગી, પણ જયણાને અંગે ચોમાસામાં જાત્રા બંધ કરી છે. ધર્મસમજવા વાળો હોય તેનાથી એક પગથિયું ગિરિરાજનું ચોમાસામાં ચઢાય નહીં. જેને ધર્મિષ્ટપણું હોય તેને માટે વાત છે. સંઘે દીર્ઘદૃષ્ટિથી આ કરેલું છે. આવો નિર્ણય હોય તેનાથી ગિરિરાજનું એક પગથિયું પણ ચઢાય નહિ. આજે આ ટેકરી પર ગયા તો કાલે બીજી ટેકરી પર જશે, બીજી ટૂંક બંધાવી તો ત્યાં ગયો, તેમ કરતાં ઉપર ચાલ્યો જશે. બિલકુલ વરસાદ ન હોય તો ચોમાસામાં વિહાર કરશો કે ? કલ્પ કોનું નામ ? મર્યાદા કયાં હોય ? એક પગથિયું ચઢાય તો પાંચ કેમ નહિ ? લીલોતરીમાં ઠલ્લે જઈએ છીએ તો સડકે વિહાર કેમ ન કરવો ? ઠલ્લે જવું તેમાં દોષ છે, પ્રમાદથી જઈએ છીએ. ટાળવાની બુદ્ધિ રાખવી જોઈએ, નહીં જવાનો ચાલુ રિવાજ છે. જવાનું કયાં શાસ્ત્રમાં છે ? દીર્ઘદૃષ્ટિથી ઠરાવ છે. કૃષ્ણાદિક ચોમાસામાં દરબાર બંધ રાખતા હતા તે પૂરાવો છે.

### અઠ્ઠાઈઓ નિયત અનિયમિતપણાનો હેતુ

વિદ્યાધરો, મનુષ્યો આરાધના પોતપોતાના સ્થાનકોમાં કરે છે. ત્રણ ચોમાસી અને આ બે શાશ્વતી યાત્રા બતાવી. પ્રથમ અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પર્યુષણાકલ્પનું નિયમિતપણું હતું તેથી ચાતુર્માસિક કલ્પનું નિયમિતપણું, પણ આસો ચૈત્ર એ પ્રતિક્રમણ માટે નથી, કિન્તુ નવપદોની આરાધના માટે છે. નવપદ એટલે આખું શાસન, નવપદમાં દેવગુરુધર્મ આ ત્રણેની આરાધના માટે નવ દિવસો છે. કોઈ પણ કાળે કોઇ પણ જીવ નવપદ આરાધ્યા વગર મોક્ષે જતો નથી. ૨૨ તીર્થંકરના શાસનમાં મહાવિદેહમાં બધામાં નવપદની આરાધના કર્યા વગર છૂટકો નથી. તેથી નવપદની ઓળીના દિવસો નિયમિત છે. જેમ બે અઠ્ઠાઈઓ તેમ ત્રણ ચોમાસીઓ એક પર્યુષણાની અઠ્ઠાઇ–આમ છ અઠ્ઠાઈઓ તો એકે એક શાસનમાં રહેવાવાળી છે, પણ વ્યક્તિગત કોઈ વ્યક્તિને સંબંધ નથી, જિનેશ્વરના જન્મ–દીક્ષા–કેવલ–નિર્વાણ ઇત્યાદિકમાં જે અઠ્ઠાઈની આરધના કરાય છે તે વ્યકિતગત હોવાથી અશાશ્વતી છે. આ તો ગ્રંથની વાત કરી, પણ સૂત્રમાં છે ? ઉ. જીવાભિગમસૂત્રમાં કહ્યું છે કે—

**'तत्थ णं बहवे भवणवइ वाणवंतरजोइसवेमाणिआदेवा तीहिं चउम्मासिपहिं पज्जोसवणाओ अ अट्ठाहिआओ महामहिमाओ करेंति'**

નંદીશ્વરદ્વીપમાં રતિકાર પર્વતો છે ત્યાં ઘણા ભવનપતિઓ, વ્યંતરો,

વૈમાનિકો અને જ્યોતિષી દેવો ત્રણ ચોમાસીમાં અને પર્યુષણમાં—આમ ચારે અઠ્ઠાઈ વખતે ત્યાં આગળ આવે છે. અને અઠ્ઠાઈ મહોચ્છવ કરે છે.

**વૃદ્ધિમાસમાં પર્યુષણા ક્યાં કરવી ?**

શ્રાવણ અગર ભાદરવા બે હોય, એટલે તેની વૃદ્ધિ હોય, ત્યારે પ્રથમ શ્રાવણ કે ભાદરવામાં જેઓ પર્યુષણ કરે છે, તેઓ એમ કહે છે કે ચોમાસાથી ૫૦ દિવસે પર્યુષણા કરવી જોઈએ. **वासाणं सवीसइराए मासे विइक्कंते' क० सू० १** २० રાત્રિદિવસ સહિત એક માસ ગયે પર્યુષણ કરવા જોઈએ. ઈતિહાસમાં વિકટોરિયા શબ્દ આવ્યો તે ગાડી માટે કે મહારાણી માટે ? તેમ 'પર્યુષણ' શબ્દ રહેવા માટે, કે સંવચ્છરી પડિક્કમણ માટે ? પહેલું સૂત્ર એ છે કે મહાવીર મહારાજા પડિક્કમણું કરતા હતા એમ કબૂલ કરજો. તેને લાગુ કરવું હોય તો છેલ્લી હદ, પહેલી હદ એ નથી. અષાડ સુદમાં પર્યુષણ કરવા એટલે સાધુએ સ્થિરતા કરી રહેવું તે પર્યુષણ. બીજો અર્થ સંવચ્છરી પર્વ છેલ્લે દહાડે આવે તેવી આઠ દિવસની આરાધના. તે પર્યુષણા શ્રમણ ભગવાને કહી તે 'રહેવા' લક્ષણ છે. તેની જોડે લખે છે કે— **केणट्ठेणं भंते ! 'पव वुच्चइ'** ૨૦ રાત્રિ દિવસ સહિત એક મહિના પછી તેનું કારણ ? **जओ णं पाएणं अगारीणं अगाराइं कडिआइं उक्कंबियाइं छन्नाइं लित्ताइं गुत्ताइं०' (कल्पसू० १)** ગૃહસ્થોનાં ઘરો સાદડીયુક્ત કરેલાં હોય, ધોળેલાં હોય, ઘાસ આદિથી ઢાંકેલાં હોય, છાણ આદિથી લીંપેલાં હોય, વાડ આદિ કરેલાં હોય છે, પોતા માટે તૈયાર કરેલાં ઘરો હોય છે. આ હેતુ 'રહેવામાં' છે કે 'સંવચ્છરી પડિક્કમણામાં' ? હેતુ શેમાં ? મહાવીર ભગવાન પડિક્કમણું કરતા ન હતા, કેવલજ્ઞાની હતા, અહીં હેતુ ચોખ્ખો છે. અહીં 'પર્યુષણ' શબ્દ 'સ્થિરતા' માટે છે. સંવચ્છરીમાં સૂત્ર લાગતું નથી.

મુખ્યતાએ અષાડ ચોમાસીએ સ્થિરતારૂપ પર્યુષણા કરવાની છે. ક્ષેત્ર ન મળે તો છેલ્લે ઝાડના મૂળમાં પર્યુષણા કરે. આ સ્થિરતાને કે સંવચ્છરી પડિક્કમણાને જણાવે છે ? હજારો સાધુના સમુદાયમાં પછી ક્ષેત્ર મળે તો પાંચમે, દસમે દિવસે પણ સ્થિરતા કરી લે. દેવતાએ પર્યુષણાનો અઠ્ઠાઈ મહોત્સવ ક્યારે કરવો ? તે અઠ્ઠાઈ મહોત્સવ સંવચ્છરીનો મહોત્સવ છે. મુસલમાનો અધિકને આગળ લાવે છે અધિકમાં

બારનો હિસાબ, અધિક નહીં ત્યાં તેર ક્યાંથી કરીશ ? પ્ર. શ્રાવણમાં કે પ્ર. ભાદરવામાં સંવચ્છરી કરનારને બીજા વર્ષે તેર માસ આવે. ભાદરવે જ સંવચ્છરી છે તો શ્રાવણમાં ક્યાંથી કરી ? સ્થિરતાલક્ષણ સંવચ્છરી નિયમિત છે. સંવચ્છરીની રાતે પડિક્કમણું કર્યા પછી ગૂનો કર્યો તેની શરૂઆત કયા હિસાબે થાય ? પ્રાયશ્ચિત્તની સંવચ્છરી છે. પર્યુષણ મેળવીશ શી રીતે ? પ્રાયશ્ચિત્ત કરી, ગૂનો-લડાઈ કરી પંદર દિવસમાં ન ખમાવે તો સૂત્રમાંડલી બંધ કરે, પછી ન ખમાવે તો ભોજન, તેમ પંદર પંદર દહાડે અનુક્રમે આલાપ બંધ કરે. આવી રીતે આચાર્ય પણ બંધ કરતા જાય, આમ પ્રાયશ્ચિત્તનો ક્રમ સ્થિરતા જોડે શી રીતે જોડીશ ? સંવચ્છરી એ છેડો છે, સંવચ્છરીએ ગૂનાનો છેડો ન આવે તો મૂળ પ્રાયશ્ચિત્ત. જ્યારે અધિક મહિનો હોય ત્યારે ચોમાસાથી ૨૦ દિવસ અધિક ૧ મહિને પર્યુષણા કરવાની કહી છે. વિકટોરીઆ ગાદીએ બેઠી, તે જગ્યાએ 'વિકટોરીઆ ગાડી ગાદીએ બેઠી,' એવો અર્થ કરે તેનું શું ? આપણે ૫૦ દિવસો ચોમાસાથી થાય, પણ પકડવાની તો ભાદરવા સુદ ૪. તિથિ વધી જાય તો બાવન ભલે થાય, તિથિઓ ફરી જતી નથી. પંદર તિથિઓનાં નામ છે, પણ ૧૬ મી તિથિનું નામ નથી, સંજ્ઞા અપેક્ષાએ ૧૭ ઉપર કોઈ જતું નથી. ૧૫ દિવસે પખ્ખી પડીક્કમણું કરવા બેસીએ છીએ, ચઉદશની વાટ જોઈએ છીએ. ચોમાસાને અંગે ચોમાસી ચઉદશની વાટ જોવી છે, તો ભાદરવાની વાટ જોવામાં અડચણ શી ? '૧૫ રાયદિયાણું'માં બીજી કે ૧૬મી તિથિ વધતી નથી, તેથી 'પંદરસ રાઈદિયાણં' કહેવાય છે. પ્રશ્નઃ-દેવતા નંદીશ્વરદ્વિપમાં પર્યુપણ મહોચ્છવ કરે તે કયા પર્યુષણા ? ઉત્તરઃ-રહેવા રૂપ સંવત્સરી નહિ, પણ વાર્ષિકપર્વ રૂપ સંવચ્છરી પર્યુષણા.

## નવપદજીની આરાધનામાં રંગોની આવશ્યકતા કેમ ?

'अत्र चत्राश्विनाष्टाह्निकयोः'—આરાધના કયા જગ્યાએ કરવી ? ચૈત્ર આસોમાં શ્રીપાળ મયણાસુંદરી વગેરેએ જેમ સિદ્ધચક્રની આરાધના કરી, યંત્રમાં સફેદ રંગ નિર્વિકાર-સ્વાભાવિક છે, તેથી યંત્રની બધી જમીન સફેદ લઈ તેના નવ ભાગ પાડવા. તેમાં બીજા ચાર રંગો ગોઠવવા જ પડશે, ચારે દિશાએ ભાગ ગોઠવો તો જ નવભાગ પડે.

ઉપર લાલ, જમણે પડખે પીળો, નીચે લીલો, ડાબે પડખે કાળો, ચાર ખૂણાના ચાર ધોળા, ચાર દિશાએ ચાર રંગ પૂરવા પડશે જ. ચાર રંગ વિદિશાએ કેમ ન ગોઠવવા? દર્શનાદિ લાલ, લીલા, પીળા કેમ ન કરવા? પહેલી સ્થાપના પરમેષ્ઠીની છે તે ગુણીની છે. સ્થાપનાએ ચાર ભાગ પાડો, પછી ગુણની સ્થાપના છે માટે એ રંગ પ્રથમ કરવો પડે છે. સિદ્ધ–આચાર્યની વચમાં દર્શન પદ છે. જમીન નિર્વિકાર કરવી. આ રંગો ખરેખરા નથી. અરિહંતાદિકનો લાલ–લીલો રંગ નથી. નવ વિભાગ કરવા માટે, ભિન્નતા માલમ પડે તે માટે રંગની કલ્પના છે. ધ્યાનની સુગમતા માટે રંગો છે, વાસ્તવિક નથી. એ શરીરના રંગો છે, હોય રાતા એમ કહેત તો પાંચે રંગ જિનેશ્વરમાં આવી જાય. કહેવાનું તત્ત્વ એ કે નવ પદની ઓળીમાં નવ પદની આરાધના ક્રમસર છે.

**યંત્રમાં એકી સાથે આરાધના.**

પ્રથમ દિવસે અરિહંત, બીજે દિવસે સિદ્ધ, અનુક્રમે અનુક્રમે આરાધન. યંત્રની આરાધનામાં અરિહંતનું ગણણું ગણો, પણ પૂજન વખતે નવે પદની આરાધના છે. પદની જોડે યંત્રનું આરાધન છે.

'बाह्यतो यन्त्रस्वरुपं निर्धाय मनसा ललाटादिषु दशसु
स्थानेषु यन्त्राकृतिं संस्थाप्य ध्यानं चिन्त्यं भावत :'।

બાહ્યથી યંત્રનું સ્વરૂપ મનમાં ચોક્કસ રાખીને લલાટ વગેરે સ્થાનકોએ એ જ યંત્રોના આકારને કલ્પવો, અને ભાવથી ધ્યાન કરવું.

**અમારિ પડહો.**

સામાન્યથી બધી અઠ્ઠાઈમાં અમારિ પડહાની ઉદ્ઘોષણા કરવી કે કરાવવી જોઈએ. અમારિ પડહામાં ના કહેવી ન હોય તે ઢોંગ કરવા બેસે, પૈસા દઈને બચાવવા તે મહાપાપ!' એમ કહી દે. 'એને ગુંજું સીવી રાખવું છે.' 'બમણાં ઢોર લાવશે', આવું આવું બોલે. જે જીવને અભયદાન આપીએ છીએ તેનું અભયદાનનું ફળ લેવાનું છે. બચાવશે તે અઢારપાપસ્થાનક સેવશે તેનું શું? તેરાપંથિ સરખા બોલે છે કે બચાવવો પણ નહીં, કારણ કે બચાવશો તો તેના પાપનું અનુમોદન લાગશે.

મેઘકુમારને પહેલા ભવની સ્થિતિ કહી, સસલાને બચાવવા પગ ઊંચો રાખ્યો, સસલાએ સર્વવિરતિ લીધી નથી, તો હાથીને પાપ લાગ્યું ને? નરકે જવો જોઈએ ને? મેઘકુમાર કેમ થયો? ન માર્યો

એ લાભ, બચાવ્યો એ લાભ નહીં, એવાં કુવિકલ્પો કરે છે, જંગલમાં બીજા ઘણાને નથી માર્યા, તો બધાની દયા થઈ, એકલા સસલાની દયા કેમ કહી? બચાવવારૂપે દયા છે, ન માર્યારૂપે બધાને નથી માર્યા, તેથી તો કસાઈ મોટો દયાળુ! કસાઈ હજારને મારશે ને બબ્બેને નહીં મારે, તો તેને બચાવ્યા ગણે તો મોટો લાભ થશે ને? જેઓ જૈનશાસ્ત્ર, યુક્તિ, પરંપરા અને વસ્તુ ન જુએ તેની સાથે વાતમાં શું વળે? પ્રભુ મહાવીરના સમયમાં, મહાશતકના વખતમાં અમારિ પડહો રાજગૃહીમાં હતો. સૂત્રસિદ્ધ અમારિ પડહો છે, છતાં તેઓને માનવું નથી.

વિસ્તારથી આડંબર સાથે જિનેશ્વરના ચૈત્યમાં અઠ્ઠાઇ મહોત્સવ કરવા જોઇએ. જીવોની ભાવદયા હોય તો આજ છે, કોઈને કંઈ આપવું તે દ્રવ્યદયા–અનુકંપા, જ્યારે ધર્મનું કાર્ય ભાવદયા, જિનેશ્વરના બિંબોની પ્રતિષ્ઠા–પૂજા–મહોત્સવો એ ભાવદયા છે, આ દયા મોક્ષમાર્ગે જોડનાર છે. અમારિ પડહો અઠ્ઠાઈ મહોચ્છવ પારકાને, તમારે કંઈ નહીંને? જરા વિચારો!

**પર્યુષણનાં કૃત્યો**

'**खण्डन–दलन–पेषण–भूमिखनन–वस्त्रधावन–स्त्रीसेवनादकं–करण कारणादिना निषेध्यं तत्र आधं सर्वत्रामारिप्रवर्त्तनं**' સ્વયં પોતે પણ ખાંડવું–દળવું–પીસવું–ખોદવું નહિ–લુગડાં. ધોવા નહીં, મૈથુન સેવવું નહીં, તેમ બીજા પાસે કરાવવું પણ નહી આરાધના તો દરેક અઠ્ઠાઇ-ઓમાં કરવી જોઈએ. વધારામાં પર્યુષણમાં કરવાનું શું? પર્યુષણા-અઠ્ઠાઇ તો આગળ જે પાંચ વસ્તુઓ કહી તે દ્વારાએ વિશેષથી આરાધવાની છે. પ્રથમ બધે અમારિ પડહો વગડાવવો.

'**द्वितीयं कृत्यं साधर्मिकवात्सल्यं** બીજું સાધર્મિક વાત્સલ્ય બારે મહિના નહિ અને પર્યુષણમાં કેમ? પર્યુષણમાં જરૂર કરવું જ જોઇએ.

નિરારંભના દહાડામાં આરંભ કરવાનું કહો છો, તેથી તે તત્ત્વ નથી લાગતું. ભાગ્યશાળીઓ! ભક્તિ ધર્મીઓની કરવી તેમાં તત્ત્વ છે. પર્યુષણમાં દરેક ઉપવાસ આદિ તપ કરે છે, જૈનોનું પ્રસિદ્ધ પર્વ દુનિયામાં હોય તો આ એક જ છે, દુનિયામાં છાયા શ્રાવકોના પર્યુ-ષણની છે. શ્રાવકની જ્ઞાનપંચમી મૌનએકાદશીને કોઇ જાણતું નથી.

'**तृतीयं परस्पर खामणं**' આરાધવા તરીકે ત્રીજું કૃત્ય માંહો-

માંહે ખમાવવું જોઇએ. કોઈ પણ જીવ સાથે વૈર, વિરોધ, કંકાશ કર્યા હોય તે બધાને ખમાવવાં જોઈએ, કારણ કે તે તમોને ભવાંતરે વૈર વિરોધ ન નડે. જુઓ! કુટુંબના વિરોધોએ મહાવીર ભગવાન જેવાને પણ ભયંકર ઉપસર્ગ પરિષહો કર્યા. પ્રભુએ વાસુદેવના ભવમાં રાણીનું અપમાન કર્યું હતું, તે રાણીના જીવે મહા મહિનામાં શીતનો દુસ્સહ ઉપસર્ગ કર્યો. વૈર-વિરોધ કષાય ઘરનો બાકી રહેલો તેણે પણ આ દશા કરી. ખીલા ઠોકનાર નોકર તો ઘરનોને? પરભવનો નોકરને? ખીલાના ઉપદ્રવો, શીતનો ઉપદ્રવ આ બધી ઘરની ઉઠેલી આગ છે. નાવડી ડૂબાડવા સિંહના જીવે પ્રયત્ન કર્યો. આ બધી પીડા ઘરની કે બહારની? આગ બાળશે માટે આગ ઓલવતા રહો.

ભાદરવા સુદિ ૪ એ ભવોભવની હોળીઓ ઓલવવાનો દહાડો. દુનિયામાં હોળી સળગાવવાનો દહાડો, આપણે ઓલવવાનો દહાડો. ખીલા ઘરની આગના છે, શીત ઉપસર્ગ એ ઘરની આગ છે, નાવડી ડૂબાવવી તે બહારની આગ છે. માટે ભાદરવા સુદિ ૪નો દહાડો હોળી ઓલવવાનો દહાડો છે. એક દહાડો તો ઓલવવાનો રાખો. બારે મહિના સળગે છે. માટે માંહોમાંહે સામસામા ખમાવી દ્યો, જેથી વૈર વિરોધો આગળ ન ચાલે. નહીં ખમાવો તો ભવાંતરે પણ તે હેરાન કરશે, જેના વેર વિરોધ નહીં વોસરાવો તે ભવાંતરે ધર્મમાં ડખલ કરશે. પ્રભુ મહાવીરને સહન કરવાથી લોકાવધિ થયું.

'चतुर्थमष्टमतप आराध्यं' કર્મ તોડવા માટે ચોથાકૃત્યમાં અઠ્ઠમની તપશ્ચર્યા કહી. ચાહે તેવા અપ્રમત્તસાધુ હોય, આત્મકલ્યાણની બુદ્ધિએ રહેવાવાળો હોય, તો પણ તેને સાંજ પડયા ૧૦૦ શ્વાસોશ્વાસ કાઉસ્સગ્ગનું પ્રાયાશ્ચિત્ત હોય છે. તેમ અપ્રમત્તને એક પક્ષે એક ઉપવાસ, ચાર મહિને એક છઠ્ઠનું, સંવચ્છરીપર્વ અંગે અઠ્ઠમનું પ્રાયશ્ચિત્ત છે. આજનું ચારિત્ર કોહેલી ઠંડી ઘેંસ-કાંજી જેવું છે. એવા ચારિત્રમાં પ્રાયશ્ચિત્તનો પત્તો શો? તપસ્યાથી દૂર ભાગે તો શુદ્ધિનું સ્થાન કયું? આ અપ્રમત્તદશાવાળાને પણ વાર્ષિક અઠ્ઠમનું તપ કરવું જ જોઈએ. ચોથા આરામાં દોષ સાથે રોકડું પડિક્કમણું હતું, અહીં ઉધાર છે. આપણા ચારિત્રનાં ઠેકાણાં ન હોવાથી અવશ્ય તપ કરવું જ જોઈએ.

'पञ्चमं चैत्यपरिपाटिकरणं'- પાંચમું ચૈત્યપરિપાટી. તમામ

ચૈત્યોને ચતુર્વિધસંઘ સાથે આડંબરપૂર્વક જુહારવાં. પહેલાં અમારિ પડહાનું વર્ણન આગળ પૂ૦ આ૦ હીરસૂરિજીમ૦ના વર્ણનમાં વિસ્તારથી કહેવાશે.

**સાધર્મિક વાત્સલ્ય**

સાધર્મિક વાત્સલ્યમાં–તમામ સાધર્મિકનું અગર શક્તિ ન હોય તો કેટલાકનું પણ વાત્સલ્ય કરવું જોઈએ. બધા ભવમાં છોકરાં છૈયાં મળ્યાં છે, એનું મળવું તેમાં નવાઈની વાત નથી. નવાઈ તો ધર્મીભાઈ મળવા એમાં છે. આપણે ધર્મ પામ્યા, એ ધર્મ પામ્યો, તો ધર્મીભાઈ તરીકે મળવાના તે ઘણું મુશ્કેલ છે.

'सर्वैः सर्वैर्मिथः सर्वे सम्बन्धा लब्धपूर्विणः ।
साधर्मिकादिसम्बन्धःलब्धारस्तु मिताः क्वचित् ' ॥

સૂત્રકાર કહે છે કે કોઈ પણ જીવની અપેક્ષાએ માતા પિતા, શત્રુ, મિત્ર, તરીકે સંબંધ અનંતી વખતે થયો છે, અનંતી વખત ઓઘા મુહપત્તિ કર્યા? એવું બોલનારા માટે કહેવું કે તારી બાયડી મા કેટલી વખત થઈ છે? વધારે વખત બેમાં કયું બન્યું છે? મા વધારે વખત બની છે કે ઓઘા મુહપત્તિ વધારે બન્યા છે? જેણે અનંતી વખતે બીજા સંસર્ગમાં આવી સંસારમાં રખડાવ્યા તેને તું ગણે છે અને જેણે અનંતી વખત દેવલોકનાં સુખ દેવડાવ્યાં, તેની તું ગણતરી ગણતો નથી. તારૂં કહેવું શું છે? એ સંબંધ અનંતી વખત મળ્યો જ નથી, એમને સાધર્મિકપણાનો સંબંધ હજુ મળ્યો નથી. તે સંબંધ મેળવવાવાળા પ્રમાણોપેત મળ્યા છે, તે મળ્યો એટલે બસ, 'महते पुण्याय , મહાપુણ્ય માટે, તો તેને લાયકની સાધર્મિકલાયકની સેવા મળી એ મહાભાગ્યનો ઉદય.

'एगत्थ सव्वधम्मा, साहम्मिअवच्छलं तु एगत्थ ।
बुद्धितुलाए तुलिया, दोवि अतुल्लाइ भणिआइं ॥१॥

એક બાજુ બધા ધર્મો, શીલ સંપૂર્ણ, તપસ્યા, ભાવના સંપૂર્ણ એક બાજુ આ બધા સંપૂર્ણ હોય, પણ સાધર્મિક આદર વગરના. એક બાજુ ધનભાગ્ય કે આ જીવને ધર્મપ્રાપ્તિ થઈ છે, ને સાધર્મિકનો સમાગમ થયો છે. તે બેનો યોગ થાય. એ બેને બુદ્ધિરૂપી ત્રાજવાથી તોલીએ તો સાધર્મિકનું ત્રાજવું જમીનથી ઊંચું થતું નથી. કારણ?

ધર્મની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે, તે અહીં જણાશે. કોઈ જીવ ધર્મમાં જોડાય તો આપણા આત્માને સંતોષ થાય શિક્ષણના રાગવાળા નાના બચ્ચાને સાકરીઆ ચણા આપી ખેંચે છે. **બારીસ્ટરપણું**–ન્યાયાધીશપણું શિક્ષણમાં છે. માટે આ પગથિયા ઉપર ઊંચે ચઢાવવા. અહીં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ગીતાર્થપણું સારું એ ખરું. પણ બધાની સીડી સાધર્મિકપણામાં છે. અહીં ભરતચક્રિ, કુમારપાળ, પુણીયા શ્રાવક વગેરેના દૃષ્ટાંત પોતાની મેળે સમજી લેવા.

## પરસ્પર ખામણાંથી ફાયદો

પર્યુષણમાં ખામણાં કરવા જોઈએ, ચંડપ્રદ્યોતન રાજા, ચોર–ધાડપાડુ, અધમવાસનાવાળો, એવા આક્ષેપવાળો છતાં, એને અંગે ઉદાયન રાજા વસ્તુનો સાચો માલિક, જીતેલો, ન્યાયરસ્તાવાળો છતાં દુશ્મનને ખમાવે છે. કર્યું તે કર્મોદયથી, એમ ખમાવવું જોઈએ, 'માફી લેવી એ ફરજ નથી, આપવી એ ફરજ છે.' બેમાંથી એક ખમાવે બીજો ન ખમાવે તો પણ ખમાવનારનું 'तस्याराधकत्वं' આરાધકપણું છે. આપણે આપણા આત્માથી ખમાવવાનું ખામાવવાના પરિણામ થાય તે લાગેલાં કર્મને તોડી નાખે. '**सव्वस्सजीवरासीस्स**' પાંચમને દહાડે ચોથનો ગૂનો ન બોલાય. ફારગતિ થયા પછી દાવો ન કરાય, જૂનું ખાતું માંડી માળ્યું, ફારગતિની ફરીયાદી નહીં, માટે શાસ્ત્રકાર કહે છે કે ધર્માર્થીએ '**आत्मनोपशमितव्यं**' સ્વયં શાંત થવું. કેટલીક વખત બીજાને શાંત થવાની ફરજ પડે છે.

## પ્રાચીન તીર્થો અંગે હિતશિક્ષા

કૌસંબીનગરી અલ્હાબાદ નજીક છે. અત્યારે નવાં મંદિરો કરવાં છે. ને જૂનાં વિચ્છેદ થાય છે તેનું ભાન નથી. નવાં કરે તેનો વિરોધ નથી કરતો, જ્યાં તીર્થંકરના પાંચ પાંચ દસ દસ કલ્યાણકો છે, ત્યાં મહિમા દૂર થતો જાય છે, ફરસના પણ ઉડી ગઈ છે, કોસંબી ક્યાં છે, તે જાણતા પણ નહીં હોય. શ્રાવસ્તિ, મિથિલાનગરી આપણી જિંદગીમાં વિચ્છેદ થયાં છે, તીર્થના વિચ્છેદો થાય છે, ભાગલપુરમાંથી પ્રભુજીનાં પગલાં હતાં તે ઉઠાવી આવ્યા, ફરસનાનું સ્થાન પણ ન રહ્યું. હવે સ્થાપના તરીકે સ્થાપના પણ ન રહી. કૌસંબીમાં શ્રી પદ્મપ્રભુના

કલ્યાણકો, સૂર્યચંદ્રનું આવવું, મૃગાવતીનું કેવલજ્ઞાનનું સ્થાન; મૂળ વિમાને ચંદ્રસૂર્ય વંદન કરવા આવ્યા હતા. તે કલ્યાણક સ્થાનો વિચ્છેદ ગયાં.

**ચંદનબાળા અને મૃગાવતીનું પરસ્પર ખમાવવું.**

સિદ્ધાચલની યાત્રાના મેળા વખતની વાત ધ્યાનમાં લેજો. મેળામાં મા દિકરી બાપ દીકરા પણ જુદા પડી જાય છે. અહીં ચંદનાએ સમય-ટાઈમ થયો, તે ઉપયોગથી દેખ્યું, કે સૂર્ય આથમી ગયો છે, આ જાણી ઉપાશ્રયે આવી. મૃગાવતી સૂર્યના તેજના ભરોસે રહી, 'આટલું બધું અજવાળું છે. જઉં છું,' વખત છે પણ બરાબર ટાઇમનો ઉપયોગ ન રહ્યો, અજવાળાના ભરોસે રહી. ગુરૂણી અને ચેલી મેળામાં બને છે, તેની માફક જુદી પડી ગઈ હોવી જોઈએ. સૂર્ય જવાથી અંધકાર ફેલાઈ ગયો, અને રાત્રિ પડી ગઈ, આ જાણી ભય પામી અને ધ્રાસકો પડયો, ત્યાંથી ઉપાશ્રયે આવી ઈરિયાવહી પડિક્કમિને ઉંઘતી ગુરૂણી ચંદનબાળા જે પડિક્કમણું કરીને સૂઈ ગયાં છે. અહીં 'સવારે પૂછશે ત્યારે વાત' એમ નહીં. ધર્મસ્થાન છે. પોતાનો અપરાધ પોતાને જ જણાવવાનો છે. મારો અપરાધ થયો, ચૂકી ગઈ, માફ કરો.

ચંદનબાળા પણ કહે છે કે 'કુલીન સ્ત્રીએ સાવચેતી રાખવી જોઇએ. જન્મની સાવચેતીની ટેવ કેમ ભૂલી ?'

મૃગાવતી કહે છે કે આવી ગફલત ફેર નહીં થાય. ખમાવવા માટે ચરણમાં પડી. ગુરૂણી મૂળમાં તો ઉંઘમાં હતી, ફેર ઝોકું આવ્યું તેથી મૌન છે, આથી શુદ્ધિ ન થઈ. ગુરૂ ખમે, માફ કરે ત્યારે શુદ્ધિ થાય. વારંવાર ખમાવ્યે જ જાય છે, મારું ધ્યાન ન રહ્યું, ભૂલી ગઈ, આમ ખમાવતાં કેવલજ્ઞાન મેળવ્યું. એવામાં ચંદનબાળાને નિદ્રા આવી ગઈ છે. મૃગાવતીને તો ખમાવતાં કેવલજ્ઞાન થઇ ગયું છે. આ સમયમાં ત્યાં સર્પ આવે છે, સાધ્વી ચંદનાનો હાથ નીચે છે, આથી હાથ ઊંચો કર્યો. એટલે ચંદના સાધ્વી જાગી અને પૂછયું, 'કેમ ?'

સાપ જાય છે માટે હાથ ખસેડયો ? મૃગાવતીએ કેવલજ્ઞાનથી હું, ઊચકીશ એટલે નહીં કરડે,' એમ જાણ્યું હતું, પ્રવર્ત્તિનીએ પૂછયું, 'સાપ કયાં છે ?'

આ રહ્યો, આ જાય.

મને નથી દેખાતો અને તને દેખાયો શી રીતે?

જ્ઞાનથી.

કયું ? અપ્રતિપાતિ.

કેવલજ્ઞાન થયેલું માલુમ પડયું, કે તુરત જ ચંદના ગુરૂણી મૃગાવતી શિષ્યાને ખમાવવા લાગી. ખમાવતાં કેવલજ્ઞાન પામી. પરિણામે બન્નેનું આરાધકપણું થયું.

કુંભકાર જેવો મિચ્છામિ દુક્કડં ન દેવો જોઈએ.

કોઈ નાનો શિષ્ય કુંભારના માટીનાં વાસણો કાંકરા મારી કાણાં કરે છે. કુંભારે તેને રોકયો, મિથ્યા દુષ્કૃત આપતો જાય છે. પણ કાંકરા મારતો બંધ થતો નથી. કુંભારે કાંકરો લીધો ને આંગળીમાં કાંકરો પકડી કાનમાં મરડવા માંડયો. ચેલો કહે છે કે 'અરર ! પીડા થાય છે.' પેલો કુંભાર પણ મિચ્છામિ દુક્કડં દીધે જાય છે. એમ કુંભાર અને ઉલ્લંઠ ચેલા જેવો મિચ્છામિ દુક્કડં ન દેવો.

**અઠ્ઠમનો તપ.**

હવે અઠ્ઠમતપનું કૃત્ય કહે છે. પર્યુષણમાં અઠ્ઠમ જરૂર કરવો જોઈએ. પખ્ખીમાં એક ઉપવાસ, ચાતુર્માસમાં છઠ્ઠ. વાર્ષિક તપમાં અઠ્ઠમ કરવો જોઇએ એમ જિનેશ્વરોએ કહેલું છે. તે 'રહેવા રૂપ,' 'પર્યુષણા'ના અર્થમાં નહિ. અઠ્ઠમ ન થાય, તો ત્રણ ઉપવાસ. નહીં તો છ આયંબિલ, નવ નીવી, બાર એકાસણાં, સોળ બેસણાં અગર છ હજાર સ્વાધ્યાય ધ્યાન, અગર ૬૦ નવકારવાળી. '**अनया रीत्याऽपि तपः पूर्तः कार्यः**' આ રીતે પણ જેમ બને તેમ વહેલો તપ પૂરો કરવો જોઇએ. આ રીતે પણ તપ વાળી આપવાનું. ન કરે તો જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન થાય.

**તપનું ફળ.**

એકસો વરસ નારકીનો જીવ નરકનાં દુઃખ ભોગવીને અકામ નિર્જરાથી જે પાપકર્મ ખપાવે, તેટલાં કર્મ નવકારસીનું પચ્ચખ્ખાણ કરવાથી તૂટી જાય. પોરિસીના પચ્ચખ્ખાણથી એક હજાર વરસનાં, સાઢ પોરિસીએ દસ હજાર વર્ષનાં પાપો. પુરિમુઢ્ઢમાં એક લાખ વર્ષનાં, એકાસણાથી દસ લાખ, નીવીથી ક્રોડ, એકલઠાણાથી દસક્રોડ વરસનું, એકલ દત્તિથી સો ક્રોડ વરસનું, આયંબિલ કરવાથી હજાર ક્રોડનું, ઉપવાસથી દસ હજાર ક્રોડનું, છઠ્ઠથી એક લાખ ક્રોડનું અને દસ લાખ ક્રોડ

વરસ જેટલું પાપ અઠ્ઠમથી ક્ષય જાય છે, તે પછી આગળ એક એક ઉપવાસની વૃદ્ધિએ દસ દસ ગુણા આંક ચઢાવ્યે જવા.

અઠ્ઠમથી નાગકેતુએ આ ભવમાં જ ફળ મેળવ્યું છે, આલોયણ ચીજને સમજો. અહીં અઠ્ઠમ કહ્યો, ત્રણ ઉપવાસ કહ્યા. એક ઉપવાસ ઉપર બીજા ઉપવાસે અનુક્રમે ઉપવાસ દસ થયા, તેવી રીતે અઠ્ઠમથી સો ઉપવાસ થયા, સો ઉપવાસ જેટલું ફળ મળે. કર્મની નિર્જરાનું ફળએ જૂદી જ ચીજ છે. આલોયણ એ જૂદું વિધાન છે. તેમાં દસ ગુણાંક કરાય નહીં. છઠ્ઠેણું બે ઉપવાસ વગેરે તપ કાળજીથી શુદ્ધિ પૂર્વક કરવું જોઈએ.

**શલ્યસહિત તપ નિરર્થક થાય છે. તે પર લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાન્ત.**

શલ્યવાળું તપ નિરર્થક જાય છે. આજથી એંશીમી ચોવીશી પહેલાં કોઈ રાજાને ઘણા છોકરા છે, કુંવરી એકે નથી. સેંકડો માનતાએ એક લક્ષ્મણા નામની પુત્રી જન્મી છે, તે ઉપર ઘણો સ્નેહ રહે છે. સ્વયંવરમંડપમાં જ વરેલી, પણ કોઈ પાપોદયથી ચોરીમાં જ ભર્તાર મરી ગયો. આજે મૂછો ધરાવનાર નામર્દો બાયડીઓની ખોટી દલીલ કરે છે, બાયડીઓના કહ્યા વગર દલાલી કરે છે. ઉલટી બાયડીઓ ના કહે છે, છતાં સુધારો પુનર્લગ્નની વાતો કરે છે, તે સામા ઠરાવ કરે છે, તમને દુષ્ટબુદ્ધિ થઈ છે. રાજીમતીને વચને દીધેલો ધણી હતો, ચોરીમાં પણ વર આવ્યો નથી લક્ષ્મણા પતિના ઘરે પણ ગઈ નથી. છતાં અત્યંત પવિત્ર શીલને પાળનારી સતીઓમાં શિરોમણિ ગણાય છે. સદાચારવાળી શ્રાવકને લાયક વ્રત પચ્ચક્ખાણમાં જોડાએલી છે. જે ગર્ભહત્યાઓ થાય છે, તે તો કરાવનારા તમે પુરૂષો જ છો. છેલ્લા તીર્થંકરની દેશનાથી લક્ષ્મણાએ દીક્ષા લીધી છે. તે એક વખત ચકલા ચકલીનો સમાગમ જોઈ વિચારે છે, કે અરિહંતે કેમ આ આજ્ઞા ન આપી ? તેઓ તો વેદ રહિત છે, માટે વેદીનું દુઃખ અવેદીને ખબર ન પડે. ક્ષણમાં વિચાર પલટાયો, પશ્ચાત્તાપ થયો, આગળ સાંભળશો તો તમને એમ લાગશે કે ઉગ્ર તપથી પણ શુદ્ધ થતી નથી. મારે સતીપણાને અંગે વિચાર અહીં કરવાનો નથી, અરિહંતને અંગે કેવો જુલમ થયો. અરિહંતને આમાં એણે અજ્ઞાની બનાવી દીધા, સર્વજ્ઞને અજ્ઞાની બનાવ્યા એનું શું ? લક્ષ્મણાસાધ્વીએ આ વિચાર્યું : 'હું

આલોયણ કેવી રીતે લઉં ? મારું મન આમ વિષયસુખમાં ગયું હતું તે શી રીતે જણાવવું ?' સતીપણાની વિચારણા ચાલે છે, લજ્જા થઈ છે, એ ચેષ્ટાને અંગે શલ્ય રહેશે તો શુદ્ધિ નહીં થાય. જરૂર આલોચના તો લેવી, લેવા જતાં ઓચિંતો કાંટો વાગ્યો. અપશુકનથી ક્ષોભ પામી, પડવામાં શુકન આગળ ન કરવા, આલોચના લેવી છે અને લાજ રાખવી છે. છાશ લેવી છે ને દોણી સંતાડવી છે તે કેમ બને?

લક્ષ્મણા આર્યાએ પૂછ્યું કે 'આવું ખરાબ ચિંતવન કરે તેને પ્રાયશ્ચિત્ત શું ?' આવું બીજાના બ્હાને પ્રભુને પૂછ્યું. ૫૦ વરસ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી ! બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસો કરે અને પારણે નીવી કરે, તેમ દસ વરસ લાગલગાટ તપસ્યા કરી. એકાંતરે ઉપવાસ બે વરસ, આયંબિલ, એકાસણું, નીવી બે વરસ, લાગલગાટ માસખમણ ૧૬ વર્ષ લગી. એકલાં આયંબિલ ૨૦ વર્ષ સુધી કર્યાં. એમ લક્ષ્મણાએ ૫૦ વર્ષ સુધી ઘોર તપ કર્યું. દુષ્કર તપસ્યા કરી છતાં શુદ્ધિ ન થઈ, ઉલટી આર્ત્તધ્યાનમાં મરી ગુલામ વગેરેના અસંખ્યાત ભવોમાં તીવ્રદુ:ખ વેઠયાં. આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાથ પ્રભુના સમયમાં તે મોક્ષે જશે.

ससल्लो जइवि कट्ठुग्गं, घोरं वीरं तवं चरे ।
दिव्वं वाससहस्सं तु, तओ तं तस्स निष्फलं ॥ १ ॥

શલ્યવાળો મનુષ્ય ઉગ્ર ઘોર એવી મહા તપસ્યા દેવતાઈ હજાર વરસ સુધી કરે તો પણ તે નિષ્ફળ જાય છે.

**સંવચ્છરી–આદિના પ્રતિક્રમણમાં આવતા કાઉસ્સગ્ગથી થતો લાભ**

સંવચ્છરી પ્રતિક્રમણમાં ૧૦૦૮ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવો જોઈએ. દરેક લોગસ્સમાં ૨૫ શ્વાસોશ્વાસ આવે. અને એક નવકારના ૮ શ્વાસોશ્વાસ, 'पायसमा उसासा' પાઠ એટલા શ્વાસોશ્વાસ થાય. તેમાં ૪૦ લોગસ્સ ઉપર એક નવકાર અધિક. ચૌમાસી પડિક્કમણામાં ૫૦૦, પખ્ખીમાં ૩૦૦ શ્વાસોશ્વાસનો કાઉ૦ થાય. એક શ્વાસોશ્વાસ ભગવાનના ધ્યાનમાં જાય તો દેવતાનું આયુષ્ય કેટલું બંધાય? ૨૪૫૪૦૮ પલ્યોપમથી કંઈક અધિક પ્રમાણ એક શ્વાસોશ્વાસમાં દેવતાનું આયુષ્ય બંધાય, ૨૪૫૪૦૮ પલ્યોપમ, કંઈક ઓછા નવના ચાર

ભાગ. સંપૂર્ણ નવકાર મન્ત્રમાં ૧૯૬૩૨૬૭ પલ્યોપમ પ્રમાણ દેવતાનું આયુષ્ય બંધાય. ૧ લોગસ્સના ૨૫ શ્વાસોશ્વાસમાં દેવલોકમાં ૬૧૩૫૨૧૦ પલ્યોપમ જેટલું આયુષ્ય હોય તે દેવતાના સ્થાનકે ઉપજે.

## ચૈત્ય પરિપાટી

પર્યુષણામાં ચૈત્ય પરિપાટી કરવી જોઈએ. શ્રાવકોએ આ અંગે ચૈત્યપૂજા મહોચ્છવ કરી શાસનની ઉન્નતિ કરવી જોઈએ, વજ્રસ્વામીજી દુષ્કાળમાં સંઘને પટ ઉપર સ્થાપના કરી સુકાળવાળી ભૂમિમાં લઈ ગયા. ત્યાં બૌદ્ધરાજાએ જિનેશ્વરના ચૈત્યમાં ફૂલ બંધ કર્યો છે, પર્યુષણ આવ્યાં, શ્રાવકોએ કહ્યું કે પર્યુષણમાં અમારાથી ફૂલપૂજા થતી નથી. જેથી વજ્રસ્વામીજી આકાશગામિની વિદ્યાથી માહેશ્વરી નગરીમાં પિતાનો મિત્ર બાગવાન હતો, વજ્રસ્વામીએ તેને ફૂલ તૈયાર કરવા કહ્યું, અને પોતે હિમવંત પર્વત પર ગયા, ત્યાં શ્રીદેવીએ દીધેલું મોટું કમળ અને હુતાશનવનમાંથી બાગવાન પાસેથી ૨૦ લાખ ફૂલો લઈ, જંભક નામના દેવતાએ વિકુર્વેલા વિમાનમાં મહોચ્છવપૂર્વક આવી, જૈનશાસનની ઉન્નતિ કરી, બૌદ્ધરાજાને પણ શ્રાવક બનાવ્યો.

## અઠ્ઠાઈમાં અમારિ પડહો.

અઠ્ઠાઈનો અમારી પડહો કુમારપાળ, સંપ્રતિરાજા માફક કરવો જોઈએ. આચાર્યશ્રી હીરસૂરિજીના ઉપદેશથી છ મહિનાનો અમારિ પડહો વગાડયો છે, તે સંક્ષેપથી કહીએ છીએ.

કોઈક વખત રાજદરબારની અંદર પ્રધાન પાસેથી શ્રી હીરસૂરિજીની હકીકત સાંભળી અકબર બાદશાહે સ્વહસ્તાક્ષરનો હુકમ મોકલીને બહુમાનપૂર્વક શ્રી હીરસૂરિજીને બોલાવ્યા. ઠેઠ ગંધારથી વિહાર કરી સં. ૧૬૩૯ જેઠ વદ ૧૩ના દિવસે દીલ્હીમાં પ્રવેશ કર્યો, શાહી સાથે મળ્યા. રાજાએ આદરપૂર્વક આચાર્યને સુખશાતા પૂછી, તેમણે એવો ધર્મોપદેશ આપ્યો કે તે બાદશાહે આગ્રાથી અજમેર સુધી એક એક ગાઉએ મિનારા ઊભા કરેલા, પોતાની શિકારકળામાં બહાદુરી જણાવવા દરેક મિનારે સેંકડો હરણીઆનાં શીંગડાં આરોપણ કર્યાં હતાં. પૂર્વે આવો હિંસક હતો, તેને ઉપદેશથી દયાબુદ્ધિવાળો કર્યો. બાદશાહ કહે છે કે તમને દર્શનાર્થે દૂર દેશથી બોલાવ્યા છતાં અમારૂં તો કંઈ

પણ તમે લેતા જ નથી, માટે અમારી પાસેથી આપને જે યોગ્ય લાગે તે લેવું જોઈએ. મુસલમાન બાદશાહ છે. તેના સર્વ દેશ વિષે પર્યુષણમાં અમારિ પડહો વગડાવવો. બંદિવાનોને છોડી મૂકવા જોઈએ.

સ્વાર્થ છોડી પરમાર્થની વાત સાંભળી, તેના ગુણોથી ચમત્કાર પામેલા અકબર બાદશાહને વિચાર થયો, કે તેમાં સૂરિજીને મળવાનું શું? તેમના અંતઃકરણમાં પરહિત કેટલું વસેલું હોવું જોઈએ? જગતનું હિત વસેલું છે. દુનિયામાં પણ એવો વ્યવહાર કરે કે સંપેતરું મોકલે તો તેમાં વધારો કરી–ઉમેરીને મોકલાય છે. અમારિના અમારા ચાર દિવસ વધારે. શ્રાવણ વદિ દસમથી માંડી ભાદરવા સુદ ૬ સુધીના બાર દિવસ માટેના છ હુકમપત્રો સોંપી દીધા. એક ગુજરાત દેશનું, બીજું મારવાડ, મેવાડ, માલવાનું; ત્રીજું અજમેર દેશ, પાલનપુરથી માંડી જયપુર સુધીનું; ચોથું યુ.પી. નું; પાંચમું પંજાબનું, અને ગુરૂ પાસે રાખવા માટે છઠ્ઠું સામાન્ય, તે પાંચે દેશનો ઓર્ડર જેમાં છે, તેથી તે સાધારણ. આવી રીતે તે દેશમાં પર્યુષણનો અમારિ પડહો વાગેલો છે, કેટલાક ગાઉના વિસ્તારવાળું ડામર નામનું સરોવર છે, ત્યાં જઈને સાધુ સમક્ષ પોતાના હાથે અનેક દેશના લોકોએ ભેટ કરેલા પંખીઓને છોડી દીધાં. બંદિખાનામાં બધા કેદીઓની બેડીઓ તોડી નાખી તથા શ્રી હીરસૂરિજીને પાદશાહે જણાવ્યું કે 'મહારાજ! ઉપદેશ સાંભળવામાં નહીં આવે તો તૈયાર થયેલ ધર્મબગીચો સૂકાઈ જશે. માટે ધર્મ સંભળાવનાર મારે જોઈએ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની ટીકા કરનાર, વરૂણદેવે વરદાન જેને દીધું છે તેવા ઉ૦ શાંતિચંદ્રજીને ત્યાં ઉપદેશ સંભળાવવા રાખ્યા. મૂળમાં દયારૂપ વેલડી વાવી હતી. **કૃપારસકોષ** નામનો નવો ગ્રંથ રચ્યો, તે બાદશાહને સંભળાવ્યો. તે ગ્રંથરૂપી જળથી દયાવેલડી સીંચાઈ. આવી રીતે દયાવેલડી વૃદ્ધિ પામી,

એક દહાડો એક શેઠે બાદશાહને બે મોતીનું ભેટણું કર્યું. ચામર વિંજનારને બાદશાહે બે મોતી રક્ષણ કરવા આપ્યા. તેણે ઘેરે જઇને પોતાની સ્ત્રીને આપ્યા. તેણે પણ ન્હાવાની ઉતાવળથી લુગડાને છેડે બન્ને મોતી બાંધ્યાં અને સ્નાન કરવા ગઈ. બાદશાહે આપેલા છે, તેથી ગુપ્તસ્થાને મૂકી દીધાં. પેલી સ્ત્રી રોગથી મરી ગઈ. એક વખતે રાજાએ તે બે મોતી પાછાં માગ્યાં. પેલો શું કરે?

'હે સ્વામી ! મારા ઘેરથી લાવું,' પછી મુન્સફે આખા મકાનમાં મોતી ખોળ્યાં, પણ ન મળ્યાં. ચિંતાથી દુ:ખી થયેલો મુન્સફ દરબાર તરફ તેજ વગરનો જતો હતો, મોગલાઇ રાજ્ય છે, 'ચઢા દો શૂળી પર' રાજા પાસે નિસ્તેજ ચહેરે પાછો આવે છે. વચમાં જ પુન્યોદયથી શાંતિચંદ્ર ઉપાધ્યાયજી મળ્યા. મુખની છાયાથી ઉદાસીનપણું માલમ પડયું. 'ખાનગી રાખવામાં ફાયદો નથી. કહેવા દો,' ત્યારે ઉપાધ્યાયજીએ કહ્યું: 'પાછો ઘેર જા, જેને આપ્યા છે તેની પાસે તું માગ.' ઘેર ગયો. શ્રદ્ધાળુ છે, ઘેર જાય છે, અત્યારે સ્ત્રી સ્નાન કરવા તૈયાર થયેલી છે, મોતી માગ્યાં, તેણે પણ વસ્ત્રનો છેડો ખોલી બન્ને મોતી આપી દીધાં. બાદશાહ પાસે આવ્યો, બાદશાહ આગળ મૂકયાં અને ચામર વિંજવા લાગ્યો. કાયાથી વિંજે છે પણ મન તો શાંતિચંદ્ર ઉપાધ્યાયજીની કળામાં છે. આશ્ચર્યમાં ડૂબ્યો, સ્તબ્ધ બની જાય છે, બાદશાહે અત્યંત આગ્રહથી પૂછયું: 'આજ કેમ આમ છે?'

જે બનેલું તે કહ્યું. શાંતિચંદ્રજીની હકીકત કહી, ત્યારે બાદશાહે કહ્યું : 'આમાં આશ્ચર્ય શું છે ! એ તો બીજો ખુદા છે.' હવે બીજી સવારે ધર્મ સંભળાવવા માટે સોનાના બાજોઠ પર ઉપાધ્યાયજી બેઠા છે, રાજાએ નમસ્કાર કરી વિનંતી કરી, 'મને કંઇ આશ્ચર્ય દેખાડો.' 'તમારે કાલે ગુલાબ બાગમાં આવવું.' સવારે બાદશાહ ત્યાં ગયો. શાંતિચંદ્રજી પણ ત્યાં આવ્યા. બન્ને ધર્મ સંબંધી વાતો કરે છે, તેટલામાં અકસ્માત બાદશાહી નોબત વાગવા લાગી, બાદશાહ આશ્ચર્ય પામ્યો. નોકરોને પૂછયું: 'મારી આજ્ઞા વગર ૧૨ ગાઉમાં નોબત વાગી શકે નહિ, તપાસો !' તપાસનારા તપાસ કરી કહેવા લાગ્યા: 'હે સાધિપ ! તમારા પિતા હુમાયુ મોટા લશ્કરની સાથે તમને મળવા આવે છે.' કહેતાંની સાથે અકબરને આલિંગન આપીને હુમાયુ ઊભો રહ્યો. અકબર બાદશાહના લશ્કરીઓને મેવા મીઠાઇની ભરેલી ચાંદીના થાળો આપી. બાદશાહને સિંહાસન આપ્યું. અને આવ્યો તેવો હુમાયુ તો ગયો. બાદશાહ વિચારે છે, 'ઇંદ્રજાળ નથી. મને અને નોકરને આપેલ મેવા મીઠાઇ એમને એમ છે. માટે શાંતિચંદ્રજીએ જ ચમત્કાર કર્યો છે, પછી નમસ્કાર કરી ગુરુસ્તુતિ કરી.

એક વખત અટકદેશના રાજાને જીતવા સૈન્ય લઈ દીલ્હીથી

નિકળ્યા. તે વખતે એક દિવસમાં બત્રીસ ગાઉ દૂર પડાવ કર્યો. બાદશાહે સાથે આવનારની નામાવલી મંગાવીને તપાસી, તેમાં વાચક શાંતિચંદ્રજીનું નામ સાંભળી વિચાર્યું, 'જુલમ થયો. વાહન જોડા વગરના એમને તો મોટી અડચણ થઈ હશે. તેમને બોલાવવા માટે ખુદ પોતાના સેવકોને જ મોકલ્યા. 'તમોને બાદશાહ યાદ કરે છે. માટે પધારો.' તે વખતે શાંતિચંદ્રજીને પગે સોજા આવેલા છે, કાચલીમાં પ્રાસુક પાણીથી લુગડાનો છેડો ભીંજવી છાતી પર મૂકેલો છે, બે શિષ્ય વૈયાવચ્ચ કરી રહ્યા છે, આ દશા જોઈ સેવકો પાછા ગયા. રાજાને જણાવ્યું. બાદશાહે પાલખી મોકલી ત્યારે ઉપાધ્યાયજીએ એક લાકડાની વળી મંગાવીને તે ઉપર બેઠા, બે ચેલા પાલખી ખભા ઉપર લઈ ચાલ્યા, શાહે તેને આમ આવતાં જોઇ વિચાર્યું :

'અહો! ગુરુવચનના કેવા ભક્ત છે! ધન્ય છે! ભાગ્યશાલી છે. મારી પાસેથી એમને શું મળવાનું છે? અહો ક્ષમાશાલી! સામો બાદશાહ પોતે આવ્યો. ચરણકમલને આંખથી ફરસ્યા અને કહ્યું કે હે સ્વામી! આજથી મારા માટે તમારે લાંબું પ્રયાણ ન કરવું, ધીમે ધીમે પાછળ જરૂર પધારો.'

બાદશાહે રાજધાનીને ઘેરો ઘાલ્યાને બાર વરસ થયા પણ કિલ્લો હાથ આવતો નથી. મ્લેચ્છો બાદશાહને કહે છે, મુસલમાનોને દયા ખટકે છે. તેઓએ વરાળ કાઢીઃ 'તમે લુચ્ચા કાફરની સોબત કરો છો તેથી કિલ્લો તાબે થવાનો નથી.' તે વાત બાદશાહે ઉપાધ્યાયજીને કહી. શાંતિચંદ્રજીએ કહ્યું કે 'જે દિવસે કિલ્લો લેવા ઇચ્છા થાય તે દિવસે કહેજો, એક પણ સિપાઈ જોડે ન જોઈએ. આપણે બેએ જ માત્ર જવું.' શત્રુના મુલકમાં બાર વરસના ઘેરામાં એકલા રાજાને જવું, કયો ભરોસો? શાન્તિચંદ્રજીના કહેવાથી નગરની અંદર કે બહાર કોઇએ કોઈને મારવો નહીં, હિંસાનો નિષેધ કર્યો. પ્રભાતે બન્ને કિલ્લા પાસે આવ્યા, બધા કહેવા લાગ્યા કે 'લુચ્ચો શાંતિચંદ્ર શત્રુના હાથમાં અકબરને આપી દેશે આવી. ટીકા કરી રહ્યા છે. વાચક શાન્તિ-ચન્દ્રજીએ એક ફૂંકથી આખી ખાઈ પૂરી દીધી, બીજી ફૂંકે શત્રુનું સૈન્ય સ્તંભિત કર્યું. ત્રીજી ફૂંકે નગરના દરવાજા ઉઘાડી અકબરે આશ્ચર્યપૂર્વક પોતાની આણ પ્રવર્તાવી,

હવે અકબરે કહે છેઃ હે પૂજ્ય! મારી ઉપર મહેરબાની કરી કંઈ હુકમ કરો!'

જે જીજીયાવેરો હિંદુને ભરવાનો હતો, તેમાં ૧૪ કરોડની જેની આવક હતી તે વાચકે બંધ કરાવી. અકબર ચકલાની ૧ા શેર જીભ રોજ ખાય છે તે બંધ કરાવી, શત્રુંજયનો સોનૈયો કર હતો તે છોડાવ્યો. આપણે યાત્રા મફત નથી કરતા, મુંડકું દઈએ છીએ. જે લોકો જાત્રા કરે તે બે રૂપિયા પણ ભરી ન જાય, તે આણંદજી કલ્યાણની પેઢીનો દેવાદાર છે. તીર્થનું ખર્ચ ક્યાંથી ચાલે છે, તેમાં હું આપું, આવું વિચારતા નથી. 'લાણું લે, લાગો ન ભરે તે રાંડીરાંડ' તેમ લાભ લે ને ફરજ ન બજાવે તે રાંડીરાંડ. તીર્થને અંગે વહીવટ કરતાં નોકર ચાકરમાં ખરચ થતાં હશે તેનો લાભ લેવો, અને લાગો નથી દેવો. રાંડીરાંડ પણ છોકરા માટે ખર્ચે છે. આ માટે વિચાર સરખો પણ કેટલા ગામવાળાએ કર્યો નથી, ૬૦ હજારના ૪૦ કરી આવવા હતા ને? જે રજવાડામાં સિદ્ધાચળ નથી, તે રજવાડા નિભાવ કરે છે કે નહિ? તમારે આકલા વરસ યાત્રા બંધ રહી તે જમાવટ હજુ થઈ નથી. દુષ્કાળના મરકીના વરસોમાં હતી, તે જમાવટ અત્યારે નથી. બે વરસ વધારે બંધ કહ્યું હોત તો શું થાત? સરવાઈ કરવામાં ભૂલ્યા છે. આપણામાં આળસથી સરવાઈ ન થઈ જે સિદ્ધાચળ અંગે એક સોનૈયો લે ત્યારે યાત્રા ચઢવા દેતા, તે કર છોડાવ્યો. છ મહીનાનો અમારિ પડહો પ્રવર્તાવ્યો, મૂળ અધિકાર છ મહિનાનો અમારિ પડહો વજડાવ્યો તે છેઃ બાદશાહનો જન્મ મહિનો, સર્વે રવિવાર, ૧૨ દિવસ પર્યુષણના સંક્રાન્તિ તિથિઓ, નવરોજનો મહિનો, સર્વે ઈદ મીહીરના દિવસો, તેમ છ મહિનાના અમારિ હુકમો ગુરૂ પાસે લાવી ભેટ કર્યા. ધર્મની વૃદ્ધિ માટે અનેક પ્રકારની શાસનની ઉન્નતિ પર્યુષણની અઠ્ઠાઈ વખતે પૂર્વે કહેલા પ્રકારો પ્રમાણે હે શ્રાવકો, તમારે કરવી જોઈએ. જો સૌભાગ્યલક્ષ્મીની ઈચ્છા હોય તો પર્યુષણના કર્તવ્ય કરવામાં તત્પર રહેશો.

卐

# અષ્ટાહ્નિકા વ્યાખ્યાન—૨

⊠ જામનગર પ્ર. ભાદ્રપદ. વ. ૧૪ સોમ. દ્વિતીય દિવસ ⊠

संघार्चादिसुकृत्यानि प्रतिवर्षं विवेकिना।
यथाविधि विधेयानि एकादशमितानि वै ॥ १ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રી વિજય લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજે ભવ્ય-પ્રાણીઓના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકાં પ્રથમ બારવ્રતોનું સ્વરૂપ જણાવ્યું. તેમાં ચારે શિક્ષાવ્રત ધારણ કરનારાઓએ આ પર્વની આરાધના બરાબર કરવી જોઇએ તે જણાવ્યું.

**વાર્ષિક પર્વ માટે હિતશિક્ષા.**

જેમ છ અઠ્ઠાઈ આરાધનીય જણાવી છે, તેમ પર્વો પણ આરાધવા જોઇએ. પર્વોમાં કયાં કાર્યો કરવાં કે જેથી આરાધના થઈ ગણાય ? 'પર્વ છે, પર્વ છે' એવો જાપ કરવાથી પર્વની આરાધના થતી નથી. તે માટે અમુક ધર્મકાર્યો કરવાનાં છે. જેઓ છ અઠ્ઠાઈના પર્વો આરાધે છે તે આરાધન કરનારાઓએ જેમ ઓળીનું અને પર્યુષણનું કાર્ય કરી બતાવ્યું, તેમ વાર્ષિક પર્વનાં કાર્યો પણ ધર્મિષ્ઠોએ કરવાં જોઈએ. સંવત્સરીપર્વ એટલે વાર્ષિકપર્વ. તે દિવસે પડિક્કમણું કરી આવ્યા તેથી વાર્ષિક કાર્ય પુરૂં થયું છે એમ ન જાણવું. પાઘડી ને બોતાણા–પાલવમાં ફરક કેટલો ? આગળપાછળ પલ્લો હોય તો પાઘડી, ને બોતાણું ન હોય તો? બોતાણા પર એકલો છૂટો પલ્લો ન નંખાય. પાઘડી સાથે જોડાએલો પલ્લો શોભે, બોતાણા વગર એકલો પલ્લો ન શોભે, જોડે પાઘડીનું બોતાણું જોઇએ. પણ સંવચ્છરી પડિક્કમણું કરવા સાથે બીજાં કાર્યો પણ કરવાં જોઈએ. કાર્યો કેટલાં ને કયાં કયા તે તો જણાવો! સંઘપૂજા વગેરે અગિયાર કૃત્યો કયારે કરવાં? જીવન એ કાર્ય નથી, જીવન અને કાર્ય જુદાં જુદાં છે. આ વિષય શ્રાદ્ધવિધિમાં છે. તીર્થોદ્ધાર અને તીર્થયાત્રાદિ જણાવ્યા તે જુદા છે. દરેક વર્ષે કરવાનાં કાર્યો, એ આપણી પાસે ખાતાં છે. તે ખાતાઓમાં ક્રિયા રૂપી રકમ પડી કે નહિ? દરેક વર્ષે સંઘપૂજા વગેરે શુભ કાર્યો કરવાં જોઇએ.

**યથાવિધિ ધર્મકાર્યો એ તો ભવરોગી માટે રસાયણ છે**

સજ્જનો સજ્જનતા બતાવે, સાધુઓ સાધુતા બતાવે. સૂર્યે

અજવાળું કર્યા છતાં દેખે કોણ ? આંખ ઉઘાડી રાખે તે. ધર્મિષ્ઠોએ ધર્મ બતાવ્યો, છતાં આદરે કોણ ? વિવેકરૂપી આંખ હોય તે શાસ્ત્રકારે કહેલો ધર્મ આદરે. સંઘપૂજા વગેરે કાર્ય કરવા કબુલ થાય. યથાવિધિ ધર્મનાં કાર્યો એ તો ભવરોગી માટે રસાયણ છે. ભયંકર રોગો રસાયણ વગર જતા નથી, તો અષ્ઠી કર્મનો અનાદિકાળનો ભયંકર રોગ ધર્મરસાયણ વગર કેવી રીતે જાય ? ન જાય. જેમ રસાયણ ભયંકર રોગો મટાડે છે, તેમ ધર્મરસાયણ કર્મનો અનાદિકાળનો ભયંકર રોગ મટાડનાર અપૂર્વ રસાયણ છે. ભયંકર રોગવાળો ચરીથી ડરે નહિ. રસાયણ લેવું ને ચરી પાળવી જોઈએ. યથાવિધ કરવું તે ચરી છે. જેમ દરિદ્રના મનોરથો ફળે નહિ, તેમ ધર્મધન વિનાના મનોરથ ફળે નહીં. વિવેકીઓએ જણાવેલ વિધિ પર આદર કરવો. સંઘપૂજા વગેરે અગીઆર કાર્યો વિવેકીઓએ દરેક વર્ષે કરવાં જોઈએ, વર્ષ ચાલે તેટલી ડાયરીઓ રાખો છો તેમાં અગીઆર પાનાં વધુ રાખો. તેમાં કઈ રકમ આ અગીઆર કાર્યોના ખાતામાં જમે પડી છે, તે વર્ષનો સરવાળો જુઓ. કોઈ પ્રશ્ન કરે કે અગીઆર સુકૃત્યોમાં સંઘપૂજા કહી છે. બીજાં કૃત્યો કહ્યાં નથી. ભાગ્યશાળી ! પૂર્વસૂરિએ કહેલી ગથામાં અગીઆર કૃત્યો જણાવ્યાં છે. આ અમારી કલ્પનાથી અગીઆર કાર્યો નથી કહેતા.

पइवरिसं संघच्चण साहम्मिअभत्ति तहय जत्ततिगं।

जिणगिहिण्हवणं जिणधणवुड्ढि महपूअ धम्मजागरिआ॥

सुअपूआ उज्जवणं तहेव तित्थस्स पभावणा सोहि। (શ્રાદ્ધ વિ. પૃ. ૨૬૧) અગીઆર કૃત્યો સામાન્ય નામથી બતાવી, પછી વિસ્તારથી જણાવાશે, દરેક વર્ષે ૧૧ કાર્યો કરવાનાં છે.

(૧) **સંઘનું પૂજન.** વારંવાર સંઘનું પૂજન સાંભળી શંકા થાય કે; દેવગુરુનું પૂજન વ્યાજબી પણ સંઘનું પૂજન કયાંથી કાઢયું ? 'नमो अरिहंताणं' 'नमो सिद्धाणं' 'થી દેવપૂજન હોય 'आयरियाणं' વગેરેથી ગુરુપૂજન હોય પણ આ સંઘનું પૂજન કયાંથી કાઢયું ? 'नमो तित्थस्स' એ પદ જૈનોમાં અજાણ્યું નથી. તો પછી સંઘની પૂજા કયાંથી લાવ્યા ? આવો સવાલ કયાંથી થાય છે? તીર્થમાં ચતુર્વિધ સંઘ આવી ગયો. દેવપૂજા, ગુરુપૂજા તથા સંઘની પૂજામાં ફરક છે.

દેવની પૂજામાં દેવને રાગ ઉત્પન્ન ન થાય, કારણકે તેમાં વીતરાગપણું છે. રાગ વિનાના હોવાથી તેમને કર્મબંધ નહિ થવાનો. ગુરુને સરાગપણું હોવાથી કર્મબંધ થાય. સમવસરણમાં એક જોજન સુધી નકામા કાંકરા; ઘાસ કે લાકડું હોય તે બધું વાયરાથી ઘસડાઈ દૂર જાય, સમવસરણ માટે કહો વાયુની વિરાધનામાં શી બાકી રહી? એવો વાયરો વાય છે, કે ઘાસ, કાંકરો ટકે નહીં, એવી જ રીતે એક જોજનના ભાગમાં વરસાદ પડે છે. અપ્કાયના એક બિન્દુમાં અસંખ્યાત જીવ છે, તો આખા જોજનમાં કેટલા જીવ હોય? કેવળ તીર્થંકરો માટે કરેલું સમવસરણ છે, તેમાં તીર્થંકરો કેમ બેસે? દેવતાની એ કરણી છે. તીર્થંકર તેમાં બેસે શું કરવા? વિરાધનાથી તૈયાર થએલા સમવસરણમાં બેસે, આ તેમની રીતિ ગણાય? દેવતાએ જે કર્યું તે પર બેસવાથી સહી થઈ ગઈ, નહિતર તીર્થંકરે બેસવું ન હતું? તીર્થંકર વીતરાગ હોવાથી તેમને નિમિત્તે થએલી સ્વરૂપહિંસા હોય તો તેમને કર્મબંધ ન નહિ. ગુરુ માટે મકાન કર્યું હોય તો ગુરુથી ન રહેવાય, કારણ કે તેઓ સરાગી છે.

**(૨) શ્રાવક શ્રાવિકાની ભક્તિ.**

શ્રાવક શ્રાવિકા સંઘ તરીકે પૂજ્ય છે, છતાં દેવગુરુ માફક શ્રાવક શ્રાવિકાની પૂજા ન થાય, કારણ કે તેમાં ફરક છે. જગતમાં રિવાજને અંગે કેટલીક વખત કાર્યો થાય છે, અંદર ઉલ્લાસ થતો નથી. શ્રીમંતો કેટલીકવાર જમણ કરી દે છે, બાકી ભક્તિ નહિ. તેવું સંઘપૂજાના કાર્યમાં ન થાય, આ માટે સાધર્મિકવાત્સલ્ય-ભક્તિ કહી છે. તમારે ધર્મની પ્રાપ્તિ હજુ કરવી છે આ માટે એક જ રસ્તો છે. ધર્મીઓની ભક્તિ-રાગ-બહુમાન અને હિતબુદ્ધિ-આ તમને ધર્મ પમાડનાર છે. દેવગુરુને માનો તે પણ ધર્મને અંગે માનો છો. આપણે મોક્ષમાર્ગના મુસાફર છીએ. સંઘ નીકળ્યો-ત્યારથી આખાય માર્ગમાં સંઘ તરીકે ગણાય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ થયો, ત્યારથી મોક્ષનો યાત્રિક થયો છે. દેવ મોક્ષે પહોંચી ગયા. ગુરુ વચમાં છે, દેશવિરતિ શ્રાવક મોક્ષ તરફ પ્રયાણ કરતો, સમ્યક્ત્વીઓ પ્રયાણની ઈચ્છાવાળા છે, માટે સાધર્મિકની ભક્તિ કહી છે. સાધર્મિકભક્તિ કરવાથી ભવિષ્યના ગુણો પ્રાપ્ત કરવાનો રસ્તો નક્કી થયો છે.

**(૩) યાત્રાત્રિક (૪) સ્નાત્રપૂજા**

કયા ગુણો મેળવવા તે નક્કી કરવાનું સ્થાન તીર્થયાત્રામાં છે. યાત્રાઓ ત્રણ કહી છે. કેટલીક વખત રૂઢિમાં હોવાથી યાત્રા કરવા જાય છે. સેંકડો હજારો રૂપીઆ જાત્રામાં ખરચે છે, અને પોતાના ગામના દેરાની દરકાર નથી કરતા. માટે જિનેશ્વરના ચૈત્યોમાં સ્નાત્રપૂજાઓ થવી જોઈએ. આથી '**जिणगिहि ण्हवणं**' ચોથું કાર્ય કહ્યું.

**(૫) દેવદ્રવ્યની વૃદ્ધિ :**

'**जिणधणवुड्ढी**' જિનેશ્વર મહારાજનું ધન વધારવું. સસરો છોકરાની વહુને વહુ કહે છે, આથી તેને તેની સાથે પરણેલી ગણવી? દેવદ્રવ્યને જિનદ્રવ્ય કહેવાથી જિનેશ્વરનું દ્રવ્ય.આવો સંબંધ વિકલ્પ કલ્પી સમજી વહુ કહેવા જેવો અર્થ કહે છે, દુનિયાદારીના શબ્દોમાં 'દષ્ટિ રાખવી પડે છે,' તોપછી અહીં દષ્ટિ કેમ મીંચાઈ જાય છે? જગતનું ધન વ્યવહારમાં માલિકીનું ગણાય છે, અહીં જિનેશ્વરની માલિકીનું દ્રવ્ય નથી. પછી દેવદ્રવ્યને જિનદ્રવ્ય શાથી કહેવાય? જિનેશ્વરની ભક્તિમાં ઉપયોગ આવે છે તે માટે નિયત થયેલું 'દ્રવ્ય' તે દેવદ્રવ્ય.

**દેવદ્રવ્યના લુંટારૂ પ્રત્યે હિતશિક્ષા.**

દેવદ્રવ્ય ખાનારે ભક્તિ લુંટાવી. જિનેશ્વર મહારાજની ભક્તિ લુંટાવવાનું કાર્ય દેવદ્રવ્ય લુંટાવનારો કરે છે.

દેવદ્રવ્યનો ઉપયોગ કરવો જોઈએ મંદિરોમાં. ઓચ્છવ મહોચ્છવ તે બધું ઉપયોગમાં છે કે નહિ? છે. દેવદ્રવ્ય અનુપયોગી છે જ નહિ. દેવદ્રવ્ય ભક્તિ માટે પુરેપુરૂં ઉપયોગી છે.

લોકોપયોગી–સમાજઉપયોગી બોલવાવાળા તેની બૂમો પાડવાવાળાઓ એ પૈસાના રામ જેટલોય પૈસો ધરાવે છે કે નહિ? કે દરિદ્રશેખરો છે? જે દેવદ્રવ્ય તરફ હાથ લંબાવનારા છે તે જ તમારી સંસ્થા તરફ હાથ લંબાવે છે. કેળવાએલા કેળવણીની કદર કરતા નથી અને બીન કેળવાએલાને કહેવા આવે છે, જે જે વકીલો, બેરિસ્ટરો, સોલિસિટરો થયા, તેઓ શું કરે છે? તેઓને તો એક કાંકરીએ બે પંખી મારવા છે; દેવદ્રવ્ય ખસેડી ધર્મીઓને ધર્મ કરતા બંધ કરવા છે; તમારા ધાર્મિક ખર્ચનો સંકોચ કરી કેળવણીમાં આપો, અશિક્ષિતોના નાણાંએ સંસ્થા ચલાવવી છે. અને કેળવાએલાએ પોતે કંઈ આપવું નથી.

આ તો કેવળ બ્રાહ્મણના આશીર્વાદ જેવું છે. મનસુખભાઈ કહેતા હતા કે એક બ્રાહ્મણને મણુ લોટ સંક્રાંતિમાં મળ્યો છે, તેને એક બ્રાહ્મણે જંગલમાંથી આવી આશીર્વાદ આપ્યો. પેલો શેર લોટ તે બ્રાહ્મણને આપતો નથી. કહો ! બ્રાહ્મણના આશીર્વાદમાં બ્રાહ્મણને કદર નથી. પોતાને કદર કરવી નથી, અને બીજાને કદર કરવા કહે છે. કેળવાએલા ભોગ આપવા તૈયાર થાય તો જ કેળવણીની કદર થઈ ગણાય. વકીલ સોલિસિટરોને સજ્જડ આવક છે, વેપારીઓને ભાવોની ઊંચા નીચા થાય ત્યારે આવક છે. કેળવણીવાળાને કેળવણીનો રસ નથી. માત્ર ધર્મીઓને ધૂતવા માટે કેળવણીનો શબ્દ આગળ કરાય છે. ત્રીસ વર્ષ થયાં છતાં પગભર ન થયા. ધર્મોને ધક્કા મારી, દેવગુરુને ધક્કા મારી કેળવણીમાં વાપરવા છે. બાયડી છોકરાના દાગીના ઉતારી આપ ! તેવું અહીં નથી કહેતા.

જિનેશ્વરની ભક્તિ માટે જે દ્રવ્ય એકઠું થયું છે તે વધારવાનું છે. આજકાલ દેરાસરોના ટ્રસ્ટીઓ શાબાશી શામાં ગણે ? એકલા ધન ભેગું કરવામાં. એકલા ધન ઉપર ધ્યાન ન રાખી ભક્તિ વસ્તુ ખ્યાલ બહાર જાય તે ન પાલવે.

(૬-૭) 'महपूआ' 'धम्मजागरिआ' મોટા ઓચ્છવો અને પૂજાઓ વાર્ષિકકૃત્ય તરીકે કરવાં જોઈએ, કેટલીક વખત બાહ્ય દેખાવ તરીકે પૂજાઓ પણ થઈ જાય, તે માટે રાત્રિજાગરણ. સમ્યક્ત્વ કૌમુદીમાં જણાવેલ સાતે સ્ત્રીઓ સાથે રાત્રિજાગરણ કરે છે, તેમાં તેને ધર્મ કેમ પ્રાપ્ત થયો, ધર્મના સંસ્કાર કેમ દ્રઢ થયા, તે વિચારો; 'સંસ્કારની દ્રઢતા થાય તે ધર્મજાગરણ' તેનો આધાર શ્રુતજ્ઞાન છે.

(૮) 'सुअपूआ' શ્રુતપૂજા એટલે શ્રુતજ્ઞાનની પૂજા કરવી, શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરવી, શ્રુતજ્ઞાનનું રક્ષણ કરવું.

(૯) 'उज्जवणं' શ્રુતની પૂજામાં, જે જે તપસ્યાઓ કરી હોય તેનું ઉદ્યાપન કરવું જોઈએ માટે અહીં સામાન્યથી ઉજમણાં કહીએ છીએ, તે વાર્ષિક કૃત્ય છે. જેને ધર્મનું તત્ત્વ ધ્યાનમાં ન આવે, તેને ધુમાડો લાગે. જેઓને ધર્મારાધન કરવું છે, લોકોમાં ધર્મના સંસ્કાર નાખવા છે, તપસ્યા દ્વારા જ્ઞાનાદિકની આરાધનામાં જોડવા છે, તેવાઓ માટે ઉજમણાં એ વાર્ષિકકૃત્ય છે. ઉજમણાનું પર્યવસાન

અભિમાનમાં ન આવતાં શાસનની ઉન્નતિમાં આવવું જોઈએ.

(૧૦) 'तित्थप्पभावणा' તીર્થ પ્રભાવનાનું ધ્યેય રાખે. શાસનની ઉન્નતિ દેખીને જેઓ ધર્મ ન સમજતા હોય તેવાઓ પણ ધર્મ પામનારા થાય; આ ધર્મ સારો છે. આટલું માત્ર અન્યના મનમાં આવે તો ભવાંતરે ધર્મ પ્રાપ્ત કરનાર થાય. શાસનોન્નતિની અનુમોદનાદ્વારા એ ગુણાનુરાગી જીવને ધર્મ પ્રાપ્ત કરાવે છે. ધર્મની પ્રશંસા દ્વારાએ ભવાંતરમાં ધર્મ પ્રાપ્ત કરવાના રસ્તા બતાવી દે છે.

(૧૧) 'सोही' આટલાં કૃત્યો કર્યાં છતાં આત્મા શુદ્ધ કરવો જોઈએ. ખેડૂતે જમીન સાફ કરી હોય તો પછી જ્યારે વરસાદ સારો વરસે ત્યારે તેનું સારૂં જમીનનું ફળ લે. આત્મા એ જમીન–ધર્મ વાવવાની જગ્યા, તે ધર્મ વાવવાની ભૂમિ સ્વચ્છ ક્યારે રહે ? ખેડૂતો નકામું ખડ, ઝાંખરા, ઘાસ પ્રથમથી જ ઉખેડી નાખે, નહીંતર સારી ખેતીને પાણી ન મળે, અને ખડ પાણી પી જાય, તેમ ધર્મારાધન કરનારે પોતાના પરિણામમાં અયોગ્ય પદાર્થો રહેલા હોય તે પ્રથમ ખસેડવા જોઈએ; આ ખસેડવાનું કૃત્ય તે પાયશ્ચિત્ત–આલોયણ–શુદ્ધિ કહેવાય છે.

**અગીઆરે કૃત્યોનું વિવેચન—**

દરેક વર્ષે એકેકવાર–એક જ વખત, આવું બોલનારે ધ્યાન રાખવું કે અહીં જઘન્યથી એક વાર, ઓછામાં ઓછી એક વાર ચતુર્વિધ શ્રી સંઘની પૂજા કહી છે. હવે અહીં ગુણવાન પુરૂષો છે, તેનું પૂજન અને પૂજનની રીતિ બતાવે છે. સાધુસાધ્વીનું પૂજન; નિર્દોષ આહાર–પુસ્તક–કંબલ વગેરે તથા ઔષધ વગેરે આપવું, અને શ્રાવક અને શ્રાવિકાઓનું શક્તિપ્રમાણે પૂજન કરવું જોઈએ.

દુનિયાદારીમાં 'લાલા લાખ તો સવા લાખ' 'લીટી ભેળો લહરકો' અને ધર્મની વાતમાં 'શક્તિ નથી' એમ બોલાય છે, ધર્મની વાત છે, ત્યાં શક્તિ ઊડી ગઈ! આજકાલનાઓને ધર્મના સ્થાનકો શક્તિ રહિત ભાસે, અને દુનિયાનાં કાર્યોમાં શક્તિ આવી જાય છે. શક્તિને ઓળંગ્યા સિવાય ભક્તિ કરવી, અંતઃકરણના ઉલ્લાસપૂર્વક સાધર્મિક ભાઈબહેનની પહેરામણી કરવી.

શ્રાવકસંઘના દરેક શ્રાવકને માથાથી પગ સુધીનો તમામ પહેરવેશ–

પાઘડી, અંગરખું, ધોતિયું, બધું આપે, તેમ શ્રાવિકાને પણ પહેરાવે. તે પહેરામણી પોતાને ઘેર આમંત્રણ કરી કરે તેનું નામ સંઘપૂજા :

તે સંઘપૂજા ત્રણ પ્રકારે છે: ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય સંઘપૂજા. આ ત્રણે પ્રકારની પૂજા સર્વ આદરથી કરવી.

સૂરતમાં માંડવામુહૂર્ત્ત આવે છે, ત્યારે તો જેટલા આવે છે તેટલાને બેસવાને ખુરશી આપે છે, બધા સ્વજનોને બોલાવી ખુરશી પર બેસાડી પહેરામણી આપે છે. તેમ તમે સાધર્મિક ભાઈને આદરપૂર્વક બોલાવો; સંઘના જમણમાં ગોર નોતરાં દેવા જાય છે, ઘરના લગ્નમાં ઘરનાં બૈરાંઓ જાતે નીકળી નોતરાં આપે છે, તેમ સર્વાદરથી નોતરાં આપો. 'મહેરબાની કરી પધારજો.' તે આવે ત્યારે દરેકને બેસવાના જુદાં આસન આપી મુરબ્બી તરીકે બેસાડો. વિસર્જનમાં પણ આદર સહ બોલાવી સંઘને પહેરામણી આપો. તે ઉત્કૃષ્ટ સંઘ-પૂજા સુતરની કોકડી છેવટે આપે તો તે જઘન્ય પૂજા થઈ અને બાકીની બધી મધ્યમપૂજા ગણાય.

જગતમાં અંતરાયકર્મ સર્વના સરખા તૂટેલાં નથી હોતાં; અહીં દ્વાર બંધ નથી, તે માટે રસ્તો બતાવે છે. જે ઘણું ખરચ ન કરી શકે, અધિક ન ખરચી શકે તેઓ ગુરુમહારાજને મુહપત્તિ પણ વહેરાવે, અને શ્રાવક શ્રાવિકાને બેચાર સોપારી આપીને પણ પ્રતિવર્ષ ભક્તિથી સંઘપૂજાનું કાર્ય સાચવે.

લૂખો રોટલો ખાતી વખતે જો આપનાની ટેવ પડી હશે, તો દૂધપાક ખાતી વખતે તે ટેવ આવશે, આપવાની ટેવ પડી હોય તે દૂધપાકનાં કડાયાં આપશે.

ટેવ નથી પડી તેને શક્તિ હશે છતાં પણ તેનું આપવા તરફ લક્ષ્ય નહિ જાય. તેમાં નિર્ધન હોય એણે આપેલું-દીધેલું સામાન્ય દાન મહાફળ આપનારૂં થાય છે. કેટલીક વખત ગોળ નાખેલો લોટ ગળ્યો લાગે છે. ગોળ નાખે તેટલું ગળ્યું થાય. લોટની ઠેફી પણ ગળી લાગે છે. તેમ પુણિઓ શ્રાવક થોડું દાન દેતો હતો, છતાં શાસ્ત્રકારે તેનું દાન વખાણ્યું છે.

**संपत्तौ नियमः शक्तौ सहनं, यौवने व्रतं ।**
**दारिद्रये दानमप्यल्पं, महालाभाय जायते ॥ १ ॥**

સંપત્તિ–ઋદ્ધિ–સમૃદ્ધિ હોય તેવા વખતમાં પૌષધપ્રતિક્રમણનો નિયમ મહાફળ દેનાર થાય છે. શક્તિ હોય ને સહન કરવું ઘણું કઠીન છે. અસામર્થ્ય હોય તો બધા સહન કરે પણ તે દબાણ છે. શક્તિમાં સહન કરીએ તો સહન કર્યું ગણાય. વૃદ્ધાઅવસ્થા હોય ત્યારે, શક્તિ ન હોય ત્યારે, સંપત્તિ ન હોય ત્યારે નિયમ કરે, તે કરતાં યૌવન અવસ્થા વગેરે હોય ત્યારે વ્રત વધુ ફળ આપે છે. વગર દારૂના છાકવાળી જુવાનીમાં ધર્મ–વ્રત–નિયમ સૂઝવા તે ભાગ્યશાળીને સૂઝે છે. કેટલાક એવા હોય કે પોતાનામાં દરિદ્રતા હોય છતાં પણ તેવા અલ્પદાન આપે છે. તેઓ મહાન ફળ પામે છે, પાંચ કોડીના ફૂલમાં કુમારપાળને ૧૮ દેશનું રાજ્ય મળ્યું. દરિદ્રતામાં શાલિભદ્રને ખીરના દાનથી દેવતાઈ ૯૯ પેટીઓ દરરોજ મળે છે. દરિદ્રસમયમાં દીધેલું દાન, મોટા લાભ માટે થાય છે. તેથી જ છેવટે મુહપત્તિ વહોવરાવવી. અગર બે ત્રણ સોપરી અપાય તોપણ ઓછું ફળદાયી નથી.

હવે સાધર્મિકભક્તિ માટે કહે છે. શ્રેષ્ઠ આસન પર બેસાડી વસ્ત્રો વગેરે પહેરામણીમાં આપે. એટલું જ નહિ, 'आपन्निमग्नानां स्वधनव्ययेनाप्युद्धरणं' પણ આપત્તિમાં ડૂબી ગએલા હોય તેવા સાધર્મિકોને બચાવી લે. જુદા રહેલ ભાઈઓ પણ આપત્તિ વખતે સાથે ઊભા રહે છે, ભાઈ સમજી દુઃખમાં સહાય છે. અનંતા ભવચક્રમાં ભમતા જે ભાઈઓ થાય છે તેના કરતાં સાધર્મિકભાઈઓ જે અનંતાભવોમાં નથી મળ્યા, તેવાને અંગે સંકોચમાં આવીએ તો ખરેખર હૃદયમાં સાધર્મિકભક્તિ વસી નથી, છતી મિલકતે પણ કેટલીક વખત આપત્તિમાં આવવાનું થાય છે, એના ધનથી એની આબરૂ વચમાં પડીને રાખી શકાય છે. આવું જો ન હોય તો પોતાનું ધન ખરચીને પણ તેનો ઉદ્ધાર કરવો જોઈએ. કારણ ? મનુષ્યે ધ્યાનમાં રાખવું કે આ જન્મ દાવમાં મૂકયો છે, જવાનો તો છે જ, જતાં જતાં જન્મનું ફળ મેળવી લ્યો તો ગયો ન ગણવો, પણ સફળ ગણવો.

કયું ફળ મેળવવું ? જમીન પાસે છે, છતાં ચોમાસામાં ખેતી કરે તો ફળ મેળવે, ન કરે તો ચોમાસાનો વરસાદ નકામો જાય,

न कयं दीणुद्धरणं. न कयं साहम्मिआण वच्छल्लं
हिअयंमि वीयराओ, न धारिओ हरिओ जंम्मो ॥१॥

તેમાં દીન દુઃખી સાધર્મિકોનો ઉદ્ધાર કરે તો જન્મ સફળ! સાધર્મિકનું વાત્સલ્ય ભક્તિ પ્રીતિથી કરે તો જન્મ સફળ! હૃદય વિષે વીતરાગ પ્રભુ ધારણ કર્યા તો જન્મ સફળ! નહીંતર જન્મ હારી ગયો.

**સાધર્મિક બ્હેનોનું પૂજન.**

'વઢકણી વહુએ દીકરો જણ્યો' વહુ માથે ચઢે તેમ છે. શ્રાવિકાના માનસન્માન કરશું તો માથે ચઢશે. તમે તો બધા સીધા અને સરળ હશો કેમ? જે ધર્મી તરીકે આરાધ્ય છે તે તો શ્રાવક માફક શ્રાવિકામાં ન્યૂનાધિકતા વગરનું વાત્સલ્ય કરવું. માર્ગે પ્રવર્ત્તેલી શ્રાવિકા છે, તેમાં ધર્મની કિંમત કરવાની છે. આજકાલનાઓને આખલાનો ધર્મ છે. વધારે બોલે, વધારે ફરે, અને જરૂર વગરના ખાઈ જાય, માટે આખલાના ધર્મો ન જોઈએ. જે બાઈઓ પવિત્ર વર્તાવવાળી સામાયિકાદિ કરે છે તે સાધર્મિક તરીકે પૂજાય છે, પછી સધવા હોય કે વિધવા હોય તો પણ અહીં શ્રાવિકા ક્ષેત્ર તરીકે સર્વ સરખી આરાધના કરવા લાયક છે.

**સ્ત્રીઓના સ્વાભાવિક દોષો.**

શિષ્ય પૂછે છે કે 'હે સ્વામી! સ્ત્રીઓ લોકમાં દુષ્ટ જાતની કહી છે. તે માટે શાસ્ત્રમાં પણ આ પ્રમાણે કહેલું છે.'

अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥

અસત્ય, સાહસ, માયા, કપટ, મૂર્ખપણું, અતિલોભીપણું; અશૌચપણું ને નિર્દયપણું સ્ત્રીઓમાં આ સ્વાભાવિક દોષો છે. પ્રથમ તો જૂઠું, ડગલેને પગલે જૂઠું, સાચાનું સ્થાન નહિ. સાસરે જાય ત્યાં સાસુ સસરાથી છાની રમત રમે, ત્યારથી જૂઠું, તે છતાં તેનું પણ ઔષધ થાય, જો વિચારદષ્ટિ હોય તો. સાહસ, ધૃષ્ટતા, ધિઠ્ઠાઈ; શરમનું તો નામ નહિ. લાજ કાઢે, નાક વીંધેલું, દાંત રંગેલાં હોવાથી શરમ જ નહિ, અને કપટનું સ્થાન. આ છતાંયે જો ભણવા ગણવાનો ધંધો હોય તો તો ઠેકાણે આવે, પણ નવરી થઈ કે એકડી થાય ને આખા ગામની કુથલી કરે. 'ચાર મળે ચોટલા તો આખા ગામનાં ભાંગે ઓટલા' ભણવા ગણવાનું ન સૂઝે. સ્ત્રીઓને મૂર્ખપણું જ ગમે છે.

આ બધું છતાં ઉદારતા ગુણ હોય તોય સારું. મનુષ્યોના સમાગમથી શિખામણ મળે પણ ઉદારતા હોય તો ને? અતિલોભતા, જૂઠું, ચિકાઈ, કપટ, મૂર્ખપણું તે સાથે અત્યંત લોભ. આ બધું છતાં દાનત પવિત્ર હોય તો સૂઝે કે આત્માનું શું થશે? પવિત્ર દાનત હોય તો બધા દુર્ગુણ કાઢી શકે. એ બધું છતાં દયાળુ હોય તો બધા અવગુણો નાશ પામે, નિર્દયતા–આઠ આનાના પાપડ બગડતા હોય અને ઉપર લીલ ફુગ લાગેલી દેખે, તો લૂછી સાફ કરી પાપડ શેકે, આ રીતે પણ તેનું નિર્દયપણું છે. આ બધા દોષો શિખવેલ નથી, પણ સ્ત્રીઓમાં સ્વાભાવિક દોષો છે. એ તો કવિ કહ્યા કરે, એવું આ નથી. અત્ર સુકુમાલિકા (ઉપ૦ પ્રા૦ વ્યા૦ ૯૩) સૂરિકાન્તા (ઉ૦ વ્યા૦ ૫૩) કપિલા, અભયા, નુપુરપંડિતા (ઉ૦ વ્યા૦ ૧૦૩) નાગશ્રી (ઉ૦ વ્યા૦ ૧૪૯) પ્રમુખનાં દષ્ટાંતો–વૃત્તાંતો શ્રોતાએ સ્વયં સમજી લેવા. આગમમાં પણ સ્ત્રીઓની નિંદા કહી છે.

'अणंताओ पावरासीओ, जया उदयमागया ।
तया इत्थित्तणं पत्तं, सम्मं जाणाहि गोयमा ! ॥१॥

અનંતી પાપરાશીઓ એકઠી થાય છે ત્યારે સ્ત્રીપણું ઉદયમાં આવે છે. આ વાત ગૌતમસ્વામીને મહાવીર મહારાજા જણાવે છે. શાસ્ત્રમાં રજ્જુઆર્યા (૩૦ વ્યા૦ ૨૭૯) આદિનાં દષ્ટાંતો છે, આ બધું કથન શિષ્યનું છે. બધી જગ્યાએ સ્ત્રીઓની નિંદા છે. માટે તેની ભક્તિ–દાન–સન્માન કરવું તે વ્યાજબી શી રીતે ગણાય? પાત્રતા જોઈએ ને? આમ શિષ્યે શ્રાવિકાને ઉડાવવા પ્રશ્ન કર્યો.

**સ્ત્રીઓના દોષારોપણનું સમાધાન,**

ગુરુમહારાજ ઉત્તરમાં જણાવે છે કે આ વાક્યો ખોટાં જ છે એમ નહિ; ભલે ખરાં છે, પણ બધી સ્ત્રીઓ આવી હોય તેમ તું કહી શકે છે? એક ખૂનીના ગુનાએ તેની નાત કે તેના ગામને ફાંસીએ ન દેવાય. એક બાઈ આવી હોય તેથી આખી જાતિ દૂષિત ન ગણાય. એવો કોઈ એકાંત નિયમ નથી કે સ્ત્રીઓ જ આવી દોષવાળી છે, પુરુષોમાં અલ્લાઉદ્દીનખૂની, અભખાઈ રાઠોડ (પુષ્પમાલા. પાનું ૫૮) જેવા, વિનયરત્ન, પાલક, અને મહાક્રૂર આશયવાળા, નાસ્તિક દેવગુરુને ઠગવાવાળાનાં દષ્ટાન્તો ઘણાએ દેખાય છે.

પુનર્વિવાહ માટે સ્ત્રીઓએ એક પણ ઠરાવ નથી કર્યો, આવા ઠરાવ કરવા કોણ તૈયાર થાય છે? ઉદ્ધતો. ઉદ્ધતોને સ્ત્રીઓની પવિત્રતાનો નાશ કરવો છે. શિયળ તોડવા માટે, ધર્મનો નાશ કરવા માટે ઊભા થએલા સુધારકવર્ગે આ તૂત ચલાવ્યું છે. ધર્મની હેલણા કરનારા લોકો ધર્મની હેલણા કરે છે. છાપામાં પોતે પ્રકાશિત કરે છે. કદાચ કોઈ સ્ત્રી તેવી હોય ખરી પણ તેનું પ્રમાણ કેટલું?

**સ્ત્રીઓમાં ગુણની અધિકતા**

કેટલી સ્ત્રીઓ ગુણવતી એવી હોય છે કે તે ગુણો પુરુષોમાં પણ નથી હોતા, સુલસા (ઉ. પ્ર. વ્યા. ૩૬) રેવતી-(વ્યા. ૨) કલાવતી (વ્યા. ૯૮) મદનરેખા વગેરે શ્રાવિકાઓની શ્રી તીર્થનાથે પણ અનેકવાર પ્રશંસા કરી છે, માટે તે શ્રાવિકા શ્રાવક સમાન જ છે. માતા, બ્હેન, ભાઈ છે. ભાઈ! પુત્રી સ્ત્રીજાત છે તો કાઢી મૂક! કોઈ કાઢી મૂકતું નથી, પણ ભ્રાતૃપ્રેમ રાખે છે, મોટી શ્રાવિકાનું માતા માફક, સરખી વયનીને બેન તરીકેની ઉપમા કહી છે. અને નાની હોય તો પોતાની પુત્રી માફક દેખો, આથી તેઓનું વાત્સલ્ય કરવું, ભક્તિ-સત્કાર-સન્માન કરવા તે યોગ્ય જ છે.

પ્ર૦ મોક્ષે ગયા તે જીવોમાં સ્ત્રીલિંગમાં વધારે ગયેલા કે પુલ્લિંગે વધારે ગયેલા? ઉ૦ ભગવાનના ૭૦૦ કેવલિ પુરુષો તો ૧૪૦૦ કેવલિ સાધ્વીઓ, શ્રાવિકાઓ બમણી ત્રણ ગણી છે. અત્યારે પણ દાન તપ શિયળ ભાવમાં ચારે પ્રકારના ધર્મમાં સ્ત્રીઓ પુરુષો કરતાં અધિક છે.

**(૩) ત્રણ પ્રકારની યાત્રા**

હવે દરેક વર્ષે જઘન્યથી પણ એક યાત્રા કરવી જોઇએ, ત્રણ પ્રકારની યાત્રા છે. 'अष्टाह्निकाऽभिधामेकां, रथयात्रामथापरां तृतीयां **तीर्थयात्रां चेत्याहुर्यात्रां त्रिधा बुधाः** (श्रा. पृ. १३६) એક અઠ્ઠાઈમહોત્સવ, બીજી રથયાત્રા અને ત્રીજી તીર્થયાત્રા. બધી અઠ્ઠાઈમાં ચૈત્યપૂજા મહોત્સવ કરવાના છે.

રથયાત્રા કુમારપાળ મહારાજે આવી રીતે કરી છે. ચૈત્ર મહિનામાં સુદિ આઠમને દિવસે ચોથા પહોરે મહાવિભૂતિથી રથ નીકળ્યો, નગરના લોકો હર્ષપૂર્વક એકઠા થઈ રહ્યા છે. માંગલિક જય શબ્દો જેમાં થઈ રહ્યા છે, 'सोवण्ण जिणवररहो' સોનાનો જિનેશ્વર મહારાજનો રથ

જાણે ચાલતો મેરુપર્વત હોય તેવો ઊંચો, મોટા દંડવાળો ધ્વજ તેમજ ચામરની શ્રેણીથી શોભતો દેદીપ્યમાન રથ નીકળે છે પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાજીને પ્રક્ષાલ વિલેપન કરી મહાજન મહાઠાઠથી પ્રભુને રથમાં સ્થાપન કરે છે. વાજિંત્રના શબ્દોથી આકાશ ભરી દીધું છે. જુવાન સ્ત્રીઓ નાચી રહી છે. પ્રધાનમંત્રી જોડે છે. સોનાનો રથ રાજાના મહેલ તરફ જાય છે. મહારાજા કુમારપાળ પણ પ્રતિમાને ચીનદેશના વસ્ત્ર અને સોનાનાં ઘરેણાંથી પોતે પૂજન કરે છે. અને અનેક પ્રકારનાં નાટકો કરે છે. આવી રીતે રાત્રિ પૂરી કરી રાજાના દરબારનું સિંહદ્વાર છે, ત્યાં આગળ સમિયાણામાં રથસ્થાપન કરે છે, ત્યાં પ્રભાતે કુમારપાળ રાજા ચતુર્વિધ સંઘ સમક્ષ પોતે આરતી ઉતારે છે. પછી આખા નગરમાં રથ ફરે છે, હાથીઓ રથે જોડેલા છે. સ્થાને સ્થાને સમિયાણા ખડા કરેલા છે, દરેક પોળવાળા ઓચ્છવ મહોત્સવ કરે છે.

તીર્થયાત્રામાં શત્રુંજય, ગિરનારજી વગેરે તીર્થો, તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવલ મોક્ષ, વિહાર થયા હોય તે ભૂમિ પણ તીર્થ છે, ઘણા ભવ્યજીવોને દર્શનશુદ્ધિ સાથે શુભ ભાવ કરાવનારી એ ભૂમિઓ છે. તેથી સંસાર સમુદ્રથી તારનાર છે માટે તીર્થ કહેવાય છે, તે પવિત્ર ભૂમિની સમ્યક્ત્વાદિની શુદ્ધિ માટે યાત્રા કરવી.

આ. શ્રી સિદ્ધસેનસૂરિએ પ્રતિબોધ કરેલા વિક્રમરાજાના શત્રુંજય સંઘમાં સોનાનાં ૧૬૯ ચૈત્યો, ૫૦૦ હાથીદાંતનાં, તથા ચંદનનાં મંદિરો હતાં તથા શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી વગેરે ૫૦૦૦ પાંચહજાર તો આચાર્યો હતા. ચૌદ મુગટબદ્ધ રાજા, સીત્તેર લાખ શ્રાવકનાં કુટુંબો, એક કરોડ, દશ લાખ, નવ હજાર ગાડાં, અઢાર લાખ ઘોડા, ૭૬૦૦ હાથી, એમ ઊંટ ને પોઠીઆ પણ જાણવા.

### (૪) સ્નાત્રમહોત્સવ

અવશ્ય કરવા યોગ્ય વાર્ષિક કૃત્યમાં સ્નાત્રમહોત્સવ ચોથું કૃત્ય છે. વાર્ષિક કૃત્યનો અર્થ વર્ષમાં એક વાર નહિ લેતાં જણાવવામાં આવેલ અગીઆરે કૃત્યો સમસ્ત વર્ષો દરમ્યાન કરવા યોગ્ય છે, પરન્તુ શકિતના અભાવે વર્ષમાં એક વાર તો કરવાં જ જોઈએ, દેરાસરમાં મોટો સ્નાત્રમહોત્સવ કાયમ કરવો જોઈએ, પ્રતિવર્ષે જઘન્યથી એકવાર જરૂર કરવો જોઈએ. સાધુ પેથડશાહે છપ્પન ઘડી સુવર્ણની બોલી બોલીને ઈન્દ્રમાળા પહેરી હતી.

## (૫) દેવદ્રવ્યની વૃદ્ધિ

દેવદ્રવ્યની વૃદ્ધિ માટે દર વર્ષે જઘન્યથી પણ માળા પહેરવાનું કૃત્ય જરૂરી છે, કેટલાકને આ વાત ગમતી નથી. આથી બોલે છે કે ભગવાનને વળી આ શું ? હું પૂછું છું કે શોભા વિનાના દેરાસરોમાં ભાવના કેવી રહેશે? દેવદ્રવ્ય વિના શોભા થાય ? આખાયે સંઘમાં પરિણામની વૃદ્ધિ કરનાર દેવદ્રવ્યની વૃદ્ધિ છે, આથી તે અત્યન્ત આવશ્યક કર્તવ્ય તરીકે છે, ઇન્દ્રમાળા કે બીજી માળાની ઉછામણીથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઇએ.

શ્રી રૈવતાચાલજી ઉપર શ્વેતામ્બર અને દિગમ્બરનો સંઘ ભેગો થયો હતો, તીર્થ અંગે વિવાદ થયો. તે વખતે વૃદ્ધોએ કહ્યું કે બોલી બોલો. તેમાં જે વધે તેનું આ તીર્થ. નિર્ણય પણ બોલીના આધારે થયો, બોલીનો રિવાજ કેવો તે વખતે પણ પ્રબલ હતો, તે અત્ર વિચારો ! આ સમયે સાધુ પેથડશાહે ૫૬ ધડી સુવર્ણ બોલી ઇન્દ્રમાળા પહેરી, ધડી સોનું એટલે દશ શેર સોનું. તે સમયે તેઓએ ચાર ધડી સોનું તો યાચકોને આપ્યું હતું.

એક વાત ખ્યાલમાં રાખજો કે પહેલાં દેવદ્રવ્યની બોલી બોલતા, તેનાં નાણાં તુરત જ આપી દેતા, બેંકમાં પણ નાણાં મૂકાય તેની સાથે તુરત વ્યાજ શરૂ થાય છે, પેથડશાહ છપ્પન ધડી સોનું બોલ્યા અને માળ પણ પહેરી. સોનું આપવું જોઇએ તે માટે તુરત ઉંટડી-સાંઢણી દોડાવી, એ સોનું આવે નહિ, દેવાય નહિ ત્યાં સુધી અન્ન પાણી લેવાં નહિ, આવો સંકલ્પ કર્યો હતો, આથી છઠ્ઠ કર્યો, બીજે દિવસે જ્યારે બે ઘડી દિવસ બાકી રહ્યો, ત્યારે સોનું આવ્યું, સૂર્યાસ્તની છેલ્લી બે ઘડી પાણી પીવાય નહિ. રાજ્યના મન્ત્રી હતા. કહો કેવી શ્રદ્ધા ! આ બધાનાં નામો શાસ્ત્રને પાને ખોટાં નથી ચઢયાં. શાસ્ત્રનો વિધિ છે કે બોલવું તે તુરત ચૂકવી દેવું. આ માટે નામે ચઢાવવું પડે, નોકર રાખવા પડે, ઊઘરાણીઓ કરવી પડે છે તે રીત વ્યાજબી નથી. તુરત તે નાણું ન આપે તો વ્યાજભક્ષણનો દોષ લાગે છે તે સમજો! બોલાય છે કે પડતી કેમ આવી? પણ સમારાથી દરેક કાર્યમાં પુન્ય-પાપનો વિચાર કેટલો કરાય છે તે વિચારાતું નથી.

**(૬) મહાપૂજા**

મહાપૂજા દર વર્ષે વિસ્તારપૂર્વક જિનાલયોમાં ભણાવવી.

**(૭) રાત્રિ જાગરણ**

તીર્થદર્શન વખતે, કલ્યાણકોના દિવસોએ, ગુરુ નિર્વાણાદિના પ્રસંગોએ વીતરાગ દેવનાં ગુણજ્ઞાન કરવાં. નૃત્ય કરવા વગેરેથી રાત્રિ-જાગરણ કરવું, ભક્તિ માટે રાત્રિજાગરણ કરવાનું છે.

**(૮) શ્રુતપૂજા**

શ્રુત એટલે આગમાદિજ્ઞાનના પુસ્તકોનો ઉદ્ધાર કરવો. સાધુ ભગવંતોને ભણાવવા માટે પુસ્તકો આપવાં, આગમની પુજા દરરોજ કરવી જોઈએ, શક્તિના અભાવે દર માસે દર વર્ષે યથાશક્તિ જરૂર ભક્તિ કરવી. તથા જૂના અપ્રસિદ્ધ ગ્રંથો લખાવવા, તેમનો ઉદ્ધાર કરવો.

**(૯) ઉદ્યાપન**

ઉદ્યાપન એટલે ઉજમણું, જેમ દેરાસર કળશ વગરનું બાંડું લાગે તેમ ઉદ્યાપન વગરનું તપ બાંડું સમજવું. ઉજમણું એ તપગુણને દીપાવનાર છે, વીશ સ્થાનક, શ્રી સિદ્ધચક્રની આરાધનાને અંગે, એકાદશી, પંચમી, રોહિણી વગેરેના તપને અંગે, જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરેના વિવિધ પ્રકારના તપોને અંગે દર વર્ષે જઘન્યથી એક એક ઉજમણું વિધિપૂર્વક કરવું જોઈએ, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અંગે તથા સાધાર્મિક અંગે સરખા ભાગે વસ્તુઓ મૂકવી.

બધા શ્રાવકો ધર્મના રસિયા હોય તો એક દિવસ પણ એવો ન હોય કે જે દિવસે ધર્મપ્રભાવક કાર્ય થતું ન હોય. આજે તો દશા જુદી છે, 'ભાદરવો રળિયામણો' 'સંવત્સરીના પારણાં ને મૂક્યા ઉપાશ્રયના બારણાં' ભાગ્યશાળીઓ, કલ્યાણના દરવાજા તો હંમેશાં ખૂલ્લાં જ હોય.

**(૧૦) ગુરુપ્રવેશ મહોત્સવ**

તીર્થપ્રભાવના એ સ્થાવરતીર્થની પ્રભાવના છે, સ્થાવરતીર્થની પ્રભાવનાની જેમ જંગમ તીર્થની પ્રભાવના કરવી જોઈએ. વર્ષમાં એકવાર જઘન્યથી તો આ કાર્ય અવશ્ય કરવું જોઈએ. ગુરુમહારાજા એ જંગમ તીર્થ છે. ગુરુમહારાજનો પ્રવેશમહોત્સવ પણ તીર્થ પ્રભાવનાનું કારણ છે, ગુરુમહારાજનો પ્રવેશઉત્સવ ઘણો જ આડમ્બરથી કરવો જોઈએ, 'શ્રી સંઘે ગુરુમહારાજ સન્મુખ જઈને યથાશક્તિ સત્કાર કરવો

જોઈએ, ઔપપાતિકસૂત્રમાં ( સૂત્ર ૩૦ થી ૩૩ માં ) પ્રવેશમહોત્સવ અંગે કોણિકરાજાનો અધિકાર આવે છે. પ્રદેશી રાજાએ, ઉદાયનરાજાએ, દશાર્ણભદ્ર રાજાએ પણ શ્રી વીર પરમાત્માનો પ્રવેશમહોત્સવ અપૂર્વ આડમ્બરપૂર્વક કરાવ્યો છે, પ્રદેશીરાજાએ કેશીગણધરનો પ્રવેશમહોત્સવ કરાવ્યો હતો.

દશાર્ણભદ્ર રાજાએ ' કોઈએ વંદન ન કર્યું હોય તેવું વંદન કરૂં'' એવી ભાવના કરી, આખા નગરમાં દાંડી પીટાવી, આખા નગરને શણગારવામાં જરાયે કમીના રાખી નહીં. સવારે હાથી પર બેસી મોટા આડમ્બરથી ભગવાનને વંદન કરવા જાય છે. અને વિચારે છે કે, 'આજે મારો જન્મ સફળ ! આજે મ્હારી ઋદ્ધિ–સિદ્ધિ કર્મક્ષય માટે વપરાણી.'

વરરાજા જાય ત્યાંસુધી કર્મબન્ધનની વાતો થાય અને કર્મ બાંધતો જાય, જ્યારે ભગવાનને વંદન કરવા જાય, ત્યાં કર્મબન્ધનોને તોડતો તોડતો જાય. સાધુમહાત્માનો વરઘોડો–સામૈયું હોય તેમાં આટલી બધી ભકિત શાની ? સાધુ મહાત્માઓ કેવળ ત્યાગી છે. ભાવિકો મહાત્માઓનાં દર્શન કરે; અહોહો ! ધન્ય છે ! આ બધામાં કાર્ય શું થાય ? કર્મબન્ધનોને તોડવાનું અને પુન્યાનુબંધી પુન્યનું કર્મ થાય છે.

સૌધર્મ ઈન્દ્રને દશાર્ણભદ્ર રાજાની ભકિત જોઈ વિચાર થયો કે, 'ભકિત તો આની શ્રેષ્ઠ છે, પણ સાથે ભકિતનું અભિમાન થાય છે, આ ઠીક નથી.' સૌધર્મ ઇન્દ્રે ઋદ્ધિ વિકુર્વી, તે જોઈ દશાર્ણભદ્રને થયું કે ' હું કયાં અને આ કયાં ? આની ઋદ્ધિ કયાં અને મારી ઋદ્ધિ કયાં ? ' અભિમાન ઉતરી ગયું. 'આ ત્રણે લોકના નાથને મસ્તક ઝુકાવનારા મારા કરતાં કંઈક અધિક ભક્તો પડયા છે.' ભાવના લૂખી ન હતી પણ હૈયાની ભાવના હતી, દશાર્ણભદ્રે રાજમુગટ ઉતાર્યો અને દીક્ષા લીધી. અધિક ઋદ્ધિ બતાવનાર સૌધર્મ ઇન્દ્રે વિચાર કર્યો, ' ઋદ્ધિથી તો હરાવ્યો પણ મારાથી આ થાય તેવું નથી, માટે હું હાર્યો.' આથી દશાર્ણભદ્રમુનીશ્વરને ઈન્દ્રમહારાજા કહેવા લાગ્યા કે ' હવે હું હાર્યો ને તમે જીત્યા. હું તો પુદ્ગલનો સંગી ને તમે તો આત્માના રંગી ! ' આવા પ્રવેશમહોત્સવો શાસનની ઉન્નતિ કરનારા છે. અનેક આત્માઓ તેની અનુમોદના કરવાથી બોધી બીજને પમાડનારા હોવાથી તીર્થંકર પદની પ્રાપ્તિના ફળને આપનારા બને છે.

## (૧૧) આલોચના કૃત્ય

'गुरुयोगे जघन्यतोऽपि प्रतिवर्षं आलोचना गुरुभ्यो आदेया ' આ આત્માને જે પાપરૂપી કીચડ લાગ્યો હોય તે કીચડ ધોઈ નાખવો જોઈએ. આ કીચડ ધોવાનો–શુદ્ધ કરવાનો ઉપાય? કરેલા પાપનું આલોચન–નિન્દન–ગર્હણ ગુરુ પાસે કરવું, પાપની નિંદા કરવી અને ગુરુમહારાજ આલોચન–પ્રાયશ્ચિત્ત આપે તે તપાદિ કરવું. વંદિત્તામાં પણ તમે હંમેશાં બોલો છો. 'आलोइय निंदिय गुरुसगासे ' પાપને ધોવાનો, પાપથી શુદ્ધ થવાનો ઉપાય આ જ છે. દાન વગેરેથી પાપ ન ધોવાય. આલોચનામાં એક વાત ખ્યાલમાં રાખવાની, તે કયી? બાલકની જેમ કપટરહિત આલોચના કરવી. તેમ કરે તો શુદ્ધ થાય, આ માટે શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે–' सोहि उज्जुभूअस्स '– સરલ આત્માની શુદ્ધિ થાય.

લક્ષ્મણા સાધ્વીજીએ જે અલોચના કરી તે પોતાનાં પાપ ધોવા માટે કરી હતી. આલોચના ગુરુ પાસે લેવી પરંતુ પાપ કર્યા પછી પાપની પ્રશંસા ન કરવી. પ્રશંસા કરવામાં આવે તો રેશમની ગાંઠ પર મૂકેલા તેલનાં ટીપાંની જેમ નિકાચિત કર્મનો બંધ પડી જાય છે.

ખંધકમુનિ પૂર્વભવમાં કોઠાની (કોઠમડાની) છાલ ઉતારીને પ્રશંસા કરીને રાચ્યા, 'હું કેવો હોંશિયાર?' આથી નિકાચિત કર્મ બાંધ્યું. તથી તેમને છેલ્લા ભવમાં ચામડી ઉતરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. શ્રેણિકરાજાએ ગર્ભવાળી મૃગલીને બાણ વડે મારી નાખી અને પ્રશંસા કરી કે 'કેવો બહાદુર કે એક બાણથી બે જીવને માર્યા!' આથી નરકનો નિકાચિત બંધ પડયો.

કોર્ટમાં ખૂની લાંચ આપી છૂટી જાય, પણ અહીં ન છૂટી જવાય, કર્મ ભોગવવું જ પડે. માટે પાપની પ્રશંસા ન કરવી, કિન્તુ પાપની નિંદા–ગર્હા કરીને તેનું ગુરુમહારાજ પાસે પ્રાયશ્ચિત્ત લઇ પાપને ધોઈ નાંખી શુદ્ધ થવું.

વિવેકી શ્રાવકોએ–વ્રતધારીઓએ અઠ્ઠાઈઓ આરાધવાની છે, તેમાં પર્યુષણપર્વની અઠ્ઠાઈ પણ વિધિપૂર્વક આરાધવાની છે.

**પર્યુષણ પર્વ એ વાર્ષિક પર્વ છે.**

આઠમ, ચૌદશ, પાંચમ વગેરે તિથિઓ માસિક પર્વો છે, તે પર્વોની ગણના માસિક પર્વ તરીકેની છે. જ્યારે પર્યુષણ પર્વની ગણના વાર્ષિક પર્વ તરીકે છે. વર્ષમાં એક જ વાર થાય. અનેક વખત થાય તો તે વાર્ષિકપણામાંથી ઉડી જાય ઓળીનું પર્વ છમાસિક છે. આથી ઓળી વર્ષમાં બે વાર આવે છે, પર્વનો છેલ્લો દિવસ ભા૦ સુદ ૪ છે, તે વાર્ષિક-પર્વનો દિવસ છે. આથી તે દિવસનું નામ સંવત્સરી છે. તે દિવસના પ્રતિક્રમણને પણ સંવત્સરી પ્રતિક્રમણ કહેવામાં આવ્યું છે. દુન્યવી વ્યવહારમાં પણ ખાતાં ફેરવવાનો દિવસ એક જ હોય છે. ખાતાં વારંવાર ફેરવાય નહે, દિવાળીએ જ ફેરવાય, અર્થાત્ કારતક સુદી ૧ થી આસો વદિ ૦)) સુધીનાં ખાતાં બીજા વર્ષના કા. સુ. ૧ મે ફરે, એવી રીતે અહીં પણ વાર્ષિક પર્વનો હિસાબ વર્ષમાં એક જ વાર હોય. ગયા ભાદ્ર. સુ૦ પંચમીથી ભા૦ સુ૦ ૪ના પ્રતિક્રમણ પર્યન્ત સુધીનો હિસાબ. સંવત્સરી પ્રતિક્રમણનો અવસર વર્ષમાં એક જ વાર હોય. આખા વર્ષ દરમ્યાન જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, આ પાંચે આચારમાં જે કંઇ અતિચાર આદિ ગુન્હાઓ કર્યા હોય તેમાં જે પ્રાયશ્ચિત્ત આવે તેનું પ્રાયશ્ચિત્ત સંવત્સરી પ્રતિક્રમણ પૂર્વે લેવાનું છે, માટે ચોથ એ શુદ્ધિ (सोहि) કરવાનો દિવસ છે. જે આત્મા તે દિવસે શુદ્ધિ ન કરે તે શ્રી સંઘથી દૂર કરવા યોગ્ય છે. **જૈનશાસનમાં આત્મશુદ્ધિ માટે વાર્ષિક પર્વ રૂપ આ એક જ દિવસ નિયત કરેલો છે.** સાધુનો દીક્ષાપર્યાય પણ જેટલા પર્યુષણ પર્વ જાય તેટલા વર્ષનો નિશિથભાષ્યમાં ગણવાનું કહ્યું છે.

આ પ્રમાણે બીજા દિવસના વ્યાખ્યાનમાં ૧૧ કૃત્યોનું સ્વરૂપ જણાવ્યું. તે સાંભળી–સમજી જેઓ તેનો આદર કરશે તે આત્મા આ ભવ પરભવ કલ્યાણ મંગલિક માળા પહેરી મોક્ષસુખને વિષે બિરાજમાન થશે.

★ ★ ★

## અઠ્ઠાઈ વ્યાખ્યાન તૃતીય દિવસ

પ્ર ભાદ્રપદ ૦)) ને મંગળવાર જામનગર.

ये पौषधोपवासेन तिष्ठन्ति पर्ववासरे
अंतिम इव राजर्षिर्धन्यास्ते गृहिणोपि हि ॥१॥

**પૌષધની આવશ્યકતા.**

શાસ્ત્રકાર મહારાજા શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે અષ્ટાહ્નિકા સમ્બન્ધી તૃતીય દિનનું વ્યાખ્યાન કરતાં પહેલાં બે વ્યાખ્યાનોમાં બાર વ્રતોનું સ્વરૂપ નિરૂપણ કર્યું, તેમાં પાંચ અણુવ્રતોથી દુર્ગતિનાં બારણાં બંધ કરાયાં, છતાં જે પાપો હજુ આત્માની મલીનતા કરવાવાળા બાકી રહ્યાં હતાં, તે નિવારવા તૈયાર છતાં સંસારની આસકિત ન છૂટેલી હોવાથી સર્વથા સંસારત્યાગ ન કરી શકે, તેઓ એ સૂક્ષ્મ પાપો છોડવા માટે જે પ્રયત્ન કરે તેનું નામ ગુણવ્રત સૂક્ષ્મ પાપોથી પરેજ રહેવું. મોટા અને સૂક્ષ્મ પાપોની પરેજી કરે.

ક્ષેત્રથી પરિમાણ ૫૦૦ ગાઉથી બહાર ન જવું એમ પચ્ચખ્ખાણ કરે, એટલે ૫૦૦ ગાઉ બહારનું પાપ છૂટયું, પણ અંદરનું પાપ રહ્યું. અનર્થદંડ બંધ કર્યો પણ અર્થદંડ એમને એમ રહ્યો છે, સૂક્ષ્મ પાપોની પરેજી માટે ત્રણ ગુણવ્રતો લીધા છતાં તેમાં સૂક્ષ્મ પાપો ન જ લાગે તેમ થઈ શકયું નહિ. મર્યાદિત કરેલાં પાપો ઉપભોગમાં છૂટાં રાખેલાં પાપો, અર્થદંડનાં પાપો હજુ એમ ને એમ રહે, તેનું નિવારણ પણ વચમાં વચમાં કરતાં રહેવું જોઈએ. આ માટે શિક્ષાવ્રતમાં સાવદ્ય કાર્ય કરવું, કરાવવું નહીં તેવી વ્યવસ્થા શિક્ષાવ્રતોમાં છે,

સામાન્યથી શ્રાવકમાત્રને એ ધ્યાનમાં રહેવું જોઈએ કે ઘરમાં, કોથળીમાં, ગલ્લામાં રહેલી, કે દાટેલી મિલ્કતને તેઓ તત્ત્વરૂપ ગણે છે. આકસ્મિક જરૂર પડે તેવે વખતે કામ લાગે. આનું વ્યાજ નથી ઉપજતું, વૃદ્ધિ નથી થતી, છતાં ખરી વખતે તે મિલ્કત કામ દેનારી ગણે છે. પહેલાના સમયમાં ટોપલે ઘર હતા. ત્યારે ખરી મિલ્કત એ જ હતી, ગુજરાતમાં કાઠી લોકનો હલ્લો આવે ત્યારે તેઓ ભાગી જાય, આવા વખતે એક જગ્યાથી બીજી જગ્યાએ જવું પડતું, નાશી જવું પડતું. આવા વખતે મિલ્કત કઈ? જે મિલ્કત પાસે હોય તે જ. ઘરેણું-હીરા

એ જ મિલ્કત. ટોપલે દર જેવા વખતે મિલ્કત પાસે હોય તે જ ખરેખરી સ્વાધીન મિલ્કત ગણાય. તેમ મનુષ્યજિંદગી મેળવી. તેમાં પાસે રહેવાવાળો વખત કયો ? જે પરભવમાં આપણુને જવાબ દે, સમયે સમીપમાં રહેવાવાળો વખત તેનું નામ પરભવ માટે સફળતા કરાવનારૂં જીવન.

**સામાયિક પૌષધ વિનાનો વખત એ લુટારૂની લૂંટ જેવો છે.**

તુંગીયાનગરીના શ્રાવકો આયુષ્ય માપતા. આજ પાંચ સામાયિક કર્યાં તો દસ ઘડી સફળ ગણે. જિન્દગીને અંતે ધર્મ કરેલા સમયનો સરવાળો થાય, જેટલા વરસ–મહિના–દિવસ–ઘડીનો સરવાળો થયો, તેટલું જીવ્યો ગણે, બાકીનું જીવતર એળે ગયું ગણે.

એળે જાય તે સારું. ઘરેણું જાય ને ઉપર મોત પણ થાય. જંગલના ભીલો માર્યા પછી જ લે, સીધે સીધું ન લે. તેમ સામાયિક પૌષધ વગરનો જન્મારો એળે શું નથી ગયો ? ગયો છે તો પણ બીજું નુકશાન નહિ. જેમ લુંટારૂ લૂંટે ને મારે છે, તેમ સામાયિક પૌષધ વગરનો વખત તે લુંટારૂની લૂંટ.

લુંટારૂની લૂંટ કેવી રીતે ? તે વિનાના સમયમાં કર્મ બંધાય, મનુષ્યભવ હારી જાય ને ઉલટાં પાપો બંધાય. એ તુંગીયાનગરીના શ્રાવકોના ધ્યાનમાં રહેતું હતું, તેથી સામાયિક પૌષધમાં રહેતા થકાં જે કાળ જાય તેટલું જ જીવતર સફળ ગણતા, બાકીનો નિષ્ફળ નહીં, પણ સંસારનાં કડવાં ફળો વધારનાર ગણતા. એ તો સંસાર વધારનાર છે, આ બુદ્ધિ હતી, આથી સામાયિકાદિ શિક્ષાવ્રતો કરવામાં આવતા હતા.

બારે મહિનાની છએ અટ્ઠાઈઓ આરાધવાવાળા થાય. પહેલા દિવસના વ્યાખ્યાનમાં સામાન્યથી પર્યુષણની અટ્ઠાઈનું સ્વરૂપ જણાવ્યું, હવે બીજામાં જે છએ અટ્ઠાઈ ઓ આરાધે તે વર્ષનો સરવાળો કરતાં ન ચૂકવું. વર્ષમાં મારે શું શું કરવા લાયક કામો છે, તે ધ્યાનમાં રાખી કયા કાર્યો થયાં ને કયાં ન થયાં, તેનો સરવાળો કરવો. તે માટે અગિયાર વાર્ષિક કૃત્યો બતાવ્યાં. અગિયારમાંથી કયાં થયાં ને કયાં બાકી રહ્યાં, તે તપાસી, બાકી રહ્યાં હોય તો તે કરી લેવાં. લેણાદેણાની મુદત ત્રણ વરસની હોય છે. તેમ અગિયાર કૃત્યોની મુદત એક વરસની.

**વારની ગણતરી અસલની નથી.**

જેઓ બાર વ્રત ધારણ કરનારા અટ્ઠાઈપર્વ આરાધનારા છે

તેવાઓએ એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ. ક્રીશ્ચિયન–મુસલમાન હિન્દુની રીતિ જાણો છો? અને તમારી રીતિ જાણો છો? ક્રીશ્ચિયનો રવિવારે ધંધા બંધ કરે છે. પરમેશ્વરે જગત કરતાં કરતાં રવિવારે વિસામો લીધો હતો, તે બ્હાને તેઓ રવિવારની રજા રાખે છે. મુસલમાનો શુક્રવારે, હિન્દુઓ સોમવારે રજા રાખે છે. બાર મહિને તેઓને પર, ૫૪ દહાડા રજાના આવે છે. તમારે રજાના કેટલા દહાડા છે? તમો કેટલા દહાડા રજા રાખો છો? તમે કયા વર્ણમાં? તમે શામાં? વર્ણમાં જ નહિ. એ લોકોને વાર પર તત્ત્વ છે. જે લોકો ઇતિહાસ અને જ્યોતિષ જાણનારા છે, તેઓ કબુલ કરશે કે વારની ગણતરી અસલથી નથી. મહિના–તિથિ–વર્ષ આ જૂના શીલાલેખમાં છે. વારની કલ્પના પાછળની છે. તેની રજાઓ પાછળથી છે. તિથિની રજાવાળાઓની રજા દેખી પોતાને વારની રજા રાખવી પડી છે. આઠમ, ચૌદશ એટલે દરેક પખવાડિયાની આઠમ, ચૌદશ. તે પ્રમાણે મહિનાની બે આઠમ, બે ચૌદશ તે તમારી તિથિઓ મુકરર હતી.

## ચતુષ્પર્વીમાં જરૂર પૌષધ કરવો.

'चतुष्पर्व्या'' ચારપર્વીમાં ઉપવાસ વગેરે સંસારથી તરવા માટે કરવાના છે. સાંસારિક વ્યાપાર બધા રોકી દેવા જોઈએ, તિથિની કલ્પનાથી કલ્પના કરી. આઠમ, ચૌદશથી એ નિર્વ્યાપારની સ્થિતિ માટે નિયમિત થયેલી છે. તિથિઓ નિયમિત નથી. તે માટે જણાવે છે કે જેઓ બારવ્રત આરાધે. અટ્ઠાઈ આરાધે, અગિયાર કૃત્યો કરે, તેણે પર્વ દિવસે પૌષધ ન છોડવો. જૈનોથી આઠમ, ચૌદશ પૌષધ ન છોડાય.

કેટલાક 'ફુરસદ નથી' એમ કહે છે, અર્થાત્ હૈયે હોય તે હોઠે આવે, 'ફુરસદ નથી' એ શબ્દ હોઠે આવ્યો. જે હૈયામાં હતું, તે હોઠે આવ્યું. મનુષ્ય ઊંડો વિચાર ન કરે કે અંગોપાંગ શૂન્ય છે, અર્થાત્ ઠંડાં પડયાં છે. શરીરમાં તાવ નથી, ફક્ત શ્વાસ નથી ચાલતો, હાથીને અંગે કહ્યું. ફક્ત શ્વાસ નથી ચાલતો એવું કહ્યું તેની કિંમત નહિ, ફક્ત શબ્દ લગાડવાથી શ્વાસની કિંમત ઘટી જતી નથી, બોલવાથી વસ્તુની કિંમત ઘટી નથી પણ હૈયે હતું તે હોઠે આવ્યું. સગામાં નજીકનું સગું હોય તે વધારે બિમાર

હોય તો ત્યાં જોવા જવાની વખતે 'ફુરસદ નથી' એમ કહો છો ખરા? તે વખતે તમારા કાળજામાં ફુરસદ નથી, એમ કેમ નથી આવતું? ફુરસદ નથી એમ બોલીએ તો મૂર્ખા ગણાવું પડે, ત્યાં જ્યારે જરૂરી કામ છે ત્યારે વગર જરૂરી આ ધર્મનું કામને? આ ફુરસદીયાનું કામને? દુનિયાદારીની ચીજ જરૂરી લાગે છે, અને ધર્મનું કાર્ય તે ફુરસદ મળે તો કરીએ.

ઘેર રકમ લેવા આવ્યો હોય તે વખતે ગલ્લામાં નથી એમ બોલાય કે? લેણદાર આવે ત્યારે એમ ન બોલો. કોઈ પણ લેણદારને દેણદાર એમ જવાબ ન દઇ શકે કે ગલ્લામાં નથી; ગલ્લામાં ન હોય તો બહારથી લાવી સગવડ કરવી જ જોઈએ; 'નથી' તેવો જવાબ ન દેવાય તોપછી ધર્મનાં કાર્યોમાં 'ફુરસદ નથી' એ શબ્દ કેમ બોલાય છે? ફૂટકલીયો બાવો માગવા આવે તો ગજવામાં નથી બોલાય, પણ લેણદાર માગવા આવે ત્યારે ગલ્લામાં કે ગુંજામાં નથી એમ ન બોલાય. અહીં શા રૂપે કહો છો? તમે ધર્મની કેટલી કિંમત કરી છે? ફુરસદ-ખાતા જેટલી કિંમત ધર્મની ગણી છે, ભાગ્યશાળીઓ! ધર્મ લટક સલામીય ચીજ નથી, બહુમાનની ચીજ ધર્મ છે. 'સલામ કરી તો યે ઠીક, ન કરી તો યે ઠીક.' તેવું ન થાય માટે અહીં કહેવું પડે છેઃ ફુરસદનો સવાલ ધર્મિષ્ઠના મોંઢે ન હોય! નિયમિત આઠમ ચૌદશના દિવસો પૌષધથી આરાધવા જોઇએ. જંજાળ વગરના કરી શકે, પણ જંજાળવાળા શી રીતે કરી શકે? પૌષધ અને ઉપવાસ કરી, પર્વ દિવસે રહેનારા જે હોય તે સામાન્ય નહિ.

## પૌષધ કરનાર ભાગ્યશાળીઓ છે.

ઉદાયન રાજર્ષિએ કેવા વખતે પૌષધ કર્યો છે તે વિચારો! શત્રુના ઘરમાં–જંગલમાં વસવું પડેલું છે. તેવા વખતે પણ પર્વનો પૌષધ ન છોડયો. સિંધસૌવીર દેશના ઉદાયન રાજા માળવામાં સપડાઈને રહ્યા છે, તે વખતે પણ પૌષધ છોડયો નથી. તેઓને ધન્ય છે. એ ગૃહસ્થ છે, માયા મમતામાં ફસાએલા છે છતાં પૌષધ કર્યો છે.

ઉંટના અઢારે વાંકાં, છતાં ઉંટ મુસાફરીમાં કામ લાગે છે, રણમાં ઉંટ કિંમતી છે. અઢારે અંગ વાંકાં છે, છતાં એક ગુણ જબરજસ્ત છે,

કે જેથી એ કિંમતી ગણાય છે; તેમ સંસારી આરંભાદિકમાં ખૂંચી ગયેલા છતાં તે ગૃહસ્થો ભાગ્યશાળી છે કે જે પર્વ દિવસે, ઉદાયન રાજાની માફક જંગલમાં પણ પૌષધ કરે છે. તેઓ ગૃહસ્થ છતાં ભાગ્યશાળીઓ છે, તે કોણ? અને કઈરીતિએ ધર્મ પામ્યા; કઈ રીતે પૌષધનો વખત આવ્યો તે જણાવે છે. શ્લોકમાં સૂચવેલો સમય 'अंतिम इव राजर्षिर्धन्यास्ते गृहिणोऽपि' કહી જણાવે છે. સિંધુ સૌવીર દેશમાં વીતભયાદિક ૩૬૩ નગરના માલિક ઉદાયન રાજા છે, તેને કેશી નામનો ભાણેજ છે. અહીં તે વાત ચાલુમાં બાજુ રાખી સંબંધ આગળ કહીશું.

**જીવત સ્વામિની પ્રતિમાનો પ્રબંધ**

જીવતસ્વામિની પ્રતિમાની પૂજા કરનારી પ્રભાવતી રાણી કેવી રીતે થઈ, તે માટે જીવત સ્વામીનો અધિકાર લે છે.

**કામાન્ધ સોનાર.**

ચંપાનગરીમાં જન્મથી લંપટી એવો કુમારનંદી નામનો સોની રહે છે. તે જે જે સારા રૂપવાળી કન્યાને જુએ છે, તેના પિતાને ૫૦૦ સુવર્ણમહોરો આપી તેને પરણે છે. આમ કરતાં ૫૦૦ સ્ત્રીઓ એકઠી કરી છે. આ બધી સ્ત્રીઓને એક થંભીયા મહેલમાં રાખી છે. આ સોનીને નાગિલ નામનો શ્રાવક દોસ્ત છે.

કોઈક વખતે પંચશૈલનો માલિક વિદ્યુન્માલીદેવ દેવીઓ સાથે નંદીશ્વરે જાત્રા કરવા જાય છે, દેવ જે વિદ્યુન્માલી હતો તે માર્ગમાં ચવી ગયો. તે પછી હાસા–પ્રહાસા નામની બે દેવીઓ આ સોનીને કામાન્ધ સમજી ત્યાં આવી. તે બેને દેખીને "कामांध नैव पश्यति" તે દેવીને આલિંગન કરવાની બુદ્ધિવાળો સોની કહેવા લાગ્યો કે 'તમે કોણ છો? અહીં કેમ આવી છો?' તે કહેવા લાગી કે 'તમારે માટે!' સોની લંપટ હતો, દેવાંગના પોતા માટે આવેલી છે, તેમ જાણ્યું ત્યારે સોનીએ તેની પાસે પ્રાર્થના કરી, તે વખતે 'હાસા–પ્રહાસા' કહે છે કે 'તું પંચશૈલ દ્વિપ આવજે, ત્યાં આપણો સમાગમ થશે.' તેમ કહી તે દેવીઓ તો ઉડી ગઈ.

હવે સોનીને તો ભરે ભાણે ભૂખ્યા જ રહેવાનું થયું. લંપટીને વાત કરીને તે તો ચાલી ગઈ. તેથી વિહ્વલ દશા થઈ, કેવી રીતે પંચશૈલે જવું? સોનીએ રાજાને સોનૈયા ભેટ આપી પડહો વગડાવ્યો,

કે જે કોઈ મને પંચશૈલદ્વિપે લઈ જશે તેને એક ક્રોડ સોનૈયા આપીશ !' એટલા માટે 'પુત્ર સારો હોય તો ધન સંચે, કુપુત્ર હોય તો તે ધન ખર્ચે; પાછળથી પુત્ર સાફ કરનારો હોય તો લાખો સોનૈયા મૂકી જાવ, તો પણ બધા ધનને ગૂમાવવાનો છે.'

**પંચશૈલ દ્વિપ પહોંચવાનો પ્રયત્ન.**

એક બુડ્ઢો ખલાસી હતો. તેણે દરિયાઈ મુસાફરી ઘણી કરી હતી. તેણે ક્રોડ સોનૈયા પ્રથમ લેવાનું કબુલ કરી પડહો ઝીલ્યો અને વહાણ તૈયાર કરી હંકાર્યું. ઘણે લાંબે આવી સોનીને કહે છે કે 'કુમારનંદી ! દૂર પેલું શું દેખાય છે? માલુમ પડે છે?' ત્યારે સોની કહે છે: 'હા, એક ઝાડ દેખાય છે!'

જુઓ ત્યારે, એ ઝાડ છે, તે દરિયાના કાંઠે એક વડ છે. વડનું ઝાડ પંચશૈલ દ્વિપના બેટના મૂળમાં છે. તે વૃક્ષ નીચે જ્યારે વહાણ આવે, ત્યારે વહાણ છોડી વૃક્ષની ડાળ પકડી લેજે.' 'હાસા-પ્રહાસા મળી નહિ ને ઘરની સ્ત્રી ગૂમાવી.' જો ડાળીએ વળગીશ, તો રાત્રે ભારંડ પંખી આવશે તે તને પંચશૈલ દ્વિપ લઈ જશે; "બોલી પ્રમાણે પંચશૈલ દ્વિપે હું તને મૂકું છું, કામાંધોની દશા શી? અધવચમાં મૂકે છે; જો સાંભળ ! ભારંડ પક્ષી સૂઈ જાય ત્યારે તારૂં શરીર તેને શરીરે બાંધજે. સજ્જડ મુઠ્ઠીથી તેનો પગ પકડજે. સવારે તે ભારંડ પંખી ઉડશે, તે વખતે ત્યાં તને લઈ જશે.' 'ઘરનો નહીં ને ઘાટનો નહીં' આ દશા થઈ. 'જો વડલે નહિ વળગે તો આ વહાણ મોટા આવર્તના વમળમાં પડી ભાંગી જશે ને તું મરી જઈશ.'

સોની ભાઈ સપડાયા. હવે પંચશૈલ હોય કે સાતશૈલ હોય, પણ કુમારનંદીને તો એમ ફરજિયાત કરવું પડયું, વહાણવટીઆએ કહ્યા પ્રમાણે કરતાં ભારંડ પંખીઓ તેને ત્યાં લઈ પણ ગયા. હાસા-પ્રહાસાને દેખી કુમારનંદીએ ભોગ માટે તેમની પાસે માગણી કરી.

**નિયાણાનું ફળ.**

બન્ને દેવીએ સાફ કહ્યું, 'મર્યા વગર માળવો ન મળે' આ શરીરે અમારી સાથે સમાગમ ન થાય. ચોખ્ખું પરખાવ્યું; રોકડું પરખાવી દીધું. ચિતા સળગાવીને તેમાં પ્રવેશ કર ! તેમાં પહેલેથી વિચાર કર કે

'હાસા-પ્રહાસાનો હું ભર્તાર થઊં, તો પંચશૈલનો માલિક થઈશ;' હવે સોનીએ શું કરવું? 'ઘરના ગયા વનમાં, તો વનમાં ઊઠી આગ' બન્નેથી રવડયો, પણ હાસા-પ્રહાસાને ભર્તારપણે ઉપજાવવો હતો, તેથી તેના મૂળ ચંપાગામમાં મૂકી દીધો; 'સ્વપ્નું આવ્યું જાય પણ સ્વપ્નાની સુરકી ન જાય' એમ હાસા-પ્રહાસાએ અહીં મૂકી દીધો. પણ હાસા-પ્રહાસાનો ચટકો ન ગયો; નિયાણું કરી બળી મરવા તૈયાર થયો. કામાંધોની દશા આ.

તે વખતે નાગિલ શ્રાવક મિત્રે જાણ્યું. મિત્ર હોય તે કુટુંબ કામ ન આવે તે વખતે કામ આવે. દોસ્તે આ વાત જાણી. કુટુંબીઓએ અંતે કંટાળી 'પડ ખાડમાં' કહી છોડી દીધો. પણ એનો દોસ્ત શ્રાવક છે તેને ભાવ દયા આવી. 'મરે તોપણ મરણને સુધારવું.' આ મૂર્ખતાનું મરણ લે છે, તે લાયક નથી એમ મને લાગે છે, મને બીજા પૂછશે ત્યારે મારે શું કહેવું? 'બાયડી માટે મિત્ર મર્યો' તે મારાથી શી રીતે સહેવાય? બીજાઓ મને ઠપકો આપશે. ઘણું નિવારણ કર્યું. છતાં 'અંધને સૂર્યોદય નકામો,' કામાંધને મિત્રનો ઉપદેશ કાર્ય કરનારો ન થયો; નિયાણું કરી અગ્નિપાત કરી કુમારનંદી સોનાર પંચશૈલનો માલિક થયો. એ તો બળી ગયો, પણ મિત્રને વૈરાગ્યનું સાધન થયું.

બીજાને ઘેર ચોરી થાય તો આપણે સાવચેત થઈએ છીએ. કુમારનંદીને ત્યાં ધાડ પડી ને સાવચેત નાગિલ શ્રાવક થયો. અહો. આ કામની આ દશા! તેના પંજામાં રહેવું કામનું નથી, વૈરાગી થઈ દીક્ષા લીધી, નાગિલ શ્રાવક બારમે દેવલોકે દેવતા થયો. 'કુમારનંદીની દુર્ગતિ અને નાગિલની સુગતિ થઈ.' કોઈ વખત નંદીશ્વરદ્વીપે દેવતાઓ જાય છે, તે વખતે હાસા-પ્રહાસા વ્યંતર દેવીઓ દેવતાના હુકમથી આગળ આવી પોતાના ભર્તાર વિદ્યુન્માલીને પડહો વગાડવાનું કહે છે. 'એકાદશી સારી લાગે છે, શીવરાત્રી ખરાબ લાગે;' દેવતાપણું મળી ગયું, એટલે ન્યાલ થયો, પણ ઉપરી દેવતાનો તો ગુલામ જ. પડહો વગાડવાની વાત આવી, તે ન પાલવે, હું ઢોલી થઊં? અહંકારથી તે વગાડતો નથી, પણ દુષ્કર્મને લીધે ગળે ઢોલ લાગી ગયો. લોકો એને 'હાસાપ્રહાસાના માદળીયા' કહે છે તે વખતે હાસાપ્રહાસાએ કહ્યું: 'હે સ્વામી! આપણા કુળને લાયક

કાર્ય કરો. તેમાં શરમાવાનું નહિ વિદ્યુન્માલી દેવતા હાસાપ્રહાસા સાથે ગાય છે, ને પોતે પડહો વગાડે છે દેવતાઓની આગળ ચાલે છે.

## દેવલોકમાં બંને મિત્રનો મેળાપ.

આ વખતે નાગિલ જે તેનો મિત્ર હતો તે બારમે દેવલોકે ઉપજેલો હતો, તે આ યાત્રામાં આવેલો છે, તેણે અવધિજ્ઞાનથી 'આ કોણ છે' તે વિચર્યું, ધમાલ થવાથી વિચાર કર્યો, અહો, આ તો પહેલા ભવનો મારો દોસ્ત સોની ! ત્યાં આગળ આવી વિદ્યુન્માલીને કહ્યું : 'તું મને ઓળખે છે ?'

હે તેજસ્વી ! તમને કોણ ન જાણે ? વીજળી આવે ત્યારે આંખ મીંચાઇ જાય તેમ બારમા દેવલોકના દેવતાનું તેજ સહન ન થવાથી 'તને હું નથી ઓળખતો' તેમ કહ્યું. નાગિલે દેવતાનું રૂપ સંહરી શ્રાવકપણાનું રૂપ કર્યું. 'હે વ્યંતર ! તું સ્પષ્ટ અવધિજ્ઞાનથી જો ! પહેલા ભવે તું અહીં મારો મિત્ર હતો, નહીંતર તારી હાસા-પ્રહાસાને પૂછ ! મરીને અહીં ઉપજ્યો, પેલી બે કબૂલ કરે છે. ભાઈસાહેબ કયાં જાય ? તેને જ્યારે જાતિસ્મરણજ્ઞાનથી ખ્યાલ આવ્યો, ત્યારે પૂર્વભવનું સ્વરૂપ બતાવ્યું, જો તેં ધરમ કર્યો તેનો પ્રતાપ આ. તું બળી મર્યો તેનો પ્રતાપ આ. એ સાંભળી તે વ્યંતરદેવને પશ્ચાત્તાપ થયો. શેર વેચી નાખ્યા પછી ભાવ વધે તો કેમ થાય ?' તેમ વિદ્યુન્માલીને એવો વખત આવ્યો. એક ભવમાં આણે આટલું મેળવ્યું ને હું નોકરદેવ થયો, મનુષ્યભવ હારી ગયો !

બારમા દેવલોકના દેવતાએ કહ્યું : 'હજુ ગયું નથી, મિત્ર ! ગૃહસ્થપણામાં રહેલા વીરવિભૂની મૂર્તિ કરાવી પૂજન કર. કાઉસગ્ગ ધ્યાને શ્રી મહાવીર ચિત્રશાળામાં રહેલા છે, તેની મૂર્તિ ભરાવ ! આવતા ભવે તને તેનાથી સમ્યક્ત્વ થશે.'

જિનેશ્વરની મૂર્તિ સમ્યક્ત્વનું કારણ, વધારે હશે તો જ રાજ્યસંક્રાંતિનાં વખતે થોડી રહશે. લાખો કરોડો પ્રતિમા સંપ્રતિરાજાએ ભરાવી હતી, તેમાં અત્યારે નામની પ્રતિમાઓ દેખાય છે. એક રાજા સવા ક્રોડ ભરાવે તેમાં ખડકલા ન લાગ્યા. તેઓ પોતાને

ન કરવું અને બીજાની નિંદા કરે છે. આવો કામાંધ સોની દેવતા, બાયડી માટે બળી જવાવાળો તેવાએ જિનેશ્વરની મૂર્તિ કરાવી, તે સમ્યક્ત્વ આપનાર થાય છે. તે કબુલ કરી વિદ્યુન્માલી દેવ ક્ષત્રિયકુંડમાં આવી, વીર પરમાત્માને દેખી હિમવાન પર્વત પર જઈ બાવનાચંદન લાવીને વીર ભગવાનની ઘરેણાંગાંઠાવાળી મૂર્તિ કોતરી અને મૂર્તિ માટે સુખડની એક પેટી કરી, કપિલ કેવળી પાસે પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી ઉજ્જયની નગરીમાં નવા બિંબની પ્રતિષ્ઠા પણ કપિલ કેવળીએ કરી છે.

મારવાડ–મેવાડને અનાર્ય કહેનારાઓ વિચારે ! શાસ્ત્રકાર કહે છે કે કેવળી શુદ્ધાં ત્યાં વિચરતા હતા, પેલા દેવે મૂર્તિને પેટીમાં પધરાવી. એક વહાણવટીનું જેને ઘુમતા ઘુમતા દરિયામાં છ મહિના ગયા પણ ઠેકાણું પડતું નથી. દેવતાએ તેને દેખ્યો, લે આ પેટી, તું પેટીના પ્રતાપે સહિસલામત પહોંચી જશે. વીતભય નગર જઈને તુ આમ ઉદ્‌ઘોષણા કરજે, જાનમાલ બન્નેનો બચાવ કરી તેના પર ઉપકાર કર્યો. દેવ કહે છે કે વીતભય નગરમાં જઈ આમ ઉદ્‌ઘોષણા કરવી કે 'આ પરમાત્માની મૂર્તિ છે જેને લેવી હોય તે લ્યો.' એ પ્રતિમાના પ્રભાવથી વીતભયે પહોંચ્યો, પ્રતિમા લઈ ગયો, ઉદ્‌ઘોષણા કરી. બ્રાહ્મણ–તાપસો–રાજા વગેરે ઘણા લોકો આવ્યા, પોતપોતાના ઈષ્ટદેવને યાદ કરી પેટી ઉઘાડે છે, પણ પેટી ઉઘડતી નથી. મધ્યાહ્ન સમયે રાણીએ રાજાને બોલાવવા દાસી મોકલી, ભોજન કરવા પધારો કહેવડાવ્યું, રાજાએ કહ્યું કે તને ખાવાપીવાનું સૂઝે છે, આનો નિકાલ ન થાય તો ખસવું વ્યાજબી નથી. પ્રભાવતી ત્યાં આવી, પરિસ્થિતિ જાણી વિચાર્યું–પરમાત્મા શબ્દ બીજાને લાગુ પડતો નથી. આવીને તે કહે છે કે દેવાધિદેવ કેવળ અરિહંત મહારાજ છે. બ્રહ્માદિ દેવાધિદેવ ન બની શકે. ચંદનાદિકના છાંટણાં દઈને તે બોલે છે.

**प्रतिहार्याष्टकोपेतः, प्रास्तरागादिदूषण : ।**
**देयान्मे दर्शनं दैवाधिदेवोऽर्हंस्त्रिकालवित् ॥ १ ॥**

દેવાધિદેવ તરીકે સંબોધી જનાનાની બાઈઓ પણ આટલું ઘરમમાં સમજે છે. તમારી બાઈઓ શીતલા સાતમ વગેરે મિથ્યાત્વી પર્વો કરે. મિથ્યાત્વનો ડર ન હોય ત્યાં ધર્મનો સંસ્કાર કેવી રીતે થાય ?

'આઠ પ્રતિહાર્ય સહિત, રાગાદિદોષો નાશ કરનારા, ત્રણ કાળનું જ્ઞાન ધરાવનાર, હે પરમાત્મા ! મને દર્શન આપો.' આમ જ્યાં બોલી કે તૂરત પેટીમાંથી પોતાની મેળે મૂર્તિ બહાર આવી.

વીરપ્રભુની મૂર્તિનું ત્રણે કાળ પ્રભાવતીદેવી પૂજન કરે છે, કેટલીક બાઈઓ પૂજા કરતાં શરમાય છે, શરમાવું ન જોઇએ ! રાજાની રાણી ત્રિકાલ પૂજા કરે છે તે વિચારો, કોઈ વખત દ્રવ્ય–પૂજા કર્યા પછી ખુશ થએલી, રાણી પ્રભુ આગળ નાટક કરે છે, અને રાજા વીણા વગાડે છે. રાજાના દેખવામાં ડોક વગરની પ્રભાવતી દેખાઈ. તે દેખી ક્ષોભિત થએલા રાજાના હાથમાંથી વીણા પડી ગઈ. આ દેખી ક્ષોભ પામેલી રાણીએ કહ્યું : 'હે સ્વામી ! વીણા કેમ પડી ?' સ્ત્રી કદાગ્રહથી સાચી વાત કહી. રાણીએ વિચાર્યું : 'આ અનિષ્ટ દેખાવાથી મારૂં આયુષ્ય ઓછું જણાય છે; એક દિવસ સ્નાન કરી, દેવપૂજાને લાયક વસ્ત્ર દાસીદ્વારા મંગાવે છે, વસ્ત્રો સફેદ મંગાવ્યાં છે, પણ ભવિષ્યમાં વિઘ્ન થવાનું છે તેથી વસ્ત્ર લાલ દેખાયાં. અયોગ્ય વસ્ત્રો દેખી કોપથી અરિસો દાસી પર ફેંકયો, પછી સફેદ વસ્ત્ર દેખ્યાં.

**પાપનો નાશ કરનાર દીક્ષા.**

રાણી અફસોસ કરે છે, ધિક્કાર હો મને ! વ્રત તૂટી ગયું. આ મારા પાપનો ક્ષય કેમ થાય ? પાપનો નાશ તે જ પ્રવજ્યા. વસ્ત્રો અવળા રંગે દેખાવાથી મારૂં આયુષ્ય થોડું છે. ઉદાયન રાજાને પૂછી પ્રભાવતી રાણી સાધુપણું લેવા તૈયાર થઇ છે. રાજા કહે છેઃ 'દેવત્વ પામે તો તારે મને પ્રતિબોધ કરવો.' સમજેલાને ધર્મની લાગણી છે. રાણીનો જીવ ચારિત્ર પાળી સૌધર્મ દેવલોકે દેવ થયો,

વીર પ્રભુની પૂજા કુબ્જડીદાસી કરે છે, પ્રભાવતી દેવલોકે ઉપજી પણ વચનથી બંધાયેલ દેવતા વચન પાળવામાં વચનના બંધનવાળા રહી શકે છે, પ્રભાવતીદેવને પોતાનું પ્રતિબોધ કરવાનું વચન યાદ આવ્યું. પ્રતિબોધ કેમ કરવો ? કારણ કે રાજા તાપસ ભક્ત બની ગયો છે. આથી તાપસનું રૂપ કર્યું. જ્યાં રાજા ફળના સ્વાદથી મોહ પામ્યો. અરે, આવાં સ્વાદિષ્ટ ફળ ! રાજા મુનિને પુછે કે 'આ ફળ કયાં નિપજે છે તે બતાવો.' મુનિએ કહ્યું : મારા આશ્રમના બાગમાં આવો ! ત્યાં ઘણાં ફળ છે.' તેથી વેગથી તાપસ સાથે રાજા ગયો; ૩૬૩ નગરનો

માલિક, એક ફળ માટે તાપસ સાથે ગયો. તે દેવતાએ દેવમાયાથી આગળ જઈ આખો બગીચો તેવાં ફળવાળો બનાવ્યો–વિકુર્વ્યો. રાજાએ બગીચો દેખ્યો, હું તો આ તાપસોનો ભક્ત છું, આ પ્રજા ગણાય પણ તેનો બગીચો પોતાની માલિકીનો નહિ, કિન્તુ હું તેમનો ભગત છું. માટે જેટલાં ફળ ખાવાં હશે તેટલાં ખવાશે, તેઓ મારી ઈચ્છા પૂરી કરશે,' તેમ વિચારી વાંદરા માફક તે ફળ ખાવા દોડયો.

એટલામાં દેવમાયાથી વિકુર્વિત બીજા તાપસો લાકડી લઈ નિકળ્યા રાજાને પડકાર્યો. ત્યાંથી જીવ લઇ ચોરની માફક ભાગી જવું પડયું, નાશીને જતાં માર્ગમાં સાધુ દેખ્યા; સાધુએ આશ્વાસન આપ્યું. હવે રાજા વિચારે છે: 'અરે ! ક્રોધી તાપસોએ મને ઠગ્યો. પ્રભાવતી રાણીનો જીવ તે દેવ આ વખતે હાજર થાય છે; 'તપેલા લોઢાનો ઘાટ ઘડી શકાય.' રાજા તાપસ ઉપર ધમધમ્યો છે, પ્રભાવતીદેવ પ્રત્યક્ષ થયો, પ્રભાવતીદેવે પ્રતિબોધ કરવા આમ કર્યું છે, એમ કહી પ્રબોધ્યો અને પ્રભાવતી દેવ સ્વર્ગમાં ગયો. રાજા પણ જૈનધર્મમાં દ્રઢ થયો અને રાજા પોતાને સભામાં બેઠેલો દેખે છે.

## કુબ્જિકા સુવર્ણગુલિકા

ગાંધાર નામનો શ્રાવક શાશ્વતી પ્રતિમાના દર્શન કરવા વૈતાઢય પર્વતમાં તપસ્યા કરી રહ્યો છે. પ્રસન્ન થએલી દેવીએ તેને ૧૦૮ દિવ્ય ગુટિકાઓ આપી. એક ગુટિકા મોંમાં નાખી શ્રાવક ચિંતવે છે કે 'હું વીતભયમાં દર્શન કરવા જઉં,' ચિંતવવા માત્રમાં મૂર્તિ પાસે દેવીએ લાવી મૂકયો. જિવતસ્વામીની મૂર્તિનું પૂજન કરી ત્યાં રહ્યો. બુદ્ધિશાળી પોતાનું મરણ નજીક જાણી સાધર્મિક દેવદત્તા જે કુબડીદાસી છે, તેને ગુલિકાઓ આપીને ગંધાર શ્રાવકે દીક્ષા લીધી.

રૂપની ઇચ્છાવાળી કુબડીદાસીએ તો એક ગુટિકા મુખમાં નાખી, રૂપ ચિંતવ્યું ને દેવતાઈ કાન્તિવાળી થઈ. રાજાએ તેણીનું 'સુવર્ણગુલિકા' નામ રાખ્યું,

પ્રશ્નવ્યાકરણ વિષે મૂળમાં આ દષ્ટાંત છે. સૂત્રને ન માનનારાને સુવર્ણગુલિકા માને તો ગાંધારશ્રાવક–ગુટિકા–પ્રતિમા, બધું માનવું પડે તેથી કેટલાક છપાવવાવાળાએ 'ગાંધાર જોગીએ ૧૦૦ ગુટિકા આપી' આવું ખોટું લખ્યું છે. ભગવાનની ભક્તિને અંગે આપેલી શ્રાવકની

જગ્યાએ જોગી તેઓએ ગોઠવી દીધો. ફરી એક બીજી ગુટિકા મુખમાં મૂકી દાસી વિચારે છે; કે 'યોગ્ય વર ન મળે તો રૂપ શા કામનું? આ રાજા તો મારા પિતા જેવા છે, માટે ચંડપ્રદ્યોતન રાજા મારો પતિ હો.' 'માલવપતિ મારો ભર્તાર થાવ!'

## મૂર્તિ અને દાસીની ચોરી.

આથી દેવીએ જઈ ચંડપ્રદ્યોતનને સ્વપ્નું આપ્યું અને સ્વપ્નમાં આ દાસીના રૂપનું વર્ણન કર્યું. રાજાએ દાસીની માગણી કરવા દૂતને મોકલ્યો, દૂત ત્યાં જઇ જ્યારે માગણી કરે છે ત્યારે રાજકુળમાં કેળવાએલી અને ચકોર દાસી હોવાથી સુવર્ણગુલિકા દૂતને કહે છે: 'રાજાને એક વખત દેખું પછી બધું ઠીક થશે.' સુવર્ણગુલિકાએ કહ્યું: શત્રુનામુલકમાં ઉજ્જયનીથી અહીં આવવું. એટલી તાકાત હોય તો મારો ધણી થાય, તેમાં વળી મરજી થશે તો કાર્ય થશે.' કોઈ જાતની સ્પષ્ટ કબૂલાત આમાં કરતી નથી, પેલા દૂતે જઈ કહ્યું કે આમ કહે છે. સમૃદ્ધિવાળો તેમ કામાંધ વધારે. રાતોરાત અનિલવેગ હાથી જે પવનવેગ હાથી હતો તે ઉપર બેસી ત્યાં આવ્યો. બન્ને જણ જંગલમાં મળ્યાં. ચંડપ્રદ્યોતને કહ્યું કે 'હે પ્રિયે! ચાલ મારી નગરીએ!' દાસી કહે છે કે '*હું આ જિનમૂર્તિ વગર નહિ જવું*, માટે જો આના જેવી બીજી મૂર્તિ કરાવી અહીં પધરાવો.' તો તે મૂર્તિને અહીં મૂકી, આ વીરપ્રભુની મૂર્તિને સાથે લઇને આપણે જઈએ.' ચંડપ્રદ્યોતન રાજા કબૂલાત કરીને ગયો. અવંતિમાં જઈ જાત્યચંદનની જિનેશ્વર વીર ભગવાનની મૂર્તિ બનાવડાવી, ૫૦૦ મુનિથી પરિવરેલ કપિલકેવલી મુનિ પાસે વાસનિક્ષેપ કરવાપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. તે પછી વિધિપૂર્વક તે મૂર્તિ લઈને અનિલવેગ હાથી પર બેસી વીતભયે આવી તે દાસીને આપી. તે દાસીએ પણ મૂળ મૂર્તિ લઈ ને પેલી નવી મૂર્તિ ત્યાં મૂકી, ચંડપ્રદ્યોતન સાથે અવન્તિનગરીએ સુખે આવી.

## ચંડપ્રદ્યોતનને પ્રચંડ શિક્ષા

અહીં ઉદાયન રાજા સવારે સ્નાન કરી જિનમન્દિરમાં આવ્યો. જિનેશ્વરને નમસ્કાર કરી મૂર્તિ દેખી અને ફૂલની માળા કરમાયેલી જોઈ. કરમાયેલી માળા જોતાં જ 'આ મૂર્તિ બીજી જણાય છે. માળા

કરમાયેલી છે. તેમ થાંભલે લાગેલી-પુતળી-જેવી અહીં રહેવાવાળી દેવદત્તા દાસી જે સુવર્ણગુલિકા છે તે પણ દેખાતી નથી. ગ્રીષ્મઋતુમાં મારવાડનું પાણી સુકાય તેની માફક હાથીઓનો મદ ઝરી ગયો છે. માટે અનિલવેગ હાથી લઈને ચંડપ્રદ્યોતન રાજા અહીં આવ્યો હોવો જોઇએ. તે મૂર્તિ અને દાસી લઇને ચાલ્યો ગયો હોવો જોઈએ. અરે! રાજા ચોર બને અને તે મારા ઠેઠ જનાના સુધી પહોંચે!' દશ મુગટબદ્ધ રાજાઓ સાથે લશ્કર લઈ અવંતી પર ચઢી આવ્યો. બન્ને વચ્ચે અંદરોઅંદર યુદ્ધ થયું. ઉદાયન રાજાએ બાણોથી હાથી પરથી ચંડપ્રદ્યોતન રાજાને નીચે પાડયો, બાંધ્યો ને કપાળે 'મારો દાસીપતિ'–ગુલામડીનો ધણી, એટલે મારો ગુલામ, આવી અક્ષરની શ્રેણિ તપેલી લોઢાની સળીથી કપાળમાં છાપીને કેદમાં નાખ્યો.

ચંડપ્રદ્યોતનના દેરાસરમાં જઈ જિનેશ્વરને નમી સ્તુતિ કરી મૂર્તિને ઉપાડવા લાગ્યો. પણ મૂર્તિ ચલાયમાન થઈ નહિ. 'હે નાથ! મેં શો ગૂનો કર્યો? આપ મારી સાથે પધારતા કેમ નથી?' 'હે રાજા! તારું નગર ધૂળથી દટાઇ જવાનું છે, માટે ત્યાં નહીં આવું! અફસોસ ન કરીશ.'

અવંતીદેશથી ઉદાયન રાજા પાછો ફર્યો, વચમાં ચોમાસું બેઠું. આથી જંગલમાં જ્યાં ચોમાસું બેઠું, ત્યાં જ પડાવ કર્યો, ત્યાં જ નગર વસાવ્યું. દશ રાજા સાથે હોવાથી દશપુર નામ પાડયું. અત્યારે તે દશપુરને મંદસોર કહેવાય છે.

### શત્રુને ક્ષમાપના

પર્યુષણમાં ઉદાયન રાજાએ પૌષધ કર્યો છે. પર્વ દિવસે જરૂર પૌષધ કરવો તે ઉપર આ દૃષ્ટાંત છે. હવે રસોયાએ ચંડપ્રદ્યોતન રાજાને પૂછયું કે 'હે રાજન્! આજે શું જમશો?' ચંડપ્રદ્યોતનને વિચાર આવ્યો કે,' 'અરે, આટલા દહાડામાં કોઈ દિવસ ન પૂછયું ને આજે પૂછે છે તો પૂછવાનું કારણ શું? ' વિચારીને રસોયાને પૂછે છે કે, 'આજે પૂછવાનું કારણ શું છે?' ત્યારે રસોયો કહે કે, 'આજે પર્યુષણ પર્વ છે, ઓચ્છવ છે. મારા માલિકને આજે ઉપવાસ છે, તેથી તમારા એકલા માટે રસોઈ કરવાની છે!' 'પર્વ સંભાર્યું તે ઠીક કર્યું. મારે પણ આજ ઉપવાસ હો!' રસોયાએ ઉદાયન રાજાને આ કહ્યું, ત્યારે ઉદાયન

રાજા વિચારે છે કે 'મારો સાધર્મિક કેદમાં હોય તો મારા પર્યુષણ ન શોભે !' એમ ધારી કેદમાંથી બહાર કાઢી ખમાવ્યો. ચોરટો, લુંટારૂ, ધાડપાડુ કહીએ તો ચાલે, છતાં ઉદાયન રાજા ચંડપ્રદ્યોતનને ખમાવે છે. પણ ભાલ કપાલના ડાઘાનું શું ? તે ઢાંકવા માટે રત્ન અને મણિથી જડેલો સુવર્ણ પટ પોતે તેના કપાળે બંધાવ્યો. ચોમાસું પુરૂં થયું એટલે પોતાને નગરે ગયો. ઉદાયન રાજાએ મૂળ પ્રતિમાની પૂજા માટે બાર હજાર ગામ ચંડપ્રદ્યોતનને આપ્યા.

**તરતી અને ડૂબતી સ્ટીમરના વાવટા.**

પ્રભાવતી દેવના હુકમથી ઉદાયન નવી મૂર્તિની પૂજા કરે છે. ઉદાયન રાજા પૌષધ કરે છે. પોતાના બળતા મકાનમાં, ડૂબતી સ્ટીમરમાં બેસીને શું કરવું ? લાલ વાવટો મુસાફરની સ્ટીમરમાં હોય. કાળોવાવટો ચઢે તો સ્ટીમર ડૂબતી જાણવી. તેવી રીતે ઘરમાં દેરાસર હોય તો લાલ-વાવટો, અને ધુમાડા નીકળે તો ડૂબતી સ્ટીમર.

પૌષધમાં મધ્યરાત્રે શુભ ધ્યાનમાં ઉદાયન રાજા બેઠેલા છે. પૌષધને અંગે મધ્ય રાત્રિએ આત્મચિંતવન કરે છે, 'તે રાજાઓ ધન્ય અને વંદ્ય છે, કયા ? જેઓએ વીર ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરી છે. જો સ્વામી વીરપ્રભુજી મને પવિત્ર કરે, તો હું પણ તેમના ચરણકમલમાં દીક્ષા લઈ પવિત્ર થાઉં.' રાજાના આ વિચાર જાણી ભગવાન સોળસો માઈલથી વિહાર કરીને આવ્યા. ભાગલપુરથી મુલતાન ભેરા સુધી ગયા ! ચોમાસું રાજગૃહી નગરીમાં કર્યું.

એક ચેલા ખાતર કેટલું ગયા ? આવું અત્યારનાને ન સૂઝે. તારવા માટે આટલો પરિશ્રમ કર્યો તે ન સમજે. આંખમાં કમળો થયો હોય તે ધોળું ન દેખે. અધર્મીપણાની ચક્ષુ થઇ હોય તેને ધર્મ સ્વરૂપે દેખાય નહિ. ઉદાયન રાજા કોણિક માફક ઠાઠમાઠથી પ્રભુની દેશના સાંભળી ઘેર જઈને વિચાર કરે છેઃ 'અહો ! 'નરકાંત રાજ્ય' અભિચિ પુત્રને ન આપવું, ઝેર આપણે ન ખાવું, તો છોકરાને કેમ ખવડાવાય ? નરકના ડરથી હું રાજ્ય છોડું તો તે કુંવરને કેમ આપું ? તો શું કરવું ? રાજ્યને વહેતું મૂકવું નથી, રખડતું મૂકાય નહીં. કેશી ભાણેજ છે, ભાણેજ પણ એના પોતાના રાજ્યનો માલિક છે, આથી તેણે રાજ્ય કરવાનું

છે જ. તો સાથે સાથે આ પણ રાજ્ય તે કરશે જ. કેશી ભાણેજને રાજ્ય સોંપ્યું, કેશી મહારાજાએ ઉદાયન રાજાની દીક્ષાનો મોટો મહોત્સવ કર્યો.

ઉદાયન રાજાએ દીક્ષા અંગીકાર કરી, માથે વાસક્ષેપની મુઠી પડી, એટલે જગત તણખલા સમાન. અહીં સાધુપણામાં હથિયાર બાંધ્યામાં સુભટતા નથી, સાધુપણામાં તો પરિષહો સામે ઝઝૂમવાનું છે. જ્ઞાનાદિકમાં આગળ વધો તો મોક્ષના મુસાફિર. દીક્ષાના દિવસથી તીવ્ર તપસ્યા આદિ કરવામાં મને નહીં ફાવે, તેમ નહિ. પોતાના શરીરને સુકવી નાખ્યું. શરીર કેમ સુકાય ? પોતાના શરીરને તીવ્ર તપસ્યા પરિષહોથી સુકવી નાખ્યું, એક વખત નિરસ આહારથી વ્યાધિ ઉત્પન્ન થયો, રાજર્ષિ તપસ્યા કરનારા શરીરે સુકાઈ ગએલા. તેમાં પાછો આગળ રોગ આવ્યો. તેમને એની ચિંતા નથી, તેમ આ રોગને કાઢવો છે તેવો વિચાર પણ નથી. મુનિને વૈદ્યે દેખ્યા, ને કહ્યું કે 'મહારાજ, વાતપિત્ત થયેલ છે, આ શરીરનું દહીંથી રક્ષણ કરો !' સ્પૃહા વગરના મુનિ ગોકુળમાં જાય છે. પૃથ્વીપર વિહાર કરતાં ભેરાનગરે પોતાની રાજધાનીમાં આવ્યા. અધિકારી અમાત્ય કેશી રાજાને ભરમાવે છે; પ્રધાનો રાજાની મુરાદ સમજી યુક્તિથી કાર્ય બર લાવે, કર્મચારી લાખ આપવાના હોય છતાં ન આપવા એમ ન કહે. ભંડારીને કહે : 'દસ હજાર રૂપીઆ ભરી થાળમાં લાવ' ભંડારી લાવે એટલે અમાત્ય કહે : ખોબાથી દો ! હાથે તે સાથે કહે, લાખની જગ્યાએ હજાર બે હજારમાં બસ કરાવે તેનું નામ કર્મચારી. રાજા પ્રજાને ભેટો ન મળવા દે. કેશીકુમાર રાજ કરે છે, ઉદાયન રાજર્ષિ પધાર્યા છે.

**કર્મચંડાળ પ્રધાન.**

પ્રધાન કેશી રાજાની પાસે આવી કહે છે. 'એ તમારા મામા ઉદાયન રાજર્ષિ તપસ્યાથી કંટાળેલા છે. તમારૂં રાજ્ય પાછું લઈ લેશે.' કેશીને રાજ્ય દેવામાં વાંધો નથી, પણ કર્મચારીએ કર્મચંડાળપણું જણાવ્યું, તમારૂં રાજ્ય લઈ લેશે માટે તેનો વિશ્વાસ ન કરીશ.' અધિકારીઓ પોતાનો પગદંડો કરવાના હોય. તેને બીજો કુશળ ખટકે. ભૂલેચૂકે તેનો વિશ્વાસ ન કરીશ. ઉદાયન આવ્યો છે. મહાત્મા–તપસ્વી છે, એમ જાણી ભરોસો ન કરીશ,' કેશીકુમાર ભાણેજ છે, રાજબીજ

છે. આથી પ્રધાનને કહે છેઃ 'તેમનું રાજ્ય છે, ભલે સુખેથી લે, મને માલુમ પડે તો હું પ્રથમ નંબરે દઇ દઉં !' કર્મચારીઓ કાચા ન હોય. 'રાજન્ ! વસ્તુ લેવીદેવી એમાં કિંમત નથી. મોટાઓ માનની કિંમત ગણે. બેવકૂફ અને તે કામનું નહિ. રાજ્ય તો પુન્યાઈથી મળે છે. કેમ, સગા છોકરાને રાજ્ય ન આપતાં તમને આપ્યું ? તમારા ભાગ્યે રાજ્ય મળ્યું છે. તે ઉદાયન શું આપતો હતો ? આપ્યું ભલે એણે, પણ ભાગ્યોદય કોનો ? એમની જિંદગીમાં કોઈને શહેર કે ગામ આપ્યું છે ? આ તો 'કાગડાના મોંમાં રામ થયા' તમારા ભાગ્યથી તમને મળ્યું છે, રાજ્ય દો કે લો તેનું કંઈ નથી, પણ નાલાયક બનશો ! મૂર્ખાઈ ગણાવે, નાલાયકી ગણાવે તેવી મૂર્ખાઈ કરવી રાજવીને ન શોભે.' પાપી કર્મચારીઓને કોઈ બાહોશ આવે ત્યારે મોત. લગીર જો ગફલત થઇ તો જીવી શકવાના નથી, રાજન્ ! રસોયા તેના છે. સરદારો ઠાકોરો શું બોલ્યા હતા ? કે અમારા અન્નદાતા છે, તે બધાયે તેના છે, માટે પહેલાંથી ચેતો, લાંબીચોડી થવા ન દેવી, ઝેરનું પડીકું આપી દો. બીજું કંઇ નહિ; મડુત્તાની ખાતર ઝેર ખાનગીમાં અપાવી દેવું.

મંત્રીથી પ્રેરિત કેશીરાજાએ ગોવાલણ પાસે દહીંમાં ઝેર અપાવ્યું, 'રવૈયો ફરે ત્યારે ઘી અને છાશ જુદા પાડી નાંખે.' ચીકાશ નામ રહેવા ન પામે, તેમ કર્મની બુદ્ધિ રૂપી રવૈયો ફરી ગયો, મામા ભાણેજના સ્નેહની ચીકાશ તોડી પાડી. ઝેર કેમ દેવું ? ઉદાયન રાજર્ષિ ગોવાળીઆના ઘરોમાં દહીં લેવા જાય છે. પ્રધાન કહે છે કે 'તે દહીંમાં ઝેર ખાઈ જશે. ગોવાલણોએ દહીં ઝેરવાળું દીધું, છતાં નશીબ બે ડગલાં આગળ. એ ઝેર દેવતાએ લઈ લીધું–હરી લીધું. રાજર્ષિને દેવીએ સાવચેતી આપી કે ઝેરવાળું દહીં ન ખાય, દહીંની પંચાત છોડી દો. દહીં ન ખાવાથી રોગ વધવા લાગ્યો. ફરી દહીં લેવા માંડયું. દેવીએ ત્રણ વખત ઝેર દૂર કર્યું.

એક વખત દેવના પ્રમાદથી ઝેરવાળું દહીં ખાવામાં આવ્યું. ઝેરનું વ્યાપકપણું શરીરમાં દેખ્યું, મરવાનો, હવે સાવચેત થઉં ! મરતાં શીખવું જોઈએ. 'ટાંટીયા ઢસડતાં મરે તે કૂતરા. ટાંટીયા ઢસડતાં મરે જાનવર.' મનુષ્યપણે મરો તો સમાધિથી મરો. '**नमो अरिहंताणं**' '**खामेमि सव्व जीवे**' બોલતાં ઝેર વ્યાપી ગયું. આથી અનશન અંગીકાર

કર્યું. ત્રીશ દિવસ અનશનમાં ગયા અને રાજર્ષિને કેવલજ્ઞાન થયું, કાળધર્મ પામી મોક્ષે ગયા. પેલા દેવતાને ખ્યાલ આવ્યો કે 'મુનિએ ઝેર ખાધું અને મરી ગયા,' દેવને ગુસ્સો ચઢયો. આથી તેણે આખું નગર ધૂળના ડુંગરવાળું કર્યું.

ઉદાયન રાજર્ષિના દીકરા અભિચિએ વિચાર્યું કે, 'મારા બાપે મને છોડી ભાણેજને રાજ્ય આપ્યું, માટે તેમના વિવેકને ધિક્કાર છે. પોતાની બુદ્ધિનો આવો ઉપયોગ કર્યો ! 'ભાઈની સેવા છોડી, કોણિક રાજા પાસે ગયો. ત્યાં મહાવીરપ્રભુના વચનથી બોધ પામીને તે શ્રાવકધર્મ પાળે છે, પણ ઉદાયન પરનું વેર જતું નથી. વેર આલોવ્યા વગર મરી એ ભવનપતિમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં અભિચિનો જીવ મોક્ષે જશે.

મહાવીર ભગવાનના નિર્વાણ પછીથી ૧૬૩૯ વરસ પછી ધૂળના ઢગલામાંથી કુમારપાળ મહારાજા આ પ્રતિમાને બહાર કાઢશે, અને પહેલાની માફક તેને પૂજશે ! જેમ આ ઉદાયન રાજાએ પર્વના દિવસે સાવદ્યનો ત્યાગ કરીને નિરવદ્ય અનુષ્ઠાન કર્યું, તેમ ગૃહસ્થોએ પણ સાવદ્ય વ્યાપારને તજી નિરવદ્ય વ્યાપાર રૂપ ધર્માનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ; એવું જાણી જે કોઈ પણ નિરવદ્ય અનુષ્ઠાન કરશે, પાળશે, આરાધશે તે જીવો આ ભવ તથા પરભવને વિષે માંગલિકમાળાને પામી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

★ ★ ★

# :— અષ્ટાહ્નિકા માહાત્મ્ય :—

## ....પ્રથમ-દિન-દેશના....

अथ सामायिकप्रमुखशिक्षाव्रतभृद्भिर्नृन षडष्टाह्निकापर्वाण्या सेव्यानीत्याह

**છેલ્લાં ચારવ્રતોને શિક્ષાવ્રત શાથી કહ્યાં ?**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ વિજયલક્ષ્મી સૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે અષ્ટાહ્નિકા વ્યાખ્યાનની રચના કરતાં થકાં તેનો સંબંધ જણાવે છે. પૂર્વાચાર્યોનો એ નિયમ કે કોઈ

પણ ગ્રંથની રચના કરતાં પહેલાં, કારણ તથા સંબંધ બેય જરૂર જણાવવાં જોઈએ. એ નિયમાનુસાર અહીં પણ પ્રથમ સંબંધ જણાવે છે, કારણ આગળ જણાવવાના છે. કારણ જણાવતાં પહેલાં સંબંધ જણાવે છે. પ્રથમના અધિકારમાં સામાન્યથી ચાર શિક્ષાવ્રતો જણાવવામાં આવ્યાં છે. તેની સાથે હવેના વ્યાખ્યાનનો સંબંધ છે.

સામાયિક, દેશાવગાશિક, પૌષધ તથા અતિથિસંવિભાગ વ્રત એ ચાર શિક્ષાવ્રતો છે. એ ચાર વ્રતોને શિક્ષાવ્રતો કહેવામાં આવ્યા છે. એ ચારને શિક્ષાવ્રત શાથી કહ્યાં તે સમજવાનું છે. દુનિયામાં કારીગર જેમ જેમ કારીગરી કરતો જાય તેમ તેમ તે સિદ્ધહસ્ત થતો જાય છે. છોકરો પ્રથમ તો એકડો વાંકોચૂંકો કરે છે, પણ અભ્યાસે તે જ છોકરો સીધો એકડો કરી શકે છે. સામાયિકાદિને શિક્ષાવ્રતો એટલા જ માટે કહ્યા કે એ વ્રતો શિક્ષાથી વારંવાર અભ્યાસથી, ટેવથી સાધી શકાય તેવાં છે.

'शिक्षा नाम यथा शैक्षकः पुनः पुनर्विद्यामभ्यसति एवमिमाणि चत्तारि सिक्खाव्रयाणि पुणो पुणो अब्भसिज्जंति (आव. चू. पृ. २९८. भा. २)

ગૃહસ્થ આરંભ, સમારંભ, પરિગ્રહમાં ચોવીશે કલાક એવો તો રાચેલો માચેલો છે, એવો તો તલ્લીન છે કે પહેલવહેલું સામાયિક કરે ત્યારે શરીર તો સામાયિક કરે પણ ચિત્ત તો બીજે દોડયા જ કરે છે. અહીં શાસ્ત્રકાર ફરમાવે છે કે દોડતા ચિત્તને રોકવાનો ઉદ્યમ કરવો, પણ તેટલા માત્રથી દોડતા ચિત્તને કારણે તમારે વ્રતથી દોડી ભાગવું નહિ. 'મારું મન ઠેકાણે રહેતું નથી' એમ કહી સામાયિક છોડવું નહિ.

## સામાયિકાદિ વ્રતો શિક્ષાથી જ, ટેવથી જ સાધ્ય છે.

આચાર્ય શ્રી દેવેંદ્રસૂરિજી મહારાજ સામાયિકનાં છ પચ્ચક્ખાણ જણાવે છે કે 'मनसा न करोमीत्यादिषट् पत्याख्यानानि (श्राद्धदिन० पृ० ११६) મનથી કરવું નહિ, મનથી કરાવવું નહિ, વચનથી કરવું કરાવવું નહિ, કાયાથી કરવું નહિ, કાયાથી કરાવવું નહિ.

मनोवयणकाएहिं पच्चक्खामि એમ એક જ વિભક્તિથી ન જણાવતાં मणेण० વગેરે શબ્દપ્રયોગથી ભિન્ન ભિન્ન વિભક્તિઓ દ્વારા કેમ વિધાન કર્યું? પચ્ચખ્ખાણ છ છે, તે છ પ્રકાર જણાવવા માટે એ

રીતે કહેવામાં આવ્યું. એમ કરવાથી કાંઈ લાભ છે? તેમાં ગ્રંથકારોનો આશય એ છે કે છ પ્રકારના પચ્ચખ્ખાણમાં ચિત્ત દૂર ગયું તો પણ પાંચ પ્રકારનાં પચ્ચખ્ખાણ તો રહ્યાં ને! મન વશ ન રહે એ ખરૂં પણ મનને વશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. મન વશ ન રહે એવા મિષથી ક્રિયા માત્ર છોડાય નહિ. શિક્ષાવ્રતનો અર્થ જ એ છે કે ધીમે ધીમે અભ્યાસથી એટલે શિક્ષાથી એ વ્રતો સાધ્ય છે. છોકરો એકડો ઘૂંટે કે તરત હોંશિયાર થાય ખરો? વર્ષો સુધી શિક્ષણ લે ત્યારે તે હોંશિયાર થાય છે. જો આ નિયમ છે તો અનાદિકાલના મોહને ખસેડવો શું સહેલો છે? તેમાં કેટલો સમય જોઈએ? માટે એ ચારે વ્રતોને અંગે ઊંચી કોટિમાં આવવા વારંવાર તે વ્રતો લાંબાકાળ સુધી કરવાં જોઈએ.

દુનિયામાં પણ 'જેવો રોગ તેવી દવા'ના સમયની મર્યાદા છે. રોગ મહિનાનો, બે મહિનાનો, વર્ષનો જૂનો હોય તો કાંઈ એક બે દિવસની દવાથી ચાલ્યો જાય? વૈદ્ય, ડૉકટરો કે હકીમ, ગમે તેવા નિષ્ણાત હોય પણ કહી જ દે કે રોગ જૂનો છે માટે અમુક સમય પર્યંત દવા લેવી પડશે. આ જીવને પણ અનાદિકાલથી અવિરતિનો રોગ લાગુ થયો છે તે સંકલ્પમાત્રથી દૂર થાય? એ અનાદિકાળના રોગને ટાળવા માટે વારંવાર સામાયિકાદિ શિક્ષાવ્રતો કરવાં જોઈએ એમ ઉપકારી શાસ્ત્રકારો જણાવે છે. **जत्थ वा वीसमति अच्छति वा णिव्वावारो सव्वत्थ करेति सव्वं'** (आव० चू० पृ० २९९ भाग २), **एएण कारणेण बहुसो सामाइयं कुज्जा** (आव० नि० गा० ८०१) એમાં જેમ જેમ પરોવાઓ, એનું રટણ થાય તેમ તેમ તેમાં સરલતા પ્રાપ્ત થાય.

ગૃહસ્થ જ્યારે પ્રથમ પૌષધ કરે ત્યારે તેને વેપાર વગેરેનો વિચાર આવે પણ તમે જોશો કે બે, ચાર પૌષધ થયા પછી એ વિચારો ઘટતા જાય છે, બંધ થાય છે. પૌષધની ટેવ, પેલા વિચારોની ટેવને ટાળે છે. આ વ્રતો ટેવથી, આદતથી, અભ્યાસથી સાધ્ય છે માટે જ એનું નામ શિક્ષાવ્રત છે.

હવે અહીં કોઈને એમ પ્રશ્ન થાય કે, સામાયિક, દેશાવગાશિક તથા પૌષધમાં તો શિક્ષાની જરૂરિયાત માની પણ અતિથિ સંવિભાગવ્રતમાં શિક્ષાની શી જરૂર? એમાં તો રોટલી, રોટલીનો ટૂકડો કે પાણીની

ટોયલી આપવાની છે ને! એમાંય શિક્ષાની આવશ્યકતા ગણી ? અતિથિસંવિભાગ વ્રતમાં છે તો દાનઃ એ દાનધર્મ તો મૂળનો છે, સમ્યક્ત્વથીયે પહેલાં પ્રાપ્ત થનારો છે. દાનધર્મ તો મિથ્યાત્વીમાં પણ છે ને ! છતાં એ વ્રતને છેક છેલ્લે કેમ ગણ્યું ? આ વાત સમજવા લગીર ઊંડા ઉતરવું પડશે.

દાન બે પ્રકારે છે : ૧. સાધુ જાણીને આપવું, ૨. સાધુ થવાને આપવું. બીજાં બધાં દાનો સાધુ જાણીને આપવાનાં છે પણ અતિથિ સંવિભાગવ્રતમાં જે દાન છે તે સાધુ થવાને આપવાનું છે. આ વાત સમજશો તો શ્રી ભગવતીજીમાં કહેલી એક વાત બરાબર સમજાશે. તેમાં પ્રશ્ન છે કેઃ "દાન દેનાર શું કરે છે ? શું છોડે છે ?" ઉત્તરમાં જણાવાયું છે કે " **गोयमा ! जीवियं चयति दुच्चयं चयति दुक्करं करेति०** " [भग० सू० २६३ ] દાન દેનાર દુષ્કર કરે છે. દુસ્ત્યજ તજે છે."

આમાં પ્રશ્ન થશે કે રોટલીનો ટૂકડો દેવામાં દુષ્કર શું અને એટલા ત્યાગમાં દુસ્ત્યજ શું ? એ સમજવા દુન્યવી દૃષ્ટાંત વિચારવું પડશે. દસ્તાવેજની નીચે સહી કરતાં કેટલો વિચાર કરો છો ? શા માટે ? કલમ કેટલી ઘસવાની છે ? શાહી કેટલી વપરાવાની છે ? ત્યાં કિંમત, જવાબદારી, શાહી કે કલમ નથી, પણ દસ્તાવેજ આખાની છે, દસ્તાવેજમાં સમાયેલી હકીકતની છે. અતિથિસંવિભાગ વ્રત મુજબ દાન દેનારો સાધુપણાનો સોદો કરે છે, સાધુ થવાને આપે છે. તેની ભાવના એવી છે કે સાધુપણા વિના આ જીવનો મોક્ષ નથી, નથી, તે નથી જ : "હું જોકે સાધુપણું લઈ શકતો નથી, તોપણ સાધુપણાનો ઉમેદવાર છું, તેથી આ દાનથી સાધુપણાનો ( સોદો ) કરું છું કે મને ભવાંતરમાં સાધુપણું પ્રાપ્ત થાઓ." પુણ્ય માટે, સામાન્ય દાન માટે, સંયમીને સહાય માટે દાન એ વાત અલગ, પણ સાધુપણાના સોદાની દૃષ્ટિએ જે દાન દેવાય તે અતિથિસંવિભાગ વ્રત. એવી પરિણતિ કેટલી મુશ્કેલ છે ? આથી સમજાશે કે એનું સ્થાન છેલ્લે શાથી છે.

### સ્યાદ્વાદની વ્યાખ્યા

શિક્ષાવ્રતોનો આગલો સંબંધ જણાવી શાસ્ત્રકાર મહારાજા હવે અષ્ટાહ્નિકા સંબંધી વિવેચન કરે છે. જેઓ શિક્ષાવ્રતોને ધારણ કરનારા

હોય તેઓએ અટ્ઠાઈનાં છ પર્વો જરૂર આરાધના કરવા યોગ્ય છે. જે મનુષ્ય સર્વવિરતિ આચરવા તૈયાર હોય તે મનુષ્ય આવાં પર્વોની આરાધના કેમ છોડે? હવે એ અટ્ઠાઈ કેટલી, કયી, વગેરેનું વર્ણન ગ્રંથકાર કરે છે.

अष्टाह्निकाः षडेवोक्ताः स्याद्वादमयवेत्तमैः ।
तत्स्वरूपं समाकर्ण्य, ह्यासेव्याः परमार्हतैः ॥ १ ॥

સ્યાદ્વાદની આજના આપણા કેટલાકો તરફથી થતી વ્યાખ્યા તદ્દન મૂર્ખાઈ ભરેલી છે, અજ્ઞાનમય છે. એ કયી વ્યાખ્યા જણાવવામાં આવે છે? "હા તેની ના, અને ના તેની હા એટલે સ્યાદ્વાદ!" "ધર્મ કરવો તે કરવો તે નિશ્ચય અને દુનિયા જાળવવી તે વ્યવહાર એ સ્યાદ્વાદ!" આવો અર્થ અજ્ઞાનતાભર્યો છે. સ્યાદ્વાદનો અર્થ એવો નથી. જે વસ્તુ જે અપેક્ષાએ જે રીતિએ રહેલી હોય તે વસ્તુને તે અપેક્ષાએ તે રીતિએ જોવી, કહેવી તેનું નામ સ્યાદ્વાદ. તે સ્યાદ્વાદની આ વ્યાખ્યા : ત્રણ આંગળી ઊંચી કરેલી છે. એમાંની આજુબાજુની વચ્ચે રહેલી આ આંગળી નાની કે મોટી? આ આંગળી એકાન્તે નાની પણ નથી, એકાન્તે મોટી પણ નથી: નાની પણ છે અને મોટી પણ છે. નાની આંગળીથી તે મોટી છે અને મોટી આંગળીથી તે નાની છે. તેનામાં નાનાપણું તથા મોટાપણું બન્ને રહેલાં છે.

**સ્યાદ્વાદની વ્યાખ્યા સ્યાદ્વાદી જ કરી શકે?**

સ્યાદ્વાદ કોણ કહી શકે? સ્યાદ્વાદની વ્યાખ્યા કોણ કરી શકે? આ સમજવા જરા ઊંડા જવું પડશે. જેઓ અનંતકાલ, અનંતક્ષેત્ર, અનંતદ્રવ્ય અને અનંતભાવને દેખી શકે, તેમજ પરિણામ, તેના પલટા થયેલા, થતા અને થવાના જોઈ શકે, દ્રવ્યપર્યાય, તેનું ભેદાભેદપણું વગેરે જાણી શકે તે જ સંપૂર્ણતયા સ્યાદ્વાદને જાણી શકે, તે જ કહી શકે અને તે જ વ્યાખ્યા કરી શકે. સીધી આંગળીને વાંકી કરાય ત્યારે શું થાય? આંગળીમાંનું સીધાપણું દૂર થયું, વાંકાપણું દેખાયું: ફરી સીધી કરી ત્યારે વાંકાપણું દૂર થયું, સીધાપણું દેખાયું. સીધાપણામાં તથા વાંકાપણામાં, ઉભય પરિસ્થિતિમાં આંગળી તો તેની તે જ કાયમ

છે. અવસ્થા ફરે, ફરતી જાય પણ વસ્તુ ટકે. સર્વ દ્રવ્યના, સર્વકાળના, સર્વ પર્યાય વ્યાપકપણે ભેદાભેદ સાથે જાણી શકે તે જ તેને કહી શકે. કોઈ પણ અવસ્થામાં દ્રવ્ય જૂદું નથી. આવો સ્યાદ્વાદ કહેવાને હકદાર છે. આવું જ્ઞાન ધરાવનાર સ્યાદ્વાદી છે. આવું કોણ જાણી શકે ? સર્વજ્ઞ ! સર્વજ્ઞ ભગવાન્ સ્યાદ્વાદને યથાસ્વરૂપ કહી શકે. જૈનશાસનમાં એકલા જ્ઞાનની, માત્ર વિદ્વતાની કે વકતૃત્વની કિંમત નથી. દુન્યવી વ્યવહારમાં ભલે એ કિંમતી હોય. જૈનશાસનના પગથિયામાં તો અમલની, આચરણની અને ચારિત્રની કિંમત છે, અને એ જ સંયમનું મૂલ્ય છે. તેને જે જાણે, જે નિરૂપણ કરે, જે આચરે તે સ્યાદ્વાદી કહેવાય.

**જૈનના ત્રણ નિશ્ચય**

છ કાયાના જીવોને કાયમી અભયદાન દેનારા શ્રી જિનેશ્વરદેવોએ આ છ અટ્ઠાઈ કહી છે. શ્રાવકપણું સમજનારામાં શ્રી જિનેશ્વરદેવની માન્યતા સુદૃઢ હોય. શ્રી જિનેશ્વરદેવના શાસનને અંગે જ જૈનમાં ત્રણ નિશ્ચય આવ્યા હોય, સુદૃઢ થયા હોય. તે ત્રણ નિશ્ચય કયા ? इणमेव निग्गथं० ( उपा० पृ० २ ) આ નિર્ગ્રંથપ્રવચન એ જ અર્થ, એ જ પરમાર્થ; એટલું જ નહિ, પણ આગળ વધીને એના વિનાના તમામ બીજા પદાર્થો અનર્થ જ છે. આ ત્રણ નિશ્ચયવાળો જ જૈન હોય. જૈનને આ ત્રણ નિશ્ચય હોય જ. પ્રાચીનકાળમાં ગુરુ પાસે વ્રત લે, ગણધર પાસે વ્રત લે કે તીર્થંકર પાસે વ્રત લે ત્યારે આ ત્રણ એ કરાર કરવામાં આવતા (૧) નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા કરું છું. (૨) નિર્ગ્રંથ પ્રવચનની પ્રતીતિ કરું છું. અને (૩) નિર્ગ્રંથપ્રવચનની રૂચિ કરું છું.

**અટ્ઠાઈનું વર્ણન**

આવા ત્રણ નિશ્ચયવાળા પરમાર્હતોએ, પરમશ્રાવકોએ, પરમજૈનોએ આ અટ્ઠાઈઓ આસેવ્ય છે. અહીં '**सेव्यं**' નહિ કહેતાં **आसेव्यं** કેમ કહ્યું ? સેવવું એટલે તો 'એક પણ સેવવું, આરાધવું" એવો અર્થ થાય. પણ અહીં એ અર્થ સમર્થ નથી. અહીં '**आसेव्यं**' દરેક વખતે સેવવાના અર્થમાં છે. પ્રતિ વર્ષ છએ અટ્ઠાઈઓ આરાધવી જોઈએ. તે અટ્ઠાઈ છ છે :– (૧) ચૈત્રમાસની (૨) અષાઢ માસની (૩) પર્યુષણાપર્વની

(૪) આસો માસની (૫) કાર્તિક માસની અને (૬) ફાલ્ગુન માસની. ત્રણ અટ્ઠાઈ ત્રણ ચોમાસાને લગતી, એક અટ્ઠાઈ પર્યુષણપર્વની, અને બે અટ્ઠાઈ આયંબિલની ઓળીની.

ચૈત્ર તથા આસોની બે અટ્ઠાઈ શાશ્વતી છે; બાકીની ચાર અટ્ઠાઈ અશાશ્વતી છે. પ્રશ્ન થશે કે આરાધવાનું તો સરખી રીતે કહ્યું, છતાં શાશ્વતી, અશાશ્વતીનો ભેદ શાથી? ગ્રંથકાર કહે છે કે એ ભેદ અમે નથી કહેતા પણ શ્રી ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિમાં કહેલું છે કે **दो सासयजत्ताओ, तत्थेगा होइ चित्तमासंमि। अट्ठाइआइमहिमा, बीज्ञा पुण अस्सिणे मासे ॥ १ ॥**

અહીં **'यात्रा'** શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો? ચૈત્રની તથા આસોની ઓળીની અટ્ઠાઈ દેવતાઓ પણ આરાધે છે અને તે પણ દેવલોકે રહીને નહિ, પરંતુ નન્દીશ્વર દ્વિપે જઈને તેઓ ત્યાં રહેલા જિનચૈત્યોમાં મહોત્સવપૂર્વક આ ઓળી ઉજવે છે. આથી **'यात्रा'** શબ્દનો પ્રયોગ સમુચિત છે. ચૈત્ર તથા આસોની અટ્ઠાઈમાં ચૈત્રની ઓળીની ગણના પ્રથમ એટલા માટે છે કે એ અટ્ઠાઈનું આરાધન ક્ષેત્રાન્તર જઈને સર્વ સંઘ, સર્વ ક્ષેત્રની જનતા કરી શકે. આસો માસની ઓળીમાં તો પ્રાયઃ પોતપોતાના ક્ષેત્રમાં આરાધન થાય. ચૈત્રમાસ યાત્રાને અનુકૂળ છે. એ અનુકૂળતા આસો માસમાં નથી. ચાતુર્માસમાં આલેય (સ્થાન)માં શ્રાવકને રહેવાનું હોય ને બહાર જવાનો પ્રતિબંધ હોય તેથી ગામ બહાર જાય નહિ. તો પછી યાત્રા શી રીતે શક્ય બને? સર્વ શ્રદ્ધાળુઓ સ્થાનાંતરે જઈને આરાધી શકે, માટે ચૈત્રમાસની ઓળીની ગણના પ્રથમ રાખવામાં આવી છે. **'यात्रा'** એટલે યાત્રાએ ગયા એટલે પત્યું, એમ નહિ, પણ સ્થાનાંતર તીર્થક્ષેત્રે જઈને અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક અટ્ઠાઈનો મહિમા કરવો. **एआओ दोवि सासय जत्ताओ करेंति सव्वदेवावि। नंदीसरंमि खयरा, नरा य निअएसु ठाणेसु ॥२॥** દેવતાઓ નંદીશ્વરદ્વીપે જાય છે, ખેચરો (વિદ્યાધરો), મનુષ્યો પોતાના સ્થાનમાં બેય અટ્ઠાઈની આરાધના કરે છે. આરાધના છએ અટ્ઠાઈની તેમાં બે શાશ્વતીના વર્ણનમાં બેની વાત કહી.

### અટ્ઠાઈ બે શાશ્વતી, ચાર અશાશ્વતી–એ શી રીતે?

આ બે અટ્ઠાઈ દેવતાઓ પણ ઉજવે છે, નંદીશ્વરદ્વીપે જઈને

ઉજવાય છે, કાયમ ઉજવાય છે. હવે આ લોકની દૃષ્ટિએ જોઈએ: પર્યુષણમાં પ્રતિવર્ષ કલ્પસૂત્ર સાંભળો છો, એ શ્રવણ ધ્યાનપૂર્વકનું હોય તો લક્ષ્યમાં હશે કે બાવીશ તીર્થંકરના શાસનમાં પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણ હોતું નથી. માત્ર દેવસિ તથા રાઇ એ જ પ્રતિક્રમણ હોય છે. હવે જ્યાં ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણ જ ન હોય ત્યાં અટ્ઠાઈઓ શાની હોય? આ રીતે સિદ્ધ છે કે ચાર અટ્ઠાઇઓ અનિયમિત છે. આયંબિલની ઓળીની બે અટ્ઠાઈ તો ચોવિશે જિનેશ્વર દેવોના શાસનમાં હોય છે જ, આરાધાય છે જ.

## અનુકૂળ વેપાર રોકડિયો કે ઉધારિયો?

કોઈને એમ થાય કે ત્યારે તો બાવીસ તીર્થંકરના શાસનમાં ધર્મ રહેલો અને આજે મુશ્કેલ! પણ જરા ઊંડા ઊતરો તો સમજાય કે એ શાસનમાં ધર્મ મુશ્કેલ, આ શાસનમાં રહેલો છે. દુનિયામાં રોકડિયો વ્યાપાર અનુકૂળ કે લેવડદેવડનો ઉધારિયો? કેવળ રોકડાથી જ ધંધો ચાલતો હોય તો તેટલો ન ચાલે કે જેટલો લેવડદેવડની યોજનાથી (ઉધારિયાથી) ચાલે.

બાવીશ તીર્થંકરના સાધુઓનો ધર્મ રોકડિયા વેપાર જેવો છે. એમને માટે રાઈ અને દેવસિ પ્રતિક્રમણ; પણ બે જ વખત બે પ્રતિક્રમણ એમ નહિ. દિવસના મધ્ય ભાગથી રાત્રિના મધ્યભાગ સુધી રાઈ, એમ ખરું, પણ જ્યારે જ્યારે દોષ લાગે, દોષ લાગ્યો દેખાય કે તરત તે જ વખતે તે કાળને લગતું દેવસિ કે રાઈ પ્રતિક્રમણ કરી જ લે. એનો વાયદો નહિ. એક વાર પ્રતિક્રમણ કર્યું, વળી ઘડી પછી દોષ લાગે તો ઘડી પછી પણ પ્રતિક્રમણ કરે. જેટલીવાર દોષ લાગ્યો દેખાય તેટલી વાર પ્રતિક્રમણ કરે.

પ્રથમ તથા ચરમ જિનેશ્વરના સાધુઓ તો ગમે તેટલી વખત દોષ લાગે પણ સવારે તથા સાંજે જ પ્રતિક્રમણ કરે, એટલે એમનો વપાર ઉધારિયા જેવો અનુકૂળ, વળી પંદર દિવસના દોષોના અંગે પાક્ષિક તેમજ ચાતુર્માસિક દોષ અંગે ચાતુર્માસિક તથા વર્ષના દોષ અંગે સાંવત્સરિક. બાવીશ તીર્થંકરના સાધુઓ એવા પ્રાજ્ઞ તથા સરળ કે દોષ તરત સમજી જાય, દોષનું પ્રમાણ તરત લક્ષ્યમાં લે, તરત

પ્રતિક્રમણ કરે, તરત ગુરુ પાસે આવે અને આલોવે. તેથી એમના માટે પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણની જરુર રહેતી નથી.

આપણી હાલત કઈ?

આપણે તો પ્રમાદના પોટલા છીએ, પૌષધવાળાને માત્રુ કરવા જવું પડે ત્યારે આવીને તેણે ઇરિયાવહિ કરવી જોઈએ. હવે જેને પાંચ સાત વાર માત્રુ જવું પડે તેને પૂછી જૂઓ કે તે કેટલો કંટાળે છે ? ત્યારે આ સાધુઓ દોષ દેખે કે તરત પ્રતિક્રમણ કરે ! તરત આલોવે ! કયું આકરૂં ?

પ્રશ્ન–એ સાધુઓને દોષ ન લાગે તો ?

દોષ ન લાગે એ કેમ બને ? દોષ તો લાગ્યા કરે. પ્રમાદ તો ત્યારેય પણ ખરો, કારણ કે બાવીશ તીર્થંકરના સાધુઓ માટે પ્રમત્ત, અપ્રમત્ત બેય ગુણસ્થાનક રહેલાં છે.

પ્રશ્ન–આ પ્રતિક્રમણનો નિયમ સાધુઓ માટે કે શ્રાવકો માટે પણ ખરો ?

શ્રાવકોને તો પાંચ જ પ્રતિક્રમણ. બાવીશ તીર્થંકરના શાસનમાં મહાવ્રતો ચાર. એ નિયમ પણ સાધુઓ માટે છે, પરંતુ શ્રાવકો માટે તો અણુવ્રત પાંચ જ છે.

આપણો મુદ્દો એ છે કે બાવીશ તીર્થંકરના વખતમાં સાધુઓને પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ ન હોવાથી એ અટ્ઠાઈઓ નિયમિત કહી. ચૈત્ર, આસોની અટ્ઠાઈ દરેક કાળે, દરેક તીર્થંકરના શાસનમાં ઉજવાય છે, માટે શાશ્વતી કહે છે. શ્રાવકોમાં દરેક કાળે આ બે અટ્ઠાઈઓ તો હોય જ, ઉજવાય જ. બાવીશ તીર્થંકરના શાસનમાં નિયમિત છે. શ્રી જિનેશ્વર મહારાજાના જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન તથા મોક્ષને અંગે પણ અટ્ઠાઈઓ નિયનિત છે. ચૈત્ર તથા આસોની અટ્ઠાઇ તો દેવો અને મનુષ્યો પણ ઉજવે છે.

'तह चउमासिअतिअगं, पज्जोसवणा य तहय इअ छक्कं ।
जिणजम्मदिक्खकेवल–निव्वागाइसुअसासइआ ।' ॥ ३ ॥

**સૂતરમાં છે ?**

ચૈત્ર તથા આસોમાં દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપે જઈને જિનાલયોમાં

મહોત્સવપૂર્વક પૂજા, મહાપૂજા કરી એ અષ્ટાહ્નિકા ઉજવે છે. એ સાંભળીને પ્રતિમાના દુશ્મનો વમળતાં પડશે. તેવાઓ કહે છે કેઃ "સૂતરમાં ક્યાં છે?" બિચારાઓમે 'સૂત્ર'માં એમ પણ બોલતાં આવડતું નથી એવા 'સૂતર'માં હોય તો લાવો' એમ કહેનારાઓને, અહીં જણાવી દેવામાં આવે છે કે, આ વાત 'जिवाभिगम' સૂત્રમાં છે.

## જીવાભિગમ સૂત્રમાં શું કહે છે?

જીવાભિગમ મૂલ સૂત્રમાં નંદીશ્વર દ્વિપના અધિકારમાં શાસ્ત્રકાર જણાવે છે કે, ત્રણ ચતુર્માસિક, પર્યુષણની, ચૈત્ર તથા આસોની લગતી અટ્ઠાઈના દિવસોમાં, પવિત્ર તહેવારોમાં ઘણા ચારે પ્રકારના દેવો ભવનપતિઓ, વ્યંતરો, જ્યોતિષીઓ, અને વૈમાનિકો નંદીશ્વરદ્વિપે જઈને ત્યાંના જિનચૈત્યોમાં મહાન્ ઉત્સવપૂર્વક જિનબિંબનું પૂજન કરે છે, મહાપૂજા કરે છે, ગીતનૃત્યાદિ ઉત્સવ કરે છે. 'तत्थ ण बहवे भवणवइवाणमंतर०' (પૃ૦ ૩૯૭)

## ચૈત્ર, આસોની અઠ્ઠાઇને અંગે

ચૈત્ર તથા આસોની અટ્ઠાઇ શાશ્વતી છે. એ અટ્ઠાઈમાં શ્રીસિદ્ધચક્રનું આરાધન થાય છે. આયંબિલ તપ વડે એ અટ્ઠાઈની આરાધના થાય છે. એ અટ્ઠાઈમાં જિનચૈત્યોમાં પૂજા, મહાપૂજા, અંગરચના વગેરે મહોત્સવો કરવાના છે. પ્રથમ જોઇ ગયા કે સૂત્રમાં ક્ષેત્રાન્તરે (તીર્થે) જઈને ઉજવાય છે યાને એ અટ્ઠાઈ યાત્રાપૂર્વક ઉજવાય છે. તે અટ્ઠાઇમાં શ્રીપાલ મહારાજ તથા મયણાસુંદરીની જેમ શ્રી સિદ્ધચક્રયંત્રનું આરાધન કરવું આવશ્યક છે. માત્ર બાહ્યથી એમ નહિ પરન્તુ લલાટ વગેરે દશ સ્થળોએ આકૃતિ સ્થાપી ધ્યાન ધરવાનું છે.

## છ અટ્ઠાઈ માટેનું વિધાન

ચૈત્ર તથા આસોની અટ્ઠાઈને અંગે આટલું જણાવ્યા પછી હવે શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા છ અટ્ઠાઈને અંગે સામાન્યથી શું કરવું જોઇએ તે જણાવે છે. અમારિ પડહો વગાડવાનો, વિસ્તારથી પ્રત્યેક જિનમંદિરે અટ્ઠાઈ મહોત્સવ કરવો તથા ખાંડવું, પીસવું, દળવું, ન્હાવું ધોવું, આરંભ, સમારંભ, વિષય, કષાય અને સેવનાદિનો પોતાએ ત્યાગ કરવો અને બીજા પાસે તે કરાવવું નહિ; આ ક્રિયાઓનો નિષેધ થવો જોઈએ.

**પર્યુષણની અટ્ઠાઈમાં આરાધનાનું વિધાન.**

પર્યુષણા એ પર્વાધિરાજ છે. સર્વ પર્વમાં શિરોમણિ છે. એ પર્વ અંગેની અટ્ઠાઈ પાંચ પ્રકારે આરાધવી જોઈએ.

(૧) સર્વત્ર અમારિ પડહો વગડાવવો. (૨) સાધર્મિક વાત્સલ્ય કરવું. (૩) પરસ્પર ખામણાં કરવાં (૪) અટ્ઠમ તપ કરવો અને (૫) ચૈત્યપરિપાટી કરવી.

આ પાંચે પ્રકારે પર્યુષણા પર્વની અટ્ઠાઈમાં આરાધના કરવાની છે.

**અમારિ પડહ**

(૧) **પહેલું આવશ્યક કૃત્ય-સર્વત્ર અમારિ પડહ** વગડાવવો. યાદ રાખો કે જૈનોમાં ધર્મ કેવલ દયા ઉપર જ નિર્ભર છે. છ કાયના જીવોની દયા બને એટલી પોતે જ કરવી, એમ નહિ, બીજાઓ પાસે પણ કરાવવી. તેનું નામ અમારિ પડહ–અમારિ ઉદ્‌ઘોષણા. દયાના દુશ્મનોને અમારિની ઉદ્‌ઘોષણાની વાત પણ ખટકશે પણ ખાસ ઉપાસકદશાંગમાં પણ શ્રેણિક મહારાજાએ કેટલીય વાર અમારિની ઉદ્‌ઘોષણા કર્યાના ઉલ્લેખો છે.

**સાધર્મિક વાત્સલ્ય.**

(૨) **બીજું આવશ્યક કૃત્ય-સાધર્મિક વાત્સલ્ય.** અમારિ પડહને અંગે આચાર્ય ભગવાન્ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજાની કથા અને તેમની પ્રવૃત્તિ આગળ જણાવવામાં આવશે. હવે સાધર્મિક વાત્સલ્ય કૃત્યને અંગે 'अर्चन' શબ્દનો પ્રયોગ છે. સાધર્મિકની ભક્તિ માત્ર નહિ પણ પૂજન કરવાનું અત્ર લખે છે. બધા સાધર્મિકોનું પૂજન કરવું જોઈએ. બધાનું ન બને તો કેટલાકોનું પણ પૂજન આવશ્યક કાર્ય છે. આ કૃત્ય ઉપર ગ્રંથકારે કેટલો ભાર મૂક્યો એ લક્ષ્યમાં લો ! જરા વિચારો તો સ્હેજે સમજાય કે ધર્મ પામ્યા કોના પ્રતાપે ? સાધર્મિકનો સંસર્ગ ન હોય તો ધર્મ પમાય ક્યાંથી ? સધાય ક્યાંથી ? સાધર્મિકની વસ્તિમાં, સહવાસમાં રહેતા હો તો ધર્મનું, આચારવિચારનું ભાન થાય. સાધુમહાત્માઓ આવે, ત્યાં દર્શને જવાય, વ્યાખ્યાન વાણી સંભળાય અને તેથી સ્હેજે ધર્મ પમાય, સધાય, સાધી શકાય. સાધર્મિકની વસ્તિમાં ન રહેતા હો, અરે, જંગલમાં રહેતા હો, એકાકી

રહેતા હો તો ગુરુનો જોગ મળે? પર્વદિવસે 'કેમ ભાઈ; પૌષધ કરવો છે? સામાયિક કર્યું? પ્રતિક્રમણ કર્યું? પૂજા કરી? વગેરે સાધર્મિક વિના કોણ પૂછે? અન્ય કોણ યાદ આપે? કોણ પ્રેરણા કરે? ધર્મવ્યવસાયમાં પૃચ્છક, પ્રેરક સાધર્મિક જ છે. સમાનધર્મી એટલે સાધર્મિક. તેનો સંબંધ સાંપડવો ઘણો જ મુશ્કેલ છે.

**सर्वैः सर्वेमिथः सर्वे सम्बन्धा लब्धपूर्विणः ।**
**साधर्मिकादिसम्बन्धलब्धारस्तु मिताः क्वचित् ॥१॥**

જગતમાં સર્વજીવોએ સર્વજીવોની સાથે સર્વપ્રકારના સંબંધ અનંતી વખત મેળવ્યા છે. પિતા, પુત્ર, ભાઇ, ભગિની આદિ સંબંધો સંધાયામાં બાકી રહી નથી પણ સાધર્મિકપણાનો સંબંધ તો પ્રમાણોપેત જ હોય છે. એ સંબંધ મર્યાદિત, અલ્પ જ સાંપડે છે. સાધર્મિકનો સમાગમ મોટા પુણ્યે મળે છે. દૂર બંગલામાં રહેતો માણસ, પર્વદિવસે વ્હેલી સવારે મોંમાં દાતણનો વોદો ઘાલે તો એને શરમ આવે? નહિ, કેમકે પાસે સાધર્મિક નથી. સાધર્મિકની શેરીમાં રહેતા હો તો હરગીજ એ ન બને. અધર્મથી બચાવનાર, પ્રતિકાર કરનાર સાધર્મિક છે, સાધર્મિકનો સંસર્ગ છે. સાધર્મિકનો સમાગમ પુણ્યોદયે, મોટા પુણ્યે મળે તો પછી એની સેવા, એની અનુકૂળ સેવા, પૂજા મહાપુણ્યોદયથી જ મળે એમાં આશ્ચર્ય શું? '**एगत्थ सव्वधम्मा साहम्मिअवच्छलं तु एगत्थ । बुद्धितुलाए तुलिया दोवि अतुल्लाइं भणिआइं ॥ १ ॥**' બુદ્ધિના ત્રાજવાના એક પલ્લામાં સર્વધર્મ મૂકાય, બીજા પલ્લામાં સાધર્મિકવાત્સલ્ય મૂકાય તો એ સરખાં નથી. સાધર્મિક વાત્સલ્ય કર્યાને અંગે શ્રી ભરત મહારાજા, નરદેવ, દંડવીર્ય, કુમારપાલ મહારાજાનાં વૃત્તાંતો (દૃષ્ટાંતો) પ્રસિદ્ધ છે.

**પરસ્પર ખામણાં.**

(૩) **ત્રીજું આવશ્યક કૃત્ય-પરસ્પર ખામણાં** છે. પર્યુષણામાં જો પરસ્પર ખામણાં ન થાય તો અનંતાનુબંધિની હદમાં જવાય કે જે સમ્યક્ત્વગુણનાશક છે. ચંડપ્રદ્યોતન રાજાને જેમ ઉદાયન રાજાએ ખમાવ્યા તેમ દરેકે પરસ્પર ક્ષમા, ક્ષમાપના કરવાં જોઈએ. એક જ ખમે અને સામો ન ખમે તો? શાસ્ત્રકાર કહે છે કે— **जो उवसमइ**

तस्य अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं से किमाहु भंते ?, उवसमसारं खु सामण्णं ॥ (कल्प० सू० ५९) સામો ન ખમે, ન ખમાવે તોપણ ખમાવનાર પોતે તો આરાધક જ છે. જો એમ ન માનીએ તો સાધુનું સાધુપણું નહિ મનાય. જે સાધુ થાય છે, તેને અંગે સંસારીઓની મનોવૃત્તિ કેવી હોય છે તેથી શું તે સાધુનો મોક્ષ અટકે છે? બીજાઓ ખમે કે ન ખમે; ખમાવે કે ન ખમાવે પણ મોક્ષે જનાર તો મોક્ષે જાય છે. કોઈ વખત ક્ષામણા ક્રિયાથી પોતાનું, તેમજ સામાનું, ઉભયનું હિત થાય છે. તે ઉપર દૃષ્ટાંત :–

## ચંદનબાલા મૃગાવતીનું દૃષ્ટાંત.

(ठा० पृ० ५२४ महा० च० गुण० पृ० २७५, गा० ७ थी १८, पर्व १० स० ८ श्लोक ३३१ थी ३४९)

એક વખત શ્રી મહાવીર દેવ કૌશાંબી નગરીમાં સમવસર્યા. આમ તો જ્યારે સૂર્યચંદ્ર વંદન કરવા આવે છે ત્યારે વિકુર્વેલા વિમાનમાં આવે, પણ આ જે પ્રસંગની વાત છે તે પ્રસંગે તેઓ વિકુર્વેલા વિમાનને ત્યાં રાખી મૂળ વિમાને વંદના કરવા આવ્યા. ચંદનાસાધ્વી તો ડાહી છે, અનુભવી છે, જ્ઞાનના અનુભવથી સમયની જાણ છે. (ચંદનાસાધ્વી તે મૃગાવતી સાધ્વીનાં ગુરુણીજી) તેથી તેઓ તો જવાનો સમય જાણીને ઉપાશ્રયે ગયાં. મૃગાવતી પણ આવશે; એમ તો સ્હેજે ધરાય જને ! મૂળ-વિમાનના પ્રકાશના સંભ્રમે મૃગાવતીને સમયનો ખ્યાલ ન રહ્યો. જ્યારે સૂર્યચંદ્ર ગયા, ત્યારે એકદમ અંધકાર વ્યાપી ગયો, તે જોઈ મૃગાવતી ભય પામી અને દોડાદોડ ઉપાશ્રયે આવી, ઈરિયાવહિ કરી, પોતાની ગુરુણીને કહ્યુંઃ 'મારો અપરાધ ક્ષમા કરો.' તે વખતે સામાન્ય કહેવાય તે રીતિએ ચંદના સાધ્વીએ કહ્યું: " હે ભદ્ર ! તું તો કુલીન છે. વખતનું ભાન રાખવું જોઈએ વગેરે," મૃગાવતીએ પણ કહ્યું: "ગુરુણીજી ! ફરીથી હું એવી ભૂલ નહિ કરું, મને ક્ષમા કરો !" એટલામાં ચંદના સાધ્વીને નિદ્રા આવી ગઈ. મૃગાવતી આવ્યા ત્યારે જ તેઓએ નિદ્રા લેવાને શયન તો કર્યું જ હતું. હવે ચંદના ગુરુણીજી નિદ્રાધીન થયા એટલે મૃગાવતીએ માન્યું કે: "ગુરુણીજી અપરાધની ક્ષમા આપે નહિ ત્યાં સુધી કેમ ચાલે ?" એટલે તેણીએ તો વારંવાર ખમાવ્યા જ કર્યું.

વારંવાર ક્ષમાપનાના કાર્ય રૂપ પશ્ચાત્તાપ આદિથી તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. એ વખતે એક સર્પ ત્યાંથી પસાર થતો હતો. મૃગાવતીએ ચંદના ગુરુણીજીનો હાથ તે સર્પથી બચાવવા ઊંચો કર્યો, આથી ગુરુણીજી ચંદના જાગી ગયાં અને હાથ ઊંચકવાનું કારણ પૂછ્યું. મૃગાવતીએ જણાવ્યું: 'અત્રેથી સર્પ જતો હતો માટે મેં તમારો હાથ ઊંચો કર્યો." ચંદના સાધ્વી: "આવા ગાઢ અંધકારમાં તેં સર્પ જોયો શી રીતે?" મૃગાવતીઃ-"જ્ઞાનથી?" ચંદના- "જ્ઞાનથી? પ્રતિપાતિ જ્ઞાનથી કે અપ્રતિપાતિ?" મૃગાવતીઃ-"અપ્રતિપાતિ જ્ઞાનથી." આ જાણીને ચંદના-સાધ્વીએ પણ મૃગાવતી કેવલિને ખમાવવા માંડયું. ચંદનબાલાને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ક્ષમાપના આવી જોઈએ. ખામણાં આવાં જોઈએ. મિચ્છામિ દુક્કડં આવો જોઇએ.

**ક્ષુલ્લક તથા કુંભારના મિચ્છામિ દુક્કડં જેવો મિચ્છામિ દુક્કડં નકામો છે.**

કોઇ એક ક્ષુલ્લક સાધુ એક વખત કુંભારની શાલમાં છે. કુંભારના ઘડાઓને કાંકરીઓથી કાણાં કરતો હતો. કુંભાર જ્યારે ઠપકો આપતો ત્યારે તે 'મિચ્છામિ દુક્કડ" કહેતો પણ ફરીને એ જ આચરણ કરતો. કુંભારે વિચાર્યું, આ 'મિચ્છામિ દુક્કડ" કેવો? તેણે પણ કાંકરીઓ લઈને તે ચેલકના કાન મરોડવા માંડયા. કાંકરીઓના સ્પર્શપૂર્વક કાન મરોડવાથી થતી પીડાથી તે બૂમ પાડતો જાય અને પેલો કુંભાર પણ 'મિચ્છામિ દુક્કડ" બોલતોજાય અને કાન મરોડતો જાય.

તાત્પર્ય કે આવો મિચ્છામિ દુક્કડં નિષ્ફળ છે, મિચ્છામિ દુક્કડં કહો, ખામણાં કહો, ક્ષમા-ક્ષમાપાના કહો, જે કહો તે હૃદયથી હોવું જોઈએ.

**અટ્ઠમ તપ.**

(૪) **ચોથું આવશ્યક કૃત્ય અઠ્ઠમની તપશ્ચર્યાનું** છે. પક્ખીને અંગે એક ઉપવાસ, ચાતુર્માસિકને અંગે છટ્ઠ તથા સાંવત્સરિક પર્વને અંગે અટ્ઠમતપનું વિધાન શ્રી જિનેશ્વર દેવોએ કહ્યું છે. થાય તેણે અટ્ઠમ અવશ્ય કરવો જોઈએ. જેનાથી એકી સાથે અટ્ઠમ ન થઈ શકે તેણે તે તપ આ રીતે પૂરો કરી આપવો જોઈએ. અટ્ઠમ ન થાય તો તે છ આયંબિલ અગર નવ નીવી અગર બાર એકાસણાં, અગર ચોવીશ

એકાસણાં કરે અગર છ હજાર સ્વાધ્યાય કરે અગર આઠ હજાર નવકારવાળી ગણે. આ પ્રમાણે જે ન કરે તેને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના ઉલ્લંઘનનો દોષ લાગે છે.

**તપનાં ફળ.**

પ્રસંગે શાસ્ત્રકાર તપનાં ફળ જણાવે છે કે એકસોવર્ષ સુધી નરકીના જીવો અકામ નિર્જરા વડે કરીને જેટલાં પાપકર્મો ખપાવે છે, તેટલાં પાપથી જ ઉત્પન્ન થયેલાં કર્મો નવકારશીના પચ્ચક્ખાણથી દૂર થાય છે; પોરસિના પચ્ચક્ખાણથી એક હજાર વર્ષ, સાર્ધપોરસિથી દશહજાર વર્ષ, પુરિમુડ્ઢથી એક લાખ વર્ષ, અચિત્ત જલના એકાસણાથી દશ લાખ વર્ષ, નીવીથી એક ક્રોડ વર્ષ, એકલ ઠાણાથી દશ ક્રોડ વર્ષ, એકલ દત્તીથી સાત ક્રોડ (અબજ)વર્ષ, આચામ્લ(આયંબિલ)થી એક હજાર ક્રોડ વર્ષ, ઉપવાસથી દશ હજાર ક્રોડ વર્ષ, છટ્ઠથી એક લાખ ક્રોડ વર્ષ, અટ્ઠમથી દશ લાખ ક્રોડ વર્ષ સુધીનાં પાપો (તેટલો સમય સુધી નારકીના જીવો જે દુઃખ ભોગવે તે દુઃખો આપનાર જે પાપો તે પાપો) દૂર થાય છે. આથી આગળની તપશ્ચર્યામાં ક્રમે ક્રમે દશ ગણા ગણતા જવું. કલ્પસૂત્રમાં સાંભળો છો કે અટ્ઠમતપના પ્રભાવે નાગકેતુ આ જ ભવમાં પ્રત્યક્ષ ફળ પામ્યો.

**તપ નિઃશલ્ય જોઈએ.**

તપ તો કરવું પણ કેવું કરવું ? માયાશલ્ય, નિયાણશલ્ય તથા મિથ્યાત્વશલ્ય રહિત તપ કરવું જોઈએ. દુશ્ચરિત્રની આલોચના ન થાય તેવું અર્થાત્ શલ્યવાળું તપ દુષ્કર છતાં ફળ ન આપે.

આજથી એંશીમી ચોવીશી ઉપર, તેટલા સમય અગાઉ એક રાજાને રાજ્યઋદ્ધિ ઘણી હતી, પણ કુંવરી એક નથી. ઘણી માન્યતાથી એક કુંવરી થઈ, બહુમાન્ય ગણાઈ. તેથી ઘણી લાડકવાઈ થાય એ સ્પષ્ટ છે. સ્વયંવરથી વરને વરી, પરન્તુ પાપનો ઉદય એવો કે ચોરીમાં રંડાણી, વિધવા થઈ, ત્યાં જ ભર્તાર મરણ પામ્યો. હવે શું થાય ? પણ હતી સુશીલા ! આજના મનુષ્યો આવાં ઓઠાં લે છે ? દૃષ્ટાંતો ક્યાં લે છે ? પડતાનાં ! જેને પડવું હોય તે નીચું જૂએ. ચઢવું હોય તે નીચું ન જૂએ. નીચે જોઈને ચઢી શકાય જ નહિ. ચઢનાર ઊંધે મોંએ ચઢી શકે જ નહિ. હજી ઊતરનાર ગમે તે પ્રકારે ઊતરે. પણ ચઢનારે તો

સીધું જ મેં, ઊંચું જ મેં, સન્મુખ જ મેં રાખવું જોઈએ, આત્માને ઊર્ધ્વગતિ ઇચ્છનારાએ ઊંચા આત્માનાં દૃષ્ટાંતો લેવાં જોઈએ, પડતાનાં કદાપિ લેવાં નહિ. આજકાલના મનુષ્યો પડતાનાં દૃષ્ટાંતો જ વારંવાર આગળ કરે છે.

**લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાંત.**

કુંવરી ચોરીમાં વિધવા થઈ, છતાં તેણીએ પવિત્ર શીલ પાળ્યું. તેણીની ગણના સતીમાં થઈ. તેણીએ બ્રહ્મચર્યવ્રત લીધું, ક્રમસર શ્રાવકાનાં વ્રતો લીધાં અને ધર્મકાર્યમાં જ જીવન ગાળવા માંડ્યું. છેલ્લે છેલ્લા તીર્થંકરની દેશના શ્રવણ કરી, વૈરાગ્યવાસિત થઈ, તેમની પાસે તેણીએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. તેનું નામ લક્ષ્મણા સાધ્વી.

આ દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તેણીથી એક વખત ચકલાચકલીનું મૈથુન-કાર્ય જોવાઈ ગયું. આ જોઇ તેણીને મનમાં વિચાર આવ્યો:– “ અહો ! અરિહંત ભગવાને મૈથુનની આજ્ઞા કેમ નહિ આપી હોય ? સમજાયું, તેમને વેદ નહિ એટલે અવેદી એવા તેઓ વેદવાળાની વેદના ક્યાંથી જાણે?” કેમ જાણે ? અરિહંત જન્મથી જ અવેદી ન હોય. એક ક્ષણ પસાર થઈ, ફરી તેણીને ભૂલ સમજાઈ, હૃદયમાં વિચાર આવ્યો: “અહો ! મેં કેવું અસત્ય ચિંતવ્યું ? જેઓ સર્વ કાલ, સર્વ ક્ષેત્ર, સર્વ દ્રવ્ય અને સર્વ ભાવને જાણે, તેમનાથી વળી અજાણ્યું શું હોય ?”

“હવે મારે આલોચણા શી રીતે લેવી ?” તેણીને વિચાર થયો કે: “ હું આલોચના લેવા જઈશ એટલે ગુરુ સ્હેજ ઠપકો આપશે કે તારી આવી દૃષ્ટિ ? તિર્યંચ, પશુપક્ષી કે નાનામોટા જનાવરની તો આવી દૃષ્ટિ હોય પણ તારી, કુલીનની, સાધ્વીની આ દૃષ્ટિ ?” આ વિચારના વમળે તેણી અટવાઈ. આલોચના લેવી એ તો નક્કી જ ! વળી વિચાર્યું: “વાંધો શો ? ઉપાલંભ આપશે તો પણ ગુરુ છે ને ! ગુરુમહારાજ ઠપકો આપવા યોગ્ય છે, એ જો ઉપાલંભ ન આપે તો અન્ય કોણ આપે ? અને મારાથી ગૂનો થયો છે, માટે હું સાંભળવા યોગ્ય છું, મારે સાંભળવું જ જોઈએ,” આવું વિચારી તેણીએ ગુરુ પાસે જવા ગમન આદર્યું. થયું શું ? ઓચિંતો પગમાં કાંટો વાગ્યો. તેથી આ અપશુકન થયા એમ માન્યું અને ક્ષોભ પામી પણ ગુરુ પાસે ગઈ.

પણ તેણીએ આલોયણા બીજાના નામે પૂછી કે: "હે ભગવાન્! જે આવો ખરાબ વિચાર કરે તેને શી આલોયણા આવે ?"

ગુરુએ તો રીતિ અનુસાર આલોયણા કહી દીધી. લક્ષ્મણાએ તેનો અમલ પણ કર્યો. આલોયણામાં તપશ્ચર્યા સામાન્ય નહોતી. એક બે વર્ષ નહિ પણ પચાશ વર્ષ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી. 'छट्ठट्ठमदसमदुवालसेहिं निव्विगइएहिं दस वरिसे! तहय खणएहिं दुन्नि अ, दो चेव य भुञ्जिएहिं च ॥१॥ मासक्खमणेहिं सोलस, वीसं वासाइं अंबिलेहिं च। लक्खण अज्जा एवं कुणइ तव वरिसं पन्नासं ॥२॥ દશવર્ષ સુધી છટ્ઠ, અટ્ઠમ, દશમ, દુવાલસ કર્યાં, વીશ વર્ષ આયંબિલ કર્યાં, સોળવર્ષ માસક્ષમણ કર્યાં, પારણે કંઈ અભિગ્રહો કર્યા, અંતરે બે વર્ષ એકાસણાં, બે વર્ષ બેસણાં વગેરે અન્ય તપશ્ચર્યાઓ કરી. એવી રીતે પચાસ વર્ષ સુધી તીવ્ર તપ કર્યો, છતાં શલ્ય હોવાથી, દુશ્ચરિત્ર જાહેર ન કરવાથી અને ગુરુ પાસે આલોયણા બીજાના નામે લેવાથી તે લક્ષ્મણા સાધ્વી આત્માની શુદ્ધિને મેળવી શકી નહિ. છેલ્લે પણ આર્ત્તધ્યાને મરણ પામી, દુર્ગતિએ ગઈ. આવતી ચોવીશીના પ્રથમ તીર્થેશ શ્રીપદ્મનાભજીના શાસનમાં તેણીનો આત્મા મોક્ષે જશે.

તપ નિઃશલ્ય જોઈએ એ તાત્પર્ય છે. જો તપથી કર્મનો નાશ થતો હોય તો લક્ષ્મણા સાધ્વીનાં કર્મોનો નાશ કેમ ન થયો? 'પ્રાયશ્ચિત્ત લેવાથી કર્મોનો નાશ થાય છે' એ સર્વજ્ઞનું વચન છે. સર્વજ્ઞવચનાનુસાર આલોયણા આપનાર, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. શલ્યવાળું તપ તેટલું ફળ ન દે. કહ્યું છે કે—

'ससल्लो जइवि कट्ठुग्गं, घोरं वीरं तवं चरे।

दिव्वं वाससहस्सं तु, तओ तं तस्स निप्फलं ॥

શલ્યવાળો મનુષ્ય ઉગ્ર કષ્ટવાળી એવી હજાર વર્ષ સુધી દેવતાઈ તપશ્ચર્યા કરે છતાં તે શુદ્ધ ન થાય, કેમકે તે પોતાનું પાપ ગુરુ પાસે ખુલ્લું કરતો નથી; એથી એ શલ્યતાવાળો જ છે અને તેથી તેનું તે તપ નિષ્ફળ જાય છે. (લક્ષ્મણા આર્યા અધિકાર महानिशीथ अ०६ गा० २११થી)

**કાયોત્સર્ગનું ફળ**

तिन्नेव सया हवंति पक्खम्मि।

पंच य चाउम्मासे अट्ठसहस्सं च वारिसए ॥

१६२७ पायसमा ऊसासा कालपमाणेण हुंति नायव्वा।
एयं कालपमाणं उस्सग्गेणं तु नायव्वं १६३६ (आव० नि०)

સંવત્સરિ પ્રતિક્રમણમાં એક હજાર આઠ શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ આવે છે. 'ચંદેસુ નિમ્મલયરા' સુધી પચીશ શ્વાસોશ્વાસ થાય એમ નિર્યુક્તિકાર જણાવે છે અને તે શ્વાસોશ્વાસ પદ દીઠ ગણવો. ચાતુર્માસિક પ્રતિક્રમણમાં પાંચસેં શ્વાસોશ્વાસનો, પાક્ષિકમાં ત્રણસેં શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ આવે છે. હવે તે પ્રસંગને અનુસરીને કાયોત્સર્ગથી શ્વાસોશ્વાસના હિસાબે દેવતાનું આયુષ્ય કેટલું બંધાય છે તે શાસ્ત્રકાર જણાવે છેઃ

'लक्खदुगसहस्सपणचत्तचउसया अट्ठ चेव पलियाइ।
किंचूणा चउभागा सुराउबंधो इगुस्सासे ॥१॥

૨૪૫૪૦૮ (બે લાખ, પીસ્તાલીશ હજાર, ચારસેં સાઠ) પલ્યોપમ + (ઉપરાંત)$\frac{4}{9}$ ચાર નવમાંશ પલ્યોપમ. (એક પલ્યોપમના નવ ભાગ કરાય તેમાંથી ચાર ભાગ) જેટલું દેવાયુષ્ય એક શ્વાસોશ્વાસના કાઉસ્સગ્ગથી બંધાય છે. સમસ્ત નવકારના એટલે આઠ શ્વાસોશ્વાસના કાઉસ્સગ્ગથી ૧૯૬૩૨૬૭ (ઓગણીશ લાખ, ત્રેશઠ હજાર, બસેં સડસઠ) પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે. પચીશ શ્વાસોશ્વાસના લોગસ્સના કાઉસ્સગ્ગથી ૬૧૩૫૨૧૦ (એકસઠ લાખ, પાંત્રીશહજાર, બસેં દશ) પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે. અહીં પ્રશ્ન થશે કે શું દરેક કાયોત્સર્ગે આટલું આટલું આયુષ્ય બંધાય? ના, એમ નહિ પણ જો કાયોત્સર્ગ વખતે આયુષ્ય બંધાય તો અહીં જણાવેલું આયુષ્ય જે દેવલોકનું હોય, ત્યાં તે ઉત્પન્ન થાય. આખી જિંદગીના સરવૈયે આ વાત છે.

**ચૈત્ય પરિપાટીઃ શાસનોન્નતિને અંગે વજ્રસ્વામીનું દૃષ્ટાંત.**

(૫) **પાંચમું આવશ્યક કૃત્ય-ચૈત્યપરિપાટી છે.** દરેક ચૈત્યમાં પૂજા કરવી, કરાવવી અને એ રીતે શાસનોન્નતિ કરવી.

વજ્રસ્વામીનું નામ જૈન જગતમાં સુપ્રસિદ્ધ છે. દુષ્કાલના સમયમાં તેઓ આખા સંઘને પટ ઉપર બેસાડી, આકાશગામિની વિદ્યાવડે સુકાલવાળા સ્થળે લઇ ગયા છે. ત્યાંનો રાજા બૌદ્ધ છે. તે રાજાએ માન્યતાના દ્વેષે જિનચૈત્યોને પુષ્પો વેચાતાં નહિ આપવાનો હુકમ કર્યો.

આથી જૈનોએ પોતાને ઘેર આવતાં પુષ્પો જિનાલયમાં આપવા માંડયા. રાજાએ પોતાના ફરમાનથી જૈનોને ઘર માટે પણ ફૂલો આપવાં બંધ કરાવ્યાં. કેટલી હદે જૂલમ ! પર્યુષણા પર્વ આવ્યું તેથી શ્રીસંઘે વજસ્વામીને, શ્રીજિનેશ્વરદેવની અંગપૂજાને અંગે ફૂલો સંબંધી પરિસ્થિતિ જણાવી, ઘટતું કરવા વિનંતી કરી. વજસ્વામીજી વિદ્યાના જ્ઞાતા છે. એ તો શ્રી સકલસંઘના અનુભવની વાત તો હતી જ. શ્રી વજસ્વામીજી આકાશગામિની વિદ્યાના યોગે માહેશ્વરી નગરીએ ગયા, ત્યાં હુન્યવી સંબંધે પોતાના પિતાનો મિત્ર બાગવાન રહેતો હતો. ત્યાં જઈને ફૂલો તૈયાર કરવાનું જણાવ્યું. ત્યાંથી પોતે હિમવાન્ પર્વતે શ્રીદેવી પાસે ગયા. પોતાની પૂજા માટે તોડેલું મોટું ફૂલ શ્રીદેવીએ એમની આગળ ધર્યું ત્યાંથી તે ફૂલ લઈ, પાછા માહેશ્વરી આવી ત્યાંથી ફૂલો લઈને જંભકદેવકૃત વિમાનમાં પાછા આવી, શ્રીસંઘને ફૂલો આપ્યાં અને જિનાલયોમાં ભારે અંગપૂજા-પૂર્વક મહોત્સવો થયા. સુંદર અંગરચના થઈ. શાસનની પ્રભાવના થઈ, ઉન્નતિ થઈ. આ જોઈને રાજા પણ પ્રતિબોધ પામીને શ્રાવક થયો.

## અમારિ પડહ! શ્રી વિજયહીરસૂરીશ્વરજીના ઉપદેશથી અકબર બાદશાહનો હૃદય પલટો !

આપણે જોઈ ગયા કે પર્યુષણા પર્વમાં પાંચ કૃત્યો આવશ્યક કહ્યાં: ૧. અમારિ પડહ, ૨, સાધર્મિક વાત્સલ્ય ૩. પરસ્પર ક્ષામણાં ૪. અટ્ઠમ તપ અને ૫. ચૈત્યપરિપાટી.

અમારિ પડહ અટ્ઠાઈ પર્વ આદિ પ્રસંગે શ્રી કુમારપાલ મહારાજાએ, સંપ્રતિમહારાજાએ વગડાવ્યો છે.યાદ રાખજો કે ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડ, મેવાડ, માળવા, કચ્છ વગેરેમાં જે ધર્મની છાયા છે, જે દયાની છાયા છે, જૈનેતરોમાં પણ જે તે છાયા છે, માંસાહાર પરિહાર જે દેખાય છે તે પ્રભાવ કુમારપાલ મહારાજાનો છે. આગળ કહેવામાં આવ્યું હતું કે અમારિ પડહને અંગે શ્રી હીરવિજયસૂરીશ્વરજીએ શું કર્યું ? બાદશાહ પાસે કેવી રીતે, કેટલા સમયનો અમારિ પડહ પળાવ્યો ? વગેરે વૃત્તાંત આગળ કહેવામાં આવશે. એમ જે કહ્યું હતું તે વૃત્તાંત હવે કહેવામાં આવે છે.

ગ્રંથકાર શ્રી વિજયલક્ષ્મીસૂરિ કહે છે કે વર્તમાનકાલે પણ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજે અકબર બાદશાહને પ્રતિબોધી, તેના આખા

દેશમાં છ માસ સુધીનો અમારિ પડહ કાયમી બનાવ્યો હતો, અર્થાત્ કાયમને માટે પ્રતિવર્ષ છ માસ અમારિ પળાવવાનાં ફરમાનો મેળવ્યાં હતાં. ગ્રંથકાર કહે છે કે આ ચરિત્ર તો મોટું છે, પણ અમારિ તત્ત્વ પૂરતું અત્ર કહેવામાં આવે છે. સ્વપ્રધાનો પાસે શ્રી હીરવિજયજી-સૂરિજીની પ્રશંસા શ્રવણ કરી, દિલ્હીપતિ યવનશાહ, મોગલવંશનો બાદશાહ તે મહાત્માનાં દર્શન કરવા ઉદ્યુક્ત થાય છે અને તરત પોતાનો રૂક્કો મોકલી બાદશાહ નિમંત્રણ મોકલે છે. બહુમાનપૂર્વક બાદશાહ આમંત્રણ આપે છે. મેના, પાલખી બધું મહાત્માને આપવાનો પોતાના અધિકારીઓને હુકમ કરે છે પણ આ ત્યાગીઓને એવું ક્યાં કલ્પે છે?

આચાર્યશ્રી ગંધારબંદરથી વિહાર કરતાં કરતાં દિલ્હીનગરે સંવત્ (વિક્રમાર્ક) ૧૬૩૯ના જેઠ વદી ૧૩ (તેરશે) આવી પહોંચે છે. બાદશાહે તેમનો અપૂર્વ સત્કાર કર્યો. સૂરિજી શાહને મળ્યા. બાદશાહના મનોરથ ફળ્યા. સૂરિજીનો, અને તેમના સાધુઓનો સંયમ જોઈ બાદશાહ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.

હવે અકબરની ઓળખ આપવામાં આવે છે. દુન્યવી ઓળખ તો જગતના ઇતિહાસે આપી છે કે તે મોગલવંશનો મહાન્ બાદશાહ હતો. આ ગ્રંથકાર, તેની આત્મપરિણતિની ઓળખ એ જ દુન્યવી ઇતિહાસના આધારે આપે છે. એની હિંસકવૃત્તિ તથા પ્રવૃત્તિની આથી પીછાણ થાય છે. આગ્રાથી અજમેર સુધી તેણે જે સડક કરી હતી ત્યાં એક એક ગાઉએ, એક એક માઈલે, એક એક મોટો મિનારો બનાવ્યો હતો અને તે તમામ મિનારા ઉપર હરણિયાનાં પોતે શિકાર કરેલાં શીંગડાં ટાંગ્યાં હતાં દુનિયાને પોતાનું શિકારીપણું જણાવવા માટે આ દેખાવ હતો. આજનું જગત્ પણ પોતાને શિકારી મનાવવામાં બહાદુરી માને છે ને! વિચારો, હિંસાની કઈ હદ સુધીની પરિણતિમાં તે લીન હતો! આચાર્યશ્રીએ તેના હૃદયને આખુંય પલટાવી નાંખ્યું. બાદશાહને દયાર્દ્ર બુદ્ધિવાળો બનાવી દીધો. આચાર્યશ્રીએ એવો ઉપદેશ આપ્યો કે એ બાદશાહની દૃષ્ટિ જ બદલાઈ ગઈ.

**બાદશાહ પાસે સૂરિજીએ શું માગ્યું ?**

બાદશાહે સૂરિજીને કહ્યું : " મહાત્મા ! મહારાજ ! ! દુનિયામાં તો એવો નિયમ છે કે યાત્રિક પોતે ચાલી ચલાવીને ગંગા–યમુનાના

તીરે જાય છે પણ મેં તો તેથી ઉલટી આચરણા કરી છે. આપનાં દર્શનનો ઉમેદવાર હું હતો; મારે આપ હો ત્યાં આવવું જોઇએ, તેને બદલે મેં આપને અહીં બોલાવ્યા. દર્શનનો હેતુ મને હતો અને મુસાફરીનો પરિશ્રમ આપને આપ્યો! આટલું છતાં મહાત્મન્! તમે તો જબરા ત્યાગી છો, અમારી પાસેથી કાંઇ લેતા પણ નથી. આપ કાંઇ પણ માગો એવી મારી ઉમેદ છે.

સૂરિજીએ કહ્યું–સાધુઓ સર્વથા પરિગ્રહથી વિરમેલા છે. વ્રતવાળા માગે શું? દિલ્હીનો બાદશાહ જ્યારે આગ્રહપૂર્વક વિનવે છે ત્યારે આચાર્યશ્રી કહે છે: "હે શાહ! બાદશાહ! તારી ઇચ્છા જ છે તો અમારી માગણી છે કે તમારા અખિલ રાજ્યમાં દરેક પર્યુષણા-પર્વના આઠ દિવસોમાં અમારિ પડહથી અમારિ પળાવો. હે બાદશાહ! આ પવિત્ર દિવસોમાં તમારા ફરમાનથી જીવોને અભયદાન મળો. બંદીવાનોને પણ છોડી મૂકો." આચાર્યની આવી માગણીથી બાદશાહ ઓર ખુશ થયો.

આમાં આચાર્યે પોતા માટે તો કાંઈ માંગ્યું જ નહોતું. બાદશાહના હૃદયમાં થયું: "યે મહાપુરુષ અપને લીયે તો કુછ બાતો હી કરતે નહિ. યે ભી જો બોલે વો ઓરો હીં કે લીયે!" બાદશાહે પ્રસન્ન થઈને હાથ જોડી કબૂલી લીધું. બંદીવાન્ એટલે ગુન્હેગાર–એને છોડાય? છોડાવાય? હા? છોડાવાય. બાદશાહે તરત કેટલાય બંદીવાનોને છોડવાનો હુકમ કરી દીધો. દાબર સરોવર પર પોતે ભેગાં કરેલાં તથા ભેટણામાં આવેલા દેશદેશાવરનાં આવેલાં પક્ષીઓ કે જે પીંજરામાં હતાં તે બધાંને મુક્ત કર્યાં, ઉડાવી દીધાં. પોતે જાતે જઇને તે કર્યું.

બંદીવાનો છોડવા, છોડાવવા, પક્ષીઓ છોડવા, છોડાવવા વગેરે દયાની વાતો દયાના દુશ્મનોને ખટકે પણ જેને બચાવવાના તે બચીને શું કરશે? એ દયા કરનારાએ જોવાનું નથી. જો એમ મનાય તો સાધુ થાય.

કોઈ મનુષ્ય પ્રવ્રજ્યા અંગીકાર કરે તેનો તમામ લાભ, તેના ઉત્પાદક માતાપિતાને થવો જોઇએ: થાય છે? દયાના દુશ્મનો એ લાભ માને છે? ના! ના! શ્રી તીર્થંકર મહારાજા પ્રવ્રજ્યા લે છે, છેલ્લે તીર્થ સ્થાપે છે. એ બધાનો લાભ માતાપિતાને મળે એમ કેમ માનતા

નથી ? દયાના દુશ્મનોને સીધી દૃષ્ટિએ જોવું નથી; માત્ર જેમ આવે તેમ બકવું છે !

**બાદશાહે કરેલો અમલ !**

અમારિ પાલનને અંગે, અમારિ પડહના ફરમાનને અંગે બાદશાહે કેવો અમલ કર્યો ? તેણે વિચાર્યું કે 'દુનિયામાં પણ એવો નિયમ છે કે કોઈનો કાંઈ વ્યવહાર આવે, સંપેતરૂં આવે તો તેમાં કાંઈક ઉમેરીને પાછું વળાય છે તો આ તો પરમાર્થે (પોતાના લેશ પણ સ્વાર્થ વિનાની) મહારાજશ્રીની માગણી અને હું બાદશાહ, એટલે મારે એમની ઇચ્છાને માન આપવા ઉપરાંત કાંઈક કરવું એ જ સમુચિત છે' તેણે તે જ વખતે મહારાજશ્રીને કહ્યું : "આપના આઠ દિવસ તથા મારા ચાર દિવસ એમ બાર દિવસ હું આપને અમારિ પડહના આપું છું. શ્રાવણ વદી દશમથી ભાદરવા સુદી છઠ્ઠ સુધી (બાદશાહના ચાર દિવસમાં બે દિવસ આગળ બે દિવસ પાછળ તેણે રાખ્યા) અમારિ પડહપૂર્વક અમારિ પાલનનું મારા આખા રાજ્યમાં ફરમાન કરું છું."

બાદશાહે પોતાની સહીવાળાં છ ફરમાનપત્રો તૈયાર કરીને ગુરુશ્રીને આપ્યાં અને પ્રાંતવાર સૂબાઓને પણ મોકલી અપાયાં. છ ફરમાનપત્રો જે સૂરિજીને અપાયાં, તે આ મુજબ (૧) ગુજરાત પ્રાંતનું (૨) માળવાનું (૩) અજમેર (મારવાડ)નું (૪) દિલ્હી ફત્તેહપુર (રજપૂતાના)નું (૫) લાહોર–મુલતાનનું (પંજાબનું), (૬) સામાન્ય કે જેમાં પાંચે પ્રાંતોનો હુકમ હોય તેવું.

**વાચક શ્રીશાંતિચંદ્રજીના ચમત્કારો**

**(૧) મોતી શી રીતે મળ્યાં ?**

સૂરિજીના સમાગમથી બાદશાહને તો ધર્મશ્રમણનો રસ લાગ્યો. વિહારનો સમય નજીક આવતાં બાદશાહે વિનંતી કરી: " મહારાજ ! આપને વિહાર કરતાં તો હું રોકી શકું નહિ પરન્તુ અમને ધર્મ સંભળાવવા માટે આપ અત્રે એક સમર્થ શિષ્યને મૂકી જવાની કૃપા કરો. પાદશાહની પ્રાર્થનાથી સૂરિજીએ પોતે વિહાર કર્યો ત્યારે બાદશાહને ધર્મ સંભળાવવા જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના ટીકાકાર તથા પશ્ચિમ દિશાના માલિક વરૂણદેવે જેમને વરદાન આપ્યું છે-એવા સમર્થ વિદ્વાન, ગીતાર્થ ધર્મોપદેષ્ટા વાચક શ્રી શાંતિચંદ્રજી ઉપાધ્યાયને ત્યાં રાખ્યા.

બાદશાહને શ્રવણ કરાવવા જ વાચકજી મહારાજે ટીકા સહિત **કૃપા રસકોષની** રચના કરી. બાદશાહના હૃદયમાં શ્રી હીરવિજયસૂરિજીએ વાવેલી દયારૂપ વેલડીને શ્રી ઉપાધ્યાયજી શાંતિચંદ્રજી મહારાજે નવપલ્લવિત કરી.

એક વખત કોઈ શેઠે બાદશાહને શ્રેષ્ઠ એવાં બે મોટાં મોતી નજરાણાં તરીકે આપ્યાં. તે લઈ બાદશાહે તે શેઠનો સત્કાર કર્યો. બાદશાહે તે વખતે તે મોતી પોતાના ચામર વીંઝનાર સેવક બારહજારી મુનસફ બિરૂદને રાખવા આપ્યા. 'બાર હજારી' એવું બિરૂદ છે. બાદશાહને એ વખતે એમ જ થયું કે ભલે એ મોતી હાલ બારહજારી સાચવે. એ કાંઈ ખજાનચી નહોતો કે ત્યાં પટારો ઉઘાડી મૂકે. એ બારહજારી તો મોતી પોતાને ઘેર લઈ ગયો અને તે વખતે સ્નાન કરવા તૈયાર થએલી પોતાની સ્ત્રીને વ્યતિકર (બનેલો બનાવ) કહેવાપૂર્વક તેણે સાચવવા આપ્યાં.

પુરુષ ફરતો અને સાચવનાર સ્ત્રી હોય, તેથી એનું નામ ગૃહિણી છે. તે વખતે તો તેણીએ લુગડાના છેડે બાંધ્યાં, પછી ઠેકાણે મૂક્યાં. તેણીએ વિચાર્યું કે બાદશાહ મોતી ક્યારે માગે એનો પત્તો શો? આથી જ્યાં ત્યાં ન મૂકતાં કોઈ ગુહ્યસ્થાને મૂક્યાં. બાદશાહે તરતમાં કાંઈ માગ્યાં નહિ, કાળ પસાર થયો, બારહજારીની સ્ત્રી માંદી પણ પડી અને મરી પણ ગઈ. તેણીએ પેલાં મોતી ક્યાં મૂક્યાં છે તે તેણીએ કહ્યું નહિ, બારહજારી તો એ ભૂલી જ ગયો હતો.

એક વખતે બાદશાહે પેલાં મોતી માગ્યાં. બારહજારીને પણ એ જ વખતે મોતી યાદ આવ્યાં. હવે શું કહેવું? બાદશાહે પોતાને મોતી આપેલાં એમાં તો કાંઈ ના કહેવાય તેમ નથી. બનાવ કેવો બની ગયો છે! પણ એ વાત બાદશાહને કહે તો તે માને? વાણીઓ વાયદે જીતે 'લઈ આવું' એમ કહીને તે ઘેર ગયો. બધે જોયું પણ પત્તો લાગ્યો નહિ. પેટી-પટારામાં હોય તો જડે ને! પેલી સ્ત્રીએ એવે ઠેકાણે મૂકેલાં કે ચોરને, કે જોનારને જડે જ નહિ, કેમકે બાદશાહની અનામત હતી ને! પછી તો એ વાત વિસારે પડી હતી. બનવાનું બની ગયું! પીઢીઆમાં કે મોભમાં એમ ક્યાંય ખૂણે ખાંચરે મૂકેલી વસ્તુ જડે ક્યાંથી? હવે શું કરવું? બાદશાહ પાસે ગયા વગર કેમ ચાલે? પ્રથમ જ જો, "સ્ત્રી મરી ગઈ અને તેણે ક્યાં મૂક્યાં છે તે

ખબર નથી" એમ કહે તો તેની દાનત માટે શંકા જાય, એ જવાબ ઉડાઉ ગણાય પરંતુ હવે તો કહી શકે કે "આમ બન્યું છે, હાલ તરત મોતી કયાંય જડતાં નથી, છતાં શોધીશ." તો બાદશાહ પણ માની શકે (સ્ત્રી મરી ગઈ એ વાત તો પ્રત્યક્ષ જ છે ને!) અને પોતે એમ ધારે કે નિરાંતે શોધીશ.

તે બાદશાહ પાસે આવવા ઘેરથી નીકળ્યો. પુણ્યના ઉદયે માર્ગમાં શાંતિચંદ્રજી ઉપાધ્યાય મળ્યા. રોજનો પરિચય તો છે, કેમકે ઉપાધ્યાયજી રોજ બાદશાહને ધર્મશ્રવણ કરાવવા જાય છે, અને આ છે ચામર વીંઝનાર એટલે એ પરિચય સ્વાભાવિક છે. ઉપાધ્યાયજીએ આને ઉદાસ જોઈને, શીયા–વીયા જોઈને પૂછયુંઃ "કેમ હોશકોશ ઉડી ગયા છે?" તે બારહજારીએ વંદન કરવાપૂર્વક તમામ વ્યતિકર કહ્યો અને ઉદાસીનપણાનું કારણ જણાવ્યું. વાત પણ ખરી. રાજા બાદશાહનો શો ભરોસો! અવળી ઘાણીએ પીલે, પોતાને તો પીલે પણ કુટુંબનેય પાલે. સીધા ઉતર્યા તો ઠીક અને વિફર્યા તો બાર જ વગાડે!

ઉપાધ્યાયજીએ કહ્યું: "ભલા આદમી! ઉદાસ ન થા! જા, પાછો ઘેર જા, અને જેણીને તેં મોતી આપ્યાં છે તેની પાસે માગી લે, તેણી મોતી તને આપશે, જા, જલદી જા!" મનાય? સ્ત્રી મરી ગઈ છે, પોતે ભસ્મીભૂત કરી આવેલ, છતાં ઉપાધ્યાયજીના કહ્યા પછી જરાય ચર્ચા નહિ! શ્રદ્ધા, પ્રતીતિ કોઇ અજબ ચીજ છે. તરત ઉલ્લાસમાં આવી, ઉત્સાહભેર ઘેર દોડયો. શ્રદ્ધા તો એવી હતી કે જેને બાદશાહ માને તે કાંઇ જેવા તેવા હોય?

### નહિ કલ્પેલું જોયું

પોતે ઘેર ગયો ત્યાં શું જોયું? પ્રથમ મોતી આપ્યા ત્યારે સ્ત્રીને જે રૂપે જોઈ હતી તે જ રૂપે સ્નાન કરવા તૈયાર થયેલી જોઈ. તેણે મોતી માંગ્યાં અને તે સ્ત્રીએ લુગડાના છેડેથી છોડીને આપ્યાં. એ તો આ સ્ત્રીનું શું થાય છે, અલોપ થાય છે કે કેમ એ જોવાય ઊભો ન રહ્યો કેમકે ઝટપટ મોતી બાદશાહને આપવામાં જ જીવનની સલામતી છે ને! હાથમાં મજબુતપણે મોતીના યુગલને પકડી તે બાદશાહ પાસે દોડી ગયો અને બાદશાહને મોતી આપ્યાં પછી ચામર

વીંઝવા લાગ્યો, પણ રોજની જેમ એ આજે ચામર વીંઝી શકતો નહિ, એના હૃદયમાં પેલા આશ્ચર્યની ગડમથલ હતી. એની દૃષ્ટિ સમક્ષ ચમત્કાર ખડો થતો હતો. એ દશામાં ઘડીમાં ચામર વીંઝે, ઘડીમાં તેમાં સ્ખલના થાય, વિચારમાં ગરકાવ થવાથી શરીરની ક્રિયામાં સ્તબ્ધ બને, વળી ફરી વીંઝે, વળી સ્તબ્ધ થાય: જેને વારંવાર ઝોકાં આવતાં હોય તેની હાલત કેવી હોય? વારંવાર આવી સ્ખલના થવાથી બાદશાહે તેને પૂછ્યું: "આજે તું ચિત્રામણમાં ચિત્રિત જેવો કેમ દેખાય છે?" યવન બાદશાહની ભાષામાં પણ અહીં કેવા શબ્દો છે? "મરી ગયા જેવો કે મુડદાલ જેવો કેમ દેખાય છે? એમ નહિ પરન્તુ ચિત્રામણમાં ચિત્રિત કેમ છે?" એમ બોલાય છે.

**સંસ્કારનું ફળ.**

સંસ્કારનું,–સત્સંસર્ગનું આ પરિણામ છે. શબ્દ મધુર જોઈએ. બાદશાહના હૃદયમાં દયારૂપી વેલડી નવપલ્લવિત થઈ છે એટલે એના શબ્દોમાં અનુપયોગ સ્વાભાવિક રીતિએ ન હોય. એક બે વાર બારહજારીએ કહ્યું: "કાંઈ નહિ; સ્હેજે" પણ આશ્ચર્યની અસરમાંથી એ મુક્ત થઈ શક્યો નહિ. એ આશ્ચર્ય કાંઈ જેવું તેવું હતું? મરેલી સ્ત્રી, બાળી નંખાયેલી સ્ત્રી, જાતે જ જેનું શબ ભસ્મીભૂત કરવામાં આવ્યું છે એવી સ્ત્રી લુગડાનાં છેડેથી છોડીને (તે પણ પ્રથમની જેમ સ્નાન માટે ઉદ્યુક્ત થયેલા રૂપે) મોતી આપે એ આશ્ચર્ય કાંઈ જેવું તેવું ગણાય? અભૂતપૂર્વ આ આશ્ચર્યની અસરથી સ્હેજે છૂટાય શી રીતે?

આથી બાદશાહે માન્યું કે: "મેં મોતી માગ્યાં તેથી આજે આટલા લાંબા કાલે મોતી પાછાં આપવાં પડે છે, તેની શું આ અસર છે?" આથી બાદશાહે સ્વમન્તવ્યાનુસાર કહ્યું:–"શું તેં એમ માન્યું હતું કે એ મોતી મેં તને આપી દીધાં હતાં? મેં તો તને રાખવાં આપ્યાં હતાં." જ્યારે બાદશાહે આ રીતે કહ્યું ત્યારે આક્ષેપનું નિરાકરણ કર્યા વિના ચાલે? તેણે કહ્યું: "જહાંપનાહ! મેં એવું માનેલું નથી." આમ કહી બનેલો તમામ બનાવ કહી સંભળાવ્યો.

તેણે કહ્યું: ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજીના આ ચમત્કારથી હું

ગરકાવ થયો છું તેથી વારંવાર ચામર વીંઝવામાં સ્ખલના થાય છેઃ ક્ષમા કરો! બાદશાહ સલામત!!"

બાદશાહ બોલ્યોઃ "આટલા આશ્ચર્યમાં તું નવાઈ પામે છે! એ તો બીજો પરમેશ્વર છે!!"

**બાદશાહને બાપ બતાવ્યો!! ચમત્કાર બીજો!!**

બારહજારીને અંગેના ચમત્કારનો વ્યતિકર જાણી બાદશાહને પણ ચમત્કાર જોવાની તાલાવેલી લાગી. રોજ ઉપાધ્યાયજી ધર્મોપદેશ આપવા તો મહેલે જાય છે, સુવર્ણ સિંહાસન પર બેસીને દેશના આપે છે. એક દિવસ પ્રસંગ જોઈને બાદશાહે કહ્યુંઃ "પૂજ્ય! અમને પણ કાંઈ ચમત્કાર બતાવવાની કૃપા કરો, કૃપાનાથ!!" વિચારો, એક ચમત્કાર બતાવ્યો તો બીજો બતાવવાનો પ્રસંગ ઊભો થયો. એ પણ ખ્યાલ રાખવાનું છે કે ગીતાર્થ ઘટતું બધુંય કરે. ગીતાર્થનો દાખલો સામાન્યથી લેવાય નહિ. પૂર્વાચાર્યોએ જૈન શાસ્ત્રમાંથી જ્યોતિષ, વૈદક વગેરેને કેમ વિદાય કર્યાં તે આથી સમજાશે. જો એ રાખ્યું હોત તે તમારાં બૈરાં, છોકરાં માટે ટીપણાં રાખવાં પડત અને દવાઓ રાખવા પેટી પટારા રાખવા પડત. સાધુ એટલે વાણીઆના ગુરુ! વાણીઓ દેતાંય લાભ મેળવે, લેતાંય લાભ મેળવેઃ ખરીદીમાં, વિક્રયમાં બેયમાં લાભે લોટે તે વાણીઓ! ઉપાધ્યાયજીથી બાદશાહને ના કહેવાય? ભલે થઈ જાય! લાભદષ્ટિની દોરી તો પોતાના જ હાથમાં જ છે ને! પોતે ગીતાર્થ છે!

બાદશાહને કહ્યુંઃ "જો એવી જ ઇચ્છા હોય તો કાલે ધર્મચર્ચાનો પ્રસંગ ગુલાબબાગમાં રાખવોઃ સવારે ગુલાબબાગમાં આવવું." બીજે દિવસે સવારે ઉપાધ્યાયજી ગુલાબબાગે પધાર્યા. બાદશાહ પણ પરિવાર સાથે ત્યાં ગયેલ છે. આજે ચમત્કાર જોવાનો છે એ વાત ફેલાતાં સાથેના પરિવારમાં કાંઈ કમીના હોય? નગરલોકની મેદનીનો પણ પાર નથી. ઉપાધ્યાયજી તથા બાદશાહ પરસ્પર ધર્મચર્ચા કરી રહ્યા છે એટલામાં બાદશાહી નોબતની ગર્જના થઈ. બાદશાહી નોબત બે જ પ્રકારે, બે જ પ્રસંગે વાગે. કાં તો શાહી હુકમથી વાગે, કાંતો શત્રુને હરાવી વગડાવે ત્યારે વાગે. બાદશાહે વગાડવાનું ફરમાન તો કર્યું નથીઃ એવો

કોઈ ખાસ પ્રસંગ નથી કે તેવું ફરમાન હોય. "અમારી આજ્ઞા વિના બાર બાર ગાઉમાં આવો ડંકો વગાડવાનો કોઈને હુકમ નથી તો આ કોણે નોબતનો ગડગડાટ કર્યો ?"

બાદશાહે "શી ધાંધલ છે, ? કોણ ચડી આવ્યું છે? કયો દુશ્મન દળ લઈને દિલ્હી ઉપર આક્રમણ લઈને આવ્યો છે?" એ જાણવા સેવકોને તપાસ કરી લાવવા ફરમાવ્યું. નોકરો તપાસ કરી આવીને હાજર થઈને કહે છેઃ "જહાંપનાહ ! આ તો આપના પિતાજી, હૂમાયુ બાદશાહ પોતાના લાવલશ્કર સાથે તમને મળવા આવે છે." હૂમાયું તો મરી ગયો હતો ! પણ આ તો ચમત્કાર છે ને ! હજી તો આ વાત થઈ રહી છે ત્યાં તો ખૂદબખૂદ (પોતે આપોઆપ) હૂમાયું આવીને ઊભો રહ્યો. પોતાના પુત્ર અકબરને વહાલથી ભેટયો. પિતાપુત્ર પરસ્પર ખૂબ ખૂબ ભેટયા. હૂમાયુંએ પરિવાર તમામને મેવા, મિઠાઈથી ભરેલ થાળ વગેરે આપ્યા અને જોતજોતામાં તો જેવો આવ્યો હતો તેવો તે ચાલ્યો.

બાદશાહે વિચાર્યું કે "શું આ ઈંદ્રજાલ છે? નહિ, નહિ ! ઇન્દ્રજાલ નથી કેમકે આપવામાં આવેલી ચીજો મેવા, મિઠાઈ, ભાજનાદિ તો વિદ્યમાન છે. જાણ્યું, જાણ્યું. આ ચોક્કસ ગુરુમહારાજનું છે, એમણે જ આ ચમત્કાર બતાવી દીધો !" બાદશાહે નમન કરી ગુરુમહારાજની સ્તુતિ કરી.

**ચમત્કાર ત્રીજો ! ઇચ્છા માત્રમાં કિલ્લો સર !**

એક વખત બાદશાહ અટક જીતવા સૈન્ય લઈને દિલ્હીથી નીકળ્યો. સાથે ઉપાધ્યાયજીને પણ લીધા છે. નાના મોટા પ્રયાણે લશ્કરની સાથે ઉપાધ્યાયજી પણ પદવિહાર કરે છે, પરિશ્રમને ગણકારતા નથી. આ વખતે ધર્મોપદેશ નથી. એક વખત લશ્કરે બત્રીસ કોશનું મોટું પ્રયાણ કર્યું. ઘોડા, હાથી, ઊંટ, બગદ, ગાડાં વગેરેનો ઉપયોગ કરનારને તો વાંધો નહિ પણ ઉપાધ્યાયજીની શી દશા ! એમને પગે એવા તો સોજા આવી ગયા છે કે પગલું પણ ઉપાડવા તે સમર્થ નથી. મુકામ થયા પછી બાદશાહે જ્યારે સાથે આવનારની નામાવલિ તપાસી, ત્યારે છેલ્લે ઉપાધ્યાયજીનું નામ પણ જોયું. તે વખતે તેને ખ્યાલ આવ્યો કે :

"જેઓ વાહનમાં બેસતા નથી તેમણે આવું મોટું પ્રયાણ શી રીતે કર્યું હશે ! એ મહાત્માને મોટું દુઃખ થયું હશે, પોતાના સિપાઈને ઉપાધ્યાયજી પાસે, ખબર પૂછવા તથા "બાદશાહ બોલાવે છે" એમ કહેવા મોકલ્યો.

ઉપાધ્યાયજીની પગલું પણ ન ભરી શકવાની હાલત એને કલ્પનાય હોય તો આમ સિપાઈને મોકલે ? સિપાઈએ આવીને શું જોયું ? પગ સૂઝીને થાંભલા થઈ ગયા છે, ઉષ્ણ જલથી શિષ્યો સિંચન કરી રહ્યા છે, ગળામાં પણ પાણી સીધું જતું નથી, પી શકાતું નથી, ભીનાં વસ્ત્રને ગળે તથા છાતીએ મૂકાઈ રહેલ છે, 'બે શિષ્યો ખડે પગે વૈય્યાવચ્ચ કરી રહ્યા છે; આવી શિષ્યોની ગુરુભક્તિ જોઈ સિપાઈએ પણ મસ્તક ડોલાવ્યું, બાદશાહની વતી ખબર પૂછી, 'હજૂર બુલાતા હય' એવો સંદેશો કહ્યો. શિષ્યોએ હાલત કહી, જે હાલત નજરો-નજર નિહાળાતી હતી. સિપાઈએ આવીને બાદશાહને હાલત કહી બતાવી. બાદશાહે મેનો મોકલ્યો.

ઉપાધ્યાયજીએ હવે જવાનું નક્કી કર્યું પણ વાહનમાં બેસવું નથી. એક લાકડાની વળી મંગાવી. વચ્ચે પોતે બેઠા અને બે છેડેથી બે શિષ્યોએ વહનકાર્ય કર્યું. તેમને આ રીતે આવતાં જોઈ, જ્યારે નજર પડયા ત્યારે બાદશાહ સામે આવ્યો અને નમી પડયો, ક્ષમા માગી. બાદશાહના દિલમાં થયું : "કેવી ગુરુભક્તિ ! શિષ્યો વળી ઉપર બેસાડીને લાવે એ તો પ્રત્યક્ષ છે જ : પરંતુ ઉપાધ્યાયજી કાયમ આ કષ્ટ સહન કરે છે. મારી સાથે આવવું, તેને અંગે સહન કરવું પડતું સહન કરવું—એ પણ પોતાના ગુરુના આદેશપાલન ખાતર જ છે એ મહાત્માને કયો સ્વાર્થ છે ? કયા પૈસા ટકા લેવા છે ?

બાદશાહે કહ્યું: "મહારાજ ! આપને અતિ કષ્ટ થયું, ક્ષમા કરો, આપે આવું ઉતાવળે આવવાની જરૂર નથી, આવા પ્રસંગે ધીમે ધીમે આવો એ જ ઇચ્છવા યોગ્ય છે." ક્રમસર પ્રયાણે લશ્કર અટક જઈ પહોંચ્યું. ત્યાંના રાજાએ નગરનાં દ્વારને બંધ કર્યાં. કિલ્લો મજબુત હતો, બાદશાહે કિલ્લાને ઘેરો ઘાલ્યો. એ ઘેરો બાર વર્ષ રહ્યો. બાર બાર વર્ષ પસાર થયા છતાં પાસા પોબાર પડતા નથી અર્થાત્ કિલ્લો સર થતો નથી.

આજકાલ કેટલાક જૈનેતરો જૈનોને હલકા પાડવા કહે છે કે, જૈનોના અમલમાં રાજ્ય ગયું પણ-પણ એ સદંતર ખોટું છે. કુમારપાલ મહારાજા જૈન હતા, તેમના સમયમાં રાજ્ય વધ્યું કે ઘટયું ! સંપ્રતિ-મહારાજા જૈન હતા, તેમના સમયમાં રાજ્ય વધ્યું કે ઘટયું ! કહો કે વધ્યું ! હિંદુસ્તાનનું રાજ્ય કોના હાથમાથી ગયું ? દિલ્હીની ગાદી મુસ્લિમોને હસ્તગત કયારે થઈ? કયા રાજાએ ખોઈ? પૃથ્વીરાજ ચૌહાણ તથા જયચંદ રાઠોડ એ બે જ હિંદના રાજ્યની પતનનાં નિમિત્ત મુખ્ય કારણો છે. એ જૈન કે ઇતર ? શા કારણે રાજ્ય ગયું ? સંયુક્તાના કારણેજને ? વિષયલાલસાના કારણે રાજ્ય જાય એમાં નવાઈ શી ? કારણ વિષયાદિનું, દોષ વિષયના લાલચુઓનો અને એ દોષ ઢોળવો જૈનોને માથે ?"

હવે અકબરના પ્રસંગમાં રાજ્ય જાય છે કે શું થાય છે તે જૂઓ. બાદશાહને ધર્મદ્વેષી મુસલમાનો કહેવા લાગ્યાઃ "હે શાહ ! જ્યાં સુધી તમારી પાસે આ લુચ્ચો શ્વેતાંબર શેવડો છે ત્યાં સુધી તારા હાથમાં કિલ્લો નહિ આવે.તને કોઈની સોબત ન જડી તે આની જડી? તારા બાપે, દાદાએ કોઈએ આવાની સોબત કરી હતી ?" ધર્મદ્વેષી કાયમ ધર્મપ્રેમીઓના દીલમાં આ રીતે જ અવળું ભૂત ભરાવે છે.

### બાદશાહનો અડગ વિશ્વાસ.

બાદશાહનું ધૈર્ય પણ કેવું ? બાર બાર વર્ષ વીતવા છતાં ધર્મ-દ્વેષીઓના આવા પ્રયત્નો છતાં ઉપાધ્યાયજી પરત્વે અડગ વિશ્વાસ ! કાયમ ધર્મશ્રમણ ! બાદશાહ સરલપણ કેવો બન્યો છે ! એક વખત ધર્મશ્રવણ પ્રસંગે તેણે ઉપાધ્યાયજીને કહ્યું: "પૂજ્ય ! ધર્મહીન મનુષ્યો, સ્વેચ્છિત પ્રજલ્પવાદથી આ રીતે જેમ તેમ બોલી કદર્થના કરે છે. કિલ્લો સર પણ થતો નથી, પાછા પણ વળાય કેમ ?"

### ઉપાધ્યાયજીની તાકાત.

ઉપાધ્યાયજીની પણ કેવી સમતા ! પોતે ધારે ત્યારે જે કાર્ય કરવા સમર્થ હતા, છતાં પ્રસંગ વિના બાર બાર વર્ષ મૌન જ ધારી રહ્યા ! જ્યારે પ્રસંગે બાદશાહે આ પ્રમાણે કહ્યું, ત્યારે તેમણે કહ્યું: "હે મોગલ ! જે દિવસે તારી ઇચ્છા હોય તે દિવસે કહેજે, કિલ્લો

ઇચ્છામાત્રમાં સર થઈ જશે !'' 'હં !' બાદશાહ તો ખુશ થયો. ચમત્કારનો તો અનુભવ હતો જ. પોતે ઉપાધ્યાયજીને બીજા પરમેશ્વર તો માનતો જ હતો.

**કાર્ય કરનારનું ધ્યેય.**

'न गणस्याग्रतो गच्छेत्, सिद्धे कार्ये समं फलं ।
यदि कार्यविपत्तिः स्यात् मुखरस्तत्र हन्यते ॥१॥

એક નિયમ છે કે ટોળાના આગેવાન બનવું નહિ, કારણ કે જો વિજય થાય, યશ મળે તો મૂછે હાથ ટોળું દે, અને અપયશ, પરાજય થાય તો દોષ કોને ? આગેવાનને ! ઉપાધ્યાયજી જો આગેવાન (ટોળાના) થાય તો વિજયમાં મૂછે હાથ મુસલમાનો દે અને પરાજયમાં વાંક શેવડાનો !

બાદશાહે અરજી કરી કહ્યું કે "પૂજ્ય ! એમાં ઢીલ શા માટે ?"

ઉપાધ્યાયજીએ પોતાની શરત રજુ કરી. અકબરની શ્રદ્ધા કેવી છે તે વિચારવા યોગ્ય છે. ઉપાધ્યાયજીની શરત :– "આખી છાવણીએ અહીં જ રહેવું. કિલ્લે તમારે તથા મારે, બે જ વ્યક્તિએ જવાનું. નગરમાં કે છાવણીમાં કોઈએ કોઈને મારવો નહિ. કોઇએ કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ." ઉપાધ્યાયજીએ અહિંસા પણ પ્રથમ કબૂલ કરાવી. અહિંસાનો અધિષ્ઠાતા એ જ કરે ! બાદશાહે તેવી ટેલ છાવણીમાં ફેરવી અર્થાત્ તેનો હુકમ કર્યો.

બીજે દિવસે બાદશાહ તથા ઉપાધ્યાયજી બન્ને સાથે, એકલા કિલ્લા પાસે આવ્યા. તે વખતે પેલા છિદ્રવેષી, ધર્મદ્વેષી મ્લેચ્છો પરસ્પર એ જ પીંજણ પીંજવા લાગ્યા, એ જ અલ્પવાદ કરવા લાગ્યા કે : "અહો ! આમાં જરુર ભેદ છે; આ ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજી જરૂર દુશ્મનને મળેલો છે, ફૂટેલો છે, બાદશાહને આ રીતે એકાકી લઈ જાય છે તો જરૂર તે દુશ્મનને હાથોહાથ સોંપી દેશે." આવા વિષમ વાતાવરણમાં પણ બાદશાહનો વિશ્વાસ અડગ છે, તથા ઉપાધ્યાયજી પોતે પણ પોતાના કાર્યમાં અડગ જ છે. કાર્યકરોએ લબાડોની લવરી સામે જોવાનું હોય નહિ. જેઓ લવરી સામે જોયા કરે તેઓ કાર્ય કરી શકતા નથી.

હવે ઉપાધ્યાયજીએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું. એક ફૂંક મારી ને કિલ્લાની આસપાસની ખાઇને ધૂળથી ભરી દીધી. બીજી ફૂંકથી શત્રુના સૈન્યને સ્તંભિત કરી નાંખ્યું કે જેથી તે ઘા કરી શકે નહિ અને ત્રીજી ફૂંકથી શહેરના દરવાજા તોડી ફોડી નાખ્યા.

બાદશાહે નગરપ્રવેશ કર્યો. નગરમાં પોતાની આજ્ઞા પ્રવર્ત્તાવી. એ ત્રીજો ચમત્કાર! ઇચ્છામાત્રમાં કિલ્લો સર! અકબરે જોયું એ નજરોનજર!!!

**ગુરુથી ચેલા વધ્યા**

હવે દિલ્હીપતિ મોગલસમ્રાટ અકબરે અંજલિ જોડી અરજ કરી :– "ગુરુદેવ ! કોઇથી ન થાય એવું કાર્ય આપે ક્ષણમાત્રમાં સિદ્ધ કર્યું. આ રાજ્ય ખરી રીતે આપનું છે, ઈન્સાફની સાફ વાત તો એ જ છે. આપ તો મોટા ફકીર છો. આવી ફકીરી આખી જહાનમાં દીઠી નથી. કૃપાનાથ ! મને કૃતાર્થ કરો ! હુકમ ફરમાવો. હું આપને પ્રિય એવું શું કરું ?

દુનિયામાં નિયમ છે કે નાત જમાડાય ત્યારે વસવૈયાને ખાસ સંતોષવા જોઇએ. નાતીલાઓ વખાણે કે વખોડે તેનું મૂલ્ય નહિ, તેનું કોઈ સાંભળે નહિ. કોઈ વખાણે તો પણ પ્રત્યુત્તર મળે કે 'કરેજને !' વખોડે તોય જવાબ મળે; "નાત છે ! કોઈ વખત જરા બગડે પણ ખરું ! એમાં શું થઈ ગયું ?" આથી નાતીલાઓ બોલે જ નહિ. પણ વસવૈયા ! એ તો સંતોષાયા વખાણ પણ ખૂબ કરે અને અસંતોષથી જ્યાં ત્યાં વગોવે પણ ખૂબ. આથી જ વસવૈયાને પ્રથમ ધ્યાનમાં રાખવા પડે છે. ઉપાધ્યાયજીએ પણ વિચાર્યું કે દુર્જનોના બોલ્યા સામું જોવાય નહિ, દુર્જનો પરત્વે પણ ઉપકાર કરવો એ જ સાધુનું કર્તવ્ય છે. કહ્યું છે:—

> उपकारिषु यः साधुः, साधुत्वे तस्य को गुणः ।
> अपकारिषु यः साधुः, स साधुः सद्भिरुच्यते ॥ १ ॥

જે મુસલમાનો પ્રજલ્પવાદ કરતા હતા તેમને ક્ષમા કરવાનું પ્રથમ માગ્યું. પછી જજીઆવેરો બંધ કરવાનું માગ્યું. જજીઆવેરો એટલે? હિંદુઓ પાસે માથા દીઠ લેવાતો વેરો. હિંદુપણું ટકાવવા માટેનો વેરો. જે હિંદુએ હિંદુપણું ટકાવવું હોય તેણે પ્રતિવર્ષ માથા દીઠ એક સોનૈયો આપવો, એ વેરાનું નામ હતું જજીયા (જીજીયા) વેરો. આ વેરાની આવક બાદશાહને પ્રતિવર્ષ ચૌદકોડ સોનૈયાની હતી. આ બે માગણીથી ઉપાધ્યાયજીએ શું કર્યું ? અપકારી મુસલમાનોને પણ ક્ષમા અપાવી, તેમના ઉપર ઉપકાર કર્યો. જજીઆવેરો બંધ કરાવી હિંદુઓને પણ બોલતા બંધ કર્યા.

બાદશાહે એ તો કબૂલ્યું પણ ફરી અરજ કરી :–" અય મહાત્મન્ !

આતો મારી રૈયત માટે જ આપે માગ્યું ! આપ હજી કાંઈ માંગો !!" પાદશાહની પ્રાર્થનાથી ઉપાધ્યાયજીએ માંગ્યું: "બાદશાહ ! તેં શિકાર તો બંધ કર્યો પણ એક ભયંકર કૃત્ય બંધ કર એવી અમારી ઈચ્છા છે. ચકલાની સવા શેર જીભનો રોજનો તારો ખોરાક તજી દે ! (વિચારો સવાશેર જીભ કરવામાં કેટલાં ચકલાં મરાતાં હશે ! માંસાહારનો આવો જિહ્વાનો સ્વાદ ઉપાધ્યાયજી એકદમ છોડાવે છે.) તથા શત્રુંજયના યાત્રિકો પાસેથી લેવામાં આવતો વેરો જતો કર ! (સિદ્ધગિરિની યાત્રા કરવા જતાં સોનૈયાનો કર હતો તે બંધ કરાવ્યો) તથા તારા આખા રાજ્યમાં છ માસ અમારિ પડહ વગાડવાપૂર્વક અમારિનું પાલન કરાવ, અમારિ પળાય તેવો પ્રબંધ કર ! શ્રી હીરવિજયસૂરીશ્વરજીએ બાર દિવસ પળાવ્યા, વાચકજીએ છ માસ !

**અમારિના છ માસ.**

બાદશાહે તરત બધું કબૂલ્યું. હવે છ માસ કયા તે ગણાવે છે. કયા છ માસ એ પ્રશ્ન સાથે જ ઉપાધ્યાયજીએ આરંભમાં જ કહ્યું "શાહ ! પ્રથમ તો તમારો જન્મ માસ !" દેખાય પણ સારું અને અર્થ પણ સરે. હવે ગણના આગળ ચાલી. બાદશાહનો જન્મમાસ, પર્યુષણપર્વ સંબંધી બાર દિવસ, (એ દિવસો તો પ્રથમ અપાયેલા જ હતા પણ એને અહીં ફરી પાકા કરવામાં આવ્યા), બધા રવિવાર, તમામ સંક્રાંતિના દિવસો, નવરોજનો મહિનો, ઈદના તમામ દિવસો, મહોરમના તમામ દિવસો અને સોફીયાનના દિવસો. એ રીતે કુલ છ માસ અમારિપાલન માટે નક્કી કરવામાં આવ્યા.

બાદશાહે તરત ફરમાનપત્રો આપ્યાં. તે લઈને ઉપાધ્યાય **શ્રી** શાંતિચંદ્રજી ગુરુ મહારાજા શ્રી હીરવિજયસૂરિજીને સોંપે છે.

ગુરુ કરતાં ચેલા વધ્યા ! શાંતિચંદ્રજી ઉપાધ્યાયે કેટલી **હદે શાસન-**પ્રભાવના કરી ! આ સાંભળીને પ્રથમ કર્તવ્ય અમારિ **પાલન** કરવા કરાવવાને અંગે, અમારિ ઉદ્‌ઘોષણા એ દરેક શ્રાવક સંઘ માટે પર્યુષણમાં પ્રથમ આવશ્યક કૃત્ય છે.

**અમારિ પડહો.**

(આ જગ્યાએ અમારિ પડહનો પ્રસંગ **હોવાથી શાસ્ત્રના પાઠો આપવાપૂર્વક તે જણાવીએ છીએ.**)

**અમારિ પડહાથી નરકનિવારણ.**

કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ત્રિષષ્ટિ-પર્વમાં ભગવાન મહાવીર મહારાજાના ચરિત્રમાં આગળ વર્ણન કરતાં જણાવી ગયા કે શ્રેણિક મહારાજે નરકે નહિ જવા માટે ઉપાયો પૂછતાં ભગવાને આ પ્રમાણે પણ જણાવ્યું કે "હે શ્રેણિક! કાળિયો કસાઈ જો કસાઈખાનું મૂકી દે તો તારી નરકથી મુક્તિ થાય, જો તેમ ન થાય તો તારી નરકથી મુક્તિ ન થાય."

**શ્રેણિકનો ઉદ્યમ.**

कालसौकरिकेणाथ सूना मोचयसे यदि । तदा ते नरकान्मोक्षो राजन्जायेत नान्यथा ॥ (त्रि० प० १० सर्ग ९ श्लो० १४५)

આ સાંભળીને શ્રેણિક મહારાજ બેસી ન રહ્યા, પરંતુ તે કરવાનો ઉદ્યમ કર્યો. કાળિયા કસાઈ પાસે ગયા અને શ્રેણિક રાજાએ કહ્યું કે "જો તું કસાઈખાનું છોડી દે (જીવોને મારવું બંધ કરે) તો હું તને ઘણું દ્રવ્ય આપું, કારણકે અર્થના લોભથી તું કસાઈ છે." આ કહેવાથી શ્રેણિક મહારાજાએ દ્રવ્યથી પણ કસાઈખાનું બંધ કરાવવું એ શ્રેયસ્કર છે એમ માન્યું અથવા રાજસત્તાના જોરે અને પૈસાના જોરે પણ કસાઈખાનું રદ કરાવવું જોઈએ તેથી શ્રેણિક મહારાજાએ તે ઉદ્યમ કર્યો, પરંતુ કાળિયો કસાઈ તો બોલ્યો કે "કસાઈખાનામાં શું દોષ છે? કારણ કે જેનાથી મનુષ્યો જીવે છે તે કારણથી તેને હું કોઈ દિવસ છોડવાનો નથી." એમ તે બોલ્યો ત્યારે શ્રેણિક મહારાજે કોઈ રીતે પણ કસાઈખાનું રોકવા માટે વિચાર્યું કે "અંધારાકૂવાની અંદર તે કસાઈપણું કેવી રીતે કરી શકશે?" એમ વિચારી અંધારાકૂવામાં લટકાવીને રાતદિવસ તેને ત્યાં રાખ્યો."

कालसौकरिकोऽप्यूचे, राज्ञा सूनां विमुञ्च यत् । दास्येऽर्थं बहुमर्थस्य, लोभात्त्वमसि शौनिकः ॥ १६१ ॥ सूनायां ननु को दोषो, यया जीवन्ति मानवाः । तां न जातु त्यजामीति कालसौकरिकोऽवदत् ॥ १६२ ॥

सूनाव्यापारमेषोऽत्र, करिष्यति कथं न्विति ।

नृपः क्षिप्त्वान्धकूपे तमहोरात्रमधारयत् ॥१६२॥
(पर्व १० स० ९)

**યાકિનીમહત્તરાસૂનુવચન.**

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની કરેલી **આવશ્યકની ટીકામાં** પણ અમારિ ઉદ્ઘોષણાની વાત જણાવી છે.

जिण्भदिए उदाहरणं–सोदासो राया मंसप्पिओ, अमाघाओ (आव० हरि०पृ० ५०१)

**યાત્રાપંચાશકમાં અમારિનું વિધાન.**

તે જ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ **યાત્રાપંચાશકમાં** આગળ જણાવતાં જણાવે છે કે યાત્રાના આરંભમાં ગરીબ વગેરેને મનનો સંતોષ કરવા માટે દાન આપવું અને ગુરુમહારાજે પોતાની દેશના-શક્તિથી રાજા પાસે નિર્દોષ आमघाय-(अमाघाय) અમારિ પ્રવર્ત્તાવવી એમ જણાવે છે.

आरंभे च्चिय दाणं दीणादीण मणतुट्ठिजणणत्थं। रण्णामाघाय-कारणमणहं गुरुणा ससत्तीए ( पं० गा० ४०६ )

તેની ટીકામાં ટીકાકાર મહારાજ પણ आमघाय નો અર્થ કરતાં જણાવે છે કે मा એટલે લક્ષ્મી. તે લક્ષ્મી ધનલક્ષ્મી ને પ્રાણલક્ષ્મી એમ બે પ્રકારે છે, તેનો નાશ કરવો તે 'ઘાત' કહેવાય. તેનો જે અભાવ તે अमाघातः એટલે અમારિ એમ જણાવે છે.

(टीका–मा लक्ष्मीः सा च द्वेधा, धनलक्ष्मीः प्राणलक्ष्मी-श्चातस्तस्या घातो हननं, तस्याभावोऽमाघातोऽमारिः)

**દ્રવ્યવ્યયથી પણ અમારિની જરૂર.**

તે જ ગ્રંથમાં આગળ જતાં ગ્રંથકાર મહારાજા જણાવે છે કે પ્રવચન ગુરુએ અર્થાત્ આચાર્યમહારાજાએ રાજાને જોયો અને વિધિ-પૂર્વક શિખામણ આપી, અને કહ્યું કે "એવી કોઇ પણ વસ્તુ નથી કે જે અમારિ પડહો આપવામાં સમર્થ ન થાય અર્થાત્ સર્વ આપે છે,

તેથી યાત્રાના પ્રસંગમાં અમારિ પડહો વિસ્તારવો જોઈએ." એમ અહીં આગળ શિખામણની વિધિમાં સામાન્યગુણની પ્રશંસાથી ભાવથી પ્રધાન એવાં ગંભીર દૃષ્ટાંતો રાજાને કહ્યાં અને આગળ જતાં જણાવે છે કે "ઘણા પ્રાણીઓને સરખું એવું આ મનુષ્યપણું મળવા છતાં ધર્મથી અર્થાત્ પુન્યથી રાજાપણું થાય છે." એમ જાણીને "હે સુંદર ! રાજન્ ! આ ધર્મની અંદર યત્ન કરવો જોઈએ. ધર્મ જ સર્વસિદ્ધિનું મૂળ કારણ છે. બધાઓના મનનું હરણ કરનાર પણ તે જ છે અર્થાત્ ખુશ કરનાર છે. એટલું જ નહિ પણ આ સંસારરૂપી સાગરની અંદર ધર્મ જ યાનપાત્ર (નાવ) સમાન છે."

તે ધર્મ કેવી રીતે થાય છે તે જણાવતાં જણાવે છે કે "આ ધર્મ બધાના ઉચિતઅર્થને સંપાદન કરવા વડે કરીને શુભ અનુબંધવાળો થાય છે. વળી તે ધર્મ વીતરાગ પરમાત્માનું પ્રધાનપણું હોવાથી તેમની જાત્રામાં ઉચિત અર્થ સંપાદન કરવાથી અત્યંત શ્રેષ્ઠ થાય છે." આવી રીતે રાજાને શિખામણ આપવામાં જે ભાવ છે તે પ્રગટ કરતાં જણાવે છે કે "આમાં એટલે વીતરાગ પરમાત્માની યાત્રામાં જેમ ભગવાનના જન્મકલ્યાણકઆદિમાં તે તે કાળે બધા પ્રાણીઓ સુખી થયા તેમ હમણાં પણ બધા પ્રાણીઓને અભયદાન દેવા વડે (અમારિ પડહ વડે) કરીને તે કર અર્થાત્ સુખી કર," આવી રીતે રાજા પાસે અભયદાન દેવડાવવાનું અર્થાત્ અમારિ પડહ વગડાવવાનું જણાવે છે.

## દ્રવ્યથી પણ અમારિ પડહની કર્તવ્યતા.

પ્રવચન ગુરુમહારાજ ન હોય તો શ્રાવકોએ ક્રમે કરીને અર્થાત્ રાજકુળને યોગ્ય એવી નીતિથી રાજાને મળવું જોઇએ અને તેવી રીતે રાજાને પૈસા આપીને પણ અમારિ પડહ વગડાવવો જોઈએ, એટલું જ નહિ પણ જે તે પ્રાણીઓના ઘાત કરનારા છે તેનો પ્રેમ ઉત્પાદન કરવા દાન આપવું જોઇએ. અને યાત્રાના દિવસના પ્રમાણ સુધી યોગ્ય કરવું જોઈએ અને નિરવદ્ય એવી દેશના કરવી." આ ઉપરથી શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજ પણ તે વાત જણાવે છે કે દ્રવ્ય દેવાપૂર્વક પણ અમારિ પડહો વગડાવવો જોઈએ.

दिट्ठो पवयणगुरूणा राया अणुसासिओ य विहिणा उ। तं नत्थि जण्ण वियरइ कित्तियमिह आमघाउत्ति। ४०९ ॥ एत्थमणुसासणविही भणिओ सामण्णगुणपसंसाए। गंभीराहरणेहिं उत्तीहिं य भावसाराहिं ॥४१०॥ सामण्णे मणुयत्ते धम्माओ णरीसरत्तणं णेयं इय मुणिऊणं सुंदर ! जत्तो एयम्मि कायव्वो ॥ ४११ ॥ इड्ढीण मूलमेसो सव्वासिं जणमणो-हराणंति। एसो य जाणवत्तं णेओ संसारजलहिम्मि ॥४१२ ॥ जायइ य सुहो एसो उचियत्थापायणेण सव्वस्स। जत्ताए वीयरागाण विसयसारत्तओ पवरो ॥ ४१३॥ पत्तोए सव्वसत्ता सुहिया खु अहेसि तंमि कालंमि। एण्हिंपि आमघाएण कुणसु तं चेव एतेसिं ॥४१४॥ तम्मि असंते राया दट्ठव्वो सावगेहिवि कमेणं। कारेयव्वो य तहा दाणेणवि आमघाउत्ति ॥४१५॥ तेसिंपि घायगाणं दायव्वं सामपुव्वगं दाणं। तत्तियदिणाण उचिय कायव्वा देसणा य सुहा ॥ ४१६ ॥ पंचा०)

**ચૂર્ણિકાર મહારાજનું કથન.**

ચૂર્ણિકાર મહારાજ પણ આવશ્યકની ચૂર્ણિમાં જણાવે છે કે શ્રેણિક મહારાજ ભગવાનને પૂછે છે કે "હે ભગવન, મને કહો. હું (કયા કારણથી) નરકમાં જઈશ અથવા કયા ઉપાયથી નરકે ન જાઉં? *ત્યારે ભગવાન ઉત્તરમાં જણાવે છે કે* "જો કાળિયો કસાઈ કસાઈખાનું બંધ કરે અને જો કપિલા માહણી પાસે ભિક્ષા દેવડાવે. એવું જો તું કરી શકે તો તું નરકે ન જાય." ત્યારે શ્રેણિક મહારાજ તે કરવાને માટે તેઓની પાસે ગયા. સર્વ પ્રકારો વડે કરીને તેમને સમજાવ્યા. सेणिओ सामिं भणति भगवं ! आणाहि, अहं कीस नरकं जामि ?, केण वा उवाएणं नरकं न गच्छेज्जा ?, सामी भणति-जदि कालसोयरियं सूणं मोएहि, जदि य कविल माहणि भिक्खं दवावेहि तो तुमंपि न गच्छेज्जासि नरकं, सो तेसिं मूलं गतो, ओभंसिता य णं सव्वपगारेहिं, (आव० चू० पृ० १३९) આ ઉપરથી તે વાત સાબિત થાય છે કે ચૂર્ણિકાર મહારાજે જણાવ્યું કે પૈસા આપીને પણ અભયદાન કરવું જોઈએ એમ ભગવાન જણાવે છે.

**અમારિ પડહનું સૂત્રમાં વિધાન.**

આવી જ રીતે **ઉપાશકદશાંગમાં** પણ આ જ વાત જણાવે છે કે ત્યારપછી રાજગૃહનગરની અંદર કોઈ એક દિવસ અમારિપડહ વગડાવ્યો હતો.

'तए णं रायगिहे नयरे अन्नया कयाइ अमाघाए घुट्ठे यावि होत्था' (उपा० सू० ४९)

આ રીતે કલિકાલ સર્વજ્ઞના વચનથી તેમજ તે પૂર્વેના ચૂર્ણિકાર મહારાજ અને તેથી આગળ ગણધર ભગવાનના વચનથી તે વાત સાબિત કરી ગયા કે અમારિ પડહ વગાડાવવો જ જોઈએ, ચાહે તો પછી સ્વશક્તિ હોય, ચાહે રાજશક્તિ હોય, ચાહે દ્રવ્યશક્તિ હોય, યા ગમે તે પ્રકારે પણ અમારિ પડહો વગડાવવો જ જોઈએ. દયા અને દાનના દુશ્મન કે જેઓને સૂત્ર બોલતાંયે નથી આવડતું, પણ સૂતર બોલે છે, તેવાઓને માટે પણ ગણધર મહારાજના વચનથી તે વાત સાબિત થાય છે કે અમારિ પડહ વગડાવવો જ જોઈયે. શાસનની શ્રદ્ધાવાળા માટે તો ચાહે પંચાંગીનું કે ચાહે પ્રકરણનું કે ચાહે ચરિત્રનું વચન પણ માન્ય જ છે. અર્થાત્ શ્રદ્ધાવાળાને માટે તો અમારિ પડહો દ્રવ્ય ખરચીને પણ કરવાની જરૂર જ છે.)

**अष्टाह्निकापर्वसु शासनोन्नतिं, नानाविधां धर्मविवृद्धिहेतवे । पूर्वोक्तयुक्त्या विदधतु भावुकाः (वितनुध्वमार्हताः !,) सौभाग्यलक्ष्म्यञ्चितपुण्यसंस्पृहाः ॥१॥**

સૌભાગ્ય રૂપ લક્ષ્મીથી ઓતપ્રોત એવા ઉત્તમપુણ્યની ઈચ્છાવાળા હે ભવ્યજનો ! આ પર્યુષણાપર્વ સંબંધીના આઠેય પર્વદિવસોમાં-ધર્મની વિશેષપ્રકારે વૃદ્ધિ કરવા માટે પૂર્વે કહી ગયા તે યુક્તિવડે વિવિધપ્રકારે તમો શાસનની ઉન્નતિનાં કાર્યો કરો.

★ ★ ★

# અઠ્ઠાઈ—વ્યાખ્યાન

# દ્વિતીય—દિન—દેશના

**વાર્ષિકપર્વનું મહત્ત્વ.**

ભવ્યજીવોના ઉપકારને માટે આચાર્ય ભગવાન શ્રીમાન્ વિજય-લક્ષ્મીસૂરીશ્વરજીમહારાજાએ રચેલા અષ્ટાહ્નિકાના પ્રથમ દિવસના વ્યાખ્યાનમાં વિવેકી શ્રાવકોએ, વ્રતધારીઓએ છ અટ્ઠાઈ ઓ આરાધવાની છે અને તેમાં પણ આ પર્યુષણાપર્વની અટ્ઠાઇ પણ વિધિપૂર્વક આરાધવાની છે એમ જણાવી ગયા.

તેમાં આ પર્યુષણાપર્વ એ વાર્ષિકપર્વ છે. અને આઠમ, ચૌદશ-વગેરે તિથિ માસિકપર્વ છે. (ઠા૦ પૃ૦ ૩૬૧ જીવા૦ પૃ૦ ૩૦૪, સૂર્ય૦ પૃ૦ ૪૦૮) એ પર્વની ગણના માસિકપર્વ તરીકે છે, જ્યારે પર્યુષણાપર્વની ગણના વાર્ષિકપર્વ તરીકે છે. વર્ષમાં એકજ વાર આવે અને એક જ વાર આરાધાય તે વાર્ષિકપર્વ. अधिकस्य अधिकं फलं એમ કહે છે તેથી શ્રાવણ ભાદરવામાં, વળી ભાદરવા આસોમાં એમ બે વાર આરાધવામાં ખોટું શું? એ પ્રશ્ન જ અસ્થાને છે, કેમકે જો એમ થાય તો એ વાર્ષિક ગણાતા પર્વનું વાર્ષિકપણું જ ઊડી જાય છે. વાર્ષિકપર્વ તેનું જ નામ કે જે વર્ષમાં એક જ વાર આવે.

પેલા સાર્થવાહના મૂછના વાળની વાત યાદ છે? 'વાંકો પણ મારો!' એમ કહેનાર ને વટના આધારે, વળના આધારે વસ્તુના આધારે, તત્ત્વના આધારે તરત નાણાં મળ્યાં અને પેલા બીજાએ, 'આ એ વાંકો છે તો લે આ બીજો' એમ કહી મૂછનો બીજો વાળ તોડી આપ્યો, તેની શી વલે થઈ? જેને પોતાના મૂછના વાળની કિંમત નથી તેના વચન ઉપર વિશ્વાસ રાખે કોણ? તેવી જ રીતે 'પર્યુષણા પર્વ પણ બીજી વખત કરીએ' એમ કહેનારની એ જ વલે સમજવી.

વાર્ષિક પર્વની ઉજવણી વર્ષમાં એક જ વખત થાય, અનેક વખત થાય તો તેનું વાર્ષિકપણું જ ઊડી જાય. જેમ ઓળીનું પર્વ ષાણ્માસિક છે એટલે વર્ષમાં બે જ વાર આરાધના થાય, તેમ પર્યુષણાપર્વ એ વાર્ષિક પર્વ છે,તે વર્ષમાં એક જ વાર થાય; અન્યથા તેનું વાર્ષિકપણું વાર્ષિકપણાનું મહત્ત્વ જ ન રહે. અટ્ઠાઈઓની જેમ પણ આ અટ્ઠાઈ

પણ આરાધવી જોઈએ. છ અટ્ટાહ્નિકામાં આ પણ આવી જાય છે, છતાં માત્ર અષ્ટાહ્નિકા નહિ કહેતાં પર્યુષણાપર્વ કહ્યું, કારણકે પર્યુષણાપર્વ એ વાર્ષિકપર્વ છે. પર્યુષણાના પર્વનો છેલ્લો દિવસ, ભાદરવા શુદી ૪ ચોથનો દિવસ એ વાર્ષિક પર્વનો દિવસ છે. એ દિવસનું નામ જ સંવત્સરી છે. એ પ્રતિક્રમણને પણ સાંવત્સરિક પ્રતિક્રમણ કહેવામાં આવ્યું છે.

દુન્યવી વ્યવહારમાં ખાતાં ફેરવવાનો દિવસ એક જ હોય છે. ખાતાં વારંવાર ફેરવાય નહિ. દીવાળીએ જ અર્થાત્ કાર્તિક શુદી ૧થી આસોવદી અમાસ સુધીનાં ખાતાં બીજા કાર્તિક શુદી એકમે જ ફરે. અહીં પણ વાર્ષિક પર્વનો હિસાબ વર્ષમાં એક જ વાર હોય છે. ગયા વર્ષના ભાદ્રપદ શુદી પંચમીથી પ્રતિક્રમણના સમય પર્યંત ભાદરવા શુદી ચોથ સુધીનો હિસાબ ચોથના સાંવત્સરિક પ્રતિક્રમણાવસરે વર્ષમાં એક જ વાર હોય છે. ગયા ભાદરવા શુદી પાંચમે કે આખા વર્ષ દરમ્યાન જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચારમાં જે અતિચારાદિ ગુન્હો કર્યો હોય, તેમાં જે પ્રાયશ્ચિત્ત આવે તે પ્રાયશ્ચિત્ત છેલ્લે દિવસે એટલે ભાદરવા શુદી ત્રીજ અગર પ્રતિક્રમણ પહેલાં ભાદરવા શુદી ચોથને દિવસે લેવાનું છે માટે ભાદરવા શુદી ચોથ એ શુદ્ધિ કરવાનો દિવસ છે. જે તે દિવસે શુદ્ધિ ન કરે તે સંઘથી દૂર કરવા યોગ્ય છે. (कल्प० सा० सू० ६८) જૈનશાસનમાં આત્મશુદ્ધિ માટે વાર્ષિક પર્વરૂપ આ એક જ દિવસ નિયત કરેલો છે. સાધુનો દીક્ષા પર્યાય પણ જેટલાં પર્યુષણા પર્વ જાય, તેટલાં વર્ષનો ગણાય છે. जम्हा पज्जोसवणादिवसे पव्वज्जापरियागो व्यपदिश्यते व्यवस्थाप्यते संझा पत्तिया वरिसा मम उवट्ठाविस्सत्ति तम्हा परियागवत्थवणा भण्णति । ( नि० भा० ३१२६ चु० )

**વાર્ષિક કૃત્યો.**

વાર્ષિક પર્વને અંગે, ગત ભાદ્રપદ શુકલ પંચમીથી આ ચતુર્થી સુધીનાં આવશ્યક કૃત્યો ન થાય તો તેની આલોયણા લેવી જોઈએ.

**વાર્ષિક કૃત્યોની સંખ્યા અગિયારની છે.** તે હવે શાસ્ત્રકાર-મહારાજા ક્રમસર જણાવે છે. પ્રથમ સામાન્યતઃ કહે છે કે સંઘપૂજા વગેરે અગિયાર કૃત્યો પ્રતિવર્ષ વિવેકી શ્રાવકોએ વિધિપૂર્વક કરવાં જોઈએ.

वइवरिसं संघच्चण १, साहम्मिअभत्ति २, तहय जत्ततिगं ३, जिणगिहिण्हवणं ४, जिणधणवुड्ढी ५, महपूअ ६, धम्मजागरिआ ७, सुअपूआ ८, उज्जवणं ९, तहेव तित्थप्पभावणा १०, सोही ११, (श्रा०वि०पृ. १६१)

પૂર્વાચાર્ય કૃત ગાથાથી જગ્રંથકાર અગિયાર વાર્ષિકપર્વ કૃત્યો જણાવે છે.

**તે અગિયાર કૃત્યોનાં નામ**

૧. સંઘપૂજા ૨. સાધર્મિકવાત્સલ્ય ૩. યાત્રા ૪. સ્નાત્રમહોત્સવ ૫. દેવ-દ્રવ્ય-વૃદ્ધિ ૬. મહાપૂજા ૭. રાત્રિજાગરણ ૮. શ્રુતપૂજા ૯. ઉદ્યાપન (ઉજમણું) ૧, તીર્થપ્રભાવના અને ૧૧. આલોચના.

**પ્રથમ કૃત્ય : શ્રી સંઘાર્ચન.**

શક્તિ હોય તો શ્રીસંઘની પૂજા રોજ કરવા યોગ્ય છે. તેવી શક્તિ ન હોય તો જઘન્યથી પ્રતિવર્ષ એક વખત તો શ્રીસંઘનું પૂજન કરવું જ જોઈએ. શ્રીસંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. દરેક પોતાને સંઘમાં ગણાવવા તૈયાર છે. શ્રીસંઘની આણ દેવામાં તૈયાર, પણ કાર્ય કરવા કોઈ તૈયાર નથી. હક્ક કોને ? જે તથાવિધ કાર્ય કરવા તૈયાર થાય તેને. સાધુ, સાધ્વીને નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, પુસ્તક, પત્રઆદિ સંયમસામગ્રી આપી તેમની ભક્તિ કરવી જોઈએ. શ્રાવક, શ્રાવિકાની પણ યથાશક્તિ ભક્તિ કરવી જોઈએ. સાધર્મિકવાત્સલ્ય કોનું નામ ? 'આવશે એ તો, ઘણાય જમી જશે, જમે તો ભલે, નહિ તો એમની મરજી; આપણે શું કરીએ ?' આ દશા સાધર્મિકવાત્સલ્યમાં ઉચિત નથી. ત્યાં તો અપૂર્વ ભક્તિ જોઈએ. ત્યાં કયી ભાવના જોઈએ ? ધન્યભાગ્ય ! સાધર્મિકનાં મારે ઘેર પગલાં કયાંથી ?' આવી ભાવના જોઈએ. સાધર્મિકને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપ્યા પછી દરેકને તેને યોગ્ય, પુરુષ, સ્ત્રી, બાલક, બાલિકા, સધવા, વિધવા, કુમારિકાને યોગ્ય વસ્ત્રાલંકારની પહેરામણી કરવી જોઈએ. ત્યારે શું આવું જે ન કરે તેની ગણના શ્રાવકમાં નહિ ? ના. એવો બલાત્કાર, એવો જુલમ જૈનશાસનમાં નથી. શક્તિપૂર્વક કરવાનું વિધાન છે, પણ એક વાત તો ખરી, કે શક્તિ મુજબ જે કરો ત્યાં ભક્તિ વિશુદ્ધ જોઈએ.

**સંઘપૂજાના પ્રકાર.**

શ્રીસંઘપૂજા ત્રણ પ્રકારે કરી શકાય : (૧) ઉત્કૃષ્ટ (૨) મધ્યમ અને (૩) જઘન્ય. સર્વ પ્રકારે સંપૂર્ણ આદરથી થતી પૂજા તે ઉત્કૃષ્ટપૂજા છે, યાદ રાખો કે લગ્નમાં, અમુક જ્ઞાતિઆદિ પ્રાસંગિક જમણોમાં ઘરનો સ્ત્રી વર્ગ, વાજતે ગાજતે નોતરાં દેવા જાય છે. સંઘ પ્રસંગે એમ કોઈ ગયું ? કરો તુલના ! ત્યાં પેલા જેટલો આદર નથી એ સ્પષ્ટ છે ! લગ્નાદિ પ્રસંગે ઘરનાં જ બેન, બેટી, વહુઓ કહેવા જાય છે ને ! અને માંડવે બેસાડી, ખોબે ખોબે લ્હાણી અને જરાય ઓછું ન દેખાય તેવી પહેરામણી કરો છો ને ! સંઘપૂજા પણ તે જ પ્રકારે કરવી જોઈએ. સંઘને આંગે ઘેરથી કોઈ બોલાવવા ગયું ? કોઈ રહી ગયું ? કયા ગુણવાન્ ભાઈ–બ્હેન નથી આવ્યાં ? નથી આવ્યાં તો શાથી ? આ કદી જોયું ? તપાસ કરી ? શ્રીસંઘને માટે પણ મનોહર મંડપની રચના કરવી જોઈએ. આવનાર ભાઈ બ્હેનોને બેસવાનાં સુખાસન જોઈએ. પછી અશન, પાન, ખાદિમ, સ્વાદિમપૂર્વક, પૂર્ણ ઉલ્લાસથી જમાડી ત્યારબાદ પહેરામણી (વસ્ત્રાલંકારની) કરવી જોઈએ. આનું નામ ઉત્કૃષ્ટપૂજા, અને એકેક સૂતરની કોકડી આપવાથી થતી પૂજા તે જઘન્ય સંઘપૂજા સમજવી. ભલે સૂતરની કોકડી અપાય પણ ત્યાં હૃદય ભક્તિથી ઉછળતું જોઈએ. આ બે પ્રકારની વચ્ચેની તમામ પ્રકારની પૂજા તે મધ્યમ પ્રકારમાં ગણાય.

શક્તિના અભાવે, વિવેકી શ્રાવક સાધુ, સાધ્વીને સૂતરની મુહપત્તી માત્ર આપીને ભક્તિ કરી શકે છે. શ્રાવક, શ્રાવિકાને અંગે, સંખ્યામાં શક્તિ મુજબ, નહિ તો છેવટે એક. એક શ્રાવક શ્રાવિકાને પણ નોતરી, કાંઈ નહિ તો સોપારી વગેરે આપી, તેટલા સન્માનથી પણ ભક્તિ કરી શકે છે. પ્રતિવર્ષ શ્રીસંઘપૂજાનું આ કર્તવ્ય કરવું જોઈએ. જે આજે સૂતરની કોકડી તથા સોપારી દેશે તે કાલે શ્રીફળ પણ આપશે અને પરમદિવસે પહેરામણી પણ કરશે. જે કાંઈ નહિ કરે તેનામાં અધિક ભાવનાની કલ્પના પણ કયાંથી આવવાની ? જેને ટેવ જ નથી પછી તે શું કરવાનો ? ક્ષેત્ર વિના ખેતી થવાની ? ક્ષેત્ર હશે ત્યાં ખેતીનો પ્રસંગ આવવાનો. અહીં **દ્રવ્યનું મૂલ્ય નહિ, મૂલ્ય હૃદયોલ્લાસનું** છે. નિર્ધન પણ મુહપત્તી તથા સોપારી માત્રથી મહાફળ મેળવી શકે છે. કહ્યું છે કે :-

મહાલાભ !

संपत्तौ नियमः, शक्तौ सहनं, यौवने व्रतम् ।
दारिद्र्ये दानमप्यल्पं, महालाभाय जायते ॥१॥

(અર્થ : સંપત્તિ છતાં નિયમ કરવો, શક્તિ છતાં સહન કરવું, યુવાવસ્થામાં વ્રત લેવું, તેમજ દારિદ્રપણાની અવસ્થામાં અલ્પદાન દેવું તે મહાલાભને માટે થાય છે.)

એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. પૌષધ બધા માટે સરખો છે. સામાયિક, પ્રતિક્રમણ, સંઘપૂજન, કોઇ પણ અનુષ્ઠાન તમામ માટે સમાન છે, પણ એ સમાનપણું ક્રિયાની અપેક્ષાએ છે. પરંતુ કરનારની સ્થિતિની અપેક્ષાએ, ભાવની અપેક્ષાએ ફળમાં જરૂર ફરક પડશે. સત્તર જંજાળીને એક દિવસ પણ જંજાળ છોડવી કેટલી આકરી લાગે ? એવાને બે ઘડી સુધીનું સામાયિક કરવું પણ મુશ્કેલ પડે છે. આવી સ્થિતિમાં પણ તે કરે ક્યારે ? આત્માની પરિણતિ તીવ્ર થાય ત્યારેને ! જંજાળવાળાને જેટલી તીવ્ર વૃત્તિ કરવી પડે તેટલી તીવ્ર વૃત્તિ જંજાળ વિનાને કરવી પડતી નથી. તીવ્ર વૃત્તિવાળાને તીવ્ર ફળ થાય. નિયમરૂપે અનુષ્ઠાન સમાન છતાં પણ કરનારની વૃત્તિ અનુસાર ફળ થવાનું.

મનોજ્ઞ, પ્રીતિકારક ભોગોને પામીને છોડી દેવા, તેનો ત્યાગ કરવો એ મુશ્કેલ છે. સંપત્તિમાં નિયમ સહેલો નથી, ઘણો મુશ્કેલ છે. સંપત્તિ વખતે જો નિયમ કરાય તો તે ઘણા ફળને આપે, એમાં નવાઈ નથી, કેમકે એ વખતે નિયમ કરવો મુશ્કેલ છે.

क्षमा वीरस्य भूषणम् ।

સંપત્તિમાં નિયમ કરનાર નીકળે તેના કરતાં શક્તિ છતાં સહન કરનાર થોડા સમજવા. **क्षमा वीरस्य** भूषणं એ વાક્યનું રહસ્ય શું ? શૂરવીર હોય, ઘાત કરતાં, ઘર ફાડતાં, કશું કરતાં કશો વિચાર સરખોય ન કરે, તેનામાં ક્ષમા કેટલી મુશ્કેલ ? સૈનિક ક્યારે થાય ? સામાનું શું થશે એ વિચાર એને હોય ખરો ? મનુષ્ય જાતની દયા વગરના સૈનિકોમાં સહનશક્તિ ક્યાંથી હોય ? ઘા સહન કરે પણ ક્ષમા ક્યાંથી લાવે ? **क्षमा वीरस्य भूषणम्** એને અવળું લેવાથી અનર્થ થાય. 'ક્ષમા એ તો વીરનું ભૂષણ, માટે વીર થવું જોઈએ' આ માન્યતા અનર્થકારી

છે. વીરમાં, શૂરવીરમાં ક્ષમા મુશ્કેલ છે માટે એનું ભૂષણ ગણાયું. નાનું બાળક ફેરફૂદરડી ફરે, ચક્કરમાં દોડે એ જરા થાકતાં ભલે બેસી જાય તો પણ એનો ચક્રાવો મટે નહિ, થોડો વખત સુધી તો એને બધું ચક્કર લાગે. સૈનિકો, લડવૈયાઓમાંથી, યુદ્ધ બંધ થયા પછી પણ ઘાતકીપણું, અવિચારીપણું જતું નથી. क्षमा वीरस्य भूषणम् આ સૂત્રને અવળું લેવું એ કેવળ અવિચારીપણું છે. "ક્ષમા એ કાંઈ કાયરો માટે નથી, વીર માટે છે, માટે શૂરવીર થવું" એવો અર્થ વિવેક બહારનો છે, અવિચારી છે. ઘાતકીને ક્ષમા મુશ્કેલ છે માટે તેને ક્ષમા ભૂષણ રૂપ છે. એ સૂત્રનું તાત્પર્ય એ છે કે સામર્થ્ય ધરાવનારમાં સહન કરવું તે મુશ્કેલ છે.

**યૌવનમાં વ્રત**

યૌવન વ્રત એથી પણ મુશ્કેલ છે. દેખાદેખીથી, એક બીજાની પ્રેરણાથી, રોગાદિક કારણે વૈદ્યાદિના કહેવાથી વ્રત લેવું મહા મુશ્કેલ છે. આ બધું કહ્યું તે જ પ્રમાણે દારિદ્રપણાની અવસ્થામાં અલ્પદાન દેવું તે પણ મહા મુશ્કેલ છે. દુનિયા એને અગિયારમો પ્રાણ કહે છે, પણ ખરી રીતે એને પહેલો પ્રાણ કહેવો જોઈએ. એને માટે તો બધા પ્રાણને જતા કરાય છે. દશપ્રાણની ધામધૂમ ધન માટે છે. બધા પ્રાણના ભોગે ધન સાચવવામાં આવે છે. પ્રાણ તો એકનો, દ્રવ્યપ્રાણ તો આખા કુટુંબના પ્રાણ. એમાંથી દેવું, ખર્ચવું, અને તે પણ દરિદ્રાવસ્થામાં કેટલું મુશ્કેલ? તે માટે આત્માની તૈયારી કેટલી જોઈએ? સંપત્તિમાં નિયમ, સામર્થ્ય છતાં સહનશક્તિ, યૌવનવયે વ્રત અંગીકાર કરવું તે, તથા દારિદ્રપણાની અવસ્થામાં અલ્પ પણ દાન મુશ્કેલ હોવાથી, તેને માટે આત્માની અભૂતપૂર્વ તૈયારી જરૂરની હોવાથી તે 'महालाभाय जायते' મહાલાભને માટે થાય છે. જે કાર્યો આટલાં મુશ્કેલ હોય તે કાર્ય કરવાથી મહાલાભ થાય તેમાં નવાઈ શી? અર્થાત્ તેમાં લેશ પણ આશ્ચર્ય નથી. આ પહેલું કૃત્ય.

**બીજું કૃત્ય: સાધર્મિક વાત્સલ્ય:**

**साहम्मियवच्छलंमि** उज्जुया० (आव० चू० पृ०३९६) હવે બીજું કૃત્ય સાધર્મિકભક્તિ, સાધર્મિકવાત્સલ્યનું છે. આજ કાલ સાધર્મિકવાત્સલ્યને

અંગે આપણી રૂઢી એવી છે કે જ્યાં ત્યાં જમાડી દેવા. પ્રથમ કહેવાયું છે: 'કોણ જમ્યું, ન જમ્યું એ પણ જોવાતું નથી. ગુણવાન્ આવ્યું, ન આવ્યું, કેમ ન આવ્યું ? એ પણ જોવાતું નથી. વાત્સલ્ય માત્ર જમાડવાથી જ પર્યાપ્ત છે એમ નથી.' મહાલાભદાયક સાધર્મિક વાત્સલ્ય કેવું હોય ? પોતે રીતસર, ઉલ્લાસપૂર્વક, વિનયપૂર્વક નિમંત્રણ કરે, આવેલાને આવો ભાઈ, આવો બેન એમ બહુમાનપૂર્વક બોલાવી, વિશિષ્ટાસન ઉપર બેસાડે. ત્યાર પછી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભક્તિપૂર્વક આપી જમાડે અને પછી વસ્ત્રાલંકારથી પહેરામણી કરે. શું આટલે પત્યું ? ના! વિપત્તિમાં પડેલા સાધર્મિકને સ્વધનવ્યયથી પણ વિપત્તિથી મુક્ત કરે. તેના ખાતે લખીને કરે એમ નહિ, એમ કરે એ વાત અલગ, આ તો પોતાના દ્રવ્યથી પણ સાધર્મિકને આપત્તિથી મુક્ત કરે. આવી રીતે સાધર્મિકનો ઉદ્ધાર કરવો જ જોઈએ.

**न कयं दीणुद्धरणं, न कयं साहम्मिआग वच्छलं ।**
**हिअयंमि वीयराओ न धारिओ, हारिओ जम्मो ॥१॥**

જેણે દીનોનો ઉદ્ધાર કર્યો નથી, જેણે સાધર્મિકવાત્સલ્ય કર્યું નથી, જેણે હૃદયમાં શ્રી વીતરાગદેવને ધારણ કર્યા નથી, તે પોતાનો જન્મ હારી ગયો છે.

જુગારમાં જુગારી જેમ જીતવા કે હારવાની હોડમાં મૂકાયો છે. તેમ જ મનુષ્ય પણ આ જીવનમાં જીતવા હારવાની હોડમાં મૂકાયો છે. સર્વને જીતવું છે. તમામ નિયમો જીતવા માટેના છે. જીતવા માટેની જે આચરણા ન કરે તે હારેલો જ છે ને! શાસ્ત્રકાર જીતવાની ખબર દે, જીતવાની વાત કરે; હાર્યાની, હારવાની વાતો ન કરે. મરણની ખબર તો કાળોતરીઓ જ દે, ગોર તો જન્મની વાત કરે. શાસ્ત્રકાર તો કહે છે કે શ્રાવિકાનું પણ વાત્સલ્ય શ્રાવકની માફક જ કરવાનું છે. પછી તે વિધવા હોય કે સધવા હોય, સાધ્વી તથા શ્રાવિકાને અંગે 'સુશીલા' એવું વિશેષણ વાપરવામાં આવ્યું છે.

અહીં જેને નથી પાલવતું તેવાઓ એમ પૂછે છે કે: "મહારાજ! સાધુ તથા શ્રાવકને બહુમાન આપીએ, તેમની ભક્તિ કરીએ, પણ સાધ્વી તથા શ્રાવિકા (સ્ત્રીજાતિ)ની ભક્તિ કરવી, બહુમાન કરવું એ કેમ પાલવે ?"

શાસ્ત્રકાર કહે છે કે લેશ પણ ભેદ વિનાજ, અન્યૂનાધિકપણે જ એ કરવાનું છે.

**श्राविकास्वपि वात्सल्य श्रावकवदन्यूनाधिकं विस्तार्यम्, ता अपि रत्नत्रयीवत्यः सुशीलाः सधवा विधवा वा साधर्मिकत्वेन ध्येयाः**

**શ્રાવિકાની ભક્તિમાં પણ ન્યૂનતા ન જોઈએ.**

'શાસ્ત્રકાર શું કહે છે? વાત્સલ્ય અન્યૂનાધિકપણે કરવું. વાત્સલ્ય ન્યૂન પણ થઈ શકે, અધિક પણ થઈ શકે. અહીં કહેવામાં આવે છે કે અન્યૂનાધિક પણે (નહિ ન્યૂન, નહિ અધિક) વાત્સલ્ય કરવું. શ્રાવિકાનું વાત્સલ્ય કરવું જ જોઈએ. અહીં સ્ત્રી પક્ષની વાત નથી. ता अपि रत्नत्रयीवत्यः અહીં આદર્શ આ છે. મોક્ષના રસ્તા ત્રણ છે: દર્શન, જ્ઞાન અને ચારિત્ર. દર્શનને અંગે વિચારો કે ધર્મની શ્રદ્ધા કોનામાં વધારે? પુરુષમાં કે સ્ત્રીવર્ગમાં? કહેવું જ પડશે કે શ્રાવિકાવર્ગમાં. આમ શ્રાવિકાને, સ્ત્રીને ન માનો અને કોઈ હલકા કૂળની સ્ત્રી લાવે તેના ચાંલ્લાનો વાંધો છે? આથી એમ ન સમજવું કે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્ત્રીવર્ગ વધારે છે. એ વગેરે કહીને પુરુષવર્ગને હલકા પાડવાનો હેતુ નથી પણ બાઈઓ તરફના કટાક્ષના નિવારણ પૂરતો આ ઉત્તર છે.

જ્ઞાનને અંગે વિચારો. પરીક્ષામાં ગમે તે કેન્દ્ર, મુંબઈ કે અમદાવાદમાં, સંખ્યા કોની વધારે? હાજરી છોકરાઓની શાળામાં વધારે કે છોકરીઓની શાળામાં? ચારિત્રને અંગે વિચારો તો સાધુ કરતાં સાધ્વીની સંખ્યા વધારે છે ને! ચોથાવ્રતને અંગે, બારવ્રતને અંગે, પૌષધ, સામાયિક, પ્રતિક્રમણને અગે સંખ્યા કોની વધારે છે તે જોઈ લ્યો! આ રીતિએ બધામાં એની સંખ્યા વધારે છતાં સ્ત્રી વેદ છે અને ઉપરથી આટલું છતાં અપમાનની લાત મારવી શાસ્ત્રકારને પાલવે? 'સુશીલા' વિશેષણ પણ સાર્થક છે. ગમે તે ભોગે શીલ સાચવનાર સ્ત્રીઓ છે. વર્તમાનકાળે પણ શીલ માટે ગમે તેવા ભોગો આપે છે. બોલનારનું કોઈ મોં બાંધી શકે નહિ પણ ગ્રંથકારની નજર બહાર કશું હોતું નથી એટલે ગ્રંથકારે જોયું કે કહેનાર તો કહી દે કે-"વિધવા તો હાથે પગે હળવી થઈ એટલે એને તો દે'રૂં ઉપાશ્રય જ સૂઝેને!" તેથી ગ્રંથકારે વિધવા, સધવા બન્ને ભેદને 'સુશીલા' વિશેષણ લગાડીને કહે

છે કે બન્નેની ભકિત કરવી જોઇએ. અહીં સ્ત્રી પુરુષ એવા વેદના ભેદ નથી પણ સાધાર્મિક ભકિત કરવી એટલો જ ઉદ્દેશ છે.

**પેટમાં આવેલાને પાડતાં વાર ન કરે !**

શિષ્યને એમ થાય છે કે બાઈઓને આટલી હદે ચઢાવી દીધી ! ગુરુમહારાજાએ કોનો પક્ષ લીધો ? ખૂબી તો જુઓ, સ્ત્રીઓ માથે આક્ષેપ મૂકનાર પુરુષમાં સુધારણા થઈ? કેટલાક ભાઇઓ કહે છે કે દેવતા કેમ નથી આવતા ? નથી આવતા તે સારૂં છે ! આવતા હોત તો તમારે તો ગાયો દો'વરાવવી, છોકરાં રખાવવાં, કુતરા હંકાવવા એ જ કામ સોંપવાં હતાં ને ! વિચારી લો ! દેવતા હોય તોયે ખસી જાય! કેડબગાડુ કોણ છે ? પુરુષ કે સ્ત્રી ? જિંદગીનો નાશ થાય તોયે પારકી મદદ વગર જીવવું એ ગુણ કોનામાં ?

શિષ્ય કહે છે : " હે સ્વામિન્ ! લોકોમાં તથા લોકોત્તરમાં સ્ત્રીઓ તો દોષથી ભરેલી પ્રસિદ્ધ છે. એનો પક્ષ આટલી હદે ! "

यतः—अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥१॥

અનૃત (જૂઠું), સાહસ (ખોટું સાહસ), માયા (છલ પ્રપંચ), અવિચારીપણું, અતિલોભ, અશૌચ તથા નિર્દયપણું આ દોષો સ્ત્રીઓમાં સ્વાભાવિક રહેલા છે."

પહેલો દોષ જૂઠું બોલવું તે છતાં સ્ત્રીમાં જૂઠું તો ડગલે ને પગલે ! યાદ રાખજો કે આ બધું કોણ કહે છે !

શિષ્ય-કઈ વાતને કેમ પલટાવવી એ કલામાં સ્ત્રી પાવરધી ! શું જુઠાપણું જ છે ?

ના ! તો તો વાંધો નહિ કેમકે રેંગિયાપેંગિયાનું જુઠ્ઠાણું નુકશાન ન કરે. એવા જુઠાણાથી પોતાના આત્માને હાનિ થાય તે વાત જુદી છે. બાકી જગતને લાભ હાનિ નથી.

**બીજું દૂષણ-સાહસ છે.** જૂઠામાં સાહસ ભળે, ત્યારે જગતને ભારે પડે. અહીં 'સાહસ' સારા અર્થમાં નથી. સારા અર્થનું 'સાહસ' તો લાભપ્રદ છે કેમકે ચક્રવર્તી દીક્ષા લે એ કાંઈ જેવું તેવું સાહસ છે ? क्षमा वीरस्य भूषणं વીરમાં ક્ષમા આવવી એ સાહસ તો ભૂષણ રૂપ છે.

સદ્‌ગૃહસ્થ જિંદગીના છેડા સુધી પરિગ્રહ ધરાવે છે. પરિગ્રહ છોડવો એ સાહસમાં વાંધો નથી. આમ ડચકાં આવતાં હોય તોય "ઘરબાર સાચવજો, છોકરાને કે છોકરીને સંભાળજો" વગેરે કહે છે. આ પરિગ્રહ જેવો તેવો છે? તેવો પરિગ્રહ તજવાનું સાહસ તો શ્રેષ્ઠ છે. અત્ર 'સાહસ' એ અર્થમાં નથી. અહીં તો અનર્થકર સાહસ સમજવું. સાહસ દૂષણ વડે સ્ત્રી કંઈનું કંઈ કરી નાંખે. માટે સાહસયુક્ત જુઠ્ઠાણા-વાળી સ્ત્રી ભયંકર.

**ત્રીજું દૂષણ–માયા.** ક્ષણક્ષણમાં રંગઢંગ પલટતાં સ્ત્રીને વાર નહિ. નજીકના સગાને ક્ષણમાં વેરી માને, કટ્ટર વેરીને જીવનનો આધાર માનવાનો દેખાવ કરે. એવો દેખાવ કરવાની માયાવાળી સ્ત્રીની ભયંકરતામાં શું પૂછવું? માયા ન હોય, સરલતા હોય, તો પ્રથમના બે દોષોથી થતા નુકશાનમાં ઓછાશ હોઈ શકે. માયા ભળી એટલે સલામતી ટળી. આ ત્રણ દોષ છતાં, 'વિચાર' હોય–'સારા નરસાનો વિચાર' હોય તો તો વાંધો ન આવે.

**ચોથું દૂષણ–મૂર્ખપણું** છે. મૂર્ખને પહોંચાય? અરે, માનો કે આ ચારેય દોષોથી બચાય પણ **પાંચમું દૂષણ–'અતિલોભ'** છે. **નિર્લોભ** ભાવના હોય, નિર્લોભ દશા હોય તો પ્રથમનાં દૂષણો શું કરે? પણ આ તો લોભનો છેડો જ નહિ. સ્ત્રી એટલે ઘરમાંથી ઘી, માવો વગેરે વેચીને પૈસા ગાંઠે બાંધે! આગળ વધો! દ્રવ્યથી તથા ભાવથી અપવિત્રપણું! **છેલ્લું દૂષણ–નિર્દયપણું.** જો મહેર નજર હોય, હૃદયમાં દયા હોય તો પ્રથમના દોષો દબાઈ જાય. **નિર્દયપણું એ દોષોનો શિરોમણિ દોષ.** સ્ત્રી કેવી નિર્દય? પેટમાં આવેલાને પાડતાં વાર ન કરે!

## લોકે, લોકોત્તરે સ્ત્રીઓ નિંદ્ય!

શિષ્ય કહે છે: હે સ્વામિન્! દુનિયામાં પણ કહેવાય છે કે:– સ્ત્રીઓ દોષની ખાણ છે, 'નારી નરકની ખાણ છે,' આપ ક્યાં નથી જાણતા? કાંઈ હું જ કહું છું એમ નથી. શાસ્ત્રકારોએ દૃષ્ટાંતો પણ આપ્યાં છે, જે પ્રસિદ્ધ છે. **સુકુમાલિકા, સૂર્યકાંતા** કપિલા, અભયા, નૂપુરપંડિતા તથા નાગશ્રીનાં દૃષ્ટાંતો સ્ત્રીઓ **કેટલી** હદે નીચ છે તે જણાવે છે,

એટલું જ નહિ, પણ આગમેઽપિ-"अणंताओ पावरासीओ, जया उदयमागया। तया इत्थितगं पत्तं, सम्मं जाणाहि गोयमा! ॥१॥ (महानि० अ० १ गा०११९) હે ગૌતમ! અનંતપાપની રાશિ એકઠી થાય છે ત્યારે સ્ત્રીવેદ ઉદયમાં આવે છે. સ્ત્રી ભલે નવ માસ ગર્ભ ધારણ કરે પણ નામ બાપનું! લીલામાં પોતે સૂએ, અને બાળકને સૂકામાં સૂવાડે પણ નામ બાપનું! અને બાળક મોટું થઈને કાંઈ અવિચારી કૃત્ય કરે તો 'કયી મા ભારે મઈ હતી' એમ કહેવાય. જેમ હિંદી લશ્કર ગમે તેટલું પરાક્રમ કરે, અરે, મરે ભલે પણ જીત અમુકની કહેવાય. તેમ અહીં પણ નામ બાપનું. જશ બાપને, દોષનો ટોપલો માને શિર! આવી સ્ત્રીને માટે 'હે સ્વામિન્! આ તમે શું કહો છો?' દુનિયાની કહેવતમાં 'વઢકણી વહુએ દીકરો જણ્યો' કહેવાય છે, વઢકણા ભાઈએ દીકરો જણ્યો' એમ બોલાય છે? 'જમવામાં જગલો, માર ખાવામાં ભગલો!' જશ ભાઈને, અપજશ બાઈને. આ રીતે લોક-લોકોત્તરથી નિંદિત સ્ત્રીને માનાદિ જણાવો તે ઉચિત કઈ રીતે માનવું? દાન, વાત્સલ્ય વગેરે તેને માટે કેમ મનાય?

**એકાંતે સ્ત્રીઓ નિંદ્ય જ હોત તો એકેય સ્ત્રી મોક્ષે ન જાત.**

હવે ગુરુ મહારાજા કહે છેઃ-ભાઈ! જો તારે આગમનાં વચનો માનવાં હોય તો શાંતિથી સાંભળ. પ્રથમ તો એક જ પ્રશ્ન કે સ્ત્રીસિદ્ધ વધારે કે પુરુષસિદ્ધ વધારે? જો સ્ત્રીસિદ્ધ વધારે તો પુરુષથી સ્ત્રી ચઢિયાતી માનવી પડશે. હે શિષ્ય! તું જેમ કહે છે તેમ એકાંતે જ હોત તો તો કોઈ સ્ત્રી મોક્ષે જાત જ નહિ. તેં જે સ્ત્રીના દોષ કહ્યા તે વાત ઠીક છે પણ એકાન્તે એમ નથી. પુરુષોમાં દોષયુક્ત ક્યાં ઓછા છે? માત્ર ટૂંકી નજરે શા માટે જુએ છે? જરા દૂર દૂર નજર કર!

ઈતિહાસ શું કહે છે? બલિરાજાને મારનાર કોણ? દે'રાંઓ, મંદિરો તોડનાર કોણ? અલાઉદ્દીન ખૂની, ઔરંગઝેબ એ બધા કોણ? વર્તમાનની આ બધી ધાંધલ, વિગ્રહ પુરુષને આભારી કે સ્ત્રીને? અફખાઈ રાઠોડ જેવા મહાક્રૂર, નાસ્તિક, દેવગુરુને ઠગનારા પુરુષો પણ ક્યાં નથી? ઘણાય છે. દોષવાળા તેમજ ગુણવાળા પુરુષો તથા સ્ત્રીઓ ઉભય છે.

જે શાસ્ત્રમાં દૂષિત નારીઓનાં દૃષ્ટાંતો છે, તે જ શાસ્ત્રમાં ગુણવતી નારીઓનાં ઉદાહરણો ક્યાં નથી? સુલસા, રેવતી, કલાવતી, મદનરેખા

વગેરે શ્રાવિકાઓ કે જેને અનેક વખત શ્રી તીર્થંશે સ્વયં વખાણી છે. તેનાં દષ્ટાંતો કેમ જોતો નથી ? માટે એકાંત નથી. પોતાની માતા, બેન કે પુત્રીની જેમ શ્રાવિકાનું પણ બહુમાનપૂર્વક વાત્સલ્ય કરવું જોઈએ. મોટીને માતા, મધ્યમવયવાળીને બેન, નાનીને પુત્રી જેમ ગણી, તેવા વર્તનપૂર્વક સન્માન કરવું સમુચિત છે. ઘરમાં જેમ માતાદિના ત્રણ પ્રકાર છે તેમ અહીં પણ ત્રણ પ્રકારે શ્રાવિકાનું વાત્સલ્ય કરવું જોઈએ. આ રીતે બીજું કૃત્ય કરવું જોઇએ.

**ત્રીજું કૃત્યઃ યાત્રા.**

**अष्टाह्निकाभिधामेकां, रथयात्रामथापराम् ।**
**तृतीयां तीर्थयात्रां चेत्याहुर्यात्रां त्रिधा बुधाः ॥१॥ (श्रा०वि०पृ०१६३)**

૧ અષ્ટાહ્નિકામહોત્સવ રૂપ યાત્રા. ૨ રથયાત્રા. અને ૩ તીર્થયાત્રા. પ્રથમ પ્રકારની યાત્રામાં સર્વચૈત્યોમાં અષ્ટાહ્નિકામહોત્સવ કરવો જોઈએ. સર્વચૈત્યોમાં પૂજા, મહાપૂજા ભણાવવી જોઇએ. ચમકશો નહિ. પથ્થર દેવ, પથ્થર ગુરુ, પથ્થર ધર્મ થઈ ગયો છે. નહિ તો એક દેરાસરે ઝગઝગાટ અને બીજે દેરાસરે ભીંતોમાં ફાટ, પાણી ગળે આ બધું નભે ? જિનેશ્વરદેવ માન્યા હોય તો આમ બને ? તો તો ભક્તિ સમાન હોય. એ જ રીતે ગુરુમાં પણ સમજવું. અમુક ઉપાશ્રયમાં આવે તે જ ગુરુ, અન્યથા નહિ. એમ માનો તો પછી પથ્થર દેવ, પથ્થર ગુરુ એમ જ ને? પંચમહાવ્રતધારી સાધુ જ્યાં હોય ત્યાં ગુરુ માનવા જ જોઈએ. આ ઉપાશ્રયમાં જ પૌષધાદિ ધર્મ કરવા, બીજે નહિ એનો અર્થ ? તાત્પર્ય કે પ્રથમ યાત્રામાં સર્વચૈત્યોમાં ધામધૂમપૂર્વક અષ્ટાહ્નિકામહોત્સવ કરવો જોઇએ.

**બીજી યાત્રા રથયાત્રા છે.** તે કુમારપાળ મહારાજાએ જે રીતે કરી, તે રીતે કરવી જોઈએ. એ પરમાર્હત્ મહારાજાએ કેવી રીતે કરી તે ગ્રંથકાર જણાવે છે. ચૈત્ર શુદી આઠમે, ચોથે પહોરે, મહા ઠકુરાઇથી, પ્રથમથી એકઠા થયેલા નાગરિક લોકોથી થતા 'જય જય' ઘોષણાપૂર્વક, કેવળ સોનાનો રથ, જેમાં શ્રીજિનેશ્વરદેવ બિરાજમાન છે તે મહારાજાના મહેલથી કાઢવામાં આવ્યો. જેઓના હૃદયમાં ભક્તિ નથી અથવા જેઓ ભક્તિ ઉડાવવા માગે છે, તેવાઓ તો કહે છે ને કેઃ 'ભગવાનને શી શોભા ?" પણ અહીં તો કહે છેઃ **सोवण्ण जिणवररहो** ! ખરી રીતે

તો આ છે. પણ અત્યારે થાય છે તેમાં તો ન્યૂનતા છે.

ભગવાનના અલંકારો કેવા છે? અંદર ચાંદી ઉપર સોનું! અલંકાર એવા તો પછી રથની શી વાત! પંડમાં આવા અલંકાર પહેરાય છે?

હવે એ રથ કેવો છે? મેરૂગિરિસદશ, સોનાના મોટા દંડ, ધજા, છત્ર, ચામરયુક્ત એ રથ અત્યંત શોભાયમાન દેખાય છે. શ્રી પાર્શ્વનાથ-ભગવાનની પ્રતિમા, પુષ્પાદિકથી પૂજન થયેલી. પ્રભુજીની પ્રતિમાથી અલંકૃત, ઉપર જણાવ્યો તેવો રથ મહાજનો (શ્રીસંઘના અગ્રગણ્યો) શ્રીકુમારપાળ મહારાજને ત્યાં લાવે છે કે જ્યાંથી યાત્રા નીકળે છે.

રથ શી રીતે ચાલે છે? વાજિંત્રોથી દિશાઓ શબ્દાયમાન થઈ છે, સ્ત્રીઓ જ્યાં નૃત્યાદિ કરે છે, અને મંત્રી, સામંતો આગળ ચાલી રહ્યા છે એવો રથ પ્રથમ તો રાજાના મહેલે જાય છે. પરમાર્હત્ મહારાજા કુમારપાલ રથની અંદર બિરાજમાન થયેલી પ્રતિમાને સુવર્ણાલંકારાદિથી પૂજે છે, પોતે પૂજા કરે છે, કરાવે છે. વિવિધ પ્રકારે નાટકાદિ કરે છે અને કરાવે છે. આ રીતે આખી રાત્રિએ રાત્રિજાગરણ કરવામાં આવે છે. સવારે ત્યાંથી રથ આગળ ચાલે છે, સિંહદ્વારે મંડપમાં રથને રાખવામાં આવે છે. ત્યાં રથ રહે છે. ત્યાં પણ મહારાજા પૂજા કરી પોતે જ વિધિપૂર્વક સંઘ સમક્ષ આરતી ઉતારે છે. પછી હાથીઓથી જોડાએલો તે રથ આખા નગરમાં આગળ આગળ ચાલે છે, જુદા જુદા મંડપે પૂજનાદિ થાય છે. 'રથ હાથે જ ખીંચાય' એવું એકાન્ત નહિ. હાથે પણ ખીંચાય, હાથી, વૃષભાદિથી પણ વહન થાય. જે જે પ્રકારે શાસનની ઉન્નતિ દેખાય, તે પ્રકારે તમામ થાય. દુનિયામાં પણ કોંગ્રેસના નેતાની ગાડી હાથે પણ ખેંચાય છે, વૃષભ, ઘોડા પણ વધારે સંખ્યામાં જોડવામાં આવે છે, (મંડપો પણ જેવા તેવા નહિ, વિશાળ કે જેથી મનુષ્યો સારી સંખ્યામાં ભક્તિ કરી શકે) એટલે તે રથ દરેક મંડપે જાય છે, આથી દરેક શેરીના રહેનારાઓને દર્શન, પૂજનાદિનો પરમ લાભ મળે છે. આનું નામ રથયાત્રા!

ત્રીજી યાત્રા તે તીર્થ યાત્રા! શ્રીશત્રુંજય, શ્રીરૈવતગિરિ, તેમજ જ્યાં જ્યાં તીર્થંકરદેવનાં જન્મ દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ થયાં હોય તથા વિહારભૂમિ હોય તે સ્થળો અતિ શુભભાવોત્પાદક હોઈ,

ભવોદધિતારક હોઈ તીર્થ કહેવાય છે. અને તે દર્શનાદિ વિશુદ્ધિનું કારણ છે. **जम्मणनिक्खमणेसु य, तित्थयराण महाणुभावाणं । इत्थ किर जिनवराणं आगाढं, दंसणं होइ ॥ (वृ० क० ग० १२२६)** એ કારણથી વિધિપૂર્વક તીર્થયાત્રા અવશ્ય કર્તવ્ય છે. આજે કેટલાકની દૃષ્ટિએ તો તીર્થયાત્રા તથા સંઘ નકામાં જણાય છે, પરંતુ એવા સંઘના શત્રુઓ વિચાર કરે તો ખબર પડે કે સંઘ કાઢવાપૂર્વકની તીર્થયાત્રાથી ગામે ગામનાં દેરાસરનાં દર્શન થાય, ત્યાંના ચૈત્યોની, ત્યાંના સંઘની, ત્યાંના અન્ય સામાજિક ક્ષેત્રોની સ્થિતિ જણાય, તે સંબંધી ઘટતું તરત થાય. જો સંઘની પ્રવૃત્તિ ન હોય તો આ કોઈ પણ પ્રકારે બની શકે નહિ.

શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજાના પ્રતિબોધથી શ્રી વિક્રમરાજાએ કાઢેલા શ્રી શત્રુંજયના સંઘનું ગ્રંથકાર વર્ણન કરે છે. તેમાં (તે સંઘમાં ૧૬૯ સોનાનાં દેરાસરો હતાં, ૫૦૦ હાથીદાંત તથા ચંદન (સુખડ) વગેરેનાં દેરાસરો હતાં, ચૌદ મુકુટબદ્ધ રાજાઓ હતા, શ્રીસિદ્ધસેનજી જેમાં મુખ્ય છે તે સહિત પાંચ હજાર આચાર્યો હતા, (વચ્ચે સભામાંથી 'આજે તો આશરે અડસઠ આચાર્યો છે.') આચાર્ય મહારાજે જણાવ્યું કે :—"એટલી કમનશીબી છે કે ઓછા છે." સીત્તેર લાખ શ્રાવક કુટુંબો હતા, એક ક્રોડ, દશ લાખ, નવ હજાર ગાડાં હતાં, અઢાર લાખ ઘોડાઓ હતા, ૭૬૦૦ હાથીઓ હતા, એ જ રીતિએ ઊંટ, પોઠીઆ વગેરે જાણી લેવું.

શ્રી કુમારપાલ મહારાજાના સંઘમાં ૧૮૭૪ સુવર્ણરત્નમય દેરાસરો હતાં, આભૂ સંઘપતિના સંઘમાં ૭૦૦ દેરાસરો હતાં, એ સંઘપતિની યાત્રામાં બાર ક્રોડ સોનૈયાનો વ્યય થયો છે. પેથડશાના સંઘમાં માત્ર પ્રથમ તીર્થદર્શન વખતે અગિયાર લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. સાધુ પેથડશાના સંઘમાં બાવન દેરાસરો હતાં, સાતલાખ મનુષ્યો હતા, તથા મંત્રીશ્વર વસ્તુપાલની સાડી બાર (૧૨॥) યાત્રા પ્રસિદ્ધ છે. આ ત્રીજું કૃત્ય.

### ચોથું કૃત્ય–સ્નાત્રમહોત્સવ.

ચોથું આવશ્યક વાર્ષિક કૃત્ય સ્નાત્ર મહોત્સવનું છે. વાર્ષિક કૃત્યનો અર્થ 'વર્ષમાં એક વાર' એમ અહીં લેતા નહિ. જણાવવામાં આવતાં અગિયારેય કૃત્યો સમસ્ત વર્ષ દરમ્યાન કરવા યોગ્ય છે, પરન્તુ

શક્તિના અભાવે વર્ષમાં એક વાર તો કરવું જ જોઇએ. દેરાસરમાં મોટો સ્નાત્રમહોત્સવ, (જે કાયમ કરવા જોઈએ) પ્રતિવર્ષે જઘન્યે એકવાર જરૂર કરવો જોઇએ. ઇતિહાસની વાત સંભળાય છે કે સાધુ પેથડશાહે શ્રી ગિરનારજી તીર્થના સ્નાત્ર મહોત્સવ પ્રસંગે ૫૬ (છપ્પન) ઘડી સોનું બોલી ઇન્દ્રમાળા પહેરી હતી. ધ્યાનમાં રાખજો કે બોલીનો રિવાજ નવો નથી. શ્રી શત્રુંજય તથા શ્રી ગિરનારજી વચ્ચે એક મોટો સુવર્ણધ્વજ સાધુ પેથડશાહે આપ્યો હતો તેમના પુત્ર ઝાંઝણશાહે જરીયાનનો ધ્વજ આપ્યો હતો. આ ચોથું કૃત્ય.

**પાંચમું કૃત્ય : દેવ-દ્રવ્ય-વૃદ્ધિ.**

દેવ-દ્રવ્ય-વૃદ્ધિ એ પાચમું કૃત્ય છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રતિવર્ષ જઘન્યે એક વાર પણ માળા પહેરવાનું કૃત્ય આવશ્યક છે. કેટલાકોને આ વાત નહિ ગમે. ભગવાનને આ શું ? પણ શોભા વિનાના દે'રામાં ભાવના કેવી રહેશે ? દેવ-દ્રવ્ય વિના શોભા થાય ? આખા સંઘના પરિણામને વધારનાર દેવદ્રવ્યની વૃદ્ધિ એ પરમ આવશ્યક કર્તવ્ય છે. ઇન્દ્રમાળા અગર બીજી માળાની ઉછામણીથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.

એક વખત શ્રી રવતગિરિએ શ્વેતાંબરોનો તથા દિગમ્બરોનો સંઘ એક સાથે ભેગો થઇ ગયો, તીર્થને અંગે વિવાદ થયો. તે વખતે વૃદ્ધોનો નિર્ણય થયો કે જે બોલીમાં વધે તેનું તીર્થ ! નિર્ણય પણ બોલીને આધારે ! આથી બોલીના રિવાજનો કેવો પ્રભાવ હતો તે સ્પષ્ટ છે. તે વખતે સાધુ પેથડશા શેઠે ૫૬ (છપ્પન) ઘડી સોનું બોલી તીર્થ પોતાનું કર્યું હતું. પોતાનું એટલે શ્વેતાંબર સંઘનું કર્યું હતું. ઘડી એટલે દશ શેર. ચાર ઘડી સોનું તો સાધુ પેથડશાહે યાચકોને તીર્થપ્રાપ્તિની ખુશાલીમાં વહેંચ્યું. આ રીતે વિધિપૂર્વક દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી. (सुकृतसा० पृ० ४० गा० २७-२८). (અહીં આગળ પ્રસંગને અનુસરીને શ્વેતાંબર અને દિગંબરોમાં જ્યારે દિગંબરોએ 'આ તીર્થ અમારું છે.' એમ કર્યું, ત્યારે બપ્પભટ્ટસૂરિથી પ્રતિબોધેલા આમરાજાએ ગિરનારજીનો સંઘ કાઢ્યો અને ત્યાં આવ્યા. ત્યાર પછી રાજાએ અભિગ્રહ લીધો. મહિનાઓ સુધી દિગંબરો સાથે વાદ ચાલ્યો. પછીથી 'उज्जिंतसेलसिहरे त्ति'

એ ગાથા વડે વાદ પૂર્ણ થયો અને તીર્થ શ્વેતાંબરોનું ઠર્યું. ત્યારપછી તીર્થને લઈને દિગંબર અને શ્વેતાંબરની જિનપૂજાનો દિગંબરોના દેવ નગ્નઅવસ્થાવાળા અને શ્વેતાંબરોના દેવ અંચલિકાવાળા આવી રીતે ભેદ કર્યો. तीर्थं लात्वा दिगम्बर-श्वेताम्बरजिनार्चानां नग्नावस्थाञ्चलिकाकरणेन विभेदः कृतः' (उप० त० पृ० २४८) એ પાંચમું કૃત્ય છે.

**છઠ્ઠું કૃત્ય-મહાપૂજા.**

પ્રતિવર્ષ ચૈત્યોમાં, જિનાલયોમાં મહાપૂજા ભણાવવી (જઘન્યે એક) એ છઠ્ઠું કૃત્ય છે.

**સાતમું કૃત્ય : રાત્રિજાગરણ**

રાત્રિજાગરણ એ સાતમું કૃત્ય છે. તે તીર્થદર્શન પ્રસંગે સંઘમાં પ્રથમ તીર્થદર્શને, કલ્યાણક દિવસે, ગુરુનિર્વાણાદિ પ્રસંગે શ્રી વીતરાગદેવના ગુણગાન ગાવાપૂર્વક, નૃત્યાદિ કરવાપૂર્વક ભકત્યર્થે રાત્રિજાગરણ કરવું એ સાતમું કૃત્ય છે.

**આઠમું કૃત્ય-શ્રુતપૂજા**

શ્રુતભક્તિ, શ્રુતપૂજા એ આઠમું કૃત્ય છે, શ્રુતપૂજા રોજ કરવી જોઈએ, શક્તિના અભાવે પ્રતિમાસે, પ્રતિવર્ષે જઘન્યથી યથાશક્તિએ એક વખત પણ જરૂર કરવી જોઈએ.

**નવમું કૃત્ય-ઉદ્યાપન.**

ઉદ્યાપન (ઉજમણું) એ નવમું આવશ્યક કર્તવ્ય છે. તે શ્રી સિદ્ધચક્રજીની આરાધના અંગે, એકાદશી, પંચમી, રોહિણી વગેરેના તપને અંગે, જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેના વિવિધ પ્રકારના તપને અંગે વર્ષે વર્ષે જઘન્યથી એક એક ઉદ્યાપન અવશ્ય યથાવિધિપૂર્વક કરવું જોઈએ.

तथा—नवपद-सिद्धचक्रैकादशीपंचमीरोहिणीज्ञानदर्शनचारित्रादिविविधतत्तत्तपःसंबंधिषु उद्यापनेषु जघन्यतोऽपि एकैकमुद्यापनं वर्षे वर्षे यथाविधि कार्यं,

यतः उद्यापनं यत्तपसः समर्थने, तच्चैत्यमौलौ कलशाधिरोपणम् ।
फलोपरोपोऽक्षतपात्रमस्तके, तांबुलदानं कृतभोजने परि ॥१॥

सर्वत्र शुक्लपंचम्यादिविविधतपसामपि तत्तदुपवासादिसंख्यया

**नाणकवर्त्तुलिकानालिकेरमोदकादिनानाविधवस्तुढौकनादिना यथाश्रुत-संप्रदायमुद्यापनानि विधेयानीति नवम कृत्यम् ॥९॥**

**પરંપરાને નહિ માનનારને જૈનશાસનમાં સ્થાન જ નથી.**

તાત્પર્ય કે તપ પૂરું થયા પછી ઉજમણું કરવું જોઈએ. દેરાસર કળશ વગર બાંડું લાગે, તેમ ઉદ્યાપન વગરનું તપ બાંડું સમજવું. શાસ્ત્ર મુજબ, પરંપરા મુજબ, તપ પ્રમાણે વિધાનાનુસાર સંખ્યામાં ચંદરવા વગેરે કરવા, નાણું, વાડકા, થાળી મૂકવાં, નાળિયેર, મોદક વગેરે વિવિધ પ્રકારે વસ્તુઓ મૂકવી.

યાદ રાખજો કે પરંપરા તો સ્થળે સ્થળે વર્ણવાયેલ છે. પરંપરાને નહિ માનનારને જૈનશાસનમાં સ્થાન જ નથી.

**દશમું કૃત્યઃ તીર્થપ્રભાવના.**

તીર્થપ્રભાવના દશમું કૃત્ય છે. વર્ષમાં જઘન્યથી એકવાર તો તે અવશ્ય કરવું જોઈએ. શ્રી ગુરુપ્રવેશમહોત્સવ ઘણા જ આડંબરથી કરવો જોઈએ, શ્રી સંઘે ગુરુમહારાજની સન્મુખ જઈને યથાશક્તિએ સત્કાર કરવો જોઈએ. શ્રી ઔપપાતિક સૂત્રમાં પ્રવેશમહોત્સવને અંગે કોણિક રાજાનો અધિકાર છે, (औप० सू० ३० थी ३३), વળી પરદેશી રાજાએ, ઉદાયનરાજાએ, દશાર્ણભદ્ર રાજાએ શ્રીવીરપરમાત્માનો પ્રવેશ-મહોત્સવ આડંબરથી કર્યો છે, તેવી રીતે ગુરુપ્રવેશમહોત્સવ, તીર્થ-પ્રભાવનાદિ કરવાં જોઈએ. શ્રી ધર્મઘોષસૂરિજીના પ્રવેશોત્સવમાં સાધુ પેથડશાહે બહોંતેર હજાર રૂપિયાનો વ્યય કર્યો હતો (सुकृतसागर पृ० २०).

કોઈ કહે કે "શ્રી પૂજઆદિ તો એવા ઠાઠમાઠ કરાવે પણ સંવિગ્ન સાધુને અંગે આવો પ્રવેશોત્સવ ઉચિત છે?" એને અંગે વ્યવહાર-ભાષ્યમાં (उ० १ गा० ८०९) **तीरिअ उब्भामनिओअदरिसणं सन्नि साहुमप्पाहे। दंडिअभोइअ असई, सावगसंघो व सक्कारं ॥१॥** પ્રતિમાધિકારમાં જણાવે છે કે જ્યારે સાધુ પ્રતિમા વહનકરી પૂરી કરે, એ વાતની જો કોઈને ખબર ન પડે તો પોતે જ્યાં ઘણા યાચકો ભમતા હોય તે ગામ કહેવાય, ત્યાં આવીને પણ પોતાનાં દર્શન દે. આટલાથી જો કોઈ સત્કાર ન કરે તો તે 'પોતે પ્રતિમા પૂર્ણ કરીને આવ્યા છે' એવો સંદેશો સાધુ અથવા શ્રાવક સંઘને કહેવરાવે અને સંઘ ત્યાંના રાજા વગેરે અધિકારી મારફત પ્રવેશમહોત્સવ કરાવે. વળી જો તેમ થવું

પણ શકય ન હોય તો શ્રીસંઘ પ્રવેશમહોત્સવ કરે. એ શાસનોન્નતિને અંગે આ દશમું કૃત્ય છે.

**અગિયારમું કૃત્યઃ આલોયણા.**

આલોયણા એ અગિયારમું કૃત્ય છે. આલોયણા પ્રસંગે પ્રસંગે લેવી જોઈએ. તેમ ન બને તો પ્રતિવર્ષે એકવાર અવશ્ય લેવી જોઈએ. ગુરુમહારાજા પાસે આલોયણા અવશ્ય લેવી જોઈએ (आव०भा०गा० २३६) અન્યત્ર કહ્યું છે કેઃ–

जंबूदीवे जे हुंति पव्वया ते चेव हुंति हेमस्सं।
दिज्जंति सत्तखित्ते, न छुट्टए दिवसपच्छित्त ॥ १ ॥
जंबूदीवे जा हुज्ज वालुआ ताउ हुंति रयणाइं।
दिज्जंति सत्तखित्ते, न छुट्टए दिवसपच्छित्तं ॥ २ ॥

જંબૂદ્વીપમાં જે પર્વતો છે, તે તમામ સોનાના થઈ જાય અને તે સાતે ક્ષેત્રમાં દાનમાં દેવામાં આવે તો તેટલા પુણ્યથી પણ એક દિવસના પ્રાયશ્ચિત્તથી છૂટાતું નથી. જંબૂદ્વીપમાં જે રેતી છે તે રત્નમય થાય અને તે સાતે ક્ષેત્રમાં દાનમાં દેવાય તો તેટલા પુણ્યથી પણ, એક દિવસના પ્રાયશ્ચિત્તથી છૂટાતું નથી. તેથી આલોચના વિના ઘણા દિવસોનાં પાપથી શી રીતે છૂટાય ? આટલા માટે ગુરુદત્તપ્રાયશ્ચિત્તને વિધિપૂર્વક કરવાથી આત્મશુદ્ધિ થાય છે, ભાવનાની શુદ્ધિ થાય છે ને તેથી દઢપ્રહારીની જેમ તદ્ભવે મોક્ષ પણ મેળવી શકાય છે. દઢપ્રહારી ચાર ચાર ભયંકર હત્યાનો કરનાર હતો છતાં પ્રાયશ્ચિત્ત યોગે શુદ્ધ થઈ, તદ્ભવ મુક્તિ ગયેલ છે.

આ અગિયાર કૃત્યો વાર્ષિક કૃત્યો છે. તે કરવા યોગ્ય છે. જઘન્યથી પ્રત્યેક કાર્ય વર્ષમાં એક વાર તો અવશ્યકરણીય છે. એક વર્ષ થઈ ગયું માટે પત્યું એમ નહિ પણ પ્રતિવર્ષ કરવાનાં છે.

कृत्यान्यमूनि प्रतिवत्सरं हि ये, श्राद्धा वितन्वंति विवेकसंभृताः।
तत्पुण्यपुष्ट्या कृतिनः कृतार्थिनः, ते द्यां लभंते प्रभुधर्मरागिणः ॥ १ ॥

શબ્દાર્થ :–વિવેકવાળા એવા જે શ્રાવકો આ અગિયાર કૃત્યોને દરેક વર્ષે કરે છે, તે પ્રભુધર્મના રાગી, કૃત્યને જાણનારા અને કૃતાર્થ થએલા શ્રાવકો તે કૃત્યોના પુણ્યની પુષ્ટિથી સ્વર્ગ મેળવે છે.

# અષ્ટાહ્નિકા પ્રવચન–૩
# તૃતીય દિન–દેશના
## પૌષધોપવાસ

**अथ पर्वदिनेषु पौषधो न देय इत्याह**–શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ વિજયલક્ષ્મીસૂરિ મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ઉપદેશપ્રાસાદ** નામના ગ્રન્થને રચતાં થકાં શ્રાવકોના બારવ્રતને અંગે કથન કર્યા પછી હવે જણાવે છે કે સામાયિકાદિ શિક્ષાવ્રતો ધારણ કર્યાં હોય તેમણે અંતર્મુહૂર્ત, કે એક પહોર આદિ રાત્રિ દિવસની પ્રવૃત્તિ તો હોય પણ લાગલાગટ આરાધવા માટે અષ્ટાહ્નિકાપર્વ છે. દુષ્ષમકાલ છે! પ્રતિમાવહન કર્યા વિના દીક્ષિત ન થઈ શકે તેવો નિયમ નથી. જો એવો નિયમ માનીએ તો જરા વિચારી જુઓ, જેટલો ભાગ સિદ્ધ થયો છે તેનો અસંખ્યાતમો ભાગ દેશવિરતિ વિનાનો જ હોય છે. 'असंख्येयभागेम तुन स्पृष्टा' (आव० हरि० पृ० ३६३)તો તે મેળ કેમ મળે?

દેશવિરતિ વિના સર્વવિરતિ હોય નહિ એવો નિયમ કરાય નહિ. ચારિત્ર સાથે પણ સમ્યક્ત્વ હોય તો કેટલીક વખત ચારિત્ર પહેલાં પણ સમ્યક્ત્વ હોય; તો કહો, પેલા નિયમે દેશવિરતિ ક્યાંથી હોય? ગણધરાદિકોની સ્થિતિ જોઈએ તો તેમને સમ્યક્ત્વ સાથે ચારિત્ર પ્રાપ્ત થયું છે. વચ્ચે દેશવિરતિ લીધી નથી. આથી દેશવિરતિ વિના ચારિત્ર લેવું તેવો નિયમ નથી.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કેઃ– 'દુષ્ષમકાલ છે, તેમાં પ્રથમ દેશવિરતિ પછી પ્રતિમાવહન કરીને સાધુપણું લેવું જોઇએ.' આથી કેટલાક કલ્પનાના ઘોડા દોડાવનારાઓ એવી વાતો કરે છે કે સાધુપણાના અભ્યાસ માટે પ્રથમ દેશવિરતિની જરૂર છે. આગળ-પાછળનો વિચાર કરે નહિ, ફાવતું માનવું, ન ફાવતું ન માનવું ત્યાં શું થાય? શ્રી અભયદેવસૂરિજી મહારાજને પોતાના કહેવા છતાં તેઓ શું કહે છે, તે કેમ જોતા નથી? પ્રતિમાઓ વિચ્છેદ થઈ છે. એમ કહેવા તૈયાર થવાય છે? અભ્યાસ–એટલે વારંવાર તીવ્રપણે કરવાની ક્રિયા. પ્રતિમા વહેવાની હોય કે ભાવના ભાવવાની હોય, શું હોય?

વારંવાર થતી પ્રવૃત્તિને અભ્યાસ કહેલ છે. એવું સ્પષ્ટતયા કથન છે. પણ જે શીંગડે ખાંડો અને પૂંછડે બાંડો હોય તેને પકડવો ક્યાંથી?

શ્રી વિજયસેનસૂરિજી કહે છે કે બધી પ્રતિમાવહન કરવાની છે. પ્રતિમાને વહન કરવાનો નિયમ (વિધાન) સાંભળી, 'પ્રતિમા વિના સાધુપણું જ ન હોય' એવું અવળું લેનારા હોય તેનો શો ઉપાય? જો એ મહર્ષિઓને પ્રતિમાનો આ રીતે નિયમ માન્ય હોત તો તો આઠ વર્ષની દીક્ષા (૧) **पढमदसाए अट्ठवरिसोवरि नवमदसमेसु दिक्खा (नि० चू० उ० ११ गा० २६७), (२) जन्मत आरभ्य अष्टौ वर्षाणि यावद्बालोऽत्राभिधीयते, स किल गर्भस्थो नवमासान् सातिरेकान् गमयति, जातोऽप्यष्टौ वर्षाणि यावद्दीक्षां न प्रतिपद्यते (प्र० सा० पृ०२२९) (३) एएसि वयपमाणं अट्ठ समाउत्ति वीयरायेहिं। भणिअं जहन्नगं खलु (पं० व० पृ०८), (४) सत्तट्ठगमुक्को सो (पं क० भा० प ८)** તેમને મતે માન્ય હોત જ નહિ. પ્રતિમાની મુદત સમજી લ્યો. પ્રથમ પ્રતિમા વહનની મુદત એક માસની, બીજી પ્રતિમા વહનની મુદત બે માસની, ત્રીજીની મુદત ત્રણ માસની, એમ અગિયારમીની મુદત અગિયાર માસની છે. દરેકની આ મુદત ઉત્કૃષ્ટ છે, જઘન્યથી દરેકની મુદત અંતર્મુહૂર્તની છે. (**दशमं पंचाशकं**)

## આઠ વર્ષની મુદત કોના માટે?

અટ્ઠાઈના પર્વદિવસોની આરાધના કરનારા ખુશીથી પ્રતિમાની આરાધનાના અભ્યાસમાં આવી જાય છે. સમ્યક્ત્વ, વ્રત, કાયોત્સર્ગ, અને પૌષધધારણ કરવા તે જ પ્રતિમા અંતર્મુહૂર્તની છે અને સમ્યક્ત્વ આદિ દૃઢ રાખવા પહેલા માસમાં પ્રથમ સમ્યક્ત્વમાં જે આગારો હતા તે બંધ. ચાહે તે થાઓ! તેવી રીતે બીજી પ્રતિમાવહનમાં વ્રતના આગારો બંધ. અંતર્મુહૂર્તની જઘન્ય મુદતની પ્રતિમા હોવાથી પ્રતિમા વહન નામે બાલદીક્ષા રોકનારાઓ ગ્રન્થના રહસ્યને સમજ્યા જ નથી, અગર કથનમાં રહેલું રહસ્ય જાણ્યું હોય તો પ્રમાણ્યું નથી. મનમાં લીધું જ નથી.

અન્ય ધર્મી હોય, જેનામાં શ્રાવક કુળના સંસ્કાર ન હોય, પૂર્વભવનું જેને જાતિસ્મરણજ્ઞાન ન હોય તેવાને માટે આઠ વર્ષે દેશવિરતિ

કે સર્વવિરતિનો નિયમ છે, यत–देशतःसर्वतो वा ॥ તે સિવાયના માટે આ નિયમ નથી. જો એમ ન હોય તો તો આઠવર્ષ પહેલાં સામાયિક નહિ ઉચ્ચરાવાય. કેવળ ઉપદેશથી પોતાની મેળે ધર્મ પામવાનો હોય તેવાને આઠ વર્ષની અંદર દેશવિરતિ કે સર્વવિરતિ ન હોય. જેને ભવાંતરના કુળસંસ્કાર હોય તેવાને આઠ વર્ષની અંદર પણ દેશવિરતિ-આદિ હોય. આઠ વર્ષની મુદત તો ઉપદેશની અસરના પરિણામને અંગે છે. नागकेतोर्विरत्तौ जातिस्मृतेरेव कारणता, तत एव तिरश्चामपि देशविरतिः, यच्च कर्म्मग्रन्थवृत्त्यादौ वर्षाष्टकादुपरि विरतिसम्भवस्तद्धर्म्मोपदेशादिसामग्रयाः प्राधान्यख्यापको बाहुल्यात्तथैव प्रवृत्तेः, अन्यथाऽतिमुक्तकादीनां वर्षषट्के सर्वविरतिर्न घटते (युक्तिप्र० पृ० २१६) [1]જો એમ ન માનવામાં આવે તો તો આઠ વર્ષની અંદરના છોકરાને એકાસણાં, અને સામાયિકની અવિધિ થઈ જાય. પાંચ છ વર્ષના છોકરાને પ્રતિક્રમણ, આયંબિલ અને એકાસણાં કરાવીએ તેને વ્રતાદિ શી રીતે મનાય? આહારત્યાગ રૂપ પૌષધ માનવો પડશે. બેસણું ખૂદ પૌષધ છે.

---

१ नत्वा नतेन्द्रनागेन्द्रमौलिद्योतितपत्कजम्। वर्धमानं जिनं वक्ष्ये, प्रव्रज्यायां वयोगतम् ॥१॥ विहाय पापयोगानां, व्यापारं गृहियोषिनः। हिंसापरिग्रहोद्भूतं, संसारावर्त्तसारकम् ॥२॥ प्रकर्षेणात्मशर्मौघं, शाश्वतं ज्ञानदृङ्मयम्। जन्मव्याध्यन्तकास्पृष्टं प्रव्रज्या व्रजनं शुभम् ॥३॥ युग्मम् ॥ तद्योग्य तु वयोद्वेधा, जघन्योत्कृष्टभेदतः। आद्य मतत्रयं सूत्रे, मतद्वितयमन्तिमे ॥४॥ जन्मतो नवमे केचिद्वर्षे जन्माष्टमे पुनः। अन्ये गर्भाष्टमे, दीक्षां, जघन्यान्मेनिरे बुधाः ॥५॥ मतत्रयं समाम्नाय, हरिभद्रो मुनीश्वरः। वयोमानं जघन्येनाष्टवर्षाणि जगौ स्फुटम् ॥६॥ निशीथे पंचकल्पे च सारोद्धारे मुनीश्वराः। वर्षाष्टकादधोबालं दीक्षायां मेनिरेऽनलम् ॥७॥ ऊनाष्टे नास्ति चारित्रमित्युक्त्वा मनकस्य तु। दीक्षां मेनेऽपवादेन, दत्ता शय्यम्भवेन या ॥८॥ त्रिचतुर्हायणो हीनो, मध्यः पञ्चष-

वार्षिकः । सप्ताष्टाब्दिक उत्कृष्ट, एवं बालस्त्रिधा मतः ॥९॥
(आ० आ० सू०)

હવે પેલી માન્યતાવાળાથી આઠે દિવસે તે થશે નહિ! પર્વ સિવાય જો ઉપવાસ કરશે તો તેમના હિસાબે તે ડૂબી જશે. (ખરતરો!) સામાયિક વગેરે શિક્ષાવ્રતો ધારણ કરનારાએ આટલા માટે લાંબી મુદતનો આહાર, વ્યાપાર, શરીરસંસ્કારનો ત્યાગ અને બ્રહ્મચર્યનું પાલન, આ બધું કરવારૂપ પૌષધ કરી અટ્ઠાઈપર્વ આરાધવું જોઈએ.

**પૌષધ શું પર્વ દિવસે જ થાય? એ અર્થ ઉચિત નથી.**
**રોજ કરાય. પર્વે અવશ્ય!**

પર્યુષણાની અઠ્ઠાઈને અંગે પાંચ કૃત્યો જણાવ્યાં. તેનું આરાધન કરનારે વરસનું સરવૈયું કાઢવું જોઈએ. તે સરવૈયું કાઢવા માટે આખા વર્ષમાં ક્યાં ક્યાં કાર્યો કરવાં જોઈએ, ક્યાં વર્જવાં જોઈએ, તેમાં શું થયું અને શું ન થયું તે વિચારવું જોઈએ, તેથી ગઈ કાલે વાર્ષિક ૧૧ કૃત્યો જણાવ્યાં. ત્યારબાદ પૌષધનો અધિકાર બારવ્રતના અધિકારમાં આવે તેથી પર્યુષણા પર્વમાં પૌષધ કરી વિશેષથી આરાધના કરવાની જરૂરી છે. પર્વદિવસે પૌષધ કરવો એમ કહેવાને બદલે 'પર્વદિવસમાં પૌષધ છોડવો નહિ' એમ શાથી કહેવામાં આવે છે? શાસ્ત્રના વાક્યોનો અવળો અર્થ કરનારાઓને અંગે શાસ્ત્રકારોને સાવચેતી રાખવી પડે છે. 'પર્વ દિવસે પૌષધ કરવો' એમ કહે તો જેને ધર્મક્રિયા ઉડાવવી હોય તે તરત કહી દે 'પર્વ વિનાના દિવસે પૌષધ કરવો નહિ.' આટલા માટે શાસ્ત્રકારો કહે છે કે, 'પર્વ દિવસે પૌષધ છોડશો નહિ.' એનો અર્થ એમ કે 'પૌષધ કરજો તો રોજ પણ પર્વ દિવસે તો કર્યા વિના ન જ રહેતા.' આ પ્રમાણે સાવચેતીપૂર્વકના કથનથી પેલાને બોલાવવાનો વખત નથી.

એવા બિચારાઓને પ્રકરણનો પણ ખ્યાલ નથી. શાસ્ત્રોમાં વ્રતોનું નિરૂપણ ચાલ્યું, પછી ક્યારે ગ્રહણ કરેલાં ક્યાં સુધી રહે તે જણાવ્યું. એક વખત ગ્રહણ કર્યાં હોય તો અણુવ્રતો યાવજ્જીવ ચાલે તે *સાધારણ મર્યાદા છે, તેનો અધિકાર ન સમજતાં ગ્રહણ મર્યાદામાં ગયા!*

ક્યાં સુધી ધારણ કરાય તે પ્રકરણ છોડી ગ્રહણ ક્યાં સુધી થાય તેમ લીધું ! ગુણવ્રતો યાવજ્જીવ પણ હોય.

(**पंचाणुव्वयाइ तिन्नि गुणव्वयाइं आवकहियाइ टी० –पंचाणुव्रतानि प्रतिपादितस्वरूपाणि त्रीणि गुणव्रतानि उक्तलक्षणान्येव 'यावत्कथिकानी'ति सकृद्गृहीतानि यावज्जीवमपि भावनीयानि, आव० हरि पृ० ८३८–८३९).**

શિક્ષાવ્રતોમાં બે ભાગ પાડયા : સામાયિક તથા દેશાવગાશિક એ એક ભાગ તથા પૌષધ અને અતિથિસંવિભાગ એ બીજો ભાગ. સામાયિક રોજ વારંવાર ઉચ્ચારાય, એક દિવસમાં અનેકવાર, વારંવાર તેનું ઉચ્ચારણ થાય. પૌષધ અને અતિથિસંવિભાગ તો આખો દિવસ નિયમિત. પૌષધ પહોર કે બે પહોરનો લેવા માગે તો ન લેવાય. બે ઘડીનો પૌષધ ન ઉચ્ચરાવાય. સામાયિક બે ઘડીનું હોય. ઉપવાસ, આયંબિલ, નીવી, એકાસણું, બેસણું ઘડી બે ઘડીનાં નહિ થાય. દેશાવગાશિકમાં જેટલું પચ્ચક્ખાણ કરવું હશે, તેટલું થશે. પૌષધ તો આખા દિવસનો નિયમિત જ હોય **चत्तारि सिक्खावयाइं इत्तरियाइ, टी०चत्वारीति संख्या 'शिक्षापदव्रतानी'तिशिक्षा-अभ्यासस्तस्य पदानि–स्थानानि तान्येवव्रतानि शिक्षापदव्रतानि, 'इत्वराणीति तत्र प्रतिदिवसानुष्ठेये सामायिकदेशावकाशिके पुनः पुनरुच्चार्ये इति भावना पौषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ न प्रतिदिवसाचरणीयाविति।**

અતિથિસંવિભાગવાળાથી, 'બે ઘડીમાં સાધુ આવે તો ભલે, નહિ તો ખાઈ લઈશ,' એમ ન ધરાય. ક્રિયા વિમુખો 'પ્રતિનિયત'નો અર્થ 'પર્વ' કરી નાખે છે! તેઓ તેનો અર્થ 'પર્વનું (પર્વનું જ) અનુષ્ઠાન' એમ કરે છે. એવાઓના મતે પર્વ સિવાયના દિવસે વહોરાવનારા દુર્ગતિએ જશે એમ ખરૂં ? એવાઓના મતે તો પર્વદિવસ સિવાય અતિથિસંવિભાગ ન કરાય. પર્વદિવસે પૌષધ લે અને સાંજના પારતી વખતે 'પૌષધ પારૂં' એમ પૂછે તો પેલાઓના મતે તો 'પુનોવિ કાયવ્વો' ન કહેવાય. કેમકે પછી પર્વદિવસ ક્યાં છે? આ કારણથી શાસ્ત્રકારો સાવચેતીપૂર્વક '**पर्वदिनेषु पौषधं न हेयं**': 'પર્વ દિવસે પૌષધ ન છોડવો,' એમ કહે છે :–

ये पौषधोपवासेन, तिष्ठति पर्ववासरे। अंतिम इव (यथो दायन) राजर्षिर्धन्यास्ते गृहिणेऽपि हि ॥१॥ (જેઓ ઉપર જણાવ્યા મુજબ પર્વના દિવસોમાં પૌષધ અંગીકાર કરવા વડે કરીને રહે છે તેઓ ગૃહસ્થ છતાં પણ અંતિમ રાજર્ષિ ઉદાયનની માફક ધન્ય છે.)

**ઉદાયન રાજાનું અંતિમરાજર્ષિપણું:**

ઉદાયન રાજા અંતિમ રાજર્ષિ છે તે વાત ચૂર્ણિકાર મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. અભયકુમાર ભગવાનને પૂછે છે કે 'હે ભગવન્! છેલ્લા રાજર્ષિ કોણ? ત્યારે ભગવાન ઉત્તર આપે છે કે 'ઉદાયન' આટલો જ ઉત્તર આપીને ભગવાને તે વાત બંધ ન કરી પણ પાછું જણાવી દીધું કે આનાથી આગળ અર્થાત્ ઉદાયન રાજાના પછી મુકુટબદ્ધ રાજા કોઈ પ્રવ્રજિત નહિ થાય, 'अभओ किर सामी पुच्छति–को अपच्छिमो रायरिसित्ति? सामिणा भणितं–उदायणो, अतो परं बद्धमउडो न पव्वयति' (आव० चु० भा० २ पृ० १७१). આવી રીતે અભયકુમાર પૂછે છે તેનું કારણ એ જ કે રાજ મળો યા ન મળો પણ સંયમ તો લેવું જ જોઈએ. જો હું રાજ લઉં તો દીક્ષા લઈ શકીશ કે નહિ એ નિર્ણય કરવાનો તેમને જરૂરી હતો, તેથી ભગવાનની પાસે પ્રશ્ન કરીને નિર્ણય કર્યો કે અંતિમ રાજર્ષિ ઉદાયન જ છે. તે ઉદાયન રાજા અંતિમ રાજર્ષિ કેવી રીતે થયા તે શ્લોકમાં જણાવેલો સંબંધ આ પ્રમાણે:–

**આરાધે તે આરાધક!**

ઉદાયન રાજર્ષિ શત્રુના દેશમાં પડાવ નાખીને પડેલા, (મંદસોરમાં પડેલા) પણ પર્વદિવસે પૌષધમાં રહીને આરાધન કરે તો તેની આગળ તમારી ઉપાધિ કઈ ગણતરીમાં! ચોથો આરો કે પાંચમો આરો: આરાધે તે આરાધક અને તે જ ભાગ્યશાળી! અનુમોદન કરવા લાયકમાં બીજા દોષો છતાં અનુમોદનીય પ્રવૃત્તિની અનુમોદના થાય છે. એમ ગૃહસ્થો તો વિષયાદિકમાં ડૂબેલા જ છીએ ને! છતાં ધન્યવાદ અપાય છે ને! દુન્યવી વ્યવહારમાં એક રકમ જૂઠી લખેલી હોય તેવાને ધન્યવાદ નથી મળતો, તો પર્વદિવસ વિના બધા દિવસો કર્મબંધનમાં રહે છતાં તેવાયને ધન્યવાદ? મહાનુભાવ! જે હિસાબની વાત કરી તે સાધુપણાની વાત છે. એમાં અઢારહજારઅંગમાં એક પણ

તૂટવું ન જોઇએ. ધૂળીયા વિદ્યાર્થીઓ એકડો સીધો કરે એટલે માબાપને દોઢ શેર લોહી ચઢી જાય. અહીં પણ પર્વ આરાધવાની, મોક્ષ મેળવવાની, કર્મ રોકવાની બુદ્ધિ થાય તે ધન્યભાગ્યની નિશાની છે. મૂર્ખાઇ માટે માબાપને લોહી નથી ચઢતું પણ શિક્ષણને અંગે લોહી ચઢે છે.

જ્યારે જીવને ધર્મ પર્વ આરાધવાની બુદ્ધિ થઈ, કર્મો રોકવાની તથા મોક્ષ મેળવવાની જે બુદ્ધિ થઈ, તે ધન્યભાગ્યની નિશાની. મૂર્ખતાને અંગે બાળક માટે માબાપને લોહી નથી ચઢતું પણ આવડતને અંગે ચઢે છે. આંકડામાં મીંડાં કે લીટા કાઢયા કરે તેથી માબાપ ખુશી નથી થતા, પરંતુ એકડો જ્યારે બાળકને આવડે કે માબાપ ખુશખુશ ! કેમકે પછી માબાપને ખાત્રી થાય કે હવે છોકરો આગળ વધશે. શાસ્ત્રકારની પણ એ જ દૃષ્ટિ છે કે જીવ અંશે પણ આરાધતો થાય તો તેનો માર્ગ ખુલ્લો, અને તેથી શાસ્ત્રકારોને દોઢ શેર લોહી ચઢે અર્થાત્ પ્રમોદભાવના થાય. એ પ્રમોદભાવનાનો વિષય થયો. એક પણ વ્રત આરાધનાર પણ આઠ ભવમાં મોક્ષ પામી શકે; ગૃહસ્થ ( आव० नि० ८९६ ) તે ગૃહસ્થાશ્રમને અંગે આરંભ, સમારંભ તથા વિષયકષાયમાં ડૂબેલો છે છતાં પર્વનું સાધ્ય થયું તેથી ભાગ્યશાળી ગણાય.

### ઉદાયનરાજર્ષિનું વૃત્તાન્ત

### કુમારનંદિ તથા નાગિલનું વૃત્તાન્ત.

चंपा अंणगसेणो, पंचच्छर थेर णयण दुभ वलते ।
विह पास णयण सावग, इंगिणि उववाय णंदिसरे ॥८७३॥
बोहण पडिमोदायण, पभाव उप्पाद देवदत्तदे ।
मरणुववाते तावस, णयणं तह भीसणा समणा ॥८७४॥
गंधारगिरी देवय, पडिमागुलियागिलाणपडियरणं ।
पज्जोयहरण पुक्खर, रणं गहणेणामओ सवणा ॥८७५॥
(निशी० उ० १०)

સિંધુ સૌવીરદેશે વીતભય (ભેરા) મોટું શહેર છે. ત્યાં ઉદાયનરાજા છે, તેને પ્રભાવતી નામે પટરાણી છે. તેમને અભીચિ કુંવર છે. કેશી નામનો ભાણેજ પણ છે. આ વાત અહીં રાખીએ. બીજો સંબંધ શ્રી જીવિતસ્વામીની પ્રતિમાનો છે, જેની સાથે રાજા ચંડપ્રદ્યોતનની વાતનો સંબંધ સંકળાયેલો છે. વળી ચંપાનગરીમાં (ભાગલપુર) કુમારનંદિ નામનો

એક સોની છે. જે જન્મથી જ સ્રીલંપટ છે. કોઈ રૂપાળી કન્યા તેના શ્રવણમાં, તેની જાણમાં આવે કે તે તેણીના બાપને ૫૦૦ સોનૈયા આપતો અને ગ્રહણ કરતો. આ રીતે તેને ૫૦૦ સ્રીઓ છે: તે તમામ સ્રીઓને તે એક થંભીયા મહેલમાં રાખે છે. એક થંભીઓ મહેલ એટલે એક સ્તંભ, એક દ્વાર ત્યાં બીજો ફરકી શકે નહિ, આવી જઈ શકે નહિ. અને સ્તંભના અન્દરના પગથિયામાંથી ઉતરવાનું.

કુમારનંદિને નાગિલ નામનો એક શ્રાવક મિત્ર છે. પંચશૈલ દ્વીપનો અધિપતિ વ્યંતરદેવ હતો. દેવને હાસાપ્રહાસા નામે બે દેવીઓ હતી. તે દેવ ચ્યવ્યો. દેવતામાં વ્યંતરોની જાતિ હલકી ગણાય. એ દેવીઓએ વિચાર્યું, અક્કલના આંધળા વગર આપણા પંજામાં કોઈ નહિ આવે! હાસાપ્રહાસાને હવે કોઈ દેવ ઉત્પન્ન થાય તેની જરૂર હતી. કામાંધો સર્વકાલમાં અંધ હોય છે. તેઓ કદી કંઈ જ જોઈ શકતા નથી. 'આ કોણ છે, મારૂં શું થશે' એવો કંઈ પણ વિચાર કામાંધને આવતો નથી. તેવા કામાંધ સોનીને જોઈને દેવીઓ ત્યાં આવી. સોની તે દેવીઓને વળગવા દોડયો. પૂળાની લાલચે લાકડે બંધાયેલા પૂળાની પાછળ વાછરડું, પૂળાને નહિ પામવા છતાં સામે ગામ સુધી જાય છે ને!

**હાસાપ્રહાસા મેળવવાની સોનીને લાગેલી તાલાવેલી!**

સ્રીઓને ચાર ઘણું કામ ભલે હોય છતાં મુખે પ્રાર્થના સ્રીને ન હોય. લાકડાનો અગ્નિ જબરો પણ સળગતાં વાર લાગે. ઘાસના અગ્નિને સળગતાં વાર લાગે નહિ, અને જલ્દી ઓલવાઈ પણ જાય. પેલી હાસાપ્રહાસા તો નથી બોલતી ત્યારે સોની બોલ્યો : "તેમ કોણ છો? અહીં શા માટે આવી છો?" જો કે તે વ્યંતરીઓને ગરજ હતી તે માટે તે છતાં, ઘાસ પ્રથમ સળગે. કામશાસ્ત્રના નિયમાનુસાર, પ્રથમ પુરુષ પ્રાર્થે તે મુજબ, સોની બોલ્યો. જ્યારે સોનીએ પૂછયું ત્યારે હાસાપ્રહાસા ઉત્તર આપે છે, સૂચક શબ્દો બોલે છે. સોનીએ સ્પષ્ટતયા કામની માગણી કરી એટલે પેલી વ્યંતરીઓ તો ટોચે ચડી, અને ઉપરથી ઉપર હાથ રાખવાની ઢબે બોલી: 'અમારે ક્યાં ના છે! તમારા માટે તો અમે આવ્યાં છીએ. અહીં કાંઈ ન વળે. તારી ઈચ્છા હોય તો પંચશૈલે આવજે. ત્યાં આપણો સમાગમ થશે.' હાસાપ્રહાસાએ સંકેત આપ્યો. હવે કામીને કાંઈ બાકી રહે?

## હિંસાદિકને પડખે ચઢતાં હજી બચાય પણ કામને પડખે ચઢતાં ન બચાય.

સોનીને મનથી પ્રશ્નો તો થયા કે, અહીં કેમ નહીં? ત્યાં કેમ આવવું? વગેરે કામીઓને આતુર કરનારી સ્ત્રીઓ અધીં વાતે ઉઠી જાય એવી રતિનિપુણરામાઓની કલા છે. કામીઓ પોતાની કામેચ્છા પરિતૃપ્ત કરવા શરીરને, કુટુંબને, ધનને, કહો કે સર્વસ્વને હોમે છે, કશા તરફ જોતા નથી. રાજા રાવણનું દૃષ્ટાંત જગપ્રસિદ્ધ છે. તેથી શાસ્ત્રકારો કામને પડખે પણ ચઢવાની ના કહે છે. તેઓ કહે છે કે હિંસાદિકને પડખે ચઢશો તો બચશો પણ કામને પડખે ચઢેલા નહિ બચો.

## ક્રોડ સોનૈયા!

સોનીને તો હવે પંચશૈલદ્વીપે જવાની તાલાવેલી લાગી, પણ ત્યાં જવું શી રીતે? તેણે રાજાને સોનૈયાના થાળનું ભેટણું કરી પોતાની ઇચ્છા જણાવી કે 'મારે પંચશૈલદ્વીપે જવું છે, આપ પ્રજાને જાણ કરો કે જે કોઈ મને ત્યાં લઈ જશે તેને હું ક્રોડસોનૈયા આપીશ.' ગામમાં રાજાએ તેવો પડહો વગડાવ્યો, તેવી ઉદ્ઘોષણા કરાવી કે 'કુમારનંદિ સોનીને જે કોઈ પંચશૈલદ્વીપે લઈ જશે તેને તે સોની ક્રોડ સોનૈયા આપશે.' એક બુઢ્ઢા અનુભવી તથા ભોમિયા ખલાસી–વહાણવટીએ તે પડહો ઝીલ્યો. આવી બાબતમાં ભરોસે જાય તે ભાન ભૂલેલો ગણાય, એટલે તેણે ક્રોડસોનૈયા પ્રથમ જ માગ્યા. વેપારી હોય તો આગળ પાછળનો વિચાર કરે કે 'ક્રોડ સોનૈયા આપું તો ખરો પણ આ મને પહોંચાડશે કે નહિ?' સોની તો કામાંધ હતો 'कामांधो नैव पश्यति' તેને કશો વિચાર હોય જ નહિ. તેણે તો તુરત ક્રોડ સોનૈયા ગણી દીધા. વૃદ્ધ ખલાસીએ વહાણ તૈયાર કર્યું. કુમારનંદિ તે વહાણમાં બેઠો.

## 'નવી' લાવનારા 'જૂનીનો વિચાર કરે છે?

પેલી પાંચસેં સ્ત્રીઓને તો ઘેર રોતી રાખી, તેનું શું થશે તેનો વિચાર તેણે ન કર્યો. આજે પણ 'નવી' લાવનારા જૂનીનો વિચાર પણ નથી કરતા.

## સોનીભાઈ તો સપડાયા!

વહાણ ચાલ્યું. દરિયામાં જેમ વહાણ નાચતું તેમ કામાંધ કુમારનંદિ પણ મનથી વિવિધ વિવિધ કામેચ્છામાં નૃત્ય કરતો હતો. દરિયામાં ઘણે દૂર ગયા પછી એક વૃક્ષ તરફ આંગળી કરી ખલાસી

બોલ્યો : 'સમુદ્રના કાંઠે જે વડ દેખાય છે, તે બેટ (દ્વીપ)ના પહાડમાં થયેલ વડ છે, જ્યારે આ વહાણ તે વટવૃક્ષ તળેથી પસાર થાય તે વખતે તેને પકડી લેજે, વળગજે અને રાત્રે અહીં ભારંડપક્ષી આવશે, સૂઈ જશે, તેના પગ સાથે તારા દેહને બાંધજે : તેની સાથે તું પણ સવારે પંચશૈલ જઈ શકીશ.' કેવો ધંધો! ક્રોડ સોનૈયા લેનારો વડને વળગવાનું કહે છે અને ભારંડનો હવાલો આપે છે! કામાંધને શું! એને તો સ્વર્ગ પ્રત્યક્ષ દેખાય છે! પેલા ખલાસીએ સાથે સાથે ભયનું ભૂંગળું પણ વગાડયું કે 'જો તું વડલે નહિ વળગે તો આ વહાણ મોટા આવર્તમાં ભાંગી જવાનું છે, તેથી તારા બાર વાગી જવાના છે.' સોની ભાઈ તો સપડાયા!

**સળગી મરવું પડશે!**

એ કુમારનંદિ સોની, પાંચસેં, પાંચસેં સ્ત્રીઓ ઘેર વિદ્યમાન છતાં હાસાપ્રહાસાને મેળવવા ખાતર વડલે વળગ્યો! ખલાસી ખોટો ન્હોતો એ વાત ખરી પણ કામાંધની દશા કઈ તે વિચારો! તે સોની રાત્રે ભારંડપંખીના પગે બંધાયો, તેના ઉડ્ડયન સાથે તે પણ ઉડયો અને ત્યાં પહોંચ્યો. એ દ્વીપ હતો મોટો : હવે કયાં જવું એમ તે મૂંઝાવા લાગ્યો પણ હાસાપ્રહાસાએ તેને જોયો અને પ્રત્યક્ષ થઇ. સોનીએ નફટપણે ભોગની પ્રાર્થના કરી. પેલી હાસાપ્રહાસાએ તો સાફ સંભળાવ્યું: "આ શરીરથી અમારી સાથે સમાગમ ન થાય. તારે કામભોગની ઈચ્છા હોય તો સળગી મરવું પડશે. અગ્નિમાં પ્રવેશ કરવો, મરતી વખતે અમારૂં ધ્યાન ધરવું, અમારા સ્વામી થવાનું નિયાણું કરવું. જેથી પંચશૈલનો માલિક થઈશ તેથી અમે તારી સાથે કામ ભોગ ભોગવીશું. અમારા માલિકના સ્થાને જે આવે તે અમારો સ્વામી!' હવે શું થાય? બળવું પાલવે?

**શ્રાવક મિત્રનો ઉપદેશ.**

સોનીની શી દશા? ખલાસી અહીં લાવ્યો પણ અહીંથી ચંપાએ કોણ લઈ જાય? હાસાપ્રહાસાએ તેને ઉપાડીને ચંપામાં મૂકયો. સોનીના ક્રોડ સોનૈયા ગયા, શહેરમાં આબરૂ ગુમાવી, પાંચસો સ્ત્રીઓની પ્રતીતિ ખોઈ! કામથી વિડંબિત હોય તે ક્રોડોમાં ફજેત થાય તેમાં નવાઇ નથી? વીજળીના ઝબકારાની અસર આંખને કેવી થાય છે? સોની પણ હાસાપ્રહાસાના શરીરને જોઇને મૂંઝાયો હતો. હવે તેણે અગ્નિમાં બળી મરવાનું નક્કી કર્યું. ગધેડો દ્રાક્ષ ખાઈ જાય તેમાં વટેમાર્ગુનું કાંઈ

જતું નથી પણ ઉચિત ન લાગે, તેમ આ કુમારનંદિ અગ્નિમાં બળી મરે, નિયાણું કરે, પંચશૈલે જાય તેમાં કોઈને હરકત નથી, પણ દયાળુ શ્રાવકને તે રૂચતું નથી. શ્રાવકોનો તો એકાંત સિદ્ધાંત છે કે:

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखित:। मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥ (યો૦ શા૦ પ્ર૦ ૪ શ્લો૦ ૧૧૮)

('કોઈ પાપ ન કરો, કોઈ જીવ દુઃખી ન થાઓ' આવી જ ભાવના શ્રાવકોની હોય.) કુમારનંદિના નાગિલ નામના શ્રાવક મિત્રને એની દયા આવી, તેથી તે તેને કહેવા લાગ્યો, 'કામ વિકાર વશ થઈ, સ્ત્રી માટે બળી મરવું તે તને શોભતું નથી, તારે લીધે મને લાંછન લાગે છે, હું તારો મિત્ર, તું મારો મિત્ર, તેથી મિત્રો અને બીજાઓ મને ઉપાલંભ આપશે માટે તારે આમ કરવું નહિ.' ઉંદર પ્રત્યે દોડતી બિલાડીને રોકવા કદી દ્વાર બંધ કરીએ તો તેથી બિલાડી ન જાય? તે તો બીજે દ્વારથી જવાની! ચોર કોટવાલને જોઈને પાછો ફરે પણ લમ્પટો તો દુનિયાને તણખલા સમાન ગણે છે. તે સોનીએ મિત્રનું કહ્યું માન્યું નહિ અને તેણે અગ્નિનું શરણ કર્યું, પણ શ્રાવકની સોબતની કાંઈક અસર તો થાયને! અગ્નિમાં બળી મુઓ પણ ચિત્તસ્થૈર્યના કારણે તે નિયાણું કરીને પંચશૈલદ્વીપનો માલિક થયો.

## નાગિલે કરેલી આરાધના.

જે મનુષ્ય દેખતો હોય તેને વસ્તુનું સ્વરૂપ ખ્યાલમાં આવે, અંધને તેનો ખ્યાલ આવતો નથી. પોતાના સોની મિત્રની આ દશા જોઈ, જગતની વિચિત્રતા વિચારી, કામના કોરડાનું કાતીલપણું લક્ષમાં લઈ નાગિલ શ્રાવક પોતાના આત્માને અંગે વિચારવા લાગ્યો : 'મારી પણ આ દશા કાં ન થાય? જે બકરો કસાઈને ઘેર બંધાયેલો છે તેનો વારો બે દિવસ વહેલો કે મોડો આવવાનો તો ખરો જ! કસાઈવાડેથી છટકવું જોઈએ. કુમારનંદિનો વૃત્તાન્ત દેખી તેને વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લીધી, આરાધી અને પોતે બારમા દેવલોકે દેવતા થયો.

## હાસાપ્રહાસાનાં માદળીયાં કોટે વળગ્યાં!

બે મિત્રની આ રીતે ભિન્નભિન્ન ગતિ થઇ. શ્રાવક બારમે દેવલોકે દેવતા થયો અને સોની વિષયની વિડંબનામાં અથડાયો: બારમા દેવલોકે પહોંચેલો જીવ, તે દેવ નંદીશ્વરદ્વીપ યાત્રા કરવા જાય છે. તેમનાં

આગળ હાસાપ્રહાસા ગાવા ચાલી, તે વ્યંતરદેવીઓ પોતાના સ્વામીને, પંચશૈલના માલિકને, નવીન થયેલા દેવને, સોનીના જીવને, કહેવા લાગીઃ 'હે સ્વામિન્' પડહ (ઢોલ) વગાડો ! સોનીના જીવને અભિમાન આવ્યું કે 'હું વળી ઢોલ વગાડું !' અલબત્ત ! પંચશૈલદ્વીપનો તે માલિક ખરો, પરન્તુ ઉપરી દેવતા પાસે તો ગુલામ જ ! તે ઢોલ વગાડવાની આનાકાની કરવા લાગ્યો પણ પાપનો ઉદય કોને છોડે ? એ ઢોલ જ એને ગળે જઈને વળગ્યો ! ઢોલ ગળામાં જઈને ભરાયો પછી હાસા-પ્રહાસા બોલીઃ "સ્વામિન્ ! આ તો કુલનો રિવાજ છે, તેમાં શરમાવાનું શાનું ! વગાડો ! વગાડો ! ઢોલ ગળે વળગ્યો અને દેવીઓનો હુકમ થયો પછી કાંઈ છૂટકો થાય ? હાસાપ્રહાસા ગાવા લાગી, નૃત્ય કરવા લાગી અને વિદ્યુન્માલી દેવ (કામાંધ સોનીનો જીવ) ઢોલકી બજાવવા લાગ્યો. આ રીતે એને ઉપરી દેવતાની આગળ ઢોલ વગાડતાં ચાલવું પડે છે.

દુનિયામાં કહેવાય છે કે મિયાં મહાદેવનો મેળ ન મળે પણ રેલ્વેની મુસાફરીમાં તો ભેટો થાય છે અને મેળ મળે છે ! તે રીતે નંદીશ્વરની યાત્રા પ્રસંગે વૈમાનિકદેવનો તથા વિદ્યુન્માલીનો મેળ મળી ગયો. તીર્થયાત્રામાં પંજાબના, ગુજરાતના બધાય મળેને ! બારમા દેવલોકે ઉત્પન્ન થયેલો દેવ તો યાત્રાએ જતો હતોઃ તમાશાને તેડું હોય ? નહિ ! જો તેણે ઢોલની આનાકાની ન કરી હોત અને સીધે સીધો વર્ત્યો હોત તો તો કોઈને કંઈ જાણ ન થાત પણ પોતે જ ચોળીને ચીકણું કર્યું. ભીંડામાં પાણી પડે તો જેમ હલાવો તેમ ચીકાશ વધે. વિદ્યુન્માલીએ પણ ચોળીને ચીકણું કર્યું. 'ના ! ના !' કહેતો ગયો એટલે નગારૂં વગાડવા માટેના 'ના' ના નગારાએ બધા દેવોને જગાડયા. દેવોને થયું, છે શું ! નાગિલના જીવ (દેવ)ને પણ એમ થયું, તેણે ઉપયોગ મૂકયો તો તેને જણાયું કે 'અહો ! આ તો કુમારનંદિ ?'

**સોનું સૌને જોઇએ છે પણ લાલચોળ તપાવેલી લગડી લેવા કોઈ તૈયાર નથી.**

તેણે પરિચય આપી વિદ્યુન્માલીને તે વૈમાનિકદેવતાએ વસ્તુ-સ્થિતિ જણાવી. દયાનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. દયામાંથી દાવ ઊભો ન થવો જોઈએ. ભસ્મરોગથી દરદી ખાવા માગે ત્યાં ભૂખ નથી, પણ વ્યાધિ છે. છોકરાના હિત માટે, સ્નાનાદિ કરાવતાં છોકરો આડો

થાય તો તેને બે ચાર ધોલ મારતાં બલોયાંની કોર વાગી જાય, છોકરો રૂએ, તે ધ્યાનમાં મૂર્ખ માતા લે. નાગિલ શ્રાવકનો જીવ વૈમાનિક દેવતા તેવી કોટિનો નથી. સોનું બધાને જોઇએ છે પણ લાલચોળ તપાવેલી લગડી લેવા કોઈ તૈયાર નથી, ત્યાં હાથ ધરવા કોઈ તૈયાર નથી તેમ કલ્યાણનાં વાકયો દુનિયાને જોઇએ છે પણ વચનના અગ્નિથી તપાવીને આપવા માગો તો કોઈ તે ગ્રહણ કરવા તૈયાર નથી. સ્વયં ભગવાને તીવ્રધર્માનુરાગી કોણિકને કહ્યું તેની અસર થઈ?

**હાથકંકણને આરસીની શી જરૂર?**

વિજળી ચમકે કે ધારણા ધૂળમાં મળે–તે વખતે આંખ ઉઘાડી રહેવા ન પામે. બારમા દેવલોકનો દેવતા આવીને ઊભો રહે ત્યાં બિચારા વિદ્યુન્માલીની શી ગુંજાશ! વૈમાનિકદેવે તો પરિચય આપ્યો, હિત વચન કહ્યાં છતાં જ્યાં સન્નિપાત થયો હોય ત્યાં પાછલી વાતને કે હિતવચનને કોણ સાંભળે? તે વૈમાનિક દેવ વસ્તુને પ્રત્યક્ષ કરીને કહે છે કેઃ–'હે ભદ્ર! તું સોનીના ભવમાં કામાન્ધ થયો તો જોઈ લે તારી દશા, અને તે ભવની તારી કામવિવશ હાલત જોઇને મને વૈરાગ્ય થયો, મેં દીક્ષા લીધી તો મને જે ફળ મળ્યું તે પણ તારી સામે પ્રત્યક્ષ છે. ધર્મનું ફળ નિહાળી લે! હાથ કંકણને આરસીની જરૂર હોતી નથી.'

**દાનો દુશ્મન સારો તો દાના દોસ્તની શી વાત!**

વેપારની ખોટ વિચક્ષણ વેપારી જાણે તો સળગી જાય! વિદ્યુન્માલીને તો આખા શરીરે વિજળીનો આંચકો લાગ્યો. એ કહેવા લાગ્યો: 'હે મિત્ર! હવે હું શું કરૂં? મારૂં શું થાય?' દુનિયામાં કહેવત છે કે, દાનો દુશ્મન સારો! દાનો દુશ્મન સારો ગણાય તો આ તો દાનો દોસ્ત પછી પૂછવું શું! હવે નાગિલનો જીવ (તે દેવ)આના હિતાર્થે શું બતાવવું તે વિચારવા લાગ્યો. 'વહુને સાસુ થવાનું ગમે પણ રોજ સાસુની જેમ માંચે બેસાડે તો ન ગમે. એમ એક દિવસ ન ગમે.' સોનીના જીવની આ સ્થિતિ! આ સ્થિતિએ પણ ગૂંચમાંથી ગાડું તો કાઢવું જોઈએ.

**જીવિતસ્વામિની મૂર્તિની ઉત્પત્તિ.**

આ સમય દરમ્યાન દેવાધિદેવ ભગવાન શ્રીમહાવીરદેવ ચિત્રશાળામાં

કાયોત્સર્ગ ધ્યાને રહેલા હતા. વૈમાનિકદેવ તે વિદ્યુન્માલીને ભગવાનની (ગૃહસ્થપણામાં) મૂર્તિ કરવાનું કહે છે અને કહે છે કે' તેથી તને બોધિ ઉત્પન્ન થશે.' નાગિલના જીવનું તે પ્રત્યક્ષ ચમત્કારવાળું, હિતકર, સુંદર વચન વિદ્યુન્માલીએ અંગીકાર કર્યું. ચિત્રશાળામાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા ભગવાનને તેણે જોયાઃ જોઈને ગોશીર્ષચંદન લાવી અલંકારયુક્ત એક મૂર્તિ કરી, કપિલકેવલી પાસે પ્રતિષ્ઠા કરાવી અને પ્રતિમા પેટીમાં સ્થાપન કરી.

**પ્રતિમાનો પ્રભાવ.**

તે વખતે વહાણનો વેપારી દરિયામાં ઉત્પાતના કારણે અટવાયો હતો અને વાત કરતાં છ માસ નીકળી ગયા હતા. દેવે તેણે જોયો, અને તેની પીડા સંહરીને પેટી આપી, અને કહ્યું કે તું ભેરા નગરે લઈ જજે, ઉદ્‌ઘોષણા કરજે કે, 'આ પરમાત્માની પ્રતિમા જેને લેવી હોય તે લો.' પ્રતિમાના પ્રભાવે દરિયો શાંત થયો અને તે વેપારી ભેરાનગરે પહોંચ્યો. ઉદ્‌ઘોષણા સાંભળીને ઘણા બ્રાહ્મણો. તાપસો વગેરે આવ્યા અને સૌ પોતપોતાના ઈષ્ટદેવોને યાદ કરી પેટી ઉઘાડવા મથે છે પરન્તુ પેટી ઉઘડતી નથી. એમ કરતાં કરતાં મધ્યાહ્ન થયો.

**પ્રભાવતી રાણીએ પેટી ઉઘાડી. પ્રતિમાને રાજમહાલયના ચૈત્યમાં સ્થાપે છે.**

લોકોની મેદની પારાવાર છે. રાજા પણ ત્યાં જ સ્થિત થયેલ છે. બાર વાગ્યા, મહેલમાં રાજા પધાર્યા નહિ, ભોજનનો સમય ઉલ્લંઘન થવા લાગ્યો એટલે રાણીએ થાકીને દાસીને તેડવા મોકલી. રાજા કહે છેઃ 'રાણીને અત્યારે ખાવાનું સૂઝે છે પણ અહીં તો આ હાલત છે. જો અહીંથી જરાક ખસું તો ધડાધડ થઈ જાય ! અત્યારે મારાથી અહીંથી ખસી શકાય તેમ નથી.' દાસીએ જઈને રાણીને વાત કરી. રાણી પ્રભાવતી, તે પરમ શ્રાદ્ધવર્ય ચેડામહારાજાની કુંવરી હતી. તે પોતાના મનથી વિચારવા લાગી, ' આ લોકો પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણતા નથી અને તેવાઓથી બાર બાર કલાક તો શું પણ તેટલા દિવસો વીતી જાય તો પણ પેટી ઉઘડવાની નથી. ' પ્રભાવતી રાણી પોતે જાતે ત્યાં આવી સિંધસૌવીર બે દેશો જ્યાં એકઠાં થાય છે એવા ભેરાનગરના રાજા કે જેના તાબામાં (રાજ્યમાં) ૩૬૩ શહેરો છે, તેવા રાજાની પટરાણી આ પ્રસંગે, દેવાધિદેવની આ મૂર્તિના પ્રસંગે જનાનામાંથી પોતે જાતે

બહાર નીકળીને ત્યાં આવે છે. ત્યાં આવવામાં તે લેશ પણ સંકોચ પામતી નથી. પોતે તે પેટીને ચંદન વગેરેથી પૂજીને સ્તુતિ કરતાં બોલે છે:–

प्रातिहार्याष्टकोपेत, प्रास्तरागादिदूषण:।
देयान्मे दर्शनं देवाधिदेवोऽर्हंस्त्रिकालवित्॥ १॥

(આઠ મહાપ્રાતિહાર્ય સહિત, રાગાદિ દૂષણોનો નાશ કરનારા, ત્રણ કાલને જાણનારા દેવાધિદેવ શ્રી અરિહંતભગવાન અમને દર્શન આપો!) પેટીમાંથી ભગવાનની મૂર્તિ સ્વયમ્ બહાર આવી. રાણીએ એ જ મૂર્તિને રાજદરબારના ચૈત્યમાં સ્થાપન કરી. રાણી ત્રણેય કાલ ભગવાનની પૂજા કરે છે. મૂર્ત્તિપૂજાને અંગે શાસ્ત્રમાં આવાં સ્પષ્ટ વૃત્તાન્તો છે. તે ન માને તેને કોણ મનાવી શકે?

## દ્રવ્યપૂજાનો નિષેધ કરનારા શાસનથી વિરૂદ્ધ છે.

દ્રવ્યપૂજાનો નિષેધ કરનારાઓ શાસનથી વિરૂદ્ધ છે. ઢૂંઢીઆમાં તો શું સ્ત્રી કે પુરુષ, બન્ને માટે મૂર્તિપૂજાનો નિષેધ છે. [1] ખરતરો સ્ત્રીને પૂજાનો વિષેધ કરે છે.[2] દિગમ્બરો કારણને સ્વીકારી કાર્યની (મોક્ષની) 'ના' કહે છે. [3] તેવાઓ માટે 'દ્રવ્યપૂજા' શબ્દ વાપર્યો છે.[4] રાણી દ્રવ્યપૂજા કરી હર્ષમાં આવીને ભગવાનની આગળ નાટક કરે છે.

( १. सत्यार्थ चंद्रार्थक नाम ग्रन्थः–में सें लिखती है कि मूर्तिपूजनमें, षट्कायारंभादि दोष है (पृ० ११८), और ओ ७ सें और दूसरा वडा दोष मिथ्यात्वका है। कयोंकि जडको चेतन मानकर मस्तक जूकाना, यह मिथ्या है. (पृ० १२०)॥ २. संभवइ अकालेऽविहु कुसुमं महिलाण तेण देवाणं। पूआई अहिगारो न ओवओ सुत्तनिद्दिठ्ठो ॥ १॥ न छिविंति जहा देहं ओसरणे भावजिणवरिंदाणं । तह तप्पडिमंपि सया पूअंति न सड्ढनारीओ ॥ २॥" इत्यादि जिनदत्तसूरिकृतस्य कुलकस्य जिनकुशलसूरिकृतायां वृत्तौ, ३ एवं दुण्हवि दक्खो खमणो निअमेण जेण जिणपूआ। मुत्तिउवाओ भणिओ० (प्र० प० पृ० ३६६) ४ संकीर्णैषा स्वरूपेण द्रव्याद्भावप्रसक्तितः। (अष्ट० ३० हरि० श्लो० ८).

**રાણી પ્રભાવતીની સાવચેતી.**

એક વખત રાજારાણી ગીતનૃત્યાદિ કરે છે તેવામાં રાજાએ રાણીનું કબંધ મસ્તકરહિત દેખ્યું, તેથી હાથમાંથી વીણા પડી ગઈ. રાણીને ક્ષોભ થયો. શ્રીજિનેશ્વરના દરબારમાં સાધન તૂટી જાય તેનો અર્થ શો? રાણીએ કારણ પૂછયું એટલે રાજાને કહેવું પડયું કે, 'હે રાણી! તારૂં ધડ (શરીર) માથા વગરનું જોવામાં આવ્યું. એવું દૃશ્ય એ મો'તની નિશાની ગણાય.' મૃત્યુ જાણીને સાંભળનારને શું થાય? જેણે આગળનું ભાતું તૈયાર કર્યું હોય તેને મૂંઝવણ થતી નથી. વળી દેવપૂજા માટેનાં શ્વેતવસ્ત્રોને લાલ પણ જોયાં! અને તે વખતે દાસી સામે ચાટલું ફેંકયું તરતજ તે વસ્ત્રો સફેદ જોવામાં આવ્યા. આ દશ્યથી હવે મને મારૂં આયુષ્ય ઓછું જણાય છે. વળી બીન તકસીરવાળી દાસી સામે મેં ચાટલું ફેંકયું એટલે મારૂં વ્રત ખંડિત થયું. હવે આ પાપથી કેમ છૂટાય? દીક્ષા વિના પાપથી છૂટવાનો બીજો એક પણ ઉપાય નથી માટે મને પ્રવ્રજ્યા લેવાની રજા આપો.

**શરત મુજબ પ્રતિબોધ.**

રાજાએ પ્રવ્રજ્યાની રજા તો આપી પણ તેને કહ્યું કે: 'તું જો સ્વર્ગે જાય, દેવ થાય કે દેવી થાય તો મને પ્રતિબોધ કરવા આવજે.' રાણીએ પ્રવ્રજ્યા અંગીકાર કરી, સંયમ પાલન કરી, અંતે અનશનપૂર્વક કાલ કરી પ્રથમ દેવલોકે તેણીનો જીવ દેવ થયો. રાણીના અવસાન બાદ તે મૂર્તિનું પૂજન દેવદત્તા નામની દાસી હંમેશાં કરે છે. રાણીનો જીવ દેવ થયો. તેણે હવે રાજાને પ્રતિબોધ કરવાનો વિચાર કર્યો. બીજા ઉપાયો કર્યા બાદ દેવતા રાજસભામાં તાપસ રૂપે આવ્યો અને દિવ્યફળોનો થાળ રાજાને ભેટ કર્યો. રસનેંદ્રિય લુબ્ધ રાજા તેને કહેવા લાગ્યો: 'હે તાપસ! આ ફળ કયાં થાય છે તે બતાવ.'

તાપસ તેને પોતાના બગીચામાં આશ્રમમાં આવવાનું કહે છે. રાજા તૈયાર થાય છે. આગળ તાપસ અને પાછળ રાજા! વિષય લુબ્ધ મનુષ્ય ગમે ત્યાં જવા તૈયાર થાય છે! દેવતાએ દેવમાયાથી આખો બગીચો તેવા ફળવાળો રચ્યો. આખો બગીચો જોઈને રાજા મનથી વિચારે છે: 'હું તો આ તાપસનો ભક્ત છું એટલે મારે તો જેટલાં ફળ ખાવાં હશે

તેટલાં ખાઈ શકીશ.' આમ વિચારી તેણે વાંદરાની માફક ફળો ઉપર ત્રાપ મારી. બગીચામાંથી દેવમાયાથી વિકુર્વિત એવા તાપસો નીકળ્યા અને રાજાને ખૂબ પીટયો. રાજા તો ત્યાંથી જીવ લઈને ચોરની પેઠે નાઠો. નાસતાં નાસતાં માર્ગમાં મુનિમહારાજ દેખાયા. મુનિએ તેને આશ્વાસન આપ્યું. રાજા એ વખતે મનમાં વિચારવા લાગ્યો: 'અહો! ક્રૂર એવા તાપસોએ મને છેતર્યો! આ તાપસો કેવા ઘાતકી છે!' ત્યાં તો પ્રભાવતીરાણીનો જીવ, તે દેવ પ્રત્યક્ષ થયો અને પોતાનો પૂર્વભવનો પરિચય કરાવી તેણે રાજાને જણાવ્યું કે: 'તમને પ્રતિબોધ કરવા માટે આ તમામ માયા મેં જ રચી છે.'

દેવતા તો પોતાની ફરજ બજાવી પાછો પોતાના સ્થાને ચાલ્યો ગયો. રાજા મહેલે ગયો. સભામાં તેને વિચાર આવ્યો કે, 'દેવતાએ પ્રતિબોધ કરવા માટે આ તમામ કર્યું! જૈન ધર્મની આરાધનાના પ્રભાવથી દેવતા થવાય છે એ તો એ નક્કી થયું.'

## દિવ્યગુટિકાથી કુબ્જિકા સુવર્ણગુલિકા બને છે.

ગાંધાર નામનો શ્રાવક શાશ્વતી પ્રતિમાને વંદન કરવાની ઇચ્છાએ વૈતાઢયપર્વતની તળેટીએ રહેલો છે શાસનદેવી તેના પ્રત્યે તુષ્ટમાન થઈ તેનું ઇષ્ટ પૂરું કરે છે. તેણીએ તેને ૧૦૮ ગુટિકાઓ આપી. ગુટિકાનો પ્રભાવ એવો છે કે મોંમાં મૂકી જ્યાં જવાનું ચિંતવવામાં આવે ત્યાં પહોંચી જવાય. તેણે એક ગુટિકા મોંમાં મૂકી અને મનમાં જીવિતસ્વામીની પ્રતિમાને વંદન કરવાની ધારણા કરી. ચિંતવતાં જ દેવતાએ તેને મૂર્તિની પાસે લાવીને મૂકયો. ત્યાં તેણે પ્રસન્નચિત્તે અતિ ભક્તિપૂર્વક પ્રભુની મૂર્તિની પૂજા કરી. તેને પોતાનું મૃત્યુ નજીક જણાતાં સાધર્મિક એવી કુબ્જિકાને તમામ ગુટિકાઓ આપી અને તેણે દીક્ષા લીધી.

દેવદત્તા દાસી કુબ્જિકા હતી તેથી ગુટિકાના પ્રભાવથી તેણીએ રૂપની ઇચ્છા કરી અને રૂપવાળી બની ગઈ. દિવ્યાકાર બનેલી તે દાસીનું નામ સુવર્ણગુલિકા પાડવામાં આવ્યું. તે દાસી બીજી ગુટિકા મોંમાં મૂકી મનથી વિચારે છે 'યોગ્ય વર વિના આ રૂપ શા કામનું? હાથી વિના અંબાડી શા કામની? તે જ રીતિએ યોગ્ય વરના અભાવથી મારું રૂપ નકામું જાય છે. હવે આ ઉદાયનરાજા તો મારા પિતા તુલ્ય છે તેથી ચંડપ્રદ્યોતન રાજા મારો ભર્તાર થાઓ!'

**મૂર્તિ અને દાસી ઉપાડનાર ચંડપ્રદ્યોતન.**

દેવીએ ચંડપ્રદ્યોતન રાજા પાસે જઈને સુવર્ણગુલિકાના રૂપનું વર્ણન કર્યું. રાજાઓ આમ પણ કાનના કાચા તો હોય અને તેમાં વળી કામી હોય પછી પૂછવું શું! રાજા વર્ણન સાંભળી વ્યાકુલ થયો. તેણે દાસીની માગણી કરવા ઉદાયનરાજા પાસે દૂત મોકલ્યો. ઉદાયને કહ્યું: 'રાજાની આવી માગણી?' પેલો દૂત તો સુવર્ણગુલિકા પાસે ગયો અને રાજાની વતી પ્રાર્થના કરી. દાસીએ કહ્યું: 'રાજાને જોયા પછી વાત.' દૂતે પણ પોતાના રાજાની પાસે જઈને બન્યું તે કહી બતાવ્યું.

કામાંધો શત્રુના ઘરમાં પણ ઘૂસે છે. રાત્રે અનિલવેગ હાથી ઉપર બેસીને તે રાજા ત્યાં આવ્યો. જંગલમાં સંકેત મુજબ તે દાસી તથા રાજા બંને મળ્યાં. ચંડપ્રદ્યોતન રાજા દાસીને કહેવા લાગ્યો: 'હે પ્રિયે! મારી નગરીએ ચાલ અને સ્થાનને શોભાવ.' દાસીએ કહ્યું: 'આ મૂર્તિ વિના હું જીવી શકું તેમ નથી માટે આના સદૃશ એક બીજી મૂર્તિ બનાવો તો તે મૂર્તિને અહીં સ્થાપી, આ મૂર્તિ લઈને તમારી સાથે જરૂર આવું.' ચંડપ્રદ્યોતનરાજા પોતાના નગરે ગયો. ત્યાં તેણે ચંદનની મૂર્તિ કરાવી તથા પાંચસેં મુનિના પરિવારવાળા કપિલઋષિ પાસે તે મૂર્તિની તેણે પ્રતિષ્ઠા કરાવી. પછી વિધિપૂર્વક તે મૂર્તિ લઈને તે રાજા અનિલવેગ હાથી ઉપર બેસીને ભેરાનગરીએ આવ્યો. ત્યાં આવીને તેણે નૂતન પ્રતિમાને સ્થાપન કરી, દાસીએ અસલ મૂર્તિ ઉપાડી. અને તેણી (સુવર્ણગુલિકા) રાજા સાથે અવંતીનગરીએ આવી.

**દાસીપતિ.**

(दासो दासीवतिउ छेत्तट्ठी जो घरे य यत्तव्वो। आणं कोत्रेमाणो हंतव्वो बंधियव्वो य॥८७६॥ निशी० उ० १०)

પ્રભાતે ઉદાયનરાજા જિનમન્દિરમાં જઈને જુએ છે તો માળા કરમાયેલી દીઠી, તેથી માન્યું કે આ મૂર્તિ મૂળ મૂર્તિ નથી. થાંભલે લાગેલી પૂતળીની માફક સુવર્ણગુલિકા દાસી પણ જોવામાં ન આવી, અને હાથીઓનો ઝરતો મદ પણ બંધ થયો હતો. આ તમામ જોઈને ઉદાયન રાજાએ વિચાર્યું કે, 'નક્કી ચંડપ્રદ્યોતન રાજા કે જેણે દાસીની માગણી કરી હતી, તે કામવિવશ બની આવ્યો હોવો જોઈએ અને તે પ્રતિમા અને દાસીને લઈ ગયેલો હોવો જોઈએ. ઉદાયન ક્રોધે ભરાયો, તેણે

તેને ચોર ગણ્યો અને સજા કરવા માટે દશ મુકુટબદ્ધ રાજા સાથે તે અવંતીનગરી ઉપર ચઢાઈ લઈ ગયો. સંગ્રામ થયો, ઉદ્દાયનરાજાએ બાણુથી હાથી ઉપરથી તેને નીચે પાડયો તથા તપાવેલી લોઢાની સળીએથી તેના કપાલમાં મમ 'દાસીપતિ' અક્ષરો લખી, તેને કેદમાં નાખ્યો.

**મૂર્તિ ત્યાં નહિ આવે!**

પછી ઉદ્દાયનરાજા દે'રામાં જઈ, નમન કરી, સ્તુતિ કરી શ્રી જિનેશ્વરદેવને લેવા માંડયા પણ મૂર્તિ સ્થાનેથી ખસી નહિ એટલે રાજા બોલે છે: 'હે નાથ! મારો કયો વાંક છે કે જેથી આપ મારી સાથે પધારતા નથી!' તે વખતે મૂર્તિનો અધિષ્ઠાયક દેવ બોલ્યો: 'હે રાજન્! હવે વ્યર્થ આગ્રહ ન કર. કેમકે તારૂં શહેર ધૂળથી દટાવાનું છે માટે મૂર્તિ ત્યાં નહિ આવે!'

**ક્ષમાપના!**

રાજા હવે આગળ ચાલ્યો. માર્ગમાં ચોમાસું આવ્યું. રાજાએ ત્યાં જ પડાવ કર્યો, ત્યાં દશપુર (મન્દસોર) વસ્યું. (आव० हा० पृ० २९६ थी ३०० आव० चू० पृ० ४०१) પર્યુષણામાં ઉદાયનરાજાએ પૌષધ કર્યો ત્યારે રસોયાએ ચંડપ્રદ્યોતનને પૂછયું: 'આજ આપ શું ભોજન લેશો?' ચંડપ્રદ્યોતન શંકાશીલ બની વિચારે છે: 'કદી નહિ અને આજે આ પ્રશ્ન કેમ પૂછવામાં આવે છે?' તે રસોયાને કહે છે: 'આજે આમ પૂછવાનું કાંઈ કારણ?' રસોયો બોલ્યો: 'રાજન્! પર્યુષણોત્સવના કારણે મારા સ્વામી (રાજા)ને આજે ઉપવાસ છે, તમારા માટે રસોઈ કરવાની છે.' ચંડપ્રદ્યોતને રસોયાને કહ્યુ: 'તેં પર્વ સંભારી આપ્યું તે ઘણું સારૂં કર્યું: આજ મારે પણ ઉપવાસ છે.'

રસોયાએ આ સમાચાર ઉદાયનને આપ્યા એટલે હવે ઉદાયન વિચારે છે, 'અહો! સાધર્મિક બંદિખાનામાં હોય તો મારા પર્યુષણ શોભે નહિ.' તેણે ચંડપ્રદ્યોતનને કેદમાંથી કાઢી ખમાવ્યો. ડા'મ છૂપાવવા રત્નનો પટ્ટ આપ્યો: સોનામણિ રત્નનો પટ્ટ-આપવાપૂર્વક તેને આખો અવંતિદેશ સોંપી દીધો. (निशीथ चू० प्र० ख० पृ० ३४९) (ચૂર્ણિમાં કુમારનંદિના સ્થાનમાં અણંગસેણ નામ છે.) ચોમાસું પૂરૂં થયેથી તે વીતભય નગરે આવ્યો, મૂળપ્રતિમાની પૂજા માટે તેણે બારહજાર ગામ આપ્યાં.

હવે રાજા પ્રભાવતીદેવની આજ્ઞાથી નવી મૂર્તિની પૂજા કરે છે.

રાજા પોતાની પૌષધશાળામાં મધ્યરાત્રે વિચારે છે: 'તે રાજાઓ, શ્રેષ્ઠિવર્યો અને સાર્થવાહોને ધન્ય છે, તેઓ નમસ્કાર કરવા લાયક છે કે જેઓએ શ્રી વીર ભગવાન પાસે દીક્ષા લીધી છે. જો સ્વામી મને પવિત્ર કરે, પધારે તો તેમના ચરણકમલમાં પ્રવ્રજ્યા લઈ પવિત્ર થાઉં,' તેના મનોગત ભાવ જાણી ભગવાન ચંપાથી ચાતુર્માસ કરી ત્યાં આવ્યા. ફરી ત્યાંથી રાજગૃહી ચોમાસું કર્યું. 'ભગવાન સિદ્ધાચલ આવ્યા નથી' એમ કહેનારાઓએ વિચારવું જોઈએ કે સિંધુસૌવીરમાં એકેય ચોમાસું નથી એનું શું?

**ઉદાયન રાજા રાજર્ષિ થયા**

ઉદાયનરાજા કોણિકની માફક મહોત્સવપૂર્વક વંદના કરવા નીકળ્યા ત્યાં આવી, વંદના કરી, દેશના શ્રવણ કરી. પોતાના પુત્ર અભીચિને રાજ્ય (અનર્થંકર જાણી) ન આપતાં, પિતાનું રાજ્ય છે એવા પોતાના ભાણેજે કેશિને રાજ્ય આપ્યું. ભાણેજે કરેલા મહોત્સવ પૂર્વક ઉદાયન-રાજાએ દીક્ષા લીધી.

**તીવ્ર તપશ્ચર્યા! વિષ અપાય છે, સંહરાય છે.**
**આખરે વિષવ્યાપે છે. કેવલજ્ઞાન, મોક્ષ!**

ઉદાયનરાજા હવે તીવ્ર તપશ્ચર્યા કરે છે. રોગ ઉત્પન્ન થાય છે. વૈદ્યે મુનિને નિદાન કરી કહ્યું કે, 'તમારે દહીં લેવું,' મુનિને હવે શરીરની સ્પૃહા નથી. ઉદાયનમુનિ વિહાર કરતાં ભેરા તરફ ગયા. દુનિયા કેવી વિલક્ષણ છે! કર્મચંડાળ પ્રધાનોએ પેલા કેશિ (ભાણેજ) રાજાને ભરમાવ્યું. 'આ તારો મામો દીક્ષાથી કંટાળી રાજ્ય લેવા પાછો આવે છે. માટે તેનો વિશ્વાસ કરતો ના!' ખાનદાન હૃદયવાળા કેશિએ કહ્યું કે: 'તેનું જ રાજ્ય છે. ભલેને લે!' મંત્રી ભોંઠો પડ્યો, ફરી બીજી યુક્તિ કરી તે બોલ્યો: 'હે રાજન્! રાજ્ય પુણ્યથી મળે છે. આ રાજ્ય કાંઈ તેણે તને નથી આપ્યું પરંતુ તારા પુણ્યમાં હતું તો મળ્યું, માટે પુણ્યથી પ્રાપ્ત થયેલા રાજ્યને જવા ન દેવાય.'

કર્મચંડાળે બરાબર ચાવી ચડાવી. મુનિને ઝેર આપવાનો માર્ગ બતાવ્યો. કેશિરાજા ઉત્તમકુળનો છતાં પ્રધાને પ્રેર્યો એટલે તેમ કરવા તૈયારથયો. ઢોર પાળવાવાળા પાસે રાજાએ મુનિને દહીંમાં વિષ અપાવ્યું પણ દેવતાએ સંહરી લીધું. પછી દહીં ખાવું બંધ કર્યું. રોગ

વધવા લાગ્યો. વળી દહીં ખાવા માંડયું, ફરી ઝેર અપાયું, ફરી દેવે સંહર્યું: આખરે દેવના પ્રમાદથી કોઈ વખત વિષ ન સંહરવાથી શરીરમાં ઝેર વ્યાપી ગયું. ઉદાયનમુનિએ અનશન સ્વીકાર્યું. ત્રીશ દિવસ અનશન પાળ્યું: કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને ઉદાયનરાજર્ષિ મોક્ષે ગયા: સિદ્ધિ સુંદરીના સ્વામી થયા.

**ભેરાનગર ધૂળથી દટાયું,**

દેવતાને ક્રોધ ચઢયો. ધૂળની વૃષ્ટિ કરી, આખા નગરને ધૂળથી દાટી દીધું. ઉદાયનના પુત્ર અભિરુચિએ વિચાર્યું. 'મારા પિતાએ મને રાજ્ય નહિ આપતાં પોતાના ભાણેજને રાજ્ય આપ્યું.' આવી રીતે પોતાના પિતાને ધિક્કારતો, તે કેશિની સેવા તજી, પિતાના અપમાનથી રાજા કોણિક પાસે ગયો. કોઈ વખત ભગવાન શ્રીમહાવીરદેવની વાણી સાંભળી તે બોધ પામ્યો, શ્રાવક થયો પણ ઉદાયન પરત્વેનું વેર છૂટતું નથી! કર્મની પ્રકૃતિ વિચિત્ર છે!

અંતે તે પંદર દિવસનું અનશન કરી વેર આલોચ્યા વિના કાલ કરી ભવનપતિમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જઇ મોક્ષ પામશે. (भ० सू० ४९० थी ४९१) (त्रि० प० १० स० १० श्लोक० १२७ थी १२ श्लोक० २८१).

વીરનિર્વાણથી ૧૬૬૯ વર્ષે ધૂળના ઢગલામાંથી આ મૂર્તિને કુમારપાળરાજા કાઢશે અને પૂજશે, એવું કથન છે.

**પર્વારાધનનું અવશ્યકર્તવ્ય**

उत्सृज्य सावद्यमुदायनोऽसौ, श्रीपर्वघस्त्रेषु निरीहभक्त्या। जग्राह धर्मं शुभयोगसंयुतं, तद्वद्विधेयो व्रतिभिर्गृहस्थैः ॥१॥ श्रीपर्वपुण्यकृत्यानि, श्रीलक्ष्मीसूरिणा मुदा। श्रीप्रेमविजयाद्यर्थं, व्याख्यानाय स्तुतानि च॥

પર્યુષણાપર્વમાં પવિત્ર કર્તવ્યો અવશ્યમેવ કરવાં જોઈએ.

આ સમજી જેઓ પૌષધાદિ કરશે તેઓ મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

ઉદાયનરાજાએ સાવદ્યનો ત્યાગ કરીને નિઃસ્પૃહ ભક્તિ વડે કરીને પર્વના દિવસોમાં શુભસંયોગસહિત ધર્મને ગ્રહણ કર્યો તેની માફક વ્રતવાળા એવા ગૃહસ્થોએ અર્થાત્ શ્રાવકોએ એ પર્વની આરાધના કરવી જોઈએ.

अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणधराय नमः

# દિવાળી પર્વ વ્યાખ્યાન ૧

સં. ૧૯૯૧ આસો વદ ૧૩. પાલીતાણા.

**અક્ષીણ મહાનસીલબ્ધિ.**

શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના પ્રથમ ગણધર શ્રીગૌતમસ્વામિજીએ અષ્ટાપદ પર્વત પર જઈ પંદરસો તાપસોને દીક્ષિત કરી **'अक्खीणमहाणसिलद्धिसामत्थेण य सव्वे जहिच्छाए पज्जेमिया'** (**म० वी० च० पृ० ३३६**) અક્ષીણ મહાનસી લબ્ધિથી પારણું કરાવ્યું.

અક્ષીણ મહાનસી લબ્ધિ કોને કહેવાય? મહાનસ્ એટલે રસોડું. તેમાં પાકવાવાળી ચીજો તે મહાનસીક તે અક્ષીણ છે જેને, એટલે જેની લબ્ધિના પ્રભાવથી રસોડામાં પાકેલી ચીજ ક્ષય ન પામે. શ્રી ગૌતમસ્વામિજી માત્ર એક પાત્રુ ક્ષીર લાવ્યા છે, તેમાં અંગુઠો સ્થાપન કર્યો. જેમ ચિત્રાવેલીવાળા ભાજનમાંથી વસ્તુ કાઢવામાં આવે છતાં ભાજન ભર્યું રહે, તેમ આ પાત્રમાં લબ્ધિવંત શ્રી ગૌતમસ્વામિજીનો અંગુઠો રહે, ત્યાં સુધી પાત્ર ઉણું થાય નહિ, તેમાંથી બધાય તાપસોને પારણાં કરાવ્યાં.

**વગર ઉઘરાણીએ સામેથી ભાડું આપવા જનાર કેવા?**

**'जो नियसत्तिए अट्ठावयं विलग्गइ सो तेणेव भवेण सिज्झइ, इमं च सोच्चा'** (**म० वी० च० पृ० ३३७**) 'જે સ્વલબ્ધિએ અષ્ટાપદ પર ચઢે, તે તે જ ભવમાં મોક્ષે જાય.' આવું વીરપ્રભુનું વચન શ્રવણ કરી, તાપસો તપસ્યાથી શરીરે કૃશ થઈ અષ્ટાપદ પર્વત ચઢવા માટે તૈયાર થાય છે. આ બધા તાપસોને ક્યાંય સુધી મનુષ્યને લાયક ખોરાક મળ્યો નથી, જેથી **'सचित्तकंदमूलाइपरिसडियपंडुपत्तसुक्कसेवालभोइणो'** પાંદડાં-કંદમૂળ-ફળફૂલ-સેવાલ વગેરે ખાઈને રહે છે, એવી રીતે તાપસો અષ્ટાપદ પર ચઢવા પ્રયત્ન કરે છે, સુકલકડી જેવા થઈ ગયા છે.

આપણે તપસ્યા કરીને પછી શરીર સામું જોઈએ છીએ, પણ તપસ્યા શાને માટે? શરીર સુકવવાના સાધન તરીકે તપસ્યા લીધી છે, પછી શરીર સુકાયું એમ જોયા કરીએ તો તપસ્યાની મહત્તા કઈ?

જો તેની મતલબ તારા મગજમાં વસી હોય તો શરીરને જેમ બને તેમ કસીને તપસ્યાને આગળ ચલાવવા દે. હજુ આ શરીર ભાડું માગતું નથી, ત્યાં તો ભાડું સામે દેવા જાય તે ભાડૂત કેવો ? શરીર ઉઘરાણી ન કરે પછી ભાડું દેવા કેમ જવાય ?

અહીં તાપસોની પણ સુકા શરીરવાળા જેવી દશા થઈ છે, એવી સ્થિતિમાં **'तरुणतरणिभासुरोदारसरीरं गोयमसामीं'** ગૌતમસ્વામિજીને તાપસો દેખે છે, અનુત્તરના દેવતા કરતાં પણ જેનું અધિક રૂપ છે, એવા ગણધરમહારાજાને દેખે છે, અને મનમાં વિચારે છે કે આટલી અમે તપસ્યા કરીએ છીએ, નિરાહાર રહીએ છીએ, નિર્જનસ્થાને પાંદડાં–ફળ–ફૂલ અને સેવાલ ઉપર નિભાવ કરી, આટલી મુદત કાઢી. શરીર ઘસાઈ ગયા છતાં અષ્ટાપદ પર્વત ઉપર જઈ શકતા નથી, તો આ લાલ બુંદકાયાવાળો **'पीवरसरीरो समणो'** પુષ્ટ શરીરવાળો શ્રમણ કેવી રીતે ચઢવાનો ? તેવામાં તો તેઓના તારણ એવા શ્રી ગૌતમસ્વામિજી **'जंघाचारणलद्धीए लूयातंतुरविकरमेत्तंपि'** જંઘાચારણલબ્ધિએ કરી ચડી ગયા. એમની શક્તિનો ખ્યાલ ન આવવાથી, તેઓ નીચે આવે કે તુરત તેને પકડીએ તેમ કહેવા લાગ્યા.

## પંદરસો તાપસોની દીક્ષા.

**'रविकर'** સૂર્યનાં કિરણો પૌદ્ગલિક છે, કરોળીયા પોતાની લાળ કાઢી એ લાળના આલંબને ચડે છે, તેવી આ મહાપુરુષની શક્તિ જોઈ અત્યન્ત આશ્ચર્ય થયું, જે અમોને કૃશપણામાં શક્તિ નથી ઉપજી તે આ લાલબુંદપણામાં કેવી રીતે ઉત્પન્ન થઈ? હમણાં ઉતરશે, એમ અધીરતાથી રાહ જોયા કરે છે, પરંતુ શ્રીગૌતમસ્વામિજી તો **'तं रयणीवासमुवगओ'** તે રાત્રિ અષ્ટાપદ પર્વત પર રહ્યા, તેવામાં આ તાપસોની અધીરતા અને આકાંક્ષા વધુ તીવ્ર બની. **'गोयमसामी वि निसावसाणे जिणबिंबाइं नमंसिऊण नगवराओ आयरंतो'** બીજા દિવસે સવારે શ્રી ગૌતમસ્વામિ જિનબિંબોને નમસ્કાર કરીને ઉતરતા જોઈ, **तावसेहिं भयवं ! अम्हे सिस्सा तुम्हे'** ત્રણ સ્થાને રહેલા પાંચસો પાંચસો તાપસો હતા, તે પંદરસો તાપસો ગૌતમસ્વામિજીને કહેવા લાગ્યા કે અમે તમારા તાબેદાર શિષ્યો છીએ; **'समप्पियाणि तेसिं

**देवायाण रयहरणाइं'** દેવતાએ તે પંદરસો તાપસોને સાધુવેષ આપ્યો અને તેઓએ દીક્ષા લીધી. તે પંદરસોને શ્રી ગૌતમસ્વામિજી પારણું કરાવે છે.

**અનુક્રમે પંદરસોને કેવલજ્ઞાન**

પારણું કરતાં શ્રી ગૌતમસ્વામિજીની અક્ષીણ મહાનસી લબ્ધિનો અતિશય દેખ્યો, આ તો સર્વ લબ્ધિનિધાન છે! એમ માની ગણધરપદની ઉત્કૃષ્ટતા–વિચારતાં વિચારતાં, પારણું કરતાં કરતાં ૫૦૦ ને કેવલજ્ઞાન થયું, ૫૦૦ ને માર્ગમાં ચાલતાં ચાલતાં કેવલજ્ઞાન થયું. સમોવસરણ દેખતાં દેખતાં બાકીના ૫૦૦ ને કેવલજ્ઞાન થયું. આમ ૧૫૦૦ પંદરસો કેવલિની સાથે શ્રી ગૌતમસ્વામિજી ભગવાન મહાવીર-પ્રભુના સમોવસરણમાં આવ્યા.

ભગવાન વિહાર કરી મિથિલા નગરીમાં આવ્યા. અહીં દુષમા-કાલનું વૃત્તાંત આવે છે તે કહીશ, જેથી શ્રમણભગવાન મહાવીરે કયા ક્ષેત્રમાં, કયા પ્રસંગે શું કર્યું છે તે ખ્યાલમાં આવે. તાપસોના પ્રતિબોધ પછી મિથિલા નગરીમાં આવ્યા છે, અને ત્યાં દુષમાકાળનું સ્વરૂપ પ્રગટ કર્યું છે. આ આપોઆપ વગર પ્રશ્ને કે પ્રશ્ન પૂછવાને અંગે વર્ણન કર્યું છે? તે જણાવે છે—

**અતિપરિચયથી અવજ્ઞા થાય.**

દેશના સાંભળી કોઈએ સર્વવિરતિ, કોઈએ દેશવિરતિધર્મ, સમ્યક્ત્વ ગ્રહણ કર્યાં. આમ દેશના અને ફળ થયા પછી શ્રીગૌતમ-સ્વામિજી શ્રી મહાવીરપ્રભુને પ્રશ્ન કરે છે; સામાન્ય નિયમ છે કે–'**अतिपरिचयादवज्ञा**' અતિ પરિચયથી રાતદિવસ બેસવું, ઉઠવું, રહેવું થાય તો અનાદર–અવજ્ઞા થાય.' દૂરથી ડુંગરા રળીયામણા લાગે.' ગુણવાળી વસ્તુ હોય તોપણ અવજ્ઞા થઈ જાય છે. તેમ તમારું દૃષ્ટાંત લો! ગળપણમાં ફીક્કાપણું નથી. ન ખાધું હોય તો ઈચ્છા રહે, પણ પાંચ સાત દહાડા લાગલાગટ ખાવામાં આવે તો અરૂચિ થાય. ગળપણ એમનું એમ રહે છે, છતાં અરૂચિ થાય છે. વસ્તુ સદ્ગુણ-વાળી છતાં અત્યંત પરિચયથી અવજ્ઞા થાય છે. વિશિષ્ટ વસ્તુમાં અવજ્ઞા થાય, તો અવગુણવાળીમાં તુરત અવજ્ઞા થાય, થશે, પણ ઈન્દ્રિય કષાયનો અનંતાકાળથી પરિચય હોવા છતાં અવજ્ઞા થતી નથી

વિષય-કષાય, આરંભ પરિગ્રહ વગેરે અનંતાકાળથી પરિચયમાં આવેલા છે, છતાં તેમાં અવજ્ઞા થતી નથી. જેને અભિલાષાપૂર્વક લેવામાં આવતા નથી, કર્મના ઉદયથી આપોઆપ વિકૃત થઈ જાય છે. ઘણે ભાગે સારી અને અત્યંત પરિચયવાળી વસ્તુમાં અવજ્ઞા થાય છે.

**શ્રી ગૌતમસ્વામિજીએ ત્રીસ વર્ષની સેવામાં શું મેળવ્યું?**

શ્રી ગૌતમસ્વામિજી મહાવીરપ્રભુના શરણમાં કેટલા વરસોથી છે? પ્રભુના નિર્વાણના વખતની અપેક્ષાએ પ્રભુ મહાવીરની સેવા કરતાં ૩૦ વરસ ગયાં છે. ૩૦ વરસ જેટલો અત્યંત પરિચય થયો છે, આ તો પ્રતિબોધ સાથે ૧૨ અંગ રચવાવાળા, ૪ જ્ઞાન પામેલા, ગણધર પદવી ઉપર આરૂઢ થયેલા તે પણ તાજું નહિ. એ વસ્તુને પણ ત્રીસ ત્રીસ વરસ થઈ ગયાં છે. એવી શક્તિવાળી વ્યક્તિએ પણ ૩૦ વરસ મહાવીર ભગવાનની સેવા કરીને મેળવ્યું શું? તો કે કંઈ નહિ.

કેમ કંઈ નહિ? એમ હું કહું છું! જે મેળવવાનું હતું તે તો દીક્ષા સાથે જ મેળવી લીધું છે, ચાર જ્ઞાનથી પાંચમું જ્ઞાન નથી મેળવ્યું, દીક્ષા સમયે શ્રુતજ્ઞાન મેળવ્યું તેથી અધિક શ્રુતજ્ઞાન નથી મેળવ્યું. સામાયિક-છેદોપસ્થાપનીયથી વધારે ચારિત્ર નથી મળ્યું. મહાવીર મહારાજાની સેવાથી નવો લાભ નથી થયો. પહેલાં મળ્યું તે મળ્યું, છતાં અખંડ સેવા!

**એક વખતનો ઉપકાર જિંદગી સુધી ખસે નહિ.**

સેવા લાભની અપેક્ષાએ ન હતી, બદલા તરીકે ન હતી, પણ સેવા કલ્યાણ કરનાર તરીકે હોવાથી ૩૦ વરસમાં કાંઈ ન મળ્યું તેની દરકાર નથી. પહેલાં સમોસરણમાં પ્રતિબોધ પામ્યા કે તુરત ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન, ચાર જ્ઞાન અને સમ્યગ્દર્શનાદિ ત્રણ ત્યાં મળી ગયા. તે પછી લગીર પણ વધારો થયો નથી. વધારા વગરની ૩૦ વરસની સેવા છતાં, વિનય એવા જ પ્રકારનો, જરાય ખામી નહીં. એક વખતનો ઉપકાર જિંદગી સુધી ખસે નહિ અને અપકાર પણ એકે વખત ન થાય.

રાજા મહારાજાઓમાં સામંતો કે ભાયાતોને દેશ કે ભાગ કાઢી આપવામાં આવે, પછી પેઢીની પેઢીઓ ચાલી જાય પણ તે પછી જમીનનો ટુકડો નવો ન મળે, એક હક્ક પણ નવો ન મળે, તો પણ

યુદ્ધમાં પ્રાણ આપવા તૈયાર રહે છે. માનમરતબામાં વધારો ન થાય, તોપણ તે સરદારો કુલીન હોવાથી યુદ્ધમાં ઊભા રહેવા તૈયાર થાય છે. એટલે કે, ઉપકાર ભૂલતા નથી, તો શ્રી ગૌતમસ્વામીજી સરખા એક વખત ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન, ચારિત્ર, ચાર જ્ઞાન મળ્યાં, તેને અંગે કંઇ વધારો ન થાય, તોપણ ૩૦ વરસ સુધી એક સરખા વિનયમાં રહે તેમાં નવાઇ નથી.

**पत्थंतरे गोयमसामी परेणं विणपण पणमिऊण जयगुरुं भणइ-भयवं! महंतं मे कोऊहलं दूसमाप सरुवसवणविसप, कुणह अणुग्गहं, साहह जहाभाविरतिं, भणियं जिणेण-गोयम! भाविरमवि दूसमाप वुत्तंतं साहिज्जंतं पगग्गमणो निसामेसु (महा० च० पृ. ३३६)**

ઉત્કૃષ્ટ વિનયવંત શ્રી ગૌતમસ્વામીજી ભગવાન સાથે રહે છે. મોક્ષ આપનારા એ જ છે. રાયણ ૧૦૦ વરસે ફળે, જ્યારે લીંબડો, આંબો, કેળનાં ઝાડ જલદી ફળે, છતાં રાયણદેવી તે તો રાયણ જ. તેમ જેને નિશ્ચય થયો કે ૩૦-૩૦૦ કે ૩૦૦૦ વરસ સેવવાં પડે તો ભલે પણ મોક્ષ એમની પાસેથી જ મળવાનો છે, બીજા પાસે મોક્ષ મેળવી શકાય તેમ નથી. તેથી અખંડ વિનયવાળા ઉત્કૃષ્ટ વિનયપૂર્વકની અંતઃકરણની ભક્તિ એ બાહ્યભક્તિને આપોઆપ ઉત્પન્ન કરનારી છે. બચ્ચાને માના તરફ પ્રેમ થાય તો માને દેખતાંની સાથે જ હાથ હાલ્યા વગર નહિ રહે. અંતઃકરણમાં પ્રેમ છતાં હાથ ઊંચા ન કરે તે બને જ નહિ.

અનુત્તરવિમાનવાસીઓની સ્થિતિ એવી છે કે બહાર જવા આવવાનું બાહ્ય પ્રતિપત્તિ-વિનય ન હોય તે ચાલી શકે, બાકી છૂટવાળા બાહ્યપ્રતિપત્તિ વગરના હોય તો અંદર મીડું છે. બાહ્ય એ જ અંદરનું ફળ, તેથી '**परेणं विनयेण**' ઉત્કૃષ્ટ વિનયથી, બીજું '**पणमिऊण**' પ્રકર્ષપણે મન વચન કાયાની એકાગ્રતા કરવા સાથે બહુમાનપૂર્વક થતો જે નમસ્કાર તે નમસ્કાર કરીને, એકલી ભક્તિ બહુમાન નહિ પણ અંતઃકરણની ભક્તિ અને જોડે બાહ્ય ઉપચાર વિનય પણ ખરો.

## તીર્થંકરની ભક્તિ કલ્યાણ કરનારી શું નથી?

શ્રી ગૌતમસ્વામીજીને શ્રમણભગવાન મહાવીર મહારાજા સિવાય વિનયનું સ્થાન બીજું કોઇ ન હતું. તીર્થંકર મહારાજની ભક્તિ

કલ્યાણ કરતી નથી, ત્યારે કલ્યાણ કોણ કરે છે? તીર્થંકર જો કલ્યાણ કરતા હોત તો જગતના સર્વજીવોનું કલ્યાણ થઈ જાત. ભક્તિને લીધે કલ્યાણ કરે તો દુનિયામાં જેમ પૈસા–માનની લાલચ, તેમ અહીં ભક્તિની લાલચ સમજવી પડશે. લાંચીયા મિથ્યાત્વી દેવ તેમની ભક્તિ કરે તો પાપનો નાશ કરવા તૈયાર અને ભક્તિ ન કરે તો દંડ દેવા પણ તૈયાર! એવું અહીં નથી. તીર્થંકર તો વીતરાગ છે. વીતરાગપણું સાદિઅનંત ભાંગાનું છે. વીતરાગપણું આવ્યું તે આવ્યું, પછી જાય નહિ, જો તીર્થંકર કે તેની ભક્તિ કલ્યાણ કરે છે એમ કહીએ તો તો ભવ્ય અભવ્યોએ અનંતી વખત ભક્તિ કરી. જો ભક્તિથી કલ્યાણ થાત, તો ભવ્યો સંસારમાં હોત જ નહિ, અને અભવ્યો પણ સંસારમાં ન રહત. એટલે કે ભગવાન પોતે નથી કલ્યાણ કરતા કે નથી ભક્તિ કલ્યાણ કરતી, ત્યારે કલ્યાણ કરે છે કોણ? તેમના ગુણોની બહુમાનપૂર્વકની ભક્તિ. તેમની ભક્તિ ત્યારે જ કલ્યાણ કરે કે તેમના ગુણો ખ્યાલમાં આવે, તેમનું બહુમાન થાય. અત્યારે નીચા નંબરે અરિહંતને બેસાડ્યા, તે કરતાં ચઢતા નંબરે ભક્તિ, અને તે કરતાં પણ ચઢતા નંબરે ગુણનું બહુમાન.

## નવકારમાં અરિહંત શબ્દની પહેલાં 'નમો' કેમ?

'नमो अरिहंताणं' શાસ્ત્રકાર કહે છે તેમાં નવું શું? અહીં શિષ્ય શંકા કરે છે, अरिहंताणं नमो કહો તો શો ફરક? શંકાકારે એ મુદ્દાથી શંકા કરી કે કોઈ नमो કહેતાં મરી ગયો તો અરિહંતાણં પદ રહી જાય ને? તો પછી અરિહંતાણં કહેતાં મરી ગયો તો નમો રહી જાય તેનું શું? નમો એ નમન કરવારૂપ અરિહંતની ભક્તિ છે, ભક્તિ અરિહંતથી ચઢતા નંબરે છે, તેથી નમનનો ઉચ્ચાર ન રહેવો જોઈએ. 'नमो' એ વિનય–ભક્તિનું ઉચ્ચારણ છે, તે બાકી રહેવું ન જોઈએ, માટે 'नमो अरिहंताणं' કહેવું જોઈએ. **અરિહંત પોતે કલ્યાણ કરનાર નથી, પણ નમસ્કાર કલ્યાણ કરનાર છે.** સર્વેજીવોનું કલ્યાણ નથી થતું તેનું કારણ એ કે ભક્તિમાં પરોવાય તેનું કલ્યાણ થાય, માટે નમસ્કાર મુખ્ય તેથી પ્રથમ 'नमो' મૂક્યો છે.

## સ્થાપના માન્યા વગર નમો બોલનાર મૃષાવાદી.

નમસ્કાર એટલે માથું ઝુકાવવું, હાથ જોડવા. શાસનનું સામ્રાજ્ય **'नमो अरिहंताणं'** હોય તે મૂર્તિ એ જ નમો. શાસ્ત્રકાર કહે છે કે નમોક્કારેણ પદથી સ્થાપના સિદ્ધ થઈ; નમસ્કાર એટલે હાથ જોડવા; કોની સામે હાથ જોડાય? માથું નમાવાય? સિમંધર સ્વામીને, તો એકલા ઈશાનખૂણામાં જ બોલાશે. ઈશાનખૂણે 'નમો અરિહંતાણં' બોલો તો ધારણાથી સ્થાપના, પ્રત્યક્ષમાં નહિ. દેરાસરમાં ચુવકો પાછળ હાથ રાખે છે. નમસ્કાર કરનારો હાથ જોડે, શીર નમાવે ત્યારે જ નમસ્કાર કહેવાય. અરિહંત ભગવાનને અંગે સ્થાપના કર્યા વગર છૂટકો નથી. અરિહંતને માને તો તેની સામે નમસ્કાર જેઓ સ્થાપનાને-મૂર્તિને નહિ માનનારાઓ છે, તેઓ નમસ્કાર તો બોલે છે. તેને પૂછો કે ભાઈ! હાથ કોને જોડયા? તેં નમસ્કાર કોને કર્યો? **नमो अरिहंताणं**માં નમો શબ્દ બોલનારે સ્થાપના ન માની તો પણ ગળે વળગાડી, કોની સામે 'નમો' બોલ્યો? અહીં ભાવ-દ્રવ્ય-સ્થાપના-નામ અરિહંત છે? કોની સામે તેં માથું ઝુકાવ્યું? નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ કશું તેનાથી બોલાય તેમ નથી. એક જ રસ્તો છે, અરિહંતનો આકાર અહીં કલ્પ્યો, અને એને માથું ઝુકાવ્યું. અરિહંતની સ્થાપના કર્યા વગર 'નમો' બોલનારો મૃષાવાદી સમજવો. મનની કલ્પનાએ આકાર કલ્પ્યો તે જ આકાર સ્થાપના, અને તેથી સ્થાપના સિદ્ધ થઈ. સ્થાપના ઘડેલી ન માન તો કલ્પિત માન; નહીંતર હાથ કોને જોડીશ? કહે કે નહીંતર આકાશને હાથ જોડું છું. આખો ધર્મ કલ્પનામાં છે. સુપાત્રને સુપાત્ર કલ્પીને દઈએ તો કલ્યાણ છે.

## ભક્તિ કલ્યાણકારી છે.

અરિહંત પ્રત્યે નમસ્કારની ભક્તિ જબરદસ્ત હોવાથી પહેલાં 'નમો'નું ઉચ્ચારણ કર્યું. શબ્દભેદને ઝઘડો ગણનારાએ ધ્યાનમાં રાખવું કે અહીં શબ્દભેદ નથી, અને અર્થભેદ પણ નથી. 'નમો અરિહંતાણં' કે 'અરિહંતાણં નમો' તેમાં શબ્દ કે અર્થભેદ નથી. પૂર્વાપરનો ભેદ જ્યાં થયો ત્યાં આખો પાઠ બગડી જાય. તે માટે 'નમો' પ્રથમ મૂક્યું. અરિહંત કલ્યાણ કરે છે તે ભક્તિના વિષયમાં આવી કલ્યાણ

કરે છે, ભકિત કરણીય છે, એવી ધારણા થાય એથી એમની ભકિત કરૂં છું. ભકિત કલ્યાણ કરનારી છે, ગુણ લાવનારી છે એવી માન્યતાપૂર્વક કરવા લાયક છે, એમ ધારી ભકિત કરે તો કલ્યાણ જરૂર કરે અને ગુણો પ્રાપ્ત કરે.

**આરસી એ ભકિત, અને સૂર્યનું પ્રતિબિંબ એ અરિહંત.**

આરસીમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ આંખમાં પાણી લાવે છે, આરસીની તાકાત આંખમાં પાણી લાવવાની નથી. છતાં આરસી દ્વારા એ પાણી આંખમાં આવે છે, તેમ આરસી એ ભક્તિ અને સૂર્ય એ અરિહંત, અરિહંત લાવ્યા આવે, પોતે ન આવે. અહીં સૂર્ય ખસી ગયો નથી, છાયાદ્વારા એ કાચમાં પેઠો, એટલે કે સૂર્ય ત્યાં ને ત્યાં જ છે, પણ સૂર્યનો આકાર આવે, તેનું તેજ આવે, છાયાદ્વારાએ પેઠેલો સૂર્ય આંખમાં ઝળઝળીયાં લાવે છે. ભગવાન એક જ સ્વરૂપે છતાં ભક્તિદ્વારાએ કલ્યાણ કરે.

આરસી તેજસ્વીપણાની છાયા છે, તેમ ભકિત ભગવાનના વિષયની છે તો કલ્યાણ કરે, કુદેવની હોય તો ન કરે. સુદેવ વિષયક ભક્તિ હોય તો કલ્યાણ કરે. ભક્તિમાં ગુણીનો વિષય કરવો જ પડયો. હવે ભગવાન અને ભકિત એ બેમાં **ભકિતની જ તીવ્રતા છે.** ભગવાન કલ્યાણ ન કરે પણ ભગવાનની ભકિત કલ્યાણ કરે છે. તે છતાં ભક્તપણાની બુદ્ધિ ન હોય તો શું થાય ? ઇન્દ્રમહારાજના હુકમથી હરિણૈગમેષીદેવ શ્રમણભગવાન મહાવીરને દેવાનંદાની કૂખમાંથી ત્રિશલાદેવીની કૂખમાં લઈ જાય, તે અતિતાદિ ત્રણકાળના ઇન્દ્રનો અચાર છે. ગર્ભ ફેરવે હરિણૈગમેષી, છતાં આચાર ઇન્દ્રનો કહેવાય. ઇન્દ્રનું કાર્ય કરનારા હરિણૈગમેષી, જેના અંતઃકરણમાં 'આવા કુળમાં તીર્થંકર આવે તે આશ્ચર્ય જણાય અને તેથી રાજકૂળમાં ગોઠવું' એ વિચાર કરનાર આચારવાળો તે જ ભકત.

તીર્થંકરને દેવાનંદાની કૂખમાંથી ત્રિશલાની કૂખમાં લઇ જવાનો આચાર ઇન્દ્રનો,ને કાર્ય કર્યું હરિણૈગમેષીએ, બધી ગોઠવણ પણ કરી તેણે; છતાં આચાર ઇન્દ્રનો. અરે ! કરે તોએ, ન કરે તોએ આચાર ઇન્દ્રનો કહેવાય, કલ્યાણકોના મહોત્સવ પોતે જ કરે. દીક્ષા, કેવલ મોક્ષ, જન્મ વખતે પોતે અહીં હરિણૈગમેષીને મોકલે છે તે આ જીત (કલ્પ)

પ્રત્યે મહોત્સવ છે, કલ્યાણક પ્રત્યે મહોત્સવ નથી. જીતપણું ઇન્દ્રનું તેમ એ બુદ્ધિ થાય કે ત્રણ જગતને પૂજ્ય કેવળજ્ઞાન, દર્શનવાળા માટે પૂજવા લાયક એ ભક્તિ વસે, તેના વિષયવાળી ભક્તિ કલ્યાણ કરે.

**શ્રુતકેવળી ગણધરોને પ્રશ્ન કરવાનું પ્રયોજન.**

અરિહંત પૂજાય છે, અરિહંતની પૂજા ભક્તિ વગર થાય તો તેમાં કલ્યાણનો રસ્તો નથી, અરિહંતપણાની બુદ્ધિ જોઇએ. આટલા માટે શ્રીગૌતમસ્વામિજી વિનયપૂર્વક નમસ્કાર કરે છે. અરિહંતપણાની બુદ્ધિ હોય તો જ ફળ થાય, માટે કહે છે કે 'जय गुरु' જગતગુરુને પોતે નમસ્કાર કરીને કહે છે. તો 'જયગુરુ' પ્રથમ કહેવું હતું એ પ્રશ્નને અંગે દેહલીદીપક ન્યાયે ઉમરામાં દીવો પડેલો હોય તો બહાર અને અંદર બંને બાજુ અજવાળું કરે, તેમ બન્ને બાજુ જયગુરુ પદ જાય. તેમ જવાથી 'જગતગુરુ' ધારીને નમસ્કાર કર્યો, અને પ્રશ્ન કર્યા તે એટલા માટે કે પોતે ૧૪ પૂર્વધર, ૪ જ્ઞાનના ધણી અને બાર અંગના જાણકાર છે, છતાં કેવળજ્ઞાનથી જે તેઓ જાણે છે, તેવી તાકાત મારી પાસે નથી, માટે તેમને પ્રશ્ન કરી જાણવું જોઇએ, તથા પ્રશ્ન કરતાં કહે છેઃ—'भयव ! महन्तं मे कोऊहलं दूसमाए सरुवणथविसए, कुणह अणुग्गह साहहजहा भाविरंति' હે ભગવાન ! પહેલાં સંબોધન કરે છે. પણ ભગવાન તો પૂછવાની ઇચ્છા પહેલાં જ જાણી બેઠા છે. સન્મુખ કરવામાં હે ! શબ્દ સંબોધનમાં વપરાય છે. પણ કેવળજ્ઞાનવાળાને સન્મુખ કરવાનું શું ?

કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનના બળથી ત્રણ જગત દરેક સમયે ઉપયોગમાં હોય છે, પણ ભક્તે સન્મુખતા કરવી જોઇએ. તેથી બધે ભન્તે ! શબ્દ વાપરેલો છે. 'दुसमाए' દુષમાકાળ એટલે કે પાંચમો આરો, અહીં શ્રી ગૌતમસ્વામીજી કહે છે કે દુષમાઆરાનું સ્વરૂપ સાંભળવાના વિષયમાં મને કુતૂહલનો અર્થ અપૂર્વ ઉલ્લાસ થાય છે, માટે મહેરબાની કરી ભવિષ્યકાળમાં દુષમાકાળને લીધે જે બનવાનું છે તે જણાવો ! આટલો પ્રશ્ન કરી બોલવું ખતમ કર્યું. પછી જિનેશ્વરે કહ્યું–ગમે તેવા સમર્થ જણાવનારાએ પ્રશ્ન પૂરો થયા પહેલાં બોલવું નહિ, વર્તમાનની સમીપનો ભૂત હોય તો વર્તમાનકાળ વપરાય, તેમ અતિતની પાસેનો ભૂત હોય તો ભૂત કથન હોવાથી 'भणितं' કહ્યું, 'गोयमा' હે ગૌતમ !

ભાવિ દુષમાકાળનું સ્વરૂપ ભવિષ્યમાં થવાનું છે, અત્યારે કાંઈ નથી માટે એકાગ્ર મન રાખી, તું સાંભળ !' ઉપદેશ આપતા ગુરુએ શિષ્યને સાવચેત કરવાની જરુર છે, સૂત્રની શરૂઆતમાં અનુક્રમ કહેતાં કહે છે કે સાવચેત રહે, અપ્રમત રાખવા માટે સાંભળવાની આજ્ઞા કરવામાં આવે છે,

'मइ निव्वाणमुवगए पंचमअरओ उ दूसमा होही।
तीए वसा भव्वोऽविहु न जणो धम्मुज्जमं काही' ॥ १ ॥

પૃ. ૩૩૭

## દિવાળી પ્રવર્ત્તવાનું કારણ

"હું નિર્વાણ પામીશ," 'નિર્વાણ' શબ્દ દીવાળીની જડ છે. મહાત્માના મોક્ષમાં કે કાં તો અગ્નિના ઓલવવામાં, એ બેમાં જ નિર્વાણ શબ્દ વપરાય છે. મહાવીરનું નિર્વાણ ખટકયું કોને? શ્રમણસંઘને, સકળદેશના ભક્તોને, અને હાજર રહેલા ગણરાજાને, તેમજ નવમલ્લકી, નવલેચ્છકી, કાશી અને કોશળના જે રાજાઓ છે તેમને ખટક્યું. અત્યારે જે પાવાપુરીમાં જળમંદિર છે, ત્યાં ચિતા કરેલી અને પ્રભુ ત્યાં મોક્ષે ગયેલા. જેમ દીવો ગૂલ થયો હોય, મોટા શહેરમાં ઈલેક્ટ્રિક ઓચિંતી બંધ પડી હોય, ત્યારે બીજા દીવાનાં સાધનો તરફ ધ્યાન ખેંચીએ છીએ, તેમ ભાવદીપક નિવૃત્ત થયે દ્રવ્યઉદ્યોત પ્રવર્તાવ્યો. જે મનુષ્યને જે ચીજનો અર્થ યથાસ્થિત રૂપમાં ન મળે તો તેને બનાવટી રૂપમાં પણ દાખલ કરી દે, શૂરા સરદારને સાચી તલવાર ન મળે તો લાકડાની તલવાર બનાવીને મ્યાનમાં રાખવી પડે, તેમ ભાવઉદ્યોતનું સર્વત્ર અજવાળું હોય તેવું તે ગયે થકે સર્વત્ર તેવો ઉદ્યોત કરવા માટે દીપકની આવલી, આવલી એટલે શ્રેણી, એટલે કે સંખ્યાબંધ દીવા કરવા પડે, તેથી જગ્યાએ, જગ્યાએ દીવા કરવાની પ્રવૃત્તિ થઈ. ધર્મ-કેન્દ્રનું જે સ્થાન હોય, અને તે જગ્યા પર જે પ્રવૃત્તિ બધે જાય તેમાં નવાઈ શું? ભક્તે કરેલું કાર્ય બીજો ભક્ત પોતાના રાજ્યમાં કરે તો તે આશ્ચર્ય નથી. શ્રમણ ભગવાન નિર્વાણ પામી ગયા, તે વખતે અઢાર દેશના રાજાઓનું અનુકરણ કરી માલવાધિપતિ ચંડપ્રદ્યોત પણ પોતાના દેશમાં દિવાળી પ્રવર્તાવે છે. કેશીરાજા પણ દિવાળી પ્રવર્તાવે છે એવી રીતે ઉત્તર, પૂર્વ, મધ્ય હિન્દુસ્તાનમાં બધે દિવાળી પ્રવર્તે અને બધે દિવાળીનું માહાત્મ્ય થાય તેમાં આશ્ચર્ય નથી.

અહીં પૌષધોપવાસ અને દિવાળી બંને કર્યાં છે, તે જ વાત અહીં 'નિર્વાણ' શબ્દમાં જણાવીએ છીએ. ૨૪ તીર્થંકરની વાત સાંભળીએ છીએ ત્યાં 'परिनिव्वुडे' કહ્યું છે તે એ જ કે નિર્વાણને અંગે ભાવઉદ્યોત ગયો તેને અંગે દ્રવ્યઉદ્યોતની પ્રવૃત્તિ થઈ. 'હું' નિર્વાણ પામીશ ત્યાર પછી ત્રણ વરસ ને સાડા આઠ મહિને પાંચમો આરો બેસશે. જેનું નામ **દુષમા** છે. દુષ્ટવરસો–દુ:ખદેવાવાળા વરસો જેની અંદર છે તે દુષમા.

**દુષમા કાળની કઠોરતા.**

એ કાળમાં બીજી વિચિત્રતા એ છે કે મનુષ્ય સંયોગને પ્રતિકૂળ રહી ભાવના ચડાવનારા હોય છે, પણ ઘણા સંયોગ ઉપર ભાવના ચડાવનારા હોય છે. દુષમાકાળની એવી ખરાબી છે. અભવ્ય ઘણા હોય, ભવ્ય પણ ધર્મની લાગણીવાળો ધર્મ કરવા તૈયાર થયેલો હોય છતાં સંયોગની ખામીને લીધે ધર્મમાં જે ઉદ્યમ; અપ્રમત્તપણું કટીબદ્ધપણું તે કદી લેવાનો નહિ. ભવ્ય પણ દુષમા આરાને લીધે ધર્મમાં ઉદ્યમ કરવાવાળો નહિ થાય, આથી ધર્મનો ઉદ્યમ થશે નહિ. પાંચમા આરા વિષે ધર્મમાં ઉદ્યમ કરવો તે જ્ઞાનીના વચનને લોપવાનો અર્થ ન કરશો.

**આંખ માફક મુનિઓ અસહનશીલ બનવાના.**

જે છ કાયના કુટામાં માચી રહ્યા છે, તેવાઓ ધર્મનો ઉદ્યમ ન કરે, પણ આરંભાદિકનો ત્યાગ કરી મોક્ષનું નિશાન લઈ નીકળી પડયા છે તે સાધુઓ તો ધર્મનો ઉદ્યમ કરશે ને ? અહીં સામાન્ય શબ્દ સર્વને લાગુ થાય, છતાં વિશેષને લાગુ કરવા મુનિરાજોની સ્થિતિ દર્શાવે છે.

मुणिणोऽवि परोप्पर कलहकारिणो बहुपरिग्गहासत्ता ।'
'वट्टिस्संति न सम्मं बाहुल्लेण सधम्ममि ' ॥ २ ॥

ગૃહસ્થ જે આરંભાદિકમાં આસક્ત થયેલા હોય તેની વાત દૂર રહી; તે તો નદીના ઘાટ જેવો ધર્મ ગણે છે. નાહીને ઘેર ચાલ્યા આવવું, તેમ થોડો વખત દેહરે ઉપાશ્રયે ધર્મ કરી ઘેર ચાલ્યા જવું. બે ઘડી વિસામાનું સ્થાન, પણ મુનિમહારાજાઓ મોક્ષનું નિશાન લઈ બહાર પડેલા છે પણ પરસ્પરના કલેશને કારણે જેમ કાંટો–કણિયો–સુતરનો તાંતણો પણ આંખ ન ખમે, પણ નાક છોડાનાં છોડાં ખમે, જીભ છારીઓ ખમે, શરીર મેલ ખમે બધું ખમે, પણ આંખથી કંઈ ન ખમાય; તેમ

જેનાથી કંઈ ખમાય જ નહિ ન પડિક્કમણામાં, ન પડિલેહણમાં, ન સ્વાધ્યાય કે બેસવામાં કશામાં ન ખમાય.

આંખ જેવી નાજુક સ્થિતિવાળા મુનિ છે. આંખમાં કણિયો પડે તોપણ આંસુ, તણખલું, સુતર પડે તો પણ આંસુ; આંખે અસહનશીલતા રાખી છે, તેથી જરી જરીમાં આંસુ પાડવા પડે છે, તેવી રીતે મુનિઓએ સહનશક્તિ રાખી છે, તેથી જરી જરીમાં આંસુ પાડવા પડે છે, તેવી રીતે મુનિઓએ સહનશક્તિ નેવે મેલી છે તેથી ટંટો કરે છે. મિત્રતા શત્રુતા સંબંધવાળા સાથે જ હોય છે. દુષમાકાળને લીધે સાધુ માંહોમાંહે કલેશ કરનાર વાડના કાંટા પહેલાં પગનો કાંટો પ્રથમ કાઢે.

શ્રમણસંઘ એટલે ચાલવાનો રસ્તો–શ્રાવક શ્રાવિકા એટલે વાડો. પાંચમાઆરાના પ્રભાવને લીધે પરપસ્પર કલેશ કરનારા મુનિઓ થશે. કલેશ ક્ષંતવ્ય છે, કલેશનું કારણ કુટિ કઢાય તો આપોઆપ કલેશ સમી જાય છે. પરસ્પર કલેશ કરવાવાળા સાધન વગરના હોય તો આપોઆપ કલેશ દૂર જાય. જેમ ઘણાં પરિગ્રહ વસ્ત્ર, પાત્ર, પુસ્તક, શિષ્ય, શ્રાવક, શ્રાવિકા મારા; જેમ ગૃહસ્થ મકાન, પોતાના કરવા મહેનત કરે, તેમ સાધુઓ 'આ શ્રાવક મારો કેમ કરૂં ?' સાધુ બીજાને શિષ્ય થયા સાંભળી, દેખી બળે. અપ્રાપ્તની ઇચ્છા, ને પ્રાપ્તની મૂર્છા. અહીં પરિગ્રહમાં ધનમાલ હવેલી નથી, મુનિપણું છે, તે છતાં પરસ્પર કલેશ કુથલી. 'પારકું તપાસવામાં પહોર ગયા, મારું તપાસવામાં મિનિટ પણ નથી ગઈ,' બહુપરિગ્રહ એટલે પાત્રાદિકમાં મૂર્છાની સ્થિતિ. દુષમા-કાળના પ્રભાવને લીધે કલેશ કરવાવાળા અને પરિગ્રહમાં આસકત થશે.

## ભાવિ સાધુ કેવા હશે ?

જગતમાં ભલે રાત હોય, પણ હાથમાં દિવીવાળાને દહાડો છે, તેમ કલેશવાળા–પરિગ્રહવાળા હોય, છતાં કલ્યાણનું કામ કરનારા હોય તો સારૂં ! પણ ઘણે ભાગે સ્વધર્મમાં તો સાધુઓ વર્તશે જ નહિ ઘણો ભાગ એટલે ૫૦ ટકાથી વધવો જ જોઈએ તો જ ઘણો ભાગ શ્રમણધર્મ ૧૦ પ્રકારનો ક્ષાંતિ આદિ છે. તેમાં ૨૪ કલાકમાં કેટલો કયો ધર્મ કર્યો ? સરવાળો કાઢી જોયો ? ક્રાંતિવાળાને સાધન મળે તો તરત ક્રાન્તિ થઈ જાય. વાયરો આવી પાનું ઉડાવે તો વાયરા સામે

લડવા તૈયાર છીએ; આપણી સ્થિતિ કઈ છે? ઠેસ વાગે તો પથ્થરા ફોડવા તૈયાર છીએ. ક્ષમાધર્મ કયાં રહ્યો છે તે તપાસો! ક્ષાંતિની જગ્યાએ આપણે ક્રાન્તિમાં પડ્યા. આપણને પલટાવવા એ લોકોની રમત છે.

**પાડોશીનું ઘર બળતું હોય તો બેડાં ચડાવીએ કે ઉંબાડીયા મૂકાય?**

ક્ષાંતિ ધર્મવાળાને ઈન્દ્ર પણ ન પલટાવે, ક્રાન્તિવાળાને વાયરો ય પલટાવે. ક્રોધનો કણિયો હોય જ નહિ. શ્રમણ ભગવાન, ત્રણ લોકના નાથ, જેને ઈંદ્રાદિક સેવામાં હાજર છે એવાને, દેવદેવેન્દ્રોથી પરિવરેલ તેવા ભગવાનનો એક વખતનો શિષ્ય ગોશાળો કાશ્યપ કહી જાય છે કાશ્યપ એ કુળમનું રૂઢ નામ છે. તમને આવી રીતે કહેનારા મળે તો શું કહો? 'મને કેમ કહ્યું?' ભગવાન કહે છે કે 'એને અજ્ઞાનતાનો ઉદય છે, એની ઝુંપડી બળી રહી છે.' પાડોશીનું ઘર બળતું દેખીએ તો બેડાં ચરાવીએ કે ઉંબાડીયા મૂકાય? તે વખતે બેડાં ભરીને નંખાય, ઉંબાડીયાં ન નંખાય. સમતાનાં બેડાં તૈયાર રાખ! તેનું ઘર સળગ્યું ને મારે ઘેર આગ ન લાગે તે ઠીક ન કહેવાય.

ત્રિલોકનાથ ઈન્દ્રાદિકને પણ પૂજ્ય એવાને ગોશાળો તું તાં કરી જાય છે. બીજા સાધુઓને બોલતા બંધ કરે છે, તે અહીં સમતાની સેર વહેવડાવે છે. કોઈ સાધુએ ક્રોધ કર્યો હોય અને પૂછે કે 'ક્રોધ કેમ કર્યો?' તો શું કહે? 'ભાઈ! હું તો ભણતો હતો, એણે મને નકામો કલેશ કરાવ્યો, બીજાનું ન્હાનું નકામું કાઢે છે. તારે શું કરવા આંખ ઊંચી કરવી પડી? જો શ્રમણધર્મમાં લીન હોય તો તારે આંખ ઊંચી કરવાની જરૂર નથી.

કોઈ ગામમાં આપણી માલમિલકત હોય, અને ત્યાં આગ લગી સાંભળીએ, ત્યારે 'જે બચ્યું એ બાપનું' એમ માનીએ છીએ. તેમ જગતમાં અજ્ઞાની જીવો તો ક્રોધ માનાદિએ ભરેલા જીવો છે, જગતમાં આગ લગાડી રહ્યા છે, તેમાંથી બળ્યાની બળતરા ન ગણ, પણ બચ્યાનો ફાયદો ગણ! અજ્ઞાની જીવો શું ન કરે! ગાળ દીધી તેથી કંઈ ગૂમડાં થતાં નથી, તે બોલતો હતો અને તને ગાળ દીધી, તો તને ગૂમડું થઈ ગયું? ના. જ્યારે ગૂમડું નથી થયું, તો પછી ચકમક કેમ ઝરી? વગર

આગે ફોલ્લો થયો એમ માનવું ? એ તો વગર જ્ઞાને બોલ્યો, પણ તેં તો જિંદગીથી જ્ઞાન મેળવ્યું હતું તે ખોવ્યું. બીજો આક્રોશ કરે તે વખતે થૂંક ન ઉરાડયા કરો ! મારવા આવે તે વખતે વિચારવું કે 'મારી નાખતો તો નથી ને ?' અથવા મારી નાંખે છે, 'પણ મારો ધર્મ તો નથી જતો ને !' આક્રોશ કરવો, મારવું, વધ કરવો, જીવથી મારી નાખવો, ધર્મથી નાશ કરવો,આ બધું બાળજીવો હોય ત્યાં બને, ત્યાં આ ચીજ બનવી અસંભવિત નથી.

## સમતા કઇ રીતે આવે ?

આખા શહેરમાં આગ હોય ત્યાં બચ્યું તેની બોલબોલા. આ સ્થિતિ કયારે આવે ? શાંતિ મારો ધર્મ છે; ક્રોધ મારા આત્માના ધર્મને ચુકવનારો છે, તેમ માર્દવ–નમ્રતા મારો ધર્મ છે. કોણિક સરખાને શ્રી મહાવીરપ્રભુ ' મહાનુભાવ ! ' કહે છે બાપને બેડીમાં નાખનાર, કેદમાં પુરનાર, ૧૦૦ ચાબખા મારનાર, મોસાળનું નખ્ખોદ કાઢનાર એવો કોણિક છે, છતાં મહાવીર 'મહારાજા, મહાનુભાવ !' કહે છે.

સુગંધ લેનારો ભમરો થડ–ડાળ પર ન બેસે ખોળી ખોળી ફૂલ પર બેસે. માટે ભમરો બન અને ગુણ તરફ જા ! દોષ પર નજર ન કર ! દસ પ્રકારના શ્રમણધર્મના નામથી આપણું વર્તન સારૂં કેમ નથી થતું પરંતુ તેના કારણ વગેરેનો વિચાર આપણને સૂઝતો નથી. અહીં દુષમાકાળનું ફળ જણાવ્યું. પ્રાયે પોતાના ધર્મમાં સાધુ વર્તવાના નહિ, તેમ સર્વથા ધર્મનો અભાવ પણ નહિ, પરંતુ સમ્યગ્ પ્રકારે વર્તવાના નહિ. હવે આગળ પાંચમા આરાનું સ્વરૂપ કેવું છે તે અધિકાર અગ્રે વર્તમાન.

★

# દિવાળી પર્વ વ્યાખ્યાન-૨

વિ. સં. ૧૯૯૧ આસો વદ ૧૪. પાલીતાણા.

पासंडिणोऽवि नियनियगंथत्थपरंमुहा मयणमूढा ।
पम्मुक्कधम्मकम्मा ओलग्गिस्संति राइणं ॥ ३ ॥

### પાંચમા આરામાં પ્રથમ ધક્કો ધર્મને.

શાસ્ત્રકાર મહારાજા ગુણચંદ્રસૂરિજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે મહાવીર ચરિત્રમાં જણાવે છે કે ૧૫૦૦ તાપસોને પ્રતિબોધી યાવત્ પારણું કરાવે છે, કેવલજ્ઞાન થયું છે, તે પરિવાર સાથે મહાવીર પ્રભુ મિથિલામાં સમોસર્યા છે, ત્યાં મિથિલામાં શ્રીગૌતમસ્વામીજી મહાવીર પ્રભુને નમસ્કાર કરી પૂછે છે કે– હે ભગવાન ! ભવિષ્યના દુષમાકાળનું સ્વરૂપ સાંભળવાનું કુતૂહલ થયું છે. તો તે સંભળાવો !

હંમેશાં જગતમાં ધર્મને બાધા થાય તે કોઇને નડતી નથી, એમ કહીએ તો ચાલે, પરંતુ પરસ્પરના દુનિયાદારીના કલેશ શમાવ્યા સિવાય છૂટકો થતો નથી, કારણ એની ગરજ એને ને એની ગરજ એને, એમ પરસ્પર ગરજ હોવાથી પતાવવા જ પડે છે. કોઈ વખત રિદ્ધિ વધારે હોય તો અભિમાનવશ થયો તેથી કલેશ કરે છે, પણ ધર્મનો કલેશ એવો કે પતવાનું કારણ નહિ. ધર્મમાં કલેશ પડે તો કશું અટકતું નથી, મોક્ષાર્થીને અટકે તો તે ધર્મને ખસેડતો નથી. ભવાભિનંદીને ધર્મ વગર કશું અટકતું નથી, તેથી ભગવાન મહાવીર પ્રભુ કહે છે કે પાંચમો આરો પ્રથમ ધક્કો ધર્મ ઉપર લગાડશે !

### જે ભવ્ય ત્રસપણું પામ્યો તે ચોક્કસ મોક્ષે જવાનો જ.

ધર્મ એ ઉદ્યમથી થવાવાળી ચીજ છે. ધર્મનો ઉદ્યમ તીવ્ર તો ધર્મ તીવ્ર, ઉદ્યમ કરવાવાળાના ઉપર ધર્મની તીવ્રતા-મંદતા હોય છે. દુષમાકાળ મોક્ષે જવા લાયક હોય એવા ભવ્ય પુરુષ ઉપર અડ્ડો જમાવે છે. જે ભવ્ય ત્રસમાં આવ્યો તે ચોક્કસ મોક્ષે જવાનો, ચાહે જેટલી મુદતે, ચાહે તેટલા પુદ્ગલપરાવર્તે ત્રસ ભવ્ય હોય તો કોઈપણ દિવસ તે મોક્ષે જવાનો, ત્રસાદિ પરિણામ પામ્યો હોય તે જાતિભવ્ય ન હોય; નિગોદમાં જ જાતિભવ્ય હોય. ત્રસાદિપણાને પામ્યા

હોય તે જીવો ભવ્ય હોય તો તેણે ધર્મનો ઉદ્યમ કરવાનો ને કરવાનો જ. સીધો ખરચ ન આપે તો કોર્ટથી ખરચ સાથે ભરપાઈ કરવો પડે, તેમ સીધેસીધા ધર્મ ન કરીએ તો પાપ ભોગવી પછી પાછા અહીં આવી ધર્મ કર્યે જ છૂટકો છે. ત્રસાદિ ભવ્યને મોક્ષે જવાનું ને જવાનું જ.

નકામી કોર્ટની ફી સાથે દેવું આપવું પડે. તેના કરતાં વગર ફીએ દેવું આપવું પડે તો વાંધો શો? પણ દુષમાકાળના જીવોને ઘણેભાગે એ સૂઝવાનું નહિ. ભવ્ય છતાં તે ઉદ્યમ નહિ કરે તેમાં દુષમાકાળ હેતુ છે. તેમાં મોક્ષનું નિશાન લઈ નીકળેલા મુનિઓ ને ગૃહસ્થોનાં નિશાન જુદાં જુદાં હોય છે.

## રાત્રિ માફક દુષમાકાળની અસર સર્વને સરખી.

અર્થ, કામ, કુટુંબ છોડી નીકળેલા, હાથમાં મોક્ષનો વાવટો લઈ નીકળેલા મુનિઓ ધર્મનો ઉદ્યમ કરશેને ?

ભાઈ, રાત પડે ત્યારે બધાને સરખી, બીજા જીવો ઉપર જેમ પંચમઆરો અસર કરશે, તેમ મુનિ ઉપર પણ અસર કરશે. મહાવ્રતની જડ વાવશે, છતાં બિલાડી જેવડા હોલમાં પૂરીએ તેટલા હોલમાં દોડાદોડી કરશે. મુનિઓ પંચ મહાવ્રતમાં રહેશે, માંહોમાંહે કલેશ કરશે, બહુપરિગ્રહ રાખશે. સંયમના સાધન તરીકે છૂટ મળી છે, પણ તેનો ઉપયોગ, સાફસુફી, વસ્ત્ર, પાત્રાં, ઓઘા વગેરે સુંદર રાખવામાં બહુ કાળજી રાખશે. તમારો પાટો અંદર ગમે તેવો હોય, બીજાને શું ? આપણા મમતાભાવે આપણે મરીએ છીએ, ધર્મોપકરણોમાં મમતાનું નાટક કરવાવાળા મમતાને દોષ માને છે.

પેલા નાગા (દિગંબર) રહી એક પણ મહાવ્રત નથી પાળતા, કારણ કે રજોહરણ-ઓઘો, પાત્રાં વગેરે સંયમનાં સાધનો નહિ હોવાથી સમિતિ પણ પાળી શકે નહિ, તેથી એકે મહાવ્રત-રહેતું નથી. તે કરતાં તો જાનવર નાગા જ છે, ત્યાં ત્યાગપણું નહિ હોવાથી મહાવ્રત કોઈ ગણતું નથી. મહાવ્રત ત્યાગપણામાં આવે છે. દેવ નાગા, ગુરુ નાગા, નાગાના દર્શન કરનારને વિકાર થવાનો, તો તેમની સ્ત્રીઓ મોક્ષે શી રીતે જાય? એકબાજુ કલેશ, મમતા, બીજી બાજુ ધર્મકર્મમાં ઉદ્યમ કરી શકે નહિ. જે મનુષ્ય જે લાઈને ચાલે તે લાઈને વધ્યા કરે. સૂવાથી ઉઠવા સુધી ને

ઉઠવાથી સૂવા સુધી તો ઉપકરણ, શરીરની મમતા, તેમજ શ્રમણધર્મ સંબંધી વિચાર બહુ ઓછો કરે છે. શ્રમણધર્મમાં ઘણે ભાગે તેઓ વર્તશે નહિ.

**પરધર્મ ઉપર અસર.**

દુષમાકાળ અહીં જ છાયા પાડશે તેમ નહિ, પરધર્મમાં પણ છાયા પાડશે. જૈનધર્મથી ઇતરધર્મવાળા પાખંડીઓ પણ પોતપોતાના શાસ્ત્રમાં જે આચારો હશે તેથી પરાંગમુખ થશે. સંન્યાસીના આચારમાં પોતે નહિ રહે, એટલું જ નહિ પણ હજુ જૈન સાધુ કલેશ મમત્વમાં રહેશે, પણ બીજાના સાધુઓ તો કામથી મુંઝાવાના, બાયડીઓ રાખશે, ધર્મનાં કાર્યો છેટાં જ મૂકી દેશે, અને ધર્મ કર્મ સર્વથા છોડી રાજા-મહારાજાની સેવામાં ધર્મ ઘુસાડશે. રાજા પાસે ધર્મ સંભળાવવો કરાવવો ને તેથી પોતાનો નિર્વાહ કરવો. સામાન્ય લોકો પર તેની અસર થવાની કે નહિ ? તારાનું ગ્રહણ ન હોય, સૂર્ય ચન્દ્રનું ગ્રહણ હોય.

**જનસમુદાય ઉપર અસર.**

पागयलोगो मोत्तुं कुलमेरं तेसु तेसु कज्जेसु ।
अच्चंतगरहिएसुवि वट्टिस्सइ जीविगाहेउं ॥ ४ ॥

પ્રાકૃતલોક, સામાન્યજનસમુદાય એને આજીવિકાની પડશે. પેટ કેમ ભરવું ? પેટ ભરવાની પંચાતમાં–પાપી પેટ ભરવા માટે એમને હજારો પાપ કરવાં પડશે. માત્ર આજીવિકા માટે આખી જિંદગીનું ધ્યેય રહેશે. જીવનના છેડે જિંદગીના છેડે માણસ તપાસે તો નિરાંતે ખાધું, પીધું, જીવિકા માટે જ જન્મ પૂરો કરવાના. ધ્યેય બદલાયું પણ ધંધો તો નથી બદલાયોને ? ના, અત્યંત નીંદવાલાયક ધંધા કરશે. જે ધંધો કલ્પે નહિ તે પ્રાકૃતલોકો પેટ માટે કરશે. કુળની મર્યાદા પણ નહિ ગણે. કુળની મર્યાદા તદ્દન છોડીને તે નીંદવાલાયક ધંધો રોજગાર કરશે અત્યંત ગર્હિત કાર્યો માત્ર પેટ ભરવા માટે કરશે, કુળમર્યાદા છોડી ધંધો કરશે. ચાલો ! એ ભલે કરે, પણ રાજા ધર્મપરાયણ હોય તો રાજા લોકોને–મુનિને–શ્રાવકોને–પાખંડીઓને ફરજ પાડે તો આપોઆપ ધર્મની પ્રવૃત્તિ થાય, પણ રાજા પૈસાના લોભી થવાના.

**રાજાઓ ઉપર અસર.**

अत्थप्पिया य अइदप्पिया य परछिद्दपेच्छणपरा य ।
पीडिस्संति जणोहं पयंडदंडेहिं नरवइणो ॥ ५ ॥

રાજાઓ શું કરવાના ? અર્થ એ જ વહાલો, આબરૂ કરતાં પણ અર્થ વહાલો. અત્યારે મોટા મોટા સામ્રાજ્યો ને શહેનશાહતો ગણતરી શાની ગણે છે ? કેવળ પૈસાની. ભયંકર ૧૪ની લડાઇ તે પણ પૈસાની. ઐશ્વર્ય માન પૈસાની પાછળ ગણે, પૈસામાં નુકસાન દેખે તો આબરૂમાં વાંધો નથી. ફ્રાન્સ સરખી શહેનશાહત દેવાળીયામાં નામ નોંધાવે. અમેરિકાના દેવાના અંગે જર્મન શહેનશાહત 'અમે પહોંચીએ તેમ નથી.' બ્રિટિશને કહેવું પડ્યું કે 'વ્યાજ આપી શકીએ તેમ નથી.' એટલે કે માન-આબરૂ કરતાં મિલકત કિંમતી ગણાઈ છે, તેથી કળજુગમાં-દુષમાકાળમાં કેવળ પૈસાના પૂજારી છતાં, એ અહંકાર તો ચક્રવર્તીને પણ ક્યાં ન હતો ? દેશાભિમાનને નામે અહંકાર એટલો રેડાયો કે જેનો પાર નહિ.

૧૪ ની લડાઈના સાહિત્યનો અભ્યાસ કરો તો માલમ પડે કે અભિમાન ખૂબ ચડાવી દેવાયું હતું. ઘડીમાં મિત્ર બને. ઘડીમાં છિદ્ર દેખતો જાય. તે દેખી ઉતારતો જાય, અને છેવટે ગુલામીમાં લાવે. પ્રથમ દરેક ઘુસ્યા. ઘુસીને તેઓએ પહેલાં ભરોસા દઈ, પછી છિદ્રો ખોળી, અનર્થો ખોળી ગુલામ બનાવ્યા છે. કેવળ પૈસાના જ પૂજારીના માનમાં માતા હાથી જેવા, બીજાના છિદ્ર દેખવા માટે કાળા નાગ જેવા, આ ત્રણ છતાં એક વસ્તુ વિચારમાં રહે તો આ ત્રણનું નુકશાન ન થાય. 'મનુષ્યને હેરાનગતિ હોવી જ ન જોઈએ,' આ ધારણા દૃઢ હોય તો, અર્થપ્રિય હોય તો નવા ઉદ્યોગ ખોલે, પણ લોકોને હેરાન કરવાનું ન હોય. પારકા છિદ્ર દેખે તેમાં છિદ્ર કાઢનારને કદાચ રોકે, પણ વાડ ચીભડાં ચોરે ત્યાં ખેડૂત ખાય શું ? આખા જનસમુદાયને રાજાઓ પીડશે !, શાથી ? પ્રચંડ દંડોએ કરીને. વિચારશો ? ગુન્હાની પાછળ દંડ અને કેદ. દંડ શા માટે ? ગુન્હાની પાછળ કાયદાએ દંડ શા માટે રાખ્યો ? કહો, ધન હરવા માટે. કાયદાના દંડ જુદી વસ્તુ, પણ રાજકીય દંડના કરોડ અબજોના પણ છેડા નથી. ૧૮-૧૯ ની સુલેહમાં જર્મની પાસેનો દંડ જે લીધો છે, તેના આંકડા તપાસશો તો ખબર પડશે. ભયંકર દંડોથી પ્રજાને રાજાઓ પીડવાના. મુનિ ઉપર, પાખંડી-પ્રાકૃતજન,-રાજા પર અસર દુષમાકાળની થાય, પણ કુટુંબીઓ માંહોમાંહે સંપી રહે તો એટલી અસર નહિ થાય.

**કુટુંબીઓ ઉપર અસર:**

इक्कजणणी पसूयावि भाइणो जणगदव्वलोभेण ।
अन्नोन्नजीवघायं काउं दढमभिलसिस्संति ॥ ३ ॥

ભાઈઓ છતાં પણ અન્યોન્ય એક બીજાને મારવા માટે અભિલાષા કરવાના. એક જ માતાના જણેલા ભાઈઓ પણ માંહોમાંહે જીવથી મારવાના દૃઢ વિચારવાળા હોવાના. વચમાં કોઈ આવે તો તે પણ કુટાઈ જાય. વધારે મિલકત મેળવવા માટે, વધારે હિસ્સો મેળવવા માટે પરસ્પર જીવ-જાન ઘાત કરવાના, દૃઢ અધ્યવસાયવાળા થવાના, ઘરમાં આગ, બજારમાં આગ, રાજ્ય-ધર્મગુરુ માં આગ, બહાર પ્રાકૃતલોક તરીકે આગ, રાજાના ક્રૂરપણાની આગ, પાખંડી ગુરુઓની આગ. આગ વગરનું સ્થાન કયું? દુષમાકાળમાં હરકોઈ કોઈ જગ્યા પર આગ, આગ ને આગ જ દેખાવાની.

धम्मच्छलेण पावं विमूढमईणो समायरिस्संति ।
पसुमेहक्कवखणाइसु कम्मेसु बद्धंता ॥ ७ ॥

**લોહીથી ખરડાયેલું કપડું લોહીથી ધોઈએ તો સાફ ન થાય.**

જેમ કાયદો ચોરીની સજા કરે, પણ આગ લગાડી ચોરી કરનારો હોય તો આગ સળગાવી તેના બ્હાને ચોરી કરનારને વધુ સખત સજા છે, તેમ અહીં જગતમાં આગ સળગાવી છે, તેનો લાભ લઈ મિથ્યાત્વમોહે મૂંઝાયેલા, મૂઢમતિવાળા શું કરશે? લોકો ધર્મ કરે યા ન કરે, પણ લોકો ધર્મની કિંમત ગણે તેથી ધર્મના જ બ્હાને વાસ્તવિક ધર્મ નહિ કરે, પણ ધર્મના બ્હાને પાપ કરવાના. ધર્મનો આશ્રય પાપથી બચવા માટે લેવાય છે, ધર્મના બ્હાને પાપો કરાય છે, તો પાપથી બચવાનું સ્થાન કયું? શ્રાવકને ધર્મ કરતાં શ્રાવકપણાને અનુચિત પ્રવૃત્તિ ન હોવી જોઈએ. મૂર્તિ દહેરું બાંધવાનું, તેના અધિકારમાં લાયક બનવાનું પ્રથમ જણાવ્યું છે, પ્રથમ ચોપડા ચોકખા કરે.

દિવાળીએ સરવૈયુ કાઢયું, એટલે ચોપડાઓ ચોકખા નહિ, પણ મારે ત્યાં અન્યાયની-વગર હક્કની કઈ કઈ રકમ આવી છે, તે તારવી તે રકમ પાછી આપી દે, મૂર્તિ ભરાવવા કે મંદિર બંધાવવા તરફ જિનઆજ્ઞાની કિંમત હોય તેની પ્રથમ આ ફરજ છે. અનધિકારીને

લાયકવાળાનાં ફળ નહિ મળે. મહુડાના પાણીએ શીરામાં મીઠાશ આવે, લોટમાં મહુડાનું પાણી નાખી શીરો બનાવીએ તો સાકર જેવી મીઠાશ ન આવે. મોર નાગો થઈ કળા કરે, નાટક બતાવે, શાસ્ત્રકાર શું કરે? શાસ્ત્રવિધિ બતાવે છે. સૂર્યનું કામ અજવાળું કરવાનું, તેમ પ્રથમ હિસાબ ચોકખા કરે, અન્યાયની રકમ લાગે તે માલિકને સોંપી દે, તે પહોંચાડે એટલેથી પણ ચોપડા ચોકખા થતા નથી, પણ સંઘને ભેળો કરી જણાવે, અને કહે કે 'મને માલમ પડેલ છે, ત્યાં સુધી મારી મિલકત મેં ચોકખી કરી છે, પણ મારી ધ્યાન બહાર કંઈ હોય ને તે લક્ષ્મી આ ધર્મકાર્યમાં ખરચાય તો તેનું ફળ તે રકમવાળાને. તેનું ફળ હું લેવા માગતો નથી. તો ધર્મ કરતી વખતે દુનિયાદારીમાં થતાં પાપો ધોવાનાં છે ધર્મ કરતી વખતે જો પાપો કરે તો? લોહીથી ખરડાયેલું કપડું લોહીથી ધોઈએ તો કેટલું સાફ થાય?

## ધર્મનાં બ્હાને પાપ કરનારા અત્યંત મૂઢમતિ

દુષમાકાળમાં મૂઢમતિઓ એવા થશે કે ધર્મના બ્હાના નીચે ધર્મના નામે પાપ કરશે. બાઈ હોય, ડચકાં ખાતી હોય, મિલકત હોય, કાયદેસર વારસો બીજાનો થવાનો હોય, તો વીલ ઊભું કરે, ધર્માદામાં નાખી દેવડાવે, પણ તે ધર્મના નામે પાપ છે, શાહુકારી ચોરી છે. ડોસીને ભાન ન હોય પછી વીલ કરે તો, ભાઈ વારસ વગરનો હોય, મરતો હોય ત્યારે દસ્તાવેજ ઊભો કરે. બાઈ–ભાઈને ભાન પણ ન હોય, તેનો અંગૂઠો શાહીમાં બોળાવી વીલ કરાવે. સદુપયોગ ભાવ ચીજ છે. આને ધર્મ ન ગણો! પાપને પાપ રૂપ માનો! ધર્મના બ્હાને પાપ કરવામાં આવે તેને મૂઢ ન કહેતાં અત્યન્ત મૂઢમતિ કહેવાય. 'કરશે પાપ માનશે ધર્મ' તેને અંગે રાજી થઈ અનુમોદન કરશે. કાકી પાસે કાળું કરાવ્યું, ભત્રીજા લડવા આવે, વીલ વંચાવી દે તો ભત્રીજાનું કંઈ પણ ન ચાલે, કાકી જાણતી યે નથી, તેમ પ્રશ્ન અંગત સ્વાર્થનો પણ નથી, ધર્મ ચોરીપાટ વહાણો ચલાવવા માટે પણ નથી, જુઠી સાક્ષી પુરવા માટે યે નથી—'તારી સાક્ષી તો પુરું પણ જો પાંજરાપોળમાં ૧૦૦ રૂા. આપે તો આમ કરું,' ધર્મના બ્હાને પાપ કરનારા અત્યંત મૂઢ મતિવાળા છે.

જૈનશાસનમાં એક વસ્તુ ચોક્કસ રાખી કહે છે કે હિંસામાં નહિ માનો, ધર્મના બ્હાને હિંસામાં નહિ ઉતરો. અન્યમતિઓ જાનવરને હોમવાને બ્હાને આટલા જાનવર માર, સ્વર્ગ મળશે, એમ કહી ધર્મનાં બ્હાને પાપમાં પ્રવૃત્તિ કરાવશે. કૂવાઓ ખણાવશે, તળાવો ખણાવશે, અન્ય મતના ધર્મગુરુઓ કૂવા તળાવની ટીપો લઈ ફરશે અને 'મારી જિંદગીમાં મેં એક ધર્મનું કાર્ય કર્યું'' એમ વિચારી જિંદગી સફળ માનશે. માંસ ખવડાવે તો ધર્મ ગણવો કે નહિ? ગીધડો ધરાય છે તો કસાઈને ધર્મ ખરો કે નહિ? માટે વ્યવહારને વ્યવહાર રૂપ ગણો પણ ધર્મરૂપ ન ગણો. ધર્મનું રૂપક અપાય તે પાપ છે. સાધુ તો મૌન રહે, કહે કે દુનિયાદારીથી તું જાણે.

**भूयभविस्सत्थेसु य विन्नाणं देवयावयारो वा ।**
**विज्जा सिद्धी य वरा बाहुल्लेणं न होहिंति ॥ ८ ॥**

મનુષ્યની પ્રવૃત્તિની ઉથલપાથલને અંગે જણાવ્યું. એ બધા યે સામાન્ય પ્રવૃત્તિમાં રહેલાને અંગે જણાવ્યું. સાધકો જણાવ્યા પછી સિદ્ધિની સ્થિતિ ચોથામાં હતી, પાંચમામાં કયું આંતરૂં છે? ઘણા ભાગે આ ચીજ બનશે જ નહિ.

કઈ ચીજ? ભૂતકાળના અને ભવિષ્યકાળના અર્થોનું જ્ઞાન. લડાઈમાં જોષીનાં ટીપણાં તળાવમાં ધોવાઈ ગયાં. ૧૩ની સાલમાં કોઈએ લડાઈનું નામ પણ લખ્યું નથી આવા ગ્રહ ભેળા થયા છે, એમ લડાઈ શરૂ થયા પછી બધાયે કહ્યું છે. ૧૮-૧૯ની સાલ પછી ફલાણે મહિને આમ ફલાણે મહિને આમ થશે, એમ ચાલ્યા કરે છે, વર્તારાઓ મોટા મોટાએ કાઢ્યા. તિલકની ને ગાંધીની બાબતમાં, લડાઈની બાબતમાં વર્તારો કાઢ્યો, એકે સાચા ન પડ્યા. મૂર્ખા મળે ત્યાં બંદા શું કરવા ચૂકે? ભૂત-ભવિષ્યના અર્થોનું જ્ઞાન ઘણે ભાગે નહિ, કોઈક ને જ થાય.

## દેવતા સિદ્ધ થાય તો ધર્મનાં કાર્યો કેટલાં થાય?

દેવતાનું આવવું થવાનું નહિ, દેવતાને પ્રમત્ત દશા છે, માટે વિષયમાં જ પ્રવર્તે. છ કાયનો કુટો છોડીને નીકળેલા અણગારો ક્યાં ઊંઘી ગયા? અણગારો જાગ્યા હોત તો બસ છે. સિદ્ધાચલ બંધ થવાનો હતો ત્યારે બધા એકઠા કેમ ન થયા? **તીર્થને અંગે સંપ નહિ**

**કરે તો સાધુ બીજું શું કરશે ?** કુસંપ કરી શું કરશો ? અરીસો તૈયાર કરી નાકકટ્ટાના હાથમાં આપવાનો? દેવતા તમને તીર્થ સ્વાધીન કરી આપે પછી સ્વાધીન તો તમને જ કરવાનો. એ તો ચોક્કસ છે કે 'નિર્માલ્યના હાથમાં આવેલો નેકલેસ–મોતીનો હાર નિર્માલ્યનું નખોદ વાળે.' જો દેવતા સિદ્ધ હોય તો ધર્મનું એક કાર્ય ન થાય પણ કર્મના ક્રોડો કામ થાય. ધર્મના માટે કષાય કરવાની મનાઇ છે, પણ ધર્મની કિંમત હોય તેનાથી રહેવાય નહિ. **માનું અડપલું કર્યું** હોય, તો મા બેટાને જવા દે–કહે, **પણ દીકરાથી રહેવાય નહિ. ધર્મની કિંમત હોય તેનાથી ઝળકયા વગર રહેવાય નહિ.** શિવજી લાલનને સંઘ બહાર મૂકયા, અમુક સાધુઓએ નિર્દોષ જાહેર કર્યા. મને પૂછયું નહિ? તારા સરખા ભાડૂતને પૂછવાનું ? તે વખતે ચેલેંજ તેં કેમ ન કરી ? તારા મતે જ તું શાસનનો ભાડૂત છે.

માથામાં ટીપણું ઘાલી આવ્યો તો બાઇઓ તો બેઠી જ છે, ખ્યાલ રાખવાની જરૂર છે કે ભૂત–ભવિષ્યના જ્ઞાનથી જો દોરવાયા છો તો ખત્તા ખાશો. કોઈ આબુના, તો કોઈ ઠાણાના ભવિષ્યવાદી થાય છે, પેલો કહે :મારે અંબાજી હાજર થાય છે. તો કોઇ કહેઃ મને ચક્રેશ્વરી હાજર થાય છે. પણ દેવતાનું આવવું ઘણે ભાગે થવાનું જ નહિ. ભલે દેવતા ન આવે, પણ વિદ્યા તો હશેને? એવી વિદ્યા પણ ઘણે ભાગે થવાની નહિ. ફલાણા મહારાજ વચન સિદ્ધિવાળા છે. તો તે ધૂતી ખાનારા છે. વિદ્યાસિદ્ધિ, દેવતા સાક્ષાત્ ન આવે, ભૂત ભવિષ્યનું જ્ઞાન ન હોય, પણ માંહોમાંહે પ્રીતિવાળા હોય, તે સાક્ષાત્ ન આવે પણ વરદાન તો આપે ને ? દેવતાના વરદાન પણ ઘણે ભાગે નહિ હોય. હવે સાધુ આચારમાં વર્તશે કેવી રીતે? શાસન ૨૫ હજાર વર્ષ રહેવાનું તે શાસનમાં વર્તવાવાળા કઈ સ્થિતિએ વર્તશે ? તે સ્થિતિ તેમ જ સૂર્ય–ચંદ્ર, ધરતી વગેરેને અંગેનો અધિકાર અગ્રે વર્તમાન..........

卐

# દિવાળી પર્વ વ્યાખ્યાન-૩

સં. ૧૯૯૧ આસો વદિ અમાવાસ્યા, પાલીતાણા.

उम्मग्गदेसणमग्गनासणावंचणाभिरयचित्ता ।
गुरुणोऽवि जहिच्छाए धम्मायारं चरिस्संति ॥१॥

**ઉન્માર્ગની દેશના**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ગુણચંદ્રસૂરિજી ભવ્ય જીવોના ઉપકાર માટે મહાવીર ચરિત્રની અંદર યાવત્ ૧૫૦૦ તાપસોને પ્રતિબોધી મહાવીરસ્વામી પાસે શ્રીગૌતમસ્વામીજી લાવ્યા, અને ભગવાન મિથિલામાં સમોસર્યા. ત્યાં દુષમાકાળના ભાવો સંબંધી શ્રી ગૌતમસ્વામીજીએ પ્રશ્ન કર્યો કે દુષમાકાળ સંબંધી વૃત્તાંત સાંભળવાની મારી જિજ્ઞાસા છે. તેને તૃપ્ત કરવાને અંગે ભગવાને જે વૃત્તાંત કહેવાનું શરૂ કર્યું, તેમાં સાધુ, પાખંડી, સામાન્ય લોકો, રાજા, કુટુંબીઓની અને મૂઢમતિની સ્થિતિ ગણાવી. ભૂત અને ભવિષ્યકાળના વૃત્તાંતની સામાન્ય સ્થિતિ જણાવ્યા પછી, દુષમા કાળમાં ગુરુ કેવી સ્થિતિમાં હશે?

સમ્યક્ત્વ પામે ત્યાર પછીથી માર્ગ વિરુદ્ધ પ્રરૂપણા પાલવે નહીં. 'इत्थंपि इहयंपि' નો વિકાર કેટલો થયો? નિન્હવોનો અધિકાર સાંભળીએ છીએ કે એક વિરુદ્ધ વચનમાં છેડો ક્યાં આવે છે? સમ્યક્ત્વવાળાને પ્રરૂપણામાં એકરૂપતા હોય, તેમાં ભેદ ન પાલવે. રાજ્યમાં વફાદારીની ન્યૂનતા ન પાલવે, તેમ આ શાસનમાં પ્રરૂપણાનો ભેદ ન પાલવે. દુષમાકાળ પ્રભાવ ક્યાં નાખશે? ઉન્માર્ગની દેશનામાં.

**ચૈત્યવાસીની કુયુક્તિ.**

ઉન્માર્ગ દેશના એટલે જિનેશ્વર ભગવાનનો માર્ગ છે તેનાથી વિરુદ્ધ દેશના. દુષમાકાળમાં જીવો પ્રમાદી થાય તેમાં નવાઈનથી. પણ પોતે પ્રમાદથી આચરે, તેને માર્ગરૂપ બનાવી દે. તેને જ માટે ભગવાન સુધર્માસ્વામીએ આચારાંગસૂત્રમાં શિથિલાચારી શિથિલ આચાર કરે, એટલું જ નહીં પણ તેને મુખ્યમાર્ગ બતાવવાની ઉદ્ઘોષણા કરે. ચૈત્યવાસીઓએ ચૈત્યવાસ પ્રસાદથી ચલાવ્યો, પણ એ ચૈત્યમાં વાસ કરવો ઉચિત નથી. જેની જે બાજુ બુદ્ધિ થાય તેને તે તરફ યુક્તિ ખેંચી જાય. તેથી જ નીતિકારો કહે છે કે–

**आग्रही बत निनीषति युक्तिं तत्र, यत्र, मतिरस्य निविष्टा ॥**
**पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥**

આગ્રહવાળો યુક્તિને બુદ્ધિ તરફ ખેંચી જાય છે, ખોટો મત હોય તો પણ દુનિયા યુક્તિને અંગે માનવા તૈયાર થાય છે, તેથી યુક્તિને ત્યાં લઈ જાય છે, જ્યાં પોતાની બુદ્ધિ–ઈચ્છા–મતલબ હોય ત્યાં યુક્તિ લઈ જાય છે, હવે પક્ષપાત વગરનો હોય તે તો મધ્યસ્થ હોય, તે પોતાની બુદ્ધિ ગતિ કરવાવાળો ન હોય. આગ્રહવાળાને યુક્તિ ગતિ હોય, પક્ષપાત રહિતને યુક્તિ હોય ત્યાં બુદ્ધિ લઇ જાય, એટલે બુદ્ધિમાં ગતિ હોય એમ ચૈત્યવાસીઓ જુલ્મી વર્તાવ કરવા નીકળ્યા.

ભગવાનને અંગે સમોસરણ થતું હતું, તેમાં સાધુને રહેવામાં, બેસવાનો, ભોગવટો કરવાનું કોઈ જાતનું દૂષણ ન હતું. સકળસંઘને અંગે થયેલું હોય ત્યાં યાવન્ત્યદૂષણ એટલે ગૃહસ્થ કે સાધુ કોઈ પણ અર્થી માટે તૈયાર થયેલું હોય તે દૂષણ લાગે, પણ ભગવાનને અંગે થયેલામાં દૂષણ નથી. સમવસરણ ભગવાનની ભક્તિને અંગે ઊભું થયું છે. ભગવાન માટે તૈયાર થયું તો ભગવાન કેમ વાપરે ? તો કે ભગવાન ક્ષીણમોહી છે, તેથી ખુદ જિનેશ્વર મહારાજ માટે હોય તે સાધુને અંગે આધાકર્મી નથી, તો બીજી વસ્તિમાં રહેવું તે કરતાં જિનમંદિરમાં રહેવાથી કોઈ જાતનું દૂષણ નથી. વનવાસ વસ્તિવાસ છોડાયો અને મંદિરવાસ કર્યો, તેના બચાવમાં આધાકર્મીની વાત આગળ કરી.

જિનમંદિરમાં દેવવંદનથી વધારે ટાઇમ સાધુ રહે તો આશાતના લાગે, તે શબ્દ આગળ ન કરતાં તેણે યુક્તિ આગળ કરી, તીર્થંકરની આશાતનાનો ખ્યાલ ન કર્યો. પછી માસકલ્પ વિહાર કરવો, નિયમિત-વિહાર કરવો તે ઉઠાવવો પડયો, પછી આખી પંચાતમાં પડયા. ગીતાજીને બદલે ઘેટાજી લાવે તેમ તેનો બધો ખટલો વધાર્યો. દુષમાએ મુખ્યતાએ બકુશ કુશીલ ચારિત્રમાં પ્રમાદના પોટલા હોય, તેમાં પ્રરૂપણા ચોકખી થવી મુશ્કેલ છે, તેથી વિહારમાં ઢીલો હોય. સાધુપણામાં ઢીલો હોય પણ પ્રરૂપણા સીધી હોય તોપણ બોધિ સુલભ કરે, અસંખ્યાત ભવનાં કર્મ તોડે જો શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરે તો.

**કમલપ્રભાચાર્યની ઉન્માર્ગપ્રરૂપણાથી સંસારમાં રખડપટ્ટી**

કમલપ્રભાચાર્ય સ્ત્રીના આકસ્મિક થએલા સંઘટ્ટાના બચાવમાં

'જૈનશાસન સ્યાદ્વાદ છે' આટલો જ શબ્દ વાપર્યો હતો, છતાં કમલપ્રભાચાર્યે 'સ્યાદ્વાદ' શબ્દ સ્વબચાવમાં વાપરવાથી તેના પ્રતાપે ૮૦ ચોવીસી સુધી તેમને દુઃખમય રીતે સંસારમાં રખડપટ્ટી કરવી પડશે. તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું તેવો જબ્બરદસ્ત આત્મા પોતાના પ્રમાદના બચાવમાં ઉતર્યો, તેમાં શબ્દ તો ફક્ત 'સ્યાદ્વાદ' જ કહ્યો છે. સ્વાર્થ સિદ્ધ કરવામાં સ્યાદ્વાદ શબ્દ આગળ કરીએ તો ખોટી-ઉલટી પ્રરૂપણા છે. અયોગ્ય સ્થિતિએ એ શબ્દ શિખરે ચડાવાય તો ધાણ વળી જાય, તે માટે કમલપ્રભાચાર્યનુ દૃષ્ટાંત ધ્યાનમાં રાખવા જેવું છે. આપણે કામ પડે તો આપણું કામ કાઢવા સ્યાદ્વાદ તરત સંભારી દઈએ. પોતાનું કામ કાઢવા 'સ્યાદ્વાદ' શબ્દ શિખરે ચડાવે તેનું શું થાય? આજથી ૮૦ મી ચોવીશી પહેલાં થયા છે, અને આવતી ચોવીશીમાં મોક્ષે જશે. આ સ્થિતિ વિચારીશું તો આજકાલ પોતાની ખોટી પ્રવૃત્તિ થાપવા માટે જેઓ મથે છે તેનું શું થાય? એનો શો અર્થ થાય? મહારાજ, આમ કેમ? શાસ્ત્રમાં આમ છે. પોતાનો પ્રમાદ ન છૂપાવો, સીધી આજ્ઞા જણાવો. પોતે જે રસ્તે જાય તે રસ્તો પોષવા માટે અનર્થો જોયા વગર પ્રરૂપણા થાય તે ઉન્માર્ગદેશના. સમ્યગ્દર્શનાદિ મોક્ષ મેળવી દેનારો માર્ગ તેથી વિરુદ્ધ સંસારમાં રખડાવનારો માર્ગ.

**પોતાના પ્રમાદને શાસ્ત્રની છાપ ન મારો!**

સાધુથી રાત્રે જવાય તે વાત સાચી. લાંબી અટવી ઉલ્લંઘન કરવાની હોય, મોટા સાર્થ સાથે જતા હોઈએ, સાર્થ રાત્રે નીકળી પડે તેમ હોય, ભયાનક જંગલ ઓળંગવાનું હોય, તે વખતની વાત હોય તો વસ્તુ જુદી, પણ આ તો તળેટી, ધર્મશાળાની વચ્ચે જંગલ માની લો, સવારના વહેલા નીકળી પડો, એ રાત્રિવિહારની છૂટ આગળ કરો તે વ્યાજબી નથી. તળાટીએ જવા માટે રાતના ન નીકળાય, તેથી આ દૃષ્ટાંત દઉં છું. બાકી દરેકમાં પ્રમાદની જગ્યાએ શાસ્ત્રકારની છાપ ન મારો, દુષમાકાળની સ્થિતિ કે પોતાના પ્રમાદને શાસ્ત્રની છાપ મારી દો છો.

**ઉન્માર્ગ દેશના સાથે શુદ્ધ માર્ગનું ખંડન કરશે**

ક્રોધ કરે પછી કોઈ કહે કે દયા કયાં રહી? ચક્રવર્તિની સેના ચૂરે તોપણ દયા ન જાય. પણ એ સ્થિતિ ક્યારે? તમે સ્વાર્થને અંગે કષાય કરો, અને તે પુલાકલબ્ધિમાં ગોઠવો તે ખરાબ છે. ઉન્માર્ગની

દેશના થવાથી જો કે માર્ગનો નાશ થયો ગણાય, છતાં કેટલાક એવી સ્થિતિમાં ગુરુ થશે કે ઉન્માર્ગદેશના કરે અને માર્ગ દૂષિત કરે. ચૈત્યવાસી ચૈત્યવાસ પોષીને બેસી ન રહે, પણ વનવાસનું ખંડન કરે. સન્માર્ગનો નાશ કરે અને ઉન્માર્ગનું પોષણ કરે. જિનેશ્વરની પૂજાને પૂરા નથી પાડી શકયા. મારી કંજૂસાઈ, ઉદારતાની ખામી છે. એક પણ દીવો ઉઘાડો કેમ રહે? પણ દીવાને જોવા જશો તો ફૂલ પણ નહિ ચડાવાય. હિંસા તરફ ધ્યાન રાખશો તો પાણી પણ નહિ વપરાય, વિધિએ કરાતી પૂજા તેમાં પાણી ફૂલ વપરાય તેને આગળ લવાય છે મહાનુભાવ! જે મનુષ્યને માર્ગ ઉપર ધ્યાન રાખવું નથી અને બોલવું છે તેને જીભ છૂટી જ છે. ઉન્માર્ગની દેશના શરૂ થાય ત્યાં માર્ગ રહેવો મુશ્કેલ પડે. માર્ગનો નાશ થાય જ. આમ છતાં પણ હજુ શાસ્ત્રકાર કહે છે કે બચવાનું સ્થાન છે. ચમકશો નહિ! વાત લક્ષમાં ઉતારશો વિપરીત પદાર્થની પ્રરૂપણા કરે, સત્ય પદાર્થ ન માને, સત્ય પદાર્થનું ખંડન કરે. આટલી સ્થિતિ છતાં સમ્યક્ત્વ રહે, તે કયારે રહે? શાસ્ત્રકાર તે વાત કહે છે.

**सम्मद्दिट्ठि जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ ।**
**सद्दहइ असब्भावं, अणभोगा गुरुनिओगा वा ॥**

॥उत्तरा० नि र्यु० गा. १६५॥

અર્થ :–સમકિતદૃષ્ટિ આત્મા ઉપદેશથી મેળવેલ શાસ્ત્રના અર્થને યથાર્થસ્વરૂપ માને, અને તેમાં અનાભોગ–અનુપયોગથી કે ગુરુ પરતંત્રતાથી અસત્ય પદાર્થને સત્યસ્વરૂપે સદ્દહણા કરે તેટલા માત્રથી મિથ્યાત્વી ન કહેવાય.

### અજ્ઞાન અને અનુપયોગનો ફરક

જીવ સમકિતિ હોય, જિનેશ્વર મહારાજના જ સિદ્ધાંતને માનનારો હોય, શુદ્ધ દેવાદિને માનનારો હોય, તેને શાસ્ત્ર જણાવી જે અર્થ કહેવામાં આવે તેની બરાબર શ્રદ્ધા થઈ જાય, સમ્યગ્દૃષ્ટિ શાસ્ત્રકારોએ કહેલાં વચનો ઉપર શ્રદ્ધા કરે, તેમાં બે મત નથી, પણ અસદ્ભાવ–ખોટા પદાર્થની શ્રદ્ધા થઈ જાય, ઉપયોગની ખામીથી પ્રથમ નરકમાં ત્રણ સાગરોપમનું આયુષ્ય કોઈને ધ્યાનમાં રહ્યું પણ એક સાગરોપમ ખોટી વાત છે, ત્રણ સાગરોપમ છે, એમ એકની વાતને ખોટી કહેવા લાગ્યો,

પણ એને હજુ શાસ્ત્રમાંથી કાઢી બતાવો. એક લખ્યું છે, તો મિચ્છામિ દુક્કડં દે છે. હવે મિથ્યાત્વી માનવો ? ઉન્માર્ગની દેશના માર્ગ ખંડન કરે છે. છતાં અણાભોગથી અનુપયોગથી જૂઠાની શ્રદ્ધા થાય તેટલા માત્રથી મિથ્યાત્વ કહી શકાય નહિ. ચોખ્ખા શબ્દમાં કહ્યું.

અનુપયોગ અને અજ્ઞાનમાં ફરક શો ?

અજ્ઞાનમાં જાણ્યું ન હોય અને અનુપયોગમાં પ્રથમ જાણ્યું હોય, પછી ભૂલી ગયો હોય. અજ્ઞાનમાં બોલવાનો હક્ક નથી, અનાભોગ કરતાં પણ અજ્ઞાન વધારે ખરાબ છે. અજ્ઞાન હોય ત્યાં બોલવાનો હક્ક નથી, પણ સમ્યગ્દૃષ્ટિ હોય, શાસ્ત્ર માનતો હોય, શાસ્ત્રની વાત સત્ય માનતો હોય, તે અનુપયોગમાં જાય તો ?

આનંદશ્રાવકે પોતાના અવધિજ્ઞાનથી જણાવ્યું, શ્રી ગૌતમસ્વામિજીએ તેને ખોટું કહ્યું, તો શ્રી ગૌતમસ્વામિજીએ ખોટાનો મિચ્છામિ દુક્કડં દીધો, તો તેમને શામાં મૂકવાં ? આનંદને કહ્યું, તારું જુઠ્ઠું છે, માફી માગ.' પણ આનંદનું સર્વાંશે સાચું હતું, ત્યાં ગૌતમ સ્વામિજીને મિચ્છામિ દુક્કડં દેવો પડયો. તો અનુપયોગે સાચાથી જૂઠ્ઠું કહેવાઇ જાય, ત્યાં સુધી મિથ્યાત્વની છાપ આપી શકાય નહિ.

આ ઉપરથી આપણા મુખમાં મિથ્યાત્વ શબ્દ બહુ ભરેલો હોય છે, લગીર આવ્યું કે મિથ્યાત્વી, પણ તે છાપ દેતાં બહુ વિચારવાનું છે, ભવ્ય અભવ્યની છાપ દેવાની તાકાત સર્વજ્ઞની છે, તો મિથ્યાત્વની કે સમ્યક્ત્વની છાપ આપણાથી કેમ અપાય ? અવધિજ્ઞાનવાળા, ભક્તિમાં લીન એવા ઇન્દ્રો પણ પોતાના આત્માના નિર્ણય માટે ભગવાન પાસે આવી છે પૂછે. આત્માની પરિણતિ અવધિજ્ઞાનથી ન જણાય. આપણા અધ્યવસાયનો આપણે નિર્ણય કરાવાની તાકાતવાળા નથી, મિથ્યાત્વની છાપ મારવી તે આત્માને ભારે પડનારી ચીજ છે.

આનંદશ્રાવક તમારા જેવા ન થયા કે જેથી શ્રી ગૌતમસ્વામિજીને મિથ્યાત્વી વગેરે બિરૂદ ન આપ્યાં. પોતે જે પ્રત્યક્ષ જોયું તેની શ્રી ગૌતમસ્વામિજી ના પાડે છે. તે વખતે આનંદ શ્રાવકનો પારો કેટલો ચડવો જોઈએ ? કદાચ કહેશો કે આ હકીકતની તકરાર છે, પણ હકીકતની તકરાર નથી. ગૃહસ્થને થાય જ નહિ; એમ શ્રી ગૌતમ સ્વામિજીએ કહ્યું. મુદ્દાની તકરાર થઈ, તેને નથી થયું એમ નથી કહ્યું, ગૃહસ્થની જાતને તેટલું જ્ઞાન ન થાય, શ્રાવકને આવું અવધિજ્ઞાન

થાય જ નહિ, હકીકતથી મુદ્દાથી વિરૂદ્ધ પડ્યા, તે વખતે કઈ સ્થિતિમાં? જો આ વાત ધ્યાનમાં રાખશું કે અણાભોગથી, અનુપયોગથી, અસદ્ભાવથી, અપદાર્થની શ્રદ્ધા થઈ જાય તો સમ્યક્ત્વ ગયું ન ગણાય.

ગુરુના નિયોગથી જે વખતે જે સૂત્રો વિદ્યમાન નથી, પરંપરાએ કોઈ વાત આવી. પૂર્વમાંથી શ્રી હરિભદ્રસૂરીજીએ સ્તવ પરીજ્ઞા જ્ઞાનપરીજ્ઞા ઉદ્ધરી. તેની વ્યાખ્યા કરતાં સ્તવપરીજ્ઞા જ્ઞાનપરીજ્ઞામાં ફરક હોય તો, આપણી માન્યતા ખોટી થઈ કે નહિ? પુસ્તક કોઈ લહિયાએ અવળારૂપે લખ્યું તે રહ્યું, ને બીજા પુસ્તકોનો નાશ થયો. તો બધા તે માનનારા મિથ્યાત્વી ગણવાને? સાચું મળવાનો માર્ગ ન રહ્યો અને ગુરુપરંપરાએ અવળું આવી જાય, તેટલાથી મિથ્યાત્વી થઈ જાય નહિ.

**લાખ મનુષ્યના વચન કરતાં એક શાસ્ત્રવચન બળવાન છે.**

સમ્યગ્દૃષ્ટિ વચનનો ઉદ્દેશ દેખે ત્યાં જરૂર શ્રદ્ધા કરે. શાસ્ત્રનાં વચનો નીકળે ત્યાં લાખ મનુષ્ય આમ કહે છે, ત્યાં લાખના વચનને સ્થાન નહિ પણ શાસ્ત્રલખાણ કહે તે ખરૂં, પણ જે જગ્યાએ અનુપયોગ હોય; અગર પ્રવચન-ઉપદેશ ન હોય, તેવામાં ગુરુપરંપરાનાં વચન આવે તેમાં અસદ્ભાવની શ્રદ્ધા થઈ જાય. અનુપયોગથી કે ગુરુ નિયોગથી અસદ્ પદાર્થની શ્રદ્ધા થાય તો સમ્યક્ત્વ ગયું ગણાય નહિ, કારણ અંદર કુટીલતા નથી, તેથી બચાવ થઈ ગયો, પણ દુષમાકાળમાં ઉન્માર્ગની દેશનામાં, માર્ગનો નાશ કરવામાં પ્રથમ નંબર અને ઠગવામાં જ રાત દહાડો તૈયાર. માર્ગ શું કહે છે એ સ્થિતિ વિચારતો નથી.

ત્રણ વાતો ડગલે ને પગલે આગળ આવશે: ૧ ઉન્માર્ગની પ્રરૂપણા, ૨ માર્ગ નાશ અને ૩ ઠગારાપણું. મારે કંઈ લુચ્ચાઈ કરી તેની પાસેથી લેવાનું છે? પણ બીજા તરફનો રાગ ખસેડી આપણી તરફ રાગ ભક્તિ કરવી તે ઠગારાપણું છે. આ સ્થિતિ માટે જે કંઈ કહેવાય તે માટે શાસ્ત્રકાર 'મૃષાવાદ' કહે છે. વિરુદ્ધમાર્ગ પ્રરૂપણા હોય તો પણ તેનું નામ 'મૃષાવાદ' છે. જ્યારે અધ્યાત્મભાષા ક્રોધ નિશ્રિત વચન સાચું બોલે તો પણ જૂઠું અભિમાનમાં, માયામાં, લોભમાં ઉતરી સાચું બોલે તો પણ જૂઠ્ઠું છે.

**ગુરુ પર પણ કાળની અસર**

શાસ્ત્રકારોએ કહ્યું કે 'વિચારી લો કે તારું વચન ક્રોધ-માન માયા-લોભથી લીંપાયેલું તો નથી ને? ક્રોધાદિકનો જે લેપ લાગ્યો

હોય તે ખસેડ, પછી બોલ, તે ન ખસેડે તો સત્ય છતાં અસત્ય છે. જે મહાવ્રતની પાંચ ભાવનામાં ક્રોધ–લોભ–ભય–હાસ્ય ટાળવાના રાખ્યા એથી દૂર હોય તો સત્યવ્રતમાં આવી શકીશ. દ્રવ્યથી સત્ય હોય તો પણ ભાવથી સાચું નથી. ક્રોધ–લોભ–ભય હાસ્યને ઉદ્દેશીને બોલાયું હોય તો તે દ્રવ્યથી સાચું, ભાવથી સાચું નથી. લેવાની બુદ્ધિએ જ્યાં લથડીયાં મારીશ, ત્યાં તારું ખોઈશ. તેથી દુષમાકાળમાં ગુરુઓ પણ એટલે કે સાધુપણામાં જે રહ્યા તેવા પણ ઉન્માર્ગની દેશના, દેશના માર્ગનો નાશ અને ઠગાઈ કરશે. ગુરુ સિવાયના શિથિલોની વાત દૂર રહી.

એ ત્રણુનો હજુ ઉદ્ધાર થાય, પણ મનસ્વીપણું ન હોય તો શાસ્ત્ર–સાપેક્ષ રહેલો હજુ બચી શકે, પણ દુષમાકાળના ગુરુઓ પોતાની મરજી મુજબ મગજમાં ફાંકો આવ્યો તે થવું જ જોઈએ. એ લોકો ઉન્માર્ગની દેશના કરે ત્યાં શું બાકી રહે? શિથિલતા આચરે છે છતાં બચાવ છે. પોતાની શિથિલતા અધર્મ છે એમ જાહેર કરે તો બચાવ છે. શ્રાવકો આરંભ–પરિગ્રહ–વિષય–કષાયનો ધંધો કરે, શ્રાવક માર્ગથી દૂર રહે છે 'કોઈકનું પડે ને મને જડે' એ બુદ્ધિ રાખે. પણ 'तं निंदे तं च गरिहामि' એમ બોલે છે. પ્રરૂપણા તો ૪થે ૧૩ સુધી એક સરખી હોય. શ્રાવકો પ્રરૂપણા તો પોતે ગમે તેમ આચરે છતાં માર્ગની જ કરે, ધર્માચારને બતાવે. આ શાસનની સ્થિતિ બતાવી. હવે જગતની સ્થિતિ બતાવે છે.

## સૂર્યનો સખત તાપ, અનિયમિત વરસાદ અને રોગોનો ઉપદ્રવ

> तविहिंति खरं रविणो, नो वरिसिस्संति समुचियं मेहा ।
> रोगायंकाकारी य, विहविस्संति जणनिवहं ॥ १० ॥

સર્વઋતુનો આધાર સૂર્યના કિરણો ઉપર. સૂર્ય પણ સખ્ત તાપ કરનારા થશે, જેટલું તપે તેટલું જ ઢળે, જેટલા પ્રમાણમાં તીવ્ર તાપ થાય, તેટલા પ્રમાણનાં વૃષ્ટિ હોય, પણ તેટલી વૃષ્ટિ વરસશે નહિ. સમુચિત નહિ વરસે. તપાવે અહીં ને વરસાવે દરિયામાં. વરસે એવે વખતે કે અનાજ પાકીને તૈયાર થયું હોય વખતે ધોઈ નાખવા વરસે. અનાજમાં દૂધ થવા વખતે વરસે નહિ. અગવડ ઉદ્યમને ઊભો કરે છે. વરસાદની પૂરી સ્થિતિ ન હોય ત્યાં કૂવા, તળાવ, નહેર ઉપર આધાર રાખે છે. મેવાડને આધાર નહેર ઉપર છે. વરસાદ આવે તે વખતે પાણી ભરી લે, ગાઉ ગાઉના તળાવો ભરી રાખે. જયસમુદ્ર–સરોવરોને સાગર નામ આપેલાં છે. પર્વતના ભાગો ભરી દીધા છે. અગવડ ન હોત તો ઉદ્યમ ન કરત. રોગ

આતંક થયો ને ઝટ તરત જીવનો અંત લાવે. રોગ લાંબો કાળ ચાલે, આતંક જલ્દી જીવનો નાશ કરે, તે ઘર ઘાલે તેમ તેની દવા દાકતરખર્ચ વધારે થશે. મારી, મરકીઓ કે જેના ઉપાય કરવાનો વખત જ નહિ, તે મનુષ્યના સમુદાયને ઉપદ્રવ કરી ખલાસ કરશે.

उस्सिंखलखलजणहीलणाहिं, अणिमित्तऽणत्थघडणाहिं ।
पाविस्सइ खणमेत्तंपि, नेव सोक्खं विसिट्ठजणो ॥ ११॥

દુષ્કાળ પડે ત્યારે મનુષ્યને પંચાત હોય, ગીધડાને પંચાત ન હોય. ગીધડાને તો વધારે મરે તો વધારે ખાવાનું મળે. તેમ સારા મનુષ્યો દુષમાકાળમાં ક્ષણ પણ સુખ નહિ પામે. ઉચ્છૃંખલ એટલે સાંકળ તોડીને નીકળેલો હાથી ઉચ્છૃંખલ કહેવાય, તેમ મર્યાદા છોડનારા લોકો ઉછૃંખલ કહેવાય. ખલ એટલે લુચ્ચા, સાંકળમાં નહિ, તેવાઓ આખો દહાડો કુથલી કરશે. બકીને બેસી નહિ રહે, પણ અનર્થ ઉત્પન્ન કરવા, ઉપતાપના રસ્તા કરવા, પીડાઓ કરે. પ્રમાદમાં આપણે આવીએ તો પીડા કરે જ ને? અનર્થની ઘટના આપણા માટે શા માટે કરે? અનિમિત્તે પીડા કરે, ખલ પુરુષો વગર કારણે અનર્થકારી વર્તનો કરે તેને લઈને શ્રેષ્ઠ પુરુષોને ક્ષણમાત્ર સુખ નહિ મળે.

वाससहस्सा इह एक्कवीसइं जाव दोसपरिहीणं ।
दुप्पसहंतं चरणं, पवित्तिहि भरहखेत्तंमि ॥ १२ ॥

મારવાડનો પ્રદેશ નિર્જળ કહેવાય. સારૂં ઝાડ ન ઉગે છતાં કૂવામાં ઊંડી પણ પાણીની સેર વહે. મારવાડમાં સેર નથી હોતી તેમ સમજે તો ભૂલ થાય છે. તેમજ રસાળ જમીનો નથી, તેમ કહો તો કામ ન લાગે. તેમ ગુરુની આવી સ્થિતિ દેખી શાસન નથી, એમ કહે તો ચાલે નહિ, પણ ૨૧ હજાર વરસ સુધી દુપ્પહસૂરિ સુધી ભાવચરિત્ર રહેશે. તેમ જૈનશાસન ત્યાં સુધી રહેવાનું છે. ઉપર જણાવેલ દોષો, આ જ ભરતક્ષેત્રમાં દોષહીન ચારિત્ર શ્રીદુપ્પહસૂરિજી સુધી સંપૂર્ણપણે રહેવાનું. આમ પાંચમા આરાની સ્થિતિ જણાવી. આવો પંચમઆરો અનેક દુઃખ સ્વરૂપ હોવા છતાં પણ ભગવાનનું શાસન તે પાંચમા આરાના છેડા સુધી જયવંતુ વર્તશે. શાસનના છેડા સુધી નજીક મોક્ષગામી આત્માઓ હશે. જે શાસનની આજ્ઞા આરાધી ત્રીજે ભવે મોક્ષે જશે. તો આપણે પણ સંસારનું દુષમાકાળનું સ્વરૂપ સમજી ધર્મારાધન વિશેષ પ્રકારે કરવા ઉદ્યમવંત બનવું.

## ચરમ-શાસનપતિ-શ્રી મહાવીર-દેવની

# અંતિમ-દેશના

### (દીપાલિકાપર્વ)

### જીવ સુખને ઇચ્છે છે.

पुमर्था इह चत्वारः, कामार्थौ तत्र जन्मिनाम्। अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः॥ (त्रि० प० १० स० १३ श्लो० २५)

કાલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, શ્રી-ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં ભગવાન શ્રીમહાવીરદેવની છેલ્લી દેશના જણાવતાં પુરુષાર્થોનું વર્ણન કરે છે. અંતિમદેશના કયી? પંચાવન પુણ્યવિપાકને જણાવનારાં અધ્યયનો, પંચાવન પાપવિપાકને જણાવનારાં અધ્યયનો તથા છત્રીશ નહિ પૂછાયેલા પ્રશ્નો (पच्चूसकाल समयंसिसंपलिअंकनिसण्णे पणपन्नं अज्झयणाइं कल्लाणफलविवागाइं पणपन्नं अज्झयणाइं पावफलविवागाइं छत्तीसं च अपुट्ठवागरणाइं वागरित्ता (कल्प० सू० १४७) એ છેલ્લી દેશના કે શ્રીકલિકાલસર્વજ્ઞ ભગવાન અત્રે કહે છે તે? એવી શંકાના સમાધાનમાં જાણી લેવું કે આ કહેવાય છે તે દેશના અને અધ્યયનાદિ જે કહેવાય તે નિરૂપણ, કથન વગેરે. વ્યાખ્યાન અને કથનમાં અત્યારે પણ ભેદ તો ખરો જને? સભામાં થાય તે વ્યાખ્યાન અને સામાન્યથી વગર સભાએ ભેગા થયેલાઓને કહેવાય તે કથન. તેવી રીતે ભગવાન પણ સમવસરણમાં, પરિષદમાં દે તે દેશના: તે વિના કહ્યું તે નિરૂપણ-કથન. શ્રીકલિકાલ સર્વજ્ઞ ભગવાન જે ભગવાન શ્રીમહાવીરદેવની છેલ્લી દેશના કહે છે તે માનો કે સમવસરણમાંનો ભગવાનનો છેલ્લો સંદેશો, છેલ્લો ઢંઢેરો છે.

### છેલ્લો ઢંઢેરો

એ છેલ્લો ઢંઢેરો જાહેર કરતાં પહેલાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે मुण्डे मुण्डे मतिर्भिन्ना મસ્તકે મસ્તકે જુદી જુદી મતિ હોય છે કે તેથી દરેક બાબતમાં મતભેદ હોય છે. પણ એક બાબત એવી છે કે જેમાં કોઈની મતિમાં ભેદ નથી, એમાં મતભેદ કે વિચારને અવકાશ જ નથી ચાહે તો સૂક્ષ્મ એકેન્દ્રિયનો જીવ હોય, ચાહે પંચેન્દ્રિયનો જીવ હોય, ચાહે

તો નારકીનો જીવ હોય, ચાહે તો દેવતાનો જીવ હોય પણ જીવ માત્રને ઇચ્છા સુખની છે. (**सव्वे पाणा पियाउया सुहसाया दुक्खपडिकूला अप्पियवहा पियजीविणो** जीविउकामा, आचा०, उत्त० नेमि० पृ० १२८ सव्वे त्रि०) એમાં લેશ પણ મતભેદ નથી, કોઈ જીવ દુઃખની ઇચ્છા કરતો નથી, સૌ સુખ જ વાંછે છે. દરેકના પ્રયત્ન, ધર્માધર્મ, વૃત્તિપ્રવૃત્તિ જે કહો તે સુખને જ માટે છે. સુખ મળો, ન મળો તે વાત જુદી છે પણ ઇચ્છા અને આચરણા સુખની, સુખ માટેની છે. આ એક મતિ માત્ર શબ્દમાં દૃશ્યમાન છે.

પદાર્થની વાત એટલે કે સ્વરૂપની વાત આવે ત્યાં મતિમાં ભેદો પડી જાય છે. દેશને આઝાદી મળે, આબાદી મળે એમાં તમામ નેતાઓ એક મત છે પણ આઝાદી કોને કહેવી ત્યાં મતભેદ. તે જ રીતે જીવમાત્રને સુખની ઇચ્છા છે એ વાત ભેદ વિનાની છે, પણ સુખ કોને કહેવું ત્યાં મતભેદ, કેટલાક જીવો આત્માના સ્વાભાવિક સુખને ઇચ્છે છે, જ્યારે કેટલાક જીવો પૌદ્ગલિક સુખને ઇચ્છે છે. જીવોનો એક વર્ગ પૌદ્ગલિક સુખને ઇચ્છે છે એટલે કે કામને ઇચ્છે છે. ઇંદ્રિયોનાં સુખને ઇચ્છે છે, તેને અંગે સ્વર્ગાદિ ઇચ્છે છે. જીવોનો એક વર્ગ આત્માના સુખને એટલે કે મોક્ષને ઇચ્છે છે. આ પ્રકારે ઇચ્છા જેમ ભિન્ન છે તેમ તેના રસ્તાઓ પણ ભિન્ન છે. રસ્તો જુદો તેમ તેની ગાડી પણ જૂદી, એક માર્ગની ગાડી બીજા માર્ગને કામ ન લાગે. સાધ્યના જૂદાપણાને અંગે સાધનો પણ જૂદાં જ હોય.

### અર્થ કઈ ધારણાએ પેદા કરાય છે?

મોક્ષનું સાધન ધર્મ છે, જ્યારે કામનું સાધન અર્થ છે. કદાચ કોઈ કહે કે 'અર્થને માત્ર કામનું સાધન કેમ કહો છો? ધર્મનું પણ સાધન છે કેમકે દેરાસરો, પૂજા, પ્રતિષ્ઠા, પ્રભાવના, તીર્થયાત્રા, સંઘ ભક્તિ, સ્વામિવાત્સલ્ય, ધર્મમહોત્સવો વગેરે અર્થથી જ થાય છે. અર્થથી ધર્મનાં કાર્યો થાય એ વાત ખરી, પણ અર્થ પેદા કરતી વખતે ધારણા કઈ છે? તમે શાક લેવા જાઓ છો ત્યારે દીંટાં, છોતરાં પણ સાથે જ આવે છે ને! તમે કાંઈ દીંટાં, છોતરાં લેવા ગયા નથી પણ એ સાથે આવે જ, પરંતુ મુખ્ય મુદ્દો તો શાક લેવાનો છે; તેમ અર્થ પેદા કરતી વખતે લાગણી કયી છે તે તપાસો! પૂજા, પ્રભાવનાદિની

મનોવૃત્તિ છે કે સંગ્રહની, લોભની, પરિગ્રહની તીવ્રવૃત્તિ છે. અર્થોપાર્જનની પ્રવૃત્તિ વખતે વૃત્તિ કઈ છે.

જો પોતાને દ્રવ્યની જરૂર ન હોય અને ધર્મ માટે જ કમાતા હો તો તો ધર્મ તેમ કરવાની ના કહે છે, કેમકે ધર્મ એટલે ઇચ્છાનો ત્યાગ. ધર્મ માટે પૈસા પેદા કરવા એટલે તો જાણી જોઈને કચરામાં પગ મૂકવો અને પછી પગ ધોવા બેસવું તેના જેવું છે. પૈસો શું ધર્મ સંસ્થાને આપી દેવા મેળવો છો? પૈસો કમાવાનો હેતુ ધન, ઇજ્જત, સાહ્યબી વગેરે વધારવા તથા વારસદારોને આપી જવાનો છે ને! પેદા કરેલા, સંચય કરેલા અર્થમાંથી સદુપયોગ કરી શકાય એ ખરું પણ ત્યાગના પરિણામ હોય તો દ્રવ્યનો સદુપયોગ થઈ શકે.

## ધર્મનો વારો ક્યારે રાખ્યો?

જો ત્યાગના પરિણામ ન હોય તો ત્યાંય દેવોત્તરમંદિર જેવું થાય. કલકત્તા તરફ એવો રિવાજ છે. ત્યાં દેવાલય કરાવે તો તેની આવકમાંથી કુટુંબ નભે એવું ધારણ પણ છે. દેવોત્તર એટલા માટે કે ઘરધણીને વેચવાનો કે લેણદારને ટાંચની સત્તા નહિ. આપણો મુદ્દો એ છે કે ધન ધર્મ માટે કમાવાનું નથી. ધર્મ એમ પણ કરવાની ના કહે છે.

કમાયેલા ધનમાંથી ધર્મ થઈ શકે જરૂર, પણ ઘરમાં ચૂલો સળગાવવાનું કાર્ય કાંઈ ભિખારી, માગણ વગેરે માટે થતું નથી. ચૂલો તો ઘરનાને ભોજન માટે રસોઈ કરવા સળગાવાય છે. રસોઇ થાય, ખવાય, ઢોળાતાં ફોડતાં બચે અને સૂઝે તો ભિખારીના ભાગ્યમાં સમજવું, તેમ અહીં પણ કમાવાય, ઘરના ખાનપાન મોજશોખના ખરચા કઢાય, વસ્ત્રપાત્ર, ફર્નીચર, અલંકારાદિ વસાવાય, ફેશનની ફીશીઆરીને પહોંચી વળાય અને બચે અને સૂઝે તો 'ધર્મમાં પણ આપવું પડશે ' એમ થાય, એમ થાય તો અપાય. રસોઈમાં ભિખારીનો વારો છેલ્લો રાખ્યો, તેમ અહીં પણ છેલ્લે જ રાખ્યો છે! ધર્મને અંગે વિચાર ક્યારે થાય છે? શરીર, કુટુંબ, નાત, જાત, ઇજ્જત વગેરે તમામને અંગે વિચારો પ્રથમ; સૌ છેલ્લો વિચાર ધર્મને માટેનો?

## મેડહાઉસના દરદીના બોલ્યા સામે ડોકટરો જુએ નહિ.

ધર્મ અમૂર્ત છે, મૂર્તિમાન નથી તથા મહેર ધરાવનારો છે એટલે તમે જે શબ્દો, ધર્મને અંગે દરેક પ્રસંગે વાપરો છો તે તે ખમે છે; નહિ તો તમારા શબ્દો જોતાં તો ઉંબરે અને ઘરમાં તો શું

પણ તે આંગણેય ન આવે. એ કયા શબ્દો ? 'ફુરસદ નથી!' દુનિયાના દરેક કામમાં તમને ફુરસદ મળે પછી તે ધંધાનું હોય, લગ્નનું હોય, મરણનું હોય, કોઇ સાજામાંદાને જોવાનું હોય: વ્યવસાય વધારે હોય, તો પણ ફુરસદ મેળવાય અને સામાયિકની વાત આવે, તો 'ફુરસદ નથી!' પૂજાની વાત આવેતો, 'ફુરસદ નથી!' પ્રતિક્રમણની કે દર્શનની કે કોઇપણ ધર્મકાર્યની વાત આવેતો તમે ગોખી રાખ્યું છે કે 'ફુરસદ નથી!' તમે ધર્મને ફુરસદીઓ રાખ્યો! આવો નાગો જવાબ સાંભળી ધર્મ આંગણેય આવે ખરો ?

## ફુરસદ નથી.

મહાનુભાવો! પણ ધર્મ સમજે છે કે મેડહાઉસમાંના દરદીના બોલ્યા સામે ડોકટરથી જોવાય નહિ. અને જુએ તો તે ડોકટર નહિ. ડોકટર સમજે છે કે બિચારો વાયુગ્રસ્ત છે એટલે દરદી કહે કે 'ખબરદાર ! અંદર આવવું નહિ!' તો પણ ડોકટર એની લવરીને લક્ષ્યમાં લે નહિ તેથી એની ઓરડીમાં જાય અને ઉપચાર પણ કરે.

ધર્મ પણ સમજે છે કે આ જીવો બિચારા મોહમદિરાના નશાથી છાકટા બનેલા છે તેથી આવો ભામટો જવાબ આપે છે. 'ફુરસદ નથી' એમ કોઇને કહેવાય ખરૂં ? કેટલું અપમાન! અને તમે તો વારંવાર એ જ કહો એ ધર્મનું ઓછું અપમાન ? પણ ધન્વંતરિધર્મ તમારા બકવાદને લક્ષમાં લેતો નથી. જો એ એવું લક્ષમાં લે તો જેમ પેલો દીવાનાના બકવાદને લક્ષમાં લે તો તે ડોકટર જ નહિ તેમ અહીં પણ મોહમદિરાથી ઉન્માદવશ બનેલાના પ્રજલ્પવાદને લક્ષમાં લે તો તે ધર્મ જ નહિ.

## શિક્ષકનું રાજીનામું સ્વીકારાયું.

પેલા શિક્ષકનું દૃષ્ટાંત મનનીય છે. એક કોટ્યાધિપતિ શેઠે પોતાના પુત્રને કેળવવા ઘેર એક શિક્ષક રાખ્યો. શિક્ષક માટેનો તમામ પ્રબંધ શેઠે પોતાના ખર્ચે જ કરી દીધો. રહેવાને સ્થાનમાં બંગલો આપ્યો, ખાનપાન પણ ત્યાં, વસ્ત્રાદિની ફીકર પણ શેઠને, તબિયત બગડે તો ઔષધની વ્યવસ્થા પણ ત્યાં જ: તાત્પર્ય કે શિક્ષકના જીવનને એટલું નિશ્ચિંત બનાવ્યું કે જેથી તે-પોતાના પુત્રને સારી રીતે કેળવી શકે, જેથી પોતાનો પુત્ર વાસ્તવિક કેળવણી સહેલાઇથી મેળવી શકે.

શિક્ષકની તહેનાતમાં નોકર, ચાકર, ગાડી તમામ હાજર રાખ્યું. શા માટે? પુત્રને બરોબર કેળવવા. પાંચેક વર્ષ પસાર થયાં.

એક વખતે તે છોકરાને પાનની જરૂર પડી એટલે એકાદ રૂપિયો આપી તે શિક્ષકને કહે છે: "માસ્તર! તમે જ્યારે આવો ત્યારે પાન લેતા આવજો." પેલા શિક્ષકને માઠું લાગ્યું: એને એમ થયું કે "શું આ મને નોકર સમજે છે?' તરત તેણે રાજીનામું લખી શેઠને આપ્યું. શેઠે રાજીનામું વાંચ્યું. તેમાં કારણ જણાવ્યું ન હોતું. શેઠને નવાઈ લાગી કે આટઆટલી સગવડ છતાં, પાંચે વર્ષે આજે અચાનક આ શિક્ષક રાજીનામું આપે છે એવું કયું કારણ ઊભું થયું છે?

તેણે શિક્ષકને બોલાવી કારણ પૂછયું: શિક્ષકે કારણ જણાવ્યું: શેઠે તરત જ પગાર ચૂકવી રજા દીધી. કેમકે શેઠને લાગ્યું કે 'હવે તો રહે તોય આ શિક્ષક રાખવા યોગ્ય નથી.' વાત પણ ખરી, પાંચ વર્ષમાં એ શિક્ષકે શીખવ્યું શું? 'આ શિક્ષક છે કે નોકર છે' એટલો ભેદ પણ જે ન સમજાવી શકે તે શિક્ષક કામનો શું? જેનામાં અક્કલ નથી એને અક્કલ આપવા તો શિક્ષક રખાય છે ને! એ છોકરાએ 'પાન લાવવાનું બતાવ્યું.' એ ખામી ટાળવાની ફરજ શિક્ષકની હતી. નહિ કે રાજીનામું આપવાની.

**બે કાંટા, બે ત્રાજવાં રાખે તે કેવો ગણાય?**

ધર્મ પણ સમજે છે કે, 'મારે આ જીવોને તૈયાર કરવાના છે એટલે 'ફુરસદ નથી' એવું બોલે છે એવી ફરિયાદ હોય? એ જીવો એવા છે માટે તો મારી જરૂર છે' જો દુનિયા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, રાગદ્રેષ વિનાની હોત તો તો ધર્મની જરૂર જ શી હતી?

કોર્ટમાં જવું પડે, દવાખાને જવું પડે, મરણમાં જવું પડે, ક્યાંક અકસ્માત થાય ત્યાં જવું પડે એ તમામ પ્રસંગોમાં દુકાને તાળું મારીને પણ જવાય; પણ પૂજા, વ્યાખ્યાન, સામાયિક, પૌષધ, જાત્રા વગેરેમાં 'ફુરસદ નથી' એમ કહેવાય! ધર્મને તમે ફુરસદના કાંટે રાખ્યો છે અને દુન્યવી કાર્યોને જરૂરના કાંટે રાખ્યાં છે. દુનિયામાં જે વેપારી બે જાતનાં કાટલાં, બે ત્રાજવાં રાખે તે કેવો ગણાય? પણ ધર્મ તમારી દયા ખાવા યોગ્ય હાલત સમજે છે. થોડા સમયથી ગાંડા બનેલાના બોલ્યા સામે ડોકટર ન જુએ તો અનાદિકાલથી મોહમાયાની

મદિરાથી ઉન્મત્ત બનેલાના બખાળા સામે ધર્મ ન જુએ. માટે તો તમે 'ફુરસદ નથી' કહો, ધક્કા મારો તો પણ ધર્મ તો પોતાનું કાર્ય કરવાનો, કરવાનો, કરવાનો.

## ધણીધોરી વગરની હાલતમાં આધારભૂત કોણ?

આ તો થઈ ધર્મના સ્વરૂપની વાત, પણ તમારે વિચારવાનું ખરૂં કે નહિ? તમારે ધર્મની કિંમત સમજવાની જરૂર છે. દુનિયાદારીનો નિયમ છે કે બેઠેલા રહેલાને દોડવું ભાગવું તેવા પ્રસંગે કેમ બને તેનો ખ્યાલ ન આવે. રોજ માલમલીદા ખાનારને ભૂખ કેમ વેઠાય તેનું ધ્યાન ન આવે : નીરોગીને વૈદ્યની જરૂરિયાતની કલ્પના ન આવે. તેવી રીતે કંચનથી તમે ભરેલા છો, કુટુંબથી પરવરેલા છો, સ્ત્રીઓની સેવાથી પોતાને ખુશ-ખુશાલ માનો છો, કાયાથી જોરદાર છો એટલે તમને ભવિષ્યનો ખ્યાલ આવતો નથી.

આ ચારે ચીજો (કુટુંબ, કંચન, કાયા, કામિની)માંથી એક પણ ચીજ આગળ જવાબ દેનારી છે કે કેમ તેનો કદી વિચાર સરખો *કર્યો? આ ચારેય ચીજ નિકાસના પ્રતિબંધવાળી છે.* દેશાંતરે જનાર માટે *નિકાસના પ્રતિબંધવાળી મિલ્કત શા કામની?* જે વખતે ભવાંતર કરવો પડે ત્યારે દુર્ગતિથી કોણ બચાવશે? નિરાધારપણામાં ધણી-ધોરી વગરની પરિસ્થિતિમાં આધારભૂત કોણ? એક માત્ર ધર્મ જ.

## છેલ્લે જે મોક્ષ આપે તે ધર્મ.

દુનિયામાં આ રીતે ધર્મ જરૂરી છે. ધર્મ કહેવો કોને? **જેના છેડે મોક્ષ હોય તે ધર્મ**: તદ્‌ભવે, એક, બે ચાર ભવે કે કેટલાક ભવે પણ જેના છેડે મોક્ષ જરૂર હોય તે ધર્મ. જેના છેડે મોક્ષ ન હોય તે ધર્મ જ નથી. આટલું લક્ષ્યમાં લેશો તો સહેલાઈથી સમજી શકશો કે **આત્મીય સુખ એટલે મોક્ષ, તેનું સાધન ધર્મ તથા પૌદ્‌ગલિક સુખ એટલે કામ, તેનું સાધન અર્થ.** મોક્ષ તથા કામ એ સાધ્ય છે જેનાં ધર્મ તથા અર્થ એ સાધન છે. મોક્ષનું સાધન ધર્મ છે, ધર્મનું સાધ્ય મોક્ષ છે: કામનું સાધન અર્થ છે: અર્થનું સાધ્ય કામ છે. અર્થ, કામ, ધર્મ અને મોક્ષ આ ચાર પદાર્થો જગતમાં જાણીતા છે. જગત્‌ માત્ર શબ્દ સમજે છે અર્થાત્‌ શબ્દમાં

તમામ એક મત છે. સ્વરૂપની વાત આવે ત્યાં મતભેદ, કેમકે સ્વરૂપની સમજણમાં સ્ખલના રહેલી છે.

**પુરુષાર્થનો અર્થ.**

દુનિયાના વ્યવહારમાં વપરાતા શબ્દો તરફ નજર કરશો તો આ વાત તરત સમજાશે. શરીરમાં લાહ્ય લાહ્ય સળગતી હોય છતાં પણ તેને 'શીતળા' કહેવામાં આવે છે. સ્વાદમાં ખારૂં છે છતાં 'મીઠું' કહેવાય છે, અને જે કશાય કામમાં નથી આવતો છતાં તેને મંગળવાર કહેવામાં આવે છે. આ તો જાણો છો ને! તે જ રીતે કોઈ કહે કે અર્થ, કામ, ધર્મ, તથા મોક્ષ એ ચારેય પુરુષાર્થ છે. તેમાં બે, ચાર, પાંચ લાખ કમાણા તો અર્થ નામનો પુરુષાર્થ સાધ્યોને! ચોરી લૂંટ કરી ભલે પણ પૈસો મેળવ્યો એય પુરુષાર્થ તો ખરોને! રંડીબાજી કરી એય 'કામ' નામનો પુરુષાર્થ સાધ્યોને! આવું વિચારનારે પુરુષાર્થનો અર્થ સમજવાની જરૂર છે. અહીં પુરુષ એટલે 'મનુષ્ય' નથી, 'નર' કે 'નારી' નથી પણ 'જીવ' છે. જીવ માત્ર, આ ચારને સાધ્ય ગણે છે. ચાહે તો એકન્દ્રિયનો જીવ હોય કે ચાહે તો પંચેન્દ્રિય જીવ હોય, ચાહે તો દેવતાનો જીવ હોય કે ચાહે તો નારકીનો જીવ હોય, તેઓનાં સાધ્યનું વર્ગીકરણ, અર્થ, કામ, ધર્મ તથા મોક્ષ એ ચાર છે.

**અર્થ નામથી અર્થ : પર્યવસાને અનર્થ છે.**

દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાન્ પોતાની છેલ્લી દેશનામાં, છેલ્લા ઢંઢેરામાં જણાવે છે કે જગતના જીવોના ચાર સાધ્ય છે: અર્થ, કામ, ધર્મ તથા મોક્ષ. આથી જીવોના બે વર્ગ પડી શકે. એક વર્ગ આત્મીય સુખ માટે પ્રયત્ન કરનારો, જ્યારે એક વર્ગ પૌદ્ગલિક સુખ માટે પ્રયત્ન કરનારો. આત્મીય સુખ તે મોક્ષ : તેનું સાધન ધર્મ; પૌદ્ગલિક સુખ તે કામ : તેનું સાધન અર્થ.

દુનિયા આ ચારેયને પુરુષાર્થ કહે છે. સંસ્કૃતમાં શિયાળને શિવ કહે છે. શિવ એટલે ઉપદ્રવરહિતપણું. શિયાળ તો ઉપદ્રવથી ભરેલી અને ઉપદ્રવ કરનારી જાત છે. એ જ રીતે અર્થ પુરુષાર્થ ફક્ત નામથી અર્થ છે પણ પર્યવસાને તો અનર્થ છે : અનર્થરૂપ છે.

**સોજો શું સ્વાસ્થ્યનું ચિહ્ન છે?**

સોજો ચડે ત્યારે શરીર જાડું દેખાય, લાલ સુરખ સરખું અને

ચકચકતું દેખાય પણ તેથી એ સોજો શરીરની તંદુરસ્તી રૂપ ગણાશે? એ સોજો જો ન બેસાડાય તો સડો જ થાય; તેવી રીતે અર્થ તથા કામ નામના પુરુષાર્થો જો ન અટકાવાય તો તેઓ અનર્થરૂપ જ છે.

**ન વિરમવા યોગ્ય એક મોક્ષ જ છે.**

ત્યારે જેને છેડે અનર્થ ન હોય, જે સ્વતંત્ર અર્થમાં સમર્થ હોય એવો પુરુષાર્થ કયો? એવો પુરુષાર્થ મોક્ષ છે. મોક્ષ મેળવી આપનાર સાધના ધર્મ છે. તે ધર્મના સંયમાદિ દશભેદ છે.

> **खंती अ मद्दवऽज्जव मुत्ती तवसंजमे अ बोद्धव्वे । सच्चं सोचं आकिंचणं च बंभं च जइ धम्मो ॥ (द० नि० गा० २५०)**

દુનિયા જેને અર્થ માની (પુરુષાર્થ માની) તેની પાછળ દોડે છે તેનાથી તો વિરમવું જ જોઈએ. **सव्वाओ परिग्गहाओ वेरमणं, सव्वाओ मेहुणाओ वेरमणं** પરિગ્રહથી તથા મૈથુનથી સર્વથા વિરમવું તે વ્રત છે. એટલે અર્થ તથા કામ તો હોય છે; તેથી તેનાથી વિરમવાનું છે. ખરી વસ્તુ, સાચો પદાર્થ, વાસ્તવિક તત્ત્વ તે જ ગણાય કે જેનાથી વિરમવાનું હોય નહિ. ધર્મ એ મોક્ષનું સાધન જરૂર, મોક્ષ માટે તે આદરવા યોગ્ય, બાકી એ પણ છેવટે તો છોડવાનો છે. હોડીનો ઉપયોગ નદી પાર ઉતરવા પૂરતો છે. સામે કાંઠે ગયા પછી હોડીને ગળે બાંધીને કોઈ ઘેર લઈ ગયું? રેલ, વાહનનો ઉપયોગ ગામના પાદર સુધી, પછી? પછી તેમાંથી ઉતરવાનું જ. મોક્ષ જ સાચો પુરુષાર્થ છે કેમકે તેનાથી વિરમવાનું નથી. મોક્ષ એટલે આત્મીય શાશ્વત્ સુખ જ્યાં છે તે પરમધામ. એ સુખ પાછું ન જાય, ન પલટાય, ન ઘસારો પામે, ન તેમાં લેશ પણ ફેરફાર થાય.

આ મોક્ષ રૂપ ધામે પહોંચાડે, માટે ધર્મ એ દૃષ્ટિએ પુરુષાર્થ અને ત્યાં સુધી તે ઉપાદેય.

ધર્મ સંયમાદિ દશ પ્રકારે છે, હવે વધુ વર્ણન અગ્રે વર્તમાન.

● ● ●

### ચરમ-શાસનપતિ-શ્રીમહાવીર-દેવની

# (૨) અન્તિમ દેશના

### (દીપાલિકાપર્વ)

अर्थस्तु मोक्ष एवैको धर्मस्तस्य च कारणम् । संयमादिर्दशविधः, संसाराम्भोधितारणः ॥ १ ॥ (त्रि० प० स० १३ श्लो० २६)

## સુખની ઇચ્છાને અંગે મતભેદાદિને અવકાશ જ નથી.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય-જીવોના ઉપકારને માટે ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રની રચના કરતાં દશમા પર્વમાં ભગવાન્ શ્રીમહાવીરદેવની રચનામાં તેમની છેલ્લી દેશનાનું નિરૂપણ કરે છે. શ્રી મહાવીરદેવે કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રાપ્ત કર્યું: પોતાની મોક્ષની સ્થિતિ નિયત કરી. 'મોક્ષ જ શાશ્વત્ સુખનું ધામ છે અને તે ધર્મથી સાધ્ય છે. એવો છેલ્લો ઢંઢેરો, છેલ્લો સંદેશો, છેલ્લી શિખામણ' જે કહો તે, એ તારક દેવાધિદેવે સકલ સંઘને જણાવ્યું. પંચાવન કલ્યાણવિપાકના અધ્યયનો, પંચાવન પાપવિપાકના અધ્યયનો, છત્રીશ અપૃષ્ટપ્રશ્નો જે કહ્યાં તે દેશના નહિ, પણ તે નિરૂપણ કહેવાય. બારે પર્ષદા વચ્ચે, સમવસરણમાં બિરાજમાન થઈને જે કહેવાય તે દેશના અને સામાન્યથી સમુદાય સમક્ષ જે કહેવાય તે કથન. એ દેશનામાં ભગવાને જે કહ્યું, જે આદેશ કર્યો, જે ઢંઢેરો જાહેર કર્યો તેને કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ ભવ્યાત્માઓના હિતાર્થે પ્રકાશે છે.

દરેક જીવોની ઇચ્છા, ધારણા, મનોરથ, પ્રાર્થના ભિન્ન ભિન્ન હોય છે. ઇચ્છાદિકમાં દરેક જીવોની મતિ વહેંચાઈ ગઈ છે. એક વસ્તુ મતભેદ વગરની છે અને તે 'સુખ'. એકેન્દ્રિયથી પંચેન્દ્રિયપર્યંત, નારકીથી દેવતાપર્યંત કોઈ જીવ એવો નથી કે જેને સુખની કામના (ઇચ્છા) ન હોય. દરેક ગતિમાંના જીવને, દરેક જાતિમાંના જીવને, જીવ માત્રને, ઇચ્છા માત્ર સુખની જ છે. સુખની ઇચ્છાને અંગે મતભેદ કે સાધ્યભેદને અવકાશ જ નથી.

## આત્મીયસુખ તથા પૌદ્ગલિકસુખ વચ્ચે આકાશ જમીનનું અંતર છે.

દરેક જીવ સુખ ઇચ્છે છે એ વાત ખરી પણ એ શબ્દ માત્રથી. જ્યાં

સુખના સ્વરૂપની વાત આવે ત્યાં ભેદ પડી જાય છે. શબ્દથી તો જેમ ઝવેરી હીરો ઈચ્છે છે, તેમ બાળક પણ હીરો ઈચ્છે છે, પણ ઝવેરી જે હીરો ઈચ્છે છે તેમાં તથા બાળક જે હીરાની ઈચ્છા રાખે તેમાં મહાન્ અંતર છે. બાળકની પાસે વીંટીમાંનું નંગ રાખો (હીરો રાખો) અને ઝુમરના કાચનું લોલક રાખો તો તે બાળક હીરો માનીને કોને લેશે? પેલા નંગને નહિ અડે પણ કાચના લોલકને જ પકડશે. જેમ ઝવેરી હીરાનો ગરજુ છે, તેમ બાળક પણ છે, પરન્તુ તે બાહ્યવયવશાત્ હીરાના સ્વરૂપને જાણતો નથી, સમજતો નથી, તે જ રીતિએ તમામ જીવો સુખના અર્થી છે; દુઃખના અર્થી કોઈ નથી, આટલું છતાં સુખના સ્વરૂપને સમજનાર વર્ગ અલ્પ છે. સુખ બે પ્રકારનું છે: એક આત્માનું સ્વાભાવિક (ઘરનું) સુખ અને બીજું પૌદ્ગલિક (બહારથી મેળવેલું કૃત્રિમ,) સુખ. જેમ કાચના લોલક તથા ખાણના હીરા વચ્ચે રાતદિવસનો ફરક છે, તેમ આત્મીય સુખ એટલે સ્વાભાવિક સુખ તથા પૌદ્ગલિકસુખ એટલે કૃત્રિમ સુખ વચ્ચે આકાશ જમીનનું અંતર છે.

### સિદ્ધોનું સુખ.

કયું સુખ ઈચ્છવું એ જ પ્રશ્ન મહત્ત્વનો છે. એક વખત અલ્પ હોય તો પણ પ્રાજ્ઞ મનુષ્ય તો સ્વાભાવિક સુખની જ ઈચ્છા કરે; કૃત્રિમ સુખની ઈચ્છા કરે નહિ. મોક્ષનું સુખ તો કેટલું છે? શાસ્ત્રકારે એનું પ્રમાણ આ રીતે બતાવે છે કે: આ જગતમાં વધારેમાં વધારે સુખ અનુત્તર વિમાનમાં ગણાય છે. અનાદિ કાલના અતીત કાલમાં અનુત્તર વિમાનના અનંત દેવાએ જે સુખ ભોગવ્યું, વર્તમાનમાં જે ભોગવે છે, અનાગતકાળે દેવો જે સુખ ભોગવશે તે બધાને એકઠું કરીએ અને તેનો અનંતી વખત વર્ગ કરીએ તે, અને સિદ્ધ પરમાત્માના એક સમયના સુખને અર્ધા ભાગે કરતા જઈએ તો તે સુખથી પણ પેલું અનંતાવર્ગવાળું સુખ અનંતમા ભાગે છે. (णवि अत्थि माणुसाणं त सोक्खंणवि य सव्वदेवाणं । जं सिद्धाणं सोक्खं अव्वाबाहं उवगयाण ॥१३॥ जं देवाणं सोक्खं सव्वध्दापिंडियं अणंतगुणं । ण य पावइ मुत्तिसुहं णंताहिं वग्गवग्गूहिं ॥१४॥ सिद्धस्स सुहो रासी सव्वद्धापिंडिओ जइ हवेज्जा ! सोऽणंतवग्गभइओ सव्वागासे ण मापज्जा ॥१५॥ औप० पृ० १५६)

**ચડતો ચોખો.**

એક બ્રાહ્મણ ઉપર એક રાજા પ્રસન્ન થયો અને 'માગ, માગ, માગે તે આપું !' એમ કહ્યું. બ્રાહ્મણે કહ્યું: "રાજન્ ! અમે તો ભિક્ષુક, અમારે ગામ, નગર; ખેતર, પાદર ન જોઈએ: જો આપ પ્રસન્ન થયા હો ચડતો ચોખો આપો' ચડતો ચોખો એટલે આજે ચોખાનો એક દાણો, કાલે બે દાણા, પછી ચાર, પછી આઠ, પછી સોળ એમ બમણા દાણા સમજી લેવા. હવે પ્રથમ આરંભમાં તો ન જણાય પણ આગળ વધતાં એ ચડતો ચોખો આપવામાં તો રાજા પણ ડૂલ થઈ જાય !

**મનુષ્ય સંખ્યા.**

અઢીદ્વીપમાં ગર્ભજ મનુષ્યની ઉત્કૃષ્ટ સંખ્યા જણાવવા શાસ્ત્રકારે છન્નુ વખત બેવડા અંકો કરવાનું કહ્યું છે અર્થાત્ છન્નુ વખત જેને ભાગી શકાય તેવી સંખ્યા (अ-सर्वस्तोका मनुष्याः, षण्णवति च्छेदनकच्छेद्यराशिप्रमाणत्वात् (प्रज्ञा० पृ० ११९), आ-अथवा एकं रूपं स्थापयित्वा ततः षण्णवतिवारान् द्विगुणद्विगुणीक्रियते कृतं च सयदि तावत्प्रमाणो राशिर्भवति ततोऽवसातव्यमेष षण्णवतिच्छेदनकदायी राशिरिति । विचा० र० पृ० ९८) એમ કરવાથી બત્રીશ અંક આવે. ઉદાહરણ તરીકે દશ હજારના પાંચ અંક, દશ લાખના સાત અંક તેમ બત્રીશ અંક આવે (?) જ્યારે ચડતે ચોખે કે બેવડું કરે આ સ્થિતિ, તો અનંતી વખત વર્ગનું તો પૂછવું જ શું ! વર્ગ તો જાણો છો ને ! ૪ × ૪=૧૬, ૧૬ × ૧૬=૨૫૬ પાછા ૨૫૬ ને ૨૫૬ ગુણવા પડે. હવે વિચારી જુઓ કે સિદ્ધનું સુખ કેટલું ! જીવનું સ્વાભાવિક શાશ્વત્ સુખ મોક્ષમાં છે.

**'ભવ્ય' એવો ચાંદ કોને મળે ?**

પૌદ્ગલિક સુખથી ટેવાયલાઓ કેટલીક વખત કહે છે : 'મોક્ષમાં સુખ શું ? નહિ ખાવાનું, નહિ પીવાનું, નહિ પહેરવા ઓઢવાનું, નહિ હરવા ફરવાનું, કોઈ કહેશે કે ત્યાં સુખ શું ?' એ બિચારાઓને સુખ કેવલ ખાનપાનાદિમાં જ દેખાય છે. નાનાં બચ્ચાંને આબરૂની સમજણ હોતી નથી એટલે એ તો એમ જ કહેવાના કે 'આબરૂના શું ફાકડા ભરાય છે, તે શું ઢીંચાય છે, કે શું પહેરાય ઓઢાય છે !' એ બચ્ચું 'આબરૂ એ અપૂર્વ ચીજ છે' એમ જાણતું નથી, તેની

કિંમત ખાવાપીવાના હિસાબે આંકે છે. તે જ રીતે અહીં પણ પુદ્ગલાનંદીઓ મોક્ષનું સુખ સમજવાનું પણ સામર્થ્ય ધરાવતા નથી. અનાદિકાલથી જીવો કર્મની ગુલામીથી અને પુદ્ગલની પરાધીનતાથી ટેવાઇ ગયા છે, અને તેથી તેવાઓની દૃષ્ટિ તેવી જ રહે છે.

બકરાંનાં ટોળામાં ઉછરેલો સિંહ, બકરાંનાં ટોળાંને જ પોતાનું કુટુંબ માને છે. તે જ રીતે અનાદિ કાલથી કર્મની જંજિરોથી જકડાયેલાઓને, પુદ્ગલની પરાધીનતાથી પલોટાયેલાઓને મોક્ષની ઈચ્છા થવી, મોક્ષ મેળવવાનો અમલ થવો તો દૂર રહ્યો, પણ મોક્ષનું નામ સાંભળવું પણ મુશ્કેલ થઈ પડયું છે. આટલી વાત ધ્યાનમાં લેવાથી, શ્રી તીર્થંકરદેવે પ્રથમ પરીક્ષામાં પસાર થનાર માટે જે પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) રાખ્યું તેનું મૂલ્ય સમજશે. એ પ્રમાણપત્ર કયું ? એ ચાંદ કયો ? ભવ્ય !

એ ચાંદ કોને મળે, શાથી મળે ? 'મોક્ષ છે' એમ માનવું એથી એ ચાંદ મળે. 'મોક્ષ' અસ્તિત્વને માનનાર એ ચાંદનો અધિકારી થઈ ચૂકયો. છોકરો જ્યાં સુધી તદ્દન નાદાન હોય ત્યાં સુધી 'આબરૂ'ની કલ્પના પણ એને હોય નહિ: જરા સમજણો થાય એટલે એને કાંઈક એમ થાય કે 'આબરૂ છે.' 'આબરૂ છે' એમ માનતો થાય એટલે એ સમજાણો ગણાય, તેમ અહીં પણ હજી કરતો કરાવતો કાંઇ નથી પણ 'મોક્ષ છે' એટલું માને તે ભવ્ય ગણાય.

જૈન શાસનની પ્રથમ પરીક્ષા જ એ છે. 'મોક્ષ' માત્ર શબ્દાર્થ પૂરતો સમજવો નહિ, જેમકે કીડી, મંકોડી કે કોઇ પણ ત્રસ જીવ જરા દબાણમાં આવે કે છૂટકારો ઇચ્છે એવા મોક્ષની અહીં વાત નથી. સકલ કર્મ રહિત થઇને આત્માએ પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેવું તેનું નામ મોક્ષ. આવું પણ ધામ છે કે જ્યાં આત્મા શાશ્વત્ અનંતસુખમય સ્થિતિમાં રહે છે અને તેનું જ નામ મોક્ષ (आव० नि० गा० ૧૨૮ થી ૧૩૦), निस्सेसकम्मविगमो मुक्खो जीवस्स सुद्धरूवस्स । साइ अपज्जवसाणं अव्वाबाहं अवत्थाणं (श्रा० प्र० गा० ૮૩) એ 'મોક્ષ' છે એટલું માને તે ભવ્ય !

### ભવ્યત્વ, શુક્લપાક્ષિક, સમકિતી, એ ચાંદોનું ફળ.

હવે પ્રશ્ન થશે કે ભવ્યત્વનો ચાંદ મળ્યાથી ફાયદો શો ? કેમકે રાજદરબારી ચાંદ, ઈલ્કાબ મળે છે, એટલે તો આંદુ પડયા જેવી હાલત

થાય છે. જેમ ચાંદું પડે એટલે એમાંથી રસી વહ્યા જ કરે તેમ સરકારી ચાંદ મળે એટલે દરેક નાના મોટા પ્રસંગે તેણે પૈસા ભરવામાં અને કામ કરવામાં ઊભું જ રહેવું પડે, આગળ થવું જ પડે. આ ચાંદ એવો નથી. અહીં તો જેને એ ચાંદ મળ્યો એને માટે મોક્ષ નક્કી થઈ ગયો. એ જીવને, 'ભવ્ય' ઈલ્કાબધારી જીવને મોક્ષ મળવાનો, મળવાનો અને મળવાનો જ!

હવે એ જીવ આગળ વધે, મોક્ષ માન્યા પછી, મોક્ષ માટે ક્રિયા કરે, એ ક્રિયા ભલે સરખી કરે કે અવળી કરે પણ મોક્ષ માટે કરે તેને બીજો ચાંદ 'શુક્લપાક્ષિક' નામનો મળે. 'चरमे पुद्गलावर्त्ते यतो यः शुक्लपाक्षिकः। (યો० બિ શ્લો૦ ૭૨) જેમ શાસનમાંનો આ બીજો ચાંદ મેળવનારને એક પુદ્ગલપરાવર્ત્ત સમયની અંદર જ મોક્ષ મળે, મોક્ષ મળે જ. પછી આગળ વધે, મોક્ષ માટે જ બધી ક્રિયા કરે, બીજી બધી ક્રિયાને નકામી માને, મોક્ષને પરમ તત્ત્વ માને, તેના જ માટે તમામ પ્રવૃત્તિ કરે, તે જ હેતુએ શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મને માને એટલે ત્રીજો ચાંદ 'સમકિતી' એ નામનો મળે.

'સમ્યક્ત્વધારી' ચાંદ મેળવવાનું ફળ અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત સમયની અંદર મોક્ષ નક્કી જ. अंतोमुहुत्तमित्तपि फासिअं हुज्ज जेहिं सम्मत्तं। तेसिं अवड्ढपुग्गल, परिअट्टो चेव संसारो॥ (नवत० गा०५३)॥ દુનિયાની વાત તરફ નજર કરીએ, કલ્પવૃક્ષ કે ચિંતામણિ સાંપડે અગર કોઈ દેવ પ્રસન્ન થાય તો મળવામાં બાકી રહે? માગનાર ચૂકે એ વાત જુદી. તેમ જૈનશાસન પણ એવું છે કે માગનાર ચૂકે તો ચુક્યો! એ તો કહે છે: 'તું મોક્ષ માગ! મોક્ષનો મનોરથ કરે તો મોક્ષ પણ મારે મેળવી દેવો! મોક્ષ માટેના પ્રયત્નમાં તન્મય થા તો અર્દ્ધપુદ્ગલપરાવર્ત્ત જેટલા સમયની અંદર મોક્ષ મેળવી દેવો.

## તમે સુખને ભોગવો છો કે સુખ તમને ભોગવે છે?

આવો મોક્ષ મેળવે કોણ? ઇચ્છે અને તેના માટે પ્રયત્ન કરે તે. મોક્ષ ઇચ્છે કોણ? દુનિયાદારીમાં જોઈએ છીએ કે ભાગ્યશાળી જો ઉંઘમાંથી ભડકીને ઉઠે તો તેના મોંમાંથી ઈંદ્રાસન શબ્દ નીકળે અને અભાગીઓ જો ઉંઘમાંથી ભડકીને ઉઠે તો તેના મોંમાંથી 'નિદ્રાસન' શબ્દ નીકળે; તે જ રીતિએ અહીં પણ ભાગ્યવાન જીવો આત્માના જ

સુખને માગે અને ભાગ્યહીન જીવો પૌદ્ગલિક સુખને માગે.

આથી જીવોના બે વર્ગ : એક આત્માના સુખને વાંચ્છનારો વર્ગ અને બીજો પૌદ્ગલિક સુખને વાંચ્છનારો વર્ગ. આત્મીય સુખ (મોક્ષ) મેળવવાના સાધ્યનું સાધન ધર્મ છે : પૌદ્ગલિક સુખ (કામ) મેળવવાના સાધ્યનું સાધન અર્થ છે. આ રીતે અર્થ, કામ, ધર્મ, અને મોક્ષ એ ચારને પુરુષાર્થ જગતમાં કહેવામાં આવે છે. કોઈ પણ જીવ, આ ચાર સિવાયના સાધ્યવાળો નથી. પુરુષ એટલે જીવ. આ ચાર (અર્થકામાદિ) સાધે છે માટે તેને પુરુષાર્થ કહેવામાં આવે છે. જગત્ આખાની સાધના ચાર પ્રકારની છે.

શ્રીમહાવીરદેવ છેલ્લા ઢંઢેરામાં ભવ્યાત્માઓના ઉપકાર માટે ફરમાવે છે કે સાધના તે જ કહેવાય કે જેનું ફલ સારૂં હોય. તમારા દુનિયાના વ્યવહારને તપાસો ! કોઈ છોકરાએ આંગળી કાપી, માથું અફાળ્યું કે ટાંટીઆ ઘસ્યા એ પણ ઉદ્યમ તો ખરો જ ને? પણ પરિણામ શું ? પૌદ્ગલિક સુખો એટલે પરાધીનતાની બેડીમાં જકડાવું તે. પ્રાચીન કાળના લોકો હજી તેવા સુખને ભોગવતા હતા આજે તો તમે સુખને નથી ભોગવતા, પણ સુખ તમને ભોગવે છે. તમે કહેશો કે જીવ સુખને કે સુખ જીવને મળે તેમાં ફેર શો ? 'ફલાણા શેઠની નાતના અમે' તથા 'અમારી નાતના એ શેઠ' આ બેમાં ફરક ખરો કે નહિ? પ્રથમના વાક્યમાં મહત્તા શેઠની છે, પછીના વાક્યમાં મહત્તા નાતની છે. પ્રાચીન કાળના મનુષ્યો સુખને ભોગવતા હતા.

**શ્રેણિકાદિ દૃષ્ટાંત.**

શ્રેણિક જેવા રાજકુમારને ગાંધીઆણાનો ધંધો પણ આવડતો હતો ને? અભયકુમાર જેવો રાજકુમાર શ્રેણિકનો મુખ્યમંત્રી, પાંચસેં પ્રધાનોનો અધિપતિ, રાજ્યધુરા વહન કરનારો, તે વિશાલાનગરીમાં, ચેડા મહારાજાના મહેલની પાસે, એક નહિ પણ સર્વ ચીજ વેચવાની દુકાન ખોલે, તેવો વેપાર મહિનાઓ સુધી ખેલે છતાં કોઈથી ઓળખાય નહિ. વિચારો કે સંયોગ ઉપર એમનો કેટલો અને કેવો કાબૂ ! એવા ટેવાયેલા કે સુખ ભોગવવાના પ્રસંગે ભોગવે પણ વિષમ વખતે સુખને એક બાજુ ધકેલી પણ દે.

શાલિભદ્ર સરખા કે જેમને શ્રેણિકના ખોળામાં બેસતાં, જરા-

વારમાં પ્રસ્વેદ છૂટી જાય અને એ જ શાલિભદ્ર અગ્નિથી ધખધખતી શિલા ઉપર અનશન કરે! આ જીવો સુખને લાત પણ મારી શકતા હતા. તેઓ સુખના સ્વામી હતા, સેવક નહોતા. ધન્નાજી જેવાએ વાત માત્રમાં 'કહેવું તો સહેલું, કરનારને ખબર પડે કે કેટલું મુશ્કેલ!' આટલું પોતાની પ્રિયતમાના (શાલિભદ્રની બ્હેનના) મુખે સાંભળવા માત્રમાં સંસારનો પરિત્યાગ કર્યો, સંયમ લીધું, પાળ્યું, અને અનશન કરી સદ્‌ગતિ સાધી. તાત્પર્ય કે તેઓ સુખને ભોગવતા હતા. આજે તમને સુખ ભોગવે છે.

રોજ શાક ખાવાને ટેવાયલા તમને દશ તિથિ શાકનો ત્યાગ કરવો પડે તેમાં મોટી મૂંઝવણ! ખાવું ન ભાવે! શાક વિના ગળે ન ઉતરે, લૂખું ગળે અટકે, આયંબિલ ન થાય, આ દશા! કહો, ખોરાકને તમે ખાઓ છો કે ખોરાક તમને ખાય છે? જે ખોરાકને ખાય તેને આ ન ભાવે, આ ભાવે, આયંબિલ ન થાય, એવું ન હોય. એવું જેને થાય તેની ગણતરી ખોરાકથી ખવાયેલામાં ગણાય. હવે પોતાની સ્થિતિ પોતે જ વિચારી લો કે, પૌદ્‌ગલિક સુખને અંગે પણ તમે સુખ ભોગવો છો કે સુખ તમને ભોગવે છે? તમે ખોરાક ખાઓ છો કે ખોરાક તમને ખાય છે?

જેઓ સુખને ભોગવનારા છે, તેઓ સુખ આવે ત્યારે વિવેકપૂર્વક ભોગવી શકે છે, પોતાની ઇચ્છાઅનુસાર એને બાજુએ ખસેડી પણ શકે છે. અને સુખ ચાલ્યું જાય કે ન્યૂન થાય તો તેને તે માટે ઓરતો થતો નથીઃ જેઓ ખોરાકને પોતે ખાનારા છે, તેને કદી 'આ ન ભાવે' એવું થતું નથી, જે પ્રસંગે જે મળ્યું તે ગળે ઉતરે જ, પછી તે ચોપડયું હોય કે લૂખ્ખું હોય. એવો આત્મા ષડ્રસ ભોજન જેવા આનંદથી જમે તેથી અધિક આનંદથી આયંબિલ પણ કરી શકે. જે બિચારાઓ સુખથી ભોગવાય છે, તેઓ સામાન્ય સુખમાં પણ છટકી જાય છે, અને જરા ઓછું થતાં હાયવોય કરવા મંડી પડે છે અને દુઃખ આવે ત્યારે તો માથાં ફોડે છે! જે પામરો 'આ તો નથી ભાવતું, લૂખું ખાતાં ગળે અટકે છે' એવું કહે છે, તેવાઓ ખોરાકથી ખવાયેલા સમજવા.

**કયો ચાંલ્લો વલ્લભ છે ?**

પુરુષાર્થ ચાર કહેવામાં આવ્યા પણ વાસ્તવિક પુરુષાર્થ કયો ? શબ્દથી તો કેસર, કંકુનો પણ ચાંલ્લો કહેવાય અને કાળી મેંશનો પણ ચાંલ્લો કહેવાય, પણ કોઈને ચાંલ્લો કરવા જાઓ તો તે કયો પસંદ કરશે ? કયો સમજશે ? કેશર, કંકુનો કે કાજલનો ? કાજલનો પણ કહેવાય તો ચાંલ્લો જ, છતાં તે ગણાય અનિચ્છનીય. ત્યારે શબ્દમાત્ર ઉપયોગી ગણાય નહિ પણ રહસ્ય તરફ જોવું જોઈએ. સાચું સુખ આત્મીય છે: પૌદ્ગલિક સુખ, સુખ કહેવાય ભલે પણ તે કૂતરા મારવામાં વપરાતી ઝેર મિશ્રિત બરફી જેવું છે. પૌદ્ગલિક સુખો લાગે ગળ્યાં, મીઠાં પણ વિપાકે ભયંકર છે, દારૂણ છે, દુર્ગતિમાં તથા દુર્ગતિની પરંપરામાં જીવને જકડી રાખનારાં છે.

**ધર્મ આવશ્યક, અવશ્યમેવ પણ ક્યાં સુધી ?**

આત્મીય સુખ સર્વાંશે ક્યાં છે? મોક્ષમાં. આત્માનું સંપૂર્ણ, સર્વદા રહેનારૂં સુખ મોક્ષમાં જ છે. માટે મોક્ષ જ સાચો પુરુષાર્થ છે. મોક્ષ જ એક જ પુરુષાર્થ છે. સ્હેજે તર્ક થઇ શકે કે 'અર્થ તો અનર્થરૂપ તથા કામ વિપાકે ભયંકર છે' એટલે એને તો હેય ગણી પુરુષાર્થની ગણનામાં વાસ્તવિક દૃષ્ટિએ ન લેવાય તે સમજ્યા. પરન્તુ ધર્મ તો મોક્ષનું સાધન હોવા છતાં એનેય એ ગણનામાં નહિ ? ધર્મ માટે કહેવાય છે કે તે ધન પણ દે, કામ પણ દે અને મોક્ષ પણ દે તો પછી એ તો ઉપાદેયની કોટિમાં ખરોને ?" જરૂર.

ધર્મ મોક્ષનું સાધન અને આદરણીય, પણ તે ક્યાં સુધી ? ગોળનો રવો લાવો તેમાં તો બારદાન કાપી અપાય છે પણ શાકમાં ડીટાં, છોતરાં તો તોલમાં સાથે જ આવે છે, શાકની કિંમતમાં જ તોલાય છે છતાં તેને ગળે ઉતરાય છે ? કેળાં કે મોસંબી છોલીને કોઈ વેચે છે ? એની છાલ એનું રક્ષણ છે. તમે ખાતી વખતે તો કાઢી જ નાખોને ? તેમ ધર્મ ઉપાદેય ખરો, છતાં ગળે બાંધવાનો નહિ ! ચમકતા ના ! ખુલાસો આવે છે. શાસ્ત્ર જેમ ધર્મ કરવાનું કહે છે તેમ છોડવાનું પણ કહે છે. ધર્મ છોડવો ? હા ! ક્યારે ? ઘોડા ઉપર બેસીને તમે ગ્રાહકને ઘેર જાઓ પણ આંગણે ઘોડો છોડી દો કે ઘરમાં ય લઇ જાઓ ? ઘોડાનું કામ હોય ત્યાં સુધી તે રખાય.

## ધર્મની જરૂર ક્યાં સુધી ?

ધર્મ પણ કુટુંબના, અર્થના, સંયોગના, શરીરના ભોગે પણ કરવાનો, આચરવાનો જરૂર પણ સર્વ કર્મથી મુક્ત થવાય ત્યાં સુધી જ એની આવશ્યકતા. ધર્મનું કામ કર્મમાત્રથી મુક્તિ મેળવી આપવાનું. મુક્તિ મળે પછી ધર્મની જરૂરિયાત નથી. મોક્ષમાં ધર્મની જરૂર નથી. જ્યાં અધર્મ નથી, ત્યાં ધર્મની જરૂર હોય જ નહિ. સંસારમાં અધર્મ છે તેથી ધર્મ કરવાની આવશ્યકતા છે. જો કે ધર્મ પુરુષાર્થ છે પણ આટલી હદે એટલે મોક્ષના પગથિયાં સુધી. સ્ત્રી ચૂલો સળગાવેલો રાખે પણ રસોઈ થાય, થઈ રહે ત્યાં સુધી: પછી લાકડાં ભર્યે જાય તો રંધાયેલું દાઝે અને એ રસવતી કરનારી મૂર્ખી ગણાય. રસોઇ થાય ત્યાં સુધી લાકડાની જરૂર, પણ રસોઈ થઈ ગઇ. ભાણામાં રસોઈ આવે પણ લાકડાં નહિ.

## જૈનદર્શન ને ઇતરદર્શનમાં ધર્મના લક્ષણમાં ભેદ.

ધર્મ મોક્ષનું સાધન છે. (चतुर्वर्गेऽग्रणीर्मोक्षो. યો૦ શા૦) માટે તે પુરુષાર્થ જરૂર અને મોક્ષ પ્રાપ્તિ સુધી આચરવાની પણ જરૂર છે. અહીં જરા ઝીણવટમાં પણ ઉતરવું પડશે. અન્ય દર્શનીઓ કહે છે કે 'જેનાથી સંસારમાં ઉદય મળે અને સિદ્ધિ પણ મળે તે ધર્મ. જૈનદર્શન કહે છે કે, 'જેનાથી સ્વર્ગ મળે તથા અપવર્ગ (મોક્ષ) મળે તે ધર્મ. (યોગ૦) તર્ક થશે કે આ બે માન્યતામાં ફરક શો? ભાઈ પણ માનો જણ્યો અને બ્હેન પણ માની જણી. ફરક ખરો કે નહિ? માસી તથા ફોઇમાં ફરક ખરો કે નહિ? ઇતર દર્શનીઓ દેવલોક માટે પણ ધર્મ કરવાનો કહે છે એટલે કે મોક્ષની જેમ દેવલોકને (સ્વર્ગને) પણ સાધ્ય માને છે, જ્યારે જૈનદર્શન દેવલોકને પ્રાપ્ય માને છે; પણ સાધ્ય તો મોક્ષને જ માને છે. ખેડૂત ખેતી કરે છે તેમાં ઉદ્દેશ અનાજ મેળવવાનો છે, ઘાસ મેળવવાનો નથી, ઘાસ ઉગે છે ખરું: તે જ રીતિએ ધર્મ કરવામાં ઉદ્દેશ મોક્ષનો છે પણ સ્વર્ગાદિ પ્રાપ્ય છે. ઇતર મન્તવ્યમાં સ્વર્ગ પણ ઉદ્દેશ તરીકે છે. ઇતરમન્તવ્ય તથા જૈનમન્તવ્યમાં ફરક આ છે. **દૃષ્ટિ ફેરવો! દિશા બદલો!! ભાન થયું હોય તો ગુલાંટ મારો!!!**

જૈનદર્શન ધર્મને સ્વતંત્ર પુરુષાર્થ નથી માનતું પણ સ્વતંત્ર

પુરુષાર્થ મોક્ષ મેળવવાના સાધનરૂપ પુરુષાર્થને અવશ્યમેવ માને છે. મોક્ષપુરુષાર્થ તો એવો કે ફળ્યો તે ફળ્યો, મળ્યો તે મળ્યો પછી કદી ટળે નહિ, તેમાં લેશ પણ ઉણપ આવે નહિ. ચાંલ્લા બે પ્રકારના–કેશર કંકુના તથા કાજલના. તેમ અર્થ, કામ પણ કહેવાય પુરુષાર્થ. અર્થ અને કામ એ બે પુરુષાર્થ કાજલના ચાંલ્લા જેવા છે; જેને વ્હાલા હોય તે ગ્રહણ કરે, પણ શાસ્ત્રકાર તો એ બેને હેય જ કહે છે. અરે, ત્યાં સુધી કહે છે કે તે નામ માત્ર 'અર્થ' છે કિન્તુ 'અનર્થ' છે. પરમ અર્થ તો મોક્ષ જ છે, અને તેના સાધન સ્વરૂપે અર્થ ધર્મ જ છે.

એક વકીલ જરા ભાંગ વગેરે પીને આવેલો. તે ન્યાયાધીશ પાસે દલીલ કરતાં પોતાના અસીલને બદલે પ્રતિપક્ષના લાભની દલીલબાજી કરવા લાગ્યો. દોઢ કલાક વાણી પ્રવાહ ચાલુ રહ્યો. વકીલ જરા પંકાતો હતો, એટલે આશ્ચર્ય વચ્ચે ન્યાયાધીશે પણ ધૈર્યથી શ્રવણ કર્યું. એના અસીલે એક ચીઠ્ઠી લખી મોકલી, તે વાંચતાં વકીલને ભાન આવ્યું અને તેણે બાજી પલટી. તેણે એવી ગુલાંટ મારી, 'માઈ લોર્ડ, આટલો લાંબો વખત મેં આપનો લીધો છે તે મારા અસીલના લાભ માટે જરૂરી છે, કેમકે પ્રતિપક્ષનો વકીલ આ બધી દલીલો આપની પાસે રજુ કરવાનો જ, પણ તે ઉચિત નથી, કેમકે ' એમ કહીને તેના પ્રતિકાર રૂપ પાછું અસીલના લાભમાં પોતાનું વક્તવ્ય શરૂ કર્યું. આચાર્યમહારાજ ભવ્યાત્માઓને આ રીતિએ ગુલાંટ મારવાનું, દૃષ્ટિ ફેરવવાનું ફરમાવે છે.

**મોક્ષ જોઇએ તો સાધન ધર્મ આચરે જ છૂટકો !**

મોક્ષ પુરુષાર્થ કાંઈ ઘાટવાળો નથી. તમે તેના માટે ઉદ્યમ કરો કે ન કરો, તોપણ તે તો જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે છે અને રહેવાનો. મોક્ષ એ ક્રિયાનો વિષય નથી, મનનો, કેવલ મનનો વિષય છે. અજવાળું સારૂં છે, પ્રકાશ આપે છે, હીરો તથા પથ્થર અલગ રૂપે બતાવે છે, સાપ કે વીંછી બતાવે છે, ખાડો, ટેકરો કે સીધી જમીન દેખાડે છે, પણ તે અજવાળું કોથળે, ઘડે કે ગાડવે લેવાય ? નહિ. અજવાળું જેઓને સારૂં લાગતું હોય તેઓએ અજવાળાનાં સાધનો મેળવવાં જોઈએ. મોક્ષની પણ ઇચ્છા હોય તો તેના સાધનેને હસ્તગત કર્યે જ છૂટકો. મોક્ષ પ્રાપ્તિનું પરમ સાધન ધર્મ–છે, અને મોક્ષ એ આત્માનું સ્વીય સ્વરૂપ–સદંત્તર વિશુદ્ધ સ્વરૂપ માત્ર છે. એ ધર્મ પ્રાપ્ત થાય ત્યારે

મોક્ષને સાધી શકાય. ધર્મ પોતાને જ્યાં સુધી વહાલો ન લાગે ત્યાં સુધી મોક્ષ થાય નહિ.

**સંસારથી તારનાર ધર્મના સંયમાદિ દશ પ્રકાર.**

આ મગનભાઈ, આ છગનભાઈ, આ મણિભાઈ એ ખરૂં, પણ મનુષ્યત્વ બધામાં વ્યાપક છે, તેમ ધર્મ પોતે જુદો જુદો પદાર્થ નથી, પણ પ્રકારે પ્રકારે વ્યાપક છે. મોક્ષના સાધનરૂપ ધર્મના સંયમાદિ દશ ભેદો છે.

કોઈ કહેશે કે ‘ અનુકંપા’ તથા‘ માર્ગાનુસારિપણાથી પણ ધર્મ તો કહેવાય છે ને? વાત ખરી, પણ અહીં પગથિયા રૂપ ધર્મની વાતનો પ્રસંગ નથી. પુણ્ય લક્ષણ ધર્મની, સ્વર્ગ આપનાર ધર્મની અહીં વાત નથી, પણ સંસાર સમુદ્રથી તાનનાર, મોક્ષ આપનાર ધર્મની આ દેશના, ભગવાનની છેલ્લી દેશના શ્રીમહાવીર દેવ શ્રીમુખે, શ્રીસકલ સંઘને, તેવા ધર્મના દશ ભેદ જણાવે છે.

જે ભવ્યાત્મા પુરુષ કે સ્ત્રી, બાલક કે યુવાન્ આ પ્રકારે સમજી સંયમાદિ દશ પ્રકારના ધર્મને આરાધશે, તે ઉત્તરોત્તર આ ભવ પરભવ કલ્યાણ મંગલિકની માળાને ધારણ કરી પ્રાંતે શિવરમણીની વરમાળા, એ શાશ્વત મંગલમાળાને ધારણ કરશે, એટલે કે મોક્ષ સુખમાં બિરાજમાન થશે.

● ● ●

# દિવાળી મહાત્મ્ય અને સ્વપ્નોનો ફલાદેશ.

स्वामिन् स्वप्ना मयाद्याष्टौ दृष्टास्तत्र गजः कपिः ।
क्षीरद्रुः काकसिंहाब्जकुम्भा इमे क्रमात् ॥ ३० ॥
तदाख्याहि फलं तेषां भीतोऽस्मि भगवन्नहं ।
इदि पृष्टो जगन्नाथो व्याचकारेति तत्फलम् ॥ ३१ ॥
विवेकवन्तो भूत्वापि हस्तितुल्या अतः परं ।
वत्स्यन्ति श्रावका लुब्धाः क्षणिकर्द्धिसुखे गृहे ॥ ३२ ॥
( त्रि. पर्व १०, सर्ग १३ )

હજારો વર્ષ પૂર્વે કહેવાયેલું સ્વપ્નફળ આજે સાચું પડે છે. દુષમાકાળનો દુષ્ટ પ્રભાવ. પરિણામોની ચંચળતા. સુક્ષેત્રે આપેલું દાન ઉત્તમ છે. પાખંડી પૂજાશે અને ગીતાર્થો વિસારાશે, છતાંએ અન્યદર્શનોને મુકાબલે જૈનમત સિંહ સમાન છે અને રહેશે.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના કલ્યાણને માટે ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત્ર નામના ગ્રંથની રચના કરતા થકાં તીર્થંકરદેવ, શ્રીમહાવીર ભગવાનના ચારિત્રના લગભગ છેલ્લા ભાગમાં જણાવે છે, કે ભગવાન મહાવીરદેવનું નિર્વાણ જે સમયે સાંભળવામાં આવ્યું હતું, તે સમયે જનતામાં હાહાકાર વર્તાયો ન હતો કે રડારોળ મચી જવા પામી ન હતી. વિચાર કરજો કે "મહાવીર" એટલે નામના જ મહાવીર નહિ, પરંતુ અપૂર્વ આત્મબળવાળા ખરેખરા મહાવીર. તે ભગવાન મહાવીર જેમનો શબ્દ ઝીલી લેવાની લાખો લોકોની તૈયારી હતી, જેમની દયાવર્ષાથી સંસારસાગરના પશુ પક્ષીઓને અભયતા મળી હતી. પરંતુ તે છતાં જે સમયે તેમના નિર્વાણનો પ્રસંગ આવે છે, ત્યારે લોકો ચતુર્વિધસંઘ પૌષધ કરે છે, ઉપવાસ કરે છે, અને ભગવાન શ્રીમહાવીરદેવની અમૃત વરસતી દેશના શ્રવણ કરે છે. જૈનેતર આર્યોના પૂજ્ય પુરુષોના મૃત્યુને માટે તેમના સાહિત્યમાં જુઓ તો જોઈએ તેટલાં શોકનાં વચનો મળી આવે છે. ખ્રિસ્તિ પેગંબરના મરણ માટે ખ્રિસ્તિઓએ પણ આનંદ નથી માન્યો, મુસલમાનોના પેગંબરનું મોત એને પણ મુસલમાનો આનંદનો અવસર માનતા નથી, ત્યારે જૈનદર્શન આરાધનાવાળું મૃત્યુ એને પરમાનંદ ગણે છે.

### મૃત્યુનો એ આનંદ કોને?

મહાપુરુષોનું મૃત્યુ એને પરમાનંદ ગણવાનું કારણ શું! અને બીજાઓ એ પ્રસંગે શોક કરે છે એનું કારણ શું? આ પ્રશ્ન તમારા હૃદયમાં વિચારી જુઓ! એટલે તમોને માલમ પડી આવશે કે અન્યદર્શનોમાં અને જૈનદર્શનમાં શો તફાવત છે?

બીજાં શાસ્ત્રો એમ માને છે કે ભવસંબંધ સારો છે, માટે ત્યાં જ્યારે તેમના માન્યપુરૂષોના ભવસંબંધનો ત્યાગ થાય છે. ત્યારે રડારોળ

કરી વળે છે, જૈનશાસને ભવસંબંધ સારો માન્યો જ નથી. ભવસંબંધને તજવા યોગ્ય માન્યો છે. માટે જૈનશાસનના માન્યપુરુષો જ્યારે જ્યારે સંસારત્યાગ કરે છે, ત્યારે ત્યારે આનંદ માનવામાં આવે છે.

તીર્થંકર ભગવાનને આલંબન તરીકે સ્વીકારીએ છીએ, તે પણ એટલા જ કારણથી કે એથી આત્માનું હિત થાય છે. જૈનશાસને જણાવેલું એવું ગમે તે પ્રકારનું આલંબન લો, પરંતુ તે સઘળાનો હેતુ આત્મિકકલ્યાણ છે. બીજા કોઈપણ પણ પ્રકારનું આલંબન યોગ્ય માનવામાં આવ્યું જ નથી. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા–એ ચારે પ્રકારનો સંઘ એક એ જ મુદ્દા ઉપર તદ્રુપ છે. આત્માનું સાધન પ્રાપ્ત કરવું એ જ સઘળાનું ધ્યેય છે. જો એ ધ્યેય ચૂકી ગયા તો ધ્યેય ચૂકનારને સંઘમાં ઊભા રહેવાનો કશો અધિકાર જ નથી. શાસનની આ તદ્રુપતા જોવી હોય તો હસ્તિપાળ (પુણ્યપાળ) રાજાને આવેલા સ્વપ્નોની શાસ્ત્રકારોએ જણાવેલી સંપૂર્ણ સત્ય ઘટના આપણે જોઈએ.

**શાસન સાથે પુણ્યપાળ રાજાની અભેદતા.**

શ્રેયાંસકુમારનો ઇતિહાસ તમારા સ્મૃતિપટ ઉપર જરા જાગૃત કરજો! શ્રેયાંસકુમારને અંગે સુબુદ્ધિ નગરશેઠને તથા એક રાજાને સ્વપ્નાં આવ્યાં હતાં, પરંતુ એ સ્વપ્નાંનો માત્ર શ્રેયાંસકુમાર સાથે સંબંધ જોડાયો હતો. તેનો સંબંધ શાસન સાથે જોડવામાં આવ્યો ન હતો, 'આ વસ્તુ તદ્દન સ્વભાવિક લાગે છે, કારણ કે બીજી વ્યક્તિને જે સ્વપ્નાં આવ્યાં હતાં, તે સ્વપ્નાં શ્રેયાસકુમારને અંગે આવ્યાં હોવાથી તેનો સંબંધ શ્રેયાંસકુમાર સાથે જોડવામાં આવ્યો હતો. જ્યારે વજસ્વામી, ભદ્રગુપ્તસ્વામી, પુણ્યપાળ રાજાને અંગે જે સ્વપ્નાં આવ્યાં છે, એના પરથી શાસ્ત્રકારોએ તેનો ફલાદેશ આખા શાસનને લાગુ પાડી દીધા છે.

વિચાર કરજો કે સ્વપ્ન રાજાને આવ્યું, સ્વપ્નાનો વિષય પુણ્યપાળનો હતો. છતાં તેનો ફળાદેશનો સંબંધ શાસન સાથે શા માટે જોડાયો છે?

આમ થવાનું કારણ એક જ છે કે પુણ્યપાળરાજા અને શાસન બંને એકરૂપ છે. શાસન અને પુણ્યપાળ રાજા એ બંને ભિન્ન હોઈ

શકતા નથી. સૂર્ય અને સૂર્યનો પ્રકાશ જેમ ભિન્ન હોઈ શકે નહિ, તે જ પ્રમાણે પુણ્યપાળ અને શાસન પણ જુદા હોઈ શકે નહિ. જે શાસનની સ્થિતિ છે તે જ સ્થિતિ પુણ્યપાળની છે, અને પુણ્યપાળની જે સ્થિતિ છે તે જ સ્થિતિ શાસનની છે. એટલા જ માટે શાસનાધીશ વજ્રસ્વામી, ભદ્રગુપ્તસ્વામી જે શાસનના માલિક છે, તેમને સ્વપ્નાં આવ્યાં છે તેને ફલાદેશ શાસનને લાગુ પડયો છે, શાસનાધીશ, શાસન અને ચતુર્વિધસંઘ કેવા એકતાર છે, એકબીજામાં કેવા તદ્રૂપ છે, એ સઘળું આ ઉદાહરણ ઉપરથી જણાઈ આવે છે.

હવે તમે વિચાર કરો કે આપણે 'શાસન શાસન' બોલીએ છીએ પરંતુ શાસન એ શું છે? શાસન એ કાંઈ દશ્યમાન વસ્તુ નથી, એનો પૂરેપૂરો ખ્યાલ રાખજો.

**શાસન મારું, હું શાસનનો**

શાસન એ તો એક અવ્યકત-ન દેખાય એવી વસ્તુ છે. શાસનનું જે સ્વરૂપ વ્યકત છે, તે આચાર્ય ભગવાનો દ્વારા સમજી શકાય છે અન્ય રીતે નહિ. તે જ પ્રમાણે પુણ્યપાળ રાજાની પણ એવી જ સ્થિતિ હોવી જોઈએ કે જે પુણ્યપાળનાં સ્વપ્નાં છે તે શાસનનાં સ્વપ્નાં છે. ભગવાન્ શ્રીભદ્રગુપ્તનું જીવનસર્વસ્વ શું હતું તે પહેલાં સમજી લેવું જોઈએ. ઘર, રાજ્ય, રિદ્ધિ, સિદ્ધિ, એમાંનું કાંઈ પણ એમના અંતરમાં વસેલું ન હતું, એમના અંતરમાં એટલું જ વસેલું હતું કે 'શાસન મારું છે, અને હું શાસનનો છું.' એટલા જ માટે તેમને આવેલા સ્વપ્નનો ફલાદેશ શાસનને લાગુ પાડવામાં આવ્યો છે. ત્યારે હવે વિચારો કે એ રીતે આજના જૈનોનાં સ્વપ્નાં પણ માટે શાસનને લાગુ પાડી શકતાં નથી, કારણ એ છે કે આજે આપણે શાસન સાથે તેટલી એકલતાનતા સાધી શકયા નથી, એનો અર્થ એવો નથી કે આજે દેવગુરુની આરાધના નથી થતી, આજે પણ દેવ, ગુરુ અને ધર્મની આરાધના તો થાય છે, પરંતુ એ સઘળું ફુરસદના કામ તરીકે થાય છે. અહીં તમારી દશા પેલા હઠીલા કણબી જેવી છે.

**મહાજન મારા માબાપ, પણ મારી ખીંટી તો ન ખસે.**

એક કણબી હતો. તેણે પોતાના ખેતરની હદ નક્કી કરતાં

પાડોશીનું પણ અડધું ખેતર પોતાનામાં સમાવી દીધું, અને ત્યાં ખીંટી મારી દીધી. પાડોશીએ જાણ્યું કે આ બલા સહેલાઈથી ટળી શકે એમ નથી, એટલે પાડોશી મહાજન પાસે ગયો, મહાજનને ફરિયાદ આપી અને પોતાને ન્યાય આપવા વિનંતી કરવા લાગ્યો. મહાજને પેલા કણબીને બોલાવ્યો અને પહેલાં તો ગામની રીત પ્રમાણે ઠપકો આપ્યો કે 'ભલા માણસ! ગામનો વતની થઈને આવી રીતે આડાઈ કરીને પાડોશીઓને હેરાન કરે છે!' પેલા કણબીએ તો જવાબ આપી દીધો કે 'મહાજન મારા માબાપ છે, પણ મારી ખીંટી નહિ ખસે' આજના જગતની સ્થિતિ એવી છે કે પારકાના ખેતરમાં પોતે મારેલી ખીંટી ખસેડવી નથી, અને મહાજનને માથે રાખવું છે.

પૌદ્‌ગલિક શિક્ષણ, પૌદ્‌ગલિક દૃષ્ટિ, પૌદ્‌ગલિક હેતુ આ બધું કાયમ રાખવું છે, અને ધર્મને માથે રાખવો છે, એનું નામ આપણી અને અને શાસનની તન્મયતા જ નથી, અને તેથી જ તમારાં સ્વપ્નાનો સંબંધ શાસન સાથે જોડી શકાતો નથી. શ્રીમાન્ ભદ્રગુપ્તસૂરિજીની શાસન સાથે તન્મયતા અદ્‌ભુત હતી. શાસન અને શ્રીભદ્રગુપ્તસૂરિજી જુદા હતા જ નહિ. એથી પુણ્યપાળરાજાને જે સ્વપ્નાં આવ્યાં છે તેનો ફળાદેશ ક. સ. શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ મહાવીરચરિત્રમાં જણાવ્યો છે. હવે એમને કયા કયા સ્વપ્નાં આવ્યાં હતાં. ફળાદેશ કેવા પ્રકારનો હતો, તે ફળાદેશ ભગવાન સ્વયં જણાવે છે.

> न दौस्थ्ये परचक्रे वा प्रव्रजिष्यन्त्युपस्थिते ।
> आत्तामपि परिव्रज्यां त्यक्ष्यन्ति च कुसङ्गतः ॥ ३३ ॥
>
> विरलाः पालयिष्यन्ति कुसङ्गेऽपि व्रतं खलु ।
> इदं गजस्वप्नफलं कपिस्वप्नफलं त्वदः ॥ ३४ ॥

પહેલું સ્વપ્ન હાથીનું આવ્યું હતું અને તે એવા પ્રકારનું હતું, કે હાથીને જ્યાં ત્રણે ઋતુની મજા છે એવી નવી શાળામાં લઈ જાય છે, પરંતુ હાથી એવી નવી શાળામાં જતા નથી, અને જે જાય છે તે પણ નીકળી જૂની શાળામાં પાછા આવે છે. આ હાથીના સ્વપ્નનો ફળાદેશ અહીં શ્રાવકોને લાગુ પાડવામાં આવ્યો છે, આને તમે સમજી શકશો કે એ સંબંધ કેવળ વ્યાજબી અને વાસ્તવિક પણ છે.

**સાધુની આવશ્યકતા શું ?**

હાથી મહાબુદ્ધિશાળી હોય છે, તેમ શ્રાવકસંઘ પણ મહાબુદ્ધિશાળી હોય છે. હાથી બુદ્ધિશાળી હોવા છતાં તેને દોરવાને મહાવતની આવશ્યકતા રહે છે, તે જ પ્રમાણે શ્રાવકો પણ મહાબુદ્ધિવાન હોવા છતાં, તેમને ધર્મમાર્ગે દોરવાને માટે મહાવત સમાન એટલે જેમ મહાવત હાથીને માર્ગમાં રાખે છે, તે જ પ્રમાણે શ્રાવકોને માર્ગમાં રાખનાર મહાવ્રતધારી સાધુઓ છે; હાથીને નવી હસ્તિશાળામાં દાખલ કરે છે પરંતુ તેઓ જતા નથી, અને જે જાય છે તે બહાર નીકળી જાય છે, એનો સંબંધ અહીં ગૃહવાસ અને સાધુપણા સાથે છે. હાથીઓ જૂનીશાળામાંથી નીકળતા નથી, તેનો સંબંધ શ્રાવકો સાથે એ રીતે સંયોજાયેલો છે કે શ્રાવકો પણ ધન, સમ્પતિ, પરિવાર ઇત્યાદિના લોભથી જૂની શાળારૂપી ઘરમાંથી બહાર નીકળતા નથી, અર્થાત્ ચારિત્ર ગ્રહણ કરતા નથી. માણસો સત્તા સમૃદ્ધિ ઉપર મોહ રાખી મૂકે છે, અને એ ઘર ઉપરનો મોહ લોકોથી છોડાતો નથી.

પ્રાચીન કાળની સ્થિતિનો વિચાર કરો, પ્રાચીન કાળમાં દેવતાઓ મનુષ્યો પર પ્રસન્ન થતા, અનેક ઉપભોગનીય વસ્તુઓ શ્રાવકોને આપતા હતા. હજારો દેવતાઓ ચક્રવર્ત્તિની સેવામાં હાજર રહેતા હતા. આ અસલની પ્રાચીનકાળની અપૂર્વ રિદ્ધિ હતી.

**રિદ્ધિ માત્ર ક્ષણિક છે.**

પરંતુ એ રિદ્ધિ પણ સદા સર્વદા ટકવાવાળી તો નથી. જ રિદ્ધિઓ સઘળી જ ક્ષણિક છે, તે પાર્થિવ અને નાશ પામવાના સ્વભાવવાળી છે. આજની દશા તો એનાથીએ વધારે બૂરી છે ! સોનું એ પૌદ્ગલિક દૃષ્ટિએ મહામૂલ્યવતી વસ્તુ છે, પરંતુ આજે તો તે પણ પડ્યું પડ્યું ધૂળ ખાય છે. સોનાનો ભાવ પણ સટ્ટો રમનારાઓના હાથમાં છે, અને ખેલ કેવો છે તે જુઓ. સટોડીયાઓ ભાવની તેજી કરે જાય અને ભાવ નીચા પાડે; તે લાવે શરાફો અને વેપારીઓને વેપાર કરવો પડે છે. ચાંદીનો ભાવ ૧૦૭ રૂપીઆ પણ થયો હતો અને ત્યાંથી ઘટીને ૯૩ પણ થયો હતો !

આ બધા દૃષ્ટાંતો ઉપરથી તમે આજની સમૃદ્ધિ કેવી ચંચળ છે તે સારી રીતે જાણી શકશો. ક્ષણિક રિદ્ધિ એ જ એનું લક્ષ્ય છે, રાજ્યનો

કારભાર પણ તેવો જ જુલ્મી હોય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તેઓ મોટી યોજનાઓ ઊભી કરશે અને પૈસા ઘટશે તો પ્રજા પર કર નાખશે. યુદ્ધો થશે અને દ્રવ્યહાની થાય તો પણ પરિણામ એ જ રીતનું. ક્ષણિક રિદ્ધિસિદ્ધિનો મોહ આમ ખોટો છે, તે છતાં સ્વપ્નમાં દર્શાવેલા હાથીઓ જેમ જૂની હસ્તિશાળામાંથી બહાર નીકળતા નથી, તે જ રીતે બુદ્ધિમાન શ્રાવકો રિદ્ધિસિદ્ધિના ખોટા મોહને વળગી રહી તેઓ જૂની શાળારૂપ ગૃહનો ત્યાગ કરીને ચારિત્ર ગ્રહણ કરતાં નથી.

**દુઃષમાકાળનો દુષ્ટ પ્રભાવ.**

હાથીઓ જૂની હસ્તિશાળામાંથી બહાર નીકળતા નથી એનો ફળાદેશ આપણે જોઇ લીધો છે. હવે હાથીઓ નવી શાળામાં પ્રવેશે છે તે પણ બહાર નીકળી જાય છે. એનો ફળાદેશ જોઈએ. નવી શાળા તે સાધુપણું છે. પ્રાચીન કાળમાં સત્ય અને જ્ઞાનપૂર્વક ત્યાગમાર્ગ લેનારા હતા, અને તે જ રીતે ત્યાગની ભાવના આરંભમાં ન હોય છતાં, આફતને અંગે સંસારનો ત્યાગ કરી દઇને ચારિત્ર લેનારા પણ નીકળતા હતા. દારિદ્ર આવતું, પત્ની પુત્રો ગુજરી જતા, સંકટ આવી પડતું હતું એટલે દુઃખીને એવી ભાવના થતી કે "અહો! આ સંસાર અસાર છે! હવે તેનો ત્યાગ કરીને ચારિત્ર લેવું એ જ હિતાવહ છે."

શત્રુનું સૈન્ય ચઢી આવતું હતું એટલે એવી ચિંતા રાજાઓને અને તેમના સૈનિકોને પણ થતી હતી કે લડાઈમાં હાર્યા કે જીત્યા જીવ્યા કે મરણ પામ્યા, તેના કરતાં આ સંસાર જ છોડી દઇએ તો કેવું સારૂં? આવા પ્રસંગે પણ ચારિત્ર ગ્રહણ થતું જ હતું. આ પ્રાચીન કાળની વાત કરી, પરંતુ આ તો દુઃષમાકાળ છે. દુઃષમાકાળનો પ્રભાવ જ એવો છે કે તેણે માણસોને દુષ્ટ બનાવી દીધા છે. પત્ની મરી જાય છે તો આ સંસાર પર તેથી ત્યાગભાવના આવતી નથી, પરંતુ તરત જ તે જ ક્ષણે એક પત્ની ચિતા ઉપર બળતી હોય, ત્યાં જ બીજી સાથે સગપણ થાય છે! આ કાળમાં તો માથે ભય આવી પડે છે તેઓથી પણ સંસાર છોડતો નથી, પરંતુ બહુજ વહાલો લાગે છે, કોઈ ચારિત્ર ગ્રહણ કરે તો બીજા જોઇએ એટલા હાથીની પાછળ ભસતા કૂતરા મળી આવે છે, જેઓ એમ બોલતા હોય કે "હવે સાધુ થયા? દુનિયાનું શું ભલું કરવાના હતા, કપાળ! આજના સાધુઓ

તો ભારરૂપ છે!" અને આટલું છતાં હાથીઓ નવી શાળામાં પ્રવેશે છે, પરંતુ પાછા નીકળી જાય છે; એનો ફળાદેશ એ છે કે શ્રાવકો નવી શાળારૂપી ચારિત્રમંદિરમાં પ્રવેશ કરે છે, પરંતુ દુષ્ટસંસર્ગથી પાછા ત્યાંથી ચાલી જાય છે. વીરલા જ નવી શાળામાં રહી આનંદ ભોગવે છે.

**વીરપુરુષોની હસ્તિ તો ખરી જ.**

હાથીઓ જૂની શાળામાંથી બહાર નીકળતા ન હતા અને નવી શાળામાં પેસીને બહાર નીકળી જતા હતા, એનો ફળાદેશ આપણે જોઈ લીધો છે. હવે કેટલાક હાથીઓ નવી શાળામાં રહ્યા છે, એવું જે સ્વપ્નમાં દેખાયું છે, તેનો ફળાદેશ તપાસીએ. એનો ફળાદેશ એ છે કે જેમ થોડા હાથીઓ શાળામા રહ્યા છે, તેમ દુઃષમાકાળ હોવાં છતાં પણ એવા વીરપુરુષો પાકશે, કે જેઓ ભગવતી દીક્ષાને અંગીકાર કરશે અને આખો જન્મ પૂરો થતાં સુધી અખંડ ચારિત્ર પાળશે અર્થાત્ લીધેલું ચારિત્ર સંપૂર્ણ રીતે પાળશે. આજે ચારિત્રની સામે આટલા આટલા હુમલાઓ થાય છે. દીક્ષા છોડનારાઓને માટે પૈસા, નોકરી, ધંધો, સ્ત્રી, ગૃહસ્થાશ્રમ બધું દીક્ષાદ્રોહીઓએ તૈયાર રાખ્યું છે, છતાં આવા દુષ્ટમાં દુષ્ટકાળમાં પણ આપણે જોઈએ છીએ કે સેંકડો વીરપુરુષો એવા નીકળે છે કે જેઓ એકાંત કલ્યાણકારી દીક્ષા અંગીકાર કરે છે એટલું જ નહિ, પણ તે આજન્મ પાળીને પોતાને અને જૈનશાસનને શોભાયમાન બનાવી રહ્યા છે.

**પારકું દેખાય છે, પોતાનું નહિ?**

प्रायः कपिसमा लोलपरिणामाऽल्पसत्त्वकाः ।
आचार्यमुख्या गच्छस्थाः प्रमादं गामिनो व्रते ॥१५॥
ते विपर्यासयिष्यन्ति धर्मस्था नितरामपि ।
भाविनो विरला एव धर्मोद्योगपराः पुनः ॥१६॥
धर्मश्लथेषु ये शिक्षां प्रदास्यन्त्यप्रमादिनः ।
ते तैरुपहसिष्यन्ते ग्राम्यैर्ग्रामस्थपौरवत् ॥१७॥
इत्थं प्रवचनात्तज्ज्ञातः परं हि भविष्यति ।
प्लवंगमस्वप्नफलमिदं जानीहि पार्थिव ! ॥१८॥

**બીજા સ્વપ્નમાં વાંદરો દેખાય છે.** તેનો ફળાદેશ શું છે તે સમજો. એનો ફળાદેશ એ છે કે માણસો વાંદરો જેમ ચંચળ છે, તેના જેવા ચંચળ પરિણામવાળા થવા પામશે,

હવે આજની જનતા સામે જુઓ. કોઈનું દુઃખ જોઈને “અરેરે! બિચારો મરી જાય છે!” એમ કરતાં એ લોકોને વાર લાગતી નથી અને બીજી બાજુએ તે જ માણસ ‘પાંચસો રૂપિયા રોકડા આપી સાતસો આપ્યા છે.’ એમ લખાવી વર્ષે વ્યાજ સાથે હજારનો દાવો માંડે છે. અને હુકમનામું થાય કે બીજે જ દહાડે જપ્તીઓ કરીને દેણદારને હેરાન-પરેશાન પણ કરી મૂકે છે. જનતા બીજાની નિંદા કરવામાં આજે તો પ્રવીણ બની ગઈ છે. “અરે ફલાણો! તદ્દન દેશદ્રોહી. ચુંટણીમાં ફલાણાને મત આપી દીધો. હડહડતો દેશદ્રોહ કર્યો!” એવાં વચનો ઉચ્ચારી પારકાની નિંદા કરવામાં કરવામાં જગત તૈયાર છે. આ રીતે નિંદા કરીને નિંદાખોર સામાને સમાજમાં હલકો પાડી શકે છે.

બીજી બાજુએ પોતાનો ભાઈબંધ કે મિત્ર હોય તો તેની ખોટી પ્રશંસા કરતાં પણ વાર લાગતી નથી, “ઓહ! ફલાણાલાલ! પહેલા નંબરના દેશભક્ત! ગાંધીજીના તો જાણે દાસ, દેશની હાકલ થઈ કે લડવાને તૈયાર!” આમ બોલીને પોતાના મિત્રોને વખાણનારા પણ છે. વખોડીને તમે બીજાને સમાજમાં હલકા પાડો છો, અને વખાણીને બીજા આત્માને પ્રસંશાપાત્ર બનાવો છો, પરંતુ એ સઘળામાં તમે શું કર્યું છે, તમારા પોતાના આત્માનું સ્થાન ક્યાં રાખ્યું છે, તમે તમારું કેટલું સુધાર્યું છે; એનો તો કોઈ વિચાર જ કરતું નથી! “ફલાણો માણસ મારે માટે આમ બોલતો હતો. એ મારા પ્રત્યે રાગદ્વેષ રાખે છે અને ફલાણો આમ કરતો હતો.” એવું પીંજણ તમે જ્યાં જુઓ ત્યાં સમાજમાં ચાલ્યા જ કરે છે.

**ચંચળતા કેવી રીતે ટળે?**

હવે આ પરિસ્થિતિનો બચાવ શું છે તે જુઓ. આ બધો ચંચળ-વૃત્તિનો પ્રભાવ છે, પરંતુ એ ચંચળવૃત્તિ સ્થિર કેવી રીતે થાય તેની કોઈપણ શોધ કરવાની તકલીફ લેતું નથી. ધૈર્ય હોય, ધીરતાથી બીજાનું કથન સાંભળવાની વૃત્તિ હોય, સાધુઓનો સદુપદેશ શાંતિથી સાંભળવા જેટલી ધીરજ હોય, તો તેનું પરિણામ એવું આવી શકે છે, કે જેથી ચંચળતાનો અંત આવે.

પરંતુ પહેલી વાત એ છે કે આજે કોઈને ઉપદેશ સાંભળવાનો

અવકાશ નથી. જો કોઈ ને સાંભળવાનો અવકાશ હોય તો તે સાંભળેલું ત્યાંને ત્યાં જ મૂકી જાય છે, જીવનમાં ઉતારતા જ નથી. એટલે એવાઓનો ઉપદેશશ્રવણનું કાંઈ મૂલ્ય નિષ્પન્ન થતું નથી. ધૈર્યવાન હોય તો તે પોતાની સ્તુતિ અથવા નિંદા પણ ચંચળ પરિણામે સાંભળે છે, અથવા તેમ ન થાય તો નિંદા કે પ્રશંસા એક પણ સાંભળતા જ નથી. અને સાંભળવાનો સમય આવી જ પહોંચે કે અનાયાસે ઉત્પન્ન થાય છે, તો પોતાની સ્તુતિ કિંવા નિંદા સાંભળતી વખતે ધૈર્ય રાખે છે.

આજના જનસમુદાયનું માનસ આથી ઉલટું ઉપર દર્શાવ્યું તે પ્રમાણેનું ચંચળ છે, અને આ ચંચળતા એકલા શ્રાવક શ્રાવિકાઓમાં જ હશે એમ ન માનશો. એ જ ચંચળતાથી આચાર્યાદિક પણ ઘેરાએલા હશે દુઃષમાકાળ ચાલતો હોવાથી અને સંઘયણની ખામી હોવાથી શાસનના માલિક આચાર્યભગવાનો તે પણ વ્રતમાં પ્રમાદવાળા થવાના, સ્વપ્નમાં વાંદરો દેખાયો તેનો આ રીતે ફળાદેશ છે. જેમ વાંદરો ચંચળ છે, તે જ પ્રમાણે જનતા પણ ચંચળ પ્રકૃતિવાળી–ચપળ પ્રભાવવાળી થશે, અને તેમના જીવનમાં પણ ચંચળતાની જ છાપ જણાશે. આજે પ્રત્યક્ષ રીતે આપણે આ પરિણામ જોઈ રહ્યા છીએ, એટલે આ સ્વપ્નનો ફળાદેશ કેવો સત્ય છે એની આપણને ખાતરી થશે.

**પ્રવૃત્તિ અને પદ્ધતિ.**

સ્વપ્નમાં બીજું એ દશ્ય જણાય છે કે વાંદરાઓ કે જે ચંચળ-વૃત્તિના છે તેઓ બીજાઓને અડપલાં કરે છે, એનો ફળાદેશ એ છે કહેવાતા જૈનઆચાર્યો પણ ધર્મમાં રહેલા શ્રાવકોને વિપર્યાસ–વિપરીત કરી નાખશે! જૈનશાસનમાં પ્રવૃત્તિ નથી પરંતુ પધ્ધતિ છે. ઢુંઢીયાઓના સંપ્રદાયમાં શાસ્ત્રોથી નહિ કહેવાએલા એવા સમકિતોનો સ્વીકાર થએલો છે. *તેઓ ચોથમલનું સમકિત, છોગમલનું સમકિત એવું કહે છે.* એ જ પ્રમાણે આ પતિતપાવન જૈનશાસનમાં પણ એવા આચાર્યાદિક થશે કે જેઓ બીજા દર્શનોમાં રહેલા ભદ્રિક ભવ્યજીવોનો વિપર્યાસ કરી નાખશે. શાસ્ત્રે આ એક સામાન્ય લક્ષણ વર્ણવ્યું છે, પરંતુ તે તમોને જણાવતાં, તેની સાથે જ બીજી એક મહત્ત્વની વાત તમોને સ્મરણમાં રખાવવાની જરૂર છે. બધા જ આચાર્યાદિકો એવા થશે અથવા એવા છે એમ માની

લેવાનું નથી. કોઈ કોઈ એવા પણ થશે કે જેઓ ધર્મમાં અને ધર્મકાર્યોમાં જ દૃઢ ઉદ્યમવાળા હશે. અને અપ્રમાદપણે શાસનસેવા એ જ તેમનું ધ્યેય હશે; છતાં ઉપરનું જે લક્ષણ કહ્યું છે તે સામાન્યપણે સમજવાનું છે.

શાસ્ત્રકારોએ તો 'જિનપન્નતં તત્તં' એવું સ્પષ્ટ રીતે કહ્યું છે. શાસ્ત્રકારોએ ચોથમલનું સમકિત એમ કહ્યું જ નથી છતાં સ્થાનકવાસી સંપ્રદાય ચોથમલનું સમકિત સ્વીકારે છે! શાસ્ત્રોના શબ્દે શબ્દને વફાદાર રહેવાનો જૈનસાધુનો ધર્મ છે. જૈનશાસનનો રક્ષણહાર તે જૈનસાધુ છે. આટલું છતાં જૈનસાધુ થઈને શાસ્ત્રે ન કહેલા શાસ્ત્રના અર્થો કરવા, એ તો મહાભયાનક પાપ છે; એટલું જ નહિ પરંતુ ચારિત્ર અંગીકાર કરતી વખતે શાસનને વફાદાર રહેવાની પ્રતિજ્ઞાનો તેથી લોપ થાય છે. પણ તેઓ તેનીએ દરકાર રાખતા નથી એ મહાખેદજનક છે. આ સ્થિતિમાં કોઈ સુધારનારા અથવા કોઈ શિખામણ દેવાવાળા પણ સાંપડશે નહીં. આ સઘળો સ્વપ્નમાં દેખાએલી વાંદરાની ચંચળતાનો ફળાદેશ છે.

## વ્યવહારમાં કબૂલ પણ ધર્મમાં કબૂલ છે?

વળી વાંદરાની ચંચળતા ઉપરાંત તેની અડપલાં કરવાની વૃત્તિનો ફળાદેશ એ છે, કે એવી જ ચંચળતા માણસો પણ ધારણ કરશે. કેટલાક જીવો અનાદિના સંસ્કારને લીધે-કર્મસંયોગોને લીધે ધર્મકાર્ય પરત્વે પ્રમાદવાળા હોય છે. આવા પ્રમાદવાળાને જેમનામાં ધર્મના સંસ્કારો જાગૃત હોય છે તેઓ શિખામણ આપે છે, કે " ભાઈ! અત્યારે ગમે તેટલું સુખ હોય પણ જગત તો અસાર છે. સંસાર આજે છે પણ કાલે નથી. ધન, પુત્ર, કલત્ર, યૌવન, આબરૂ સાગરની ભરતી ને ઓટ જેવા છે. મળે છે ને ચાલ્યા જાય છે! પ્રાપ્ત થાય છે અને નષ્ટ પણ થાય છે, માટે સઘળું છોડીને ધર્મપ્રવૃત્તિમાં દૃઢ થાઓ તો ઠીક!"

આવી શિખામણ કાંઈ એકલા ધર્મકાર્યમાં જ દેવાય છે એવું નથી, પરંતુ વ્યવહારમાં પણ એમ જ થાય છે. એક સ્થળે મૃત્યુ થયું હોય તો પાડોશની બાઈ જઈને જ્યાં મૃત્યુ થયું હોય તેમને શિખામણ આપશે. આશ્વાસનના બે શબ્દો કહેશે અને ધીરજ આપશે. વળી એ ધીરજ આપનારીને ત્યાં મરણ થશે તો વળી પેલી બાઈ આવીને એને

શિખામણ આપશે. બંને બાઈઓ સારી રીતે જાણે છે કે આવી રીતે આશ્વાસન આપવામાં કશી જ નવીનતા નથી. માત્ર એક સામાન્ય વસ્તુ છે છતાં પરસ્પર બંને એક બીજાની શિખામણને સાંભળી રહે છે. ત્યારે ધર્મમાં પરાંગમુખ થએલાને કોઈ શિખામણ દેવા જાય કે "અલ્યા! આઠ દહાડામાં એક દહાડો તો સામાયિક ઉપસાસ કર!" તો પેલો પ્રમાદી સામો ગાળો દેતો આવશે! "બેસ! બેસ! હવે તું મોટો ભગતડો થઇ ગયો છે. જોયો! પારકા છોકરાને જતિ બનાવવા આવે છે!"

હવે ખ્યાલ કરો કે ધર્મમાં દૃઢ રહેવાની શિખામણ પણ ન સાંભળી શકનારો પ્રમાદી વધારે બુદ્ધિશીલ છે, કે પેલી દુઃખ બાયડીઓ કે જે પરસ્પરનું આશ્વાસન સાંભળી લે છે તે સ્ત્રીઓ વધારે બુદ્ધિશાળી છે? શહેરનો મનુષ્ય શીખેલો ભણેલો જ્ઞાનવાળો હોય, અને તે ગામડામાં જઈને અભણ ગામડીઆઓને શહેરની સમૃદ્ધિની કિંવા વૈજ્ઞાનિક ચમત્કારોની વાત કરશે તો તે વાતનું હાર્દ જાણવાનું તો બાજુ રહ્યું, પરંતુ ઉલટા ગામડીઆઓ પેલા શહેરીને જ હસવા મંડી જાય છે, એ જ રીતે અપ્રમાદી પ્રમાદીને શિખામણ આપવા જશે તો પ્રમાદી અપ્રમાદીની જ મશ્કરી કરવા નીકળશે.

## આપણું એટલું સોનું અને પારકું એટલું પિત્તળ.

શ્રીમાન્ ભદ્રગુપ્તસૂરિજીને સ્વપ્નું આવ્યું હતું ત્યારની સંઘની સ્થિતિ પ્રવચન જેવી હતી, તે પલટાઈ જવાની, તેથી ફળાદેશ જણાવવામાં આવ્યો છે. પહેલાં શાસનમાં સઘળાની સ્થિતિ પરમ પવિત્ર-પ્રવચન જેવી હતી. દરેકના અંતરમાં ભાવના એ હતી કે "શાસન મારું છે અને હું શાસનનો છું. શાસનની ઉન્નતિ કરવી એ મારો ધર્મ છે, મારી ફરજ છે." તે સ્થિતિ હવેથી પલટાશે. એ સ્થિતિ ગૌણતાને ધારણ કરશે, એ વ્યક્તિ પોતે પોતાને મહત્તા આપી પોતાની સ્થિતિને આગળ કરશે.

અત્યાર સુધી મહત્તા શાસનની હતી, અને પોતે તેના એક સોગટા જેવો હતો. હવે મહત્તા પોતાની આગળ કરશે અને શાસનને એક સોગટા માફક રાખશે. "શાસન? શાસન? શાસનસેવા" એવા શબ્દોચ્ચાર મોઢેથી કાઢશે ખરા, પણ મહત્ત્વ તો પોતાને જ આપશે!

"મારે લીધે આમ થયું. મારે લીધે ફલાણો જિર્ણોદ્ધાર થયો! મારે લીધે શાસનસેવાના ક્ષેત્રમાં આટલા રૂપીઆનો ફાયદો થયો!" વાત શાસનની કરે છે પણ બધું થયું તે કોને લીધે? તો કહેશે કે "મારે લીધે!" પોતે આવે, તે સમયે જો હજારો ગામડાંઓમાંથી માણસો ભેગા થઈને આવે, લાખો રૂપિયાનો ખર્ચ થાય, અને પોતાનું સામૈયું થાય તો કહેશે કે "અહો! શાસનની કેટલી ઉન્નતિ થાય છે. ખરેખર શ્રાવકોને ધન્યવાદ ઘટે છે કે તેઓ શાસનસેવાના કાર્યમાં આવા ઉદ્યમવંતા છે." પરંતુ પંદર દિવસ પછી એવો જ બીજો બનાવ બને તો કહેશે કે "અરે! આ પૈસાનો કેટલો ધુમાડો!"

એમ કલ્પી લો કે એક ગામમાં નગરશેઠને ત્યાં લગ્ન છે. ગામડામાંથી હજારો માણસો આવ્યા છે. એવામાં મુનિ કીર્તિસાગર કે મુનિ હેમસાગર એ નામના જૈનસાધુ આવી ચઢે, અને પેલા લગ્નનિમિત્તે ભેગા થએલા માણસો મહારાજનું ભવ્ય સ્વાગત કરે તો કહેશે કે "અહોહો! કેવા મૂર્ખા જૈનો! આમ સામૈયામાં આટલો બધો ખરચ કરી નંખાય? એના કરતા આટલી રકમ સમાજ સેવામાં અથવા કેળવણીમાં આપી હોત તો હજારો વિદ્યાર્થીઓનું કલ્યાણ થઈ જાતને."

હવે આ સ્થિતિ વિચારો પોતાને અંગે સામૈયું થયું અને હજારોનો ખર્ચ થયો તે છતાં એ સ્થિતિ ચાલતી નથી! ત્યારે તો એમ કહેવામાં આવે છે કે "કેવો આ ભાવિક જૈનોનો ગુરુ પરત્વે અપાર પ્રેમ!" "અને બીજાને અંગે અન્યનિમિત્ત હોવાથી ભવ્ય સામૈયું થાય છે, અને પૈસાનો પણ ખર્ચ ન થયો હોય તોપણ કહેશે કે "જૈનો તો જાણે તેરમા સૈકામાં જ જીવે છે! છે એ લોકોને પૈસાની કિંમત! મહાનુભાવો! આ આપણું એટલું સોનું અને પારકું એટલું પિત્તળ!

આ સડેલી મનોદશાનો જરા વિચાર સરખો પણ કરશો તો તમારા હૈયાં કંપવા લાગશે, બીજાને અંગે ખર્ચ ન થયો હોય તો પણ કહેવું છે કે હજારોનું પાણી થઈ ગયું છે અને પોતાને અંગે ખરેખર ખર્ચાયા હોય તો પણ એવું કહી દેવાને જીભ તૈયાર જ છે કે "કેવી શાસનોન્નતિ થઈ!" અફસોસ! બીજાને અંગે 'પાણી અને ધુમાડો' શબ્દો વપરાય છે. અને પોતાને અંગે ખર્ચ થયો હોય તો કહે 'શાસનઉન્નતિ' થાય છે.

**શાસનને પડદા તરીકે જ રાખે છે.**

આવી મનોવૃત્તિવાળાઓનું માનસ તમે સ્પષ્ટ રીતે સમજી શકશો કે તેઓ માત્ર શાસનને પડદા તરીકે જ વાપરે છે, મદારી જેમ પ્રેક્ષકોને ભૂલાવામાં નાંખવા માટે પડદો વાપરે છે, પરંતુ અંદર–પડદામાં જાતજાતની નવીનતા, કૃત્રિમતા અને વિચિત્રતાને રચીને જ્યારે પડદો ખોલે છે, ત્યારે સમાજને ચકિત બનાવી દે છે, તે જ પ્રમાણે શાસનને પડદા તરીકે વાપરવું છે પરંતુ મહત્ત્વ પોતાને આપી શાસનને નામે પોતાની કાંઈ કાંઈ વાતો, વિરોધ વગેરે રજુ કરવું છે. પોતાની ભૂલ પોતે ભૂલી જાય છે અને બીજાની ભૂલ શોધી શોધી આગળ કરવામાં આવે છે. પોતાની ભૂલ પર્વત જેટલી હોય તોપણ તે દેખાતી નથી, પરંતુ બીજાની ભૂલ રાઈ જેટલી હોય તો પણ તે પર્વત જેટલી લાંબી પહોળી કરીને દેખાડવામાં આવે છે. મદારીની માફક એ બધી માયા લીલાની આગળ પડદો રાખેલો હોય છે શાસનનો!

શાસનના પડદાની નીચે સ્વાર્થ સધાય છે. આ સઘળું શા માટે થાય છે તેનો હવે જરા વિચાર કરી લેજો. સઘળાનું કારણ એ જ છે કે પહેલાં શાસનની સેવાનું ધ્યેય હતું, શાસનની ઉન્નતિનું જ ધ્યેય હતું, પછી એ કાર્ય ગમે તેને હાથે થાઓ, પણ શાસનઉન્નતિ થવી જોઈએ એ વાત હતી. હવે એ ધ્યેય જ પલટાયું છે. શાસનની ઉન્નતિની વાત નથી રહી, અને પોતાની જ પ્રશંસા–કીર્તિની વાતને આગળ કરવામાં આવે છે. આ રીતે શાસનની સેવા થાય છે એવો કોઈને ખ્યાલ હોય તો તે ખોટો છે.

આ રીતે તો સાફ સાફ આત્માની અને શાસનની અવજ્ઞા જ થાય છે. વાંદરો, તેની ચપળતા અને તેનું અડપલાપણું એ બધાનો ફળાદેશ એ કહેવાયા છે કે હવેથી મોટે ભાગે શાસનની અવજ્ઞાનું કાર્ય થયા કરશે.

क्षीरद्रुतुल्याः सुक्षेत्रो दातारः शासनार्चकाः ।
श्रावकास्ते तु रोत्स्यन्ते लिङ्गिभिर्वचनापरैः ॥३९॥
तेषां च प्रतिभास्यन्ति सिंहसत्त्वभृतोऽपि हि ।
महर्षयः सारमेया इवासारमतिस्पृशाम् ॥४०॥
आदास्यन्ते सुविहितविहारक्षेत्रपद्धतिं ।
लिङ्गिनो बब्बूलसमाः क्षीरद्रुफलमीदृशम् ॥४१॥

(૩) સુક્ષેત્રનો મહિમા.

હવે ત્રીજા સ્વપ્નમાં જે **ક્ષીરવૃક્ષ** દેખાયું છે અને **તેની આસપાસ ચારે બાજુએ કાંટા** દેખાયા છે. તેનો ફળાદેશ જુઓ.

ક્ષીરવૃક્ષનો ફળાદેશ એ છે કે-ક્ષીરવૃક્ષ સમાન સુક્ષેત્ર છે. આ સુક્ષેત્રોને વિષે જે દાન દેવાય છે તે દાન મોક્ષને અંગે છે. ત્યારે હવે કોઈ એવો પ્રશ્ન કરશે કે એ સાત ક્ષેત્રોને વિષે દેવાયેલું દાન તે જ જો મોક્ષને અંગે હોય તો શું અનુકંપા દયાથી દેવાય છે તે દાન દેવાયું હોય તો શું તે પણ મિથ્યા માની લેવાનું છે?

નહિ જ! દયાથી દાન આપવાની મનાઈ તો છે જ નહિ, દયાથી પણ દાન દેવાનું કાર્ય કરણીય છે, પરંતુ દયાથી દાન દેવું, અને સાત ક્ષેત્રોને વિષે દાન દેવું; એના ફળમાં ભારે ફરક છે. સાત ક્ષેત્રોમાં જે દાન દેવાય છે તે દાનમાં ભક્તિ પ્રધાનપણે છે, અને દયાથી જે દાન દેવાય છે તે દાનમાં દયા પ્રધાનપણે છે. સાત ક્ષેત્રોમાં અપાએલું દાન મોક્ષને માર્ગે લઈ જાય છે, જ્યારે દયાથી દેવાએલું દાન લાગણીઓને દબાવીને દઈ શકે છે. એટલા જ માટે કલિકાલસર્વજ્ઞ, ગુર્જરરત્ન શિરોમણિ ભગવાન હેમચંદ્રાચાર્યજી મહારાજ ફરમાવે છે કે:–

इत्थं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चातिदीनेषु महाश्रावकमुच्यते ' ॥

અર્થાત્ સાત ક્ષેત્રોમાં અપાએલું દાન મોક્ષમાર્ગ સાથે જોડાણ કરે છે. અને ગરીબો માટે જે દાન દેવાય છે તે દાન લાગણીઓને દબાવે છે, લાગણીઓને વશ રાખે છે. આજ કાલ આ બાબતમાં પણ ઉલટી જ મનોદશા પ્રવર્તેલી હોય એવું જણાયા સિવાય રહેતું નથી.

આજે ભક્તિને પાછળ કરવામાં આવે છે. અને દયાને આગળ કરવામાં આવે છે. ઉત્સવો–મહોત્સવો ઈત્યાદિ થાય છે ત્યારે વિરોધીઓ તરફથી વારંવાર એવા પ્રહારો થતા આપણે સાંભળીએ છીએ, કે શ્રાવકોને જે વખતે રોટલાને અંગે પણ સાંસા છે, તેવા વખતમાં ઓચ્છવો શોભતા નથી. આવા શબ્દો કેમ ઉચ્ચારાય છે તેનો વિચાર કરજો! આવા શબ્દો ઉચ્ચારવાનું કારણ એટલું જ છે, કે દેવપૂજા વગેરે ભક્તિક્ષેત્રો અને તેના મર્મોને આપણે હજુ સમજી શકયા નથી.

જો એ મર્મોને આપણે સમજી શકયા હોત તો આપણા મુખમાંથી આવા શબ્દોનો ઉચ્ચાર સરખો પણ નીકળી શકત નહિ. દયાથી દાન આપવાનું કોઈ અસ્વીકાર કરતું નથી. દયાથી દાનનું કાર્ય પણ કરણીય છે એમ તો બધા માને છે. પરંતુ ભક્તિક્ષેત્રના ભોગે દયાથી દાન કરણીય છે એવું શાસ્ત્રકારોએ કદીપણ માન્યું નથી અને એવું તેઓ માની શકે એમ પણ નથી.

શાસ્ત્રકારો તો સ્પષ્ટરીતિએ એમ જણાવે છે કે સુક્ષેત્રે એટલે સાત ક્ષેત્રોમાં જે દાન દેવાય છે તે દાન પરંપરાએ મોક્ષદેવાવાળું છે, ત્યારે હવે દયાનો શો પ્રભાવ છે તે વાત વિચારી જોઈએ. દયા નિષ્ફળ નથી, દયાથી જે દાન થાય છે તે દાન ભવાંતરમાં રિદ્ધિ સિદ્ધિ આપનાર છે, એટલે ભવાંતરોમાં જ એ દયાનો છેડો આવી જાય, ત્યારે ભક્તિની સ્થિતિ એવી છે કે તે મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી ટકી શકે છે.

દયાના ભાવથી જે દાન થાય તેના પ્રભાવે બીજા ભવમાં રિદ્ધિ સિદ્ધિ મળે છે, પરંતુ તે રિદ્ધિ ભોગવાઈ જાય છે એટલે દયાનો પ્રભાવ ખલાસ થાય છે. ત્યારે બીજી બાજુએ મોક્ષ ભક્તિક્ષેત્રથી છે, હવે ભક્તિ કેવી હોઈ શકે છે તેનો જરા ખ્યાલ કરજો. એક સાધારણ રમુજી ઉદાહરણ લો. સાધર્મિકવાત્સલ્ય એટલે સમાનધર્મી ભાઇની–જૈનધર્મ-પાળનારની ભક્તિ કરવી. કોઇપણ જૈનધર્મ પાળનારને દાન આપવું એ સાધર્મિકભક્તિ છે. હવે કોઈ શ્રાવક એવી દલીલ કરે કે, 'મારી પત્ની પણ શ્રાવિકા છે, અને હું તેને પાળું છું એટલે સાધર્મિકભક્તિ થઈ ગઈ. હવે મારે બીજાની ભક્તિની શી આવશ્યકતા છે?' મહાનુભાવો! હવે વિચાર કરો કે દલીલ કેટલી યોગ્ય છે?

## સાધર્મિક ભક્તિ એટલે શું?

જેઓ આવું વચન બોલે છે તેઓ સ્વામિવાત્સલ્ય એટલે શું? તેની કશી કિંમત સમજતા નથી. જૈનધર્મીની સેવા ભક્તિ કરવી એટલે જ સ્વામિવાત્સલ્ય હોય, તો પછી સ્ત્રી અને પુત્રોને પોષવા એ સ્વામિ-વાત્સલ્ય શા માટે ન ગણી શકાય? એવું પૂછનારાને પણ સંતોષકારક ખુલાસો તો આપવો જ રહ્યો. સાધર્મિકવાત્સલ્ય તો તેને કહી શકાય કે પોતાનો સ્વાર્થ ન હોય એ રીતે નિઃસ્વાર્થપણે અને મોક્ષમાર્ગની

બુદ્ધિથી સાધર્મિકની જે કાંઈ-સેવા થાય છે તે જ સાધર્મિકવાત્સલ્ય છે. અન્ય રીતે જૈનોને પોષવા તે સાધર્મિક વાત્સલ્ય નથી જ. શેઠ જૈન નોકર રાખી તેને બાર રૂપિયાનો પગાર આપી, સવાર સાંજ દાળ, ભાત, શાક આપતો હોય તો શેઠ સ્વામિવાત્સલ્ય કરે છે એમ નહિ જ કહી શકાય. વ્રતધારીઓમાં તીવ્રતા મંદતા ભલે હોય, પરંતુ ભક્તિ કરનારાઓએ તો માત્ર એટલું જ જોવાનું છે કે જેની તે સેવા કરે છે તે પોતાને જૈન કહેવડાવતો હોય એટલે બસ છે. જેને ગણધરભગવાનોને વંદના કરવી હોય તે ગણધર ભગવાનોને પણ વંદના કરી શકે છે.

જે આત્માને જે બાજુએ ધર્મસેવા કરનારનો ઉલ્લાસ થાય તેને તે માર્ગે ધર્મસેવા કરવાની છૂટ છે. શાસન આવી છૂટ આપે છે, પરંતુ જગતમાં દેવદ્રવ્યને ભોગે જેને પોતાની પેટપૂજા કરવી છે, તેઓ તો સાધર્મિકવાત્સલ્ય ઉપર પણ પિકેટિંગ કરવા તૈયાર થાય છે. પૈસો ખરચનારનો પોતાનો છે, તેને એ પૈસા પોતાની ઈચ્છા પ્રમાણે ધર્મ-માર્ગે વાળવો છે, પરંતુ તે છતાં ત્રીજા માણસને એમાં દખલગીરી કરવાનો પોતાનો હક્ક જણાવે છે. આવા શઠાનંદોને એટલું જ કહેવું કે "મહાનુભાવો! તમે જરા ધર્મમાં રહી તો બતાવો! ધર્મ એ શી ચીજ છે તે જરા સમજો તો ખરા! પણ એ પેકેટિંગની પાઘડી પહેરી ફરનારા કોણ છે તેનો તમે કદી ખ્યાલ કર્યો છે?

આ ભાઈઓ આપણી બેદરકારીને પરિણામે સંસ્કારહીન થયેલા નામધારી જૈનો છે કે જેમને વિદ્યા આપીને તમે જ તૈયાર કર્યા છે. વિદ્યાલયો પાછળ છેલ્લાં ચાલીસ વર્ષ સુધી સતત પરિશ્રમ કરનારા કોણ હતા? એ સંસ્થાને ધનથી પોષનારા કોણ હતા? ત્યાં ભણનારાઓ માટે બોર્ડિંગો બંધાવી દેનારા કોણ હતા? તમે તમારા છોકરાને માટે પૈસા ખચ્યો ન હતા. તેમને કપડાં લત્તાનું ઠેકાણું ન હતું, પરંતુ તે છતાં પણ તમે તમારી ફરજ વિચારીને, તમારો ધર્મ સમજીને એ સંસ્થાઓને હજારો રૂપિયા આપ્યા હતા, પરંતુ એ સઘળી સંસ્થાઓનું આજ ચાળીસ વર્ષે સરવૈયું તપાસશો તો જણાઈ આવશે કે તમારા એ વિદ્યાલયો શાસનની સામાં પડયાં છે. ચાળીસ વર્ષનો સતત પરિશ્રમ અને પૈસો સંઘનો વપરાયો હતો, સંઘના દાનનો

પ્રવાહ એ રસ્તા પાછળ વહ્યો હતો, છતાં આજે એ દશા આવી છે કે તેમાંથી કેટલીક સંસ્થાઓ શાંતિ અને સેવા આપવાને બદલે અશાંતિ આપે છે.

દીક્ષાની આખી હિલચાલનો પ્રશ્ન આ સંસ્થાઓ સાથે જોડી દો અને પછી ફળનો વિચાર કરો. આ વિદ્યાલયોના પરિપાકરૂપ જેઓ નીવડયા હતા, તેમણે જ વડોદરા રાજ્યને એમ સ્પષ્ટ લખી દીધું હતું કે 'દીક્ષા બંધ કરવાના સંબંધમાં અમે કાંઈ કરી શકતા નથી. અમે અશક્ત છીએ, માટે તમે વચ્ચે પડો અને દીક્ષા બંધ કરાવો.' શાસનસેવકોએ એવા ઉન્માદીઓને કહ્યું કે "ભાઈઓ ! તમે મોઢે સ્વરાજ અને સ્વતંત્રતાની તો વાતો કરો છો, તો પછી જૈનધર્મની જે રહી સહી સ્વતંત્રતા છે તેને પણ રાજ્યને વચ્ચે નાખીને શા માટે લૂંટાવી દો છો ? તેના કરતાં તો આપણા વચ્ચે ધર્મના સિદ્ધાંતોની વિચારણા-પૂર્વકની સમાધાની માટે વધારે અવકાશ છે !" તો કહે, "ના ! અમારે ધર્મનું એક બિંદુ પણ ન જોઈએ, અમારે તો રાજ્યને વચ્ચે નાખીને જ કાર્ય કરવું છે." સાધુઓને છ મહિનાની જેલ થાય એ વાતને પણ તેમણે જ અપનાવી લીધી હતી. આ છે જૈનોએ આપેલા ભોગનું ફળ.

### દેવદ્રોહીઓનો પડછાયો પણ નકામો છે.

હવે દયાથી દાન અથવા સુક્ષેત્રે દાન આપવાનું હોય તેમાં પણ આવી સંસ્થાઓને દાન આપી શકાય કે કેમ તે વિચારજો ! આવી સંસ્થાને પોષવી એનો અર્થ અનુભવે તો એ જ જણાવી દીધું છે કે શાસનના શત્રુઓ જ પેદા કરવા. આટલું જાણ્યા પછી કયો બુદ્ધિમાન માણસ હશે કે જે આવી સંસ્થાઓને દાન આપવાને પ્રેરાશે ?

યાદ રાખજો કે ઓછી ક્રિયા કરવાવાળા હોય, ક્રિયા ન કરનારા હોય, તેવા આ શાસનને પાલવે છે, પરંતુ શાસનની વિરુદ્ધ બોલનારા, શાસનની જડ ખોદનારા તેવા આ શાસનને પાલવે એમ નથી. મનુષ્ય પોતે પોતાના પૈસાનો સ્વામી છે. તેમાંથી કોઈને સાધુને વહેરાવવાના કાર્યમાં દ્રવ્યવ્યય કરવાનો ઉલ્લાસ થાય છે, તો કોઈને સાધર્મિક વાત્સલ્યમાં દ્રવ્યવ્યય કરવાથી આનંદ–ઉલ્લાસ થાય છે ! છતાં આવી રીતે

ધર્મમાર્ગે પૈસા ખર્ચનારને પણ હેરાન કરનારા પેલી સંસ્થાઓએ જન્માવ્યા છે, તો હવે વિચાર કરો. એમણે ધર્મને માટે કમ્મર બાંધીને લડનારી કેટલી સંસ્થા ઊભી કરી છે? અરે! અમે જેને શાસનની ઉન્નતિ કહીએ છીએ તેવાં કાર્યો તમે ન કર્યાં તો ભલે ન કર્યાં તમે પણ તમારી જ દૃષ્ટિએ જૈનસમાજનું શું ભલું કર્યું છે તે તો બતાવો! જવાબ કાંઈ જ નથી. આવી સંસ્થાઓને પૈસા આપવા એ નથી તો દયાવાળું દાન અથવા નથી તો સુપાત્રે દાન.

**દાનનું ઉત્તમ ક્ષેત્ર**

દાનનું ઉત્તમ ક્ષેત્ર તે પંચમહાવ્રતધારી સાધુઓ છે અને મધ્યમપાત્ર તે શાસનમાં શ્રદ્ધા રાખનારા શ્રાવકો છે. શ્રાવકોની અપેક્ષાએ સાધુઓ અનંતગણા પાત્ર છે, અને તે જ રીતે સાધુની અપેક્ષાએ જિનેશ્વરો અનંતાગણા પાત્ર છે. છતાં યાદ રાખવાની જરૂર છે કે કોઈકવાર સાધર્મિકની ભક્તિ કરનારો હોય તે તીર્થંકરની ભક્તિ કરનાર કરતાં પણ વધારે મેળવી જવામાં ફતેહમંદ થાય છે. તરવાની બુદ્ધિથી જે ક્ષેત્રનું પોષણ થાય છે એવા ક્ષેત્રમાં પૈસા આપે છે તે પૈસા પગ લઈને આવે છે. લક્ષ્મી તો ચંચળ છે. એ કોઈ દિવસ સ્થિર રહી નથી અને રહેવાની પણ નથી જ.

જે માણસને જેવો શોખ હોય છે તેવા ક્ષેત્રમાં તે પોતાને મળેલા પૈસા ખરચે છે. જેને ધર્મ ઉપર રૂચિ હશે તે પોતાને મળેલા પૈસા ધર્મમાર્ગે વાપરશે. વ્યભિચારી હશે તે પોતાને મળેલા પૈસા તેવે જ માર્ગે વાપરશે, અનાર્યો પણ પોતાને યોગ્ય લાગે ત્યાં પૈસા ખરચે છે. પૈસો એનું નામ જ સમજી લ્યો કે ખરચવાની વસ્તુ. એટલા જ માટે શાસ્ત્રકારો કહે છે કે તે દાતાર છે કે જે સારા ક્ષેત્રમાં દ્રવ્ય વાવે છે. જેઓ પારકા ખેતરનું અનાજ લાવીને વાવે છે, તે વાવનારા આત્માના ગુણથી શૂન્ય છે એમ જ સમજી લેવાનું છે. ગુણવાળાને જ હંમેશાં સહાય કરવાની છે અને તેણે પણ ગુણને અંગે જ સહાય લેવાની છે; મોક્ષાભિલાષી એવી જ ઈચ્છાથી સારા ક્ષેત્રમાં દાન કરે છે. શાસનના પૂજારીઓ હોય છે તેમની નિઃસ્વાર્થવૃત્તિએ, મોક્ષની ભાવનાથી, સેવા કરવી એ કરણીય છે, પણ શાસનનો વિરોધી હોય તેને તો બારણામાં પણ ઊભો રાખવાનો નથી.

જમાલિ રાજપુત્ર હતા. ૫૦૦ રાજપુત્રો સહિત ભગવાન પાસે દીક્ષા લીધી હતી, પરંતુ જ્યાં તેમનો શાસનવિરોધ ખૂલ્લો થયો કે તરત જ તેમને શાસન ત્યાગી દે છે. આ ઉપરથી જૈનશાસનમાં વફાદારીનું કેવું મહત્ત્વ છે તે જાણી શકાશે. ચાહે રાજપુત્ર હોય, ચાહે તે હોય પણ જે સમયે ત્યાંથી શાસનવિરોધી સૂર નીકળે છે કે બધા સંબંધો ખલાસ થાય છે! આ ઉપરથી માલુમ પડે છે કે ભક્તિથી સુક્ષેત્રમાં જે દાન આપવાનું છે તે સઘળું જૈનશાસનની પૂર્ણ શ્રદ્ધાવાળાઓને જ આપવું જોઈએ, કે જેઓ શાસનમાં અનુરક્ત હોય!

આ પ્રકારે વિવેકપૂર્વક દાન દેવાવાળા શાસનના વફાદાર પૂજારી અને ધર્મમાં અનુરકત એવા શ્રાવકો હશે, તે છતાં તેઓ તુચ્છ બુદ્ધિવાળા હોવાથી સિંહસમાન ધૈર્યશીલ એવા મહર્ષિઓ પણ તેમને કૂતરા જેવા ભાસમાન થશે. મહર્ષિઓ પોતે જો કે અપાર સત્ત્વવાળા છે, તેઓ શાસનની શોભારૂપ છે અને સત્યના શણગાર જેવા છે, તે છતાં પણ તુચ્છ બુદ્ધિવાળા શ્રાવકોને કૂતરા માફક સત્ત્વ વગરના, સિંહસરખા પરાક્રમવાળા મહર્ષિઓ ભાસશે. જ્યાં સારા સાધુઓ વિહાર કરી શકે, પંચ મહાવ્રતો પાળનારા સાધુ મહારાજો જ્યાં વિહાર કરી શકે એવા સારા ક્ષેત્રોને નામધારી સાધુઓ રોકી દેશે. સારા સારા ક્ષેત્રો સાધુ લિંગધારી છતાં વર્તને અસાધુ જેવા હશે તે લઈ લેશે. આ સઘળું સ્વપ્નામાં ક્ષીરવૃક્ષ દેખાયું હતું તેનો ફળાદેશ જણાવ્યો.

> धृष्टस्वभावा मुनयः प्रायो धर्मार्थिनोऽपि हि ।
> रंस्यन्ते नहि गच्छेषु दीर्घिकाम्भःस्विव द्विकाः ॥ ४२ ॥
> ततोऽन्यगच्छिकैः सूरिप्रमुखैर्वंचनापरैः ।
> मृगतृष्णानिभै सार्धं चलिष्यन्ति जडाशयाः ॥ ४३ ॥
> न युक्तमेभिर्गमनमिति तत्रोपदेशकान् ।
> बाधिष्यन्ते नितान्तं ते काकस्वप्नफलं ह्यदः ॥ ४४ ॥

## (૪) કાક સ્વપ્નનું ફળ.

**ચોથા સ્વપ્નમાં કાગડાઓ દેખાય છે.** તેનો ફળાદેશ એ છે કે કાગડાઓ પાણીથી ભરેલું સુંદર જળવાળું તળાવ હોય, અંદર મનોહર કમળનાં ફૂલો હોય અને શીતલ સમીરથી જળ ડોલી રહેલું

હોય છતાં તેવા મધુર જળનો ત્યાગ કરે છે, અને પાણીથી ભરેલું એડું હોય તેમાં ચાંચ મારે છે. તે જ પ્રમાણે ધર્મના અર્થી ધર્મનેજ અર્થ રૂપ જાણનારા મુનિઓ પણ સ્વભાવે હઠિલાઈ ધારણ કરશે, અને એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં ભટકવામાં આનંદ પામશે. પરોપકારની દૃષ્ટિ દૂર કરશે અને પેટસેવા એને જ પરોપકાર માનતા થશે! પોતાના ગચ્છમાં તેઓ સંતોષ ન પામતાં સઘળે ભટકવામાં જ પોતાના જીવનનો આનંદ માનશે.

હવે બીજા ગચ્છના આચાર્યો પાસે તેઓ જશે. તે આચાર્યો કેવા હશે, તે વિષે કહેવામાં આવે છે. એ આચાર્યોનો ધંધો ઠગવાનો હશે અને તેમની વૃત્તિઓ પણ એવી ક્ષુદ્ર હશે કે 'કોઈનું પડે અને મને તે જડે.' આવા આચાર્યો પારકાની વંચનામાં નિરંતર તત્પર રહેશે અને તેઓ ઝાંઝવાના જળ જેવા પોતે વંચવામાં તત્પર હશે. ઝાંઝવાનું જળ માત્ર દેખવા પૂરતું જ હોય છે. તે કશા કામમાં આવતું જ જ નથી. તે જ પ્રમાણે એ આચાર્યો પણ માત્ર દેખવા જેટલા કામના હશે, તેમના દ્વારા બીજો કોઈ અર્થ સરવા પામે એવા તેઓ હશે નહિ. તે છતાં જડ આશયવાળા પોતાના ગચ્છથી કંટાળેલા મુનિઓ એવા આચાર્યોની પાછળ પાછળ ભમતા ફરશે, અને આચાર્યો પણ "કોઈનું પડે અને અમને જડે!" એવી વૃત્તિવાળા હશે. તેઓ તેનો સંગ્રહ પણ કરતા થશે.

આવા કઠણ અને વિપરીત કાળમાં પણ કેટલાક સાચા ઉપદેશકો હશે. જેઓ એવો ઉપદેશ આપવાવાળા પણ હશે, કે "મહાનુભાવ! એક નારીજાત કે જે જ્ઞાન ઈત્યાદિમાં તદ્દન નીચે પગથીએ છે, તે પણ પોતાના સ્વીકારેલા ધણીને જિંદગી સુધી છોડતી નથી, તો પછી તમે પુરુષ જાત અને તે પણ ત્યાગી થઈને ગચ્છ છોડી દો છો એ વ્યાજબી નથી." આવો ઉપદેશ આપવાવાળા સજજનો હોવા છતાં દુષ્ટો તેમનો તિરસ્કાર કરશે અને તેમને અત્યંત પીડા આપશે. સ્વપ્નમાં જે કાગડા દેખાયા હતા તેનો આ ફળાદેશ છે. અર્થાત્ નિર્મળજળથી ભરપુર સુગંધી કમળોથી શોભાયમાન વાવડીના જળને છોડીને કાગડો ગંધાતા ખાબોચિયામાં ચાંચ મારવા જાય, તેમ

પોતાના નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્રસંપન્ન સમુદાયને છોડીને શિથિલ આચારવાળા સ્વચ્છંદી સાધુઓના સમુદાયમાં જશે.

सिंहतुल्यं जिनमत जातिस्मृत्याद्यनूज्झितं
विपत्स्यतेऽस्मिन् भरतवने धर्मज्ञवर्जिते ॥४५॥
न कुतीर्थिकतिर्यंचोऽभिभविष्यन्ति जातु तत्।
स्वोत्पन्नाः कृमिवत् किंतु लिङ्गिनोऽशुद्धबुद्धयः ॥४६॥
लिङ्गिनोऽपि प्राक् प्रभावात् श्वापदाभैः कुतीर्थिकैः।
न जात्वभिभविष्यन्ते सिंहस्वप्नफलं ह्यदः ॥४७॥

**જૈનમતની મહત્તા.**

(૫) પાંચમા સ્વપ્નમાં **સિંહ** દેખાયો છે. તેનું સ્વપ્નફળ કહેવામાં આવે છે. સ્વપ્નમાં સિંહ દેખાયો તેનો ફળાદેશ જૈનમત સાથે કેવા પ્રકારે છે તે જુઓ. જૈનમત–શ્રીજિનેશ્વર ભગવાનોનો મત એને સિંહના સરખો કહ્યો છે, અર્થાત્ શ્રીજિનેશ્વરના મતને સિંહ કહ્યો છે. એનો અર્થ એ છે, કે બીજા મતો બધા શિયાળ, વૃષભ જેવા છે અને શ્રીજિનેશ્વર ભગવાનનો મત એ સર્વસ્વ હોવાથી તેને સિંહના જેવો કહ્યો છે. પરંતુ આગળ ચાલતાં શ્રીજિનેશ્વર ભગવાનના મતને સિંહના શબ સરખો કહ્યો છે અર્થાત્ આ રીતે શ્રીજિનેશ્વરના મતને શબ કહ્યું છે, તેનું કારણ હવે તપાસીએ.

જૈનશાસન પ્રાણુવંતુ છે, તેનું કારણ જાતિસ્મરણ, અવધિ અને મનઃપર્યવજ્ઞાન એ વિશિષ્ટ જ્ઞાનો નષ્ટ થએલાં હશે, તેથી જૈનશાસનને સિંહનું શબ કહેવામાં આવ્યું છે. આ રીતે સિંહનું શબ જંગલમાં પડેલું છે. એનો અર્થ એ છે કે અતિશય જ્ઞાની વગરનું આ ભરતક્ષેત્ર જંગલ જેવું બની જશે. ભરતક્ષેત્રને વિષે ધર્મને જાણનારો કોઈ વીર પુરુષ રહેશે નહિ. આવો ધર્મનિષ્ઠ પુરુષ કોઈ રહેશે નહિ. એથી આ ભરતક્ષેત્ર અરણ્યના જેવું થશે. અરણ્યમાં માણસ મળવો જેમ દુર્લભ છે, તે જ પ્રમાણે આ ભરતક્ષેત્રમાં પણ ધર્મ જાણવાવાળા પુરુષો મળવા મુશ્કેલ થશે.

આજે તમે શાસનની સ્થિતિ જુઓ તો ખરેખર કાંઈ પણ સંશય વિના બરાબર એ જ પ્રમાણેની છે, શ્રોતાઓ કથાભાગમાં રસબોળ થઇ જાય છે, પરંતુ જ્યાં તત્ત્વવિભાગ આવે છે, કે તે તરફ

થોડા જ ખેંચાવા પામે છે. કથા કહેવાતી હોય ત્યારે અહીં માણસો ટોળે મળીને ભેગા થશે, પરંતુ જો નિગોદનું સ્વરૂપ અહીં વર્ણવવામાં આવતું હશે તો જરૂર અહીંથી નાસભાગ થઈ રહેશે! સભા ખાલી દેખાશે !

ભરતક્ષેત્રને જંગલ કહ્યું છે. તેનો અર્થ એ છે કે જંગલમાં મનુષ્યને ધર્મપ્રાપ્તિ જેમ અશક્ય છે, તે જ પ્રમાણે આ ભરતક્ષેત્રમાં પણ ધર્મને જાણવાવાળો એવો મનુષ્ય કોઇ વીરલ હશે. આ રીતે ભરતક્ષેત્ર શૂન્ય થઇ જશે, એટલા જ માટે ભરતક્ષેત્રને જંગલ કહ્યું છે, અને જેમ જંગલમાં સિંહનું મડદું પડેલું હોય છે, તે જ પ્રમાણે ભરતક્ષેત્ર રૂપી જંગલમાં વિશેષજ્ઞાની મહાત્માઓ વિનાનું જૈનશાસન શબરૂપે પડેલું હશે.

હવે આગળ એમ કહેવામાં આવે છે કે આરણ્યમાં સિંહનું શબ પડેલું છે. પરંતુ બીજા પશુઓ એ શબને જોઇ શકતા નથી, એને દેખી દૂરથી ભાગી જાય છે. પંરતુ એ શબમાં જ ઉત્પન્ન થએલા કીડાઓ એ શબને ખાઈ જશે અને તેની ખરાબી કરશે.

એનો ફળાદેશ એ છે કે જૈનશાસન એ સિંહ સમાન છે અને બીજા શાસનો અન્ય પશુઓ સમાન છે. બીજા પશુઓ જેમ સત્ત્વહીન હોવાથી સિંહના શબને નીહાળી શકતા નથી, તે જ પ્રમાણે અન્ય મતો પણ પશુઓ જેવા બળહીન હોવાથી તેઓ જૈનમત રૂપ સિંહના શબને જોઇ પણ શકવાના નથી, બીજા દર્શનો તરફ દૃષ્ટિપાત કરશો તો ખરેખર તેમની એવી જ દશા દેખાય છે. બીજા શાસનોના ગુરુઓ જોશો તો પરિગ્રહધારી, ભોગી અને બાયડી છોકરાંવાળા, તેમના તેમના દેવો જોશો તો તે પણ પરણેલા અને છૈયાં છોકરાવાળાં, એક ધર્મના ઈશ્વરને ચાર સ્ત્રીઓ હતી, તો કોઈનો ઇશ્વર ભીલડીને જોઇને તેને જ પરણવા તૈયાર થઈ ગયો હતો, તો કોઈનો ધર્મ ચાર બાયડી પરણવાની રજા આપે છે, અને સ્વર્ગમાં પણ દારૂ, તાડી અને સ્વર્ગમાં બૈરીઓ જ આપે છે !

આવા બધા મતો એ નિર્બળ બળહીન પશુઓ છે, અર્થાત્ આવા પશુઓ જૈનધર્મરૂપી સિંહના શબને તો પોતાની સત્ત્વહીનતાને લીધે

જોઈ પણ શકવાના નથી જ, પરંતુ જૈનમતરૂપી સિંહના શરીરમાં અંદર પાકેલા જીવડાઓ એટલે જૈનલિંગધારીઓ અને ભેખધારીઓ શાસનની ખાનાખરાબી કરી નાખશે. ભેખધારીઓ શુદ્ધ બુદ્ધિવાળા નહિ હશે, છતાં પણ પહેલાનો સારો પ્રભાવ પડેલો હોવાથી અન્ય મતવાળાઓ તેમની સામે પણ જોઈ શકવાના નથી.

> अब्जाकरेष्वम्बुजानि सुगन्धीनीव देहिनः ।
> धार्मिका न भविष्यन्ति सञ्जाताः सुकुलेष्वपि ॥४८॥
> अपि धर्मपरा भूत्वा भविष्यन्ति कुसङ्गतः ।
> ग्रामात्रकरकोत्पन्नगर्दभाब्जवदन्यथा ॥४९॥
> कुदेशे कुकुले जाता धर्मस्था अपि भाविमः ।
> हीना इत्यनुपादेयाः पञ्चस्वप्नफलं ह्यदः ॥५०॥

(૬) હવે આગળ ચાલતાં **છઠ્ઠા સ્વપ્નમાં કમળનું વન દેખાય છે, પરંતુ તેમાં કમળ દેખાતું નથી.** એનો ફળાદેશ જોઈએ. એનો ફળાદેશ એ છે કે ઊંચા કુળમાં જન્મવા છતાં પણ જીવો ધર્મથી શૂન્ય થવાના છે. બાપ ધર્મનિષ્ઠ હશે તો છોકરાં ધર્મમાં શૂન્ય જેવા પાકશે. જેમ દેવતાના બાળકો ધગધગતા અંગારા છે તેમ પોતાના પિતાના જેવા ધર્મનિષ્ઠ બાળકો થશે નહિ. પેઢી ઉતાર ધર્મ પ્રાયે નહિ રહે. લાલચોળ દેવતાના છોકરા કાળા કોયલા જેવા ધર્મીના દીકરાઓ થશે.

## સુસંગતિ છોડવાનું દુષ્પરિણામ.

કેટલીક વખત ભવ્ય આત્માઓ સારા કુળમાં જન્મશે તે છતાં પણ તેમને સારી સોબત, સારો ઉપદેશ, શ્રવણ કરવાની ઉત્કંઠા અને સારા સંસ્કારો પડેલા ન હોવાથી તેઓ પણ અધર્મને માર્ગે પ્રેરાશે. પહેલાં સ્થિતિ એ હતી કે ભવ્ય આત્માઓ તીર્થને માટે પોતે છે એમ માનતા હતા. તીર્થની સેવામાં જીવ આપવો હોય તો તે પણ કબુલ. પોતાના મરણથી જો તીર્થની રક્ષા થતી હોય તો સર્વસ્વના ભોગે પણ તીર્થરક્ષાની તમન્ના હતી. એ સ્થિતિ હવે રહી નથી રહેવાની નથી. લાલભાઈ શેઠ શિખરજી પરથી સરી પડ્યા ને પગ ભાંગ્યો, પણ પાછળ સંસર્ગ નથી તો કહેઃ "જોયું, આ શિખરજી

ઉપર જવાનું ફળ, ટાંટીયો ભાંગી બેઠા !" આવી સ્થિતિ સમાજની થઈ છે. આ સ્થિતિ શા કારણથી થઈ છે ?

તે વિચારીએ છીએ ત્યારે સ્પષ્ટ માલમ પડી આવે છે કે આપણા જ પાપે આ દશા આવવા પામી છે. આજે તો સારા ધર્મી કુળનાને પણ જ્યાં જિનમંદિરો પણ ન હોય કે ઉપાશ્રય કે સાધર્મિક ન હોય એવા જંગલો કે પર્વતો પર બંગલા બાંધીને ત્યાં રહેવાની ટેવ પડી છે. ગામમાં ઘર હોય તો છેવટે કાંઈ નહિ તો પણ શરમને ખાતર વ્યાખ્યાન શ્રવણ કરવા આવવું જ પડે, અને વ્યાખ્યાનમાં અવાય અને ત્યાં પચાસ વાત સાંભળવાની મળી, તો તેમાંથી એક વાત તો અવશ્ય યાદ રહી જાય છે, પણ આજે તો એ સ્થિતિના દર્શન થવા પણ દુર્લભ છે. બંગલાઓ અરણ્યમાં કિંવા પર્વતોના શિખર ઉપર હોય છે. હવે તે જ બંગલાઓમાંથી એક બંગલામાં જૈન રહેતો હોય તો એની પાસે જ મુસલમાનનો બંગલો હોય, અને બીજી બાજુએ ખ્રિસ્તિનો બંગલો હોય.

આવી સ્થિતિમાં સારા કુળમાં જન્મ્યા છતાં, શ્રાવકકુળ મળવા છતાં, ધર્મના સારા સંસ્કાર નહિ જ પડવાના અને પછી પરિણામ વિપરિત અવશ્ય આવવાનું. ધાર્મિક જગતનો જે સંસ્કાર હોય, ગામનું ધર્મી વાતાવરણ જે હોય તેની છાપ બહાર બંગલાવાસીઓ ઉપર પડવાની નથી. તેઓ તો દહેરે જવાની વૃત્તિવાળા થવા કરતાં કલબમાં જવાની જ પ્રબળ વૃત્તિવાળા થશે, અને પરિણામે શાસનને અપાર હાનિ થવા પામશે. હવે જેઓ ધર્મિષ્ઠ હશે તેઓ ગામ છોડીને ચાલ્યા જશે એટલે પછી પાછળ રહેલાની દશા ઉકરડામાં ઉગેલા કમલફૂલ જેવી થશે. ગામમાં રહેલાઓ ધર્મમાં તત્પર હશે, છતાં સંગતિદોષથી તેઓ ઉકરડાના કમળ કરતાં વધારે મહત્ત્વ મેળવી શકવાના નથી.

### ઉકરડામાં ઉગેલાં પદ્મકમળ.

**(૭) સાતમા સ્વપ્નમાં ખરાબ સ્થાને ઉગેલું કમળ દેખાય છે.** તેનો ફળાદેશ એ છે, કે દેશમાં–ક્ષેત્રને વિષે કેટલાક અધર્મી આત્માઓ પણ અવશ્ય થવાના જ, પરંતુ દેશ સારો ન હોવાથી

તેમની કિંમત થવાની નથી. જેમ ઉકરડામાં ઉગેલા કમળની કશી કિંમત થવાની નથી, તે જ પ્રમાણે ધર્મીઓ હોવા છતાં તેઓ હલકા કુળમાં જન્મેલા હોવાથી તેમની પણ કશી કિંમત થવાની નથી. સ્વપ્નમાં ઉકરડો દેખાયો છે તેનું ફળ તે ખરાબ કુળ, અને સ્વપ્નમાં ઉકરડામાં કમળ ઉગેલાં દેખાય છે, તેનું ફળ તે ઉકરડારૂપી ખરાબ કુળમાં જન્મેલા કમળરૂપ ધર્મી જીવો એમ સમજવાનું છે. હવે જેમ ઉકરડાના કમળો મૂલ્યવિહીન છે, તે જ પ્રમાણે ખરાબ કુળમાં જન્મેલા પદ્મકમલરૂપ માણસોની પણ તેઓ ઉકરડાના કમળરૂપ ખરાબ કુળમાં જન્મેલા હોવાથી કશી પણ કિંમત નથી, એવું જ અહીં કહેવાનો આશય છે. કમળનું ફૂલ સારૂં છે, તે લેવા યોગ્ય છે. એમાં સંશય નથી, પરંતુ જો તે ખરાબ ક્ષેત્રમાં ઉગેલું હોય, તો તેનું કશું મૂલ્ય થવા પામતું નથી. તે જ રીતે ખરાબ કુળમાં જન્મેલાની પણ કિંમત થવાની નથી.

यथा फलायाबीजानि बीजबुद्ध्योखरे वपेत् ।
तथा वप्स्यन्त्यकल्पानि कुपात्रे कल्पवुद्धित: ॥८१॥
यद्वा घुणाक्षरन्यायाद्यथा कोपि कृषी वल: ।
अबीजान्तर्गतं बीजं वपेत् क्षेत्रे निराशयः ॥८२॥
अकल्पान्तर्गतं कल्पमज्ञानाः श्रावकास्तथा ।
पात्रे दानं करिष्यन्ति बीजस्वप्नफलं ह्यदः ॥८३॥

હવે સાતમા સ્વપ્નનો ફળાદેશ વિસ્તારપૂર્વક કહે છે. સ્વપ્નમાં કહે એવું દેખાય છે કે એક ખેડૂત બુદ્ધિશૂન્ય હોઈ તે સડી ગએલા ધાન્યને સુબીજ સમજીને ઉખર એટલે અપાત્રભૂમિમાં વાવતો જાય છે. જેમ ઉખર ભૂમિમાં સડી ગએલું ધાન્ય વાવવાથી તેમાંથી કાંઈ જ નિપજવાનો સંભવ નથી, તે જ પ્રમાણે અહીં પણ એવી દશા થશે કે જૈનો કોઈપણ જાતની ફળની કલ્પના કર્યા વિના, પાત્રાપાત્ર જોયા વિના દાન કરતા જશે. અસલ એ દશા હતી કે ભક્તિ એ જ દાન આપવામાં પ્રધાનપદે સ્થાપિત થઈ રહેતી હતી. નવકારવાળીમાં મોતીની માળા ફેરવનારો પોતે એવું વિચારનારો થતો હતો કે જો મને નવકારવાળી મોતીની જોઈએ છે તો શા માટે ગુરુને પણ મારે તેવી જ નવકારવાળી ન વહોરાવવી જોઈએ ? આ મધ્યકાળની ભાવના

હતી. આ કાળ હવે પલટાયો છે.

આજે એવી દશા છે કે સુપાત્રે દાન કરવાનું તો બાજુએ રહે, પણ ગમે ત્યાં ગમે તેવા ક્ષેત્રોમાં દાનને નામે લક્ષ્મીનો વ્યય થાય છે. ખેડૂત જેમ સડી ગએલું બીજ ઉખર ભૂમિમાં વાવે છે, તે પ્રમાણે શ્રાવકો પાપકૃત્યોથી મેળવેલો પૈસો ઉખર ભૂમિરૂપ અપાત્ર ક્ષેત્રમાં દાન ગણીને વાપરતા જશે. બુદ્ધિહીન ખેડૂત જેમ ઉખર ભૂમિમાં સડી ગએલું ધાન્ય બીજ સમજીને વાવે છે, અને તે વાવેલું નિષ્ફળ જાય છે, તે રીતે શ્રાવકોએ પણ અપાત્ર સ્થાને આપેલું દાન નિષ્ફળ જાય છે. હવે ઉખરમાં વાવતાં ધાન્યનો એકાદ સારો દાણો સારા ક્ષેત્રને વિષે પડી જાય છે અને તેમાંથી રોપો ફૂટે છે. તે જ પ્રમાણે ધાન્યના દાણારૂપ કોઈ સુદ્રવ્ય સારા ક્ષેત્રને વિષે પડી જશે, અર્થાત્ અપાત્રે દાન આપવાવાળા શ્રાવકો કોઈ વખત સુપાત્રે પણ દાન આપશે એવો એનો ફળાદેશ છે.

## શિથિલાચારીઓ સત્કાર પામશે.

(૮) આઠમા સ્વપ્નમાં આગળ એવું જોવામાં આવેછે કે **સારા અને સુશોભિત દેખાતા કુંભો–ઘડાઓ** ખૂણામાં મૂકી રાખવામાં આવ્યા છે. આ ઘડાઓમાં સુંદર સ્વચ્છ અને શીતળ પાણી ભરેલું છે. તેનો કશો વપરાશ થતો નથી, જ્યારે પેલા ભાંગ્યા તૂટ્યા ઘડાઓ વ્યવહારમાં વપરાય છે. આ સ્વપ્નનો ફળાદેશ એવો વર્ણવવામાં આવ્યો છે કે મનોહર ચારિત્ર અને અખૂટ પવિત્રતાથી યુક્ત એવા પરમર્ષિઓ હશે જ; તેઓ સારા ઘડાનું પરિણામ પામશે. અર્થાત્ સારા અને સ્વચ્છ જળવાળા ઘડાઓ જેમ ખૂણામાં મૂકી રાખવામાં આવ્યા છે અને જેમ તેનો કોઈ ભાવ નથી પૂછતું, તે જ રીતે સુચારિત્રવાળા સાધુઓનો કોઈ ભાવ પૂછશે નહિ.

મતલબ કે જનતાને તેવા સૌભાગી આત્માઓની કશી જ પીછાણ થવાની નથી. ત્યારે બીજી બાજુએ જેમ ભાંગેલા ઘડાઓ વ્યવહારમાં વપરાય છે, તે રીતે જેમનું ચારિત્ર કલંકરહિત નથી એવા અર્થાત્ શિથિલાચારી સાધુઓ જ્યાં ત્યાં માન મેળવતા થશે. શિથિલાચારી સાધુઓ એ ભાંગેલા ઘડાનો ફળાદેશ છે, એમ અહીં

ગ્રહણ કરવાનું છે. જેમ ભાંગેલા ઘડાઓ સ્થળે સ્થળે વ્યવહારમાં વપરાતા દેખાયા છે તેવી જ રીતે શિથિલાચારી સાધુઓ પણ સ્થળે સ્થળે ફરતા દેખાવા પામશે. લોકો પણ તેમનો મોટો આડંબર કરશે. ક્ષમાદિગુણવાન્ મહર્ષિઓનો કોઈ ભાવ નહીં પૂછે.

**ઝઘડાખોર કોણ ગણી શકાય ?**

હવે શિથિલાચારી–સાધુલિંગધારીઓ કેવા કાર્યોમાં પ્રવૃત્તિ કરશે તેનો ફળાદેશ જણાવવામાં આવ્યો છે. શિથિલાચારીઓ સ્વાર્થવૃત્તિ, અજ્ઞાનતા, પ્રમાદિપણું એ સઘળાને પોષનારા થશે અને તેઓ વારંવાર મહર્ષિઓ સાથે કલહ કરશે. આ સ્થિતિમાં લોકો પ્રમાદી-સાધુ અને મહર્ષિઓ ઉભયને ઝઘડાખોર કહી દેશે, અને તેમની નિંદા આદરશે. તમે જગતના વ્યવહારમાં જુઓ તો પણ સઘળે આવી જ દશા તમારી નજરે આવવા પામે છે.

રસ્તામાં એક સોનીની દુકાન છે. તેની પાસે બીજો માણસ ઉઘરાણીએ જાય છે. સોની પૈસા આપવાના વારંવાર ખોટા વાયદાઓ કરે છે. ત્યારે કંટાળીને પેલો ઉઘરાણીવાળો ગમે તેવા અપશબ્દો બોલવા લાગે છે, અને પરિણામ એ આવે છે કે બંને માણસો લડી પડે છે. આ બે લડે છે તેમાં દોષ કોનો છે ? લડાઈનું મૂળ શું છે ? તે કોઈ જોતું જ નથી. તેમના કલહમાં હેતુ શો છે તેની પણ કોઈ તપાસ કરતું નથી, પરંતુ રસ્તે જનારા લોકો તો એમ કહી દે છે કે "જુઓ લડી પડ્યા. બંને ટંટાખોર છે અને વારંવાર લડે છે."

એ જ સ્થિતિ અહીં પણ ઉત્પન્ન થવા પામી છે. મહર્ષિઓ સાથે શિથિલાચારી ખોટાખોટા કજીયા કરશે, તેમનાં દૂષણો શોધશે, અને તેમને વગોવશે. દૂરથી તમાસો જોનારાઓ આ ઝઘડાનું મૂળ શું છે, તેમાં દોષ શો છે ? કોણ ગુનેગાર છે ? શાને અંગે વાગ્યુદ્ધ થાય છે ? તે કાંઈ જોશે નહિ, પરંતુ એવો અભિપ્રાય તરત જ ઉચ્ચારી દેશે કે; "આ તો બંને લડાઈખોર અને ઝઘડો કરનારા છે."

**ગીતાર્થો કેવી રીતે વર્તશે ?–**

હવે જ્યારે શાસનક્ષેત્રમાં આવી ખોટી લડાલડી વ્યાપેલી હશે તે

વખતે ગીતાર્થસાધુઓ શું કરશે તે જણાવવામાં આવ્યું છે. ગીતાર્થ-સાધુઓ આવી દશા જોઈને વિચારમાં પડી જશે કે હવે શું કરવું જોઈએ. ગીતાર્થો આવા સંયોગોમાં એવું વર્તન રાખશે કે તેઓ પણ બીજા અવલોકનારાને ભેખધારી જેવા લાગશે અને હૃદયમાં જૈનશાસન પરત્વે અપૂર્વ પ્રેમ અને જૈનાચાર પરત્વે અખંડ પ્રીતિ હોવા છતાં તેઓ પર પણ સમાનતાએ વર્તન કરતા થશે. ગીતાર્થો આવી રીતે વર્તનારા થશે એ વાત ખરી, પરંતુ તે છતાં તેઓ હૃદયને ઠેકાણે રાખશે, અર્થાત્ સત્યમાર્ગને તેઓ વિસારી દેશે નહિ. આ વસ્તુ નીચેના ઉદાહરણ પરથી વધારે સારી રીતે સમજવામાં આવશે.

એક નગરમાં એક ડાહ્યો રાજા હતો, પરંતુ તેની પ્રજા સઘળી ગાંડીતુર બનેલી હતી. સઘળા લોકો ગાંડાના જેવા વિવિધ ચાળા કરતા હતા. રાજાને બધું જોઈને મનમાંને મનમાં ક્ષોભ થવા લાગ્યો ! છેવટે બધા જ લોકો ગાંડાતુર જેવા બનેલા હતા અને બધા જ ગમે તેવા ચાળા કરતા હતા. એટલે રાજા ડાહ્યો હતો તે પણ ગાંડાના જેવા જ ચાળા કરનારો બની ગયો !

જેમ રાજા ડાહ્યો છતાં ગાંડાના જેવા ચાળા કરવા લાગ્યો, તે જ રીતે પરમગીતાર્થો પણ હૃદયને ઠેકાણે રાખીને બીજાઓની માફક જ વર્તન કરવાવાળા થશે પરંતુ તેમનામાં અને બીજાઓમાં ફેરફાર એટલો હશે કે તેઓ સત્યને જાણવાવાળા અને જૈનમાર્ગને પીછાણવા-વાળા જ હશે.

"જેમ કુવૃષ્ટિથી નગરલોકને ઘેલા દેખી રાજા રે,
મંત્રી સહિત ઘેલા થઈ બેઠા, પણ મનમાંહે તાજા રે"

પૃથ્વીપુરી નામક કોઈ એક શહેરમાં પૂર્ણ નામનો રાજા હતો અને સુબુદ્ધિ નામનો તેનો પ્રધાન હતો. પ્રધાન બુદ્ધિનિધાન હોય છે. પરંતુ તે છતાં તે રાજાને આધીન છે અને જાતે પરાધીન છે. આજે તમે જોશો તો આપણા આ પરમ પવિત્ર ભરતક્ષેત્રની આર્યોની આ સુંદર ભૂમિની–હિન્દુસ્તાનની પણ એવી જ દુર્દશા છે, હિન્દુસ્તાનમાં સમૃદ્ધિ અપાર છે, પરંતુ તે પરાધીન છે જ્યારે જગતના અન્ય રાજ્યો –અન્ય દેશો રિદ્ધિવાળા તેમ જ બુદ્ધિશાળી હોવાથી તેઓ સ્વતંત્ર છે.

એક સમયે એવું બને છે કે પૂર્ણનામના રાજા દરબાર ભરીને બેઠા છે. દરબાર પૂર બહારમાં ખીલી રહ્યો છે. રાજકાજની વાતો થાય છે અને અનેક પ્રકારના ઉહાપોહ થઈ રહ્યા છે, એવા સંયોગોમાં ત્યાં લોકદેવ નામનો જ્યોતિષી આવે છે. રાજા જ્યોતિષીને પૂછે છે કે; "ભાઈ ! ભવિષ્યમાં શું થશે તે કહી આપો."

## જ્યોતિષની સત્યતા

જ્યોતિષી જણાવે છે કે 'એક માસ પછી વરસાદ આવવાનો છે. એ વરસાદ બહુ પ્રચંડ છે. અને એનું જળ જે કોઈ પી જશે તે લોકો ગાંડા ઉન્માદવાળા બની જવાના છે.' જ્યોતિષવિદ્યાનું જ્ઞાન કેટલું ચોક્કસ છે તે જુઓ ! પ્રાચીન કાળમાં આપણા દેશમાં જ્યોતિષશાસ્ત્ર સંપૂર્ણ રીતે ખીલ્યું હતું. ભવિષ્યો એટલા બધા ચોક્કસપણે દર્શાવાતા હતા કે જેમાં એક સેકંડનો પણ ફેર પડતો ન હતો.

શ્રીપાળ મહારાજાના ચરિત્રમાં જોશો તો ત્યાં પણ જ્યોતિષ શાસ્ત્રની એવી જ મહત્તા તમારી દૃષ્ટિએ પડશે. શ્રીપાળમહારાજાને ઝાડ નીચે ફલાણે સ્થળે અમુક માણસ મળશે, એવું ભવિષ્ય જણાવવામાં આવ્યું છે. ૧૪ પૂર્વધર ભદ્રબાહુસ્વામીના સંબંધમાં એક સ્થળે ભવિષ્ય દર્શાવતા પર પળો નહિ, પરંતુ ૫૧૧/૨ પળવાળો મત્સ્ય જણાવવામાં આવ્યો છે. જ્યાં અડધી પળનો પણ હિસાબ રાખવામાં આવ્યો છે. ત્યાં જ્યોતિષ વિદ્યાનો કેવો ચમત્કાર હશે, અને તે કેવી રીતે ખીલેલી હશે તેની સહજ કલ્પના થવા પામે છે.

હવે આજે આપણી સ્થિતિ એ છે કે આપણી પાસે સાચું જ્યોતિષ રહ્યું નથી. જો સંપૂર્ણ જ્યોતિષદ્વારા ભવિષ્ય જાણીને જ કાર્યો કરવા પ્રવૃત્તિ લઈએ તો પછી ધર્મનું કાર્ય રહેવા પામતું નથી. એટલા માટે જૂઠું જ્યોતિષ જાણીને તે આપણે વ્યવહારમાં લેવાનું રાખ્યું છે. પ્રાચીન કાળમાં એવું હતું કે અધિક માસ તરીકે પોષ અને અષાઢ એ જ મહીનાઓ વધતા હતા. પાંચ વડે ભાગવાથી જો ત્રણ વધતા હોય તો પોષ માસ વધેલો છે એમ માનવામાં આવતું હતું. પ્રાચીન સમયનો ઈતિહાસ સાક્ષી પુરે છે કે તે કાળે રાજ્યનો

નિયમ પણ તેવા પ્રકારનો હતો અને જૈનશાસનની માન્યતા પણ એ જ પ્રકારની હતી.

જૈનશાસનની દૃષ્ટિએ જોઈએ તો પોષ અને અને આષાઢ એ બે જ મહીનાઓને વધારાના અધિક મહિના તરીકે માનવા પડે છે, અને તેમ ન માનીએ તો જ્યોતિષ ખોટું ઠરે છે! હવે વ્યવહારમાં જુઓઃ વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે દરેક ત્રીજે ત્રીજે વરસે કોઈ બીજા જ મહીનાઓ વધેલા જોવામાં આવે છે. જૈન ટીપણું આજે અસ્તિત્વમાં નથી તેથી જ અન્ય દર્શનીઓના પંચાંગો આપણે આજે વ્યવહારમાં લઈએ છીએ, અને તે દ્વારા વ્યવહાર ચાલે છે.

અહીં લૌકિક ટીપણાનો જરાક ઈતિહાસ જોઈ લો. આશરે છસો સાતશો વર્ષ પહેલાં જૈનશાસનમાં ખરતર ગચ્છનો ભેદ ન હતો. ખરતર ગચ્છનો ભેદ આશરે છસો-સાતસો વર્ષથી પડયો છે, અને ત્યારથી જ આ લૌકિક ટીપણાઓ જૈનોએ વ્યવહારમાં વાપરવા માંડયાં છે. વ્યવહાર માંટે જૈન ટીપણા પ્રમાણે બે શ્રાવણ કે બે ભાદરવા ન હોત તો તકરકાર ન થાત. ખરતરગચ્છનો ભેદ પડયો ત્યારથી લૌકિક ટીપણું છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજી મહારાજ જ્યોતિષ શાસ્ત્રને પૂર્ણપણે જાણતા હતા. ઇતિહાસ શિખનારાઓને યાદ હશે કે પરમાર્હત્ કુમારપાળ જે ગુજરાતનો મહાન્ જૈન રાજા હતો તેની ગાદી મળવાના અને બીજાં ભવિષ્યો આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ જાણ્યા હતા. અને તે સઘળા પૂર્ણ રૂપે સાચા પડયા હતા, છતાં ભગવાન્ હેમચંદ્રસૂરિજી મહારાજે જગતની દુરૂપયોગ કરનારી સ્થિતિને પારખી લઈને જ્યોતિષ વિદ્યાનો પ્રચાર કર્યો ન હતો.

## પ્રધાને સૂચવેલો સુમાર્ગ.

હવે જરા પેલી આગલી વાતનું તમોને સ્મરણ કરાવવાનું છે. પૂર્ણ રાજાના દરબારમાં જ્યોતિષીએ કહ્યું હતું, કે એક માસ પછી ભયંકર વરસાદ થશે અને તેનું પાણી જેમના પીવામાં આવશે, તેઓ ગાંડા બની જશે. એ જે જ્યોતિષીએ આગળ ચાલતાં જણાવ્યું હતું કે કેટલાક કાળ પછી વળી પર્જન્યની સારી વૃષ્ટિ થશે અને તે જળ લોકો

પીશે એટલે તરતજ ગાંડા બનેલા લોકો પાછા પૂર્વવત્ ડાહ્યા બની બની જશે. જ્યોતિષીનું આવું ભવિષ્ય પેલા રાજા અને તેના પ્રધાન બંનેએ સાંભળી લીધું. પ્રધાન મહા બુદ્ધિશાળી હતો. રાજા કરતાં પ્રધાન વધારે બુદ્ધિશીલ હોય છે એ તો સામાન્ય વાત છે.

વારંવાર આપણે રાજ્યવ્યવહારમાં એ જ ઘટના જોઈ છે, કે રાજાની અનેક ભૂલો થતી હોય તો પણ તે ભૂલો સુદ્ધાં વજીરો સુધારી લે છે. એ જ પ્રમાણે આ ડાહ્યા પ્રધાને રાજાને કહ્યું કે 'તમે લોકોને એવી આજ્ઞા કરી દો કે એક મહિના પછી જે પર્જન્ય કુવૃષ્ટિ થશે, તેનું જળ કોઈએ પીવાનું નથી. એ જળ પીવાથી ઉન્માદ થશે માટે પ્રમાણમાં સંગ્રહ કરી લેવાનો છે.' રાજાની આજ્ઞા લોકોએ તરત જ માની લીધી, અને તેમણે યથાકાળે જે વરસાદ વરસે તે વરસાદનું જળ પીવું ન પડે તે માટે તે માટે સારૂં જળ પાત્રોમાં ભરી લીધું, અને કુવૃષ્ટિનો છાંટો પણ પીવાના કાર્યમાં લીધો નહિ.

**રાજનીતિની મહત્તા.**

જે જળથી ગાંડા થવાવાનું એવું ભવિષ્ય જણાવવામાં આવ્યું હતું તે જળ પીવું ન પડે એટલા માટે લોકોએ જળ સંગ્રહી લીધું હતું, પરંતુ આગળ જતાં એવું થયું કે સંગ્રહેલું પાણી ખૂટી ગયું. રાજા અને પ્રધાને સારા પાણીનો સંગ્રહ પુષ્કળ કરી રાખેલો હતો, એટલે તેમને પાણીની તાણ ભાસે એમ ન હતું, પરંતુ બીજા સામંતો, સરદારો એમણે વીસ, પચ્ચીસ દહાડા જેટલો પાણીનો સંગ્રહ કરી રાખ્યો હતો. અને સામાન્ય પ્રજાએ તો દશ બાર દિવસ ચાલે તેટલું જળ સંઘરી રાખેલું હતું; એટલે જેમ જેમ તેમનું સંઘરી રાખેલું પાણી ખૂટતું ગયું તેમ નવું પાણી પીતા ગયા. પરિણામ એ આવ્યું કે પહેલાં પ્રજા ગાંડી થઈ. પછી સામંતો ગાંડા થયા, અને છેવટે તેઓ બધા ગાંડા-ઘેલાના ચાળા કરવા લાગ્યા. અને તોફાન મચાવવા લાગી ગયા. આખા રાજની દશા જુઓ તો અત્યંત કરુણ બનેલી છે. પ્રજા ગાંડી છે, સરદારો સેનાપતિઓ ગાંડાતુર બનેલા છે. બધા નાચકૂદ કરે છે, ગમે તેવા ચાળા ચસકા કરે છે અને નગરની દશા શોકપાત્ર બની રહી છે.

હવે દશા એવી આવી પહોંચે છે કે સુકા સાથે લીલું બળી

જવાનો પ્રસંગ આવી લાગ્યો છે. બધા લોકો ગાંડા થયા છે. પુરેપુરૂં મૂર્ખારાજ પ્રવર્તે છે, માત્ર રાજા અને પ્રધાન બે જ ડાહ્યા છે! દરબારીઓ નાચે છે, કૂદે છે, ગાયનો ગાય છે અને ઉન્માદવાળાઓના જેવાં તોફાનો પણ કરે છે અને તે છતાં પોતાને તેઓ ડાહ્યા માને છે. અને રાજા તથા પ્રધાન એવો ઉન્માદ નથી દર્શાવતા, ઉલટા તેઓ તેમને ગાંડા માને છે. હવે આ ગાંડપણનો ઉન્માદ જેને વરેલો છે એવું મૂર્ખમંડળ પોતાને ડાહ્યાઓનો સંઘ માની લે છે, અને ઠાવકા થઈને વિચાર કરે છે કે, "આપણે ડાહ્યા, આપણું રાજતંત્ર ડાહ્યું અને પ્રધાન અને રાજા ગાંડા તે શા કામના છે? એટલા માટે આ ગાંડા રાજા તથા પ્રધાનને દૂર કરી આપણે રાજા અને પ્રધાન આપણા જેવા જ ડાહ્યા હોય એવા રાજા અને વજીરને તેમને સ્થાને સ્થાપવાની જરુર છે." મૂર્ખમંડળના આવા વિચારની રાજાના પ્રધાનને ખબર પડી. પ્રધાન ઉતાવળો ઉતાવળો રાજા પાસે ગયો, અને રાજાને કહે છે કે: "મહારાજ! આ તો ગજબ થયો છે, ચોર કોટવાળાને દંડતો હોય તેમ લાગે છે. બધાઓ પોતાને ડાહ્યા સમજે છે અને મને તથા તમને મૂર્ખા માની આપણને ગાદીએથી ઉઠાડી મૂકવાની યોજના ઘડે છે, પ્રધાનના આ વચનો સાંભળીને રાજા ગભરાયો.

રાજનીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, ગુનો ભલે ગમે તેવો ભયંકર હોય પરંતુ હોય પરંતુ એક જ જાતનો ગુનો કરનાર સો મનુષ્યો એકી સાથે નીકળી આવે તો તેમને દંડ ન કરવો. અને હજાર ગુનેગારો હોય તો તેમને દેહાંતની શિક્ષા ન કરવી, પરંતુ આટલી મોટી સંખ્યામાં માણુસોએ જો ગુનાઓ કર્યા છે તો ગુનો ગુનો શા માટે થયો છે, તેનું કારણ શોધી કાઢીને તે કારણનું જ નિવારણ કરી નાખવું એ રાજનીતિ છે. જ્યાં સો કે હજાર માણુસોના ગુના સાથે સંબંધ હોય ત્યાં શિક્ષા ન કરવાનો આદેશ છે. ત્યારે અહીં તો આખું તો આખું ગામ ગાંડાતુર બની ગએલું છે અને રાજદ્રોહનો વિચાર કરે છે તો તેને શિક્ષા શી રીતે કરી શકાય, એવા વિચારે રાજા અત્યંત શોકમાં પડે છે.

રાજાને એવો વિચાર થાય છે કે જો પોતે આખા શહેરને શિક્ષા કરવા જાય છે તો સંભવ છે કે કદાચ પોતાનો પણ વધ થઈ જાય,

અને જો તેમ નથી કરતો તો એ વાત પણ તેટલી જ સંભવિત છે કે જનતા પોતાને રાજગાદી ઉપરથી હાંકી કાઢવા પણ તૈયાર થાય. હવે ઉપાય શો કરવો?

### બ્હાનું કયાં ચાલી શકે?

રાજા પ્રજાજનોને દંડ અથવા સજા આપવા જાય છે તે તો સંભવિત છે, અહીં તો રાજાનો પોતાનો જ વધ થવાનો પ્રસંગ આવ્યો છે. રાજાની આત્મરક્ષાનો પ્રસંગ હવે રહેવા પામ્યો નથી. "જેમ ચાલે છે તેમ ચાલવા દો," એવું કહીને સ્થિર રહેવાનો પણ આ પ્રસંગ નથી. રાજાનું રાજત્વ આ પ્રસંગે નિર્ભય નથી. આત્મરક્ષાની ખરેખરી મુશ્કેલીનો આ પ્રસંગ છે. જે સ્થળે સમુદાય રાજા હોય એટલે ટોળા-માંથી પસંદ કરાએલો રાજા હોય; ત્યાં આગળ લોકોની પસંદગીનો જે રાજા હોય તે જ રાજા ગણાય છે. લોકો જેને રાજા નથી માનતા તેને તેઓ ધક્કો મારીને ઉઠાડી મૂકી શકે છે. જ્યાં આવી સ્થિતિ હોય, પ્રાણ જોખમમાં હોય, જીવતા રહી શકવાનો સંભવ જ ન હોય ત્યાં કુવૃષ્ટિનું દૃષ્ટાંત દેવું એ ઉચિત છે.

વ્યવહારની સ્થિતિમાં આવા સંયોગોમાં જોઈએ તો રાજા એ રાજા નથી, પરંતુ જનસમુદાયનું ટોળું એ જ રાજા છે. જીવન પર આવી પડેલી આપત્તિના આ પ્રસંગનું બ્હાનું કરીને રાજા અને મંત્રી કૃત્રિમ ઉન્માદ ધારણ કરે છે. પરિસ્થિતિને બ્હાના તરીકે કયાં આગળ ધરવામાં આવી છે, તેનો શાંત ચિત્તે વિચાર કરજો. જ્યાં પોતાની નબળાઈ હોય ત્યાં પરિસ્થિતિનું બ્હાનું આગળ કરે દહાડો વળતો નથી. એ પ્રસંગે પરિસ્થિતિનું બ્હાનું આગળ કરીએ તો તે જરાય ઉચિત નથી. જ્યાં પોતાની નબળાઈ ન હોય, સામાનો જ પૂર્ણ રીતે દોષ હોય અને જ્યાં આત્મનાશ થવાનો જ પ્રસંગ હોય, તેવે જ પ્રસંગે પરિસ્થિતિનું બ્હાનું આગળ કરી શકાય છે. આ પ્રસંગે મંત્રી રાજાને ઉપાય બતાવે છે:—

### હેતુ માત્ર આત્મકલ્યાણ અને શાસનોદ્ધારનો જ છે.

પ્રસંગ વિકટ છે, માટે જો આ પરિસ્થિતિમાં બચી જવું હોય

તો તેનો એક જ માર્ગ છે કે આપણે પણ ગાંડાની માફક કૃત્રિમ ઉન્માદવશ બની જવું અને ગાંડાના ખોટેખોટા ચાળા કરી ગાંડામાં જ ખપી જવું. એ જ વસ્તુ હાલ સમયોચિત છે. રાજા ને મંત્રી કૃત્રિમ ઉન્માદધારી–ગાંડા બની ગયા. તેઓ પણ ગાંડા ગામલોકો સાથે નાચવા કૂદવા અને ધમાધમી કરવા મંડી પડ્યા! આ રીતિએ કૃત્રિમ ગાંડપણ ધારણ કરીને પણ રાજાએ પોતાની સંપત્તિની સંરક્ષા કરી લીધી હતી. પછી સારો વરસાદ થયો અને જનતાએ જ્યારે એ વરસાદનું જળ પીવાના કામમાં લીધું, ત્યારે પ્રજાનો ઉન્માદ શાંત થયો, અને દેશનો વ્યવહાર પાછો પૂર્વવત્ ચાલવા લાગ્યો.

આ દૃષ્ટાંત પરથી આપણે વિચારવાનું શું છે તે જોઈએ. આપણે કુવૃષ્ટિનું બ્હાનું કાઢીએ છીએ પરંતુ રાજાએ જેમ ઉન્માદ ધારણ કરી પોતાની સંપત્તિની રક્ષા કરી હતી, તેવી શાસનની રક્ષા આપણે કરતાં નથી. ગાંડાના જૂથને જોઈ પરિસ્થિતિ વિચારી રાજાને વજીર જેમ ગાંડાં બની ગયા હતા, તે જ રીતે ગીતાર્થ આચાર્યો પણ વેષધારીઓ જેવા જ થઈ રહેશે પણ જેમ સુસ્થિતિ આવતાં રાજા ને વજીર ડાહ્યા બની ગયા હતા, તે રીતિએ ગીતાર્થો પણ શાસનોન્નતિનો સમય ક્યારે આવે છે એવી ઇચ્છાથી જ તેવા બની રહેશે અને એમ બની રહેવામાં તેમનો હેતુ આત્મકલ્યાણ અને શાસનોદ્ધારનો જ હશે. રાજા ને વજીર કૃત્રિમ ગાંડપણ ધારણ કરે છે અને કૃત્રિમ ગાંડપણનો ઢોંગ કરે છે, પરંતુ તે સઘળું કરવામાં તેમનો હેતુ તો પોતાના રાજત્વના અને પોતાની સંપત્તિની રક્ષા કરવાનો જ છે, તે જ રીતિએ આચાર્યો વેષધારીઓ સમાન થઇ રહેશે તેમાં પણ તેમનો હેતુ તો આત્મરક્ષા–સંયમરક્ષા કરવાનો છે. આવી રીતે ભગવાન શ્રીમહાવીર સ્વામીએ આપેલી દેશનામાં પૂણ્યપાળ રાજાને આવેલા આઠ સ્વપ્નોનું ફળ આ રીતે શાસનના ભવિષ્ય તરીકે જણાવેલું છે.

## દિપાલિકા અને પ્રભુ મહાવીર

આર્ય પ્રજાનો કોઈપણ મનુષ્ય એવો નહિ હોય કે જે દિવાળીના પર્વથી અજાણ્યો હોય, છતાં દિવાળી શબ્દ લોકભાષાનો હોઇ એનું સંસ્કૃત સ્વરૂપ ઘણા ઓછા જ જાણતા હોય છે. દિવાળીનું સંસ્કૃત

સ્વરૂપ દીપાવલી છે. અને તેનો અર્થ દિવાઓની શ્રેણી એવો થાય છે, જો કે સામાન્ય રીતે પ્રતિદિન સદ્દગૃહસ્થોના ઘરમાં અનેક દિવાઓ થાય છે, પણ તેને દિવાની શ્રેણી તો કહેવાય જ નહિ. દિવાની શ્રેણી તો દિવાળીને દિવસે લાઇનબંધ જે દિવાઓ થાય છે તેને જ કહી શકાય. પરંતુ આ દિવાઓ લાઈનબંધ જે કરવામાં આવે છે તે એક બાહ્ય ચિન્હ છે, જો આપણે એકલા બાહ્ય ચિન્હને વળગીએ તો ખરેખર આપણે સાપ અને લીસોટાનો ભેદ નથી સમજ્યા એમ ગણાય.

વિચાર કરવાની જરૂર છે કે હંમેશાં દીપક અંધકારનો નાશ કરવા માટે વપરાય છે, તો પછી આ દિવાઓની શ્રેણીથી કયા અંધારાના નાશને લક્ષ્યમાં કર્યું હશે ? વિચક્ષણ પુરુષ સમજી શકશે કે કોઈ એવા અખંડ ઉદ્યોતના અભાવને લીધે અગર તેના અસ્તને લીધે આ દીપાવલિકા શરૂ થયેલી હોવી જોઈએ, આ દીપાવલિકા માટે જૈનસૂત્રોમાં શિરોમણિ તરીકે ગણાતું શ્રી પર્યુષણાકલ્પસૂત્ર છે જેની રચના ભગવાન મહાવીર મહારાજ પછી એકસોસિત્તેર વર્ષે શ્રુતકેવલિ શ્રી ભદ્રબાહુ-સ્વામિજીએ કરેલી છે. તેમાં દીપાવલિકાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અને તેનાથી પ્રાચીન કોઈપણ ઉલ્લેખ દીપાવલિકા માટે જૈનશાસ્ત્ર કે અન્ય દર્શનશાસ્ત્રોમાં નથી.

શ્રી કલ્પસૂત્રના ફરમાન પ્રમાણે ભગવાન મહાવીર મહારાજ રૂપી અખંડ ઉદ્યોતકારક કેવલજ્ઞાની જિનેશ્વર ભગવાનના અસ્તસમયથી જ થયેલા ભાવ અંધકારને ટાળવાના ઉપલક્ષણમાં જ આ દીપાવલિકા પ્રવર્તેલી છે. ધ્યાન રાખવું જરૂરી છે કે અઢારે દેશના મહારાજાઓએ એકત્રિત થઈને આ દીપાવલિકા પ્રવર્ત્તાવેલી છે. અને તેથી જ આ દીપાવલિકા સમગ્ર ભરતક્ષેત્રમાં વ્યાપક થઈ ગઈ છે. એમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી.

આ દીપાવલિકાના બાહ્યસ્વરૂપ દીપની શ્રેણીને જેટલું વળગવું જોઈએ તેના કરતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પોતાની હૈયાતિમાં અન્ત્ય અવસ્થાએ જે સોળ પહોર સુધી અખંડ ધારાએ દેશના આપી હતી અને તેમાં પંચાવન અધ્યયનો-પાપફળને જણાવનારાં, પંચાવન

અધ્યયનો–પુણ્યફલને જણાવનારાં અને પ્રશ્ન પૂછયા વગરનાં છત્રીશ વ્યાખ્યાનો જે બારપર્ષદાને સંભળાવ્યાં હતાં અને બારપર્ષદાએ પણ તે છેલ્લો લ્હાવો અખંડપણે સાંભળીને લીધો હતો, તેનું અનુકરણ દરેક ભવ્યાત્માઓએ કરવાની જરૂર છે. એટલે દિવાળીને દિવસે ભગવાનના નિર્વાણ પછી કરાયેલી દિવાની પ્રવૃત્તિમાં જવા કરતાં હૈયાતિની વખતે થયેલો અખંડપણે સોળ પહોર દેશનાશ્રવણનો લાભ-વિશેષે અનુકરણીય હોય.

છટ્ઠની તપસ્યા કરવાપૂર્વક સોળપહોરનો પૌષધ દરેક ભવ્યાત્માએ કરવો જોઈએ, અને દિવાળીને દિવસે પહેલી રાતે '**श्री महावीरस्वामि सर्वज्ञाय नमः**' એવો બે હજારનો જાપ એટલે વીસ નવકારવાળી અને પાછલી રાતે '**श्री महावीरस्वामि पारगताय नमः**'ની વીસ નવકાર-વાળી તથા તે બન્ને વખતે દેવવંદન આદિ આરાધનાને માટે કરવું જ જોઈએ. '**श्री गौतमस्वामि सर्वज्ञाय नमः**' એ પદનો જાપ અને દેવવંદન સૂર્ય ઉદય પહેલાં શ્રીગૌતમસ્વામિજી ભગવાનના કેવલજ્ઞાનને અંગે કરવું એ ભવ્યાત્માઓની ધ્યાન બહાર તો ન જ હોય.

ધ્યાન રાખવું કે આ દીપાવલિકા પર્વ એટલું બધું રાજા મહારાજા અને સામાન્યવર્ગમાં પ્રચલિત થયેલું હતું અને છે કે જેને અંગે ભગવાન ઉમાસ્વાતિવાચકજીને એમ જણાવવું પડયું કે દિવાળીના તહેવારમાં ઇતરલોકોથી જૈનોએ જુદા પડવું નહિ. અને તેને માટે '**श्रीमद् वीरस्यनिर्वाणं, कार्यं लोकानुगैरिह**' એવા પ્રઘોષને અગ્રસ્થાન મળ્યું. અર્થાત્ લોકો જે દિવસે દિવાળી કરે તે દિવસે છટ્ઠના બીજા ઉપવાસનો હોય તેવી રીતે જૈનોએ પણ દિવાળી કરવી એ શાસ્ત્રાજ્ઞાથી સિદ્ધ છે.

## પાંચમા આરાની ઉત્તમત્તા

ભગવાન જિનેશ્વરોની મહેરબાનીથી ત્રીજા ચોથા આરારૂપી સુષમાકાલમાં જે ફળ થયું હતું તેના કરતાં આ દુષમા નામના પાંચમા આરામાં ભગવાનના શાસનનું ફળ ઘણું જ વખાણવા લાયક છે. જો કે મોક્ષમાર્ગની આરાધના બન્ને તે આરામાં અને આ પાંચમા

પણ સરખી જ છે, છતાં ત્રીજો અને ચોથો આરો અન્ય કેવલજ્ઞાનીઓ અને મનઃપર્યાય આદિ જ્ઞાનવાળાના સમાગમને લીધે મેરુ સમાન હતો, પણ આ પાંચમો આરો તો અન્ય કેવલજ્ઞાની આદિના અભાવવાળો હોવાથી મરુભૂમિ જેવો છે, માટે તે પાંચમા આરારૂપ મરુભૂમિમાં આપની (ભગવાન જિનેશ્વરોની) મહેરબાનીરૂપ શાસનપ્રણાલિકારૂપ જે કલ્પવૃક્ષ તે અત્યંત વખાણવાલાયક છે, એટલે શાસનની આરાધના કરી મોક્ષપંથે પ્રયાણ કરનારા માટે તો આ પાંચમો આરો કોઈ પણ પ્રકારે ઉપેક્ષા કરવા લાયક નથી, પણ અત્યંત અનુમોદવા લાયક છે. મેરૂમાં રહેલાં કલ્પવૃક્ષો કરતાં મારવાડમાં રહેલ કલ્પવૃક્ષ અત્યંત પ્રશંસાને પામે છે.

કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિજી

● ● ●

# દીપાવલિકા પર્વનો દિવ્ય મહિમા

વર્તમાન શાસનમાં વર્તતા વિચારવંત વિચક્ષણોને થએલી માર્ગપ્રાપ્તિની ખાતર શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના મોક્ષકલ્યાણકનો દીપાવલિકા પર્વનો દિવસ આરાધવા લાયક છે, અને વળી તે મહાપુરુષના ગુણગણની ઝળકતી કારકિર્દી વિચારનાર કોઇપણ મનુષ્યને દીપાવલિકા પર્વનો દિવસ સજ્જનતાની ખાતર પણ આરાધવા લાયક જ છે. તેમના ગુણગણની અનંતતાને એક બાજુએ રાખી સામાન્ય દૃષ્ટિએ તેમના ચારિત્ર તરફ નજર કરીએ તો પણ તે મહોપકારી મહાવીર ભગવાનની આરાધના કરવા માટે દીપાવલિકા પર્વની આરાધનાની જરૂરીઆત ઝળકશે.

૧. જગતમાં પુત્રના લક્ષણ પારણામાંથી જણાય એમ કહી પુત્રના ભાવિ જીવનનું ભવિષ્ય પારણામાં જણાવવાનું ગણાય છે ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાનું ભાવિજીવન તેઓશ્રી માતાની કૂખે પધાર્યા

તે જ વખતે સ્પષ્ટ થઈ ગયું હતું, કેમકે જે રાત્રિએ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા માતાની કૂખે આવ્યા તે જ રાત્રિએ એક જ વખતે ચૌદ મહા સ્વપ્નો તેઓશ્રીની ભાગ્યવત્તાને સૂચવનારાં તેઓશ્રીની માતાએ દેખ્યાં.

૨. કોઈપણ ભાગ્યશાળી પુરુષ માતાની કૂખે આવે ત્યારે તે ભાગ્યવાનની માતા એકાદું ગજાદિકનું સ્વપ્ન દેખે છે; જ્યારે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની માતાએ તે જ રાત્રિએ એકી વખતે સિંહ, ગજ વગેરે ચૌદ મોટાં સ્વપ્ન દેખેલાં છે.

૩. જગતની વિચિત્રતાઓ અનેક પ્રકારની આપણે સાંભળીએ અને દેખીએ છીએ, છતાં ગર્ભવતી માતાના ઉદરમાં ગર્ભને અંગે લોહી વગેરેનો બીજો જમાવ ન થાય તેવું સાંભળવામાં કે દેખવામાં આવ્યું નથી, છતાં ત્રિલોકનાથ ભગવાન્ મહાવીર મહારાજાની માતાના ગર્ભાશયમાં ત્રિલોકનાથ આવે ત્યારે સમગ્ર ગર્ભકાળ સુધી બીજો કોઈ રૂધિરનો જમાવ વગેરે બનાવ હોતો નથી.

૪. જગતના કોઈ પણ મનુષ્યનાં શરીર લાલ રૂધિર અને માંસ સિવાયનાં હોતાં નથી, છતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાનું શરીર નિર્મળ અને નીરોગી છતાં સફેદ લોહી અને માંસવાળું હતું (જો કે શ્રદ્ધાહીનોને લોહી અને માંસોની સફેદાઈ માનવી અસંભવિત લાગે પણ તેઓ કે બીજાઓ ચિંતવી પણ ન શકે તેવો બનાવ હોવાથી જ તીર્થંકરના અતિશય તરીકે ગણાય છે. જો તેવો સફેદાઈનો બનાવ સાહજિક હોત તો તે અતિશય તરીકે ગણાત જ નહિ.)

૫. ગર્ભચલનથી માતાને થતા દુઃખને વિચારવું અને તેથી ગર્ભમાં જ પોતાના અંગોપાંગોને સમાધિસ્થ મહાત્માઓના અંગોપાંગોની જેમ સ્થિર કરી રાખવા એ કાર્ય કરનાર <u>શ્રમણ ભગવાન્ મહાવીર</u>.

૬. પોતે ગર્ભમાં રહેલા તે વખતે ગર્ભને જાળવવા માટે માતાપિતાએ કરેલા હદ બહારના પ્રયત્નોથી માતાપિતાના સ્નેહને જાણીને પોતાની દીક્ષા થાય તો તેઓ જીવી શકશે નહિ એવું ધારી

માતાપિતાના જીવન સુધી દીક્ષા નહિ અંગીકાર કરવાનું નિયમિત કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૭. બાલ્યાવસ્થામાં પણ ભયંકર કાળા નાગના પ્રસંગે તથા તાડ જેવા ઊંચા વેતાલે ઉઠાવી લેવાના પ્રસંગે વૈર્ય રાખનાર હોય તો તે શ્રમણ ભગવાન્ મહાવીર.

૮. પૂર્વ ભવથી અપ્રતિપાતી નિર્મળ, શુદ્ધ એવા મતિ, શ્રુત અને અવધિજ્ઞાનને સાથે લાવેલા હોઈ સર્વ સામાન્ય પદાર્થોને જાણુવાવાળા છતાં પાઠશાળામાં પંડિત પાસે ભણુવા મેલવાના પ્રસંગ સુધી ગાંભીર્ય ધરાવનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૯. દીક્ષિત થયા છતાં પિતાના મિત્ર વિપ્રની દયા લાવી દેવદુષ્ય કે જેની કિંમત લાખ સોનૈયાની થાય છે તેમાંથી અર્ધું આપનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૦. કાંટામાં પડી ગયેલા શેષ અર્ધ દેવદુષ્યની દરકાર નહિ કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૧. ગોવાળીયા, જોષી, ચોર, વ્યંતરના ઉપસર્ગો, શૂલપાણિ યક્ષ અને સંગમદેવના ઉપસર્ગો, ક્રોધ વગર ક્ષમાથી નિશ્ચલપણે સહન કરનારા શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૨. સિદ્ધાર્થ અને ત્રિશલા રાણીના કલ્પાંતથી, દેવાંગનાઓના નાટયારંભથી અને સંગમ દેવતાના વિભ્રમ ઉપજાવનારા વાક્યોથી ચલાયમાન નહિ થનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૩. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ચારે પ્રકારના પ્રતિબંધોથી દૂર રહી ઈર્યાસમિતિ આદિ સાધુ આચારમાં સાવધાન થઈ છ મહિનાના ઉપવાસે દાસી થએલી રાજપુત્રીના હાથે અડદના બાકળાથી પારણું થવાવાળા અભિગ્રહને કરનારા શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૪. વાસુદેવના ભવમાં અને પછીના બીજા દેવલોકાદિક ભવોમાં ગૌતમસ્વામીજીના જીવની સાથે સ્નેહ સંબંધે જોડાએલો જીવ તે શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૫. અહંકારવાળાને ગણધરપદ આપનાર, રાગે રંગાએલાને ગુરુભક્તની પદવીએ પહોંચાડનાર અને વિખવાદના વમળમાં વહેતા ગૌતમને વિમળ કેવલાલોક અર્પણ કરનાર શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૬. જેમના નિર્વાણને દિવસે ચેડા મહારાજાના સામંત એવા અઢાર ગણરાજાઓએ પૌષધોપવાસ કર્યો હતો તે શ્રમણ ભગવાન્ મહાવીર.

૧૭. જેમના નિર્માણના દિવસને સમસ્ત જગતે દીપાવલિકા પર્વ તરીકે આરાધ્યું, આરાધે છે અને આરાધશે તે શ્રમણ ભગવાન્ મહાવીર.

આ વગેરે અનેક નવનવા વૃત્તાંતોથી જેમનું જીવન ભરપૂર હતું એવા અનંત જ્ઞાનાદિ ગુણોએ યુક્ત શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ દિવસરૂપી દીપાવલિકા પર્વનું આરાધન કરતાં દરેક ભવ્ય આત્માઓએ પોતાના જીવનને કૃતાર્થ ગણી જન્મને સફળ ગણવો જોઈએ.

**તા. ક.** : મહાવીર મહારાજના જીવનની ગર્ભાપહાર, મેરુચલન વગેરે હકીકતોને કર્મવીર કૃષ્ણના લેખકે જે અનુકરણ તરીકે જણાવી છે, તે તે ભગવંતનું ઘણા જ પાછલા સમયમાં બનવું અને મહાભારતમાં સમય સમય પર જુદા જુદા વધારા થવા એ વગેરે હકીકત ખ્યાલમાં લીધા સિવાય જૈન આગમ અને જૈન શાસ્રોને અન્યાય કરનારું લખાણ થયું છે, તે કોઈપણ ભવ્યો ખમી શકે નહિ તેવું છે.

● ● ●

# ભગવાન ગૌતમસ્વામીજીનું કેવલજ્ઞાન

જૈન જનતામાં ભગવાન્ ત્રિલોકનાથ તીર્થંકરોનાં કેવલજ્ઞાનનો દિવસ કેવલજ્ઞાનકલ્યાણક તરીકે આરાધાય છે તેથી તે તે તીર્થંકરોનાં તે તે કેવલજ્ઞાનનાં દિવસો શાસ્રદ્વારાએ નિર્મંત કરેલા છે, અને તે જ પ્રમાણે આરાધવામાં પણ આવે છે, પરંતુ ભગવાન્ તીર્થંકરોની માફક

પહેલાનાં ભવમાં ગણુધરનામકર્મનો બંધ કરીને ગણુધર તરીકે થયેલા મહાપુરુષોનાં કેવલજ્ઞાનના દિવસોને કલ્યાણુક તરીકે નહિ, પરંતુ મહોત્સવ તરીકે પણુ આરાધવાનું જૈન જનતામાં ઘણું ઓછું જ બને છે.

શ્રમણુ ભગવાન્ મહાવીર મહારાજના અગિયાર ગણુધરો થયા છે, અને તેઓ સર્વે કેવલજ્ઞાન મેળવીને મોક્ષને જ પામ્યા છે, છતાં ભગવાન્ ગૌતમસ્વામીજી સિવાય બીજા કોઈ પણુ ગણુધરના કેવલજ્ઞાનનો દિવસ ઉપલબ્ધ થતો નથી, અને તે શાસ્ત્રને કરનારાઓએ જણુાવ્યો પણુ નથી, તેમ જૈન જનતામાં તે તે કેવલજ્ઞાનનાં દિવસો પર્વ તરીકે આરાધવામાં રૂઢ થયેલા પણુ નથી, જો કે શ્રમણુભગવાન્ મહાવીર મહારાજે ગણુધરપદની સ્થાપના કરતી વખતે જ ગણુની અનુજ્ઞા એટલે શાસન ધારવાની આજ્ઞા ભગવાન્ સુધર્માસ્વામીને જ આપી હતી, અને તેથી જ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણુ પછી શ્રી સુધર્માસ્વામી જ શાસનધારક થયા, અને એ જ કારણુથી કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં પટ્ટપરંપરાના મૂળ તરીકે શ્રી સુધર્માસ્વામીને જ લેવામાં આવ્યા છે. તેવા શાસનના મૂળ પુરુષ સુધર્માસ્વામીજીનો પણુ કેવલજ્ઞાનનો દિવસ ઉપલબ્ધ થાય તેમ શાસ્ત્રકારોએ તેનો ઉલ્લેખ કર્યો નથી, અને જૈન જનતામાં પર્વ તરીકે આરાધાતો નથી, પરંતુ સર્વ લબ્ધિનિધાન એવા ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનનો દિવસ જે કાર્તિક સુદિ એકમનો છે એનો શાસ્ત્રકારોએ ઉલ્લેખ કર્યો છે, અને સમગ્ર જૈન જનતા તે દિવસને પર્વતરીકે આરાધે પણુ છે.

વાંચકે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ૧૯૮૯ની સાલ પહેલાં સમસ્ત જૈનજનતા શ્રી ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનને અંગે કાર્તિક સુદિ એકમના દિવસે જ મહિમા કરતી હતી. પરંતુ આ થોડા વર્ષોમાં શાસનને ખેદાનમેદાન કરી નાખવા તૈયાર થયેલ ક્રૂર દૃષ્ટિનાં કુટિલ પ્રવર્ત્તનથી તે આરાધનામાં ભેદનો પ્રયત્ન તેની ટોળી તરફથી થવા લાગ્યો છે, જો કે તેજ ટોળીનાં વાજીંત્રોમાં ૧૯૮૯ પહેલાં તો શું ? પરંતુ બે ત્રણુ વર્ષ પહેલાં પણુ ચૌદશની દિવાળી લખાતી હતી તો પણુ ભગવાન્ ગૌતમ સ્વામીજીનાં કેવલજ્ઞાનનો

મહિમા કાર્તિક સુદી એકમના દિવસે જ લખવામાં આવતો હતો, પરંતુ શાસનભેદના જ માટે અવતરેલાની અવળી પ્રવૃત્તિથી હમણાં ભગવાન ગૌતમસ્વામીજીનાં કેવલજ્ઞાનના મહિમાને પણ કાર્તિક સુદિ એકમે ન રાખતાં આસો વદિ અમાવાસ્યાએ લાવવામાં આવે છે.

જૈન જનતા સારી રીતે સમજે છે કે નવ મલ્લકી અને નવ લેચ્છકી રાજાઓ વગેરેએ ભગવાન્ શ્રી મહાવીર મહારાજના નિર્વાણના કલ્યાણકને અપનાવેલ હોવા વગેરે કારણથી શાસ્ત્રકારોએ શ્રી વીર ભગવાનના નિર્વાણનું કલ્યાણક જે દિવાળીરૂપી પર્વ તેને લોકને અનુસરીને કરવાનું જણાવ્યું છે, એટલે દિવાળીનું પર્વ લોકને અનુસરતું કરવાથી કોઈક વખતે આસો વદિ ચૌદશ તથા અમાવાસ્યાએ પણ તે આવે, પરંતુ સર્વ-લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીના કલ્યાણકનો તહેવાર પણ લોકને અનુસારે કરવો એમ કોઈ પણ શાસ્ત્રકારોએ કહેલું નથી, તેમ આ શાસન વિરોધી એવી ટોળી સિવાય કોઈએ તેમ કહ્યું કે કર્યું પણ નથી, માટે શાસ્ત્ર અને પરંપરાને માનનારા મહાનુભાવો તો દિવાળી આસો વદિ ચૌદશની હોય, અથવા તો આસો વદિ અમાવાસ્યાની હોય, પરંતુ ભગવાન્ ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનનો મહિમા ગણણું ગણવાથી, દેવવાંદવાથી અને યાવત્ સ્મરણ શ્રવણથી કાર્તિક સુદિ એકમના દિવસે જ કરીને તેને આરાધવા યોગ્ય ગણે છે અને આરાધે છે. ચાલુ વર્ષમાં જો કે દિવાળી આસો વદિ ચૌદશ અને શુક્રવારની છે, અને તેથી તેરશ અને ચૌદશ એ બે દિવસ ભાગ્યશાળીઓને દિવાળીના છટ્ઠની તપસ્યા કરવાનું થશે અને ભગવાન્ ગૌતમ સ્વામીજીનાં કેવલજ્ઞાનનો મહિમા ૧૯૯૬ના કાર્તિક સુદિ એકમને રવિવારે થશે. સોળ પહોરના પૌષધ અને સોળ પહોરની દેશના, એ બન્ને ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણ કલ્યાણકને ઉદ્દેશીને અથવા એના અંત્યભાગને અનુલક્ષીને કરવામાં આવે છે, તેથી તે છટ્ઠ અને સોળ પહોરનાં પોસહ આસો વદિ તેરશ અને ગુરૂવાર તથા આસો વદ ચૌદસ અને શુક્રવારનાં થાય તેમાં શાસનાનુસારીઓને અને શાસનપ્રેમીઓને તો બોલવાનું રહે જ નહિ.

● ● ●

# પર્વ મહિમા દર્શન

## વિભાગ-૨

પ્રવચનકાર

આગમોદ્ધારક આચાર્ય દેવેશ
શ્રી આનન્દસાગર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક

શ્રી આગમોદ્ધારક પ્રવચન
પ્રકાશન સમિતિ-મુંબઈ

# પર્વ પ્રકાશ

- જ્ઞાન પંચમી
- કાર્તિકી પૂર્ણિમા
- મૌન એકાદશી
- પોષી દશમી
- જન્મ કલ્યાણક
- અક્ષય તૃતીયા

# પર્વ મહિમા દર્શન

## વિભાગ–૨

# જ્ઞાનપંચમી વ્યાખ્યાન. ૧.

સં. ૧૯૯૨ જ્ઞાનપંચમી પાલીતાણા.

अप्रयत्नप्रदीपोयमादित्यनित्योन्दतः
तृतीयं लोचनं ज्ञानमचोर्यहरणं धनम् ॥ आचारप्रदीप० ॥

**વીર્યાચાર વગર જ્ઞાનાદિ આચાર બની શકે નહિ.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વજી ભવ્યજીવોના ઉપકાર માટે આચારપ્રદીપ નામના ગ્રંથમાં પાંચ આચારોની વ્યાખ્યા કરતાં, પ્રથમ જ્ઞાનાચારની વ્યાખ્યા જરૂરી ધારી જણાવે છે કે પાંચે આચારમાં પ્રથમ જ્ઞાનાચાર કેમ લીધો ? તો કહે છે કે દર્શનાચાર એટલે સમ્યક્ત્વનો આચાર, મોક્ષની જડ; ચારિત્રાચાર એ નિસરણી; ખુદ મોક્ષની મુસાફરી તપાચાર. મોક્ષ માર્ગમાં આડા આવતાં વિઘ્નોને હઠાવનારૂં પરાક્રમ તે વીર્યાચાર. જે શક્તિ કહીએ છીએ તે આત્માનું વીર્ય.

સામાન્ય રીતે દુનિયામાં જે શક્તિ પદાર્થ ગણાય છે, તે શક્તિ સામાન્ય શરીર સાથે સંબંધ રાખે છે, પણ આત્માની જે તાકાત તેનું વિશેષનામ હોય તો તેનું વીર્ય છે. હવે વીર્યાચાર બધામાં લાગુ થએલો છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ વગેરે આચારમાં વીર્યાચાર જોઈએ. આત્માની શક્તિને ફોરવ્યા સિવાય આઠ પ્રકારના જ્ઞાન, આઠ પ્રકારના દર્શન, આઠ પ્રકારનું ચારિત્રપાલન, બાર પ્રકારની તપસ્યા એ છત્રીસમાંથી વીર્યાચાર વગર કંઈ વળે નહિ. વીર્યાચારના છત્રીસ ભેદો ન હોય તો જ્ઞાનાચારાદિના ભેદોમાં છબરડો વળી જાય.

ભાષ્યકારોએ વીર્યાચારના છત્રીસ ભેદો માન્યા છે. જ્ઞાના૦ ૮, દર્શના૦ ૮, ચારિત્રા૦ ૮, તપા૦ ૧૨ તે બધા વીર્યાચારને જ આભારી છે. આત્માનું વીર્ય ન પ્રવર્તે તો જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપના મળી ૩૬ માંથી એકે પ્રવર્તિ ન શકે. એકલા આચાર માટે વીર્યની

જરૂર પડે છે તેમ નહિ, પણ જ્ઞાનને પોતા માટે વીર્યની જરૂર પડે છે. શ્રીદેવસૂરિજી, ઉમાસ્વાતિજી મહારાજ વગેરે કહે છે કે જ્ઞાનને રોકનાર કોણ ? જ્ઞાનવરણીય અને વીર્યાન્તરાય, બેય જ્ઞાનને રોકનાર છે. કારણ ? જ્ઞાનાવરણીનો સ્વભાવ જ્ઞાનને રોકવાનો અને વીર્યાંતરાયનો સ્વભાવ વીર્યને રોકવાનો છે; વીર્યાંતરાયનો ક્ષયોપશમ કે ક્ષય થયા વગર જ્ઞાનની પ્રવૃત્તિ થાય જ નહિ. જ્ઞાનની પ્રવૃત્તિ વીર્યાંતરાયનો ક્ષય કે ક્ષયોપશમ થવાથી થાય. ૧૨માના છેડે જ્ઞાનાવરણીય સર્વથા ક્ષય થાય તેની સાથે વીર્યાન્તરાયનો ક્ષય જરૂરી માન્યો. જે સમયે કેવળજ્ઞાનાવરણીનો ક્ષય તે જ સમયે વીર્યાન્તરાયનો ક્ષય થાય છે. તેથી જ સિદ્ધ મહારાજને કશું કરવું કારવવું નથી, એક પણ પ્રદેશ આત્માનો હલાવવો પડતો નથી. અનંતોકાળ થયો અને થશે તો પણ સિદ્ધ આત્માનો એક પ્રદેશ હાલવાનો નથી. આખો આત્મા તો ન ખસે પણ તેનો એક પ્રદેશ પણ ન ખસે.

**સિદ્ધોને પણ વીર્યની જરૂર.**

દીપક વચમાં ધર્યો, તેણે ચારે બાજુ ઉદ્યોત કર્યો. દિવાને ફેરવો. દિવાની અવગાહના ફરી નથી, એની એ જ રહી, પણ ઉદ્યોત ફર્યો. દિવો ત્યાં ને ત્યાં ગોળ ફેરવ્યો તો અવગાહના એની એ જ રહી, પણ ઉદ્યોત ફર્યો. દિવાની અવગાહના ન ફરે તો પણ ઉદ્યોતનું ફરવું થાય, તેમ સિદ્ધોની અવગાહના ન ફરે. દિવાના ઉદ્યોતના પ્રદેશો ફરે, એમ માનીએ તો પણ આત્માના પ્રદેશો ન ફરે. જે આકાશપ્રદેશ પર સિદ્ધના આત્માના પ્રદેશો છે, તે અનંતોકાળ ગયો ને જશે તો પણ ખસવાના જ નથી. એક આકાશપ્રદેશથી ખસેડવો એટલું પણ તેમને કામ નથી, તો પછી તેમને વીર્યાન્તરાયના ક્ષયની જરૂર શી ? લોકાલોક પ્રકાશક-દર્શક-કેવલ-જ્ઞાન તેનો ઉપયોગ અનંતાવીર્ય વગર થઇ શકે નહિ.

**વીર્યના સ્વભેદે ત્રણ ભેદો, વિષયભેદે છત્રીશ ભેદો.**

છાદ્મસ્થિક ઉપયોગમાં જોર આવે છે, તેમ સિદ્ધને આખા લોકાલોકના જ્ઞાનદર્શનના સતત ઉપયોગ જારી રહે. તેમાં જોરની વીર્યની જરૂર પડે, માટે તેમને વીર્યાંતરાયનો ક્ષય માનવો પડે. આ ઉપરથી

જ્ઞાનની અંદર વીર્ય મદદ કરનારી ચીજ છે. જ્ઞાન થવા પહેલાં વીર્ય જરૂરી છે, અને વીર્યનો અભાવ જ્ઞાનને રોકનારી ચીજ છે. તેવીજ રીતે દર્શન-ચારિત્ર-તપને અંગે વીર્યની જરૂર, માટે છત્રીસ ભેદોમાં વીર્યાચારની જરૂર છે. તે હોવાથી ભાષ્યકારે વીર્યાચારના ૩૬ ભેદો માન્યા. જ્ઞાના૦૮, દર્શના૦૮, ચારિ૦૮, તપા૦૧૨ ભેદ અને વીર્યાચારના શારીરિક વીર્યની અપેક્ષાએ મન-વચન-કાયાના ત્રણ ભેદ લઈએ, પણ વિષયની અપેક્ષાએ ૩૬ ભેદો લેવા પડે. પાંચે આચારના ભેદો જણાવ્યા, તેમાં પ્રથમ જ્ઞાનાચાર કેમ જણાવ્યો ?

દર્શનાચાર મોક્ષની જડ, ચારિત્રાચાર મોક્ષની મુસાફરી અને તપાચાર મોક્ષની પ્રાપ્તિ કરાવવા મુખ્ય છે, તેમાં પ્રથમ જ્ઞાનાચારને અવકાશ કેમ આપ્યો ? सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । એમાં કેટલીક જગ્યાએ સમ્યક્ત્વ પ્રથમ અને કેટલીક જગ્યાએ જ્ઞાન પ્રથમ લેવામાં આવ્યું છે, આમ મોક્ષમાર્ગ જણાવતાં કેટલાકે પ્રથમ દર્શન અને કેટલાકે પ્રથમ જ્ઞાન લીધું છે. પણ પાંચ પ્રકારના આચારમાં દર્શનાચાર પ્રથમ કોઈ પણ જગ્યાએ મૂકાયો નથી. પ્રથમ જ્ઞાનાચાર જ મૂકવામાં આવ્યો છે. કારણ ? શાસ્ત્રકાર એ વસ્તુ ઉપરથી ધ્વનિત કરે છે કે દરેકે દર્શ૦ના આઠ ભેદ, ચારિત્ર૦ના આઠ ભેદ અને તપસ્યાના બાર ભેદ આચરવા હોય યાવત્ વીર્યાચારના સ્વભેદ ત્રણ, વિષય ભેદ છત્રીશ આચરવા હોય તો પ્રથમ જ્ઞાન તરફ પ્રયત્ન કરવો જોઇએ.

દરેક આચારો જ્ઞાન વગર જાણી શકાય નહિ.

દર્શનાચારના આઠ ભેદ. પ્રથમ ભેદમાં શંકારહિતપણું થવાનું તે કોના પ્રતાપે થવાનું ? જ્ઞાનના જ પ્રતાપે. જો જ્ઞાન ન હોય તો દુનિયામાંથી આવતો શંકાનો ઝપાટો ઠેલી શકાય જ નહિ. એ ઝપાટાને હડસેલી દેવો હોય તો જ્ઞાનનું હથિયાર જોઇશે. તેમ કાંક્ષાનું પ્રાવર્તન કોણ રોકશે ? જ્ઞાન. એમ દર્શનાચારના આઠ અતિચારો તપાસીશું તો જ્ઞાનદ્વારા પ્રવર્ત્તનારા છે. જ્ઞાન સિવાય બીજા આચારની પ્રવૃત્તિ થઈ શકવાની નથી. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એમાં પણ જ્ઞાન વગર પ્રવૃત્તિ કરી શકાય નહિ. જીવ જાણો નહિ, જીવની

હિંસામાં કર્મ છે તે જાણે નહિ, કર્મ ભોગવવા પડે છે તે જાણે નહિ, તો ઇર્યાસમિતિ વગેરેના અધિકારનો અવકાશ ક્યાં રહ્યો ? જ્ઞાનની નિશ્રાએ કરેલો તપ સમ્યગ્તપ છે.

દર્શનાચાર-ચારિત્રાચાર જ્ઞાન વગર પાંગળા, પણ તપસ્યા કરવી, ન ખાવું, ઉણોદરી કરવી, વિષયત્યાગ કરવો ત્યાં વાંધો શો આવે છે? તપસ્યા કરવામાં જ્ઞાન નહિ હોય તો અડચણ નહિ આવે, પણ અજ્ઞાનતપ અને સમ્યગ્તપ પણ તપાચાર એ અજ્ઞાનતપનો ભેદ કે સમ્યગ્તપનો ભેદ છે? જો સૂત્રકારો, ટીકાકારો सम्यग्योगनिग्रहो गुप्तिः ગુપ્તિ એ અહીં લગાડે છે, તેથી જૈનદર્શનના ૧૨ પ્રકારના તપને અંગે જ્ઞાનજડ હોવી જોઈએ. જ્ઞાન વગરની તપસ્યા સમ્યગ્તપ કહી શકાય નહિ.

ગીતાર્થઆધિન તપસ્યા, એટલે ગીતાર્થનું જ્ઞાન તેમાં આવી ગયું. જ્ઞાન વગરનું તપ તે અજ્ઞાનતપ, તેથી તપસ્યા કરનારે જ્ઞાનીની નિશ્રા લેવી પડે છે. બાકી નિશ્રા વગર છ માસ તપસ્યા કરે તે અજ્ઞાન તપસ્યા છે, પચ્ચક્ખાણ લે એટલે જ્ઞાનીની આધિનતા છે. આધિનતા વગર અજ્ઞાન તપસ્યા છે. તપાચાર બાર પ્રકારનો છે, પણ બારે પ્રકારનો તપાચાર ગુરુની પરતંત્રવાળો છે. આ કારણથી પચ્ચક્ખાણ લેવાની જરૂરિયાત ગણી. પચ્ચક્ખાણ ગુરુ સાક્ષીએ લેવું. અનુવાદ કરવો : આ પંચાત શા માટે ? તો કે સમ્યગ્તપની રીતિ જ એ છે, માટે સમ્યગ્તપાચાર કરવો હોય તો જ્ઞાનની જરૂર.

વીર્યાચાર એ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ સિવાય ચીજ જ નથી. એટલે દર્શનાચાર-ચારિત્રાચાર અને તપાચારની જડ વીર્યાચાર, અને એની જડ પણ જ્ઞાનાચાર. આ માટે શાસ્ત્રકારોએ આચારમાં પ્રથમ પગથિયું જ્ઞાનાચારનું જણાવ્યું. સમ્યગ્દર્શન તત્ત્વાર્થની શ્રદ્ધા, જાણ્યા વગર ન થાય. પ્રતીતિએ જેટલું જાણે તેટલું પ્રતીતિ વિના ન જાણે તો શ્રદ્ધા ન થાય. **संतपयपरूवणया० આદિ પદો-દ્વારોથી દરેક તત્ત્વને જાણે તેટલી શ્રદ્ધા તેમજ जीवाइ नव पयत्थे० આદિથી દર્શન કરાવનાર મોક્ષમાર્ગની પ્રવૃત્તિ દર્શનથી છે.**

## દર્શન અને જ્ઞાનમાં પ્રથમ કોણ ?

અહીં કેટલાક આચાર્ય પ્રથમ દર્શન, કેટલાક પ્રથમ જ્ઞાન માને છે. અપેક્ષા ભેદ છે પણ વિરૂદ્ધ કોઈ નથી. અભ્યંતરતપ બધાએ ગુરુ પાસે જ કરવાના છે, તેમજ બાહ્યના પચ્ચક્ખાણ પણ ગુરુને આધીન થઈ કરવાના છે. તમે વૃત્તિસંક્ષેપ નિયમ કરી ૨૦ ચીજ ખાવ છો, બીજો અભિગ્રહ કર્યા વગર એક રોટલો ને મરચું બે જ ચીજ ખાય તો વૃત્તિસંક્ષેપ કહેવાશે ? ના. મૂળ વસ્તુ પર આવો.

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । તેમજ सम्यग्ज्ञान-दर्शनचारित्राणि मोक्षमार्गः । કઈ અપેક્ષાએ કહ્યું છે ? બંને સાચા છે, પણ અપેક્ષા સમજવી જોઈએ. બન્નેની વ્યવસ્થા થઈ જશે. સમ્યક્ત્વ બે પ્રકારનાં છેઃ નિસર્ગ અને અધિગમ. નિસર્ગ સમ્યક્ત્વદર્શનમાં માત્ર પોતાના આત્માથી પદાર્થો અનુભવે અને તે જાણે તે નિસર્ગ-સમ્યક્ત્વ, અને ગુરુ જીવાદિક પદાર્થો સમજાવે, તે જાણ્યા પછી શ્રદ્ધા થાય તે અધિગમ સમ્યક્ત્વ. નિસર્ગ સમ્યક્ત્વ થયા છતાં અધિગમ સમ્યક્ત્વ થયાની જરૂર ગુરુઓ જણાવે છે.

કહેવું જ પડશે કે નિસર્ગની અપેક્ષાએ પ્રથમ દર્શન सम्यग्दर्शन તે જ અધિગમની અપેક્ષા सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः । ગુરુ દ્વારા, જ્ઞાનદ્વારાએ અધિગમ સમ્યગ્દર્શનની જરૂર શી ? જેમ ક્ષાયોપશમિક થયા પછી ક્ષાયિકની જરૂર, તેમ નિસર્ગ પછી અધિગમની જરૂર છે. નિસર્ગમાં જોઈએ તેવી શુદ્ધિ નથી, અધિગમમાં તેથી વધારે શુદ્ધિ છે. માટે અધિગમ સમ્યક્દર્શનની અપેક્ષાએ सम्यग्ज्ञान० मार्गः । કહી શકાય. આવી રીતે મોક્ષમાર્ગના અધિકારને અંગે કેટલાકે પ્રથમ દર્શન, અને કેટલાકે પ્રથમ જ્ઞાન માન્યું, પણ પાંચ આચારની વક્તવ્યતામાં કોઈ જગ્યાએ પાઠ ભેદ નથી. એક સરખો જ પાઠ છે, જ્યાં જ્યાં આચાર દેખીએ ત્યાં ત્યાં જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ અને વીર્યાચાર એમ જ અનુક્રમ છે.

**સમ્યક્ત્વ પહેલાં જ્ઞાનની જરૂર.**

મોક્ષમાર્ગ માટે આમ ભેદો છે તો આચારમાં કેમ ભેદ નથી? આ પ્રવૃત્તિભેદ છે પણ ઉત્પત્તિક્રમ નથી. સમ્યગ્દર્શનાદિ એ ઉત્પત્તિક્રમ છે અને આ પ્રવૃત્તિક્રમ છે. પ્રથમ જ્ઞાનીની જ પ્રવૃત્તિ હોવી જોઈએ. જ્ઞાનની પ્રવૃત્તિ નથી, તેને દર્શનની પ્રવૃત્તિ થઈ શકતી નથી, કરે તો આગમાનુસારી નથી. ગણવા જાય તો માર્ગમાં સ્થિતિ નથી, શાસને પ્રથમ જ્ઞાન મેળવ્યું કે પ્રથમ દર્શન મેળવ્યું? શાસને તીર્થંકર મહારાજ પાસેથી પ્રથમ દેશના, પછી શ્રદ્ધા મેળવી છે. એવી રીતે જગતમાં પ્રથમ શું મેળવાય? પ્રથમ જ્ઞાન મેળવાય, પછી જ શ્રદ્ધાનો વખત આવે.

પ્રવૃત્તિક્રમની અપેક્ષાએ જ્ઞાનને પ્રથમ સ્થાન આપવું જ જોઈએ. જેમ ઉત્પત્તિ અને આચારને અંગે ભેદ કહ્યો, તેવી રીતે બીજી બાજુ મોક્ષમાર્ગ જે નૈશ્ચયિક કલ્યાણનો હેતુ, બીજો વ્યવહાર માર્ગ. નૈશ્ચયિક હેતુમાં સમ્યગ્દર્શનને અગ્રપદ હોય, જ્યારે વ્યાવહારિક ભેદમાં જ્ઞાનને અગ્રપદ હોય. આથી જ્ઞાન આપવા લેવા પહેલાં દર્શનનો આગ્રહ ન હોય, પણ દર્શન લેવા પહેલાં જ્ઞાનનો આગ્રહ જરૂર હોય. મને દર્શન નથી થયું માટે મારે જ્ઞાન ન વાંચવું. આવું કરે તો દર્શન ઉત્પત્તિનો વખત ક્યારે આવે? શ્રદ્ધા થયા પછી સાંભળવું, તો શ્રદ્ધાનો વખત ક્યારે આવે? માટે વ્યવહાર પ્રવૃત્તિ માટે પ્રથમ જ્ઞાનની જરૂર છે. વાત સમજવી જોઇએ, પછી શ્રદ્ધા થાય. 'વાત માને તો સમજાવીએ', એમ કોઈ કોઈને કહેતા નથી, 'સમજાવીએ તો માનશે', એમ કહીએ છીએ.

**અજાણપણામાં પણ સમ્યક્ત્વ નવતત્ત્વકારે કેમ જણાવ્યું છે?**

શ્રીમહાવીર ભગવંતે પ્રથમ ગૌતમસ્વામીજીને સમજાવ્યું કે મનાવ્યું? પ્રથમ સમજાવ્યું પછી માન્યું. નૈસર્ગિક સમ્યગ્દર્શન થયા પછી અજ્ઞાન ન હોય. જિનેશ્વરે જે તત્ત્વ કહ્યું તે મારે માન્ય છે. શું કહ્યું છે તે મારે સાંભળવું છે. તેવા કેટલાક હોય છે. શાસ્ત્રકાર કહે તે 'તહત્તિ.' **'अयाणमाणेवि सम्मत्तं.'** અજાણ પણે તત્ત્વની શ્રદ્ધા ન આવે પણ

તત્ત્વના ભેદની શ્રદ્ધા આવે. મોક્ષતત્ત્વના પ્રકારણમાં કોના ઉપસંહારમાં એ ગાથા છે? 'लोगस्स असंखिज्जे' કહી ભાગદ્વાર પૂરો કરો, પછી અલ્પબહુત્વદ્વાર લાવો છો, એ જગ્યાએ વચમાં શો સંબંધ આવ્યો? 'पआइं नवपयाइं जो जाणइ तस्स होइ सम्मत्तं०' એમ ગાથા છે, जीवाइ પદ છે જ નહિ. નવપદ પ્રકરણ જાણવા માટે કર્યું તો अयाणमाणेत्रि सम्मत्तं, તેમ કહ્યું તો કહેલું પ્રકરણ નકામું ગયું.

જીવાદિક નવતત્ત્વ વિષયક નવપદાર્થો સંતપદાદિક દ્વારો સાથે જોડે, તેને સમ્યક્ત્વ હોય, અને બુદ્ધિ ન હોય ને ન જોડે, તો પણ ભાવથી સમ્યક્ત્વ છે. નવતત્ત્વના ભેદાનુભેદમાં ન ઉતરે, અહીં તો નવપદના હેયાદિક વિભાગ કરે તો જ સમકિત છે. અભવિ, મિથ્યાદૃષ્ટિ આજના પંડિતો એ નવપદાર્થો જાણે છે કે નહિ? બધા સમકિતવાળા ગણવા? જીવાદિ તત્ત્વ સંબંધી નવપદાર્થો સત્પ્રરૂપણાદિક દ્વારો જાણે, તેને સમ્યક્ત્વ હોય, તેથી તત્ત્વાર્થકારને–'निर्देशस्वामित्वसाधनाधिकरण-स्थिति विधानतः ।' सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च' એમ અધિગમ ત્યાં જણાવ્યું તે મૂકી અધિગમ સમ્યક્ત્વ લીધું.

જ્ઞાનાચારને સર્વ આચાર્યોએ પ્રથમ આચાર તરીકે ગણાવ્યો છે, શાસને પ્રથમ મેળવ્યું હોય તો જ્ઞાન મેળવેલું છે, એ જ્ઞાન આધારે શાસન શ્રદ્ધા કરતાં શીખ્યું છે. જીવાદિક તત્ત્વોની શ્રદ્ધા જ્ઞાન મેળવીને જ કરેલી છે, માટે જ્ઞાનાચારને શાસનની અપેક્ષાએ પ્રથમ રાખવું પડે છે. શાસનપ્રવૃત્તિની અપેક્ષાએ દર્શન કરતાં પણ જ્ઞાનાચારની પ્રવૃત્તિ પ્રથમ કરવાની હોય છે. જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં શાસનમાં પ્રતિબોધ પામનારા, શાસનમાં દાખલ થનારા તે જ્ઞાનની દોરીએ જ શાસનમાં આવેલા છે. જ્ઞાનની દોરી વગર શ્રદ્ધાના માર્ગમાં કોઈ આવેલું નથી. વ્યવહારની અપેક્ષાએ પ્રથમ જ્ઞાન લેવાની જરૂર પડે છે.

**દર્શન-ચારિત્ર આરાધના માટે નહિ અને જ્ઞાન માટે સ્વતંત્ર તિથિ કેમ?**

જગતમાં હીરે ભરેલું, અને સુંદર રચનાવાળું મકાન હોય તોપણ તેમાં પેસતાં પહેલાં દીવો કરવો પડે છે. જાગતો મનુષ્ય કંઈ પણ પદાર્થ દેખવાની ઇચ્છા કરે છે, પણ આંખને જોર આપતો નથી. ક્યાં

સુધી ? ઉદ્યોત થયો ન હોય ત્યાં સુધી. ઉદ્યોત થયા પછી આંખને જોર આપે છે. જાગતો છે, હીરાથી ભરેલું મનોહર મકાન છે, પણ હીરો છે કે પથરો છે તે તપાસવાનું દીપક થયા પછી. આંખને ઉઘાડી જોર દેવું તે દીપક થયા પછી. ત્યારબાદ ખરાબ અને સારી વસ્તુ જોવાય છે. આંખને જોર અપાય છે, તેમ શાસનમાં પાપ તોડવાનાં, પાપ બંધ કરવાના રસ્તા લેવા તે બધું જ્ઞાનદીપકનો ઉદ્યોત કરવામાં આવે પછી જ બને છે.

તેથી આપણે આપણા વ્યવહારમાં આવો. બાર મહિનાનો હિસાબ કરીએ. કલ્યાણકની, પર્યુષણાની કે ઓળીની તિથિઓ છે, પણ આ ચોક્ખા નામ ધરાવનારી એકે તિથિ નથી. જ્ઞાનપંચમી માફક દર્શન-ચોથ, કે ચારિત્રની ચૌદશ એવી તિથિ કાઢો. બાર મહિનામાં બધી તિથિઓ આપણે આરાધીએ છીએ, પણ એકે મોક્ષમાર્ગની મુખ્ય નામ સાથેની તિથિ નથી. કોઈપણ પર્વ લો તો જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના વગરનું એકે પર્વ નથી, પણ રૂઢિમાં શબ્દનો જે પ્રવેશ તે કહું છું. મોક્ષમાર્ગને દર્શાવનારા શબ્દોનો સીધો પ્રવેશ માત્ર જ્ઞાનપંચમીમાં છે. દર્શન–ચારિત્રના સીધા પ્રવેશવાળી એકે તિથિ નથી. જ્યારે જ્ઞાન માટે જ્ઞાનપંચમી ખાસ કહી છે.

**કારતક મહિનાની પંચમી જ કેમ જ્ઞાનપંચમી ?**

જ્ઞાનપંચમી એ મોક્ષમાર્ગના અંશના નામે આરાધવા માટે રૂઢ થયેલી કારતક સુદ પાંચમ છે. એ જ જ્ઞાનપંચમી કેમ ? માગસર પોષ વગેરે બીજા મહિનાઓની સુદ પાંચમને ન રાખી, અને કારતક મહિનાની સુદ પાંચમને જ્ઞાનપંચમી કેમ કહી ? આ વાત સમજતાં પહેલાં એક લક્ષમાં લઈ લો. જ્ઞાનાચાર એટલે મતિ–અવધિ–મનઃપર્યવ કે કેવળ-જ્ઞાનનો આચાર નહિ, એ ચાર જ્ઞાનમાંથી એકેનો આચાર જણાવનારો નથી. ત્યારે કોના આચારોને જણાવે છે ? શ્રુતજ્ઞાનના આચારને જણાવે 'काले विणए बहुमाणे'....એ આઠે આચાર શ્રુતજ્ઞાનનાં છે. વ્યંજન–અર્થ અને તદુભય તેને બીજાં ચાર જ્ઞાન સાથે સંબંધ સરખોય નથી. આઠે પ્રકારનો જે જ્ઞાનાચાર, તે જ્ઞાનાચાર નહિ, પણ શ્રુતાચાર. જ્ઞાનપંચમી

કહેવા કરતાં શ્રુતપંચમી કહેવી જોઈએ. ત્યાં જ્ઞાનાચારને બદલે શ્રુતાચાર કહેવા જોઈએ. આ જ્ઞાનપંચમીને શ્રુતપંચમી તો કહો, પણ મતિજ્ઞાન એ પણ ક્યારે? શ્રુતને અનુસરતું મતિજ્ઞાન હોય ત્યારે. અવધિ, મનઃપર્યવ અને કેવળ શ્રુતજ્ઞાન થાય પછી શ્રુતાનુસારી હોય ત્યારે આ જ્ઞાન થાય, શ્રુતવગર બીજા જ્ઞાનમાં સમ્યગ્પણું નથી.

**ચારે જ્ઞાનમાં શ્રુતની વ્યાપકતા**

મતિ, અવધિ, મનઃપર્યવ અને કેવળનું સ્વરૂપ દેખાડનાર કોણ? શ્રુતજ્ઞાન. પાંચે જ્ઞાનના સ્વરૂપને ઓળખાવનાર શ્રુતજ્ઞાન, એટલું જ નહિ, પણ બાકીના ચાર જ્ઞાનોમાં સમ્યગ્પણું અને ઉત્પત્તિ પણ શ્રુતના આધારે છે. જો શ્રુતના આધારે ઉત્પત્તિ તો **શ્રુત મતિપૂર્વં** ન બોલે પણ **શ્રુતં પૂર્વં મતિઃ** બોલો. કઈ અપેક્ષાએ મતિપૂર્વં શ્રુતં કહ્યું છે તે ધ્યાનમાં લીધું છે? લોકોત્તર આગમનો બોધ, અને જિનેશ્વરના ઉપદેશથી થતો બોધ, મતિ હોય તો જ થાય, એ અપેક્ષાએ ત્યાં કહેવાયું. પણ સ્વાભાવિક જ્ઞાનમાં જાવ તો પ્રથમ શ્રુતને અગ્રપદ આપવું જ પડશે.

લોકોત્તર જ્ઞાન મેળવવું હોય, મોક્ષમાર્ગ માટે શ્રુતોપદેશ મેળવવો હોય તો મતિની પ્રથમ જરૂર, પણ સ્વાભાવિક જ્ઞાન મેળવવું હોય, જેને સંકેતો ધ્યાનમાં હોય, પાંચ વિષયોને સુખદુઃખ તરીકે કોણ જાણે? જેને શબ્દોનો ખ્યાલ આવ્યો હોય તે જાણે. શબ્દો જાણવા, અર્થ જાણવો તે શ્રુતજ્ઞાન. શ્રુત સિવાય મતિજ્ઞાન હોતું જ નથી, આ જ વાત લક્ષમાં રાખીશું, ત્યારે નંદિસૂત્રકારે મતિના ૨૮ ભેદો કહ્યા. ૨૮ ભેદો શ્રુત નિશ્રાવાળા ગણ્યા. વ્યાહાવરિક સ્પષ્ટપણે ઉલ્લેખપૂર્વકનું મતિ શ્રુત સિવાય થતું નથી. स्पर्शोऽयं रसोऽयं આ સ્પર્શ, આ રસ, આ ઊનું, આ ખાટું, આવા ઉલ્લેખ રૂપ મતિજ્ઞાન શ્રુતવગર થતું નથી, માટે શાસ્ત્રકારોને શ્રુતનિશ્રિત કહેવું પડે છે. અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન તે શ્રુતવગરનું જ. શ્રુત વિના બુદ્ધિ આદિ ચાર થતા નથી, પણ અવગ્રહ-ઈહા-અપાય-ધારણા તો ચાલ્યા જ કરે. શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાથી, સામાન્ય શબ્દોલ્લેખ થવાથી મતિને શ્રુતજ્ઞાનનો આધાર છે. શ્રુતજ્ઞાન પોતાના આધારભૂત, તેમજ બાકીના ચાર જ્ઞાનમાં પણ

શ્રુતજ્ઞાનની જરૂર છે. પાંચે જ્ઞાનોમાં જો ખરેખર જ્ઞાનની જડ તપાસીએ તો શ્રુતજ્ઞાન. આ અપેક્ષાએ વિચારીએ તો જ્ઞાનથી વ્યાપકતા શ્રુતમાં આવી જાય, તેથી જ શ્રુતપંચમી ન કહેતાં જ્ઞાનપંચમી કહી.

અહીં આચાર વિષય તરીકે જ્ઞાન કહેવું છે, જ્ઞાનાચાર એટલે જેનો આચાર થઈ શકે તેવું જ્ઞાન. શ્રુતના પ્રતિપાદ્ય તરીકે પાંચ જ્ઞાન આવી જશે. આચાર શબ્દથી શ્રુતજ્ઞાન લેવાનું છે. આચાર શબ્દની સહચરિતતા લેવાથી, જ્ઞાન શબ્દથી શ્રુતજ્ઞાન લેવાય. ફરસુરામ, ભૂગુરામ, દાશરથી રામ કહ્યા, તેને રામ શબ્દથી બોલાવાય પણ સીતારામથી તો દાશરથી રામ આવે. જ્ઞાનશબ્દથી પાંચે જ્ઞાન આવી શકે, છતાં અહીં શ્રુતજ્ઞાન લેવું. તેથી જ્ઞાનાચારને અંગે પણ શ્રુતજ્ઞાન લેવું.

કહેવાય જ્ઞાનપંચમી, પણ છે શ્રુતપંચમી. તેથી મતિજ્ઞાનને બહાર કાઢવાનું, કે પધરાવવાનું બનવાનું નથી, ત્યારે કોનું બનવાનું ? શ્રુત જ્ઞાનનું પધરાવવું, ભક્તિ કરવી, દર્શન નમસ્કાર વગેરે કોના અંગે બનાવવાનું ? મતિજ્ઞાનને અંગે ? ના, આ ચારનું આરાધન ભક્તિ બનવાનું નહિ, પણ શ્રુતજ્ઞાનનું જ બનવાનું. આરાધના શ્રુતની છે એ હિસાબે જ્ઞાનપંચમી શબ્દથી સંબોધી.

દેવર્દ્ધિગણિ પછી પુસ્તકો ન્યાયાધીશ તરીકે પુસ્તકારૂઢ થયા.

હવે કારતક સુદ પાંચમને જ્ઞાનપંચમી કેમ ગણી ? જ્યારથી શ્રુતની ઉત્પત્તિ થઈ, દેવર્દ્ધિગણિ ક્ષમાસમણ વખતે જજ–ન્યાયાધીશ તરીકે પુસ્તક થયા, તેથી પહેલાં પુસ્તક ન હતાં તેમ નહિ. તેમ અહીં પુસ્તક દેવર્દ્ધિગણિ પછી ન્યાયાધીશની પદવીએ આવ્યું છે. જજ ચુકાદો આપે. લેણદાર સો હોય, દેણદાર એક છે, એ ન્યાયાધીશને જોવાનું ન હોય. સૌને દુઃખ લાગે, એકને હર્ષ થાય તે ન જોવાનું હોય. ન્યાય જોવાનો હોય. પછી ભલેને એકને કે સોને લાભ–નુકશાન થાય, તેને તો ન્યાય જ જોવાનો હોય. આ શાસ્ત્ર લખેલાં પુસ્તકો જજની પદવીમાં છે. ભાખેલાની વાત અત્યારે નથી કરતો. ૧૮૦ માણસ એમ કહે કે ૨૫ તીર્થંકર અને એક કહે કે ૨૪ તીર્થંકર, પણ લખેલાં પુસ્તક ૨૪ કહે તો ૨૫ કહેવાની વાત ખોટી. એકની વાત સાચી.

પુસ્તકમાં તેમ હોવાથી. દેવર્દ્ધિગણિ પછી લખાયાં, એથી ન્યાયાધીશની જગ્યાએ પુસ્તક વિવાદ પડે તો ત્રીજો કહે તે કબુલ કરે, છતાં વિવાદ ન ભાંગે, ત્યારે કોરટનું શરણું લેવું પડે છે. દેવર્દ્ધિગણિ ખમાસમણ વખતે જ્ઞાનીનાં વચનો ન્યાયાધીશ તરીકે હતાં, પણ પછી સ્મરણની ખામી, કષાયની બહુલતા, અજ્ઞાનની પ્રચુરતા, તેમજ હિસાબ વિનાનો કદાગ્રહ-તેથી કરીને ન્યાયાધીશની ખુરશી નક્કી કરી, આ કાયદાથી જે ચુકાદો આવે તે કબૂલ. તેથી કરીને સિદ્ધાંત–પુસ્તકની પ્રતિનું લખાણ કહે તે કબૂલ.

**પુસ્તક લખતાં બાઈઓએ શીખવું જ જોઈએ.**

લિપિબદ્ધ પુસ્તક તો તે પહેલાં પણ હતાં, આથી જ્ઞાનપંચમીપર્વ દેવર્દ્ધિગણિ પછી પ્રવર્ત્યું છે, એમ કહેવા કોઈ તૈયાર થાય નહિ. ભગવાન ઋષભદેવજીએ બ્રાહ્મી સુંદરીને લિપિનું જ્ઞાન આપ્યું છે, લખવાનું કામ બાઈઓને સોંપ્યું છે. પુસ્તક લખતાં બાઈએ શીખવું જ જોઇએ, તેથી શ્રી ભગવતીસૂત્રમાં શરૂઆતમાં બ્રાહ્મીના ઉપલક્ષણથી લિપિને નમસ્કાર કર્યો છે. ત્રણ લાખ શ્લોક બાઈએ મેડતામાં લખ્યા છે, અર્થાત્ લિપિ લખાણની પદ્ધતિ દેવર્દ્ધિગણિ ખમાસમણ વખતે ઉત્પન્ન થએલી નથી, પણ શ્રીઋષભદેવજી ભગવાન વખતે ઉત્પન્ન થએલી છે. એટલે પુસ્તક નિર્ણય આપે તે બધાએ કબુલ કરવો, તેથી પુસ્તકારુઢ સિદ્ધાંત થયો.

હવે કારતક સુદ પાંચમે જ્ઞાનપંચમી કેમ ? આરાધના, આચાર જો કે મુખપાઠના જ્ઞાનને હોય, આરાધના એ લિખિત જ્ઞાન સિવાય બને જ નહિ. પંચમી આચરણાને અંગે નથી, પણ આરાધનાને અંગે છે. તેથી પંચમી શબ્દ જોડે મૂકીએ છીએ. આરાધ્યતિથિ જોડે પંચમી લીધી, તેથી આરાધનાનો દિવસ નક્કી થાય, તો જ્ઞાન કયું લેવું પડે ? આરાધ્યજ્ઞાન એ જ જ્ઞાન. પંચમી શબ્દ જોડે આરાધ્ય એવું જ્ઞાન લેવું પડે. તે કયાં બને ? પુસ્તક સ્થિતજ્ઞાન સિવાય આરાધ્યજ્ઞાન બની શકે નહિ, તેથી જ્ઞાનના આધારભૂત પુસ્તક જ લેવાય.

જ્ઞાનપંચમી એટલે જ્ઞાનના-શ્રુતના આધારભૂત એટલે શ્રુતપંચમી. શ્રુતજ્ઞાનના આધારભૂત પુસ્તકોને ચોમાસાની શરદી વખતે બહાર કાઢવાનો પ્રચાર હોય નહિ, જરૂર પૂરતાં એકાદ બે પુસ્તક બહાર કાઢો તે ઠીક, પણ બાકીનાં પુસ્તકોને ચાર મહિના કાઢવાનાં ન હોય, જેમ શ્રી સિદ્ધાચલની જાત્રા ચાર મહિના બંધ રહેલી હોય અને કાર્તિકી પુનમે ખુલે, તે વખતે કેટલો આનંદ હોય? તેમ ચાર મહિના બંધ થએલી જ્ઞાનઆરાધના, તે કારતક સુદ પાંચમે ખોલાય, તે વખતે કેટલો આનંદ હોય? પુસ્તક કે ભંડારને બહાર લાવવાની સ્થિતિ તે ઉપયોગની શરૂઆત કરવાની સ્થિતિ. આથી કા. સુ. ૫ પહેલાં પુસ્તક ખોલવાનો વખત જ નહીં આવે. ચોમાસું હોવાથી સાધુઓનો પણ યોગ હોય. પહેલ વહેલો મહિમા ઓર જ હોય. શ્રુતજ્ઞાનના આધારભૂત કારતક સુદ પંચમી એ પૂર્ણાતિથિ પાંચજ્ઞાન હોવાથી એ જ્ઞાન તિથિ પંચમી લીધી.

પાંચ આચારમાં, મોક્ષના રસ્તામાં, જ્ઞાનચારમાં જ્ઞાનને આગળ ખેંચી લાવ્યા, જ્ઞાનને નામે પુસ્તકો પૂજ્ય બનાવ્યાં, આ તિથિને આરાધ્ય બનાવી તો એટલું બધું શું મહત્ત્વ છે? જગતમાં કુલદીપક કહે તો હરખાય અને કુલઅંગારો કહે તો ખીજાય. દીપક અને અંગારો બન્ને તેજ અને જ્યોત સ્વરૂપ છે, છતાં દીપક કહેવાથી પ્રશંસા કેમ ગણી? દીપક ઉદ્યોતનું કામ કરે છે, અંગારો ઉદ્યોતનું કામ નથી કરતો. તેમ જગતમાં દીવો સારામાં સારી ચીજ ગણાય છે, દીવો સર્વમાં જરૂરી ગણાયો. સૂર્ય અસ્ત થયો, તે પહેલાં દીપકનું કામ કરવા માંડે, આથમવા પહેલાં દિવેટ વણવા માંડે, કારણ કે એ પ્રથમ જોઈશે. જગતમાં આ દીવો સારો જરૂરી ગણાય, છતાં તે બાહ્ય પ્રયત્નોથી બનાવેલો. બનાવટ વગર બનાવેલો દીવો કયો?

આત્માનું જ્ઞાન એ દીવો છે. આત્માનું જ્ઞાન થાય એટલે જડનું આશ્રવ-સંવર-નિર્જરા અને મોક્ષનું તથા હેયાદિકનું જ્ઞાન થાય, પણ જ્ઞાન દીપક પ્રગટે ત્યારે. જેને જ્ઞાન ન હોય તેને પાપ, પુન્ય, આશ્રવ, સંવર, બંધ નિર્જરા, સંસાર અને મોક્ષની બધી પ્રવૃત્તિ સરખી લાગે.

હીરાકાંકરામાં ફરક ખરો પણ દીવા વગર ફેર ન લાગે. હાથમાં લીધેલા હીરાકાંકરાનો ફરક દીવો હોય ત્યારે જ માલૂમ પડે. અહીં હંમેશાં આત્મા સંયોગી છે, અયોગી નથી. સંયોગીપણામાં મોક્ષમાર્ગનું જ્ઞાન, તે દીવારૂપ જ્ઞાન વગર ન થાય. દીવો પોતે દીવાને પણ જણાવે. દીવો ન હોય તો દીવાને કોણ જણાવે? પોતાના આત્માને પણ જ્ઞાન વિના આત્મા ન જણાય. દીપક ઉપયોગી તેમ જ્ઞાન ઉપયોગી, આ બનાવટી નહિ, કુદરતી. માટે પદાર્થ સમજાવનાર શ્રુતજ્ઞાન દીવો છે.

### દીવાને દોઢસો ડફણાં

દીવાને ૧૫૦ ડફણાં છે, જો તેલ ખૂટ્યું તો પંચાત, વાયરો આવ્યો તો પંચાત, દીવી હલાવી તો પંચાત, માટે જ્ઞાનને દીપકની ઉપમા, સ્વપરનો પ્રકાશક, માંગલિક આધકર્તવ્ય તરીકે ઉપમા આપી છે. જગતમાં સૂર્ય આથમ્યો એટલે દીવો કરો, પણ દીવો ઓલવાયો એટલે સૂર્ય લાવો એમ કહેતો નથી. દીવો અપવાદનું તેજ. સૂર્ય ઉત્સર્ગિક તેજ. આ જ્ઞાન સૂર્ય તરીકે ઉત્સર્ગિક તેજ. સૂર્ય જગતને પ્રકાશિત કરે, તેમ જ્ઞાન લોકાલોકને પ્રકાશ કરે. બિલાડી દૂધ દેખે, ડાંગ ન દેખે; તેમ સૂર્ય ચાર પહોર પણ ચોંટી ન રહે, રખડ્યા કરે એવું આ જ્ઞાન કે? ચંચલ સૂર્ય ચોવીશ કલાક ચંચલતા ધારણ કરે. પણ જ્ઞાન હંમેશાં ઉદયાચલ પર રહેનારાવાળું છે. એને ન વળગે વાદળાં, ન વળગે રાહુ, ચલાયમાન નહિ, વાદળાં આડાં નહિ. રાહુ નડે નહીં. હંમેશાં ઉદયાચલ પર રહેવાવાળું. સૂર્યરૂપી શ્રુતજ્ઞાન દીવો હોય કે સૂર્ય હોય, પણ ચક્ષુ ન હોય તો બે કરે શું? ચક્ષુ ક્ષણે ક્ષણે પલકારા માર્યા કરે, પણ મહાદેવને લલાટમાં નેત્ર છે, ત્યાં પાંપણો નથી, પલકારો નહિ 'तृतीयं लोचनं ज्ञानं' માટે જ્ઞાન દીપક સમાન નહિ, સૂર્ય સમાન તેમ નહિ, પણ ત્રીજા નેત્ર સમાન છે.

દરિદ્રને ઘેર દીવો થાય તો દેખવાનાં હાંલ્લાં. દરિદ્રને ઘેર સૂર્ય કે ત્રીજું નેત્ર મળે તો પણ દેખવાનાં હાંલ્લાં. એ તો ધના રામા (ધનિકોમાં) હોય ત્યાં ત્રીજું નેત્ર શોભે, અહીં આ જ્ઞાન તો દઇ

સ્થિતિનું છે? જ્ઞાન એ જ અપૂર્વ ધન. ધોકા ખાવાના ધનને લીધે જ હોય. ધન ન હોય તેને ધોકા કોઇ મારવા ન આવે. તેને ચોર-લૂંટ-ધાડનો ભય નથી. ધન જ્ઞાન ગણ્યું કે ધોકો પેસવાનો. કોઇ ચોરી કરી શકે નહિ, હરી શકે નહિ તેવું ધન જ્ઞાન છે. વગર યત્નનો દીવો, હંમેશાં ઉગતો સૂર્ય, ત્રીજું નેત્ર, ચોરીથી ન જાય ને હર્યું પણ ન જાય, તેવા જ્ઞાનને આરાધન કરનારો આરાધક બને.

જ્ઞાનની વિરાધના કરવાથી મૂંગા-બહેરા-બોબડા-લૂલા-લંગડા-રોગી-દરિદ્રી મૂર્ખ-અલ્પાયુષી-દુર્ભાગી આદિ અનેક દુષ્કર્મો ઉદયમાં આવે છે. તેવા દુષ્કર્મનો ક્ષય કરવા માટે તેમજ અધિક જ્ઞાન મેળવવા માટે જ્ઞાન-જ્ઞાનીનો વિનય કરવો, સેવાભક્તિ કરવી, તેમજ આ શ્રુત-પંચમી પાંચ વરસ અને પાંચ મહિના. દરેક શુકલપંચમીએ વિધિ સહિત ઉપવાસ કરી આરાધના કરવી. યથાશક્તિ દરરોજ નવીન ધાર્મિક અભ્યાસ કરવો. ન ચડે તો પણ જેટલો સમય ભણવામાં ઉદ્યમ કર્યો હશે તેટલો સમય જ્ઞાનાવરણીકર્મનો જરૂર નાશ થશે માષતુષમુનિ સરખા પણ જ્ઞાની ગુરુના વચન પ્રમાણે દરરોજ ભણવાનો ઉદ્યમ કરતા હતા, છતાં એક પદ ન આવડતું હતું. પૂર્વભવની તેવી જ્ઞાન વિરાધના હતા, પરંતુ જ્ઞાન આરાધનાના યોગે તેવો જ ક્ષયોપશમ છતાં કેવલજ્ઞાન મેળવ્યું. જેટલી જિનમંદિરના જિર્ણોદ્ધારની જરૂર છે, તેવી જ રીતે જૂના સમયના પૂર્વાચાર્યોએ આગમ સૂત્રો, તેની ટીકાઓ-ચૂર્ણીઓ બીજા પણ ધર્મગ્રંથો સુવિહિત ગીતાર્થ આચાર્યોએ રચેલા હોય અને પ્રસિદ્ધ ન થયા હોય તેવા પણ જિર્ણ પુસ્તકોનો ઉદ્ધાર કરવો, કરાવવો, લખાવવા પ્રચાર કરવો, ભણનારાઓને સહેલાઇથી મળી શકે તેવો પ્રબંધ કરવો. આ પણ જ્ઞાનભક્તિ છે. અજ્ઞાની આત્મા ક્રોડો પૂર્વ સુધી તપ જપ આદિ કષ્ટમય ક્રિયા કરી જે કર્મ ન ખપાવી શકે તે જ્ઞાની શ્વાસોશ્વાસ જેટલા અલ્પ કાળમાં તેટલાં કર્મ ખપાવી શકે. આ પ્રભાવ હોય તો તે જ્ઞાનનો છે.

# જ્ઞાનપંચમી વ્યાખ્યાન નં. ૨.

(સં. ૧૯૯૯ કારતક સુદ પાંચમ પાલીતાણા.)

श्रुतमयमात्रापोहाच्चिन्तामयभावनामये भवतः ।
ज्ञाने परे यथार्ह गुरुभक्तिविधानसल्लिङ्गे ॥ श्लो० १२ षोडशके ॥

## સર્વ દર્શનોમાં જ્ઞાનની હૈયાતિ.

શાસ્ત્રકાર મહારાજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ભવ્યજીવોના ઉપકારને માટે જ્ઞાનાધિકારને જણાવતાં ફરમાવે છે કે, સંસારભરમાં બૌદ્ધાદિકથી લઇને હેઠ નાસ્તિકદર્શન સુધીમાં કોઈ પણ એવું દર્શન નથી કે જે જ્ઞાનનો સ્વીકાર કરતું ન હોય. નાસ્તિકદર્શન કદાચ જીવને પૂન્ય કે પાપને, સદ્ગતિ કે દુર્ગતિને, મોક્ષ કે પરલોકને નહિ માને, પણ જ્ઞાનને તો સ્વીકારે જ છે. કોઇ પણ દર્શન જ્ઞાનની જડ વગર સ્થાપી શકાતું નથી, વધી શકતું નથી, ટકી શકતું નથી. ટૂંકમાં એટલું કે સર્વ દર્શનોમાં જ્ઞાન એ મુખ્ય વસ્તુ છે.

## અન્ય દર્શનકારોના મતે જ્ઞાન.

આ પ્રમાણે સર્વ દર્શનો જ્ઞાનની હૈયાતિ સ્વીકારે છે, પરન્તુ 'જ્ઞાન એ આત્માનો ગુણ-ધર્મ-સ્વભાવ છે, અને જ્ઞાનમય જ આત્મા છે' એવી માન્યતાવાળું જો કોઈ પણ દર્શન હોય તો કેવળ એક જૈનદર્શન જ છે. બીજા દર્શનવાળા જ્ઞાનના પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, અર્થાપત્તિ આદિ ભેદો માને છે, પણ તે જ્ઞાન થવાની રીતને આભારી છે. ચક્ષુદ્વારા પ્રત્યક્ષ જોવાથી જે જ્ઞાન થાય, અને શબ્દ સાંભળવાથી જે જ્ઞાન થાય, તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. મૂળ વસ્તુનું તેની કોઈ પણ નિશાની દ્વારા જ્ઞાન થાય તે અનુમાનજ્ઞાન કહેવાય. ધુમાડા પરથી અગ્નિનું જ્ઞાન તે અનુમાનજ્ઞાન. 'અગ્નિ' એવો શબ્દ સાંભળવાથી જે જ્ઞાન થાય તે શાબ્દિક જ્ઞાન કહેવાય. તે જ્ઞાન ઉત્પન્ન થવાની રીતિઓ જુદી જુદી હોવાથી લોકોએ તેનાં જુદાં જુદાં નામ રાખેલાં છે. આમ અન્ય દર્શનકારોએ જ્ઞાન થવાની રીતિને અનુસારે જ્ઞાનના ભેદ માન્યા છે. પરન્તુ 'જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે.' એ અપેક્ષાએ તેઓને જ્ઞાનના ભેદ સૂઝયા નથી, સમજાયા નથી, માટે તેઓએ જૈન દર્શન પ્રમાણે જ્ઞાનના ભેદ માન્યા નથી.

**જૈન દર્શનના મતે જ્ઞાન**

**મતિજ્ઞાન :** જૈનદર્શન પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન, તે દ્વારા જે જ્ઞાન થાય તેને મતિજ્ઞાન માને છે. સ્પર્શ, રસ, ગંધ, રુપ અને શબ્દ એ પાંચ વિષયનું પાંચ ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન થાય છે. મન એ જ્ઞાન થવામાં પાંચ ઇન્દ્રિયો સાથે સંલગ્ન છે. મન એ સર્વેન્દ્રિયમાં સાધારણ છે. મનની જ્ઞાન થવામાં પૃથુક્તા નથી, એમ કોઇ માને તો તેને સુધારવાની જરૂર છે. કેમકે, શાસ્રમાં જણાવે છે કે સ્પર્શ, રસ, ગન્ધ, રુપ અને શબ્દ જાણે, અનુભવે, પણ મન ન હોય એવા જીવોના ભેદો હોય છે: જેમ કે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય. આ જીવોને અનુક્રમે પાંચ ઇન્દ્રિયો હોય છે તેનાથી તેમને જ્ઞાન થાય પણ તેઓ મન વગરના હોય છે, તેથી તે જીવોને મનથી જ્ઞાન થતું જ નથી. મનથી જ જ્ઞાન થાય એમ આપણે માનીએ તો અસંજ્ઞીજીવોને જ્ઞાન વગરના માનવા પડે. માટે ઇન્દ્રિયો હોય અને મન ન હોય એવા જીવોના ભેદ છે. પણ મન હોય અને ઇન્દ્રિયો ન હોય એવા જીવોના ભેદ નથી.

કદાચ કોઈ એમ માને કે, ઇન્દ્રિયો હોય છે તેને જ મન હોય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞાન મન દ્વારા થાય છે, માટે મનનું પૃથક્ જ્ઞાન નથી. તો તેણે વિચારવું જોઈએ કે સ્વપ્નમાં જે સ્પર્શ રુપાદિનું જ્ઞાન થયું તે કઇ ઈન્દ્રિયોનું જ્ઞાન ? તે વખતે તો ઇન્દ્રિયોની પ્રવૃત્તિ બંધ છે. તો તે વખતે જે જ્ઞાન થયું તે મનનું જ્ઞાન, અને બેઠા બેઠા સંકલ્પ વિકલ્પ કર્યા અને તેનાથી જે જ્ઞાન થયું તે પણ મનનું જ્ઞાન છે. માટે જેમ ઇન્દ્રિયો જ્ઞાન કરનારી ચીજ છે, તેમ મન પણ જ્ઞાન કરનારી ચીજ છે. એકલી ઇન્દ્રિયોથી પણ જ્ઞાન થાય છે. ઇન્દ્રિયો અને મનથી પણ જ્ઞાન થાય છે. અને માત્ર મન વડે પણ જ્ઞાન થાય છે. આ બધા જ્ઞાનને મતિજ્ઞાન કહેવાય છે. આત્માને કર્મના હલકાપણાથી ઓછામાં ઓછી હદનું જ્ઞાન તે "મતિજ્ઞાન" કહેવાય છે.

**શ્રુતજ્ઞાન**

આ પ્રમાણે મતિજ્ઞાનને ઓળખાવ્યા પછી શ્રુતજ્ઞાનને ઓળખાવાય છે. શબ્દોના અર્થોનો ખ્યાલ આવે, મતિજ્ઞાન વખતે જે ક્ષયોપશમ

હતો તેના કરતાં ક્ષયોપશમ વધે અને ઇન્દ્રિયોથી જ્ઞાન થતાં જે કર્મો તૂટતાં હતાં તેનાથી વધારે કર્મો તૂટે ત્યારે શ્રુતજ્ઞાન થાય. મતિજ્ઞાન થયા પછી શબ્દોના અર્થોનો વિચાર કરાય છે. તેનાથી ક્ષયોપશમ વધવાપૂર્વક કર્મો તૂટી આત્મા હલકો થાય અને કેવલીપ્રરૂપિત શાસ્ત્ર દ્વારા અતીન્દ્રિય પદાર્થો સમજવામાં આવે તેનું નામ "શ્રુતજ્ઞાન" કહેવાય.

**અવધિજ્ઞાન**

જે વિષયો પ્રત્યક્ષ હોય, જે વિષયોનો અનુભવ કર્યો હોય અને જે વિષયોની કલ્પના કરી શકતા હોય તેનું જ્ઞાન થાય, પણ જે પદાર્થો પ્રત્યક્ષ ન હોય; અનુભવમાં ન હોય અને જેની આપણે કલ્પના પણ કરી શકતા ન હોઈએ, તેવા રૂપી પદાર્થોનું ઇન્દ્રિય અને મનની સહાય વગર મર્યાદિત પ્રમાણમાં આત્માને જે પ્રત્યક્ષ જ્ઞાન થાય તે "અવધિજ્ઞાન" કહેવાય.

**મનઃપર્યવજ્ઞાન**

જગતમાં રહેલા પદાર્થોનું વર્ગીકરણ કરીએ ત્યારે શરીર, ભાષા અને શ્વાસોચ્છવાસ આદિ આઠ વર્ગણામાં સૌથી બારીકમાં બારીક પુદ્ગલો મનોવર્ગણાના હોય છે, માત્ર કાર્મણ વર્ગણા સિવાય. એક આંગળ જાડો, પહોળો, લાંબો એવો લાકડાનો, ઇંટનો, લોઢાનો, ચાંદીનો, સીસાનો અને સોનાનો કટકો લઇએ. બધા માપમાં એક સરખા છે. તેનું તોલ સરખું થશે ? ના. કેમ નહિ ? એકેમાં પોલાણ નથી. નક્કર બધા છે. પરંતુ તેના પુદ્ગલોનું ગાઢપણું ઉત્તરોઉત્તર વધતું જાય છે. જેટલું ગાઢપણું સોનાના પુદ્ગલોમાં હોય છે, તેટલું ગાઢપણું તેનાથી ઉતરતા ચાંદી, લોઢું, પત્થર, ઇંટ કે લાકડાના ટૂકડામાં હોતું નથી. એટલે કે લાકડાના ટૂકડા કરતાં પત્થરના એમ ઉત્તરો-ઉત્તર સોનાના ટૂકડામાં પુદ્ગલો વધારે છે. તેવી રીતે ઔદારિકાદિ આઠ વર્ગણામાં પણ મનોવર્ગણાના પુદ્ગલો ઘણા બારીક છે.

કેટલાક પદાર્થોમાં માટીની જાત પોતે પારદર્શક નથી, પરન્તુ તેમાંથી કાચ બનાવીએ ત્યારે તે જાત પારદર્શક બને છે. તે પારદર્શકગુણ સંયોગ ફરી જવાથી થાય છે. તેમ કર્મની ઔદારિકાદિ-વર્ગણામાં પણ ઉત્તરોઉત્તર પુદ્ગલો વધવા સાથે સૂક્ષ્મતા આવતી

જાય છે. એમ મનોવર્ગણાના પુદ્ગલો અતિસૂક્ષ્મ છે. આવા છેલ્લામાં છેલ્લી કોટીના બારીક પુદ્ગલો જાણવાની આત્માની તાકાત તે મનઃપર્યવજ્ઞાન. સંજ્ઞીપંચેન્દ્રિયે કાયયોગદ્વારા ગ્રહણ કરેલા અને મનપણે પરિણમાવેલા એવા પુદ્ગલોને જાણવાની શક્તિ તે 'મનઃપર્યવજ્ઞાન'. અવધિજ્ઞાની ચૌદરાજ જેવા અસંખ્યાતા ખંડક અલોકમાં જોઇ શકે છે, આના કરતાં પણ ક્ષયોપશમ આગળ વધતાં મનઃપર્યવજ્ઞાની અઢી દ્વીપમાં રહેલ સંજ્ઞીપ્રાણીઓના મનોગત ભાવો જાણી શકે છે. આત્મા સાથે લોહાગ્નિન્યાયે સંલગ્ન થઈ કર્મરૂપે પરિણમતી અતિસૂક્ષ્મ કાર્મણ વર્ગણાની વાત અત્રે અપ્રાસંગિક હોવાથી છોડી દઇએ.

**કેવળજ્ઞાન**

આનાથી પણ ક્ષયોપશય આગળ વધે છે ત્યારે સમગ્ર રૂપી–અરૂપી પદાર્થોનું સર્વ પર્યાયો યુક્ત ત્રણે કાળનું જ્ઞાન એક સમયમાં થાય તેને 'કેવળજ્ઞાન' કહેવાય છે. જ્ઞાનના ક્ષય ક્ષયોપશમની તરતમતાને લીધે તેના જુદા જુદા ભેદો માનેલા છે. તે ભેદને આવરનાર કર્મોને તે ભેદના આવરણીય કર્મ તરીકે ઓળખાય છે. જેમકે મતિજ્ઞાનને આવરનાર–રોકનાર મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનને આવરનાર–રોકનાર શ્રુતજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનને આવરનાર, મનઃપર્યવજ્ઞાનાવરણીય અવધિજ્ઞાનને આવરનાર, અવધિજ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનને આવરનાર કેવલજ્ઞાનાવરણીય. આ બધા જ્ઞાનને રોકનારાં આવરણો દૂર થઈ જાય તે જ કેવળજ્ઞાન. સૂર્યની આડે આવતાં વાદળાં જેમ વીખરાઇ જાય અને સૂર્યનું સ્પષ્ટ દેખાવું થાય તેવી રીતે કેવળજ્ઞાનાવરણીય ખસી જાય, ક્ષય પામે ત્યારે કાયમ માટેનું કેવળજ્ઞાન થાય. જે પાંચે પ્રકારના જ્ઞાનનો આત્મામાં કર્મનાક્ષય ક્ષયોપશમને આશ્રયી થતાં હોવાથી તેનાં પાંચેના આવરણો હોય છે.

**પાંચજ્ઞાનમાં શ્રુતજ્ઞાનની મહદ્ધિકતા.**

આ પ્રમાણે આત્માના ગુણોનું ધ્યાન રાખી જ્ઞાનના ભેદો પાડેલા છે. હીરો, સોનું, ચાંદી વગેરે અંધારામાં હોય તો તેને માણસ સ્પર્શ કરે પણ તે તેનું કિમતીપણું જાણી શકતો નથી તથા હીરો, સોનું, ચાંદી પોતે કિમતી હોવા છતાં તે પોતે પોતાનું કિંમતીપણું જાણી

શકતાં નથી. પરન્તુ પ્રકાશ–અજવાળું આપણને હીરા વગેરેનું કિંમતીપણું જણાવે છે; તેવી રીતે મતિ, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન કિંમતી છે, પરન્તુ તેઓ પોતે પોતાનું કિમતીપણું જણાવી શકતા નથી, પરન્તુ શ્રુતજ્ઞાન એ ઉપરોક્ત ભેદોનું કિમતીપણું જણાવે છે અને પોતાને પણ ઓળખાવે છે માટે શ્રુતજ્ઞાન સ્વ–પર પ્રકાશક છે.

આથી ભાષ્યકારે કહ્યું છે કે હું કેવળજ્ઞાનનું અપમાન કરવા નથી માંગતો, પણ એક અપેક્ષાએ પાંચે જ્ઞાનમાં ખરેખરી તાકાતવાળું હોય તો તે શ્રુતજ્ઞાન છે. 'सुयनाणं महड्ढियं' મોટામાં મોટું મહદ્ધિક હોય તો શ્રુતજ્ઞાન છે. જ્યારે ગણધર ભગવંતો કેવળજ્ઞાની બને છે, ત્યારે ઇન્દ્રો તેમનો મહોત્સવ કરતા નથી. જેટલા કેવળી થાય તેટલાનો મહોત્સવ કરવો જ એવો નિયમ નથી, મહોત્સવ થાય પણ ખરો અને ન પણ થાય. જ્યારે તીર્થંકર ભગવાન તીર્થની સ્થાપના કરે ત્યારે દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનની રચના થાય, તે વખતે ઇન્દ્રાદિક નિયમા મહોત્સવ કરે. ભગવાન પોતે દ્વાદશાંગી રચનાર ગણધરમહારાજ પર વાસક્ષેપ નાંખે, ત્યારે ઇન્દ્રો પણ વાસક્ષેપ નાંખે ને તેનાથી પૂજા કરે. પણ કેવળજ્ઞાન વખતે ભગવાન વાસક્ષેપ નાખે તેવો નિયમ નથી.

સમવસરણમાં કેવળી ભગવંતો ગણધર મહારાજ છદ્મસ્થ હોય, કેવળજ્ઞાનવાળા ન હોય, છતાં તેમની પાછળ બેસે, આગળ ન બેસે. શ્રુતજ્ઞાન જો કે કેવળજ્ઞાનના અનંતામા ભાગે છે, છતાં એ જગતનો દીવો છે. પરંતુ મત્યાદિ ચારેમાંથી એકે નહિ. મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાન એ મોટું છે, એ કબુલ, પરન્તુ ભાષ્યકાર ભગવાન ખૂલ્લું કહે છે કે, શ્રુતજ્ઞાનથી અમુક અપેક્ષાએ કેવળજ્ઞાન પણ નાનું છે અને શ્રુતજ્ઞાન મોટું છે. હીરા મોતી કિંમતી ખરાં, પરંતુ તેઓ પોતે પોતાનું કિંમતીપણું નહિ બોલે, પણ તેનો વેપારી દલાલ ગ્રાહક બોલશે, તેવી રીતે મતિ, અવધિ અને મનઃપર્યવ તથા કેવળજ્ઞાન એ કિંમતી હોવા છતાં તેઓ પોતે પોતાનું કિંમતીપણું જણાવતા નથી, પરન્તુ શ્રુતજ્ઞાન તેમની કિંમત બોલશે. શ્રુતજ્ઞાન એ ચારે જ્ઞાનનો વેપારી દલાલ ગ્રાહક છે. આથી પાંચે જ્ઞાનમાં શ્રુતજ્ઞાન એ મહર્દ્ધિક જ્ઞાન છે. શાસન અંગે શ્રુતજ્ઞાનની મહર્દ્ધિકતા છે.

**શ્રુત માટે આરાધના તિથિ નિયત કેમ કરી ?**

જૈનોએ બારે માસના પર્વોમાં તહેવારોમાં ચારિત્રની તિથિ, દર્શનની તિથિ, કેવળજ્ઞાનની તિથિ કે મતિજ્ઞાનની તિથિ ન રાખતાં શ્રુતપંચમી કેમ રાખી ?

આ પંચમી–જ્ઞાનપંચમી કેમ કહેવાય છે ? જ્ઞાન વહેવારથી કહીએ છીએ. જ્ઞાનના આઠ આચારો કહીએ છીએ એ શું ? મતિ-જ્ઞાનના આચારો છે ? ના. એ આચારો શ્રુતજ્ઞાનના છે, છતાં તેને શ્રુતાચાર ન કહ્યા, પણ જ્ઞાનાચાર કહ્યા, તેનું કારણ ? શ્રુતજ્ઞાનને અંગે એ આઠે આચારો છે. છતાં જ્ઞાનાચાર કહ્યા છે. તેવી રીતે પાંચમનું પર્વ શ્રુતજ્ઞાનને અંગે છે. છતાં તેને 'જ્ઞાન પંચમી' કહેવાય છે. વ્યવહારમાં આચારમાં લેવા દેવા તરીકેના તે પદાર્થ હોય તો પાંચ જ્ઞાનમાં એક શ્રુતજ્ઞાન જ છે. તે આરાધવા માટે જ્ઞાનપંચમી પર્વ શાસ્રને નિયમિત કર્યું. બારે માસમાં આ એક દિવસ મુકરર કરવાનું કારણ શ્રુતજ્ઞાન અને તેની આરાધના છે. જ્ઞાન શબ્દથી શ્રુતજ્ઞાન લેવું. શાસન શ્રુતજ્ઞાન સાથે ઉત્પન્ન થનારૂં વધનારૂં અને ટકનારૂં છે. શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થયે શાસન વિચ્છેદ થનારૂં છે. જ્યારથી ગણધર મહારાજે શ્રુતજ્ઞાનની રચના કરી ત્યારથી શાસન શરૂ થયું. આ શાસનની મૂળ જડ સાધુ છે. શ્રાવક શ્રાવિકા શાસનની જડ નહિ, પરંતુ તેના ઉમેદવાર છે.

આ જ્ઞાનપંચમીનો મહિમા સર્વ તીર્થમાં પ્રવર્તવાને લાયકનો હોઈ ચોવીસે તીર્થંકરોમાંથી કોઈના પણ જ્ઞાનઉત્પત્તિનો દિવસ લીધો નહિ, કોઈ પણ ગણધરમહારાજાની દ્વાદશાંગી રચનાનો દિવસ લીધો નહિ, કોઈ પણ શ્રુતકેવલી મહારાજાઓએ કરેલા શાસ્રોદ્ધારનો દિવસ લીધો નહિ, કોઈ પણ અંત્ય દશપૂર્વીએ કરેલા આગમસંક્ષેપનો દિવસ લીધો નહિ. દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી વગેરેએ સિદ્ધાંત–પુસ્તકારૂઢ કર્યાં તેની આદિનો કે અંતનો દિવસ લીધો નહિ, તેનું કારણ સ્પષ્ટ સમજાશે કે આ જ્ઞાનપંચમીને દિવસે વર્તમાનમાં શ્રુતજ્ઞાનની મુખ્યતા-પૂર્વક પાંચ જ્ઞાનની આરાધના અને ઈતર કાળમાં સમગ્ર રીતિએ પાંચ પ્રકારના જ્ઞાનની આરાધના થઈ શકે.

જો કે કેટલાકો અમુક આચાર્યે, અમુક દિવસે, અમુક ગ્રંથનો ઉદ્ધાર કર્યો તેથી તે દિવસ શ્રુતપંચમી તરીકે માનવો એમ કહે છે, પણ તેઓ જૈનસંઘના વાસ્તવિક પર્વોનું અનુકરણ કરતાં જ્ઞાનપંચમીનું અનુકરણ કરવા ગયા, પણ તેમાં મયૂરનૃત્ય જેવું જ અનુકરણ થયું, કેમકે એટલું તો ચોક્કસ થાય કે તેઓની જ્ઞાનની આરાધનામય પર્વ તરીકે જ્ઞાનપંચમી આરાધવાની નથી. ગણધર મહારાજા સરખાની કરેલી દ્વાદશાંગીને અંગે કોઈ તિથિ આરાધવી નથી, એટલે એમ નક્કી થાય કે તેઓ મૂળ શાસનથી જુદા પડયા અને તેમના મતની જડ તરીકે જે ગ્રંથ જે આચાર્યે જે દિવસે પૂર્ણ કર્યો તે ગ્રંથની પૂર્ણાહુતિના દિવસ અંગે પર્વ તરીકે આરાધવાની ફરજ પડી, અર્થાત્ એવી કૃત્રિમ પર્વ આરાધના જ તેઓનું કૃત્રિમપણું જણાવવા માટે બસ છે. વળી કાર્તિક શુકલ પંચમીનો દિવસ વર્તમાન લખેલા શાસ્ત્રના જમાનાને વધારે વધારે અનુકૂળ થઈ શકે છે, કેમકે દીવાળી પછીનો વખત વરસાદ વગરનો અને શુદ્ધ તાપયુક્ત હોઈ પુસ્તકપરિવર્તન માટે ઘણો જ ઉપયોગી છે.

**જ્ઞાનવંતોની આરાધનાનું સ્થાન.**

આ જ્ઞાનપંચમીનું આરાધન કરનારે શ્રુતજ્ઞાનની મુખ્યતાપૂર્વક સર્વ જ્ઞાનોની ભક્તિ–સેવા દ્વારાએ આરાધના કરવાની જેવી જરૂર છે, તેવી જ જરૂર જ્ઞાનવંતોની આરાધના માટે છે, કેમકે જ્ઞાની, જ્ઞાન, કે જ્ઞાનનાં સાધન ત્રણેના પ્રદ્વેષ, નિહ્નવ, માત્સર્ય, અંતઅંતરાય અને અને અતિઆશાતાના જો વર્જાય નહિ, તો આત્મા જ્ઞાનાવરણીય કર્મને બાંધે ને નિકાચિત પણ કરે, માટે આ પર્વની તપ, જપ, પૂજા ભક્તિથી આરાધના કરનારે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો તરફ ઘણું જ લક્ષ આપવાની જરૂર છે. જેમ કોઈ મનુષ્ય 'નમો અરિહંતાણ' પદનો જાપ બારેમાસ, ત્રીસે દિવસ અને ચોવીસે કલાક કરે અને મહાભાગ્યના યોગે ખુદ અરિહંતપણાવાળા ત્રિલોકનાથ તીર્થંકરનો યોગ મળ્યો, છતાં તે ત્રિલોકનાથ તીર્થંકરની અવજ્ઞા કરે તો તે જાપના શુભ ફળ કરતાં અવજ્ઞાનું અશુભ ફળ ઘણું જ તીવ્ર મળે છે અને તેથી કટુક ફળ ભોગવવાં પડે છે.

તેવી રીતે વર્તમાનમાં પણ કોઈ મનુષ્ય માત્ર જ્ઞાન કે જ્ઞાનના સાધનોની ભક્તિ, સેવાથી પોતાના આત્માને વાસિત કરે છતાં પણ જો તે જ્ઞાનીના ભક્તિ, સત્કારથી વંચિત રહી તેમની આશાતના કરનાર થાય તો તેમાં પણ અશુભ ફળની તીવ્રતાને સ્થાન મળે, માટે હરેક ધર્માર્થીઓએ જ્ઞાનની આરાધના દ્વારા એ જ્ઞાન મેળવવા માટે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની ભક્તિ માટે તત્પર થવું. તે તત્ત્વાર્થ આદિના જણાવેલા આશ્રવકારણોને સમજનાર માટે નવું નથી. જ્ઞાની અને જ્ઞાનનું જેમ ભક્તિ, સત્કારઆદિ દ્વારાએ આરાધન કરવું જરૂરી છે તેવી જ રીતે જ્ઞાનના સાધનરૂપ પુસ્તકોનું લખાવવું, રક્ષણ કરવું, પ્રસાર કરવો, તે પણ જ્ઞાનઆરાધનાની ધગશવાળાને માટે જરૂરી છે.

**અસ્વાધ્યાય અને સૂતક ન માનનારને**

ઉત્થાપકો–ઢેડવાડાના માણસોને આભડછેટ જેવું લાગતું નથી, તેવી રીતે જન્મમરણના સૂતકોને નહિ માનનારા પણ ઢેડવાડાના માણસની માફક આભડછેટ માનતા નથી. તેઓ સૂતકોને શાસ્ત્રમર્યાદા મુજબ પાળતા નથી. ઢેડવાડથી માંડીને દરેક હિન્દુ જન્મ–મરણના સૂતકોને માને છે, પણ ઉત્થાપકો સૂતકો પાળતા નથી, તેઓ દેરાસર વગેરે પવિત્ર સ્થાનોને અભડાવે છે. તેમને કોઇ પ્રતિબંધ કરતું નથી. સૂતકોને અંગે તેઓએ જૈનસમાજમાં ગોટાળો વાળ્યો છે. જ્યાં આગળ સુવાવડનો પ્રસંગ હોય તેની આજુબાજુમાં ૧૦૦ ડગલાં સુધી શ્રુત વાંચવા ભણવાનો નિષેધ છે. એમાં એટલી અપવિત્રતા માની છે. સો ડગલામાં કાળ ગ્રહણ વગેરેની ક્રિયાઓ–અનુષ્ઠાનો થાય નહિ. શ્રી દશવૈકાલિક-સૂત્રમાં સૂતકને અંગે આખું કુળ વર્જવાનું જણાવેલ છે. જ્યાં એવા પ્રકારનો સૂતકાદિનો પ્રસંગ હોય ત્યાંના ૧૦૦ ડગલાં સુધીમાં સ્વાધ્યાય તથા કાલગ્રહણ સરખી ક્રિયા થાય નહિ. કલ્પસૂત્રમાં અશુચિકર્મના ૧૧ દિવસ મહાવીર પ્રભુના જન્મ અંગે કહેલા છે. તે દિવસો ગયા પછી જ પવિત્રતા થઇ. સૂત્રકાર કહે તે માનવું નહિ. સુવાવડવાળાને દેરાસરમાં જવાની છૂટ, મડદાં બાળીને આવે તો પણ પૂજા કરાય. આવી છૂટો પ્રરૂપે છે, પ્રચારે છે. જ્યારે શાસ્ત્રમાં તો સુવાવડની અપવિત્રતાને અંગે આખું કુળ આહાર–પાણી ગ્રહણને અંગે અપવિત્ર–વર્જ્ય કહ્યું છે. તેની આજુબાજુના ૧૦૦ ડગલાંનો ભાગ પણ અપવિત્ર ગણ્યો છે.

'पडिकुट्ठ कूलं न पविसे' એ આગમના શબ્દો છે. પણ આ બધું ન સમજે તેને શું કહેવું? કદાચ દેશરિવાજ થઈ જાય તેમાં આપણો ઉપાય નહિ. દેશ કદાચ ઢેડીયાને બ્રાહ્મણ કરી દેતો થાય તે જુદી વાત છે.

શ્રાવક શ્રાવિકા, ધર્મતત્ત્વને માનવાવાળા છે. પણ આચરતી વખતે દુનિયા તરફ જોવાવાળા છે. ધર્મ આચરતાં આર્થિકબાધ, કૌટુમ્બિક બાધ જોવાવાળા છે. તે બાધ ન હોય તો ધર્મ કરવા તૈયાર છે. દુનિયા પણ સાચવવી છે અને ધર્મ પણ કરવો છે એ બંને બને નહિ. આરબો ચોકી કરે છે ત્યાં એમનું ધ્યેય શું? માર્ગ એક જ. જીવના ભોગે પણ ચોકી કરવી. બાયડી, છોકરાં ટળવળશે, મરી જશે, એ ધ્યેય ચોકી વખતે નહીં, તેવી રીતે જેને માત્ર શાસન એ જ ધ્યેય છે; નથી ધ્યેય જેને શરીરનું, ધનનું, કુટુંબનું કે સમાજનું, તેવા જ સાધુ કહેવાય.

આ સાધુવેશરૂપી પટ્ટો કોને અપાય? શાસનની આવી ચોકીમાં દાખલ થાય તેને જ આ સાધુવેશરૂપી પટ્ટો અપાય. તે પટ્ટો ધારણ કરનારને માત્ર શાસન જ જોવાનું. જીવનના ભોગે પણ શાસનની ચોકી કરવાની, તેમાં શરીર, આર્થિકતા કે કૌટુંમ્બિકતા જોવાની નહિ. શાસનના ચલાવનાર સાધુ હોય તો જ તીર્થ. સાધુ ન હોય તો તીર્થ નહિ.

ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવંતની પ્રથમ દેશનામાં સમ્યક્ત્વ તથા જ્ઞાન ઘણાને થયા, પણ કોઈ સાધુ ન થયા, તેથી દેશના નિષ્ફળ ગણાઈ. સાધુપણું સ્વીકારે તો જ દેશના સફળ. શાસનની એક સરખી દોરી રાખનારા, શાસનના આધારે જ જેનું જીવન છે એવા શ્રમણ નિર્ગ્રંથો તે કોને ગણવા? તો ગીતાર્થને, કાં તો તેને તાબે હોય તેને સાધુ ગણવા. ગીતાર્થ હોય કાં તો ગીતાર્થની નિશ્રામાં–તાબેદારીમાં હોય તેમનામાં જ સાધુપણું માન્યું છે. તે સિવાયનામાં સાધુપણું માન્યું નથી. આથી જ્ઞાનને કેટલી ઊંચ કોટીનું માન્યું છે તે માલૂમ પડશે. તથા શ્રુતજ્ઞાનના મહિમા માટે વરસમાં એક દિવસ કેમ રાખ્યો તે સમજાશે.

**ચિંતા, કાકપદુ અને ભાવના જ્ઞાન :—**

આ પ્રમાણે જ્ઞાનની મહત્તા જણાવ્યા છતાં તે જ્ઞાન જો કાકપદુ

હોય તો તે નકામું છે. હીરો એ કિંમતી વસ્તુ છે, પરન્તુ તેમાં જો કાગડાના પગ જેવા ડાઘા પડયા હોય તો તે હીરો કાકપદો કહેવાય છે. તેને ધર્માદામાં આપો કે મફત આપો તો પણ તેને કોઇ લેશે નહિ. કેમકે તે ધન–કુટુંબ–શરીર–આબરૂ સર્વસ્વનો સત્યાનાશ કરનારો છે. તેવી રીતે શ્રુતજ્ઞાન પણ એ હીરાની માફક કિંમતી છે, પરન્તુ તે જો કાકપદા હીરાની પેઠે અપલક્ષણીયું હોય તો તે કાકપદુ શ્રુતજ્ઞાન કહેવાય છે.

જ્ઞાન એ એવી ચીજ છે કે તે સમુદ્ર વગરના અમૃત તુલ્ય, દરકાર વગરના ઐશ્વર્ય તુલ્ય અને રસાયણ સમાન છે. જ્ઞાન સારું, ઊંચું છતાં (૧) કાકપદું–અપલક્ષણીયું (૨) ચિંતા–સદ્લક્ષણીયું, (૩) ભાવના-મહાલક્ષણીયું. એ ત્રણ જ્ઞાનના ભેદ સાંભળ્યા પણ કાકપદુંજ્ઞાન કેવું હોય ? તેમ બીજાં જ્ઞાન કેવાં હોય તે સમજાવતાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે જે આગળ પાછળના વાકયોનો સંબંધ સમજે નહિ. આગળ પાછળનો વિચાર ન કરે તે કાકપદુ શ્રુતજ્ઞાન કહેવાય છે. તે ઉપર દૃષ્ટાંત છે.

**કાકપદા શ્રુતજ્ઞાન માટે દૃષ્ટાંતો.**

એક મહાત્મા વ્યાખ્યાન વાંચતાં હતા. તેમાં તેઓએ જણાવ્યું કે, જીવોના બે ભેદ છે : (૧) મુક્ત એટલે કર્મથી રહિત અને (૨) સંસારી એટલે કર્મસહિત. આમાં સંસારી જીવોના બે ભેદ છે : (૧) ભવ્ય. (૨) અભવ્ય. મોક્ષે જવા લાયક તે ભવ્ય, મોક્ષે જવા નાલાયક તે અભવ્ય. આ પ્રમાણે મહાત્માએ જીવોના ભેદો જણાવ્યા. પરન્તુ શ્રોતામાંથી એક જણે 'મોક્ષે જવા લાયક'એ પદ ન સાંભળ્યું. પછી તે બીજા શ્રોતાઓ સમક્ષ કહેવા લાગ્યો કે "મહારાજ ભવ્ય મોક્ષે જવા નાલાયક તે અને અભવ્ય મોક્ષે જવા લાયક. આ બે વાકયો બોલ્યા છે માટે મોક્ષે જવા લાયક અભવ્ય છે." આ શ્રોતા જે બોલે છે એ સાંભળેલું બોલે છે. નવું કલ્પીને બોલતો નથી. પરન્તુ શબ્દો આડા અવળા કરી નાંખે છે. પૂર્વાપરનો સંબંધ સમજતો નથી તેથી એ જ્ઞાન કાકપદું શ્રુતજ્ઞાન કહેવાય છે.

આ જ કાકપદા શ્રુતજ્ઞાન ઉપર એક બીજું દૃષ્ટાંત છે. એક પંડિતજી હતા. તે પોતાના પુત્રને શિખવવા માંડયા કે 'मातृवत् परदारेषु'

પારકી સ્ત્રીઓની સાથે માતાની માફક વર્તવું. પુત્રે પણ આ પ્રમાણે શીખી લીધું. ત્યાર પછી તે પંડિતનો છોકરો પડોશમાં ગયો. ત્યાં એક સ્ત્રી બેઠેલી હતી. તેને જોઈ છોકરો તેના ખોળામાં બેસી ગયો અને તેને જેમ છોકરો પોતાની માને ધાવે તેમ ધાવવા માંડયો. આથી તે સ્ત્રીએ તેને માર્યો અને તેના બાપને બોલાવી આ ચેષ્ટા કરવા બદલ ઠપકો આપ્યો. આ સાંભળી તેના પિતાએ કહ્યું: મૂર્ખા! આ શું કર્યું? ત્યારે છોકરાએ જવાબ આપ્યો કે જેવી રીતે તમે કહ્યું તેવી રીતે મેં કર્યું. તમે કહ્યું હતું કે 'પરસ્ત્રીને માતા સમાન ગણવી.' 'આ સ્ત્રીને પણ હું માતા સમાન ગણી પુત્રની માફક ધાવવા મંડયો.' પિતાએ આ કઈ દૃષ્ટિએ કહેલું? નિર્વિકારદૃષ્ટિ માટે. પણ પુત્રે માત્ર શબ્દાર્થ સમજી તેનો અમલ કર્યો, પણ તેના રહસ્યાર્થ-ગૂઢાર્થને ન સમજ્યો.

બીજા દિવસે પંડિતજી પુત્રને ભણાવે છે, કે 'परद्रव्येषु लोष्टवत्' પારકા દ્રવ્યમાં, મિલ્કતમાં પથ્થર જેવી દૃષ્ટિ રાખવી. બીજા દિવસે પુત્ર બજારમાં ગયો. ત્યાં ચોકસી બજારમાં દુકાનમાં રહેલી સોના ચાંદીની વસ્તુઓ રસ્તામાં ફેંકી દેવા માંડયો. આથી બજારના લોકોએ ભેગા થઈ તેને માર માર્યો. અને તેના પિતાને બોલાવી પુત્રનું કરેલું નુકશાન બતાવ્યું. આ જોઈ પિતાએ પુત્રને ઠપકો આપ્યો અને જણાવ્યું કે 'મૂર્ખા; 'આ શું કર્યું?' ત્યારે પુત્રે જણાવ્યું કે મેં આપના કહ્યા પ્રમાણે કર્યું છે, કારણ કે પારકાનું દ્રવ્ય-મિલકત પથ્થર સમજવાનું આપે કહેલું છે. તેથી આ બધી મિલ્કત હું પથ્થર સમાન ગણી ફેંકી દઉં છું." પિતાએ આ કઈ દૃષ્ટિએ કહેલું? નિર્લોભતાની દ્રષ્ટિએ. જેમ પથ્થર ઉપર મોહ હોતો નથી, તેમ તેને ચોરવા પ્રયત્ન કરવો નહિ. પુત્ર આ પદના રહસ્યને ન સમજ્યો, તેમ જેઓ શાસ્ત્રમાં કહેલા પદોના રહસ્યને ન સમજે, આજુબાજુના સંબંધને ન સમજે, અને માત્ર શબ્દાર્થને સમજે તે કાકપદું જ્ઞાન કહેવાય.

ત્રીજું દૃષ્ટાંત.

આ પર એક સાધુનું દૃષ્ટાંત છે. એક સાધુએ આયંબિલનું પચ્ચક્ખાણ કર્યું. ત્યાર પછી તે બધી વિગઈ વાપરવા લાગ્યો. આથી કોઈએ પૂછયું કે 'તમે આયંબિલ કર્યું છે ને આ બધી વિગઈ કેમ વાપરો છો?' સાધુએ કહ્યું, 'મારે આયંબિલના પચ્ચક્ખાણ છે. પચ્ચક્ખાણનો

અર્થ 'ત્યાગ કરવો' થાય છે. આયંબિલના પચ્ચક્ખાણ એટલે આયંબિલનો ત્યાગ. આવું સમજણ વગરનું જ્ઞાન તે કાકપદુ જ્ઞાન. પચ્ચક્ખાણ એટલે ત્યાગ બરોબર, પણ શાનો? આયંબિલનો નહિ, પણ આયંબિલમાં નહિ કલ્પતી–ખપતી વસ્તુઓનો ત્યાગ, અને તેના પચ્ચક્ખાણ તે આયંબિલના પચ્ચક્ખાણ.

'सव्वे पाणा न हंतव्वा' કોઇ પણ જીવને મારવો નહિ. કિલામણા ન કરવી, એ શાસ્ત્રવચન પકડી કોઇ એમ કહે કે 'હું ઉપવાસનું પચ્ચક્ખાણ આપીશ તો બિચારો દુઃખી થશે. તેનું નિમિત્ત હું બનુંને? માટે કોઇને પચ્ચક્ખાણ ન આપવું. જો હું તેનો લોચ કરીશ તો બિચારો દુઃખી થશે, આવા પ્રકારનું જે જ્ઞાન તે અપલક્ષણીયું કાકપદુ શ્રુતજ્ઞાન કહેવાય.

જિનેશ્વર ભગવાનની પૂજા વખતે 'अहिंसा संजमो तवो' એ પદ આગળ લાવી જિનપૂજાનો વિરોધ કરે કે પાણીમાં જીવ છે, માટે તેના જીવો જિનપૂજા દરમિયાન હણાય છે. દીપક પૂજાથી અગ્નિકાયની વિરાધના થાય છે, માટે જિનપૂજા એ ધર્મ નથી. આ પ્રમાણેનું પદમાત્રના શબ્દાર્થનું પૂર્વાપરના સંબંધ કે અધિકાર વગરનું જ્ઞાન તે કાકપદુ શ્રુતજ્ઞાન.

ગુરુ મહારાજ ગામમાં પધારતા હોય અને સામાયિક લઈને બેસી જાય, અને માને કે સામે જવાથી વિરાધના થાય અને તે વિરાધનાથી હું બચ્યો; અને આરાધક બન્યો. તો એ આરાધક નથી, પણ વિરાધક છે. અને ગુરુ મહારાજની સામે જવામાં તૈયાર થનારો જનારો આરાધક છે, અને ગુરુભક્તિ કરનાર છે. આ પ્રમાણે બધા કાકપદા જ્ઞાનનાં દ્રષ્ટાંતો છે.

**ચિંતાજ્ઞાન**

ચિંતાજ્ઞાન હોય તો સુંદર વિચાર આવે કે "કર્મનો બંધ ન થાય માટે કોઈ પણ જીવને મારવા નહિ, તપસ્યા તથા લોચ એ કર્મના નાશ માટે છે અને આવતાં કર્મો રોકવા માટે છે. મારા ઘરના કામકાજ અંગે ષટ્કાય જીવોની વિરાધના થાય છે અને આત્મા પાપથી ભારે થાય છે. પરન્તુ જિનપૂજા કરતી વખતે હિંસા થાય, છતાં હિંસાની

બુદ્ધિ નથી, પણ જિનપૂજનની ભાવના છે, તેથી પાપ કદાચ થોડું લાગે, પરન્તુ પુણ્ય અને નિર્જરા તેનાથી અનેક ગુણાં વધારે થાય છે.

હું ગામેગામ ધંધા માટે પરદેશમાં રખડું છું, પાપથી લેપાઉં છું, તો ગુરુમહારાજ સન્મુખ જવામાં વિરાધના શાની ? થાક શાનો ? ગુરુ મહારાજ ગાઉના ગાઉ વિહાર કરે છે અને એમને વિરાધના ન થતાં નિર્જરા થાય છે, તો મને પણ શાની વિરાધના થાય ? ધન્ય છે આવો અવસર.

આ પ્રમાણેના યુકિતપૂર્વક તર્કથી શાસ્ત્રના પદોનો અર્થ કરી સમજે તથા સમજાવે તે સતલક્ષણવાળું જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન સમકિતદષ્ટિ આત્માને હોય છે. આ સમકિતના પડીકાં હોતા નથી. જેનામાં સતલક્ષણવાળું જ્ઞાન નથી તેવા તો અનંતા ડૂબ્યા છે. શાસ્ત્રનો એક અક્ષર પણ આડો બોલનારો સમકિતના નામે ડૂબે છે. આ ચિંતાજ્ઞાન ચોથે પાંચમે ગુણઠાણે હોય છે.

### ભાવના જ્ઞાન

આખા જગતના હિતવાળું વર્તન કરે, માને તે પ્રમાણે આચરે જેને આપણે કારકસસમ્યક્ત્વ કહીએ છીએ, તે મહા લક્ષણવાળું ભાવનાજ્ઞાન કહેવાય છે. આપણા આત્મામાં ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન નહીં તેની નિશાની શી ? મનુષ્યને પોતાનું મુખ જોવું હોય તો અરીસાની મદદથી જોઇ શકાય છે. અરીસા વિના મુખ સારૂં કે નરસું જોઈ શકાતું નથી. તેવી રીતે આત્મામાં ભાવના તથા ચિંતાજ્ઞાન જોવા માટે સંસારતારક ગુરુઓની ભક્તિ એ અરીસો છે, નિશાની છે. આત્મામાં જો સંસારતારક ગુરુઓની ભક્તિ માલુમ પડે તો સમજવું કે આત્મામાં ભાવનાજ્ઞાન અને ચિંતાજ્ઞાન તથા સમ્યક્ત્વ છે. ગુરુભક્તિ એ ચિંતાજ્ઞાન–ભાવનાજ્ઞાનની નિશાની છે. લીંગ છે, ચિન્હ છે, તેના વડે ચિંતાજ્ઞાન–ભાવનાજ્ઞાનવાળા ઓળખી શકાય. જ્યારે ચિંતાજ્ઞાનમાંથી આગળ વધી આપણે ભાવનાજ્ઞાનમાં જઇશું ત્યારે મોક્ષમાર્ગે આગળ વધીશું એવું સમજે. આ જ્ઞાનપંચમી પર્વનું આરાધન કરનાર જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાનનો અધિકારી બનશે.

# જ્ઞાનપંચમી વ્યાખ્યાન ૩.

સં ૧૯૯૫ કારતક સુદ ૫. પાલીતાણા.

नाणं पंचविहं पन्नत्तं, तं जहा, आभिणिबोहिय नाणं ।
सुयनाणं ओहिनाणं मणपज्जवनाणं केवलनाण ॥ नन्दीसूत्र १ ॥

ત્રણ પ્રકારની પર્ષદા

સૂત્રકાર મહારાજા ભગવાન દેવવાચકજી શ્રીનંદીસૂત્રની રચના કરતાં થકાં પ્રથમ તીર્થંકરપ્રભુની, પછીના ગણધર પછી સ્થવિરોની આવલિકા એટલે પરંપરા જણાવી. પછી શ્રી નંદીસૂત્રની વ્યાખ્યા દરેક સૂત્રની વ્યાખ્યાની આદિમાં કરવી પડે છે માટે દરેક સૂત્ર ભણવાની યોગ્યાયોગ્યની તપાસ કરવાની છે, તે શ્રીનંદીસૂત્રની શરૂઆતમાં કરી લેવી. હજામ પણ પલાળ્યા પછી જાત નથી પૂછતો. આપણે નંદીની વ્યાખ્યા કરી, પછી યોગ્યાયોગ્યની તપાસ કરવા જેવું થાય, માટે પરીક્ષા પ્રથમ ગુરુઓ અને પછી શિષ્યો બન્નેની વ્યક્તિગત પરીક્ષા જણાવી. પછી સામાન્ય સમુદાયરૂપે નંદીની વ્યાખ્યા હોય.

શ્રી નંદીસૂત્ર એકલાએ જ વાંચવું ને વંચાવવું, સમુદાયને પણ સમજાવવું માટે તેમાં વ્યક્તિગત પરીક્ષા અને સમુદાયગત પરીક્ષા જણાવવા માટે ત્રણ પ્રકારની પર્ષદા જણાવે છે: જાણકાર, અજાણ્યા અને દાધારંગી-અર્ધદગ્ધ. શ્રી નંદીસૂત્ર સાંભળનાર જાણકાર કે અજાણકારની પર્ષદા હોય. સૂત્ર સાંભળી જ્ઞાનારાધનમાં તત્પર થવું જોઇએ. જ્ઞાનના બહુમાનવાળા થવું જોઈએ. જ્ઞાનમાં દિનપ્રતિદિન વધવાવાળા થવું જોઈએ. તે ફળ દાધારંગીને ન મળે. લાયક પર્ષદા કઈ ? એવી રીતે શ્રી નંદીસૂત્રના કર્તા દેવવાચકગણિ એક પૂર્વધર છે.

દેવવાચકજી સૂત્રકાર નથી.

શંકા થશે કે સૂત્રો ગણધરો રચે, આ તો એક પૂર્વધર હતા. એમણે શ્રીનંદીસૂત્ર કેમ રચ્યું ? ગણધર, પ્રત્યેકબુદ્ધ કે ૧૪ પૂર્વીએ સૂત્રો રચેલા હોય. દેવવાચકજી ત્રણેમાંથી એકેમાં નથી, છતાં એમના રચેલાને સૂત્ર કેમ કહેવું ? દેવવાચકજી નવી રચના કરતા નથી, પૂર્વની અંદર જે ફકરા જ્ઞાનના છે, તે ફકરા લઈને નવી સંકલના-ગોઠવણી કરે છે. ગણધરની નવી રચના પ્રમાણભૂત, પ્રત્યેક બુદ્ધ અને ૧૦થી ૧૪ પૂર્વીની નવી રચના પ્રમાણભૂત, તેમ નવી રચના કરે તો સૂત્ર

ન મનાય, પણ દેવવાચકજીએ શ્રીનંદીસૂત્ર કર્યું છે તે સ્વતંત્ર રચનાનું નથી, પૂર્વમાંથી ઉદ્ધરેલા ફકરા છે.

આ જ કારણથી મનઃપર્યવના પ્રશ્નોત્તરમાં પૂછવામાં આવ્યું છે, તેમાં મનુષ્યને કે અમનુષ્યને થાય ? હે ગોયમા ! મનુષ્યને થાય, અમનુષ્યને ન થાય. 'હે ગૌતમ' ! એ પદ વચમાં ક્યાંથી આવ્યું ? એ જ કહી આપે છે કે પૂર્વમાં જેવો ફકરો હતો તેવો જ ફકરો મૂક્યો છે. જે જે ફકરા મૂક્યા છે તે પૂર્વમાંથી ઉદ્ધરી મૂક્યા છે. દેવવાચકજી સંકલના કરનાર છે, પણ રચના કરનાર નથી. દેવવાચક ગણિજીએ સ્વતંત્ર આ સૂત્ર રચેલ નથી, પણ પૂર્વના ફકરા લઈ આ ઉદ્ધરેલું છે અને સૂત્ર તરીકે રચ્યું છે. ગણધરો જેટલું રચે તે બધું સૂત્ર હોય તે નિયમ નહિ, ૧૪-૧૦ પૂર્વી રચના કરે તે બધું સૂત્ર તરીકે હોય તે નિયમ નહીં, તેવો નિયમ કરવા જઈએ તો નિર્યુક્તિ કહેવાનો વખત ન રહે. સૂત્ર તરીકે રચે તે જ સૂત્ર, નિર્યુક્તિ તરીકે નિર્યુક્તિ રચે.

દેવવાચક ગણિએ ઉદ્ધાર કર્યો તે નંદીસૂત્ર તરીકે ઉદ્ધાર કર્યો, માટે શ્રીનંદીસૂત્ર કહીએ છીએ. દેવવાચકજી પછી જ્ઞાનની વૃદ્ધિ, પ્રશંસા, વ્યવસ્થા થઈ, તે પહેલાં તેમ ન હતું ? ના. પહેલેથી આ સૂત્રો છે. આમણે તો સંકલના કરી. ગણધર મહારાજા ૧૨ અંગની રચના કરે છે. પ્રથમ આચારાંગ સૂત્ર, તેનું પ્રથમ અધ્યયન, પ્રથમ ઉદ્દેશો, પ્રથમ સૂત્રમાં આ સંજ્ઞા કેટલાને નથી હોતી ? હું પહેલા ભવથી આવ્યો છું; આગલા ભવે જવાનો છું, જીવ સર્વ માને છે, પણ સમ્યક્ત્વવાળો જીવને જે માને, મિથ્યાત્વવાળો જે જીવને માને તે માન્યતામાં ફરક છે.

**ભાડૂતી પ્લોટની વિચિત્ર શરતો.**

મિથ્યાત્વવાળો ચેતનાવાળો જીવ માની બેસી ગયો, સમકિતિ ક્યાં જાય ? અહીં જીવો ભાડૂતી ઘરમાં આવીને રહેલા છે, ઘરધણી નથી. આ શરીર ઘર પોતે બાંધે છે, પોતે રહે છે, બાંધ્યું ભાડાથી, પટ્ટાથી જગા મળે તેમાં આપણે ઘર બાંધીએ. દરેક વર્ષે ભાડું ભરવું પડે છે. આવું ઘર, આવી જગા મફત આપે તોપણ કોઈ ન લે.

એક રાજાએ રાજ્યમાંથી જગ્યા વેચવા કાઢી, જાહેરખબર દીધી કે નીચેની શરતે જગા લેવી હોય તો આવજો. અમે કહીએ તેવા પ્લાન પ્રમાણે મકાન બાંધવાં, જેટલા વર્ષના પટે લેવી હોય તેનું ભાડું પ્રથમથી ભરી દેવું. ઘરનું રીપેર, વધારો ઘરધણીએ કરવું. દરેક વર્ષે વધારો કરવો જ જોઈએ. જે ખામી આવશે તેનો રાજ દંડ કરશે, ને રકમમાંથી વસુલ કરશે, આગળથી ખબર નહીં આપવામાં આવશે. રકમ પૂરી થશે ત્યારે બધું મેલી નાગા થઈ નીકળી જવું પડશે. કુટુંબ કબીલા વસાવ્યા હશે, તે બધું છોડી નાગા નીકળવું પડશે, આ શરતે જગા ભાડે આપે તો કેટલા લેવા તૈયાર થાય?

એવી રીતે કર્મરાજાએ મનુષ્યગતિમાં મૂક્યા, આ શરીર રૂપી જગ્યા ભાડે આપી છે, આ શરીર રૂપી ઘર બાંધો, ક્ષણે ક્ષણે એની માવજત કરો, વધારો કરો, રોગ શોક થાય તેમાં આયુષ્યરૂપ ભાડું પહેલાં વસુલ કર્યું છે. તેમાંથી દંડ પેટે પુણ્ય રૂપી રકમ વસુલ થાય તેની ખબર નહીં દેવાય, તેમ કરતાં આયુષ્ય પુરૂં થાય ત્યારે નોટીસ વગર બહાર કાઢે. કુટુંબ ધન વગેરેમાં ચાહે તેટલો વધારો કર્યો, તે બધુ મૂકી કૃષ્ણજી બલદેવને દ્વારિકામાંથી નીકળવું પડયું, તેમ સર્વ મૂકી દઈ બહાર નીકળી છોડી દેવાનું. આવી ભાડૂતી જગ્યા કોણ લે? તેમાં ઢેડવાડાની જગ્યા કરતાં ખરાબ જગ્યા.

**શરીર એટલે અશુચિકરણ યંત્ર.**

ખાવા ત્યારે પકવાન્ન, કરવી ત્યારે વિષ્ટા. મેવા મીઠાઇ કિંમતી ચીજ ખાય તો પણ વિષ્ટા થાય. નઠારી વસ્તુને સારી કરવાના યંત્રો હોય. આ શરીર સારી વસ્તુને નઠારી કરનાર યંત્ર છે. પાણી અમૃત જેવી ચીજ, તેનો પિસાબ, ચોખ્ખી હવાને ઝેરી કરી નાખે, પવિત્ર ચીજોની વિષ્ઠા કરે, કસ્તુરી ચંદનનો કચરો કરે. કેવી શરતે લીધું છે? તેમાં મ્યુનિસિપાલિટીની મેલાની ગાડીઓ જાય છે તેમાં ઉપર પતરું ચકચકતું ઢાંકણું ખુલે તો ભાગાભાગી થાય, શરીર ઉપર ચામડીનું ચકચકતું પતરૂં છે, આ ખુલી જાય તો મા કે બાપ પણ જોઇને ચકરી ખાય. ઓપરેશન કરતાં જોડે નથી રાખતા, કારણ? ચકરી ખાય છે. અંદરનું છે કે બીજું કંઇ છે?

શરીર એટલે અશુચીકરણયંત્ર, દેખતાં ચીતરી આવે તેવું ઘર આપણે ભાડે લીધું છે, આવી શરતે લીધું છે. એમાં મેળવવાનું શું? મેળવવાનું એવું બને છે કે બીજી કોઈ ગતિમાં જે ન બની શકે. મોક્ષ મેળવવો હોય તો આ જ શરીરે, ઢેડવાડાનું અશુચીકરણયંત્ર ગણ્યું, તે જ શરીર મોક્ષપદ પણ આપી શકે.

મહેલ અને જેલ

સમ્યગ્દૃષ્ટિ વિચારવાળો એમ ગણે કે હું શરીરમાં ભાડૂત તરીકે રહેલ છું, જેટલો વેપાર થાય તેટલો કરી લઉં. હું કેદી નથી. મહેલમાં ને કેદમાં ફરક એટલો જ. મહેલમાં ચારે બાજુ બારીઓ હોય, કેદમાં જાળીયો. સમ્યગ્દૃષ્ટિ એ મહેલમાં છે, મિથ્યાદૃષ્ટિ એ કેદમાં છે. ભૂતકાળનો જન્મ, ગતિ દેખાતી બંધ થઈ, ભવિષ્યનો જન્મ, ગતિ દેખાતી બંધ થઈ તે કેદ છે. જેને જન્મ મરણ વચ્ચે કેદ થવાનું છે; ગયેલ કે આવતા ભવનો વિચાર નથી તેને કેદખાનું છે. જીવ માનેલો છે છતાં તેને મિથ્યાત્વ છે. આચારાંગ સૂત્રમાં પ્રથમ સૂત્ર ગણધરોએ કહ્યું કે 'સમ્યગ્દૃષ્ટિને આ, આવતા કે ગયા ભવનો વિચાર થાય.'

ઈષ્ટમાં પ્રવૃત્તિ અનિષ્ટમાં નિવૃત્તિ કરવા માટે જ્ઞાન છે.

સમજો પછી જ્ઞાનને માટે જ્ઞાન નથી. જગતમાં દેખવું દેખવા માટે નથી, કાંટો દેખો પછી તે ઉપર પગ દો છો? સર્પ, વીંછી દેખી લો, પછી ખસો છો કેમ? જગતમાં જ્ઞાન ઈષ્ટની પ્રવૃત્તિ માટે અને અનિષ્ટની નિવૃત્તિ માટે છે. તેવી પ્રવૃત્તિ નિવૃત્તિ ન કરે તો તેને આંધળો કહીએ છીએ. જગતમાં છોડવા લાયક ન છોડે તો દેખ્યું તે નકામું ગણાય. જૈન-શાસ્ત્રના હિસાબે આશ્રવ સંવરના વિવેકવાળા ન થાય, તેઓના જ્ઞાનને અહીં કિંમતી ગણવાનો વખત નથી. કર્મો જાણો ને કર્મો તોડો. 'पढमं नाणं तओ दया.' પરમાર્થ નહિ સમજનારા પ્રથમ જ્ઞાન આગળ કરે છે.

ચૂલો સળગાવવો પહેલો, પણ શા માટે? પછી રસોઈ કરવા માટે. ઝાડ વાવવું પ્રથમ, ફળ પછી છે. રસોઈ કરવાના મુદ્દાએ પ્રથમ ચૂલો સળગાવ્યો, ઝાડ વાવ્યું, આંબો વાવ્યો, ઉછેર્યો, વેડવા–કેરી તૈયાર થઈ તે વખતે ઘેર ગયો કે દેશાંતર ગયો તો? અહીં પણ જ્ઞાન પ્રથમ કહે

છે પણ કોનાથી? શા માટે? 'तओ दया' જ્ઞાન પછી. દયા એટલે સંયમ. જ્ઞાનની સફળતા સંયમમાં ઉતરે છે એ જાણી, સંયમમાં ન ઉતરે તો જ્ઞાનની સફળતા નથી. જ્ઞાનનું ફળ વિરતિ. વિરતિ ન થઈ તો એ જ્ઞાન નિષ્ફળ. મિથ્યાદષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કહ્યું. મિથ્યાદષ્ટિ ઘડાને ઘડો કહે છે, જાણે છે, માને છે, છતાં તેના જ્ઞાનને અજ્ઞાન કહો છો, કારણ કે એ જ્ઞાનનો ઉપયોગ વિરતિમાં ફળતો નથી. તે જ્ઞાનનું ફળ તેને નથી, તેથી તેનું જ્ઞાન અજ્ઞાન છે. મિથ્યાદષ્ટિને જ્ઞાનનો વિવેક ન હોવાથી અજ્ઞાન કહેવાય છે. સંયમ માટે કટિબદ્ધ થાય તે માટે પ્રથમ જ્ઞાન મેળવો. પ્રથમ જ્ઞાન પછી દયા–સંયમ મેળવી શકશો.

**સંયમના અર્થીપણે જે જ્ઞાન તે જ જ્ઞાન.**

વિરતિ–સંયમના અર્થીપણા વગરનું જ્ઞાન તે જ્ઞાન નથી. વ્રત, સંયમને ફળ ન માનનારો અજ્ઞાની છે. વિરતિસન્મુખ કરનાર જે જ્ઞાન તે જ જ્ઞાન છે. 'एवं चिट्ठइ सव्वसंजये,' એને બદલે एवं चिट्ठइ નાણી કહેવું હતું ને? જ્ઞાનની પ્રધાનતા હોય તો ઉપસંહારમાં શું કહેવું જોઈએ? અજ્ઞાન ખોટું શાથી? 'अन्नाणि किं काही'? અજ્ઞાની કરશે શું? કલ્યાણની શ્રદ્ધા સંવર નિર્જરાને આદરવાના કારણ-ભૂત જ્ઞાન. લાયબલકેસ આખા પ્રકરણ ઉપરથી થાય છે, એક શબ્દથી ન થાય. તેમ અહીં આખું પ્રકરણ લો. સર્વસંયમમાં એવી રીતે રહેલા છે. અવિરતિ નથી લખ્યા. જ્ઞાન લઈ, અજ્ઞાની કરશે શું? એ લખ્યું.

જૈનશાસનમાં જ્ઞાન સંયમ–વિરતિના સાધન તરીકે ઉપયોગી છે. જ્ઞાન જરૂરી છે, ઉપયોગી છે તેમાં બે મત નથી. જ્ઞાને વિસામો લેવા માંગો તો એ અહીં નથી, એ વાત ઉપધાન કર્યા તેને બસ છે. 'नमो लोए सव्वसाहूण'' રાખ્યું. વિરતિ વગરના જ્ઞાનવાળા ન લીધા, મોક્ષ-માર્ગની પ્રવૃત્તિ કરવી છે, તેઓને જ્ઞાનમાત્ર સાધન છે, સાધ્ય વિરતિ છે. સાધ્યને પામેલાને પંચપરમેષ્ઠિમાં દાખલ કર્યા. ભરતમહારાજને કેવળજ્ઞાન થયું છે. ઈન્દ્રમહારાજ કેવળજ્ઞાન જાણી આવ્યા છતાં વંદન કરતા નથી. કહો જ્ઞાન ને વીતરાગપણું છતાં ગૃહસ્થવેશ છે. દિક્ષા લો એટલે વંદન કરું. વીતરાગતા અને કેવળજ્ઞાન પામેલા છે, છતાં સાધુ-પણાના વેષ સિવાય વંદન નહિ. સાધુપણું વંદન લાયક, તેથી 'नमो

**લોપ સવ્વસાહૂણ**" રાખ્યું જ્ઞાન સાધન તરીકે જરૂરી, તેથી શ્રીનંદી-સૂત્રમાં શરૂઆતમાં જ્ઞાનના વિભાગો જણાવે છે.

**જ્ઞાનના પાંચ પ્રકાર.**

જ્ઞાન પાંચ પ્રકારનું કહેલું છે 'आभिनिबोधिकज्ञानं' આભિનિબોધિકજ્ઞાન પદાર્થની સન્મુખતાએ સંશય વિપર્યય વગરનું જ્ઞાન. બીજું શ્રુતજ્ઞાન-શબ્દ, અર્થ, વાચ્ય, વાચકના સંબંધવાળું જ્ઞાન. અવધિજ્ઞાન મર્યાદાએ એટલે રૂપી જ પદાર્થો જણાય. રૂપીના છેડા સુધી જે જ્ઞાન જઇ શકે તો મર્યાદાજ્ઞાન કહોને ? અવધિનો સ્વભાવ એવો છે કે નીચે નીચે વધારે દેખાય. ચક્ષુમાં સરખું દેખાય. બધી ઇન્દ્રિયો સરખી રીતે વિષયો ગ્રહણ કરી શકે. અવધિમાં વિચિત્ર મર્યાદા છે. ઊંચે દેખે ઓછું, નીચે દેખે વધારે. સૌધર્મના દેવતા દોઢ રાજ નીચે દેખે, ઉપર પોતાના વિમાનની એકલી ધજા યાવત્ નીચે શર્કરા-પ્રભા, કોઈ તમઃપ્રભા કોઈ તમઃતમાપ્રભા નરક સુધી દેખે, પણ ઉપર પોતાના વિમાનની ધજા સુધી જ દેખે, માટે એનું નામ અવધિજ્ઞાન. अधो अधो विस्तृतम् એવું જે જ્ઞાન તે અવધિજ્ઞાન.

આ વાત ખ્યાલમાં લેશો તો ગૌતમ અને આણંદ શ્રાવકના વિવાદનો ખુલાસો થશે. ગૌતમને થયેલું અવધિ નીચે હજાર જોજન, ઉપર દોઢ રાજ; આણંદ શ્રાવકને થયેલું અવધિ નીચે હજાર જોજન, ઉપર સૌધર્મ દેવલોક-દોઢ રાજ સુધીનું અવધિજ્ઞાન થયું હતું. અવધિજ્ઞાન રૂપી દ્રવ્ય માત્રની મર્યાદા હોવા સાથે નીચે નીચે વિસ્તારવાળું જ્ઞાન.

મનની જે અવસ્થા તે મનઃપર્યવ, તે મનના પુદ્ગલો જાણે. સંપૂર્ણજ્ઞાન જેમાં કશી ન્યૂનતા નથી તે કેવળ. આમ સામાન્ય સૂત્રની વ્યાખ્યા કરી; જ્ઞાન પાંચ પ્રકારનું તે કેમ ? નવતત્ત્વ દંડક જાણનારા માર્ગણા લે તો આઠ ભેદ છે. આઠ પ્રકારનું કહેવું જોઈએ. જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપે લઈએ છીએ. મિથ્યાજ્ઞાનને અહીં સંબંધ નથી. શ્રુત-જ્ઞાનમાં સમ્યગ્શ્રુત ને મિથ્યાશ્રુત એ બે ભેદ ન હોવા જોઈએ. પાંચ જ્ઞાનના ( ૫૧ ) એકાવન ભેદમાં ત્રણ અજ્ઞાન ગ્રહણ કરેલા નથી. અવધિમાં વિભંગજ્ઞાન ન લીધું. શ્રુતમાં મિથ્યાશ્રુત લીધું નથી. માર્ગણામાં આર ભેદ પાડ્યા. અહીં મિથ્યાશ્રુત લીધું નથી. સમાધાનમાં પાંચ પ્રકારનું કહેવું છે.

હવે અવધિજ્ઞાનના બાર ભેદ કહેવાનો વખત ન રહ્યો. વિભંગજ્ઞાન-અવધિજ્ઞાનના છ ભેદ સાથે લઈએ તો (૧૨) બારભેદ થાય તો સમ્યગ્જ્ઞાન ન રહે, માટે સમ્યગ્જ્ઞાન લેવાનું હોવાથી અવધિજ્ઞાનના છ ભેદ લીધા. તો મિથ્યાશ્રુત કેમ ગણાવ્યું ? ૧૪ ભેદ સમ્યગ્જ્ઞાનના હતા. पज्जय अक्खय० તે સમ્યગ્જ્ઞાનના (૧૪) ચૌદ ભેદ ન લીધા. 'अक्खर-सन्नी०' એ સાત પ્રતિપક્ષી લીધા. મિથ્યાશ્રુત એ ભેગું આવી ગયું. માટે સમ્યગ્જ્ઞાનના ભેદ ન રહ્યા. એકાવન ભેદ શી રીતે ? અને પાંચ શી રીતે ? મિથ્યાજ્ઞાન જોડે લેવું હોય તો સત્તાવન ભેદ લેવા જોઈએ સમ્યગ્જ્ઞાન લેવું હોય તો એકાવન ભેદ લેવા જોઈએ.

**ભારત રામાયણાદિ સમકિત દષ્ટિએ ગ્રહણ કરેલું તે સમ્યગ્જ્ઞાન છે.**

અહીં મિથ્યાશ્રુત એટલા જ માટે કે સમ્યગ્શ્રુતપણે પરિણમે. એ જ મિથ્યાશ્રુત સમ્યગ્દષ્ટિએ ગ્રહણ કર્યું હોય તો સમ્યક્શ્રુત કહેવાય. સમ્યક્શ્રુતની જગ્યાએ વિપર્યાસ ન જણાવ્યો. મિથ્યાશ્રુતમાં ગ્રાહકની અપેક્ષાએ સુંદરપણું જણાવ્યું. સમ્યગ્પણે પરિણમે તે અપેક્ષાએ મિથ્યાશ્રુત ગ્રહણ કર્યું છે. 'પાંચ જૂઠમાં પાપ નથી.' આ વાકય સ્મૃતિનું લીધું. આ વાકય આપણે સાંભળ્યું. બ્રાહ્મણે પણ સાંભળ્યું. આપણે હવે બોલતા અચકાવાનું નથી. સમકિતવાળાને આ પાંચે જૂઠ પાપ લક્ષણ છે, તેમ સમજાય એ જ વાકય મિથ્યાત્વીને અવળું પ્રવર્તાવે. સમ્યગ્દષ્ટિને સમ્યગ્પણે પરિણમવાનું છે.

અવધિ મનઃપર્યવમાં દ્રવ્યથી વિભંગ, ભાવથી અવધિ થાય તેમ નહિ બને. સમ્યગ્જ્ઞાન જ અહીં લીધા, પાંચ જ્ઞાનમાં વિભંગના છ ભેદ નાખવાની જરૂર નથી. અહીં મંગળ માટે હોવાથી અજ્ઞાન ગ્રહણ ન કરાય. જ્ઞાનને સુજ્ઞાન કે સમ્યગ્દષ્ટિનું મતિજ્ઞાન કહેવાય. જ્ઞાન શબ્દ સામાન્ય હોય ત્યાં સમ્યગ્જ્ઞાન લેવું. સામાન્ય નિયમ પ્રમાણે જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે એ અસમ્યગ્ હોય જ નહીં. આથી મતિજ્ઞાન શબ્દ રાખ્યો, શ્રુત સમ્યગ્જ્ઞાન ન બોલ્યા. જ્ઞાનને માટે વિશેષણની જરૂર નથી. 'सम्मनाणं पंचविहं पन्नत्तं' એમ કહેવાની જરૂર નથી.

જ્યારે જ્ઞાનને વિશેષણની જરૂર નથી તો ભાષ્યકાર કેમ બોલ્યા ? તત્ત્વાર્થકાર 'त्रिविधो मोक्षमार्गः' એમ કેમ બોલ્યા ? એક છોકરો

એકડીયામાં હતો ત્યારે પલાખા પૂછાય, આંકના પાડા પૂછાય. મતિ શ્રુત અવધિમાં ભાષ્યકારને સમ્યગ્‌શબ્દ જોડવાની જરુર ન હતી, તો ભૂલ્યા ? ના, ભૂલ્યા નથી. એ જ્ઞાન દર્શનથી જુદું જણાવવા માટે, જુદું જ્ઞાન સમ્યગ્ હોવું જોઇએ. સૂત્રકાર દર્શન-જ્ઞાન પૂર્વકનું ચારિત્ર જણાવે છે. પૂર્વાનુપૂર્વી પ્રદર્શનાર્થ સમ્યગ્‌દર્શન વગર સમ્યગ્‌જ્ઞાન નહિ. તે બે વગર ચારિત્ર નહિ. પણ કેવળ એકલા જ્ઞાન શબ્દથી સમ્યગ્‌જ્ઞાન, તેમાં પાંચ જાતનું જ્ઞાન.

ઇંદ્રિય મન દ્વારા જે જ્ઞાન તે મતિજ્ઞાન. શબ્દ અને અર્થ, એ બેના વાચ્ય વાચક દ્વારા થતાં જે જ્ઞાન તે શ્રુત. દૂર રહેલાં કાળાંતરના રૂપી પદાર્થોને જણાવનાર જ્ઞાન તે અવધિજ્ઞાન. આ શબ્દનો આ અર્થ છે તેનું જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન. સાંભળ્યાથી થાય તે શ્રુત, તો મતિના ભેદો પાણીમાં જાય ? દૂર રહેલા પદાર્થો ઈન્દ્રિયોના વિષયો હોય છતાં ઇન્દ્રિયના સંબંધ વિના જ્ઞાન થાય તે અવધિજ્ઞાન. પારકા વિચારો જાણવાનું જ્ઞાન મનઃપર્યવ, સર્વજ્ઞાન તે કેવળ. *पञ्चविधाः अस्य पांच* પ્રકાર છે જેના, છટ્ઠો પ્રકાર નથી જેનો.

**બાકીના જ્ઞાનો કેવળ જ્ઞાનના ભેદો નથી.**

જે કેટલાક કહેતા હતા કે જ્ઞાન એક જ પ્રકારનું. સંયોગે જુદા ભેદ પડે છે. સૂર્યમાંથી નીકળતો તડકો એક સરખો, ચાંદનીમાં જેવા આકાર તેવા આકાર તડકાના પડે. સૂર્યનો તડકો ગોળ નથી. છાપરાનાં કાણાં જેવા જેવડાં કાણાં તેમ જ્ઞાન એક પ્રકારનું. ઇંદ્રિયો મનથી થાય તે મતિ, શબ્દથી થાય તે શ્રુતજ્ઞાન રૂપે. ઇંદ્રિયો મન વગર અવધિ રૂપે, બીજાના મન જાણવા રૂપે થાય તે મનઃપર્યવ, દીવો પીળા રંગે, લાલ કાચ મૂક્યો તો આખા મકાનમાં લાલ રંગ, કાચમાં ફરક પડે તેનો ફરક છે. જ્ઞાનમાં ફરક નથી. અહીં રંગમાં જ્યોતમાં પાંચ પ્રકાર થયા છતાં દીવામાં ફરક નથી. મતિ આદિ પાંચમાં ફરક ભલે પડે, પણ જ્ઞાનમાં ફરક નથી. મહાનુભાવ ! સ્વતંત્ર પોતે જ જ્ઞાન પાંચ પ્રકારનું છે. એક જ પ્રકારનું જ્ઞાન, પાંચ પ્રકાર શા ? પાંચ પ્રકાર હોય તો સિદ્ધના પાંચ પ્રકાર માનવા જોઈએ. એક પ્રકારનું કેવળ કહીને ચાર પ્રકારનું કહેવું જોઈએ.

ચાર જ્ઞાનો વાસુદેવ પ્રતિવાસુદેવ જેવા છે.

અંશમાં કેવળજ્ઞાનનો ઉપયોગ જોઇએ કે ? આ મતિજ્ઞાનનો ક્ષયોપશમી ઉપયોગ છે, તો પછી ક્ષાયિક ભાવો મતિઆદિ જ્ઞાનના માનવા પડશે. કેવળજ્ઞાનના ચાર ભેદ લઈએ તો દરેકમાં કેવળજ્ઞાનપણું તો જોઈએને ? આ ચારમાં પરસ્પર અભાવ છે. આ ચાર જ્ઞાનો વાસુદેવ પ્રતિવાસુદેવ છે. વાસુદેવનું રાજ્ય હોય ત્યારે પ્રતિવાસુદેવનું ન હોય. મતિજ્ઞાનનો ઉપયોગ હોય ત્યારે શ્રુતનો ઉપયોગ નહિ, અવધિનો હોય ત્યારે મતિશ્રુતનો ન હોય, અવધિ વખતે મનઃપર્યવનો ઉપયોગ ન હોય. સ્વતંત્ર ચારે જુદા છે. કેવળજ્ઞાન સર્વવ્યાપક જુદું છે.

પાંચ પ્રકારના જ્ઞાનો છે. સ્વભાવે જ્ઞાનો છે તો તેને રોકનારા કર્મો પાંચ પ્રકારના છે. મતિજ્ઞાનાવરણી આદિ પાંચ પ્રકારના છે. પાંચ પ્રકારના જ્ઞાન જુદા છે, તો આવરણ પણ પાંચ છે. નહિતર પાંચ પ્રકારના આવરણ હોય જ નહિ. જ્ઞાનને અંગે આવરણ છે, આવરણને લીધે પાંચ જ્ઞાન નથી થયા. સ્વતંત્ર જ્ઞાન પાંચ પ્રકારનું છે. તીર્થંકર મહારાજા, જંબુસ્વામી પણ પાંચ પ્રકારનું જ્ઞાન કહે છે. તીર્થંકર મહારાજા એમ બોલે, અનંતા તીર્થંકરોએ જ્ઞાન પાંચ પ્રકારનું કહેલું છે. જેમ અનંતા તીર્થંકરે કહ્યું તેમ હું કહું છું. કોઈ પણ ચોવીશી કે વીશીમાં જ્ઞાનમાં ફરક નથી પડયો. બીજા તીર્થંકરોએ પાંચ ભેદ કહ્યા.

તમામ તીર્થંકરોની એક સરખી પ્રરૂપણા જણાવવા માટે 'पन्नत्तं' કહેવું પડે. 'मया प्रज्ञप्तम्' કહેતા હું કેવળજ્ઞાનથી લોકાલોકને દેખું છું, તેથી પાંચ પ્રકારનું કહું છું, જ્ઞાનનો છટ્ઠો પ્રકાર જ નથી. કેવળજ્ઞાનથી મેં પદાર્થો જાણ્યા છે. તેથી પાંચ પ્રકારે કહેલું છે. મેં જ્ઞાનના પાંચ પ્રકાર કોઈ પાસે સાંભળ્યા નથી, મને કોઈએ સંભળાવ્યા નથી, કેવલ જ્ઞાનીની પ્રજ્ઞાથી મેં જગતમાં દેખ્યા છે. સર્વ તીર્થંકરની પ્રરુપણા પ્રજ્ઞપ્તિથી જણાવી. જ્યારે સૂત્રની રચના પોતે કરે, તે વખતે आत्मगम સ્વતંત્ર સિદ્ધાંત રચવાના માલિક ગણધર, જે મનુષ્યો તે પદ ન સમજે તેને તે પદો નકામા લાગે, તે પદો ઘણા જ જરૂરી છે. અનંતરાગમપણું, પરંપરાગમપણું જણાવવા માટે છે. આખો હવાલો નાખી દીધો, ફલાણા ખાતે ઉધાર, રોકડા આપવાના નહિ. હવાલો નાખી દીધો.

'समणेण भगवया महावीरेणेवमक्खायं' શ્રમણ ભગવાન મહાવીરે આવી રીતે કહ્યું છે, તેમ હું કહું છું. અનુવાદકપણું પોતાનું માત્ર જણાવે છે. હવે અનંતરાગમ કે પરંપરાગમપણું હતું તે નક્કી જણાવવું છે, માટે त्ति बेमि એમ હું કહું છું. ભગવાને આમ કહ્યું છે માટે હું કહું છું. તીર્થંકર ત્રણ જ પદ બોલે છે. नाणं पंचविहं पन्नतं નથી બોલતા. प्रज्ञप्तम् કોષ્ટ બુદ્ધિના પ્રભાવે તીર્થંકરનું વક્તવ્ય સાંભળી હું ધારી શક્યો. બીજા બુદ્ધિથી કોષ્ટ બુદ્ધિથી મેં મેળવ્યું છે. બુદ્ધિથી પ્રાપ્ત થયેલું લેવું.

જંબુ સ્વામીજીની અપેક્ષાએ, તર્કાનુસારી અપેક્ષાએ બુદ્ધિથી પાંચ પ્રકારનું જ મળે. प्रज्ञया – स्वतंत्रबुध्या पचविहमेव णाण છટ્ઠા પ્રકારનું જ્ઞાન મળવાનું નહિ. જ્ઞાનમાં મતિજ્ઞાન સાંભળીએ છીએ. આભિનિબોધિક જ્ઞાન નવો જ શબ્દ સાંભળીએ છીએ. નવું કેમ કર્યું ? મતિ, શ્રુત અવધિ, મનઃપર્યવ એ ચારેમાં પ્રથમ થવાવાળું સમ્યગ્મતિ લેવું છે, તેથી आभिनिबोधिक માને.

પદાર્થની જેવી દશા હોય તેનો ચોકખો સાચો યથાર્થ બોધ થાય તે આભિનિબોધિક જ્ઞાન.

આ પ્રમાણે નંદીસૂત્રમાં શરૂઆતના સૂત્રમાં મંગળરૂપે પાંચ જ્ઞાનો વિશે ઉદ્યમ કરશે, તેઓ આ ભવ પરભવ કલ્યાણ પામી પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરશે.

# જ્ઞાન પંચમી દેશના

## સૌભાગ્ય પંચમી

ज्ञानं श्रेष्ठगुणो जीवे, मोक्षमार्गप्रवर्तकः ।
भवाब्ध्युतारणे पोतः, शृङ्गारः सिद्धिसद्मनः ॥ १ ॥

**જીવનો ગુણ મુખ્ય જ્ઞાન**

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે જીવના ગુણની મહત્તા વર્ણવતાં જણાવે છે કે જીવનો મુખ્યગુણ જ્ઞાન ગુણ છે जीवो उवओगलक्खणो, उत्त० अ० २८ गा० १०). જીવને માત્ર એકલું જ્ઞાન હોય છે એમ સમજવાનું નથી. દર્શન, ચારિત્ર, સુખ, દુઃખ, આયુષ્ય ધારણ, નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાયવેદન ઇત્યાદિ સઘળા ગુણો જીવને છે. जीवाणमट्ठकम्म पगडीतो चिणिसु वा चिणंति वा चिणिस्संति वा, तं०–णाणावरणिज्जं दरिसणावरणिज्जं वेयणिज्जं मोहणिज्जं आउयं नामं गोत्तं अंतरातितं० १ × वेय० ५ ठा० पृ० ४१६) સુખ, દુઃખ વેદના એ સઘળાં લક્ષણો જીવનાં છે. (एगे पुण्णे, एगे पावे, ठा० पृ० १५, सुहेण य दुहेण य, उत्त० अ० २८ गा० १०). સમ્યક્ત્વ, મિથ્યાત્વ એ લક્ષણો પણ જીવોનાં જ છે. (जीवकिरिया दुविहा पन्नत्ता, तं० सम्मत्तकिरिया चेव, मिच्छत्तकिरिया चेव, ठा० पृ० ३९). આ સઘળાં લક્ષણો અજીવનો આશ્રય કરીને રહેલાં છે એમ કોઈ માનતું નથી, છતાં "ઉપયોગો લક્ષણ" (ત० અ० ૨ સૂ० ૮) એ દૃષ્ટિએ શાસ્ત્રકાર-મહારાજાઓએ જ્ઞાનગુણને જ આત્માનું મુખ્ય લક્ષણ ગણેલું છે.

**જીવના ગુણ અંગે શંકાઓ.**

હવે એ પ્રશ્ન થાય છે કે આત્માના આઠ ગુણ છતાં શાસ્ત્રકાર જ્ઞાનગુણને જ આત્માનું લક્ષણ શા માટે જણાવે છે ? બીજી શંકા એવી પણ થવાનો સંભવ છે કે જો આપણે આત્માના બીજા બધા ગુણો છતાં એકલો જ્ઞાનગુણ જ માનીએ છીએ, તો પછી બીજી બાજુએ બીજા કર્મોને પણ બાજુએ રાખીને આપણે એકલા જ્ઞાનાવરણીકર્મને જ માનીએ અને બીજા કર્મોને ન માનીએ તો શું વાંધો છે ?

જીવનાં જો આઠ કર્મો માનીએ છીએ તો જીવ પણ આઠ સ્વભાવથી યુક્ત છે એવું માનવું પડે; કારણ કે જીવનાં કર્મ અને જીવનાં લક્ષણ એ બેની વચ્ચે આવાર્યઆવરક ભાવ રહેલો છે. વળી જીવનાં જ આઠ લક્ષણ હોય, અર્થાત્ જો જીવ પોતે જ આઠ સ્વભાવોથી યુક્ત

હોય, તો તો જીવ જ્યારે કૈવલ્યપદને પામીને મોક્ષનો અધિકારી થઈ સિદ્ધપદે જાય છે, ત્યાં પણ એની સાથે જીવના સ્વભાવસિદ્ધ આઠ લક્ષણો રહેવાનાં છે. (अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात्। अनन्तं दर्शनं चैव दर्शनावरणक्षयात् ॥१२९॥ शुद्धसम्यक्त्वचारित्रे, क्षायिके मोहनिग्रहात् अनन्ते सुखवीर्ये च वेद्य विघ्न क्षया क्रमात् ॥१३०॥ आयुषः क्षीणभावत्वात्, सिद्धानामक्षया स्थितिः। नामगोत्रक्षयादेवा-मूर्त्तानन्ताऽवगाहना ॥१३१॥गुण० क्र० पृ० ६७).
અને જીવનાં આઠ લક્ષણ છે તો પછી "અષ્ટગુણલક્ષણ જીવ" કહેવાવો જોઈએ, પરંતુ આમ ન થતાં જીવનું લક્ષણ માત્ર જ્ઞાન જ માનવામાં આવ્યું છે, તો મોક્ષમાં માત્ર જ્ઞાન જ સાથે રહે છે? અને બીજા સઘળાનો નાશ થઈ જાય છે શું?

**આઠ કર્મો કેમ કહ્યાં છે?**

વળી કર્મનો જ જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે એવો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય કે શાસ્ત્રકાર મહારાજાઓએ જો આઠ કર્મો કહ્યાં છે તો પછી પ્રતિક્ષણે ઉપયોગી લાગતું એવું અંતરાય કર્મ પહેલું શા માટે કહ્યું નથી? દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય ઈત્યાદિ ચીજો દરેક ક્ષણે પ્રવર્તનારી છે. વળી નામકર્મ પણ જન્મ પહેલાંથી જ છે. આત્મા આયુષ્ય લઈને આવે છે તે પણ આગલા ભવથી લઈને જ આવે છે.

જ્યાં એક ભવ પૂરો થાય છે કે ત્યાં જ બીજા ભવના આયુષ્યનો આરંભ થાય છે, અને તે જ દૃષ્ટિએ જગતનો સઘળો વ્યવહાર ચાલે છે, છતાં આવા કોઈ પણ ગુણને શાસ્ત્રકારોએ આત્માનું લક્ષણ કહી દીધું નથી. આયુષ્ય કે જેના ઉપર દેખીતી રીતે જીવનો મુખ્ય આધાર છે, તેને આત્માનું લક્ષણ કહેવામાં આવ્યું નથી. આયુષ્યને જીવના લક્ષણની કોટીમાં નાંખ્યું નથી, અને માત્ર "ઉપયોગો લક્ષણં" એને અનુસરીને જ્ઞાનગુણને જ આત્માનું લક્ષણ માની લીધું છે એનું કારણ શું હોવું જોઈએ?

**જ્ઞાનાવરણીય કર્મ પહેલું કેમ?**

ઉપરની સઘળી શંકાઓ શાંતપણે વિચારી જોઈએ છીએ ત્યારે તેના કથનમાં શાસ્ત્રકારોનો રહેલો આશય અને તેમની સર્વોત્કૃષ્ટ તત્ત્વદૃષ્ટિની સમજ પડે છે. શાસ્ત્રકારોએ જ્ઞાનવરણી કર્મને સૌથી

પહેલાં કહ્યું છે. તેનો અર્થ એ છે કે જ્ઞાન આત્માનું પ્રધાન લક્ષણ છે, અને જ્ઞાનાવરણી કર્મ એ પ્રધાન ગુણનું જ આવરણ કરતું હોવાથી જ્ઞાનવરણી કર્મની ગણના સૌથી પહેલી કરવામાં આવી છે. જો નામગોત્રાદિ આત્માનો મુખ્ય ગુણ હોત તો તો નામગોત્રાદિ કર્મોને જ પહેલાં કહેવાં પડયાં હોત, પરંતુ નામગોત્રાદિ આત્માનું મુખ્ય લક્ષણ નથી માટે નામગોત્રાદિ કર્મો પણ જ્ઞાનવરણી કર્મને સ્થાને પ્રથમ સ્થાનને પામતાં નથી.

## જ્ઞાનાવરણીય પાંગળું.

જ્ઞાનાવરણી કર્મ સ્વયં તો જો કે પાંગળું છે, તેનો સઘળો આધાર મોહ ઉપર રહેલો છે. મોહનું અસ્તિત્વ હોય છે, ત્યાં સુધી જ્ઞાનાવરણી કર્મનું પણ અસ્તિત્વ હોય છે, અને જ્યાં મોહ નાશ પામે છે, ત્યાં જ્ઞાનાવરણી કર્મને પણ તરત જ વિદાયગીરી લેવી પડે છે. મોહના નાશ સાથે જ્ઞાનાવરણી કર્મનો પણ નાશ થઇ જવા પામે છે. દશમા ગુણ-સ્થાનકને છેડે મોહ બંધ થવા પામે છે. (आरोहति मुनिः सूक्ष्म संपरायं गुणास्पदम् ॥७२॥ गु०) અને જ્યાં દશમા ગુણસ્થાનકને છેડે મોહ બંધ થાય (किंतु स सूक्ष्मलोभांशान् क्षपयन् द्वादशं व्रजेत् ॥ गु०) કે બારમા ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય કર્મને બંધ થવું જ પડે છે अन्त्ये द्विचरमे पंचकं च, दशकं ज्ञानविघ्नयोः । क्षपयित्वा मुनिः क्षीणमोहः स्यात्केवलात्मकः ॥८१॥ गुण०क्र०) તે પછી જ્ઞાનવરણી કર્મ બંધાવા પામતું જ નથી. જ્ઞાનાવરણી કર્મ જ્ઞાનનું આવરણ કરનારૂં છે, અને મોહ એ તેના પગ છે. મોહ જ્યાં હોતો નથી ત્યાં જ્ઞાનાવરણીનું અસ્તિત્વ પણ હોતું નથી, આટલું છતાં શાસ્ત્રકારોએ મોહની કર્મને જ્ઞાનાવરણીય કર્મની પહેલાં મૂકી દીધું નથી. (ઉ૦ ટી પૃ૦ ૬૪૧ લી ૧૭ થી ૨૯).

## જ્ઞાન આગળ મોહ રંક

આપણે આગળ કહી આવ્યા છીએ કે જ્ઞાનાવરણી કર્મ એકલું તો પાંગળું જ છે, તેનો મુખ્ય આધાર મોહની કર્મ ઉપર જ છે. જ્ઞાનાવરણી કર્મને શરીરના મધ્યભાગને સ્થાને રાખીએ અર્થાત્ શરીરના મધ્યભાગ સાથે તેને સરખાવીએ તો મોહની કર્મ પગ સમાન છે. મોહ

ત્યાં સુધી જ ટકી શકે છે કે જ્યાં સુધી જ્ઞાનનો ઉદય થવા પામેલો હોતો નથી. જ્યાં જ્ઞાનનો ઉદય થવા પામે છે, જ્ઞાનની જ્યોતિ નીકળે છે, ત્યાં મોહ અંધકારનો વિનાશ થાય છે. જ્યાં જ્ઞાનની ઝાંખી સરખી પણ થવા પામે છે કે ત્યાંથી મોહ નાશવા માંડે છે, અને જ્યાં મોહનો નાશ થયો કે તે પછી જ્ઞાનાવરણીનો પણ અંત આવે છે.

તેરમે ગુણસ્થાનકે કેવલજ્ઞાન થાય છે, ત્યારે મોહનો અંત દશમે ગુણસ્થાનકે જ આવી જાય છે. જ્ઞાનાવરણીકર્મના આધારભૂત, તેને ટકાવી રાખનાર, તેને સ્થંભાવી રાખનાર મોહની છે; પરંતુ મોહ એટલો બધો બાયલો અને ડરકણ છે અર્થાત્ શક્તિહીન છે કે જ્યાં જ્ઞાનની છાયા પડે છે કે ત્યાંથી મોહ નાશવા માંડે છે. જ્ઞાનની રશ્મિઓ જોયા પછી ઊભા રહેવાની મોહમાં તાકાત રહેવા પામતી નથી. જ્ઞાનાવરણીયકર્મને લાવનાર, તેને સ્થંભાવનાર, તેનું પોષણ કરનાર મોહ છે, પરંતુ જ્ઞાનગુણ આગળ મોહ રંક છે. જ્યાં જ્ઞાનગુણથી શરૂઆત થઈ કે ત્યાં જ મોહ નાશવા માંડે છે, એટલે જ આત્માનો મુખ્ય ગુણ "જ્ઞાન" ગણેલો છે.

**આત્માના ગુણોમાં અન્ય દર્શન અણજાણ.**

હવે આત્માના મુખ્ય ગુણ તરીકે જો આપણે જ્ઞાનને સાબિત કર્યું છે, તો આ સ્થળે જ્ઞાનાવરણીને પણ પ્રથમ સ્થાને બેસાડવું જ પડે છે, કારણ કે આત્માના ગુણ તરીકે આપણે જ્ઞાનગુણ માનીએ છીએ, તે જ્ઞાનગુણને જ્ઞાનાવરણી કર્મ રોકે છે. એટલા જ માટે જ્ઞાનાવરણીય કર્મ પહેલું માનવામાં આવ્યું છે.

જૈનદર્શન અને અન્ય દર્શનોમાં કર્મ સંબંધી એટલો તફાવત છે કે અન્ય દર્શનકારો કર્મ અને કર્મના ભેદો સુધી ગયા જ નથી. જૈનદર્શને તત્ત્વવેત્તાની દૃષ્ટિએ કર્મોનું પૃથક્કરણ કરીને તેના આઠ ભેદો—આઠ સ્વરૂપો છે તેથી કર્મના આઠ ભેદો કહ્યા છે. અન્યદર્શનીઓ કર્મના ભેદો સુધી નથી ગયા તેનું કારણ એ છે કે તેઓએ આત્માના આઠ ગુણો પણ શોધી કાઢ્યા નથી. આત્મા આઠ ગુણથી યુક્ત છે એવું ઊંડું તત્ત્વજ્ઞાન તેમની બુદ્ધિમાં વસી શક્યું નથી. અને આત્માના આઠ ગુણો તેમના સમજવામાં ન આવ્યા હોવાથી તેઓ આઠ કર્મ સુધી ન પહોંચી શકે એ તો તદ્દન સ્વાભાવિક વસ્તુ છે.

**જ્ઞાનાવરણી પહેલું.**

જૈનશાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાનાવરણીય કર્મને મુખ્ય કહ્યું છે, તે જ્ઞાનાવરણીય કર્મની મુખ્યતાએ તેને પ્રથમ કહ્યું નથી. કેટલેક સ્થળે જન્મ પ્રમાણે અનુક્રમ રખાય છે, તો કેટલેક સ્થળે વસ્તુનો ક્ષય કેવી રીતે થાય છે તે પ્રમાણે પણ અનુક્રમ રાખવામાં આવે છે. જ્ઞાનાવરણીય કર્મનું પ્રથમ સ્થાન એમાંની એકેય દૃષ્ટિએ રાખવામાં આવેલું નથી. અનંતાનુબંધી કષાયની (लत्तकोत्तरमोहस्य, प्रशमाय क्षयायवा । गुण० क्र० गा० ३४ ॥) માફક પહેલાં જ્ઞાનાવરણી કર્મ જાય, અને તે પછી દર્શનાવરણીય કર્મ જાય તેમ પણ થવા પામતું નથી તે જ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મ સૌથી પહેલાં બંધાતું પણ નથી, તે જ પ્રમાણે તે સૌથી પહેલાં ક્ષય પણ પામતું જ નથી, તે છતાં તેની ગણના પહેલી કરવામાં આવી છે. તેમાં એ જ વસ્તુ હેતુરૂપે છે કે જ્ઞાન એ આત્માનું લક્ષણ છે, અને તે લક્ષણનો અંતરાય કરનારું જ્ઞાનાવરણી કર્મ છે, એ જ દૃષ્ટિએ જ્ઞાનાવરણી કર્મને સૌથી પહેલું સ્થાન મળ્યું છે. (उ० शां० पृ० ६४१)

**દર્શનાદિ ચેતનને અંગે જ છે.**

જેમ જ્ઞાન એ આત્માનો ગુણ છે, તે જ પ્રમાણે દર્શન એ પણ આત્માનો ગુણ છે, પણ દર્શન એ આત્માના ચેતના ગુણને અંગે જ રહેલો ગુણ છે. જે શરીરમાં ચૈતન્ય નથી, જે શરીર ચેતનાથી રહિત બનેલું છે તેવા શરીરની આંખો કાંઈ પણ જોઈ શકવાની નથી. વળી સુખનો આનંદ, દુઃખનો શોક એ સઘળું જેને ચેતના છે તેને જ હોય છે. ચેતના રહિત શબને તમે મિઠાઈ આપશો તો પણ તેથી તેને આનંદની પ્રાપ્તિ થતી નથી, કિંવા તમે શબને માર મારશો તો પણ તેથી તેને દુઃખ થવાનું નથી.

સાચી કિંવા ખોટી શ્રદ્ધા હોવી, આયુષ્યનો ઉદય, નામકર્મના ઉદયથી શરીર બાંધવું, ગોત્રમાં ઊંચા નીચાનો વ્યપદેશ અને દાનાદિનો અંતરાય એ સઘળું ચેતનાને અનુસરીને જ છે. જે આત્મામાં અર્થાત્ કે જે શરીરમાં ચેતના નથી, તે શરીરને આ સઘળા સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ હોઈ શકતો જ નથી. અર્થાત્ આત્માના દર્શન, ચેતનાદિ બીજા અનેક ગુણો છે, પરંતુ તે જ્ઞાનગુણની અપેક્ષાએ

ગૌણ છે. જ્ઞાનગુણની આવી મહત્તા હોવાથી જ શાસ્ત્રકારોએ જ્ઞાન એને જ આત્માનું લક્ષણ કહ્યું છે. આ વસ્તુ વધારે સમજવાને માટે ઉદાહરણ લઈ, તે દ્વારા વિસ્તારપૂર્વક સમજવાનો પ્રયત્ન કરીએ.

**સોનાનો મુખ્ય ગુણ—કસ.**

ઉદાહરણ તરીકે સોનાનું દૃષ્ટાંત લો ! સોનામાં જડત્વ છે, અગ્નિમાં નાંખીએ તો તે બળી જતું નથી. તેમાં પીળાશ રહેલી છે. આટલું છતાં આ સઘળા ગુણો તે સોનાના લક્ષણ કહેવાતા નથી, પરંતુ કસ એ જ એક સોનાનો ગુણ અથવા લક્ષણ કહેવાય છે. સોનામાં જેવા ગુણો રહેલા છે, તેવા જ ગુણો બીજી ધાતુઓમાં પણ રહેલા છે. જડત્વ, ન બળવાપણું, પીત્તવર્ણ, ઈત્યાદિ ગુણો જેમ સોનામાં છે તે જ પ્રમાણે તે ગુણો બીજી ધાતુઓમાં પણ છે. પરંતુ બીજી ધાતુઓમાં ન હોય એવો એક ગુણ સોનામાં રહેલો છે. પરંતુ સોનાના ગુણ તરીકે એક માત્ર કસ જ ગુણ ગણાવવામાં આવે છે. કસમાં આવે છે તે જ સોનું કહેવાય છે બીજા સઘળા ગુણો પણ સોનાના લક્ષણ ગણાય છે, પરંતુ મુખ્ય લક્ષણ તો માત્ર સોનાનું કસ જ છે. સોનાની જ્યારે કિંમત આંકવાની હોય ત્યારે તે કિંમત વજનને આધારે આંકવામાં આવતી નથી, પરંતુ તેની કિંમત કસ ઉપર જ થાય છે, એ માટે જ કસ એ જ સોનાનું મુખ્ય લક્ષણ ગણાય છે.

**જીવનો મુખ્ય ગુણ : ચેતના.**

જેમ સોનાનો મુખ્ય ગુણ કસ છે, તે જ પ્રમાણે આત્માનો મુખ્ય ગુણ ચેતના છે. કસની સાથે સોનાના જે બીજા ગુણો છે તે સઘળાં ઉપલક્ષણો છે, તે જ પ્રમાણે આત્માના ચેતના સિવાયના જે ગુણો છે તે ચેતનાની સાથે રહેલા હોઈ તે સઘળાં ઉપલક્ષણો સમાન છે.

**પૌદ્‌ગલિક ઉન્માદ દેખાડનાર–પ્રભુ શાસન.**

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જીવનું મુખ્ય લક્ષણ ચેતના છે. જેમ કસ વિનાનું સોનું હોઈ શકતું નથી, તે જ પ્રમાણે ચેતના વિનાનો કોઈપણ જીવ હોઈ શકતો નથી. પરંતુ જીવ પોતાના એ મહાન ગુણને ઓળખી શકતો નથી. પોતાનો ચેતના ગુણ છોડીને તે જડતા તરફ ખસી જાય છે, માટે જ તે જીવને પોતાના ચેતના ગુણનું સંસ્મરણ કરાવવાને માટે જ નિરંતર ધર્મોપદેશની જરૂર છે, અને એ ધર્મોપદેશ માત્ર શ્રીજિનેશ્વરદેવનું શાસન જ પૂરું પાડે છે. ચક્રવર્તિની રિદ્ધિ

પામેલો, રિદ્ધિ કબજે કરવાની જગ્યાએ બેભાન બનેલા ચક્રવર્ત્તિના છોકરાને મૂળાનું અને પોતાની રિદ્ધિનું ભાન હોતું નથી, અને મૂળાના કાંદામાં મ્હાલી રહ્યો છે, તેમ આત્મા પોતાના ચેતના ગુણને ઓળખી શકાતો નથી, કારણ કે મિથ્યાત્વાદિ ગાંડપણના થરો તેની ઉપર બાઝેલાં છે. (अनाद्यव्यक्तमिथ्यात्व, जीवेऽस्त्येव सदा परम् । व्यक्तमिथ्यात्वधीप्राप्ति गुणस्थानतयोच्यते ॥ ७ ॥ गु०) આ મિથ્યાત્વ, આ મહાભયાનક ઉન્માદ, આ ગાંડપણ જીવાત્મા પોતે ખસેડી શકતો નથી. मद्यमोहाद्यथा जीवो, न जानाति हिताहितम् । धर्माधर्मौ न जानाति, तथा मिथ्यात्वमोहितः ॥८॥ गु०) તે આ ઉન્માદને ખસેડવાની સ્થિતિમાં ત્યારે જ આવે છે કે જ્યારે તે શ્રીજિનેશ્વર ભગવાનના દર્શનરૂપી પ્રતાપી ઔષધાલયમાં દાખલ થાય છે. આ આખા જગતમાં શ્રીજિનેશ્વર ભગવાનનું એક જ એવું ઔષધાલય છે કે જેમાં દાખલ થયા પછી દાખલ થનારને પોતાનામાં ઉન્માદ રહેલો છે એની ખબર પડે છે, અને તત્પશ્ચાત્ તે પોતાના ગાંડપણને છોડવાને રસ્તે જ વળે છે. (सुत्रैचव्रचना०, ॥ १ ॥ अ० हा श्लो० ७ ॥)

**ઉપદેશની જરૂર.**

ચક્રવર્ત્તિ મહારાજા હોય, પોતાની પાસે અખંડ રિદ્ધિ સિદ્ધિ ભરેલી હોય, અને ઇંદ્રના જેવો વૈભવ હોય, તો પણ ઉન્માદથી જો એ ચક્રવર્ત્તિ મહારાજા પણ બેભાન બનેલો હોય તો તેને તેની સંપત્તિનો ખ્યાલ આવી શકતો જ નથી, તે જ પ્રમાણે આત્મા પણ મિથ્યાત્વાદિ ઉન્માદને વશ બનેલો હોવાથી ચેતના રૂપ પોતાની અપાર સમૃદ્ધિને તે ઓળખી શકતો નથી. આત્માનો જે અવ્યાબાધ કૈવલ્ય ગુણ છે, તે ગુણ મોહરૂપી તંદ્રાથી ઘેરાએલો આત્મા ઓળખી શકતો નથી, માટે જ એ આત્માની તંદ્રા ટાળવા અને તેના ચેતના ગુણનું ભાન કરાવવા જ તેને સતત ઉપદેશ આપવાની જરૂર રહે છે.

**દેવ, ગુરુ અને ધર્મની મહત્તા.**

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં દેવ, ગુરુ અને ધર્મની પ્રાપ્તિ થાય છે (या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः । धर्म्मे च धर्म्मधीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते ॥ २ ॥ यो० शा० प्र० २). તે એક મહત્તા છે, પરંતુ દેવ ગુરુ અને ધર્મમાં મહત્તા છે તે શાને અંગે રહેલી છે તે

વિચારવાનું છે. દેવની મહત્તા તે દેવ છે એટલા જ માટે માની લીધી નથી, તે જ પ્રમાણે ગુરુ અને ધર્મની મહત્તા પણ તે ગુરુ અને ધર્મ છે તેને અંગે જ રહેલી નથી; પરંતુ તે સઘળાની મહત્તા માત્ર એટલાને જ અંગે છે કે તેઓ આત્માને તેના ભૂલી જવાએલા કૈવલ્યગુણની યાદ આપે છે, અને તે ગુણના સંસ્કારો તેનામાં જાગૃત કરવાનું કાર્ય કરે છે, આને જ અંગે ગુરુ અને ધર્મની મહત્તા કહેલી છે.

**તીર્થંકર દેવોની મહત્તા શાથી ?**

કૈવલ્યરૂપી જે મહાન્ રિદ્ધિ આત્માએ વિસારી દીધી છે, જેને આત્મા ભૂલી ગયો છે તે રિદ્ધિને તીર્થંકર ભગવાનોએ શોધી કાઢી છે, અને તેમણે દર્શાવી આપ્યું છે કે આ જ આત્માની સાચી સમૃદ્ધિ છે. તીર્થંકરદેવોની આ જ મહાન્ શોધને અંગે તેમનું મહત્ત્વ રહેલું છે. એ મહાપુરુષોએ એ આત્માની અખંડ રિદ્ધિ દર્શાવી છે, અને એ અખંડ રિદ્ધિ તેમના આલંબન દ્વારા જ મેળવી શકાય છે, એ જ દષ્ટિએ શ્રી તીર્થંકરદેવોની મહત્તા છે. (सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः। यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वरः ॥४॥ यो० शा० प्र० २)

**આત્માને સાચા રૂપે દોરવાનાં સાધન**

તીર્થંકરદેવોએ તો આત્માની અખંડ રિદ્ધિ બતાવી છે. પરંતુ તેને પ્રાપ્ત કરવા માટેનો જે ધોરી રસ્તો છે, તે ધર્મ છે. ધર્મનું પણ મૂલ્ય એ જ દષ્ટિએ છે કે તે આત્માનું કૈવલ્યપણું મેળવી આપે છે. આત્માનું કૈવલ્યપણું, જેનો પ્રકાશ શ્રીતીર્થંકરદેવોથી થાય છે, તે કેવળપણાની પ્રાપ્તિ ધર્મદ્વારાએ થાય છે, માટે જ અહીં ધર્મની મહત્તા ગણવામાં આવી છે (दुर्गतिप्रपतत्प्राणिधारणाद्धर्म उच्यते । संयमादिर्दशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥९॥ यो० शा० प्र० २). શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મને મુકાબલે મહત્તા રહેલી છે. એ સઘળી મહત્તા કૈવલ્યપણાને અંગે છે. જો કૈવલ્યપણાનું ધ્યેય જ ન હોય તો પછી શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ હોય તોયે શું ? અને અશુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ હોય તોયે શું ? અને દેવ, ગુરુ અને ધર્મની સમૂળ હસ્તિ જ ન માનવામાં આવતી હોય તો પણ શું ? કૈવલ્ય પ્રાપ્તિનો મહાન્ ઉદ્દેશ જ જો કાઢી

નાંખીએ, તો તો શુદ્ધ દેવાદિક કરતાં અશુદ્ધ દેવાદિક જ વધારે સારા ઠરે છે કે જેઓ આત્માને મળતા લૌકિક સુખો તેને ભોગવવા દે છે ! તીર્થંકરદેવો અને સુગુરુઓ આત્માને તેના લૌકિક સુખમાંથી ખસેડી નાંખે છે, અને ગુરુઓ તે પ્રકારનો બોધ આપે છે, (महाव्रत धरा धीरा भैक्षमात्रोपजीविनः । सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥८॥ यो० प्र० २) અને તીર્થંકર ભગવાનો તે પ્રકારનું આલંબન પૂરું પાડે છે; છતાં એ લૌકિક સુખમાંથી ખસેડી નાખનારા તત્ત્વોની પણ આપણે મહત્તા માનીએ છીએ તેનું એક જ કારણ છે કે તે સઘળાં આત્માને તેના સાચા સ્વરૂપ પરત્વે દોરી જવામાં કારણભૂત છે.

**હિતબુદ્ધિથી તીર્થંકરનું કથન**

કૈવલ્યપણારૂપી આત્માના એ મહાપવિત્ર અને સાચા ગુણને જ જો છોડી દઈએ તો તો પછી આત્માના લૌકિક સુખો છોડાવી દેવા તેનો કશો અર્થ જ રહેતો નથી. તીર્થંકર ભગવાનો, સુગુરુ અને અને સુધર્મ આત્માના લૌકિક સુખો છોડાવી દે છે, છતાં આપણે તેમના પરત્વે પ્રીતિ રાખીએ છીએ. તેનું કારણ એ છે કે તેમણે જે કાંઈ કહેલું છે તે સઘળું આપણા આત્માની હિતબુદ્ધિએ જ કહેલું છે, (केवलमधिगम्य विभुः स्वयमेव ज्ञानदर्शनमनन्तम् । लोकहिताय कृतार्थोऽपिदेशयामास तीर्थमिदम् ॥१८॥ तत्त्वा० का०) ॥ એમ આપણે માનીએ છીએ.

**ચંદ્રગુપ્ત અને ચાણક્યનું દષ્ટાંત.**

ચાણક્ય અને ચંદ્રગુપ્ત એ હિંદુસ્તાનના ઇતિહાસના જાણીતા વજીર અને રાજા હતા. ચંદ્રગુપ્ત એક દાસીનો પુત્ર હતો, અને ચાણક્ય તેનો પ્રધાન હતો. ચાણક્યે ચંદ્રગુપ્તને રાજગાદી અપાવવા અપાર મહેનત કરી હતી, અને છેવટે તેમાં સફળતા મેળવીને ચાણક્યે ચંદ્રગુપ્તને ગાદી અપાવી હતી. એક વાર ચાણક્ય અને ચંદ્રગુપ્ત એક સરોવરને તીરે પાટલીપુત્રને પાદરે ઊભા હતા, તેવામાં મહારાજા નંદનો એક સરદાર ઘોડા ઉપર બેસીને ચંદ્રગુપ્તને પકડી લઇ જવાને ઈરાદે ત્યાં આવી પહોંચ્યો. ચાણક્યે ચંદ્રગુપ્તને તળાવમાં ખોસી દીધો, છતાં પણ ચંદ્રગુપ્ત ચાણક્યને પોતાનો સર્વોત્તમ સંરક્ષક સમજતો હતો.

કારણ કે તેને ચાણક્યમાં જ દઢ ભરોસો હતો. અને તે જ પોતાનો તારણહાર છે એવું તે સમજતો હતો.

**દઢ શ્રદ્ધા રાખવી જ જોઈએ.**

જીવ આત્માએ પણ આવી જ દઢ શ્રદ્ધા રાખવી જરૂરી છે. તેણે પણ ચુસ્તપણે એવી શ્રદ્ધા રાખવાની જરૂર છે કે તીર્થંકરદેવો પોતાનાં વર્તમાન સુખો છોડાવે છે, અને દેખીતી રીતે પોતાને દુઃખમાં નાંખે છે, પરંતુ એકાંતે આત્માનું હિત કરનારા જો કોઈપણ હોય તો તે દેવ, ગુરુ અને ધર્મ એ જ ત્રણ તત્ત્વો છે. આત્મામાં જ્યારે આવી દઢ શ્રદ્ધા થાય છે, ત્યારે જ શુદ્ધ દેવને દેવ તરીકે સ્વીકાર્યા પ્રમાણ છે, તે સિવાય શુદ્ધ દેવને માનો કિંવા અશુદ્ધ દેવને માનો તેનો કશો અર્થ જ નથી !

દેવ, ગુરુ અને ધર્મ આત્માનો અમર ખજાનો, કે જે ખોવાએલો છે અર્થાત્ કે જેને આપણે ભૂલી ગયા છીએ તેને તેઓ કૈવલ્યરત્નને પાછો મેળવી આપે છે એ તેમની મહત્તા છે. જેણે જૈનદર્શન સ્વીકાર્યું છે તે આત્મા જો આ કૈવલ્યરત્નને સ્વીકારે છે, તો જ તેનું એ દર્શન સ્વીકારેલું પ્રમાણ છે. જેણે કૈવલ્ય જ કબૂલ્યું નથી, જેણે આત્માના એ અમોઘ ખજાનાને જ ઓળખ્યો નથી, તેવા આત્માઓએ દર્શનનો સ્વીકાર કર્યો હોય–દર્શન માન્યું હોય–અર્થાત્ કે જૈન ધર્મ પાળતા હોય તો તેનો કાંઈ અર્થ જ નથી, અને તેમણે જીવનો સ્વભાવ અથવા જીવનું લક્ષણ પણ જાણ્યું જ નથી.

જૈનધર્મની બીજા દર્શનોને મુકાબલે શાસ્ત્રોમાં સ્થળે સ્થળે મહત્તા ગાવામાં આવી છે. જૈનશાસ્ત્રની સ્થળે સ્થળે પ્રશંસા કરવામાં આવી છે, અને મુક્ત કંઠે જૈનત્વનાં કીર્તિગાન ગાવામાં આવ્યા છે. (इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुण्णं नेआउयं संसुद्धं सल्लगत्तणं सिद्धिमग्गं०, आव० सू० २२). તે સઘળું એ જ વસ્તુને અંગે છે કે જૈન શાસન આત્માનું ખોવાએલું કૈવલ્યરૂપી ધન તેને દર્શાવે છે, તે તેને મેળવી લેવાની પ્રેરણા કરે છે, અને એ કાર્યમાં આ શાસન આત્માને અપૂર્વ અવલંબન પૂરું પાડે છે.

**ધારણા વિના ધર્મની પ્રવૃત્તિ નકામી છે.**

ધર્મને નામે આપણે જે કાંઇ પ્રવૃત્તિ કરીએ છીએ તેમાં કાંઈક ચોક્કસપણે ધારણા હોવી જોઈએ, જો એવી કંઇ ધારણા ન હોય તો આપણી પ્રવૃત્તિ કન્યા શોધી રાખ્યા વિના વરઘોડો કાઢવા જેવી જ લેખાવા પામે ! જીવ સમ્યક્ત્વ પામે છે તે પછી નવકારમંત્ર ભણીએ તો તે કાર્યમાં પણ મુક્તિની ધારણા હોવી જોઇએ. (इत्थ य पओअणमिणं कम्मखओ० आव० नि० १०२२) અને એવી ધારણા હોય તો જ ક્રિયાઓ કરેલી પ્રમાણ છે. જૈનદર્શનને પામીએ પણ તે પામ્યા પછી આત્માનો ગુણ કૈવલ્ય ન જોઇએ તો આપણે ધારણા કઈ રાખી શકવાના હતા વારૂ ? કૈવલ્યજ્ઞાનને ન જોઈએ તો ધારણા કયી થાય ? ધારણા થાય જ નહિ.

આત્માના કૈવલ્યગુણના ઉત્પાદક તરીકે તીર્થંકર ભગવાનોને ન માનીએ તો પૌરાણિકોએ વિનાયક બનાવતાં વાંદરો બનાવી દીધો છે. 'विनायक प्रकुर्वाणो रचयामास वानरः' તેવી જ દશા આપણી પણ થાય ! પૌરાણિકોએ પોતાના અધિષ્ઠાના દેવને તૈયાર કર્યો, માણસમાંથી ઉપજાવી કાઢયો, પરંતુ તેમને સૂંઢ બનાવી. તે સૂંઢ આગળ ન લગાડતાં પાછળ લગાવી દીધી. આથી દેવને સ્થાને પશુ બનાવી દીધો. આવી રીતે જો કોઇ પણ જાતની ધારણા વિના કાંઇ પણ કાર્ય કરવા નીકળીએ તો તેનું પરિણામ એવું વિપરીત જ આવે. ધર્મ જે ઇચ્છીએ તે આપે છે, પરંતુ ધર્મ પાળતી વખતે તેના પરિણામે શું મેળવવાનું છે તેની કાંઇક પણ કલ્પના હોય તો અવશ્ય હોવી જ જોઈ એ, અને એવી કાંઈ પણ કલ્પના હોય તો જ તે કલ્પનાની આશાએ કરેલી ક્રિયા સફળ છે.

**કલ્પવૃક્ષ પણ માગવાથી જ આપે.**

ધારો કે તમારી સામે કોઈએ ચમત્કાર ઘડયો અને એક સુંદર કલ્પવૃક્ષની તમારી આગળ ઉત્પત્તિ થઈ ચૂકી. આ કલ્પવૃક્ષમાં તમે જે કાંઈ માંગો તે આપવાની શક્તિ રહેલી છે. ('कप्परुक्ख'त्ति उक्तव्यतिरिक्तसामान्यकल्पितफलदायिकत्वेन कल्पना कल्पास्तत्प्रधाना वृक्षाः कल्पवृक्षा इति । टा० पृ० ३९९) પરંતુ એ શક્તિનો ઉપયોગ તમોને તો ત્યારે જ થવા પામશે કે તમે જ્યારે તેની પાસે કોઇપણ વસ્તુની યાચના

કરો અગર તમે કાંઈપણ વસ્તુની યાચના જ ન કરો તો તમારી સન્મુખ એ કલ્પવૃક્ષની જે ઉત્પત્તિ થઈ છે, તે પણ તમારે હિસાબે તો વૃથા જ છે ! કલ્પવૃક્ષની પાસે રત્ન ન માંગતા તમે કોલસા માગશો તો તે તમોને કોલસા જ આપશે, અર્થાત્ તમો શું માંગો છો તે તમારી ક્રિયાના આરંભની સાથે જ તમારા ખ્યાલમાં હોવાની અતિશય જરૂરિયાત છે.

તમારૂં ધ્યેય.

ધાર્મિક ક્રિયાઓ ઉત્તમ છે અને તે અખંડ સુખને આપનારી છે (दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद्धारयते ततः। धत्ते चैतान् शुभे स्थाने तस्माद्धर्म इति स्मृतः ॥ १ ॥ यो० शा० पृ० ६२) પરંતુ તમારી જો કાંઈપણ માગણી જ ન હોય તો ક્રિયાઓ દ્વારા પણ તમે કશું જ મેળવી શકવાના નથી એની ખાતરી રાખજો. તમે જ્યાં સુધી 'આત્મા કૈવલ્ય સ્વરૂપ છે,' (अत एवाह–अनन्तज्ञानोऽनन्तदर्शनः ज्ञेयानन्तत्वात्, पंचसू० पृ० २४) એવી ધારણા જ ન કરો ત્યાં સુધી તમારી બધી મહેનત વૃથા છે. તમારા આત્મામાં પહેલી ચોક્કસ ધારણા હોવી જ જોઈએ. આત્મા કૈવલ્ય સ્વરૂપ છે એ તમારા ધ્યાનમાં હોવું જ જોઇએ. જ્યારે એ વાત તમારા ધ્યાનમાં આવશે ત્યારે જ તમે કૈવલ્ય પ્રાપ્તિની ધારણા રાખતા થશો ત્યારે જ કૈવલ્ય સ્વરૂપને પામી શકશો; અન્યથા કૈવલ્ય સ્વરૂપને તમે મેળવી શકવાના નથી.

ઉદ્દેશ વગરની ક્રિયા લૂંટારા જેવી.

કોઈપણ પ્રકારની ધારણા રાખ્યા વિના જ જો તમે કાંઇ પણ મેળવવાની ઈચ્છા રાખતા હો તો તમારી એ ઇચ્છા કેવળ લૂંટવાની વાત જેવી છે. લૂંટારાઓને વેપારની કોઈ ધારણા કે યોજના કરવી પડતી નથી. પોતાને શું ઉપયોગી છે અને પોતે શું મેળવવાનું છે તે કશું તે વિચારતો નથી, પરંતુ બહાર નીકળ્યો અને જે કાંઈ હાથમાં આવે છે તે તે ઝડપી લે છે. કોઇપણ પ્રકારની કલ્પના અથવા ધારણા રાખ્યા વિના ધર્મ ક્રિયાઓ કરીને લાભ મેળવવાની મનોવૃત્તિ સેવનારો પણ લૂંટારા જેવો જ છે, તેથી તે તેવો લાભ મેળવી શકતો નથી.

**જૈન શાસનની મહત્તા કયી ?**

જ્યાં સુધી તમે આત્માના કૈવલ્ય સ્વરૂપને અંતરમાં ધારણ કરતા નથી ત્યાં સુધી તમારી સ્થિતિ કયાંકથી ઉપાડી લેવાની ઇચ્છા સેવનારા લૂંટારા જેવી જ છે. તમોને જયારે એવી ધારણા થાય કે મારો આત્મા એ તો કૈવલ્ય સ્વરૂપ છે, ત્યારે જ તમે લૂંટારાની કક્ષામાંથી બહાર આવેલા ગણાવા પામો છો.

આત્માને તેના કૈવલ્ય સ્વરૂપની ધારણા કોણ કરાવે છે તેનો વિચાર કરો. જગતમાં એવું એક પણ શાસન નથી, એવો એક પણ સંપ્રદાય નથી કે જે આત્માને તેના કૈવલ્ય સ્વરૂપની ધારણા કરાવી શકે. ત્રિલોકમાં માત્ર જૈન શાસન એ એક જ એવું શાસન છે કે જે આત્માને તેના કૈવલ્યપણાની ધારણા કરાવી શકે છે. અને જૈન શાસનમાં આવી દિવ્ય શક્તિ રહેલી છે તેથી જ જૈન શાસન પ્રશંસાને યોગ્ય છે; અન્યથા નહિ. પરંતુ જૈનો જિનશાસનને જ શા માટે વખાણે છે તેનો આપણે અન્ય દર્શનીઓને સંતોષકારક ખુલાસો આપે જ છૂટકો છે. જો તેવો ખુલાસો આપણે ન આપી શકીએ તો જૈન શાસનની મહત્તા તેમના ખ્યાલમાં આવી શકવાની નથી. ખૂદ જૈનોએ પણ એ મહત્તા જાણવી જ રહી. જો જૈનો પણ એ મહત્તા ન જાણે તો એનો અર્થ એટલો જ કે મોટી મોટી વાતો કરવા છતાં આપણે આપણા ઘરને જ જાણતા–પીછાણતા નથી.

**જૈન શાસન એ દેખતાનો માર્ગ છે.**

પીરને ખોજા વખાણે છે. ખોજા સિવાય પીરને બીજું કોઈ વખાણતું નથી, માતા ડાકણ હોય તો પણ છોકરાઓ તો માતાને અન્નપૂર્ણા જેવી જ માને છે. શિવને શૈવો માને છે. વિષ્ણુને વૈષ્ણવો ભજે છે, બુદ્ધને બૌદ્ધો ભજે છે; એ જ રીતે પરમ પ્રતાપી શ્રીજિનેશ્વર ભગવાનને જો આપણે ભજતા રહીએ તો પછી બીજાની અને આપણી માન્યતામાં ફેર પણ શો ?

ત્યારે હવે વિચાર કરો કે અન્ય દર્શનીઓ પોત પોતાના ઇષ્ટદેવને વખાણે છે તેમાં અને જૈનો પોતાના તીર્થંકરદેવોને વખાણે છે તેમાં કશો તફાવત રહેલો છે કે નહિ ? ઉપદેશકને તે ઉપદેશક છે એટલા જ માટે જેઓ મહત્તા આપે છે તેઓ સાચા તત્ત્વ પરીક્ષકો

નથી. ઉપદેશકની મહત્તાનો વિચાર કરતાં પહેલાં એ વાત જાણવી જરૂરી છે કે ઉપદેશક પોતે જે કાંઈ કહેવા માગે છે, તે તેણે પોતે બરાબર પીછાણેલું અને અનુભવેલું છે કે નહિ ?

જે ઉપદેશક કોઈપણ તત્ત્વને પોતે પહેલાં જાણે છે, પછી તેને વર્તનમાં મૂકે છે અને તત્પશ્ચાત્ તેનો ઉપદેશ કરે છે, તે જ ઉપદેશક મહત્તાની પ્રાપ્તિને માટે યોગ્ય છે, અને તેવા ઉપદેશકના મુખમાંથી જે કાંઈ શબ્દો નીકળે છે–તે જે કોઈ માર્ગ દર્શાવે છે; તે માર્ગ અને તેનો તે ઉપદેશ આધારભૂત તથા વિશ્વાસપાત્ર ગણાય છે.

ત્યારે હવે વિચાર કરો કે કેવલજ્ઞાનનો ઉપદેશ કોનો આધારભૂત ગણી શકાય ? શું કોઈ પણ માણસ ગમે ત્યાંથી આવીને તમોને ગમે તે ઉપદેશ આપવા મંડી જશે તો તે ઉપદેશ પ્રમાણે વર્તન કરવાને તમે કદી પણ તૈયાર થશો ખરા ? નહિ. ત્યારે એ જ સ્થિતિ અહીં પણ સમજવાની છે.

**આંધાની લાકડીનો માર્ગ.**

જેણે પોતે કેવળજ્ઞાન મેળવ્યું છે, જે પોતે યથાસ્થિત રીતે કેવળજ્ઞાનને જાણે છે, તે જ વ્યક્તિ કેવળજ્ઞાનનો ઉપદેશ આપી શકે છે. જેણે કેવળજ્ઞાનને જાણ્યું નથી, કેવળજ્ઞાનનો જેણે સ્વાત્માનુભવ લીધો નથી, તેનો કેવળજ્ઞાનનો ઉપદેશ કાંઈ પણ અર્થ સાધી શકતો નથી. કેવળજ્ઞાનના અનુભવપૂર્વકના જ્ઞાનની અહીં જરૂર છે. ( केवलणाणित्ति अहं अरहा सामाइयं परिकहेई । तेसिंपि पच्चओ खलु सव्वण्णू तो निसामिंति ॥ १ ॥ आव० नि० गा० ७५० ). જો કેવળજ્ઞાનનું અનુભવપૂર્વકનું જ્ઞાન ન હોય તો તેવાને મોઢે કેવળજ્ઞાનનો ઉપદેશ સાંભળવો નકામો છે. અહીં અનુભવપૂર્વકના જ્ઞાનની મહત્તાનો સ્વીકાર કેમ કરવામાં આવ્યો તેનો વિચાર કરજો. અનુભવપૂર્વકનું જ્ઞાન એ દેખતાનો માર્ગ છે, જ્યારે અનુભવ વિનાનું જ્ઞાન તે આંધળાનો માર્ગ છે.

પોતે જે માર્ગને દેખે છે એ માર્ગને પોતે અનુભવે છે, પછી એ માર્ગ જગતને દર્શાવે છે, અને પોતે એ માર્ગે ચાલે છે. તેને આપણે દેખતાનો માર્ગ કહી શકીએ. તીર્થોની જેમનાથી શોભા છે એવા ગણધર ભગવાનો અને દશપૂર્વી આદિ સઘળાઓ આ દૃષ્ટિએ

અંધાના માર્ગવાળા જ ગણી શકાય છે. ગણધર ભગવાનોને માટે આવા શબ્દો વાપરવા એથી તેમની આશાતના થાય છે, અથવા તેમની મહત્તા ઘટાડવામાં આવે છે, એવું સમજવાનું નથી. પરંતુ આ કથન માત્ર કેવળજ્ઞાનની અપેક્ષાએ જ છે. ગણધર ભગવાનો, દશપૂર્વીઓ વગેરે સઘળા કેવળજ્ઞાનની અપેક્ષાએ અંધાની લાકડીએ ચાલનારા જ છે. જ્ઞાન એક અવ્યક્ત ચીજ છે.

કેવળી ભગવાનો આંધળાની લાકડીએ ચાલનારા નથી. તેઓ સ્વયં માર્ગને દેખીને ચાલનારા છે. તેઓ પ્રથમ પોતે કેવળજ્ઞાન પામે છે, આત્માના કેવળજ્ઞાનનું સ્વરૂપ ઓળખે છે, અને સઘળા આત્મામાં પોતે કેવળજ્ઞાનનો સ્વભાવ દેખે છે. આ રીતે કેવળી ભગવાનો પોતે સ્વયં કેવળજ્ઞાનને અનુભવતા હોવાથી તેમનો માર્ગએ અંધાની લાકડીનો માર્ગ કહેવાતો નથી, પરંતુ તેમનો માર્ગ એ સ્વયં દેખીને પછી તે રસ્તે જવાનો માર્ગ છે.

પારકાને થએલું જ્ઞાન જાણવું એ સાધારણ વાત છે એમ સમજવાનું નથી. જગતના સામાન્ય જ્ઞાનનો પણ અમુક વ્યક્તિમાં કેટલો સંચય છે તે બીજા માણસો જાણી શકતા નથી. અમુક માણસમાં સાધારણ લૌકિક જ્ઞાન કેટલું છે તે બીજો માણસ પોતાના સ્વભાવથી જાણી શકતો નથી. સામાની વાણી, વર્તન અને વિચાર એ ત્રણ દ્વારા તેનું જ્ઞાન જાણી શકાય છે અને એ જ રીતે આપણે સામાના જ્ઞાનને પારખી શકીએ છીએ. સામાના જ્ઞાનને સ્વભાવથી જ પારખી લેવાની આ જગતના આજના ગમે તેવા ભણેલા ગણેલા મનુષ્યમાં પણ શક્તિ નથી.

અહીં પ્રભુના દશ શ્રાવકોમાંના એક શ્રાવક આનંદને યાદ કરો. આનંદને જ્યારે અવધિજ્ઞાન થયું હતું, ત્યારે તેણે ભગવાન્ શ્રીગૌતમસ્વામીને કહ્યું, "હે ભગવન્! હું પ્રથમ દેવલોક દેખી રહ્યો છું!" આનંદ પહેલો દેવલોક દેખી રહ્યો છે એ વાતને ભગવાન્ શ્રીગૌતમસ્વામીએ માન્ય રાખી ન હતી, કારણ અવધિજ્ઞાન અરૂપી હોવાથી તેનો સ્વયં નિર્ણય કરી શકતા નથી. તેઓએ એ વસ્તુ પરત્વે હા ના કરી હતી, અને તેઓ તીર્થંકર ભગવાનને એ બાબત પૂછવા ગયા હતા. ભગવાન્ શ્રીમહાવીર દેવે ગૌતમસ્વામીને 'मिच्छा मि दुक्कडं' દેવાનું કહીને (गोयमा ! तुमं चेव णं तस्स ठाणस्स आलोएहि जाव पडिवज्जाहि,

आणंदं च समणोवासयं पयमट्ठं खामेहि। (उपा० पृ० १८) આનંદને અવધિજ્ઞાન થયું હોવાની સત્યતાને પોતાની અનુમતિથી જાહેર કરી હતી, ત્યારે જ ગૌતમસ્વામી પણ આનંદને અવધિજ્ઞાન આટલું થયું છે એ સત્ય જાણી શક્યા હતા.

સર્વજ્ઞ કોણ હોઈ શકે ?

ભગવાન્ શ્રીગૌતમસ્વામી જૈનશાસનના એક ઝળકતા જવાહિર સમા છે, રત્ન છે, સંપૂર્ણ શ્રુતકેવળી છે, છતાં આનંદને થએલા અવધિજ્ઞાનને આ મહાત્મા પણ પારખી શક્યા ન હતા. જ્ઞાન એ કોઈ દૃશ્ય થાય એવી વસ્તુ નથી, તે અરૂપી ચીજ છે. (यतो ज्ञानममूर्तं चिह्नं सर्वेन्द्रियगोचरातीतत्वाद्धिम्मर्मापितम्, अनु० पृ० ७५) આવી ચીજને નિહાળવામાં ગૌતમસ્વામી જેવા પણ અનધિકારી છે, અરૂપી જ્ઞાનને સ્વભાવથી દેખવાની શક્તિ તો માત્ર ત્રણ જગતના નાથ એવા એકલા કેવળી, તીર્થંકર ભગવાનોમાં જ રહેલી છે. એ મહાન્ શક્તિ કેવળી સિવાય અન્યત્ર કોઈપણ સ્થળે રહેલી નથી.

ભગવાન્ શ્રીગૌતમસ્વામીજી જ્યારે દીક્ષિત થયા ન હતા, ત્યારે તેઓ જૈનધર્મના મહાન્ દ્વેષી હતા. (सोऊण कीरमाणी महिमं देवेहिं जिणवरिंदस्स। अह एइ अहम्माणी अमरिसिओ इंदभूइत्ति ॥५९८॥ आव० नि०) જૈન તત્ત્વજ્ઞાનને ઉખેડી નાંખવાનો દ્વેષ તેમણે ધારણ કરેલો હતો, અને એ જ કાર્યમાં મથ્યા રહીને તેઓ પોતાનો વ્યવસાય ચલાવે જતા હતા, છતાં એ સમયે આ પરમ મિથ્યાત્વીના અંતરમાં પણ એટલી વાત તો માન્ય થએલી જ હતી કે આત્માના જ્ઞાનને અને અજ્ઞાનને જો સ્વભાવથી જ કોઈ જાણી શકતું હોય તો તે માત્ર એક સર્વજ્ઞ જ જાણી શકે છે.

સર્વજ્ઞ સિવાય અન્ય કોઈપણ મનુષ્ય જ્ઞાનને દેખી શકતો નથી એ વાત ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીને પણ માન્ય હતી કે જે સમયે બીજા મિથ્યાત્વીઓની માફક જ ભગવાન્ શ્રીગૌતમસ્વામી પણ એક મિથ્યાત્વી જ હતા. બીજાના આત્મામાં રહેલું જ્ઞાન કિંવા અજ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજા કોઈ જાણી શકતા નથી, એમ આપણે માનીએ છીએ તે જ પ્રમાણે મિથ્યાત્વીઓની પણ એવી જ માન્યતા છે કે બીજાના જ્ઞાન

કિંવા અજ્ઞાનને જાણવું એ માત્ર સર્વજ્ઞનું જ કામ છે. બીજાનું તે કામ નથી. (सर्वज्ञोऽसाविति ह्येतत् तत्कालैरपि बोद्धभिः। तज्ज्ञानज्ञेयविज्ञानशून्यैर्ज्ञातुं न शक्यते ॥१॥ अष्ट० हारि० टी० पृ० ५)

**સંશયજ્ઞાન જાણે તો સર્વજ્ઞ ખરા !**

ઇંદ્રભૂતિએ માન્યું હતું કે મારા મનમાં જે સંશય છે તે જાણી લઈને જો તે કહી આપે તો જ હું તેમને સર્વજ્ઞ તરીકે માનવાને તૈયાર છું. ततो सो चिंतेति जदि मज्झ एत संसयं जाणेज्ज छिंदेज्जवा तो मे विम्हओ होज्जा, आव० चू० पृ० ३३६) સંશયનું જ્ઞાન તે પણ બીજા જ્ઞાનોની પેઠે જ અરૂપી જ્ઞાન છે, અને તેથી તે જ્ઞાન જાણવું એ પણ સામાન્ય માણસોના હાથની વાત નથી. એ જ્ઞાન પણ શ્રીસર્વજ્ઞ ભગવાનો પોતે જ જાણી શકે છે. મનના જે પુદ્ગલો છે તે પુદ્ગલોને જાણવાની શક્તિ મનઃપર્યવજ્ઞાનની જેને પ્રાપ્તિ થઈ હોય તે વ્યક્તિ મનના પુદ્ગલોને જાણી શકે છે (मणपज्जवनाणं पुण जणमणपरिचिन्तियत्थपायडणं, आव० नि० गा० ७६), પરંતુ તેનાથી આત્માને, આત્માના સ્વભાવને અથવા આત્માના જ્ઞાનને જાણી શકાતું નથી, કારણ કે મનઃપર્યવજ્ઞાનમાં આત્માનો સ્વભાવ જાણવાની શક્તિ રહેલી નથી. મિથ્યાદર્શનમાં માન્યતા રાખતી વખતે પણ શ્રીમાન્ ગૌતમસ્વામીએ એમ કહ્યું હતું કે જો મહાવીર ભગવાન મારો સંશય જાણી શકે, તો હું તેમને સર્વજ્ઞ માનવા તૈયાર છું.

આ કથનથી સ્પષ્ટ થાય છે કે અન્યદર્શનીઓ પણ એ વાત સ્વીકારે છે કે બીજાના આત્માનું જ્ઞાન જાણવાની તાકાત સર્વજ્ઞ સિવાય બીજા કોઈનામાં રહેવા પામી નથી. આ કથન ઉપરથી એક વાત સાબિત થાય છે કે આત્માનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવો જો કોઈ પણ ગુણ હોય તો તે જ્ઞાન છે, અને એ જ્ઞાન ગુણ આત્મામાં અનાદિ કાળથી રહેલો છે. આ ગુણ આત્માની આ દિવ્ય રિદ્ધિ આપણે હજી જાણી શક્યા નથી. તીર્થંકર ભગવાનોએ આત્માની આ અનંત રિદ્ધિને દેખી છે, અને તેમણે એ રિદ્ધિને પ્રાપ્ત કરીને તત્પશ્ચાત્ જગતને એ વાત જાહેર કરી છે કે કૈવલ્ય એ જ આત્માની સાચી રિદ્ધિ છે. આ રિદ્ધિની અપેક્ષાએ આપણે બધા હજી મૂળાના કાંદામાં મહાલી રહ્યા છીએ.

**જૈનોની દેવપૂજાને મહત્ત્વ કેમ?**

ભગવાન્ શ્રીતીર્થંકરદેવો જ આત્માના આ જ્ઞાનગુણને જાણી શકે છે, પારખી શકે છે, અનુભવી શકે છે, અને એ વાત સર્વજ્ઞ હોય તે જ આ જગતને જણાવી શકે છે. તીર્થંકર ભગવાનોનું એ કહ્યું, જે માન્ય રાખવું તેનું નામ સમકિત છે. (तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं, आचा० सू० १६३) જૈનો સર્વજ્ઞ ભગવાનોને જ ભજે છે, તેની મહત્તા શું એનો ખ્યાલ પણ હવે તમોને આવવા પામશે. ખોજો પીરને પૂજે છે તેમ બીજા શાસનવાળા પોતપોતાના દેવદેવીઓની પૂજા કરે તે જ પ્રમાણે જૈનો પણ જો તીર્થંકર ભગવાનોને પૂજતા રહે, તો પછી બીજાની દેવપૂજા અને જૈનોની દેવપૂજામાં કાંઈ ફરક રહેવા પામતો નથી!

**તીર્થંકરો જન્મથી જ્ઞાનવાન છે.**

તીર્થંકર પોતે જન્મથી ત્રણ જ્ઞાનના અને દીક્ષાથી ચાર જ્ઞાનના ધણી છે. (तिहिं नाणेहिं समग्गा तित्थयरा जाव हुंति गिहिवासे। पडिवन्नमि चरित्ते चउनाणी जाव छउमत्था ॥ वि० प्र० गा० १६२). તેમણે એ જ્ઞાન મેળવ્યું છે અને તેને પૂર્ણ રીતિએ અનુભવ્યું છે, છતાં કેવળજ્ઞાન થયા પહેલાં ઉપદેશ આપતા નથી. (अत एव जिना दीक्षाकालादाकेवलोद्भवम्। अवद्यादिभिया श्रयुर्ज्ञानत्रयस्तोऽपि न ॥१॥ अध्या० क० श्लो० २४७) કેવળ જ્ઞાનથી પ્રત્યક્ષ અનુભવનારાઓનું કહ્યું માન્ય રાખીને જૈનો ચોક્કસ એ જ પ્રકારની ધારણાપૂર્વક તીર્થંકરદેવોને ભજે છે, માટે જ બીજાની દેવપૂજા કરતાં જૈનોની દેવપૂજાને વિશેષ મહત્ત્વ છે.

**આત્માની અપૂર્વ રિદ્ધિ.**

ભગવાન્ શ્રી તીર્થંકરદેવોએ પોતે સંપૂર્ણ જ્ઞાન મેળવીને (अह सव्वदव्वपरिणामभावविण्णत्तिकारणमणंतं । सासयमप्पडिवाइ एगविहं केवलन्नाणं ॥१॥ आव० नि० गा० ७७) તેને પ્રત્યક્ષ અનુભવીને જગતને માટે એ વાત જાહેર કરી છે કે આ આત્માનો પ્રધાન ગુણ કૈવલ્યજ્ઞાન છે. આત્મા કૈવલ્યનો માલિક છે, અને કૈવલ્યજ્ઞાન એ આત્માની અપૂર્વ રિદ્ધિ છે. હવે આ વાત જ્યારથી તમારા ધ્યાનમાં આવી છે, ત્યારથી એ જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ તમારી સતત જાગૃતિ રહેવી જ જોઈએ.

**ચોવીસે કલાક એક જ વિચાર.**

યુદ્ધનો સેનાપતિ જ્યારથી સમરાંગણના સમાચાર સાંભળે છે, ત્યારથી તેની સ્થિતિ યુદ્ધમય બની જાય છે. ચાલુ યુદ્ધે પણ સેનાપતિ કાંઈ ઉપવાસ કરવા માંડતો નથી. તે ખાય છે, પીએ છે, સૂએ છે, ઓઢે છે, પહેરે છે, શરીર સંચાલનની સઘળી ક્રિયાઓ કરે છે, પરંતુ તે છતાં તેનું ધ્યાન તો હંમેશાં યુદ્ધમાં ને યુદ્ધમાં જ રહે છે. અન્યત્ર તેનું ચિત્ત જતું નથી. સમરાંગણ સેનાપતિથી; ચાહે તો પાંચ ગાઉ દૂર હો, તદ્દન નજીકમાં હો, અથવા પાંચ હજાર ગાઉ દૂર હો, પરંતુ દરેક સમયે સેનાપતિનું લક્ષમાત્ર તો યુદ્ધ તરફ જ રહે છે, તે જ પ્રમાણે આત્માની સ્થિતિ પણ હોવી જોઈએ.

**આત્માનું લક્ષ્ય.**

શ્રીજિનેશ્વર ભગવાન્ દ્વારા આત્માની રિદ્ધિ કેવળજ્ઞાન છે એ વાત જીવ જાણે ત્યારથી તેની વૃત્તિ સતત એ રિદ્ધિ મેળવવા તરફ જ રહેવી જોઈએ. ભલે એ માણસ ખાય, પીએ, સૂએ, ફરે, ઊઠે, બેસે, ધંધોરોજગાર કરે કે ચાહે તે કાર્ય કરે, પરંતુ તેની વૃત્તિ આત્માની એ અપૂર્વ રિદ્ધિ તરફ તો હોવી જ જોઈએ, અને તેના મનમાં એવી ભાવના તો રહેવી જ જોઈએ કે હું કેવલજ્ઞાનનો માલિક છું, અને તે જ્ઞાન મેળવવાનો જ મારો પ્રયાસ હોવો જ જોઈએ. એ જ્ઞાન મેળવવું એ મારી પહેલી ફરજ છે. આત્માની રિદ્ધિ શ્રવણ કરી ચૂકેલી વ્યક્તિને હાથે જે કાંઈ ધર્મક્રિયા થાય તે સઘળામાં આત્માનો એ હેતુ તો હોવો જ જોઈએ કે હું કૈવલ્યજ્ઞાન મેળવવાનો અધિકારી છું.

આવી ધારણા તેની દરેક ક્રિયાઓમાં અવશ્ય હોવી જ જોઈએ, અરે, તેવી ધારણા હોય તો જ તેણે તીર્થંકર ભગવાનોનું કથન આચાર્યમહારાજાઓ દ્વારા સાંભળેલું પ્રમાણ છે. યુદ્ધનો સેનાપતિ જ્યાં સુધી જીત નથી મળતી ત્યાં સુધી પોતાનું લક્ષ જેમ રણસંગ્રામમાં જ રોકી રાખે છે તે જ પ્રમાણે આત્માએ પણ કૈવલ્યજ્ઞાન એ આત્માનું લક્ષ્ય છે એ જાણ્યા પછી, તેની જ્યાં સુધી પ્રાપ્તિ નથી થઈ, ત્યાં સુધી દરેક ક્રિયા વખતે કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિનું લક્ષ્ય તો રાખે જ છૂટકો છે.

**સમ્યક્ત્વ કોનું નામ.**

સર્વજ્ઞ ભગવાનો પોતે આત્માની રિદ્ધિ મેળવીને અનુભવસિદ્ધ વાત તરીકે જગતને એમ જાહેર કરે છે કે આત્માનો અપૂર્વ ગુણ આત્માની અપૂર્વ રિદ્ધિ તે કૈવલ્યજ્ઞાન છે. એ વાત જાણી લીધા પછી દરેક જાણી લેનારાએ પોતાની ક્રિયાઓમાં પોતે કૈવલ્યજ્ઞાનની ધારણા રાખવી જ કહી છે. આત્માને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેની એકેય ક્રિયામાંથી કૈવલ્યની પ્રાપ્તિનો ઉદ્દેશ ન ખસે તેનું નામ સમકિતની કરણી છે. अत्थि जिओ तह निच्चो कत्ता भुत्ता य पुण्ण-पावाणं । अत्थि धुवं निव्वाणं तस्सोवाओ य छट्ठाणा ॥ સમ્ય૦ સ૦ ગા૦ ૬૧) તેનું જ નામ સમ્યક્ત્વ. અર્થાત્ સમ્યક્ત્વ કહો કે સમકિતની કરણી કહો. આ સઘળા કથન ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાનને એકમાત્ર જિનેશ્વર ભગવાનો જ જાણી શકે છે બીજા કોઈ પણ જાણી શકતા જ નથી, અને તેઓ જ એ જ્ઞાનને જાણીને તેને-ત્રણ જગતને દર્શાવે છે.

**આંધળો ન જ જોઈ શકે.**

તેઓ આ રીતે આપણા દર્શક હોવા છતાં પણ તેમનું દર્શાવેલું કોણ જોઈ શકે છે તેનો વિચાર કરો. ટંકશાળનો અધિકારી નવા પાડેલા, ઘસેલા, મુદ્રાંકિત, સોનાના સિક્કાઓ લઈ આવે અને તે સઘળાને બતાવે, તો પણ જેને આંખો છે તે જ માણસ એ સિક્કાઓને જોઈ શકશે. આંધળો સિક્કાઓને જોઈ શકતો નથી, તે જ પ્રમાણે જેને સમ્યક્ત્વ રૂપી આંખો છે, તે જ મનુષ્ય સુવર્ણના સિક્કાઓ રૂપી કૈવલ્યજ્ઞાનને જોઈ શકે છે. આંખો વિનાનો આંધળો અર્થાત કે સમ્યક્ત્વ વિનાનો સુવર્ણના સિક્કાઓ રૂપી કૈવલ્યજ્ઞાનને જોઈ શકતો નથી.

**સમ્યગ્દર્શન એ આંખો છે.**

જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જ નથી થઈ તેવાને માટે તો સઘળું જ નકામું છે. સમ્યગ્દર્શન એ આંખો છે, તે જ આત્મા કૈવલ્યજ્ઞાનને જોઈ શકે છે. નેત્ર વિનાનાને સૂર્ય પણ નકામો છે! અરે! સાક્ષાત્ જિનેશ્વર ભગવાન્ આવીને તેની સામે હાજર થાય તો તે પણ સમ્યગ્દર્શન વિનાનાને માટે નકામા છે. સર્વજ્ઞ ભગવાન્ એ કૈવલ્યરૂપી સુવર્ણના માલિક છે. કૈવલ્યજ્ઞાન એ સુવર્ણના વિશુદ્ધ સિક્કાઓ છે,

પરંતુ એ સઘળું સામે પડેલું હોય; ત્રિલોકના નાથ સામે આવીને ઊભા રહેલા હોય, તો પણ જેને સમ્યગ્દર્શન રૂપી આંખો જ નથી, તેને એ સઘળી સમૃદ્ધિ નકામી જ છે. જેને આંખો છે તેને તો પ્રત્યક્ષ સૂર્યની પણ જરૂર જ નથી.

પાણીમાં, કાચમાં, ઘડામાં કોઈપણ ચીજમાં સૂર્યનું માત્ર પ્રતિબિંબ પડે છે, તે પ્રતિબિંબ પણ નેત્રવાળાને માટે તો બસ છે. એકલા પ્રતિબિંબ ઉપરથી પણ તે સૂર્યને પારખી લે છે, તે જ પ્રમાણે જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયેલી છે, તે આત્માઓને માટે તો ભગવાન્ શ્રીજિનેશ્વરદેવોનું જેમાં પ્રતિબિંબ છે એવા આગમો જ બસ છે. પ્રતિબિંબ ઉપરથી મૂળ વસ્તુનો ખ્યાલ આવી શકે છે, પરંતુ તેવો ખ્યાલ પણ નેત્રોવાળાને માટે જ છે. આંધળો તો એવો ખ્યાલ પણ કરી શકવાનો નથી; કોઈ વ્યક્તિને આંખો હોય, પતરામાં, કાચમાં કે પાણીમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ તે દેખી શકે, અને તે છતાં પણ એવી શંકા કરે કે, "સૂર્ય ઉગ્યો હશે કે નહિ ઉગ્યો હોય?" તો તેવાઓને "દેખતા આંધળા જ" કહેવા પડે છે. તે જ પ્રમાણે શ્રી જિનેશ્વર મહારાજનું જેઓ શાસન પામ્યા છે, તેઓ પણ જો એ વિષયમાં આ શંકા કરવા જાય તો તેઓ દેખતા આંધળા જ છે.

**દેખતા આંધળા.**

સમ્યગ્દર્શનની અપેક્ષાએ અન્ય દર્શનીઓ આંધળા છે, નેત્ર વિનાના છે, અને તેઓ આત્માના કૈવલ્ય ગુણ વગેરેમાં શંકા કરે તો તે સ્વાભાવિક છે, પરંતુ જેઓ જૈન દર્શનને પામ્યા છે; જૈનદર્શનરૂપ આંખોને પામ્યા છે, તેઓ આગમ રૂપી સ્વચ્છ પાણીમાં જિનેશ્વરો રૂપી સૂર્યનું સ્વચ્છ પ્રતિબિંબ જોયા પછી પણ તેમાં શંકા કરે, તો તેઓ પણ દેખતા આંધળા જ છે.

**જૈન શાસન એટલે વૈજ્ઞાનિક ધર્મ.**

જૈન શાસનમાં આત્માનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ, જ્ઞાનનું સ્વરૂપ એ સઘળાનું સ્પષ્ટ અને શુદ્ધ નિરૂપણ કરેલું છે. એ નિરૂપણ મિથ્યા દર્શનીઓ ન સમજી શકે એમાં કાંઈ આશ્ચર્ય નથી, પરંતુ જો જૈન દર્શનના અનુયાયીઓ પણ એ વિવેચનમાં શંકા કરે તો તેઓ બેશક દેખતા આંધળા જ છે. જેઓ આત્માના કૈવલ્ય સ્વરૂપને માનતા જ

નથી, તેમાં જ જેઓ શંકા કરે છે તેઓ કોઈ પણ પ્રકારે આત્માના કૈવલ્ય સ્વરૂપને મેળવી શકવાના નથી.

જેઓ કૈવલ્ય સ્વરૂપને માને છે, તેઓ જ યથા સમયે તે જ્ઞાન ઉત્પન્ન કરવાના યા પ્રાપ્ત કરવાના માર્ગે ચઢી શકે છે; આપણે હિંસાઆદિ સઘળા દુર્ગુણોનો પરિત્યાગ કરીએ છીએ, ક્રોધાદિકને દૂર રાખીએ છીએ (केवलियनाणलंभो नन्नत्थ खए कसायाणं ॥ आव० नि० गा० ૪૦૪ ), તે સઘળું આત્માના કેવળજ્ઞાનને અંગે કરીએ છીએ. જો આપણું એવું ધ્યેય જ ન હોય તો આપણે જે કાંઈ ઉદ્યમ કરીએ છીએ તે સઘળો મિથ્યા—અર્થ વિનાનો જ ગણી શકાય ! જે આત્માને આત્માના કૈવલ્યસ્વરૂપની શ્રદ્ધા નથી, એ સ્વરૂપની પ્રાપ્તિનો જેને ઉદ્દેશ કિંવા ઉલ્લાસ નથી, તે આત્મા ક્રિયા વગેરે જે કાંઈ કરતો રહે છે તે સઘળું ઘાંચીના બળદના પરિશ્રમ જેવું છે.

**ઘાંચીની ઘાણીનો બળદ.**

ઘાંચીનો બળદ ખૂબ ફરે છે, આંટા પર આંટા મારે છે, પરંતુ પાછો ત્યાંનો ત્યાં જ ! તે જ પ્રમાણે ઉપરના ઉદ્દેશ વિનાનો જીવ ગમે એટલા પ્રબળ પ્રયત્નો કરે, ગમે એવાં દાન વગેરે કરે, પરંતુ તે સંસારમાં ને સંસારમાં જ ! તેવો આત્મા મોક્ષે જાય એવો કદી પણ સંભવ જ નથી.

**જૈન શાસનમાં કાન અને સાન.**

મોક્ષની પ્રાપ્તિ તો તેને જ માટે શકય છે કે જેણે સઘળી ક્રિયાઓમાં કૈવલ્ય પ્રાપ્તિનો જ એક ઉદ્દેશ રાખ્યો છે ! આવી કૈવલ્ય જ્યોતિ આત્માને કયારે મળે છે તેનો હવે વિચાર કરો ! જીવ અનાદિ કાળથી હેતુ વિનાની રખડપટ્ટી પર ચઢેલો છે ! તે અનાદિ કાળથી સંસાર ચક્રમાં ફર્યા જ કરે છે. ( स एव जन्मजरामरणजलधारणाज्जलधिः, तस्मिन्ननादिनिधनतया "अपारे" पर्यन्तविकले बम्भ्रम्यमाणानामिति शेषः । धर्म० प्र० गा० २ टी० )

જીવ એકેન્દ્રિયાદિમાં ફર્યો. આંખો મળી, કાન મળ્યા, પરંતુ તે છતાં તેનો કાંઈ દહાડો વળ્યો નથી. તેણે અનેક ભવોમાં જન્મ જેટલા મેળવ્યા હશે, તેનાથી વધારે કાન મેળવ્યા હશેઃ ( दुमपत्तयं अज्झयणं ), પરંતુ તેણે એક જન્મમાં સાન મેળવી નથી. સાન તો ત્યારે જ મળે છે

કે આત્મા જ્યારે પરમ પ્રતાપી જૈન શાસનને પામે છે. જૈન શાસનમાં જેણે સ્થાન મેળવ્યું છે એવાઓને એકલા કાન હોતા નથી, પરંતુ કાનની સાથે સાન પણ હોય છે. જૈન શાસન પામીને તમે કાન અને સાન બંને મેળવો છો. અને તે બંને મળ્યા છતાં જ્યારે તમે હવે આત્મકલ્યાણને માર્ગે નહિ ચાલશો તો પછી આત્મકલ્યાણને માર્ગે ચાલશો ક્યારે તેનો વિચાર કરો ?

**જ્ઞાનપંચમી.**

ભવ્ય જીવો પોતાની ફરજ વિચારી શકે, આત્મકલ્યાણને પંથે ચાલી શકે, તેટલા જ માટે આ જ્ઞાનપંચમીનું પર્વ રાખ્યું છે. વર્ષના બાર મહિના છે. આ બાર મહિનામાં દર્શન પંચમી કે દર્શન અષ્ટમીનો તહેવાર આવતો નથી. ચારિત્ર ચતુર્દશી કિંવા ચારિત્ર ચતુર્થીનું પર્વ આવતું નથી, પરંતુ એક માત્ર "જ્ઞાનપંચમી" (आगमरत्नमंजूषा शिला० २९.१ फा० २, संते बलवीरियपुरिसयारपरक्कमे अट्ठमीचउद्दसीनाणपंचमी-पज्जोसवणाचाउम्मासीए चउत्थट्ठमछट्ठ न करेइ पच्छित्तं, महानि० अ० ७ सू० ८) નામક પર્વ આવે છે એનો ઉદ્દેશ બરાબર સમજો. જ્ઞાન-પંચમીનું પર્વ આવે છે અને ચારિત્ર કે દર્શનનાં પર્વો આવતાં નથી. એથી એમ ન સમજશો કે ચારિત્ર અથવા દર્શન એ સામાન્ય વસ્તુ છે. તે પણ કાંઈ સામાન્ય વસ્તુઓ નથી, પરંતુ જ્ઞાનપંચમીનું પર્વ રાખ્યું છે, એ ઉપરથી કેટલું મહત્ત્વ છે તે જ માત્ર સમજવાનું છે.

**વીતરાગપણાથી સર્વજ્ઞત્વ નથી.**

ભગવાન્ શ્રીમહાવીરદેવનું સર્વજ્ઞપણું તે તેમના વીતરાગપણાને લીધે નથી, કારણ કે વીતરાગપણું ૧૨મે ગુ૦ ને खीणमोहो नाम जेण निरवसेसमिह कंमणायकं मोहणिज्जं खवितं. आव० चू० भा० २ पृ० १३९, અને સર્વજ્ઞપણું ૧૩મે ગુ૦ને છે, (जोगा जस्स अत्थि केवलिस्स सो सजोगिकेवली, आव० चू० भा० २पृ० १३९), તેથી વીતરાગપણાને લીધે ભગવાન્ શ્રીગૌતમસ્વામીએ તેમનું સર્વજ્ઞપણું કબૂલ રાખ્યું ન હતું પરંતુ મહાત્મા ગૌતમસ્વામીજીએ સ્પષ્ટ કર્યું હતું કે આત્માનું સંશયજ્ઞાન જો તેઓ દૂર કરી શકે, તો જ તેઓ સર્વજ્ઞ છે, તે સિવાય હું તેમને સર્વજ્ઞ માનવાનો નથી. તે જ પ્રમાણે અહીં જ્ઞાનપંચમીનું પર્વ છે એ પણ બીજા તત્ત્વોની મહત્તા ઓછી

કરવાને માટે નથી, પરંતુ આત્માના જ્ઞાનગુણને આરાધવાને અંગે જ છે. ત્યારે જ્ઞાનપંચમીનું પર્વ શા માટે છે એ વાત ધ્યાનમાં લેજો. આત્માના જ્ઞાનગુણને આરાધવા માટે જ્ઞાનપંચમીનું પર્વ છે. હવે એ જ્ઞાનપંચમીની ખરેખરી આરાધના કેવી રીતે થાય છે તેનો વિચાર કરો. તમે જ્ઞાનપંચમીનો ઉત્સવ કરો એટલે કે જ્ઞાનપંચમીનો ઉપવાસ વગેરે કરો. ખમાસમણા દો, કાઉસ્સગ્ગ કરો, તે સઘળાનો અને જ્ઞાનગુણનો શો સંબંધ રહેલો છે તે વિચારો.

### આત્માને ધર્મક્રિયામાં કેમ પરોવવો ?

કોઈ એવી શંકા કરશે કે આત્માનો ગુણ કૈવલ્યજ્ઞાન છે એ વાત કબૂલ છે, પરંતુ એ કૈવલ્યજ્ઞાનને રોકનાર તો જ્ઞાનાવરણીય કર્મ છે. તો પછી જ્ઞાનપંચમીનું પર્વ કરવાના નિમિત્તે સામાયિકાદિ કરતાં, વાંચતાં કે ગાથાઓ ભણતાં હાથ કે માથું ઝુકાવવું, ઉપવાસ કરવો એ સઘળાનો શો સંબંધ હોઈ શકે? એ શંકાનો જવાબ તદ્દન સીધો છે.

### ગાય બાંધવાના દૃષ્ટાંતથી ક્રિયા.

ગાય દૂધ ઓછું આપતી હોય તો તમે જરૂર એમ કહો કે "છોકરા ! ગાયને વધારે જાડા ખીલા સાથે બાંધી દે એટલે તે દૂધ વધારે આપશે !" શું આ કહેવાનો કાંઈ અર્થ છે? દેખીતી રીતે એમ લાગે છે કે જે વડીલ છોકરાને આવો વિચિત્ર હુકમ કરે છે તે વડીલ મૂર્ખ હોવો જોઈએ, પરંતુ તમે જ્યારે વડીલે આપેલા હુકમની પરિસ્થિતિ વિચારશો, ત્યારે તમને ખાત્રી થશે કે વડીલે જે આજ્ઞા આપી છે તે આજ્ઞા કેવળ વાસ્તવિક છે. ખીલો પાતળો હોવાથી ગાય, તે ખીલો કાઢી નાંખતી હોય, અને અન્યત્ર ભટકવા ચાલી જતી હોય, ત્યાં લોકો ગાયને દોહી લેતા હોય અને તેથી ઓછું દૂધ આપતી હોય; તો 'ગાયને જાડે ખીલે બાંધવાનો' અર્થ એ છે કે તેથી તે છૂટીને નાસી જઈ શકે નહિ, અને તેને બીજા માણસો દોહી લઈ દૂધની ચોરી કરી શકે નહિ. આવી રીતે આત્માને ધર્મ ક્રિયાઓમાં પરોવવો એ ગાયને જાડા ખીલા સાથે બાંધવા બરાબર જ છે. આત્માનો ગુણ કૈવલ્યપણું છે એ આત્મા જાણે છે.

આત્માને આ ગુણ મેળવવાની દૃઢ તમન્ના છે, છતાં આત્માને તેની પોતાની માલિકીની એ વસ્તુ નથી મળી શકતી તેનું કારણ વિચારજો. કોઈ માણસ પાસે તમે પાંચ હજાર રૂપિયા માંગો છો, તમારા અને તેના બંનેના ચોપડામાંથી આ વાત સાબિત થાય છે. તમે કોર્ટમાં દાવો કરો છો ન્યાયાધીશ તમારું લેણું સાચું છે એ ઠરાવી આપે છે, અને હુકમનામું કરી આપે છે, છતાં એ પૈસા તમો સીધી રીતે મેળવી શકતા નથી.

**ધર્મ ક્રિયા આત્માને પડતો બચાવે છે.**

તમારું લેણું છે, તમે પૈસા માંગો છો, તમારું માંગણું વ્યાજબી છે, એ સઘળી વાત કબૂલ છે, પરંતુ તે છતાં તમારું એવું કાંઈ બળ નથી કે જેથી તમે ઘરમાં પેસી જઈને તેની પાસેથી તમારા પૈસા વસુલ કરી શકો. તમારા પૈસા લેણા છે, તમે માગો છો એ વાત સાચી છે. સરકારે તે વાત કબૂલ રાખી છે, પરંતુ તે છતાં તમારું લેણું વસુલ કરવા અહીં તમોને બેલીફની જરૂર પડે છે, અને તમારું જે લેણું હોય તે માત્ર બેલીફની મારફત જ વસુલ કરી શકાય છે.

**બેલીફથી લેણું વસૂલ કરાય.**

એ જ પ્રમાણે આત્માને કરવી પડતી ક્રિયાઓનું પણ સમજવાનું છે. આત્માને જે કેવળ જ્ઞાન થવાનું છે તે જ્ઞાન બહારથી લાવવાનું નથી, અથવા તે જ્ઞાન કોઈની પાસેથી ઉછીનું પણ લેવા જવાનું નથી. પરંતુ એ જ્ઞાન તમે ક્રિયાઓ દ્વારા જ પ્રાપ્ત કરી શકો છો. ગાયનું ઉદાહરણ આપણે આગળ જોયું છે. ગાયને જાડે ખીલે બાંધીએ તો તેનાથી તે છૂટી થઈને ગમે તેમ રખડી શકતી નથી, અને તે ગમે ત્યાં રખડવા જતી ન હોવાથી તેનું દૂધ પણ ચોરાવા પામતું નથી, પરિણામે ગાય વધારે દૂધ આપે છે. ગાયને ખીલે બાંધવામાં જેમ તેને રખડતી બંધ કરવાનો ઉદ્દેશ રહેલો છે, તે જ પ્રમાણે આત્માને ક્રિયામાં જોડવામાં પણ તેને વિવિધ વિષયો તરફ ભમતો અટકાવવાનો જ હેતુ છે. આત્માને ક્રિયાઓ વડે વિષયોમાં વહી જતો રોકી રાખવાનો જ ઉદ્દેશ છે અને એ જ ઉદ્દેશપૂર્વક જૈન શાસનની સઘળી ધર્મ ક્રિયાઓને અવકાશ છે.

ગાયને જાડે ખીલે ન બાંધી રાખો તો પરિણામ એ આવે છે કે તે છૂટી જાય છે, અને ગમે ત્યાં રખડવા મંડી પડે છે, તે જ પ્રમાણે આત્મા પણ જો ક્રિયાઓમાં પરોવાયેલો ન રહે, તો આત્માનું અધ્યવસાયરૂપી દૂધ, સ્ત્રી, પુત્રો, પૈસો અને બીજી પૌદ્ગલિક ઉપાધિઓમાં વહેંચાઈ જાય છે, આત્મા વિષયોરૂપી કાદવ તરફ વહી જાય છે, અને સંસારના વિચારોમાં જ તે સદા, સર્વદા પરોવાયેલો રહે છે. આ સઘળામાંથી તેને બચાવી લઈને આત્મકલ્યાણને માર્ગે વાળવા અર્થે ખીલારૂપી ધર્મ ક્રિયાઓમાં તેને રોકી રાખવામાં આવે છે. આ રીતે ધર્મક્રિયાથી આત્મા સંસારના વિચારોમાં વહી જતો રોકી શકાય છે અર્થાત્ કૈવલ્યજ્ઞાનથી વિમુખ થવાનો તેનો તે માર્ગ બંધ થાય છે, પરંતુ હવે તેને કૈવલ્યપણું મેળવવાનું તો બાકી જ રહે છે.

**કૈવલ્ય ક્યારે મળી શકે ?**

એ કૈવલ્યપણું શી રીતે મેળવવું તે સમજવાને માટે આત્માએ બેલિફનું ઉદાહરણ લેવાની જરૂર છે. તમારી મિલકત પ્રતિવાદી પાસે છે, સરકારે તમારી વાત માન્ય રાખી છે, તમારી મિલકત ઉપર તમારો અધિકાર સ્વીકારાયો છે, પરંતુ તે છતાં જો તમે જાતે જ હુકમનામું બજાવવા જાઓ; તો પ્રતિવાદી એવો જબરો છે કે તમારાં પાઘડી લૂગડાં પણ તે આંચકી લે છે. તમારી પાઘડી લૂગડાં ન જાય અને તમોને તમારી ચીજ પાછી મળે તે જોવાનું કામ બેલિફનું છે.

તે જ પ્રમાણે તમારા આત્માનો જે કૈવલ્યગુણ છે એ તમારી માલિકીનો છે એવું શ્રીજિનેશ્વર ભગવાને હુકમનામું કરી આપ્યા છતાં, તે હુકમનામાની બજવણી માટે તમારે "મોહક્ષય" રૂપી બેલિફની જરૂર પડે છે. મોહક્ષયરૂપી બેલિફ જો તમારી સાથે આવતો નથી, અને તમે તમારી ડીગ્રીના પૈસા વસુલ કરવા જાઓ અર્થાત્ કે આત્માનો કૈવલ્યગુણ લેવા જાઓ તો પરિણામ એ જ આવશે કે તમારે લીલે તોરણે જ માંડવા આગળથી પાછા ફરવું પડશે !

**મોહક્ષયરૂપ બેલિફ.**

કૈવલ્યગુણ એ તમારા આત્માનો પ્રધાન ગુણ છે, પરંતુ એ તમારી ખોવાએલી મિલકત છે. તે તમારી ખોવાએલી મિલકતનો

કબજો મેળવવા તમારે મોહક્ષયરૂપી બેલિફને સાથે રાખ્યા વિના છૂટકો જ નથી. જો તમે મોહ ઉપર કબજો મેળવી ન શકો તો ખાતરીથી માની લેજો કે તમારી આત્મસિદ્ધિ તમે કદી પણ મેળવી શકવાના જ નથી, અને તમારા કૈવલ્યાભિલાષી આત્માને ઠોકરો જ ખાવી પડવાની છે. વ્રત, ઉપવાસ, પૌષધ એ સઘળાં મોહની મંદતા કરનારા હોવાથી તેઓ સઘળા બેલિફને સ્થાને છે.

**હુકમનામું ચોકખું જોઈએ.**

હવે તમે એવો પ્રશ્ન કરી શકો છો કે, પૌષધાદિ કરવાથી મોહમંદતાની પ્રાપ્તિ થાય છે એટલે પૌષધાદિની આવશ્યક્તા તો સ્પષ્ટ છે, પરંતુ ખમાસમણ દેવાથી શો લાભ થાય છે? 'નમો નાણસ્સ' એ ગયણાની કૈવલ્યની પ્રાપ્તિમાં શી આવશ્યક્તા રહેલી છે? ઠીક, તમારી મિલકત પારકાની પાસે છે એમાં કાંઈ સંશય નથી. ન્યાયની કોર્ટે તમારી વાત માન્ય રાખી છે, અને તમોને હુકમનામું કરી આપ્યું છે. હુકમનામું બજાવવા માટે તમે બેલિફને પણ તમારી સાથે રાખ્યો છે. કોઈ રીતે તમે અપૂર્ણતા રાખી નથી, પરંતુ તમારા હુકમનામામાં કોર્ટની સહી છે તે ઉપર જ તમે શાહી ઢોળી દો અથવા છેકા પાડી દો તો? જો એમ થાય તો તમે તમારૂં લેણું એ હુકમનામાની રુએ વસુલ કરી શકવાના નથી. તમારૂં હુકમનામું સ્પષ્ટ, શંકા વગરનું અને ચોકખું જ હોવું જોઈએ. તમે વિચાર કરો કે તમારી જ્ઞાનરૂપી મિલકત તમે પાછી મેળવવાને માટે જે હુકમનામું મેળવ્યું છે, તે હુકમનામું શુદ્ધ, અપવાદ રહિત અને ચોકખું છે ખરું કે?

**ગીરો હુકમનામું ન બજાવાય.**

તમારા લાભનું હુકમનામું તમે મેળવી દીધું છે એ વાત સર્વથા સાચી છે, પરંતુ એ હુકમનામું તમે ગીરે મૂકી દીધું છે દેવું કરીને તમે દાટ વાળ્યો છે, દેવું કરતાં કરતાં નથી ધરાયા! દેવું કરી કરીને એવી દશા આણી મૂકી છે કે તમારી આંટ પર તમોને કોઈ પૈસો પણ ધીરવા તૈયાર નથી. આ સ્થિતિમાં તમે હુકમનામું જ ગીરવે મૂકીને પૈસા લાવી ખાઈ ગયા છો. તમારૂં આ રીતે ગીરે મૂકાએલું હુકમનામું તમારો બેલિફ બજાવી શકવાનો નથી, ત્યારે તમારે જો તમારૂં લેણું પકવવું હોય તો સૌથી પહેલાં તમારી એ ફરજ છે કે

**તમારે તમારા હુકમનામા પરનો ગીરાનો બોજો ચૂકવી દેવો જોઇએ.**

**જ્ઞાનરૂપી અમરપટ્ટો ગીરો મૂકાયો છે,**

હવે તમારૂં જ્ઞાનનું હુકમનામું કયાં અને કેવી રીતે ગીરવે મૂકાયું છે તેનો વિચાર કરો. કૈવલ્યજ્ઞાન તમારી મિલકત છે, એનો અમરપટો તમે જ્ઞાનાવરણીય કર્મને ત્યાં ગીરવે મૂકેલો છે, ત્યાંથી તમારે ગીરે મૂકેલી મિલકત પાછી છોડાવવાની જરૂર છે. જ્ઞાનાવરણીય કર્મનું જે આવરણ બંધાયેલું છે તે શી રીતે તૂટે છે તેનો વિચાર કરો. જે પ્રકારે કર્મો બંધાય છે તેનાથી ઉલટા પ્રકારે બંધાએલા આવરણોનો અંત પણ આવે છે. ગીરે મૂકેલી મિલકત છોડાવવી હોય તો તેનો સૌથી સહેલો રસ્તો એ છે કે જેટલા પૈસા આપણે લીધા હોય, તેટલા પૈસા પાછા ભરી દેવા જોઈએ. તમારો જ્ઞાન ઉપરનો તમારી માલિકીનો અમરપટો શી રીતે ગીરો મૂકાએલો છે, તે તમારે તપાસવાનું છે. જ્ઞાન પ્રત્યેની અરુચિ, જ્ઞાની પરત્વેની અરુચિ અને જ્ઞાનનાં સાધનો પ્રત્યેની અરુચિ, એ ત્રણે વસ્તુઓની અરુચિ દ્વારા જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, ત્યારે જો એ કર્મને તોડવું જ હોય તો પહેલા કરતાં ઉલટો માર્ગ તમારે હાથે ગ્રહણ થવો જ જોઇએ, તે સિવાય જ્ઞાનાવરણીય કર્મ ખસવા પામતું નથી.

જ્ઞાનાવરણીય કર્મ શી રીતે જાય ?

જ્ઞાન પરત્વેની અરુચિ, જ્ઞાની પરત્વેની અરુચિ અને જ્ઞાનનાં સાધનો પરત્વેની અરુચિ એથી જેમ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. (तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः । तत्त्वा० अ० ६ सू० ११), તે જ પ્રમાણે જ્ઞાનનાં સાધન પરત્વેની ભક્તિ, જ્ઞાન તરફ બહુમાન અને જ્ઞાની તરફ બહુમાન; એ ત્રણથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય પણ થવા પામે છે. જ્ઞાનદાન તમારા કૈવલ્ય-જ્ઞાન ઉપરની તમારી માલિકીનો અમરપટો જે ગીરો મૂકાએલો છે તેને છોડાવવાનો માર્ગ એ છે કે તમારે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો એ ત્રણેની આરાધના સંપૂર્ણપણે કરવી જોઈએ. એ ત્રણેની આરાધના ન કરતાં જો ગમે તે એકની વિરાધના થાય અને **બાકીના બેની આરાધના થાય, તો પણ તેથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાનો નથી જ, ઉલટું જ્ઞાનાવરણીય કર્મ બંધાવા જ પામશે.**

જ્ઞાન ઉપર અથવા જ્ઞાની ઉપર અથવા તેનાં સાધનો ઉપર જો તમે જરા પણ રોષ દર્શાવશો, ત્રણમાંથી ગમે તે એક પરત્વે પણ જો તમારા હૃદયમાંથી દ્વેષ બહાર પડશે, તો તેથી તમારા જ્ઞાનાવરણીય કર્મોમાં ઘટાડો થવાનો નથી, પરંતુ વધારો જ થવા પામશે. તમારે જો તમારા જ્ઞાનાવરણીય કર્મોને ખપાવવાં જ હોય, તેનો નાશ કરવો જ હોય, તેનો અંત લાવવો જ હોય, તો તેનો ધોરી માર્ગ એક જ છે કે ઉપર કહેલાં ત્રણે તત્ત્વોની આરાધના કરો ! જેમ અડપલું કરવાથી સામાનો જે ગુનો થએલો છે, તે ગુનો ત્યારે જ મિથ્યા થાય છે કે જ્યારે આપણે તેની માફી માંગીએ છીએ, તે જ પ્રમાણે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો, એનો દ્વેષ કરીને જે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું છે, તે ત્યારે જ છૂટે છે કે એ ત્રણેનો જ્યારે આદર કરવામાં આવે છે.

**વરદત્ત અને ગુણમંજરીનો સંબંધ.**

અહીં વરદત્ત ( वरदत्तादिसम्बन्धाः सन्ति, भवि० अ० १ श्लो०८) અને ગુણમંજરીની કથાની યાદ તાજી કરવાની જરૂર છે ( उपदेश प्रासाद व्या० २९९ ). વરદત્ત અને ગુણમંજરી પૈકી ગુણમંજરી પૂર્વભવમાં એક વ્યવહારી જિનદેવની સ્ત્રી હતી. ગુણમંજરીના પુત્રોને પંડિતે જ્ઞાન ન આવડવાને માટે શિક્ષા કરી હતી. ગુણમંજરી પોતાના પુત્રોને ઉપાધ્યાયથી થએલી શિક્ષાથી ઉશ્કેરાઇ ગઇ હતી અને તેણીએ પોતાના પુત્રોના પંડિતને ગાળો દીધી હતી. છેવટે પોતાના પુત્રોને એવી શિખામણ આપી હતી કે, પંડિત તમને શિક્ષા કરે તો પોથી પાટી તમે તેમને સામી મારજો, અને પાટી આદિ બાળી નાંખીને ઘેર ચાલ્યા આવજો', આ રીતે જ્ઞાની અને જ્ઞાનના સાધનોની વિરાધના થાય છે. પંડિતને ગુણમંજરીએ જે બિભત્સ શબ્દો કહ્યા હતા, તે જ્ઞાનીની વિરાધના છે. અને પાટીપોથી ઇત્યાદિ બાળી નાંખવાનું જે કથન કર્યું હતું, તેના દ્વારા જ્ઞાનનાં સાધનોની વિરાધના કરી. ગુણમંજરીના આ કાર્યને તિરસ્કારીને પતિએ તેણીને કહ્યું હતું કે–

**પતિનો સ્ત્રીને જવાબ**

"આચાર્ય બાળકને શિક્ષા કરે છે, તેથી રોષ પામવાનું કે કલહ કરવાનું કારણ નથી, પરંતુ આચાર્યે કરેલું કામ શા હેતુથી કરેલું છે તે વિચારવાનું છે. આ કાર્ય બાળકના આત્માની હિતબુદ્ધિ રાખીને કરવામાં આવ્યું છે અને તેથી તેમને માટે આપણે રોષ કરવો એ કર્તવ્ય નથી !"

ગુણમંજરીએ જવાબ આપ્યો હતો કે–

"ભલે છોકરો ભણ્યા વિનાનો મૂર્ખો રહે, તેથી કાંઇ છોકરાને શિક્ષા થશે, તે હું સહન કરીશ નહિ."

**જ્ઞાનાવરણીય કર્મનો સંચય કેવી રીતે થાય ?**

ગુણમંજરીના આ વર્તનથી જ્ઞાનની વિરાધના થઇ હતી. આ રીતે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની વિરાધના થાય છે, આવી રીતે ત્રણેની યા ત્રણેમાંથી ગમે તે એકની પણ વિરાધના થવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

વળી જેમ જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો એ ત્રણની વિરાધના દ્વારાએ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, તે જ પ્રમાણે બીજા પણ કેટલાક કારણોથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનની રૂચિ હોય છતાં જ્ઞાનનાં સાધનો કોઇને ત્યાં હોય અને તે ઉપાડી લાવવાં, ગ્રંથો વાંચવા માગી લાવ્યા હોય તે ઓળવી જવાં, જ્ઞાનનો ગ્રંથ હોય અને તે કોઈ માંગે તો "નથી" એવો જવાબ આપવો, પોતાને જ્ઞાન હોય અને કોઇ પૂછવા આવે તો કહેવાની અરુચિ ખાતર કિંવા બીજા કોઇ વિચારથી તે વસ્તુ 'મને આવડતી નથી' એમ કહી દેવું આ સઘળો જ્ઞાનનો નિહ્નવ છે.

જેમ ત્રિતત્ત્વોની (જ્ઞાન, જ્ઞાની, અને જ્ઞાનનાં સાધન) વિરાધના દ્વારા જ્ઞાનવરણીય કર્મ બંધાય છે, તે જ પ્રમાણે જ્ઞાનનો મત્સર કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. કોઈ સમર્થ વિદ્વાન્ અને મહાન્ જ્ઞાનીની ઇર્ષા કરવી, તેના વ્યાખ્યાનો, ભાષણો, ઉપદેશો ઇત્યાદિ દ્વારા જે કીર્તિ તેને મળતી હોય તેનો તિરસ્કાર કરવો, કોઈ ગ્રંથ પ્રકાશકે જ્ઞાનનો સારો, શોભિતો અને આકર્ષક ગ્રંથ બહાર પાડ્યો હોય, તો પણ ડાહ્યા ડમરા થઈને તે ગ્રંથ સારો અને શોભિતો થવા

માટે તેની ઇર્ષા કરવી; એ સઘળાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધવા પામે છે. (आश्रवो ज्ञानस्य ज्ञानवतां ज्ञानसाधनानां च प्रदोषो निह्नवो मात्सर्यमन्तराय आसादनं उपघात इति ज्ञानावरणाश्रवा भवन्ति । एतैर्हि ज्ञानावरणं कर्म बध्यते, एवमेव दर्शनावरणस्येति, तत्त्वा० भा० अ० ६सू० ११).

ત્રિતત્ત્વોની વિરાધનાથી તથા ઉપર જણાવ્યું તે દ્વારાએ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. આ સઘળાં કર્મો તોડવાં કેવી રીતે તેનો વિચાર કરજો. લાખની જગ્યાએ કોડી કશી જ વિસાતમાં નથી, તે જ પ્રમાણે આ સઘળાં કર્મોના પ્રચંડ ભાર નીચે દબાએલા આત્મા માટે દેવવંદન, ખમાસમણ અને વીશ નવકારવાળી એની તો કશી કિંમત જ નથી?

**ઉપવાસાદિ એકલાથી કાર્યસિદ્ધિ ન થાય.**

દેવવંદન, ખમાસમણ, નવકારવાળી એની કશી કિંમત જ નથી, એથી એમ ન સમજશો કે તે સઘળાં કરવાની જ જરૂર નથી. તે સઘળું આવશ્યક છે, પરંતુ મહિને વ્યાજનો જ હપ્તો હજાર રૂપિયાનો થતો હોય, તે માણસ વ્યાજમુદ્દલ પેટે પાંચ રૂપિયા ભરવા જાય તેનો જેમ કશો અર્થ નથી, તે જ પ્રમાણે અહીં ઉપરોક્ત કથનનો પણ હેતુ છે. હવે જે પ્રચંડ કર્મબંધનો ઊભાં છે તેની અપેક્ષાએ માત્ર જ્ઞાનપંચમીને દિવસે જ ડાહ્યા બની જઈએ, તે દિવસ માટે જ વ્રત, ઉપવાસ કરીએ અને બાકીનું કાંઈ ન કરીએ તો તેથી આપણો દહાડો વળવાનો નથી, તે યાદ રાખજો.

**કઈ તિથિ જ્ઞાનપંચમી?**

આપણે કાર્તિક માસની શુકલ પંચમીને જ્ઞાનપંચમી માનીને (श्रुतपञ्चमीकाऽऽराद्धाऽऽराद्धन्तोक्ततपोजपैः । भवि० अ० ९ श्लो० ४४) તેનો આદર કરીએ છીએ, તે દિવસે જ્ઞાનનાં પુસ્તકો બહાર કાઢીએ છીએ અને જ્ઞાન માંડીએ છીએ.

**ચંદરવાપુંઠીયાના શણગારથી કાર્ય નહિ થાય.**

ચંદરવાપુંઠીયા વગેરે બહાર જનતાના દર્શનાર્થે મૂકીએ છીએ, પરંતુ આ સઘળાની સાથે એક વસ્તુ તમારે ખાસ તપાસવાની છે. જ્ઞાન માંડનાર અને જ્ઞાનનું દર્શન કરનાર, એ સઘળાએ પોતાની કાર્યવાહી લક્ષમાં રાખવાની છે. એક તો એકલા ચંદરવાપુંઠીયા કાઢીને

તે ગ્રંથો સહુ બહાર મૂક્યાં અને તેના દર્શન કર્યાં એટલે જ તમે કાર્યની પૂર્ણ કક્ષાએ પહોંચી ગયા છો એમ માની લેશો નહિ. જ્ઞાનની પૂર્ણ આરાધના તો હજી બાકી જ છે. ચંદરવાપુંઠીયાની સુશોભિતતા અને ઉપયોગીતા સાથે તમારે અંદરના પુસ્તકોની પણ સંભાળ રાખવાની છે, તેવી દરકાર કેટલા રાખે છે અને કેવી રીતે રાખે છે તેનો વિચાર કરો !

**પુસ્તકોની રાખવી જોઈતી કાળજી.**

ચંદરવાપુંઠીયાની દરકાર સાથે અંદરના પુસ્તકોની પણ કાળજી રાખી તે સુધર્યાં છે કે બગડયાં છે, તે પણ તમારે જોવાની જરૂર છે. જે જ્ઞાનને પ્રતાપે જૈન શાસન ઉજ્જવલ છે, તે જ્ઞાનના પ્રતિબિંબ સમા ગ્રંથોની પૂરેપૂરી કાળજી તમારે રાખવાની છે.

**વરને ( જ્ઞાનને ) વિસરી જાઓ છો અને**
**જાનૈયા ( ચંદરવાદિ ) જમાડો છો !**

ગ્રંથો અને ચંદરવાપુંઠીયાની કાળજી સાથે એક ડગલું આગળ વધો. લગનને દહાડે તમારી ટેવ છે કે તમે વરરાજાને ભૂખે મારો છો અને સાથે આવેલા જાનૈયાઓ માલમલિદા ઝાપટી જાય છે. અહીં પણ તમે તે જ સ્થિતિનું દર્શન કરાવો છો. અહીં જ્ઞાન એ વર છે અને ચંદરવાપુંઠીયા એ તેના જાનૈયા છે. તમે જાનૈયાને જમાડો છો અને વરને વિસરી જાઓ છો ! ચંદરવાપુંઠીયાની સંભાળ લીધી, પરંતુ જ્ઞાનના ફેલાવા માટે તમે શું કર્યું ?

એથી એમ ન સમજશો કે ચંદરવાપુંઠીયા જોવાની જરૂર જ નથી અલબત્ત એની પૂરતી સંભાળ રાખવી, જૂની અને નષ્ટ થતી પ્રતોની નવી પ્રતો તૈયાર કરાવવી, જ્ઞાનના પુસ્તકોનો પ્રચાર કરવો, પુસ્તક પ્રચારની શાસનાનુકૂળ સઘળી પ્રવૃત્તિ કરવી એ ઇષ્ટ છે અને તે તમારી ફરજ પણ છે, પરંતુ એ સઘળો જાનૈયાને જમાડવાનો વ્યાપાર છે. વરરૂપી જ્ઞાનની સંભાળ પણ તમારે રાખવાની છે, તે તમે શી રીતે રાખો છો તે વિચારી જુઓ.

**જ્ઞાનનો ફેલાવો, ઉદ્ધાર અને વધારાના પ્રશ્નો.**

તમે જ્ઞાનના ફેલાવા માટે શું કર્યું ? જ્ઞાનનો ઉદ્ધાર કેટલો કર્યો ? જ્ઞાનમાં વધારો કેટલો કર્યો ? આ ત્રણ પ્રશ્ન વિચારો. પહેલાં તો

તમારે પોતે તમારો હિસાબ જોવાનો છે કે ગયા વર્ષમાં તમે નવું જ્ઞાન મેળવીને તમારા પોતાના આત્માને કેટલો સુધાર્યો, તેને કેટલો સંસ્કારી બનાવ્યો અને તેને મોક્ષની સમીપમાં કેટલે અંશે લઈ ગયા? અથવા તો તમે તમારા આત્માને કેટલે અંશે અજ્ઞાની બનીને બગડવા દીધો અથવા તમે કેટલા બગડયા? પછી તમારે આ વાત પણ વિચારવાની છે કે તમે જ્ઞાનનો ઉદ્ધાર કેટલો કર્યો? જ્ઞાનનો સમાજમાં પ્રચાર કરવા માટે તમે શું શું પ્રયત્નો કર્યા? તમારા શરીરની શક્તિનો કેટલામો ભાગ તમે જ્ઞાનોદ્ધારમાં વાપર્યો અને તમારી વાર્ષિક આવકનો કેટલામો ભાગ તમે જ્ઞાન પ્રચારમાં આપી દીધો?

વ્રતોપવાસાદિ સાથે તમે જ્યારે આ સઘળા પ્રશ્નો વિચારી જોશો અને તેને શાસ્ત્રદૃષ્ટિએ અમલમાં મૂકશો, ત્યારે જ તમે સાચી જ્ઞાનપંચમી ઉજવી એમ ગણાશે, તે સિવાય તમે જ્ઞાનપંચમી પૂરેપૂરી રીતે ઉજવી છે એવું તમે ન કહી શકો!

**હવે સરવૈયું તો ખેંચો.**

હવે આગળ વધો! દીવાળીમાં અમુક દિવસે તમે શારદાપૂજન કરો છો. બીજા બધા આર્યો કરતાં જૈન આર્યોને શારદાપૂજન સાથે વધારે સંબંધ છે, કારણ કે જૈનેતર આર્યોનો વ્યવસાય બધાનો જ વ્યાપાર રોજગાર ન હોવાથી તેમને ત્યાં નિયમિત શારદાપૂજન કરવામાં આવતું નથી, ત્યારે જૈનોનો સંબંધ માત્ર વ્યાપાર સાથે જ હોવાથી તેમને ત્યાં શારદાપૂજન વધારે નિયમિત રીતે થાય છે. એ શારદાપૂજનને દિવસે પૂજનમાં તમે જે દ્રવ્ય મૂકો છો, તે દ્રવ્યપૂજનની સમાપ્તિ થયા પછી તમે કયાં મૂકો છો, તેનો વિચાર કરો. એ દ્રવ્ય પાછું કોથળીમાં મૂકો છો કે શારદાની સેવામાં સમર્પણ કરી દો છો તે તપાસો.

**શારદાપૂજા કે લક્ષ્મીપૂજા**

શારદાપૂજનમાં મૂકેલું દ્રવ્ય તમે ધીમે રહીને કોથળીમાં સેરવી દો છો! ખરી રીતે શારદા પૂજનમાં મૂકેલા દ્રવ્યને કોથળીમાં સેરવી દેવાનો તમોને જરા ય અધિકાર નથી જ! શારદાપૂજનનું દ્રવ્ય એ તમારે શારદાની પૂજામાં જ વાપરવાની જરૂર છે. શારદાપૂજન વેળાએ તમે જે કાંઇ દ્રવ્ય પૂજનમાં વાપરો છો, તે દ્રવ્ય તમે જ્ઞાનખાતામાં લઈ જઈ શકો છો! તમારાથી જ્ઞાનપૂજામાં મૂકાએલું એ દ્રવ્ય કોથળીમાં

તો ન જ મૂકી શકાય ! એ તમારું દ્રવ્ય તમારે જ્ઞાનખાતામાં જ જ આપી દેવાની જરુર છે. જ્યાં સુધી તમે એ દ્રવ્ય જ્ઞાનખાતામાં ન વાપરો, ત્યાં સુધી તમારી એ શારદાપૂજા માની લેજો કે અધુરી છે !

**અન્યદર્શનના ધરાવવા જેવી તમારી સ્થિતિ.**

વૈષ્ણવો જેવી જ તમારી સ્થિતિ ન થવી જોઈએ, દેવોને નૈવેદ્ય થાળ, દ્રવ્ય ઇત્યાદિ ધરાવીને પછી ગોસ્વામીઓ તે લઈ લે છે. તેઓ એમ કહી શકે કે, "હે ભગવન્ ! આરતી ઉતારું, ઘંટ બજાઉં, તમને ધરાવું, તો હું શું ખાઉં !" પરંતુ એવી દશા તમારી ન જ હોઈ શકે એનો ખ્યાલ રાખજો. શારદાપૂજન વખતે તમે જે કાંઈ મૂકો છો તે તમારાથી કોથળીમાં ન જ મૂકી શકાય એનો ખ્યાલ રાખજો ! શારદા એટલે સરસ્વતી અર્થાત્ જ્ઞાન છે, તો પછી જ્ઞાનપૂજાને નામે બહાર નીકળેલું દ્રવ્ય તે જ્ઞાનખાતામાં જ જવું જોઈએ, તે પાછું કોથળીખાતામાં જઈ જ ન શકે, આ વાત તમો ધ્યાનપૂર્વક વિચારશો તો તમોને જણાઈ આવશે કે તમે જે કરો છો તે વ્યાજબી નથી.

**લક્ષ્ય લક્ષ્મીપૂજનમાં જ છે.**

ખરી વાત એ છે કે શારદાપૂજનને દિવસે નામ છે "શારદાપૂજન" પણ લક્ષ્ય છે લક્ષ્મીપૂજનનું ! તમે ધ્યેય લક્ષ્મીપૂજનનું રાખો છો અને શારદાપૂજન કરો છો માટે જ તમારી શારદાપૂજા સફળ થવા પામતી નથી- સરસ્વતી એ તો આર્યોની સામાન્ય દેવી છે. સરસ્વતી તો વૈદિક આર્યો પણ માને છે અને આપણે જૈન આર્યો પણ સરસ્વતીને માનીએ છીએ. દિગમ્બરો પણ માને છે. (**जयउ सुय देवदा श्रुतदेवताकी जय हो. महाबन्ध प्रस्तावना पृ० २३**). જૈનોને શારદાપૂજન સમ્યગ્જ્ઞાન માટે. જૈન આર્યોનું શારદાપૂજન એ સમ્યગ્જ્ઞાન શા માટે કહી શકાય છે કે તે વખતે તમે એનો આદર સત્કાર કરો છો. મુહૂર્ત વગેરે જોવડાવો છો અને ધર્માનુકૂળ થઈ ને એ કાર્ય કરો છો ત્યારે વિચાર કરો કે સમ્યગ્જ્ઞાનની પૂજા તેનીસંભાળ, તેનો પ્રચાર વગેરે શા માટે કરતા નથી ? વારુ ! તમે એમ સમજતા હશો કે 'અમે તો દેવવંદન કરીએ છીએ, નવકારવાળી ગણીએ છીએ એટલે હવે અમારે બીજું કાંઇ પણ કરવાપણું બાકી નથી', તો તેવી માન્યતા ધરાવનારાઓએ યાદ રાખવાની જરુર છે કે એ રીતે તમારી જ્ઞાનપૂજા અધુરી છે. તમારી કૈવલ્યરુપી મિલકતનું થએલું

હુકમનામું બજાવવા માટે બેલિફ તરીકે જ તમારા પચ્ચક્ખાણ અને બીજી ક્રિયાઓને સ્થાન છે, પરંતુ તમે ત્રિતત્ત્વોની વિરાધના, નિહ્નવ ઈત્યાદિ દ્વારા તમારું હુકમનામું ગીરે મૂક્યું છે; તે છોડાવવા માટે જ્ઞાનની સંપૂર્ણ આરાધના તમારે કરવાની બાકી જ છે, અને તે આરાધના રૂપે જ ત્રિતત્ત્વોની આરાધના સાથે તમે પોતે કેટલું જ્ઞાન પામ્યા, જ્ઞાનોત્તેજક કાર્યોમાં તમે તમારું ધન અને શરીર કેટલું વાપર્યું એ સઘળું તમારે જોવાનું છે. જ્ઞાનની આરાધનામાં આ બધા જ કાર્યોનો સમાવેશ થાય છે, એ સત્ય સમજવાનું છે.

"જ્ઞાન દશા જે આકરી......"

હવે એક વાત ઉપર તમારે ખાસ લક્ષ આપવાની જરૂર છે, તે વસ્તુ એ છે કે જૈન શાસન એ જ્ઞાનક્રિયાત્મક શાસન હોવા છતાં તેણે જ્ઞાનની આરાધના ઉપર જ આટલું બધું જોર કેમ આપ્યું છે? શાસનનો રથ એ કાંઈ એકલા જ્ઞાનના ચક્કર ઉપર જ ચાલનારો રથ નથી, પરંતુ તે જ્ઞાન અને ચારિત્ર એ બંને ચક્રો ઉપર ચાલનારો છે, તો પછી ચારિત્રને વધારે મહત્તા ન આપતાં જૈનશાસને જ્ઞાનને જ શા માટે આટલી બધી મહત્તા આપી છે વારૂ? જ્ઞાનને આટલું બધું મહત્ત્વ આપીને જ્ઞાનપંચમીને પર્વરૂપે સ્થાપન કરવાનું કારણ એ છે કે જ્ઞાન એ મોક્ષના અત્યંત સમીપવર્તી પ્રદેશમાં હોવા સાથે જ્ઞાનના અંશમાંથી ચારિત્રના ચક્રની ઉત્પત્તિ થાય છે. ચારિત્રના ચક્રમાંથી જ્ઞાનના ચક્રની ઉત્પત્તિ થવા પામતી નથી.

**જ્ઞાન પહેલું કેમ?**

જ્ઞાનના ચક્રમાંથી જ ચારિત્રના ચક્રની ઉત્પત્તિ થાય છે (सवणे णाणे य विण्णाणे पच्चक्खाणे य संजमे । अणण्हए तवे चेव वोदाणे अकिरिया सिद्धी ॥२१॥ भग० पृ. १४१, सवणे णाणे य विन्नाणे पच्चक्खाणे य संजमे । अणण्हते तवे चेव वोदाणे अकिरिय निव्वाणे ॥१॥ ठाणां० पृ० १८६, ज्ञानस्य फलं विरतिः, प्रशम० श्लो० ७२), તેથી જ જ્ઞાનને વિશેષ મહત્તા આપેલી જોવામાં આવે છે. શાસ્ત્રકારોએ તો સ્પષ્ટ રીતે કહી જ દીધું છે કે "જ્ઞાન દશા જે આકરી, તેહ ચરણ વિચારો" (सीम० विन० स्त० ढा० ३ गा० २४) એટલે કે જ્ઞાનની જે વિશુદ્ધ દશા છે તે જ ચારિત્ર દશા છે.

આથી એમ સમજવાનું નથી કે ચારિત્રની કાંઈ મહત્તા જ નથી, અને સઘળી મહત્તા જ્ઞાનની જ છે. જ્ઞાન ગમે એટલું હોય તો પણ જો ચારિત્ર નથી હોતું, તો ત્યાં મોક્ષની પ્રાપ્તિ નથી, એ સ્પષ્ટ છે ( जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स । एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सोग्गईण ॥१॥ आव० नि० गा० १००) છતાં જ્ઞાન અંશમાંથી ચારિત્ર જન્મ પામતું હોવાથી ચારિત્ર પંચમીનું પર્વ ન રાખતાં જ્ઞાનપંચમીનું જ પર્વ રાખવામાં આવ્યું છે.

**જ્ઞાનથી ચારિત્રની ઉત્પત્તિ.**

શાસ્ત્રકાર મહારાજા સ્પષ્ટ રીતે કહે છે કે 'पढमं नाणं तओ दया (द० अ० ४). અર્થાત્ પહેલું જ્ઞાન થાય છે અને જ્ઞાન થયા પછી દયા (સંજમ) એટલે ચારિત્રની પ્રાપ્તિ છે. "पढमं नाणं तओ दया" એમાં तओ કડી વાકયનો ભેદ પાડયો છે. એ ભેદ શાસ્ત્રકારોએ શા માટે પાડયો છે, તે તમારે ખૂબ ધ્યાન રાખીને વિચારવાનું છે. આ વાકયભેદ કાંઈ અમથો પાડી દેવામાં આવ્યો જ નથી. શાસ્ત્રકારોએ અહીં વાકયભેદ ન પાડયો હોત તો તેઓ એમ પણ કહી શકત કે, 'જ્ઞાન લાભ થાય એટલે દયાનો લાભ થાય नाणाओ दया' એવું એક વાકય અહીં કહી શકત, પરંતુ તેવું ન કહેતાં શાસ્ત્રકારો અહીં વાકય-ભેદ પાડે છે, અને બે વાકયો કહે છે એમાં જરૂર કાંઇ ભેદ રહેલો હોવો જ જોઇએ.

**पढमं नाणंનું ગૂઢ તત્ત્વ.**

અહીં કાંઇપણ ગૂઢ તત્ત્વ હોવું જ જોઇએ. એ ગૂઢ તત્ત્વ એ છે કે જ્ઞાન અને ચારિત્ર એ બંનેમાં જ્ઞાનનું ચક્ર પહેલું ગણાવ્યું છે, અને તેની જરૂરિયાત પહેલી માની છે. એ ચક્રમાંથી જ ચારિત્રના ચક્રની ઉત્પત્તિ થતી હોવાથી અહીં ચારિત્ર કરતાં જ્ઞાનને પહેલું લેવામાં આવ્યું છે, અને તેને લગતું વાકય આગળ મૂકવામાં આવ્યું છે. આ રીતે અહીં ચારિત્ર ચક્રની પહેલાં જ્ઞાનચક્રની આવશ્યકતા જ દર્શાવી છે.

હવે "एवं चिट्ठइ सव्वसंजए (द०अ० ४)" એ બીજું વાકય શા માટે કહેવામાં આવ્યું છે તેનો વિચાર કરો. જો ચારિત્રચક્રની મુખ્યતા ન હોત તો અત્રે એકલું પહેલું વાકય જ બસ હતું "एवं चिट्ठइ

सव्वसंजये" એ વાક્યની અહીં કાંઇ જરૂર જ ન હતી, એ વાક્ય અસંગત અને અપ્રકરણી જ લેખાત; પરંતુ આગલું વાક્ય જૂદું કરી દયાની (ચારિત્રની) મુખ્યતા કરી છે, તેથી જ ત્રીજું વાક્ય વ્યાજબી ઠરે છે. હવે એનો વિચાર કરો કે "अन्नाणी किं काही" (द० गा० ४२) અજ્ઞાનને શાસ્ત્રકારોએ ખરાબ શા માટે કહ્યું છે, અને જ્ઞાન સારૂં શા માટે જણાવ્યું છે?

**જ્ઞાન સારૂં કેમ ?**

જ્ઞાનને સારૂં કહીએ છીએ અને અજ્ઞાનને ખરાબ કહીએ છીએ, પરંતુ અજ્ઞાન ખરાબ શા માટે છે અને જ્ઞાન સારૂં શા માટે છે, તેનો વિચાર કરો. અજ્ઞાન એ અજ્ઞાન તરીકે ખરાબ નથી. તે જ પ્રમાણે જ્ઞાન એ જ્ઞાન તરીકે પણ સારૂં નથી, પરંતુ જ્ઞાન આત્માનું કલ્યાણ કરી શકે છે (द० गा० ४४, ५३, ५४), માટે તે સારૂં છે અને અજ્ઞાન આત્માનું કલ્યાણ કરી શકતું નથી, તે માટે જ તે નઠારૂં અથવા ખરાબ છે.

ખરી રીતે કહીએ તો જે આત્માનું હિત કરી શકે છે તે જ જ્ઞાન છે અને જે આત્માનું અહિત કરે છે તે જ અજ્ઞાન છે. આ જ હેતુથી આચાર્યદેવ શ્રીશય્યંભવસૂરીશ્વરજી મહારાજ અજ્ઞાનને ખરાબ મનાવે છે અને તેમણે 'अन्नाणी किं काही' એ વાક્ય લખ્યું છે. અર્થાત્ અજ્ઞાન આત્માના હિતનું કાર્ય કરવા દેતું નથી, માટે તે ખરાબ છે. જ્યારે જ્ઞાન આત્માના હિતનું કાર્ય કરવા દે છે માટે તે સારૂં છે.

**ચૌદપૂર્વીના પ્રશ્ન**

ચૌદપૂર્વી શ્રુતકેવળીઓને તો કાંઈ પ્રશ્ન કરવાપણું હોતું જ નથી. તેઓ ત્રણે કાળને અને સઘળા પદાર્થોને તેના પર્યાયો સહિત જાણે છે, પરંતુ તે છતાં તેઓ પ્રશ્ન કરે છે તેનું કારણ શું તે વિચારો. એ જ કારણથી તેઓ પ્રશ્ન કરે છે કે જેથી જ્ઞાનની મહત્તા જણાય છે. અને બીજાઓ પણ જ્ઞાન પામી શકે છે.

**અજ્ઞાન ખરાબ કેમ ?**

જ્ઞાનને સારૂં ગણ્યું છે અને અજ્ઞાનને ખરાબ ગણ્યું છે. અજ્ઞાની દયા (ચરણ) કરતો નથી, માટે અજ્ઞાન ખરાબ ગણવામાં આવ્યું છે.

અજ્ઞાનીની ક્રિયા ફળમાં શૂન્યરૂપે છે. અજ્ઞાની ક્રિયા કરે છે પરંતુ તેની ક્રિયા અહેતુકત્વે છે. જ્ઞાનીની ક્રિયામાં મોક્ષનો હેતુ રહેલો છે, ત્યારે અજ્ઞાનીની ક્રિયામાં હેતુ જ નથી. અથવા હેતુ હોય તોપણ તે પૌદ્ગલિકતાનો છે, તેથી જ અજ્ઞાની દયા કરી શકતો નથી. આ જ કારણથી અજ્ઞાનને ખરાબ ગણવામાં આવ્યું છે, અર્થાત્ કે અજ્ઞાની, તેના અજ્ઞાનને લીધે દયા નથી કરી શકતો, માટે જ અજ્ઞાન ખરાબ છે અજ્ઞાનથી પ્રેરાયેલો આત્મકલ્યાણનાં કાર્યો પણ ન જ કરી શકે.

સંવર, નિર્જરા, આશ્રવ, બંધ એમાંનું કાંઇ પણ અજ્ઞાની સમજતો નથી; તે બિચારો આ વસ્તુઓને સમજી ન શકે, તો પછી તે તેને આચરણમાં તો ઉતારી જ ક્યાંથી શકવાનો હતો વારૂ ? ચારિત્ર વગરનો હોય અને જ્ઞાનને માર્ગે ન આવેલો હોય તે દયા પણ ન જ કરી શકે, અજ્ઞાની સર્વસંયત એટલે સર્વવિરતિને સમજી શકતો નથી, અને તે ન સમજી શકવામાં તેને કારણભૂત અજ્ઞાન છે, માટે જ અજ્ઞાનને ખરાબ માનવામાં આવ્યું છે.

### જ્ઞાન માટે જ્ઞાનપંચમી

જ્ઞાનની કેટલી મહત્તા છે તે આથી સિદ્ધ થાય છે. જ્ઞાન એ આત્મકલ્યાણને સાધનારૂં છે; તે સર્વસંયતને સમજી શકે છે, અને દયા કરી શકે છે, એને જ અંગે જ્ઞાનની મહત્તા છે અને તેથી જ શાસ્ત્રમાં ચારિત્રચોથ કે દર્શનદશમ જેવાં પર્વો ન રાખતાં જ્ઞાનપંચમીનું જ પર્વ રાખ્યું છે.

### શ્રીમહાનિશીથ સૂત્રમાં જ્ઞાનપંચમી.

હવે કોઇ એવો પ્રશ્ન કરશે કે કર્મનો બંધ તો પાંચે જ્ઞાનથી મટી જનારો છે, તો પછી પાંચે જ્ઞાનની આરાધના માટે જ્ઞાનપંચમી ન રાખતાં શ્રુતજ્ઞાનની આરાધના માટે જ પંમમીનું મહાપર્વ કેમ ઠરાવવામાં આવ્યું છે? આવી શંકા કરવી એ સર્વથા અર્થ વિનાનું કાર્ય છે. "જ્ઞાનપંચમી"ને આપણે મુખ્યતાએ 'જ્ઞાનપંચમી' જ કહીએ છીએ. "મહાનિશીથ સૂત્ર" માં (અ૦ ૭ સૂ૦) પણ જ્ઞાનપંચમીને "જ્ઞાનપંચમી" જ કહેવામાં આવી છે.

**શ્રુત જ્ઞાનની મહત્તા.**

જ્ઞાનપંચમીને શ્રુતપંચમી (श्रुतपञ्चमीकाऽऽराद्धाऽऽराद्धान्तोक्ततपो जपैः । भविष्य० पृ० ६६ श्लो० ४४) કહેવામાં આવે છે તેનું કારણ એટલું જ છે કે એક દૃષ્ટિએ શ્રુતજ્ઞાન સઘળા જ્ઞાનનું સર્વોપરી જ્ઞાન છે. પાંચે જ્ઞાનનો પ્રકાશ શ્રુતજ્ઞાનથી જ થાય છે, માટે જ જ્ઞાનપંચમીનો શ્રુતપંચમી તરીકે પણ ઉલ્લેખ કરી શકાય છે. *ભાષ્યકાર મહારાજા શ્રીમાન્ જિનભદ્રગણીક્ષમાશ્રમણજીએ કહ્યું છે કે "અર્થાત્ શ્રુત જ્ઞાન એ એક જ એવું જ્ઞાન છે કે જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચે જ્ઞાનને જાણી શકાય છે (लो मइनाणाईणं कयरस्स,? सुयस्स, जं न सेसाइं होंति पराहीणाइ न य परबोहे समत्थाइं ॥८३८॥ पायण पराहीणं दीवोव्व परप्पबोहयं जं च । सुयनाणं तेण परप्पबोहणत्थं तदणुओगो ॥ ८३९ वि. आ०), અને તેનો જગતમાં પ્રકાશ કરી શકે છે. સઘળા જ્ઞાનોના સ્વરૂપને જાણનારૂં શ્રુતજ્ઞાન હોવાથી જ જ્ઞાનપંચમી એ શ્રુતપંચમી પણ કહેવાય છે. તમે એવી પણ શંકા કરી શકશો કે શ્રુતજ્ઞાનની જ આટલી બધી મહત્તા છે, તો પછી એ પંચમીને એકલી જ્ઞાનપંચમી કિંવા શ્રુતપંચમી ન કહેતાં "શ્રુતજ્ઞાનપંચમી" કહેવામાં કેમ નથી આવતી ?

આવા પ્રશ્નોના ઉત્તરો તો સ્પષ્ટ રીતે વ્યવહારમાં પણ સમાએલા છે. ટૂંકી પુંજીવાળાને આપણે ટૂંક ભંડોળીયા કહીએ છીએ, એ શબ્દો ભલે સાચા અર્થનો પ્રકાશક હોય; તે છતાં તે એક રીતે નહિ ઇચ્છવા જોગ શબ્દ છે, અને તેથી સભ્યતા તરીકે તેવા શબ્દો વાપરવાથી દૂર રહેવું એમાં કાંઈ ખોટું નથી. તે જ પ્રમાણે શ્રુતપંચમીને શ્રુતજ્ઞાનપંચમી કહેવું એ પણ બહુ ઇચ્છવા યોગ્ય નથી !

---

*मतिश्रुतावधिज्ञानमनः पर्यायकेवलैः । भेदा ज्ञानस्य पञ्चैते मान्या मनीषिसत्तमैः ॥१॥ ज्ञानं सर्वमतैर्मतं गुणतया ग्राह्यं तथैतन्मतं, दाता तद्गुर आदिमो गुणवतां नम्यः सदा सत्तमैः । आराध्यश्च सुसेवनीयचरणो नाशातनीयः सदा, वण्यः सद्गुणवर्णनेन विदुषां वार्या च निन्दाबुधैः ॥२॥ गणधरा गुणगौरवशालिनो, दधुरखंडमतिश्रुतसंपदं । मतिपदं श्रुपतस्थिर

**જ્ઞાન માટે પંચમી જ કેમ ?**

હવે જ્ઞાન માટે પંચમી જ કેમ ? જ્ઞાનપંચમી ક્યારે માનવી યોગ્ય છે ? કાર્તિક માસમાં કે જેઠ માસમાં ? અને જ્ઞાનની આરાધના માટે પર્વ તરીકે પંચમી જ કેમ માનવી ? સાતમ, આઠમ કે પુનમ એને માટે કેમ યોગ્ય નથી માની તેનો વિચારો કરો. જ્ઞાન પાંચ પ્રકારનાં છે, તેથી જ જ્ઞાનની આરાધના માટે પંચમીનો દિવસ ઠરાવાએલો છે. એમાં જ મહત્તા અને બુદ્ધિપૂર્વકતા રહેલી છે.

**દિગંબરોની જ્ઞાનપંચમી-**

આપણે કાર્તિક માસમાં પંચમીનું પર્વ કરીએ છીએ. ત્યારે દિગંબરો જેઠ મહિનામાં જ્ઞાનપંચમી કરે છે ? (ज्येष्टसितपक्षपञ्चम्यां, चातुर्वर्ण्यसंघसमवेतः। तत्पुस्तकोपकरणैर्व्यधात् क्रियापूर्वकं पूजाम ॥१८३॥ श्रुतपंचमीति तेन प्रख्यातिं तिथिरियं परामाप । अद्यापि येन तस्यां श्रुतपूजां कुर्वते जनाः ॥ १८४ ॥ इन्द्रनंदिकृतश्रुतावतार ॥ આ લોકો આ જ્ઞાનપંચમી કરવાનું જે કારણ બતાવે છે તે ખરેખર વિચારવા જેવું છે. તેઓ કહે છે કે તેમના સંપ્રદાયમાં પુષ્પદંત અને ભૂતબલી નામના બે સાધુઓ થઈ ગયા હતા. (अहिबल्लि माघनंदि य धरसेणं पुप्फयंत भूदबली ॥१६॥ दिगं०पट्टवली, भूदबलियाइदियां सुत्तमाह, धवलाटीका दिग० पट्टा वली, भूदबलिया इदियो सुत्तमाह धवलाटीका वीरसेन०). તેમણે કોઈ ગ્રંથ બનાવ્યો તે ગ્રંથ તેમણે જેઠ શુદ પાંચમને દિવસે પૂર્ણ કર્યો હતો, માટે તે દિવસને દિગંબરોએ જ્ઞાન-પંચમી તરીકે પર્વ ગણીને પળાવવા માંડયો છે. આ ભાઈઓને આપણે વ્યાજબી રીતે એમ પૂછી શકીએ છીએ કેઃ "મહાનુભાવ ! ઉપરોક્ત નામના સાધુએ ગ્રંથ રચ્યો, તેની પૂર્ણાહુતિ થઇ તે દિવસને તમે

ईश्वर, प्रकटकेवलमुत्तममानतः ॥३॥ विदितवस्तु विवेचनतत्परा, जगति दृश्यत विज्ञपरंपरा। परमतानि ततो ह्रिकमानगं, प्रणिगदन्ति तदक्षसमाश्रित ॥४॥ निखिलवेदनवित्तजगत्त्रया, जिनवरा जगुरात्मजमक्षग। परनिमित्तमिहास्ति न किंचन, न हि वदेदिदमात्मानि निष्ठुरः ॥५॥ बोधो भविनामक्षसमुत्थो नो यावदतीन्द्रियात्, वेत्तु विबुधास्तेऽप्यपरज्ञाः कायोत्थविद्याश्रिताः। जीवो मुक्तः स्पर्शनयुक्तस्तन्मात्रविदीश्वरो, जात्याकृतितो भ्रमनिषेधो नो यावत्तु बहिर्गतः ॥६॥

જ્ઞાનપંચમી કહો છો, અને તે દિવસે ચતુર્વિધ સંઘે મહોત્સવ કર્યો, માટે તેને જ્ઞાનપંચમી કહો છો, તો પછી ભગવાન્ શ્રીગૌતમસ્વામીના જ્ઞાનનું પર્વ તમે શું રાખ્યું છે?" આ પ્રશ્નનો તેમની પાસે કશો જ જવાબ નથી.

**દિગંબરોને પ્રશ્નો.**

ગણધર ભગવાન્ શ્રીગૌતમસ્વામીના જ્ઞાનનું પર્વ તેઓ ઉજવતા નથી અને કોઈ બે સાધારણ સાધુઓ, તેમના જ્ઞાનનું પર્વ પાળે છે!

બીજી વાત એ છે કે ગૌતમસ્વામીના જ્ઞાનનું પર્વ નથી રાખ્યું તેનું કારણ શું ? અને કોઈ બે સાધુઓએ ગ્રંથ પૂરો કર્યો ત્યારથી જ પર્વનો આરંભ કરી દીધો તેનું કારણ શું ?

આ સઘળા પ્રશ્નોના કાંઈ જવાબો તેમની પાસે નથી

**દિગંબરોની વાત વિશ્વાસનીય નથી,**

કોર્ટમાં તમારે ચોપડા રજુ કરવાના હોય, તો ચોપડા અસલ હોવા જોઇએ. તે બનાવટી અથવા બે દિવસના તાજા લખેલા હોય, તો તેના ઉપર કોર્ટ વિશ્વાસ રાખતી નથી, કારણ કે તે લખાણ નવું છે. આ જ પ્રકારે દિગંબરોની વાતો પણ વિશ્વાસનીય નથી ! શ્રીજિનેશ્વર મહારાજાઓ અને ગણધર ભગવાનો, તેમના જ્ઞાનનું એમને ત્યાં કાંઇ લાગતું વળગતું નથી ! તેમના જ્ઞાનના સ્મારકના સંભારણાનું તેમણે એક પર્વ પણ રાખ્યું નથી, પરંતુ ચાર દિવસ ઉપર થઇ ગએલા નવા સાધુઓના જ્ઞાનનું પર્વ તેમણે પકડી રાખ્યું છે. કોર્ટની દૃષ્ટિએ દિગંબરોના ચોપડા નવા લખાએલા છે અને તેથી તે વિશ્વાસપાત્ર ઠરતા નથી. દિગંબરોને ત્યાં આ રીતે ભગવાન શ્રીજિનેશ્વરોનું કાંઈ લાગતું વળગતું નથી. ગણધર મહારાજો સાથે કાંઇ સંબંધ નથી, પરંતુ પુષ્પદંત, ભૂતબલી સાથે એમનો સંબંધ છે !

**દિગંબરોને કોનું શાસન ?**

દિગંબરોનું શાસન એ ભગવાન્ શ્રીજિનેશ્વરોનું શાસન છે કે પુષ્પદંત ભૂતબલીનું શાસન છે ? તેનો વિચાર કરો ! વળી પુષ્પદંત, ભૂતબલીએ ગ્રંથ રચ્યો અને તે પૂર્ણ થયો, તે જ દિવસથી તેમણે પર્વ ઉજવવા માંડ્યું કે પર્વનો મહોત્સવ પાછળથી શરૂ કર્યો તે બીજો પ્રશ્ન છે.

## દિગંબર શાખામાં ગ્રંથો જ ન હતા

પુષ્પદંત ભૂતબલીએ ગ્રંથ રચ્યો. એ દિગંબરોના જાણવામાં કેવી રીતે આવ્યું છે એનો પણ તેમની પાસે કાંઈ જવાબ નથી! ગણધર મહારાજાઓએ આગમોની રચના કરી એ વાતો તો સર્વને સાધારણ રીતે જાણવામાં આવી હતી, કારણ કે ગણધરમહારાજાઓ જ્યારે દીક્ષા લે છે, ત્યારે સમવસરણ હોય છે, ઇન્દ્રો હોય છે, વાસક્ષેપ કરાય છે. પૂર્વો હોય છે; (जदा य गणहरा सव्वे पव्वजिता ताहे किर एगनिसेज्जाए एगारस अंगाणि चोद्दसहिं चोद्दस पुव्वाणि. एवं ता भगवता अत्थो कहितो, ताहे भगवंतो एगपासे सुत्तं करेंति, तं अक्खरेहिं पदेहिं वंजणेहिं समं, पच्छा सामी जस्स जत्तिओ गणो तस्स तत्तियं अणुजाणति, पत्तो तित्थं होहितित्ति । आव० चू० पृ० ३३७) આ સઘળાથી ભગવાન્ શ્રી ગણધરદેવોની પ્રતિભા અને કીર્તિ માલુમ પડે છે; પરંતુ પુષ્પદંતે ગ્રંથ તૈયાર કરી દીધો એની દિગંબર સમાજને ખબર કેવી રીતે પડી હશે તે શંકાનો ઉત્તર જોઈએ છે! ખરી વાત એ છે કે દિગંબર શાખામાં ગ્રંથો જ ન હતા.

ગ્રંથ વિના શાસનનું સંચાલન શક્ય જ નથી, એટલે તેઓ અકળાઈ ઊઠયા હતા અને કોઈ પણ પ્રકારે ગ્રંથોત્પત્તિ ચાહતા હતા! ત્યાં આ બે પુષ્પદંત, ભૂતબલી નીકળી આવ્યા, અને તેમણે ચોપડાં લખી આપ્યાં એટલે સંઘ ઉત્સવ કર્યો,

## સંતાન વગરનાને છોકરાની જેમ દિગંબરોને બે બલીનો ગ્રંથ.

સાધારણ રીતે વ્યવહાર દૃષ્ટિએ પણ સંતાન વિનાના માબાપોને એકાએક છોકરો જન્મે છે, ત્યારે આનંદ આનંદ થઈ રહે છે અને સઘળે હર્ષનાં મંગળ ગીતો ગવાય છે, તે જ પ્રમાણે અહીં પણ બનેલું માલૂમ પડે છે. એક તો શાસ્ત્રો જ નહિ તેમાં આ બે સાધુઓએ શાસ્ત્રો બનાવી આપ્યાં, એટલે સમાજે તેના જ્ઞાનને વધાવી લીધું છે, અને તેનો ઉત્સવ પણ આદરી દીધો! પરંતુ આ ધમાલમાં જિનેશ્વર ભગવાનો જે કાંઈ કહી ગએલા છે, તે બાજુએ રહી ગયું છે અને શાસ્ત્રોમાં નવું જ તુત દાખલ થઈ ગયું છે, તેનો વિચાર સરખો

કરવાની કોઇએ તરદી લીધી જ નથી! આગમોના અસ્તિત્વ વિના સમાજમાં કેવી ગરબડ અને રખડના થાય છે, તે સમજવાને માટે આ એક સારામાં સારો ઐતિહાસિક પ્રસંગ છે અને તે ઐતિહાસિક પ્રસંગ આજના કહેવાતા સુધારકોએ પણ આગમોની આવશ્યકતા સમજવા માટે ખ્યાલમાં લેવો જરૂરી છે.

**દિગંબરોને પહેલાં શાસ્ત્રો હતાં કે નહિ ?**

દિગંબર જૈનો જ્ઞાનપંચમીના ઉત્સવવેળાએ તે પુસ્તકનો વરઘોડો કાઢે છે. એ વસ્તુનો ખાસ વિચાર ન કરીએ તો પણ એવો પ્રશ્ન તો સ્વાભાવિક રીતે જ જન્મે છે કે સઘળા જ્ઞાનમાત્રની આરાધનાનો આ ઉત્સવ છે, તો પછી તે સઘળું મૂકીને પુષ્પદંત, ભૂતબલીએ રચેલા માત્ર એક જ પુસ્તકને સ્વીકારી લેવું અને એ એક જ શાસ્ત્રના રચનારાના માનમાં ઉત્સવ પણ યોજી દેવો એ શું વાસ્તવિક છે?

કોઈ પણ સજ્જન એ વાત તો સ્વીકારવા તૈયાર જ નથી થવાનો કે સઘળા જ્ઞાનનો ઉત્સવ કરવાનું તજી દઇને તેમ જ ગણધર ભગવાન વગેરેના ચૌદ પૂર્વોનો મહોત્સવ તજી દઈને, અને બીજા આચાર્યોના ગ્રન્થોનો મહોત્સવ તજી દઇને અથવા તેમના ઉત્સવો ન કરીને બે સાધુઓનો જ કરવો! વળી સઘળા જ્ઞાનને ઉઠાવીને એક જ શાસ્ત્રમાં બેસી જવું એ પણ વિચારવા જેવું છે. બીજો પ્રશ્ન એ છે કે પુષ્પદંત ભૂતબલી તો લગભગ વીરથી ૧૦મા સૈકામાં થયા હતા, ત્યારે શું તે પહેલાં દિગંબરોના શાસ્ત્રો હતાં કે નહિ? આ સઘળા સવાલો એવા છે કે જેનો કોઈ જવાબ જ નથી!!

વૈશાખ શુદ ૧૧ એ પણ જ્ઞાનની આરાધનાનો દિવસ છે, કારણ કે વૈશાખ શુદ ૧૦મે ભગવાનને જ્ઞાન ઉત્પન્ન થયું અને અગ્યારસે તીર્થસ્થાપના થઈ છે. પરંતુ પાંચે જ્ઞાનની બહુમાનપૂર્વક આરાધના કરવાને માટે તો શાસ્ત્રોએ યોજેલો કાર્તિક શુદ પંચમીનો દિવસ એ જ વધારે યોગ્ય અને અનુકૂળ છે.

**જ્ઞાનપંચમી માટે કાર્તિક માસ કેમ ?**

હવે જ્ઞાનનો મહોત્સવ કરવા માટે કાર્તિક માસની જ પંચમીનો દિવસ કેમ વ્યાજબી માન્યો છે તેનો વિચાર કરો. આગળ વારંવાર કહેવામાં આવ્યું છે કે જ્ઞાનના પાંચ પ્રકારો છે, તે માટે જ પંચમીનો

દિવસ પર્વ તરીકે રાખ્યો છે. આ વાત ઠીક છે. પરંતુ કાર્તિક શુદ પાંચમને બદલે માગશર, પોષ કિંવા મહા માસમાં આ પર્વ રાખવામાં આવ્યું હોત તો તેથી શું ગેરલાભ થાત? અનુકૂળતાની દૃષ્ટિએ કાર્તિક માસ જેવો જ્ઞાનની આરાધનાને માટે બીજો કોઈ મહિનો નથી.

બીજો મહિનો ન હોવાનું કારણ ધ્યાનપૂર્વક સમજવા અને સાંભળવા જેવું છે!

**જ્ઞાનની આરાધના માટે કાર્તિક માસ.**

જ્ઞાનની આરાધના એટલે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો, એ ત્રણેની ભક્તિ તેને જ્ઞાનની આરાધના કહે છે. હવે પોષ કે વૈશાખ માસમાં તમે જ્ઞાનીને ક્યાં શોધવા જશો તેનો વિચાર કરો. સાધુઓની સ્થિરતા કાર્તિક માસ સુધી જ હોય છે. અને જ્ઞાનીઓની કાર્તિક માસમાં સ્થિરતા હોવાથી જ્ઞાની સાધુઓની આરાધના માટે કાર્તિક માસ સૌથી વધારે અનુકૂળ છે. ચાતુર્માસ પૂરો થયા પછી સાધુ-મહારાજાઓની સ્થિરતા હોતી નથી અને તેની આરાધના કરવાનું પણ દરેકને માટે અનુકૂળ થઈ પડતું નથી. કાર્તિક માસમાં સાધુઓની સ્થિરતા હોય છે. પ્રકૃતિનાં તોફાનો સમી ગએલાં હોય છે, એટલે જે ગામમાં જ્ઞાનીઓ હોય તે ગામના લોકોને તો આરાધના માટે યોગ્ય તક મળે જ છે. એટલું જ નહિ પણ જેમને જ્ઞાનની આરાધના કરવી જ છે, તેઓ પણ અનુકૂળ પડે તે સ્થળે જઈ જ્ઞાનની આરાધના કરી શકે છે. આ રીતે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનું સાધન એ ત્રણેના આરાધન માટે કાર્તિક માસ; અને જ્ઞાન પાંચ હોવાથી પંચમી; એ જ દિવસ જ્ઞાનપંચમી થવાને માટે પૂરી રીતે લાયક છે.

**જ્ઞાનની મહત્તા**

જ્ઞાનની મહત્તા સર્વશ્રેષ્ઠ, સર્વોત્કૃષ્ટ અને સર્વોપરી હોવાથી જ જ્ઞાનની આ મહત્તા જૈન દર્શનમાં સ્વીકારવામાં આવી છે. તત્ત્વદર્શનમાં જ્ઞાન દીપક સમાન છે. બીજા અનેક તત્ત્વોમાં જ્ઞાન તત્ત્વ સુંદર છે અને પ્રકાશ સમાન બળવાન છે. આ ભયંકર ભવ સંસારને તરવાને માટે જ્ઞાન એ અત્યંત ઉપયોગી નૌકા છે અને તેથી જ જ્ઞાનની મહત્તા વધારે છે. નિવૃત્તિરૂપ ચારિત્ર, પ્રવૃત્તિરૂપ ચારિત્ર, દાન, ક્રિયા આદી પ્રવૃત્તિઓ ક્ષાયિકતાને અર્પણ કરનારી છે, છતાં તે સઘળી

પ્રવૃત્તિઓનો છેવટે ત્યાગ કરવો જ પડે છે. એકલો જ્ઞાનગુણ જ એવો છે કે અંત સુધી તેનો ત્યાગ કરવો પડતો જ નથી, પરંતુ તે સાથેનું સાથે જ રહે છે. ભવનો જ્યાં અંત છે એવા સિદ્ધપણામાં પણ જ્ઞાનનો પ્રકાશ કાયમ રહે છે. સિદ્ધપણાને પ્રાપ્ત કરેલા આત્માઓ પણ જ્ઞાનનો ત્યાગ કરતા નથી, એથી સમજાય છે કે જ્ઞાન એ મોક્ષરૂપી મહાલયનો કીર્તિવંતો શણગાર છે.

વૈશેષિકો, નૈયાયિકો, બૌદ્ધો એ સઘળા મોક્ષ અને જ્ઞાન બંનેને માને છે. બીજા સંખ્યાબંધ આર્યતત્ત્વજ્ઞો કે જેઓ જૈન દર્શનને માનતા નથી, તેઓ પણ જ્ઞાન અને મોક્ષને સ્વીકારે છે, પરંતુ તેમના અને જૈનોના મોક્ષમાં ફેર એટલો જ છે કે તેમનું મોક્ષ સ્થાન એ પાંજરાપોળ જેવું છે. આત્મા ભવતાપથી ઘરડો થએલો, થાકેલો, કાંઈ ન જાણી શકે, ન સમજી શકે, એવી દશામાં અમુક સ્થાને પડી રહેતો હોય; તો પછી એ સ્થાનમાં અને ખોડાં ઢોરોની પાંજરાપોળમાં કાંઈ પણ તફાવત રહેવા પામતો જ નથી, મોક્ષમાં પણ ચેતના રહે છે, એવું તેઓ માનતા નથી.

જૈન શાસન તો સ્પષ્ટ કહે છે કે મોક્ષમાં પણ ચેતના અખંડ રીતે રહે છે. ખોડાં ઢોરો જ્યારે શક્તિહીન થાય છે, ત્યારે તેમને તેમના ધણીઓ પાંજરાપોળને હવાલે કરે છે. તેવી રીતે તેમનો માનેલો મોક્ષ જ્ઞાન રહિત આત્માઓનો સંઘ છે. અજૈનો કહે છે તેમ મોક્ષમાં જ્ઞાનરહિત પણ રહેતો હોય તો તો આવા મોક્ષને મોક્ષ ન કહેતાં પાંજળપોળ કહીએ, તો તેમાં જરા પણ અતિશયોક્તિ કરવા જેવું નથી. જૈનોના મોક્ષમાં અને જૈનેતરોના મોક્ષમાં જે મોટો તફાવત રહેલો છે તે અહીં જ રહેલો છે.

સર્વજ્ઞ ભગવાનોએ જ્ઞાન પામીને તે જ્ઞાન વડે સિદ્ધ ભગવાનોનાં દર્શન કર્યાં છે અને તેમણે જગતને સિદ્ધ ભગવાનોની માહિતી આપી છે. સર્વજ્ઞ ભગવાનો જણાવે છે કે એ સિદ્ધો સદા, સર્વદા જ્ઞાનગુણ દ્વારા પ્રકાશતા હોય છે અને જ્ઞાનગુણ વડે જ તેઓ જે કાંઇ થયું છે, થાય છે અને થશે તે સઘળાને જાણે છે. આ રીતે મોક્ષને સ્થાને પણ જ્યારે બીજા ગુણો છૂટી જાય છે, ત્યારે જ્ઞાનગુણ એ એક જ

ગુણ એવો છે કે જે અનંતકાળ સુધી કાયમ છે. આત્મા જેમ અનાદિ છે, તેમ જ્ઞાન ગુણ પણ અનાદિ છે અને તે જ્ઞાન અનંતકાળ સુધી રહે છે. (ભવ૦ ભા૦ ગા૦૯૦૨ થી ૯૦૭)

આ ધાર્મિક જ્ઞાનનો અને આજના પૈશાચિક જ્ઞાનનો કોઇએ સંબંધ જોડવાનો નથી. જે જ્ઞાન સંસારના બંધનોને વધારે છે, સંસારના પાપતાપને વિસ્તારે છે, દુર્ગતિને માર્ગે આત્માને ધકેલીને તેને પુદ્ગલોના શૃંગો પર પણ બિરાજતો કરે તેવા જ્ઞાનને જૈન શાસન જ્ઞાન કહેતું જ નથી. એ જ્ઞાન તો મહાભયંકર અજ્ઞાન છે. જે જ્ઞાન મોક્ષ અપાવે તે જ્ઞાન છે. આ જ્ઞાનની, આવા જ્ઞાનથી યુક્ત એવા જ્ઞાનીની અને એ જ્ઞાનનાં સાધનોની જે કોઈ સમજપૂર્વક ભક્તિ કરે છે, તે ભવ્યાત્મા આ ભયંકર સંસારને તરી જઇને ઉત્તમ આનંદને આપનારો એવો મોક્ષ મેળવી શકે છે. (इय भावणाहिं सम्म णाणी जिणवयणबद्धम-ज्झप्पो । जम्मोऽत्र परभवहिओ सन्नूणाले दहइ कम्मं ॥ भव० भा० गा० ९०१)

✖ ✖ ✖

# ભાદરવા શુદ ૫ નું પર્વતિથિપણું.

## એ નહિ પર્વે પંચમીનો ખુલાસો.

કેટલાક ભદ્રિક લોકો આચાર્ય ભગવાન યુગપ્રધાન શ્રી કાલિકાસૂરિજીએ, ભાદરવા શુદ ૫ ની સંવત્સરી થતી હતી, તે પલટાવીને ભાદરવા શુદ ૪ ને દિવસે સંવત્સરી પ્રવર્તાવી. એ વાતને સંવત્સરીના પરિવર્તનમાં નહિ લેતાં ભાદરવા શુદ ૫નું પર્વતિથિપણું કેટલાકો ઉડાવી દે છે, અને તેમાં 'એ પર્વે નહિ પંચમી, સર્વ સમાણી ચોથ' એ પંડિત શ્રીવીરવિજયજીએ ચૈત્યવંદનમાં કહેલું વચન આગળ કરે છે. પણ તે ધારણા શાસ્ત્રને અનુસરનારી નથી. માત્ર સ્વચ્છંદ કલ્પના છે.

**પૂર્ણિમાના પ્રશ્નથી પંચમીની ઘટના.**

જેમ પુનમની ચોમાસી પલટાવીને ચૌદશની કરી અને તે પુનમોને અટ્ઠાઈમાં ન ગણી, છતાં તે પુનમોનું પર્વપણું તો શાસ્ત્રકારે માનેલું છે—चतुर्मासाष्टाहिका चतुर्दशी यावत्पूर्णिमां यावद्वा गणनियेति ? प्रश्नोत्रात्तरं-चतुर्मासाष्टाहिका साम्प्रत चतुर्दशी यावद्गणनीया, पूर्णिमा तु पर्वतिथित्वेनाराध्या एवेति ॥२६९॥ सेन प्रश्न उ.३. આ ઉપરથી ચોમાસીની બધી પુનમો ચોમાસી તરીકે પલટીને ચૌદશે ચોમાસી થઈ, અને તેથી ગ્રંથકાર હાલ એવો શબ્દ વાપરે છે. પરંતુ તે સાથે પુનમને પર્વતિથિ તરીકે માનવાનું તો કાયમ રાખે છે. તેવી રીતે ભાદરવા શુદ પંચમી પણ શાસ્ત્રકારોએ પર્વતિથિ તરીકે કાયમ રાખી છે.

**અટ્ઠમના પ્રશ્નથી પંચમીનું પર્વપણું.**

હીરપ્રશ્ન પ્રકાશ ૪મા નીચે પ્રમાણે લખે છે— येन शुक्लपञ्चम्युच्चरिता भवति स यदि पर्युषणायां द्वितीयातोऽष्टमं करोति तदैकान्तेन पञ्चम्यामेकाशनकं करोति उत यथारुच्या ? इति प्रश्नोऽत्रोत्तरम्-येन शुक्लपञ्चम्युच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः। अथ कदाचितीद्वयात: करोति तदा पञ्चम्यामेकाशनकरणप्रतिबन्धः नास्ति, करोति तदा भव्यमिति ॥१४॥ એટલે પંચમીની આરાધના કરવાવાળાઓએ મુખ્યત્વે ત્રીજથી અટ્ઠમ કરવો જોઈએ એમ કહી પાંચમનું *અજવાળીપાંચમ તરીકે પર્વતિથિપણું જણાવે છે.*

**હીરસૂરિના છટ્ઠતપના વચનથી પંચમીનું પર્વપણું.**

તેવી જ રીતે હીરપ્રશ્ન પ્રશ્ન ૭માં पर्युषणोपवासः पञ्चमीमध्ये गण्यते न वा ? इति प्रश्नोऽत्रोत्तरम् पर्युषणोपवासः षष्ठकरणसामर्थ्याभावे पञ्चमीमध्ये गण्यते, नान्यथेति ॥७॥, અને षष्ठकरणमशक्त्यभावे पञ्चम्युपवासः पञ्चम्यां विधीयतेऽथवा पर्युषणाचतुर्थ्यामिति प्रश्नोऽत्रोत्तरं पर्युषणायामुपवासे कृतेऽपि शुध्यति, श्रीहीरविजयसूरिप्रसादितप्रश्नसमुच्चयेऽपि तथैवोक्तत्वादिति ॥८१॥ सेनप्रश्न ઉ૦ ૨માં છટ્ઠ કરવાની શક્તિ ન હોય તેને જ પંચમી (ભાદરવા શુદ ૫)નો ઉપવાસ સંવચ્છરીના ચોથના ઉપવાસની અંદર ગણી લેવાનું જણાવે છે.

**સંવચ્છરીના પલટાથી પંચમીનું પર્વપણું ન જાય.**

આ બધા ઉપરથી સ્પષ્ટ થશે કે ભાદરવા શુદ પાંચમની સંવચ્છરી પલટ્યા છતાં પણ તેનું પર્વતિથિપણું પલટ્યું નથી. અને ભાદરવા શુદ પાંચમનું પર્વતિથિપણું સાબિત રહેલું હોવાથી જ શ્રીતત્ત્વતરંગિણી પૃ. ૫ किंच-पर्युषणाचतुर्थ्याः क्षये पञ्चमीस्वीकारप्रसङ्गेन त्वं व्याकुलो भविष्यसीत्यपि ज्ञेयम् । એ વાકય કહીને ઉપાધ્યાયજી શ્રીધર્મસાગરજી-મહારાજ પર્યુષણાની ચોથના ક્ષય ખરતરોને ભાદરવા શુદ પાંચમનું પર્વતિથિપણું ગણીને સંવચ્છરી કરવાનો પ્રસંગ જણાવે છે.

ઉપર જણાવેલા મુદ્દા પામીને શાસ્ત્ર અને પરંપરાને માનનારા મનુષ્યો તો ભાદરવા શુદ પંચમીનું પર્વતિથિપણું તો માન્યા સિવાય રહેશે જ નહિ. તેથી તેનો ક્ષય કે વૃદ્ધિ માનવા તૈયાર થશે નહીં.

✖ ✖ ✖

## જ્ઞાનપંચમી દેશના

**પંડિત વીરવિજયજીનું વચન.**

પંડિત શ્રીવીરવિજયજી મહારાજશ્રીએ તો શ્રી કલ્પસૂત્રવાચન-શ્રવણ અંગે જ પાંચમનો સમાવેશ ચતુર્થીમાં જણાવેલો છે. તેથી પહેલાં લખે છે કે "પંચમી દિને વાંચે સુણે, હોય વિરોધી નિયમા." એ પંડિત વીર વિજયજીનાં બન્ને વચનો ચોથની સંવચ્છરીના પ્રતિ-પાદનનાં અને પંચમીએ કલ્પ નહિ વાંચવાનાં છે, તેથી વીર વિજયજીના નામે ભાદરવા સુદ પંચમીનું પર્વ તિથિપણું ઉડાવ્યું તે અજ્ઞાનતા અને મહાપુરુષોના વચનની અવજ્ઞા કરનારું છે.

✖ ✖ ✖

## જ્ઞાનપંચમીપર્વની પરમ ઉપયોગીતા

### શાસનનો શણગાર સૌભાગ્યપંચમી

**જ્ઞાનનો અદ્વિતીયપ્રભાવ.**

જગતમાત્રના જીવો સ્વાભાવિક રીતે સુખની ઇચ્છા કરે છે એ હકીકત સર્વ જનને અનુભવસિદ્ધ છે, પણ તે સુખની સિદ્ધિનો ઉપાય બીજો કોઇજ નહિ પણ જ્ઞાન.

એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના અને ચારે ગતિના જીવો વાસ્તવિક રીતે ડરતા હોય તો બીજા કશાથી નહિ પણ માત્ર દુઃખની

પ્રાપ્તિથી અને તે દુઃખસમાગમથી સદાને માટે દૂર રહેવાનો રસ્તો માત્ર એકજ કે જ્ઞાન.

આ જીવ અનાદિકાલથી ભવચક્રમાં ભમ્યા કરે છે એવું જો કોઇ બીજાંકુર ન્યાયની માફક જન્મમરણની પરંપરાથી સમજાવી શકે તો તે માત્ર જ્ઞાન.

અનાદિકાલથી આત્મ જ્ઞાનની જઘન્યતમ હદમાં સૂક્ષ્મ એકેંદ્રિયપણે પડી રહ્યો, અને ભવિતવ્યતાના યોગે અને કોઇક પુણ્યસંયોગે જ્ઞાનનાં સાધનો ચઢિયાતાં મળ્યાં અને વર્તમાનમાં પુણ્યદ્વારાએ મળતાં સંપૂર્ણ જ્ઞાનસાધનો પ્રાપ્ત થયાં છે તો હવે આત્માના સ્વાભાવિક સુખોને પ્રાપ્ત કરવાનો અપૂર્વ અવસર છે એવું જો આત્માને કોઈ સમજાવી શકે તો તે માત્ર જ્ઞાન.

અનાદિકાલથી આ આત્મા મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના કર્મવિકારના થયેલા રોગોઓ ઘેરાએલો છે, અને તે રોગોને દૂર કરી આત્માના સ્વાભાવિક સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી ગુણોને પ્રગટ કરી ખીલવવાની જરૂર છે એવું સમજાવનાર એ જ્ઞાન.

આશ્રવ અને સંવર, બંધ અને નિર્જરા, એઓનું અનુક્રમે છાંડવાલાયક અને આદરવાલાયકપણું જણાવનાર હોય તો તે માત્ર જ્ઞાન.

અનાદિકાલથી કાયિક, વાચિક ને માનસિક કોઈપણ જાતના પુદ્ગલના બંધનમાં જ આ આત્મા સપડાએલો છે એમ જણાવનાર તે જ્ઞાન જ.

જન્મ, જરા, મરણ; રોગ, શોક; આધિ, વ્યાધિ, ઉપાધિ; સંયોગ અને વિયોગના વમળોમાં અનંત વ્યથા આ આત્મા અનુભવી રહ્યો છે એમ સમજાવનાર જો કોઇ પણ હોય તો તે જ્ઞાન જ.

જડ અને ચેતનનો વિભાગ સમજાવી આ આત્મા જડદ્વારાએ સાહેબી માને છે એવું સમજાવી આત્માને સ્વસ્વરૂપમાં લાવી સ્થિર કરનાર જો કોઇપણ હોય તો તે જ્ઞાન જ.

આત્માના એકએક પ્રદેશો ઉપર કર્મરાજાએ જ્ઞાનાવરણીય આદિકપણે પરિણમાવેલા અનંત પુદ્ગલોની ચોકી રાખી આત્માનો વિકાસ અટકાવ્યો છે એવું સમજાવનાર કોઇપણ હોય તો તે જ્ઞાન.

આત્માને જ્યાં સુધી કૈવલ્ય પ્રગટ ન થાય ત્યાં સુધી મળેલું જ્ઞાન એ ચક્રવર્તીની ઋદ્ધિની આગળ એક બદામના હિસાબ કરતાં પણ ઓછું છે એવું સમજાવનાર પણ જ્ઞાન જ છે.

શુદ્ધ અને અશુદ્ધ દેવ, ગુરુ તથા ધર્મનું સ્વરૂપ સમજાવી રાગી દ્વેષી દેવોનો સારંભ, સપરિગ્રહી ગુરુનો અને આત્માને દુર્ગતિથી, આરંભ-પરિગ્રહમય હોવાને લીધે નહિ બચાવનાર એવા ધર્મનો ત્યાગ કરાવી સર્વજ્ઞ વીતરાગ એવા દેવ, નિરારંભ, નિષ્પરિગ્રહ ગુરુ અને દુર્ગતિથી બચાવી મોક્ષ સુધીની સદ્‌ગતિને પ્રાપ્ત કરાવનાર જો કોઇ હોય તો તે જ્ઞાન જ.

ત્રિલોકનાથ તીર્થંકર અનેક ભવોમાં ઉત્તમ વાસનાએ વાસિત થએલા છતાં તીર્થંકરનામગોત્ર પાછલા ત્રીજા ભવે જે બાંધે છે તેમાં પ્રયોજન ભવ્યોને દેવાલાયક હોય તો તે જ્ઞાન.

**શાસનસામ્રાજ્યમાં શ્રુતજ્ઞાનનું અદ્વિતીય સ્થાન**

સર્વજ્ઞ કેવલી મહારાજ કરતાં પણ છદ્મસ્થ એવા ગણધર મહારાજાઓને જે અગ્રપદ મળે છે તેનું કારણ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ.

પાંચે જ્ઞાનોમાં પોતાનું સ્વરૂપ પ્રગટ કરવાવાળું કોઈ પણ જો જ્ઞાન હોય તો તે માત્ર શ્રુતજ્ઞાન જ છે.

કેવળજ્ઞાન કરતાં પણ કોઈ મહર્ધિકપદને પામી શકવાને લાયક હોય તે માત્ર શ્રુતજ્ઞાન જ છે.

બીજાના ઉપદેશથી જો કોઇપણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી હોય તો તે માત્ર શ્રુતજ્ઞાન જ છે.

તીર્થંકર મહારાજા અને ઇંદ્રાદિ દેવો પણ જો કોઈની ઉપર સુગંધી ચૂર્ણની મુષ્ટિ નાખતા હોય તો તે પ્રભાવ માત્ર શ્રુતજ્ઞાનનો જ છે.

લિખિત આગમોની આરાધના જો કે ભગવાન દેવર્ધિગણિક્ષમાશ્રમણજીએ પુરાવા તરીકે લખાએલાં પુસ્તકને જ ગણવા માટે સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યાં ત્યારથી થએલી હોય, પણ શબ્દદ્વારાએ થતા વાચ્યપદાર્થોના જ્ઞાનરૂપી શ્રુતજ્ઞાન તો સર્વદા આરાધ્ય જ છે.

પ્રતિદિન કરાતા આવશ્યકમાં જો કોઇપણ જ્ઞાનની વૃદ્ધિ શ્રુતસ્તવદ્વારાએ કરાતી હોય તો તે માત્ર શ્રુતજ્ઞાન જ છે.

ત્રિલોકનાથ તીર્થંકરોની નમનીયતામાં કારણ હોય તો તે શ્રુતજ્ઞાન.

જાતિ, જરા, મરણ, રોગ, શોકને નાશ કરનાર કોઈપણ જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાન.

મોક્ષની નીસરણી તરીકે પ્રાપ્ત થએલા મનુષ્યભવને સફળ કરાવી અવ્યાબાધ, અનંત, શાશ્વત સુખને આપનાર એ શ્રુતજ્ઞાન.

કેવલજ્ઞાનરૂપી આત્માના સ્વાભાવિક જ્ઞાનને પ્રાપ્ત કરાવી આપનાર હોય તો તે શ્રુતજ્ઞાન.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ અને તેની શુદ્ધિને કરાવનાર જો કોઈપણ જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાન.

શાસનની સર્વદા પ્રવૃત્તિરૂપી સૌધનો કોઈપણ સ્તંભ હોય તો તે શ્રુતજ્ઞાન.

ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગની વિધિઓ જેને માટે પ્રવર્તે છે તે શ્રુતજ્ઞાન.

પ્રમાદનો પરિહાર કરીને ચારિત્રરૂપી ચિંતામણિની આરાધના માટે ઉત્સાહિત કરનાર એ શ્રુતજ્ઞાન.

મોક્ષના અવ્યાબાધ સુખોને પ્રાપ્ત કરાવનાર ચારિત્રની કોઈપણ જડ હોય તો તે શ્રુતજ્ઞાન.

આવા શ્રુતજ્ઞાનને આરાધન કરવાનો ત્રિલોકનાથકે નિયમિત કરેલો દિવસ તે જ શ્રુતપંચમી; જ્ઞાનપંચમી કે સૌભાગ્યપંચમી.

## કાર્તિક ચાતુર્માસી વ્યાખ્યાન.

સં. ૧૯૯૧ કારતક શુદિ ૧૪, મંગળવાર, મેસાણા.

**ધર્મઘોષસૂરિની ક્ષમા અને પરોપકારિતા.**

**चतुर्धा तदयं धर्मो, निःसीमफलसाधनं ।**
**साधनीयः सावधानैर्भवभ्रमणभीरूभिः ॥२०१॥ त्रि. श. प. १ ॥**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યપ્રાણીઓના ઉપકારને માટે ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર નામનો ગ્રંથ રચતાં થકાં ભગવાન ઋષભદેવજીનો પ્રથમ ભવ બતાવતાં જણાવે છે કે, ધનાસાર્થવાહ જે વખતે ચોમાસામાં જંગલ વિષે પડાવ

કરીને રહ્યા છે, સાર્થ બધો તેવી રીતે જંગલમાં પડાવ કરીને રહેલો છે, કારણ? ચોમાસું આવી ગયું છે. તેમના સાર્થમાં આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિજી આવેલા છે. ધનાસાર્થવાહ પોતે કંઇ પણ મુસાફરીમાં આચાર્યની સંભાળ લઈ શકયા નથી. પોતાને અન્યોક્તિથી માલુમ પડયું કે મેં ફરજ અંગીકાર કરેલી તે બજાવી નથી, તે પોતાની ભૂલની ક્ષમા યાચવા માટે ધનાસાર્થવાહ શ્રી ધર્મઘોષસૂરિજી પાસે આવે છે.

આ વખતે શ્રી ધર્મઘોષસૂરિજીની ઉદારતા તરફ અને ધનાસાર્થવાહની શુદ્ધદૃષ્ટિ અને નિખાલસતા-તરફ વિચાર કરીએ. જેણે જંગલમાં પણ ખબર લેવાની પ્રતિજ્ઞા પૂરી કરી નહિ, તે મનુષ્ય ઉપર પરમાર્થ દૃષ્ટિ જો ન હોય, એટલે શ્રી ધર્મઘોષસૂરિજીની સ્થિતિ એ હોય કે એ ભક્તિ કરે તો એના આત્મા માટે, મારો આત્મા તો ભક્તિ કરી તરે તેમાં આલંબન માત્ર હતો, ભક્તિ ન કરી તો તે હાર્યો. આચાર્યની આવી દૃષ્ટિ ન હોય તો મારી ભક્તિ ન કરી. કબૂલાત છતાં ભરોસે આણી જંગલમાં રઝળતો મેલ્યો. આ વિચારો શ્રી ધર્મઘોષસૂરિજીને આવ્યા હોત તો શું થાત?

પહેલાં તો ધનાસાર્થવાહને ધુતકારવા સિવાય બીજું કરત નહિ, એમ જ કહે કે 'ચાલ! ચાલ! શું જોઇને મોં બતાવે છે?' તો તેથી ઋષભદેવજી તીર્થંકર કયાંથી થાત? ધુતકારત તો ધનાસાર્થવાહ ધર્મ પામી જાત? આચાર્યની ક્ષમાએ આપણને તીર્થંકર સોંપ્યા. તાત્ત્વિકદૃષ્ટિની ક્ષમા એને અંગે કંઇ બન્યું જ નથી, તેમ ગણી ક્ષમા માગવા આવેલ ધનાસાર્થવાહને બિલકુલ ઠપકો ન આપતાં કેવળ ધર્મોપદેશ જ આપે છે, ને કહે છે કે 'દુર્ગતિથી બચવું હોય ને સદ્ગતિએ જવું હોય તો તે જીવે ધર્મ કરવાની જરૂર છે,' આવા કપરા પ્રસંગે આ વાકય શી રીતે નીકળ્યું હશે? આપણા આત્માને એ રીતે બન્યું હોય તો શું થાય? આપણે બીજા ગામોમાં શ્રાવકોનાં ઘર હોય તો પણ ઓછું આવી જાય, પણ આ સાર્થ કંદાદિ ખાઈ પોતાનો નિર્વાહ કરે છે. એવામાં આખો ગચ્છ જંગલમાં કેવી સ્થિતિએ રહેતો હશે?

**ભિક્ષાવૃત્તિ સમયે સાધુનો આશય.**

આ ઉપરથી શાસ્ત્રકારો જે કહે કે-સાધુ ભિક્ષાવૃત્તિ કરે, ત્યાં 'गृहिदेहोपकाराय' દેહઉપકાર પણ પછી, ગૃહસ્થ ઉપકાર પ્રથમ. શ્રી

ધર્મઘોષસૂરિજી સરખાને ગૃહિઉપકાર એ જ ધ્યેય હતું, જ્યાં ઉપકારનો વખત આવ્યો ત્યાં દેહઉપકારની વાત જ ન હતી. ગૃહસ્થને ઉપકાર થાય તેથી ધર્મોપદેશ થઇ શકયો, નહિતર આ વખતે તડાતડી થાય. ઉપાલંભના સ્થાનમાં ધર્મોપદેશ શી રીતે? આખા આત્માનું પ્રતિબિંબ ઉતારનાર આંખ છે, આત્માનું પ્રતિબિંબ વર્તમાનકાળ પૂરતું પ્રતિબિંબ ઉતારે, પણ વચન ત્રણે કાળનું પ્રતિબિંબ ઉતારે. એ જગ્યાએ ધના-સાર્થવાહ આગળ શ્રી ધર્મઘોષસૂરિજી ધર્મોપદેશ સિવાય બીજી કોઇ વાત નથી કરતા. આચાર્યમહારાજ એ સ્થિતિના હતા, તો જ ધના-સાર્થવાહ પ્રતિબોધ પામ્યા, અને તીર્થંકર તરીકે આપણને સાંપડયા.

**ધનાસાર્થવાહનો પશ્ચાત્તાપ.**

હવે ધનાસાર્થવાહને પણ આજકાલની માફક દુનિયાની ખોટી શરમ ન હતી. મારો પગ ભારે થઈ ગયો. જે જગ્યાએ ન જવાયું તેમાં નુકશાન થયું, તો પગ ભારે તેમાં સવાલ શો? ગુનો કરી, પાપ કરી, દૂર રહી પાપ પોષીએ છીએ. હવે એ પાપ છોડવું નહિ અને એ ગુનાને બંધ કરવો નથી. ત્યાં શરમ આવે છે, પણ શાની? થએલું ખોટું માનતો હોય તો થએલાને ખાડામાં નાખી આલોવ! પણ દેખીએ છીએ કે તે બનતું નથી. તે શરમ રખડાવનારી છે; તેવી શરમ ધનાજીએ ન રાખી, નહીંતર 'શું મોં લઇ જઉં,' તેમ વિચાર આવત. ગુનેગારે ધ્યાન રાખવું જોઈએ કે ગુનાના બદલામાં જે થયું હોય તે થાય, ગુનો લઈ હાજર થવું જોઈએ. આ દષ્ટિ હોવાથી ધનાસાર્થવાહ આચાર્ય પાસે આવી શકયા ને તીર્થંકર પદવીને લાયક થયા.

ગુનો ન થવા દેવો તે પ્રથમ કર્તવ્ય. છતાં ગુનો થવાથી મુરબ્બીથી દૂર રહેવું તે સજ્જનનું કામ નથી, તેથી ધનાજીને સ્મરણ થયું. કાલનિવેદકે સૂર્ય ઉદય થવા વખતે અન્યોક્તિથી કહ્યું કે 'સૂર્ય પોતાના આશ્રિતોને સંભાળતો ન હતો. સજીવન થઈ પાછો સંભાળી લે છે.' આ વાત સૂર્યવિકાસી કમલને જે સૂર્ય વિકસ્વર કરે છે તે સૂર્યને અંગે જણાવ્યું. તે વાત ધનાજીએ પોતા ઉપર લઈ લીધી. મારે પણ આશ્રિતોને સંભાળી લેવા જોઈએ. ઓહો! શ્રીધર્મઘોષસૂરિજીને આશ્રય આપી તેમને મેં સંભાળ્યા નથી.

ભવિતવ્યતા પાધરી હોય ત્યારે અન્ય માટે કહેલું વચન આત્માને લાભદાયી થાય છે. કાલનિવેદક આ વાત લક્ષ્યમાં લઈ બોલ્યો જ નથી. તેમ શ્લોકમાં ગચ્છના આચાર્યના આશ્રયની વાત નથી. આનું નામ ભવિતવ્યતા. સૂર્યને આશ્રીને કહેલો શ્લોક આત્માને સીધો પડયો. કાલનિવેદક સ્વાભાવિક બોલતો હતો, સાર્થવાહ સાંભળતો હતો, પણ ભવિતવ્યતા અનુકૂળ હોવાથી સીધો અર્થ કર્યો. આ વિચાર કોણે ઉપસ્થિત કર્યો ? ભવિતવ્યતાએ. જ્યાં વચન સાંભળ્યું ત્યાં સ્મરણ થયું. ત્યાં ખોટી લજ્જાએ લપટાયો નહિ. ઠપકો દેશે એમ ધાસ્તી ન રાખી. ભૂલ કરવા તૈયાર રહેવું ને સાંભળવા તૈયાર ન રહેવું તે કેમ બને ?

ઉત્તમનું વચન પ્રાણાન્તે ન ફરે.

ઉત્તમ પુરુષનું વાક્ય પ્રાણાન્તે પણ ન ફરે. ખબર ખોજ લેવા માટે મારા પ્રાણ જાય તોપણ ગચ્છની ખબર લેવાની હતી, તેમાં હું ચૂક્યો. 'જીવન અમૂક વર્ષોનું પણ વચનજીવન યાવચ્ચંદ્ર દીવાકરૌ.' હરિશ્ચંદ્ર ક્યારે થયા ? મહાવીરપ્રભુ કયારે થયા ? બ ને શાથી જીવતા છે ? વચન દ્વારાએ. એમાં પલટો થાય તો સોની બચી ને હજારોની ગઈ. શરીર માટે જૂઠું બોલીએ તો ૧૦૦ની જિંદગી બચાવી, જેનું વચનજીવન ગયું તેની શાશ્વતીજિંદગી ગઈ. બેવચની એટલે ખલાસ ! સજ્જન પુરુષોએ આળસમાં–પ્રમાદમાં સાવચેતીની વાત દૂર રહી, 'ઉપયોગ ન હતો', 'ખ્યાલ ન હતો', તે સજ્જન ખાતું નહિ.

સાંબ પ્રદ્યુમ્નકુમાર વખતે જ્યારે સાગરચંદ્રે પાછળથી આવી આંખ મીંચી, નાની ઉમ્મર છે. કારણ ? બીજાની આંખ મીંચવાની નાની ઉમ્મર હોય, સાગરચંદ્ર કમલામેલાને અંગે વિચાર કરી રહ્યો છે. વિચાર ધૂનમાં જાણ્યું: કમલામેલા છે. શાંબથી બોલાયું કે 'કમલામેલો !' કમલામેલા નહિ પણ કમલામેલો કહ્યું, જો બોલ્યા હો તો કમલામેલાને મેળવી આપો. વાસુદેવની વિરુદ્ધ થઈ કમલામેલા એની સાથે પરણાવી દેવી પડી. શાંબ સાથે વાસુદેવ તેની જાનમાં ગયા છે. એ જાનમાંથી કમલા મેલાને ઉપાડી સાગરચંદ્ર સાથે પરણાવી દેવી પડી છે. વચન ખાતર છોકરમતમાં કહેવાયું છે. તેની અંદર વાસુદેવની

સામા પડી લશ્કરને હઠાવવું પડયું. કૃષ્ણ સામે લડવા આવવું પડયું, ત્યારે બાણની સાથે લખી મોકલ્યું કે પ્રદ્યુમ્ન તમને નમસ્કાર કરે છે.

જે અક્ષરો કહ્યા તે પત્થરમાં ટાંકણાએ કોર્યા જાણવા. તે થૂંકે પાણીએ, ઘીએ કે તેલે કે માટીએ પણ તે અક્ષરો ભૂંસાતા નથી. સજ્જન પુરુષ આળસ-પ્રમાદમાં પણ બોલે તે અક્ષર ન પલટે. તે તે જગ્યાએ હું કબૂલાત કરી આવ્યો કે 'અમારી સાથે આપ પધારો, આપની બધી ખબર-સંભાળ લઈશ,' પણ ખબર ન લેવાઇ, પોતાની ખામી દેખાઈ, પણ તેનું ફળ તેથી દૂર રહેવામાં નહિ, દૂર રહે તો બમણા ગુનામાં ગયા, એ સ્થિતિ હતી. એનું ઓસડ પણ ત્યાં છે. વચનથી ચૂકયો છું, ગુનો થયો, તે રોગનું ઓસડ તે મહાત્મા પાસે જ છે. ગુમડું થયું પછી લેપ લગાડવો તે ડાહ્યાની ફરજ છે. આટલી ઉત્તમતા હતી, આટલું ધૈર્ય હતું, ત્યારે જ ધનાજી શ્રી ધર્મઘોષસૂરિજી પાસે જઇ શકયા.

**ચન્દન સરખા સૂરિ.**

હવે ધનાસાર્થવાહ સૂરિ પાસે આવ્યા, ચંદનનું વૃક્ષ પોષ્યાથી સુગંધ; છેદ્યા, કાપ્યા, બાળ્યા, ઘસ્યા પણ સુગંધ દે, તેનું નામ ચંદન. કોઈ દિવસ તેમાંથી દુર્ગંધ ન નીકળે, તેમ શ્રીધર્મઘોષસૂરિજીના ચંદન સમાન સ્વભાવને અંગે આપત્તિમાં, સંપત્તિમાં સૂર્ય ઉદયમાં ને સૂર્ય આથમતાં બન્ને વખત લાલ હોય, મહાપુરુષો પણ તેવી જ રીતે ઉદયમાં એટલે ચઢતીમાં ને અસ્તમાં એટલે આપત્તિમાં—પડતીમાં એક રૂપે જ હોય છે. તેમ શ્રીધર્મઘોષસૂરિજી પાસે ફાયદો કરનાર આવે, કે નુકસાન કરનાર આવે, છતાં એક રૂપપણું.

**સાધુ પાસે ધર્મ સિવાય બીજું ન હોય.**

સાધુના ખીસ્સામાં એ સિવાય બીજું છે જ નહિ. પોતાની પાસે જે હોય તે આપે. ઝવેરી પાસે જઈ કારેલાં માગો તો ન મળે. આપવા ધારે તો પણ ન મળે. તેમ સાધુ પાસે ખાસડાં માગ્યાં પણ ન મળે. હોય જ નહિ. એમની પાસે ધર્મ ભરેલો છે. પહેલાંના કાળમાં વસ્તુ સાટે વસ્તુ લેવાતી. જેને ઘેર ગામડામાં ૫૦૦ મણ બાજરી કોઠારમાં નાખી હોય, તેને બોરાં, શાક, ગોળ કે કોઇ વસ્તુ લેવી હોય તો બાજરી પેટે ખરીદ કરતા

હતા, તેમ ધર્મઘોષ સૂરિજીએ એક જ ધર્મનો કોઠાર ભર્યો છે. ઉપકારી અપકારી કે અનુભય આવે તો પણ ધર્મ જ આપવાનો. તેમ અહીં ધર્મ સિવાય બીજું ભરેલું જ નથી. તેથી વિશ્વાસઘાત કરનારા કહો, કે ગચ્છને જંગલમાં સંડોવનાર કહો, એવાની આગળ પોતાનો ગંઠેવાલો છોડતાં ધર્મ જ નીકળે.

ઝવેરીના ગંઠેવાલામાં ફટકીયું મોતી ન હોય. જો તેવું નીકળે તો સજા પાત્ર થાય. કલચર મોતી રાખે તો પણ સજાપાત્ર, તો ધર્મના ધોરી થઇ બીજો માલ રાખે તો શું ન થાય? ધર્મના ધોરીના ગંઠેવાલામાં કલચર કે ફટકીયું મોતી રાખવું પાલવે નહિ. શ્રુતકેવલીની સ્થિતિવાળા શ્રુતકેવલી સરખી દેશના આપે છે. આવા મહાપુરુષના ગંઠેવાલામાં જીવન (મોતીની ઉત્તમ જાતિ) કે ગોલવા જ હોય, તેમ અહીં એક અપેક્ષાએ ગુનેગાર ધનાસાર્થવાહ સરખો આવ્યો છે તોપણ ત્યાં અમૃત-વાણીનો વરસાદ થયો.

### તીર્થંકરની સભાનું આંતરૂં

તીર્થંકરની સભાનું આંતરૂં વધારે. અમારા તમારા વચ્ચે તણખલાભર આંતરૂં. તીર્થંકરપ્રભુની સભામાં ચોથા ગુણઠાણાવાળા ને તેરમા ગુણઠાણાવાલા શ્રોતા હોય, ચોથા ગુણઠાણાવાળાના અવગુણ પર તેરમાવાળો વિચાર કરે તો છેડો કયાં આવે? તે જગ્યાએ ઉપકારની દશા.

મહાશતક શ્રાવક પોતાની બાયડી ઉદ્ધંઠ થઇ છે, મર્યાદા બહાર ગઈ છે. ધર્મનો લોપ કરવા તૈયાર થઈ, તે તે વખતે મહાશતક શ્રાવક ખોટી નહિ, પણ વાસ્તવિક હકીકત કહે છે કે 'તું અળસીયાના રોગથી મરીને નરકે જવાની છે'. બાયડી રાજનિષેધ છતાં વાછરડા અને અને ગોહત્યા કરી માંસ ખાનારી છે, દારૂ પણ પીનારી છે. જે પૌષધ ભંગાવવા આવે છે. તેને હકીકત સાચી કકીકત કહી, 'નાહક ઉન્માદ ન કર! અળસક વ્યાધિથી સાતમે દહાડે મરી નરકે જઇશ!'

આણંદે સાચી હકીકત કહી છે. તેમાં મહાવીર ભગવાને શ્રી ગૌતમસ્વામીજીને મોકલી આલોયણ-નિંદન-ગર્હણ કરાવ્યું એવી પાપિણી પોતાની બાયડી છે તેમાં પણ મર્મનું વચન નહિ. ભવિષ્યમાં આમ

થવાનું છે, એટલા પૂરતું વચન; છતાં ગૌતમને મોકલી ભગવાન આલોચનાદિક કરાવે છે.

આ સ્થિતિનો વિચાર કરીએ તો આચાર્યની ખલેચીમાં બીજું ભરેલું જ નથી. શ્રાવકની ધર્મપૌષધની આવી ખલેચી હોય તો મહાવ્રતધારી, ગચ્છાધીશ તેમની ખલેચીમાં બીજું હોય જ કેમ? તે ન હોવાથી ધનાજીને ચાર પ્રકારનો ધર્મ કહ્યો. ઓલંભો દેવાનું સ્વપ્ને પણ ન હતું. એ બાજુએ ધર્મઘોષસૂરિજીનું ચિત્ત જ નથી. એક જ લક્ષ્ય કે કોઈ પણ જીવનો ઉપકાર કેમ થાય? ઘોડાગાડી ખાડામાં નાખે તો ગાડા વહેવાર કોણ કરે? શ્રી ધર્મઘોષસૂરિજી સરખા શ્રુતકેવલીના સમોવડીયા જ્યારે ઉપકારનું ગાડું ખસેડે તો ઉપકારનું ગાડું વહે ક્યાં?

**જગતની ક્રિયાનાં ફળો ને કાળમર્યાદા.**

દરેક જીવો કંઇ પણ ક્રિયા કરે તે ફળ મેળવવા કરે છે. ખાય તો ભૂખ ભાંગવા માટે? પીએ તો તરસ સમાવવા. જેમ કેટલાંક ફળ વિજળીના ચમકારા જેવાં, ઘાસના ભડકા જેવા, કેટલાક દીવા જેવા, કેટલાક મણિ જેવાં હોય છે, તેમ આ જગતમાં ફળની ઇચ્છા કરે તો ફળો પણ વિજળીના ચમકારા જેવાં હોય છે. જમ્યા તો વિષ્ટા એ જમવાનું ફળ થયું. પણ ગળેથી ઉતર્યા પછી મળ, રોટલા રોટલીના જ મળ થાય તેમ નહિ, દૂધપાકનો પણ મળ જ થાય છે. જે જે વસ્તુ આપણા શરીરમાં નાખીએ છીએ, તેના સાત ભાગ પડી જાય છે. માંસ–મેદ–અસ્થિ–મજ્જા–શુક્ર ને વીર્ય રૂપે પરિણમે છે. સાત્વિક પદાર્થોનું વીર્ય બને છે. બીજા પદાર્થોમાંથી ચરબી, મેદ, શોણિત (લોહી) આદિ થાય છે, ને નકામો બગાડ હોય તે પછી ઝાડા–પેશાબ રૂપે બહાર નીકળી જાય છે.

જઠરાગ્નિ એ શરીરનું એંજિન–બોયલર છે. જેમ એંજિનમાં કોલસા જોઇએ જ, તે વિના ચાલી શકે નહિ કે કામ આપે નહિ, તેમ આ જઠરાગ્નિને પણ ખોરાકપાણી જોઇએ જ; તેના વિના શરીર ટકી શકે જ નહિ. ને શરીર વિના ધર્મ સાધન થાય નહિ. મહાપુરુષો જે શરીરને ટકાવતા નથી. તેના ઉપર નિર્મમત્વ ભાવ જ રાખે છે,

કારણ કે તેઓએ તેનું ખરૂં સ્વરૂપ જાણેલું છે, કે વહેલું મોડું તે શરીર ક્ષય થવાનું જ છે, શરીર ઉપર આ જીવ જે મોહ રાખે છે, તે નકામો છે. ખસ શરીરમાં થઇ તેની ચળ સારી લાગે છે, તેથી ખણવાથી સુખ થયું. પણ તે સુખ ક્યાં સુધી ? તો કે, ખણે એટલો ટાઇમ, તેમ દુનિયારીએ જે ફળો ધ્યાનમાં લીધાં તે હદ-મર્યાદાવાળાં ફળો છે. એવું ફળ કર્યું કે જેનો છેડો નથી ? જિંદગીના છેડા સાથે તમારૂં ફળ પૂરૂં થવાનું છે ?

નિઃસીમફળનું કારણ ?

ધર્મકાર્ય, અનુકંપા, ગરીબોને દાન કર્યું તે બધું જે આ હવે કર્યું તેનું ફળ આ જીવને આવતે ભવે મળવાનું છે ને તેનો પણ છેડો આવે છે. નિઃસીમ એટલે જેની કાળમર્યાદા જ નહિ; સીમાડો જ નહિ; છેડો નહિ એવું ફળ ક્યાં મળે ? એક જ જગ્યા પર. કઇ જગ્ય પર ? તો ધર્મની જગ્યા પર. દાન, શિયળ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ. એ ધર્મ કેવી ચીજ ? તો કે એનું ફળ એવું કે તેનો સીમાડો નથી.

બીજાં જે કાર્યો તેના ફળનો સીમાડો-હદ રહેલ છે. જેમકે બાજરીનો એક દાણો વાવ્યો, તો હજારો દાણા થાય એટલે હજારો દાણાએ પણ તેનો સીમાડો આવી રહે. હજાર દાણા વાવ્યા હોય તો કરોડો દાણા થાય. એટલે કરોડો દાણાએ પણ તેનો સીમાડો આવી રહે; પણ ધર્મ એક એવી બીજ સમાન ચીજ છે, કે એકે એક વખત વધવાવાળી જ ચીજ છે. તેનો સીમાડો નથી. જેમ જેમ ધર્મ કરો, જેટલું જેટલું ધર્મકાર્ય કરો, તેમ તેમ તેટલું તેટલું ફળ વધતું જ રહે, તેનો ફળમાં ઘટાડો થાય નહિ. તેમ ફળ તદ્દન ચાલ્યું જાય નહિ પણ ઉત્તરોત્તર તેનું ફળ વધતું જ રહે. જો ધર્મનું ફળ વધતું ન રહે તો મોક્ષનું કારણ ધર્મ બનત જ નહિ.

હાથીના ભવની અનુકંપાનું ફળ.

જંગલી હાથી આખી જિંદગીમાં પાપ કરવામાં કાંઇ બાકી રાખે ખરો ? પ્રથમ જાનવરને વિવેક તો હોય નહિ. તેના પાપનો

કરાર શાસ્ત્રકારે લીધો. દરેક ચોમાસે તે હાથી જોજન પ્રમાણ એટલે ચાર ગાઉ જેટલું માંડલું કરે, તેટલી ભૂમિમાં ઝાંખરા ઝાડ, ઘાસ દાહ્ય પદાર્થ વગેરે જે હોય તે ઉખેડીને દૂર ફેંકી દે છે, એમ તે જગ્યા સાફ કરે છે. જંગલમાં ઝાડબીડનો શો પાર ? અર્થાત્ ગામમાં તો વસ્તી હોવાથી પ્રમાણસર જ ઝાડ હોય, પણ જંગલમાં વસ્તીની અવરજવર નથી, તેથી ત્યાં ઠેર ઠેર ઝાડબીડ જોવામાં આવે છે. દરેક ચોમાસે ત્રણ ત્રણ વખત ભૂમિ સાફ કરે છે. તેમાં હાથીનું ઉખેડવું થાય છે, માણસ ઉખેડે તો વિવેકથી ઉખેડે, તેમાં પાપનો પાર નહિ. તમારા આંગણે ઘાસ ઉગ્યું હોય તો તોડતાં ત્રાસ છૂટે તો જંગલમાં એક જોજન ત્રણ ત્રણ વખત સાફ કરે તેમાં તો પાપનો પાર નથી. તેમાં પણ પાંચસો સાતસો હાથણીનો માલિક; અબ્રહ્મ, હિંસા ને ને પરિગ્રહનો પાર નથી.

આવી સ્થિતિમાં રહેલો હાથી એક ચીજ પામ્યો. તે વખતે કોઈ કારણે દાવાનળ જંગલમાં સળગ્યો. દાવાનળથી બચવા સઘળા જાનવરો આ જોજન પ્રમાણ માંડલામાં આવેલા છે. ઘણાં જાનવરો આવવાથી સંકડામણ થઈ ગઈ, તેથી એક સસલો સંકડામણમાંથી નીકળી હાથીના પગની નીચે આવીને રહ્યો. તેને બચાવવો જોઈએ, એવો વિચાર હાથીને આવ્યો, કે 'પગ જે ઊંચો કરેલો છે તે મૂકી દઉં તો સસલો દબાઈ મરી જાય' પણ આ વાત સાંભળેલી છે, હવે વગર સાંભળેલી વાત ધ્યાનમાં રાખો. તે કઈ ? તો કે તે હાથીએ આવી જ રીતે અઢી દિવસ સુધી પગ અદ્ધર જ રાખ્યો, કારણ ત્યાં સુધી દાવાનળ સળગતો જ રહ્યો. જ્યારે દાવાનળ બંધ થયો ને બધાં જાનવરો ચાલ્યાં ગયાં, ત્યારે હાથીએ પોતાનો પગ નીચે મૂકયો.

વિચાર કરો કે એક હાથી તિર્યંચના ભવમાં એક સસલાના જીવના બચાવની ખાતર અઢી દિવસ પગ અદ્ધર રાખે છે, તો કઈ દયા માટે ? જીવો ઉપર કેવી દયા વસેલી હશે ? હાથીને પગ અદ્ધર રાખવો એ કાંઈ નાની સૂની વાત નથી, આપણને પગ અદ્ધર રાખતાં પાણી ઉતરે છે. અઢી દિવસ સુધી હાથીએ પગ અદ્ધર રાખ્યો. જ્યારે બધાં પ્રાણીઓ ચાલ્યાં ગયાં, ત્યારે સસલો પણ ચાલ્યો ગયો.

**"ધર્મીના ઘેર ધાડ' એ નાસ્તિકના શબ્દો છે.**

તે પછી ખાલી ભૂમિ પર પગ મૂકવા જાય છે તો પગ ઝલાઈ જવાથી અને થાકથી તે હાથી ઢળી ગયો, અને નીચે પડી ગયો, મૂર્છા આવી ગયો. આવે સ્થળે આપણે શું બોલીએ છીએ, તે વિચારો કે 'ધર્મીને ઘેર ધાડ આવી.' આ આસ્તિકના શબ્દો નથી, આ શબ્દો નાસ્તિકના છે, એટલે ધર્મની શ્રદ્ધા જેને નથી તેના છે. કેટલાકોએ નાસ્તિકના આવા શબ્દો ગોખી રાખ્યા છે.

ધર્મ કરતાં હેરાન થઈએ અગર બીજા કોઈને હેરાન થએલો જોઈએ તો કહીએ, કે 'ભાઈ, ધર્મીને ઘેર ધાડ હોય, આજ ધર્મનો વખત ક્યાં છે?' આમ બોલી ઉઠીએ છીએ. આ કેટલું મૂર્ખાઈભરેલું છે તે બોલનારા પોતે જ વિચાર કરી લે તો બસ છે. કારણ જે નુકસાન થયું કે થવાનું છે, તે તો પૂર્વકર્મના ઉદયે, પાપના ઉદયે છે. ધર્મના ઉદયે નુકસાન થતું નથી. કોઈ પૂર્વનાં પાપ ભોગવવાં બાકી રહી ગયાં હોય તો જીવને દુઃખ આવી પડે, પણ તે દુઃખ ધર્મથી આવ્યું, ધર્મ કરનારને દુઃખ આવે છે, એવું જે માનવું કે બોલવું તે કેવળ આત્માની અજ્ઞાન દશા જ સૂચવે છે. ધર્મને અંગે કદાચ જિંદગીનું નુકસાન થાય તો પણ જે ખરો ધર્મી હોય, ધર્મ ઉપર શ્રદ્ધા રાખવાવાળો હોય, તેને તો ધર્મની અનુમોદના બિલકુલ ખસે જ નહિ.

છોકરો દેરાસરે જતાં પડી ગયો, ને કદાચ વાગી ગયું તો તેને કહી નાખો છો કે બેટા! હવે દેરાસરે નથી જવું. તો આ સ્થળે વિચાર કરો કે જંગલી હાથી સારો કે તમે સારા? પાસત્થા કે ઉસન્ના જેવા ગુરુ મળ્યા નથી. ફક્ત પોતાના આત્માથી જ આ પ્રમાણે કહી નાખો છો, કોઈના ઉપદેશથી આમ બોલતા નથી. આને બચાવ્યો તે મને ધર્મ થયો એવી ભાવના જેના રૂંવાડાંમાં રમી રહેલી છે, એવો હાથી પગ જકડાવાથી પડી જાય, તેના પરિણામની દશા ક્યાં? આવી સ્થિતિમાં પણ ધર્મનું અનુમોદન ખસ્યું નહિ, તો કેવા જીવદયાના પરિણામ હશે તે વિચારો!

**સુકૃતની અનુમોદનાનું પારંપારિક ફળ.**

કરેલા સુકૃતની અનુમોદના હોવી જોઈએ. કોઈ પણ સારું કામ

–પુણ્ય આપણે કરીએ અગર બીજો કોઈ પણ કરે, તેની અનુમોદના તો જરૂર આવવી જોઈએ. પ્રસંગ આવ્યો તેથી આ વાત અહીં જણાવું છું. તમે વિચાર કરો કે તમારી આખી જિંદગીમાં તમો જ્ઞાન કેટલું ભણો છો ? કે ભણાવો છો ? વિનય કેટલો ને કેવો કરો છો ? વૈયાવચ્ચ કેટલી કરી ? પૌષધ કેટલા કર્યા ? જૈનશાસનની પ્રભાવના આખી જિંદગીમાં કેટલીવાર કરી ? તથા પૂજા આખી જિંદગીમાં કેટલીવાર કરી ? મહોચ્છવ તે પણ આખી જિંદગીમાં કેટલા કર્યા ? તેનો વિચાર કર્યો છે ? તેનું સરવૈયું કાઢ્યું છે ? કહો કે નહિ, તો તે ભૂલ છે. તેની અનુમોદના થવી જોઇએ.

ધર્મકાર્ય તે દાણો છે, જેમ એક દાણાથી કોઠાર ન ભરાય તેમ જૈન શાસ્ત્રકાર એ જ વાત કહે છે, કે પુણ્ય કરો તે એક દાણો છે, અને તેને અનુમોદના રૂપી પાણીથી સિંચો, તો જ કોઠાર ભરાય. તેથી સુકૃતની અનુમોદના કરવી જોઈએ. અનુમોદના વગર એ સુકૃતનો દાણો ક્યાંય વટાઇ જશે. એ જ વાત અહીં ધ્યાનમાં લ્યો. હાથીએ સસલાને બચાવ્યો, ત્યાં અનુમોદન ક્યાં પહોંચ્યું ? હાથી સરખા જાનવરનો પગ વળગી જાય, ત્યાં સુધી સસલાને બચાવવાના પરિણામ રહે. જે આપણે જૈન કુળમાં ઉછર્યા છતાં, મનુષ્ય પંચેન્દ્રિય થયા છતાં, કામ પડે તો એવા ગોટાળા ચલાવીએ કે, હિંસાના ગોટાળામાં અનુમોદનાને ખલાસ કરી નાખીએ.

'સસલો જીવતો રહ્યો તેથી અઢાર પાપસ્થાનકમાં પ્રવર્તશે, માટે એને બચાવવાની જરૂર ન હતી, એવી માન્યતાવાળા તેરાપંથીઓએ આ સ્થળે વિચારવાની જરૂર છે, કે પરિણામ ક્યાં છે તે જોવાનું છે. પરિણામ જીવ બચાવવાના છે, વળી સસલો જે કાંઈ કરશે તે તેના જીવને ભોગવવાનું છે. તેવી રીતે જીવ બચાવવામાં કોઇ જીવ પુણ્ય કરનાર નીકળે તો તેની પણ શી ખબર પડે ? માટે ત્યાં તો જીવદયાના પરિણામ હોવાથી એકાંતે બચાવનારને લાભ જ છે, તેમાં શંકા કરવા જેવું નથી. પછી પોતાનું ખોટું પણ પકડી રાખવું હોય તેને કોઇ કહેતુ નથી. તેવાઓને સમ્યક્ત્વ રત્ન હજુ મળ્યું નથી તેમ સમજવું ત્યાં તો સારૂ એવા જ પરિણામ છે કે સસલો કોઈ રીતિએ કેમ

બચે ? તેને બચાવવા ખાતર જ હાથીના જીવે અઢી દહાડા સુધી પગ અદ્ધર રાખ્યો. દાવાનળ શાંત થયા પછી સર્વ જીવો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. હાથી પગ નીચે મૂકતો નથી, અને પોતે પડી ગયો, તો પણ તેને મનમાં કાંઇ ન આવ્યું.

આપણે તે હાથી પાસેથી એક જ વસ્તુ સમજવાની છે, કે મરવાનું તો દરેક ભવમાં જીવને રહેલું છે, પણ આવું જીવદયાના પુણ્ય કાર્યના હેતુએ જો તે ન મર્યો હોત તો તેની પાસે અમરપટ્ટો ન હતો, આ દુનિયામાં કોઇ અમરપટ્ટો લઇને આવ્યું નથી, આવતો નથી ને આવશે પણ નહિ. જન્મ્યો તે અંતે મરવાનો જ છે. તો સુકૃત કરતાં મરણ થાય તેના જેવું મરણ બીજું કોઇ નહિ. તેવું આરાધનાવાળું મરણ તે મરણ નથી, પણ પોતા માટે ઓચ્છવરુપ છે. મરવાનું છે એ તો ચોક્કસ છે. નાક કપાઇને જવાનું છે. પણ ઘી ચાટીને નાક કપાય તો સારૂં. સુકૃત થઇને મરાય તે પ્રથમ નંબરે મરણ જાણવું. આ હાથી આ સ્થિતિમાં આવે છે, પોતાના પ્રાણના ભોગે પણ બીજાના જીવને કેમ બચાવવો તે જ લક્ષ્ય હાથીના જીવને હતું, દરેક ઉત્તમ જીવોને એવું જ લક્ષ્ય હોય છે. તેથી આ હાથી મરતાં મરતાં પણ એવું વિચારે છે કે, 'મારો જન્મારો સફળ થયો, કે સસલાને બચાવતાં મારું મોત થયું.' એમ મરતો હાથી કરેલ સુકૃતની અનુમોદના કરે છે.

એવામાં એકલી પગની આ વેદના જ છે તેમ નહિ, પણ બીજા હાથીઓ આવીને તેને દંતૂશળથી મારે છે. તે વખતે પણ એમ વિચારતો નથી કે 'આ સસલાને બચાવવાની ભૂલ કરી, તેથી આ પરિણામ આવ્યું.' તે ભૂલ છેજ નહિ. તેને ભૂલ ગણનાર અજ્ઞાની છે. એમ સમ્યક્ત્વ વાસિત જીવો વિચારે છે, જેને શત્રુના ઉપસર્ગ વખતે, મરણ વખતે પગ જકડાઈ ગયો તે વખતે પણ સસલાની દયા હાથીએ પાળી અને તેની પોતે અનુમોદના કરે છે. એક સસલાને બચાવ્યો તેમાં બીજે ભવે મેઘકુમાર રૂપે થઈ, ચારિત્ર પામી અનુત્તર વિમાનવાસી દેવ થયા; તેવા સુખ ભોગવવાને લાયક તે જીવ થયો. તિર્યંચમાંથી મનુષ્યરૂપે થયો, વળી શ્રેણિક તથા ધારિણીનો પુત્ર થયો. આ જીવ બચાવ્યાનું ફળ જાણવું.

**સિંચનથી જેમ ફળવૃદ્ધિ થાય તેણ અનુમોદનથી પુણ્યવૃદ્ધિ થાય.**

આપણે એવા જીવ ઘણા બચાવીએ છીએ, છતાં કેમ ઊંચે આવતા નથી? કોઠારમાં નાખેલા પાંચ દાણા પડ્યા પડ્યા જેટલા વધે નહિ, તેટલો એક જ દાણો સિંચવાથી વધે છે. માટે સુકૃતની અનુમોદના રૂપ પાણીથી પુણ્યરૂપી દાણાને સિંચવો જોઇએ. તો જિંદગીની સાર્થકતા. જન્મ કૃતાર્થ માનવા તરીકે દયાને પોષણ મળતું નથી. હાથીનો જીવ એક જ દયા રૂપી બીજ સિંચી સિંચી ફળ તૈયાર કરે છે. તે મરણ વખતે ભાવના ભાવી આત્માને સમજાવે છે. આપણે તો ધર્મના ઢીંગલા, શરીર જરા નરમ પડ્યું તો કબાટ દવાથી ભરાઇ જાય. ધાર્મિક ચોપડી પણ તે વખતે હોલ બહાર કઢાય. આ શું ધર્મનું સિંચન! વિલાયતી દવાદારૂના બાટલાથી સિંચન કરે. અરે! તમને આલંબન છતાં અનુમોદન કેમ થતું નથી? હાથી પગે વળગી જવાથી પડી ગયો ને મોત નીપજ્યું તેવે ટાઇમે પણ સુકૃતની અનુમોદના કેવી કરે છે, કે 'મારો જન્મ કૃતાર્થ કે મેં જીવનમાં એક સસલાના જીવને બચાવ્યો' તે ભાવના મરણદશા વખતે આવવી મુશ્કેલ છે.

**દ્રવ્યદયા એટલે માફી નહિ પણ શિક્ષાની મોલ.**

વિચારવાનું છે કે એક જાનવરની દ્રવ્યદયા તે શિક્ષાની મેતલ. શિક્ષા તો નક્કી જ. અમુક દિવસે શિક્ષા થશે. હાથીએ સસલાને બચાવ્યો પણ તેથી સસલો કાંઇ અમર ન રહ્યો, પછી પણ મર્યો. તેથી સમજવાનું કે આ મેતલ છે. તેથી દરેકે ચેતવું જોઇએ કે એક દિવસ મરવાનું તો છે જ, જે બચાવ્યો તે વખતે દ્રવ્યદયા પાળી તેનું ફળ તેને જરૂર સારામાં સારૂ મળી રહે છે. તો સસલાને બચાવવામાં આટલું જ કે દ્રવ્યદયાએ રોગીનો રોગ મટાડ્યો, પણ અંદરના કર્મ મટાડ્યા નથી. બીજી વખત હલ્લો કરશે. દ્રવ્યદયા એટલે મેતલ. માફી નહિ પણ મુદત. એક મુદત આપવાનું કામ આટલું લાભદાયી થાય છે.

**મુદત મળ્યાનો લાભ.**

જગત માત્ર જીવ્યું મુદતમાં. અમેરિકાનું દેવું જર્મનીને ભરવાનું હતું, ઇંગ્લાંડ ને ફ્રાંસનું દેવું ભરવાનું હતું. એમાં મારામારી ફેલા

મુદતની. મુદતનો હપ્તો રાખ્યો તેથી ટકી રહ્યા. હપ્તા માફ-નથી થયા, મુદત વધારી, તેમાં દેશોના દેશો જીવતા થયા. મુદત ન થઈ હોત તો દેશો પાયમાલ થાત. તેથી હપ્તાની કિંમત ઓછી નથી, પણ છે. હપ્તો માફ નથી.

માફ કરાવનાર ભાવદયા.

માફ કરાવનાર ભાવદયા છે. એ ભાવદયા કર્મના હલ્લાને ઉડાવી દેનાર છે, કર્મના દેવાનો નાશ કરનાર છે. દરેક જીવ આ જગતમાં કર્મના દેવાદાર છે. તે દેવું દીધા સિવાય કોઈનો છૂટકો જ નથી. આ ભવ નહિ તો પરભવ, પરભવ નહિ તો તેના આગલે ભવે; પણ તે દેવું તો વ્યાજ સહિત આ જીવને દીધા સિવાય છૂટકો નથી. જગતના વ્યવહારના દેવાથી નાદારી લઈ કે ચોરી છૂપીથી નાસભાગ કરી, કપટ કરી અત્યારે છૂટી જાય છે, પણ કર્મનું દેવું તો ચૂકવવું જ પડશે. તેની આગળ ચક્રવર્તી પણ ટકી શકયો નથી.

અહીં તો હજુ હાથી સસલાની દ્રવ્યદયા હપ્તાની કરે છે. માફીની દ્રવ્યદયા નથી. જ્યારે ભાવદયાવાળો કર્મોથી બચાવી લે છે. સમ્યગ્‌-દર્શનાદિ આપવામાં આવે છે, તે કર્મના કાઠિયાનો નાશ કરે છે. આ જીવને કર્મના કાઠિયા જ નડતરરૂપ છે. પણ તે નડતર જો આત્મામાં સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થાય તો ચાલી જાય છે. સસલાની કરેલી દ્રવ્યદયા રૂપ કાર્ય પણ અનુમોદનથી સિંચાયું તો મેઘકુમાર થઈ ચારિત્ર પામી અનુત્તરવિમાન દેવલોકમાં ગયા, જ્યાં એકાવતારી પુરુષો જ જાય છે, ત્યાંથી ચ્યવી મોક્ષમાં જશે, મેઘકુમારે સસલાની દયા પાળી તેનું ફળ બતાવ્યું.

તેવી જ રીતે હરિબળ માછીએ પણ એક વખત માછલીની દયા પાળી તો સંસારમાં તે જ ભવમાં સુખ પામ્યો. શાલિભદ્રના જીવે એક વખત પણ મુનિને ભાવથી દાન દીધું તો બીજા ભવમાં શાલિભદ્રજી દેવતાઈ રિદ્ધિ પામ્યા. આવી રીતે દાન, જીવદયા કે કોઈ પણ ધર્મ તે સુખને દેનાર થાય છે, માટે ધર્મ એવી ચીજ છે કે તેનો સીમાડો નથી. દુનિયામાં બીજી બધી વસ્તુઓના સીમાડા છે.

હદ છે, મર્યાદા છે. જેમ હીરાની કિંમત લાખની હોય તો લાખ રૂપિયે તેનો સીમાડો આવી રહ્યો, વળી તે ઝવેરી આગળ તેટલો સીમાડો આવ્યો કહેવાય. તે જ હીરો ભીલ કે કોળી પાસે આવ્યો હોય તો તેની નજીવી કિંમત કરે ત્યાં તેનો સીમાડો. તેવી રીતે અહીં ધર્મ એ અનંત ફળનું સ્થાન છે.

કેવલજ્ઞાન, કેવલદર્શન, વીતરાગપણું તે બધા સાદિઅનંતવાળું નિઃસીમ એટલે મર્યાદારહિત અનંતસુખ આપનાર છે. જે ધર્મમાં સાવધાન હોય તેને માટે નિઃસીમ સુખ અંકાય છે, પણ જેઓને આત્મકલ્યાણની બુદ્ધિ થઇ નથી, તેવાને માટે તેવું સુખ હજુ ઘણું દૂર છે! આ જીવ ધર્મથી ખસે છે શાથી? શાલિભદ્રજીએ સાધુ મુનિરાજને ખીરનું દાન દીધું. તેવે ટાઇમે દુનિયાના નાસ્તિકો તેને શું કહે? 'બેવકૂફ! ખાવા જેટલું તો રાખવું હતું? ઘર બાળીને તીર્થ કરવાનું હોય?'

**વિજય શેઠ અને વિજયા શેઠાણીને એક વખત જમાડયાનું ફળ.**

તેવી જ રીતે વિજયશેઠ ને વિજયા શેઠાણીનો દાખલો લો. શુકલપક્ષ ને કૃષ્ણપક્ષના બ્રહ્મચર્યના નિયમવાળાને બંનેનો પરસ્પર લગ્ન સંબંધ જોડાયો; ને પાછળથી ખબર પડી તો પથારીમાં તલવાર રાખી બંનેએ ત્રિકરણશુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું પણ નિયમ તોડયો નહિ અને વિચાર કર્યો કે 'આ નિયમ આપણે માબાપને જણાવવો નહિ, જ્યારે તેઓને ખબર પડશે ત્યારે આપણે બંને જણ દીક્ષા અંગીકાર કરીશું તે ટાઇમે ચંપાનગરીમાં વિમલકેવલી આચાર્ય મહારાજ સાધુ મુનિરાજના પરિવાર સહિત પધાર્યા છે. એક જિનદાસ નામના શ્રાવક આચાર્ય મહારાજને વિનંતિ કરે છે કે 'મારે ચોર્યાસી હજાર મુનિરાજને વહોરાવવું છે. મારે ઘેર સાધુઓ ગોચરી લેવા પધારે તેમ આદેશ આપો, ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે 'હે શ્રાવક! એક ઘેરથી ૮૪૦૦૦ સાધુને આહાર લેવાનું બને નહિ. કયાં એટલો સૂઝતો આહાર અને કયાં એટલાં ઘર?' જ્યારે તે બહુજ વિનંતિ કરવા લાગ્યો, ત્યારે તેને કહ્યું કે 'કચ્છ દેશમાં, અમુક નગરમાં

વિજયશેઠ ને વિજયા શેઠાણી છે, તેને તું જમાડ, ભોજન કરાવ, એટલે તને ૮૪૦૦૦ સાધુઓને આહાર વહોરાવ્યાનું ફળ મળશે,' શ્રાવક તો આશ્ચર્ય પામી ગયો. 'સાહેબ ! એવા તે એ બંને જીવો કેવા પુણ્યશાળી છે કે આપ કહો છો કે ચોર્યાસી હજાર સાધુને આહાર વહોરાવ્યાનું પૂણ્ય, ગૃહસ્થ એવા તેમને માત્ર જમાડવાથી થાય ?' જ્યારે તેણે પૂછયું ત્યારે તેનો સઘળો વૃત્તાંત ગુરુ મહારાજે કહી દીધો, તે સાંભળી તે બહુ ખુશ થયો અને વિજય શેઠ ને વિજયા શેઠાણીને જમાડીને ચોર્યાસી હજાર સાધુઓને વહોરાવ્યા જેટલું પુણ્ય ઉપાર્જન કર્યું.

**ધર્મના અધિકારી કોણ ?**

આ વાત જાણીને આજના નાસ્તિકો શું કહેશે કે દુનિયા તરફ જોવું હતું ને ? દુનિયા શું કહેશે ? તેનો પણ વિચાર ન કર્યો, તો પરણ્યો શું કામ ? પરણીને એક બાઇને લાવ્યા ને પછી તરછોડવી તે કોઇ રીતે ઠીક નહિ. આમ આજના નાસ્તિકો તેવે ટાઇમે બોલી નાખે. પણ દુનિયા તરફ લક્ષ્ય રાખે તો ધર્મ કરી શકે નહિ. ધર્મનો સમર્થ અધિકારી કોણ ? જે માતપિતાથી પણ ધર્મ કરવામાં ડરે નહિ, ધર્મ વિરુદ્ધ બાબત સાંભળે નહિ, તો જ ધર્મના અધિકારી, આપણે કાનના કાચા પૂરેપૂરા રહેવું છે. તાડના ઝાડ ઉપરની સોય નાશ પામે તો આખું ઝાડ નાશ પામી જાય, તાડના ઝાડની ટીસી નાશ પામી તો આખું ઝાડ નાશ પામે. આંબો કે જાંબુડો નથી, તેનું ઉપરનું કાપે તો કંઇ નુકશાન નહિ, આપણને સોય ભોંકાઇ તો મર્યા. આપણે તાડ જેવા છીએ, આંબાની ડાળ જેવા નથી. 'લોકો આમ કહે છે, તેમ કહે છે, તે ખ્યાલ કરવાની જરૂર છે,' એમ કહેનારાએ પ્રસન્નચંદ્રરાજર્ષિનું વચન દૃષ્ટાંત તરીકે વિચારવું.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાજ્ય છોડીને પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરે છે. તેને કેટલાય વરસો થઇ ગયા છે, અનુક્રમે પ્રભુ મહાવીરની છત્રછાયામાં કાઉસ્સગ્ગ કરે છે. ત્યાં દુર્મુખ દૂત કહે છે કે 'આનું મોં જોઇએ તો આપણને પાપ લાગે, કારણ કે એકના એક નાના પુત્રને રાજગાદી સોંપી પોતે તપ તપવા નીકળી પડયા છે !' તે સાંભળી

ધ્યાનમાં રહેલ પ્રસન્નચંદ્ર રાજર્ષિ મનમાં અનેક પ્રકારના આર્ત્તધ્યાનના વિચાર કરવા લાગ્યા. આ આર્ત્તધ્યાનના વિચારમાં તેઓ કેમ પેઠા? તો કે લોકોના વચન પર ધ્યાન રાખ્યું તેથી. પોતે ધ્યાનારૂઢ છે તે વખતે ત્યાંથી શ્રેણિક રાજાની આખી સવારી નીકળી છે. શ્રેણિકે તેમને વંદન કર્યું પણ શ્રેણિકના ખ્યાલમાં નથી કે આવા ખરાબ વિચારમાં તેઓ વર્તે છે, તેવા ટાઈમે લોકવાયકામાં પેઠા તો સાતમી નારકીમાં જઈને પ્રસન્નચંદ્ર બેઠા.

**ધર્મ કરનાર લોકવાયકા પર ધ્યાન ન આપવું :**

લોકવાયકા સાંભળીને તેમાં દુર્જનોના વચનોથી દોરાવાવાળો પોતાના આત્માને ધર્મથી દૂર જ કરે છે. ધર્મ કરવો હોય તેણે તો ત્રિલોકના નાથનું વચન જોવાનું, ફાટેલબોખ જેવા લોકના કથન ઉપર ધ્યાન રાખવાનું નહિ પાલવે. જેઓ લોકની ગવેષણા તરફ ધ્યાન ન દે, જેમ ભરવાડ બકરીને પાળે, વાડામાં રાખવી, ચરાવી લાવવી ને દૂધ લઈ લેવું, તે તેનું કામ ! ભરવાડ બકરીને ઘરમાં ન રાખે, વાડામાં રાખે; તેમ ગૃહસ્થો પાસેથી ગોચરી પાણી લઈ લો. બાકી બીજો કશો સંબંધ ન રાખો ! ભરવાડ દોહવાની વખતે જ વાડે જાય, તેમ સાધુઓ આહાર પાણીની જરૂર હોય તે વખતે ગૃહસ્થોને મળે.

લોકવાયકામાં મહાવીર મહારાજા છ મહિનામાં મરી જવાના છે. આવી વાયકાથી જો દોરાયા હોત તો ધર્મી લોકો ધર્મથી ખસી જાત પણ સર્વે એક જ વાત રાખી કે લોક તે ફાટેલી બોખ સમાન છે, તેમાં લાંબો વખત પાણી ન ટકે; તત્ત્વદૃષ્ટિ રહિત લોકોને અનુસારે આત્માને દોરવવા જશો તો પ્રસન્નચંદ્ર રાજર્ષિની માફક આ આત્મા સાતમી નારકીએ ચાલ્યો જશે.

આ ઉપરથી એ સમજો કે લોકવાયકા પર ધ્યાન રાખવા ગયા, તો મરી ગયા; લોકો બધા એક જાતના હોતા નથી, કોઈ વિવેકી, કોઈ અવિવેકી. કુથળીમાં પડે તે અવિવેકી જાણવા, તેની વાયકા પર ધ્યાન રાખવાનું હોય નહિ. જો તેમાં ધ્યાન રાખવા જાય તો ઉલટો

પોતાનો આત્મા પાપથી ભારે થાય છે. માટે આ હકીકત ધ્યાનમાં રાખી ધર્મને ચૂકવો નહિ અવિવેકીઓના વચન પર દોરાવાવાળા સાત પુંછડીયા ઉંદરના ભાઈ કે બીજા કોઈ?

## લાલીયો લાભ વગર લોટે નહીં:

ધર્મ અનંત ફળનું સ્થાન છે, તે સાવધાન હોય તેને માટે, ગફલતમાં હોય તેને માટે નહિ. શરીરથી પણ સાવધાન રહેવાનું, શરીરની કે લોકોની ચાલે ન ચાલો. જો ચાલ્યા તો જુતિયા ખવડાવશે. હાથી જંગલી હતો છતાં પણ જુત્તા ખવડાવનાર જોડિયા શરીરની દરકાર ન કરી તો ઊંચી સ્થિતિ પામ્યો. પાંચ ઈંદ્રિયોને શરણે ન જશો! લોકોના લખલખાટમાં શરીર ઇંદ્રિયોના આકર્ષણમાં ન જાવ તો સાવધાન છો. સાધન દેખાડનાર સાધનના શરણે જાઓ. તેમાં સાવધાનીનો એક રસ્તો રહેવાનો નહિ. 'મારો લાલિયો ખાતરમાં લોટે તોપણ લાભ હોવો જોઈએ.' છોકરા લાલીયાને ગાંડો થયાનું કહે, ઘી ઢોળી દીધું કહે, તેની દરકાર લાલિયો ન રાખે, લાલિયાએ ઉકરડામાં આળોટવાનું કર્યું. તે વખતે છોકરા તરફ કે ઉકરડા તરફ ન જોયું, પણ લાભ તરફ જ જોયું, તેમ ધર્મીઆત્મા કેવળ પરમાત્માના વચન પર જ નજર રાખે.

## ભવભ્રમણ ચૌદમું રતન:

અનંતજ્ઞાનીના વચનોની દરકાર કરવી કે ભટકતા ભૂતની દરકાર કરવી? સાવધાન થાય તે જ ધર્મ કરી શકે. શેરડીનું ખેતર તૈયાર કર્યું, કણબી મૂર્ખ હતો. શેરડી કાપવાનો વખત આવ્યો, ત્યારે કોઈએ કહ્યું કે તુંબડા આમાં વવાય, તો તુંબડા વાવવા માટે તૈયાર શેરડી ખોદી નાખી. ખોદી નાખનાર જેમ મૂર્ખ છે તેમ આપણે અજ્ઞાની ભટકતાના વચન ખાતર સર્વજ્ઞનાં વચનો કોરાણે મૂકીએ તો શી દશા થાય? ડગલે ને પગલે વિઘ્ન આવશે. 'सावधानैः' લોકો, કુટુંબ, શરીર, ઇંદ્રિયોથી વિઘ્ન આવશે; પણ તેથી સાવધાન રહેશો તો ધર્મ સાધી શકશો. શરીર સંસ્કાર કોરી ન નાખે તે ધ્યાનમાં રાખજો. દુનિયામાં ચૌદમું રતન કહેવાય છે. તે ભીલ કોળી સરખા ને સીધા

દોર કરી દે છે. તો પછી અહીં ભવભ્રમણ કરીશ ! ચારે ગતિમાં રખડી મરીશ ! તે ૧૪મું રતન ધ્યાનમાં લીધું ? ભવભ્રમણ ચૌદમું રતન ! લોકોની ચાલે ચાલીશ તો તારે ખત્તા ખાવા પડશે ! આગળ આમાંથી કોઇ ખત્તા ખાવા આવવાનું નથી; ફાંસીના લાકડે તારે લટકવાનું. અહીં અનંત જ્ઞાનીના વચનથી સંસારભ્રમણનો ખ્યાલ જેને આવ્યો હોય, તેને લોકવાયકા તરફ નજર કર્યા વગર ધર્મ કરવા સાવધાન થવાની જરૂર છે.

# ચાતુર્માસ પરિવર્તન વ્યાખ્યાન.

મેસાણા સં. ૧૯૯૧ કારતક શુદિ ૧૫.૨૧-૧૧-૩૪ ચોમાસું બદલ્યું

दुर्गतिप्रसृतान् जंतून यस्मात् धारयते ततः।
धत्ते चैतान् शुभे स्थाने तस्माद्धर्म इति स्मृतः ॥ १ ॥

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં મનુષ્યગતિ પ્રાપ્ત થવી મુશ્કેલ હતી, જે વસ્તુ જાણવામાં આવી હોય, તેનાં કારણ મળ્યાં હોય તો તે વસ્તુની સ્થિતિ કરવી આકરી નથી, પણ જેનાં કારણો આપણે આપણી મરજી થવાથી મેળવી શકતા નથી, તેવું કાર્ય સિદ્ધ થવું, જગતના ન્યાયથી દૂર રહેલું છે. કારણ કે આ જીવ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય કે ઢોરઢાંખરપણામાં હતો, તે મનુષ્યપણું કેવી ચીજ છે તે જાણવાની તાકાત ન હતી, સમજવાની પણ તે જીવમાં તાકાત ન હતી. તો પછી મનુષ્યપણાની સુંદરતાનો સ્વપ્ને પણ ખ્યાલમાં આવે ક્યાંથી ? સુંદર કે અસુંદર વસ્તુ જાણ્યા પછી જ જાણી શકાય, આ વસ્તુ અત્યારે જગતને અંગે આપણે જોઇ શકીએ છીએ. આપણે ઘેર ગાય, ભેંસ, કૂતરા, ચકલાં, કબુતર, હોય તેને આ કોણ છે ?

મનુષ્ય છે. તે વિચાર કરવાનો વખત નથી, મનુષ્યના સમાગમમાં આવવાવાળી જાત તે સંજ્ઞીપંચેન્દ્રિયની જાત મનુષ્યપણાની સુંદરતા જાણી ન શકે તો પછી તેની અભિલાષા ક્યાંથી થાય ? તે ન જાણે તો તેને અભિલાષા ન થાય, તો તેના કારણ ખોળે કોણ ? જે ગામ જવું હોય તે ગામનો જ રસ્તો પૂછાય. કારણો જાણવાની દરકાર નહિ, તો કારણો મેળવે ક્યાંથી ? મનુષ્યપણાના સમાગમમાં આવવાવાળી જાત મનુષ્યપણાને અંગે તદ્દન વિચાર વગરની છે. તેને તો ઝાડના જીવો, દરમાં ફરતી કીડીઓ, માખીઓ તેને તમે કોણ ? કેવા છો ? તમારી જાતિ કયા ઉત્તમ કાર્યો કરે છે, તેનો વિચાર કરવાનો અવકાશ ક્યાંથી હોય ?

એક મનુષ્યગતિ સિવાય બીજી જાતિમાં મનુષ્યપણાનું જ્ઞાન, ઉત્તમતાનું જ્ઞાન, તેનાં કારણો વિચારવાની દિશા પણ નથી, જ્યાં દિશા નથી ત્યાં વસ્તુ મળે જ શાની ? ન મળે. એક જ જગતમાં હજુ નહિ જાણેલી, ઇષ્ટ નહિ લાગેલી એવી વસ્તુ કારણો નહિ મેળવેલાં છતાં પણ મળી જાય છે. માબાપની મહેરબાની હોય તો છોકરો ભલે દાગીનાને સોનાને રૂપાને જાણતો નથી, ઇષ્ટ નથી જાણતો, છતાં માબાપ પરાણે લાવીને પણ આપે છે. છોકરાએ સોનું રૂપું જાણ્યું નથી, તેની સુંદરતાનાં કારણો મેળવ્યાં નથી; પણ માબાપ મમતાથી છોકરાને મેળવી દે છે. પણ આ જીવ પર કોઇ મહેરબાની કરનાર નથી, અને આ જીવને મહેરબાનીની રાહે કોઈ મનુષ્યભવ દેતું પણ નથી.

ભવિતવ્યતા :

શંકા થશે કે તો મનુષ્યભવ મળ્યો શી રીતે ? મળ્યો છે એ ચોક્કસ, તો શી રીતે મળ્યો ? તો ભવિતવ્યતાએ. કોઈ કહેશે પણ તેના માથે શીંગડું છે ? ભવિતવ્યતા બધાની કેમ નહિ ? આપણી જ કેમ ? મનુષ્યપણું મળ્યું તે આપણા સત્કર્મથી જ મળ્યું છે. સત્કર્મ વગર મળે તો ભવિતવ્યતા કહી શકાય. આ કાળમાં ૫–૫૦–૧૦૦ વરસે છૂટી જનાર એવો મનુષ્યભવ છે. ભવિતવ્યતાએ શુભ કર્મ વગર મનુષ્યભવ આપી દીધો હોય તેમ બનતું નથી. શુભકર્મ બાંધ્યા વગર કોઇ મનુષ્ય થતો નથી. તો ભવિતવ્યતા કામની નહિ ને ? પણ શુભ કર્મ જે થયું તેમાં આપણો વિચાર ન હતો, પણ ભવિતવ્યતાના જોગે થયું છે તેથી ત્યાં ભવિતવ્યતા ગોઠવી. અન્ય ગતિમાં મનુષ્યપણાનું ફળ વગેરે જાણ્યા ન હતા. શુભકર્મ માટે આમ પ્રયત્ન કરાય તેમ જાણ્યું ન હતું, છતાં તે થઈ ગયો તેનું નામ ભવિતવ્યતા.

સીધા શબ્દમાં કહીએ તો ધૂળમાં રમનાર છોકરા જમીન ખોદે તે રમવા માટે, પણ રમતાં રમતાં નીચેથી રતન નીકળી પડયું. છોકરાએ રતન જાણ્યું ન હતું. તે માટે જમીન ખોદવા માંડી ન હતી, પણ ભાગ્યથી જમીન ખોદતાં રતન મળી ગયું. આપણે એકેન્દ્રિમાં રખડતા હતા, ભવિતવ્યતાના યોગે અકામ નિર્જરા થઇ ગઈ. તેથી ભાગ્ય ખૂલ્યું અને મનુષ્ય થઇ ગયા. એક છોકરાને રતન મળી ગયું. તે જોયા

પછી બધા છોકરા ખોદવા મંડયા, પણ દરેકને રત્નો ન મળ્યાં, તેમ આપણી પેઠે અનંતા જીવો ભવચક્રમાં રખડી રહ્યા છે. અનંતા જીવો આધિ, વ્યાધિ, ઉપાધિના દુઃખો ભોગવી રહ્યા છે, છતાં તેમાંથી આપણે ભવિતવ્યતાના યોગે ઊંચે આવી ગયા છીએ. બધા અકામ નિર્જરા કરનારા મનુષ્યપણાને લાયકના કર્મ બાંધી દે તેમ બનતું નથી.

**બોર માટે રત્ન વેચનાર કેવો ગણાય?**

જેમ છોકરો રત્ન લઇ બોરાંવાળાની દુકાને જઈ રત્ન આપી ચાર બોરાં ખાવા માટે લે, તેવાને ભવિતવ્યતાએ હીરા મેળવી દીધા એમાં વળ્યું શું? ચાર બોરાં પેટે હીરો આપી આવ્યો, તેમ આ જીવ પણ મનુષ્યપણા રૂપી હીરો જે ભવિતવ્યતાના યોગે મળી ગયો છે એ ચિંતામણિ રત્ન સમાન છે, તે જાનવરને ખાવા ભોગવવા લાયક વિષયોને પેટે ગુમાવીએ તો મનુષ્ય ભવરૂપી હીરો સોંપી દઇએ છીએ. આ મનુષ્યભવમાં વિચાર રાખવો જોઈએ.

**રાંડેલી સ્ત્રી મળેલી મિલકતમાંથી ઓછું થવા ન દે.**

રાંડેલી બાઈ હોય તે પણ મળેલી મિલકત જળવાય કેમ તે ધ્યાન રાખે. નવી મિલકત ન મેળવે પણ જૂની મિલકત બરાબર સાચવી રાખે છે. તો આપણને ચિંતામણિ રત્નાધિક મનુષ્ય ભવની મિલકત મળી તે ખોવાય તે કેમ ચાલે? તત્ત્વ એ છે કે આપણે મળેલી મિલકતનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ થવાની જરૂર છે, નવી મેળવવી તે મરદનું કામ છે, આદમી-મરદ તે નવું કમાવા જાય, પણ મળેલી મિલકતનું વ્યાજ ખાય, મિલકત સાચવવી તે વિધવા બાઈઓ પણ કરે છે. તેમ જગતની અપેક્ષાએ મનુષ્યપણું, મળેલી મિલકતને ભોગવો પણ તે મિલકત ઓછી ન થાય તે માટે કટિબદ્ધ રહેવું જોઇએ. મળેલી મિલકત ગઇ તો બાઇ જાત હશે તો એ છાતી કૂટશે. બાઇ જાત જેટલી તમો અક્કલ ધરાવો છો કે નહિ? આપણી આ મનુષ્યભવની મિલકત જરૂર ટકી રહેવી જોઇએ? દેવપણું અને મોક્ષ કે રૂટકા મેળવવાની વાત છે.

જીનીહઅેશા એ છે કે તેને મનુષ્યપણાના કારણોનો અમલ હું ધરાવેલ છું તેનો વિચાર આવતો નથી. જેમ મૂળીં ચિઠ્ઠીના

એકલી મિલકત ઉપર મમતા રાખે, પણ ભવિષ્ય ઉપર કે વ્યાજ ઉપર ધ્યાન ન રાખે, તેમ આપણે મિલકતની મમતામાં જન્મારો ગુમાવીએ છીએ. ચાહે સ્પર્શ-રસન-ઘ્રાણ-શ્રોત્ર કે ચક્ષુ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જિંદગી ગુમાવીએ છીએ.

**સદ્ધર શરાફને ત્યાં મિલકત વ્યાજે મૂકો.**

વિધવાબાઈ સમજે, તેના કુટુંબીઓ સારા હોય તો તેને સમજાવે, વ્યાજે મૂકે તો મૂળ રકમ ઊભી રહે અને નિભાવ થાય; તેમ આ જીવ ઇન્દ્રિયોના વિષયકષાયોમાં આરંભાદિકમાં રાચી રહ્યો છે, તેમાં હિતૈષી મળે તો સમજાવે ને ? હા. સમજે તો ધર્મને રસ્તે ચઢે, તેમાં જ મનુષ્યપણાની સુંદરતા સમજે, ને મનુષ્યપણાની સુંદરતા સમજે, ને મનુષ્યપણાની મિલકત સાચવી રાખે, સ્પર્શાદિક ઇન્દ્રિયોની આસક્તિમાં રહે તેમાં મનુષ્યપણાની મિલકત સાચવી રાખે, સ્પર્શાદિક ઇન્દ્રિયોની આસકિતમાં રહે તેમાં મનુષ્યપણું ન ટકે અને નવું મળે નહિ. શરાફને ત્યાં વ્યાજે એને ન મૂકે તો વિધવા ને મિલકત બંને નાશ પામે. આ પાંચે ઇન્દ્રિય અને ત્રણ યોગરૂપ આઠ મિલકત આપણને મળેલી છે, પણ આપણે પકડી રાખી તો આપણે મર્યા તો મિલકત મરેલી છે, માટે શરાફને ત્યાં મૂકો મિલકત ને આપણો નિભાવ થાય. શરાફ કયો અને તે કેવો જોઈએ ? જે દુકાનમાં ખોટ ન હોય તેવો શરાફ શોધો. સદ્ધર શરાફ જોઈએ તો વ્યાજ આપે, નિભાવ થાય ને મિલકત ઊભી રહે.

**સદ્ધર શરાફ પુણ્યકાર્ય :**

અહીં એવો શરાફ કયો ? પુણ્ય એ જ શરાફ. પુણ્યને રસ્તે ઇન્દ્રિયોનો તથા ત્રણ યોગનો ઉપયોગ કરો તો પુણ્ય એવું સદ્ધર છે કે ચક્રવર્તીનો ચૂરો ન થાય. પુણ્ય કર્મની ઢીલાશ થઈ નથી. સદ્ધર શરાફ પુણ્ય કર્મ, પણ એ શરાફ તાબેદાર છે. કોનો ? ધર્મનો તાબેદાર છે. ધર્મના હુકમ બહાર પુણ્ય શરાફથી ચસકાતું નથી, શરાફ ઘેર આવતાને ધક્કો નહિ મારે, દૂર નહિ કરે, પણ પુણ્ય શરાફ ને ધર્મ મહારાજા હિસાબમાં-મર્યાદામાં રાખે છે અને તમારા ઉપર આવતા ધક્કાને પણ હઠાવી દે છે. શરાફો માત્ર મિલકત રાખી

વ્યાજ જ આપે. જાવ, પુણ્ય જમે રાખ્યું, તો દુર્ગતિએ ન જાવ, તેના રસ્તે પણ ન જાવ, પુણ્ય રૂપી શરાફમાં દુર્ગતિમાં મોકલે તેવી તાકાત નથી. શરાફથી એમ ન બોલાય કે કલાલખાનામાં વેશ્યાવાડે જાય છે, માટે વ્યાજ નહિ આપું! મારે ત્યાં રકમ મૂકનારો વ્યાજ લઈ શું કરશે, તે શરાફને જોવાનું નથી. શરાફને માત્ર રકમ માગે ત્યારે આપી દેવી, પછી માલિક ચાહે તે કરે. મહારાજા હોય તેને તો પોતાની પ્રજાની મિલકત રહે ને પ્રજા ગભડી ન પડે તે તેને જોવાનું હોય. એમ આત્મા ધર્મ મહારાજાની રૈયત બને.

**ધર્મ મહારાજાની વફાદારીનું અને દ્રોહીપણાનું ફળ**

રાજા રક્ષણ ક્યાં સુધી કરે? તેની રૈયત બનો ત્યાં સુધી. રૈયતમાંથી નીકળી જાવ તો રાજાના શીરે જોખમ નથી, તેમ ધર્મના શરણમાં રહે તેના પાપનો હલ્લો દૂર કરવાની જોખમદારી ધર્મ મહારાજા રાખે છે. સદ્ગતિ મેળવી આપવાની ને દુર્ગતિથી દૂર રાખવાની જોખમદારી ધર્મ મહારાજાની છે. ધર્મ મહારાજા કોને કહેવા? મહારાણી વિકટોરિયા કહેવાતી, અને ઘોડા પરાણે ખેંચે તે ગાડીનું નામ પણ વિકટોરિયા કહેવાય છે. વાહન વિકટોરિયા કે ક્વીન વિકટોરિયા? તેમ તેનું નામ ધરાવ્યું ને ગુણો ન આવ્યા તો વિકટોરિયા વાહન છે તેમ અહીં જેને આપણે મહારાજા કહીએ છીએ તે ગાયકવાડ–ગ્વાલિયર –સિંધિયા–હોલકર નથી, પણ ચૌદરાજલોકમાં જેનું રાજ્ય પ્રવર્તે છે, જેની આણ ચૌદ રાજલોકમાં ચાલે છે, જેમની સત્તા નીચે ચૌદ રાજલોક છે એવો ધર્મ મહારાજા છે.

રાજ્યમાં રહેનારા બે પ્રકારના હોય છે: વફાદાર અને દ્રોહી. રાજા જગતનું ભલું કરવા પ્રવર્તેલો હોય, તેમાં તેનું તથા તેમના ભક્તનું ભલું થાય. ધર્મરાજાની સત્તા ચૌદ રાજલોકમાં, પણ ભલું તો ભક્તનું થાય. તેમ દ્રોહી નીકળે તેના માટે જેલખાના હોય છે. જેલખાના તરીકે અહીં તિર્યંચગતિ ને નરકગતિ છે. ધર્મદ્રોહીને ત્યાં રાખ્યે જ છૂટકો. છૂટા ફરતા અને સમૃદ્ધિવાળા કોને રખાય? વફાદારને. તેમ મનુષ્યપણામાં અને દેવપણામાં કોને રખાય? તો કે

જેઓ ધર્મને અંગે વફાદાર હોય તેને. રાજ્યની વફાદારી પ્રજાને ઉન્નત દશામાં રાખે છે. ધર્મની વફાદારી બે કાર્ય જરૂર કરે છે; નરક તિર્યંચ ગતિમાં જવું ન પડે; અને મનુષ્ય ને દેવગતિના સ્થાનમાં મોજથી ફરે. આથી જેમ જીવો જન્મે અજ્ઞાન, છતાં પણ મહારાજાઓની ફરજ હોય કે તેમને સજ્ઞાન બનાવવા. તેમ જીવો જન્મે દુર્ગતિ તરફના મોં વાળા હોય, પણ જન્મે અજ્ઞાન જીવોને કેવલીપણા સુધીની ઊંચી સ્થિતિએ લાવવા પડે છે. તેમ દુર્ગતિ તરફ ધસી રહેલાને કેવલી મહારાજા સદ્ગતિ તરફ દોરે છે. કેવલી ભગવાન તેવા જીવને દુર્ગતિ તરફ જતાં રોકી રાખે છે, એટલે ધર્મોપદેશ આપી ધર્મમાં જોડે, તેથી તેની ઉત્તમ ગતિ થાય છે, તેમ સમજવું. રોકી રાખ્યા તો ત્રિશંકુ જેવી દશા થઇ જાય પણ ધર્મ તેવી દશા નથી કરતો. દુર્ગતિથી રોકે એટલું જ નહિ પણ સદ્ગતિમાં સ્થાપન-ધારણ કરે છે, જ્ઞાનની દશામાં પણ લાવી મૂકે છે, મનુષ્યગતિ અને દેવતાની ગતિ તે રૂપ સદ્ગતિઓમાં જીવને સ્થાપન કરે છે. જેઓએ દુર્ગતિનાં ખાતાં બાંધ્યાં હતાં, તેમને જ્ઞાનદશામાં વાળી એને શુભસ્થાનકે ધારણ કરે છે. માટે એનું નામ ધર્મ.

ધર્મ એ પાડેલી સંજ્ઞા નથી. अ. ब. क જેવું આ નામ નથી. પણ સાર્થક નામ છે. હવે આપણે મૂળ વાતમાં આવીએ. તો અહીં ધર્મ એવી સંજ્ઞા તરીકેનો શબ્દ નથી, મન ફાવે તે સંજ્ઞા કરી લેવાય, તેવી સંજ્ઞા ધર્મની નથી. દુર્ગતિથી જીવોને જે બચાવે અને સદ્ગતિમાં ધારણ કરે તે ધર્મ છે. એટલા માટે ધર્મ સંજ્ઞા છે. જેવા ગુણો તેવું નામ છે. તે માટે ધર્મ એવું યથાર્થ નામ છે. ધર્મિષ્ઠ આત્માઓને ધર્મકાર્યોના પવિત્ર દિવસો આવે ત્યારે અપૂર્વ ઉલ્લાસ પ્રગટે છે. આજે મુનિમહારાજાઓને ચાતુર્માસ પરિવર્તન કરવાનો પ્રથમ દિવસ હોવા સાથે કાર્તિકી પૂર્ણિમા અને શ્રીસિદ્ધગિરિ યાત્રાનો શરૂઆતનો દિવસ પણ છે.

## શ્રી સિદ્ધગિરિનો મહિમા અને કાર્તિકી પૂર્ણિમા

સામાન્ય રીતે વર્ષની ત્રણ ચોમાસીઓ કહેવાય છે. તેમાં પણ અતિશય પવિત્રતાને ધારણ કરનારી જો કોઈ પણ ચોમાસી તિથિ ગણાતી હોય તો માત્ર કાર્તિકી પૂર્ણિમા છે. આ કાર્તિકી પૂર્ણિમાને ઉદ્દેશીને જૈનસમુદાયની વસતિવાળા દરેક સ્થાનો પવિત્રધામરૂપ એવા શ્રીસિદ્ધગિરિજીને યાદ કર્યા સિવાય રહેતા નથી. જે જે જૈનભાવિકો શકિત અને સાધનસંપન્ન હોવા સાથે સિદ્ધગિરિજીની યાત્રા કરવાના ઉલ્લાસવાળા હોય છે, તેઓ તો વેપારરોજગાર, આરંભસમારંભ વગેરે છોડી તીર્થયાત્રાથી આત્માને પવિત્ર કરવા માટે પુંડરિકગિરિ તરફ પ્રયાણ કરે છે. દેશ પરદેશમાંથી આવનાર હજારોની સંખ્યામાં ઉતરી પડે છે, એટલું જ નહિ પરંતુ સિદ્ધગિરિજીની ચારે દિશામાં રહેતા જૈનેતરો બીજા લોકો પણ ત્યાં મેળામાં આવી ઉલ્લાસમાં વૃદ્ધિ કરે છે. આ દિવસની આદિ કોઈપણ રાજસ્થાનના ઇતિહાસમાંથી નીકળી શકે તેમ નથી. આ ભરતક્ષેત્રમાં જ્યાં સુધી ધર્મનું સામ્રાજ્ય પ્રવર્તશે ત્યાં સુધી દરેક ભવ્યાત્મા આ સિદ્ધાચળજીની યાત્રાથી આત્માને પવિત્ર કરતા રહેશે.

### ગિરિરાજની યાત્રાનું અનુકરણ પટદર્શન

જૈનસંઘનો કેટલોક ભાગ કોઈપણ કારણસર જ્યારે સાક્ષાત્ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાનો લાભ લઈ શકતો નથી, ત્યારે પોતપોતાના ક્ષેત્રમાં ગામમાં શ્રી સિદ્ધગિરિજીને જુહારવા માટે શ્રી સિદ્ધાચળજીનો વિશાળ ચિત્રપટ શ્રીસિદ્ધગિરિજીની દિશા તરફ બંધાવી કાર્તિકી પૂર્ણિમાની યાત્રાનો લાભ ભાવપૂર્વક લઈ સુકૃતનું સિંચન કરે છે. આ પવિત્ર દિવસે સ્થાનિક ચોક્કસ સ્થળની યાત્રા કર્યા સિવાય ભાગ્યે જ કોઈ બાકી રહેતું હશે.

### આ તીર્થનો પ્રભાવ

આ સિદ્ધગિરિ એ જ છે કે જે જગતમાં સર્વતીર્થ કરતાં અતિશય ઉત્તમતાને ધારણ કરનારૂં તીર્થ છે. આ ગિરિરાજને ઘોર પાપી અને અભવ્ય આત્માઓ દ્રવ્ય થકી પણ દેખી શકતા નથી. આ ગિરિરાજ સર્વકાળ માટે પ્રાયઃ શાશ્વતો ગણાય છે. શ્રી ૨૪ તીર્થંકરો પૈકી શ્રી નેમીનાથ પ્રભુ સિવાય ત્રેવીશ તીર્થંકરનું અહીં સમવસરણ

થયેલું છે. આ તીર્થક્ષેત્ર એટલું પ્રભાવશાળી છે કે ત્યાં ઉપર ચઢતાં ચઢતાં પણ નવીન અપૂર્વ વીર્યોલ્લાસ ક્ષણે ક્ષણે આત્મામાં ઉત્પન્ન કરે છે. ભગવંતની પ્રતિમા અગર ખુદ ભાવ અરિહંત કેવલી અવસ્થામાં રહેલા અરિહંત-તીર્થંકર ભગવાન હોય તે કરતાં પણ આ ગિરિરાજ અત્યંત પ્રભાવશાળી છે. આ વાત તળેટીએ કરાતા ચૈત્યવંદન વખતે પ્રત્યક્ષ અનુભવાય છે. તળેટીએ કરાતાં ચૈત્યવંદનમાં ને સ્તવનમાં સિદ્ધાચળગિરિ વિમલાચલગિરિ–કંચનગિરિ– શાશ્વતગિરિ—ઉજ્વલગિરિ– પુંડરિકગિરિ વગેરે ગિરિરાજનાં નામો બોલતી વખતે અનેરો આનંદ આવે છે

**કૌમુદિ મહોત્સવ**

જૈન જનતા તેમજ જૈનેતરો પણ ધર્મની અપેક્ષાએ કાર્તિકી પૂર્ણિમાને જેમ પવિત્ર માને છે, તેવી જ રીતે પૂર્વકાળમાં સમગ્ર લોકો પણ તે દિવસને ઘણા મોટા તહેવાર તરીકે માનતા હતા અને તેથી કાર્તિકી પૂર્ણિમાના તહેવારને કૌમુદિ મહોત્સવ કહેતા હતા. જેમ સામાન્ય લોકો રંક કે રાજા, દરિદ્ર કે શ્રીમાન, તે કૌમુદિના દિવસે એક મહોત્સવના દિન તરીકે માનતા હતા, તેમ તે લોકોને મહોત્સવ તરીકે માનવાના મૂળભૂત ભગવાન આદીશ્વરના વખતથી જૈનોમાં કાર્તિકી પૂર્ણિમાનો દિવસ મહાપર્વ તરીકે મનાતો આવેલો છે.

> शुश्रूषमाणस्तं कृष्णो,बभाषे भगवन् ! यथम् ।
> विहरध्वे न वर्षासु, युयमन्येऽपि साधवः ॥२०१ ॥
> स्वामी बभाषे वर्षासु, नानाजीवाऽकुल मही
> जीवाऽभयप्रदास्तत्र, सञ्चरन्ति न साधवः ॥ २०२ ॥
>
> ( त्रि. पर्व १ )

**પ્રથમ યાત્રાનો દિવસ શાથી ?**

એ કાર્તિકી પૂર્ણિમા જેમ ચાતુર્માસિક પ્રતિક્રમણને અંગે પંચાચારની પવિત્રતા કરાવનારી છે. તેવી જ રીતે એ જ કાર્તિકી પૂર્ણિમાનો દિવસ ભવ્યજીવોના ભાવિભદ્રને ભેટાવનાર એવા સિદ્ધાચલ-ગિરિજીની યાત્રાનો દિવસ હોઈ ભરતક્ષેત્રને માટે તીર્થયાત્રાનો આદિ દિવસ અને પરમ પવિત્ર દિવસ છે; આદિ દિવસ એટલા માટે કહેવામાં આવે છે કે શ્રાવકપણાના સામાન્ય ધર્મને ઉદ્દેશીને અષાઢ શુકલ પૂર્ણિમાથી વર્ષાઋતુના ચોમાસાના દિવસોમાં ગ્રામાંતર કરવાનું હોય નહિ

અને સામાન્ય લોકોને પણ વર્ષાઋતુમાં શ્રાવકની માફક દયાને લીધે નહિ તો પણ મુસાફરીની અગવડની ખાતર પણ ગ્રામાન્તર જવાનું હોતું નથી. અને તેથી આ કાર્તિકી પૂર્ણિમાના દિવસે વર્ષાચાતુર્માસિનો અંત આવતો હોઈ, જે યાત્રા કરવામાં તે વર્ષની અપેક્ષાએ પ્રથમ તીર્થયાત્રા કહેવાય.

दग्ध्वा घातिकर्माणि, लब्ध्वा ज्ञानं च केवलं
क्षेत्रस्यास्यैव महात्म्याद्, भावी त्वं मुक्तिवल्लभः ॥१२२॥
अनुशास्येति भगवान्, पुण्डरीकं महामुनिं
ययौ विहर्तुमन्यत्र, त्रैलोक्यहितकाम्यया ॥१२३॥

(शत्रुं. म. सः ५)

**શ્રી સિદ્ધક્ષેત્રનું તીર્થબળ વધારે કેમ ?**

આ તીર્થક્ષેત્રનો મહિમા શ્રી ઋષભદેવજી ભગવાને કેવલીપણામાં પણ પોતાના કરતાં અધિક જણાવ્યો છે અને તેથી જ ભગવાન ઋષભદેવજી જે વખતે સિદ્ધાચલજીથી વિહાર કરતા હતા, તે વખતે એમની સાથે વિહાર કરવા તૈયાર થયેલા પુંડરીક સ્વામિજીને પોતાની સાથે આવતાં રોકીને તે સિદ્ધગિરિમાં જ રહેવાનું તેમણે ફરમાવ્યું, તે એમ સ્પષ્ટપણે જણાવીને કે આ સિદ્ધગિરિ ક્ષેત્રના પ્રતાપથી જ તમને અને તમારા પરિવારભૂત ક્રોડો મુનિઓને કેવલજ્ઞાન થશે, અને મુક્તિ મળશે. આવા સાક્ષાત્ કેવલી તીર્થંકર ભગવાનના મુખેથી પોતાના કરતાં અધિક મહિમાવાળા ગણાએલા સિદ્ધાચલમહિમા ભવ્ય જીવોને મગજમાં ઉતર્યા વિના રહે જ નહિ. વળી અન્ય ક્ષેત્રોમાં જે તીર્થંકર મહારાજ વગેરે કેવલજ્ઞાન મેળવી મોક્ષ સાધી શક્યા છે, તે તે સિદ્ધ થનારા આત્મબળથી સિદ્ધિ પામ્યા છે, જ્યારે આ સિદ્ધક્ષેત્ર ઉપર મોક્ષે જનારા ક્રોડો મહા પુરુષો પોતાના આત્મબળ કરતાં પણ આ ક્ષેત્રના મોટા પ્રભાવથી સિદ્ધિપદને પામ્યા છે.

यात्रया तपसा दानाद्देवार्चनविधानतः
अन्यत्रान्यकालपुण्यात्तस्यां स्यादधिकं फलम् ॥२४॥

(शत्रुं. म. स. ७)

**સિદ્ધક્ષેત્રમાં દાનનું મહાન ફળ**

આ સિદ્ધક્ષેત્રમાં બીજાક્ષેત્ર વિષે કરેલા દાન-શીલ-તપ કરતાં અધિક ફળની પ્રાપ્તિ થાય છે. આ સિદ્ધગિરિનું વિસ્તારથી સ્વરૂપ જાણવાની જિજ્ઞાસાવાળા ભાવિકોએ શ્રી ધનેશ્વરસૂરિજી રચિત શ્રી શત્રુંજય મહાત્મ્ય અવશ્ય વાંચવું. શ્રી સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસ રહી સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાવર્ગ અપૂર્વ અપૂર્વ આરાધનાઓ કરે છે. એ ક્ષેત્રના પ્રભાવથી માસખમણ જેવી મહા તપસ્યાઓ દરેક વર્ષે જેટલી સિદ્ધગિરિમાં થતી સંભળાય છે, તેટલી અન્ય સ્થળે ઓછી સંભળાય છે. પુણ્યશાળી શ્રાવકવર્ગ અહીં આવી નવાણું યાત્રા વિધિપૂર્વક કરે છે અને સાથે મુનિવરોની દાન દ્વારા ભક્તિ કરી અખૂટ પુણ્ય ઉપાર્જન કરે છે. સિદ્ધગિરિજી ઉપર જુદા જુદા પર્વોનો વારંવાર સામુદાયિક સંઘમહોત્સવાદિ જુદા જુદા નિમિત્તે ઉજવાય છે. ત્યાં જિંદગીમાં યાત્રા આદિ કરી જે અપૂર્વ આનંદ અનુભવાય છે, તેવો આનંદ બીજે ક્યાંય પણ ભાગ્યે જ અનુભવી શકાય છે. આ બધો પ્રભાવ-મહિમા હોય તો આ ક્ષેત્રનો છે. આ તીર્થના ક્ષેત્રબળથી દ્રાવિડ અને વારિખિલ્ર મુનિઓ દસ ક્રોડ મુનિઓના પરિવાર સાથે માસખમણની તપસ્યા કરી સર્વકર્મનો ક્ષય કરી કાર્તિકી પૂર્ણિમાના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર મોક્ષે ગયા.

> ते द्राविडवारिखिल्लमुख्यास्तत्र तपस्विन :
> तस्थुस्तीर्थजिनध्यानपरा मासोपवासिन : ॥२६॥
> निःशेषक्षीणमोहाज्ञा :, कृत्वा निर्वाणणां ततः
> क्षामयित्वाऽखिलान् जन्तून्, मनोवचनयोगतः ॥२७॥
> निर्मलं केवलं प्राप्य दुष्टकर्माष्टकक्षयात् ।
> अन्तर्मुहूर्तान्ते प्रापुर्दशकोटिमिताः शिवम् ॥२८॥

વળી ગિરિરેવતીર્થરૂપં આખો ગિરિરાજ પરમ પવિત્ર તીર્થ સ્વરૂપ છે. ગિરિરાજ ઉપર જે જોડા પહેરીને ચઢે છે, ચઢાવે છે, ગિરિરાજને વંદન કરનારો તે મનુષ્ય તળેટીના ચૈત્યવંદનથી ગિરિરાજને વંદન થયું, તેના ભાવાર્થને સમજ્યો નથી, જો ભાવાર્થ સમજ્યા હોત તો જોડા પહેરી કે પહેરાવીને ચઢી શકે જ નહિ. દહેરાસરમાં પણ જોડા પહેરી લઇ જઈ શકતા નથી, તો પછી અત્યંત પવિત્રતમ ગણાયેલા એવા

ગિરિરાજ ઉપર જોડા પહેરીને કે પહેરાવીને જવું તે કોઈ પણ જૈનને શોભાસ્પદ નથી, વળી સમવસરણાદિ વિશાળ પ્રદેશો દેખવામાં આવે ત્યાંથી જોડા આદિને છોડવાનું અભિગમના નામે શાસ્ત્રકારો ફરમાવે છે, તો સમવસરણ ભૂમિ કરતાં પવિત્રતમ શ્રી સિદ્ધાચલજી ઉપર જોડા પહેરી જવાનું શાસ્ત્ર કે ધર્મની શ્રદ્ધાવાળાથી તો બને જ કેમ?

આવા મહાન તારક ગિરિરાજ ઉપર ચા, દૂધ દહીં, પેંડા, ગાંઠીયા, ચેવડો, મીઠાઈ જેઓ ખાય છે, ખવડાવે છે, તેઓએ બહુ વિચારવું જોઈએ. અન્ય સ્થાને ભગવાનના મંદિરમાં દૂધ, દહીં પેંડા વિ. જો ખાવામાં આવ્યું હોય તો તેમાં પાપ લાગે છે, તો તેના કરતાં અધિક પાપ આ ગિરિરાજ ઉપર દૂધ, દહીં, પેંડા, વગેરે ખાનારને લાગે છે. તેમ જ ઉપર લઘુનિતિ-વડીનિતિ કે થૂંકવું ન જોઈએ, કારણ કે આથી મહાન આશાતના થાય છે.

ગિરિરાજને ભેટવા આવતા યાત્રિકો કેટલીક વખત દયાના નામે અજાણપણે ભયંકર આશાતનાઓ ઊભી કરે છે, અગર ઉત્તેજન આપે છે. અનુકંપા તરીકે દેવાનો કોઈ નિષેધ કરતું નથી, પરંતુ ગિરિરાજ ઉપર જે અનુકંપા દાનની પ્રવૃત્તિ કરવામાં આવે છે તેનું પરિણામ એ આવે છે કે ગિરિરાજ ઉપર વાઘરી-યાચકો વગેરે તમારી પાસે દાન લેવા આવીને બેસે છે, ઝાડો-પેસાબ વગેરે કરી આશાતના કરે છે. જો આશાતનાનું કારણ હોય તો તે માત્ર ગિરિરાજ ઉપર અનુકંપાએ પૈસા આપો છો તે છે.

ડુંગર શબ્દ કહેનારાઓને ?

યાત્રિકોએ યાદ રાખવું કે શ્રી સિદ્ધાચલજીને અને શાસ્ત્રને માનનારો તેને ગિરિરાજ કહે છે, પણ ગિરિરાજને સમજણ વગર ડુંગર શબ્દ કહેનારો તો ભગવાનની પ્રતિમાને પથ્થર કહેનારા ડુંગાના ભાઈઓ જેવા કાં ન ગણાય? માટે ભૂલેચૂકે પણ આ ગિરિરાજ માટે ડુંગર શબ્દ વાપરવો તે યોગ્ય નથી. અંતમાં ભાવિ યાત્રિકોએ ગિરિરાજની આશાતનાથી બચી તેની ભક્તિમાં લીન અને તીવ્રરસ ઉત્પન્ન કરવાવાળા બનવું.

ચાર હત્યા કરનારા, દેવદ્રવ્યની ચોરી કરનાર અને દુનિયામાં ગણાતા મોટા પાપો કરનાર આ તીર્થના પ્રભાવથી પાપમુક્ત બની

મુક્તિ પામ્યા છે અને પામશે. ઇન્દ્ર મહારાજાને શ્રી સીમંધરસ્વામિજી કહે છે કે–પંદરે ક્ષેત્રમાં, ત્રણ ભુવનમાં આવું મહાન તીર્થ હોય તો આ એક જ છે. જે ભવ્યાત્માએ આ તીર્થની એક વખત સ્પર્શના કરી નથી, તેનો ગર્ભાવાસ હજુ છૂટેલો ગણાતો નથી. એવા ગિરિરાજની યાત્રાના દિવસે પટદર્શન કરીને પણ ભારતભરના તમામ જૈનસંઘો પોતાના આત્માને કૃતાર્થ સમજે છે. આ શત્રુંજય ગિરનારજી આદિ તીર્થોની યાત્રા ચતુર્વિધ શ્રીસંઘ સાથે ભાગ્યશાળીઓ છ'રી પાળતો યાત્રાસંઘ કાઢી તીર્થંકર નામકર્મ સુધીનું પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે અને કરે છે.

આવા અસીમ મહિમાવાળા અને પ્રભાવશાળી ગિરિરાજની યાત્રાનો પવિત્રતમ મોટામાં મોટો દિવસ તે આ જ કાર્તિકી પૂર્ણિમાનો છે, માટે સર્વ ભવ્ય જીવોએ પવિત્રતમ ગિરિરાજની આરાધના માટે આ દિવસની પવિત્ર યાત્રા સાથે આરાધના કરવા કટિબદ્ધ થવું જોઈએ.

✖ ✖ ✖

## ચાતુર્માસ પરિવર્તન વ્યાખ્યાન. સાધર્મિક ભક્તિ.

મેસાણા. સં. ૧૯૯૧ કારતક વદિ ૧ ને ગુરૂવાર

साधर्मिवत्सले पुण्यं, यद्भवेत्तद्वचोऽतिगं ॥
धन्यास्ते गृहिणोऽवश्यं, तत्कृत्वाऽश्नन्ति प्रत्यहम् ॥

॥ उप० प्रा. व्या. १७० ॥

**શ્રાવકે કેવા સ્થાનમાં વસવું ?**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન વિજયલક્ષ્મી સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપકાર માટે 'ઉપદેશપ્રાસાદ' નામનો ગ્રંથ બનાવતાં બારવ્રતનો અધિકાર જણાવ્યા પછી જણાવે છે કે બારવ્રત લેવાથી શ્રાવકપણું મળી ગયું છતાં, શ્રાવકને અંગે વ્યાખ્યા કરી કે 'श्रद्धाविवेकक्रियाभिः च युक्तो श्रावकः' । શ્રદ્ધા, વિવેક ને ક્રિયા વડે જે યુક્ત હોય તે શ્રાવક. સમ્યગ્દર્શનાદિક પામ્યા હોય, તે છતાં આ જીવ નિમિત્તવાસી છે. પાણીનો સ્વભાવ છે કે જેવો રંગ મળે તેવા રૂપે પોતે બળકે, જીવ જેવા સંયોગમાં રહે તેવા રૂપમાં પરિણમી જાય છે. સાધુઓને અંગે ગચ્છવાસ નિયમિત કર્યો, અને શ્રાવકને

અંગે જિનધર્મીઓ હોય, જિનમંદિર હોય, સાધુની આવક જાવક હોય, તેવા ક્ષેત્રમાં રહેવાનું કહ્યું છે. કારણ! જેવાં નિમિત્તો મળે તેવો પોતે થાય. અણુવ્રત હોય છતાં સુગુરુનો સંયોગ અને ધર્મનું શ્રવણ ન હોય તો વ્યવહારથી ધર્મ રહે, પણ નિશ્ચયથી મિથ્યાત્વમાં જાય. સાધુનો સંયોગ નથી તે દેશની દશા વિચારીએ તો આપોઆપ માલુમ પડી જાય. ગુરુનો સમાગમ તૂટી ગયા પછી દશા કેવી થાય છે, તે તેવા ક્ષેત્રની સ્થિતિ જોવાથી માલુમ પડે છે.

**સાધુસમાગમના અભાવનું પરિણામ.**

શાસ્ત્રનો ઉપદેશ બંધ થઇ જાય તો તમે તો શું પણ તમારા પીર સુદ્ધાં શ્રાવકપણામાંથી મટી જાય. મોટા તીર્થોના ઉદ્ધાર કરનારા, ગ્રંથો લખનારાના વંશોની અત્યારે મારવાડમાં શી દશા છે તે વિચારો! શાને લીધે? સાધુસમાગમના અભાવને લીધે. પાંચમા આરામાં બને છે તેમ નહિ, ચોથા આરામાં પણ આ દશા હતી. સાધુનો સમાગમ અને ધર્મનું શ્રવણ ન બને તો બાર વ્રતધારીઓ એવા પણ વ્યવહારથી ધર્મમાં રહે અને નિશ્ચયથી મિથ્યાત્વમાં ચાલ્યા જાય.

ભગવાનના વખતમાં નંદ મણિયાર સમ્યક્ત્વવાળો બાર વ્રતધારી ભર ઉનાળામાં પણ ચોવિહાર અટ્ઠમની તપસ્યા કરી પૌષધ કરનારો હતો. જે ઉનાળામાં તપધર્મ આચરે તે ધર્મથી પૂરો રંગાએલો હોય તે જ આચરે. ચોમાસામાં તો અનેક પ્રકારે ધર્મ થાય, પણ ઉનાળામાં ધર્મનું આચરણ તેમાં પણ અટ્ઠમની તપસ્યા અને તે પણ ચોવિહારો, પાણી પણ પીવાનું નહિ. તો વિચારો! કેટલા ધર્મના દૃઢ સંસ્કાર હશે? જેને ઉનાળામાં ત્રણે દિવસનો ચોવિહાર અટ્ઠમ કરી પૌષધ કરવાનો સંસ્કાર છે, તેવો નંદ મણિયાર પણ સાધુ સમાગમ વગરનો થયો, તેથી મિથ્યાત્વમાં જઇ પડયો. ઊંચે ચડેલો પડે, ત્યારે ધબાકો મોટો થાય. તેમ અહીં ઉનાળામાં ચોવિહાર કરી અટ્ઠમ કરી પૌષધ કર્યો તે પડયો તે પણ એવી રીતે જ પડયો.

અટ્ઠમમાં તરસ લાગે તેમાં કહેવું શું? નંદ મણિયારને તરસ લાગી. સાધુનો સમાગમ ગયો છે છતાં અપૂર્વ નિર્જરા કરતો હતો, પણ આ સમયે તપસ્યાના આલંબનનો વિચાર કરવાનો ચાલ્યો ગયો, અને તરસ આગળ બધું જ્ઞાન વાસી થઇ ગયું, તેથી વિચાર એ જ

આવ્યો કે 'ધર્મનું સ્થાન એ કે બીજાને પાણી પાવું તે.' આવો આર્ત્તધ્યાનનો વિચાર આવવાથી બાર વ્રતધારી હતો છતાં પરિણામે શ્રદ્ધા-વિચારના પલટામાં મરીને દેડકો થયો. નહિતર વ્રતધારી વ્રતના પરિણામમાં જ મરે તો તે વૈમાનિક સિવાય બીજે જાય નહિ, સમ્યગ્દૃષ્ટિ જીવ વૈમાનિક સિવાય બીજું આયુષ્ય ન બાંધે, તે વખતે તિર્યંચપણું મેળવી લીધું. શાસ્ત્રકાર સાફ લખે છે કે સાધુનો સમાગમ, સાધુસેવા અને ધર્મશ્રવણ વગેરે ન હોવાથી તેની આ દશા થઈ છે. એવાની આ દશા તો બીજા સામાન્ય જીવનું કરવું શું ?

**પ્રથમ ઉપદેશ સાધુપણાનો.**

સમ્યક્ત્વ કે વ્રતો પામી ગયા તેથી ભવનો બેડો પાર ન સમજવો. જે દર્દ સહેજે હઠે એવું ન લાગે ત્યારે ઉપેક્ષા ન કરતાં ટ્રીટમેન્ટ વધારે કરાવવી. એ હઠીલા દર્દને મટાડવા ઊંચા વૈદ્ય કે ડોકટરને ખોળીએ છીએ, તેમ સર્વ પાપનો ત્યાગ કરવાની જરૂર હતી. મુનિરાજ દેશના આપે તો 'પ્રથમ સર્વ પાપ છોડો' એમ કહે. પ્રથમ સાધુપણું કેમ ઉપદેશાય ? વસ્તુ સમજો ! સાધુપણું શી ચીજ ? સર્વ પાપનું છોડવાપણું. કોઈ પણ તીર્થંકર-ગણધર, આચાર્ય કે સાધુ પ્રથમ શું કહેશે ? સર્વ પાપ છોડવાનું જ કહેશે. શ્રોતા જ્યારે એમ કહે કે આટલું પાપ મારાથી છૂટી શકે તેમ નથી, તેમ કહે તો પછી દેશવિરતિ સમજાવે.

સૂક્ષ્મ જીવોનું પાપ મારાથી છૂટતું નથી, આમ જ્યારે શ્રોતા કહે તો જુદી વાત. સ્થાવર ને ત્રસ બંનેની હિંસા છોડો. મોટું ને નાનું બધું જૂઠ તજો ! બધી ચોરી નાની કે મોટી, છૂપી કે જાહેર છોડો ! પારકી સ્ત્રી તથા પોતાની સ્ત્રી બધી સ્ત્રીઓને છોડો ! નવે પ્રકારનો પરિગ્રહ છોડો ! સાધુ પોતા પાસે આવેલ ધર્મગ્રહણ કરવાની ઇચ્છાવાળાને પ્રથમ તો આવો જ ઉપદેશ આપે, 'એટલું તો પાપ રહેવા દે' એવું કોણ કહેવાનું ? કોઈ નહિ કહેવાનું. 'પાપ ન છોડીશ' એવું તો કોઈ કહેનાર નથી. ચાહે તો અરિહંત-આચાર્ય-ઉપાધ્યાય કે સાધુ હોય પણ એક જ ઉપદેશ દે કે 'દરેક પાપ સર્વથા છોડો !'

**ચકરીનું દર્દ તે રોગવાળો સમજી શકે?**

પહેલાં તો 'પાપને પાપ તરીકે સમજવું' મુશ્કેલ પડે છે, ચકરીનું દરદ ચકરીવાળો સમજે, પણ જે વખતે ચકરી આવે તે વખતે

બિચારો ભાનમાં રહેતો નથી, પાપની વ્યાખ્યા વખતે પાપ બધા સમજે પણ મોહનીય કર્મની ચકરી આવે ત્યારે પાપની પાપ તરીકેની શ્રદ્ધા ખસી જાય છે, પાપની શ્રદ્ધા હોત તો, અર્થાત્ આ પાપ કહેવાય, પાપ છે એમ ખ્યાલ હોત તો અરરર થયા વિના રહેત જ નહિ, પાપ હેરાન કરનાર ચીજ છે, તેમ થયા વિના રહેત નહિ. મોટામાં મોટો રાક્ષસ હોય તો પાપ રાક્ષસ છે, પ્રાણીમાત્રને હેરાન કરનાર પાપ રાક્ષસ છે. આવી પ્રતીતિ થઈ હોય તે પોતે પાપમાંથી છૂટવા કેમ તલપાપડ ન થાય? કદી તલપાપડ ન થઈ શકયો તો બીજો પાપ છોડે તો કેમ ન કૂદે? તે જગ્યાએ કેટલાકોને રખેને કોઈ આપણામાંથી જાય, આપણી ટોળીમાંથી ન ખસે તેવો જ તેઓનો પ્રયત્ન થાય છે.

તમારા શ્રાવકપણાને અંગે ભીખાભાઈની અનુમોદના કેટલાએ કરી? એના આત્માએ કેટલું વીર્ય ફોરવ્યું હશે કે જેથી બ્રહ્મચર્યવ્રત લઈ શકયો. હવે વિચારો! આ જગ્યાએ મૈથુનને પાપ તરીકે માન્યું. મહાપાપને મહાપાપ તરીકે માન્યું હોત તો ત્યાગની જગ્યાએ ધન્યવાદ કહેત. બોલવાનુંયે જોર અજમાવ્યું ખરૂં? પાપની પાપ તરીકે શ્રદ્ધા તે ખસી ગઇ. ચકરી આવે ત્યાં બધું ડહાપણ ખસી જાય છે, 'પાપને પાપ તરીકે માનવું" પ્રસંગ આવ્યા ટકવું મુશ્કેલ પડે છે. તેથી ચોથા વ્રતના અને દીક્ષાના વિરોધ શાથી? પાપને પાપ માન્યું હોય તો આ દશા ન આવત. તેથી નંદ મણિયારની વાત કહી. પાપને પાપ માનવાની શ્રદ્ધા ટકાવવી મુશ્કેલ પડે છે.

દરરોજ શ્રાવકે ગુરુમુખેથી ધર્મ શ્રવણ કરવું.

હંમેશાં ગુરુ વચનશ્રવણનો મહિમા કેટલો હોવો જોઇએ? प्रत्यहं धर्मश्रवणं હંમેશાં ધર્મશ્રવણ. હે ભગવાન! તમારા પ્રભાવે શુભગુરુનો જોગ મળજો, શુભગુરુનો જોગ ને તેમના વચનની સેવા મેળવવાની ભગવાન પાસે રોજ પ્રાર્થના કરીએ છીએ. પ્રણિધાનસૂત્ર—જય વીયરાય—તેમાં આ બધું માગીએ છીએ કે 'લોગવિરૂદ્ધચ્ચાઓ ગુરુજણપૂઆ પરત્થકરણં ચ । સુહ ગુરુ જોગો તવ્વયણસેવણા આભવમખંડા' । આ પ્રમાણે જય વીયરાય બોલતાં બે હાથ જોડીને ભગવાન પાસે પ્રાર્થીએ છીએ, કે 'હે ભગવાન! મને લોકવિરુદ્ધનો ત્યાગ હોજો! ગુરુજનની પૂજા તથા પરોપકારકરવાપણું, શુભ ગુરુનો યોગ ને તેમના

વચનની સેવા આ ભવના છેડા સુધી અખંડપણે હોજો !' આ માગણીએ માગીને મેળવેલું શ્રાવકપણું તે સાર્થક ક્યારે ? શ્રાવકપણાની કરણીમાં આવીએ ત્યારે.

**"શ્રાવક" શબ્દની શાસ્ત્રીય વ્યાખ્યા.**

'જૈન' શબ્દ ગૌણ કરી 'શ્રાવક' શબ્દ આગળ કેમ કર્યો ? 'परलोय हियं सम्मं सुणेइ' 'શ્રાવક' તેનું નામ કે જે પરલોકને અંગે હિતકારી જિનવચન સાંભળે તે શ્રાવક. તેથી જણાય છે કે હંમેશાં સાધુ પાસેથી સાંભળે, માસ્તર પાસેથી નહિ, પણ સાધુ પાસેથી સાંભળે. કારણ ? કારણ એ જ કે ડૂબતા આગળ તરવાની પ્રાર્થના કરવી તે કામ નથી લાગતી. કહેનારને તે શરમાવનારી છે, આંધળાને કહે કે મને દોર. તો તે કહેનાર શરમાવો જોઈએ. તેમ જેઓ આરંભાદિકથી વિરમેલા નથી, તેની આગળ 'ધર્મ કહો !' એમ કહેનાર શરમાવા જોઈએ. શહેનશાહી ઢંઢેરો જગતને અંગે છે,છતાં શહેરને સંભળાવે શેરીફ. શેરીફને જ સંભળાવવાનો હક્ક છે, તેમ ધર્મ પ્રગટ કર્યો જિનેશ્વરોએ, છતાં કહે છે भवसयसहस्स महणो, जिनपन्नत्तो धम्मो मुणि उवइसइ લાખો ભવના પાપનું નિકંદન કરનાર ભવ્યજીવો રૂપી કમલને વિકસ્વર કરનાર ગીતાર્થ એવા સાધુએ ધર્મ કહેવો. એકલા ગીતાર્થ કે એકલા સાધુ નહિ પણ ગીતાર્થ સાધુ જ ધર્મ કહે.

**શ્રાવકને વિપરીત પ્રરૂપણાનો પ્રસંગ કેવી રીતે ?**

આપણે દિવસમાં બે વખત પડિક્કમણામાં બોલીએ છીએ. તેમાં 'पडिसिद्धाणं करणे किचाणमकरणे अ पडिक्कमणं असद्दहणे अ तहा, विवरीयपरुवणाए अ' આ ગાથા બોલીએ છીએ, તેમાં પ્રતિક્રમણ શા માટે કરવું જોઈએ તેનો હેતુ બતાવેલ છે, કે પ્રતિષેધ વસ્તુને કરવાથી, કરવા લાયકને નહિ કરવાથી શ્રદ્ધારહિતપણું રાખવે કરી, અને વિપરીત પ્રરૂપણા કરવાએ કરી જે કાંઈ પાપ લાગ્યું હોય, તેને માટે આ પ્રતિક્રમણ હું કરૂં છું, એટલે તે તે પાપોથી પાછો હઠું છું, તે પાપોને આલોવું છું, ગુરુની સાક્ષીએ ગહું છું, અને આત્મસાક્ષીએ તેને નિંદું છું. આ પ્રતિક્રમણ કરવાનો હેતુ કહ્યો. આમાં વિપરીત પ્રરૂપણા થઈ હોય તેનું પ્રતિક્રમણ કરૂં છું. આમાં ઉપદેશ આપ્યો હોય તો વિપરીત પ્રરૂપણા થાય તે માનવા જોગ છે, પણ શ્રાવકને તો

ઉપદેશનો અધિકાર નથી, ત્યાં શું ? વળી વંદિત્તુ કેવળ શ્રાવકને માટે જ છે, સાધુઓને તો તે સ્થળે બીજું સૂત્ર બોલવાનું હોય છે, 'વાંઝણીને ઘેર વલોપાત શો' ?

અમારે ધર્મકથન કરવાનો હક્ક નથી. તો વળી વિપરીત પ્રરૂપણા ક્યાંથી લાવ્યા ? છોકરો જ નથી પછી તે કાણો કે લંગડો, તેનો સવાલ જ ક્યાં રહ્યો ? માટે અમને ધર્મપ્રરૂપણા કરવાનો હક્ક છે. આવું કહેનારે શાંતિથી અર્થ જોવો જોઈએ. તે કહેવાની મતલબ એ છે કે શ્રાવકે સવારે ગુરુ પાસે ધર્મ સાંભળી રાત્રે કુટુંબને એકઠા કરી આજે ગુરુ મહારાજે વ્યાખ્યાનમાં આમ કહ્યું છે, આમ અનુવાદ થતો હોય તેમાં જે કાંઈ ઉલટી પ્રરૂપણા થઈ હોય, તેનું પ્રતિક્રમણ છે. આ ગૂઢાર્થ તેમાં રહેલો છે. સાંભળવા ન આવ્યા હોય તેને સંભળાવવું. જે ગુરુ મહારાજ પાસે સાંભળ્યું હોય તે સંભળાવતાં અજ્ઞાનને લીધે કે બેસમજને લઈને ઉલટી પ્રરૂપણા થઈ હોય તેનું પડિક્કમણું છે.

**ધર્મશ્રવણ દ્વારાએ શ્રાવકપણું.**

આ અપેક્ષાએ સૂત્ર હોવાથી ગીતાર્થ સાધુએ જ ધર્મકથન કરવું તે માટે 'पइ दिवसं.' હંમેશાં શ્રાવકો ધર્મ કોની પાસે સાંભળે ? તો તે શ્રાવકો સાધુ પાસે ધર્મ સાંભળે. જે વસ્તુ ન જાણેલી હોય તે સાંભળવી. તમારી પાસે પાંચ તેરી પંદર, કહીએ તો સાંભળો ? તેમ વર્તમાનમાં નહીં જણાએલી વાત ઈચ્છામિચ્છાદિક સામાચારી સાધુપણાની રીતિ જે સાંભળે તેને જ શ્રાવક કહેવાય. આથી શ્રાવકપણું ધર્મશ્રવણ દ્વારાએ જણાવ્યું.

**ધનની ત્રણ ગતિ**

પણ આ મહાશ્રાવકપણું કયું ? મહાશ્રાવક તેને જ કહેવાય કે જે સમ્યક્ત્વ અને વ્રતોમાં રહેલો છતાં, સાત ક્ષેત્રમાં ભક્તિથી ધન વાવે. શ્રાવક થયો એટલે સમજે કે પરિગ્રહ મળેલો છે તે ડૂબાડનાર છે, છતાં તેનું ફળ કંઈ ન મેળવે તો ગળે શિલા બાંધી, તેમ આ સંસારમાં હિંસાદિકના પાપમાં આ આત્મા ડૂબી રહ્યો છે. તેમાં પરિગ્રહની શિલા ગળે લાગી છે તે છોડાતી નથી, તો તે ધનથી કંઈ પણ લાભ મેળવી લઉં. અસાર વસ્તુથી સાર ન લે તે મૂર્ખ ! પાપને ખસેડી પુન્યને ન લે તેના જેવો નિર્ભાગી કોણ ?

માટે કહે છે કે પૈસો ત્રણ ગતિવાળો છે. તેના ત્રણ પગ છે, દાન, ભોગ અને નાશ. પૈસાની આ ત્રણ ગતિઃ કાંતો દાન દો, અગર ભોગવટામાં વાપરો, નહિતર છેવટે તેનો નાશ તો છે જ. તે કોઈને ત્યાં કાયમ ટકયો નથી, તેમ સાથે પણ આવતો નથી.

આવું જાણીએ છીએ છતાં ગળેથી છૂટતો નથી, કે ઉપર કહ્યા પ્રમાણે દાનમાં અપાતો નથી. આપણી કઈ પેઢી મમતા વગરની થઈ? આપણી અસંખ્યાત પેઢીઓ થઈ. તેમાં મમતા વગરના આપણે નથી થયા. પણ ત્રીજો નાશનો પાયો જોડે છે. જેનો છેડો પણ નક્કી છે, જેનો નાશ નક્કી છે, તો પછી ભાડૂતી ઘરમાં ઉપકાર કરતાં કેમ ચૂકે છે ? જેટલા કાળનો ક્ષયોપશમ છે, તેટલો કાળ ધન રહેવાનું છે. ભાડું તો ભરવાનું જ છે, તો ઉપકાર કરવાથી કેમ ચૂકે છે? તેમ કરી ભાડું તો વસૂલ કર. ચક્રવર્ત્તી જેવાઓની સ્થિતિ પણ કાયમ રહી નથી, તો આપણી સ્થિતિ તો કાયમ ટકવાની જ નથી, તે તો સમજ ! ને તેમાં પણ આપણે પરોપકાર ન કર્યો તો પછી આપણે ક્યાં રખડીશું તેનો તો વિચાર કર !

**મહાશ્રાવક કોને કહેવાય.**

આથી કહેવાની મતલબ એ છે કે શ્રાવક હંમેશાં દિલનો ઉદાર રહે. કોઈ ભક્તિથી દાન દે તો કોઈ અનુકંપાથી દાન દે, સાત ક્ષેત્રમાં જિન, ચૈત્ય, મૂર્તિ, આગમ ને સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા સીદાતા સાત ક્ષેત્રમાં ધન વપરાય તે ભક્તિથી ગુણના બહુમાનથી. મોક્ષનો માર્ગ પામેલા છે માટે તેમનું બહુમાન અને અનુકંપાથી અત્યંતદુઃખી ગરીબને અંગે વપરાય તે દયાથી જે કંઈ અપાય તે અનુકંપાદાન. તો એ થયું કે સાત ક્ષેત્રમાં ભક્તિથી ધન વાપરે ને દીન દુઃખી ગરીબમાં દયાથી ધન વાપરે તો તે શ્રાવકને મહા શ્રાવક કહેવાય છે. આમ મહાશ્રાવકની વ્યાખ્યા સાંભળી, જ્યારે સાત ક્ષેત્રમાં ભક્તિથી અને દીનદુઃખીમાં દયાથી ધન વાપરે તે મહાશ્રાવક કહેવાય. આ જણાવી સાધર્મિક વાત્સલ્યનો અધિકાર જણાવ્યો.

**સાધર્મિક ભક્તિ**

લક્ષ્મી નાશપામવાવાળી નક્કી છે, તો તેનો ઉપયોગ જરૂર કરી લો. ભાડૂતી મકાન ખાલી કરવા પહેલાં કામ કરી લેવું જોઈએ.

તેમ ઈત્વરિક એટલે થોડા કાલને માટે પ્રાપ્ત થએલી લક્ષ્મી તેનો નાશ ન થાય, તે પહેલાં તેનો ઉપયોગ કરી લેવો જોઇએ. લક્ષ્મી ચાલી ગયા પછી ચાહે તેટલા વિચારો કરીએ તો કંઇ ન વળે, માટે રાંડ્યા પહેલાં ડહાપણનો ઉપયોગ કરી લેવો. સાધર્મિક વાત્સલ્ય શા માટે સૂચવ્યું ? ચોવીશ કલાક ધન ખર્ચી શકાય તેવું સ્થાન જો કોઈ હોય તો તે સાધર્મિકનું સ્થાન છે. સાધર્મિક દ્વારાએ જ આપણામાં ધર્મ રહ્યો છે, સાધર્મિક ન હોય તો આપણામાં ધર્મને રહેવાનું સ્થાન નથી.

ગામડામાં એકલા શ્રાવકને અંગે મંદિર કે ઉપાશ્રય હોતા નથી સાધુનું રહેવાપણું કે ચોમાસું ત્યાં થતું નથી. જોડે બીજા સાધર્મિકો નથી, તેથી દેરાસર, ઉપાશ્રય કે સાધુનો સંજોગ મળતો નથી. જે ચૈત્યની જોગવાઈ તે સાધર્મિકના જ ભાગ્યે. મૂર્તિની જોગવાઈ, જ્ઞાનની જોગવાઈ, સાધુસાધ્વીની જોગવાઈ એ બધી જોગવાઇ મળી છે તે સાધર્મિકના ભાગ્યે જ મળી છે. આપણે સર્વ જીવોની સાથે સર્વ પ્રકારના સાંસારિક સંબંધ અનંતી વખત મેળવ્યા છે, પણ સાધર્મિકનો સંબંધ હજુ મળ્યો નથી, એ મળવો દુર્લભ છે. ધર્મ ન પામે ત્યાં સુધી તમારો સાધર્મિક બને ક્યાંથી ? એને ધર્મ પામવો જેટલો દુર્લભ, તેટલો તમને સાધર્મિક સમાગમ મળવો દુર્લભ છે, દુર્લભ ધર્મ મળે ત્યારે સાધર્મિક બને. આથી સંબંધ મળવો મુશ્કેલ. તે ન મળે તો આપણો ધર્મ ટકવો તે પણ મુશ્કેલ છે.

**સાધર્મિક ભક્તિ-ઉપબૃંહણ-સ્થિરીકરણાદિ ન થાય તો દર્શનાચારનો અતિચાર.**

જેમ સાધુને ગુરુકુલવાસ એ સાધુપણું ટકાવનાર છે, તેમ શ્રાવકને શ્રાવકપણું ટકાવનાર,સ્થિર રાખનાર સાધર્મિક સંબંધ છે.ઘણા સાધર્મિકો હોવાથી સાધુનું આવવું થાય છે. આટલા માટે મહા શ્રાવક થાય તેણે શક્તિપ્રમાણે, ગુણના બહુમાનથી, વાત્સલ્ય કરવું જોઈએ. શાસ્ત્રકારોએ દર્શનાચારની અંદર એ વાત કહેલી છે. વાત્સલ્ય એ સમ્યક્ત્વવાળાની કરણી, તે કરણી ન કરે તો દોષ. બીજી કરણીઓ છે. ગુરુની સામા જવું તે બધી સમ્યક્ત્વની કરણી છે. પણ આ કરણી એવી છે કે ન કરે તો દોષ. તેટલા માટે તેના અતિચારમાં દોષ ગણ્યો છે.

સમ્યકૃત્વની ક્રિયામાં ચાર વસ્તુ ન કરાય તો દોષ, તેમ ઉપબૃંહણા, સ્થિરીકરણ ન કરે તો દોષ, જેમ શંકાદિક કરે તો પ્રાયશ્ચિત્ત, તેમ ઉપબૃંહણાદિક ન કરે તો પ્રાયશ્ચિત્ત; તેમ વાત્સલ્ય ન કરે તો પ્રાયશ્ચિત્ત વ્રતની આલોયણ લઇએ છીએ. દર્શનાચારને અંગે આલોયણ કેમ નથી ગણાતી ? સાધર્મિકવાત્સલ્ય ન કરીએ તો તેમાં આલોયણ. સ્વામીવાત્સલ્ય એ દર્શનાચારના આઠ આચાર માંહેલો એક આચાર છે.

निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढदिट्ठी अ ।
उववूहथिरीकरणे वच्छल्लपभावणे अट्ठ ॥

નિઃશંકિતઆચાર નિષ્કાંક્ષિતઆચાર, નિર્વિતિગિચ્છા, અમૂઢદષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ દર્શનાચારના આઠ આચાર જાણવા. તે ન કરવામાં પ્રાયશ્ચિત્ત ગણાવ્યું. કરીએ તો તે આપણી ફરજ છે. આથી સાધર્મિકની કિંમત સમજાવી. દેવની મૂર્તિનો જોગ, ગુરુનો યોગ, અને ગુરુની સ્થિરતાનો લાભ એ ભાગ્યશાળી સાધર્મિકોના સંજોગે છે, તેથી તે જરૂરી છે. કરવું તે ફરજ, ન થાય તેટલું દર્શનનું દૂષણ જાણવું. તે વાત ધ્યાનમાં રાખી સાધર્મિકવાત્સલ્યમાં જે પુણ્ય જે લાભ છે તે ' વચોઽતિગં ' વચનમર્યાદાની બહાર છે, એનો મહિમા નિયમિત કરીએ તો દેવ, સાધુ, ધર્મશ્રવણ વગેરેનો મહિમા ગૌણ, પેટા ભેદમાં ચાલ્યા જાય તો કરવું શું ?

બધી વાતે સાધર્મિક ભક્તિ ચઢિયાતી. ભક્તિ કરનાર ગૃહસ્થ હોય તો પણ ધન્ય છે. 'પણ' કેમ કહ્યું ? આરંભાદિકમાં ખૂંચી ગએલા તેવાને વખાણવા શાને અંગે ? ગૃહસ્થની વૈયાવચ્ચ, પ્રશંસા કરવાની મનાઈ છે, છતાં ભાગ્યશાળી કહીએ છીએ, સાધર્મિક વાત્સલ્ય કર્યા સિવાય ખાતાં નથી, તે કરીને જ ખાય છે, તેથી ભાગ્યશાળી છે. ભોજન કરવાને અંગે સાધર્મિકને યાદ કરે, તે બીજું કર્તવ્ય. સાધર્મિકને અંગેનું શું નહિ કરે ? અર્થાત્ બધું જ કરશે તેથી ભાગ્યશાળી કહેવાય છે. જૈનશાસન પામી તમારી શક્તિને અનુસાર જરૂર સાધર્મિકભાઈનું વાત્સલ્ય કરો !

પુણિયા શ્રાવક જેવા નિર્ધનથી માંડી રાજા-મહારાજા અને ચક્રવર્તીઓએ સાધર્મિક ભક્તિ કરી છે.

પુણિયો શ્રાવક રોજ સ્વામીભાઇને જમાડતો હતો. ભરતચક્રવર્ત્તીએ પણ તેને માટે રસોડાં ખુલ્લાં મુકી દીધાં હતાં. કુમારપાળ રાજાએ પણ પોતાના રાજ્યમાં કોઇ પણ નવો સાધર્મિક આવે તેને માટે ઘરદીઠ એક રૂપીઓ ને એક ઇંટ આપવાનું ઠરાવેલું હતું. આથી પાટણમાં તે વખતે સર્વે સુખી રહેતા, એક લાખ શ્રાવકના ઘર તે વખતે પાટણમાં હતા.

"સાહમ્મીના સગપણ સમું, અવર ન સગપણ કોય ।
ભકિત કરે સાહમીતણી, સમકિત નિર્મલ હોય." ।।
જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજારોજી ।
સ્વર્ગના સુખ અનંતા વિલસે, પામે ભવનો પારોજી ।।

સમાનધર્મીને જોઇને ખુશી થવું. તે દુઃખમાં હોય તો મુક્ત કરવો કે કરાવવો.

ઉદાયનરાજાએ અપરાધી ચંડપ્રદ્યોતનરાજાને સાધર્મિક જાણી કેદમાંથી છોડી દીધો. પજુસણ હોવાથી ઉદાયન રાજાને ઉપવાસ હતો, ત્યારે રસોઇયો ચંડપ્રદ્યોતનને પૂછવા ગયો કે 'આજે આપને માટે રસોઇ શું કરૂં ?' રાજાને શંકા પડી કે કોઇ દિવસ પૂછતો નથી, ને આજે કેમ પૂછયું હશે ? તેથી તેનું કારણ પૂછતાં રસોઇયાએ જણાવ્યું કે 'આજે પજુસણ હોવાથી બધાને ઉપવાસ છે.' ત્યારે ચંડપ્રદ્યોતન કેદમાં હતો, તે વખતે તેણે પણ કહ્યું કે મારે પણ આજે ઉપવાસ છે. આ વાત રસોઇયાએ ઉદાયન રાજાને જણાવી, ત્યારે રાજાને એ જ વિચાર થયો કે 'ઓહો ! હવે તો મારો સાધર્મિક થયો. માટે તે કેદમાં હોય તો મારા પજુસણ ઉજવ્યાં કહેવાય નહિ, તરત જ કેદખાનામાંથી તેને છોડી દીધા છે. એવાં એવાં ઘણાં દૃષ્ટાંતો છે. શ્રીપાલરાજા અને મયણાસુંદરીને પણ મુનિચંદ્રસૂરિજી મહારાજે ઉપાશ્રય પાસેના શ્રાવકને ત્યા મૂકેલા હતા. તે શ્રાવકો પણ તેની બહુ ભકિત કરતા હતા, ને પુણ્યઉપાર્જન કરતા હતા. સાધર્મિક તરીકેની પોતાની ફરજ અદા કરવી જોઇએ.

**જમાડનારને જમનાર ફળ આપી જાય.**

જમાડનાર કરતાં જમનાર પણ અધિક ફળ મેળવી જાય છે. અગાઉ એક સંઘવીએ સંઘ કાઢયો હતો, તેણે ગુરુમહારાજને પૂછયું કે આ મારા ખર્ચાએલા પૈસા લેખે કયારે લાગે ? ત્યારે ગુરુમહારાજે તેને એ જ ઉપદેશ આપ્યો છે કે તું સાધર્મિક વાત્સલ્ય કર અને જયારે કોઈ ઉત્તમ સાધર્મિકનો જીવ તેમાં જમી જશે, ત્યારે તારા પૈસા લેખે ગણાશે. તેની નિશાની એ કે જે તારે ત્યાં લાલ ધ્વજા છે, તે ઉત્તમ જીવના પગલાંથી ધોળી થઈ જશે. તે પ્રમાણે ગુરુના જણાવ્યા અનુસાર તે સંઘપતિએ તો સંઘને જમાડવાનું શરૂ કરી દીધું. એક દિવસ થયો, બે દિવસ થયા, છતાં ધ્વજા ધોળી થઈ નહિ. વિચારે છે કે હજુ કોઈ ગામમાં ભાગ્યશાળી જીવ જમવો બાકી રહી જાય છે. તે શંકા અનુસારે ગામમાં સંઘપતિ જાતે ફરી ઘેર ઘેર તપાસ કરે છે. ત્યાં એક શેઠ ને શેઠાણી બહુ જ સુપાત્ર ધર્મિષ્ઠ તેના જોવામાં આવ્યા, તેમને ઘેર જઈને વિનંતી કરી : સાહેબ ! આપ સંઘમાં જમવા પધારો, ત્યારે તેઓએ જણાવ્યું કે અમારે તો અટ્ઠમ છે. જરૂર સંઘપતિ સમજી ગયો કે આ જ સુપાત્ર સાધર્મિક હોવા જોઈએ કે જેના પગલાંથી મારી ધ્વજા ધોળી થઈ જશે ! એમ ગુરુ મહારાજે કહેલું છે. તે પ્રમાણે મનની સાક્ષીએ દૃઢ નિશ્ચય કરી ફેર ઉપરા ઉપરી જમાડવાનું ચાલુ જ રાખ્યું ને વળતે દિવસે વિનંતી કરી, સંઘમાં જમવા તેડી ગયો. તે સાધર્મિકો સંઘમાં જમ્યા ત્યારે તેની લાલ ધ્વજા તે ધોળી થઈ ગઈ.

આથી તે જમાડનાર સંઘપતિએ પણ તીર્થંકરગોત્ર બાંધ્યું. આવી રીતે સાધર્મિક જમાડવામાં કોઈ એકાદો પણ ઉત્તમ જીવ આવી જાય તો એ પૈસાનું સાર્થકપણું થઈ જાય, કાયાનું કલ્યાણ થઈ જાય ને પોતાને અનંતા લાભ પ્રાપ્ત થાય. આવું જાણી જે કોઈ સાધર્મિક ભાઈઓની ભકિત કરશે, તેમનું વાત્સલ્ય કરશે, તેમનું બહુમાન સાચવશે જેઓ સાધર્મિકના ઉદ્ધારના રસ્તાઓ લેશે તે ખરેખર આ ભવ પરભવ કલ્યાણમંગલિકમાલાને પામી મોક્ષ સુખને વિષે વિરાજમાન થશે.

# કાર્તિકી પુર્ણિમા દેશના.

( સિદ્ધાચલ મહિમા )

## સર્વદર્શન માન્ય શ્રીઆદિદેવ કલ્યાણપ્રદ હો !

एन्द्रश्रेणिमतः श्रीमान्नंदतान्नाभिनंदनः ।

उद्दधार युगादौ यो, जगदज्ञानपंकतः ॥ १ ॥ ( अध्या० सा० )

**અવતારમાંથી ઈશ્વર કે ઈશ્વરમાંથી અવતાર ?**

આ જગતમાં સર્વ આસ્તિક દર્શનકારો ભિન્ન ભિન્ન મન્તવ્યો ધરાવે છે, છતાં દેવ, ગુરુ, અને ધર્મ એ ત્રણ તત્ત્વોને માને છે. દેવતત્ત્વ ગુરુતત્ત્વ કે ધર્મતત્ત્વના મન્તવ્યમાં મતભેદ નથી. મતભેદ વ્યક્તિગત છે. વૈષ્ણવો વિષ્ણુને દેવ માને છે, શૈવો શિવને દેવ માને છે, જ્યારે સ્માર્તો બ્રહ્માને દેવ માને છે. એક દેવ એવા છે કે જેને જેમના શુદ્ધ નામે સર્વ દર્શનકારે નામાંતરે પણ માનેલા છે; માન્યા વિના તેમનો છૂટકો થયો નથી, તે દેવ કયા ? શ્રી આદિનાથ ભગવાન. તેમને દરેક દર્શનકાર માને છે. ( त्वमादिदेवः पुरुषः पुराणः त्वमस्य विश्वस्य परं निधानम् । वेत्ताऽसि वेद्यं च परं च धाम, त्वया ततं विश्वमनन्तरूप ॥ भग० गी० अ० ११ श्लो० ३८ ) કોઈ દર્શનકાર ઋષભદેવજીને અવતાર ગણે છે, કોઈ તેમને આદમ કહે છે, પણ તાત્પર્ય કે એમને માન્યા છે બધાએ.

એ શ્રી આદિદેવને જૈનો અવતાર તરીકે ઈશ્વર માને છે ? ના ! જૈનોમાં અને ઈતરોમાં જે ફરક છે તે અહીં જ છે. ઈતરો પણ ઈશ્વર અને અવતાર માને છે, તેમજ જૈનો પણ માને છે. પરન્તુ ઈતરો ઈશ્વરમાંથી અવતાર માને છે ('परित्राणाय साधूनां, विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ॥ भाग० गी० अ० ४ श्लो० ८), જ્યારે જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે.

ઈશ્વરનું સ્વરૂપ શું ? નિરંજન, નિરાકાર, જ્યોતિસ્વરૂપ ('साकारोऽपि ह्यनाकारो, मूर्त्तामूर्त्तस्तथैव च । परमात्मा च बाह्यात्मा, अन्तरात्मा तथैव च ॥ महादेवस्तोत्र श्लो० १६) જ્યારે અવતાર તો કર્મ પુદ્ગલથી ખરડાયેલો, સુખદુઃખવાળો, અને શરીરધારી છે. ઈતરો આવા નિરંજન, નિરાકાર, જ્યોતિસ્વરૂપ ઈશ્વરને, મલિન અવતાર

ધારણ કરવાનું મન્તવ્ય ધરાવે છે, જ્યારે જૈનો મલિન અવતારમાંથી અષ્ટ કર્મરહિત વિશુદ્ધ આત્મસ્વરૂપ એટલે કે ઈશ્વરત્વ પ્રાપ્ત કરવાનું મન્તવ્ય ધારણ કરે છે. અવતાર એટલે અષ્ટ કર્મસહિત (જ્ઞાનાવરણીયાદિ) દશા અને ઈશ્વરપણું એટલે કર્મરજરહિત નિરંજન દશા ('भवबीजाङ्कुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य । ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥ महा० स्तो० श्लो० ४४) જૈનો જે ઈશ્વરને માને છે તે આદર્શરૂપ છે. તે ઈશ્વરે અવતારમાંથી ઈશ્વરપણું શી રીતે મેળવ્યું? આશ્રવોનો શી રીતે ત્યાગ કર્યો? સંવર શી રીતે સાધ્યો? નિર્જરા શી રીતે કરી? ઉપસર્ગ પરીષહ સમભાવે શી રીતે સહ્યા? અડગપણે શી રીતે સ્વ–સામર્થ્ય સંપાદન કર્યું? ઘાતિકર્મો, અઘાતિકર્મોનો શી રીતે સદંતર નાશ કર્યો? કેવળજ્ઞાન દર્શનાદિ આત્મીય ગુણ ચતુષ્ટય શી રીતિએ હસ્તગત કર્યું અને મુક્તિ–કમલાને શી રીતે વર્યા? એ જાણવાનો આદર્શ તે ઈશ્વર. જૈનો આવા આદર્શમય ઇશ્વરને માને છે. ઈતરોમાં આદર્શ કયો? ઈશ્વરે અવતાર લઈને કરેલી લીલાઓ! ('नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय । तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय ॥ कारि० का० ॥१॥).

સાધ્યઅનુસાર આદર્શ જોઈએ.

ઈતરો એક જ ઈશ્વરને માને છે, પરન્તુ તેને ય વારંવાર અવતાર ધારણ કરવો પડે એવું તેઓ માને છે. 'ઈશ્વર એક' પણ અવતાર તો અનેક એમ પણ માને છે. ('यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत! । अभ्युत्थानमधर्मस्य, तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ भग० गीता अ० ४ श्लो० ७) જૈન ઈશ્વર અનેક અનંત માને છે. જેવો આદર્શ હોય તેવું સાધ્ય સધાય; જેવું સાધ્ય સાધવાનું હોય તેવો આદર્શ હોવો જોઈએ. આ સમજાશે એટલે શ્રી જિનાલયમાં પ્રવેશ કરતાં જ શ્રીજિનેશ્વરદેવનું મુખકમલ નિરખતાં જ તમે જે શ્લોક બોલો છો તે કેમ બોલો છો તે યથાર્થપણે પરિણમશે. (સમજાશે).

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं;
वदनकमलमङ्कः कामिनीसंगशून्यः
करयुगमपि यत्ते शस्त्रसंबंधवन्ध्यः
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥ १ ॥

પ્રથમ દૃષ્ટિ મુખ તથા દૃષ્ટિ પર જાય અને તેથી તે આદર્શનું પ્રથમ વર્ણન છે. હે ભગવાન્! આપ પ્રશમરસમાં નિમગ્ન છો, આપનું દૃષ્ટિયુગલ પ્રસન્ન છે વગેરે.

હવે એ વિચારી લો કે જગતના જીવો માટે સાધ્ય શું? જેવું સાધ્ય ઇષ્ટ હોય તેવો આદર્શ જોઇએ એ સ્પષ્ટ છે. જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ, વિવિધ લીલાઓ, ક્રીડાઓ, તેને અંગે ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણરૂપ કદર્થનાઓ તો અનાદિ કાલથી ચાલુ જ છે ('आधिव्याधिजरामृत्युज्वालाशतसमाकुलः । प्रदीप्तागारकल्पोऽयं, संसारः सर्वदेहिनाम् ॥ त्रि० प्र० जिनदेशना श्लो १) તેમાંથી છૂટવું એટલે કે ઇશ્વર થવું એ સાધ્ય છે, માટે આદર્શ જેઓ અવતારમાંથી ઇશ્વર થયા હોય તેઓનું દૃષ્ટાંત, જીવનસ્મરણ, મૂર્તિનિરીક્ષણ-સેવન-પૂજનાદિ જોઇએ.

જેઓને નીચે જવું હોય તેઓ ભોંયરાની નિસરણી તરફ નજર કરે, પણ ઊંચે જવું હોય તેઓ તો માળ (મજલા)ની સીડીને શોધે ને? ઇશ્વર થવું હોય તેમને માટે અવતારમાંથી થએલા ઇશ્વર જ આદર્શરૂપ છે.

શ્રીજિનેશ્વર મહારાજ સાક્ષાત્ જેવા આદર્શરૂપ છે તેવા જ આદર્શરૂપ તેમનું બિંબ, તેમની પ્રતિમા, તેમની મૂર્તિ છે. એ મૂર્તિનાં વિધિપૂર્વક દર્શન કરવાં જોઇએ. ત્રિકાલદર્શન, ત્રિકાલપૂજન એ જ આદર્શ-સેવન. (सो पुण इह विण्णेउ सज्झाओ तिण्ण ताव ओहेण । पंचा ० ८ गा ० ५). જેઓને આ આદર્શના ગૌરવનો ખ્યાલ ન હોય તેઓ તો પ્રજલ્પવાદ કરી દે (બકી દે) કે 'એમ વારંવાર દર્શન કર્યા કરો તેમાં વળે શું? પણ એમાં વાંક એ બિચારા બકનારનો છે.

ગાય, ભેંસ, શ્વાનાદિ પાસે મોતી, હીરા, માણેક વગેરેનો ઢગલો કરોઃ તેઓને એ ઢગલાનું મૂલ્ય નથી, તેથી તે ઝવેરાતનું મૂલ્ય ઘટી ગયું? વાંક કોનો? આદર્શનું ગૌરવ જે ધ્યાનમાં ન લે તેનો વારંવાર અહોનિશ દર્શન પૂજન વગેરે કરવાનો, આદર્શમાં લીન થવાનો ઉદ્દેશ આદર્શને ઝડપી લેવાનો છે. કારીગર, મિસ્ત્રી પણ મકાનના ચણતર માટે પ્લાન કાયમ નજર સામે રાખે છે ને! નિષ્ણાત ચિત્રકાર કે

વિદ્યાર્થી ચિત્રની કે શિક્ષણની સુંદર સમજાવટ માટે કોઈ આકાર કે નકશો નજર સામે મૂકી જ રાખે છે ને ? તે જ રીતેએ અહીં પણ આત્મસ્વરૂપ પ્રાપ્ત્યર્થે આ આદર્શ છે.

શ્રી જિનેશ્વરદેવે મુક્તિ મેળવી, મુક્તિનો માર્ગ બતાવ્યો, સ્થાપ્યો માટે મુક્તિના જિજ્ઞાસુઓ (મુમુક્ષુઓ) માટે એ જ આદર્શ. અવતારમાંથી ઈશ્વર થવા ઈચ્છનારે અવતારમાંથી ઈશ્વર થનારનો જ આદર્શ હોય. શ્રી જિનેશ્વરદેવની પ્રતિમા શ્રી જિનેશ્વરદેવ સમાન જ છે (धूवं दाऊण जिणवराण, राज सू० ६४).

સો શાણાનો એક મત !

દુનિયામાં પણ કહેવત છે કે 'સો શાણાનો એક મત', 'બાર મૂર્ખાના તેર મત' અથવા 'બાર ભૈયા અને તેર ચોકા' અનાદિ અનંત કાલમાં અનંતા તીર્થંકર અતીત કાલે થયા, વર્તમાન કાલે શ્રીમહા-વિદેહાદિનાં જે તીર્થંકરદેવો વિહરમાન છે અને અનાગત કાલે અનંતા તીર્થંકરો થશે, તે બધાનો એક જ સરખો માર્ગ. અવતારમાંથી ઈશ્વિર કેમ થવું એ જ ઉદ્દેશ માટેનો એક જ પ્રકારનો માર્ગ.

નવા ઉપદેશક તીર્થંકર.

માર્ગ ગમે તેવો સચોટ ઉપદેશ્યો હોય, તે ગમે તેવા વિસ્તારમાં પ્રચાર્યો હોય, તો પણ કાલાંતરે વિકૃત થાય, અગર મંદ થાય કે બંધ પડે. તે વખતે નવા ઉપદેશકની, નવા પ્રવર્ત્તકની, નવા સંસ્થાપકની જરૂર અને તે નવા સ્થાપક તે શ્રી તીર્થંકર દેવ ! આ રીતિએ જૈન દર્શન અનંતા ઈશ્વિર માને છે, તેથી તેને તેમાં બાધ નથી. ઈશ્વરને સૃષ્ટિ બનાવનાર માનનારાઓ ઈશ્વિરમાંથી અવતાર માને છે અને તેથી તેઓની સૃષ્ટિ બની તે બનીઃ આથી તેઓ ઈશ્વર એક માને છે, છતાં અવતાર તો અનેક માનવા જ પડે છે. તેઓમાં પણ કહેલું છેઃ—यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥ એ ઈશ્વરો આ સંસારમાંથી જ થયા. હીરા પણ ખાણમાંથી જ નીકળે છે ને ? ખાણમાં કાંઇ બધા જ હીરા હોતા નથી. તેમાં પથ્થરો વગેરે પણ હોય છે. કાલાંતરે બંધ પડેલા માર્ગને ફરી ચલાવે તે શ્રી તીર્થંકરદેવ ! તે જ શ્રી પરમેશ્વર ! વિચ્છેદ થઈ ગયેલા મુક્તિ

મેળવવાના માર્ગની સ્થાપના કરે તે પરમેશ્વર. व्युच्छिन्नं तीर्थं तीर्थंकर एव व्यवस्थापयति, नान्य इति, प्र० प० पृ० २२ )
શ્રી ઋષભદેવજી ભગવાન પરમૈશ્વર્ય આપનારા થાઓ !

શ્રી ઋષભદેવજી ભગવાન્, માર્ગના કેટલા આંતરે થયા ? કોડાકોડી સાગરોપમના આંતરે થયા છે ('अष्टादशकोटिकोटिसागरअष्टधर्मिणाम्। जयोद्धारकर स्वामिन्, तमोभरविरोचन ॥ शत्रुं० मा० स० ३ श्लो० ३८) એમના વખતમાં યુગલિકો હતા ( तथा कान्त्या च बुद्ध्या च अभ्यधिकतेभ्यो मिथुनकमनुष्येभ्य इति ॥ आव० हरि० पृ० १२६ ). એ દુનિયા કેવલ મોજમાં પડી ગઇ હતી, ઇંદ્રિયોનો વિષયો વિના બીજી વાત ન હતી, ધર્મનું નામ પણ ન હોતું, તે વખતે ધર્મ સ્થાપવો કેટલો મુશ્કેલ !

શ્રી ઋષભદેવજી ભગવાન્ માટે તો તમામ વૈભવ અભૂતપૂર્વ હતો. એમની નગરી પણ ઇંદ્ર નિર્મિત હતી ('आभोएउं सक्को उवागओ तस्स कुणइ अभिसेअं। मउडाइअलंकारं नरिंदजोग्गं च से कुणइ ॥१००॥ साहु विणिआ पुरिसा विणीअ नयरी अह निविट्ठा ॥२०१॥ आव० नि० ) દેવતાઇ ઠકુરાઇ હતી. ભોજન માટે ફળ આદિ દેવતાઓ દેવકુરૂ ઉત્તરકુરૂમાંથી લાવીને હાજર પણ કરતા હતા ( भगवांस्तु ऋषभनाथो यावदद्यापि प्रव्रज्यां न प्रतिपद्यते तावद्देवोपनीतमेवाहारमुत्तरकुरुगतकल्पद्रुमफलरूपमुपभुक्तवानिति। आव० मलय० पृ० १९२.) અનેક દેવો સેવામાં હતા આ વખતે શ્રી ઋષભદેવજીએ ધર્મ આચર્યો અને સ્થાપ્યો.

'ધર્મ' શબ્દ વ્હાલો તો સૌને લાગે છે, પણ ધર્મનું રહસ્ય સમજવું આવશ્યક છે. ધર્મનું રહસ્ય એ જ કે 'ત્યાગમાં સુખ અને ભોગમાં દુઃખ' શ્રી ઋષભદેવજી ભગવાને આવી દિવ્ય સાહ્યબીનો પરિત્યાગ કર્યો, તમામ વોસિરાવીને પ્રવ્રજ્યા અંગીકાર કરી, સંપૂર્ણ સાધના કરી, કેવલજ્ઞાન, કેવલદર્શન મેળવ્યું, મુક્તિ હસ્તગત કરી અને મુક્તિના માર્ગની સ્થાપના કરી.

શ્રી ઋષભદેવજી ભગવાન્ તો આદિ દેવ હોવાથી, આદ્ય તીર્થંકર હોવાથી, તેમણે તો જગતના માનવીઓને દુનિયાની કલાઓ પણ બતાવી ( महारायवासमज्झे वसमाणे लेहाइआओ गणिअप्पहाणाओ सउणरुअप-

ज्जवसाणाओ बावत्तरिं कलाओ. जम्बू० प्र० सू० ३०). તે વખતે કોઈ કલા ન હોતી, રસોઈ કરવાનું પણ કોઇ જાણતું ન હોતું. વાસણ કેમ બનાવવા, રસવંતી કેમ કરવી વગેરે કશું કોઇ જ જાણતું ન હોતું. (જાણવાની જરૂર ન હોતી, કેમકે કલ્પવૃક્ષથી તમામ મનોરથો પૂરાતા હતા, પણ કાળ પલટયો એટલે તેવી જરૂરિયાત ઊભી થઇ) કોઈ અનીતિ કરે તો કશી દંડ નીતિ ન હોતી. આ તમામનો પ્રબંધ કરવાની ફરજ શ્રી ઋષભદેવજીને શિરે આવી, તે તેમણે બજાવી.

આ તમામ કાર્ય ગૃહસ્થપણામાં કર્યું. એ વસ્તુને શ્રમણાવસ્થા સાથે, તીર્થંકરપણા સાથે, ધર્મનિદર્શન સાથે સંબંધ નથી. ગૃહસ્થ-પણામાં પણ ગૃહસ્થને યોગ્ય ફરજ બજાવવી જોઈએ. મહેમાન આવે તો જરા ભૂખ્યા રહીને પણ મહેમાનને જમાડવા જ પડે, તેમ તેવા પ્રસંગે જરા દોષ વ્હોરીને પણ તથાવિધ ફરજો ગૃહસ્થે અદા કરવી પડે. ભોગજીવન જીવનારાઓને પણ બચાવવા એ કર્તવ્ય જ છે, (इमं च णं सव्वजीवरक्खण दयट्ठाते पावयणं भगवया सुकहियं अत्तहिय पच्चाभाविय आगमेसि भद्दं सुद्धं नेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्खपावाण विउसमणं, प्रश्न० सू० २२), ભોગજીવન અને ત્યાગજીવન એ ઉભયજીવનના શ્રી ઋષભદેવજી ભગવાન પ્રથમ પ્રવર્ત્તક છે. (तंजहा उसभे इ वा पढमराया इवा, पढमभिक्खायरे इवा, पढमजिणे इवा, पढमतित्थयरे इ वा । कल्प० सू०२१०, अरहा कोसलिए पढमराया पढमजिणे पढमकेवलि पढमतित्थयरे पढमधम्मवरचक्कवट्टी समुप्पज्जित्थे, जम्बू० प्र० सू० ३०)

તે શ્રી ઋષભદેવજીભગવાને શ્રી સિદ્ધગિરિરાજનો મહિમા પ્રવર્તાવ્યો देशनान्तो प्रभुः प्राह, पुण्डरीकं गणेश्वरम् ॥ शत्रुंजयः पर्वतोऽयं, तीर्थराड् निर्वृतेर्गृहम् ॥३०॥ प्राणिभिर्यं समारूढैर्लोकाग्रमतिदुर्लभम् । अप्याप्यते स तीर्थेशः, शाश्वतोऽयंगिरिर्वरः ॥ ३१ ॥ अनादितीर्थमेतद्धि सिद्धास्तीर्थकृतोऽत्र च । अनन्ता मुनयश्चापि, क्षिप्त्वा स्वकर्मसञ्चयम् ॥ ३२ ॥ शत्रुं० मा० स० ६).

### કાર્તિકી પૂર્ણિમા અને સિદ્ધક્ષેત્ર.

જૈન જનતા તેમજ જૈનેતરો પણ ધર્મની અપેક્ષાએ કાર્તિકી પૂર્ણિમાને જેમ પવિત્ર માને છે, તેવી જ રીતે પૂર્વકાળમાં સમગ્ર લોકો પણ તે દિવસને ઘણા મોટા તહેવાર તરીકે માનતા હતા અને

તેથી કાર્તિકી પૂર્ણિમાના તહેવારને કૌમુદી મહોત્સવ કહેતા હતા. જેમ સામાન્ય લોકો રંક કે રાજા, દરિદ્ર કે શ્રીમાન્ તે કૌમુદીના દિવસને એક મહોત્સવના દિન તરીકે માનતા હતા, તેમ તે લોકોને મહોત્સવ તરીકે માનવાના મૂળભૂત ભગવાન્ આદીશ્વરના વચનથી જૈનોમાં કાર્તિકી પૂર્ણિમાનો દિવસ મહાપર્વ તરીકે મનાતો આવેલો છે. ('तं द्राविडवारिखिल्लमुख्यास्तत्र तपस्विनः । तस्थुस्तीर्थजिनध्यानपरा मासोपवासिनः ॥१६॥ निःशेषक्षीणमोहाङ्गाः, कृत्वा निर्यामणां ततः । क्षामयित्वाऽखिलान् जन्तून्, मनोवचनयोगतः ॥१७॥ निर्मलं केवलं प्राप्य, दुष्टकर्माष्टकक्षयात् । अन्तर्मुहूर्त्तात्प्रापुर्दशकोटिमिताः शिवम् ॥२१८॥ युग्मम् ॥ આ તીર્થના પ્રભાવથી અને એકાગ્ર ધ્યાનથી દ્રાવિડ અને વારિખિલ્લ મુનિઓ ૧૦ ક્રોડ મુનિ સાથે માસખમણની તપસ્યા કરીને તીર્થ અને જિનધ્યાનમાં તલ્લીન બની સંપૂર્ણ ક્ષીણ થયો છે મોહ જેનો એવા નિર્યામણા કરીને મન, વચન ને કાયાથી સર્વ પ્રાણીને ખમાવીને નિર્મલ કેવળજ્ઞાનને પામીને આઠ કર્મના ક્ષયથી દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે દશ કરોડ મુનિઓ અંતર્મુહૂર્તમાં મોક્ષે ગયા.

कार्तिकेयपूर्णिमास्यां कृत्तिकास्थे निशाकरे । मुनयः केवलेनैते, सिद्धिं शत्रुंजये ययुः ॥२१॥ यथा चैत्रस्य राकायां, पुण्डरीकोऽगमच्छिवम् । कार्तिकस्य तथैतेऽपि, तदेते पर्वणी स्मृते ॥२२॥ चतुर्मासावधिस्तुर्यपूर्णिमास्यां भवेदपि । शिवलब्ध्युत्सवोऽप्येषां, तस्यामेव सुरैः कृतः ॥२३॥ यात्रया तपसा दानाद्देवार्चनविधानतः । अन्यत्रान्यकालपुण्यात्तस्यां स्यादधिकं फलम् ॥२४॥ युग्मम् ॥ कार्त्तिके मासक्षपणं, तत्कर्म क्षपयत्यहो । नरके सागरशतेनापि यत्क्षिप्यते न हि ॥२५॥ एकेनाप्युपवासेन, कार्त्तिक्यां विमलाचले । ब्रह्मयोषिद्भ्रूणहत्यापातकान्मुच्यते नरः ॥२६॥ यः कुर्यात् कार्त्तिकीराकामत्रार्हद्ध्यानतत्परः । स भुक्त्वा सर्वसौख्यानि, निर्वृतिं लभते ततः ॥२७॥ वैशाखकार्तिकमधुप्रमुखेषु मासु, राकासु ये समधिगम्य समं च सङ्घैः । श्रीपुण्डरीकगिरिमादरतो, विदध्युर्दानं तपांसि शिवसौख्यभुजो हि ते स्युः ॥ २२८ ॥ शा० का० म० ७ કૃત્તિકા નક્ષત્રમાં ચંદ્રયોગ થયે છતે કાર્તિકી પૂર્ણિમાના દિવસે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર અનેક ક્રોડ મુનિઓ કેવળ પામી મુક્તિ વર્યા છે. તેમજ ચૈત્રી પુનમના દિવસે પુંડરીક સ્વામિજી અનેક મુનિવરો સાથે મોક્ષે ગયા છે. માટે ચૈત્રી અને કાર્તિકી એ બે પુનમો પર્વો

તરીકે પ્રસિદ્ધિ પામ્યાં છે. અન્ય સ્થાને અને અન્ય કાલે કરેલી યાત્રા તપ, દાન અને દેવાર્ચનથી જે લાભ-ફળ થાય તે કરતાં સિદ્ધગિરિમાં કાર્તિકી અને ચૈત્રી પુનમે કરેલી યાત્રા, તપસ્યા, સુપાત્રદાન, પ્રભુપ્રતિમાનું પૂજન અધિકાધિક ફળ આપનાર થાય છે.

કાર્તિક પુનમે કરેલ માસક્ષપણથી જે કર્મ ખપાવી શકાય છે તે કર્મો નારકીમાં સેંકડો સાગરોપમના કાળે પણ ખપાવી શકાતાં નથી. અહીં કરેલા એક ઉપવાસમાત્રથી બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યાના પાપથી મનુષ્ય મુક્ત થાય છે. જે કાર્તિકી પુનમે અરિહંત પરમાત્માના ધ્યાનમાં લીન બને છે, તે સર્વપ્રકારના સુખ અનુભવીને છેવટે મુક્તિ પ્રાપ્ત કરે છે. વૈશાખ, કાર્તિક, મહાઆદિ મહિનાની પૂર્ણિમાએ જેઓ સંઘની સાથે આદરપૂર્વક પુંડરીકગિરિની યાત્રા કરે છે, તેમ જ દાન તપ વગેરે કરે છે તે શિવસુખને ભજનારા થાય છે.)

### પહેલી તીર્થયાત્રા

એ કાર્તિકી પૂર્ણિમા જેમ ચાતુર્માસિક પ્રતિક્રમણને અંગે પંચાચારની પવિત્રતા કરાવનારી છે, તેવી જ રીતે એ જ કાર્તિકી પૂર્ણિમાનો દિવસ ભવ્ય જીવોના ભાવિભદ્રને ભેટાવનાર એવા સિદ્ધાચલ ગિરિજીની યાત્રાનો દિવસ હોઈ ભરતક્ષેત્રને માટે તીર્થયાત્રાનો આદિ દિવસ અને પરમ (શ્રેષ્ઠ) દિવસ છે. આદિ દિવસ એટલા માટે કહેવામાં આવે છે કે શ્રાવકપણાના સામાન્ય ધર્મને ઉદ્દેશીને આષાઢ શુક્લ પૂર્ણિમા પછીના વર્ષાઋતુના ચોમાસાના દિવસોમાં ગ્રામાંતર કરવાનું હોય નહિ शुश्रूषमाणस्तं कृष्णो, बभाषे भगवन् ! कथम् । विहरध्वे न वर्षासु, स्वयमन्येऽपि साधवः ॥२०१॥ स्वामी बभाषे वर्षासु, नानाजीवाकुला मही । जीवाभयप्रदास्तत्र सञ्चरन्ति न साधवः ॥२०२॥ त्रि० प० ८ स० १०) અને સામાન્ય લોકોને પણ વર્ષાઋતુમાં શ્રાવકની માફક દયાને લીધે નહિ, તો પણ મુસાફરીની અગવડની ખાતર પણ ગ્રામાંતર જવાનું હોતું નથી, અને તેથી આ કાર્તિકી પૂર્ણિમાને દિવસે વર્ષા ચાતુર્માસનો અંત આવતો હોઈ જે યાત્રા કરવામાં આવે તે વર્ષની અપેક્ષાએ આદિ તીર્થયાત્રા જ કહેવાય.

**ગિરિરાજ યાત્રાનું અનુકરણ પટદર્શન.**

આ જ કારણથી જૈનોની સારી વસતિવાળા દરેક સ્થાનોમાં શ્રી સિદ્ધગિરિ ક્ષેત્રથી દૂર હોવાને લીધે સાક્ષાત્ તે ગિરિરાજની યાત્રા ન થઈ શકે, તો પણ તે આદિ તીર્થયાત્રા અને સિદ્ધાચલ ગિરિરાજના દર્શનનો લાભ લેવાય તે માટે તે ગિરિરાજના પટો ગિરિરાજની દિશાએ ગામ બહાર બંધાવીને પોતાના સુકૃતનું સિંચન કરે છે. સર્વ જૈનોને અંગે આવો આ એક જ અપૂર્વ દિવસ છે કે જે દિવસે સર્વ ભાવિક જૈનોથી આદિ તીર્થયાત્રાને અંગે અને તેમાં વળી શ્રીસિદ્ધગિરિ જેવા ઐરાવતાદિ ચૌદ ક્ષેત્રોમાં ન મળી શકે તેવા અપૂર્વ તીર્થને અંગે ગામ બહાર જઈ પટનાં દર્શન કરી તીર્થયાત્રાનો અપૂર્વ લાભ મેળવાતો હોય છે.

**સિદ્ધક્ષેત્રમાં અન્ય કરતાં અનંતા સિદ્ધ.**

ધર્મિષ્ઠ મનુષ્યોની જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે તીર્થભક્તિ અંગે પ્રવૃત્તિ છે, ત્યારે કેટલાક સ્વયં નષ્ટ અને પર નાશકો પોતાની અક્કલની ખામીને અંગે કુતર્ક કરવા તૈયાર થાય છે કે સિદ્ધાચલજીની અધિકતા માનવાનું કારણ શું ? જો કે ધર્મિષ્ઠો તરફથી તેને કહેવામાં આવે છે કે આ ગિરિરાજ ઉપર કાંકરે કાંકરે અનંતાઅનંત મોક્ષે ગયેલા છે सिद्धसंस्थानमनन्तसुखदायकम् । अनन्तभवपाथोधिमध्यद्वीपमिवांगिनाम् ॥ शा० मा० स० ९ श्लो० १४) અને તેથી આ ગિરિરાજ પરમ પવિત્ર હોઈ યાત્રાનું ધામ છે, છતાં આ સમાધાન અંગે પણ એમ કહે છે કે અઢીદ્વીપમાં એવો એક પણ કાંકરો નથી કે આ અનાદિ કાળચક્રને અંગે જ્યાં અનંતા મોક્ષે ન ગયા હોય, અને તેથી અઢીદ્વીપમાં સરખું જ એ ગિરિરાજનું પણ ક્ષેત્ર હોવાથી તેનો અધિક મહિમા તેઓના ધ્યાનમાં ઉતરતો નથી, પણ તે કુતર્ક કરનારાઓ એટલું નથી સમજી શકતા કે અઢીદ્વીપના સર્વ સ્થાનો કરતાં અહીં મોક્ષે ગયેલાની સંખ્યા અનંતગુણી છે.

**સિદ્ધગિરિનો પ્રતાપ.**

આ તીર્થના ક્ષેત્રનો મહિમા ઋષભદેવજી ભગવાને કેવલિપણામાં પણ પોતાના કરતાં અધિક જણાવ્યો છે અને તેથી જ ભગવાન્

ઋષભદેવજી જે વખત સિદ્ધાચલજીથી વિહાર કરતા હતા, તે વખતે તેમની સાથે વિહાર કરવા તૈયાર થએલા પુંડરીક સ્વામીજીને પોતાની સાથે આવતા રોકીને તે સિદ્ધગિરિજીમાં જ રહેવાનું ફરમાવ્યું, ને એમ સ્પષ્ટપણે જણાવ્યું કે આ સિદ્ધગિરિજીના પ્રતાપથી જ તમને અને તમારા પરિવારભૂત ક્રોડો સાધુઓને કેવળજ્ઞાન થશે અને મોક્ષ મળશે (दग्ध्वा घातीणि कर्माणि, लब्ध्वा ज्ञान च केवलम् । क्षेत्रस्यास्यैव माहात्म्याद्, भावी त्वं मुक्तिवल्लभः ॥ २२ ॥ अनुशास्येति भगवान्, पुण्डरीकं महामुनिम् । ययौ विहर्तुमन्यत्र, त्रैलोक्यहितकाम्यया ॥ २३॥ शत्रुं० मा० स० ८)

આત્મબળ કરતાં તીર્થબળ.

આવા સાક્ષાત્ કેવળી તીર્થંકર ભગવાને પોતે સ્વમુખે પોતાના કરતાં અધિક મહિમાવાળા ગણાએલા સિદ્ધાચળ ગિરિરાજનો પરમ પવિત્ર મહિમા ભવ્ય જીવોને મગજમાં ઉતર્યા વિના રહે જ નહિ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અન્ય તીર્થક્ષેત્રોમાં જે તીર્થંકર-મહારાજ વગેરે કેવળજ્ઞાન મેળવી મોક્ષ સાધી શકયા છે, તે તે સિદ્ધ થનારાના આત્મબળથી જ છે, જ્યારે આ ગિરિરાજ ઉપર મોક્ષે જનાર મહાપુરુષોને આ ગિરિરાજના પરમ પવિત્ર મહિમાની અદ્વિતીય મદદ હોવાથી જ તેઓ મોક્ષે જઈ શકયા છે, માટે આ કાર્તિકી પૂર્ણિમા અને ગિરિરાજનો મહિમા ધ્યાનમાં રાખી ભવ્ય જીવોએ આત્માને ઉજ્જવળ કરવા કટિબદ્ધ થવું જરૂરી છે.

આવી રીતે શ્રી ઋષભદેવ ભગવાન્ જ સિદ્ધગિરિના મહિમાના પ્રથમ પ્રવર્ત્તક છે તે શ્રી ઋષભદેવ ભગવાનને શાસ્ત્રકારો મંગળાચરણમાં જણાવે છે. તે ઇન્દ્રોના સમુદાયથી નમસ્કાર કરાયેલા ભગવાન્ ભવ્યતાઓને સમૃદ્ધિદાયક, દિવ્યજ્યોતિદાયક અને કલ્યાણકર હો.

એવા શ્રી આદિદેવે બતાવેલો અવતારમાંથી ઇશ્વર થવાના માર્ગને જે ભવ્યાત્માઓ અનુસરશે, તેઓ આ ભવ પરભવ કલ્યાણમાંગલિક માળાને ધારણ કરી ઉત્તરોત્તર પ્રગતિશીલ બની પરમૈશ્વર્ય પ્રાપ્ત કરશે અર્થાત્ પરમેશ્વરપદે બિરાજમાન થશે.

# વિમળાચળ ગિરિરાજની વર્ષગાંઠની વિશિષ્ટતાઓ

સમગ્ર જૈન જનતાની ધ્યાનમાં એ વાત તો ચોક્કસ છે કે ચૌદ રાજલોકમાં, ત્રણ ભુવનમાં, પંદર ક્ષેત્રમાં આ વિમળાચળ ગિરિરાજ જેવું કોઈ પણ તીર્થ નથી. જો કે અઢી દ્વીપનો એક આંગળી જેટલો ભાગ પણ એવો નથી કે જેમાં અનંતા જીવો સર્વ કર્મનો ક્ષય કરીને અવ્યાબાધપદને પામેલા ન હોય, કેમકે સંસારની આદિ નથી, તેમ પરંપરાએ સિદ્ધદશાની પણ આદિ નથી, અને તેથી અનંત ઉત્સર્પિણી અવસર્પિણીએ એક એક જીવ પણ જો એક એક જગ્યાએ મોક્ષે ગયો હોય તોપણ અત્યાર સુધીમાં આખા અઢી દ્વીપમાં દરેક જગ્યાપર પણ અનંતા જીવો મોક્ષે ગએલા સિદ્ધ થાય, અર્થાત્ એક આંગળ જેટલી જગા પણ અઢીદ્વીપમાં અનંતા જીવોને મુક્તિ પામવા સિવાયની મળે નહિ અને આ જ કારણથી શ્રી ઔપપાતિક અને પ્રજ્ઞાપનાજી વગેરેમાં દરેક સિદ્ધને આખી અવગાહનાએ અનંતા સિદ્ધ જીવોની સ્પર્શના જણાવવા સાથે એક એક સિદ્ધને દેશ અને પ્રદેશે ફરસેલા સિદ્ધો તે આખા ફરસનારા સિદ્ધોની અનંત સંખ્યા કરતાં અસંખ્યાતગુણા અનંતા છે.

આવી રીતે સિદ્ધોની પરસ્પર સ્પર્શનાની સ્થિતિને વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે–અઢી દ્વીપમાંથી સમશ્રેણીએ જનારા જીવો સિદ્ધદશાવાળા થઈ શકતા હોવાથી અઢી દ્વીપનો એક આંગળ જેટલો ભાગ પણ અનંતા જીવોની સિદ્ધિ સિવાયનો નથી. અર્થાત્ શ્રી વિમળાચળ ગિરિરાજની મહિમાની વિશિષ્ટતા જણાવતાં જે કાંકરે કાંકરે અનંતા સિદ્ધ થયા એમ કહેવામાં આવે છે તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, કારણ કે અઢીદ્વીપ બહાર કોઈપણ મોક્ષે જતો નથી, તેમજ અઢીદ્વીપનો કોઈપણ ભાગ કાંકરે કાંકરે મોક્ષ સિવાયનો છે નહિ, માટે સંભવ કે વ્યભિચાર એકે પણ ન હોવાથી અનંત સિદ્ધના સ્થાન તરીકે વિમળાચળની વિશિષ્ટતા જણાવવી તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, પણ આવો વિચાર કરનારે સમજવું જોઈએ કે જેમ કાલનું અનાદિપણું હોવાથી અનાર્યક્ષેત્રમાં સિદ્ધ થએલા પણ અનંતા છે.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના તીર્થનું આલંબન લીધા સિવાય અતીર્થસિદ્ધપણે પણ સિદ્ધ થયેલા અનંતા છે. સ્વયંબુદ્ધ કે પ્રત્યેકબુદ્ધ સિદ્ધપણે પણ અનંત જીવો સિદ્ધ થયેલા છે, તો પછી શું વિચારક પુરુષે અનાર્યક્ષેત્રને મોક્ષની ભૂમિ તરીકે ગણવું ? ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને સ્થાપેલા તીર્થને સંસારસમુદ્રથી તારનાર તીર્થને શું તારનાર તીર્થ તરીકે ન ગણવું ? અને ધર્મના યથાર્થ સ્વરૂપને ધ્યાનમાં રાખીને ધર્મદેશનાની ધારાને અખંડપણે વરસાવતા આચાર્ય ભગવાનને શું તારક તરીકે ન ગણવા ? અર્થાત્ જેમ અનાર્યક્ષેત્રાદિકમાં થતી સિદ્ધિની અલ્પતા તે આર્યક્ષેત્રાદિકની સિદ્ધિની મહત્તાને બાધ કરનાર નથી, અને તેથી સિદ્ધિમાર્ગના સાધન તરીકે આર્યક્ષેત્રાદિની મહત્તા જ આગળ કરવામાં આવે છે, અને તેમ કરવું યોગ્ય જ છે, તો પછી પરમ પવિત્ર ગિરિરાજ શ્રી વિમળાચલની વિશિષ્ટતા જણાવતાં અનંત જીવોની સિદ્ધિના કારણ તરીકે તેની વિશિષ્ટતા જણાવાય તેમાં કોઇ પ્રકારે પણ આશ્ચર્ય નથી.

સામાન્ય રીતે અકારણ કે અલ્પકારણનું કથંચિત કાર્ય કરનારપણું થઇ પણ જાય તો પણ તે દ્વારાએ કારણકાર્યભાવનો વ્યવહાર જગતમાં પ્રવર્તતો નથી, પણ જે કારણથી ઘણી વખત નિયમિતપણે કાર્ય બને છે,તેવા કારણને જ કાર્ય કરનાર તરીકે ગણવામાં આવે છે, અને આ જ કારણથી લક્ષ્મીપ્રાપ્તિનો હેતુ વ્યાપાર ગણવામાં આવે છે, પણ માટીની ખાણ ખોદવાથી કોઈ વખત નિધાનો દ્વારાએ લક્ષ્મી મળે છે તોપણ તે ખાણના ખોદવાને લક્ષ્મીપ્રાપ્તિના ઉપાય તરીકે ગણવામાં આવતું નથી, તેવી રીતે ઠેસ લાગવાથી ઉખડેલી ઇંટના પ્રતાપે દેખવામાં આવેલી મહોરો-વાળી હકીકત સત્ય છતાં પણ ઠેસ કે ઈંટોના ઉખળવાને મહોરપ્રાપ્તિના કારણ તરીકે કોઈપણ સમજુ મનુષ્ય ગણવાને તૈયાર થતો નથી, તેવી રીતે અહીં પણ પવિત્ર ગિરિરાજ શ્રી વિમળાચળ સિવાયના સ્થાનકો સિદ્ધિપ્રાપ્તિના કારણ તરીકે ગણાય નહિ, પણ આ ગિરિરાજ શ્રી વિમળાચળજીને જ અનંત સિદ્ધિના કારણ તરીકે ગણી આરાધવા યોગ્ય ગણી શકીએ.

આ ભારતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં પહેલવહેલું કોઇપણ સ્થાવર તીર્થ સ્થપાયું હોય તો શ્રી પુંડરિક સ્વામી ગણધર પોતાના પરિવાર

સાથે મુક્તિ પામ્યા, તેને અંગે સ્થપાએલું આ વિમળાચળ તીર્થ જ પહેલા નંબરે છે.

ભાવતીર્થંકર કરતાં પણ દ્રવ્યતીર્થની પ્રબળતા ગણવાનું જો કોઈને પણ અગે બન્યું હોય તો આ પરમપવિત્ર ગિરિરાજ વિમળાચળજીને અંગે જ.

ચક્રવર્ત્તી અને બીજા પણ અનેક રાજા, મહારાજાઓએ ઉદ્ધારો કર્યા એવું પવિત્ર તીર્થ તે આ વિમળાચળજી જ.

જેના ઇન્દ્રોએ અને દેવતાઓએ પણ ઉદ્ધાર કરેલા હોય એવું તીર્થ ફક્ત આ વિમળાચળજી જ.

**વિમળાચળ ગિરિરાજની વર્ષગાંઠની વિશિષ્ટતાઓ**

લાખો અને કરોડો (કેટલાક સ્વછંદ કલ્પનાવાળાઓ શાસ્ત્રથી નિરપેક્ષ અને શાસ્ત્ર વિરુદ્ધપણે ક્રોડની સંખ્યા પર કોડી કે એવી કોઈ સંખ્યા ગોઠવી દેવા માગે છે. તેઓના વચનશાસ્ત્રાનુસારીને તો માનવાના હોય જ નહિ.)ની સંખ્યામાં મુનિમહારાજાઓએ તથા સાધ્વીઓએ જો મોક્ષપ્રદ મેળવેલાં હોય તો તેવું સ્થાન આ વિમળાચળજી. (પ્રતર-ગણિતની અપેક્ષાએ શાસ્ત્રમાં જણાવેલી સંખ્યાનો સમાવેશ કરવામાં કોઈ જાતની અડચણ આવે તેમ નથી, પણ પુરુષપરંપરા ઉપર વિચાર કરાય તો પણ લાંબા કાળને અંગે શાસ્ત્રોક્ત સંખ્યામાં અડચણ આવે તેમ નથી. આવા હેતુથી કેટલીક સૂત્રોક્ત અને ગ્રંથોક્ત સંખ્યામાં ફેર પડે તો શ્રદ્ધાળુઓને શ્રદ્ધા કરવામાં અડચણ આવે તેમ નથી.)

સર્વકાળમાં પોતાના આકારે નિયમિત રહેવાવાળું તીર્થ હોય તો તે ફક્ત આ વિમળાચળજી.

પાંચ પાંડવો, શુકરાજા, ચંદ્રશેખર વિગેરેને જબરદસ્ત કાર્યસિદ્ધિ આપનાર હોય તો તે આ જ તીર્થરાજ.

આવા પવિત્રતમ ગિરિરાજ શ્રી વિમળાચળની જે છેલ્લી પ્રતિષ્ઠા ચોર્યાસી ગચ્છના આચાર્યોને મેળવી, સર્વની સંમતિથી કર્માશાહે કરાવી, અને જે પ્રતિષ્ઠાની વર્ષગાંઠ શ્રી સિદ્ધાચલજી અને અને બીજે સ્થાને ઉજવાય છે, તે ઉજવણી મહિમા ભવ્યજીવોએ ખ્યાલમાં રાખવો.

# એકાદશી પર્વ દેશના.

## મૌન એકાદશી પર્વ માહાત્મ્ય.

मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ।
सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च ॥१॥
(ज्ञान० ज० १३)

**પર્વ તથા તહેવાર.**

શાસ્ત્રકાર મહારાજા મહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં થકાં મૌનપણાને અંગે તેરમા અષ્ટકમાં નિરૂપણ કરતાં જણાવે છે કે પહેલાં એ વિચારવાનું છે કે દરેક દર્શન, દરેક ધર્મસંસ્થા તિથિ, તહેવારને તથા પર્વોને માનનારા હોય છે. बहूसु तिहीसु य पव्वणीसु य उस्सवेसु य जन्नेसु य छणेसु य भग० सू० ३८४). વૈષ્ણવોમાં, બ્રાહ્મણોમાં તેમજ તમામ જ્ઞાતિઓમાં ધર્મમન્તવ્યાનુસાર પર્વો તથા તહેવારો યોજાયેલાં છે. ('तिहिसु य'त्ति मदनत्रयोदश्यादितिथिषु 'पव्वणीसु य'त्ति पर्वणीषु च कार्त्तिक्यादिषु 'उस्सवेसु य' प्रियसङ्गमादिमहेषु, भग० टीका० पृ० ४७६) રાજકીય સંસ્થાઓમાં રાજકીય ઉદ્દેશ પાર પાડવા માટે તહેવારો તથા પર્વો રાખવામાં આવેલાં છે. જૈન શાસનમાં પણ જૈન દર્શનના ધ્યેયાનુસાર તે પ્રકારનાં પર્વો તથા તહેવારો નિયત છે.

**પર્વને તહેવારનું લક્ષણ.**

પર્વ તથા તહેવારમાં ફરક શો ? માસિક કે વાર્ષિક નિયમિત સમુદાયની અપેક્ષાએ હોય તે પર્વ. એક વસ્તુની મહત્તા માટે જે ઉત્સવ જોડાય તે તહેવાર. જેમ કે શ્રીમહાવીર ભગવાનનો નિર્વાણદિવસ તે દીવાળીનો તહેવાર. જ્ઞાનપંચમી દરેક શાસનમાં કરવાની માટે પર્વ. આઠમ, પુનમ, ચૌદશ, નિયમિત આરાધવાનાં માટે તિથિ. જુદા જુદા મુદ્દાથી ઉત્સવો નિયમિત કરવામાં આવે તે તહેવાર.

**મૌન એકાદશી પર્વનું ધ્યેય.**

મૌન એકાદશી પહેલાં ન હતી. દરેક મહિને અગિયારશ તો

આરાધાય છે અને આ એકાદશી વર્ષમાં એકવાર, તેથી એ એકાદશી પર્વ પણ ગણાય. મૌન એકાદશી મુખ્ય કારણથી ઊભી થઈ છે. મૌન એકાદશી પર્વનું ધ્યેય મૌન છે. પ્રશ્ન થશે કે મન કે કાયાના યોગને રોકવા પર્વ ન રાખ્યું અને વચન યોગને રોકવા પર્વ કેમ રાખ્યું ? આ પ્રશ્ન વિચારણા માગે છે.

જૈનદર્શનના અને ઇતરોના તહેવારોમાં ફરક.

જૈનદર્શનનાં તમામ અનુષ્ઠાનો મન, વચન, કાયાના યોગને ગોપવનારાં છે. જૈન દર્શનનું એક પણ પર્વ કે તેનો એક પણ તહેવાર મન, વચન, કે કાયાના આશ્રવની છૂટ આપતો નથી. લૌકિક પર્વો કે તહેવારો તો મન, વચન તથા કાયાનાં કર્મોને પ્રવર્તાવવાનાં સાધનરૂપ છે. લોકોત્તર પર્વો તથા તહેવારો મન, વચન તથા કાયાના યોગથી બંધાતાં કર્મોને રોકવાના, એક જ ધ્યેયથી પ્રવર્તાયેલાં છે. મનના પાપી વિચારોથી, વચનના સાવદ્ય નિષ્ઠુર ઉપયોગથી, કે કાયાની પણ તેવી પ્રવૃત્તિથી બંધાતાં કર્મોને રોકવાં એ જ હેતુ આ અનન્ય દર્શનમાં નિયત પર્વો તથા તહેવારોનો છે.

જૈનદર્શનનાં તહેવાર કે પર્વો, મન, વચન તથા કાયાના આશ્રવોને રોકવા માટે જ છે. અને તેથી જ તે પર્વ કે તહેવાર લોકોત્તર ગણાય છે. જૈનદર્શનના એટલે કે લોકોત્તર બીજા બધા પર્વો કે તહેવારોમાં (આજના પર્વ–મૌન એકાદશી સિવાય) મન, વચન, કાયા–ત્રણના યોગને ગોપવવાનાં ખરાં, પણ તે નિવૃત્તિ, પ્રવૃત્તિ-

---

* અન્યોની તિથિઓ, પર્વો અને ઉત્સવો, આરંભસમારંભની પ્રવૃત્તિવાળાં છે, જ્યારે જૈનોનાં તિથિ, પર્વો ને તહેવારો આત્મ કલ્યાણની અપેક્ષાએ છે.

| ઇતરો | જૈનો |
|---|---|
| તિથિ–મદનત્રયોદશી વગેરે, | અષ્ટમી વગેરે. |
| પર્વો–કાર્તિકી વગેરે, | જ્ઞાનપંચમી, |
| | મૌન એકાદશી વગેરે |
| ઉત્સવો–પ્રિયસંગમાદિ મહોત્સવો. | અષ્ટાહ્નિકા વગેરે. |

પૂર્વકની, જેમ કે આર્ત્ત અને રૌદ્રધ્યાન રોકી મનને ધર્મ તથા શુક્લ-ધ્યાનમાં પ્રવર્તાવવું, સાવદ્ય પાપારંભની પ્રવૃત્તિ રોકી કાયાને, વાણીને દેવવંદન, સામાયિકાદિ પ્રવૃત્તિમાં જોડવા અને તેવી પ્રવૃત્તિ વધારવી.

**મૌન એકાદશી પર્વની મૌનમાં વિશિષ્ટતા.**

આજના તહેવારની વિશિષ્ટતા બીજી છે. સાવદ્ય કે નિરવદ્ય એક પણ વચન ન બોલતાં મૌન જ રહેવું. એ 'મૌન એકાદશી' પર્વની વિશિષ્ટતા છે. પાપને રોકવું તે શાસ્ત્રકારને ઈષ્ટ છે. નિર્જરા થાય તેવી પ્રવૃત્તિ શાસ્ત્રકારને ઈષ્ટ નથી તેમ નહિ.

**અભ્યાસ કરનારના પ્રકાર.**

અભ્યાસ કરનારા બે પ્રકારના હોય: એક ગુણી તથા એક અવગુણી. જે મનુષ્ય અભ્યાસના ગુણને ધ્યાનમાં રાખી બીજા ગુણને બાધ ન આવે તેમ અભ્યાસ કરે તે ગુણી. અસ્વાધ્યાય કાલ છોડી, સાધુથી કરાતો અભ્યાસ ગુણરૂપ છે. અસ્વાધ્યાય વખત ન જોવાય તે અભ્યાસનો અવગુણ છે.

**શિષ્યની પ્રાતઃ પૃચ્છા**

શિષ્ય સવારના પહોરમાં પૂછે કે, 'મહારાજ! મારે આજ સ્વાધ્યાય કરવો કે વૈયાવચ્ચ ?' ગુરુ જેમ કહે તેમજ શિષ્યે અગ્લાન-ભાવે કરવાનું હોય. (वन्दित्ता य तओ गुरुं ॥८॥ पुच्छिज्जा पंजलीउडो, किं कायव्वं मए इह । इच्छं निओइउं भन्ते, वेयावच्चे व सज्झाए ॥९॥ उत्ता० अ० २६). આમ કોણ કરી શકે ? ગુણી અભ્યાસક હોય તે જ આમ કરી શકે.

વચનને આધારે એ જ વિચાર કરવાનો છે. નિરવદ્ય વચન શુક્લ-ધ્યાન કરવાને આજ્ઞા કરે છે, પણ તે બધા ગુણરૂપ છે.

**વચનનો ઘા ન રૂઝાય**

આ માટે વચનની પ્રવૃત્તિ ઉપર અંકુશ ધરાવવો જોઈએ. મન, વચન, કાયા એ ત્રણ યોગની પ્રવૃત્તિમાં મનુષ્યો માટે વચનની પ્રવૃત્તિ માટે કાબૂની આવશ્યકતા છે, જગતમાં વચનથી જે અનર્થ થાય છે, તે અનર્થ મન કે કાયાથી નથી થતો. ઘા માર્યો તે ત્રણ દિવસમાં રૂઝાઈ જાય છે. વચનથી કહ્યું હોય તો જિંદગી સુધી ન ભૂલાય. માટે 'વચન ઉપર કાબૂ રાખતાં શીખો !'

**કાયાનો કાબૂ સાહજિક છે.**

અધ્યાત્મકલ્પદ્રુમમાં એક સ્થળે કહે છે કે, વચનની પ્રવૃત્તિ ન કરવા રૂપ મૌન કોણ નથી કરતું? वचोऽप्रवृत्तिमात्रेण, मौन के के न बिभ्रते । निरवद्यं वचो येषां, वचोगुप्तांस्तु तान् स्तुवे ॥ અધ્યા० શ્લો० ૨૪૪) એકેન્દ્રિયો અનાદિથી મૌન રહ્યા છે. સાવદ્ય કે નિરવદ્ય વચન પ્રવર્તાવવું તે પોતાને આધીન છે. જેનું મન રોકાયેલું હોય તે જ્યાં સુધી વિચાર કરવા માગે ત્યાં સુધી વિચાર કરી શકે. આયર્લૅન્ડે સો વર્ષ સુધી સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો, ગ્લેડસ્ટને પણ તેમાં ભીક આપી, પાર્લામેન્ટમાં પણ રજુ કરી છતાં ઊડી ગઈ, તેને વિચાર કેવો હોય! પણ દશ વાગે ઉંઘવાની ટેવવાળો દશ વાગે ઉંઘી ગયો. ભીકમાં નાસીપાસ થયા છતાં દશ વાગે ઉંઘી ગયો. 'આ ઓરડો ખૂલે ત્યારે જ. તે વિચાર. આવા મક્કમ વિચારનો મનુષ્ય વચન ઉપર કાબૂ ધરાવી શકે. વચન ઉપર કાબૂ હોય તો મન ઉપર કાબૂ આવી જાય. કાયાનો કાબૂ સાહજિક છે.

**વચન યોગથી રખડપટ્ટી**

શ્રીમહાવીર મહારાજાના જીવને કોડ કોડ સાગરોપમ રખડવું પડયું તે માત્ર વચન યોગથી જ ને! વાત તો સાચી હતી છતાં ય રખડવું પડયું ને! (दुब्भासिएण इक्केण मरीई दुक्खसायरं पत्तो । भमिओ कोडाकोडिं सागरसरिनामधेज्जाणं ॥ ४३८ ॥ आव० नि०)

(अहयं च दसाराणं पिआ य मे चक्कवट्टिवंसस्स । अज्जो तित्थयराणं, अहो कुलं उत्तमं मज्झ ॥ ४३२ ॥ आव० नि०) आद्योऽहं वासुदेवानां, पिता मे चक्रवर्तिनां । पितामहो जिनेन्द्राणां, ममाऽहो उत्तमं कुलं ॥ १ ॥ (जइ वासुदेवु पढमो मूआइ विदेहि चक्कवट्टित्तं । चरमो तित्थयराणं, होउ अलं इत्तिअं मज्झ ॥४३१ ॥ आव० नि०)

એ વચન સાચું હતું, છતાં રખડપટ્ટી શાથી? વાસુદેવમાં પ્રથમ, એ ખોટું તો ન હોતું જ, એમના પિતા ચક્રવર્ત્તી પણ હતા જ અને ચક્રીઓમાં પ્રથમ હતા અને તીર્થંકરોમાં પ્રથમ તેમના દાદા હતા. વળી પોતાને વાસુદેવ, ચક્રવર્તી તથા તીર્થંકરની એમ ત્રણ ત્રણ પદવીઓ પણ ખરી જ ને? રખડપટ્ટી શાથી? 'તમે બધા હલકા અને હું મોટો! મારૂં કુળ કેટલું ઊંચું!' આ મનોવૃત્તિ જ સંસારમાં

રખડંપટ્ટીના કારણરૂપ બની. રખડંપટ્ટી તો થઈ પણ છતાંય કર્મનો છેડો છેલ્લે ભવે ય ન આવ્યો ! તીર્થંકરના ભવમાં પણ હલકા કુળમાં ઉપજવાનો યોગ બન્યો. (नामगुत्तस्स वा कम्मस्स अक्खीणस्स अवेइअस्स अणिज्जिण्णस्स उदएणं जं णं अरहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा अंतकुलेसु वा पंतकुलेसु वा तुच्छ० दरिद्द० भिक्खाग० किवण० आयाइंसु वा. कल्प० सू० १८, समणं भगवं महावीरं चरमतित्थयरं पुव्वतित्थयरनिद्दिट्ठ माहणकुंडग्गामाओ नयराओ उसभदत्तस्स माहणस्स कोडालसगुत्तस्स भारियाए देवाणंदाए माहणीए जालंधरसगुत्ताए कुच्छीओ खत्तियकुंडग्गामे० कल्प सू० २०) એ બધો શાનો પ્રભાવ ? વચનયોગનો.

વાણીના દોષમાં શેઠનું દૃષ્ટાંત

એક શેઠ છે. તેનો પરગામ વિવાહ થયેલો. પેલી છોકરી વગર વિચારની રમતિયાળ છે, તેથી સાસરે જવા ઇચ્છતી જ નથી. બીજાં તેડાં આવ્યાં પણ તેણી ન ગઈ. છેવટે ધણી જાતે તેડવા આવ્યો. મા-બાપે કહ્યું કે, "આ વખતે તો બાંધીને પણ મોકલાવવી પડશે" પેલી ધણી સાથે ગઈ, વચ્ચે જંગલ આવ્યું. પેલીને 'પિયર છોડવું' તો નથી. એનામાં અપલક્ષણ નથી. એને તો એક જ મુદ્દો હતો કે 'પિયર ન છોડવું.' એને મનથી ત્યાં સુધી નક્કી કર્યું કે, 'રાંડું ભલે, પણ પિયર ન છોડું'.

ધણીને કૂવામાં

પોતે ઢોંગ આદર્યો અને કહ્યું કે, 'મને તરસ લાગી છે.' ધણી કૂવે પાણી ભરવા ગયો, પાછળથી પેલીએ ધણીને ધક્કો માર્યો. ધણી પડયો કૂવામાં, અને પેલી રોતી રોતી ઘેર ગઈ! ત્યાં જઈને શું કહ્યું ? કંઈ કહેવું તો જોઈએ ને ! તેણીએ ગોઠવીને કહી દીધું: 'ધાડ પડી, અમે નાઠા, સિંહ આવીને મારા વરને ખાઈ ગયો હશે એમ લાગે છે.' માબાપને બિચારાને શી ખબર ! બધાએ માની લીધું, તપાસ ન કરી, પતી ગયું, પેલી પિયરમાં રહી.

હવે કૂવા આગળથી એક સથવારો નીકળે છે, તેમાંથી કોઈકે પાણી ભરવા ઘડો નાંખ્યો, એટલે કૂવામાંથી પેલાએ દોરડું પકડયું, હલાવ્યું અને કહ્યું કે, 'હું અંદર છું, મને બહાર કાઢો !' પેલાએ

બહાર કાઢયો અને 'શાથી કૂવામાં ?' એમ પૂછયું: પેલાએ બનેલી વાત ન કહેતાં કહી દીધું કે 'પાણી ભરતાં અચાનક પડયો !' એ માણુસ પોતાને ઘેર ગયો અને બધાને ગમે તે પ્રકારે સમજાવ્યા. પોતે તો મનમાં સમજતો જ હતો કે સ્ત્રી ઘેર આવવા માગતી નથી.

સીધેસીધી ઘેર આવી

તે કન્યાનો બાપ, દૈવયોગે તે ગામમાં આવ્યો. તેણે માન્યું કે છોકરીનો ભ્રમ ખોટો છે. તેણે પોતાને ઘેર જઈ પોતાની પુત્રીને વાત કરી કે, 'જમાઈ જીવે છે.' અહીં પેલા માણુસને બધા, તે સ્ત્રીને તેડવા જવાનું કહે છે, પણુ તે જતો નથી. એ શું જાય ! એ તો એને સારી રીતે ઓળખે છે ! આખરે બે ચાર જણા સાથે ધણી તેડવા ગયો. આ દરમ્યાન વચ્ચે સમય પસાર થવાથી સ્ત્રી પણુ સમજી ગઈ, સીધી સીધી ઘેર આવી. પેલા પુરુષે પેલી વાત યાદ પણુ કરી નહિ.

એક વચને ત્રણુ નાશ

કેટલોક સમય પસાર થઈ ગયો. છોકરાઓ થયા. વેપારને અંગે બાપ પોતાના પુત્રને કોઈ વખત શિખામણુ આપે છે કે 'ગઈ ગુજરી યાદ ન કરીએ.' એક વખત તેનાથી ત્યાં સુધી બોલાઈ જવાયું કે 'ગઈ ગુજરી યાદ કરી હોત તો આજે મારી કઈ દશા હોત !' આ સાંભળી પુત્રે તે જાણુવા માંગ્યું. કેટલોક કાલ તો ન કહ્યું, પણુ બહુ હઠથી છેવટે તેણે પુત્રને હતી તે વાત કહી દીધી અને કહ્યું કે 'તારી માને પૂછીશ નહિ.' પેલા પુત્રે પોતાની માતાને જઈને પૂછયું: "માતા ! પિતાની આ વાત સાચી છે કે, બનાવટ? માતાએ વખત ટાળવા કહ્યું: 'તું જમી લે, પછી કહીશ'. પેલી સ્ત્રીએ તો ઉપર જઈને ગળે ફાંસો ખાધો. છોકરો થોડીવાર પછી ઉપર ગયો: તેને આ બનાવ પોતાના વચનના કારણે થયેલો લાગવાથી તેણે પણુ ફાંસો ખાધો. શેઠ ઘેર આવ્યા, જોયું વિચાર કરતાં પોતાની ભૂલ સમજાઈ અને પોતે પણુ ફાંસો ખાધો ! લેવા દેવા વિના, ત્રણુ ત્રણુ જણુની હત્યા, વચન ઉપરના કાબૂના અભાવે જ થઈને !

તમે વચનના માલિક કે વચન તમારું માલિક ?

વચન ઉપર કાબૂ રાખવા ઉપાય કરવો જોઈએ, મૌન એકાદશીનું પર્વ આ ધ્યેય માટે છે. હું વચનનો માલિક કે વચન મારું માલિક'

તે વિચારો ! તમારા વચનને તમે આધીન છો કે વચન તમને આધીન છે? અનર્થકર વાણી–વચનયોગ તમારી પાસે બોલાવે છે: 'ઠાણેણં મોણેણં, ઝાણેણં'' (ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाण वोसिरामि। आव० सू० ૨૭) આથી જ છે. અમુક સમય-મર્યાદા સુધી કાયોત્સર્ગમાં મૌન રહેવાનું કહ્યું છે. 'બોલ્યા વગર ન ચાલે: એક દિવસ માટે પણ બોલ્યા વગર ન ચાલે' એમ જો કહેવાય તો તો કહો કે વચન તમારું માલિક છે: તમે વચનના માલિક નથી. વચન પરત્વે તમારું સ્વામિત્વ છે કે નહિ તેની પરીક્ષા માટે મૌન એકાદશી પર્વ છે. પર્વ દિવસ ફરજિયાત મૌનનો અભ્યાસદિન છે.

**મૌન એટલે ?**

મૌન એટલે શું ? એ પણ વિચારણીય છે. દુનિયામાં 'મૌન' શબ્દ ચૂપ રહેવાના અર્થમાં વપરાય છે અને મૌન એકાદશીનું પર્વ કે તહેવાર, તે જ અપેક્ષાએ છે. મૌનવ્રતને ધારણ કરનારા સુવ્રતશેઠને મૌનથી કેટલો અગાધ લાભ થયો તે વિચારી લ્યો. (उ० प्रा० व्या०).

**શાસ્ત્રમાં મૌન.**

શાસ્ત્રીય પારિભાષિક મૌન કોને કહેવું ? રામ લક્ષ્મણ સાથે ફરનારા હોવાથી રામનું નામ યાદ કરવાથી લક્ષ્મણનું પણ સ્મરણ થાય: તે જ રીતે અહીં પણ 'મૌન' શબ્દનો પારિભાષિક શબ્દ પણ સમજવો જોઈએ. કોઈક કહેનારા નીકળે કે 'શાસ્ત્રોમાં–મૌન' શબ્દ જ નથી' તો તેઓ અજ્ઞાન છે.

શાસ્ત્રમાં મૌન માટે મહાન્ સ્થાન છે. તમે (जं संमंति पासहा तं मोणंति पासहा जं मोणंति पासहा तं संमंति पासहा, आचा० सू० ૧૫૬) એવું તો સામાન્યથી સાંભળ્યું હશે. 'શાસ્ત્રમાં મૌનને સ્થાન નથી' તેમ કહેનારા શ્રી આચારાંગ સૂત્રના 'तहा' વચનને ખ્યાલમાં લઈ ભૂલ સુધારી શકશે,

**દીપકઆદિ સમકિતના ભેદો.**

સમકિતને દેખો છો ! જૈન સમકિતી ગણાનારો હોય. મુનિ-પણું તથા સમકિત એ બે જુદી ચીજ નથી. મુનિપણું તે જ સમકિત ! આ બે કેમ બને ? સમકિત ચોથે ગુણસ્થાનકે શરૂ થાય, સત્તર

પાપસ્થાનક છૂટાં પણ હોય. શ્રી જિનેશ્વરદેવે કહેલાં તત્ત્વોને માનનારા સમકિતી હોય. સમકિત ચોથે તથા મુનિપણું છટ્ઠે સાતમે છે.

સમકિત ત્રણ પ્રકારનું છે :

૧ દીપક સમ્યક્ત્વ ૨ રોચક સમ્યક્ત્વ ૩ કારક સમ્યક્ત્વ (अथास्य त्रैविध्यं दृश्यते कारक १ रोचक २ दीपक ३ भेदतस्त्रिविधं सम्यक्त्वं, आत्मप्र० पृ० ६)

દીપક સમ્યક્ત્વ કોને કહેવું ? ઘરમાં દીવો કરીએ છીએ તેનાથી આખા ચોપડા ઉકેલાય, પણ દીવો કેટલા અક્ષર ઉકેલે ? ('सयमिह मिच्छद्दिट्ठी धम्मकहाईहि दीवइ परस्स । सम्मत्तमिणं दीवग कारणफल-भावओ नेयं ॥ श्राव० प्र० गा० ५० ॥) તેવી રીતે એવા પણ કેટલા જીવો છે કે જે હૃદયથી કોરા ધાકોર હોય, મોક્ષ, સંવર, નિર્જરાને ન માને, બાકી બીજા પાસે વાતો બરાબર કરે. એક વચનને ન માન-નારને શ્રીસંઘમાં સ્થાન ન હોવાથી, અસત્ય પણ પ્રરૂપણા તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરે (स्वयमिह मिथ्यादृष्टिरभव्यो भव्यो वा कश्चिदङ्गा-रमर्दकवत् । अथ च धर्मकथादिभिर्धर्मकथया मातृस्थानानुष्ठानेनातिशयेन वा केनचिद्दीपयतीति प्रकाशयति परस्य श्रोतुः सम्यक्त्वमिदं व्यञ्जकम् । श्राव० प्र० टी० पृ० ३३) અને સંવર, નિર્જરા તથા મોક્ષનું સ્વરૂપ શાસ્ત્રાનુસાર જણાવે.

**ઢોકળાં તોલવાના કાંટે હીરા ન તોલાય.**

જમાલિનું દૃષ્ટાંત વિચારો. સ્થૂલદૃષ્ટિએ કોણ સત્યવાદી લાગે ? કરવા માંડેલામાં કરોડ વિઘ્ન આવે અને ન પણ થાય, તે બને. તો કહો કે 'કર્યું' તેને કર્યું' કહેનાર સત્યવાદી કે કરવા માંડ્યું તેને કર્યું' કહેનાર સત્યવાદી ?' સ્થૂલદૃષ્ટિથી તો જમાલિનું જ કથન સત્ય લાગે, પણ અહીં વિવેક જરૂરી છે. 'રૂઉના ઢોકળાં તોલવાના કાંટે હીરા મોતી ન તોલાય.' સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવાની વાતો સ્થૂલદૃષ્ટિથી ન વિચારાય.

**જૈન શાસન સમયવાદી**

जं जं समये जीवो, आविसइ जेण जेण भावेण । सो तम्मि तम्मि समये, सुहासहं बंधए कम्मं ॥ उ० मा० गा० २४ ॥

જૈન શાસનનો સિદ્ધાંત રોકડીઓ છે. જે સમયે આશ્રવ, સંવરના પરિણામ તે જ સમયે આશ્રવનું આવવું તથા સંવરનું રોકાવું. બંધના

પરિણામનો સમય એ જ બંધ થવાનો સમય. આશ્રવનો જે સમય તે જ પરિણામનો સમય. નિર્જરાનો પરિણામ જે સમયે તે જ સમયે નિર્જરા. એક સમયમાં 'કર્યું' અને 'કરૂં છું': બે વિભાગ છે ક્યાં? એક બારીક ભાગ સમયનો તેનો 'પહેલો તથા પછીનો ભાગ' એમ ન કહેવાય. સમય બારીક જેટલા સમયમાં આરંભ તથા સમાપ્તિનો ભાગ જ નથી. આરંભકાળ તે જ નિષ્ઠાકાળઃ નિષ્ઠાકાળ તે જ આરંભકાળ. જેમાં આદિ તથા સમાપ્તિ ભાગ જુદા ન પડે તેમાં ક્રિયાને અંગે આરંભકાળ તથા નિષ્ઠાકાળ અલગ ન પડે.

જમાલિ સંઘ બહાર.

જમાલિએ 'कडेमाणे कडे' (क्रियमाणं कृतमिति साधु सर्वज्ञभाषितम् ॥ ત્રિ૦ પ૦ ૧૦ સ૦ ૮ શ્લો૦ ૬૬) ન કહ્યું, 'कडे कडे' કહ્યું ज्ञातं चिरादिदम्। क्रियमाण न हि कृतं कृतमेव कृतं खलु॥ ત્રિ૦ પ૦ ૧૦ સ૦ ૮ શ્લો ૪૮) ભગવાનનું વચન ન માનવાથી જમાલિની શી દશા? સંઘ બહાર! એક વચન ન માનવાથી સંઘ બહાર! ततो जमालिः संघेन निह्नवत्वाद्बहिष्कृतः । ત્રિ૦ પ૦ ૧૦ સ૦ ૮ શ્લો ૮૪). ભગવાન્ શ્રીમહાવીર દેવે દીક્ષા એકાકી લીધી છેઃ તેમની સાથે દીક્ષા લેવા કોઈ તૈયાર થયું નથી, જ્યારે જમાલિએ તો કુટુંબની સાથે, તથા પાંચસેં રાજકુંવરોની સાથે દીક્ષા લીધી છે. (पव्वइओ नवरं पंचहि पुरिससएहिं सद्धिं, ભ૦ સૂ. ૩૮૪). જમાલિની સ્ત્રીએ એટલે કે ભગવાન્ શ્રી મહાવીરદેવની પુત્રીએ એક હજાર સ્ત્રી સાથે દીક્ષા લીધી છે. ('जमालिभार्या भगवद्दुहिता प्रियदर्शना । सहिता स्त्रीसहस्रेण प्राव्राजीत् स्वामिनोऽन्तिके ॥ત્રિ૦ પ૦ ૧૦ સ૦ ૮ શ્લો ૩૪) એ સ્ત્રી પતિના પક્ષમાં છે, પિતાના પક્ષમાં નથી. જમાલિ કોણ? શ્રી મહાવીરનો ભાણેજ તેમજ જમાઈ! (जमालिर्नाम जामेयो जामाता च प्रभोस्तदा॥ ત્રિ૦ પ૦ ૧૦ સ૦ ૮ श्लोक० ३२) તેવાને પણ સંઘ બહાર! શાસન બહાર! આ શાસનનો આ છે નિયમ!

અભવ્યો પણ પ્રરૂપણા શાસ્ત્ર મુજબ જ કરે છે!

સંઘનું બંધારણ આવું સુદૃઢ હોવાથી અભવ્યોને પણ પ્રરૂપણા તો શાસ્ત્ર મુજબ જ મુજબ જ કરવી પડે. અભવ્યો પોતે મોક્ષને

માનતા નથી, પણ પ્રરૂપણા મોક્ષની કરે અને સંવર તથા નિર્જરાને મોક્ષનાં કારણરૂપે જણાવે છે.

દીપક સમ્યક્ત્વ.

સાંભળનારાને સન્માર્ગનું ભાન થાય થાય તેવું, અભવ્ય કે મિથ્યાત્વીનું વચનઃ માટે ત્યાં દીપક સમ્યક્ત્વ.

રોચક સમ્યક્ત્વ.

પોતે પણ માને તો તે રોચક સમ્યક્ત્વ. રોચક સમ્યક્ત્વમાં રૂચિમાત્રઃ ક્રિયામાં કાંઈ નહિ ! વાતે વડાં ! તાવડી ન મેલે ! વડાંમાં કેટલું તેલ વરે ? ('रोयगसम्मत्तं पुण रुइमित्तकरं मुणेयव्वं॥ आव०प्र० गा० ४९).

કારક સમ્યક્ત્વ.

શ્રદ્ધા મુજબ ક્રિયા કરવા તૈયાર થવાય, સંવર તથા નિર્જરાનાં કારણો જાણી આદરવામાં આવે, આશ્રવ તથા બંધને છાંડવાનો પ્રયત્ન કરાયઃ ત્યાં કારક સમ્યક્ત્વ ('जं जह भणियं त तह करेइ सइ जंमि कारगं तं तु ॥ आव० प्र० गा० ४९).

લિંગ તથા સ્વરૂપના ભેદનો વિચાર.

'મુનિપણું તે જ સમ્યક્ત્વ, સમ્યક્ત્વ તે જ મુનિપણું' એવા શાસ્ત્રવચનનું રહસ્ય સમજવું જોઈએ.

મુનિપણું એટલે ? મસ્તક મુંડાવી ઓઘો લીધો એ મુનિપણું ? હા ! મુનિભાવ જ સમકિત કહ્યું 'સમકિત મુનિભાવે' (યશો० સ્ત० સવાસો ગા० ૨૬) તમને એમ કહેનારા ઘણા મળશે કે 'મન ઠેકાણે વગર સાર્થક શું ?' તેવાને કહી શકાયઃ 'મહાનુભાવ ! તારું મન તો ઠેકાણે છે ને ? કાંઈક તો કાર્ય કર ! કે ઢોંગ જ છે ?'

મુનિપણા વગર વ્યવહારથી સમ્યક્ત્વ.

આજે મનને વશ કરવાના નામે ક્રિયા–લોપકો ઘણા છે. જે સમકિત તે જ મૌન. મુનિપણામાં તથા સમકિતમાં ભેદ નથી. મુનિપણું લીધું નથી તેને વ્યવહારથી સમકિત છે. નિશ્ચય નય તો કર્યાને જ ગણનાર છે. (आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः । यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठति ॥१॥ योग० शा० प्र० ४ श्लो १) વ્યવહાર વગરના નિશ્ચયવાળા પહેલા છે.

ઓઘો એ સ્વલિંગ, તે જ સ્વ કહેવાય છે.

મુંડન આદિ ચિહ્ન કેવલજ્ઞાનીઓને મંજુર છે. નવતત્ત્વમાં 'સ્વલિંગે સિદ્ધ' એ ભેદ છે ને? (साहू सलिंग सिद्ध नवत० गा ५७ महेसाणा) ઓઘાને સ્વલિંગ ગણેલ છે. અનંત જ્ઞાનીઓએ ત્યાગને સ્વલિંગ ગણાવેલ છે. મોક્ષનું લિંગ મૂકી દેવાય?

અગ્નિ કેવો? તેને કાળો (શ્યામ) ન કહેવાય. ધૂમાડો કાળો ખરો પણ તે લિંગ છે. અગ્નિનું સ્વરૂપ ઉષ્ણ. ઓઘો એ લિંગ છેઃ સ્વરૂપ નથી. ત્યાગ હોવા છતાં ઓઘો ન હોય તો મુનિપણું નથી.

ગૃહસ્થપણામાં ત્યાગી ન કહેવાય.

શ્રી મહાવીરદેવ બે વર્ષ ગૃહવાસમાં રહ્યા. તે સમયમાં સ્નાન નથી કરતા વગેરે સ્થિતિ છતાં તે સમયને શાસ્ત્રકારે ગૃહસ્થમાં પર્યાયમાં ગણેલ છે. ત્યાગનું ચિહ્ન ન લેવાય, ત્યાગની પ્રતિજ્ઞા ન થાય, ત્યાં સુધી ત્યાગી ન ગણાય.

કેવળીને પણ વેષની જરૂર.

ભરત મહારાજાને આરીસા ભુવનમાં કેવળજ્ઞાન થયું, પણ ઇન્દ્રે હાથ જોડીને વંદના કરીને કહ્યું: કે 'આપ વેષ લ્યો, પરિધાન કરો પછી વંદના કરું' (जिनप्रज्ञप्तं लिङ्गं तीर्थंकरप्रणीतमेतत् साधुचिह्न रजोहरण-मिति पंच० व० टी० पृ० २८) ભગવાનને કુદરતે પણ મનઃપર્યવજ્ઞાન ક્યારે આપ્યું? ત્રીસ વર્ષે જ્યારે ત્યાગ કર્યો ત્યારે ને?

મુનિ કોનું નામ?

જગતના સ્વરૂપને જાણે, જન્માદિની પીડાથી વ્યાકુલ, જગતને નિઃસાર તથા અશરણ જાણે, માને, પિછાણે અને પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તૈયાર થાય તેનું નામ જ મુનિપણું છે. (आलित्ते णं मंते लोए पलित्ते णं मं० लो० प० भ० लो० जगमरेणण य, भ० सू. ९१) આ રીતે સમજી જેઓ મૌનપણે એકાદશી પર્વ આરાધવા કટિબદ્ધ થશે તેઓ કલ્યાણાદિ પામી મોક્ષે બિરાજમાન થશે.

## મૌન એકાદશી

पर्वेदं दुर्लभं लोके, श्रीकृष्णेनाऽऽदृतं पुरा ।
कल्याणकौघैर्दीप्तं, यज्जिनानां श્રીजिनोदितम् ॥ १ ॥

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનમાં મોક્ષને સાધવાની દૃષ્ટિ મુખ્યતાએ રહેલી છે, અને તેથી તે શાસનમાં અહોરાત્ર, પાક્ષિક ચાતુર્માસિક કે સંવત્સરીની પ્રતિબદ્ધ ક્રિયાઓ જે જે જણાવવામાં આવી છે તે તે કેવળ આત્માની દૃષ્ટિએ અને મોક્ષની પ્રાપ્તિ માટે જ છે. શાસ્ત્રમાં જણાવેલા તહેવારોમાં મૌન એકાદશી નામનો તહેવાર કોઈ જુદી રીતે વર્ણવવામાં આવેલો છે. જ્ઞાનપંચમી આદિ તહેવારોની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિ જ્યારે જ્ઞાનાદિક વિરાધનાથી થયેલા દુઃખો અને અંતરાયો દૂર કરવા માટે થયેલી છે; ત્યારે આ મૌન એકાદશીનો આવિર્ભાવ ત્રણ ખંડના માલિક, ક્ષાયિકસમ્યક્ત્વને ધારણ કરનાર મહારાજા કૃષ્ણજીને અંગે થયેલો છે.

હકીકત એવી છે કે કૃષ્ણ મહારાજા મથુરા અને વૃંદાવન જેવા અસલ નિવાસ સ્થાનોને છોડી દઈને લવણસમુદ્રના અધિષ્ઠાયક દેવતાની આરાધના કરી દેવલોકને પણ ટક્કર મારે એવી દ્વારિકા નગરી વસાવવા માટે શક્તિસંપન્ન થયા અને તે દ્વારિકા નગરીની દિનપ્રતિદિન જાહોજલાલી વધતી જ ચાલી. તે દ્વારિકા નગરીની વૃદ્ધિ દેખાવા સાથે તે દ્વારિકા નગરીના નાશની કલ્પના કોઈપણ પ્રકારે બુદ્ધિમાં આવી શકે તેમ નહોતી, અને તે ન આવવાથી જ ભગવાન નેમિનાથજી મહારાજ પાસે તે દ્વારિકાનગરીના નાશનો પ્રશ્ન શ્રી કૃષ્ણમહારાજ તરફથી થયો.

જગતમાં જાણવામાં આવેલો ગ્રહ જેમ પીડા ન કરી શકે તેવી રીતે દ્વારિકા નગરીના નાશનાં કારણો જાણવામાં આવે, તો હું તેનો પ્રતિકાર કરી શકું. એ ધારણાથી કરેલા દ્વારિકાના નાશના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન શ્રીનેમનાથજી મહારાજે દારૂ–દ્વૈપાયન ઋષિ અને શામ્બકુમાર વગેરેનો ઇતિહાસ જે ભવિષ્યમાં બનવાવાળો હતો તે જણાવ્યો. એ ઇતિહાસ સાંભળીને કૃષ્ણમહારાજે સંસારની અનિત્યતા જાણીને પોતાના સમગ્ર દેશમાં પડહો બજાવીને જે કોઈ પોતાના આત્માનો સંસારથી ઉદ્ધાર કરવા દીક્ષા લે, તેને સમગ્ર પ્રકારે મદદ આપવાનું જાહેર કર્યું. અને એ પડહાના પ્રતાપે હજારો ભવ્ય આત્માઓ–

પ્રાણીઓ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તૈયાર થયા. તેવા વખતમાં કૃષ્ણ મહારાજને પોતાના આત્માના ઉદ્ધારની પણ ચિંતા ઝળહળતી થઈ. કૃષ્ણવાસુદેવને ભગવાન નેમનાથજી મહારાજે આ માર્ગશીર્ષ શુકલા એકાદશીની આરાધનાનો ઉપદેશ કર્યો, અને આ મૌનએકાદશીની આરાધના સુવ્રતનામના શેઠે કેવી અદ્વિતીય રીતે કરી હતી તે સવિસ્તર જણાવ્યું.

ધ્યાન રાખવું કે જૈનશાસનમાં ચોવીશે તીર્થંકર મહારાજના શાસનો આત્મદૃષ્ટિએ મોક્ષની પ્રાપ્તિ માટે જ યોજાયેલાં છે, અને તેથી જ અન્ય અન્ય શાસનમાં પ્રવર્ત્તેલા તહેવારો અને પર્વો પણ અન્ય શાસનમાં પ્રવર્તે છે. જેવી રીતે પરમ પવિત્ર સકલતીર્થમાં શિરોમણિરૂપ સિદ્ધગિરિજીનો મહિમા ભગવાન રૃષભદેવજી મહારાજના શાસનથી પ્રવર્તે છે. છતાં પૂર્વે અને વર્તમાન ચોવીશીમાંના સર્વ તીર્થંકરોના શાસનમાં તે મહિમા ચાલ્યો, વળી રોહિણી તપનો મહિમા ભગવાન વાસુપૂજ્યજીના શાસનમાં પ્રગટ થયેલો છતાં બધા શાસનમાં ચાલુ રહ્યો. તેવી રીતે ભગવાન નેમનાથજી મહારાજના શાસનમાં પ્રગટ થયેલી મૌનએકાદશી હતી. છતાં તેનો મહિમા ભગવાન મહાવીર મહારાજાના શાસનમાં પણ પ્રવર્તેલો છે.

શાસ્ત્રોમાં કોઈ પણ તીર્થંકર મહારાજના જન્માદિક કલ્યાણકોમાંથી કલ્યાણકવાળા દિવસો પવિત્ર તરીકે માનવામાં આવે છે, તો પછી આ મૌનએકાદશીનો દિવસ જે ત્રણે કાળના દશે ક્ષેત્રના કલ્યાણકો એકઠા કરવાથી દોઢસો કલ્યાણકો થાય છે તે કેમ પવિત્ર ન ગણાય? ગણાય જ. ધ્યાન રાખવું કે બાકીની તેવીશ અગીયારશોને દિવસે જ્યારે માત્ર દોઢસો કલ્યાણકો સર્વક્ષેત્રના આવે છે. ત્યારે આ મૌનએકાદશી જેવી એકલી એક પવિત્ર તિથિમાં જ દોઢસો કલ્યાણકો આવે છે. આ કારણથી જૈનલોકોમાં 'किं वदन्ति' ચાલે છે કે મૌન એકાદશીનું જે ધર્મ કાર્ય તે એક છતાં પણ દોઢસો ગુણા કરીને દેવાવાળું છે.

પ્રભુ પાસે આ મૌનએકાદશીની હકીકત ધ્યાનમાં લઇ ને ધર્મદેશના સાંભળી કૃષ્ણ મહારાજે પ્રભુને કહ્યું કે 'હે ભગવાન! હું અહર્નિશ રાજ્ય કાર્યમાં વ્યગ્ર હોવાથી નિરંતર ધર્મ કરી શકતો નથી. માટે હે

જ્ઞાની ભગવંત ! વર્ષમાં એક એવો ઉત્તમ દિવસ બતાવો કે જેથી મને ઘણો લાભ થાય.' ભગવંતે કહ્યું કે 'હે કૃષ્ણ ! માર્ગશીર્ષ માસની શુક્લ એકાદશીની આરાધના કરવાથી તે દિવસે વર્તમાન ચોવીશીના ત્રણ તીર્થંકરના બધાં મળી પાંચ કલ્યાણક થાય છે તે વિષે કહ્યું છે કે:—

अस्यां चक्रिपदं हित्वाऽग्रहीदरजिनो व्रतं ।
जन्मदीक्षां च स सज्ज्ञानं, मल्लीज्ञानं; नमीश्वरः ॥

આ એકાદશીને દિવસે શ્રી અરનાથ પ્રભુએ ચક્રવર્તીપણું છોડીને ચારિત્ર અંગીકાર કર્યું હતું. અને શ્રી મલ્લીનાથ પ્રભુનો જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન ત્રણ કલ્યાણક થયાં હતાં, અને શ્રી નેમનાથ પ્રભુનુ કેવલજ્ઞાન કલ્યાણક હતું. એક દિવસે પાંચ ભરત–પાંચ ઐરવતમાં ત્રણ ત્રણ તીર્થંકરોના મળીને પાંચ પાંચ કલ્યાણકો થવાથી ૫૦ કલ્યાણકો થયા છે. તેમજ અતીત–અનાગત અને વર્તમાન એમ ત્રણ કાળના મળી ૧૫૦, એકસો ને પચાસ કલ્યાણકો. ત્રણ ચોવીસીમાં મળી નેવું તીર્થંકરોના ૧૫૦ કલ્યાણક થયાં છે. તેથી આ દિવસે તપ–જપ–આરાધના કરવાથી ૧૫૦ ગણું ફળ મળે, માટે સૌથી શ્રેષ્ઠ ઉત્તમ દિવસ છે. આ પ્રમાણે લોકોત્તર ફળ આપનારું મૌન એકાદશીનું વર્ણન શ્રી નેમનાથ પ્રભુના મુખેથી સાંભળીને કૃષ્ણ મહારાજે ફરીથી પૂછયું કે 'હે સ્વામિન્ ! એકાદશીનું આરાધન પૂર્વે કોણે કર્યું હતું ?' ત્યારે પ્રભુએ કહ્યું કે સુવ્રત શેઠે કે જેનું (ઉ. પ્રા. વ્યા. ૨૫૧) દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે.

विधिना मार्गशीर्षस्यैकादश्यां धर्ममाचरेत् ।
य एकादशभिर्वर्षैरचिरात् स शिवं भजेत् ॥१॥

જે પુરુષ માર્ગશીર્ષ શુક્લ એકાદશીને દિવસે વિધિપૂર્વક અગિયાર વર્ષ સુધી એકાદશી આરાધના કરે છે, તે આરાધનાથી ટૂંક સમયમાં ઘણું ફળ મેળવી શકે છે.

**મૌન એકાદશી પર્વનું ધ્યેય.**

દરેક મહિને અગિયારશ તો આરાધાય છે અને આ માગશર સુદિ એકાદશી વર્ષમાં એક વાર, તેથી એ એકાદશી પર્વ પણ ગણાય. મૌન એકાદશી મુખ્ય કારણથી ઊભી થઈ છે. મૌન એકાદશી પર્વનું ધ્યેય મૌન છે. પ્રશ્ન થશે કે મન કે કાયાના યોગને રોકવા પર્વ ન રાખ્યું, અને વચન યોગને રોકવા પર્વ કેમ રાખ્યું ?

આ વચનપ્રવૃત્તિથી તો થઈ, છતાં કર્મનો છેડો છેલ્લે ભવે ન આવ્યો. તીર્થંકરના ભવમાં પણ હલકા કુળમાં ઉપજવાનો યોગ બન્યો. 'મૌન' શબ્દ ચૂપ રહેવાના અર્થમાં વપરાય છે. અને મૌન એકાદશીનું પર્વ કે તહેવાર, તે જ અપેક્ષાએ છે. મૌન વ્રતને ધારણ કરનારા સુવ્રત શેઠને મૌનથી કેટલો લાભ થયો તે વિચારી લ્યો.

દુનિયાના વ્યવહારમાં પણ વચન ઉપર કાબુ રાખ્યા સિવાય સંસારમાં નભાવી શકાતું નથી, તેમાં કેટલીક વખત સ્ત્રી જેવી જાત કે જેના માટે એવી કહેવત છે કે, 'જીવતી માખી પેટમાં ટકે તો સ્ત્રીના પેટમાં ગુપ્ત વાત ટકે.' અર્થાત્ સ્ત્રીના પેટમાં કોઈ પણ વાત ટકવી મુશ્કેલ છે. તે બીજાને ન કહે ત્યાં સુધી તેને શાંતિ ન વળે. છતાં કેટલીક સ્ત્રીઓ કેવા સંયોગમાં પણ ગંભીરતા અને વચન ઉપર કાબુ રાખી શકે છે, તે માટેનું એક ઉદાહરણ જાણવા જેવું છે.

**રજપૂતાણીની ગંભીરતા અને કુંભારણની કોમળતા.**

એક ગામમાં એક રજપૂતાણીની પડોશમાં એક બ્રાહ્મણનું કુટુંબ હતું. તે બ્રાહ્મણી સાથે રજપૂતાણીને સારો બનાવ છે; એક બીજા પરસ્પર સુખ દુ:ખની વાતો કરી વિશ્વાસુ બની ગયા છે અને બ્હેનપણી તરીકેનો વર્તાવ રાખે છે. બ્રાહ્મણીને કોઈ સમયે ગર્ભ રહ્યો. તેના પ્રભાવથી બ્રાહ્મણીને દારૂ પીવાનો દોહલો થયો. દોહલો પૂરો નથી થતો તેથી બ્રાહ્મણીનું શરીર દિન પ્રતિદિન દુર્બલ પડવા લાગ્યું. રજપૂતાણીએ કારણ પૂછ્યું. પણ દોહલાની વાત બ્રાહ્મણીથી શી રીતે બોલાય? બ્રાહ્મણની જાતને આવો દોહલો થાય તે વાત બહાર પ્રગટ તો કરી શકાય નહિ. છતાં રજપૂતાણી વારંવાર સ્નેહથી આગ્રહથી–પૂછયા કરે છે. બ્રાહ્મણીથી બોલી શકાતું નથી.

છેવટે ખાત્રી આપી કે 'ગમે તેવી વાત હશે. મારા પર વિશ્વાસ રાખ. કદાપિ કોઈને તે વાત કરીશ નહીં.' એમ વિશ્વાસ પામવાથી દોહલાની હકીકત કહી. દોહલો પૂરો ન કરે તો ગર્ભ અને બ્રાહ્મણીના જીવનનો સંદેહ છે; જેથી ગુપ્તપણે રજપૂતાણીએ પોતાના ઘરમાં દારૂ પાઈ દોહલો પૂર્ણ કર્યો, ત્યારપછી શરીર સુધરવા લાગ્યું. બ્રાહ્મણીને પુત્ર થયો. એમ કરતાં વરસો વીતી ગયાં. અને રજપૂતાણીએ કોઈને

પણ આજ સુધી ગંભીરતા રાખી વાત નથી કરી. સ્નેહી, હિતસ્વીઓ એક બીજા પ્રત્યે વિશ્વાસી હોય છે, પરંતુ સંધ્યાના રાગ માફક સ્નેહ એક સરખો કાયમ ટકી રહેતો નથી. રંગમાં ભંગ ક્યારે પડે છે તેનો નિર્ણય નથી.

એક વખત બ્રાહ્મણી અને રજપૂતાણીને ગમે તે કારણે અણબનાવ થયો અને વાત ત્યાં સુધી વધી ગઈ કે એક બીજા ન બોલી શકાય તેવા શબ્દોથી ઘાંટા પાડીને લડવા લાગ્યા. રજપૂતાણી વાળ છૂટા મુકી આવેશમાં બ્રાહ્મણીના ઘરના ઓટલા પાસે આવી ખૂબ બૂમબરાડા પાડી લડવા લાગી. રજપૂતાણીના ભયથી બ્રાહ્મણી ઘરમાં પેસી ગઈ, અને ભય લાગ્યો કે રખેને તકરારમાં પેલી દારૂ પીધાની વાત બોલી નાખશે તો ? તો તે તેને માટે જીવનમરણનો સવાલ છે. આ વખતે રજપૂતાણી પણ સમજી ગઈ કે હવે તે ગભરાઈ છે, એટલે તાડૂકીને કહ્યું કે સાચી હોય તો બહાર નીકળ, બ્રાહ્મણી ? ઘરમાં શું ભરાઈ ગઈ ! એ તો જે કહેવાતું હશે તે કહેવાશે જ ! આમ છતાં રજપૂતાણી સ્ત્રીજાત છતાં જે વાત ગુપ્ત રાખવા માટે આગળ કહેલું તે જાહેરમાં બોલી નથી, પણ ગંભીરતા રાખી.

આવી સ્ત્રીઓ પણ વચન ઉપર કાબુ વ્યવહારમાં રાખી શકે છે. તો પછી આપણે તો મન-વચન-કાયા ત્રણેને ગોપવનારા તો કલ્યાણ માટે વચન ઉપર કેમ સ્વાભાવિક-સહેજ કાબુ ન મેળવી શકીએ ?

વચનમાં અપશબ્દ બોલવાની ટેવ ન પડે. સારા જ શબ્દો બોલવાની ટેવ પાડવી જોઈએ. એ માટે કુંભારણ જેવી ગામડીયણ બાઈનું એક નાનકડું દૃષ્ટાંત આપણને ઉપયોગી છે.

શહેરમાં મેળો ભરાવાનો હતો. નજીકના ગામડામાંથી કુંભારણ ગધેડી ઉપર માટીનાં વાસણો ભરીને શહેર તરફ જાય છે. લગીર સમય થઈ ગયો છે. એટલે ગધેડીને લાકડી મારતી જાય છે, અને 'ચાલ બેન, ચાલ ચાલ બેન, ચાલ' આમ બોલતી જાય છે. જોડે ચાલનાર મુસાફરને નવાઈ લાગી કે ગધેડીને મારતી જાય છે અને બેન કહીને બોલાવે છે. એટલે કુંભારણને પરમાર્થ પૂછયો કે આમ વિરોધી વર્તન કેમ કરે છે ? કુંભારણે કહ્યું કે હું મેળામાં પહોંચીશ

ત્યાં કોઈ શેઠીયાના ઘરની બાઇઓ, ઠાકોરના ઘરની કે એવી બાઇઓ મારો માલ ખરીદ કરવા આવશે. ૫–૧૦ ટકોરા મારશે, ભાવતાલ નક્કી કરશે. એમાં વાંધો બે પૈસાનો પડે, અને કદાચ તે માલ લીધા વગર ચાલી જાય તો તે વખતે હું દૂર દૂરથી અહીં વેચવા આવી; અને ખરીદ ન કરે તો મારો પિત્તો ગરમ થઈ જાય અને ટેવને અંગે ઊંચા નીચા અપશબ્દો બોલાઈ જવાય તો મારો વેપાર થાય નહિ. જો ગધેડી સાથે પણ બોલવાની આવી ટેવ પડી હશે તો ઘરાક સાથે પણ મીઠાશથી વાત કરીશ તો ઘરાક મારો માલ સંતોષથી ખરીદી જશે. આ કારણે સારા શબ્દો બોલવાની ટેવ પાડવા માટે 'ચાલ બેન, ચાલ' એમ ગધેડીને પણ કહું છું.

આપણા બાળકોને ઘણી વખત આવેશમાં ને આવેશમાં કેટલીક વખત મન ન હોય છતાં રાંડ–મુવાં–આંધળાં, તારૂં નખોદ જાય વગેરે અપશબ્દો બોલી નંખાય છે. તે ટેવો બાળકમાં પડવાની. એક વખત અપશબ્દ આવેશમાંથી બોલાય છે, પરંતુ અંતઃકરણમાં તેવાં પરિણામ ન હોય છતાં આકરા શબ્દો બોલેલા હોય તેનાં ફળ બીજા જ જન્મમાં સીધા અનુભવમાં પડે છે, જૂઠું બોલવાથી, બીજાની મર્મ વાતો પ્રગટ કરવાથી, જૂઠું અભ્યાખ્યાન–કલંક–આળ આપવાથી, સીતા માફક ખોટું કલંક ચડે છે, જીભમાં કીડા પડે છે, વાચા મળતી નથી. આવાં કટુક ફળો અનુભવવા પડે છે. તો બને તેટલું મૌન રાખવાની ટેવ પાડવી. બોલવાની જરૂર પડે ત્યારે હિત–મિત–પ્રિય વચન બોલવું. સાચું વચન હોય છતાં બીજાને અપ્રિય લાગે તેવું વચન બોલવા માટે ભગવાન ના કહે છે. એટલું જ નહિ સૌમ્ય–મધુર વચનથી જ પુત્ર–સ્ત્રી–પરિવાર–નોકર વગેરે પાસે કામ કરાવે. મધુર વચનમાં એવી તાકાત છે કે સામા મનુષ્યને કામ કરવાની ઇચ્છા ન હોય છતાં મધુરવચન કામ કરાવી દે.

મહાશતક શ્રાવકની સ્ત્રી રેવતી વાછરડાના માંસ ખાવામાં અત્યંત લોલુપી, મંદિરાપાન કરવામાં આસક્ત વિષયાસક્ત, એટલી બધી કે પોતાની સાત શોક્યોને ઝેર આપી મારી નાખી છે, તે રેવતી કોઇ વખત મહાશતક શ્રાવક રાત્રીએ પૌષધ અંગીકાર કરી કાઉસ્સગ્ગ ધ્યાનમાં

રહ્યા છે, ત્યાં મદિરાપાન કરી આવી વિષયાસક્ત બની પૌષધ વિષે કાઉસગ્ગમાં રહેલા મહાશતક શ્રાવકને અનુકૂળ ઉપસર્ગ કરે છે. મહાશતક શ્રાવકને અવધિજ્ઞાન છે, તેથી ઉપયોગ મૂકી વિચાર કર્યો કે આટલી ક્રૂરતા કેમ કરે છે? દુર્ગતિગામી આત્માને અંતાવસ્થાએ દુર્ગતિનાં ચિન્હો જણાય. 'આજથી સાતમે દહાડે અળસીયાના વ્યાધિથી મરી નરકમાં ઉપજવાની છે' આવાં સત્ય–સાચાં વચન મહાશતકે કહ્યાં, સાચું છતાં કઠોર–ભય ઉત્પન્ન કરનાર હોવાથી ભગવાને મિચ્છામિ દુક્કડં અપાવ્યું છે.

માટે બને ત્યાં સુધી સર્વથા મૌન 'मौनं सर्वार्थसाधनं' અને બોલવાની જરૂર પડે તો શાસ્ત્રાજ્ઞા મુજબ પાપવચન ન બોલાય તેમ ઉપયોગપૂર્વક વચન બોલવું. કોઈની નિંદા ન કરવી. બીજાની નિંદા કરવાથી નીચગોત્ર બંધાય છે. નિંદા કર્યા વગર ન રહી શકાતું હોય તો પોતાના દુર્ગુણોની નિંદા કરવી. દુનિયામાં કહેવાય છે કે પાણી એક ગરણાથી ગાળી પીવું. વચન સાત ગરણાથી ગાળી બહાર કાઢવું. પ્રસંગે આ સર્વ કહેવાયું. આવું સમજી આવા ૧૫૦ ગુણા ફળ આપનાર મૌન એકાદશીની આરાધના કરનાર આ ભવ પરભવ કલ્યાણ માંગલિક માળા પહેરી મોક્ષ સુખનો અધિકારી બનશે.

## મૌન એકાદશી અને ભગવાન નેમનાથજી મહારાજ

पर्वेदं दुर्लभं लोके, श्रीकृष्णादृतं परा ।
कल्याणकौघैर्दीप्तं, यज्जिनानां श्री जिनोदितम् ॥ १ ॥

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનમાં મોક્ષને સાધવાની દૃષ્ટિ મુખ્યતાએ રહેલી છે અને તેથી તે શાસનમાં અહોરાત્ર, પાક્ષિક; ચાતુર્માસિક કે સંવત્સરીની પ્રતિબદ્ધ ક્રિયાઓ જે જે જણાવવામાં આવેલી છે તે તે કેવલ આત્માની દૃષ્ટિએ અને કેવલ મોક્ષની પ્રાપ્તિ

માટે જ કહેવામાં આવી છે અને કરવામાં આવે છે અને જેવી રીતે અહોરાત્ર ચર્યા વગેરે આત્માની દૃષ્ટિએ અને કેવલ મોક્ષની પ્રાપ્તિ માટે કહેવામાં આવી છે અને કરવામાં આવે છે. તેવીજ રીતે જ્ઞાન-પંચમી આદિ પર્વોની આરાધના પણ જૈનશાસનમાં આત્માની દૃષ્ટિએ અને મોક્ષની પ્રાપ્તિ માટે જ છે. આ રીતિની સાથે જૈન શાસનમાં તહેવારો પણ આત્મની દૃષ્ટિએ અને મોક્ષપ્રાપ્તિ માટે જણાવવામાં આવેલાં છે.

શાસ્ત્રોમાં જણાવેલા તહેવારોમાં **મૌન એકાદશી** નામનો તહેવાર કોઈક જુદી રીતે જ વર્ણવવામાં આવેલો છે. જ્ઞાનપંચમી આદિ તહેવારોની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિ જ્યારે જ્ઞાનાદિકની વિરાધનાથી થયેલાં દુઃખો અને અંતરાયો દૂર કરવા માટે થયેલી છે, ત્યારે આ મૌન એકાદશીનો આવિર્ભાવ ત્રણ ખંડના માલિક ક્ષાયિકસમ્યક્ત્વને ધારણ કરનાર મહારાજા કૃષ્ણજીને અંગે થએલો છે. હકીકત એવી છે કે– મહારાજા કૃષ્ણ જરાસંધના ભયથી મથુરા અને વૃન્દ્રાવન જેવા અસલ નિવાસસ્થાનોને છોડી દઈને દક્ષિણ સૌરાષ્ટ્રમાં આવ્યા અને લવણસમુદ્રના અધિષ્ઠાતા દેવતાની આરાધના કરી (હાલ કોડીનાર નામે ગામ છે.) ત્યાં દેવલોકોને ટક્કર મારે એવી દ્વારિકાનગરી વસાવવાને માટે શક્તિસંપન્ન થયા.

પછીથી તે દ્વારિકાનગરીની દિનપ્રતિદિન જાહોજલાલી વધતી જ ચાલી. તે દ્વારિકાનગરીની એ રીતે વૃદ્ધિ દેખાવા સાથે તે દ્વારિકાનગરીના નાશની કલ્પના કોઈપણ પ્રકારે બુદ્ધિમાં આવી શકે તેવી નહોતી, અને તે ન આવવાથી ભગવાન્ શ્રી નેમનાથજી મહારાજ પાસે તે દ્વારિકા-નગરીના નાશનો પ્રશ્ન શ્રી કૃષ્ણમહારાજ તરફથી થયો. જગતમાં જાણવામાં આવેલો ગ્રહ જેમ પીડા ન કરી શકે તેવી રીતે દ્વારિકાનગરીના નાશનાં કારણો જાણવામાં આવે તો તેનો હું વિરોધ કરી શકું. એ ધારણાથી કરેલા દ્વારિકાના નાશના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન નેમનાથજી મહારાજે દારૂ, દ્વૈપાયનઋષિ અને શાંબકુમાર વગેરેના ઇતિહાસને જે ભવિષ્યમાં બનવાવાળો હતો તે જણાવ્યો. એ ઇતિહાસને સાંભળી કૃષ્ણમહારાજે સંસારની અનિત્યતા જાણીને પોતાના સમગ્રદેશમાં

પડહો બજાવીને જે કોઈ પોતાના આત્માનો સંસારથી ઉદ્ધાર કરવા દીક્ષા લે તેને સમગ્ર પ્રકારે મદદ આપવાનું જાહેર કર્યું. એ પડહાના પ્રતાપે હજારો પ્રાણીઓ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તૈયાર થયા. તે વખતે કૃષ્ણમહારાજને પોતાના આત્માના ઉદ્ધારની પણ ચિંતા ઝળહળતી થઈ ગઇ અને ભગવાન નેમનાથજી મહારાજને પોતાના આત્માના ઉદ્ધારને માટે ઉપાય બતાવવાની વિનંતી કરી. ત્યારે ત્રિલોકનાથ ભગવાન નેમનાથજી મહારાજે તેમને આ **મૌન એકાદશી**ની આરાધનાનો ઉપદેશ કર્યો અને આ મૌન એકાદશીની આરાધના સુવ્રત નામના શેઠે કેવી અદ્વિતીય રીતે કરી હતી તે સવિસ્તર જણાવ્યું.

ધ્યાન રાખવું કે-જૈન શાસનમાં ચોવીસે તીર્થંકર મહારાજનાં શાસનો આત્મદૃષ્ટિએ મોક્ષની પ્રાપ્તિ માટે જ યોજાયેલાં છે અને તેથી જ અન્ય તીર્થપતિઓના શાસનમાં પ્રવર્તેલા તહેવારો અને પર્વો પણ અન્ય અન્ય તીર્થપતિઓના શાસનમાં પ્રવર્ત્તે છે. જેવી રીતે પરમ પવિત્ર સકલતીર્થમાં શિરોમણિરૂપ શ્રી સિદ્ધગિરિજીનો મહિમા ભગવાન્ ઋષભદેવજી મહારાજના શાસનથી પ્રવર્તેલ છે, છતાં સર્વતીર્થંકરોનાં શાસનમાં ચાલ્યો. વળી રોહિણી તપનો મહિમા વાસુપૂજ્યસ્વામીના શાસનમાં પ્રગટ થયેલો, છતાં બધા પ્રભુનાં શાસનમાં ચાલુ રહ્યો, તેવી રીતે આ મૌન એકાદશી પર્વ, ભગવાન્ નેમનાથજી મહારાજના શાસનમાં પ્રગટ થયેલું છે, છતાં તેનો મહિમા ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં પણ પ્રવર્તેલ છે. શાસ્ત્રોમાં કોઇ પણ તીર્થંકરોનાં જન્માદિક કલ્યાણકોમાંથી એક કલ્યાણકવાળો દિવસ પણ પવિત્ર તરીકે માનવામાં આવે છે, તો પછી આ મૌન એકાદશીનો દિવસ કે-જે દિવસે ત્રણે કાળનાં દશે ક્ષેત્રનાં કલ્યાણકો એકઠા કરવાથી ૧૫૦ કલ્યાણકો થઈ જાય છે તે દિવસ કેટલો પવિત્ર ગણાય? ધ્યાન રાખવું કે–બાર માસની બાકીની ત્રેવીશ અગીઆરસોને દિવસે જ્યારે ત્રણે કાલનાં અને દશે ક્ષેત્રનાં મળીને માત્ર દોઢસો જ કલ્યાણકો આવે છે! ત્યારે આ મૌન એકાદશી જેવી એકલી એક પવિત્ર તિથિમાં જ દોઢસો કલ્યાણકો આવે છે. આથી ભગવાન્ નેમનાથજી પ્રભુએ કૃષ્ણમહારાજની માગણી મુજબ સર્વ દિવસોમાંનો આ એક દિવસ દીઠો અને તે આરાધના

માટે તેમને જણાવ્યો. આ કારણથી જૈન લોકોમાં કિંવદન્તી ચાલે છે કે–મૌન એકાદશીનું જે ધર્મકાર્ય તે એક છતાં પણ દોઢસોગુણા કરીને દેવાવાળું છે. આ સર્વ હકીકત ધ્યાનમાં લઈને ધર્મિષ્ઠ પુરુષોએ વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપવાસ અને જપમાળાદિક ગણવા વગેરેથી આ પર્વનું અવશ્ય આરાધન કરવું જોઈએ.

# પોષીદશમી દેશના

## (પાર્શ્વનાથ ભગવાન જન્મકલ્યાણક)

जीयात् फणिफणप्रांतसंक्रांततनुरेकाद ।
उद्धर्तुमिव विश्वानि, श्रीपार्श्वो बहुरूपभाक् ॥ અષ્ટા૦ સા૦ શ્લો૦ ૪॥

**આત્મોન્નતિ માટે જૈન તહેવારો**

મહાનુભાવો ! અન્ય સર્વ દર્શનો કરતાં જૈન દર્શનની વિશિષ્ટતા દેવતાની નિષ્કલંકતાનો લીધે, ગુરુના મહાવ્રતપણાને લીધે, ધર્મની દયામૂલક ધર્મને લીધે, સહેજે અનુભવી શકાય છે. તેમાં તહેવારો જે જૈનોમાં રાખ્યા છે, તેમાં ખુદ જિનેશ્વરોના વૃત્તાંતોને ધ્યાનમાં લઈ આત્માને ઉન્નતિની દશાએ પહોંચાડે તેવા જ તહેવાર રાખ્યા છે. અન્ય મતના તહેવાર જુગાર, ખાનપાન, મોજમજા, ઘરેણાંગાંઠાંને મહત્વ પદ આપે છે, અથવા તેઓના ઉપયોગને માટે એઓએ તહેવાર કરેલા છે, જ્યારે જૈન દર્શનમાં તહેવાર પણ ત્યાગ માટે જ કર્યો છે.

**એકસો વીસે કલ્યાણકો આરાધ્ય છે.**

બીજાઓમાં માત્ર વિષ્ણુ આદિ એક દેવતાના વ્યક્તિગત જ તહેવારો છે, પોતાના જ તહેવાર પ્રવર્તાવવામાં આવ્યા છે. જ્યારે જૈન દર્શનમાં એકલા મહાવીરને નામે તહેવાર નથી. ચૈત્રી પુનમ તેમજ અખાત્રીજ સાથે મહાવીરને કશો સંબંધ નથી. વિચારીશું તો અનેક તીર્થંકરને લીધે, નહીં કે એકલા મહાવીર મહારાજના જ જૈનોએ તીર્થંકરનાં કલ્યાણકો આરાધવાનાં રાખ્યાં. એકલા મહાવીરનું કલ્યાણક આરાધી કૃતાર્થપણું નથી માન્યું. સમગ્ર તીર્થંકરોનાં કલ્યાણકો આરાધવાની શક્તિ ન હોય ને એક તીર્થંકરનું કલ્યાણક આરાધો તો જુદી વાત.

**આરાધના અને આરાધ્યતા.**

આરાધના અને આરાધ્યતા જુદી જુદી ચીજ છે. આરાધના શકિત ઉપર આધાર રાખે છે; આરાધ્યતા શ્રદ્ધા ઉપર આધાર રાખે છે. આરાધ્યતા સર્વ આરાધ્યને અંગે હોવી જોઈએ સર્વ તીર્થંકરના કલ્યાણકો આરાધ્ય તો છે. આપણે એકલા મહાવીરની આરાધના કરી શકીએ તે બધો આધાર શકિત ઉપર, પણ આરાધન કરવા લાયકપણું બધામાં રહેલું છે. ઋષભદેવનાં તેમજ અજિતનાથનાં પાંચ કલ્યાણક આરાધનીય છે. આરાધના ભલે એકની કે પાંચની કરીએ પણ આરાધ્યતા એ શકિત ઉપર આધાર રાખતી નથી, એ શ્રદ્ધા ઉપર રાખે છે. તેથી ચોવીસ તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણક આરાધવા લાયક ગણીએ છીએ.

## એકની આરાધના, પણ આરાધ્યતા–બુદ્ધિ બધાની હોય

આરાધના ન કરીએ તેથી આરાધ્યતા ઊડી જતી નથી. ફલાણો રાજા ફલાણું પદ આરાધી મોક્ષે ગયો. આરાધ્યતામાં એકની આરાધ્યતા માનો તો મિથ્યાત્વમાં જાઓ. આરાધના ભલે એકની કરો. બીજા આરાધ્ય નથી તેમ માનો તો મિથ્યાત્વમાં જાઓ. આરાધનાનો આધાર શકિત ઉપર છે, આરાધ્યતાનો આધાર શ્રદ્ધા ઉપર હોવાથી ૧૨૦ કલ્યાણક આરાધ્ય ગણે, છતાં આરાધના માત્ર મોક્ષ કલ્યાણકની કરે. જેમ દીક્ષા કલ્યાણકની આરાધનામાં તમે તીર્થંકરે દીક્ષા લીધી તે તે તપ તેમની દીક્ષાને અંગે કરો તો તે તીર્થંકર દીક્ષા તપ કહેવાય, તેમ નિર્વાણાદિકના તપ પણ સમજવાં.

**કલ્યાણકની આરાધનામાં જઘન્યથી એકાસણું તો જોઈએ જ.**

હરિભદ્રસૂરિ પંચાશકમાં ખુલ્લા શબ્દોમાં જણાવે છે કે ગર્ભમાં 'ચ્યવન' કલ્યાણક વખતે, જન્મ 'કલ્યાણક' વખતે તો તપસ્યા હોતી નથી. તીર્થંકર માત્ર જે દેવલોકાદિથી ચ્યવી આવે તે વખતે જન્મે તે વખતે તપસ્યા હોતી નથી. (तित्थयरणिग्गमाई सव्वगुणवसाहणं तवो होइ। पंचा. गा. १०२ तीर्थंकर निर्गमादि येन तपसा तीर्थंकरा निष्क्रान्ताः,आदिशब्दात्तीर्थंकर ज्ञाननिर्वाणादिग्रहः, पंचा०टी०गा०९०१, सप्तसप्तमिकादिचतुष्टयकल्याणकादितपसामागमप्रसिद्धानां ग्रहः, पंचा०टी०गा०९२८), છતાં શાસ્ત્રકારોએ ત્યાગનું ધ્યેય રાખેલું હોવાથી

કલ્યાણકનું આરાધન ખાઈને ન રાખ્યું, પણ એકાસણું તો ઓછામાં ઓછું કરવું એમ રાખ્યું. ચ્યવન તેમજ જન્મને વખતે એકાસણું નથી, તો પણ તીર્થંકરનું આરાધન ત્યાગ માટે છે, તેથી જઘન્યમાં જઘન્ય દરેક તીર્થંકરના કલ્યાણકે એકાસણું તો રાખ્યું છે. (च्यवनं जननं दीक्षा, ज्ञानं निर्वाणमित्यहो। अर्हतां कल्याणकानि, सुधीराराधयेत्तथा ॥१३॥ एकस्मिन्नेकाशनकं, द्वयोर्निर्विकृतेस्तपः। त्रिष्वाचाम्लसपूर्वार्द्धं, चतुर्षूपोषितं सृजेत् ॥ १४ ॥ सपूर्वार्द्धमुपवासं, पुनः पंचसु तेष्विति। पंचभिर्वत्सरैः कुर्यात्तानि चोपोषितैः सुधीः॥ आचारोप० व० ५ श्लो० १५ ॥, उववासो आंबिलयं निव्वियं इक्कोय दो य तेरस उ। एकासणा य चुलसीइ कल्लाणं होइ तवसंखा ॥ ४५१ ॥ मुणि तेरस दस चउदस पन्नरस तेरसेव सत्तरस। दस छ नव चउ दो तह कत्तियाइ कल्लाणय जिणाणं ॥ ४५२ ॥ विचा० सा०)

તીર્થંકર–૨૪×કલ્યાણક ૫=૧૨૦ કલ્યાણક.

$$\left\{ \begin{array}{l} \text{તપદિન } -1+2+13+84=100 \\ \text{કલ્યાણક } 4+6+26+84=120 \end{array} \right\}$$

૭+૧૩+૧૦+૧૪+૧૫+૧૩+૧૭+૧૦+૬+૯+૪+૨=૧૨૦ કાર્તિક આદિ માસના ક્રમે કલ્યાણકો.

**મનુષ્યમાં ને ઢોરમાં વિવેકથી જ ભેદ છે.**

ઢોરનો સ્વભાવ છે કે આગળ ધરો, તો મોં ધરે, મળે ત્યારે ખાવું. આપણે મનુષ્ય છતાં એ દશા, તો મનુષ્યપણામાં ઢોર કરતાં કયું ઓછું છે? ઢોરમાં ને મનુષ્યમાં વિવેકનો ફરક કહેવાય તેનો ઉપયોગ ક્યાં થયો? જેમ કોલસામાં ને હીરામાં ફેર માત્ર તેજનો છે. જઘન્યમાં જઘન્ય ઉપવાસ, આયંબિલ કઠણ પડે તેથી એકાસણું દરેક કલ્યાણકને અંગે નિયમિત કર્યું.

**પોષી દશમ.**

આજે તહેવારનો દિવસ શાથી છે? આજના દિવસને 'પોષી દશમ' કહીએ છીએ. શાથી? આપણે ત્યાં કૃષ્ણ પક્ષે મહિનાની સમાપ્તિ થાય ત્યારે બીજા દેશોમાં (મારવાડ આદિમાં) અને શાસ્ત્રોમાં શુક્લ પક્ષે સમાપ્તિ થાય. માગસર સુદ ૧૫મે માગસર મહિનો પૂરો. આપણે ત્યાં અંધારા પખવાડિયાની સમાપ્તિ એ મહિનાની સમાપ્તિ. આપણી અપેક્ષાએ આજે માગશર વદ દસમ છે. શાસ્ત્રની, જ્યોતિષની અને બીજા

દેશોની અપેક્ષાએ માગશર સુદ પુનમે મહિનો પૂરો થયો તેથી આપણી માગશર વદી એકમને તેઓ પોષ વદી એકમ કહે છે. એ હિસાબે માગશર વદ દશમ, શાસ્ત્રોની અને અન્ય દેશવાળાની પોષ વદી ૧૦ છે. ભગવાન પાર્શ્વનાથજીનું જન્મ કલ્યાણક હોવાને લીધે આજનો દિવસ કલ્યાણક તરીકે ગણીએ છીએ. આપણે ૨૪ તીર્થંકરને માનનારા હોવાથી તેમને જન્મના દિવસને કલ્યાણક તરીકે ગણીએ છીએ.

**આત્મકલ્યાણ માટે પાર્શ્વનાથ ભગવાનનું આલંબન.**

જેમ મેરુ તેરસ આદીશ્વર ભગવાન 'નિર્વાણ' કલ્યાણક, ચૈત્ર સુદી ૧૩ શાસનપતિ 'જન્મ' કલ્યાણક, તેમ પોષ વદી ૧૦ને પાર્શ્વનાથ ભગવાનનું 'જન્મ' કલ્યાણક ગણી જ્યારે આરાધના કરવા તૈયાર થઈએ ત્યારે પાર્શ્વનાથજીની ઉત્તમતા જરૂર મગજમાં આવવી જોઈએ. ભગવાન પાર્શ્વનાથજી એ પણ આપણા જેવા જ જીવ; પણ એ જીવે જે પોતાના આત્માની શુદ્ધિ કરી, તે લાઈન તપાસીએ તો માલૂમ પડશે કે એ શુદ્ધિની લાઈને આપણા આત્માને લઈ જઈએ તો આપણા આત્માને નિર્મળ કરી શકીએ.

**પાર્શ્વનાથ ભગવાનના જીવ મરુભૂતિનો પરિણામ.**

તેમની ક્ષમાગુણની હદ અદ્વિતીય હતી. દુનિયાદારી સ્થિતિએ ક્ષમા સહન ન થાય તો બીજી દૃષ્ટિએ સહન થાય કેમ ? પહેલા ભવમાં ઉપદ્રવ કરનાર કમઠ અને મરુભૂતિ બન્ને ભાઈઓ હતા. પાર્શ્વનાથજીનો જીવ મરુભૂતિ. કમઠનો જીવ ત્યાં પણ કમઠ નામે હતો. બન્ને સગા ભાઈઓ હતા. કમઠની કુટિલતાએ પાર્શ્વનાથજીના ઘરે ખરાબ પ્રવૃત્તિ કરી. મરુભૂતિએ રાજાને જણાવ્યું. તે ડરથી કમઠ તાપસ થયો. ગૂનેગાર કમઠ તાપસ થયો. મરુભૂતિને વિચાર આવ્યો કે તેના કર્મથી તેનો આત્મા ડૂબ્યો, મર્યો. મરેલાને મારવો તે સજ્જનને શોભતું નથી. માટે હું તેને ખમાવવા જાઉં. દુનિયાદારીની દૃષ્ટિએ તેનાં હાડકાં ઉપર પણ થૂંકે નહિ, તે જગ્યાએ ખમાવવા જાય છે. પેલો શિલા લઈ તપસ્યા કરે છે.

**મરુભૂતિનું કમઠને ખમાવવું.**

મરુભૂતિ ખમાવવા આવે છે. સીધી શિલા તેના ઉપર ફેંકે છે. આ વખતે મરુભૂતિના પરિણામ કેવા હોવા જોઈએ ? ગૂનેગાર ઊલટો

શિલા મારે છે. વિચારો, તે વખતે શિલા પડતાં પવિત્રતા રાખી શક્યો, તે કઈ સ્થિતિનો આત્મા ! અધમ તો ગૂનો કરનાર. પવિત્ર મનુષ્ય ખમાવા જાય છે. તેમાં અપવિત્ર શિલા નાંખી મારી નાખે છે. આ વખતે સમતાનો અંશ પણ ટકી શકે ? તો પણ ત્યાં સમતા ટકાવી. તો પણ કમઠના મનમાં રહેલું વેર ભવોભવ ચાલ્યું. આ એકપક્ષી વેર છે. પોતે ખમાવવા ગયો છે. વગર ગૂને ખમાવવા ગયો છે. એક જ પક્ષી વેર છે. બીજે બધે તો રહ્યું પણ યાવત્ તીર્થંકરના ભવમાં પણ કમઠ વેર છોડતો નથી. એ ક્ષમાનો દરિયો પાર્શ્વનાથનો જીવ તે ભવમાં પણ ક્ષમાવાળો છે. ભગવાન પાર્શ્વનાથના ભવમાં જ્યારે સંસારીપણામાં પણ તે સ્થિતિના હતા.

गतानुगतिको लोकः

મનુષ્યોનો વિચાર એ પ્રવૃત્તિની જડ છે, પણ વિચારની જડ પરિવાર છે. ચારે બાજુનો પરિવાર અનુકૂળ હશે તો વાતાવરણ અનુકૂળ થશે. તેમાં વિચારો અનુકૂળ જ આવશે. વાતાવરણ પ્રતિકૂળ હોય તો ચારે બાજુનું વાતાવરણ પ્રતિકૂળ જ હોય. જેને વિચારનું ધોરણ કુટુંબવાતાવરણ ઉપર નથી તો પરિવાર ઉપર જેને આધાર હોય તેને પરિવાર કેવો સુંદર જોઈએ ? કમઠ તપ કરે છે. લોકો વંદન કરવા જાય છે. લોક એવો અજ્ઞાન વર્ગ છે કે જેને ઊંડી તપાસ હોતી નથી. બધા લોકો બહાર જાય છે. 'તપસ્વી' એમ કહેતા લોકો પૂજવા ગયા છે.

"गतानुगतिको लोको न लोकः पारमार्थिकः

તત્ત્વ વિચારણા કરનાર લોક હોતા નથી. પાર્શ્વનાથજી નોકરને પૂછે છે કે, 'સમગ્ર લોકો ક્યાં જાય છે ?' તો કહે છે કે 'પંચાગ્નિ તપ કમઠ કરે છે, તેના દર્શન માટે જાય છે, ભગવાન ત્યાં આવે છે. લોકો આને શાથી વખાણે છે ? પંચાગ્નિ તપથી, પણ આમાં સંજ્ઞી પંચેન્દ્રિય બળી જાય છે તેને કોઈ દેખતું નથી. 'ફાટેલ બોખમાં નાખેલ પાણી ઊતરી જાય, તેમ લોકના હાથમાં તત્ત્વ આવે તો પણ સરકી જાય. લોક તત્ત્વ જાણે નહિ. પંચાગ્નિ તપ કરે, પણ આ બિચારા જીવની શી વલે થાય છે ?

**પાર્શ્વનાથનો ધર્મિષ્ટ પરિવાર.**

તાપસ સાથે ખુલાસો કરે છે. બળતો નાગ નીકળે છે. સેવકને નવકારનો હુકમ કરે છે. વિચારો, સેવકો નવકારમાં લીન કેવા હોવા જોઇએ! પાર્શ્વનાથજીનો સમગ્ર પરિવાર-નોકર નવકાર ન જાણતો હોત તો તે જ નવકાર નોકર સંભળાવત ક્યાંથી? એ દશા ન હોત તો સંભળાવત નહિ. બીજી બાજુ ઝેરી જાનવર ભલે, તે બળવાથી સહેજે નરમ થયું છે, પણ છે તો ઝેરી. તેને નવકાર સંભળાવવાની તાકાત-નોકરની તાકાત કેટલી હશે? મરી ગયા પછી નવકાર સંભળાવાતો નથી. જીવતું ઝેરી જાનવર હોય તેને નવકાર સંભળાવવો—જાનવરને આરાધના કરાવવા માટે કેટલી લાગણી હોવી જોઈએ? આપણે મનુષ્યને આરાધના કરાવવામાં મોં મચકાવીએ છીએ.

**લાખે એક ન પમાય પણ આરાધના કરાવાય.**

આ ઝેરી જાનવરને આરાધના કરાવે છે. ઝેરી જાનવરને આરાધના કરાવવાનો વિચાર શી રીતે? સાપ કહેવા આવ્યો ન હતો કે 'મને નવકાર સંભળાવવા આવો.' આરાધનાને લાયકની જાત નથી, છતાં પામી ગયો. જે ઝેરીલી જાતમાં લાખમાં પણ એક ન પામે તેવી દશામાં એમ આરાધના કરાવવી તે કઈ દશાએ? આપણે બે વખત, ચાર વખત કોઈ કામમાં નિષ્ફળ થઈએ તો 'શિર જાય તો કબૂલ પણ એ નહિ.' અહીં પાર્શ્વનાથજીએ એવી દશામાં લાકડું ચીરી કઢાવ્યું.

**જીવ બચાવવો તે કર્તવ્ય.**

જીવ બચાવવામાં પાપ માનનારા એમના હિસાબે પાર્શ્વનાથજીએ મોટું પાપ કર્યું. ઝેરીલાને બચાવવો એટલે જીવીને શું કરવાનો છે તે બધા સમજો છો! પંચેન્દ્રિય હત્યા સિવાય બીજો ધંધો તેને છે? સમગ્ર પરિણામે સર્વ દિવસોએ પંચેન્દ્રિય હત્યા કરનારો, ૧૮ પાપસ્થાનક સેવનારો! એવાને પાર્શ્વનાથજીએ બચાવ્યો. ભૂલ કરી. એમના કુળમાં રિવાજ પડ્યો ક્યાંથી કે ભૂલ થઈ! બીજાના કુળમાં સાપ દેખે તો ડંગોરો લઈ નીકળે. તેમને સાપ હોય તો પણ બચાવવો તેવો કુળમાં સંસ્કાર પડ્યો ક્યાંથી? ભૂલ સમજ્યા વગર ભૂલ કહેવાય કેમ? સમકિતી છે. ઉપકાર જાણ્યો છે. પ્રમાદથી થયો નથી. ધારીને કર્યું છે. તો સમકિતીની ભૂલ કહેનાર મિથ્યાત્વી. મૂળ વિચારો. આવા

ઝેરીલા પંચેન્દ્રિયની હત્યા કરનારો એવાને પણ આરાધના કરાવવી તે કર્તવ્ય ગણ્યું. તેવી બીજાની આરાધના માટે કેટલા કટિબદ્ધ થાય?

**દયાના દુશ્મનોએ લેવું જોઈતું દયાનું દષ્ટાંત.**

ભગવાન મુનિસુવ્રતસ્વામી ૬૦ જોજન રાતોરાત ચાલી આવ્યા. એકની આરાધના માટે મનુષ્યે કેટલું કરી છૂટવું જોઈએ? સાપ સરખા માટે આરાધનાની સંભાવના કરે છે; તે વિચારવાનું છે.

**અગ્નિ કરતાં પાણીનો ઉપદ્રવ ભયંકર છે.**

તે ધરણેન્દ્ર બને છે. કાઉસ્સગ્ગ ધ્યાને પાર્શ્વનાથજી રહ્યા છે. બિનગુનેગાર એવો જીવ છોડી નીકળ્યો છે, તે વખતે પણ ઉપદ્રવ. અગ્નિ કરતાં પાણીનો ઉપદ્રવ ભયંકર છે. અગ્નિને ઓલવવાનું અને તેનાથી ખસવાનું સ્થાન છે. પાણીનો ઉપદ્રવ એવો કે ખસવાનો, નાશવાનો ઉપાય નહિ; તે માટે નીતિકારોએ એ ઉપદ્રવ ભયંકર ગણ્યો છે.

**કમઠનો ઉપસર્ગ.**

તે ઉપદ્રવ અહીં કરે છે. વિચારો! પાણી વરસાવે છે. ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાનમાં છે. પાણીની સૂંઢ ભલભલા સોલ્જરને ભારે પડે છે. એ સૂંઢનો મારો કાયરને હેરાન કરવા માટે કરાય છે; તેમ ભગવાનને હેરાન કરવા માટે વરસાદ શરૂ કર્યો. લશ્કરને આગળ વધવું–બેલ્જિયમને આગળ વધવું મુશ્કેલ પડ્યું.

**અડગ સમતા.**

પાર્શ્વનાથજીને નાક સુધી પાણી આવે છે તોપણ સમતામાં રહ્યા છે. આવા વરસાદનાં છાંટણાં આગળ પણ સમતાનો ભંગ થતો નથી, કાઉસ્સગ્ગનો ભંગ થતો નથી. પાર્શ્વનાથ ભગવાનની પહેલા ભવની સમતા અને છેલ્લા ભવની સમતા–તે ધ્યાનમાં રાખીએ તો તે સમતાનો સાગર. એ મહાપુરુષ જે સમતા રાખે છે તે દુનિયાની અપેક્ષાએ ગેબી છે. તેમ મદદ પણ ગેબી હાજર જ હોય છે. મદદે કોણ આવે છે? કયો? ઝેરીલો. ૧૮ પાપ સ્થાનકીઓ, કેમ? એ જ જીવ કે જે નાગ, લાકડામાંથી બચાવ્યો હતો, જે પંચેન્દ્રિયની હત્યા કરનારા ગણતા હતા. આરાધના પામેલો એ જ જીવ.

**તીર્થંકરો બીજાની મદદની અપેક્ષા વગરના છે.**

પાર્શ્વનાથજી મહારાજે એક રૂંવાડે એ વિચાર્યું નથી: 'કોઈ આવો' તીર્થંકરો મદદની આકાંક્ષા કરતા જ નથી. કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે, તે જ્ઞાન આપબળે જ ઉત્પન્ન કરે છે. બીજા આવે તે જુદી વાત પણ પોતે આકાંક્ષા ન કરે, અહીં આવા વખતે કોઈની મદદની આકાંક્ષા ન કરે. તે કઈ સ્થિતિના પુરુષ? દેવતાઈ ઉપદ્રવ હોય તો પણ બચવા માગતા નથી. તેમજ બચાવ માટે સાધન પણ લેવા માગતા નથી. બચવાનાં સાધનો ન માગે, બચાવ કરો તેવી આકાંક્ષા ન કરે, તે આત્મા કઈ સ્થિતિનો હોય?

**ભક્તની ભક્તિ.**

ભકત થતાં લગીર ધ્યેય લક્ષમાં રાખવું કે આપણી સ્થિતિ કયી હોવી જોઇએ? ઉપર પાણી ન આવવા દેવું તે માંટે ઉપર ફણા રાખી અને નીચે કુંડળી ઉપર ભગવાનને લઈ લીધા. ફણાથી ઉપર આચ્છાદન કરે છે. આ બધી દશા ખ્યાલમાં લેવડાવવા ઉપાધ્યાયજી કહે છે કે એવા પાર્શ્વનાથજી તમારૂં રક્ષણ કરો.

**ફણામાં પ્રતિબિંબ**

ફણી નાગેન્દ્ર તેની ફેણો ચકચકતી ચાટલા જેવી હોય તો ચકચકતામાં પ્રતિબિંબ પડે. ચકચક થાય તો પ્રતિબિંબ પડે. તે સાત ફણા ચકચક થઇ રહેલી છે; તેમાં પ્રતિબિંબ પડયું. ઉપાધ્યાયજી કહે છે કે પાર્શ્વનાથને કબજામાં લેવાની નાગની શી તાકાત કે તે કબજામાં લે? પણ પાર્શ્વનાથનું શરીર ફેણમાં સંક્રમી ગયું, દેખાવા લાગ્યું, એટલે દેખનારને સાત પાર્શ્વનાથ લાગે. મૂળ પાર્શ્વનાથજી ઢંકાઇ ગયા.

**સાત સ્વરૂપ સાત જગતનો ઉદ્ધાર કરવા?**

પાર્શ્વનાથજીએ સાત રૂપ કર્યાં. તેમને સાત રૂપ કરી કામ કામ શું હતું? એ બહુરૂપી શું કરવા થયા? તેનું કારણ એ છે કે બીજાઓ સાત ભુવન માને છે (भूर्भवः स्वर्महश्चैव, जनश्च तप एव च । सत्यलोकश्च सप्तैते, लोकास्तु परिकीर्तिताः ॥१॥ विष्णुपुराणम्), સાત વિશ્વ મનાય છે, તેથી 'उद्धर्तुमिव विश्वानि' 'એક રૂપે એકનો ઉદ્ધાર થશે, માટે સાતેનો સાથે ઉદ્ધાર કરવો છે તેથી સાત રૂપ કરૂં' આખા જગતનો

ઉદ્ધાર કરવો હોય તે માટે પાર્શ્વનાથજી ભગવાન ઘણા રૂપવાળા થયા, સાતે વિશ્વનો–ભુવનનો એકી સાથે ઉદ્ધાર કરવા સાત રૂપ ધારણ કરનાર સમતાના સાગર, તમારું રક્ષણ કરો. એવા ભગવાનનું આજે કલ્યાણક છે. તેથી તે દ્વારા જે આરાધના કરશે તે આ ભવ પરભવ કલ્યાણ કરી મોક્ષસુખને વિષે વિરાજમાન થશે.

# ચરમ શાસનપતિ મહાવીર દેવ

## જન્મ કલ્યાણક દેશના

સંવત ૧૯૯૦ ચૈત્ર સુદિ ૧૩, રાજકોટ

कल्याणपादपारामं, श्रुतगङ्गाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं वन्दे श्रीज्ञातनन्दनम् ॥ परि०प०

મહાનુભાવો ! આજનો વિષય આસન્નોપકારી પ્રભુ શ્રી મહાવીર જન્મકલ્યાણકનો દિવસ છે.

"જયંતી" શબ્દથી થતું નુકશાન.

ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કે કેટલાક આવા પ્રસંગોને "જયંતી" શબ્દથી સંબોધે છે; તેને માટે મારે જણાવવું પડે છે કે– 'તેઓની મહોરને પૈસો દેખાડવો' અગર કહેવો એવી તેમની અક્કલની ખૂબી દેખાય છે, નહિતર જે દિવસ નારકીને પણ સુખ કરનાર તરીકે વખણાયેલછે, જે દિવસ ચૌદે રાજલોકને શાંતિ કરનાર તરીકે છે. (चउहिं ठाणेहिं लोउज्जोते सिता, तं० अरिहंतेहिं जायमाणेहिं०, स्था०, सू० ३२४ नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु । वीत० स्तो प्र० १० श्लो० ७; तत्र कल्याण पर्वसु गर्भावतारजन्मनिष्क्रमण ज्ञाननिर्वाणोत्सवेषु तावदासतां संभाव्य सुखसुभवा: सुरनरादयः किंतु दुर्वारदारुणवेदनोदयार्दिता नारका अपि मोदन्ते सुखलवानुभवनेन मुदमुद्वहन्ति । वीत० स्तो० टी० पृ० ८० ). જે દિવસ સામાન્ય કેવલી, ગણધરો, શ્રુત કેવલી આદિ અંગે ન હોય, ફક્ત તીર્થંકરોને જ અંગે હોય, તેવો કલ્યાણક દિન શબ્દ છોડી જયંતી કે જે દેશનેતા દાદા આપની પણ ઉજવાય છે, હિંદુ યા મુસલમાનો પણ ઉજવે છે, તે સર્વ

સાધારણ 'જયંતી' શબ્દને અહીં મૂકવો ને પેલો 'કલ્યાણક' શબ્દ ભૂલી જવો કે ખસેડી નાખવો એ ઉચિત લાગતું નથી.

**અજ્ઞાનથી વપરાયેલો શબ્દ નુકશાનકારક છે.**

જો કે ઇરાદાપૂર્વક તમો તીર્થંકરના અપમાન તરીકે કરતા હોય એમ તો હું ન કહી શકું. પણ એટલું તો સ્પષ્ટ કહું કે–અજ્ઞાન કે અણસમજણથી વપરાયેલ શબ્દ નુકશાનકારક છે, માટે આ ધ્યાનમાં રાખજો કે આવા પવિત્ર દિવસને 'કલ્યાણક' શબ્દથી બોલવામાં ચૂકશો નહિ.

**કલ્યાણકનો મહિમા**

જે કલ્યાણકનો દિવસ એટલે બધો પવિત્ર છે જેને અંગે ઇન્દ્રોના સિંહાસનો પણ ડોલાયમાન થાય છે, (एत्थंतरे सोहम्मक प्पाहिवइस्स सक्कस्स सीहासणं चलइ, महा० गुण० पृ० ११७) અને જેને અંગે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ પણ પોતાના રચેલ પંચાશક નામના ગ્રંથમાં જણાવે છે કે, 'જે મનુષ્ય આવા કલ્યાણકના દિવસમાં તપસ્યા, પૂજા, સાધર્મિકભક્તિ આદિ કરતો નથી, તે બીજા દિવસોમાં એટલે કલ્યાણક સિવાયના દિવસોમાં તપસ્યાદિક કરે છે તે કપોલ-કલ્પિત અર્થાત્ સ્વમતિકલ્પના સમજવી, 'કારણ એ છે કે જેને તીર્થંકરના કલ્યાણકને અંગે માન નથી તેવો મનુષ્ય બીજી તિથિઓ કયા હિસાબે આરાધે છે? વિવાહના વખતે ચાંલ્લો ન કર્યો ને લગ્ન પતી ગયા પછી ચાંલ્લો કરવા આવે તો કોઈ લે ખરો? ના. કેમ? ટાણું કયાં છે? અર્થાત્ ચાંલ્લાના રૂપિયાને આપવાનું પણ 'ટાણું નથી' એમ કહી આડો હાથ કરે છે, તેવી રીતે કલ્યાણક દિવસોમાં તપસ્યા આદિ ન કરે, ને બીજા દિવસે કરે તે કેવળ કપોલકલ્પિત છે એમ ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા એવા આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યાત્રાપંચાશકમાં જણાવ્યું છે. (इयराऽतब्बहुमाणोऽ वण्णा य इमीए णिउणबुद्धीए । एयं विचिंतियव्वं गुणदोसविहावणं परमो जेट्ठंमि विज्झमाणे उचिए अणुजेट्ठपूयणमजुत्तं । लोगोहरणं च तहा पयडे भगवंतवयणम्मि । लोगो गुरुतरगो खलु एवं सति भगवतो वि इट्ठो त्ति । मिच्छत्तमो य एयं एषा आसायणा परमा ॥ पंचा० ९-गा० ४६-४७-४८)

આ ઉપરથી મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તપસ્યા, પૂજા, સાધર્મિકભક્તિ આદિથી જ આરાધવો જોઈએ.

તે દિવસની આરાધનાથી બાકીની આરાધના શાસ્ત્રાનુસારી ગણાય.
**શંકાકારઃ જગતના ઉદ્ધારની બુદ્ધિ સિવાય તીર્થંકર ન બનાય.**

હવે સહેજે શંકા થાય કે પ્રભુ મહાવીરના જન્મકલ્યાણકની આરાધના વિશેષ કેમ? ઋષભદેવજી ભગવાન્‌, અજિતનાથજી આદિ સર્વ તીર્થંકરો મોક્ષે ગયા, તીર્થો પ્રવર્તાવ્યાં, જગતને તારવાના પ્રયત્નો, સંકલ્પો કર્યા. બધા તીર્થંકરો આ સરખી રીતે કરે છે, મહિનાના ૩૦ દિવસમાં બધા દિવસોએ પહોર ફાટે, અરૂણોદય થાય, સૂર્યોદય થાય કે દિવસ ગણાય, તે સિવાય નહિ, તેવી રીતે એક પણ તીર્થંકર મહારાજ જગતને તારવાની બુદ્ધિ કે સંકલ્પ સિવાય બની શકયા નથી. त्रिचित्रं चिन्तयत्यसौ। मोहान्धकारगहने संसारे दुःखिता बत। सत्त्वाः परिभ्रमन्त्युच्चैः सत्यस्मिन्धर्मतेजसि ॥ अहमेतानतः कृच्छ्राद्यथायोगं कथंचन। अनेनोत्तारयामीति वरबोधिसमन्वितः ॥ योगबिन्दुः श्लो० २८४, ८५, २८६).

**તીર્થંકરનામકર્મ ત્રીજે ભવે નિકાચિત થાય.**

આપણે ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત થયાનું કહીએ છીએ. તીર્થંકર નામકર્મ ક્રોડાક્રોડ સાગરોપમ પહેલાં બાંધેલું હોય છે, (तस्य ह्युत्कृष्टा सागरोपमकोटीकोटिर्बन्धस्थितिः. आव० हरि० पृ० १२०). પરંતુ વાવેલું બીજ વરસાદ વગરની જમીનમાં બળી પણ જાય છે, તેમ આ કર્મ કદાચ તૂટી પણ જાય છે, પરંતુ નિકાચિત તીર્થંકર નામકર્મ કે જે ત્રીજે ભવે એટલે તીર્થંકરના ભવ પહેલાં દેવ–નારકી, ને તે પહેલાં મનુષ્યભવમાં નિકાચિત કરે છે તે તીર્થંકર થયા સિવાય રહે જ નહિ, તેને હાથે તારવા વિરુદ્ધ કે ડુબાડવાનું બને જ નહિ, ત્યારે શાસ્ત્રકારો કહે છે કે નિકાચિત કર્યું કહેવાય. (बज्झइ तं तु भगवओ तइयभवोसक्कइत्ता णं ॥१८३॥ नियमा मणुयगई० ॥१८४॥ आव० नि०)

**જૈનો વ્યક્તિના પૂજારી કે ગુણના?**

દરેક તીર્થંકરોએ તીર્થંકરનામગોત્ર બાંધેલું, ત્રીજા ભવે નિકાચિત કરેલું, તીર્થ સ્થાપેલું, તેનો રાહ સ્થાપેલો છે. તો પછી તમે ગુણના પૂજારી કે વ્યક્તિના? ગુણના પૂજારી હો તો બધા તીર્થંકરોના કલ્યાણકો સરખી રીતે આરાધો. જો કે મેરુત્રયોદશી વગેરે આરાધો

છો છતાં આ વીર જિનેશ્વરનું કલ્યાણક વધારે કેમ ઉજવો છો તેને અંગે શંકાકાર કહે છે કે 'તમે ગુણના પૂજારી નથી.'

**તમારી ને બીજાની મહોરની કિંમત**

તમારી મહોરની રૂા. ૩૫)ની કિંમત ગણો, ને બીજાની મહોરની રૂા ૨) ની કિંમત ગણો, તો તમે કિંમત કરવાવાળા ન કહેવાઓ, પણ તમારી મહોરની કિંમત કરનાર કહેવાઓ. ગમે તેની મહોર હોય, પણ સરખી કિંમત કરવી પડે ત્યારે જ ચીજની કિંમત કરનાર કહેવાઓ. તેમ જો કલ્યાણકની કલ્યાણક તરીકે કિંમત કરતા હો તો ઋષભાદિક સર્વ તીર્થંકરોના કલ્યાણકોની આરાધના કરો, પણ એકલા વીરની એટલે મહાવીરની કિંમત વધારો, ને બીજાની ન વધારો, તો કહેવું પડશે કે કંઇક ગર્ભિત બીજો હેતુ હોવો જોઇએ.

**મહાવીરપ્રભુને વધારે આરાધવાનું કારણ ?**

જેવી રીતે મારી, મારા કુટુંબની, મારા મિત્રની કે મારા શત્રુની મહોરની કિંમત કયાં કરૂં કે જ્યાં મહોર દેખાય. મારી હોય છતાં પેટીમાં હોય કે શત્રુ મિત્રની હોય, છતાં થેલીમાં હોય, તેની કિંમત ન કરૂં એટલા માત્રથી કિંમત કરવાવાળો કોઈ નથી એમ કહી શકાય નહિ. જો કે હું ચોવીસે જિનેશ્વરોનાં કલ્યાણકો આરાધવા લાયક ગણું છું, છતાં અત્યારે મને સંસારરૂપી સમુદ્રથી પાર પમાડનાર, વિષય, કષાય આદિ પાપોથી બચાવનાર, મોક્ષમાર્ગ તરફ દોરનાર જો કોઇ હોય તો વર્તમાન શાસનપતિ પ્રભુ મહાવીર જ છે, માટે હું વિશેષ આ દિવસ ઉજવું છું એટલે બીજાની ઉપેક્ષા કરવા માગતો નથી. સર્વ તીર્થંકરોના કલ્યાણકોના દિવસ આરાધ્ય ગણું છું, છતાં શાસનના માલિક કે જેનાથી મારૂં શ્રેયઃ થઈ રહ્યું છે, જે શ્રેયઃને લીધે દુઃષમાકાળ છતાં દુઃષમાકાળને ધન્યવાદ અર્પું છું.

**સાપના દૃષ્ટાંતથી ઘટના.**

સૂતા હોઇએ, અને સાપ આવ્યો, ને ઓરમાન માતા સોટી મારી આપણને જગાડે તો તે વૈરી કે ઉપકારી ? જોકે સગી માતા તો 'ભાઈ!' કહી સાચવીને ઉઠાડે, પણ આ સાવકી-મા સોટી મારીને ઉઠાડે છે. વાત ખરી પણ 'જિંદગી બચાવે' તેનું કેમ કશું બોલતો નથી ? સોટીનું નુકશાન વધારે કે જિંદગીનું રક્ષણ વધારે ? કહેવું જ પડશે

કે જિંદગીના રક્ષણની કિંમત જુદી જ છે, તેમ આ દુઃષમાકાળ એ ઓરમાન માતા જેવો જ છે. આપણને વિચિત્ર સંજોગોમાં પાંચમા આરામાં મૂકયા છતાં શાસનના પ્રભાવે મિથ્યાત્વસર્પથી બચી શકીએ.

**કાણાં પાલવે કંચન કરતાં, સાજા પાલવે ત્રાંબૈયા સારા.**

આ વાત વિચારશો ત્યારે ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વર મહારાજે કહેલઃ—

" सुषमातो दुःषमायां कृपा फलवती तव ',

અર્થાત્ હે ભગવન્ ! સુષમાકાળમાં જો કે આપની જગત ઉપર મહેર હતી. મને ડૂબાડવાનું ધાર્યું ન હતું, મને તારવાનો પ્રયત્ન કર્યો હતો. પણ મારૂં નસીબ પાતળું કે તેથી કાણાં એવા પાલવે (ખેસના છેડે) કંચન મળે તે કરતાં સાજા પાલવે ત્રાંબૈયા પૈસા મળે તો ભૂખ ભાંગી જીવતા રાખે. આપે તો ચોથા આરામાં કંચન વરસાવ્યું. કોઈ પૂછવા આવે તેને ઉપકાર કરી કંચન વરસાવ્યું, છતાં હું કાણાં પાલવવાળો 'મારું શું ?' જો કે દાતા, દાન, ગ્રાહક, સામગ્રી સુસ્કેલ, છતાં કાણું લૂગડું હોય ત્યાં શું થાય ? તે કરતાં દુઃષમાકાળમાં ત્રાંબયો મળે છે તે સારો. અત્યારે નથી તો તીર્થંકરો, નથી તો સામાન્ય કેવલી, નથી તો ગણધરો, નથી તો મનઃપર્યવજ્ઞાની, નથી અવધિજ્ઞાની-યોગ કે જાતિ સ્મરણ. જે યોગ હોય તે માત્ર લાંગુંતૂટું શ્રુતજ્ઞાન જ. ('द्वादशाङ्गमयं वर्णकं श्रुतमिहोदितं । दुष्षमायामपि पुनः ज्ञानमुद्धृत-मीप्टदम् ॥ श्रीआग० ज्ञान. पृ० ६०) તે પણ સંપૂર્ણ નથી. તે ત્રાંબા રૂપે જ વર્તે છે, રૂપિયા નથી તો હીરા, મોતીની વાત ક્યાં કરવી ? સોનૈયાના વરસાદના ભરોસે ત્રાંબૈયા ન છોડાય.

કેટલાક એવા હોય છે કે "સોનાનો વરસાદ વરસશે, ત્યારે પાલવ ધરશું." તેઓએ યાદ રાખવું કે મળેલા ત્રાંબૈયા ન લે અને હીરાના ભરોસે રહેશે તો ભૂખે મરી અટવાઈ જશે, કુટુંબ પણ નાબુદ થશે. હીરા વગેરેના વરસાદ વખતે તમારી કંઈ પેઢીઓ થઈ જશે. હીરા ન વરસે, ત્યારે વરસતા ત્રાંબૈયા ઝીલી લેશો તો કુટુંબ જીવતું રહેશે, ને પછી તે સોનૈયા આદિના વરસાદ વખતે તમારું કુટુંબ સોનૈયા મેળવી શકશે.

**વર્તમાનમાં ત્રાંબૈયા સમાન પ્રભુશાસન.**

અત્યારે સોનાના વરસાદરૂપી નથી જિનેશ્વરો, નથી કેવળીઓ,

નથી ગણધરો, નથી મનઃપર્યવજ્ઞાનીઓ, નથી અવધિજ્ઞાનીઓ, એવી સ્થિતિમાં જેઓએ જિનેશ્વર ભગવાનનું અત્યારે મળતું જ્ઞાન (શ્રુત) કે જે ત્રાંબિયાના વરસાદ જેવું છે, તેમાં આત્મા સંસ્કારિત કર્યા હશે તેવાઓ ત્યારે હીરા, મોતીના વરસાદ વખતે ઝીલવા તૈયાર થશે, પણ જેઓ અત્યારે નહિ ઝીલે તેઓને તો તે ભવાંતરમાં તીર્થંકર પ્રભુનો સંયોગ છતાં ધર્મપ્રાપ્તિનો સંભવ નથી.

**સુષમાકાળ કરતાં દુઃષમાકાળમાં પ્રભુશાસન મળ્યું તે લાભદાયક છે.**

હે ભગવન્ ! સુષમાકાલ કરતાં દુઃષમાકાળમાં શાસન મળ્યું તે ખરેખર ફળવાળું છે, (જો કે અપમાન માટે કે અવજ્ઞા માટે નહિ પણ) સુષમાકાળમાં આપ, આપ જેવા કેવલી, ગણધરો વગેરે લાઈફબોટો દરિયામાં હતી, તેથી કાંઈ.......ડૂબવાનો ભય ન હતો, તે વખતે તીર્થંકરોનો પ્રતિબોધ લાગ્યો તો કલ્યાણની વાત, નહિ તો કેવલી આદિનો ઉપદેશ લાગી જાય.

**તળાવમાં સાંકળો નાખનાર તીર્થંકરો.**

જે તળાવમાં જગ્યાએ જગ્યાએ સાંકળો નાંખી છે ત્યાં ડૂબવાનો ભય નથી. ત્યાં તરી જવું એમાં અધિકતા નથી. આથી તીર્થંકરોની જરૂરિયાત ઓછી નથી. સાંકળો તો એમણે જ નાખી હતી, તેમનાથી જ કેવળી આદિ ઉત્પન્ન થાય છે, તત્ત્વજ્ઞ સાંકળ નાખનારને જ દેખે, બચનાર સાંકળને જ દેખે, તેથી અધિકતા છે.

**એક સાંકળ છતાં સાંકળ મળે તે ભાગ્યશાળીપણાથી જ.**

તળાવમાં એક જ સાંકળ હોય, ને પાછું તળાવ ઘોર જાનવરોથી ભરેલું હોય, ત્યાં તે વખતે સાંકળ હાથમાં આવવી ને બચવું કેટલું મુશ્કેલ છે? તેવી રીતે દુઃષમાકાળમાં (વિષમ કાળમાં) કોઈ તીર્થંકર, કેવળી, આદિ નથી, અને તમારા શાસ્ત્રની સાંકળ મળી ગઈ. જે વખતે ચારે બાજુ જાનવરો ઘુઘવાટા કરી રહ્યા છે. દુઃષમાકાળમાં મિથ્યાત્વનો પાર નથી, તીર્થંકરના સમયમાં ગોશાલક, જમાલિ, ગણ્યાગાંઠ્યા હતા, પણ અહીં 'વરસના મહિના બાર ને પાંખડી તેર', તેવા વખતમાં

સાચું શાસન પામવું મુશ્કેલ કેટલું? આપ જેવા કેવળી હોત તો નિર્ણય કરી લેત, પણ અહીં એવું નથી.

એક ગામ જવું હોય, અજાણ્યું જંગલ હોય, સીધી કેડી કે રસ્તો હોય તો અજાણ્યા પણ ગામ પહોંચી જઈએ, પણ ગામ એક ને રસ્તા એકવીશ હોય ત્યાં શું થાય? ભવિતવ્યતા હોય તો સીધી વાટ આવે; નહિ તો મેળવવી મુશ્કેલ; તેવી રીતે આ આત્મા એવો અજાણ્યો કે બોરનું ઠીંઠું્યે જાણતો નથી, મોક્ષમાર્ગ જાણતો નથી, પાખંડીઓથી વ્યાપ્ત એવા દુઃષમાકાળમાં આપના શાસનનો યોગ મળ્યો તો કૃપાનો પાર નથી, પૂરેપૂરો ભાગ્યશાળી હોય તો જ ઘોર પ્રાણીઓથી વ્યાપ્ત, અને ફક્ત એક સાંકળવાળા તળાવમાં સાંકળ મેળવી તરી જાય; તેવી રીતે સાચી શ્રદ્ધા મેળવવી, એ પણ ભાગ્યશાળીપણાને લીધે જ બની શકે છે.

**મેરુ કરતાં મરુભૂમિનું કલ્પવૃક્ષ પ્રશંસનીય છે.**

'मेरुतो मरूभूमौ हि श्लाध्या कल्पतरोः स्थितिः ॥

(वीत० स्तो० प्र० ९ श्लो० २)

કલ્પવૃક્ષ ઉત્તમ છે; કોઈ દિવસ હીન છે નહિ, પણ ખરેખર લોકોના આશીર્વાદને કયું કલ્પવૃક્ષ મેળવે? મારવાડમાં હોય તે કે નંદનવનમાં રહેલું? મારવાડનું આશીર્વાદ મેળવે; નંદનવનનું મેળવે નહિ, કારણ? ત્યાં ઢગલાબંધ કલ્પવૃક્ષનાં ઝાડ છે, જ્યાં ઝાડની મુશ્કેલી ત્યાં કલ્પવૃક્ષની કિંમત ઓર છે, તેવી રીતે સુષમાકાળમાં સંસારથી તરીએ એવાં સાધનો મળે તે કલ્યાણકાર જ છે एवं सुषमादौ पदे पदे सुलभेषु विशिष्टज्ञानभानुषु पुरुषेषु भगवत्कृपा धर्मतीर्थप्रवर्तनादिरूपा न तथोपयोगिनी यथा सर्वातिशयशून्ये दुष्षमा समय इति, वीत० स्तो टी० पृ० ३६). પણ દુઃષમાકાળમાં તારવાનું સાધન મુશ્કેલ હોવાથી કિંમતી છે, જો કે મારવાડના અને નંદનવનના કલ્પવૃક્ષમાં ફરક નથી, પણ વસ્તુના ઢગલા હોય ત્યાં વસ્તુની કિંમત ઓછી હોય છે.

**દુઃષમાકાળમાં તરવાનો આધાર શ્રુતજ્ઞાન.**

દુઃષમાકાળમાં સંસારસમુદ્રથી તરવાનાં સાધન આપ તરફથી મળે છે તે ખરેખર પ્રશંસનીય છે. સાધનમાં ફેર નથી, 'સોનાની ખાણ પાસે એક ચીભડા પેટે ચાર તોલા સુવર્ણ મેળવે' તે કરતાં

બીજે 'પાવલી' મેળવે તો ખુશ ખુશ થઈ જાય છે, તેવી રીતે તીર્થંકરના વખતમાં પોતે હયાત, શ્રુતકેવલી આદિ હાજર; ત્યાં વધવા, ઘટવાની કિંમત નહિ, પણ દુઃષમાકાળમાં તરવાનો આધાર નહિ, ફક્ત શ્રુતજ્ઞાન कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया । हा! अणाहा कहं हुंता, न हुंतो जइणागमो ॥ संबोधस० गा० २६ ॥) એ જ તરવાનો આધાર.

**શ્રુતજ્ઞાનના ઉત્પાદક ભગવાન મહાવીર.**

શ્રુતજ્ઞાન સર્વોપરિ હોવાથી, તેના ઉત્પાદક મૂળ હેતુરૂપ ભગવાન્ મહાવીર હોવાથી, (अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा निउणं। सासणस्स हियट्ठाए तओ सुत्तं (तित्थं) पवत्तइ ॥ आव० नि० गा० ९२) તેમનો જન્મ કલ્યાણકનો દિવસ ઉજવવા વધારે તૈયાર થઈએ છીએ.

(चित्तसुद्धे तस्स णं चित्तसुद्धस्स तेरसीपक्खेणं हत्थु० जोग० समणं भगवं महावीरे आरोग्गा आरोग्गं पसूया । आचा० सू० ३९९)

**શાસનપતિનું જન્મકલ્યાણક શાથી ઉજવાય છે ?**

જન્મકલ્યાણક શાથી ઉજવીએ છીએ ? ગર્ભમાં નવ માસ રહ્યા તેથી ? પારણે હિંચોળાયા તેથી ? ના ! ત્યારે ? 'અરીસો ચોખ્ખો કરીએ તો મોઢું ચોખ્ખું દેખાય' તેવી રીતે ભગવાન્ તીર્થંકરોમાં જે જે મોક્ષની જડો રહી છે, તે જ્યારે આપણે તપાસીએ, ને દૃષ્ટિ કરીએ ત્યારે આપણા આત્મામાં તે જડ રોપી શકીએ. મહાવીર પ્રભુને મોક્ષને અંગે, મોક્ષને ઉદ્દેશીને ક્ષાયોપશમિક અને ક્ષાયિકપદને અંગે ઉદ્દેશીને જ આરાધ્ય છે. દુનિયાદારીને અંગે જો આરાધ્ય હોય તો પ્રથમ યુગલિકો પૂજવા જોઈએ, કારણ કે તેઓને રોગ નહિ, જંગલી જાનવરોનો ભય નહિ, શોક નહિ. આ જ કારણથી તેઓ પૂજાવા જોઈએ અને ઋદ્ધિસમૃદ્ધિ, કુટુંબકબિલા આદિને અંગે જો આરાધ્ય ગણીએ તો ચક્રવર્ત્તિઓને પૂજવા જોઈએ.

**ચક્રવર્ત્તિની ઋદ્ધિ :**

ચક્રવર્ત્તિઓ પાસે અનેક પ્રકારની રિદ્ધિ હોય છે. છ ખંડના અધિપતિ, નવ નવ નિધાનના માલિક, ૧૪ રત્નોના સ્વામી, ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓ વગેરે (बावत्तरिपुरवरसहस्सवरनगरनिगमजणवयवइ

वत्तीसारायवरसहस्साणुयायमग्गो, चउदसवररयण-नवमहानिहि-चउसट्ठिसहस्सपवरजुवइण सुंदरवइ, चुलसीहयगयरहसयसहस्ससामी छन्नवइगामकोडिसामी आसी जो भारहंमि० अजितसांति० गा० ११) સંપૂર્ણ ભોગનાં સાધનોવાળા હોય છેઃ પરંતુ કર્મોદયથી થવાવાળી ચીજોને અંગે આપણે તેઓનું આદર્શપણું નથી.

**તીર્થંકરો દુનિયાદારીને લીધે "આદર્શ" નથી ગણાતા.**

આપણે મહાવીરના આદર્શનો સ્વીકાર કરતા હોઈએ તો અવજ્ઞા તરીકે નહિ પણ કહેવું પડે કે, કચરો હોય તે ખસેડવા માટે જ.

અર્થાત્ કર્મોદયથી થવાવાળી ચીજોને અંગે આદર્શપણું નથી, પરંતુ કર્મરાજાની સાથે યુદ્ધ કર્યું, તેને જમીનદોસ્ત કર્યો ને પોતાના શૂરવીર સરદારોને મજબૂત કર્યા. કેવા મજબૂત કર્યા ? કર્મની સામા ઊભા રહે ને તેને જમીનદોસ્ત કરે તેવા. તેને જ અંગે ભગવાનનું આદર્શપણું છે, ને આરાધ્યપણું છે.

**મહારાણા પ્રતાપસિંહનું અનુકરણ શા માટે ?**

મહારાણા પ્રતાપસિંહનું કે શિવાજીનું અનુકરણ શામાં ? અણનમપણામાં. પરંતુ ખીણમાં નાસી જવાનું કે કુશકાના રોટલા ખાવાનું કે બિલાડી લઈ જાય ત્યારે રોકકળ કરવાનું, તેમાં નહિ. અર્થાત્ (૧) ધર્મધ્વંસ કરનારને નમું નહિ અને (૨) જોડી વિરોધીઓની સત્તા ઊઠાડું, એમાં એઓનું અનુકરણ.

**જૈન શાસનના જોદ્ધા કર્મોદયના બનાવને ચાહતા નથી.**

આ ઉપરથી અજ્ઞાન દશામાં કરેલ નાકમાંથી મોંઢામાં હાથ ઘાલવાની જેમ કર્મોદયથી (ઘાતીથી) જે બનાવો બન્યા હોય તે જૈનશાસનના જયવંત જોદ્ધાઓ જરાક પણ નહિ ચાહે. તે જોદ્ધાઓ તો કર્મરાજાને જીતવાને અંગે જે કાંઇ વર્તન તે વર્તનને ચાહે છે, કેટલાક વખત આપણે ભૂલ ખાઇએ. છીએ કે બગલાનો રંગ લેતાં આકાર લઇ બેસી, આંધળા જેવી સ્થિતિ કરીએ છીએ.

**આંધળો રંગ ન લેતાં આકાર લે.**

"આંધળા બાવાની ટોળી હતી. દેખ્યું કે નિભાવ થતો નથી. તેથી દેખતાની ટોળીમાં મળ્યા, કોઈએ નિમન્ત્રણ કર્યું, આંધળાની ટોળીમાં એક જાતિઅંધ હતો, તેને અનુમાન ન હોય, પાછળથી થયેલાને હોય,

તેથી ધાર્યું કે 'આને અહીં રહેવા દો,' બધા જમવા ગયા, ખાઈ પીને આવ્યા, જન્મથી આંધળાને કુતૂહલ થયું ? શું ખાધું ? "અરે! આજ ખીરપુરી ખાયા" ખીર કેવી ચીજ છે ? તો દેખતાએ કહ્યું કે "ગોકા દૂધ, બગલા જૈસા સફેદ. ગાયની તો અનુમાનથી ખબર પડે પણ "વહ બગલા ક્યા ?" આકાર બતાવ્યો, અરે ! (ચીઢાઈને કહ્યું: 'ઐસા તુમને ખાયા ? મેરા તો ગલા ભી ફટ જાવે, વાત મત કરો' પેલાએ કહ્યું: "ભાઈ, એ તો દૂધનો રંગ !" અરે !"

**કર્મોદયની ચીજ લેવી એ આંબળા ખાવા જેવું છે.**

આવી રીતે પ્રભુ મહાવીરના જીવનમાંથી તારનારી વસ્તુને બદલે કર્મોદયની ચીજ લેવા જઈએ તો તેવી સ્થિતિ થાય.

**કલ્યાણક ઉજવવાનાં કારણો.**

કલ્યાણક શાથી ઉજવીએ છીએ ? સંસારીપણાને અંગે નહિ, કે તેનું અનુકરણ કરવા નહિ, પરંતુ આપણા આત્માના ઉદ્ધાર માટે. એમણે તારક તરીકે જે ઉપદેશ આપેલો તે ઉપદેશનાં વચનો ધ્યાનમાં રાખવા, તારક તરીકેના વર્તનો કરેલાં તેનું અનુકરણ કરવાનું. જેમને રાઇપ્રતિક્રમણની ટેવ હશે તેને ધ્યાનમાં હશે, તેમાં તપચિંતવણિના કાઉસ્સગ્ગમાં-ચિંતવવાનું કે પ્રભુ મહાવીરે છ મહિનાની તપસ્યા કરી, હે ચેતન ! તું કર ! (छम्मास तत्र उस्सग्गुज्जोय, यति० दि० गा० १३: अस्मिन्नुत्सर्गे श्रीवर्धमानविहितं षाण्मासिकतपो यतिरेवं चिन्तयति यति० दि० टी० पृ० १०) પરણવું આદિ ન લીધાં કેમ ? તારક દૃષ્ટિથી માનીએ છીએ તેથી તે તરીકેનું અનુકરણ કરવું તે જ ભક્તિ.

**"જ્ઞાતનન્દન" એ નામ હયાતીથી જ છે.**

આટલા માટે ભગવાન્ હેમચંદ્રસૂરિજી મહારાજે "वंदे श्रीज्ञातनन्दनम् તે મહાવીર પ્રભુને હું નમસ્કાર કરું છું"—"જ્ઞાતનંદન" શબ્દ શાથી વાપર્યો ? કારણ કે, માતાપિતાએ કરેલ નામ "વર્દ્ધમાન" છે, ખુદ મહાવીર નામ પણ માતાપિતાનું નથી, પણ અવિરતિ દેવતાએ સ્થાપેલું છે, (अम्मापिउसंति वद्धमाणे ०, सहसम्मुइयाए ०, समणे ०, भीमभयभेरवं ० अचेलए परीसहसहेति कट्टु देवेहिं से नामं कयं समणे भगवं महावीरे, आचा० सू० ४००) એ આચારાંગ આદિના પાઠોથી સિદ્ધ છે, તો આ નામની જરૂર શી ?

પ્રભુનું વર્ધમાન અને મહાવીર નામ વિચારો ! સોનાની કિંમત વધારે કે તેના બનાવેલા ઘાટની ? વર્ધમાન એ ગર્ભમાં આવ્યા પછી, ઋદ્ધિ અને સમૃદ્ધિના વધવાને લીધે પાડયું અને તે નામ થાપનાર ત્રિશલા રાણી ને સિદ્ધાર્થ મહારાજ, તે તો પાંચમે ગુણસ્થાનકે હોવાને લીધે, ને દેવતાઓ ચોથા ગુણસ્થાનકમાં હતા, છતાં મહાવીર એ નામ કેમ મનાયું ? કહો કે એ ગુણથી બનેલું છે, અને ગુણને લીધે બનેલું નામ જગ્યાએ જગ્યાએ આવ્યું છે, અર્થાત્ ગુણની પ્રશંસાદ્વારાએ અવિરતિ દેવતાઓએ કરેલ નામ બધાઓએ કબૂલ રાખ્યું.

**"જ્ઞાતનંદન" નામનો ખુલાસો.**

"વંદે શ્રીજગદ્ગુરુમ્" નહિ કહેતાં 'આ કેમ' કહ્યું ? એ પ્રશ્ન અહીં એટલા જ માટે કહું છું કે તે સ્વતંત્ર શબ્દ છે. જેને માટે ખુદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ પણ સ્વરચિત અભિધાનચિંતામણિમાં જણાવે છે કે :– "महावीरो वर्द्धमानो देवार्यो ज्ञातनन्दनः" (अभि० चिं० श्लो ३०) આ નામ એકલા તેમણે કહ્યું એમ નથી, પણ ખુદ તેઓશ્રીની હયાતીમાં ને જન્મથી જ પ્રસિદ્ધ હતું. મહાવીર નામ જૈન સૂત્રોમાં પ્રસિદ્ધ છે. "વર્ધમાન" નામ માતાપિતાને લીધે છે, અને જગતમાં પ્રસિદ્ધિ પામેલ હોય તો 'ज्ञातनन्दन' એ જ નામ હતું.

**"જ્ઞાતપુત્ર" શાથી ?**

જ્ઞાત નામના કુળમાં ઘણા પુત્રો હતા. તેમાં એમની પુત્ર તરીકે પ્રસિદ્ધિ હોવાથી શું ? ના. જરાક ઊંડા ઉતરો, કારણ વિચારો. બ્રાહ્મણ–કુળ–માંથી દેવે ઉપાડી જ્ઞાતકુળમાં લાવી મૂકયા. તે કુળ વિશે તીર્થંકરપણામાં વરેલ પુરુષ કોઈ હોય તો આ એક જ છે. નન્દિવર્ધન આદિ જ્ઞાત-કુળમાં હતા, છતાં તીર્થંકરની પ્રસિદ્ધિ પામેલ એક જ છે. કદાચ કહેશો કે :–ભગવાનના ગર્ભની વાત કોઈને ખબર નહિ હોવાને લીધે, કારણકે તે પલટતી વખતે અવસ્વાપિની નિદ્રા આપે છે. देवाणंदाए माहणीए सपरिजणए ओसोवणि दलइ, कल्प० सू० ૨૭) તેની કોઈને ખબર પડતી નથી. ખબર ન પડે તો આવી સ્થિતિમાં પ્રસિદ્ધિ કયાંથી પામ્યા ? વિચારો ! તમે દર વરસે કલ્પસૂત્ર સાંભળો છો પણ જરા વિચારો કરો કે :–

જે વખતે પ્રભુ મહાવીરનો જીવ દેવાનંદાની કુક્ષિમાં આવે છે, ત્યારે દેવાનંદાને ચૌદ સ્વપ્ન આવે છે. (सा देवाणंदा माहणी ० सिवे धन्ने ० चउद्दस महासुमिणे पासित्ताणं पडिबुद्धा, कल्प ० सू ४) ઉઠાવીને દેવ લઈ જાય છે ત્યારે એમ થાય છે કે ત્રિશલા રાણી ચૌદે સ્વપ્ન ઉપાડી ગઈ છે, (तं रयणि व णं सा देवाणंदा माहणी सयणिज्जंसि सुत्तजागरा ओहीरमाणी २ इमेयारूवे उराले कल्लाणे सिवे धन्ने मंगल्ले सस्सिरीए चउद्दस महासुमिणे तिसलाए खत्तियाणीए हडेत्ति पासित्ताणं पडिबुद्धा कल्प ० सू ० ६१) અર્થાત્ પુણ્યપ્રભાવક જે ગર્ભ હતો તે ત્રિશલાને ગયો, સવારે છાતી ફૂટે છે. આ વાત જાહેર થાય કે નહિ? બીજી બાજુ તે દિવસે મહાવીરનો ગર્ભ ત્રિશલાની કૂખે આવે, ૧૪ સ્વપ્નો દેખે છે, सा तिसला खत्तियाणी तंसि ० इमेआरुवे उराले जाव चउद्दस महासुमिणे पासित्ताणं पडिबुद्धा, कल्प ० सू ० ३२) ને સિદ્ધાર્થ રાજાને કહે છે, સિદ્ધાર્થ રાજા સ્વપ્નપાઠક બોલાવે છે. સ્વપ્નપાઠકો કહે છે કે :–

કાલે એવો ગર્ભ આવ્યો છે કે તે જીવ ચક્રવર્ત્તિ અગર તીર્થંકર થાય· (तत्थ णं देवाणुप्पिया ! अरहंतमायरो वा चक्कवट्टिमायरो वा अरिहंतंसि वा चक्कहरंसि गब्भ वक्कममाणंसि एएसिं तीसाए महासुमिणाणं इमे चउद्दस महासुमिणे पासित्ताणं पडिबुज्झंति, कल्प० सू० ७३)

## બૌદ્ધો પણ તીર્થંકર મહાવીરને "જ્ઞાતપુત્ર" તરીકે સંબોધે છે.

આ બધા ઉપરથી એટલે, દેવાનંદાનું કલ્પાંત, ત્રિશલાનું સ્વપ્નદર્શન, કથન, સ્વપ્નપાઠકનું આવવું. આવું કહેવું, આ વાત જાહેર હોવાથી, ને છ મહિને અવતાર થયેલ હોવાથી સર્વને પાકો નિશ્ચય થયો. આ જાહેર થવાને લીધે, ને દેવતાઈ મહિમાને લીધે "જ્ઞાતનન્દન" નામ જાહેર હતું, નન્દિવર્ધનનું તો નામ જ્ઞાતનન્દન સામાન્ય હતું તેથી બૌદ્ધ જેવા જૈનોના કટ્ટર વિરોધીઓને પણ "निग्गन्थ नायुपुत्तेण" (अ-एवं मे सुतं । एकं समयं भगवा नालन्दायं विहरति पावारिकम्बवने, तेन खो पन समयेन निगण्ठो ? नाटपुत्तो नालन्दायं पटिवसति महतिया निगण्ठपरिसाय सिद्धिं० । मज्झिमनिकायो, उपालिसुत्तं ६) आ तेन खलु समये राजगृहनगरे० ककुदः कात्यायनो निर्ग्रंथो ज्ञातपुत्रः

दिव्यावदान १२-१४४३-१४४; इ पुरणज्ञातिपुत्राचा; आवदानकल्पता, पल्लव १३-४११)

એ નામ બોલવું પડયું. ભગવાન હેમચંદ્રસૂરિજીએ શા માટે કહ્યું ? અનાજ લેવા, ગામ લેવા, દેશ લેવા નહિ, પણ મારા આત્માના કલ્યાણરૂપી વૃક્ષને નવપલ્લવિત રાખવા માટે જો કોઈ પણ હોય તો મહાવીર જ્ઞાતનન્દનરૂપી બગીચો જ છે, બીજે તો સૂકાઈ જાય, તથા શ્રુતજ્ઞાનરૂપી ગંગાના પ્રવાહને ચલાવનાર હિમાલય જેવા ભગવાન છે અને સમસ્ત જગતના પ્રાણીરૂપી કમળોને વિકસ્વર કરવા સૂર્ય સમાન છે. આવા નિરૂપમેય, હિમાલય, ને રવિની ઉપમાવાળા ભગવાનને હું નમસ્કાર કરું છું.

## મહાવીર-જન્મકલ્યાણક

पान्तु वः श्री महावीर स्वामिनो देशनागिरः ।
भव्यानामान्तरमल-प्रक्षालनजलोपमाः ॥

મહાનુભાવો, આજનો દિવસ મહાન્ પવિત્ર છે. આજે આપણા આત્માને ઓળખનાર મહાપુરુષનો જન્મ થયો છે. જીવ નિત્ય છે, શાશ્વત્ છે, અવિનાશી છે, એ બધું સાચું; પરંતુ તેનું વાસ્તવિક ભાન કરાવનાર મહાપુરુષ આજે પ્રગટયા છે. ન્હાય તેવો કિંમતી પદાર્થ હોય, પણ તે તો વસ્તુતઃ ખ્યાલ આવે નહિ, ત્યાં સુધી કિંમતી તરીકે માલૂમ પડે નહિ. આ જીવ નિત્ય શાશ્વત વગેરે તરીકે હતો. તે ચોક્કસ છે; છતાં આંધળાના હાથમાં આવેલ હીરો, કાંકરાથી અધિક ન હોય તેવી જ રીતે આ ત્રિલોકનાથ જન્મ્યા નહોતા અને આત્મ સ્વરૂપ બતાવ્યું નહોતું, ત્યાં સુધી આપણને આત્માને નિત્ય-શાશ્વત્ વગેરે તરીકે માનવામાં 'જીવ' પદાર્થની વધારે સમજ લગીર પણ નહોતી. જેમ ખાણમાંથી પથ્થર નીકળે, મકાનમાં ગોઠવાય અને પાછો ધૂળમાં પડે; તેમ આ જીવ પણ નિગોદમાંથી નીકળે-ભટકે અને પાછો નિગોદમાં જતો. જીવની આ રીતે પથ્થર જેવી દશા હતી. નિગોદ અને નિગોદની બહાર અથડાતો-પીડાતો હતો. આ સ્થિતિમાં એને પોતાના વાસ્તવિક

સ્વરૂપનું ભાન કદી થયું ન હતું, બહારના પથ્થર જેટલું ખાણુમાં કે દરિયામાં રહેલું સોનું ઉપયોગી નથી, તેમ આ આત્મા ચેતન, જ્ઞાનવંત, અનંતશક્તિનો માલિક, એ બધું ખરૂં; પરંતુ તેના ઉપર તીર્થંકરનો પ્રભાવ ન્હોતો પડયો, ત્યાં સુધી પથ્થરથી ય હલકો હતો.

બનાવટી સોના જેટલું ખાણુમાં રહેલું સોનું ઉપયોગી ન થાય. અનંત તીર્થંકરોએ પોતાના અનંતા શરીરોનાં પુદ્ગલો ઔદારિક શરીરપણે પરિણમાવ્યા, તે પૂજ્ય થયા, જ્યારે આ આત્માની દશા રખડતી છે. આવો ફેર કેમ? વિચારો. જાનવરોને પણ પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન છે, છતાં તેને હું કોણુ? એ વિચારવાનું હોતું નથી તેમ આપણે અનંતી વખત મનુષ્ય થયા. શેઠ-રાજા-દેવતા વગેરે થયા પણ કોણુ? એ ન વિચાર્યું! ચ્હાય તેવું સુંદર મુખ હોય, છતાં દર્પણ વિના તેની સુંદરતા ખ્યાલમાં આવતી નથી, તેમ આત્માની સ્થિતિ આગમઅરીસા વિના તેવી છે. ચ્હાય દેવતા-તિર્યંચ કે મનુષ્ય હોય, પરંતુ તે આગમઅરીસા સામે જ્યાં સુધી ન જુએ ત્યાં સુધી આત્માને ખ્યાલ પામી શકે નહિ. આમ તો અરીસામાં નવું કાંઈ નથી પણ તે એવી ચીજ છે કે તમારું સ્વરૂપ હોય, તેવું દેખાડે. એમ જ આગમ-અરીસો નવું કાંઈ જ દેખાડતો નથી. આપણામાં જ્ઞાન ન હોય અને તે દેખાડે છે તેમ નથી. અરીસામાં સામે હોય તે જ વસ્તુ દેખાવાની તેમ આગમ-અરીસામાં પણ જે વસ્તુ આત્મામાં હોય, તે જ દેખાવાની, દેવને માનવામાં તો જૈનો અને ઇતરો બધા જ સરખા છે. બાળક રમતમાં રાજી પણ ભણુવાનો રસ ન જાણે. પણ જ્યારે તેને કુટુંબની સ્થિતિનો ખ્યાલ આવે ને ભણુવામાં રસ જામે ત્યારે ઢીંગલા ઢીંગલીનો વિચાર થતો નથી. બીજાઓ 'પરમેશ્વર ભોગ ઉપભોગનાં સાધનો આપે છે.' એ હિસાબે તેને દેવ માને છે.

૫×૫=૨૫, ન બોલે અને છવ્વીશ બોલે, ત્યાં આંખ ફરી જાય છે, પણ 'ઓ ઇશ્વર! તું એક છે. સરજ્યો તેં સંસાર' એમ બોલે ત્યાં આંખ ફરી કેમ નહિ? તમારા હિસાબે તો ૫×૫=૨૫ ને બદલે ૨૬ બોલીને એકનો જ ફરક પાડે તે જૂલમ. પરંતુ ઇશ્વરને સંસાર સરજ-નારો કહીને આખો ફરક પાડે તે જૂલમ નહિ એમ જ ને? છોકરાઓને

ઢીંગલા ઢીંગલીની રમતમાં આગળ વધવાનો ચાન્સ નથી, તેમજ પૃથ્વી પાણી, પર્વતો વગેરે કોની દુનિયાને તૈયાર કરી આપનાર પરમેશ્વરને માનવામાં આગળ વધવાનો ચાન્સ નથી. બીજાઓને આ રીતે સંસારની માયામાં મૂંઝવનારમાં પરમેશ્વરની માન્યતા કરી, જ્યારે જૈનમત, એ છોકરાઓની રમતથી તદ્દન અલગ છે. જૈનોએ તો આત્માના સ્વરૂપનું ભાન કરાવે, તેમાં પરમેશ્વરની માન્યતા કરી. જેમ અરીસો મોઢાનું ભાન કરાવે છે, તેમ આગમ–અરીસો આત્માનું ભાન કરાવે છે.

અરીસામાં જેમ એક વખત મોઢું જોઈને બંધ નથી કરતા. મોઢું બગડયું નથી ને! તે તપાસવા હંમેશ અરીસો દેખવો પડે. મારું આત્મસ્વરૂપ બગડયું છે કે કેમ? તે તપાસવા જેટલું જીવે તેટલા વર્ષ આગમ–અરીસો દેખે, માટે જ દેવતાઓ સાગરોપમના આયુષ્યમાં તીર્થંકરોની સેવામાં અસંખ્યાતી વખત હાજર થાય. એક ઇન્દ્ર અસંખ્યાતી વખત દેશના સાંભળે અને જિનેશ્વરોના જન્માભિષેકો કરે.

આપણે સો વર્ષના આયુષ્યમાં જ જન્મીએ ત્યારથી મરણ સુધી પૂજા કરીએ, તો ૩૬,૦૦૦ દિવસથી વધારે નહિ. છતાં તેમાં તો આપણે 'પછી કરશું' 'ન થઇ તો કાલે કરશું" આ સ્થિતિ હોય છે!

જેને આપણે તારક માન્યા તેની સેવામાં આપણી આ દશા કેમ! એ આજ સુધી ભૂલ્યા તો હવે નક્કી કરો અને સેવ્યની સેવામાં તન્મયપણે લાગી જાવ. અન્યથા 'પ્રભુ જન્મથી પણ ત્રણ જ્ઞાનવાળા હતા, રાજકુમાર હતા. સેવાર્ય. દેવો હતા. નંદન ઋષિના ભવમાં લાખ લાખ વર્ષ સુધી ઘોર તપ તપ્યાં હતાં. છતાં ગર્ભથી જ માતપિતા પ્રત્યે ભક્તિવાળા હતા. ચારિત્ર લીધા પછી સંગમ આદિના ઉપસર્ગો સહી, અનાર્ય દેશમાં વિચરી, જનસમૂહ ઉપર અતુલ ઉપકાર કર્યો ને ચંડકોશિયાને ઉદ્ધર્યો. સાડા બાર વર્ષ તપ કરી કેવળ પામ્યા. અંતિમ સમયે પણ સોળ પ્રહર દેશના આપી, વગેરે વાંચી, સાંભળી કે બોલીને વિખેરાઇ જવું તે શુષ્ક આલાપ સિવાય વિશેષ ફળવાન ન નીવડે.. માત્ર વાણીના જ વિલાસો વરસાવીને ઉજવાતું કલ્યાણક તે જયંતી જેવું ગણાય.

ત્રિલોકનાથના અદ્‌ભુત જીવનચરિત્રને બીજા સામાન્ય માણસોની જયંતીઓની હરોળમાં જિનેશ્વરના સેવકો તો ન જ મૂકે. ત્રિલોકનાથની પૂજા માટેના ૩૬૦૦૦ દિવસોમાં પણ જો આપણી એવી નબળી સ્થિતિ રહી તે દેવત્વમાં અસંખ્યાતી વખત પૂજાનો વખત આવે, તે આપણે મન વેઠ થવાની. ઝવેરીને એક રત્નની કિંમત, પણ ગધેડાને મોતીની ગુણ પણ ભાર રૂપ જ થવાની. જો છત્રીસ હજાર દિવસની પૂજા ભારરૂપ લાગે તો દેવ વખતે અસંખ્યાત વખતની પૂજા તો ગધેડાના ભારરૂપ જ થાય કે બીજું કાંઈ!

પ્રભુનું કલ્યાણક ઉજવીએ છીએ પણ ધર્મમાં રસ નથી. ઝવેરી દાબડીને જ જીવન ગણે છે, શાથી? નિત્ય પૂજા કરનાર બહારગામ ગયો હોય તો પહેલો બીજાને અને બીજો ત્રીજાને કહી દે કે અમુકને કહેજોને, બીજાને કહેજો ને? આ શું પૂજા કરવા ગયા? હજુ તો પ્રક્ષાલ થાય છે? એમ કહી બહાર અર્ધો કલાક ગપ્પાં મારે, પ્રક્ષાલ થયો, સાંભળી આવે એનો અર્થ શો? રખેને પૂજાનો ભાર માથે ન આવી જાય એમ જ ને? આ પરિણતિ છે, તો પૂજાનો લાભ શી રીતે મળે? પૂજાને અંગે આમ થાય તો સમજવું કે ભગવાનની કિંમત કરી નથી, આત્માનું ભાન નથી ને શાસ્ત્રનું જ્ઞાન નથી.

કિમિયાની શોધમાં ભટકતા લાખો હોય છે, કિમિયાગરો બહુ થોડા. પથ્થરની ચાંદી બનાવી દે પણ તે ચાંદી પ્રભાવક ન હોય; જ્યારે આ તીર્થંકર-કિમિયાગર તો પથ્થરને પારસ બનાવી દે છે! ત્રણ જગતમાં પથ્થરને પારસ બનાવનાર જો કોઈ હોય તો ત્રિલોકનાથ તીર્થંકર જ છે. તેની પૂજ્યતા હજુ મગજમાં આવતી નથી. તેનો ઉપકાર જો લક્ષ્યમાં આવે તો દહેરું દૂર ન લાગે, અને દૂર હોય તો ત્યાં જતાં પગ તૂટવા ન માંડે. આજે અર્ધો ફલાંગ દૂર દેરાસર હોય તો પગ તૂટવા માંડે છે તો કેટલાય રાજલોક છેટે દેવલોકમાંથી પારસ કરનાર આ કિમિયાગર પાસે કઈ રીતે અવાશે? પીઠ ઉપર પારસની કિંમત ગધેડાને ન હોય પરંતુ, સેંકડો કોશ દૂર પડેલ પારસ કે રત્નની કિંમત સુજ્ઞને હોય. દેવોના ખ્યાલમાં છે કે "જીવમાંથી જિન, પામરમાંથી પ્રભુ, શઠમાંથી સંત, નરમાંથી નારાયણ, રાખમાંથી રામ,

અને પથ્થરમાંથી પારસ કરનારા ફક્ત ત્રિલોકનાથ એક જ છે. તેથી સેંકડો કોશથી સેવા કરવા આવે છે.

આજે ત્રિલોકનાથ ભગવંત મહાવીર જન્મ છે, તેથી જ આજનો દિવસ પરમ પવિત્ર છે. ખેતી કરો, તેમાં અનાજ આવવાને તો હજુ વાર છે પણ અંકુરા જોઈને ખેડૂત પ્રસન્ન થાય છે, તેમ મહાપુરુષ પ્રગટ થાય ત્યારે જીવોનાં કાળજાં કલ્લોલ કરે; વિબુધ કહેવાતા ઇન્દ્રો ને દેવો મોટા કલશાઓ લાવી અભિષેક કરે. જેમ ખેડૂત અંકુરામાં જ અનાજ જુએ તેમ આ પારસના જન્મમાં જ પૂર્ણ પ્રભુતા દેખીને દેવો કલ્લોલ કરે છે. ઘાસના અંકુરે કોઈ વાડ કરતું નથી. અનાજના અંકુરે જ વાડ હોય છે–તેમ જન્મે છે તો બધા, પણ પ્રભુના જન્મ વખતે જ દેવતાઓને હર્ષાતિરેક થાય છે–ને અભિષેક કરે છે સાઠ વર્ષની ઉમ્મરે પુત્રજન્મ સાંભળે ત્યાં કેવો આનંદ હોય છે! પુત્ર વિના રહેલું વાંઝીયાપણું દૂર થવાનો સંયોગ ત્યાં કેટલો આનંદ? એમ અનંતકાળે આ મહાપુરુષનો જન્મ સાંભળવા પામીએ છીએ. આત્મ-ગુણ પ્રાપ્તિરૂપ પુત્ર વિના રહેલું આપણું વાંઝીયાપણું દૂર થવાનો સંયોગ આ મહાપુરુષના પ્રતાપે મલ્યો. માટે જ પ્રભુના જન્મદિનને 'કલ્યાણક' કહેવાય– 'જયંતી' શબ્દ રાગદ્વેષમાં રહેલાઓ માટે જ વપરાય. જેમ માતા, બ્હેન, છોકરી વગેરે જાતની તો બૈરી જ છે, તેમ છતાં બૈરી ન જ કહેવાય તેમ ભવનિસ્તારક ત્રિલોકનાથના જન્મને જયંતી ન કહેવાય. પાંચ કલ્યાણકવાળા પ્રભુનું જયંતી તરીકે ગુણ કીર્તન કરવા ઊભા થનારની યોગ્યતામાં દોરવાઈ જતાં પહેલાં ધ્યાનમાં લેવાનું છે કે જયંતી શબ્દ લૌકિક છે, 'કલ્યાણક' શબ્દ લોકોત્તર છે. કલ્યાણકના સ્થાને જયંતી વાપરવું, તે હીરાને સ્થાને ઇમીટેશન ગોઠવવા જેવું છે. આત્માર્થીજનોએ ભૂલેચૂકે આવી ભૂલ ન કરવી. ગમે તેને સાંભળવો એ લત ભવભીરૂને હાનિકર્તા છે.

કલ્યાણકને અંગે આ. શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મ. જણાવે છે કે તમારી જેટલી શક્તિ હોય, તે પ્રમાણે પૂજા, ભક્તિ, આદર, કલ્યાણકને દિવસે કરવા. તે દિવસે ન થાય અને તે સિવાયના બીજા દિવસે થાય તો તે પૂજા, ભક્તિ વગેરેને જૈનધર્મ સાથે લાગતું વળગતું નથી.

બજારના નાકે રહેલા પોતાના ઘર પાસેથી બાર મહિનામાં કલ્યાણકના બાર જ વરઘોડા નીકળે તોપણ તેમાં રૂંવાટું ફરકતું નથી અને ઘેર લગ્ન હોય તો તેમાં માંડવો કરે, પીપુડીવાળો લાવે, વરઘોડામાં આનંદભેર ચાલે. આ આનંદ ક્યાંથી ? કહો કે લગ્નમાં પ્રીતિ છે.

ભગવાન પ્રત્યે ભક્તિ હોય તો કલ્યાણકને દિવસે હાજર થવું જ જોઈએ. તે દિવસે હાજર ન થાય અને બીજા દિવસે ભક્તિ બતાવે છે. બારમહિનામાં બારસે જાય એવું છે. કલ્યાણકના દિવસે પ્રભુને આરાધવામાં ન આવે તો બાકીના દિવસોની ભક્તિ જિનેશ્વર અંગે નથી. કલ્યાણુની આરાધના કઈ રીતે કરવી જોઇએ તે અંગે આ જણાવાયું.

કલ્યાણકની આરાધના શા માટે ? પ્રભુ મહાવીરની દેશનાની વાણી જગતના જીવોનું રક્ષણ કરનારી છે. પથ્થરમાંથી પારસ બનાવે છે. પ્રભુ દિક્ષિત નહોતા થયા ત્યાં સુધીની વાણી સર્વસામાન્ય હતી. જગતના ચરાચર પદાર્થોના ભાવો જાણી, જગતના જીવોના કલ્યાણના બધા માર્ગો દેખી, દેશના દ્વારા બતાવે છે. તેથી જ શ્લોકમાં "દેશનાગિર" કહ્યું, ત્યારે તો ભગવાન્ એકલા કેવળપણાને યોગે જ આરાધવા લાયક બને છે ને ? તો ના. તીર્થંકરો ગર્ભથી જ આરાધવા લાયક ગણાય. ઉચ્ચકોટીના આરાધ્યની ઉત્તમતા જન્મથી, તેથી તો 'ધન્ય તેના માતાપિતાને, એમ કહેવાય છે. ગૌતમસ્વામી પ્રતિબોધિત થયા'ને ગણધર બન્યા, તેથી માતાપિતાને ધન્ય કેમ કહો છો ? જન્મનું પ્રશસ્તપણું ન ગણો, તો માતાપિતાને ધન્ય કહો શી રીતે ? તીર્થંકર સિવાય કોઇ જન્મથી તેવા જ્ઞાનવાળા હોતા નથી. ભાગ્યશાળીપણું ઉત્તમ કહ્યું છે, એવું ભાગ્યશાળીપણું કોઈપણ દશામાં આવી જાય તો આગળ પાછળનું જીવન પૂજવા યોગ્ય છે પુણ્ય પુરુષોના માતાપિતાને પણ ધન્યવાદ કહીએ તો તેઓના જન્મને આરાધ્ય કહીએ, તેમાં નવાઇ શી ? બીજાને અંગે મહા પુરુષ થયા પછી આરાધ્ય, અને તીર્થંકરો મહા પુરુષ થયા અગાઉથી આરાધ્ય, જેઓના જન્મે ચૌદ રાજલોકમાં આનંદ અને નરકમાં અજવાળાં થયાં, માટે જ ત્રિલોકનાથ જેવા ઉત્તમ પુરુષને જન્મ વખાણાય, સ્તવાય ને આરાધાય. જેઓના જન્મ જ

કલ્યાણક રૂપે થયો તેવા આજના દિવસને આપણે કલ્યાણક તરીકે ઉજવીએ છીએ. આરાધીએ છીએ.

તે ઉજવીએ શી રીતે ? તો રાજાને સન્માન, ભોજન અને સત્કાર કરીએ છતાં દરેકમાં તેમની આજ્ઞા ઉપર ધ્યાન રખાય છે, તેમ પુણ્ય દિવસ ઉજવતાં પ્રભુની આજ્ઞા ઉપર ધ્યાન દેવાની જરૂર છે. आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च.

વીરભગવાને જે વાણી આજ્ઞા હુકમ રૂપે કહી, તે વાણી ગંગાના જળ જેવી નિર્મળ વાણી જ ભવ્ય જીવોના આંતર મેલોને ધોઈ નાખવા સમર્થ છે. ભગવાનની આજ્ઞા રહિતપણે સ્વેચ્છાએ કરાતી ઉજવણીથી આત્મકલ્યાણ થતું નથી અને આંતર મેલ ધોવાતો નથી. આથી મહાવીરની વાણી તમારૂં કલ્યાણ કરો. જેઓ પ્રભુનાં જન્મકલ્યાણની મહત્તા સમજીને ઉજવશે અને ભગવાનની વાણી મુજબ વર્તન કરશે, તે મોક્ષ સુખ પામશે.

—સંગઠન પ્રેમી શ્રી નિત્યોદય સાગરજી ગણિવર્ય

## અક્ષયતૃતીયા પર્વ માહાત્મ્ય

### (શાસનમાં પ્રથમ સુપાત્ર દાન)

राधशुक्लतृतीयायां, दानमासीत् तदक्षयम् ।
पर्वाक्षयतृतीयेति, ततोऽद्यापि प्रवर्तते ॥१॥
श्रेयांसोपज्ञमवनौ, दानधर्म प्रवृत्तवान् ।
स्वाम्युपतमिक्षाऽशेषव्यवहारनयक्रमः ॥२॥
(कलिकालसर्वज्ञ भगवान् हेमचंद्रसूरि. त्रि.)

**જૈન, જૈનેતર માન્ય અક્ષયતૃતીયા.**

સામાન્ય રીતે અખિલ જૈન જનતા તો શું પણ સમસ્ત હિંદુ કોમ અક્ષયતૃતીયાના દિવસને ઉત્તમ દિન અને પર્વ દિન તરીકે માને છે. તે અક્ષય તૃતીયાનો દિવસ વૈશાખ સુદ ત્રીજનો કહેવાય છે. તે દિવસની ઉત્તમતા જગતમાં પ્રચલિત થવાનું કારણ એ જ કે ભગવાન શ્રીઋષભદેવજીને બાર માસિક તપસ્યાનું પારણું, તે જ દિવસે શ્રેયાંસકુમારે શેરડીના રસથી કરાવ્યું હતું. જો કે તીર્થંકરોને પહેલે

પારણે ભિક્ષા દેનાર મહાપુરુષોના નામો શાસ્ત્રોનાં પાને તો ચઢેલાં છે. અને તેની સાથે ભગવાન્ ઋષભદેવજીને પહેલા પારણે એટલે બારમાસીના પારણે ઇક્ષુરસનું ('उसभस्स उ पारणए इक्खुरसो आसि लोगनाहस्स । आव० नि० गा० ३२०) દાન દેનાર મહાપુરુષ શ્રેયાંસકુમારનું નામ પણ શાસ્ત્રોના પાનામાં ચઢેલું છે, છતાં કોઈ પણ તીર્થંકરના પારણાનો દિવસ જો આખી જૈન કોમમાં જાહેર પારણારૂપે પ્રખ્યાતિ પામ્યો હોય અને જૈનેતર કોમમાં પ્રસિદ્ધ પર્વ દિવસ તરીકે પ્રસિદ્ધ થયો હોય તો તે ફક્ત આ એક વૈશાખ સુદ ત્રીજનો જ દિવસ કે જેને સર્વલોકો અક્ષય તૃતીયા (અખાત્રીજ) તરીકે માને છે.

**અખાત્રીજની જાહેરાતનાં કારણો.**

આ પારણાના અખાત્રીજના દિવસને વધારે જાહેરાત મળવાનાં કારણો તપાસીએ.

૧. આ આખી અવસર્પિણીમાં પાત્રદાન જે પ્રવર્ત્યું છે, તેની જડ ગણીએ-તો આ અખાત્રીજનો જ દિવસ છે! ભગવાન્ ઋષભદેવજીને પારણાને દિવસે જે પાત્રદાન દેવામાં આવ્યું તેની પહેલાં કોઈ મનુષ્ય પાત્રદાનને સમજતું જ ન હોતું (णवि ताव जणो जाणइ का भिक्खा ? केरिसा व भिक्खयरा ? । आव० मू० गा० भा० १३) અને તેથી ભગવાન્ ઋષભદેવજી મહારાજે દીક્ષાને અંગે તો માત્ર છટ્ઠની તપસ્યા કર્યા છતાં જે વર્ષ દિવસ (भगवं अदीणमणसो संवच्छरमणसिओ विहरमाणो । आव० नि० गा० १३८) સુધી તપસ્યા કરવી પડી તે કેવળ પાત્રદાનની પ્રવૃત્તિ ન હોવાને અંગે જ હતી.

૨. આ અખાત્રીજને દિવસે પાત્રદાનની પ્રવૃત્તિ પહેલવહેલી થએલી હોવાથી લોકોને સાધુમાર્ગનું અક્ષયપણું લાગ્યું અને તેથી આ દિવસને અક્ષયતૃતીયા એટલે અખાત્રીજ કહી. (ભગવાન ઋષભદેવજીના દીક્ષાકાળ પછી આ પાત્રદાનની પ્રવૃત્તિનો કાળ બાર મહિના અધિકનો હોવાથી જ ભગવાન્ ઋષભદેવજીની સાથે સંસાર છોડીને દીક્ષિત થએલા ચાર હજાર સાધુઓ (विसयसुहुच्छुमीए चउहि सहस्सेहि सो उ० । आव० नि० गा० ३१४) લજ્જાને લીધે ઘેર પણ જઈ શકયા

નહિ અને નિરાહારપણે રહી શકયા નહિ, પરંતુ તે ચારે હજારોને તાપસપણાની સ્થિતિ (ते भिक्खमलभमाणा वणमज्झे तावसा जाया ॥ आव० मू० भा० गा० ३) અંગીકાર કરી ભગવાનનું ધ્યાન કરતા ફળફૂલનો આહાર કરી વનવાસ સેવવો પડયો. એવી સ્થિતિ ભવિષ્યના સાધુઓની ન થાય, કિંતુ સાધુપણાની સ્થિતિ અક્ષયપણે ભવિષ્યના સાધુઓ રાખી શકે એવું પાત્રદાન આ દિવસે જ પ્રવર્ત્યું

૩. શ્રેયાંસકુમારે જો કે સાધુપણું સાધુઓનું દાન કે તેની રીતિ તે અયોધ્યામાં કે બીજી કોઈ પણ જગ્યાએ જોયાં કે જાણ્યાં ન હતાં, પણ તેને જાતિસ્મરણથી પોતાનો અને ભગવાનનો ઘણા ભવનો સંબંધ જાણ્યો (जातिस्सरणं जातं, सो य पुव्वभवे सामिस्स सारही आसि, आव ० चू० पृ ० १३६) અને તે જ સંબંધ આ અક્ષય તૃતીયાને દિવસે દાન દઈ, તેના પ્રભાવે ભવિષ્યમાં આત્માને ઉન્નત કરી અવ્યાબાધ-પદ મેળવતાં ભગવાનની સાથેનો સંબંધ અક્ષય થવાનો નક્કી કરી અક્ષય તૃતીયાપણું સ્થાપ્યું.

૪. જગતમાં પહેલા પરમેશ્વર ભગવાન ઋષભદેવજી, તેમનું પહેલું પારણું. જગતમાં પ્રથમ દાતાર શ્રેયાંસકુમારજી. તેમનો દાનનો દિવસ. ઉત્તમ દેય વસ્તુ તરીકે ગણાયેલો શેરડીનો રસ. તેના દાનનો દિવસ તે અક્ષય તૃતીયાનો દિવસ.

૫. આ આખી ચોવીસીમાં વસુધારાદિક પાંચે દિવ્યને (बुट्ठं च अहोराणं दिव्वाणि अ आहयाणि तूराणि । देवा य संनिवइआ वसुहारा चेव वुट्ठा य ॥ आव ० नि ० गा ० ३११) પહેલ વહેલાં પ્રગટ થવાનો દિવસ તે અક્ષય તૃતીયા.

૬. સૌથી પહેલા એવા રાજા ભગવાન્ ઋષભદેવજી હોવાથી પ્રથમ રાજર્ષિના પ્રથમ પારણાનો દિવસ તે અક્ષય તૃતીયા.

૭. વ્યવહારમાં આવેલા તે વખતના સકલ દેશોના રાજાઓના પિતાના પહેલ વહેલા પારણાનો દિવસ તે અક્ષય તૃતીયા.

૮. પ્રભુના અનાહારપણાને લીધે સંતાપ્ત થએલા સકલ દેશના પ્રજાજનોને સાંત્વન આપનાર દિવસ તે અક્ષય તૃતીયા.

૯. શુદ્ધ–દેય–વસ્તુનો તીર્થંકર મહારાજ જેવા શુદ્ધતમ પાત્રમાં શ્રેયાંસકુમાર સરખા શુદ્ધ ભાવવાળાને હાથે દાન થવાનો દિવસ તે અક્ષય તૃતીયા.

૧૦. અક્ષય ફળને દેનાર એવા સુપાત્ર–દાનને પ્રવર્તાવનાર દિવસ તે અક્ષય તૃતીયા.

૧૧. સુર, અસુર, દાનવ અને નરેન્દ્રોને પણ પહેલવહેલા આનંદિત કરનારો દિવસ તે અક્ષય તૃતીયા.

૧૨. પહેલા ભગવાન, પહેલું દાન, પહેલો દાતાર, પહેલાવહેલાં દેયનો સુપાત્રમાં ઉપયોગ થવાનો જે દિવસ તેનું નામ અક્ષય તૃતીયા.

૧૩. સૂર્યનાં છૂટાં પડેલાં કિરણો પાછા જોડાવાથી સૂર્ય શોભ્યો, શ્યામ મેરુ અમૃતના સિંચનથી ઉજ્જવળ થયો અને રિપુ સાથે યુદ્ધ કરતો મહાપુરુષ શ્રેયાંસની સહાયથી જીત્યો. એ સ્વપ્ન દેખવાથી પ્રવર્તેલ દાન–ધર્મનો દિવસ તે અક્ષય તૃતીયા.

૧૪. શ્રેયાંસકુમાર, સુબુદ્ધિ શેઠ અને રાજાને સ્વપ્ન આવવાપૂર્વક પ્રવર્તેલ દાન–ધર્મનો દિવસ અક્ષય તૃતીયા.

**આદ્ય દાનદિન અક્ષય તૃતીયા અંગેના પ્રશ્નો.**

આ ઉપરથી પ્રશ્નો થશે કે મેરુ કયો ? તેને કોણે અમૃતથી સીંચ્યો ? સૂર્ય કયો ? તેનાં છૂટાં પડેલાં કિરણો તેને કોણે પાછાં જોડયાં ? અને મહાપુરુષ કયો ? અને તે કોની સહાયથી જીત્યો ? વળી શ્રેયાંસ કુમાર; શેઠ, અને રાજાને સ્વપ્ન આવ્યાં તે શું ? તે બધાનો ખુલાસો નીચેની હકીકત ઉપરથી થશે.

## સૂર્યનાં ખસેલાં સહસ્ર કિરણો પાછાં જોડયાં એટલે શું ?

**સોમયશા રાજાનું સ્વપ્ન.**

ઉપરના અધિકારને તમો વર્ષોવર્ષ સાંભળો છો, જાણો છો અને માનો છો, પણ રહસ્યને વિચારવા તરફ જ લક્ષ્ય ઓછું દોડાવ્યું હશે, તો પછી તેની તાત્ત્વિક સમીક્ષા કરી હોય એવો સંભવ નથી

એમ કહેવામાં ભાગ્યે જ ભૂલ થતી ગણાય. તમો શું એટલી ખાતરી દાનધર્મને માટે રાખો છો કે કિરણ વિનાના સૂર્યની જે દશા ગણી શકીએ તે દશા દાન વિનાના શાસન કે ધર્મરૂપી સૂર્યની છે કે ગણાય ? જો શાસન સૂર્યને માટે તો દાનધર્મ મૂલરૂપે સહસ્ર કિરણને સ્થાને છે એમ ગણી શકે તો :—

તમારી તે સુપાત્ર-દાનની પ્રવૃત્તિ, વૃદ્ધિ અને અતિશયતા તરફ કેવું લક્ષ્ય હોવું જોઈએ તે સહેજે સમજાશે અને જ્યારે સુપાત્રની તે સ્થિતિ સમજાશે, ત્યારે શીલ, તપ અને ભાવ એ ત્રણે ભેદો જરૂરી છતાં શિક્ષાવ્રત તરીકે અને તેમાં પણ છેવટે વ્રતના છેડા તરીકે હોઈ કલશ તરીકે સુપાત્ર-દાનને સ્થાન મલ્યું છે તે સમજવાની સુગમતા થશે.

**ભાવના માત્રથી હજાર કિરણને જોડાવું એ દાનધર્મને જ વરે છે**

એ બીના ઉપર પણ ખાસ ધ્યાન આપવા જેવું છે કે અન્ય સર્વ વ્રતોમાં તે તે વૃત્તિપાલનનો જ ઉપદેશ અને તે વૃત્તિપાલનને અંગે જ ફળ આવે છે. જ્યારે દાનને અંગે તો જાહેર થયેલ અને આચરાતા વ્રતને અંગે તો દાન દેવાનું ન મળે, પણ તેનું ફળ લેવા માટે વિચારની શ્રેણી ગોઠવવા નિર્દેશ કરેલો છે અને તેવી ગોઠવણીથી વિચાર માત્રથી પણ વ્રત-પાલન થઈ ગયું એમ વ્રતધારીએ માની લેવું યોગ્ય છે, એમ શાસ્ત્રકાર જણાવે છે, અને આપણે માનીએ છીએ, અર્થાત્ ભાવના માત્રથી હજાર કિરણોનું જોડાવું માનવું એ દાનધર્મને જ વરે છે.

**અનુમોદનાથી ફળ આપનાર દાન-ધર્મ જ છે.**

આ હકીકત બરોબર વિચારવાથી સમજાશે કે બીજાં બધાં વ્રતો કરતાં આ દાનનું જ વ્રત એવું છે કે જેને ન પાલનારો અર્થાત્ દાનને ન દેનારો હોય, છતાં માત્ર થતા વ્રતનું એટલે કરાતા દાનનું અનુ-મોદન કરવાથી પણ અનેક ભવ્યાત્માઓએ ફળ મેળવ્યાં છે અને તે હકીકત સૂત્ર, સિદ્ધાંત, પંચાંગી અને ગ્રંથોથી સેંકડો સ્થાને સિદ્ધ થયેલી છે.

**દાન-ધર્મની જરુર**

શરીર વિના મોક્ષ નથી, આહાર વિના શરીર નથી અને દાન-ધર્મની પ્રવૃત્તિ થયા વિના આહારની પ્રાપ્તિ થતી નથી. એ વાતને

સમજનારો મનુષ્ય આહારાદિ દાનને તીર્થરૂપ માનવા દોરાય તેમાં નવાઈ શી ?

**શ્રેયાંસને લાભદાયી શેઠને આવેલું સ્વપ્ન શાસન માટે છે.**

મહાશયો ! શું તમો તમારા આત્માને એવી અવસ્થામાં મૂકી શક્યા છો કે તમારા સ્વપ્નના ફળની સંકલના પણ શાસનના સરવાળા સાથે હોય? નગરશેઠ જેવા અગ્રગણ્ય પુરુષો શ્રેયાંસને લાભદાયી સ્વપ્ન દેખે અને શ્રેયાંસકુમારને સ્વપ્નસૃષ્ટિની સફળતા શાસન–સૌધની શ્રેયસ્કરતામાં જ મેળવે છે. એ સર્વે ભાગ્યચક્રની ચેષ્ટા છે.

**સ્વપ્ન સંસ્કાર દશાની પરિપકવતા છે. શ્રેયાંસની સહાયથી સુભટનો જય.**

આ વાત તમારી ધ્યાન બહાર નહિ જ હોય કે સ્વપ્નદશા જો કે સર્વથા જાગૃતદશા નથી, તેમ સર્વથા નિદ્રિતદશા પણ નથી, કિંતુ કાંઈક જાગૃત દશા અને કંઈક નિદ્રિત દશા હોય છે, ત્યારે જ સ્વપ્ન દશા હોય છે. આવી દશામાં સંકલ્પ–વિકલ્પોની જાળ ટકી શકતી નથી અને તેમાં પોતાની ધારણા પ્રમાણે સ્વપ્નસૃષ્ટિ બનાવી શકાતી નથી. અર્થાત્ ખરી રીતે સ્વપ્નસૃષ્ટિની સર્જનહાર સંકલ્પ–દશા નથી. પણ આત્માની સંસ્કાર–દશાની પરિપકવતા છે.

**જેને અંગે સ્વપ્ન તેને તેનું ફળ.**

આ વાત ધ્યાનમાં લેવાથી જ સ્પષ્ટ રીતે સમજી શકાશે કે સંસ્કારની પરિપકવ દશા પોતાને અંગે હોય તો તે સ્વપ્નસૃષ્ટિના ફળને પોતે જ મેળવે. આ અપેક્ષાએ ભગવાન્ તીર્થંકર આદિની માતાઓ ચૌદ વગેરે સંખ્યાનાં સ્વપ્નાં જુએ અને પરને અંગે હોય તો પરજન મેળવે અને ઉભય જન અંગે હોય તો ઉભય જન મેળવે છે. તેના ફળ તરીકે થનારા જીવોનું તીર્થંકર આદિપણું હોય છે.

**દોહલાઓ ગર્ભના પ્રભાવે હોય છે.**

એ રીતે ગર્ભધારણ કરવાવાળી માતાના દોહલા પણ સ્વસંકલ્પના માત્ર પરિણામરૂપ નથી, પણ ગર્ભમાં આવેલા જીવોના સંસર્ગથી પરિપકવ થયેલ સંસ્કારને અંગે હોય છે. અને તેથી તે સ્વપ્ન અને દોહલાઓને ગર્ભમાં આવનારા જીવની અપેક્ષાએ ઉદ્ભવતા ગણીને જ શાસ્ત્રકારોએ "जं रयणिं वक्कमई कुच्छिंसि महायसो अरहा (कल्प सू० ४७) એ વગેરે સ્પષ્ટ વાક્યો જણાવ્યાં છે.

આ બધી વાત સમજતાં એ પણ સાથે જ સમજવાનું છે કે પરના સંબંધને અંગે થયેલ સંસ્કારના પરિપક્વપણાને લીધે પણ પરાશ્રય ફળવાળાં સ્વપ્ન વગેરે આવે છે, છતાં અન્યને અંગે દેખવાથી ફળ મેળવનારને તો મળે, પણ તે ફળને સાધનાર સ્વપ્નો સ્વપ્નને મેળવનારની દશા ઉપર ઘણો આધાર રાખે છે.

**સોમયશા રાજાને આવેલ સ્વપ્ન.**

આ વાત ધ્યાનમાં લેવાથી એક જ સુપાત્રના ફળને સૂચવવામાં મહારાજા સોમયશા સુભટની જીતમાં મદદગાર થવા તરીકે શ્રેયાંસની ઉત્તમ ફળ સામગ્રી પ્રાપ્ત થવાની જણાવે છે.

**નગરશેઠનું સ્વપ્ન.**

શ્રીમાન્ નગરશેઠ સૂર્યનાં કિરણો ખરી પડેલાં દેખી, તે હજારે કિરણો સૂર્યમાં જોડવા દ્વારાએ શ્રી શ્રેયાંસકુમારને ઉત્તમ ફળ પ્રાપ્તિની પ્રવીણતા જણાવે છે.

**રાજવી અને શેઠપણાનાં જ તેમનાં સ્વપ્ન.**

કહેવું જોઈએ કે મહારાજાના રાજ્ય ધર્મની લાયકાત પ્રમાણે સુભટનું પરાક્રમ, તેની હાર અને તેમાં શ્રી શ્રેયાંસકુમારની મદદથી જિત મેળવવાનું દેખવું થયું. અને શ્રીમાન નગરશેઠને સાહજિક લોકોપયોગી કાર્યની એકનિષ્ઠા હોય અને તેથી તે પદ્ધતિએ સૂર્યનાં કિરણોનું ખરી જવું થઈ, લોકોપકારની પ્રવૃત્તિ બંધ થઈ અને ત્યાં શ્રેયાંસકુમારે ભાગ્યશાળીપણાની યારીથી તે હજાર કિરણો પાછાં સૂર્યમાં મેળવ્યાં. એમ શ્રેયાંસને ફળવાળું પણ સ્વપ્ન મહારાજાએ મહારાજાપણાના હિસાબે અને શ્રીમાન્ નગરશેઠે શ્રીનગરશેઠપણાને હિસાબે જોયાં છે. જ્યારે આમ રાજા અને શેઠને અંગે રાજ્ય અને લોકોપયોગના સંસ્કારથી તે સ્વપ્નાં અને તે સ્વપ્નનું ફળ ગણવામાં આવ્યું.

શ્રેયાંસકુમારે મેરુને અંગે જોયેલી સ્વદશાને વિચારીએ કે જેથી તેની દિશા ઓળખી શકાય.

## શ્રેયાંસકુમારનું સ્વપ્નું.

**રાજા આંગણે આવે, અશન આદિની વિનંતી ન થાય.**

આ અવસર્પિણીમાં પ્રથમ સુપાત્રદાનના પ્રસંગમાં આપણે જાણીએ

છીએ કે ગ્રામાધીશ, દેશાધિપ, ખંડાધિપ કે સાર્વભૌમસત્તાધીશો બોલાવ્યા કે અણબોલાવ્યા કોઈ પણ પ્રજાજનને ત્યાં પધારે છે, ત્યારે કોઈપણ પ્રજાજન ગ્રામાધિપ આધિપ આદિને અભ્યંતરપણે ઇષ્ટ હોય તો પણ અશન, પાનાદિકને દેવાનું કે તેની વિજ્ઞપ્તિ કરવાનું યોગ્ય ગણતો નથી, તો પછી અખંડ અને આદ્ય અધિપતિપણાને કરનાર અને જગતની સર્વ વહેવારની ઉત્પત્તિ જેઓના બુદ્ધિ પ્રાબલ્ય આદિને જ આભારી હતી, તેવા મહાપુરુષ પોતાની જ પાસે કોટવાલ તરીકે, માન્યતમ ગુરુવર્ગ તરીકે, સમાન સ્થિતિમાં રાખેલા હોઈ રાજન્ય તરીકે અને છેવટે ત્રણે વર્ગમાં પણ જેઓને ચઢાવી શકયા કે ચઢી શકયા નહિ તેવા ક્ષત્રિયો પ્રજાવર્ગ તરીકે લાખો, પૂર્વો અને કરોડો વર્ષો સુધી રહેલા, રાખેલા એવા મનુષ્યો પાસે પોતાની રાજ્ય ઋદ્ધિની મુકુટાદિ સહિતની દશાને સર્વથા વોસરાવવા સાથે રાજ્યના કટકા બુકલા કરી પોતાના ફરજંદોને આપી દઈ પોતે એકલા નીકળી પડેલા, તે આરક્ષક આદિને ઘેરે પગલાં કરે તે વખતે તે આરક્ષકાદિ શું શું આપવા નિમંત્રણ કરે એ સહેજે કલ્પી શકાય તેવી હકીકત છે.

**ઋષભદેવ ભગવાનને અશન આદિની વિનંતી સ્વાભાવિક જ ન કરે.**

વળી તેમાં પણ જે ભગવાન્ ઋષભદેવજીએ લાગલગાટ એક વર્ષ સુધી અખંડપણે અને દેવતાની હાજરીમાં કરોડો સોનૈયા અને હાથી ઘોડા વગેરેનાં જ દાન દીધાં છે. પણ અશન, પાનાદિનું દાન અન્ય તીર્થંકરોના વખતોમાં તેમના કે તેમના કુટુંબ તરફથી બન્યું છે, છતાં ભગવાન ઋષભદેવજીના સાંવત્સરિક દાન પ્રસંગે તેવા મહાન-સાદિ બોલાવી અશનાદિનું દાન નથી બન્યું. તેથી પણ અશનાદિની માત્ર દરકાર રાખવાવાળા આદ્ય ભિક્ષાચાર એવા ભગવાન શ્રી ઋષભ-દેવજીને અશનાદિની નિમંત્રણા કોઈ પણ ન કરે તે તેમને માટે અસ્વાભાવિક ન હતું.

તેમજ હાથી, ઘોડા આદિ કે જેનો પોતે પ્રથમ રાજ્યાધિકારમાં અત્યંત આદરથી સંગ્રહ કર્યો હતો (विरहमणो कण्णाहि निमंतिज्जइ वत्थाभरणासणेहि च, आव० नि० गा० ३१८) તેનું નિમંત્રણ થાય તે સ્વાભાવિક જ હતું.

**ભગવાનની અનૌચિત્ય પ્રવૃત્તિ ન હોય.**

આવી સ્થિતિમાં ભગવાન ઋષભદેવજી પોતે અશનાદિના દાનનું પાત્ર છે, એમ જણાવવું કેવું અસંભવિત થઇ પડે તે કલ્પના બહાર નથી અને આવી દશામાં એ કલ્પનાને પણ સ્થાન નહિ મળે કે ભગવાન શ્રી ઋષભદેવજીએ સાથે પ્રવ્રજ્યામાં દાખલ થએલાની અને ભગવાનના ભરોસે જ કુટુંબકબીલા અને ઘરબાર છોડનારાઓની દીક્ષા ટકાવવા જેવા મહા–ભગીરથ પરોપકારી કાર્યમાં કેમ પ્રવૃત્તિ નહિ કરી હોય? એવા જગતના વ્યવહારને સર્જનારને આવી દશામાં દાખલ થવું એ અસંભવિત છે, તેમ અકલ્પનીય પણ છે જ. સામાન્ય મનુષ્યની ઔચિત્ય પ્રવૃત્તિ ચહાય તેવી હોય, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની ઔચિત્ય પ્રવૃત્તિ અનોખું સ્થાન લે તે અયોગ્ય નથી.

**આદીશ્વર ભગવાને ચાર હજાર મુનિઓને ટકાવવા દાનનો ઉપદેશ કેમ ન આપ્યો?**

આ ઉપરથી એમ પણ સમજી શકાશે કે ભગવાને દીક્ષા ગ્રહણ કર્યા પછી ચાર હજાર સહચારીઓના શ્રમણભાવને ટકાવવા માટે પણ સુપાત્રદાનનો ઉપદેશ કેમ નહિ આપ્યો હોય? અર્થાત્ કેટલીક બાબતમાં ત્રિલોકનાથની ઔચિત્ય પ્રવૃત્તિ અલૌકિક જ હોય છે. આ વાત બરોબર ધ્યાનમાં લેવા જેવી એટલા માટે છે કે ભગવાન્ ધર્મઘોષસૂરિજીએ આ જ ભગવાન્ શ્રીઋષભદેવજીના જીવ આગળ સાધુઓને કેવી ભિક્ષા કલ્પે વગેરે જણાવ્યું છે (सर्वथा स्वप्रमादेन, लज्जितोऽस्मि प्रसीदत । साधून् प्रेषयताऽऽहारं, प्रयच्छामीच्छया यथा ॥१३॥ सूरिर्बभाषे योगेन, वर्त्तमानेन वेत्सि नु । अकृताऽकारिताऽचित्तमन्नाद्युपकारोति नः ॥ त्रि० श्लो० १३५ ॥), છતાં તે જ ભગવાન્ આ વખતે ચાર હજાર સહચરોના સાધુપણાના રક્ષણ માટે તેટલો રીતિનો પણ ઉપદેશ કે ઇશારો કરતા નથી. આ ઘટનાના મૂળમાં એમ વિચારવું અસ્થાને નહિ જ ગણાય.

**કેવળજ્ઞાન પહેલાં મૌનપણું જ તીર્થંકર માટે શ્રેયસ્કર છે.**

આદ્ય પ્રવૃત્તિ જણાવનારને પ્રવૃત્તિની કર્તવ્યતા જણાવતાં તેનું અનંતર અને પરંપર ફળ જણાવવું તે આવશ્યક થાય, તેમજ દાનના

પાત્રનું પણ સરસ રીતે વિવેચન કરવું પડે એટલે કહો કે શાસનની સ્થાપના જ સર્વજ્ઞપણું પ્રકટ થયા વિના કરવાનો પ્રસંગ આવી પડે, માટે મૌન રહેવું અને સહન કરવું એ જ પ્રભુએ લીધેલો માર્ગ યોગ્ય હતો, એમ બુદ્ધિશાળીઓને માનવું જ પડશે,

મેરુ સિંચનનું શ્રેયાંસનું સ્વપ્નું.

એક વાત ચાલુ અધિકારને અંગે વિશેષે વિચારવા જેવી છે, જે તે એ છે કે શ્રી શ્રેયાંસકુમારને ફળ દેનાર તરીકે સાચું સ્વપ્ન આવ્યું એ સ્વપ્ન સુમેરુનું કેમ ? શ્રી સોમયશા મહારાજાને સુભટ અને તેની હારજિત સંબંધી તથા નગરશેઠને સૂર્યનાં કિરણોનું ખરી જવું અને શ્રેયાંસકુમાર દ્વારા એ જોડાવું દેખાણું, પણ ખુદ શ્રેયાંસકુમારે મેરુનું શ્યામ થવું અને અભિષેકથી ઉજ્જવલ થવું કેમ દેખ્યું તે વિચારવાની આવશ્યકતા છે.

અભિષેક આદિ કારણોથી મેરુનું મહત્ત્વ.

આ સ્થાને આ વાત જણાવવાની જરૂરી છે, કે કોઇ પણ બાળક, પછી રાજાનો કુંવર હો કે રંકનો છોકરો હો, પણ પ્રત્યક્ષ દેખાતી સુંદર રૂપની વાતો કરતાં અદ્રશ્ય અને આશ્ચર્યકારી વાતો તરફ વધારે લક્ષ્ય ધરાવનારો હોય છે. વળી તે વખતની સ્થિતિની અપેક્ષાએ આબાલગોપાલમાં મેરુની કીર્તિ ઘણી જ જાહેર રીતે ગવાઇ હતી.

ભગવાન જિનેશ્વર મહારાજાના અભિષેકને અંગે જાહેર થયેલ પર્વત એ જ છે કે જે મેરુના નામે હતો. ભગવાન્ ઋષભદેવજી મહારાજ અને બીજા પણ મહારાજાઓની મહત્તાનું માપ એ જ મેરુની ઉપમાથી લેવાનું સંસારી લોકોને દ્રવ્યની જે અભિલાષા હોય છે, તેમાં ચિરસ્થાયી કહેવાય નહિ, બળે નહિ અને બહુ મૂલ્ય, એવું જો કોઇ દ્રવ્યનો હિસ્સો ગણાયો હોય તો બીજો કોઈ નહિ પણ માત્ર સુવર્ણનો જ હિસ્સો તેવો ગણાયો છે.

મેરુ સોનાનો હોવાથી પરમ કોટી મેરુને વરે છે.

જો કે રત્નાદિ વસ્તુઓ પદાર્થ તરીકે સ્થાન સ્થાનપર વખણાય છે. પણ કાન્તિના પ્રાગભારને માટે ચાંદી અને સોનાને સ્થાન વિશેષે

મળે છે અને કાન્તિના સ્થાનમાં સોનાને રાખી સોનું અને સુગંધ એવું દૃષ્ટાંત ઉભયની યોગ્યતા માટે વપરાય છે. આ બધી વાતની સાથે જ્યારે એમ જાહેર રીતે સિદ્ધ થયું કે મેરુ સોનાનો છે, તો પછી કાન્તિમાન્ પદાર્થોની પરમ કોટી મેરુને વરે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. અને જ્યારે મેરુ તે સ્થિતિમાં જાહેર હોય તો પછી તે સંબંધનું સ્વપ્ન સામાન્ય રીતિએ શ્રેયાંસકુમારને આવે અને તેમાં વર્તમાનની અધમતા ગણાવવા સાથે ભવિષ્યની ઉત્તમતા જણાવવી હોય તો તેની શ્યામતા અને છેવટે તેના અભિષેકથી તે સુવર્ણમય મેરુની અધિક કાંતિમત્તા દેખાય તેમાં આશ્ચર્ય નથી.

**સ્વપ્નના પ્રકાર.**

સામાન્ય રીતે જોકે અનુભવેલી, સાંભળેલી અને દેખેલી વગેરે વસ્તુઓ સ્વપ્નનો વિષય બને છે, પણ ચિન્તના એ એવી અપૂર્વ વસ્તુ છે કે તેનો પ્રભાવ સ્વપ્નદશા ઉપર જબરજસ્ત પડે છે. જોકે ચિન્તાના પ્રાબલ્યપણાને લીધે આવતું સ્વપ્ન ફળ દેનાર તરીકે ગણાતું નથી અને તેથી ચિન્તાની શ્રેણિથી આવતાં સ્વપ્નોને નિરર્થક ગણવામાં આવે છે, પણ અનુભવ વગેરે ભેદો જુદા પાડેલ હોવાથી ચિન્તાના સ્વરૂપને યથાર્થ રીતે સમજવાની જરૂર છે, કેમકે જો વિચાર માત્રને ચિન્તા સ્વરૂપે ગણવાનો હેતુ હોત, તો અનુભવાદિ સર્વ જે સ્વપ્નના હેતુઓ ગણાવેલા છે, તે વિચારથી બહાર તો નથી. માટે સ્મૃતિ અને સમન્વહારને ચિંતા સ્વરૂપ ગણવા પણ માત્ર બોધને અથવા સામાન્ય અધ્યવસાયને ચિંતા સ્વરૂપે ગણવાં વ્યાજબી નથી, અને તેવી મેરુની રાજ્યવર્ણન, ભૂપતિસ્તુતિ, સ્થિરતા, સુવર્ણમયતા, અતિશયપ્રભા સહિતતા આદિ ગુણોને અંગે અદ્વિતીય છાયા શ્રેયાંસકુમારના મગજમાં પડે એ અસ્વાભાવિક નથી, અને તેથી તે સંબંધી નઠારી અને સારી દશા જે સંભવે છે તે સંબંધી સ્વપ્ન આવે તે સ્વાભાવિક જ છે.

**શ્રેયાંસકુમારને આવેલું મેરુ સિંચનનું સ્વપ્ન યોગ્ય જ હતું.**

જેમ સોમ મહારાજાને જીતનું, નગરશેઠ સાહેબને સૂર્યનું સ્વપ્ન આવું યોગ્ય હતું તેવી જ રીતે શ્રેયાંસકુમારને અંગે મેરુની શ્યામતા

અને અમૃતના અભિષેકથી થયેલી ઉજ્જવલતા દેખાય તે સ્વાભાવિક જ છે.

**અમૃતરસના સિંચનથી મેરુની શ્યામતા જાય જ.**

જોકે સુવર્ણની શ્યામતા ટાળવા માટે વહ્નિ કે ક્ષાર જેવા પદાર્થની જરૂર દુનિયામાં ગણાઈ છે, પણ સર્વ સાધારણ રીતે જગતમાં અમૃતરસ સર્વ રસમય અને સર્વ કાર્ય કરનારો ગણાતો હોઈ, તે અમૃતના અભિષેકથી સુવર્ણમય મેરુની શ્યામતા નષ્ટ થાય એમ દેખાય અને સુવર્ણમય મેરુ સ્વાભાવિક સુવર્ણની જે શોભા પામે તેના કરતાં અમૃતના અભિષેકથી વિશેષ શોભા પામતો દેખાય તેમાં આશ્ચર્ય નથી.

**સુપાત્રદાન ધર્મનું અસાધારણ કારણ છે.**

પ્રથમના બે સ્વપ્નમાંથી જેમ યુદ્ધવીર અને દાનધર્મની જાજ્વલ્યમાનતા ધ્વનિત કરાઈ, તેવી જ રીતે અહીં ધર્મવીરપણું ધ્વનિત કરાયું છે, એમ માનવામાં અયોગ્ય થાય છે એમ કહી શકાય જ નહિ. સુવર્ણની સ્વાભાવિક કાંતિ માફક આત્માના સદ્દર્શનાદિ ધર્મ સ્વાભાવિક ગણાય અને આવિર્ભાવ દશામાં વધારે શોભે અને તેનો દેખાવ જ શ્રી શ્રેયાંસકુમારના સ્વપ્નમાં આવે અને આત્માના સ્વાભાવિક અને અવ્યાબાધ સ્વરૂપને પ્રગટ કરનાર ધર્મના અસાધારણ કારણ તરીકે સુપાત્રદાન જ છે એમ સ્વપ્નદ્વારાએ કુદરત જ જણાવે છે.

**અક્ષય તૃતીયાનું આરાધન અક્ષય સુખ માટે છે.**

ઉપર જણાવ્યા પ્રમાણે મેરુ, અભિષેકાદિ શ્રેયાંસકુમારાદિને આવેલા સ્વપ્નાદિથી 'આદિદેવને દેવાએલા આદિ દાનથી ઉત્તમોત્તમ ગવાએલા અક્ષયતૃતીયાના દિવસનો પારણાને અંગે લાભ લેવા વર્ષીતપ કરનારા અને તેના સંબંધીઓ જ્યાં જ્યાં ભગવાન્ ઋષભદેવજીનું શ્રીસિદ્ધાચલજી, શ્રીકેસરીઆજી, શ્રીઅયોધ્યાજી વગેરે સ્થાને તીર્થ છે, ત્યાં ત્યાં જાય છે ચૈત્ર વદ ચૌદસને દિવસે ઉપવાસ લેવાથી કેટલાક તપસ્વીઓને ચાર ઉપવાસ ચાલુ વર્ષીતપમાં પણ કરવાના થાય છે અને તે અક્ષયતૃતીયાને દિવસે પારણામાં માત્ર શેરડીનો રસ અગર તેની દુર્લભતા હોય તો માત્ર સાકરના પાણીથી પારણું કરવામાં

આવે છે. આવી તપસ્યાની છેલ્લા ઉપવાસોની અને પારણાની સ્થિતિ દેખીને સર્વ ભાગ્યશાળો જીવો તો અંતઃકરણથી તે પર્વની અને તે તપસ્વી વગેરેની અનુમોદના જ કરે અને તે અનુમોદના દ્વારાએ, તપસ્વીઓની ભક્તિ, ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા, ભક્તિ અને સાધર્મિક-વાત્સલ્ય કરવા-સાથે અક્ષયતૃતીયાના દિવસે આત્માને અક્ષય ફળ મેળવવા માટે લાયક બનાવે.

## શ્રી સિદ્ધક્ષેત્રની મહત્તા

સોરઠ દેશમાં પવિત્રતમ એવો સિદ્ધક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ થએલો શત્રુંજય ગિરિરાજ છે. એ વાત જૈનજનતામાં સારી રીતે પ્રસિદ્ધ છે. આ ગિરિરાજ તે જ છે કે જેની ઉપર પાંચ ક્રોડ મુનિના પરિવાર સહિત પુંડરીકસ્વામી મહારાજ આ ક્ષેત્રના પ્રભાવે જ કેવળજ્ઞાનને પામી અવ્યાબાધ પદને વરેલા છે. આ પુંડરીકસ્વામીજીનું આ તીર્થક્ષેત્રમાં સ્થિરતા કરી રહેવું ભગવાન ઋષભદેવજી મહારાજના હુકમથી જ થયું છે, જો કે આ ગિરિરાજ ઉપર પાંડવો, શ્રીરામચંદ્રજી વગેરે અનેક મહાપુરુષોનું ક્રોડો મુનિઓ સાથે મોક્ષે જવું થએલું છે.

આ સ્થાને ક્રોડ શબ્દથી સો લાખની જ સંખ્યા લેવાની છે, કેમકે જો વીસની સંખ્યા જે કોડી તરીકે કહેવાય છે, તે જો લેવામાં આવે તો એમાં કંઈ તીર્થની અતિશયતા છે જ નહિ, કેમકે જો બીજાં ક્ષેત્રો અને બીજા તીર્થોમાં પણ સેંકડો અને હજારો મુનિઓ મોક્ષપદને પામેલા જ છે. વળી ક્રોડની જગ્યાએ કોડી લઈ લેશે, પણ નારદજી એકાણું લાખની સાથે મોક્ષે ગયા તેમાં લાખની જગ્યાએ કઈ બીજી સંખ્યા લેવાની અને જો એકાણું લાખ સરખી સંખ્યા બરાબર લાખના હિસાબે જ જો મંજુર હોય, તો પછી સો લાખની ક્રોડ સંખ્યા માનવામાં અડચણ શી ? કદાચ શાસ્ત્રવચનો ઉપર શ્રદ્ધાનું સારીપણું ખોએલ હોઈને શ્રદ્ધા ન પણ હોય અને કેવળ શરીરના પ્રમાણ ઉપર જ જવાતું હોય તો પણ તે તે વખતનું પ્રમાણ શાસ્ત્રકારોએ મોટું જણાવેલું જ છે, અને

તેથી કાઉસ્સગ્ગની અપેક્ષાએ જો તે વખતના માપનું ક્ષેત્રગણિત કરવામાં આવે તો કોઈ જાતનો વિરોધ આવે નહિ, પણ જેઓને ન તો શ્રદ્ધાનુસારીપણે શાસ્ત્ર-વાક્ય માનવું હોય, ન તો હિસાબ કરવો હોય, પણ કેવળ પરંપરાથી મોક્ષ પામવાવાળાની સંખ્યા ન લેતાં મનસ્વીપણે બોલવું અને બોલાવવું હોય તેવાઓની આગળ શાસ્ત્ર અને યુક્તિ વગેરેનો પ્રકાશ સફળ ન થાય તે સ્વાભાવિક છે.

આજ સિદ્ધક્ષેત્રમાં ભગવાન અજિતનાથજી મહારાજા અને શાંતિનાથજી મહારાજાએ ચાતુર્માસ કરેલા છે, અને તેથી જ એટલે શ્રીસિદ્ધક્ષેત્ર મહારાજની પવિત્રતા અને જિનેશ્વર ભગવાનોનું ચોમાસું રહેવું થએલ હોવાને લીધે વર્તમાન સમયમાં પણ સેંકડોની સંખ્યામાં સાધુ, સાધ્વી અને શ્રાવક, શ્રાવિકાઓ આ પવિત્ર ગિરિરાજની છાયામાં ગિરિરાજનું ધ્યાન ધરતા ચોમાસું કરે છે. અન્ય મતમાં જેવી રીતે કાશીમાં મરણ થવાથી મુક્તિ માનેલી છે, અને તેથી તે મતને માનવાવાળાઓ તે કાશીક્ષેત્રની અંદર જન્મભૂમિ છોડીને પણ કેટલાય વરસો સુધી વાસ કરે છે, તેમ આ શ્રી સિદ્ધગિરિની પવિત્રતાને સમજનારો શ્રી સિદ્ધગિરિની સેવા અને આરાધનાથી ત્રીજે ભવે મોક્ષે જવાય છે એમ સમગ્ર જૈનજનતા માને છે, અને ચોમાસામાં સ્થિરતાનો સમય હોવાને લીધે સારી રીતે ગિરિરાજની સેવા કરવા માટે સેંકડોની સંખ્યા દરેક વર્ષે ચોમાસામાં રહે છે,

જો કે જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત અને પ્રથમ કર્તવ્ય જીવદયાનું પાલન કરવું એ હોવાથી શ્રદ્ધાસંપન્ન કોઈ પણ મનુષ્ય એ ગિરિરાજ ઉપર ચોમાસાને લીધે રસ્તામાં સ્થાન સ્થાન ઉપર લીલોતરી, લીલફૂલ અને ત્રસજીવોનો ઉત્પાદ થવાથી ગિરિરાજની જાત્રા ચોમાસામાં કરતા નથી. એક પગથિઉં પણ ગિરિરાજનું ચોમાસામાં ચઢવાને માટે શ્રદ્ધાળુઓ તૈયાર હોતા નથી, કેમકે એક એક ડગલાં કરતાં અને એક એક ટેકરી કરતાં સમગ્ર મર્યાદાનો નાશ દીર્ઘદૃષ્ટિવાળા શ્રદ્ધાળુઓ જોઈ શકે છે. તીર્થંકર ભગવાનોએ ચોમાસા કર્યાનું બહાનું કેટલાક વિપરીતભાષીઓ તરફથી લેવામાં આવે છે, પણ તેઓએ તીર્થંકર મહારાજના અતિશયોનો, કુંથુઆની ઉત્પત્તિના અભાવનો, તેમજ તે વખતની સુલ્ડતાનો અંશે પણ વિચાર કરેલો જણાતો નથી. શ્રદ્ધાસંપન્નોએ તે શ્રીકૃષ્ણ મહારાજ અને કુમારપાળ મહારાજ સરખાના ચોમાસાના નિયમિતપણાના દાખલા ધ્યાનમાં રાખવાના હોય છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આ શત્રુંજય ગિરિરાજ આખો તીર્થરૂપ છે. શાસ્ત્રકાર પણ **'गिरिरेव तीर्थरूपः'** વગેરે વાક્યોથી આખા ગિરિરાજને તીર્થરૂપે જણાવે છે, અને તેથી જ ગિરિરાજની ચારે બાજુની જે જે તળાટીની દહેરીઓ છે, તે મર્યાદાની અંદર કોઈ પણ શ્રદ્ધાસંપન્ન મનુષ્ય જોડા પહેરતો નથી, થૂંકતો નથી, પેશાબ કરતો નથી અને ઝાડે જતો નથી.

અર્થાત્ દહેરામાં જેવી રીતે આશાતના વર્જવામાં આવે છે, તેવી જ રીતે બહુલતાએ આ આખા ગિરિરાજની આશાતના વર્જવામાં આવે છે, અને આ આખો ગિરિરાજ તીર્થરૂપ મનાએલો હોવાથી, શ્રદ્ધાસંપન્નોને ઉપર એક પણ ડગલું ચઢવાનું નહિ હોવા છતાં માત્ર ગિરિરાજની છાયાના લાભ માટે અહીં ચોમાસુ રહેવાનું થાય છે, અને તેથી જ ચોમાસું રહેલા ભાવિક લોકોનો ઘણો મોટો ભાગ સાંજ સવાર તળાટીએ જઈ, ચૈત્યવંદન કરીને ગિરિરાજની સ્પર્શનાથી પોતાના આત્માને કૃતાર્થ કરે છે.

હે નાથ! રક્ષણ વગરના આ જગનમાં તમારા કહેવાથી તમારા વચનથી રક્ષણ કરનાર ધર્મ છે એમ મેં માન્યું છે માટે મારા ઉપર દયા કરીને મને સંસારથી ઉદ્ધરવા વડે તે વાત સાચી કરો. અર્થાત્ ધર્મ રક્ષણ કરનાર છે તે વાત સાચી કરો.

# પર્વ મહિમા દર્શન

## શ્રી સિદ્ધચક અંગે વ્યાખ્યાનો

## નવપદ વિભાગ

પ્રવચનકાર

આગમોદ્ધારક આચાર્ય દેવેશ

શ્રી આનન્દ સાગર સૂરીશ્વરજી મહારાજ

- અરિહંત પદ
- સિદ્ધ પદ
- આચાર્ય પદ
- ઉપાધ્યાય પદ
- સાધુ પદ
- દર્શન પદ
- જ્ઞાન પદ
- ચારિત્ર પદ
- તપ પદ

પ્રકાશક

**શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન**

**સમિતિ-મુંબઈ**

# સિદ્ધચક્રને અંગે કંઈક ઉપયોગી

શ્રી સિદ્ધચક્રમાં જ આરાધ્યપદોની સંખ્યાને અંગે જોડાએલો અંક ચાહે જેટલા પૂર્ણાંક ગુણાકારે ગુણીએ તો પણ ભિન્નતાને ધારણ કરતો નથી. નવને એકે ગુણતાં તો નવ આવે જ છે, પણ તેને બેએ ગુણીએ તો અઢાર આવે. તેમાં પણ આઠ ને એક નવ જ થાય. ત્રણે ગુણતાં સત્તાવીસ આવે તો સાત ને બે નવ જ થાય. યાવત્ નવે ગુણીએ તો પણ એક ને આઠ નવ જ થાય. વીસે ગુણીએ તો એકસો એંસી થાય, તેમાં પણ આઠ ને એક નવ જ થાય. એવી રીતે કોઈ પણ પૂર્ણાંકથી ગુણવામાં આ નવ અંકનું અભેદપણું છે. આ અંકનું અભેદપણું દૃષ્ટાંત તરીકે સમજી દાર્ષ્ટાંતિક તરીકે તો એ સમજવાનું છે કે-અનંતી ચોવીસીઓ અને વીસીઓ થશે, તો પણ આ નવપદજીવાળું સિદ્ધચક્ર કોઈ પણ કાળે ચલાયમાન થવાનું નથી અર્થાત્ કોઈ પણ ભૂતકાળ કે ભવિષ્યકાળ પૂર્વે હતો નહિ કે ભવિષ્યમાં આવશે નહિ કે જે કાળે જગતમાં નવપદજીનું ચલિતપણું હોય અને સિદ્ધચક્રનું સામ્રાજ્ય ન ચાલતું હોય.

દરેક આસ્તિક શ્રોતાઓને એ વાત પૂરેપૂરી ખ્યાલમાં હશે કે–પર્યુષણ અને ચોમાસીની અટ્ઠાઈઓ અશાશ્વતી એટલે અનિયમિત છે અર્થાત્ તે અટ્ઠાઈઓમાં અજિતઆદિ બાવીસ તીર્થંકરની વખતના દેવતાઓ નંદીશ્વરદ્વીપમાં નિયમિતપણે અટ્ઠાઈ મહોચ્છવ ન પણ કરે, પરંતુ શ્રી સિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનાવાળી આસો અને ચૈત્ર માસની અટ્ઠાઈઓ તો દરેક તીર્થંકરની વખતે દેવતાઓ નંદીશ્વરદ્વીપે નિયમિત અટ્ઠાઈમહોચ્છવ કરે જ છે, અને તેથી તે બે આસો અને ચૈત્રની નવપદજીની અટ્ઠાઈઓ–શાશ્વતી છે એમ શાસ્ત્રકારોએ ખુલ્લા શબ્દોમાં જણાવ્યું છે. તો આવી શાશ્વતી અને દેવતાઓને પણ આરાધવા લાયક એવી ઓળીની અટ્ઠાઈના આરાધવામાં કયો મનુષ્ય કચાશ રાખે ?

અન્ય પર્વો આરાધવામાં દેવ, ગુરુ કે ધર્મ એ ત્રણમાંથી કોઈ

કોઈ એકની જ મુખ્યતા હોય છે, ત્યારે આ શ્રીસિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનામાં તે દેવ, ગુરુ અને ધર્મ ત્રણે તત્ત્વની એકસરખી રીતે મુખ્યતા છે.

આ નવે પદોમાં પણ એ વિચિત્ર ખૂબી છે કે પહેલું દેવતત્ત્વ લીધું છે, અને તેના બે પદો છે. જ્યારે બીજું ગુરુતત્ત્વ લઈ તેમાં આચાર્યાદિક ત્રણ પદો રાખ્યાં છે, અને ત્રીજું ધર્મતત્ત્વ લઈ તેના સમ્યગ્દર્શનાદિ ચાર પદો રાખ્યાં છે. એટલે પહેલાનાં બે, બીજાનાં ત્રણ અને ત્રીજાનાં ચાર એમ મળી ત્રણે તત્ત્વના નવપદો સ્થાનથી એક એક વૃદ્ધિવાળાં કરેલાં છે.

ભગવાન અરિહંત વગેરે નવ આરાધ્યપદોને ચક્રના આકારે ગોઠવેલા હોવાથી તે નવપદનું યંત્ર (સ્થાપના) ચક્રના આકારને ધારણ કરે છે, અને તેથી તેને સિદ્ધચક્ર કહેવાય છે.

એ નવપદજીના યંત્ર, મંડળ કે ગટ્ટામાં અરિહંત મહારાજને કર્ણિકાસ્થાને બિરાજેલા જેમ ગણાય છે તેમ સ્થાપનાના આકારની અપેક્ષાએ જ્યારે ચક્ર તરીકે કહેવામાં આવે ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરો તે નવપદરૂપી ચક્રની નાભિને સ્થાને બિરાજમાન થએલા ગણાય. આ ચક્ર ચાલતું નહિ પણ સ્થિર હોવાથી તે નવપદના ચક્રમાં સિદ્ધ મહારાજા જ ઉચ્ચ સ્થાને બિરાજમાન થએલા છે, અને તેથી આ યંત્રને સિદ્ધ મહારાજા બીજે સ્થાને છતાં પણ સૌથી ઉચ્ચ સ્થાને આવવાથી શ્રી સિદ્ધચક્ર યંત્ર તરીકે જાણવું, માનવું કે જાહેર કરવું તે યોગ્ય જ છે.

શ્રી સિદ્ધચક્રાય નમોનમઃ

# શ્રી સિદ્ધચક્રનાં વ્યાખ્યાનો

વિ. સં. ૧૯૯૨ આસો સુદિ ૬, જામનગર-દેવ બાગ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન રત્નશેખર સૂરીશ્વરજી મહારાજ શ્રીપાળ મહારાજના ચરિત્રને રચતાં જણાવી ગયા કે ધર્મના ચાર પ્રકાર છે: દાન, શિયળ, તપ ને ભાવ. એ ચારે પ્રકારમાં દાન પોતાનું દઈ દેવું, તેટલા માત્રથી દાન નહિ કહેવાય. ગુણવાનને જાણીને ગુણની વૃદ્ધિ-પ્રાપ્તિના આશયથી જે દેવામાં આવે તેનું નામ દાન. નહિ તો રાજાને દંડ-ટેક્ષ આપનારો દે તો છે.

પૃથ્વીએ પાતાળમાંથી પાણી આપ્યું. પાણી આપવાવાળી પૃથ્વી છે, તો દાનનું ફળ તેને મળવું જોઈએ.

શા માટે દાનનું ફળ નથી પામતા? દેવા માત્રથી દાન નથી. ગુણ કયા છે, તે મેળવવાની કેટલી જરૂર, અન્યના ગુણોના પોષણ દ્વારાએ પોતાને ગુણ મેળવવાનો રસ્તો છે. ભાવ વગરનું દાન એ દાન નથી.

ભયંકર પાપસ્થાન કયું?

શીલને અંગે કોઈ જીવો એવા છે કે, જ્યાં સ્ત્રી જાતિ નથી, સૂક્ષ્મ એકેન્દ્રિય જેને નપુંસક વેદ છે, જેમાં સ્ત્રી વેદ, પુરુષ વેદ નથી, તેને સ્ત્રીનો સમાગમ પણ નથી, તેને બ્રહ્મચારી કહેશો? કલ્પાતીત દેવતા લો. એ તો સાગરોપમ સુધી બ્રહ્મચારી ગણાવા જોઈએ ને? સ્ત્રીસંયોગ ન કરવા માત્રથી બ્રહ્મચારી ગણાવા જોઈએ ને? સ્ત્રીસંયોગ ન કરવામાત્રથી બ્રહ્મચારી હોય તો સૂક્ષ્મ એકેન્દ્રિયથી યાવત્ કેટલાક દેવતાને બ્રહ્મચારી ગણવા જોઈએ.

આવી રીતે હિંસા વગેરે આશ્રવના હેતુઓ-કર્મ આવવાનાં આ દ્વારો છે. તેમાં મુખ્ય દ્વાર આ છે. હિંસાથી મારે તે જીવો પરિમિત. આરંભ પરિગ્રહને જીવો સહેજે મરે તે માત્ર. સ્થાવર, ત્રસની તો જયણા હોય, હિંસાને અંગે સામાન્ય આરંભ પ્રવૃત્તિવાળાને સ્થાવરની દયા રહે.

જૂઠું બોલ્યો તે મોટું પાપ. પણ તે પ્રાસંગિક દુઃખ થવા દ્વારાએ પાપ થાય. ચોરીમાં કોઈનું લઈએ તો તે દુઃખી થાય, અંતરાયનો ત્યાં ઉદય થાય તેથી પાપ. સ્ત્રીસમાગમ એ આખા સંસારની જડ છે. ત્યાં ગર્ભજોની હત્યા છે. એક વખતના સ્ત્રીસમાગમમાં નવ લાખ જીવોની હિંસા થાય છે. માટે આ ભયંકર આશ્રવસ્થાન. હિંસા વગેરે પાપસ્થાનકો કરતાં આ ભયંકર પાપ છે, તેથી તે પાપને બંધ કરે તેનું નામ શિયળ કહેવાય. એકેન્દ્રિય વગેરેમાં સ્ત્રીનો સમાગમ ભલે ન હોય, પણ એકેન્દ્રિય વગેરેને શીલનો લાભ થતો નથી, કારણ કે, ત્યાં શિયળના પરિણામ નથી. આશ્રવ–રોકવાનાં પરિણામ તે શીલની જડ.

## ભાવ સહિત તપ કયારે ?

તપને અંગે વિચારીએ. એક દહાડો ઉપવાસ કરીએ તો ઉપવાસ કર્યો એમ કહીએ છીએ. દેવતાને અંગે વિચાર કરીએ તો તેઓને હજારો વર્ષ સુધી ખાવાનું નથી. જેટલા સાગરોપમનું આયુષ્ય તેટલા હજાર વર્ષ સુધી આહાર વગરના. આપણને કવલાહારના પચ્ચક્ખાણ હોય છે, પણ રૂંવાડાના આહારના–લોમાહારના પચ્ચક્ખાણ નહિ. તેલ ચોળીએ તેમાં બહારથી પુદ્ગલો લીધા તેનો ત્યાગ નથી. દેવતાને કવલાહાર નથી. એ તો ૩૩ સાગરોપમના લાંબા કાળ સુધી કવલાહાર ન કરતા હોવાથી ઉપવાસી કેમ ન ગણાય ? ત્યાગ રૂપે ત્યાગ નથી, તેમ પચ્ચક્ખાણ નથી, આથી ઉપવાસી ન ગણાય.

તપસ્યામાં કવલાહારને અંગે આપણે પચ્ચક્ખાણ કરીએ. આપણામાં છઠ્ઠ–અઠ્ઠમ કરનારા તપસ્વી ગણાય, તો દેવતાઓ હજારો વર્ષો સુધી નહિ ખાનારા મહા તપસ્વી કહેવાવા જોઈએ ને ! શાસ્ત્રકાર તપસ્યાની કિંમત કયાં ગણે છે ? તે જરા સમજો ! જેમ તળાવને સુકવવું હોય તો પાણી આવવાનું દ્વાર બંધ કર્યા વિના સુકવવા જાય તો તેને કમ અક્કલવાળો કહીએ. આવતો પ્રવાહ રોકયો નથી, ને જો પાણી ઉલેચવાનું કરે છે, તે અંધારૂં ઉલેચવા જેવું કરે છે તેમ કહેવાય. તેમ અહીં કર્મ આવવાનાં દ્વાર બંધ કર્યા સિવાય નિર્જરા કરવા માગે તે અંધારા ઉલેચવા જેવું થાય. તપ કરતાં શીલને અગ્રપદ

આપ્યું. આશ્રવ રોકવામાં દૃઢીભૂત થાઓ, ત્યારે નિર્જરાના અધિકારી થશો: શ્રી ઋષભદેવજીએ તપસ્યા કરી પણ સાધુપણું લીધા પછી. પ્રથમ આવતા કર્મને રોકવાની જરૂર. રોકીએ નહીં તો સંવર કરવામાં ન આવે અને નિર્જરાને માટે ઉદ્યમ કરીએ તો 'આંધળો વણે ને વાછરડો ચાવે' તેના જેવું થાય.

આથી પહેલાં શીલ રાખેલું છે. સંવર તત્ત્વની પછી નિર્જરાતત્ત્વ જણાવ્યું છે. સંવર નિર્જરા વગર મળતો નથી. જ્યાં સુધી ૬૯ ક્રોડાક્રોડિ કર્મસ્થિતિ તૂટી ન જાય, ત્યાં સુધી સંવર આવતો નથી. નિર્જરા સિવાય સંવર મળવાનો નથી, છતાં નિર્જરા તત્ત્વને પહેલું ન લેતાં સંવર તત્ત્વને પહેલું લીધું, સંવર પછી નિર્જરા. ૬૯ની નિર્જરા ન લેવી પણ અહીં અણસણઆદિ તપસ્યાથી થતી જે નિર્જરા તે લેવી.

તપસ્યાના બાર ભેદમાં અકામનિર્જરા બ્રહ્મચર્ય આદિ જણાવ્યા નહિ. તપના બાર ભેદો સંવર પછી સધાતી નિર્જરા માટે છે, બીજા આચાર ભલે લો પણ તપનો અધિકારી સંવરવાળો. તપસ્યા કરતાં કષાયોનો ક્ષય કરશે. એટલું જ નહિ પણ તપસ્યાથી શરીરની ધાતુઓ તપશે, તે કર્મને વિખેરી નાખશે, આવેલાં કર્મને તોડી નાખશે, એ દૃષ્ટિએ તપસ્યા તે તપ છે.

## ૧૪ રાજલોકમાં કૂદકા મારનાર મનમાંકડું.

દાન, શીલ, તપ એ ત્રણે ભાવનાથી ભળેલા હોય, આ વિચાર કરીએ. ભાવ વગરની ક્રિયા તે દ્રવ્યક્રિયા છે અને દ્રવ્યક્રિયા તે તુચ્છ છે. જે દાનમાં ગુણપોષણની બુદ્ધિ નથી, જે તપમાં કર્મ તોડવાની બુદ્ધિ નથી, તે દાન તપ વગેરે મોક્ષને માટે કામ કરી શકે નહિ. ભાવપૂર્વકના દાન, શીલ,તપ સફળ થાય. ભાવ ચીજ શી ? માંકડાનું પાંજરું. બીજી તો ઉપમા દઈ શકાય નહિ. નહિ તો માંકડું પણ વનમાં જ ફરે છે. માંકડું ચાલ્યું ચાલ્યું અમદાવાદ શહેરમાં ગયું નહિ. તેને કોઈએ રોક્યું નથી. નહિ રોક્યા છતાં મર્યાદા છે. માંકડું ઝાડે ઝાડે, નેવે નેવે કૂદકા મારે, પણ આ મન માંકડું તો ચૌદ રાજલોકમાં કૂદકા મારવાવાળું છે. માંકડાં છૂટાં રહેલાં છતાં-આટલામાં ને એટલામાં જ ભટકે છે. પહાડથી પહાડે કોઈ વાંદરું કૂદ્યું નથી.

આ મન તો રાજલોકના રાજલોક સુધી કૂદે છે. ઘડીમાં અહીનાં વિચારો, ઘડીમાં ગ્રૈવેયક સુધી વાંદરું કૂદે, વર્તમાનમાં અતીત અનાગતમાં કૂદતું નથી. આ જગત પર ઘર થવાનું છે, તે ધારીને કૂદતું નથી. મન માંકડું ભૂત ભવિષ્યમાં કૂદકા મારે. 'મારે આમ થશે. આમ થયું હતું,' આ મન રૂપ વાંદરું, ન હોય તેના ઉપર નાચનારૂં છે : એ વાંદરું કબજે કેમ આવે ? ચંચળ મનુષ્યને વાંદરા જેવો કહીએ છીએ. આ મનને કઈ ઉપમા આપવી ? વાંદરું મર્યાદામાં કૂદે. આ મનને મર્યાદા નહિ. શી રીતે આને કબજે લેવું ?

એક શેઠિયો લક્ષ્મીવાળો હતો. કોઈક મોટા વેપારીની દુકાને અધિષ્ઠાયક ભૂત છે. આપણે ભૂતનો અનુભવ કર્યો નથી. ભૂતવાળી દુકાને ગયો, ભૂત એ દુનિયામાં છે કે નહિ? તે નિર્ણય માટે. તારે ત્યાં ત્રણે જગતની વસ્તુ દુકાનમાં રહે છે? પેલો કહે છે કે હા. તો લાવ, ભૂત આપ! પેલાને ભૂત રજૂ કરવો પડયો. આ દુકાનદારનું ભૂત લઈ જાય છે, એ ભૂત પર ચાલુ દુકાનનો આધાર છે. કેટલીક વાત આડકતરી હોય છે. ડોકટર દવા આપે. ઝેર હોય ને લેબલ ન લગાડે તો ડોકટર ગુનેગાર ગણાય. તેમ હું પણ તને ભૂત આપું છું ભૂતના સ્વરૂપથી સાવચેત ન કરું તો તું મને પાછળથી ઠપકો આપે. 'આ ભૂતને જે કામ બતાવીશ તે પલકારામાં કરશે' પણ એમ કહીને પથ્થરો નાંખે છે. પણ જે વખતે એને કામ ન હોય તે વખતે ઉથલ-પાથલ કરશે, હવે ભૂત આપવું જ નથી, એ સીધો અર્થ થયો.

તાનસેનને હાથી આપવામાં અડચણ નથી, પણ એ હાથી ભૂખ્યો થશે તો રહેવાનું ઝૂંપડું પાડી નાખશે. ગામ મળ્યા વિના હાથી કામનો નથી, તેમ આ વ્યંતરને હુકમ કરીશ તે કામ પલકારામાં કરશે, પણ નવરો પડશે તો નખ્ખોદ કાઢશે.

વેપારી કહે : કબૂલ. વાણીઓ ભૂતને લઈને ઘેર ગયો. "કૂવો ખોદ ! ભૂતે કૂવો ખોદ્યો. અંદર વાંસ ઊભો કર ! ઉપર કાણું હાંલ્લું બાંધ ! વાડકો લાવ, જયારે કામ ન ભળાવું. ત્યારે કાણા વાટકાથી કાણી હાંલ્લી ભર, પણ તે ભરાતી જ નથી. ત્યારે હવે ભૂતને કબજામાં આવવું પડયું. ભૂત

થાકીને વેપારીને કહે છે, 'ભાઈ સાહેબ ! છોડો, નવરો હોઉં તો નખ્ખોદ કાઢું તેથી આ તમે ગોઠવણ કરી છે.' લાખો રૂપિયા ખરચવાથી ન થાય તેવું ડુંગરમાં શેઠના નામનું ભૂતે તળાવ કર્યું, પછી શેઠે ભૂતને જતો કર્યો.

## છાશમાં માખણ જાય અને રાંડ ફુવડ કહેવાય તેવું ન કરો !

આ જીવે કર્મરાજા પાસેથી મનરૂપી ભૂત લીધું છે. હવે તે ભૂત એવું છે કે કબજે રહે તો બે ઘડીમાં તે મોક્ષ આપી શકે. કબજે ન રાખો તો તમને આર્ત્તધ્યાન રૌદ્રધ્યાનમાં રગદોળીને નિગોદનાં ખાતાં બંધાવી દે. સંજ્ઞીપણાનું પુણ્ય તે સાટે મન લીધું છે. એ પુણ્ય આપીને મનરૂપી ભૂત લીધું છે. તે પેલા ભૂત જેવું છે. કામ ભળાવો તો કરી દે, નહિ તો નખ્ખોદ કાઢે. જો ડાહ્યા હો તો તેને કામ ભળાવી દો, નવરું પડયું તો નખ્ખોદ કાઢે તેવું છે. એક બાજુ પુણ્યની પ્રકૃતિ જાય છે, બીજી બાજુ પાપનો ઢગલો થાય છે. તો કરવું શું ? અમૃત સ્વાધીન હોય તો કયો મૂર્ખો મુતર પીએ ? આ મનથી બે ઘડીમાં મોક્ષ સુધીનું કામ કરી શકાય તેવા મનથી ઊંચી ગતિનાં કામો ન કરતાં અધમગતિનાં કામો કરવાની મૂર્ખાઈ કોણ કરે ? છાશમાં માખણ જાય ને રાંડ ફુવડ કહેવાય. પુણ્ય પ્રકૃતિને ખુવાર કરે અને પાપના ઢગલા એકઠા કરે તે બેવકૂફ.

## મન મર્કટ માટે પાંજરું કયું ?

આ મનભૂતને પાંજરામાં પૂરી દો. પાંજરામાં પૂરેલું મન ચાહે તેમ કૂદે. પાંજરાની અંદર પણ મન ચંચળ સ્વભાવી છે. તેને એવા પાંજરામાં રોકી દો. એવું પાંજરું કયું ? આ મનમાંકડાને પુરવા માટે કોઇ પાંજરું હોય ? હા. સ્વાધ્યાય, ધ્યાન વગેરે પાંજરાં છે. પણ તે બધામાં નવપદજી જેવું પાંજરું એકેય નથી, કારણ નવપદ પાંજરામાં નવ પદ ગોઠવી દીધા, કે અરિહંતથી મન ચલાયમાન થાય, તો જા સિદ્ધમાં. એમ આગળ ને આગળ જાય. જેમ વાંદરાને નવે સ્થાનમાં પોતે બેઠું તે સ્થાન. આઠે દિશાના આઠ સ્થાન, તેમ એ નવે સ્થાનમાં વાંદરો કૂદ્યા કરે, તેમ અહીં મનરૂપી વાંદરાને નવપદ પાંજરામાં પૂરી દઈએ તો તે કયાંય જાય નહિ.

કોઈ વખતે અરિહંતનું ધ્યાન કરે, કોઇ વખતે સિદ્ધનું ધ્યાન વગેરે કરે. પાંજરામાં કેદ થએલું વાંદરું કૂદીકૂદીને પાંજરામાં આવે, તેમ મનને માટે નવપદ પાંજરું છે. આ પાંજરામાં જો મનને કબજે રાખવામાં આવે તો શુભ પ્રકૃતિ બાંધશે અને અશુભ બાંધવાનો પ્રસંગ આવશે નહીં. આ પાંજરામાં રહેલાને છેડવા કોઈ સમર્થ નથી. પાંજરાના પોપટને બિલાડી મારી શકતી નથી.

## નવપદમાં સર્વ પદોનું મુખ્યપણું.

**નવપદનું એટલું બધું શું મહત્ત્વ છે?** અને આટલો મહિમા કેમ? તીર્થંકર તેમજ આચાર્યનો મહિમા કેવો હતો? જેનો મહિમા કહેવા માગે તે બધો મહિમા નવપદમાં છે. બીજી બધી ભકિતઓ ગૌણ મુખ્ય ભાવની છે. તીર્થંકરની ભક્તિ વખતે અરિહંત ગુણીપણું મુખ્ય. સાધુપણું વગેરે ગૌણ. સર્વને મુખ્ય કરીને ચાલનાર સર્વ ગુણોને એક સરખી લાઇને સ્થાપનાર કોઈ હોય તો તે નવપદ જ છે. ગૌણ મુખ્ય ભાવ જ નહિ આ નવપદની આરાધનામાં સર્વનું એક સરખું મુખ્યપણું છે. એમાં કોઇ ગૌણ કે મુખ્ય નથી, તેથી નવપદ.

નવેની મુખ્યતાવાળું જો કોઈ આરાધન હોય તો તે નવપદ છે. સર્વનું મુખ્યપણું સરખું. જ્ઞાનપંચમીમાં જ્ઞાનની મુખ્યતા. નવેપદોની એક સરખી આરાધના થતી હોય તો તે સિદ્ધચક્રને અંગે. બીજી આરાધનામાં કાં તો દેવ, કાં તો ગુરુ, કાં તો ધર્મની આરાધના. ગુરુ મહારાજનું સામૈયું કરો, ત્યારે વધામણીને અંગે લાખો ખરચો, એમાં આરાધના ગુરુની. સ્ફટિકનાં પાનાં પુસ્તકો લખાવો તો જ્ઞાનની. ત્રણેની એક સરખી મુખ્યતા જેમાં હોય એવું કોઈ પણ આરાધન હોય તો તે નવપદનું છે.

## મનને કેળવવાનું સ્થાન

દેવતાઓ પણ સર્વ તીર્થમાં નિયમિત આરાધવા લાયક વસ્તુ ગણતા હોય તો તે નવપદની આરાધના જ છે. ચોમાસી, સંવચ્છરી પહેલા છેલ્લા તીર્થંકરના વખતના દેવોને હોય, પણ નવપદની આરાધના આસો ચૈત્રની ઓળી તો દરેકને આરાધવા લાયક. તેમને શાશ્વતી આઠ્ઠાઇ બે ને ચાર અઠ્ઠાઇઓ અશાશ્વતી. નવપદની અઠ્ઠાઈ તે દરેક

ક્ષેત્રમાં નિયમિત ચાલુ હોય છે. તેથી શાશ્વતી અટ્ઠાઇ કહી છે.

વિચારજો ! દુનિયાની વિચિત્ર જંજાળો વળગી છે તેથી ઘરનું આંગણું છૂટતું નથી. દેવતાને સાહેબી છતાં નંદીશ્વર દ્વીપ પર આવીને ઓળીમાં અટ્ઠાઈ મહોત્સવ કરે છે.

આપણને ચૈત્ર કે વૈશાખ આવ્યો તેમાં ફરક નથી. જે નવપદ ઉપર લક્ષ્ય હોવું જોઈએ તે નથી. નવપદની આરાધના કરનારાના બહુમાનને અંગે જે કરવું જોઈએ તે નથી. બીજા પદોમાં એક એકની ગૌણતા મુખ્યતા લેવી પડે છે. નવપદમાં સરખી રીતે છે: બે, ત્રણ, ચાર ભેદો અનુક્રમે દેવ-ગુરુ-ધર્મના છે. આવી રીતે ત્રણ તત્ત્વ સભેદ આરાધન છે.

નવપદ કરતાં ત્રિપદ રાખોને ?

એ ત્રણનું આરાધન લઈએ તો સભેદ દેવ, ગુરુ, ધર્મનું આરાધન થાય નહિ. ત્રણે તત્ત્વ ભેદસહિત નવપદમાં દાખલ કરવામાં આવેલા છે, એવા પાંજરામાં મનને પુરી દઈએ તો કેળવાયેલો વાંદરો મનુષ્ય કરતાં વધારે કામ કરનારો થાય. એકલા જીવથી ન બને તે મનની મદદથી કરી શકો છો. નવપદ એ મનને કેળવવાનું સ્થાન છે. નવપદોની અનુક્રમે એકેક દહાડે કેવી રીતે વ્યાખ્યા જણાવવામાં આવશે તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

●

# શ્રી અરિહંતપદ વ્યાખ્યાન. ૨.

સં. ૧૯૯૨ આસો શુદિ ૭. જામનગર,

तो भणइ गणी नरवर ! पत्तं अरिहंतपयपसाएणं ।
देवपालेण रज्जं सक्कत्तं कत्तिपणावि ॥१२०५॥

**શ્રોતાના બે પ્રકાર.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા શ્રી શ્રીપાળમહારાજા ચરિત્રમાં સૂચવી ગયા કે સંસારમાં શ્રોતા બે પ્રકારના

હોય છેઃ એક તો પરમ શુશ્રૂષાવાળા ને બીજા અપરમ શુશ્રૂષાવાળા. જીવને ધર્મ આદરવાની બુદ્ધિથી, કર્મક્ષયના મુદ્દાથી ધર્મવિધિ કે કોઈ પણ દ્વારાએ શ્રવણ કરવાનું મન થાય તે પરમ શુશ્રૂષા.

ધર્મ કરતો હોય, તેને સારો માનતો હોય, પણ સાંભળવા માટે કેવળ રસ ઉપર તત્ત્વ હોય, હાસ્યરસ, શૃંગારરસ અને વીરાદિ રસમાં જ સાંભળવાની ઇચ્છા હોય. મોટા રાજા મહારાજાઓને રાજ્યચિંતાની બહુ જ પળોજણ હોવાથી ઊંઘ આવતી નથી, તેવા રાજાઓ કથાકારો રાખે છે. તેઓ પહેલાંની, જૂની, ગામની, પરગામની, અને રાજાઓની વાતો કરે છે તે વાતોમાં રાજાનું ચિત્ત જાય. રસિક વાતો સાંભળવી એટલું જ તેમાં હોય પણ તત્ત્વદૃષ્ટિ ન હોય. કેવળ નિદ્રા લાવવાનો તેમાં ઉપાય છે, જેમ અહીં જૈન શાસનમાં જે જીવો કેવળ રસકથા તરફ દોરાએલા છે, શ્રીપાળ મહારાજાનો રાસ ત્રણ ખંડ વંચાય ત્યાં સુધી વ્યાખ્યાનસભામાં તલભર પણ જગ્યા ન હોય. ચોથા ખંડમાં ચાર ડોસા ને આઠ ડોસીઓ દેખાય, કારણ? તત્ત્વનું સ્થાન ચોથો ખંડ છે. નવપદનું વર્ણન–સ્વરૂપ–ગુણ–આરાધન ફળની રીતિ આ બધું ચોથા ખંડમાં છે.

હવે વિચારો! ત્રણ ખંડ સાંભળવાવાળાને પરિણમ્યું શું? ચોથા ખંડ વખતે ઘેર ચોંટી જવાવાળાને કહું છું. ત્રણ ખંડ સાંભળ્યા તેની વાત બધી યાદ રહી જાય, પણ નવપદના વર્ણનને અંગે પૂછે તો કશું યાદ ન રહે, તે વાત નવપદની પૂજામાં દાખલ થઈ તો પણ આપણાં હૃદયમાં ન આવી. 'વાણીના કયા ગુણો?' 'તીર્થ કેમ પ્રવર્તે?' તેમાંથી કશું યાદ નહીં, શ્રીપાળ રાજાને આટલી રાજકુંવરીઓ વરી, રાજ્ય મળ્યું, દેવતા સહાય થયા, તે બધું યાદ કરો છો. કેરી, કેરી પોકાર્યા કરવાથી કેરી નહિ મળે. આંબો સિંચાય તો કેરી મળે. વ્યાવહારિક ફળ દેખીને પણ ઝાડ સીંચવું નથી અને તોરણ બાંધી કેરી ખાવી છે. શ્રીપાળ રાજાની ઋદ્ધિ, દેવતાઈ ચમત્કાર અને શૂરાતન ગાવા તૈયાર છીએ, પણ એ બધું આપનાર નવપદ–તેનો મહિમા ધ્યાનમાં રાખવા તૈયાર નથી.

અહીં બે પ્રકારના શ્રોતાઃ એક તો રસકથા સાંભળનારા ને બીજા તત્ત્વકથા સાંભળનારા.

ચોથા ખંડમા તત્ત્વકથા છે. માટે નવપદના સ્વરૂપ ઉપર ધ્યાન

રાખવાની મુખ્યતાએ જરૂર છે, સિંચનારાને તેની વગર ઈચ્છાએ, વગર તાલાવેલીએ પણ ફળ મળવાનું છે. કેરી મેળવવા માટે ને તોરણો માટે તાલાવેલી કરે, પણ આંબો ન સીંચે તો તેને કેરી શી રીતે મળે? ફળ માટે તાલાવેલી કરે ને નવપદનું સ્વરૂપ જાણવા પ્રયત્ન ન કરે તો ફળ ન મળે, માટે તેનું અર્થથી ઇતિ સુધી વિસ્તારથી સ્વરુપ જાણવું જોઇએ.

આ સિદ્ધચક્રનું સ્વરૂપ ભગવાન ગૌતમસ્વામીના મુખમાં મૂકે છે. રાજગૃહમાં શ્રેણિકરાજા સાંભળવા આવે છે, તેમને ગૌતમસ્વામીજી સંભળાવે છે: 'આ નવપદો સિવાય જગતમાં આરાધના કરવા લાયક કોઈ પદ નથી.' ગુણી પંચપરમેષ્ઠિ, ગુણ દર્શનાદિ ચાર. આ ચાર ને પાંચ સિવાય કોઈ બીજી વસ્તુ આરાધના કરવા લાયક નથી. ક્ષાયિકદર્શન, કેવલજ્ઞાન, યથાખ્યાતચારિત્ર–તે બધા તેના અંતર્ગત–પેટામાં આવી જાય છે. તમો વીશસ્થાનક કહેતા હતા ને? અહીં નવપદ કહેવા લાગ્યા. એ વીશસ્થાનક નવનો જ પેટા ભેદ છે. વીશેવીશ પદમાં કોઈ અરિહંત, કોઇ સિદ્ધના અંગે, કોઇ દર્શનાદિને અંગે, સ્થવિર, આચાર્ય અને જ્ઞાન વગેરે વિસ્તારથી આરાધના છે. નવપદ સિવાય વીશ સ્થાનકમાં બીજી કોઇ ચીજ નથી. વીશ સ્થાનકમાં વર્ગીકરણ કરીએ તો નવપદની બહારની કોઈ ચીજ નથી, નવપદ સર્વ કાળે આરાધના કરવા લાયક છે.

કલ્યાણનો, પાપનો, મોક્ષપ્રાપ્તિનો નિયમ અને સમ્યક્ત્વાદિનું સ્વરૂપ કાળ ફરવાથી ફરતું નથી, ફરે શું? તો રીતરિવાજ. કોઇ કાળે હિંસાથી ધર્મ નહિ થાય, દયાથી પાપ નહિ થાય. પહેલાં છોમાં બેસતા, લીંપણમાં બેસતા હવે ટાઇલ્સમાં બેસો છો. મૂળ વસ્તુમાં કોઈ દિવસ ફેરફાર ન થાય. કોઈ પણ કાળે, ગુણ કે ગુણીની આરાધનાથી કલ્યાણ થાય. અવગુણ અને અવગુણીની આરાધનાથી કલ્યાણ થાય, તેવો કાળ કોઇ દિવસ આવશે જ નહીં. આત્માનું કલ્યાણ ગુણ ગુણીની આરાધન સિવાય થતું નથી અને થશે નહિ, કે થયું નથી. માટે નવપદની આરાધનાની જરૂર.

શ્રેણિક મહારાજે પૂછ્યું કે 'અહીં નવપદનો મહિમા તો અપૂર્વ જણાય છે. તે કેવી રીતે?' પૂછે છે કોને? જેને ગણ આધીન છે તેને. ગણધરપદની અનુજ્ઞા તીર્થંકર ભગવંતે કરી છે. 'દ્રવ્યગુણપર્યાયથી તીર્થની

આજ્ઞા કરું છું, તેમ કરીને કરી છે. જેમ ગુણનો સમુદાય, તેમ સાધુનો સમુદાય છે તેમને તેવા ગણિ–ગણધર મહારાજા ગૌતમસ્વામીજી કહે છે, કે 'હે નરવર! ગણધર મહારાજાથી વ્યવહાર ભાષા ન ઓળંગાય. રાજાપણું તેને અંગે શબ્દ કહેવા પડે, નહીંતર સ્વતંત્ર જીવનું લિંગ નથી. પુરુષને પુરુષ કહેવો તે પણ જૂઠું ઠરે. કર્મના પ્રભાવે મળેલા બાહ્યપુદ્ગલથી પુરુષ નિર્દેશ કરાય, તો લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલા રાજ્યથી રાજા કહેવામાં અડચણ નથી.

અરિહંતપદની આરાધના, વસ્તુની સમજણ અને ફળ મેળવવાનું આરાધકના ભાવ પ્રમાણે જ થાય છે. કલ્પવૃક્ષ સર્વ ચીજ આપે, પણ આરાધનારનો જેવો સંકલ્પ. કલ્પવૃક્ષ પાસે કોડી માગે તો કોડી જ આપે. સર્વ આપવાની તાકાત છતાં આરાધક જે માગે તે આપે. અરિહંત સર્વગુણસંપન્ન, સર્વ આપી શકે તેવા, પણ માગનારનો જેવો સંકલ્પ તેવું ફળ મળે. લોકોત્તર દૃષ્ટિથી આરાધનારો લોકોત્તર ફળ મેળવે. લૌકિક ઇચ્છાથી લૌકિક ફળ મેળવે.

## તીર્થંકર પહેલાંની જિંદગી જાનવર જેવી.

'ધર્મ' શબ્દ પહેલાં દુનિયામાં ન હતો. તે વખતે દુનિયા પાંચ ઇંદ્રિયોના વિષયો અને તેના સાધનમાં જન્મ પૂરો કરી રહી હતી. ઇષ્ટમાં ઇષ્ટ વિષયો અને તેનાં સાધનો એકઠા કરવા તરફ જન્મથી મરણ સુધીનો કાળ ચાલ્યો જતો હતો, આ વખતે ધર્મ ધ્યાનમાં લેવો તે કેટલું મુશ્કેલ? જે વખતે 'ધર્મ' શબ્દ જગતમાં નથી. પહેલાં તીર્થંકર જન્મે તે વખતે 'ધર્મ' શબ્દ કોઇ જાણતું પણ નથી. બીજા તીર્થંકર વખતે બમણી પંચાત છે. સાધન સાધ્ય જાણવામાં ન હોય, ત્યાં એટલી બળતરા ન હોય, પણ સાધન જાણવામાં સાધનમાં પ્રવર્તાય અને સાધ્યસિદ્ધિ ન થાય તે વખતે કઇ દશા? પહેલા તીર્થંકર વખતે અંધારૂં, બાકીના વખતે અગવડીયો માર્ગ. જેમ છોકરો સ્લેટ પેન લઇ બેઠો, હિસાબ ગણ્યા જ કરે, પણ તાળો જ મળતો નથી, તેનો તાળો મેળવી દો. તે વખતે અપૂર્વ હર્ષ હોય.

## અઢાર કોડાકોડ સાગરોપમનું અંધારૂં દૂર કરનાર પ્રથમ કોણ?

તીર્થંકરોનો જન્મ ક્યારે થાય? બે પ્રકારે. પ્રથમ તો જે વખતે

'ધર્મ' જેવું નામ પણ ન હોય, સ્વપ્ને પણ ધર્મ ખ્યાલમાં ન હોય. તેવી દશા આખા જગતની હોય તે વખતે કલ્યાણનો રસ્તો કયાંથી મળે? કોઈ ધર્મને સાંભળતું નથી, દેખતું નથી. આ વખતે ત્રિલોકનાનાથ ન જન્મે તો થાય શું? આટલા કારણથી ઋષભદેવજીને ૧૮ કોડાકોડ સાગરોપમનું અંધારૂં ટાળનાર ગણીએ છીએ. કારણ? 'ધર્મ' એવો શબ્દ બંધ થઈ ગયો હતો, શબ્દ પણ લોપાઈ ગયો, જ્યાં 'ધર્મ' શબ્દ નથી ત્યાં 'ધર્મ' શબ્દની કલ્પના પણ કોને આવે?

ગામમાં હજારો ગાયો, ભેંસો, બળદો, પાડા છે. જાનવરની આખી જિંદગીઓ પૂરી થાય તો પણ 'ધર્મ' શબ્દ સ્વપ્ને પણ તેને સાંભળવામાં ન આવે. તીર્થંકર જન્મ્યા ન હતા, ત્યાં સુધી દુનિયાદારીની જિંદગી હતી. જાનવરને માલિકની મહેનતનું ફળ આપવું. જિંદગીની જરૂરીઆત પૂરતું માલિક પાસેથી લેવું. જિંદગી પૂરી થાય કે હાલતાં થવું. આપણે પણ ઘરના એક જાનવર છીએ. કુટુંબ અને ઘરના જાનવર છીએ. જાનવર પોતાના નિર્વાહ જોગું લે. જાનવર સવારથી સાંજ સુધી વાહનમાં—મજુરીમાં જોડાય, તેમ કરતાં જિંદગી પુરી થાય પછી હાલતાં થવાનું, તેમ આપણે સવારથી સાંજ સુધી કુટુંબ માટે મહેનત કરી, એ જિંદગી પૂરી થાય પછી હાલતાં થવાનું. તીર્થંકર ભગવાને ધર્મ સમજાવ્યો ન હતો ત્યાં સુધી આપણી જિંદગી ઢોર જેવી જ હતી. જાનવર જેવા આપણે હતા. હું કોણ છું? કયાંથી આવ્યો? કયાં જઈશ? પુણ્ય ભોગવું છું.? પાપ ભોગવું છે? તેમાંનો કાંઈ વિચાર નથી. જાનવર ગમે તેટલા વરસ જીવે તો ધર્મ—આત્મ—ભવ—પુણ્ય—પાપ સંબંધી કંઈ પણ વિચાર તેને કરવાનો રહેતો નથી. તેવી જ આપણી દશા હતી. જિનેશ્વરે ધર્મ જણાવ્યો ન હતો, ત્યાં સુધી આપણને પણ આત્મા વગેરે બાબતનો વિચાર ન હતો. ધર્મની આખી ગુફા બંધ, ધર્મની ગુફાનાં બારણાં બંધ હતાં. આ દશા હતી. એ કરતાં પણ જગતમાં કહેવાય છે કે 'ફળ ન મળે તે કરતાં કારણ મળ્યું સારૂં.' છોકરો પરીક્ષા વખતે રાતદિવસ ઉજાગરા કરી શરીરને શોષવી નાખે છે. ફીના પૈસા પૂરા ખરચે છે. મા ગરીબ છે, ને પરીક્ષામાં ચોકડી મળે. તેને જે બળતરા થાય તે બળતરા ધૂળમાં રમનારા છોકરાને ન હોય.'

**તીર્થંકરના જન્મ પહેલાં મોક્ષ બંધ હોય.**

તેમ અજીતનાથ પ્રભુ વગેરેના તીર્થમાં મોક્ષ બંધ થયા પછી પણ ધર્મ ચાલતો હતો, ધર્મ કરતા હતા ને ફળમાં ચોકડી હતી. કેમ? મોક્ષબંધ હોવાથી. દરેક તીર્થંકર મહારાજના જન્મ પહેલાં મોક્ષબંધ હોય તે ખોલે પછીના તીર્થંકર મહારાજા. ધર્મની આરાધના ચાલે, પણ મોક્ષે જવાનું બંધ, આ વાત દરેક વરસે કલ્પસૂત્રમાં સાંભળો છો. દરેક તીર્થંકરની બે પ્રકારની મોક્ષ સ્થિતિ: એક પર્યાય ને બીજી પરંપરા. પોતાના કેવળજ્ઞાન થયા પછી કેટલે કાળે મોક્ષે જવાનું શરૂ થયું તે પર્યાયાન્તકૃતભૂમિ. પોતાના કેવળ જ્ઞાને તીર્થ ચલાવ્યું, તે તીર્થમાં કેટલી પાટ સુધી મોક્ષ ચાલ્યો તે યુગાંતકૃતભૂમિ. કેવળજ્ઞાનના અમુક પર્યાયે મોક્ષમાર્ગ ચાલે. મોક્ષમાર્ગ વહેતો બંધ થએલો તેને ચાલુ કરનાર અને મુખ્યફળ સાથે જોડી દેનાર ત્રિલોકના નાથ તીર્થંકર છે.

નવપદ, પાંચ પરમેષ્ઠિ વીશસ્થાનકમાં પ્રથમ તીર્થંકરને લઈએ છીએ. કાઉસ્સગ્ગ પારતાં 'नमो अरिहंताणं' બોલીએ છીએ. અરિહંત મહારાજને અગ્રપદ કેમ? જ્યાં જ્યાં ઉલ્લેખ મુખ્યતાએ કરીએ ત્યાં ત્યાં તે સાધનને આદિમાં ઉત્પન્ન કરનાર, સાધ્ય સિદ્ધ કરી આપનાર એ અરિહંત મહારાજ છે. આ પંચાસ્તિકાયમય જગતના ઉદ્યોતક–દીવા-સૂર્ય કહીએ છીએ. આ જગતના દીપક કેમ? ધર્મ શબ્દ પ્રથમ એમણે ઊભો કર્યો.

ધર્મશબ્દ ઊભો કરે કોણ?

ઊભો એ જ કરી શકે કે જે દુનિયાથી ગાંડો બને તે જ 'ધર્મ' શબ્દ ઉત્પન્ન કરી શકે.

**પચ્ચક્ખાણ કોનાં હોય?**

દુનિયા ઈષ્ટ રસ, ગંધ, રૂપ, શબ્દ માટે માથા ફોડે. આવી જગતની અનાદિની સ્થિતિ, તે બચપણથી પાંચે ઈંદ્રિયોનાં વિષયોની સ્થિતિ આત્મામાં ઓતપ્રોત થઈ ગઈ છે. જેના વિચારો પ્રવર્ત્તી વિષયોમાં ઓતપ્રોત થયા છે, તેની વિરુદ્ધ કલ્પના કરીએ તો પણ ન આવે. વિરુદ્ધમાં સજ્જડ વિરુદ્ધ 'સારા વિષયોને સુખરૂપ ન ગણવા' તે જગતથી વિરુદ્ધ કાપ્યું તો કાપ્યું, પણ કાપીને હાથમાં દીધું. ઈષ્ટ વિષયોને

ઇષ્ટ તરીકે ન ગણુતાં, અનાદિ કાળથી કે જન્મથી ઇષ્ટ રસાદિકના સંસ્કારો તેમાં ઇષ્ટતા નહીં, એવી ધારણા આવવી મુશ્કેલ છે. બિલાડી દૂધને છોડે એટલું જ નહિ પણ દૂધ ન છોડય તો ખરાબ મનાય, તે કદાપિ ન થાય. જે વિષયોને અનાદિથી સુખરૂપ માન્યા હતા; તેને હવે દુઃખરૂપ માન્યા. ઉથલાવ્યું, અનાદિથી ઇષ્ટ લાગેલા રૂપાદિ ખાતર તો જીવનો આપ્યાં, જે પાંચ વિષયો તેના સાધનને અંગે જીવનો ગુમાવેલ, તેને જુલ્મી ગણુતો થયો. કઇ કલ્પનામાં આવે?

ઇન્દ્રિયોના ઇષ્ટ વિષયોને અનિષ્ટ ગણુવા, તેને રોકવા એનું નામ ધર્મ. જેને અનાદિથી ઇષ્ટ ગણ્યા, જે ખાતર અનાદિથી જિંદગીઓ ફોગટ ગુમાવી છે, તેવી ઇષ્ટ વસ્તુને જુલ્મી ગણુવી. તે કયારે વખત આવે? તીર્થંકર હોય નહિ, ધર્મ જણાવે નહિ, ને છોડીએ નહિ, તો વખત આવે નહીં તેથી પચ્ચક્ખાણ ઇષ્ટનાં રાખ્યાં, અનિષ્ટનાં પચ્ચક્ખાણ નથી. લૂખું ખાવું' એવાં પચ્ચક્ખાણ અપાય, 'ઘી ખાવાનાં' પચ્ચક્ખાણ ન અપાય, 'અચિત્ત પાણીના' ત્યાગરૂપ પચ્ચક્ખાણ ન હોય.

જે અનુકૂળ હોય તેનો નિષેધ કરવાનો, વિષયની અનુકુળતા હોય તેનાં પચ્ચક્ખાણ ન હોય. ધર્મ એ કે જે વિષયો પાછળ દોડી રહ્યા હતા, તેના રોકાણમાં ધર્મ, તેવો ધર્મ મહાપુરુષની વાણીના પ્રભાવે જ બને.

## તીર્થંકર દીપક સરખા કેમ?

દરેક જિંદગીમાં જન્મ્યો, ત્યારથી મરતાં સુધી એક જ ભય હતો, કે 'મને દુઃખ ન થાય. દરેક જાતિ કે જીવનમાં મને દુઃખ ન થાય', સુખ મળે એ સ્થિતિએ અનંતાનંતપુદ્ગલ પરાવર્ત્તો કાઢયા, તેવામાં દુઃખને દોસ્ત, સુખને શત્રુ ગણાવવો તે કેમ બને? મગજમાં કલ્પના પણ ન આવે. આટલું સાંભળ્યું, સમજ્યા, વિચાર્યું, તો પણ એ કલ્પના મુશ્કેલીવાળી છે. તો પ્રથમ ધર્મઉત્પત્તિ વખતે એ કહેવું ને સાંભળનારને રુચવું કેટલું મુશ્કેલ છે? આ ધર્મવૃક્ષ તેમણે ન રોપ્યું હોત તો સિદ્ધોને સિદ્ધિ મળવાની ન હતી.

તીર્થંકરના પછી આચાર્ય મહારાજા છે. આચાર્યો નવું નથી કહેતા. ઉપાધ્યાય પણ તીર્થંકરના શબ્દો સંભળાવે, સાધુ તીર્થંકરનો

કહેલો માર્ગ બતાવે. મદદ કરનાર, પ્રથમ માર્ગ કરનાર કોઈ ન હોય તો આમાંનું કંઈ ન હોય. માટે હે શ્રેણિક! નવપદોમાં હંમેશનું અંધારું ટાળનાર, ફળ વગરની સાધનાને ફળીભૂત બનાવનાર, અનાદિના અજ્ઞાન–અવિરતિ–કષાયને ટાળનાર આ અરિહંત મહારાજ છે. 'એક દીપક ચીજ એવી છે કે પોતા જેવા બીજાને બનાવે. ચિંતામણિ રત્ન બીજાના ઇષ્ટ મનોરથ પૂરે, બીજાને પોતાના જેવું કરી શકે.' કલ્પવૃક્ષ પણ સમાન પદવી કોઈને આપતું નથી.

## અરિહંતની આરાધનાથી અરિહંત પણ બની શકે.

મોટા થયા પછી મોટાઇના માલિક બને છે. પછી મોટાઇ કોઇ પાસે ન જવી જોઇએ, એ સ્થિતિ અહીં નથી. અરહિંત મહારાજ બીજાને અરિહંત કરવામાં મદદગાર થાય છે. અરિહંત મહારાજ પોતે બીજાને જે અરિહંત થઇ શકે તેવા અરિહંત કરવામાં મદદગાર થાય છે. અરિહંત મહારાજ પોતે બીજાને યોગ્ય આત્માઓને અરિહંત કરનાર છે. સુથાર જબરો કારીગર, પણ એરંડાનું લાકડું લાવે તેનો ઘાટ શું કરે? તેમાંથી થાંભલો, પાટડો, શાખ ન બનાવે તેમાં સુથારની કચાશ નથી. વસ્તુમાં લાયકાત ન હોય ત્યાં કારીગરની કચાશ ન ગણાય, તેમ જીવો તેવા લાયક ન હોય તો ઉપદેશનું ફળ ન મળે. 'અકર્મીના પડિયા કાણાં' પ્રથમ દેનાર ન મળે, દેનાર મળે તો પડિયા કાણાં નીકળ્યાં. કાણાં પડિયાવાળાને દાતા અને વસ્તુ નકામી છે, તેમ જીવ અકર્મીના કાણાં પડિયા જેવો બને તો તેમને આરાધના, શાસન તે નકામાં થાય.

દાનેશ્વરીને ત્યાંથી કોઈ ખાલી હાથે ન જાય. સદાવ્રતમાંથી ખાલી હાથે જવાનું ન હોય. તીર્થંકરોએ મોક્ષનું સદાવ્રત માંડેલું છે. આ અરિહંત મહારાજનું પદ. દેવદત્ત, યજ્ઞદત્ત, મિત્રદત્ત, ચિત્રદત્ત વગેરે નામો મળશે, પણ મનુષ્ય નામ કોઈનું નથી હોતું, તેમ ઋષભ અજીતાદિ નામો જુદાં કહ્યાં, પણ અરિહંત પદ તેવી ચીજ જુદી નથી, પણ મનુષ્યત્વ દરેકમાં હતું. તેમ દરેક ઋષભાદિકમાં અરિહંતત્વ છે, તેથી અરિહંતપણું જુદું નથી, જે બધા અરિહંતોમાં રહેલું છે.

નાનું બચ્ચું હોય તો મનુષ્ય આવો ન હોય તેમ માન્યું. તે વખતે મનુષ્યના લક્ષણમાં જૂઠા પડયા, એક પણ અરિહંતાદિકને અંગે

અરિહંતાદિક નહિ, તો બાકીનાને માનીએ તો પણ જૂઠાં. માટે અરિ-હંતાદિક તેને માટે જે વ્યાપક લક્ષણ તે સ્વરૂપ વ્યક્તિ પરત્વે પણ છે, જે દરેકમાં હોય બાળક કે બુઢ્ઢામાં મનુષ્યત્વ રહેલું છે, તેમ અહીં એક પણ અરિહંતને ઓળખે ત્યારે બધાને ઓળખ્યા ગણાય. ગોશાળો, જમાલી બાકીના ત્રેવીસ તીર્થંકરને માનનાર હતા. માત્ર એક જ તીર્થંકરના વિરોધી હતા. પ્રથમ પદમાં અરિહંતપદ ન રાખે તો ૨૩મી માન્યતાનો લાભ થાય. માટે નવપદોને પદ ગણ્યા. તેમના પસાયથી દેવપાળ વગેરે સુખ પામ્યા અજ્ઞાનપણામાં આરાધે છે. જઘન્ય આરાધના કરનારો, દ્રવ્ય આરાધના કરનારો હોવા છતાં આવી સ્થિતિમાં આવી શકયો. આ લોકમાં દેવપાળને રાજ્ય મળ્યું. પરલોકમાં કાર્તિક શેઠ મુનિસુવ્રત મહારાજની આરાધનાથી ઈન્દ્ર થયા. ગૈરિક તાપસને લીધે બળ્યો જળ્યો હતો, પણ તે સાધુપણું લઇ મુનિસુવ્રત ભગવાનની આરાધનાથી ઈન્દ્રત્વ પામ્યા. બરોબર આરાધના તીર્થંકરપદ આપનારી છે. શ્રેણિકને તીર્થંકરપદ પ્રાપ્ત થયું. તે તેમની અતઃકરણની આરાધનાથી. આમ અરિહંતપદનો મહિમા જણાવ્યો. હવે બીજા પદની આરાધના કેવી રીતે કરવી જોઈએ તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

● ● ●

# શ્રી સિદ્ધપદ વ્યાખ્યાન.

સંવત ૧૯૯૨ આસો શુદિ ૮. જામનગર.

**सिद्धपयं झायंता के के सिवसंपयं न संपत्ता।**
**सिरिपुंडरिय-पंडव-पउममुणिंदाइणो लोए ॥१२०६॥**

શાસ્ત્રકાર મહારાજા શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા શ્રી શ્રીપાળચરિત્રથી રચના કરતાં ભગવાન ગૌતમ સ્વામીજી રાજગૃહીમાં સમોસર્યા છે તે વખતે શ્રેણિક મહારાજને નવપદનો મહિમા જણાવે છે.

શ્રીપાળની કથાનું માત્ર ધ્યાન રાખે, તેમને પ્રાપ્ત થએલી ઋદ્ધિ, સિદ્ધિનું ધ્યાન રાખે, અને નવપદનું ધ્યાન ન રાખે તો મૂળ વગરનું પડી ગએલું ઝાડ સમજવું. બન્નેમાં થડ, ડાળી, ફૂલ, ફળ પણ છે. ઊભા

અને પડી ગએલા ઝાડમાં બીજો ફરક નથી. માત્ર પેલું જમીનમાં મૂળ સાથે જોડાએલું છે, બીજું મૂળથી છૂટું પડી ગએલું તેવું જ છે. પણ ત્રીજે દહાડે પડી ગએલાનું નામ નિશાન રહેવાનું નથી, તેમ આપણે શ્રીપાળચરિત્રમાં મૂળરૂપ નવપદની આરાધનાનું ધ્યાન ન રાખીએ તો શ્રીપાળની દેવતાઈ રિદ્ધિ સિદ્ધિ વગેરે પર આપેલું ધ્યાન ઉખડી ગયેલા ઝાડ જેવું છે. નવપદનો સમુચ્ચયમહિમા કહી પ્રથમ પદનો મહિમા જણાવી ગયા.

હવે બીજા સિદ્ધપદનો મહિમા જણાવે છે. અરિહંત ભગવાનને માનવા છતાં સિદ્ધ ભગવાનને ન માને તો ભવ્યત્વની છાપ ન મળે. સિદ્ધપણાને માને તો જ ભવ્યત્વની છાપ.

### અભવ્ય કેટલાં તત્ત્વ માને ?

આઠ તત્ત્વ માને ત્યાં સુધી તો અભવ્ય પણ હોય. અભવ્ય મોક્ષ સિવાય આઠ તત્ત્વની માન્યતા કરે. અભવ્યને સિદ્ધપદની માન્યતા ન હોય. જીવાદિક આઠ તત્ત્વની માન્યતા ન હોય તો દેવલોક માટે તપસ્યા કરી શકે નહિ. દેવલોકની માન્યતા કરનારે આઠ તત્ત્વ માની લીધા, નહિતર તપસ્યા થાય નહિ. નવકારશી કરવાવાળાએ જિનેશ્વર, તપસ્યા નિર્જરા બધું માન્યું, નહીંતર તે માન્યા વગર નવકારશી પચ્ચક્‌ખાણ કરવાનું બને નહિ. જેણે દેવલોક માટે સાધુપણું સ્વીકાર્યું છે, તે આઠ તત્ત્વ માને છે. જો જીવ ન માને તો દેવલોકમાં ઉપજવાનું નથી. અજીવ ન માને તો દેવલોકના વિમાનાદિક માનવાના નથી. આશ્રવ માને તો શુભમાં ઉદ્યમ કરે, પાપને રોકવું ન માને તો નરકાદિકે જાય, અને રોકવું માને તો દેવલોકમાં જાય, તે ક્યાંથી માને ? પાપથી નરકાદિક ફળ મળે અને પુણ્યથી સ્વર્ગાદિક ફળ મળે છે. પહેલાંના પાપકર્મ તોડયા વગર દેવલોકમાં નહીં જવાય, માટે નિર્જરા માનવી પડે. આઠ તત્ત્વ અભવ્ય માની લે, જિનેશ્વર હોય ત્યારે તેમની સમૃદ્ધિ, પૂજા, દેવતાઆગમન વગેરે જોઈ અભવ્યને આઠ તત્ત્વ માન્યા વગર છૂટકો નથી, પણ મોક્ષ સિવાય પુણ્યાદિક માનવાથી ભવ્યપણાની છાપ ન લાગે. જ્યારે સિદ્ધપણું માને, ત્યારે જરૂર ભવ્ય ગણાય. મોક્ષની શ્રદ્ધા, સિદ્ધિ, સિદ્ધિની શ્રદ્ધા ભવ્ય સિવાય બીજાને ન હોય.

## અરિહંતપદની જડ-સિદ્ધપણું.

બીજા પદમાં આરાધના કોની કરીએ છીએ? દીવો ઉપયોગી શામાં? દેખવાની વસ્તુ હોય તેમાં. દેખવાની વસ્તુ ન હોય તો ઉદ્યોતનું ઉપયોગીપણું ગણાય નહિ. જો સિદ્ધો ન હોય, સિદ્ધપદ ન હોય તો તીર્થંકરનું ઉપયોગીપણું નથી, સિદ્ધો થયા છે, અષ્ટકર્મ રહિત થઇ શુદ્ધ આત્માની સ્વરૂપદશા પ્રાપ્ત કરી શકાય છે. આ હોવાથી અરિહંતને માની શકાય છે, અરિહંતપણું મૂળ વગરનું ક્યારે? સિદ્ધપણું ન હોય અને સિદ્ધપણું ન માને તો અરિહંતપણું બને નહિ. અરિહંત ન હોય તો ઉપદેશ કોઈ દે નહિ, મોક્ષ કોઈ મેળવે નહિ. સિદ્ધતા પ્રયત્નથી થાય છે. પ્રયત્ન જણાવનાર અરિહંતો છે.

તમે તો ઉલટું કહો છો. સિદ્ધપણું હોય તો જ અરિહંતપણું, આ શી રીતે માનવું? અરિહંત થયા પછી સિદ્ધ થાય છે. સિદ્ધ કોઈ અરિહંત થતા નથી, કાર્ય સિદ્ધપણું. કાર્ય કારણ સિવાય ન હોય તે સ્વાભાવિક. અરિહંતપણું કારણ છે. સિદ્ધપણું કાર્ય છે, તો તમારી વાત કેવી રીતે બેસે?

વાત ખરી. આગળ ને પાછળ નજર રાખે તો આખી વસ્તુ માલુમ પડે. આખા શરીરનું સંસ્થાન આખો ફોટો લે તો માલુમ પડે. અરિહંતના જન્મથી માંડી મોક્ષે ગયા ત્યાં સુધીની સ્થિતિ લેવાની. સિદ્ધપણામાં અરિહંતપણું કારણ કહો તો વ્યાજબી, પણ અરિહંતપણામાં સિદ્ધપણાનું કારણ છે. અરિહંતપણાનું પુણ્ય બાંધ્યું ક્યારે? આખા જગતનો ઉદ્ધાર કરવાની ઉત્તમ ભાવના થઇ ત્યારે.

## અરિહંત કરતાં અધિક આદર સિદ્ધ ઉપર હોવો જોઇએ.

જેમ નદી પોતાની પાસે બેઠેલાને ઠંડક આપે, ચંદન પણ પાસે રહેલાને સુગંધ આપે, તેમ પોતે જે કુટુંબમાં આવ્યો તે કુટુંબને તારું તેવી ભાવનાવાળો જીવ ગણધર થાય. પોતાને તારવાની બુદ્ધિવાળો અંતકૃત કેવલી થાય. બધા જીવો તરવા જોઈએ. એક પણ ડૂબે કેમ? તેવી ધારણાવાળો તીર્થંકર થાય, તો તીર્થંકરપણાની જડ કઇ? સિદ્ધદશાને લીધે જ તીર્થંકરપણું મેળવ્યું. તરવાનું ન બનતું હોય તો વિચાર કરત ક્યાંથી? અરિહંતપદની જડ સિદ્ધપણું. અરિહંતનો ઉપકાર,

આપણને સિદ્ધના ઉપાયો બતાવે તેથી છે. આંધળાને મશાલ મળે ત્યાં વળે શું ? તેને દેખવામાં ઉપયોગ ન થાય, તેમ સિદ્ધપણાની ઇચ્છાવાળા પ્રયત્ન કરવાવાળા કહીએ તો અરિહંત મહારાજા રૂપી મશાલ ધરવાવાળા આપણા ઉપકારી ગણાય.

અરિહંત મહારાજા મૂળ મિલકત નહિ, મૂળમાલ નહિ પણ તે તો દલાલ છે, માલમાં કિંમત નહિ તો દલાલને કિંમત કયાંથી ? અરિહંતપણાની કિંમત એ તો સિદ્ધની દલાલી છે. મૂળ વસ્તુની મોંઘવારી ન હોય તો દલાલની મોંઘવારી ન હોય. અરિહંત ભગવાનના આદર કરતાં સેંકડો ગણો આદર સિદ્ધ ભગવંત ઉપર હોવો જોઈએ. દેશમાં આગેવાન–નેતા પાકયા, પ્રજાને સ્વતંત્ર થવા માટે ભાષણો આપ્યાં, પણ સ્વતંત્રતા અંસભવિત લાગે તો આગેવાનનો ઉપદેશ–પ્રયત્ન તે અગવડના ડુંગરા ઊભા કરનારો થાય. અરિહંત મહારાજાએ કર્મથી સ્વતંત્ર થવા માટે ઉપદેશ આપ્યો, ઉશ્કેર્યા છતાં તે થઈ શકે તેવું ન હોય, થતું ન હોય તો અરિહંત મહારાજા અથડામણમાં નાખનારા ગણાય.

## આણીયાલીને બદલે પણયાલી ગામ ગયા જેવું ન કરો.

સિદ્ધિસ્થાન અને સિદ્ધો ન હોય તો અરિહંત મહારાજા અથડામણમાં નાખનાર ગણાય, પણ અરિહંત ઉપકારી ગણાય, કારણ કે તે સિદ્ધિ લભ્ય–શકય વસ્તુ છે. તપ, જપ, સમાધિ બધાનો છેડો મોક્ષમાં છે, પરિણામની સુંદરતા ન હોય તો પ્રયત્ન નકામો ગણાય. મોક્ષ જેવું સુંદર પરિણામ–લક્ષ્ય ન ધરાય તો અરિહંતના ઉપદેશથી થતા પ્રયત્નની કોડીની પણ કિંમત ન ગણાય, સિદ્ધપદની પ્રાપ્તિ લક્ષ્ય–પરિણામને આભારી છે.

અરિહંત મહારાજાએ પોતે એ ધ્યેય–સાધ્ય રાખ્યું, ને બીજાને જણાવ્યું, ને તેની સિદ્ધિ કરવા માટે આપણને પ્રયત્ન કરવા ઉપદેશ આપ્યો. જેમ અણીયાલી ગામને બદલે 'પણયાલી આવ્યું ?' એમ પૂછવા લાગ્યો. આખો દહાડો ફરીને પૂછીને ટાંટીયા ઘસાઈ ગયા. ચાલવા પૂછવામાં ખામી ન રાખી, તેમ કાયાદિ ત્રણે વ્યાપાર બરાબર કર્યો, પણ સાધ્ય પહોંચડાવાનું બરાબર યાદ ન હોવાથી મહેનત નકામી ગઈ.

જ્ઞાનાદિક તમામનો ઉદ્યમ કરીએ પણ મોક્ષનું સાધ્ય ભૂલી જઇએ તો અણીયાલીને બદલે પણુયાલી થઇ જાય.

એટલા માટે કહ્યું કે, આલોક માટે કે પરલોક માટે તપ ન કરવું, ફક્ત કર્મની નિર્જરા માટે જ તપ કરવાનું પ્રયોજન રાખવું. અસંગપણે તપ વગેરે કરવા, કર્મક્ષય માટે તપ–જપ–જ્ઞાન–દર્શન–ચારિત્ર –વિનય–વૈયાવચ્ચ–ભક્તિ. કર્મક્ષયનો મુદ્દો રહે તે જ બધું સાર્થક છે. ધર્મની દરેક ક્રિયા સિદ્ધિપદને ઉદ્દેશીને કરવાની, અર્ધી મિનિટનો પ્રયત્ન નવકાર ગણવાનો તે પણ 'सव्व पावप्पणासणो' સર્વ પાપનો નાશ કરવા માટે, બીજા કોઈ પણ સાથે સંબંધ ન જોડાય.

વીજળીના તાર ઓરડે ઓરડે બધે હોય, પણ મેઇન લાઇન સાથે કનેકશન–જોડાણ તૂટેલું હોય તો બધા તાર નકામા. તેમ સિદ્ધિનું કનેકશન તૂટી જાય તો અંધારું છે. અજવાળું કનેકશનથી રહે. સિદ્ધિપદપ્રાપ્તિ. કર્મમુક્તિ સાધ્ય રહે તો તમારી દરેક ક્રિયા અજવાળા રૂપ છે. કોઇ પણ ધર્મક્રિયા કરો એ નિર્જરાનાદોર સાથે કનેકશન કરી કરો, તે લક્ષ છૂટી જશે તો ઉદ્યોત થવાનો નથી.

અરિહંતની ભક્તિ, સિદ્ધની માન્યતાના આધારે ફળ દે. મનુષ્યને પારકી પંચાત સૂઝે, પોતાની સૂઝતી નથી, પૈસા, શરીર, કુટુંબાદિકનો વિચાર કરીએ, પણ આત્મામાં કેટલી નિર્મળતા કે મલિનતા થઈ? તેમાં વધારો કે ઘટાડો થયો? તેનો વિચાર મગજમાં નથી આવતો. જે મનુષ્ય પોતાના રોગને પોતે ન પારખે તેની દશા શી થાય? 'તારા રોગને તું જો ડોકટર કયા ઉપાય કહે છે તે જો ધ્યાનમાં ન રાખે, ચાહે જેવો આખી દુનિયાની પંચાત કરનારો હોય તો પોતાના રોગને ટાળવાનો ઉદ્યમ ન કરે તો અંતે મરણ શરણ થાય. તેમાં પુદ્ગલ–અર્થ-આબરૂ-ઇજ્જત–શાખ–પૈસા-શરીર–કુટુંબની બધાની ચિંતા તે ચિતા આપનારી છે. પોતાનું તપાસતો નથી અને બહારનું જ તપાસે છે.

સિદ્ધપદનું સ્મરણ, ધ્યાન કરનારો જરૂર સિદ્ધ થાય. અરિહંતમાં અમુક દૃષ્ટાંત લેવાય. સિદ્ધપદને અંગે જેટલા મોક્ષે ગયા તે બધા

સિદ્ધ પામ્યાના દષ્ટાંત છે સિદ્ધપદ ધ્યાયું ને સિદ્ધ ન થયો હોય તેવું એક પણ દષ્ટાંત નહીં મળે.

**સિદ્ધગિરિ નામ શાથી ?**

અરિહંતનું ધ્યાન કર્યું તે અરિહંત થયો, તેવો નિયમ નહિ, બધા અરિહંત થાય તેવો નિયમ નથી. પણ સિદ્ધમાં એ નિયમ છે. સિદ્ધપદનું પામવું, સિદ્ધપદના ધ્યાન વગર ન થાય. શ્રી ઋષભદેવજી, મરૂદેવામાતા અને ભરત ચક્રવર્તી ન લેતાં, પુંડરિક સ્વામી કેમ લીધા ? વિશિષ્ટતા છે. પ્રથમ તીર્થંકર શ્રી મુખે પોતા કરતાં સિદ્ધગિરિને ભળાવ્યા. બન્યું એવું કે સિદ્ધાચળજી ઉપર ઋષભદેવજી સમોસર્યા દેશના દીધા પછી વિહાર માટે તૈયાર થયા. પુંડરિકસ્વામી પણ વિહાર માટે સાથે તૈયાર થયા, ત્યારે ભગવાને તેમને કહ્યું કે "હે પુંડરિક ! તમો મારી જોડે ન આવો, અહીં રોકાઈ જાવ', એમ કહી રોકી દીધા ખુદ ભાવતીર્થંકર પોતાના પ્રથમ ગણધરને 'ન આવો' તેમ કહે, તે કેવું વજાઘાત જેવું લાગે. આ ક્ષેત્રના બળ અને પ્રભાવથી તમને અને તમારા પરિવારને કેવળજ્ઞાન થશે, તમે બધા અહીં મોક્ષ પામશો. માટે તમે અહીં રોકાવ."

પુંડરિક સ્વામીજીને શ્રી ઋષભદેવજીએ પોતાના આલંબનમાંથી ખસેડી સિદ્ધના આલંબનમાં ચૂકયા, તેથી સિદ્ધગિરિ નામ. અષ્ટાપદજી-આઠ પગથિયાં 'તેથી અષ્ટાપદ. આ સિદ્ધિગિરિ તે સિદ્ધ થવાનો પર્વત. તેનું આલંબન પુડરિકસ્વામી ગણધરને સોંપે છે.' આ ક્ષેત્રના પ્રભાવે તમને ને તમારા ઘણા પરિવારને કેવળજ્ઞાન તથા મુકિતપદ મળશે.

આવી સ્થિતિ હોવાથી પુંડરિકસ્વામીજીનું દષ્ટાંત આપે છે. તેમ પાંડવો, નેમનાથજી ભગવાનને વંદન નિમિત્તે નીકળે છે, ત્યાં રસ્તામાં ભગવાન નિર્વાણ પામ્યા સાંભળી આલંબન તૂટી ગયું, પણ એક આલંબન મજબુત છે.ત્યાંથી નીકળી સિદ્ધાચળજી આવ્યા. સિદ્ધિપદને અંગે આ સ્થાન ગણી અણસણ કરી પાંડવો સિદ્ધિપદ મેળવી શકયા. તીર્થંકરનું આલંબન છૂટી ગયું. તો પણ સિદ્ધિપદના આલંબનથી તરી ગયા.

તેમ પઉમ–રામચંદ્રજી રામ અને સીતાના સ્નેહની ઘટના કરી શકાય. સીતાજી બારમે દેવલોક ગયા. રામચંદ્રજી કાઉસ્સગ્ગમાં છે તે

વખતે સીતા ઉપદ્રવ કરવા આવી સીતા બારમા દેવલોકના ઈન્દ્રત્વને પામેલી છે, છતાં રામને ઉપસર્ગ કરે છે પણ રામચન્દ્રજી આત્મસ્વરૂપમાં રમણ કરે છે, તેથી ઉપદ્રવો હોવા છતાં સિદ્ધિ વરી શક્યા. જિનેશ્વરનો સંજોગ હાજર નથી ત્યાં પણ ઉપદ્રવમાં સિંહપણું રાખી શક્યા, તે સિદ્ધપણાનો જ પ્રતાપ. આલંબને સિદ્ધિપદના પ્રભાવે જ કાર્ય સાધી શક્યા. કલ્પવૃક્ષ પાસેથી લેવું હોય તો ઉપાય કરવો જોઈએ. નામ સ્વરૂપ ન જાણી શકીએ તો તે પ્રાપ્ત કરવાનો ખ્યાલ કેવી રીતે આવે, તે ખ્યાલમાં હોય તો તે રસ્તે જઈ શકાય.

આ બે પદની આરાધના થવાથી સંપૂર્ણપદની આરાધના થઈ. અરિહંત સિદ્ધને કશું સાધવાનું નથી, કૃતકૃત્ય–નિષ્ઠિતાર્થ થએલા તે જ દેવ છે. તેના બે ભેદ અરિહંત સાકારદેવ અને સિદ્ધ નિરાકાર દેવ. તેની આરાધના જણાવી. હવે ત્રીજું આચાર્ય પદ, તેના અધિકાર અગ્રે વર્ત્તમાન.

● ● ●

# શ્રી આચાર્યપદ વ્યાખ્યાન.

સંવત ૧૯૯૨ આસો શુદિ ૯. શનિવાર જામનગર.

**नाहियवायसमज्जिअ पावभरोऽवि हु पएसिनरनाहो ।**
**जं पावइ सुररिद्धिं आयरियप्पयप्पसाओ सो ॥ १३०७ ॥**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન રત્ન શેખરસૂરીશ્વરજી આગળ સૂચવી ગયા કે આ સંસારમાં બે પ્રકારના શ્રોતા છેઃ તત્ત્વશુશ્રુષાવાળા અને અપરમશુશ્રુષાવાળા એટલે રસકથા સાંભળવાવાળા અને તત્ત્વ સાંભળવા-વાળા. શ્રીપાળચરિત્રમાં બન્ને વાનાં છે. નવપદોનું યથાસ્થિત સ્વરૂપ આમાં આલેખવામાં આવ્યું છે. શ્રીપાળ મહારાજાની સ્થિતિ દેખાડેલ હોવાથી રસકથા પણ કહી શકાય, પણ સૂત્ર, ટીકા, ચરિત્રમાં શાસ્ત્રકાર જે રસકથા કહે છે તે રસકથાના મુદ્દાથી માત્ર અનુવાદ તરીકે રસનો અધિકાર અને વિધાનમાં કરે તે તત્ત્વનો અધિકાર. વિધાનમાં આમ લગ્ન, લડાઈ, સુવર્ણસિદ્ધિ કરજો, એમ નહીં કહે.

રસકથામાં આમ બન્યું, રાજ ને કન્યા બધું મળ્યું તે અનુવાદ તરીકે. વિધિ તરીકે દરેક જગ્યાએ તત્ત્વનો અંશ હોય. વિધિ નવપદ-આરાધન કરવું જોઈએ, પણ ઋદ્ધિ, સમૃદ્ધિ, ઠકુરાઇની વાતોમાં આમ કર્યું, આટલું મળ્યું તે કહેવાય છે. પણ તમે રિદ્ધિ આમ મેળવો, લગ્ન કરો એમ શાસ્ત્રમાં ન કહેવાય. રસની વાત અનુવાદથી, અને વિધાન તરીકે તત્ત્વની વાત કહી છે, રસની વાતો ચાલતી હોય ત્યાં 'કરવું–કરણીય, એમ ન બોલે. શાસ્ત્રકાર તત્ત્વની વાતોમાંની પૌદ્ગલિક વાતો લેનારને જન્મ હારી જવાનો છેલ્લામાં છેલ્લો ઓલંભો દે છે. જો આરાધન ન કર્યું તો તારો જન્મ નકામો. સજ્જનને આનાથી વધારે શબ્દ ન કહી શકાય. તે અધિકારમાં તે શબ્દ કામનો. સુખસમૃદ્ધિ ન મેળવી તો જન્મ નકામો એમ ન બોલાય. રસની વાતમાં અનુવાદ, તત્ત્વની વાતમાં વિધાન. શ્રીપાળ ચરિત્રમાં તત્ત્વની વાત કઈ? નવપદની આરાધના કરી તો જન્મ સફળ. એ વગેરે જણાવવું તે

**ત્રણ ન કહેતાં નવપદ કેમ કહ્યાં ?**

હરકોઇ આસ્તિક મતવાળાને ત્રણ ચીજ માન્યા વગર ન ચાલે : દેવ, ગુરુ અને ધર્મ. તો પછી આ નવપદમાં બીજું કશું નથી.

દેવાદિ એ ત્રણ પદ નવપદમાં સમાઈ જાય છે, તો પછી ત્રણ જ પદ કહેવા હતા ને? નવ શા માટે કહ્યાં? ત્રણમાં બધા આવી જાત.

તેના ઉત્તરમાં જણાવે છે કે આવવામાં તો વાંધો ન હતો, પણ એક વાત ધ્યાનમાં રાખવી કે '**नमो मणुस्साणं**' કહેવાથી રાજાને નમસ્કાર આવી જતો નથી. જે રાજા તરીકે ઉલ્લાસ આવવો જોઇએ, પાલકતા ભાસવી જોઇએ, તે મનુષ્ય શબ્દમાં ન આવી જાય; તેમ **नमो देवस्स** બોલવાથી, ઉપદેશક ને ઉપદેશ્ય એ બે જુદા પડી શકે નહિ, **देवस्स** કહેવાથી આ બેનો નિર્ણય થવો જોઈએ, કે કોના હુકમથી, કયા નિર્ણયથી ચાલ્યું કે ચાલવું જોઈએ. આ બે પદ જુદા પાડીએ તો જ નક્કી થાય.

અરિહંતના વચન પ્રમાણે મારે ચાલવાનું. હું કર્મરાજાની સામે સમરાંગણમાં ઉતરેલો યોદ્ધો છું. મારા જનરલ અરિહંત છે. તેમના હુકમ પ્રમાણે મારે વર્તવાનું. મુદ્દો જિત મેળવવાનો છે; તેમ અહીં

જિનેશ્વર ભગવાન રૂપી સેનાધિપતિના હુકમ પ્રમાણે વર્તવાનું, પણ મુદ્દો સિદ્ધિ પામવાનો. સિદ્ધિનો સાક્ષાત્કાર કરી ઉપદેશ દેનારા તે જ અરિહંત, સિદ્ધિ પામ્યા તેથી તેઓ મુરબ્બી સંપૂર્ણ ગુણવાળા છે અરિહંતને હવે નવો ગુણ મેળવવાનો નથી. ચાર ઘાતિકર્મનો ક્ષય થવાથી ચાર ગુણો મળી ગયા છે. ચાર કર્મ તો બાકી છે ને? નાણાં ભરપાઈ કર્યાં છે, માત્ર જમે ઉધાર લખવાનાં બાકી છે. તેમાં શાહુકારને દેવાનો વાંધો નથી. વેદની, નામ, ગોત્ર ને આયુષ્ય આદિ ચારે કર્મના હવાલા નખાઈ ગયા છે.

## અધુરા ગુણવાળાને કેમ આરાધાય?

સંપૂર્ણ ગુણવાળાને આરાધીએ તો સંપૂર્ણ ગુણ મળે તે સ્વાભાવિક છે. માટે દેવતત્ત્વ આરાધવાથી કલ્યાણ થાય, તેમાં બે મત નથી; પણ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ એ તો અધુરા છે, સંપૂર્ણ ગુણ પામી શકયા નથી, તો મણિની માળામાં આ કાચના કટકા કયાંથી ઘાલ્યા? કહો, અરિહંત ને સિદ્ધ—એ બે પદ આરાધવા જોઈએ.

આચાર્યાદિને વચમાં કયાં ઘાલ્યાં?

મહાનુભાવ! જેણે વાટ-રસ્તાનું વિઘ્ન ટાળવા સથવારો ન લીધો, તેને સામા ગામનું ઓલાવું આવે તેમાં શું વળે? તેડું આવેલું એકલું કામ ન લાગે. આચાર્યાદિ એ તો મોક્ષની વાટના વળાવા છે. તેને જોડે ન લઈએ તો વાટના વિઘ્નોનું શું થાય? વાટમાં મળેલા લુંટારૂ વખતે વળાવો જોઈએ. તો જ આગલા ગામની દુકાનની માલિકી મેળવી શકાય. જિનેશ્વર સિદ્ધ મહારાજ ધીગતી પેઢી છે, છતાં મુસાફરીનો માર્ગ મોકળો કોણ કરે? સંપૂર્ણ ગુણવાળા હોય તો જ આરાધનીય, પણ ગુણ તેમનામાંથી આપણે લેવાના છે કે આપણા ગુણો આપણે ઉત્પન્ન કરવાના છીએ.

કાગળ વાંચતાં માસ્તરે શીખવ્યું, પણ અજવાળું નથી. શીખેલાને અજવાળા વગર મુંઝવણ પડે, તેમ અરિહંત મહારાજે માર્ગ બતાવ્યો, પણ વહેણ ન ચાલે તો બધું નકામું થાય. 'દીવો નામું ભણ્યો નથી.' તેમ વિચારી વાંચવાવાળો દીવો ન કરે તો શું થાય? ભલે નામું નથી ભણ્યો, આંક નથી શીખ્યો, પણ આપણે લાયક અજવાળું કરી દે તો નામું

વાંચી શકાય. જિનવચન જેવું હોય તેવું વચન આચાર્યો આપણા કાને નાખે. આચાર્ય મોક્ષ પામ્યા નથી, ઉપાધ્યાય કે સાધુ મોક્ષ કે કેવળ પામ્યા નથી, છતાં તેઓ સંદેશો લાવી દે છે, શહેનશાહ સંદેશો કાઢે પણ સંદેશો સંભળાવનાર તો શેરીફ, તે દેશનો માલિક નથી. શેરીફ પોતા તરફથી સંદેશો નથી કાઢતો.

આચાર્યાદિ ત્રણે સ્વતંત્ર ઢંઢેરો કાઢનારા નથી, મોક્ષમાર્ગ સ્વતંત્ર બતાવનાર નથી. જિનેશ્વરે બતાવેલો માર્ગ જણાવે છે, શેરીફ ઢંઢેરો ન વાંચે તો આપણે અજાણ્યા રહીએ; તેમ આચાર્યાદિ વાણી ન સંભળાવે તો જિનેશ્વરની વાણીથી અજાણ્યા રહીએ, વસ્તુસ્થિતિએ વિચારીએ તો ગુરુપદને ગુરુપદ તરીકે આરાધનાની જરૂર છે. સોનાનાણું કિંમતી પણ તેની કિંમત રૂપિયા દ્વારાએ. સોનાનો ભાવ પૂછો છો, પણ રૂપિયાનો ભાવ પૂછયો? સોનાના લેવાવાળાને દેવાવાળાને ભલે સોનું વધારે કિંમતી, પણ તેની કિંમત તો રૂપિયા દ્વારાએ જ કરવાની. તેમ અહીં જિનેશ્વર મહારાજ થયા હતા, તેમણે મોક્ષમાર્ગ કહ્યો છે, એ કયાંથી જાણવું? ગુરુથી રૂપિયો સોના કરતાં હલકી કિંમતનો, છતાં સોનાની કિંમત રૂપિયા દ્વારાએ. ગુરુતત્ત્વ ઓછી કિંમતવાળું. દેવતત્ત્વની કિંમત ઊંચી, છતાં તેમની કિંમત ગુરુદ્વારાએ બને. સોનાથી વ્યવહાર કરનારને રૂપિયાથી નિરપેક્ષ રહેવું ન પાલવે. તેમ જેને દેવતત્ત્વ માનવું છે, અરિહંત સિદ્ધો માનવા છે, તેમને ગુરુ માન્યા વગર ચાલતું નથી. માટે ગુરુતત્ત્વ માનવાની જરૂર.

## કેટલીક વખત દેવ કરતાં ગુરુતત્ત્વ ઉપકારક બને.

કેટલીક વખત ગુરુતત્ત્વ કામ કરી દે છે, સુદૃઢ દેવતા મહાવીર મહારાજને અંગે રોષે ભરાયો! 'નાવડી ડુબાડી મારી નાખું!' ગંગાનદી ઉતરતાં ઉપદ્રવ કર્યો, હાલિક થઈ બ્રાહ્મણ થયો. એ જીવ ત્યાંથી મરી બ્રાહ્મણ થયો. તે શ્રી ગૌતમસ્વામીજી સિવાય પ્રતિબોધ થાય તેમ ન હતું. મહાવીર મહારાજને પામી-દેખી પરિણામથી પડયો. દેવશર્માને પ્રતિબોધ કરવા શ્રી ગૌતમસ્વામીજીને મોકલવા પડ્યા. તમારા ઘરમાં છોકરા હોય, છોકરા રીસાય તો જોડેના ગોઠીયા કે ધાવમાતા તમારા કરતાં જલ્દી સમજાવી શકશે. નોકરડી કે ગોઠીયા માતા પિતાથી વધતા નથી,

પણ રસ્તે પાડી દે. માબાપથી ઠેકાણે ન આવે. તેમ અરિહંત મહારાજથી જે ઠેકાણે ન આવ્યા તેવાને ગુરુ મહારાજ ઠેકાણે લાવ્યા. વ્યક્તિદ્વેષ હાલિકને હતો, માર્ગ દ્વેષ ન હતો. હાલિકને મહાવીર ભગવાન પર વ્યક્તિદ્વેષ હતો. બીજી વ્યક્તિથી માર્ગ પામી જાય તેનું દૃષ્ટાંત ન દેતાં માર્ગ દ્વેષવાળાનું દૃષ્ટાંત દે છે.

પ્રદેશીરાજા ગુરુના પ્રતાપે ઠેકાણે આવી સદ્ગતિ પામ્યા. પરસ્પર મતદ્વેષી નથી. સ્થાનકવાસી દિગંબરો પરસ્પર મતદ્વેષી. અહીં માર્ગદ્વેષ છે, જિનેશ્વરના આખા માર્ગના વિરોધી છે. પ્રદેશીરાજાના મતે આત્મા નથી, પરિણામી આત્મ જેવી ચીજ નથી, પરભવ નથી, કર્મ નથી, કર્મનો યોગ નથી, કર્મથી છૂટા થવાનું હોતું નથી. તેના મતે આત્મા–કર્મ–દેવલોકાદિક નથી, તો મોક્ષ હોય જ ક્યાંથી? આટલી વિરુદ્ધ માન્યતાવાળાને મત અનંગીકાર કહો. પણ મતદ્વેષ કેમ કહો છો? એકેન્દ્રિયાદિક મત અંગીકાર નથી કરતા, તેમ સાધુ બોલે તે પણ પ્રદેશીને ગમતું નથી. કેશીકુમાર ધર્મદેશના આપતા હતા, ત્યાં ચિત્ર-સારથીને પ્રદેશીરાજા કહે છે કે 'મુંડીયો શાના બરાડા પાડે છે.?'

આસ્તિકને પ્રથમ ધર્મ કરનારા પર અરુચી નથી હોતી. પહેલાં ધર્મઉપદેશકો પર દ્વેષ હોય. ચોકીદાર જાગે તો ચોરને ન ગમે, તેમ ચોકીદારોથી ધર્મોપદેશકો પર ચોટ મારવી તે દરેક જમાનામાં ધર્મવિરોધીનું કર્તવ્ય છે. ચોટ ક્યાં? શ્રોતાઓ ઉપર છે. બાપુભાઇ! ચોટ્ટાઓની ચોટ ચોકી ને ચોકીદાર પર હોય. તેમ પ્રદેશીરાજા એટલો માર્ગવિમુખ કે જેથી કેશીકુમારને અંગે કહે છે કે મુંડીયો બરાડા પાડે છે. દેશના દે છે તે વખતે આણે પાપ પેદા કરવામાં કેટલી પાછી પાની રાખી? મુદ્દલ નહીં.

નાસ્તિક કેટલાક બિચારા વેદીયા ઢોર જેવા હોય છે. '**घृताधारे पात्रं**' કે '**पात्राधारे घृतं**' એ વિચારતાં ઘીનું ભાજન ઊંધું વાળ્યું, તો ઘી ઢોળાઈ ગયું. બીજી કોઈ વખત ખીચડી અને ભાજી રાંધતા હતા, ચૂલા ઉપર ખદખદ શબ્દ થતાં વિચારે છે, કે આ ધાતુ–ક્રિયાપદ નવો ક્યાંથી નીકળ્યો? 'અપશબ્દ બોલે તેના મોંમાં ધૂળ.' ખીચડીમાં ધૂળ નાખી શાસ્ત્રસિદ્ધ શબ્દ બોલે. વ્યાકરણ વિરુદ્ધ કેમ બોલે છે? પ્રદેશીરાજા આવા વેદીયા પંડિત જેવા નથી.

દરેક વસ્તુ નથી રૂપે જૈનોએ માનેલી છે. ઘટ તે પટરૂપે નથી. માટે જે પરલોક, મોક્ષ, સદ્દ્ગતિ, દુર્ગતિ, પાપાદિને ન માને તેવી બુદ્ધિવાળા તે નાસ્તિક. આટલા માટે 'નાસ્તિક' શબ્દનો વ્યાકરણમાં નિપાત કરવો પડયો. નાસ્તિક કોને કહેવા ? પરલોક, પુણ્ય, પાપ, જીવ નથી એવું કહે તેનું નામ નાસ્તિક. ચોકખી રીતે નિપાત કર્યો છે. 'નાસ્તિક' શબ્દ શાસ્ત્રસિદ્ધ છે. નાસ્તિક છતાં પાપનો ઢગલો ભરાય નહિ. નહિતર ઊંચા આવવાનો વખત ન આવે. એકેન્દ્રિયાદિ અસંજ્ઞીપણામાં શું માનતા હતા? તેથી એકેન્દ્રિય વગેરે ભલે આસ્તિક ન હોય તો પણ નાસ્તિક તો નથી. નાસ્તિક આમ ધારણાંવાળો થાય, જીવાદિક નથી એવું ધારવાવાળો થાય. વાદમાં જે ઘૂસ્યો હોય તેથી જીવ માનનારાને ખોટા ઠરાવું ! પુણ્ય પાપ માનનારાને ખોટા ઠરાવું ! આવો પ્રદેશીરાજા એકલો નાસ્તિક નથી, પણ નાસ્તિકપણાનો ઝંડો રોપનાર છે.

વિચારો ! સ્વતંત્ર, વિદ્યમાન પદાર્થ માને નહિ, એટલું જ નહિ પણ જીવાદિક માનનારાને ધક્કા મારે. એ કઇ દશાનો ? આસ્તિકપણાના ખંડનને અંગે પાપનાં પોટલાં બાંધ્યાં છે. લોહીએ ખરડાએલા જ હાથ હંમેશાં રહે છે. રાતદિવસ હિંસકપણું. તેના પાપોપાર્જતમાં બાકી શું ? વાદ, નાસ્તિક વર્તન હંમેશાં, લોહીથી ખરડાએલો હાથ તેવાઓને પાપ ઉપાર્જન કરવામાં શું બાકી રહે ? એવો પ્રદેશીરાજા 'सर्वं हि महतां महत्'. સાતમી નરકે ચક્રવર્ત્તી અધિકારી મોટો છે. મોટામાં મોટી દુર્ગતિ, રાજેશ્વરી કે નરકેશ્વરી.

અન્ય મતમાં કહ્યું છે કે 'राज्यं हि नरकांतं' તે સામાન્ય સ્થિતિમાં હોત તો નરકે કદાચ ન જાત. નાસ્તિકવાદી, 'હિંસક', રાજેશ્વરીપણું ત્રણ એકઠા થાય ત્યાં પાપ કરવામાં શું બાકી રહે?

**આચાર્ય મહારાજાનો પ્રભાવ.**

જ્યાં અનર્થનો સંભવ ત્યાં ઇષ્ટસિદ્ધિ થાય, ત્યારે દેવતાઈ ચમત્કાર ગણવો પડે. સાપ કરડી સાપ પાછો આવી, ઝેર ચુસી લે તે આશ્ચર્ય લાગે: તેમ આવો પાપિષ્ટ તેને નરક બચી તો બચી પણ તે દેવતાઇ ઋદ્ધિ પામ્યો, ઘોર નરકનાં કર્મો ઉપાર્જન કરેલ તે પ્રદેશીરાજાને નરકે જવાની વાત તો દૂર રહી, પણ દેવતાઈ સિદ્ધિ મળી. તે બધો આચાર્ય

મહારાજના ચરણકમલનો પ્રભાવ છે; રાજાને સમ્યગ્માર્ગે આવવાનું; તેમાં કેશી ગણધર આચાર્ય મહારાજ મૂળ કારણ છે.

દેવતાઈ સમૃદ્ધિ જેને અંગે આખું રાયપસેણીસૂત્ર છે, જેમાં પ્રદેશી રાજાનું વૃત્તાંત છે. સૂર્યાભદેવતા તેજ આ પ્રદેશીરાજાનો જીવ. એવી દેવતાઈ સ્થિતિ મેળવી. આવા નાસ્તિક શિરોમણિ હિંસામાં પ્રથમ નંબર છતાં પણ સૂત્રમાં સુપ્રસિદ્ધ પામ્યો, તેવો જિનપૂજારસિક, ધર્મિષ્ઠ દેવતા થાય છે. એ પ્રભાવ ગુરુ મહારાજનો છે. નથી તો પાર્શ્વનાથ તીર્થંકરની વિદ્યમાન અવસ્થા, તેમ મહાવીરસ્વામી કેવલજ્ઞાન પણ પામ્યા નથી. સિદ્ધનો સંજોગ હોય નહિ. એવું છતાં આચાર્ય કેશીકુમારના પ્રતાપે સૂર્યાભદેવતા સૌધર્મવાસી દેવતા થયો, શાસનના સુકાની તરીકે આચાર્યપદની આરાધના કરવી જોઈએ.

હવે એ આરાધના કરવા લાયક જણાવી તેમના પછી ઉપાધ્યાય સાધુ પદ પણ શાથી આરાધનીય છે. તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

● ● ●

# શ્રી. ઉપાધ્યાય પદ વ્યાખ્યાન.

સંવત ૧૯૯૨. આસો શુદિ દશમ, રવિવાર. **જામનગર.**

**लहुयंपि गुरुपइट्ठं आराहंतेहिं वयरमुज्झायं ।**
**पत्तो सुसाहुवाओ सीसेहिं सीहगिरीगुरुणो ॥ १३०८ ॥**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન આચાર્યમહારાજશ્રી રત્નશેખર સૂરીશ્વરજી શ્રી શ્રીપાળચરિત્રમાં સૂચવી ગયા કે શ્રીપાળચરિત્રને રસ કથાના મુદ્દાથી સાંભળવાની જરૂરિયાત નથી. તત્ત્વકથાના મુદ્દાથી શુશ્રુષા–સાંભળવાની ઈચ્છા હોવી જોઈએ. 'આંબાનું રક્ષણ ધ્યાનમાં નથી, તે કેરીઓ મેળવવા ધારે તો પણ મેળવી શકે નહિ. આરાધના કલ્યાણ કરનારી છે, તેમાં કટિબદ્ધ કેમ થાઉં?' તે વિચારો જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી સૂનો રાજા કથા સાંભળે તેના જેવી શુશ્રૂષા ગણાય, તે માટે કહે છે કે તત્ત્વ તરફ ધ્યાન દો. તત્ત્વ કયું? નવપદો. શ્રીપાળચરિત્રનું ઉત્થાન અને પર્યવસાન બધે નવપદ આરાધન જ છે. તે માટે વિચાર બહુ ઓછા કરીએ છીએ.

**નવપદના દૃઢ સંસ્કાર**

ધવલશેઠ કપટથી દરિયા વિષે વહાણમાં ચાલતા સાત મોંઢાનો મગર કહે છે. શ્રીપાળકુમાર તેને જોવા આવે છે. તે માત્ર કુતૂહલવૃત્તિ છે. એવી વૃત્તિમાં દોર તૂટે છે. નીચે દરિયો છે. બચાવનું સાધન નથી, મરવાની અણી છે. કુતૂહલમાંથી મરવાની અણી વખતે 'नमो अरिहंताणं' યાદ આવવું તે કઈ દિશા હશે? આપણા માબાપ મરી ગયા છે. તે સાંભળતા નથી. બચાવ કરવા આવવાના નથી, છતાં ભય વખતે ઓ બાપ રે! ઓ મા રે! શા ઉપર? જાણે છે કે આટલા વરસોથી મરી ગયા છે, મદદ કરવા આવવાના નથી તે જાણે છે, છતાં બાળપણાથી સંસ્કાર પડયો.

આટલી અવસ્થા થઇ છતાં તે સંસ્કાર નથી ગયા. આટલી દશા ફેરફારવાળી થઈ છતાં આપણને હજુ એ સંસ્કાર છૂટતા નથી. જ્યારે શ્રીપાળને આવા સંસ્કાર તે વખતે આવે છે. તો કુતૂહલમાં જોવા ગએલો દરિયામાં પડે ત્યારે 'नमो अरिहंताणं' યાદ આવે તો કેટલા દઢ સંસ્કાર જામેલા હશે? આવો સંસ્કારવાળો સિદ્ધપણું પામે તેમાં નવાઈ શી? આપણે એ સંસ્કારમાં આવ્યા? કાંટા કાઢતાં લગીર વેદના થાય તો ઓ બાપ રે! ઓ મા રે! થાય છે. તો મરવાની અણી વખતે પણ જેને 'नमो अरिहंताणं' યાદ આવે છે. આવું ઓતપ્રોતપણું જ્યારે નવપદનું કરવા તૈયાર થવાય તો જ સંસ્કાર દૃઢ થાય, તે તત્ત્વ તરફ વળેલા ગણાય. માટે તત્ત્વ તરફ વળો. રસકથા તત્ત્વના પોષણ માટે છે. તેને અંગે નવપદનું સમુદાયે વર્ણન કરી એક પદનું વર્ણન કરે છે.

**આચાર્યો તરનારા અને તારનારા**

જો કે આચાર્ય મોક્ષ પામેલા નથી, મોક્ષના મુસાફર નથી. ખલાસી દરિયામાં હોય તે જ વખતે તે પાર લઇ જાય, પોતે પાર નથી પામ્યો તે પાર શી રીતે લઈ જશે? તે વિચાર ન થઈ શકે, કારણ? તેની પાસે પાર ઉતરવાનું ને ઉતારવાનું સાધન છે. આચાર્ય પાસે સ્વતંત્ર શક્તિ ન હોય, પણ શાસન એવું છે કે, પોતે તરે ને બીજા આરાધન કરનારાને પણ પાર ઉતારી શકે.

અરિહંત ને સિદ્ધ બે દેવતત્ત્વો પણ આરાધવા લાયક છે, તેમાં બે મત ન રહે, પણ ત્રણને અંગે એમ કહેવામાં આવે છે કે પોતે નથી તર્યા તો અમને શી રીતે તારશે?

આચાર્યાદિ હજુ પોતે તરે છે, તરેલા નથી. નહિ તરેલા બીજાને શી રીતે તારે? 'स्वयम् दरिद्री न कर्तुमन्यमिश्वरीकर्तुं समर्थो' પોતે દરિદ્ર હોય તે બીજાને શી રીતે માલદાર કરવા સમર્થ થાય? પોતે ઉત્કૃષ્ટ સ્થિતિ પામ્યા નથી, તે બીજાને શી રીતે પમાડે? આમ શંકા હતી, પણ જેમ ખલાસી કાંઠામાં નથી, દરિયામાં છે છતાં નાવડી રૂપી સાધનથી ખલાસી બીજા બેસારૂને પોતે પાર પમાડે છે, તેમ આચાર્ય પાસે જિનેશ્વરનું શાસનરૂપી મજબુત વહાણ હાથ આવ્યું છે, જેથી પોતે તરે ને બીજાને સંસારસમુદ્રનો પાર પમાડી શકે.

શહેનશાહી ઢંઢેરાને શરીફ સાંભળે તે જગતને સંભળાવે છે. આ ઢંઢેરાની જાહેરાત પોતાને માટે અને પ્રજાજન માટે છે. જિનેશ્વરનો ઢંઢેરો જાહેર થયો છે. તે ભવ્યજીવોને અંગે તે વખતે જાહેરાત છે. તીર્થંકર મહારાજ અસંખ્યાતમા ભાગ જેટલો વખત તારનારા. આચાર્યો અસંખ્યાત ગુણ વખત સુધી તારનારા. ઋષભદેવજીનો કેવલીકાળ એક હજાર વર્ષ ન્યૂન ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ભવ્યજીવને તારવાનો વખત આચાર્યને માટે અસંખ્યાત પાટ સુધી મોક્ષમાર્ગ રહ્યો હતો.

તીર્થંકર મોક્ષ પામ્યા છતાં આચાર્યના પ્રભાવે શાસન વહી રહે છે. તીર્થંકરની ગેરહાજરીમાં તારનાર આચાર્ય. તીર્થંકર કરતાં અસંખ્યાત ગણો કાળ આચાર્ય મહારાજ મોક્ષમાર્ગ ચલાવે છે. તીર્થંકર મહારાજને જો મોટા માનીએ તો આચાર્યને મોટા માન્યા વગર ચાલે નહિ. ગણધર પદવીની અનુજ્ઞા વખતે તીર્થંકરો આચાર્યને દ્રવ્યગુણ પર્યાયથી શાસનની આજ્ઞા આપે છે. તેમણે આપેલી આજ્ઞા તમને કબુલ હોવી જોઈએ.

'ઉપદેશમાળા'માં ધર્મદાસગણિ જણાવે છે કે 'મોક્ષ વખતે જિનેશ્વર મહારાજા તો મોક્ષપદ પામ્યા, પણ પછીના માટે માર્ગ સોંપી દીધો આચાર્યને મહારાજને, તેથી આખું પ્રવચન વર્તમાન કાળે આચાર્યો ધારણ કરાય છે. તીર્થંકર મહારાજની ગેરહાજરીમાં તીર્થ-પ્રવર્ત્તાનાર આચાર્ય છે.

હવે આચાર્યથી શો ફાયદો થાય તેને અંગે કાલે જણાવી ગયા કે નાસ્તિકશિરોમણી હિંસાખોર અધમકૃત્યો કરનારો પ્રદેશીરાજા હતો, છતાં આચાર્યના પ્રભાવે તેની નરકતિર્યંચ ગતિ નીકળી ગઈ અને દેવગતિ પામ્યો, તે આચાર્યના પ્રતાપે.

## ઉપાધ્યાયજીની ફરજો

આચાર્ય પ્રવચન ધારણ કરે છે; આચાર્યો તારનાર બને છે શાસન ચાલે ત્યાં સુધી આચાર્ય તારનાર પણ ઉપાધ્યાય પદનું કામ શું? ઉપાધ્યાયજી કરે શું? તેઓ સૂત્ર ભણાવે, ગોખણપટ્ટી કરાવે તેમાં ઉપકાર શું? પહેલાં આચાર્ય અર્થ સમજાવે, તેમજ શાસન ચલાવે તો ઉપકારી, ઉપાધ્યાય માત્ર મૂળસૂત્ર ભણાવે તેમાં વળ્યું શું?

ગાય વાગોળે તે ચરીને કે ચરવા પહેલાં વાગોળે? તારા હિસાબે ગાયનું ચરવું નકામું છે. રસકસ તો વાગોળે ત્યારે, શરીરને પોષે ક્યારે? વાગોળે ત્યારે? ચરે તે વખતે એમને એમ પેટમાં ઉતર્યા જાય. માટે વાગોળવાની વાત દેખવી, ચરવાની વાત ન દેખવીને? ચરવું બંધ થાય એટલે વાંધો નહિને? વાગોળવાનું ચરવા ઉપરને? ગાયને ચરવાનું થાય ત્યારે જ વાગોળવાનું થાય. વાગોળવાની જડ ચરવા ઉપર રહેલી છે.

આ સમજાય તો પછી આચાર્ય અર્થ શીખવે શાના? સૂત્ર જેવી ચીજ ઉપાધ્યાયે ન આપી હોય તો આચાર્ય શું શીખવે? અહીં જો કે ઉલ્લાસ બોધઅર્થમાં છે, પણ અર્થગ્રહણ કરવું કયારે બને? જ્યારે સૂત્રગ્રહણ કરેલું હોય તો. વર્ષો સુધી વખાણ સાંભળ્યા પણ જેમ પ્રકરણ મુખપાઠ ન કર્યાં હોય, તેના અર્થ વ્યાખ્યાનમાં સાંભળવાથી ટકતા નથી, મુખે સૂત્ર તૈયાર હોય તેના અર્થ લાંબાકાળ સુધી ટકી શકે છે. તેમ સૂત્ર વગરના અર્થો સ્થિર ન થાય, પ્રકરણઅર્થ સહચર્ય અન્ય શબ્દ સંનિધિનો અધિકાર સૂત્ર હોય તો જ સ્થિર રહે. સૂત્ર ભણાવનાર પહેલાં હોવા જોઈએ.

'નમો અરિહંતાણ" એ સૂત્ર નિયમિત છે. તો તે કંઠસ્થ કરનારને નમો અરિહંતાણનો અર્થ ટકે, ઉપાધ્યાય પ્રથમ સૂત્ર આપે, ત્યારપછી આચાર્ય અર્થ આપે. તપેલી વગર ઘી લેવા જવાવાળો પોતાનું ને વેપારીનું પણ ખોવે.

## એકલા સૂત્ર માનનારા અને પચાંગી ન માનનારાને ચીમકી

સૂત્રરૂપી ભાજન તૈયાર નથી. તે અર્થરૂપી માલ લેવાની તૈયારી કરે તો બન્નેનું ખોવાનું થાય. ઘીનો ભાવ ઠરાવવો, તોલાવવું પછી ઠામ લેવા ન જવાય. ઘી ખરીદનારે પણ ભાજન પ્રથમ તૈયાર રાખવું

પડે. અર્થશ્રવણ પછી, પ્રથમ સૂત્રનું ગ્રહણ હોવું જોઈએ. ! અને ઉપાધ્યાયજી સૂત્ર શીખવનાર જરૂર પૂજ્ય હોવા જોઈએ સૂત્રમાં જોઇએ ! અર્થમાં કહ્યું છે તે તારે નથી ગણવાનું ને ? નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા તે બધાં અર્થો. મૂળસૂત્ર તે સૂત્ર, મૂળસૂત્ર માનવું ને ટીકા પંચાંગી ન માનવા, એનો અર્થ એ કે ઉપાધ્યાયજી ગળે વળગ્યા અને આચાર્ય ઉકરડે નાખ્યા, ઉપાધ્યાયજીને પકડયા ને આચાર્યને ન માન્યા. અર્થ કબૂલ નથી, સૂત્ર માત્ર કબુલવું છે. તીર્થંકરોએ સૂત્ર કહ્યા કે અર્થ કહ્યા ? સૂત્ર ગણધરે કહ્યા, તો ગણધરને માન્યા ને તીર્થંકરને ન માન્યા. સૂત્ર મંજુર રાખ્યું, અર્થ મંજૂર ન રાખ્યો, તેની દશા શી થાય ? વ્યાકરણની દષ્ટિએ વિચારે તો એકલું સૂત્ર નિયમિત અર્થ નહિ કહે.

**नमो अरिहंताणं** નો અર્થ કરો. શત્રુને હણનારાને તમારો નમસ્કાર થાય છે ને ? શત્રુને મારનાર પક્ષ છે, તે બધાને તમારો નમસ્કાર પહોંચ્યો ? અરિ એટલે કર્મ રૂપી શત્રુ; એવો અર્થ કયાંથી લાવ્યા ? ટીકા કે નિર્યુક્તિકાર એમ કહે કે આઠ પ્રકારનું કર્મ શત્રુભૂત છે તેને હણનાર તેથી અરિહંત કહીએ છીએ. તે અર્થ નિર્યુક્તિએ કહેલો માનો તો જ અર્થ થઈ શકે. અર્થ રૂપ નિર્યુક્તિ ન માને તો સાપ–ચોર–વાઘ–મારનાર શત્રુ પણ તમારે નમવા લાયક છે. તીર્થંકર તો શત્રુનો માર ખાનારા છે. ગોવાળીયો તથા સંગમનો માર ખાનારા તીર્થંકર મહાવીર પ્રભુના ઉપસર્ગો કેવા છે તે જાણવા માટે નિર્યુક્તિ, ટીકા, ભાષ્યો માનો તો જ 'કર્મરૂપી શત્રુ' એ જ અર્થ કરી શકો. મૂળ સૂત્ર પર જાવ તો કર્મશત્રુ અર્થ આવી શકે નહિ.

## ઘીની ચોરી છાની ન રહે.

ઉપાધ્યાયજી સૂત્રદાતા હોવાથી આરાધનીય છે. અર્થ ઘી જેવા, લેવા દેવાની રકમ સૂત્રભાજન તરીકે છે. અરિહંતો આરાધનીય **'अत्थं भासइ अरिहा सुत्तं गंथंति गणहरा निउणं'** નિપુણ સૂત્ર ગણધરો ગૂંથે, તીર્થંકરો, આચાર્યો અર્થ આપે, તે કબૂલ નહિ. ઉપાધ્યાય સૂત્ર આપે તે કબૂલ, આવું બોલનારને આચાર્ય અને અરિહંત આ બે પદ ઉડી જાય છે, વગર સમજ્યા બોલવાવાળાને કેટલીક વખતે ગરાસિયાના

ઘી ચોરવા જેવું થાય. ગરાસિયાએ માથાના ફેંટામાં થીજેલા ઘીનો કટકો બાંધી દીધો. કોઈકની નજર પડી ગઈ. અર્ધો કલાક તડકામાં ઊભો રાખવો પડ્યો. ચોર કહેવાની કે તપાસવાની જરૂર ન પડી. આપોઆપ ઘી ટપક ટપક થવા માંડ્યું. ઘીની ચોરી છાની ન રહી.

આમ સૂત્ર માને પણ નિર્યુક્તિ નથી માનવી, પણ નિર્યુક્તિ વગર મૂળ સૂત્રની ગાથા આવી ત્યાં શું કરે? 'ચૈત્ય' શબ્દનો અર્થ જોવો હોય તો અત્યારે ભાષાન્તરની ચોપડી બહાર પાડી છે. આર્દ્રકુમારના અધિકારમાં પ્રતિમા મોકલ્યાની ચોકખી વાત છે. ભાષાન્તરની વાતો માનવી છે, નિર્યુક્તિ માનવી નથી, પ્રતિમાની જગ્યાએ તેઓએ ઓઘો મુહપત્તી મોકલ્યાના જૂઠા કલ્પિત ગોળા ફેંકયા છે, સુવર્ણગુલિકાની વાત પણ ખોટી. ૧૬ મી સદી પહેલાના પુસ્તકોમાંથી આર્દ્રકુમારને ઓઘો મુહપત્તી મોકલ્યા તેવી વાત તેઓ કાઢી આપે!

### વજ્રસ્વામીની ગંભીરતા.

ઉપાધ્યાયજી સૂત્ર આપનાર હોવાથી સૂત્રદાતાર. ઉંમરે અને દીક્ષાએ કદી નાનો હોય તોપણ સર્વને વંદનીય છે. શાસ્ત્રકારોએ ઉપાધ્યાય આગળ દીક્ષાના પર્યાયને પણ ધક્કો માર્યો, મોટી ઉંમરવાળાને પણ નમસ્કરણીય ગણ્યા, કારણ? સૂત્રદાતા હોવાથી વજ્રસ્વામીજી બાળક છે. પાટી ઉપર ધૂળ નાખી લીટા કરનારા જેવડા છે, તે માટે લખે છે કે જે સ્થવિરો શીખવવા માટે બોલાવે છે. તેઓ કુટ કુટ કર્યા કરે છે; ભણેલા છે પણ ભણેલું ન જણાવવા માટે કુટ કુટ ભાંગ્યું તૂટ્યું બોલાવે તેમ બોલ્યા કરે છે; સ્થવિરો રગડાવે તો રગડ્યા કરે છે. આવી સ્થિતિ છતાં અગિયાર અંગના પાઠી. ૧૧ અંગ પારણામાં આવડી ગયા છતાં સાધુઓ ગોખાવે તેમ ગોખે છે. બાળક છતાં એવા ગંભીર કે પાણી પેટનું હાલતુ નથી.

કોઈ વખત સાધુ ગોચરી ગયા છે, આચાર્ય મહારાજ સ્થંડિલ નીકળી ગયા છે, એકાંત દેખી બાળક હોવાથી કુતૂહલ થવાથી ઉમળકો જાગ્યો. બધા સાધુના આસન લાવી બિછાવ્યા. પોતે આચાર્યની માફક આસન નાખી સાધુઓને વાચના આપે છે. આચાર્ય વહેલા આવ્યા. શું સાધુ વહેલા આવ્યા કે વાચના શરૂ થઈ? બાળકનો મધુર સ્વર

તે સાથે સૂત્રની છાયા સાંભળ્યા કર્યું ? અંગના પાઠ ક્યાંથી બોલે છે ? આ બધું ભણેલો છે પણ એમને એમ ગોપવીને બેઠો છે. આવા જ્ઞાની પુરુષની અવજ્ઞા રખે થાય ! ન જાણતા હતા ત્યાં સુધી તે વાત જુદી, જાણ્યા પછી અસહ્ય. હવે શું કરવું ? સાધુઓને સ્પષ્ટ ન કહેવાય કે આ બાળક આવા જ્ઞાની છે. પોતે ખાનગી કહેવા જાય તો પ્રતીતિ કેવી રીતે કરાવવી ? તે માટે એક રસ્તો વિચાર્યો, મારી જગ્યાએ એને મૂકવો. મારી જગ્યાએ કેમ મૂકવા ? ગ્રામાંતર જાઉં તો બને. 'થોડા દિવસમાં આવીશ તેમ શિષ્યોને કહ્યું', પાઠવાળાએ, જોગવાળાએ કહ્યું કે 'અમારૂં શું ?' આ બાલ વજ્રમુનિ તમને પાઠ આપશે. વિચાર કરો કે કેવી છાયા જામી જાય ? પાટી પર ધૂળ નાખનારો પાઠ આપશે ? ભરોસો છે : 'તહત્તિ.'

## શિષ્યોની ગુરુવચનમાં શ્રદ્ધા.

જે ગુરુમહારાજે કહ્યું તે ગુણ દેખી કહ્યું હશે તેમ 'તહત્તિ.' વાંચનાનો વખત થયો કે આસન ગોઠવી વજ્રસ્વામીને બેસાડી શિષ્યો પાઠ લેવા બેસી ગયા, વાયણા માગી. અહીં તૈયારી હતી, વાચના આપી. ચારેક દિવસમાં ગુરુ પાછા ફર્યા ને પૂછ્યું કે વજ્રસ્વામીનો પરિચય થયો કે ? પાઠ ઘણી શાન્તિથી ચાલે છે, મહેરબાની હોય તો એમને જ વાચનાકાર્ય સોંપો. એને મુરબ્બી ઠરાવ્યો તે કબૂલ. માગણી ઉલટી કરી; થોડા દિવસમાં સૂત્ર તૈયાર કરાવ્યું.

આચાર્યે કહ્યું કે, હજુ યોગ કર્યા નથી. કાનની ચોરીથી જ્ઞાન લીધું છે તેથી વાચના ન કલ્પે પણ જ્ઞાનીની અવજ્ઞા ન કરો માટે આટલું કરવું પડ્યું છે. અહીં વજ્રસ્વામીમાં નથી પર્યાય મોટો, નથી વય મોટી. ગુરુમહારાજે બતાવ્યા કે આમને તમે વાચનાચાર્ય તરીકે રાખો. શિષ્યો પણ વિનીત કે વજ્રસ્વામીજી ઉપાધ્યાય–સૂત્રદેવાવાળાને આરાધન કરતાં પૂજ્યબુદ્ધિએ સેવકબુદ્ધિએ આરાધન કરતાં આખા શાસનમાં ડંકો વાગી ગયો.

સિંહગિરિના શિષ્યોને શાબાશ કે બધાએ ગુરુનો હુકમ માથે ચડાવ્યો. સારા સાધુપણાનો જશ જે સિંહગિરિના શિષ્યોને મળ્યો, તે શાથી ? ઉપાધ્યાયની આરાધનાને લીધે ? સૂત્ર માત્ર શીખવનાર હોય

તો તે પર્યાયે અવસ્થાએ લઘુ હોય તોપણ તે આરાધવા લાયક હોય, માટે ચોથે પદે ઉપાધ્યાય પદની આરાધના રાખી.

અર્થરૂપ શાસન આચાર્ય આપે. સૂત્ર ઉપાધ્યાય આપે તે બે નમસ્કાર કરવા લાયક, પણ સાધુ શાથી આરાધના લાયક? તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

● ● ●

# શ્રી સાધુ પદ વ્યાખ્યાન.

સં. ૧૯૯૨. આસો સુદિ ૧૧ ને સોમવાર. જામનગર.

साहुपयविराहणया आराहणया दुक्खसुक्खाइं ।
रुप्पिणिरोहिणिजीवेहिं किं नहु पत्ताइं गुरुयाइं ॥ १३०१ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી શ્રી શ્રીપાળ ચરિત્ર રચતી વખતે આગળ જણાવી ગયા કે બે પ્રકારની કથા હોય. એક પરમશુશ્રૂષા કથા ને બીજી અપરમશુશ્રૂષા કથા. હેયાદિકનો વિભાગ કરી આરાધના-વિરાધનાના માર્ગો જેમાં જણાવેલા હોય તે આરાધવાની ઇચ્છાએ શ્રવણ કરાય તો પરમશુશ્રૂષા કથા, જેમાં માત્ર મનને ખુશ કરવાનું હોય કંઈ પણ આરાધવાનું આદરાય નહીં અને વિરાધવાનું છોડાય નહીં. દાનાદિક કંઈ પણ ન આદરાય તે રસકથા. તેવી કથા સાંભળવાની ઇચ્છા તે અપરમશુશ્રૂષા કથા. 'सुप्तनृपकथानकतुल्या' નાના બચ્ચાને ઉંઘાડવા માટે સંભળાવો તે કથા-તે રહસ્ય કથા. તે તત્ત્વ સમજતો નથી, માત્ર ધારણા એક જ કે છોકરો ઊંઘી કેમ જાય. તે બધી અપરમશુશ્રૂષા કથા કહી.

શ્રીપાળ ચરિત્રમાં વિચારીએ તો જ્યાં જ્યાં નવપદ સંબંધી મહિમા છે ત્યાં ત્યાં નવપદ પર ખ્યાલ ન રહે, અને શ્રીપાળે આખા લશ્કરને એકલાએ જીત્યું, સુવર્ણસિદ્ધિ મેળવી તે જોઈએ, અને આરાધવા લાયક નવપદ તે ખ્યાલમાં ન રહે તો તે રસકથા થઈ જાય. તત્ત્વકથા ત્યારે જ બને કે જ્યારે હેયાદિક પદાર્થોનો વિભાગ કરી કલ્યાણ આદરાય ને પાપ છોડાય ત્યારે. ભોજન કરવું છે તેને ઠામડાં

વધારે ખખડયાં કે ધૂમાડો વધારે નીકળ્યો કે ઓછો નીકળ્યો તે જોવાનું ન હોય. ધૂમાડામાં રસોઈ છે છતાં તત્ત્વ તેમાં ન હોય પણ તત્ત્વ ભોજનમાં હોય.

**ઉદ્દેશ જુદા, છતાં સાધ્ય એક જ.**

ભગવાન ઋષભદેવજીનું એક વ્યક્તિનું જન્મકલ્યાણક આરાધીએ. આ વ્યક્તિનું પર્વ, દિવાળી કરીએ, મેરુતેરસ કરીએ, તે બધા વ્યકિતના પર્વો છે. જ્ઞાનપંચમી તે ચૌદ પૂર્વના જ્ઞાન માટે, બીજ દર્શન માટે, આ એક એક ગુણો આરાધવા માટે તિથિ અને પર્વો છે, છતાં પર્યવસાન ત્યાં નથી. વ્યકિત છે, સીધો સંબંધ ત્યાં નથી. એમણે મોક્ષમાર્ગ બતાવ્યો, આ આરાધવા દ્વારા મને મોક્ષ મળે, ત્યાં ઉદ્દેશ વ્યક્તિ બની પણ સાધ્ય મોક્ષ. સાધ્યમાં મહાવીર મહારાજા કે ઋષભદેવજી મારા પર પ્રસન્ન થાય તે નથી. સાધ્ય તેમની આરાધના દ્વારાએ મને મોક્ષ થાય. મહાવીરના જન્મ–નિર્વાણને ઉદ્દેશીને જ્ઞાન દર્શન ચારિત્ર ગુણના ઉદ્દેશથી તિથિ પર્વો છે, સાધ્ય તરીકે નહિ. સાધ્ય બધે મોક્ષ; ઉદ્દેશ ભલે જુદા જુદા રહ્યા, છતાં સાધ્ય એક જ.

જૈન શાસનના તહેવારો પર્વો બધા મોક્ષઉદ્દેશથી હોય છે, તેથી કોઈ પણ તહેવારમાં–પર્વમાં વિષય કષાય ઈન્દ્રિયોના યોગની છૂટી આપવામાં આવતી નથી. બધા માર્ગમાં મોક્ષનું બીજ રાખવું પડે છે, વિષય–કષાય–આરંભની નિવૃત્તિ કરી પણ તેમાં સાધ્ય મોક્ષ છે. મોક્ષને અનુકૂળ ક્રિયા થાય. દાદરો મેડા તરફ છેડાવાળો હોય, બીજી દિશાએ છેડો જાય તે ન પાલવે. અહીં સિદ્ધચક્ર મહારાજને અંગે આખું ચરિત્ર કહે છે, પણ સાધ્ય ગુણ ગુણીની આરાધના પર છે. ગુણ ગુણી સિવાય જૈન શાસનમાં બીજું આરાધવાનું સ્થાન નથી. ચાહે જન્મ-દીક્ષા–કલ્યાણક આરાધીએ, એ ગુણો કે ગુણીને ઉદ્દેશી પ્રવર્તવાવાળા છે.

**વધામણી આપનારને સોનાની જીભ અપાય.**

આરાધ્ય પદાર્થોના વિભાગને અંગે નવ સિવાય બીજો દસમો આરાધ્ય પદાર્થ નથી. તે નવેની એક સરખી સામટી આરાધના કરવાનું બનતું હોય તો તે ઓળીના દિવસોમાં છે. તેટલા માટે નવપદજીની ઓળીને સર્વ દેવતાએ માન્ય રાખી, તેથી તેનું નામ શાશ્વતી અટ્ઠાઈ.

તેમાં નવે પદોની આરાધના કહેલી છે. તેમાં ઉપાધ્યાયનું પદ વિચારી ગયા. અરિહંત અજવાળું કરનારા, જીવજીવન જીવવાની રીતિ સમજાવનાર ત્રિજગતનાથ છે માટે તે પૂજ્ય હોય; તેમજ સિદ્ધદશા આત્માનું ખુદ ધ્યેય, માટે ધ્યેયનુ લક્ષ્ય ન ભૂલાય તે સ્વાભાવિક છે. જેવી રીતે હોકાયંત્રની સૂચિ સીધી હોવી જોઈએ. એ આધારે જ સ્ટીમરને ચાલવાનું છે, તેવી રીતે સિદ્ધદશા ઉપરનો ખ્યાલ ઉડી ગયો, તો ચાહે જેટલી આરાધના હોય તો પણ ફળીભૂત ન થઈ શકે, તેમ અરિહંત મરારાજનો સંદેશો લાવનાર આચાર્ય મહારાજ; જન્મ આપનાર બાયડી છતાં વધામણી કહેવા આવનારને સોનાની જીભ અપાય.

રાજા પણ મુગટ સિવાયના તમામ અલંકારો વધામણીમાં આપી દે, જિંદગીનું દાસત્વ કાઢે. એક વધામણી કશું નવું જૂનું કરી દેતી નથી વધામણી કહેનાર ઉપર આટલા તુષ્ટ થવાય છે, શબ્દો કે દાસીની કિંમત નથી. કુંવર જન્મ્યો તેની કિંમત છે. તો જિનેશ્વર મહારાજે દેખાડેલું તત્ત્વ–મોક્ષમાર્ગ આપણને આચાર્ય મહારાજ સંભળાવે છે. આચાર્ય તો મોક્ષમાર્ગ બતાવે છે, આચાર પાળે, પળાવે, વિઘ્નો દૂર કરે છે તે પૂજ્ય ન હોય તો કોણ પૂજ્ય હોય?

સૂત્ર એ આખા મોક્ષમાર્ગની જમીન છે. આચાર્ય અર્થ આપે તે ઈમારત છે, બચાવ ઇમારત કરે છે. જમીન ઠંડી ગરમી વરસાદથી બચાવ નથી કરતી, પણ બચવાનો આધાર ઈમારત છે, તેમ હેયાદિક સમજીએ, માર્ગમાં આગળ વધીએ ઈત્યાદિક અર્થ દ્વારા થાય. મકાન દ્વારા ઠંડી–ગરમી–શરદી ટાળવાનું બને, છતાં બધાનો આધાર જમીન છે. બચાવનાર મકાનનો આધાર જમીન છે. મકાનની ઇચ્છાવાળાએ પહેલાં જમીન ખરીદવી પડે છે.

જે અર્થ આપે તે આચાર્ય મહારાજ, અને મૂળસૂત્ર આપે તે ઉપાધ્યાય. એમ ચાર પદનું સ્વરૂપ સમજાવી ગયા.

## સાધુનો ઉપકાર કેવી રીતે?

પંચમપદે સાધુ તે શા કામના? સાધુ નથી સૂત્ર આપતા, નથી અર્થ આપતા. સાધુ શા માટે પૂજ્ય? એક મનુષ્યે વેપાર કરવા માંડયો. દુકાન જમાવી, ઘર જમાવ્યું, કરિયાણું લાવ્યો, પણ જોડે રહેવાવાળા

લોકો બીજે ચાલ્યાં ગયા. એનો કોઈએ તિરસ્કાર સરખો કર્યો નથી, પણ એ મકાન દુકાન ઉઠાવ્યે જ છૂટકો. જોડેવાળા ખસી જાય તો ? વેપાર અને રહેઠાણ, સાથે સમુદાય હોય તો જ. વેપાર અને રહેઠાણ સમૂહ વગર, નથી વ્યાપાર, તેમ જ નથી રહેઠાણ. જંગલમાં મફત મકાન મળે તો પણ કોઈ ન લે. સમુદાય હોય ત્યાં જિંદગીને ભય આવે તો બચાવવાનાં સાધનો હોય. મિલકતને ભય આવે ત્યારે બચાવવાનાં સાધનો હોય ત્યાં જ રહી શકીએ,

શાસનમાં ઉપાધ્યાયજી સૂત્ર ભલે દે, આચાર્ય અર્થ દે, છતાં સાધુસમુદાય સહાયકારક ન હોય તો મોક્ષની સાધના ન થઈ શકે, કારણ જૈનશાસન સમજનારો ન કહી શકે કે એકલો હોય તો ય શું અને એકલો હોય તો ય શું ? એ જ્ઞાની છે કે અજ્ઞાની? જો જ્ઞાની છે તો રિદ્ધિવાળાની માફક એકલો રહેવા ન માગે. એકલો રહે તો ચોર લુંટારાથી રિદ્ધિ લુંટાઈ જાય. જ્ઞાની છે તો જ્ઞાનનું રક્ષણ શી રીતે થવાનું ? પોતાનું જ્ઞાન રક્ષિત શો રીતે થવાનું ? પોતે જે જ્ઞાન લીધું છે તે બીજાને આપીશ કેવી રીતે? અજ્ઞાનીને સંયમ ટકાવવા માટે ગીતાર્થ-નિશ્રિત સમુદાય વગર ન ચાલે.

## ગીતાર્થોને પણ સાધુસહાયની જરૂર

જ્ઞાનવરણીયનો ક્ષયોપશમ અને મોહનીય ક્ષયોપશમ જુદી ચીજ છે. જ્ઞાનવરણીયનો ક્ષયોપશમ થયો છતાં મોહનીયનો ઉદય થાય ત્યારે બચાવનાર કોણ? ગીતાર્થોને પણ મોહનીય ઉદય અટકાવવા માટે સાધુની સહાયની જરૂર છે. ઘરબાર સંસાર છોડી નીકળ્યા તો કલ્યાણ સાધવા માટે જ્ઞાન, વિનય, વૈયાવચ્ચ દ્વારા સાધવા માટે. મધપુડામાં હજારો માખો છે. એક માખ એક કાણું પકડે છે, મોક્ષના અસંખ્યાત આલંબનો છે, તેમાંથી એક પણ આલંબન પકડવું પડશે. મોક્ષના અસંખ્યાત યોગ છે. આ તો મારે શિર સાટે છે, કાચા તાંતણાને બે હાથે પકડે તેમાં શું વળે? કેડે બાંધીએ તો પણ શું વળે? આરાધના ઘણી પકડી પણ તે કાચા તાંતણા જેવી, પડતાને બચાવે તેવી આરાધના પકડી નથી. આપણે આરાધના સેંકડો જાતની કરીએ પણ તે આરાધના કાચા તાંતણા જેવી છે, એકેય મજબુત આરાધના નથી. આ આરાધનાનું

ફળ ન મળે ત્યાં સુધી ભલે મરવું પડે, તો પણ આરાધનામાં ટકી રહે. આપત્તિમાં આવે તો પણ નહિ ડગું, મરણના સંકલ્પ આગળ તે આરાધના તૂટી જાય છે. મરી જઈએ એ સંકલ્પ આવ્યો કે આરાધના તૂટી. આપણે કઈ સ્થિતિની આરાધનામાં છીએ? કાચા તાંતણાના સરખી આરાધના કરીએ છીએ. ધન્ય ભાગ્ય કે આરાધના કરતાં મરૂં! આરાધના કાચા તાંતણા, રૂપિયાભાર જેટલું પણ જોર ખમી શકતી નથી, તેમ આપણી આરાધના એટલી દુર્બળ કે કલ્પનામાં પણ તૂટી જાય છે. મારે બીજા સાધુની શી જરૂર? કોઇ દિવસ પણ સહચારી સહાયક સિવાય તું સંયમ તપ જ્ઞાનાદિક સાધી શકીશ નહિ.

**એકલા સાધુને ધર્મ ન હોય.**

એકલા સાધુને ધર્મ જ ન હોય. એકાકી વિહારની નિંદા પર નથી ઉતર્યો. આપણો આત્મા એકલો હોય તો આપણે મોક્ષને અંશે પણ સાધી ન શકીએ. મોક્ષની પ્રાપ્તિ થવી તે સાધુ મહાનુભાવોનો પ્રતાપ છે. જે જે જગ્યાએ ગૃહસ્થો રહે છે, ત્યાં હજારો જાતની ખાવા–પીવા–રહેવાની સગવડ જોઈએ છે, તો નિર્ભયતા, ખોરાક, પાણી, અગ્નિ, જીવનજરૂરી સામગ્રી બરાબર આવવાં જોઇએ, ચોર ધાડપાડુનો ઉપદ્રવ ન જોઈએ, જમીન સુખાકારી જોઈએ, એમાં ખામી ન હોય. કેટલીક જગ્યાના સારા ફાયદા હોય, પણ જમીન, પાણી, હવા ખરાબ હોય તો તેવા સ્થાનમાં ગૃહસ્થો રહેવા જતા નથી. અહીં આપણે શારીરિક સ્થિતિએ વિચારીએ તો આપણું શરીર મીણનું પૂતળું, જે સવારે જામેલું હોય પણ તડકો ચડે તેમ મીણ ઓગળે--નબળું પડે છે. તેમ આ શરીર એક દહાડો જોર મારે, ને એક દહાડે નબળું પડે. આ પુતળાને કેટલાં સાધન જોઈએ? તેને સાધન પૂરાં પાડનાર કોણ? જ્ઞાની ગીતાર્થનો સાધુ સમુદાય.

**સાધુ નિઃસ્વાર્થ સહાયક છે.**

પહેલ વહેલા દીક્ષિત થયા, વેષ કેમ પહેરાય? દાંડો, તરપણી, ઝોળીપાત્રાં કેમ લેવાય? શું લેવાય ને શું ન વહોરાય? ક્યાંથી શીખ્યા? મહાનુભાવ! સાધુ મહાત્માના પ્રતાપે જ આપણે શીખ્યા. હજુ આપણને વૈયાવચ્ચ, માવજત શીખવનાર, શિખામણ આપનાર

સાધુ મહાત્મા છે તે સમજ્યા નથી. તીર્થદર્શન તેમાં સાધુમહારાજની સહાયતા; પ્રાચીન રાજા શહેરનું સ્થાપન કરી ગયા, વર્તમાન રાજા તમારા જાનમાલનું રક્ષણ કરે છે, પણ નાત શેરીવાળા શું કામ કરે છે? જગતમાં જીવન બચાવવાનું, સંસ્કાર નાખવાનું, ટકાવવાનું અને વધારવાનું તે નાત અને પડોશીઓથી થાય છે.

અરિહંત મહારાજાએ મોક્ષ નગરની સ્થાપના કરી, વર્તમાનમાં આચાર્ય મહારાજા તેનું રક્ષણ કરે છે, પણ સંયમજીવન ટકાવનાર સાધન સામગ્રી માંહોમાંહે સાધુઓ પૂરી પાડે છે, મોક્ષમાર્ગની આરાધના સાધુ મહાત્માના પ્રતાપે જ છે. જેમ નાત, જાત, વેપારીઓ, શહેરીઓ ન હોય તેવા ગામમાંથી ઉચાળા ભરવા પડે; તેમ અરિહંતાદિક છતાં સાધુ સમુદાય ન હોય તો શાસન ડગલું પણ ન ચાલી શકે, આટલા માટે સાધન સામગ્રીની હૈયાતી વગર સગો પણ સારવાર કરવા ઊભો ન રહે; હવે અહીં શું લેવું ને શું દેવું? બીજા સાધુની સારવાર, વિનય, વૈયાવચ્ચ શા માટે કરે? સાધુ ન કરે તો અહીં બીજું કરનાર કોણ? જગતની સ્થિતિ વોસરાવી છે, આ સ્થિતિમાં એકલો સાધુ નિરાધાર છે. સથવારો અને સાધન વગરના મોક્ષના મુસાફરને મદદ કરનાર કોણ? સાથ અને સાધન વગરનો મુસાફર છે, એને મદદ કરનાર કોણ? તેવા પરોપકારી સહાયક સથવારા હોય છે.

સાથ ને સાધન વગરના હોવાથી દુનિયામાં નિરાધાર કહેવાય તે તો કલ્પના છે. બીજા લોકોમાં તો ખાવાની પીવાની ફરવાની છૂટી છે, અહીં તેમ નથી. સાધુ મોક્ષનો મુસાફર બન્યો. મોક્ષના માર્ગે પ્રવર્તવાવાળા જંગલના મૃગની પેઠે નિરાધાર. હવે એની નિરાધાર સ્થિતિમાં સહાય કરનાર નીવડે કોણ? સાધુ. મોક્ષમાર્ગમાં મદદ ટેકો સહાય આપનાર હોય તો કેવળ આ સાધુવર્ગ છે. સહાય કરવાથી ડૉક્ટર ફી માગે, કુટુંબ આશા કરે, સાધુ શું ધારે? મારા આત્માનું કલ્યાણ થયું.

મોક્ષમાર્ગના ઉદ્દેશથી વૃદ્ધિને અંગે નિરાધારને મદદ કરનાર આ સાધુ. સ્વયંસેવકના બીલ્લા ધરાવી ફંડો ઉઘરાવવા તેમ અહીં નથી. મદદ કરવા ઊભું રહેવું તેવો વર્ગ. આ સ્વયં નિઃસ્વાર્થી સ્વયંસેવક વર્ગ છે. પરમાર્થનો દાવો ક્યાં છે તે વિચારજો! આગળ

પાછળ પણ લેવાની બદલવાની ઈચ્છા કરે તો નિઃસ્વાર્થપણું ટકી ન શકે. પરમ ફળ મોક્ષ મળે ત્યાં સુધી સહાય કરનાર આ સાધુ વર્ગ છે. માટે **'नमो लोए सव्वसाहूण'**

આખા રાજ્યની પ્રજા, આખા રાજ્યનો રાજા દીવાન ન કહેવાય, પણ આખા રાજ્યની પ્રજા કહેવાય, તેમ અરિહંતાદિક માટે બહુવચન મૂકી બધા અરિહંતો જણાવ્યા, પણ સાધુને અંગે બહુવચન અને સવ્વ શબ્દ બે મૂક્યા. હવે સર્વ સાધુ પણ મારું લશ્કર મારા દેશનું રક્ષણ કરે. સ્વયંસેવકને પોતાની ટૂકડી તે મોટો દોષ, કારણ કે તેમાં મારૂં તારૂં ન ચાલવે. સ્વયંસેવકો–સાધુઓ મોક્ષમાર્ગ માત્રને માટે મદદ કરે. તેને દેશ, કૂળ, જાતિ, સગા, પેટાભેદ ન હોય, એવો સ્વયંસેવક વર્ગ. નિઃસ્વાર્થી સાધુવર્ગને આખા જગતમાં જેને દેશ, જાતિ, કૂળ, ગામ પરત્વે પ્રતિબંધ નહિ.

કોઈ ગામમાં એક સાધુ બિમાર પડ્યા હોય, ખબર પડી પછી તે ગામના પાદરમાંથી બીજા સાધુ વિહાર કરી બીજે ગામ તપાસ કર્યા વગર આગળ જાય, તો જેટલાં ડગલાં ચાલે તેટલાં ડગલાં પ્રમાણે ઉપવાસ આલોયણ આવે. આ શિક્ષા શાને અંગે સહન થાય? મોક્ષમાર્ગનું સાધ્ય હોવાથી. મોક્ષ રાજધાની જીતવા માટે. તાબે કરવામાં આવે પછી રાજ્યાભિષેક થાય ત્યારે થાય પણ લશ્કરને ઝંડો લઈ રાજધાનીમાં પ્રવેશ કરવાનો હુકમ. રાજા પાછળ રહે, તેમ અહીં મોક્ષ માર્ગને અંગે કિલ્લો સર કરવો, નિર્વિઘ્ને મુસાફરને આગળ વધારવો, આ બધું કાર્ય સાધુ કરે. જગતભરના સર્વ સાધુઓનું પાંચમું પદ તેની આરાધના જણાવી. આરાધના કબુલ, આરાધનાથી ઈષ્ટ સિદ્ધિ થાય, પણ વિરાધનાથી અનિષ્ટતા થતી નથી.

આ કલ્પવૃક્ષ આરાધીએ તો ઈષ્ટ આપે. પણ કુહાડાથી કાપીએ તો ઈષ્ટ આપતું બંધ થાય, પણ નુકસાન ન થાય. કેટલાક પદાર્થો આરાધનાથી ઈષ્ટ સિદ્ધિ હોય ને વિરાધનાથી ડૂબાડે, તેમ સાધુપદ આરાધનાથી ઈષ્ટ ફળ મળે, અને વિરાધનાથી અનિષ્ટ ફળ મળે. સાધુ–સ્વયંસેવક. તેને ધોલ મારી તેની ફરિયાદ ન હોય. ફોજદાર મામલતદારને ધોલ મારે તો ફરિયાદ કરાય, પણ સ્વયંસેવક ક્ષમા રાખે, પણ નુકશાન કરવાનો સંભવ ન હોય. સાધુ તેવો છે કે

કેમ ? સ્વયંસેવકની સામો કોઈ થાય તોપણ સ્વયંસેવક સ્થિર રહે, પણ પ્રજાજન જરૂર શિક્ષા કરે, તેમ સાધુવર્ગ ઉપસર્ગ અપમાન વગેરે સહન કરે, પણ પ્રજાવર્ગ એ સ્વયંસેવક વતી રીતસરનું ખાતું ઊભું કર્યા વગર ન રહે. ધર્મપક્ષ તેના આત્માનું પોષણ કરે. કર્મ પક્ષથી પણ તે વિરાધના સહન થતી નથી, તેથી તે પણ કેદમાં નાખે છે, પણ સાધુમાં સાધુતા છે, તેથી તે પદની વિરાધનાથી ભયંકર દુઃખો છે. રૂપ્પિણી સાધ્વીએ વિરાધનાથી દુઃખ મેળવ્યું, તેમ આરાધનાથી રોહિણીના જીવે મોટા સુખ મેળવ્યાં. સાધુ પદની વિરાધનાથી મોટા દુઃખ મળે છે, માટે વિરાધનાથી સાવચેત રહેવું.

હવે છઠ્ઠું દર્શનપદ કેવું તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

# શ્રી દર્શનપદ વ્યાખ્યાન.

સંવત ૧૯૯૨ આસો શુદિ ૧૨. **જામનગર,**

**दंसणपयं विसुद्धं परिपालंतीइ निश्चलमणाए ।**
**नारीइवि सुलसाए जिणराओ कुणइ सुपसंसं ॥१३१०॥**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખર સૂરીશ્વરજી મહારાજે શ્રી શ્રીપાળ ચરિત્રમાં રસમય કથાને સ્થાન સ્થાન પર સ્થાન આપ્યું છે, પણ તે રસકથાથી આત્મકલ્યાણ થવું મુશ્કેલ છે. જો રસકથામાં કલ્યાણ હોય તો લૌકિક કથા–ઈતિહાસ સાંભળવાથી પણ કલ્યાણ થાય. તત્ત્વનું ઓતપ્રોતપણું કરવા માટે આ કથાઓનું નિર્માણ છે, ચરિત્રકાર ભાટ ચારણ નથી, જેથી આ કથાઓ કરે છે. શ્રીમાન્ રત્નશેખરસૂરિજી જગતને વોસરાવી, સંસારત્યાગ કરી નીકળેલા, એવા મહાપુરુષ તમને જે કથા સંભળાવે તે આત્મકલ્યાણ માટે જ સંભળાવે છે. કથા એક જ મુદ્દાથી કહે છેઃ તમે તત્ત્વશ્રોતા થાવ! રૂંવાડે રૂંવાડે તત્ત્વશ્રોતા બનો! તે દ્વારા કલ્યાણ કરો! તેથી કલ્યાણ બુદ્ધિવાળા વક્તાને એકાંત લાભ કહે છે.

न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्धया, वक्तुस्त्वेकान्ततो भवति ॥ २८ ॥
तत्त्वार्थकारिका.

તમામ શ્રોતા હિતની વાત સાંભળે તો દરેકને એકાંતે ધર્મ થાય તેવો નિયમ નથી. પરમશુશ્રુષાવાળા શ્રોતા હોય તો ધર્મ થાય, ઉપકાર બુદ્ધિથી ઉપદેશક ઉપદેશ આપે તેથી એકાંતે કલ્યાણ પામે, એ તારવાની બુદ્ધિથી. ઉપદેશકને એકાંતે ધર્મ થાય છે. કહે છે કે રસકથા પણ તત્ત્વ એ છે, કે તમે તેનાથી પરમશુશ્રુષાવાળા બનો, તત્ત્વગવેષક થાવ, તત્ત્વ આત્મામાં ઓતપ્રોત થઇ જાવ! માટે તેમને એકાંતે ધર્મ છે. શ્રોતા વકતાને ધર્મ કયાં? બન્નેને તત્ત્વપ્રાપ્તિની દિશામાં ધર્મ છે.

## ચક્રરત્ન કરતાં ચાડયાતુ શ્રી સિદ્ધચક્ર.

શ્રીપાળ ચરિત્રમાં નવપદ–સિદ્ધચક્રજીનું આરાધન એ તત્ત્વ ફળ છે; સિદ્ધચક્ર ચક્રરત્ન કરતાં પણ જબરજસ્ત કામ કરનાર છે. ચક્રવર્ત્તી વાસુદેવનાં ચક્રો સ્થૂળ પુદ્‌ગલોમાં કામ કરે છે. સૂક્ષ્મ પુદ્‌ગલને ચક્રથી અડકી શકાતું નથી, ભાષા, શ્વાસોશ્વાસ વર્ગણાને તે ચક્ર અસર કરી નથી શકતું, તો પછી બારીકમાં બારીક કર્મવર્ગણા ઉપર અસર નીપજાવે જ ક્યાંથી? કર્મશત્રુનો સંહાર કરવા માટે સમર્થ હોય તો તે સિદ્ધચક્ર છે. સિદ્ધચક્રને અંગે સામર્થ્ય માન્યું.

ચક્રવર્ત્તી વાસુદેવનું ચક્ર, ઈંદ્રનું વજ્ર જે શક્તિ ધરાવતું નથી, તે શક્તિ સિદ્ધચક્ર ધરાવે છે. એ નવ આરાનું ચક્ર છે. યોગીઓએ એને પદ્મકમલ કહ્યું છે. તેથી જ સિદ્ધસેન દિવાકરે કર્ણિકામાં ભગવાનનું સ્થાન છે તેમ જણાવ્યું છે 'दक्षस्य संभवित्रिपदं ननु कर्णिकायाः' ધ્યાનની અપેક્ષાએ પદ્મની ઉપમા પામે છે, ત્યારે કર્મક્ષય માટે ચક્રની ઉપમા પામે છે. પઠનમાત્રથી સિદ્ધિ સાધવા માટે બીજું કરવાનું નહિ. વિદ્યાઓ પઠિતસિદ્ધ અને સાધનથી પણ સિદ્ધ હોય, તેમ આ પઠન માત્રથી સિદ્ધ છે. પઠન માત્રથી સિદ્ધ ન હોય તો અંત અવસ્થાએ સર્પ–વાંદરો–ચોર સ્મરણમાત્રથી દેવલોકાદિ શી રીતે મેળવે? પૂર્વચરણ ન હોય, ઉત્તર સાધન ન હોય. અહીં કશાની જરૂર નથી.

## સુભગ ભરવાડમાંથી સુદર્શન શેઠ.

સુદર્શન શેઠની સ્થિતિ લાવનાર સુદર્શનનો જીવ પૂર્વભવમાં સુભગ નામનો ઢોર ચરાવનાર હતો. ઢોર ગયા વનમાં ને વચમાં નદી આવી. મારવાડ મેવાડમાં ડુંગરાની પાસે રહેવાવાળાને માલૂમ પડે કે જોતજોતામાં નદીમાં પાણી આવી જાય. પાણી આવી ગયું. ઢોર પેલી બાજુ અને પોતે આ બાજુ. નદીમાં પડયો ને વાગ્યો ખીલો, નવા વરસાદમાં આ બધું તણાઇ આવે. ઢોરો માટે વહેતા પાણીમાં જાય છે. અચાનક પ્રાણઘાતક ત્યાં ખીલો વાગ્યો છે. તે વખતે '**नमो अरिहंताणं**' બોલ્યો. આથી બીજા ભવમાં સુદર્શનશેઠ જેટલી ઊંચી દશાએ આવી શકયો. પૂર્વચરણ કે ઉત્તરચરણ કશું નથી. પાઠ સિદ્ધમંત્ર છે. તે વગર સાધવાનું-આપોઆપ સિદ્ધ થએલું. તેમાં એવું શું છે કે આટલો બધો પ્રભાવ છે? જગતમાં પૂજ્યમાં પૂજ્ય અને સર્વ ગુણોનું સ્થાન સિદ્ધચક્ર છે. તમામ પૂજ્ય ગુણો તેમાં છે. સર્વ પૂજ્યનો સર્વ ગુણનો સમુદાય જેમાં હોય તે અદ્વિતીય શકિત ધરાવે તેમાં નવાઇ શી? પંચપરમેષ્ઠિ ગુણી અને સર્વોત્કૃષ્ટ ચાર ગુણો હોવાથી સિદ્ધચક્ર ઉત્કૃષ્ટ સામર્થ્ય ધરાવે છે.

## ગુણી વગર ગુણ ન રહી શકે.

પાંચ પરમેષ્ઠિનું વિવેચન કરી આવ્યા. જગતમાં હીરાને છોડી તેનું એકલું તેજ કોઇ પણ લઈ શકતું નથી. મોતીને છોડી તેનું પાણી કોઈ લઈ શકતું નથી. કસની જરૂરવાળાએ સોનું, તેજની જરૂરવાળાએ હીરો લેવો પડે, તેમ સમ્યગ્દર્શનાદિ ગુણો તેજ, પાણી, કસ તરીકે છે. કસ-પાણી-તેજ એક પણ આશ્રય વગરના ન હોય. તેમ દર્શનાદિ ચાર ગુણો આધાર સિવાય રહે નહિ. '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' દ્રવ્યથી જુદો રહેલો ગુણ કોઇ પણ છે જ નહીં, તેથી ગુણાધાર પંચપરમેષ્ઠિ લીધા.

એકલી ગુણપૂજા પોકારનાર ઢોંગી છે, ગુણી ન પૂજે તો ગુણપૂજા તે ઢોંગ છે. ગુણીની સેવા કરનાર ન હોય, ભકિત આરાધના ન કરે ને ગુણ માત્રને પૂજે, આરાધે તે ઢોંગ છે. મોતી, હીરા, સોનું ફેંકી, તેનાં પાણી, તેજ, કસને સારા ગણનારા બને તો તે બનાવટ છે, ગુણીને છોડીને તેણે ગુણ ઇચ્છયા, પણ આથી ગુણ છોડેલાં છે. જેમ કસની,

પાણીની, તેજની વાત કરનાર સોનું, હીરા, મોતી ફેંકી દે તો તે લબાડ છે, ગુણીને પકડનાર જેમ હીરાના, મોતીના, સોનાનાં તેજ, પાણી, કસ જાણ્યા વગર તે વસ્તુ પકડનાર કંઈ પણ લાભ ન મેળવે, તેમ ગુણીને આરાધનારો ગુણ ન જાણે તો પણ કંઈ પામનારો થશે? વ્યક્તિની પૂજા વગર ગુણપૂજા તેની આરાધના શી રીતે? માટે આ પાંચ વ્યક્તિઓને સિદ્ધચક્રમાં અગ્ર પદે મૂકી.

**પરમેષ્ઠિપદોમાં બહુવચન કેમ રાખ્યું ?**

પાંચ વ્યક્તિ ન ગણી હોત તો અને જાતિ ગણી હોત તો બહુવચન મુકાત નહિ, બહુવચનમાં ઘડાપણું–ઘટત્વ જાતિ ન બોલાય. સોનાપણું ન બોલાય, માણસપણું ન બોલાય પણ બહુવચનમાં ઘડા, મનુષ્યો બોલાય. જાતિમાં એક જ હોય તેથી બહુત્વને અવકાશ નથી. 'नमो अरिहंताणं'માં અરિહંતો વગેરે વ્યક્તિઓ ઘણી હોવાથી બહુવચન મૂકેલું છે. અનેક વ્યક્તિ છે. પરમેષ્ઠિ માત્રને તેમાં સ્થાન છે. વ્યક્તિપૂજા વગર ગુણપૂજાની વાત આકાશપુષ્પ જેવી છે. હંમેશાં પંચપરમેષ્ઠિનો નમસ્કાર રાખ્યો છે. નવેપદ નવકારમાં દાખલ નથી કર્યાં. 'એસો પંચ નમુક્કારો' કેમ ન કહ્યું ? વ્યક્તિ છે ત્યાં ગુણ છે. એ નિયમ ગુણ હોય ત્યાં વ્યક્તિનો નિયમ નહિ. પરમેષ્ઠિ છે ત્યાંય સમ્યક્ત્વાદિક છે. સમ્યક્ત્વાદિક હોય ત્યાં પરમેષ્ઠિપણાનો નિયમ નથી.

**પરમેષ્ઠિમાં હોય તે જ પૂજ્ય**

શ્રેણિકરાજા ક્ષાયિકસમ્યક્ત્વવાળા ખરા પણ પરમેષ્ઠિ નથી. ભરત ચક્રવર્ત્તી ગૃહસ્થપણે કેવળજ્ઞાન પામ્યા છતાં તેઓ ગૃહસ્થ વેષમાં હતા, ત્યાં સુધી પંચ પરમેષ્ઠિમાં નથી; સંપૂર્ણ ગુણ છતાં પરમેષ્ઠિમાં દાખલ થઇ શકતા નથી મેજીસ્ટ્રેટ ઝભ્ભા સાથે ઓર્ડર કરે ને ન માને તો કોર્ટનું અપમાન ગણાય. ઝભ્ભા વગર હુકમ કરે ને ન માને તો કોર્ટનું અપમાન નથી.

જૈનશાસને સ્વીકારની સ્થિતિ રાખી છે, તે સ્થિતિમાં ન હોય અને ગુણવાન હોય તોપણ માનવા પૂજવા, લાયક નથી. પંચ પરમેષ્ઠિમાં દાખલ થયા હોય તે જ પૂજ્ય. કેવળજ્ઞાન જાણ્યા છતાં ચોથા ગુણઠાણાવાળો અવિરતિ જીવ બાહ્ય સાધુલીંગ વગરના કેવલીભરતને

વંદન નથી કરતા. મેજીસ્ટ્રેટ ઝભ્ભો પહેરી ખુરશી પર બેસે નહિ, ત્યાં સુધી ધારાનો હિમાયતી સલામ કરે નહિ. ચાહે જેવા સમ્યગ્દર્શનાદિને ધારણ કરનારો હોય પણ જ્યાં સુધી જૈનશાસનની રીતિમાં ન આવે ત્યાં સુધી પરમેષ્ઠિમાં આવી શકે નહિ.

ગુણવાન વ્યક્તિ તે જ શાસનને શિરોધાર્ય. ગુણીની પૂજાથી ગુણનું પૂજન આપોઆપ થાય. ગુણપૂજાથી ગુણીનું પૂજન થતું નથી. ચાર નમસ્કાર રાખવા હતા ને? ગુણીને નમસ્કાર ફાયદાકારક છે. અંધારે સોના, હીરા, મોતીને ન દેખીએ, મુઠ્ઠી ભરીને પેટીમાં નાખ્યા તો સવારે કિંમત મળે. અંધારે કંઈ દેખ્યું ન હતું પણ ગુણીને અજાણે પકડયા તો ફાયદો-લાભ કરે છે, પણ મારે એકલા તેજ, પાણી કસનું કામ છે. હીરા-મોતી-સુવર્ણનું કામ નથી, તેમ કરી ફેંકી દે તેમનું શું થાય? જૈનશાસનમાં પ્રથમ વ્યક્તિને પકડે. વ્યક્તિ ગુણવાળી ચોક્કસ જોઇએ. અંધારે હીરા પકડાય તો સારા, કાંકરાંમાં કંઈ ન વળે. ગુણ પકડવાવાળાએ પ્રથમ નંબરે ગુણવાળી વ્યક્તિ પકડવી જોઇએ.

## રિખવદેવજી ઉપર મરુદેવીનો રાગ કયા પ્રકારનો હતો?

ગુણી આરાધનાનું ફળ ગુણ દ્વારાએ આપે. ઋષભદેવજી ઉપર મરુદેવા માતાનો અપૂર્વ રાગ હતો. સામાન્ય માતાને પુત્ર પર રાગ રહે તે સ્વાભાવિક છે. નાભિરાજા આંધળા નથી થયા. મરુદેવા માતા પુત્ર વિયોગથી અંધ થયા; આટલો પ્રેમ-સ્નેહ છે. પુત્રને અંગે જે સ્નેહમાં આંખો ગઈ તે સ્નેહ ખરો ને? તે વખતે કેવળજ્ઞાન કેમ ન થયું? હજાર વરસના વિયોગમાં આંખ ખોઈ, પણ કર્મો ન ખોવડાવ્યાં. હજાર વરસનો રાગ, મારો છોકરો હતો તીર્થંકરમાં, પણ છોકરાપણાની બુદ્ધિએ અંતર્મુહૂર્ત્તનો રાગ છોકરા બુદ્ધિએ નહિ, પણ તીર્થંકર બુદ્ધિએ રાગ હતો. એ જ વ્યક્તિના રાગથી અંતર્મુહૂર્ત્તમાં કેવળજ્ઞાન રૂપી આંખ મેળવાવી દીધી, કર્મ ખપાવ્યાં ને મોક્ષ મેળવ્યો.

વ્યક્તિ એની એ જ, પ્રથમ પુત્ર તરીકે ધારણા હતી. તીર્થંકર તરીકે ધારણા થઈ ત્યાં મોક્ષે ગયા. વ્યક્તિની આરાધના કરતાં ગુણ તરફ દૃષ્ટિ હોય તો યથાર્થ ફળ મેળવી શકાય. ગુણ તરફ દૃષ્ટિ

થયા વગર પંચ પરમેષ્ઠિની આરાધના યથાસ્થિતિએ પહોંચાડી ન શકે. કર્મના ક્ષયને આત્માના પરિણામથી થવાવાળા માનવાવાળા છે, તે સર્વને એમ માનવું પડશે કે આત્માના પરિણામની શુદ્ધિ એ કર્મક્ષયનું કારણ છે. આપણે આત્માના પરિણામને આધારે કર્મબંધે કર્મ ક્ષય માનનારા હોઈએ તો શુદ્ધ પરિણામને અગ્રપદ આપવું પડે.

## વિચારની ક્રાન્તિ

ચારે ગુણમાં પ્રથમ ગુણ આત્માની શુદ્ધિ દર્શન છે. શાંતિ ફેલાવવી હોય, બળવો જગાડવો હોય, દેશને તૈયાર કરવો હોય તેવા મનુષ્યને વિચારની ક્રાંતિ માટે સજ્જડ પ્રયત્ન કરવો પડે. વિચાર પરિવર્તન નહિ કરાવે તે ધારેલાં કાર્યો કરી નહિ શકે. જૈનશાસન માગ્યું આપે એવું કલ્પવૃક્ષ છે. માગવામાં લાયકાત ઓછી હોય તો લાંબા કાળે મળે પણ આપે ચોક્કસ. જૈનશાસન માગનારને ખાલી નથી કાઢતા. મોક્ષની ઇચ્છા કરનારને એક પુદ્ગલપરાવર્તને જરૂર મોક્ષ મળે. માગનારો માગે તેટલી જ વાર. માગનારો માગતાં ચૂકે. ઇન્દ્રાસનના બદલે નિદ્રાસન માગી લે! તો આપનાર શું આપે? કલ્યાણ માગવાની જગ્યાએ ડેખાળા ઈંટાળા માગીએ તેમાં કલ્પવૃક્ષ શું આપે? માગનારો ચૂકી જાય તેમાં જૈનશાસનનો ઉપાય નથી. માગવામાં બીજું ન માગીશ! તેમ ચેતવે છે. મોક્ષ તો મળશે, ત્યારે મળશે, પણ બાયડી છોકરાં તો મેળવી લેવા દે, આવું માગનારા કલ્યાણની જગ્યાએ કલેશ, કોહીનુર બદલે કાચ માંગે છે.

## સુલસાની પરીક્ષા.

સમ્યક્ત્વ શી ચીજ? રૂંવાડે રૂંવાડે એક ચીજ ભરી દો, દેવ, ગુરુ, ધર્મને જીવાદિકના જ્ઞાનને પછી વળગજો. પણ સમકિતિને પહેલાં વળગજો, મોક્ષ સિવાય બીજી સ્વપ્નમાં પણ માગણી ન હોય, દેવ, ગુરુ, ધર્મ જીવાદિક માનવા જાણવા તે મોક્ષ માટે છે. બંદુક ભરી નિશાન બીજે રાખો છો? માટે મોક્ષની નિશાનીની દિશા નક્કી કરો, મોક્ષ 'પણ' જોઇએ છે. મોક્ષ 'જ' જોઇએ છે તે નક્કી કરો. પ્રાચીનકાળમાં દેવતા તુષ્ટમાન થાય ત્યાં માંગ! માંગ! તું કહે તે આપું! સમકિતિ શું કહે? 'મારે જોઇએ છે મોક્ષ, તે તારી પાસે નથી. તું શું આપીશ?' એ આત્માની સ્થિતિ કેવી હશે? આપણે દહેરા ઉપાશ્રયમાં મોક્ષ, દુકાને પૈસા, ઘરે કુટુંબ જોઈએ છે.

માગણીના નિશ્ચયમાં આવો તેનું નામ સમ્યગ્દર્શન. જૈન-શાસનરૂપી કલ્પવૃક્ષ મળ્યું તેમાં પથ્થરાની માગણી કરવાનું મન કેમ થાય છે? માગણી કરતાં તો શીખો? માગણો માગણી કરતાં શીખેલા હોય છે. અરિહંત પાસે માગવું તો એક જ. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાસે મોક્ષ જ એક માગો! ભૂખ્યો ભિખારી સો શેરીમાં ફરે પણ માગે તો બધે રોટલો જ, પથ્થરો ન માગે. તેમ મોક્ષના માગણ તો બનો! હજુ જીવ એકવચની થતો નથી. આ જીવ અનેકવચની છે. માગણપણું કરવું તેમાં એકવચની થવાય, તો ધર્મને અંગે કેમ નહીં? ચોવીસ કલાક એક જ માગણી કરે તો સમ્યક્ત્વ.

નિર્મળ સમ્યક્ત્વ ગુણને પાલન કરતી સુલસાનું અંતઃકરણ દર્શનમય છે. પતિ નાગસારથી સમ્યક્ત્વના ઠેકાણા વગરનો છે. તે દેવતાને પુત્ર માટે માનવા જાય છે, ત્યારે આ સુલસા ના કહે છે. 'નિરર્થક આત્માનું ન બગાડો' તેમ કહે છે, બીજી પરણો ભલે, પણ આ માનતા ન કરો. કહે છે! એને પુત્રની ઇચ્છા હોય તો બીજી ભલે પરણે પણ ધણી ધર્મ ચૂકે તે ન પાલવે. પતિને બીજી પરણવી નથી. આ સ્થિતિને લીધે દેવતાને પરીક્ષા કરવા આવવું પડ્યું. આપણે કહીએ છીએ કે આજે દેવતા આવતા નથી, પણ દેવતા માટે સિંહાસન રાખ્યું છે? આંગણામાંથી દુર્ગંધ કીચડ ખસેડતો નથી, ને રાજા મહારાજા પધારતા નથી, પણ દેવતા માટે જમીન તૈયાર કરી? દેવતા ઉકરડામાં આવીને બેસે? હૃદય નિર્મળસિદ્ધાંતવાળું નથી. નિશ્ચયવાળું નથી તો દેવતાના ભોગ લાગ્યા હોય કે જાણી જોઇને દુર્ગંધી કચરાના ઉકરડામાં આવે? ત્રણ જ્ઞાનવાળા દેવતાને અહીં બોલાવવા હોય તો હૃદયઉકરડો સાફ કર.

પરીક્ષા કરવા દેવતા આવ્યો, દેવતા સામાન્ય સાધુવેષ સુલસાને ત્યાં આવે છે. લક્ષપાક તે તમારે ત્યાં છે? જે તેલના એક શીશાને તૈયાર કરતાં લાખ સોનૈયા થાય તેવું કિંમતી તે તેલ છે. સુલસા કહે છે: ધન્યભાગ્ય! મારા જ ભાગ્યમાં આ લાભ! બીજે ન મળ્યું તેથી દઉં છું, તેમ નહિ. સાધુના રૂપમાં દેવતા છે. દેવતાએ પહેલો શીશો ફોડી નાખ્યો, અરરર! મારા દાન અંતરાયનો ઉદય. નુકશાનબુદ્ધિનો

અફસોસ ન થયો. બીજો શીશો લાવી, દેવતા બીજો પણ ફોડી નાંખે છે. માંદા સાધુને સંયમ સાધવામાં, અડચણ રોગ ટાળવામાં મારી ઋદ્ધિનો ઉપયોગ થતો નથી. મારી ઋદ્ધિ કેવી ?' ત્રીજો લેવા ગઈ. ત્રીજી વખત શીશો જાળવીને લાવે છે; એના પ્રમાદે નથી ફૂટતો પણ દેવતા-પ્રભાવથી ત્રીજો શીશો પણ ફૂટી ગયો. અરર ! મારી ઋદ્ધિ ધર્મઋદ્ધિ નહિ હોય, મોક્ષમાર્ગનો અંતરાય તૂટશે ક્યારે ? ત્રણ લાખ સોનૈયાનું નુકશાન તે તરફ લક્ષ્ય નથી. દેવ તુષ્ટમાન થયો, ઇન્દ્રની પ્રશંસાથી પરીક્ષા કરવા આવ્યો છું, હવે તુષ્ટમાન થયો છું. માટે વરદાન માગ ! "મારે જે માંગવું છે તેનો અંશ પણ તારી પાસે નથી." દેવતાઈ ચમત્કાર વખતે જેની માગણી મજબુત હતી. મોક્ષ 'જ' જોઈએ. પછી દેવતાને માલુમ પડ્યું કે ઇન્દ્રમહારાજાએ કરેલી સુલસાની પ્રશંસા સાચી પડી. પછી પુત્રદેનારી ગુટિકાઓ આપી. જેનું મન નિશ્ચલ છે. નારી અબળા, પણ નિશ્ચલ મને સમ્યક્ત્વ આરાધ્યું. આગલા ભવે સુલસા તીર્થંકર થશે. પણ અહીં મહાવીર મહારાજે અત્યંત જેની પ્રશંસા કરી તે કોના પ્રતાપે ? સમ્યક્ત્વ પદના પ્રતાપે. માટે છઠ્ઠા પદમાં સમ્યક્ત્વની આરાધના કરવાની જરૂર છે.

હવે જ્ઞાનપદ તે કેવી રીતે આરાધાય તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

● ● ●

## શ્રી જ્ઞાનપદ વ્યાખ્યાન

સંવત ૧૯૯૨ આસો શુદિ ૧૩ બુધવાર. **જામનગર.**

**नाणपयस्स विराहणफलंमि नाओ हवेई मासतुसो ।**
**आराहणाफलंमी जाहरण होइ सीलमई ॥ १३१९१ ॥**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન રત્નશેખરસૂરીશ્વરજી શ્રીપાળ મહારાજાનું ચરિત્ર રચતાં ગૌતમસ્વામીજીએ શ્રેણિકને શ્રીપાળની કથા સંભળાવી. મૂળવસ્તુ ઉડી જાય, તિજોરીમાંથી ઘરધણીએ માલ કાઢી લીધો. માલ લઈ ગયા પછી તિજોરીની કિંમત શી ? માલ વગરની ખાલી

તિજોરી ઉપયોગની નહિં, જે શ્રીપાળની કથા સાંભળવામાં, કહેવામાં, વિચારવામાં આવે પણ નવપદનું લક્ષ્ય ચૂકાઈ જાય તો માલ વગરની તિજોરી માફક નકામું છે. માટે તત્ત્વકથામાં રહેનાર દરેક શ્રોતાએ નવપદ ઉપર પૂરતું ધ્યાન આપવું જોઈએ.

**પરમેષ્ઠિ કલ્યાણ કરે કે પરમાદર ?**

પરમેષ્ઠિ કલ્યાણ કરે કે પરમાદર કલ્યાણ કરે? સોનું કિંમતી કે કિંમતી સોનાની સમજણ વગરનાને ભલે સોનું કિંમતી છે પણ તેને તો પિત્તળ અને સોનું કિંમતી છે વસ્તુતઃએ સોનું અને તેની સાથે સમજણ પણ જોઈએ. કુદેવાદિમાં દેવાદિકની બુદ્ધિ હોય છે એટલે પિત્તળમાં સોનાની બુદ્ધિ છે. આથી પરિણામે એકાંતે બંધ નથી માનતા. જેમ કુદેવને માનવવાળો દેવબુદ્ધિથી માને છે, તેમ કુગુરુ, કુધર્મમાં પણ પરિણામ ચોકખાં છે. એકલા પરિણામ ચોકખા હોય તો તે કામ ન લાગે. વસ્તુ પણ ચોકખી જોઈએ. સુદેવાદિ હોય તો જ કાર્ય થાય. મુખ્ય આધાર બુદ્ધિ ઉપર. ગુરુપણું માનવાનાં સાધનો હોય, ત્યાં કથંચિત્ ન્યૂનતા પણ હોય તે આરાધકને ગુરુની આરાધના થાય છે.

કથંચિત્ ભવિતવ્યતાએ ગુરુત્વ, ધર્મત્વ ન હોય તો પણ ધર્મ થાય છે. તીર્થંકર મહારાજા નિર્વાણ પામે પછી શરીરમાં જીવપણું નથી પણ મડદું છે. તેની આરાધનામાં તીર્થંકરની ભક્તિ કેમ ? તીર્થંકરપણાની બુદ્ધિ હોવાથી તીર્થંકરની આરાધનાનું ફળ મળ્યું. ઈન્દ્રાદિક તીર્થંકરને ગર્ભથી આરાધે છે. ચ્યવનથી કલ્યાણક માને છે તીર્થંકરપણાનો આરોપ કર્યો. પણ ખરૂં ફળ તો કેવળી થશે ત્યારે, તો પણ કલ્યાણ ગર્ભથી માનીએ છીએ. આરોપથી તીર્થંકરપણું મનાય, આરાધના કરાય તેથી ફળ થાય. તે બધો પ્રભાવ તીર્થંકરપણાની બુદ્ધિનો. માટે પરમેષ્ઠિ વડા કે પરમાદર વડો ? પરમાદર. તે પરમ પુરુષનો આદર તે જ મોટો.

**'અરિહંતાણં નમો' ન કહેતાં, 'નમો અરિહંતાણં' કેમ કહ્યું ?**

'અરિહંતાણં નમો' ન કહેતાં 'નમો અરિહંતાણં' કહ્યું બીજાઓ 'हरये नमः' ન કહેતાં પહેલાં પુરુષને લે છે. આપણે પહેલો નમસ્કાર લીધો. કારણ ? અરિહંત અરિહંતરૂપે જગતનું કલ્યાણ કરનાર નથી. પણ આરાધના કરનારની કલ્યાણ બુદ્ધિ ઉપર આધાર રાખે છે. આરાધના

કરનાર કલ્યાણ પામે છે, ઝાડમાં ફળ છે, પણ ઝાડ પાસે જાય તે ફળ મેળવે. નદીમાં પાણી છે, તેટલા માત્રથી તરસ ન મટે. તે તરફ મોં કરવું પડે. ગામને એમને એમ ફળ કે પાણી મળતાં નથી. સમીપે જનારા તરસ વગરના ને ફળવાળા થાય છે. અરિહંતના અરિહંતપણાથી જગત તરી જતું નથી. સૂર્ય દેખવામાં કારણ, પણ આંખો ખોલે તો ત્યાં જોવામાં કારણ બને. સૂર્યની હૈયાતી માત્રથી પદાર્થ પ્રકાશક નથી. અરિહંતમાં અરિહંતત્વ છે, પણ પરમ આદરવાળાને ઉપકાર કરે ક્યારે? આકાશ સામું મોં રાખે તેવાનો લોટો ખીરસમુદ્રમાં પણ ન ભરાય. દરિયો તો લોટો ભરવા તૈયાર છે, પણ લોટો તે તરફ મોં ન કરે તો પાણી ન ભરાય. તેમ અહીં અરિહંતપણાદિક પાંચે પરમેષ્ઠિ તરફ આરાધનાવાળા પરમ આદર ન કરે તો ન તરી શકે.

સાધ્ય અને એની ઉત્તમતા તરફ વળગ! વિદ્યમાન પરમેષ્ઠિ છતાં આંધળા માટે મધ્યાહ્નનો સૂર્ય અંધારી રાત્રિ છે. તેમ જે મનુષ્ય સાધ્યને ન વળગે તેવા માટે પરમેષ્ઠિ હો કે ન હો, બન્ને સરખા છે. પરમેષ્ઠિના ધ્યાનમાં તન્મય થવું જોઇએ. આંધળાના હાથમાં કંચન આવ્યું, છતાં તેને કંઈ લાભ નથી. પંચ પરમેષ્ઠિ હાથમાં આવ્યા છતાં હેય, જ્ઞેય, ઉપાદેય ન સમજીએ તો શું થાય?

શ્રદ્ધા જ્ઞાનથી થવાની. માટે તે પહેલાં મૂકવું જોઇએ. જ્ઞાન સિવાયની શ્રદ્ધા શ્રદ્ધા ન કહી શકાય, માટે છઠ્ઠું જ્ઞાનપદ રાખ્યું છે. ઝવેરીના નાના નાના બચ્ચાઓને અંગોપાંગે હીરા હોય, તે જાણીને નથી લીધાં પણ પહેલાં ભવનું ભાગ્ય છે, તેથી પથ્થરા પહેરવા ન મળતાં હીરા મળ્યા છે. છોકરો એકાસણા આયંબિલમાં શું સમજે, કે તે કરાવવું? વિરતિ, તપસ્યા, સંવર, નિર્જરા કરનાર જે છોકરો સમજતો નથી, તેને કરાવાથી શો ફાયદો? તેમ કહેવાવાળાને કહેવું કે નાનો છોકરો હીરા મોતીમાં ન સમજે, તોપણ બીજા સમજણવાળાથી રક્ષણ કરાય, પણ નથી સમજતો તેથી તફડાવી ન લેવાય, જગત અને કોર્ટ કહે છે કે બાળક ન સમજે તો માબાપને સોંપવાની ફરજ, પણ દાગીના ઉતારી ન લેવાય, તેમ બચ્ચાઓ એકાસણાદિકમાં ન સમજે તો પણ વ્રતનું રક્ષણ કરવું પણ મૂકાવવા નહિં. અહીં અજ્ઞાન જીવો ધર્મકાર્ય કરતા હોય તેને સમજણ આપો।

ભવિતવ્યતાની અનુકૂળતાએ વગર સમજણે પણ વસ્તુ મળે છે, દરેક ઉત્તમ ચીજ પહેલી મળે છે તે વગર સમજણે મળે છે. એકેન્દ્રિય માંથી બેઈન્દ્રિયપણામાં આવ્યા, તે વગર સમજણે કે સમજણમાં ? તમે અહીં આવ્યા પછી મનુષ્યત્વ, કુળ, જાતિ પિછાણી કે પિછાણીને આવ્યા ? સમજણ વગર અહીં આવ્યા તો મળેલું નકામું, માટે બધું છોડી દો! કહો સારી ચીજ અજાણતાં મળી જાય તે સમજ્યા પછી અક્કલવાન આદમી છોડવા ન કહે.

## પ્રથમ દેવગુરૂની જોગવાઇ ભવિતવ્યતાથી મળે.

પ્રથમ દેવ, ગુરુ, ધર્મની જોગવાઈ ભવિતવ્યતાના યોગે જ મળે છે. ધના સાર્થવાહ વેપાર માટે સાર્થ લઈને જાય છે. શ્રી ધર્મઘોષસૂરિજી સાર્થમાં સાથે આવશે, જંગલમાં ચોમાસામાં હેરાન થશે, કાળનિવેદક આમ અન્યોક્તિ બોલશે, આચાર્ય ધર્મોપદેશ કરશે ને ધનાજી તીર્થંકર થશે, તેમાંનું અત્યારે કશું નથી, ભવિતવ્યતાએ પહેલો ઉત્તમ સંયોગ મેળવી દીધો. એક છોકરાને રમવા જવાનું મન થયું, ને એક છોકરાને ઉપાશ્રયે આવવાનું મન થયું. તેની ભવિતવ્યતા પાકી એટલે ઉપાશ્રયે આવવાનું મન થયું, દેવાદિની જોગવાઈ મળવી તે પ્રથમ ભવિતવ્યતાથી છે. વિચાર ને પ્રયત્નપૂર્વક મળનારી ચીજ હોત તો દશદૃષ્ટાંત દુર્લભ ન કહેત.

પહેલીવહેલી સુંદર સામગ્રી સાંપડે તે ભવિતવ્યતાને યોગે. હાથીએ શ્રેણીકરાજાનો પુત્ર થઉં એ ધારણા કરી ન હતી, પ્રાણીની દયાથી મનુષ્યપણું પામ્યો. અકામ નિર્જરા હતી, મરતી વખતે ક્ષુધાતૃષા ભોગવી અકામ નિર્જરાથી દેવલોકમાં જવો જોઈએ, છતાં મનુષ્ય થયો. કુદરત પ્રથમ જન્મતાંની સાથે દૂધ મેળવી દે છે. પછી તે એમ ધારે કે હવે મારે રળવાની જરૂર નથી, એ ભરોસે જિંદગી ન રહેવાય. પ્રથમ દેવગુરુ આદિકનો યોગ ભવિતવ્યતા કરી દે, પણ તે યોગ મળ્યા પછી ભવિતવ્યતા ઉપર આધાર રાખી બેસી ન રહેવાય. મોટો થયા પછી માતાના દૂધ પર આધાર ન રખાય.

## પ્રથમ પ્રાપ્તિ ભવિતવ્યતાથી પછી ઉદ્યમની આવશ્યકતા.

ભવિતવ્યતાથી પહેલી પ્રાપ્તિ થાય. પછીની પ્રાપ્તિ ઉદ્યમથી હોય.

આટલું ધ્યાનમાં રાખી છઠ્ઠું દર્શનપદ મૂક્યું હીરા, મોતી, સોનાના દાગીના ભાગ્યથી, ભવિતવ્યતાથી મળી ગયા, પછી ભવિતવ્યતા ઉપર આધાર રાખે કે ભવિતવ્યતા હશે તો રક્ષણ થશે! તેમ ન કરાય. ઘઉં વાવ્યા, અંકુરા થયા છે. ભવિતવ્યતા હશે તો ઘઉં થશે. એમ વિચારી વાડ ન બાંધે, પાણી ન પાય તો ઘઉં ન મળે. અંકુરા થયા છે માટે ઘઉં થશે એ ભરોસે બેસી રહે તો કણબી પણ ગાંડો ગણાય, સ્વભાવથી થએલી ચીજનું બીજાએ પોષણ, રક્ષણ, વૃદ્ધિ કરવાની જરૂર છે, મળેલી નિર્મળ શ્રધ્ધા તથા રત્નત્રયી સમજી હવે તેની સ્થિરતા, વૃદ્ધિ માટે ઉદ્યમ કરવો જોઈએ.

## સરખી અક્કલ છતાં ચોકીદારને શીરપાવ, ચોરને શિક્ષા.

નસિબ જોગે મળેલ ચીજમાં મળ્યા પછી કિંમત હોય, તેમ દર્શનપદ સ્થાપ્યા પછી જ્ઞાનપદ મૂક્યું. જગતમાં દરેક મનુષ્ય અક્કલને ઉત્તમ ગણનાર છે, અક્કલને અધમ કોઇ ન ગણે. પણ ઉત્તમની સજ્જની અક્કલ ઉત્તમ, પણ દુર્જનની અક્કલને કોઇ ઉત્તમ નથી ગણતા. ખોટા દસ્તાવેજ કરનારા, બનાવટી નોટો કરનારા અક્કલબાજ હોય છે. તેને કોર્ટ પ્રમાણપત્રો આપતી નથી. ચોકીદાર કરતાં ચોરની અક્કલ ચારગણી હોય છે. ચોકીદારને શિરપાવ-ઈનામ મળે, ને ચોરને સજા મળે, કારણ કે એની અક્કલ આશીર્વાદ રૂપ ન થતાં શ્રાપ સમાન થાય છે.

ગુનો સાબિત ન થાય તો સારી ચાલ માટે મચરકા લખાવાય છે. દુર્જનની અક્કલ શ્રાપ સમાન છે. માટે તે બંધ થવી જોઈએ. અમારે આત્માના કલ્યાણ તરફ દોરવાવાળી મોક્ષ મેળવવા માટે અક્કલ જોઈએ છે, જેમ દુનિયાદારીને અંગે સજ્જનની અક્કલ આશીર્વાદપાત્ર છે. પૌદ્ગલિક ઈન્દ્રિયોના સુખ તરફ દોરે તેવી અક્કલ શ્રાપ સમાન છે, માટે તે બંધ થવી જોઈએ. અમારે આત્માના કલ્યાણ તરફ દોરવાવાળી અક્કલ-જ્ઞાન જોઈએ છે.

પહેલાં સજ્જનતા જોઈએ. દુર્જનતા સાથેની વધારે અક્કલ વધારે હેરાન કરે, ચાલાકીથી થએલ ગુનો વધારે સજા કરાવે. મોક્ષ સાધવા માટે અક્કલનો-જ્ઞાનનો ઉપયોગ કર્યો નથી, સંસાર વધારવા માટે અક્કલનો ઉપયોગ કરે તેની અક્કલ ઉપયોગી નથી. હીરો મળી ગયો,

નશીબ જોગે ન રહે પણ મહેનતે રહે, જેમ ભાગ્યથી ખેતરમાં અનાજ ઉગી ગયું, પણ ઘેર લાવવા મહેનત કરવી પડે તેમ તત્ત્વત્રયી મળી ગઈ પણ ટકાવવા–વધારવા–સ્થિર કરવા માટે ઉદ્યમ કરવો પડે. ભવિતવ્યતાના યોગે સમ્યગ્દર્શન મળી ગયું. એમને એમ મળ્યું કે ગુરુપદેશથી મળી ગયું પણ મળી ગયા પછી સજ્જડ પકડી રાખે, માટે દર્શન જોડે જ્ઞાનપદની જરૂર છે.

**જ્ઞાન વગરની ક્રિયા નિષ્ફળ.**

આઠમા પદમાં ચારિત્ર–વર્તન કરવાવાળાએ વિજ્ઞાન મેળવવું જોઈએ, જ્ઞાન ન હોય તો વર્તન શી રીતે કરે? પંજાબ તરફ ઢુંઢીયા વૃદ્ધ સાધુ હતા, ચોલપટ્ટો સીવી પહેરે છે. દરજી સીવી લાવ્યો. પહેરવા જતાં કેમ પહેરવો તે ખબર ન પડી. ટાંકા માર્યા પણ ઉલટા સુલટી છેડાના ટાંકા માર્યા, હવે કેમ પહેરવો? સીવવાની મહેનત કરી, દોરો–વખત ખર્ચ્યા છતાં દરજીને બરોબર સીવવાનું જ્ઞાન ન હોવાથી ક્રિયા નિષ્ફળ ગઈ, મોક્ષનું સાધ્ય છેડો ન દેખતાં પૌદ્ગલિક ચીજમાં છેડો જોડી દઈએ તો શું થાય? સીવેલું ફેર કાપવું પડે તેવું થાય. આથી ચારિત્ર અંગીકાર કરવાવાળાએ પ્રથમ જ્ઞાનનો પ્રયત્ન કરવો જોઈએ.

**ઘેલછાવાળું જ્ઞાન ન જોઈએ**

જ્ઞાન ઘેલછારૂપે ન જોઈએ. મુતર અને પાણીનો વિભાગ જે ન સમજે, અને કાંકરો ને ખોરાકનો વિભાગ ન સમજે, પાણી પીવાનો હક્ક એરિષ્ટર (જ્ઞાની) થયા પછી, એમ કહે તો શું થાય? બધું જાણે પછી ખવાય, પીવાય. આમ કહેવાવાળો જ્ઞાનની ઘેલછાવાળો છે. જીવની હિંસા છોડો તો મને પ્રથમ જીવ જાણવા દો. બધાં શાસ્ત્રો જાણું પછી સૂક્ષ્મ–બાદર બધા જીવોને સાક્ષાત્ જોઉં પછી પચ્ચક્ખાણ લઉં. જીવનું અજ્ઞાન ન રહે પછી પચ્ચક્ખાણ લઉં. આવાને જ્ઞાનનો ઘેલછાવાળો કહેવો પડે.

સામાયિક ચારિત્ર પહેલાં આપવું. મહાવ્રતો, છ જીવનિકાયઅધ્યયન ભણે ત્યારે આપવા. સકલશાસ્ત્ર ભણે પછી મહાવ્રતો આપવાં તેવો નિયમ નથી. વર્તનને ઉપયોગી જ્ઞાન થવું જોઈએ. સર્વ જાણ્યું એટલે સુપચ્ચક્ખાણ નથી રાખ્યું. ત્રસ બાદરના ભેદો–સામાન્ય જાણે, હિંસાના પચ્ચક્ખાણ કરનારે ત્રસ બાદરના સામાન્ય સુપચ્ચક્ખાણ જ્ઞાનપૂર્વક કરવાથી

છે. એક વિષયમાં બધા વિષયની ફરજ પાડવા જાય તો ઘેલછા જ્ઞાન-વાળા ગણાય, તેવા ન જોઈએ.

ચારિત્રપદ કરતાં પહેલાં જ્ઞાનપદ મૂકયું. હવે સાતમે પદે જ્ઞાન રાખ્યું તેમાં શું કરવું ? જેમ આકાશનો રંગ રોજ દેખો છો તેને નથી જાણતા એમ નથી કહેતા. જાણ્યા છતાં પણ રંગ લેતા નથી કારણ કે તે ગ્રાહ્ય નથી, કિન્તુ રંગ જાણવાનો છે, તેમ ઈષ્ટ પદાર્થ જાણી ગ્રહણ કરવાનો છે, અને અનિષ્ટ જાણી દૂર કરવાનો છે, કેટલાક પદાર્થો જાણવા આદરવા, છાંડવા લાયક છે, તો જ્ઞાન જાણવા લાયક પ્રથમથી છે જ. છાંડવા અને આદરવામાં અંશે છે. જ્ઞાનની વિરાધના છાંડવી, આરાધના આરાધવી. આરાધના ને વિરાધનામાં પ્રથમ પ્રયત્ન કોનો કરવો ?

જે વિરાધના છોડે તે આરાધના સફળ કરી શકે. માટે પ્રથમ વિરાધના છોડવાની જરૂર ! વિરાધના ન છોડનારો આરાધના કરે તો પણ મીંડું આવે. છોકરાને ૨૩ કલાક રમાડે તે કોઈ ન જાણે, પણ મિનિટ રોવડાવ્યો તો આખી શેરી, ગામ રોવડાવ્યો જાણે. જ્ઞાનપદની આરાધના તેવો ફાયદો ન કરે પણ વિરાધના નુકશાન જરૂર કરે. વિરાધના ઝાડ તરીકે, આશાતના આંબા તરીકે. રાજાની જિંદગી સુધી સેવા કરે અને એક દિવસ અડપલું કરે તો શું પરિણામ આવે ? વિરાધના વાદળમાં વ્યાપી જાય, સેવા સંતાઈ જાય, સૂર્યનો પ્રકાશ વાદળમાં ઢંકાઈ જાય તેમ આરાધના ચાહે તેટલી હોય તો પણ ઢંકાઈ જાય.

## માસતુષ મુનિની વિરાધના તથા આરાધના

માસતુષ સાધુએ દીક્ષા લીધી છે. પ્રથમ દિવસે કરેમિભંતે શીખવે છે તે આવડતું નથી. ગુરુમહારાજે દેખ્યું કે હવે શું કરવું ? ભાવાર્થ આપું. मा रूष मा तुष કોઈ ઉપર રોષમાન ન થઈશ, તેમ તુષ્ટમાન ન થઈશ, અર્થાત્ રાગદ્વેષ ન કરીશ. બે વાકયો શિખવ્યાં. પેલા સાધુ તેવા ટૂંકા બે શબ્દો પણ સીધા ગોખી શકતા નથી, ભૂલી જાય છે. છોકરાઓ 'માસતુષ' મુનિ ઉપનામ પાડે છે. છોકરાઓ ટીખળમાં માસતુષ બોલે છે, છતાં મુનિ મૌન રહે છે. ભૂલેલા શબ્દો તે છોકરાઓ સંભાળી આપે છે, તેમાં 'મારા ચાળા પાડે છે' તેમ નથી લાગતું, પરંતુ ઉપકાર માને છે કે બાળકો ભૂલકણાં મને સંભાળી દે છે.

આવું ટૂંકું સામાન્ય વાકય ગોખ્યા છતાં ન આવડે તે કેટલો જ્ઞાનાવરણીયનો ઉદય ?

પહેલાં ભવમાં ભણ્યાની પંચાત થઈ. દુનિયામાં ડાહ્યો છોકરો દેશાવર ભોગવે છે, ગાંડાને ઓરડામાં પૂરે છે. ડાહી થાય તો ધૂમાડો ખાવો પડે છે. તે દેખીને ડાહ્યા થયા તે જ મહા રામાયણ થઈ. જે ભણેલા આચાર્યો, ઉપાધ્યાય, સાધુ હોય તેવાને સેંકડો પૂછવાવાળા મળે છે. અભણને કોઈ ન પૂછે. આના કરતાં ન ભણ્યો હોત તો સારું થાત. પહેલા ભવમાં માસતુષ આમ બોલી ગયા હતા કે 'ભણ્યા તો આ પંચાત થઈને ?' આટલું જ બોલાયું. વિચાર પ્રયત્ન તો બધા કરતા જ હતા. એ વિરાધના એક પદમાં આવીને નડે છે. એ દૃષ્ટાંત સાંભળી જ્ઞાનની વિરાધનાથી હંમેશાં દૂર રહેવું. સાપ રીઝાય તો કંઈ ન મળે પણ ખીજાય તો કરડે. તેમ જ્ઞાનપદની વિરાધના થાય તો ભૂક્કા, આરાધનામાં ફળ મોટું છે.

**શીલવતીની જ્ઞાન આરાધના.**

જેને ઘેર મોકાણ મોટી હોય ત્યાં વધામણાં પણ મોટાં હોય, તેમ આરાધનામાં પણ શીલવતી એટલી ચકોર હતી કે પોતાનો ધણી પ્રધાનપણું શીલવતીની અક્કલે કરે છે. પશુપક્ષીની ભાષા નીતિ સમજે છે, તે પહેલા ભવમાં પાણી ભરનાર આકરડી હતી. પોતાની શેઠાણી જ્ઞાનપદનું આરાધન કરે છે. તે સાધ્વીને પૂછે છે કે હું શું કરું ? સ્વાધીન નથી, પૈસા નથી પણ આલંબને તેણે દુર્ગતિના ભવમાં જ્ઞાનઆરાધનાની તિથિએ આરાધના કરવાની રાખી તો આ ભવમાં શીલવતી થઈ.

આમ આરાધના વિરાધનાનું ફળ ધ્યાનમાં રાખી, વિરાધના ટાળી જેઓ જ્ઞાનપદનું આરાધન કરશે તે પંરપરાએ કેવલજ્ઞાન પામી મોક્ષ પામશે.

● ● ●

# શ્રી ચારિત્રપદ વ્યાખ્યાન,

સં. ૧૯૯૨ આસો શુદિ ૧૪ ને ગુરૂ. જામનગર.

चारित्तपयं तह भावओवि आराहियं सिवभवंमि ।
जेणं जंवुकुमारो जाओ कयजणचमुक्कारो ॥ १३१२ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રી રત્નશેખર સૂરીશ્વરજી શ્રીપાળચરિત્ર રચતાં જણાવી ગયા કે બે પ્રકારના શ્રોતા હોય છેઃ એક પરમ શુશ્રુષાવાળા ને બીજા અપરમ શુશ્રુષાવાળા. પહેલા શ્રોતાનું ધ્યાન તત્ત્વ તરફ હોય. પરણવા જનાર બધો આડંબર કરે પણ દૃષ્ટિ લગ્ન તરફ. જેની દૃષ્ટિ તત્ત્વ તરફ હોય તે પરમ શુશ્રૂષાવાળા અને જોવા આવેલા લોકોની દૃષ્ટિ આડંબર તરફ હોય તે તો વાજાં ને વરઘોડો કેવો છે તે જ જોયા કરે, તત્ત્વ તરફ દૃષ્ટિ ન રાખે, તેવી રીતે જે કેવળ રસકથામાં લીન થાય તેને અપરમશુશ્રુષાવાળા ગણ્યા, હું ગ્રંથ કરું છું તે તત્ત્વકથા. અંદર રસકથા આવે છે, તેમાં મારું તત્ત્વ નથી. પરમશુશ્રુષાથી સાંભળો એ મારું ધ્યેય છે. આ ધ્યેય હોવું જોઈએ.

નવપદ શી ચીજ ?

પાંચપરમેષ્ઠિ ગુણવાળાને ગોઠવ્યા પછી જેમ ઝવેરીઓ હાથમાં હીરો લે, ચોકસી હાથમાં સોનું રૂપું લે. લીધા પછી તેજ, પાણી, કસ રૂપે જોવાય તેમ પદાર્થ લીધા પછી ગુણ જોવાય.

આથી પંચ પરમેષ્ઠિમાં ગુણીને આગળ કર્યા છે. આગળ શાથી કર્યા છે ? ગુણવાન હોવાથી. જગતમાં જે આત્મીય ઉત્કૃષ્ટગુણનું વિધાન તે પંચ પરમેષ્ઠિમાં છે. તે સિવાય આત્મીય ગુણનું સ્થાન કોઈ નથી. માટે પાંચ પરમેષ્ઠિને આગળ કર્યા છે.

**કલ્પવૃક્ષ પાસે તુચ્છ માગણી ન કરાય.**

કલ્પવૃક્ષ આરાધનારો જે બુદ્ધિએ-ઇચ્છાએ આરાધે તે વસ્તુ પામે. કેરડા માંગે તો કેરડા મળે, કારણ કે કલ્પવૃક્ષનો સ્વભાવ છે કે માંગો તે આપે, તેમ પંચપરમેષ્ઠિ એવા છે કે જેવી બુદ્ધિએ આરાધે તેવું ફળ આપે. બાહ્ય પૌદ્ગલિક દૃષ્ટિએ આરાધીએ તો તેવું ફળ આપે. આત્મિક દૃષ્ટિએ આરાધો તો આત્મિક ગુણ મળે. સહેલાઈથી ન મળતી હોય તેવી ચીજ માટે કલ્પવૃક્ષનું આરાધન હોય. બોર કે કેરડા માટે કલ્પવૃક્ષનું આરાધન ન હોય. દુર્લભ ચીજ માટે કલ્પવૃક્ષનું આરાધન હોય. વિષયો આરંભો વગેરે સંસારમાં દુર્લભ નથી, અનંતી વખત પ્રાપ્ત કર્યા. માટે પરમેષ્ઠિ પાસે શરીરાદિ ઈન્દ્રિય સુખ સાધનોની ઇચ્છા ન રાખવી. પરમેષ્ઠિનું આરાધન કરે છતાં ફળ ન મળે તો બેનશીબ કહેવો પડે.

ધારણાથી પ્રવર્તે તો ખરૂં ફળ મળે (જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ) આ ચાર ગુણની ધારણાથી સેવા, પૂજા, ધ્યાન. જાપ અને ભક્તિ કરીએ, તે બધામાં એક ધ્યેય હોવું જોઈએ, અન્ય ફળની ધારણા ઇચ્છા હશે તે ફળીભૂત થશે, પણ તત્ત્વથી આરાધન થયું ગણાશે નહિ. શરીરાદિ વિષય કષાય એમણે છોડેલાની ધારણા રાખવી કે તેમણે આદરેલી વસ્તુની ધારણાએ સેવાદિ કરવા ? જેની પાસે જે ચીજ હોય તે ચીજ મેળવવા મુખ્યતાએ આરાધના હોય. હવે પંચ પરમેષ્ઠિ પાસે કઈ ચીજ મંગાય ? ચાર ચીજો છેઃ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. તેમની આરાધના ચાર ગુણો મેળવવા માટે હોય.

## પરમેષ્ઠિપદોની આરાધનામાં ધ્યેય ગુણપ્રાપ્તિનું રાખવું.

પરમેષ્ઠિના પદોમાં ફરક છતાં આરાધકના ધ્યેયમાં ફરક નહીં, અરિહંતને આરાધીએ તે પણ સમ્યક્ત્વાદિકને અંગે, સિદ્ધાદિકને આરાધીએ તે પણ તે જ માટે. જો ક્ષાયિક સમ્યક્ત્વાદિક થઈ જાય તો આરાધનાનો સવાલ રહેતો નથી. સિદ્ધ થયા પછી સાધનની જરૂર ન રહે. ચૂલો સળગાવવા માથાકૂટ કરનારી સ્ત્રી રસોઈ થયા પછી ચૂલો ઓલાવવા તૈયાર થાય છે. સાધ્યની સિદ્ધિ થયા પછી સાધનને સંઘરવાનું હોતું નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપને માટે જ આરાધના. જગતમાં જેમ જેમ લાભ મેળવતો જાય તેમ તેમ વેપારમાં વધતો જાય. અહીં જેમ જેમ ગુણો વધતા જાય, તેમ તેમ આરાધના વધે. જેને વેપારમાં લાભ મળે તે લક્ષ્મીનો અર્થી હોય તો મહેનત કરવામાં ખામી ન રાખે. અહીં સમ્યગ્ દર્શનાદિ મેળવતો જાય તેમ આરાધનામાં વધતો જાય. પરમેષ્ઠિના ગુણો દ્વારા ગુણો મેળવવા માટે તેમની આરાધના. પંચપરમેષ્ઠિ સાથે ચાર ગુણપદ કહ્યા, તેમાં સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત જણાવી ગયા.

## ચારિત્ર–વિરતિ માટે જ્ઞાન સાધન રૂપ છે.

માને, સમજે છતાં કરે નહિ તેનું શું થાય ? સમીરબાઈ રાણીએ રાજ્યની વ્યવસ્થા પહેલેથી ગોઠવેલી હતી. તેને ચર પુરુષે ખબર આપી કે ફલાણા રાજા હલ્લો કરવાની તૈયારી કરે છે, તે જાણ્યું. લશ્કર તૈયાર થયું છે તે જાણ્યું, શત્રુનું લશ્કર નીકળ્યું તે જાણ્યું. અર્ધે રસ્તે આપણી સરહદ ઓળંગી અને અર્ધો દેશ લીધો; કિલ્લા આગળ આવ્યું.

બધી વખતે જાણ્યું છતાં 'સબૂર' કહે છે. એવી સબૂરીને શું કરવી ? સબૂરીમાં અને જાણવા છતાં ૭૨ કિલ્લા ખોયા. આ સંસારનું કટુક સ્વરૂપ, કર્મની કુટિલતા, નરકતિર્યંચ ગતિનાં દુઃખો કેટલાય ભવોથી જાણવા છતાં 'થાતા હૈ!' પ્રમાદથી દુઃખ દૂર કરવા તૈયાર થતા નથી.

જેને માનવામાં આવ્યું અને સાધનો જાણ્યાં, માન્યા છતાં તે પ્રમાણે પ્રયત્ન ન કરે તે આરાધનાના રસ્તામાં આવી શકતો નથી. માટે આઠમું પદ ચારિત્ર છે. શાસ્ત્રમાં 'पढमं नाणं तओ दया' એનો ભાવાર્થ એવો કાઢયો કે જ્ઞાન પહેલાં ભણવું, તે પાછળ મચી રહેવું. પહેલું ઝાડ અને તે પછી ફળ. તેનો અર્થ એવો ન થાય કે ફળ તરફ બેદરકારી કરવાની. પ્રથમ ચૂલો ને પછી રસોઈ. તો રસોઇની વાત કોરાણે ન મૂકવાની. જેમ ઝાડ રોપતાં દૃષ્ટિ ફળ તરફ હોય, તેમ જ્ઞાન ભણતાં દૃષ્ટિ ચારિત્ર તરફ હોવી જોઈએ, દયા એટલે ચારિત્ર. તે સિદ્ધ ન કરવું હોય તેને જ્ઞાનની જરૂર નથી. ફળ ન જોઈતું હોય તેને ઝાડ સિંચવાનું ન હોય; જેને વ્રત પચ્ચક્ખાણ ક્રિયા ન જોઈએ તેને જ્ઞાનની જરૂર નથી. 'પહેલું જ્ઞાન પછી દયા' એની તુલના કરવાનો વખત આવ્યો ત્યારે કહેવું પડે. જો નિરૂપણનું વાક્ય હોય તો પઢમં નાણં. એમાં પહેલું ને પછી કહ્યું તે શાથી જણાવવું પડયું ? જેને આ સ્થાન યાદ હશે તેને ખુલાસો તરત થશે.

ચોથું અધ્યયન શરુ કરી છ જીવ નિકાય મહાવ્રતો જણાવ્યા તેટલામાં સંતોષ ન થયો. પછી હે ભગવાન ! 'कहं चरे.'ચાલવું કેમ ? ઈત્યાદિ જેથી પાપકર્મ ન બંધાય. 'जयं चरे इत्यादि' જયણાથી ચાલ ! ઉઠ ! ખા ! ઈત્યાદિ, જેથી પાપકર્મ ન બંધાય. પાપ રોકવાનું કારણ તે જયણા. આ કહ્યું, ત્યારે શિષ્યે કહ્યું કે જ્ઞાનને અધ્ધર ઉડાવ્યું. પાપકર્મના ક્ષય માટે કે રોકવા માટે જ્ઞાનને સ્થાન નથી આપ્યું. જયણાપૂર્વક બોલે, ચાલે તેને પાપકર્મ લાગતું નથી. આમાં જ્ઞાનને સ્થાન નથી, તેથી શંકા કરી; ત્યારે જ્ઞાન નકામું ને ? તો કહે છે કે, જયણા આવશે કયાંથી ? જીવોના વધથી પાપ થાય છે જયણાથી પાપ રોકાશે. તે નહિ જાણે તો કયાંથી જયણા આવશે ?

પહેલાં જ્ઞાન આવી ગયું છે. જ્ઞાનના નિરર્થકપણાને અંગે જેઓ

ગણતા હતા, તે જણાવવા માટે જયણા જ્ઞાનથી બનેલી છે. આ અધિકારની વાત છોડી પહેલાની આગળની વાત પડતી મૂકીને વચલું પદ પકડી રાખ્યું. **जया जीवे०** જ્યારે જીવ અજીવ જાણે, ત્યારે પુણ્યાદિ મોક્ષાંત જાણે, જીવોની ભ્રમણાની સ્થિતિ જાણે. જ્યારે સંસારની સર્વ વિચિત્ર ગતિ જાણે, ત્યારે કામભોગોથી વિરકત થાય. જ્યારે દેવતાઈ મનુષ્ય કામભોગોથી વિરકત થઈ દીક્ષા લે, એ આગળનો અનુક્રમ પાછળનો ઉપક્રમ ઉપસંહાર જોયા વગર વચલા પદને પકડી રાખનારા કઈ દશાના ગણાય? માટે જયણામાં પહેલું જ્ઞાન છે. **एवं चिट्ठई सव्वसंजये.** પહેલાં જ્ઞાન છે પછી દયાના પરિણામ થયા, તેથી સર્વસંયતો ચારિત્રમાં રહ્યા છે. અજ્ઞાની હોત તો સારા નરસાને સમજત શું? આ બધો અધિકાર ન સમજતાં એક પદ પકડી રાખ્યું.

**એકના પણ અભાવમાં આરાધના ન ગણાય.**

હવે બીજી બાજુ જ્ઞાનને અંગે ફળ માનનારા આપણે નથી, નહીંતર દેવતા મરીને ચોક્કસ દેવતા થાય. સમ્યગ્દૃષ્ટિ દેવતા ત્રણ જ્ઞાનવાળા હોય છે, જ્ઞાનવાળા હોવાથી દેવતા મરી દેવતા થાત, પણ થતા નથી. નારકી, દેવતા, તિર્યંચમાં, મનુષ્યમાં સમ્યક્ત્વ છે. ચારિત્રનો જે ગતિમાં સદ્ભાવ તે ગતિમાં મોક્ષની છૂટ. દેવતાદિકની ગતિમાં દર્શન, જ્ઞાન છે. પણ મોક્ષે જવાની છૂટ નથી, કારણ કે ત્યાં ચારિત્ર નથી. ચારિત્ર ન મેળવી શકીએ ત્યાં સુધી મોક્ષના માર્ગમાં નથી. ચારિત્ર પામીએ ત્યારે મોક્ષ છે. **एकतराऽभावे.** આ ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષનાં સાધન નહિ.

ભગવતીસૂત્રમાં આરાધનાનો અધિકાર ચાલ્યો છે, તેમાં જઘન્ય જ્ઞાન આરાધના કરે તો આઠ ભવે મોક્ષે જાય, જઘન્ય દર્શનની આરાધનાથી આઠ ભવે મોક્ષે જાય જણાવ્યું છે. બીજી બાજુ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય થાય તેટલા ભવે મોક્ષ થાય. આ કયાં રહ્યું? અસંખ્યાત ભવો (સુધી ચારિત્ર વગરનું) સમ્યક્ત્વ જ્ઞાન આવ્યું, છતાં મોક્ષ ન થયો. જઘન્ય જ્ઞાન આરાધના ચારિત્ર આવે તો જ; જઘન્ય દર્શન આરાધના ચારિત્ર આવે તો જ આરાધના માર્ગ છે. ત્રણમાંથી એકના પણ અભાવમાં આરાધના ન ગણાય. જ્ઞાનની જોડે ચારિત્ર હોવું જ જોઈએ, તો આઠ ભવમાં મુક્તિ પામે.

**ભાવ ચારિત્ર કોનું નામ ?**

હવે ચારિત્રને અંગે કેટલાક એવા હોય કે અમારા પરિણામ ભાવચારિત્રમાં છે. મનમાં ચારિત્રની ઈચ્છા છે. પહેલાં ભાવ ચારિત્ર કોનું નામ? આશ્રવનો ત્યાગ કરવા માટે તલપાપડ થાય તે ભાવ ચારિત્ર, આશ્રવ છોડવાની બુદ્ધિ નથી થઈ. આશ્રવો, કષાયો, વિષયો છોડવા માટે તલપાપડ થાય, તેમાં વિલંબ થાય તો ઊંચો નીચો થાય.' તેવો માણસ ચારિત્ર ન લેવા છતાં ભાવ ચારિત્રનું ફળ મેળવી શકે.

**શીવકુમારની ચારિત્રભાવના અને આરાધના.**

જંબુસ્વામીનો પૂર્વભવ–શીવકુમાર. પહેલા ભવના ભાઈ સાગરચંદ્ર દીક્ષા લઈ અહીં આવ્યા છે. અવધિજ્ઞાની પહેલા ભવમાં ભાઈ હતા. તું ભવદેવ, હું ભવદત્ત હતો, આમ દીક્ષા આપી, નાગિલાએ પ્રતિબોધ કરી પાછા ગુરુ પાસે મોકલ્યા. શીવકુમાર માતાપિતાને કહે છે કે 'મારે દીક્ષા લેવી છે.' અહીં રાજારાણી શીવકુમારને છોડતા નથી બીજા મનુષ્યના કબજામાંથી છૂટવું તેમાં કાયદો કામ કરે, સત્તાધીશના કબજામાંથી નીકળવું તેમાં કાયદો કામ ન કરે, રાજાના કબજામાંથી કુંવરને શી રીતે નીકળવું?

જ્યાં સુધી રાજા રજા ન આપે ત્યાં સુધી ખાવુંપીવું નથી. રાજકુંવર કહે કે ખાવુંપીવું નથી, તે સમયે રાજા રાણીની શી દશા થાય? સ્નેહથી રોકે છે, જેને અંગે સ્નેહ છે, તેને દીક્ષાની રજા નથી અપાતી અને ભૂખ્યો રહે તે પાલવતું નથી, પ્રબંધ કર્યો કે 'કંઈ નહિ, અમારી નજર નીચે રહે. સાધુપણાની સ્થિતિમાં રહે નિરવદ્યવૃત્તિ'થી છઠ્ઠ તપસ્યાને પારણે આયંબિલ કરી ચારિત્ર પદની તીવ્ર આરાધના કરે છે. આ શીવકુમાર સપડાયો ગણાય. બીજા સપડાવાના બાનાં કાઢે તે ઢોંગ છે, રાજકુંવર તરીકે જવું આવવું, શણગાર કશું નથી. એક દૃઢધર્મ નામનો મિત્ર શ્રાવક ફાસુક આહાર પાણી લઈ આવી વપરાવે છે. આ મનુષ્ય ચારિત્રની કેટલી ચોટવાળો! રાજકુંવરપણામાં આવી રીતે રહેવું! આ સ્થિતિમાં તપસ્વી હતો, તેની તપસ્યાના પ્રભાવે દેવલોકમાંથી ચ્યવવાનું અઠવાડીયું બાકી છે, છતાં ભગવાનના સમવસરણમાં બધાની છાયા પોતાના અનુપમ તેજથી આંજી નાખી એટલો તેજવાળો! શ્રેણિકે

ભગવાનને પૂછયું કે આ તેજસ્વી કોણ છે? શીવકુમાર. અને તે હવે જંબુસ્વામી થશે. આઠ કન્યાથી ન મૂંઝાયા, ચોરોને ચમત્કાર પમાડયો તે જોવાય છે? પહેલા ભવની કરણી તપાસી? જાનમાં જમવા બેસતી વખતે સોનાનો થાળ જોઈએ, ને હાયજામાં કશું કરતા નથી; કારણો તરફ ધ્યાન આપવું નથી, તે કાર્ય તરફ ધ્યાન આપે તેમાં વળે શું? તે શીવકુમારના જન્મની અંદર ચારિત્રપદ અપૂર્વપણે આરાધ્યું, બીજ કયું વાવ્યું તે ખબર ન પડે, પણ દેખવાથી બીજ માલુમ પડે છે, ગોટલો વાવ્યો હતો ત્યારે કેરી મળી, અહીં જંબુકુમાર થયા, હવે તો ફળ દેખ્યુંને? જે ઉત્કૃષ્ટ સ્થિતિ મેળવી છે તે બધાનું કારણ કોણ? શીવકુમારના જન્મની અંદર ચારિત્રપદ એવું આરાધ્યું. આવી રીતે ચારિત્રની ભાવથી કરેલી આરાધના હતી તેને લીધે જંબુસ્વામી થયા.

**વિરાધના અને આરાધના**

એ જ શીવકુમારના ભવમાં પૂર્વે કરેલી વિરાધના વિરાધના રૂપમાં ફળી, ફક્ત ભાઈની શરમે. ભવદેવના ભવમાં દીક્ષા લીધી ત્યાં ક્યારે ભાઈની શરમ તૂટે? ભાઇ જીવ્યા ત્યાં સુધી ભાઈની શરમથી સાધુપણામાં રહ્યો, ભવદત્ત ભાઈ કાળ કરી ગયા પછી સાધુપણું છોડયા વગર ઘર તરફ જાય છે, વિરાધના માત્ર પરિણામથી પલટાઇ અને નાગિલા પાસે ગયો. માત્ર મનની વિરાધના. સાધુપણું નથી ચૂકયો. ભવદેવના ભવમાં મનની વિરાધનાએ તેણે શીવકુમારના ભવમાં ચારિત્ર મળવા ન દીધું. સાગરચંદ્રભાઈ મળ્યા. ઉપદેશ દે છે. ચારિત્રનો વિચાર કર્યો છતાં મનની વિરાધનાથી ચારિત્ર ન મળ્યું, ચારિત્રે ચઢયા તે પણ તેમાં જ. ભવદત્તના ભવમાં વિરાધ્યું. શિવકુમારના ભવમાં આરાધ્યું. આ ચારિત્રપદ જેની આરાધનાએ ચારિત્રને મેળવી શકાય.

આર્દ્રકુમારને મનથી થએલી વિરાધનાના યોગે ચારિત્ર ન પામે તેવા દૂર ક્ષેત્રમાં રહે છે. અનાર્ય દેશમાં ઉત્પન્ન થયા. અહીં પણ ધર્મથી દૂર રહેવું પડયું. બંને ફળો દેખી આરાધનામાં તત્પર થયા વગર કોણ રહે? કોઈ પણ તીર્થંકર ચારિત્ર વગર તીર્થંકર ન થાય. દીક્ષા લીધા વગરના કોઈ તીર્થંકર ન હોય. અંતગડ સિદ્ધ દ્રવ્યલિંગ ન પણ લે. તીર્થંકર જેવા એક પણ ન નીકળે. દ્રવ્ય ને ભાવ બંને

ચારિત્ર લેવાવાળા હોય. વૈદ્ય રસાયણ આપે તે પહેલાં કોઠો સાફ કરે. મોક્ષમાર્ગ આરાધવાવાળાએ આત્માના કોઠાને સાફ કરવાની જરૂર છે. કર્મનો કોઠો સાફ કરનાર ચારિત્ર છે. માટે ચારિત્રપદના આરાધનાની જરૂર છે. તેથી આઠમા પદે **'नमो चारित्तस्स'** પદ જણાવ્યું. ચારિત્ર કઈ ચીજ? આઠ કર્મને તોડવાવાળી જે ક્રિયા તે ચારિત્ર. દર્શનથી માન્યું, જ્ઞાનથી જાણ્યું, પછી આદર અમલ કરાય તેમાં નવાઈ શી?

**દર્શનના નામે ચારિત્ર ન ઉડાવો!**

ચારિત્રપદના વિવેચનમાં કેટલાક એવી ધારણાવાળા છે કે સમ્યક્ત્વ બરાબર પકડી રાખવું. ચારિત્ર હોય તો ઠીક, ન હોય તો પણ ઠીક.

**दंसण भठ्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थिण निव्वाणं।**
**सिज्झंति चरण रहिया दंसणरहिया न सिज्झंति॥**

જે સમ્યક્ત્વ શ્રી ભ્રષ્ટ થયો તે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થયો. ચારિત્રરહિત મોક્ષે જાય છે, સમ્યક્ત્વરહિત મોક્ષે જતા નથી. તેઓ આ ગાથાને આગળ કરે છે, પરંતુ એ ગાથા રજુ કરનારાએ ધ્યાન રાખવું કે આ શાસ્ત્રકારનો પક્ષ છે કે વાદીનો પક્ષ છે? આ ગાથા શાસ્ત્રકારની નથી. શાસ્ત્રમાં છે ને શાસ્ત્રકારની નથી એટલે શું? રાયપસેણીમાં 'જીવ નથી' એમ સાબિત કરવા કહ્યું. તે વચન શાસ્ત્રકારનું કે પ્રદેશીરાજાના મોઢાનું? શાસ્ત્રકારના મંતવ્યનું નથી. પ્રદેશીરાજાએ સ્વર્ગ, પુણ્ય, પરભવ, જીવ, મોક્ષ નથી, આ કહ્યું. શાસ્ત્રકાર પણ પ્રદેશી રાજાનું મંતવ્ય બોલ્યા. વાદીના મોઢાની ગાથા શાસ્ત્રકાર બોલ્યા છે. શાસ્ત્રકારે ત્રણે સંયુક્ત મળી મોક્ષમાર્ગ છે એમ જણાવ્યું, ત્યારે વાદીએ સમ્યક્ત્વ મોક્ષ માર્ગ જણાવ્યો. કેમકે સમ્યક્ત્વથી ખસ્યો તે મોક્ષથી ખસ્યો. ચારિત્ર રહિત મોક્ષે જાય છે, સમ્યક્ત્વ રહિત મોક્ષે જતા નથી. આમ કહી ચારિત્રને મોક્ષમાર્ગ જણાવ્યો હતો, તે વાદીએ આ ગાથાથી ઉડાવી દીધો. આમ દર્શનના નામે ચારિત્ર ઉડાવવાની વાતો કરે તે માર્ગભ્રષ્ટ ને સંસારમાં રખડવાવાળા સમજવા.

**માર્ગ ઉડાવનારને નજરે પણ ન જોવા.**

આવા કોઈક વખત બનવાવાળા બનાવને આગળ કરી જિનેશ્વરના ચારિત્રનામાર્ગનો નાશ કરનારા નજરે પણ ન જોવા, કારણ કે દર્શન-ભ્રષ્ટને મોક્ષ નથી થતો, ચારિત્ર રહિત મોક્ષે જાય છે, માટે દર્શન મોક્ષમાર્ગ છે. ચારિત્રની જરૂર નથી, એમ કહેનારાને જવાબ આપે છે,

માર્ગમાં ચાલતાં એક છોકરાને ઠેસ વાગી. ઈંટ ઉખડી ગઈ ને ઈંટ નીચેથી સોનામહોર નીકળી આવી, પિતાને કહ્યું કે 'મેં મહોર ન લીધી.' કેમ ન લાવ્યો? જ્યારે જોઈએ ત્યારે ઠેસ મારી ઈંટ ઉખેડવી. કોઈક વખતે ભાગ્યયોગે ઠેસ વાગવાથી મહોર નીકળી, તેથી દરેક વખતે મહોર ન નીકળે. મરુદેવા સરખા દ્રવ્યચારિત્ર વગર મોક્ષે ગયા તેથી દ્રવ્ય-ચારિત્ર રહિત મોક્ષ મનાય નહીં ચારિત્રથી મોક્ષ.આમ ભરત–મરુદેવાના દાખલા આપનારાઓ બોધિ દુર્લભ બને છે.

ચરિતભણી બહુલોકમાંજી ભરતાદિકના જેહ !

છોડે શુભ વ્યવહારનેજી, બોધિ હણે નિજ નેહ. ઉ. યશોવિ.

'ગૃહસ્થપણે કલ્યાણ કયાં નથી થતું ?' તેમ બોલનારા જૈનમાર્ગથી બહાર છે. ઘેર બેઠા કલ્યાણ થતું હોય તો જિનેશ્વરો રાજ્ય છોડી કેમ નીકળ્યા ? તમારા કરતાં તે મહાપુરુષો આત્માને વધુ વશ કરી શકે તેવા હતા ? ઘેર બેઠા આત્મા વશ કરી શકાત ? તીર્થંકર જેવા સબળ આત્માને મોક્ષમાર્ગે જવા માટે ઘર છોડવું પડે, તો આપણા મનનાં ઠેકાણાં નથી, તેવા ઘેર બેસી શું કરવાના ? અણસમજમાં એક શબ્દથી કેટલો અનર્થ થાય છે ધ્યાનમાં રાખવું. બીજી બાજુ તીર્થંકર મહારાજાએ એ મોક્ષમાર્ગ જાણ્યો ત્યારે જ આદર્યો.

## તિર્યંચોને સમ્યક્ત્વ–વ્રતો છતાં મોક્ષ કેમ નહિ?

તિર્યંચોને સમ્યક્ત્વ અને વ્રતો હોઈ શકે છે. કેટલાક અસંખ્યાતા તિર્યંચો સમ્યક્ત્વપૂર્વક બારવ્રતો ધારણ કરનાર છતાં તિર્યંચગતિમાં મોક્ષ કેમ ન ગણ્યો ? જાનવર સમ્યક્ત્વપૂર્વક વ્રત ધારણ કરનારા છે. ઘેર બેઠા કલ્યાણ હોય તો તિર્યંચગતિમાં પણ કલ્યાણ થાય. તિર્યંચ-ગતિમાં કોઈ મોક્ષે જતું નથી. ત્યાં ચારિત્ર નથી તેથી મોક્ષે નથી જતા, માટે ઘેર બેઠા કલ્યાણ નથી. આ સમજે ત્યારે ચારિત્રપદની મહત્તા સમજાય. સર્વ કાળે અસંખ્યાતા તિર્યંચો દેશવિરતિવાળા હોય. હોય, અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં બધે તિર્યંચો છે. કોઈપણ કાળે તો તિર્યંચમાં મોક્ષ હોવો જોઈએ. કહો કે ઘરે કલ્યાણ કોને ? સર્વવિરતિની તીવ્ર અભિલાષાવાળાને. 'ગૃહસ્થલિંગે સિદ્ધ' એ શબ્દ આગળ લાવતા હો તો આગળ સમજો કે 'ગૃહિભાવે સિદ્ધ' નથી રાખ્યું. ગૃહલિંગ એટલે ધ્યાન સાધુભાવનું હોય. મૂળ વાતમાં આવો.

ચારિત્ર એ મોક્ષનો રસ્તો. આવવાના બે માર્ગ–બે દાદરા. શું જાળી તોડી બારીથી ન અવાય? તો તે માર્ગ નહિ. તેથી ચારિત્ર આઠમું પદ રાખ્યું. નહીંતર નવપદમાં ચારિત્રને પદ તરીકે રાખવાની જરૂર ન હતી. ચારિત્ર હોય તો મોક્ષ થાય, ન હોય તો પણ મોક્ષ થાય. તેમ હોત તો ચારિત્ર પદ જુદું ન કહેવાત, પણ તે પદ જુદું રાખવાથી ચારિત્ર સિવાય મોક્ષ નથી જ.

**હાથી પાટડો ઉઠાવી શકે પણ સોય ન ઉઠાવી શકે.**

ત્રણે પૂરેપૂરા મળી જાય તો પણ મોક્ષથી છેટા કેમ રહે છે? ૧૩મા ગુણઠાણાની શરૂઆતમાં સમ્યક્ત્વમાં ક્ષાયિક તેમ જ્ઞાન ચારિત્ર ત્રણે ક્ષાયિક છે. હવે મોક્ષ કેમ નથી? વાત ખરી, પહેલાંના જૂના બાંધેલા કર્મનું શું? ચારિત્ર આવતાં કર્મને રોકી દે. આવેલાને તોડી પણ દે. જેમ હાથી સૂંઢથી પાટડો થાંભલો ઉપાડે, પણ સોય ન ઉપાડી શકે, તેમ સમ્યક્ત્વાદિ એ ઘાતિકર્મનો ક્ષય કરે, પણ અઘાતિનો ક્ષય કરવાની તાકાત તે ત્રણમાં નથી. ભવોપગ્રાહી કર્મ કાઢવાની તાકાત તપની છે. તપસ્યા અઘાતિનો ક્ષય કરે. જ્ઞાન દર્શન ચારિત્ર ઘાતિકર્મનો ક્ષય કરે, તે પણ ઢીલાઘાતિ, કઠણઘાતિ નિકાચિત ઘાતિકર્મ હોય તો જ્ઞાનાદિકનું જોર ન ચાલે.

નિકાચિત કર્મ તોડવાની શક્તિ હોય તો કેવળ તપમાં જ છે. તપ સિવાય જ્ઞાન, દર્શન, ચારિત્રમાં પણ તે તાકાત નથી.

હવે નવમા પદમાં તપનો અધિકાર કેવી રીતે સમજાશે તે અગ્રે વર્ત્તમાન.

● ● ●

# શ્રી તપપદ વ્યાખ્યાન

સં. ૧૯૯૨ શરદપૂર્ણિમા. લક્ષ્મીઆશ્રમ, **જામનગર.**

**वीरमईए तइ कहवि तवपयमाराहियं सुरतरुव्वा।**
**जह दमयंतीइ भवे फलियं तं तारिसफलेहिं ॥ १३१३ ॥**

શાસ્ત્રકાર મહારાજ રત્નશેખરસૂરીશ્વરજી નવપદની આરાધનામાં ઉપદેશ કરતાં જણાવી ગયા કે જેઓ પ્રભુસંમિત મિત્રસંમિત

વચનથી ન સમજી શકે તેવાઓને કાન્તાસંમિત વચનોથી સમજાવવા જોઈએ. એ નીતિ અનુસરીને વિધિ, હેતુ, યુક્તિ માત્રથી ન સમજે તેવાને ચરિતાનુવાદે કરી પણ સમજાવવા જોઈએ. આથી ચરિતાનુવાદ કેવળ વિધિ અને હેતુવાદને નહિ સમજનારા માટે છે. જેઓ વિધિવાદને હેતુવાદને બરાબર ન સમજે, તેવાને ચરિતાનુવાદથી પણ સમજાવવા. અબોધ સમજાવવા માટે ચરિતાનુવાદ કહેવાય તો 'अदग्घ दहनन्याये' આદિધાર્મિકને માટે ધર્મકથાનુયોગ રહે.

શાસ્ત્રકારો આગળ વધીને જણાવે છે કે શ્રદ્ધાનુસારી જે હોય, વિધિવાદથી સમજનારો હોય, તર્કાનુસારી–હેતુવર્ગથી સમજનારો હોય, તેઓને પણ પ્રતીતિ કરાવવા માટે ચરિતાનુયોગ જરુરી છે, ચરણકરણાનુયોગમાં પ્રયત્નવાળો દ્રવ્યાનુયોગમાં સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું હોય, તેને પણ દૃઢતા માટે ચરિતાનુયોગની જરુર છે. આ હિસાબે ધર્મકથાનુયોગની જરુર. પણ શાસ્ત્રકારો કહે છે કે ચાહે તે અનુયોગ હોય પણ ફળ કઈ જગ્યાએ માને ? પરમશુશ્રૂષા હોય ત્યાં.

## સમકિતને જાણવા માટે ત્રણ લિંગો.

સમ્યગ્ દૃષ્ટિનું લક્ષણ બતાવતાં પ્રથમ લક્ષણ **શુશ્રુષા** જણાવે છે. **ધર્મરાગ અને ગુરુ ઉપર ભક્તિ, ગુરુ અને દેવની વૈયાવચ્ચ**, આ ત્રણ સમ્યગ્દર્શનીનાં ચિહ્ન, શમાદિક સમ્યગ્દર્શનનાં ચિહ્નો છે. અધર્મીમાં સમકિત માની ભક્તિ કરી તો સમ્યક્ત્વ જાય. એટલા માટે સમ્યગ્દર્શનના લક્ષણ છતાં સમ્યગ્દૃષ્ટિનાં લક્ષણ કહ્યાં. આ ત્રણ ચીજ દેખો તેમાં અશ્રદ્ધા ન લાગે તો તે અંતરથી મિથ્યાત્વી હો તોપણ તમે નિર્દોષ છો. આ ચિન્હો દેખો ને વિરુદ્ધ ચિન્હ ન દેખો તો તે મિથ્યાદૃષ્ટિ હોય તોપણ તમારા સમ્યક્ત્વને કોઈ જાતની અડચણ નથી. એક મનુષ્ય અશ્રદ્ધાવાળો હોય તેને શ્રદ્ધાવાળાનાં ચિન્હો દેખીને ભક્તિ કરો તો અડચણ નથી. શુશ્રૂષા જિનેશ્વર મહારાજનાં વચનો દેવતાઈ ગીત માફક પરમ આલ્હાદથી સાંભળે. તે સાંભળી આનંદ થાય. ધર્મના કોઈપણ કાર્યમાં રાગ કરે અને ગુરુ તથા દેવના કામની અંદર વિદ્યાસાધક માફક નિયમિતપણું. ત્રણ આ વસ્તુ જે આત્મામાં હોય તેને સમ્યગ્દૃષ્ટિ માને. સાધર્મિક ગણી તેની ભકિત કરો તો તમારા આત્માને નુકશાન નથી.

**રસકથાઓ તત્ત્વના પોષણ માટે કહી છે.**

શ્રીપાળરાજાના રાસમાં ત્રણખંડ વખતે સભા ચિક્કાર અને ચોથો ખંડ શરૂ થયો એટલે સભા ખાલી દેખાય. ત્રણ ખંડમાં ભરતી અને ચોથા ખંડમાં ઓટ! એનું કારણ? તત્ત્વશુશ્રુષામાં ખામી છે. રસમાં શુશ્રુષા થઈ છે. ત્રણ ખંડમાં વીરરસ, શૃંગારરસ વગેરે રસનાં વર્ણન આવે છે. તેમાં રસ–આનંદ આવે છે, અને ચોથા ખંડમાં તત્ત્વરસ છે, તેની શુશ્રુષા–સંભાળવાની ઇચ્છા થઈ નથી. તેનો દાખલો આ પ્રત્યક્ષ છે. તો ઉપા. વિનયવિજયજી મહારાજે રાસ રચ્યો શું કરવા? કાંટો પગમાં ભાંગ્યો તો જગતના કાંટા બાળી નાખવા? ના. સમજવું કે એ જ કાંટો વાડ કરવામાં ઉપયોગી છે, તેમ અહીં રસકથા કહી તે તત્ત્વકથાના પોષણ માટે કહી છે.

છોકરાને દવા આપવી હતી તેથી પીપરમીંટની લાલચ આપી. દવા પીનાર પીપરમીંટ ખાઈ ગયો ને દવા ઢોળી નાખી, પીપરમીંટ શા માટે આપી હતી? દવા તું એમને એમ ન પીએ માટે, દવા પાવા માટે તેમ ઉ. વિનયવિજયજી મહારાજાએ ત્રણ ખંડનું વર્ણન કર્યું. તત્ત્વશુશ્રુષામાં દાખલ થવા માટે, તે જગ્યાએ રસશુશ્રુષા જોડે રાખીને તત્ત્વશુશ્રુષા ગોઠવી માટે બે શુશ્રુષા રાખી. રાજાઓ આખો દિવસ રાજ્યના દરેક કાર્યમાં માથું મારી કંટાળી ગયા હોય, સૂઈ જાય તોપણ ચિંતા થાય. ઉજાગરો કર્યો ન પાલવે, તેથી પાસે કથ્થકો–ચતુર કથા કહેનારા રાખે. તે હાસ્ય કુતૂહલ રાજ્યનીતિની વાતો કરે. તેમાં ચિત્ત લાગે ને ઊંઘી જાય.

નાના છોકરાને ઊંઘાડવો હોય ત્યારે વાત કહેવા માંડે. એવી રીતે જૈનશાસનમાં ધર્મકથાનુયોગમાં ભળનારા પરમશુશ્રુષાવાળા નહિ હોય તો કેવળ રસશુશ્રુષા ધારણ કરીને બેસશે. માટે જે ચરિતાનુવાદ ચરિત્રકથાનકો તે તત્ત્વ જાણવા માટે, તત્ત્વમાં ઉતારવા માટે. જો તત્ત્વમાં ઉતારવામાં ન આવે તો ચરિતાનુયોગનો ભાવાર્થ મળેલો ગણાય નહિ. અહીં નવપદની આરાધનામાં વિધિવાદે સ્વરૂપ; હેતુવાદે યુક્તિ જણાવી; તેમાં ચારિત્ર પદ ઉપર ગઈ કાલે સમજાવી ગયા.

**અવિરતિ ગૂંમડાના રૂઝણા એ ચારિત્ર.**

ચારિત્ર એટલે અવિરતિના ગૂમડા મટાડવા. આપણને વ્રત

પચ્ચક્ખાણ ગૂમડાં લાગે છે. કેટલાકને હજુ ચારિત્રનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું નથી; નહીંતર અવિરતિના જેટલાં ગૂમડાં તેટલા ચારિત્રનાં રૂઝણાં. આપણે હજુ શ્રદ્ધાવળા ન કહેવાઈએ. જેટલા વ્રતો નિયમો એ બધા મારા ગૂમડાંના રૂઝણાં છે. ચમત્કાર ભય-દુઃખ ગૂમડાંને અંગે થાય છે, રૂઝાય ત્યારે આનંદ થાય કે ભય થાય છે? વ્રતો નિયમો આપણુને આનંદ ઉત્પન્ન કરે છે? અવિરતિ છોડવી પડે છે તે કેવી આકરી પડે છે? પ્રત્યાખ્યાનાવરણીનો ઉદય હોય આપ અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોય, તેથી વ્રત લેવાં આકરાં પડે છે, પણ લીધા પછી આનંદ કેમ નથી આવતો? વ્રત પચ્ચક્ખાણ સારાં માને, છતાં આસકિત ખેંચી જાય, પણ નિયમ લીધા પછી કેમ આનંદ નથી થતો? ગૂમડું રૂઝાયું ને જે આનંદ થાય છે તેવો આનંદ વ્રતમાં કેમ નથી થતો? હજુ અવિરતિ તેવા ગૂમડાંરૂપે આત્મામાં ઉતરી નથી. નહીંતર વિરતિ પ્રાપ્તિ વખતે તેવો આનંદ કેમ ન થાય? નાનો છોકરો ગૂમડું મટ્યાના આનંદને સમજતો નથી.

## બળાત્કારથી દીક્ષા

પુરોહિતપુત્ર અને રાજપુત્ર તોફાની છે. સાધુઓને હેરાનપરેશાન કરે છે. તે વાતની એક વખતના ત્યાંના રાજા હતા, તેઓ મુનિ થયેલા હતા, તેમને ખબર પડી. વિહાર કરી તે ગામ જઈ રાજાના મહેલે પહોંચી મોટા શબ્દથી ધર્મલાભ આપ્યો. એટલે રાજપુત્ર કહે છે કે ઠીક થયું. 'નાચતાં આવડે છે?'

હા. ઢોલ બરાબર બજાવો તો.

પછી ઢોલ બરાબર ન વગાડતાં હોવાથી મુનિએ બંને કુંવરોના અંગો ઉતાર્યાં. અંગ ઉતાર્યા પછી મુનિ શહેર બહાર જઈને બેઠા. રાજાને માલુમ પડ્યું કે કુંવરના હાડકાં ખસેડી નાખ્યાં છે. ઉપાશ્રયે અને સર્વત્ર મુનીની તપાસ કરાવી. સાધુપણું પરાણે પહેલાં દીધું, પછી અંગ ઠેકાણે આણ્યા. આના કરતાં બીજો બળાત્કાર કેવો હોય? પાત્રને દેખીને બળાત્કારે પણ દીક્ષા અપાય છે. રોગીનો રોગ મટાડવા પરાણે પણ ડોકટરો હિતબુદ્ધિથી ઓપરેશન કરી રૂઝ લાવે છે. પ્રથમ ઉપદેશથી પરિણામ કરાવીને પ્રતિજ્ઞા દેવી, અવિરતિ ટાળી વિરતિ અંગીકાર કરો

છો, છતાં વિરતિનો આનંદ આવવો જોઈએ તેવો આનંદ આવતો નથી. આપણે વ્રત-નિયમ નામના કરીએ છીએ.

**વ્રત-નિયમમાં પરીક્ષા સમયે દ્દઢતા અને આર્ત્તધ્યાનનો અભાવ.**

આપણા વ્રત-નિયમો કર્મબંધનના હલ્લા આગળ બચાવ કરી શકે તેવા નથી, કારણ પડે નિયમમાં છૂટ રાખીએ. કારણે છૂટ, આ નિયમો કેવા ? કર્મનો હલ્લો કારણે હોય, તે વખતે બધું છૂટું. તે વખતે એમ કેમ નથી આવતું કે વ્રતની ખરી કસોટી અહીં છે. સોનું કસોટીએ ન લગાડવું, કાપવું નહિ, અને અગ્નિએ લગાડવાની પણ ના કહે તો શી રીતે સોનાની પરીક્ષા કરવી ? તેમ કર્મથી બચવા માટે વ્રત કરીએ, પણ કર્મના હલ્લા વખતે છૂટ ! આર્ત્તધ્યાનની શંકા થાય. વિવાહાદિક કાર્ય વખતે, રોગ વખતે, છૂટ. ચોવિહાર પચ્ચક્ખાણ લીધા પછી પાણી પીવાનો વિચાર થયો, વ્રત-પચ્ચક્ખાણ છે એમ થયું તે આર્ત્તધ્યાન નથી. એ આર્ત્તધ્યાન ગણો તો તે કરતાં ધર્મધ્યાન વધેલું છે.

વ્રતની રુચિ અને વ્રતખંડનભય વધેલા છે, તરસ લાગી છે, પણ તે સાથે ચોવિહાર છે. તરસ ભૂખની વેદના કરતાં વ્રતનો રાગ વધેલો છે. વ્રતના રાગનું કાર્ય થઈ રહેલું છે. ત્યાં આર્ત્તધ્યાન શી રીતે ગણવું ? એવો પણ વિચાર ન આવે તે સારી વાત, પણ અહીં ધર્મધ્યાન વધેલું છે. આર્ત્તધ્યાનમાં વાત ગઈ એટલે ફરી ઉપવાસ ન કરવા પડે, આમ લઈ જાય છે. પાણી પીવાની, ખાવાની ઇચ્છા રોકી કોણે ? વ્રતની રુચિએ, માટે અહીં ધર્મધ્યાન છે. મૂળમાં ખાવાપીવાનો રસિયો જીવડો, તેમાં તેવા ઉપદેશકો મળ્યા. ધર્મની અંદર ઢીલાશ ન ચાલે. માથું મૂકી માલ મેળવવાનો છે. કારણ? નિયમની પરીક્ષાનું સ્થાન છે. નિયમ બરાબર રાખ્યા તેની પરીક્ષાનું સ્થાન ત્યાં કારણ છે. વહાલના પૈસા નથી, પણ વટના પૈસા છે.

**અંદરનો વિકાર ન મટે ત્યાં સુધી ઉપરના મલમપટ્ટા નકામા છે.**

મૂળ મુદ્દો એ કે કારણ પડયા જે દૃઢ રહેવાતું નથી, તેનું કારણ એ કે કારણ કે અવિરતિને ગૂમડાં તરીકે ગણી નથી. ગૂમડાં ઉપર મલમ લગાડી ચામડી આણી દેવાય પણ અંદરનો વિકાર ન મટે

તો એક મટે ને બીજું થાય. બીજું મટે ને ત્રીજું થાય. તેમ આ વિરતિથી અવિરતિના ગૂમડાં ભલે મટાડો, પણ અવિરતિના કારણ રૂપ જે આત્માનો વિકાર તે વિકાર નાશ ન કરો તો વિરતિ આવી પણ પાછી અવિરતિ ઊભી રહે. વિરતિ મલમપટ્ટો છે. કોઠાની નિર્મળતા નથી. લોહી અને કોઠો ન સુધરે ત્યાં સુધી એક મટે ને અનેક થાય. તેમ અહીં વિરતિ કરીએ, નિયમ કરીએ, ધરાધર ચારિત્ર લઈએ છતાં અંદરનો વિકાર, આત્માનો કર્મરુપ વિકાર ન મટે તો પાછા પછડાઈ પરો. ૧૧મે ગુણઠાણે પહોંચેલા એવા મહાપુરુષો પછડાઇને પહેલે ગુણઠાણે આવે છે. ૧૧મે ગુણસ્થાને વિરતિમાં કંઈ ઓછાશ છે? જ્યાં યથાખ્યાત ચારિત્ર છે, તે નીચે પછડાય તો પહેલા ગુણઠાણા સુધી આવી જાય તેમાં કોનો ગુનો? અંદરના વિકારનો.

જે પાણીમાં કચરો નીચે રખાય તો તે પાણી મેલું થાય. કચરો કાઢી નાખ્યો હોય તો મેલું ન થાય. સત્તામાં રહેલા કર્મ આત્માને મેલો કરે. આથી પહેલું સાધ્યબિન્દુ કયું હોવું જોઈએ? કોઠો સુધારી લેવાય પછી મલમપટ્ટો ફેર ન કરવો પડે. ચારિત્રમલમપટ્ટો છે. અંદરના વિકાર ન જાય ત્યાં સુધી મોક્ષ થતો નથી. બાહ્યચારિત્રના વર્તાવમાં ૧૧-૧૨-૧૩મા ગુણઠાણાનું એક જ સંયમસ્થાન. જો સંયમસ્થાન એક જ છે, તો એક સીધા મોક્ષે પહોંચે ને એક કામ પડે તો અર્ધપુદ્ગલ રખડી જાય.

અગિયારમા ગુણ સ્થાનકવાળાએ માત્ર મલમપટ્ટો કરી ઉપરનું સારૂં કર્યું છે, પણ અંદરનો વિકાર એમને એમ છે. બારમાવાળાએ ઉપરનું ને અંદરનું સાફ કર્યું છે. અગિયારમાવાળાને સત્તામાં હજુ કર્મનો વિકાર રહેલો છે. બંધ, ઉદય કે સત્તામાં હવે બારમાવાળાને કર્મવિકાર નથી. લોહી મૂળમાંથી સુધર્યું તો હવે ગૂમડું નહિ જ થાય. ગૂમડું રૂઝાવા માત્રથી સર્ટિફિકેટ નહીં. આત્મામાંથી કર્મકચરો સર્વથા નીકળી જાય પછી ત્યાંથી પડવાનું નહિ. અગિયારમે જાય તો અવિરતિના ગૂમડાં ન થવાનું સર્ટિફિકેટ મળતું નથી. બારમે જાય તો અવિરતિના ગૂમડાં નહિ જ થાય. જો અંદરનો સુધારો થયો તો સર્ટિફિકેટ. એકલા વર્તનના સુધારામાં સર્ટિફિકેટ ન મળે. લોહી સુધારવાવાળાએ બહારનું ગૂમડું સુધારવું જ પડે, અંદર લોહીવિકાર ન હોય અને બહાર ગૂમડાં હોય તેમ ન બને. બહારનાં ગૂમડાંને મલમપટ્ટો રૂઝાવે, અંદરના વિકારને

દવા તોડે, તેમ બાહ્ય વર્તાવનો રોગ ચરિત્ર તોડે. આથી સમજવાનું કે ગંધક ગૂમડે લગાડે તો ગૂમડું ન રૂઝાય, ગૂમડે તો સિન્દૂર, ખાવામાં ગંધક તેમ બાહ્યવર્તાવ રોકવા માટે તપ કરવા જવું તે ન ચાલે. તેમાં બહારના ગૂમડાં રૂઝવા માટે સિન્દૂર તરીકે ચારિત્ર બતાવ્યું, બહાર સિન્દૂર લગાડીએ પણ અનંદનો લોહીવિકાર ન મટે તો ? એ માટે તપપદની આરાધના કહી છે. ચારિત્રની આરાધના માત્ર બાહ્ય ગૂમડાં મટાડનારી થાય.

**પાંચે પરમેષ્ઠિ ભરે ભાણે આરતી.**

જ્ઞાનની, દર્શનની ને ચારિત્રની ઉત્પત્તિ તે કોને આભારી ? કર્મના ક્ષય ક્ષયોપશમને આભારી છે. કર્મનો ક્ષય ક્ષયોપશમ ન થયો હોય તો જ્ઞાનાદિક ત્રણે થતાં નથી. ભરે ભાણે આરતી, ભાણું ભર્યું એટલે ભાઈ તૈયાર ! તેમ સમ્યગ્દર્શનાદિ ભરે ભાણે આરતીવાળા છે, કર્મનો ક્ષય થાય એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર આવીને બેસે. સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર કર્મક્ષય કરવા ન બેસે. કર્મનો ક્ષય હોય તો આવીને બેસવા તૈયાર છે.

જ્ઞાન માત્ર પ્રકાશક, દર્શન શ્રદ્ધારૂપ, ચારિત્ર નવાં કર્મ ન આવવા દે. નિર્જરા રૂપ નથી. નિર્જરામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી, વાચના પૃચ્છના કરવાથી થયું ત્યારે જ્ઞાન કહેશોને ? તો ભરે ભાણે આરતી, પાંચે પરમેષ્ઠિ ભરે ભાણે આરતી, કર્મક્ષય ક્ષયોપશમ થાય ત્યારે જ્ઞાનાદિક થાય; એ થાય એટલે પરમેષ્ઠિપણું આવ્યું. પહેલા ક્ષય અને ક્ષયોપશમ થાય, પછી થાય ગુણ, પછી થાય ગુણી. કારણ વગરનું કાર્ય તો કહેવા માત્ર ગણાય. બાકી કારણ વગરનું કાર્ય હોય નહિ તો આઠ પદો કાર્ય, કારણ નવમું તપ પદ.

કોઈક અનંતર કાર્ય, કોઈ પરંપરા કાર્ય. કારણ કયું ? સમ્યગ્દર્શનાદિ સ્વયં કારણ નથી, આઠે પદોની આરાધના કાર્યરૂપે થઈ. કાર્યરૂપે થઈ તેનું કારણ ! તપ ચારિત્રના ભેદો લઈએ તેમાં એકે ભેદ કર્મક્ષય કરનાર નથી. પાંચ ચારિત્રમાંથી કોઈ પણ ચરિત્ર લઈએ તો એક પણ ચારિત્ર નિર્જરાનું કારણ નહિ રહે. જ્ઞાન છતાં ધર્મ શુક્લધ્યાનમાં ન આવે તો નિર્જરા ન થાય. કર્મના ઉદયથી આશ્રવ, તે નવા બંધને આભારી છે. જેમ જેમ આશ્રવરોધ તેમ તેમ તૃષ્ણારોધ, તેમ તેમ પ્રત્યાખ્યાન વૃદ્ધિ. ચારિત્ર જે કર્મક્ષયનું કારણ બને તે બીજા દ્વારાએ. પ્રત્યાખ્યાનને ચારિત્રરૂપ ગણ્યું છે તેથી બીજો કષાય તે પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યા-

ખ્યાનાવરણીનો ક્ષય તે ચારિત્ર ન હોત તો પ્રત્યાખ્યાનવરણી ન કહી શકત. તપસ્યા કર્મ ક્ષય કરવા માટે જબરજસ્ત સાધન છે.

## ચારિત્ર અને તપસ્યા જુદી છે.

ચારિત્ર કર્મબંધને રોકે. તપ જેમ શરીરની અંદરનો વિકાર સુધારવો તે ચંધકનું કામ, તેમ આત્માના કર્મવિકારો સુધારવા તે તપસ્યાનું કામ. અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણને ઉત્પન્ન કરાવનાર-ટકાવનાર, વધારનાર, પ્રકર્ષ કરાવનાર તપ છે. આ જ વાત લક્ષ્યમાં રાખશો તો, આપણે કંઇક વિદ્વાન બન્યા. પોથાં ઉકેલતાં શીખ્યા તો સંતોષ માની લઇએ છીએ, કે સ્વાધ્યાય પણ અભ્યંતર તપ છે, તો ભગવાન મહાવીર સરખા તીર્થંકર જે સમ્યક્ત્વના ધણી નિરતિચાર ચારિત્રવાળા, ચાર જ્ઞાનના માલિક છતાં તે બાહ્ય તપમાં કેમ પ્રવર્ત્યા?

આપણે વિનય વૈયાવચ્ચ કરીએ તો, બે ઘડી સામાયિક પૂજા કરીએ તો સંતોષ. આ અવિરતિની હુંડી પાકેલી હુંડી છે. ચારિત્રની મિલકત પહેલી આવે પછી અંદરના કર્મો મુદતની હુંડી છે. કેટલાંક કર્મો ભોગવવા ન પણ પડે. તીર્થંકરો ચાર જ્ઞાની, શુદ્ધ સમ્યક્ત્વવાળા નિરતિચાર ચારિત્રવાળા તપસ્યાની જરૂર ગણતા હતા. એ સમજતા હતા કે આ બધો બહારનો સુધારો છે. અંદરનો સુધારો ન થાય તો લાંબો કાળ આ સુધારો ટકવાનો નથી. પણ જેને હંમેશાં પેઢી ટકાવી રાખવી હોય તેણે મુદતની હુંડીની સવડ રાખવી પડે. તો સમ્યગ્દર્શનાદિ એ પાકેલી હુંડીની સવડ કરવાની, પણ મુદતની હુંડી વટાવવા માટે તપની પેઢી ખોલવી પડશે. આપણને ૧-૨ ઉપવાસ કરતાં આમ થાય છે, તો છ મહિના સુધી ઉપવાસ કરતાં ક્ષુધાવેદની કે તૈજસ્ નામકર્મ ઉદયમાં ન હતું તેમ નહિ, ઉપસર્ગો તેમને દુઃખ દેતા ન હતા? લોઢા કે લાકડા ઉપર ઘા પડતો ન હતો, તેમના શરીરે તરસ ટાઢ-તડકો, દેવતાઇ ઉપસર્ગ પરિષહ કેમ સહન કર્યા હશે? જેને દેખાવ રાખવો હોય તેને ચાલે, પણ શાહુકારી રાખવી હોય તેને મુદતની હુંડી બધી ધ્યાનમાં લઇ નાણાં ચૂકવવાની સવડ કરવી પડે. તો તેવી હુંડી કેવળ તપ છે.

## કર્મસંગ્રામમાં મોરચો માંડનાર હોય તો તપ છે.

તપ સિવાય નથી કર્મયુદ્ધની શરૂઆત કે સમાપ્તિ. મોખરે પણ એ અને પાછળ પણ એ. સમ્યગ્દર્શનાદિ મોખરે કે પુંઠમાં

નથી રહેતા. એ વચમાં મ્હાલશે. શુક્લ ધ્યાનમાં ૩–૪ પાયારૂપ તપ નથી આવ્યો, ક્ષપકશ્રેણીની શરૂઆતના એ ધ્યાનરૂપ તપના જોરે અને અપૂર્વકરણમાં એવી તાકાત છે કે જે નિકાચિત કર્મ હોય તેને બાળીને ભસ્મ કરવાની તાકાત ધરાવે છે.

મહાવીર ભગવંતે સાડાબાર વર્ષ સુધી અખંડ દર્શન-જ્ઞાન-ચારિત્ર પાળ્યું તેમાં તેટલી તાકાત ન હતી, જેટલી અપૂર્વકરણ વિષે શુક્લધ્યાનમાં એ તાકાત છે કે કોઈ પણ નિકાચિત કર્મ તપ તોડી શકે. શુક્લધ્યાનની શ્રેણીનો પ્રવેશ અપૂર્વકરણમાં ચોથેથી શ્રેણી માંડે છે, પણ ચારિત્રમોહની સાથે યુદ્ધ થાય તે અપૂર્વકરણથી, મોહમહીપતિ સામે મોરચા શુક્લધ્યાન રૂપી તપે માંડયા. સમ્યગ્દર્શનાદિથી મોરચા નહિ મંડાય. મોરચા માંડનાર સાથે મદદમાં બીજા ભલે હો. સમ્યગ્જ્ઞાન ન હોય તે અજ્ઞાની હોય, તેથી તે મોરચા માંડવાનો નથી.

મોરચાનો મુખ્ય મુખત્યાર હોય તો તપ. સમ્યગ્દર્શનાદિ એ ધ્યાનના પટાદારો, મુખ્ય જુમ્મેદાર નહિ. મોહની સામે મોરચા માંડનાર તે તપ. મોરચા માંડયા પણ જીતનો વાવટો ચઢાવતી વખતે સમ્યગ્દર્શનાદિની વાવટો ચઢાવવાની તાકાત નથી, એ તો જોડે જાય. જો તેમ હોત તો તેરમે ગુણઠાણે પહેલે સમયે મોક્ષ થાત. કેવલજ્ઞાન, ક્ષાયિક દર્શન, ચારિત્ર આવ્યા છતાં કિલ્લા પર વાવટો ચડાવવાની સ્વતંત્ર તાકાત તેમની નથી. શુક્લધ્યાનનો ચોથો પાયો સરદારી (સર કરી) લે તો વાવટો ચઢાવી શકે, કર્મના સમરાંગણમાં મોરચા માંડે વાવટો ચડાવી દે પણ તપ.

**શુક્લધ્યાન અને તપનું સ્વતંત્ર સામર્થ્ય.**

આદિમાં કે અંતમાં સમ્યગ્દર્શનાદિની તાકાત નથી. ધ્યાન કોનું નામ? સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સહિતને ધ્યાન. એ પહેલામાં પહેલો પાયો લઈએ ત્યાં હેય, ઉપાદેય, ઉપેક્ષણીય સંબંધી જે આજ્ઞા તેનો નિશ્ચય કરવો તે પહેલા પાયામાં છે. અહીં તપનું સ્વતંત્ર સામર્થ્ય કેટલું છે તે વિચારીએ છીએ. આથી તપ કેટલું જરૂરી, કેટલું અસાધારણ કામ કરે છે તે સમજી ગયા તેથી આઠપદ માફક તપને ઓછું સ્થાન નથી. હવે આ સ્વરૂપ બતાવ્યું. પણ ભેદ વગર સ્વરૂપ શું કરવાનું? સ્વરૂપ પારખવા માટે, સ્વરૂપનો નિર્ણય કરવા માટે વ્યક્તિ જાણવાની જરૂર પડે. આ તપ ખૂબીદાર છે.

સમ્યગ્દર્શનાદિ કારણ-કાર્યનો, બાહ્ય અભ્યંતરનો બધાનો સમાવેશ કરતા નથી. સમ્યગ્દર્શન પોતાનું સ્વરૂપ કહી ચાલે. પોતાના કારણોને લેતા નથી, જ્યારે આ તપ એવો સરદાર છે કે પોતાના કારણોને પોતાની કૂખમાંથી નીકળવા દેતો નથી.

**બાહ્ય-અભ્યંતર તપની લૌકિક-લોકોત્તર દૃષ્ટિએ વ્યાખ્યા.**

તપના બાહ્ય અને અભ્યંતર આ મુખ્ય બે ભેદ કારણને કૂખમાં રાખ્યું તેથી બાર ભેદે તપ. સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં કાર્ય કારણ કહી બે ભેદ કહેતા નથી. જ્યારે તપ બાહ્ય-અભ્યંતર કારણ કાર્ય સાથે રાખે છે. બાહ્ય અને અભ્યંતર એટલે શું ? બાહ્ય એટલે અન્યમતિ પણ જેને કરે તે બાહ્યતપ. એ લક્ષણ શાસ્ત્રકાર બહુ લક્ષમાં લેતા નથી. દેખાય તે બાહ્ય. વિનય વૈયાવચ્ચ અદૃશ્ય નથી, તો બાહ્ય અભ્યંતરનો ભેદ કર્યો. કર્મનાશને અંગે જે એકાંતિક હોય તે અભ્યંતર અને કાંતિક હોય તે બાહ્ય. આથી વિનય, વૈયાવચ્ચ, પ્રાયશ્ચિત્ત તે ખરેખર કર્મનો નાશ કરે.

શાસ્ત્રમાં કહ્યા મુજબ એ વિશેષણ લગાડો તો બાહ્યમાં કર્મનાશ નિયમિત છે. અને શાસ્ત્રના મુદ્દા ન રાખો તો વિનયાદિક અભ્યંતર તપ ભલે કરે તોપણ કર્મનાશ નથી. શાસ્ત્રનો સહકાર ન લો તો અભ્યંતરમાં અભ્યંતરપણું નહિ રહે. તે માટે બાહ્યઅભ્યંતર ભેદ શી રીતે ? જેને અંગે આત્માના જ્ઞાનને, આત્માની સમજણને અથવા સમ્યગ્દર્શન; જ્ઞાન, ચારિત્રને જોર આપવું પડતું નથી. આંતરિક પરિણતિને જોર આપવું પડે તે અભ્યંતર. અનશન, ઉપવાસ કરવા તે અંદરની પરિણતિના જોર વગર પણ થશે, પણ પાપકર્મથી ડરશે નહિ ત્યાં સુધી પ્રાયશ્ચિત્ત નહિ થાય વિનય વૈયાવચ્ચ સમ્યગ્દર્શનની ફરજિયાત કરણી છે તે નહિ થાય ત્યાંસુધી સમ્યક્ત્વ નહિ આવે. આંતરિક પરિણતિને જોર દઈએ તે અભ્યંતર.

તપના સર્કલની અંદરના ૧૨ ભેદો, બે ભેદવાળો જે તપ તે તપના જ ભેદો છે. શરીર બાહ્ય, આત્મા અભ્યંતર છતાં આત્માના ભાઈ જેવું શરીર છે. આંતરિક પરિણતિ થયા વગર પણ થનારી તપ તે બાહ્ય તપ. અભ્યંતર તપમાં આંતરિક પરિણતિ જોઈએ જ. બાહ્ય અને અભ્યંતર તે તપમાં આટલું જોર કેમ દેવાય છે? જે મનુષ્ય જેટલું તપ કરે તેટલું પ્રશંસાપાત્ર ગણાય. કુકર્મ નિકાચિત કર્મોમાં

પણ દુર્ભેદ અશુભ કર્મ છે, સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્ર એ બધાં કર્મ આગળ રાંક 'તેરી ગૌઆ' જેવા છે. જ્ઞાન તે પણ 'તેરી ગૌઆ' ચારિત્ર પણ 'તેરી ગૌઆ' પણ 'ઊભો રહે' તે કહેવાની તાકાત તપમાં છે. દુષ્ટમાં દુષ્ટ કર્મો અને તે પણ દુર્ભેદ, તે પણ જથ્થાબંધ હોય તે બધાને ક્ષણમાં નાશ કરી નાખે તે તાકાત તપમાં છે તપ જુદું પાડીએ ત્યારે સર્વઆશ્રવ-રૂપ ચારિત્ર ન લેવાનું, એટલે પાંચ આશ્રવ રોધરૂપ ચારિત્ર છે. ચારિત્રમાં નિકાચિતકર્મક્ષય કરવાની તાકાત નથી સમ્યગ્દર્શન જ્ઞાન કે ચારિત્રમાં જે તાકાત નથી, તે તાકાત તપમાં છે.

**તપને નવપદમાં છેલ્લું કેમ ગોઠવ્યું ?**

જો આટલું પ્રબળ તપ છે તો છેલ્લું ખૂણામાં કેમ નાંખ્યું ? એક જ કારણ છે, તપનું સાચું શરીર, જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણના શરીર બંધાયા પછી જ તપનું શરીર બંધાય, એટલા માટે તેને છેલ્લું નાખ્યું છે. સરદાર કયારે તરવાર પહેરી બહાર નીકળે ? લશ્કર બહાર તૈયાર થઈ નીકળે ત્યારે. ધ્યાનતપમાં એ તાકાત છે કે એક આત્મામાં આખી દુનિયાનાં બધાં કર્મ પાપરૂપ થઈ જાય, બધી કર્મવર્ગણા નિકાચિત થઇ જાય તો પણ ધ્યાનાગ્નિ ભસ્મીભૂત કરી નાખે. તપની તરવારમાં એવું સામર્થ્ય છે કે આખા જગતનાં તમામ કર્મો પાપરૂપ નિકાચિત થઈ જાય, તોપણ બેઘડીમાં સમગ્રકર્મને કાપીને ફેંકી દે. આ જોર તપનું છે દાવાનળ સળગાવ્યો પણ રાયણ કે સાગ ગમે તે આવે તેને બાળી નાખે છે. તરવાનું સામર્થ્ય અંત–મુહૂર્તમાં સર્વ કર્મ સાફ કરી નાખે તે તાકાત તપમાં છે.

**ઘસ્યું સોનું ધૂળમાં ન ઉડી જાય માટે સાવચેતી**

એવું તપ છતાં તરવારમાં કરામત કામ કરે, તરવાર ગ્રહણ કરવામાં મુઠીએ ન પકડતાં અણીએ પકડે તો શું થાય ? એમ આ તપ નિકાચિત ઘણા ભવના પાપનો ક્ષય કરે, પણ તરવાર મુઠીથી પકડવી જોઈએ, છેક અણીએથી તરવાર પકડો તો નુકશાન કરે, દુઃખક્ષય માટે કર્મક્ષય તપસ્યા કરાય તો મુઠીએ પકડી, એ જ તપસ્યા પૌદ્‌ગલિક લાલચ માટે કરાય તો તરવાર એ જ, તેજ પણ એ જ, છતાં કાપે હાથ ને કપાવે માથું. તેમ અહીં પૌદ્‌ગલિક ઈચ્છાએ કરાતું તપ તેટલું જ તેજદાર, છતાં દુઃખક્ષય માટે કામ ન આવે. હવે મોંઢું ધોઈને ચોકખું કરી મેશનું તિલક ન થઈ જાય.

આવું જબરજસ્ત તપ છતાં પણ જો પવિત્રતા તપની ન રહે તો

સમજજો કે ઇંદોરમાં પેશ્વાએ જીત મેળવીને બ્રહ્મભોજનમાં બત્રીસ દિવસ કાઢ્યા, પરિણામ ધોકા ખાવામાં આવ્યું. આવું તપમાં સામર્થ્ય છતાં તપમાં પવિત્રતા ન રહે તો? જે તપ આસક્તિ છોડવા માટે કરાય છે. તપને દહાડે આસક્તિ છોડાય ને બીજે દહાડે આસક્તિ વધી તો? કાલે ઉપવાસ કરશું તો આજે કંઈ ખાઈશું ને? આવું કહીને ઘમ્યું સોનું ધૂળમાં ન ઉડાડી નાખશો. તપસ્યાને પારણે અધો કલાક મોડું થાય તો સમતા ચૂકી જાય તો તપ અપવિત્ર બને. ૩૬ કલાક નિર્જરામાં રાખ્યા તો અધો કલાક પણ નિર્જરામાં છે. આ તપની અપવિત્રતા ન કરો! આવું દુષ્કર કાર્યને કરનારૂં તપ કર્મક્ષય માટે છે, જેનો તમે પ્રયોગ કર્યો છે. તપ પવિત્ર રાખો. આવા તપનું તે બરાબર પાલન કરો! તેમ જે જાપ, પૂજન, આરાધન તે બધું તપગુણ લાવવા માટે છે. જેમ વરઘોડો, માંડવો હસ્તમેળાપ માટે છે, તેમ આરાધના માટે તપને આચરો! કલ્પિત નહિ, શાસ્ત્રકારોએ નિરૂપણ કરેલું છે. માટે નિયાણું પરભવની કે આ ભવના સુખની આકાંક્ષા ન હોય તેવું તપ કરો. આગમિક તપનાં કર્મક્ષય સિવાય કોઈ ઇચ્છા આશંસા ન કરવી.

## તપની તાકાત

સમ્યક્ત્વ પામવાની પહેલાં બે ઘડીમાં જેણે નિકાચિત પાપ કર્મ બાંધ્યાં હોય, એ પરિણામમાં એટલી તાકાત માનવામાં આવે તો ક્ષપક શ્રેણિમાં તોડી નાખવાનો નિયમ રાખવો પડે. એક અંતર મુહૂર્ત્ત પહેલાં ઘોર પાપકર્મી એક મુહૂર્ત્ત પછી મોક્ષ પામે છે. ૭૦ કોડાકોડીની કર્મસ્થિતિ અંતરમુહૂર્ત્તમાં જે ધ્યાનના પરિણામ તોડનાર ગણીએ તેનું જ નામ અભ્યંતર તપ. નિકાચિત કર્મ તોડનાર પરિણામ ધ્યાનરૂપ અભ્યંતર તપ અઘાતિ તોડવા માટે છે. નિકાચિત ઘાતિકર્મ નાશ કરવા માટે તપસ્યાની જરૂર છે. એક બાહ્ય અને એક અભ્યંતર તપ. અભ્યંતર તપ કર્મક્ષયનું જબરજસ્ત સાધન. બાહ્યતપ સામાન્ય સાધન. સોનૈયો કિંમતી ચલણ. પૈસો તેવું સાધન નથી, પણ પૈસા પૈસામાંથી સોનૈયો મેળવાય, તેમ બાહ્યતપની પ્રવૃત્તિથી અભ્યંતર તપમાં મજબુત થવાય. બાહ્યતપ સાધન મેળનાર. હથિયાર વગરનો શૂરો સરદાર હાથ તળે કે. હથિયાર વગરનો સરદાર કાર્યકર્તા ન નિવડે. કર્મ તોડનાર આત્માના પરિણામ. બાહ્યતપનો સામગ્રી હોય છે. નાના છોકરા રીસાય છે ત્યારે

મેલે વહેતો, બે કલાક થાય, એટલે ખાવા આપો! પરિણામ પલટયા, રીસ મટી ગઇ, જે તપસ્યાથી શરીરને ન કેળવે, ભૂખ-તરસ, ટાઢ, તાપ વેઠવાથી કેળવે નહિ તેવાઓ જે મનની વાતો કરે તે રદ બાતલ છે. કેળવાએલું શરીર હોય તે જ સહન કરે ને મનની આડું ન આવે, શરીર ન કેળવ્યું હોય ત્યાં શી રીતે ચાલે? ટાઢ, તડકો, ભૂખ, કુદરતી આવી પડેલું દુ:ખ છે, તેમાં મન સ્થિર રાખતા નથી શીખવું. કુદરતીમાં મન નહિ કેળવો તો કોઈએ દીધેલા દુ:ખમાં મન શી રીતે કેળવશો?

ગજસુકુમાળે સસરાને દુ:ખ દેવા બોલાવ્યો ન હતો. દીધેલું દુ:ખ છે. હાથી પાછળ છોકરા ગાંડો કહેતા એકઠા થાય છે, કૂતરા ભસે તો જોવા માટે પણ ડોક ફેરવતો નથી, તેમ આત્માના પરિણામ દુ:ખ વખતે ડોક કે ચહેરો પણ ન ફેરે. માથા પર ધગધગતા અંગારા વખતે મન ન ચમકે તેવી જૂઠી કલ્પના તો કરો! જ્યાં જૂઠી કલ્પનામાં ગભરાઈ જવાય છે, ધ્રૂજી જવાય ત્યાં સાચા બનાવ વખતે શું થશે? સામાન્ય અવાજથી ઘોડો ભડકે તે તોપ વખતે શું કરે? તોપનું વાહન ન બની શકે, જે ઘોડાને તોપનું વાહન બનાવવો હોય તેને સેંકડો વખત જૂઠા તોપના ભડાકા કરી રીઢો કરવો જોઇએ. બાહ્ય તપથી આત્મા રીઢા ન કરીએ તો આગળ ઉપસર્ગ વખતે સ્થિર નહિ રહી શકીએ.

પરિણામમાં ઊંચા ચઢો તે વખતે હાથીવત્ ડોક પણ ફેરવાય નહિ. બાહ્ય તપ તૈયારી કરનાર, અભ્યંતર તપ કાર્ય કરનાર. જેને કાર્ય સાધવું હોય કર્મનો નાશ કરવો છે, તેવાને બાહ્ય ને અભ્યંતર બંને પ્રકારના તપ જોઈશે. વીરમતી રાણી હતી, છતાં તપપદની અપૂર્વ આરાધના કરી. ઝાડ ઉગવાથી ફળ જણાય, તેથી બીજ ગણાય. કલ્પવૃક્ષનું બીજ નાનું હોય તેથી ઉગેલું સર્વ ઈષ્ટ સિદ્ધ કરી દે. વીરમતિએ તપપદ એવું એવું આરાધ્યું કે દમયન્તિના ભવમાં તપ ફળ્યું. કપાળમાં તિલક સૂર્ય જેવું ઝળહળે, ઘોર અંધારામાં પણ તિલક ઝળહળે. મહાકષ્ટમાં સતીપણું ટકાવ્યું ને પ્રભાવવાળી થઇ. ચમત્કારનું મૂળ હોય તો તપપદનું આરાધન. એવી રીતે તપનું આરાધન કર્યું કે દમયન્તિના ભવમાં પ્રભાવવાળી થઇ.

આ સમજી જે કોઈ નવપદ આરાધે તે આ ભવ પરભવને વિષે કલ્યાણ માંગલિકમાલાને પામી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

ઈતિ નવપદ વ્યાખ્યાન સમાપ્ત.

## શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું નિવેદન

આગમોદ્ધારક પૂ૦ આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.શ્રીએ જીવનભર સતત પરિશ્રમ કરી આગમ ગ્રન્થોને બહાર પાડીને અને આગમોની ચાવી સમાન તર્ક અને દલિલોથી ભરપુર પ્રવચનો આપી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે અને તત્ત્વજિજ્ઞાસુઓને સંતોષ્યા છે. એવા પ્રવચનોનાં અનેક પુસ્તકો પ્રકાશિત થયા હોવા છતાં ઘણા ખરાં અપ્રાપ્ય છે, તેથી તત્ત્વજિજ્ઞાસુઓની નિરાશા દૂર કરવા પ. પૂ૦ શાસનપ્રભાવક આ.શ્રી **દર્શનસાગરસૂરીશ્વરજી મ.** તથા તેઓશ્રીના શિષ્ય 'સંગઠ્ઠન પ્રેમી ગણિશ્રી **નિત્યોદયસાગરજી મ.** ની પ્રેરણાથી પૂજ્યશ્રીના પ્રગટ-અપ્રગટ સર્વ પ્રવચન સાહિત્યને ક્રમસર પ્રકાશમાં લાવવા માટે **"આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ"**ની સ્થાપના કરવામાં આવી છે અને સર્વ શ્રેયસ્કરી આગમિક સેવાનો લાભ લેવા નીચેની યોજના રજુ કરી છે.

---

રૂ. ૫૦૦૧) પાંચ હજાર એક આપનાર **શ્રુતસમુદ્ધારક** કહેવાશે ને તેમનો ફોટો છાપવામાં આવશે ને સંસ્થાનાં સર્વ પ્રકાશન ભેટ મળશે.

રૂ. ૧૦૦૧) એક હજાર એક આપનાર **આજીવન સભ્ય** કહેવાશે ને સંસ્થા તરફથી બહાર પડેલ પુસ્તક ભેટ મળશે.

રૂ. ૫૦૧) પાંચસો એક આપનાર દાતારનું નામ પુસ્તકમાં છાપવામાં આવશે અને સંસ્થા તરફથી બહાર પડેલ પુસ્તકો ભેટ મળશે.

---

આ મહાન કાર્ય શ્રી સંઘો તથા દાનવીરોની સહાયથી જ થઈ શકે, તેથી આપના તથા શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી અધિક રકમ મોકલી લાભ લેવા દરેકને વિનંતી છે.

'શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ' આ નામનો ડ્રાફ્ટ અથવા ચેક નીચેના નામે મોકલી શકાશે. (શીરનામાં અંદર 'વિનંતી' માં છે.)

**અમરચંદ રતનચંદ ઝવેરી મુંબઈ** **પુષ્પસેન પાનાચંદ ઝવેરી મુંબઈ**
**શાન્તિચંદ છગનભાઈ ઝવેરી સૂરત** **અનુભાઈ ચીમનલાલ અમદાવાદ**
**ફુલચંદ જે. વખારીયા સુરત**

દીપક પ્રિન્ટરી, અમદાવાદ-૩૮૦૦૦૧